૨



# દ્રવ્ય ગુણ પર્યાયનો રાસ

- મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ.સા.

## દ્રવ્યાનુયોગ પરામર્શ - પંન્યાસ યશોવિજય


શ્રુતધર્મ વિના ચારિત્રધર્મ ફલવંત ન હોઈ,
જે માટઈ શંકાસહિત ચારિત્રીઓ પણિ
સમાધિ ન પામઈ.
(રાસ : ૪/૧ સ્વોપજ્ઞ ટબો)
જ્ઞેય માત્રનો હું જ્ઞાયક માત્ર છું.......
तमेव सच्चं णीसंकं जं जिणेहिं पवेइअम्




આત્માનો મૂળભૂત સ્વભાવ માત્ર જ્ઞાયક છે. રાગ-દ્વેષ વિનાની

શુદ્ધચિન્માત્ર-પરિણતિ વિના શુદ્ધ ચારિત્ર સંભવિત નથી.

**અહો! સર્વોત્કૃષ્ટ જ્ઞાન = સર્વોત્કૃષ્ટ ચારિત્ર!!!**


પરમ પૂજ્ય સકલ સંઘ હિતચિંતક આચાર્યદેવેશ
શ્રીમદ્ વિજય ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજા
समर्पणम्
त्वदीयं तुभ्यं समर्पयामि
मानातीतमतिप्राप्त
न्यायभूत्या प्रभास्वरम्।
भुवनभानुसूरीशम्,
भीमे भावाद्भजे भवे।।२।।

પરમને પામવાનું પરિપૂર્ણ પરિબળ

# દ્રવ્ય ગુણ પર્યાયનો રાસ

વિકલ્પો અને વિભાવોથી બનાવે ઉદાસ
શુદ્ધ આત્મદ્રવ્યનો કરાવે પ્રતિભાસ
આનંદઘનસ્વરૂપમાં જે કરાવે નિવાસ
એવો છે આ દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ.

વધાર્યો વ્યર્થ વાતો ને વિકથાઓનો વ્યાસ
માટે જ વેઠ્યો કર્મોનો અનહદ ત્રાસ
હવે પ્રગટી છે પરમપદની પાવન પ્યાસ
તેથી જ વાંચવો છે દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ.

॥ શ્રીઆદિનાથાય નમઃ ॥

।। णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।।

પંન્યાસ યશોવિજય રચિત

દ્રવ્યાનુયોગપરામર્શ-દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકા-કર્ણિકાસુવાસથી વિભૂષિત

**મહામહોપાધ્યાય શ્રીયશોવિજયજી મ.સા. દ્વારા વિરચિત**

**સ્વોપજ્ઞટબાર્થ યુક્ત**

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

## ભાગ-૨

• દિવ્યાશિષ •

પરમ પૂજ્ય ન્યાયવિશારદ સ્વ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય

**ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજા

• શુભાશિષ •

પરમ પૂજ્ય સિદ્ધાન્તદિવાકર ગચ્છાધિપતિ આચાર્યદેવેશ

શ્રીમદ્ વિજય **જયઘોષસૂરીશ્વરજી** મહારાજા

• દ્રવ્યાનુયોગપરામર્શાદિકાર + ગુર્જરવિવેચનકાર + સંપાદક •

પરમ પૂજ્ય પૂના જિલ્લા ઉદ્ધારક પંન્યાસ પ્રવર

**શ્રીવિશ્વકલ્યાણવિજયજી** મહારાજના શિષ્યાણુ

પંન્યાસ યશોવિજય


• પ્રકાશક •

**શ્રેયસ્કર શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘ**

ઈર્લાબ્રીજ, ૧૦૬, એસ.વી.રોડ, વિલેપાર્લા (વેસ્ટ),

મુંબઈ-૪૦૦૦૫૬. ફોન : (૦૨૨) ૨૬૭૧૯૩૫૭

* ગ્રન્થનું નામ : દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

* મૂળકાર + સ્વોપજ્ઞ ટબાકાર : મહામહોપાધ્યાય શ્રીયશોવિજયજી મ.સા.

* દ્રવ્યાનુયોગપરામર્શ : નવનિર્મિત સંસ્કૃત પદ્યો

* દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકા : સ્વોપજ્ઞ ટબાર્થ અનુસારી વિસ્તૃત સંસ્કૃતવ્યાખ્યા

* દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકાસુવાસ / કર્ણિકાસુવાસ : ગુર્જર વિવેચન

* સંશોધક : પ.પૂ.આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય પુણ્યરત્નસૂરીશ્વરજી મ.સા. આદિ

* આવૃત્તિ : પ્રથમ * કુલ ભાગ : સાત

* મૂલ્ય : સંપૂર્ણ સેટના ₹ ૫૦૦૦/-

* પ્રકાશન વર્ષ : વિ.સં.૨૦૬૯ • વી.સં.૨૫૩૯ • ઈ.સ.૨૦૧૩ *

* © સર્વ હક્ક શ્રમણ પ્રધાન જૈન સંઘને આધીન છે *

* પ્રાપ્તિ સ્થાન : (૧) પ્રકાશક

(૨) શ્રી દિવ્યદર્શન ટ્રસ્ટ
૩૯ કલિકુંડ સોસાયટી, ધોળકા-૩૮૭૮૧૦.
જિ.અમદાવાદ.ફોન : ૦૨૭૧૪-૨૨૫૪૮૨

(૩) શ્રી સતીષભાઈ બી. શાહ
૫, મૌલિક ફ્લેટ્સ, ઓપેરા ફ્લેટ્સની સામે, સુખીપુરા,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૬. મો. : ૯૮૨૫૪૧૨૪૦૨

(૪) ડૉ. હેમન્તભાઈ પરીખ
૨૧, તેજપાલ સોસાયટી, ફતેહનગર બસ સ્ટેન્ડ પાસે,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. મો. : ૯૪૨૭૮૦૩૨૬૫

(૫) શ્રી મહેન્દ્રભાઈ ઝવેરી
૫૦૨, સંસ્કૃતિ કોમ્પ્લેક્ષ, અતિથિ ચોકની પાસે,
કાલાવાડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૫. મો.૯૮૨૫૧૬૮૮૩૪

* મુદ્રક : શ્રી પાર્શ્વ કોમ્પ્યુટર્સ, અમદાવાદ. ફોન : (૦૭૯) ૨૫૪૬૦૨૯૫, મો.૯૯૦૯૪૨૪૮૬૦ *

## ક્યાં શું નિહાળશો ?


પૃષ્ઠ

- ✤ પ્રકાશકીય નિવેદન ........ 6
- ✤ શ્રુત અનુમોદના ........ 7
- ✤ પ્રસ્તાવના :
  પૂજ્ય પંન્યાસપ્રવર **શ્રીઅક્ષયચંદ્રસાગરજી** મ.સા. ........ 8-12
- ✤ દ્વિતીય ભાગની વિષયમાર્ગદર્શિકા ........ 13-28
- ✤ ઢાળ-૩ ........ ૨૪૩ - ૩૫૮
- ✤ ઢાળ-૪ ........ ૩૫૯ - ૫૬૨
- ✤ ઢાળ-૫ ........ ૫૬૩ - ૬૭૪

॥ ઈર્લામંડન શ્રીઆદિનાથાય નમઃ ॥

# પ્રકાશકીય નિવેદન

**મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજ** વિરચિત **'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ'** તથા તે ઉપર વિદ્વદ્વર્ય પંન્યાસ શ્રીયશોવિજયજી મહારાજ દ્વારા વિરચિત વિસ્તૃત નૂતન રચના વગેરેને ૭ ભાગમાં પ્રકાશિત કરી શ્રીસંઘના ચરણોમાં સમર્પિત કરતા અનહદ આનંદ અનુભવીએ છીએ. આ નવલા ગ્રંથના પ્રકાશનનો લાભ અમારા શ્રીસંઘને પ્રાપ્ત થયાનો અમોને અનેરો આનંદ છે.

ભગવાનના વચનો સાંભળવા, તેના ઉપર ગહન વિચાર કરવો, નિરંતર વાગોળવા, સતત ઘૂંટવા જેથી આત્મા તદ્રૂપ બની જાય તે શુભ પ્રવૃત્તિ છે. અર્થાત્ જીવ અશુભથી દૂર થઈ શુભમાં જોડાય છે અને જીવને પુણ્ય બંધાય છે. આ પુણ્યબંધ એવા પ્રકારનો પડે છે કે જેના ફળ સ્વરૂપે જીવને મોક્ષ (=શાશ્વત સુખ) પ્રાપ્ત થાય છે. વળી, શાશ્વત સુખ પ્રાપ્ત થતાં જેટલા ભવો લાગે તે દરમ્યાન જીવને અનુકૂળ સામગ્રી અને સંયોગો પ્રાપ્ત થતા રહે છે - **આ પ્રમાણે પરમ શ્રદ્ધેય ગુરુભગવંતો પાસેથી જાણ્યું છે.**

પ્રસ્તુત ગ્રંથ જિનવચન સાપેક્ષ છે. તેમ જ આ ગ્રંથનું ઉદ્‌ગમ સ્થાન પણ જિનવચન જ છે. તેથી આ સંપૂર્ણ ગ્રંથનું શ્રવણ, મનન, નિદિધ્યાસન વગેરે શુભ પ્રવૃત્તિ રૂપ જ છે. આ કારણે અમારા શ્રીસંઘને પ્રકાશનનો લાભ પ્રાપ્ત થયાનો વિશિષ્ટ આનંદ હોય એ સ્વાભાવિક છે.

સંસ્કૃત ભાષામાં રચાયેલા અનેક ગ્રંથોના ગુજરાતી ભાષામાં અનુવાદ થયેલ છે. પરંતુ આ ગ્રંથની વિશેષતા એ છે કે તેની રચના ગુજરાતી ભાષામાં થયેલ છે અને તેના ઉપર એકથી વધુ સંસ્કૃત ભાષામાં અનુવાદ થયેલ છે. પ્રાચીન ૩૦૦ વર્ષ જૂની ભાષાના ભલે આપ જાણકાર હો, તેમ છતાં ગુરુગમ તેમ જ શાસ્ત્રના ઉચ્ચ કક્ષાના અભ્યાસ વિના, પ્રસ્તુત ગ્રંથનો સમ્યક્ બોધ થવો સરલ નથી. કેમ કે આ ગ્રંથનો વિષય દ્રવ્યાનુયોગ છે.

જૈન-જૈનેતર દર્શનના અનેક ગ્રંથોનું વિશદ વાંચન, ગહન ચિંતન અને અદ્‌ભુત ઉપસ્થિતિ જેઓશ્રીને પ્રાપ્ત છે એવા વિશિષ્ટ ક્ષયોપશમથી યુક્ત વિદ્વદ્વર્ય પરમ પૂજ્ય પંન્યાસ શ્રીયશોવિજયજી મહારાજે એક માત્ર પરમાર્થના હેતુથી, સર્વે જિજ્ઞાસુ યોગ્ય જીવોને બોધ સુગમ બની રહે તે માટે ૭ વર્ષથી અધિક સમયનો પરિશ્રમ લઈ આ પ્રમાણે ગ્રંથનું આંતરિક સ્વરૂપ ગોઠવેલ છે :- (૧) દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ - મૂળ ગ્રંથ. (૨) તે ઉપર સ્વોપજ્ઞ (ઉપા.કૃત) વ્યાખ્યા - ટબો. (૩) તેના ઉપર દ્રવ્ય-ગુણ-પર્યાય રાસને અનુસરતો શ્લોકબદ્ધ દ્રવ્યાનુયોગ પરામર્શ. (૪) તથા સ્વોપજ્ઞ ટબાને અનુસરતી દ્રવ્યાનુયોગ-પરામર્શકર્ણિકા નામની સંસ્કૃત વ્યાખ્યા. (૫) કર્ણિકા સુવાસ નામક ગુજરાતી વિવેચન (આધ્યાત્મિક ઉપનય વગેરે સહિત).

પ.પૂ.પંન્યાસજી મહારાજે અથાગ પ્રયત્નથી ૩૬ હસ્તપ્રતો દ્વારા મૂળ ગ્રંથ તથા સ્વોપજ્ઞ ટબાનું સંશોધન કરેલ છે. જે અત્યંત સ્તુતિને પાત્ર છે. અમારો શ્રીસંઘ તેઓશ્રીનો સદાય ઋણી રહેશે.

પરમશ્રદ્ધેય સિદ્ધાન્તમહોદધિ આચાર્યદેવ **શ્રીપ્રેમસૂરીશ્વરજી** મહારાજ, પરમારાધ્યપાદ સકલસંઘહિતચિંતક આચાર્યદેવ **શ્રીભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજની દિવ્યકૃપા અમારા શ્રીસંઘ ઉપર સદૈવ વરસતી રહે છે. પરમ પૂજ્ય સિદ્ધાંતદિવાકર આચાર્યદેવ **શ્રીજયઘોષસૂરીશ્વરજી** મહારાજ અમારા શ્રીસંઘનું સદૈવ યોગક્ષેમ કરી રહ્યા છે. પરમ પૂજ્ય તર્કનિપુણમતિ આચાર્યદેવ **શ્રીજયસુંદરસૂરીશ્વરજી** મહારાજનું મંગલ માર્ગદર્શન અમારા શ્રીસંઘને સતત મળતું રહે છે. પરમ પૂજ્ય પંન્યાસપ્રવર **શ્રીવિશ્વકલ્યાણવિજયજી** મહારાજનું પણ આ અવસરે અમે અત્યંત આદરભાવે સ્મરણ કરીએ છીએ.

આ ગ્રંથના મુદ્રણ-પ્રકાશન વગેરે કાર્યોમાં સાક્ષાત્ કે પરોક્ષ સહકાર આપનારા નામી-અનામી સૌનો અમારો શ્રીસંઘ આભાર માને છે.

સર્વે વાચકોને આ ગ્રંથ કલ્યાણકારી બની રહે તેવા પ્રકારની મંગલ કામના. તથા વધુને વધુ આવા અણમોલ લાભ અમારા શ્રીસંઘને મળતા રહે તેવી શાસનદેવને પ્રાર્થના.

✍ **શ્રેયસ્કર શ્રીઅંધેરી ગુજરાતી જૈન સંઘ, ઈર્લા-મુંબઈ**

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

## ભાગ - ૧ થી ૭

* સંપૂર્ણ લાભાર્થી *

## શ્રેયસ્કર શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘ

ઈર્લા, મુંબઈ

ધન્ય શ્રુતભક્તિ !

ધન્ય શ્રુતપ્રેમ !

ધન્ય શ્રુતલગની !

ભૂરિ - ભૂરિ અનુમોદના...

નોંધ :- આ સાતેય પુસ્તકો જ્ઞાનદ્રવ્યમાંથી છપાયેલ હોવાથી મૂલ્ય ચૂકવ્યા વિના ગૃહસ્થે માલિકી કરવી નહી.

॥ ચરમતીર્થપતિ શ્રીવર્ધમાનસ્વામિને નમઃ ॥ ॥ પૂ. આગમોદ્ધારક આનંદસાગરસૂરયે નમઃ ॥

**(૧) દ્રવ્યાનુયોગ, (૨) પૂ. મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મ.,**
**(૩) પૂ. ગણિવર્ય શ્રીયશોવિજયજી મ. - આ ત્રણથી સંકળાયેલ**

**દ્રવ્ય-ગુણ-પર્યાય રાસનું**

# પ્રાસ્તાવિક પ્રવચન

**...... પૂજ્ય પંન્યાસપ્રવર શ્રીઅક્ષયચંદ્રસાગરજી મ.સા.**

પ્રભુની વાણી ચાર અનુયોગમાં વિભક્ત થયેલ છે. (૧) દ્રવ્યાનુયોગ, (૨) ગણિતાનુયોગ, (૩) ચરણ-કરણાનુયોગ અને (૪) ધર્મકથાનુયોગ. युज्जनाद् योगः - જેના દ્વારા આત્મામાં સીધેસીધુ મોક્ષનું જોડાણ થતું હોય તેને યોગ-અનુયોગ કહેવાય છે. આ ચારે ચાર અનુયોગ દ્વારા સીધે-સીધું (direct) મોક્ષનું જોડાણ થાય છે. આ ચારે ચાર દ્વારા મોક્ષનું જોડાણ થતું હોવા છતાં તેને સાધવામાં સરલ -કઠિનનો તફાવત છે. સૌથી સરલ ધર્મકથાનુયોગ અને સૌથી વધુ કઠિનતમ દ્રવ્યાનુયોગ છે. દ્રવ્યાનુયોગમાં વિશ્વના એક-એક પદાર્થોને અતિ ઝીણવટપૂર્વક તપાસવાના હોય છે. જેમ કે, પ્રભુનું જ્ઞાન ઘડાને ઘડો કહે છે. તો દ્રવ્યાનુયોગ એ વિષયમાં ઊંડી તપાસ કરે છે કે 'એને ઘડો શા માટે કહે છે ? ઘડા સિવાય બીજું કેમ ન કહેવાય ? કોઈ એને ઘડાના બદલે માટલું કહે તો ? વળી કોઈ ઘડી કહે તો ? કોઈ વળી માટીના પિંડને ઘડો કહે તો ? વળી કોઈ ઘડો દેખવા છતાં તેને ઘડો ન કહે તો ?' એક માત્ર ઘડાને આવા અનેક દૃષ્ટિકોણથી દ્રવ્યાનુયોગ દ્વારા તપાસાય છે.

ભલે એની તપાસ માટે શબ્દો ગમે તે વપરાય, જેમકે ભેદ, અભેદ, ભાવ, અભાવ, નૈગમનય, સંગ્રહનય, વ્યવહારાદિનય, દ્રવ્યાર્થિકનય, પર્યાયાર્થિકનય. એમાં પણ શુદ્ધત્વ-અશુદ્ધત્વ કે સપ્તભંગી - આવા અનેક દૃષ્ટિકોણથી ઘડા (ઘટ) વગેરે એક-એક વસ્તુ તપાસાતી હોય છે. અભ્યાસમાં અરુચિ ધરાવનાર કે સામાન્ય માનવીને આ વિષયમાં ચાંચ મારવાનું પણ મન ન થાય તેવો ક્લિષ્ટ આ વિષય છે.

છતાં મહાપુરુષોએ પોતાના વિશિષ્ટ-વિશિષ્ટતર-વિશિષ્ટતમ ક્ષયોપશમ અનુસાર પ્રભુદર્શિત વાસ્તવિક દ્રવ્યાનુયોગના જ્ઞાનને ટકાવવા ને વધારવા પ્રચંડ પુરુષાર્થ ફોરવ્યો છે. પૂ. **હરિભદ્રસૂરિજી** મ., પૂ. **અભયદેવસૂરિજી** મ., પૂ. **શીલાંકાચાર્ય** ભગવંત, પૂ. **હેમચંદ્રાચાર્ય** ભગવંત આદિ અનેક પૂજ્યોનો પુરુષાર્થ આપણી સમક્ષ તાજેતર છે. એમાં ય વળી આગળ વધતા છેલ્લા ત્રણ સૈકા પૂર્વે થઈ ગયેલા પૂ. **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મ. નો પુરુષાર્થ ગજબનો હતો. એમની વિદ્વત્તા પણ ગજબની હતી. માત્ર એક જ પ્રચલિત પ્રસંગથી તેઓશ્રીની વિદ્વત્તાનો ખ્યાલ આવી જશે. તેઓ જ્યારે કાશીમાં ત્રણ વર્ષનો અભ્યાસ કરી પૂજ્ય ગુરુદેવશ્રી સાથે ગુજરાતમાં પુનઃ પધાર્યા, ત્યારે સાંજના પ્રતિક્રમણ સમયે આરાધકોની ભાવનાથી સજ્ઝાય સંભળાવવાનો આદેશ તેઓશ્રીને આપવામાં આવ્યો. પરંતુ એવી સજ્ઝાય તો તેમણે યાદ કરેલી નહોતી. તેથી નમ્રભાવે ન આવડવાનો ભાવ વ્યક્ત કર્યો. એટલે કોઈક ટીખળી ગૃહસ્થે ટોણો માર્યો કે 'શું બાર વરસ કાશીમાં ઘાસ કાપ્યું ?' આ ટોણો પૂ. મહોપાધ્યાયશ્રીના હૃદયમાં સોંસરવો ઉતરી ગયો. બીજે દિવસે સાંજે પ્રતિક્રમણમાં તેમણે સ્વૈચ્છિક આદેશ માંગ્યો. અને સજ્ઝાય

લલકારવા માંડી. સજ્ઝાયના પદો નવા નવા બનાવતા જાય અને લલકારતા જાય. એમ બોલતા જ ગયા, બોલતા જ ગયા, બોલતા જ ગયા. પેલો ટીખળી ગૃહસ્થ બબડ્યો : સજ્ઝાય કેટલી લાંબી છે, ક્યારે પતશે ? તરત જ પૂ. મહોપાધ્યાયશ્રી બોલ્યા : 'કાશીમાં જે ઘાસ વાઢ્યું હતું, તેમાંનો હજુ પહેલો પૂળો બંધાય છે !'

આવા પૂ. મહોપાધ્યાય યશોવિજયજી મ. દ્રવ્યાનુયોગના ખાં હતા. તેમણે દ્રવ્યાનુયોગ ટકાવવા અદ્ભુત કમાલ કરી છે. ઘર ઘર ને ઘટ ઘટ સુધી દ્રવ્યાનુયોગનું જ્ઞાન પહોંચાડવા સાવ સરળ ને સોહામણો માર્ગ અપનાવ્યો. પદ્યાત્મકમાં પણ કાવ્યાત્મક પદ્ધતિ, ગેય પદ્ધતિ, ગાતા જાવ ને જ્ઞાન મેળવતા જાવ. જેથી રસ પણ જામતો જાય ને સરળતાથી બોધ પણ મળ્યા કરે. આમ તો આગમિક જ્ઞાન મેળવવું હોય તો સંયમની સાધના સાથે શારીરિક - માનસિક પરિશ્રમયુક્ત યોગોદ્વહન કરવા પડે, ત્યારે આગમિક બોધ મળે. જ્યારે પૂ. મહોપાધ્યાય યશોવિજયજી મ.શ્રીએ સ્તવન, સજ્ઝાય, રાસ આદિના માધ્યમે સહુને આગમિક જ્ઞાન સરળતાથી મળે - તેવો અભિગમ અપનાવ્યો. **'ભગવઈ અંગે ભાખિયો રે, સામાયિક અર્થ; સામાયિક પણ આત્મા રે, ધારો સૂધો અર્થ.'** આ રીતે સામાયિકના વાસ્તવિક અર્થનું નિરૂપણ ભગવતી સૂત્રના માધ્યમે **સવાસો ગાથાના સ્તવન**ની ત્રીજી ઢાળમાં સમાવી દીધું. આવી તો ઘણી ખૂબીઓથી આગમજ્ઞાન સરલતમ બનાવેલ છે.

પ્રસ્તુત ગ્રંથ 'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ' છે. આમાં પણ રાસની પદ્ધતિએ સંક્ષિપ્ત પદોમાં વિસ્તૃત દ્રવ્યાનુયોગ ઠાલવ્યો છે.

આ પુસ્તકમાં દ્રવ્ય-ગુણ-પર્યાય રાસની ૩જી, ૪થી અને ૫મી ઢાળ સંકળાયેલી છે. ૩જી ઢાળમાં ૧૫ ગાથા, ૪થી ઢાળમાં ૧૪ ગાથા અને ૫મી ઢાળમાં ૧૯ ગાથા છે. કુલ ૪૮ ગાથામાં મુખ્યતયા વસ્તુના ભેદ-અભેદને સમજાવવા પ્રયત્ન કર્યો છે. આ ભેદ-અભેદની સમજણ માટે અન્ય દર્શનનું ખંડન અને જૈન દર્શનનું મંડન કરવા પૂર્વક નય અને સપ્તભંગીનો ભરપૂર સહારો લીધો છે.

**ત્રીજી** ઢાળમાં દ્રવ્ય-ગુણ અને પર્યાય વચ્ચે અભેદની સિદ્ધિ કરી છે. પહેલી ગાથામાં દ્રવ્ય અને ગુણ-પર્યાય વચ્ચે એકાંતે ભેદ માનવામાં ગુણ-ગુણીભાવના ઉચ્છેદની આપત્તિ દર્શાવી છે. બીજી ગાથામાં દ્રવ્યમાં ગુણ-પર્યાયને રહેવા માટે સમવાય સંબંધ કલ્પવામાં અનવસ્થા દોષ દેખાડેલ છે અને અભેદ સંબધ જ સ્વીકારવો જોઈએ - તે સયુક્તિક સાબિત કરેલ છે. આ ગાથામાં નૈયાયિક કલ્પિત સમવાયસંબંધનું ગજબ ખંડન ઉપલબ્ધ થાય છે. ત્રીજી ગાથામાં દ્રવ્ય અને ગુણ-પર્યાય વચ્ચે એકાંતે અભેદ માનતાં વ્યવહારઉચ્છેદ બતાવેલ છે. ચોથી ગાથામાં દ્રવ્ય અને પર્યાયની જેમ જ અવયવ-અવયવી વચ્ચે એકાંતે ભેદ માનતાં પટ વગેરે અવયવીનું વજન દ્વિગુણિત થવાની આપત્તિ દર્શાવી છે. પાંચમી ગાથામાં જેમ ઘર ઈંટ-ચૂનો-સિમેન્ટ વગેરેથી ભિન્ન નથી, તેમ દ્રવ્ય-ગુણ-પર્યાય વચ્ચે પણ એકાંતે ભેદ નથી - તેમ સિદ્ધ કર્યુ છે. છઠ્ઠી ગાથામાં ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોનો જે નિયતરૂપે વ્યવહાર થાય છે, તે પણ દ્રવ્યાદિના અભેદને આભારી છે - આ વાત જણાવી છે. સાતમી ગાથામાં દ્રવ્ય-ગુણ-પર્યાયની જેમ કાર્ય-કારણમાં પણ ભેદ માનવામાં શશશૃંગની ઉત્પત્તિની આપત્તિ આપી છે. આઠમી ગાથામાં સત્કાર્યવાદની સિદ્ધિ છે. નવમી ગાથામાં નૈયાયિકની શંકા દેખાડીને દશમી-અગિયારમી ગાથા દ્વારા તેનું નિરાકરણ કરેલ

છે. બાર-તેર-ચૌદ ગાથામાં અસત્ વસ્તુની જ્ઞપ્તિ અને ઉત્પત્તિ ઉભયનો નિષેધ કરી અસત્કાર્યવાદને અયુક્તિક સાબિત કરેલ છે. પંદરમી ગાથામાં બીજી-ત્રીજી ઢાળનો એકીસાથે ઉપસંહાર કરતા જણાવેલ છે કે દ્રવ્ય-ગુણ-પર્યાય વચ્ચે એકાંતે ભેદ નૈયાયિક માને છે. સાંખ્ય એકાંતે અભેદ માને છે. આ બંન્ને એકાંતવાદી હોવાથી મિથ્યા છે. ભેદાભેદ માનવામાં જ શ્રેય રહેલ છે, સુયશ રહેલ છે.

**ચોથી** ઢાળની પહેલી ગાથામાં : શિષ્યએ વિરોધ ઉભો કર્યો છે કે એક વસ્તુમાં ભેદ અને અભેદ શી રીતે સંભવે ? કેમ કે તે પ્રકાશ અને અંધકારની જેમ અરસ-પરસ વિરોધી છે. એના જવાબમાં ગુરુશ્રીએ શ્રુતજ્ઞાનની મહત્તા બતાવવા પૂર્વક સમજાવવા પ્રયત્ન કર્યો છે. વળી ત્રીજી ગાથામાં : પ્રત્યક્ષ પ્રમાણ અને તર્ક સાથે જણાવ્યું છે કે જેમ એક જ કેરીમાં ખાટો-મીઠો બંને રસ સાથે હોય છે, લીલો-પીળો રંગ પણ સાથે હોય છે. એમાં કોઈનો વિરોધ નથી. વળી ચોથી ગાથામાં-પહેલા ઘડો શ્યામ હોય છે પછી રાતો થાય છે. એવી રીતે ઘડામાં પણ શ્યામત્વ-રક્તત્વ બંને ભાવ સાથે જ છે, આવા જ તર્કથી આગળ વધતા ગાથા ૫ મી માં : એક જ વ્યક્તિમાં બાળકપણું, જુવાનપણું વગેરે સંભવે જ છે. તેમાં સહુનો અવિરોધ જ છે. ગાથા છઠ્ઠીમાં : તે રીતે એક જ ધર્મીમાં ભિન્ન ભિન્ન ધર્મ સાથે હોય જ. ગાથા ૭મી માં : ભેદાભેદમાં જૈનમતની જ જીત બતાવી છે. એ જ ભેદાભેદની સિદ્ધિ માટે ગાથા ૮ મી અને ૯ મી થી નય અને સપ્તભંગીની પ્રરૂપણા પ્રારંભેલ છે. ૧૦ મી ગાથામાં : પર્યાયાર્થિક-નયથી દરેક વસ્તુ ભિન્ન છે અને દ્રવ્યાર્થિકનયથી અભિન્ન છે - એવી ચોખવટ બાદ ૧૪ મી ગાથા સુધી પ્રાયઃ કરીને સપ્તભંગીથી વસ્તુને ભિન્નાભિન્ન ચકાસી છે. છેલ્લી ગાથા ૧૪ મી માં સપ્તભંગીના અભ્યાસથી જ જૈનત્વ ગણવા લાયક દર્શાવેલ છે.

બાદ **૫ મી ઢાળ**માં ૧ લી ત્રણ ગાથામાં : ત્રિતયાત્મક દ્રવ્ય-ગુણ-પર્યાયનો નયસાપેક્ષ વિચાર કર્યો છે. ગાથા ૪ થીમાં : નય અંગે શક્તિ અને લક્ષણાની વિચારણા કરાઈ છે. ગાથા ૫ મી માં : એક નયમાં બીજા નયની સાપેક્ષતા સૂચવી છે. ગાથા છઠ્ઠીમાં ભેદાભેદના નિર્ણય માટે શાસ્ત્ર-ગ્રંથોના આધારો મૂક્યા છે. ગાથા ૭ મી : માં દિગંબરના નય-ઉપનયની વંચનાને ઉઘાડી પાડવા સફળ પ્રયાસ કર્યો છે. ગાથા ૮ અને ૯ માં : દિગંબર મતાનુસારના દ્રવ્યાર્થિકાદિ નવ નય અને ત્રણ ઉપનયની વિવક્ષા કરી છે. ગાથા ૧૦ થી ૧૯ સુધીમાં દિગંબરીય **દેવસેનજી** મતાનુસાર દ્રવ્યાર્થિકનયના દશ ભેદો પ્રરૂપ્યા છે.

આ રીતે કુલ ૪૮ ગાથામાં પૂ. મહોપાધ્યાય યશોવિજયજી મ. શ્રીએ ઘણું ઘણું ગૂંથ્યું છે. કેટલું ગૂંથ્યું છે - તે હું તો શું કહું ? આ પુસ્તક જ કહી શકશે કે કેટલું ગૂંથ્યું છે. હું તો માત્ર એટલું જ કહીશ કે આ પુસ્તક એટલે પૂ. મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજે રચેલ દ્રવ્ય-ગુણ-પર્યાય રાસનું સંક્ષિપ્ત વિવરણ. હા; સંક્ષિપ્ત વિવરણ.

પૂ. મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજે ૩-૪-૫ ઢાળમાં રચેલ ૪૮ ગાથા પર ગણિવર શ્રીયશોવિજયજી મહારાજ દ્વારા પરામર્શ(ટીકા)રૂપે વિસ્તારાયેલ વિવરણ ઉપરથી અનુમાન કરું છું કે સુજ્ઞ ગણિવર્યશ્રીએ પણ સંક્ષિપ્તમાં જ વિવરણ કર્યું છે.

હા, આમ તો પરામર્શરૂપે ઘણું ઘણું વિવરણ કર્યુ છે. ઢાળ - ૩ જી, ૪ થી અને ૫ મી ઢાળના વિવરણ પરથી સહજ સમજાય છે કે તેઓશ્રીનો જ્ઞાનાભ્યાસ ઘણો બહોળો છે. તેઓશ્રીએ જૈન-જૈનેતર

બન્ને શાસ્ત્રનો ઊંડો અભ્યાસ કર્યો છે. કેમ કે, ત્રણ ઢાળના વિવરણમાં જૈન શાસ્ત્રો તરીકે **શ્રીઆચારાંગ સૂત્ર**, પૂ. સિદ્ધસેનદિવાકરજીકૃત **સંમતિતર્ક પ્રકરણ, જીવાભિગમ સૂત્ર, સ્યાદ્વાદકલ્પલતા,** પૂ.અભયદેવ-સૂરિકૃત સંમતિતર્કની **વાદમહાર્ણવ** નામની **વ્યાખ્યા**, પૂ. હરિભદ્રસૂરિકૃત **અનેકાંતજયપતાકા**, પૂ. વાદિદેવ-સૂરિકૃત **સ્યાદ્વાદરત્નાકર, અષ્ટસહસ્રીવિવરણ, શાસ્ત્રવાર્તાસમુચ્ચય, અમરકોષ**, પૂ. હેમચંદ્રાચાર્યકૃત **અભિધાનચિંતામણીકોષ, અનુયોગદ્વાર, આવશ્યકનિર્યુક્તિ**, પૂ. જિનભદ્રગણિક્ષમાશ્રમણકૃત **વિશેષાવશ્યક -ભાષ્ય, અનેકાંતવ્યવસ્થા, નયરહસ્ય, નિશીથસૂત્ર**, શ્રીહરિભદ્રીય **ષોડશક, ઉપદેશપદ, દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા**, પૂ. વિનયવિજયકૃત **નયકર્ણિકા, પ્રમાણ-નયતત્ત્વાલોકાલંકાર** ***તથા*** જૈનેતર શાસ્ત્ર તરીકે માધ્વાચાર્યકૃત **તત્ત્વવિવેક** ગ્રંથ, કુમારિલ્લભટ્ટરચિત **મીમાંસાશ્લોકવાર્તિક** ગ્રંથ, પ્રભાચંદ્રજીકૃત **ન્યાયકુમુદચંદ્ર** ગ્રંથ, દિગંબરીય અકલંકકૃત **તત્ત્વાર્થરાજવાર્તિક**, પશુપાલ વિદ્વાન કથિત અનવસ્થાદોષોનું વર્ણન, માધ્વાચાર્યકૃત **દશપ્રકરણ**, ગાગાભટ્ટકૃત **ભાટ્ટચિંતામણિ**, પાર્થસારથિમિશ્રકૃત **શાસ્ત્રદીપિકા**, વિદ્યારણ્યકૃત **પંચદશી**, વનમાલિમિશ્રકૃત **વેદાન્તસિદ્ધાન્તસંગ્રહ**, વાચસ્પતિમિશ્રકૃત **બ્રહ્મસૂત્રશાંકરભાષ્ય** ઉપર **ભામતી** વ્યાખ્યા, દિગંબર દેવસેનકૃત **નયચક્ર** અને **આલાપપદ્ધતિ**, અન્યદર્શનના સિદ્ધાંતો, અક્ષપાદઋષિકૃત **ન્યાયસૂત્ર** ગ્રંથ, માઈલ્લધવલકૃત **નયચક્ર** ગ્રંથ, દિગંબર નેમિચંદ્રજીકૃત **બૃહદ્દ્રવ્યસંગ્રહ**, દિગંબર કુંદકુંદસ્વામિકૃત **પ્રવચનસાર, શિવસૂત્ર** ગ્રંથ, દિગંબર અકલંકસ્વામિકૃત **તત્ત્વાર્થરાજવાર્તિક, ધવલા** ગ્રંથ, પશુપટલકૃત **પૌષ્કર આગમ, દ્રવ્યસ્વભાવપ્રકાશ**, પતંજલિઋષિ કૃત **વૈયાકરણમહાભાષ્ય, વાત્સ્યાયનભાષ્ય** - આવા અનેક ગ્રંથોના પુરાવાને કારણે ગણિવર્યશ્રીનું જ્ઞાન બહોળું છે. એમ અનુભવ કરું છું.

આવા જ ગ્રંથીય જ્ઞાનના આધારે તેઓશ્રીનું વૈદ્યકીય જ્ઞાન પણ આ પુસ્તકમાં છતું થતું અનુભવાય છે. પૃ. નં. ૩૯૫ માં દાડમમાં સ્નિગ્ધતા-ઉષ્ણતા જણાવેલ છે. તો તે પિત્તનાશક ને કફનાશક પણ છે. તે રીતે પૃ. ૪૦૩ પર ગોળ અને સૂંઠનું જ્ઞાન પણ પીરસ્યું છે. ગોળ કફ કરે, સૂંઠ પિત્ત કરે અને બંન્નેનું મિશ્રણ કફ-પિત્તનું નિવારણ કરે.

પૂજ્યપાદ આગમોદ્ધારક **શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી** ભગવંતે આગમ-ટીકા આદિમાં બાવન વિષયના વિભાજનમાં વૈદ્યકીય વિષયનું વિભાજન પણ કરેલ છે.

વળી, ગણિવર્યશ્રીએ આ પરામર્શાત્મક ટીકામાં પૃ. નં. ૪૩૭ ઉપર શૃઙ્ગગ્રાહિકા ન્યાય, પૃ. નં. ૪૪૫ ઉપર અર્ધજરતીય ન્યાય આવા વિભિન્ન [1]ન્યાયના પ્રયોગથી પણ વિદ્વત્તાની વિશેષ ઝાંખી થાય છે. અને તેથી જ આ રાસ ઉપર વિદ્વત્તાપૂર્ણ પરામર્શ (ટીકા), અને કર્ણિકા સુવાસ (ભાષાંતર) જગદ્ગ્રાહ્ય બનશે.

આ પુસ્તકમાં ટીકા/પરામર્શ, ભાષાંતર/કર્ણિકાસુવાસમાં ઘણી-ઘણી વિશેષતાઓ છે, જે ક્રમશઃ જોઈએ.

સૌ પ્રથમ હું એટલું જણાવીશ કે ગણિવર્યશ્રીએ દરેક ગાથાની પૂર્ણાહુતિમાં જે **'આધ્યાત્મિક ઉપનય'** દર્શાવ્યો છે. તે અચૂક વાંચી લેવો. શક્ય હોય તો અવતરણિકા પછી તુરત જ આધ્યાત્મિક ઉપનય વાંચવો. જેથી ગાથા, ટબો, પરામર્શ, શ્લોકાર્થ-વ્યાખ્યા, કર્ણિકાસુવાસ, સ્પષ્ટતા - બધું જ આત્મસ્પર્શી બનશે. તથા બીજી વાત : બોલ્ડ ટાઈપમાં આપેલા શીર્ષકો દ્વારા ગણિવર્યશ્રીની વિદ્વત્તા ઉપસી આવે

૧. આ ગ્રંથમાં કુલ ૧૮૫ ન્યાયપ્રયોગ થયેલા છે. જુઓ ભાગ - ૭, પરિશિષ્ટ - ૯.

છે. એકવાર તે મથાળા પણ અવશ્ય વાંચી લેવા.

બીજા ભાગની ઢાળ અંગે કેટલીક વિશેષતાઓ જોઈએ.

★ ૪ થી ઢાળની પ્રથમ ગાથામાં - એક વસ્તુમાં ભેદાભેદ માનવામાં વિરોધાદિ સત્તર દોષોનું નિરૂપણ કર્યું છે. તો ત્રીજી ગાથામાં તે દોષોનું માર્મિક અને વિસ્તૃત રીતે નિરાકરણ પણ કર્યું છે.

★ પૃ. નં. ૪૦૩-૪૦૪ માં દ્રવ્ય-ગુણમાં ભેદાભેદ છે તો દ્રવ્ય-પર્યાયમાં પણ ભેદાભેદની વાત ટાંકી છે.

★ પૃ. ૪૩૮ પર પર્યાયનો નાશ થયો છતાં તેમાં પર્યાયીનો નાશ નથી.

★ પૃ. ૪૫૦ માં અન્ય દર્શનકારોના મતે પણ ભેદાભેદની સિદ્ધિ પ્રસિદ્ધ કરી છે.

★ પૃ.૫૯૮ ઉપર જ્ઞાનાત્મક નયનું અને શબ્દાત્મક નયનું અતિસુંદર વર્ણન કરેલ છે.

★ નયના સામાન્ય વિવેચનમાં એમ કહેવાય છે કે કોઈ પણ નય બીજા કોઈ પણ નયનો અપલાપ નથી કરતો, ને સ્વીકાર પણ નથી કરતો. જ્યારે પૃ. ૫૬૮ ઉપર 'એક નય બીજા નયનો અપલાપ ન કરે. પણ બીજા નયનો **ગૌણભાવે** સ્વીકાર કરે' - આ મતલબની વાતમાં ગૌણભાવે સ્વીકાર કરવાની ખૂબી પણ અતિસુંદર છે.

★ પૃ. ૬૧૦-૬૧૧માં સુનય, દુર્નય, સાપેક્ષનય, નિરપેક્ષનય, ગૌણનય, લૌકિકસંકેત નયસંકેત વગેરે વગેરે ભિન્ન રીતે નયની વાતો મજાની જણાવી છે.

આવી વિશેષતાઓ ઉપરાંત અલગ-અલગ ભંડારની પ્રગટ-અપ્રગટ (પ્રિન્ટેડ-અનપ્રિન્ટેડ) અનેક પ્રતિઓના આધારે ગ્રંથને સમૃદ્ધ બનાવવા ગણિવર્યશ્રીએ પૂરતો પ્રયત્ન કર્યો છે. વર્તમાન કાળમાં વિભિન્ન ભંડારોની પ્રત-પ્રાપ્તિ સુલભ બની રહી છે. જેથી વિદ્વજ્જનો સફળ પુરુષાર્થ આદરી શકે છે.

પૂર્વ કાળમાં પૂ. વિનયવિજયજી મ., પૂ. વીરવિજયજી મ., પૂ. આનંદસાગરસૂરિજી મ. વગેરેના સમયમાં પ્રત-પ્રાપ્તિ દુર્લભ હતી. માંડ માંડ પ્રત મળતી. ક્યારેક વળી ક્રમશઃ થોડા થોડા પૃષ્ઠ કરીને પ્રત મળતી. જેથી જુદા જુદા ભંડારોની પ્રત મેળવીને સંશોધન કરવું દુષ્કર હતું. વળી તે પૂર્વર્ષિઓ જ્ઞાતા હોવા છતાં પાપભીરુ હોવાથી પોતાની સન્મતિ અનુસાર પણ એકેય અક્ષર કે કાનો-માત્ર સુદ્ધાં પણ ફેરબદલી વિના ગ્રંથનું પ્રકાશન-સંપાદન કરવા તત્પર રહેતા. પૂજ્યપાદ આગમોદ્ધારક **શ્રીઆનંદસાગર-સૂરીશ્વરજી** ભગવંત દ્વારા સેંકડો ગ્રંથો સંપાદનપૂર્વક પ્રકાશિત થયા. પ્રાયઃ તમામ વિદ્વદ્રત્નોએ તેનો સહર્ષ સ્વીકાર કરી વિભિન્ન ગ્રંથોના પ્રકાશન, સંપાદન કે સંશોધનના કાર્યમાં અચૂક સહયોગ લીધો છે. વળી, પૂ. આગમપ્રભાકર શ્રીપુણ્યવિજયજી મ. જેવા શ્રમણરત્નોએ અને શ્રીપ્રભુદાસભાઈ પારેખ, શ્રીસુખલાલજી જેવા પંડિતરત્નોએ નિર્વિવાદ તટસ્થતાપૂર્વક તે ગ્રંથોને શબ્દપુષ્પથી વધાવ્યા છે.

ટૂંકમાં : વર્તમાનકાળે ગ્રંથો/પ્રતોની પ્રાપ્તિ સુલભ હોવા છતાં સંપાદન-સંશોધનમાં ઘણાં ઓછાને રસ હોય છે. એમાં પૂ. ગણિવર્યશ્રીએ પૂરતો રસ દાખવી વિદ્વજ્જન સમક્ષ આ પુસ્તક રજૂ કર્યું છે. સહુ કોઈ આ પુસ્તક વાંચી નિજ-પર ચૈતન્યમાં વિકાસ સાધે - એ જ અભ્યર્થના.

મહા વદ - ૧૦, ૨૦૬૨ (દીક્ષાદિન), .... પૂ. આ. **શ્રીહેમચંદ્રસાગરસૂરિજી**-શિષ્ય

વલસાડ. **અક્ષયચંદ્રસાગર**

# વિષયમાર્ગદર્શિકા


| વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| **શાખા - ૩** | |
| **द्रव्य-गुण-पर्यायाऽभेदसिद्धिः** | **२४३-३५८** |
| ટૂંકસાર (શાખા - ૩) | ૨૪૪ |
| द्रव्याद्येकान्तभेदे दूषणम् | २४५ |
| દ્રવ્ય-ગુણાદિનો એકાંતે ભેદ અમાન્ય | ૨૪૫ |
| गुण-गुणिभावोच्छेदापादनम् | २४६ |
| ભેદપક્ષમાં ગુણ-ગુણિભાવ અસંભવ | ૨૪૬ |
| अभेदेऽपि षष्ठीप्रयोगसमर्थनम् | २४७ |
| દ્રવ્ય-ગુણાદિ વચ્ચે ભેદશંકા | ૨૪૭ |
| છઠ્ઠી વિભક્તિ એકાંતે ભેદસાધક નથી | ૨૪૭ |
| गुण-गुणिनोरभेदसमर्थनम् | २४८ |
| ગુણ-ગુણિભાવ 'સ્વરૂપ' સંબંધ છે | ૨૪૮ |
| आत्मपुष्ट्युपायनिर्देशः | २४९ |
| આત્મહત્યા નિવારો | ૨૪૯ |
| अभेदसाधकयुक्तिप्रदर्शनम् | २५० |
| દ્રવ્યાદિના ભેદપક્ષમાં અનવસ્થા | ૨૫૦ |
| ગુણ-ગુણી વચ્ચે અભેદસંબંધમાં લાઘવ | ૨૫૦ |
| धर्मकल्पना लघीयसी | २५१ |
| અસમનિયત હોવાથી ગુણ-ગુણી ભિન્ન : પૂર્વપક્ષ | ૨૫૧ |
| कालगर्भविशेषणतादिविमर्शः | २५२ |
| સ્વકાલે ગુણ-ગુણીમાં અભેદ : ઉત્તરપક્ષ | ૨૫૨ |
| કાળગર્ભિત અભિન્નતા | ૨૫૨ |
| भेदसम्बन्धपक्षेऽनवस्थापादनम् | २५३ |
| કાળગર્ભિત વિશેષણતાની સ્પષ્ટતા | ૨૫૩ |
| અતિરિક્ત સમવાય સંબંધનું નિરાકરણ | ૨૫૩ |
| गुण-गुणिनोः स्वरूपसम्बन्धस्थापनम् | २५४ |
| નૈયાયિકમતમાં ગૌરવ | ૨૫૪ |
| गुण-गुणिस्वरूपसम्बन्धप्रयोजनप्रस्थापनम् | २५५ |
| જૈનમતમાં સંબંધલાઘવ | ૨૫૫ |
| અભેદસંબંધમાં વિલંબનો અભાવ | ૨૫૫ |
| भेदैकान्ते व्यवहारबाधः | २५६ |
| લોકવ્યવહારથી દ્રવ્ય-ગુણાદિનો અભેદ | ૨૫૬ |
| च्विप्रत्ययार्थमीमांसा | २५७ |
| દ્રવ્ય-પર્યાયનો અભેદ : અષ્ટસહસ્રીતાત્પર્યવિવરણ | ૨૫૭ |
| अविच्छिन्नद्रव्यस्य कार्यीभावसिद्धिः | २५८ |
| 'च्वि' પ્રત્યયના અર્થની વિચારણા | ૨૫૮ |
| धर्मितानयमीमांसा | २५९ |
| 'स्वर्णं द्रव्यीभूतम्' આપત્તિનું નિવારણ | ૨૫૯ |
| ધર્મઉપલક્ષિત ધર્મિતાનયનો વિચાર | ૨૫૯ |
| 'मनुष्यो देवीभूतः' इति वाक्यप्रयोगसङ्गतिः | २६० |
| યથેચ્છ લક્ષણા અમાન્ય | ૨૬૦ |
| द्रव्य-पर्यायाऽभेदे परदर्शनसम्मतिः | २६१ |
| વિશેષાવશ્યક ભાષ્યનો સંવાદ | ૨૬૧ |
| દ્રવ્ય-પર્યાયનો અભેદ : વેદાંતી | ૨૬૧ |
| अवयवाऽवयविनोरभेदः | २६२ |
| અવયવ-અવયવી વચ્ચે અભેદ : શ્વેતાંબર | ૨૬૨ |
| अवयवावयव्यभेदसाधनम् | २६३ |
| અવયવ-અવયવીમાં એકાંતભેદ અસંગત | ૨૬૩ |
| વસ્ત્રરંજન વિચાર | ૨૬૩ |
| અસ્ખલદ્વૃત્તિક પ્રયોગમાં લક્ષણા અમાન્ય | ૨૬૩ |
| मृद्घटाऽभेदप्रदर्शनम् | २६४ |
| પ્રત્યભિજ્ઞા પૂર્વોત્તરકાલીન દ્રવ્યમાં અભેદ સિદ્ધિ | ૨૬૪ |
| દ્રવ્ય-પર્યાયમાં અભેદ | ૨૬૪ |
| दुग्धमेव दधि भवति | २६५ |
| એકાંત ભેદનું, વિભાગનું અને પૃથક્ત્વનું નિરાકરણ | ૨૬૫ |
| અવયવ-અવયવીમાં અભેદ : મીમાંસક | ૨૬૫ |
| भिन्ने धर्मत्वाभावः | २६६ |
| અવયવ-અવયવીમાં અભેદ - શ્રીહરિભદ્રસૂરિજી | ૨૬૬ |
| અવયવ-અવયવી અભેદ : શંકરાચાર્ય | ૨૬૬ |
| લૌગાક્ષિભાસ્કરમત વિચાર | ૨૬૬ |
| सद्गुण-पर्यायहानिपरिहाराय यतितव्यम् | २६७ |
| અભેદનયનું ઉચિત આલંબન | ૨૬૭ |
| भेदैकान्ते द्विगुणगौरवापादनम् | २६८ |

| વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| બમણા ભારની નૈયાયિકને સમસ્યા | ૨૬૮ |
| अत्यन्तहीनम् अवयविगुरुत्वम् अयुक्तम् | २६९ |
| અવયવભાર કરતાં અવયવીનો ભાર અત્યંત હીન : નવ્ય નૈયાયિક | ૨૬૯ |
| નવ્ય નૈયાયિકમત નિરાકરણ : સ્યાદ્વાદી | ૨૬૯ |
| परमाणौ उत्कृष्टगुरुत्वविचारः | २७० |
| પરમાણુમાં ઉત્કૃષ્ટ ગુરુત્વ : નવ્ય નૈયાયિક | ૨૭૦ |
| અવયવી નીરૂપ થવાની આપત્તિ | ૨૭૦ |
| અવનમનવિશેષ વિચાર | ૨૭૦ |
| अन्त्यावयविनोऽपकृष्टगुरुत्वविमर्शः | २७१ |
| અવયવીમાં અપકૃષ્ટ ગુરુત્વ : નવ્યનૈયાયિક | ૨૭૧ |
| નવ્ય નૈયાયિક મતમાં ગૌરવ | ૨૭૧ |
| નવ્યનૈયાયિકમતે ચાર નવી કલ્પનાનું ગૌરવ | ૨૭૧ |
| तत्तदन्त्यावयवित्वेन कारणतादिविमर्शः | २७२ |
| અવયવ-અવયવી અભેદ : ધર્મકીર્તિ | ૨૭૨ |
| अतिरिक्तावयविपक्षे गुण-कर्मापादनम् | २७३ |
| મનોરથનંદી આચાર્યનો મત | ૨૭૩ |
| अन्त्यावयविनि गुरुत्वविशेषकल्पने बाधः | २७४ |
| કારણભેદે કાર્યભેદ આવશ્યક : તર્કકૌમુદી | ૨૭૪ |
| એકાંતભેદમાં પ્રત્યભિજ્ઞા આદિ અસંભવ | ૨૭૪ |
| गुरुत्वमतीन्द्रियम् | २७५ |
| અધિક ભાર પ્રત્યક્ષમાં આપાદકવિરહ | ૨૭૫ |
| અધિક ભારની અનુમિતિનું આપાદન | ૨૭૫ |
| અધિક ભારની અનુમિતિના આપાદકનો અભાવ | ૨૭૫ |
| परमाणौ अवस्थितगुरुत्वविश्रामापादनम् | २७६ |
| અત્યંત હીન ભારની કારણતાનો વિચાર | ૨૭૬ |
| અંત્ય અવયવીમાં અપકૃષ્ટ ગુરુત્વ : નૈયાયિક | ૨૭૬ |
| परमाणौ उत्कृष्टरूपविश्रामापादनम् | २७७ |
| પરમાણુવિશ્રાન્ત રૂપાદિની આપત્તિ | ૨૭૭ |
| જૈનમતનું તાત્પર્ય | ૨૭૭ |
| अवयवावयविनोरभेदसिद्धिः | २७८ |
| અવયવભારનું અવયવીભારરૂપે પરિણમન | ૨૭૮ |
| અતિરિક્ત અવયવી મીમાંસકમતમાં પણ અસ્વીકૃત | ૨૭૮ |
| देहात्माभेदनयस्य भोजनादिसंयम-साधकताप्रकाशनम् | २७९ |

| વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| અભેદનય સંયમસાધક | ૨૭૯ |
| विजातीयद्रव्यनिष्पन्नपर्यायविमर्शः | २८० |
| અનેકદ્રવ્યનિષ્પન્ન એક પર્યાયનો વિચાર | ૨૮૦ |
| एकद्रव्ये द्रव्य-गुण-पर्यायैक्यौचित्यम् | २८१ |
| દ્રવ્ય-પર્યાયના અભેદમાં આપત્તિ | ૨૮૧ |
| 'હું મકાન' આવી પ્રતીતિની આપત્તિ મિથ્યા | ૨૮૧ |
| प्रासादादिगतैकत्वादिविचारः | २८२ |
| એકત્વ-અનેકત્વમાં વિરોધ : નૈયાયિક | ૨૮૨ |
| એકત્વ-અનેકત્વમાં અવિરોધ : જૈન | ૨૮૨ |
| મકાનગત એકત્વ-અનેકત્વ મીમાંસા | ૨૮૨ |
| भेदो व्यावहारिकः, अभेदः नैश्चयिकः | २८३ |
| સખંડ-અખંડદ્રવ્યગ્રાહક નયનો વિચાર | ૨૮૩ |
| विवेकदृष्ट्या नैराश्याहङ्कारमुक्तिः | २८४ |
| એકત્વના અનેક પ્રકાર | ૨૮૪ |
| નિશ્ચય-વ્યવહારનું યથોચિત જોડાણ | ૨૮૪ |
| विवेकदृष्ट्या आत्मसंरक्षणम् | २८५ |
| अनेकगुणाद्यभिन्नद्रव्येऽनेकत्वापादन-निराकरणे | २८६ |
| નિયત, યથાવસ્થિત દ્રવ્યવ્યવહારનો વિચાર | ૨૮૬ |
| અભેદપક્ષમાં નિયત દ્રવ્યવ્યવહાર સંભવ | ૨૮૬ |
| जीवादिनियतव्यवहारोपपादनम् | २८७ |
| અત્યંત ભેદપક્ષમાં નિયત દ્રવ્યવ્યવહાર અસંગત | ૨૮૭ |
| અપ્રામાણિક પદાર્થ આધારિત તર્ક અપ્રામાણિક | ૨૮૭ |
| स्वजात्या द्रव्यादिपरिणामैक्यम् | २८८ |
| દ્રવ્ય-ગુણ-પર્યાયમાં અભેદસિદ્ધિ | ૨૮૮ |
| धर्मिमुखेन ज्ञानविमर्शः | २८९ |
| દ્રવ્ય-ગુણ-પર્યાયમાં ઐક્યપરિણતિ | ૨૮૯ |
| એકવિધ પદાર્થનું સ્પષ્ટીકરણ | ૨૮૯ |
| द्रव्यादिसङ्ख्योद्भूतत्वविचारः | २९० |
| એકવચન-બહુવચનગર્ભિત વ્યવહારનું સમર્થન | ૨૯૦ |
| मलयगिरिसूरिमतविद्योतनम् | २९१ |
| દ્રવ્યાદિ ઉદ્ભૂત-અનુદ્ભૂતવિવક્ષા | ૨૯૧ |
| અખંડ સ્વરૂપરમણતા મેળવીએ | ૨૯૧ |
| अखण्डस्वरूपरमणतायाः शुद्धद्रव्य-गुणादिमुख्यप्रयोजनत्वम् | २९२ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| સાધકની અંગત જવાબદારી | ૨૯૨ |
| द्रव्याद्यभेदविनिगमकोपदर्शनम् | ૨૯૩ |
| અસત્ કાર્યની ઉત્પત્તિ અસંભવ | ૨૯૩ |
| उपादानकारणस्य कार्यानुरूपता | ૨૯૪ |
| उपादान-कार्याऽभेदसाधकहेतुपञ्चकविमर्शः | ૨૯૫ |
| સત્કાર્યવાદસાધક પાંચ હેતુ | ૨૯૫ |
| सतोऽभिव्यक्तिः | ૨૯૬ |
| સત્‌ની અભિવ્યક્તિ | ૨૯૬ |
| वृद्धसाङ्ख्यसम्मतिः | ૨૯૭ |
| સત્કાર્યવાદનું સમર્થન | ૨૯૭ |
| સર્વસંભવઅભાવ સત્કાર્યવાદસાધક | ૨૯૭ |
| शक्तस्य शक्यकरणम् | ૨૯૮ |
| कार्यस्य कारणात्मकता | ૨૯૯ |
| શક્યકરણ સત્કાર્યવાદસાધક | ૨૯૯ |
| કાર્ય ઉપાદાનકારણસ્વરૂપ છે - સાંખ્ય | ૨૯૯ |
| અસત્કાર્યવાદી-સત્કાર્યવાદી વચ્ચે મતભેદની વિચારણા | ૨૯૯ |
| सदसत्कार्यवादिमतभेदोपदर्शनम् | ૩૦૦ |
| सत्कार्यवादोपयोगः | ૩૦૧ |
| સત્કાર્યવાદનું આધ્યાત્મિક પ્રયોજન | ૩૦૧ |
| सत्कार्याऽदर्शनविचारः | ૩૦૨ |
| તિરોભાવ શક્તિના લીધે કાર્યનું અદર્શન | ૩૦૨ |
| गोस्वामिगिरिधरमतप्रदर्शनम् | ૩૦૩ |
| આવિર્ભાવ-તિરોભાવની વેદાંતીસંમત વ્યાખ્યા | ૩૦૩ |
| આવિર્ભાવ-તિરોભાવની બીજી વ્યાખ્યા | ૩૦૩ |
| शुद्धाऽद्वैतमार्तण्डसंवादः | ૩૦૪ |
| ગોસ્વામિગિરિધરમતને સમજીએ | ૩૦૪ |
| આવિર્ભાવ-તિરોભાવ કાર્યના પર્યાય | ૩૦૪ |
| प्राक् कार्यसत्त्वाऽसत्त्वविमर्शः | ૩૦૫ |
| પૂર્વે ઉપાદાનકારણરૂપે ઉપાદેય સત્ | ૩૦૫ |
| વિશેષરૂપે આવિર્ભાવ વિશેષરૂપે કાર્યદર્શક | ૩૦૫ |
| आविर्भाव-तिरोभावकल्पनाविचारः | ૩૦૬ |
| અનુભવના આધારે પદાર્થની કલ્પના | ૩૦૬ |
| ફલાભિમુખ ગૌરવ નિર્દોષ | ૩૦૬ |
| नियतकार्य-कारणभावविमर्शः | ૩૦૭ |
| કલ્પનાલાઘવ પણ દોષરૂપ ! | ૩૦૭ |
| આવિર્ભાવ-તિરોભાવમાં સ્યાદ્વાદ | ૩૦૭ |
| અસત્કાર્યવાદનું નિરાકરણ | ૩૦૭ |
| प्राग् घटदर्शनं मृत्तिकास्वरूपेण | ૩૦૮ |
| સ્યાદ્વાદરહસ્ય સંવાદનું તાત્પર્ય | ૩૦૮ |
| कार्य-प्रागभावयोरविरोधः | ૩૦૯ |
| અભિવ્યક્તિ પૂર્વે કાર્યદર્શન વિચારણા | ૩૦૯ |
| પ્રતિયોગી-પ્રાગભાવ વચ્ચે વિરોધ : નૈયાયિક | ૩૦૯ |
| અસ્તિત્વ-નાસ્તિત્વ પરિણામમાં ઐક્ય | ૩૦૯ |
| तिरोहितपरमात्मस्वरूपविलोकनं कार्यम् | ૩૧૦ |
| તિરોહિત પરમાત્માનો આવિર્ભાવ = સાધના | ૩૧૦ |
| तिरोहितपरमात्मस्वरूपप्रादुर्भावनं कार्यम् | ૩૧૧ |
| સર્વ જીવોમાં પરમાત્મસ્વરૂપદર્શન દ્વારા દ્વેષવિલય | ૩૧૧ |
| असज्ज्ञानोत्पादविमर्शः | ૩૧૨ |
| અસત્‌ની જ્ઞપ્તિ-ઉત્પત્તિનો સંભવ : નૈયાયિક | ૩૧૨ |
| सामान्यलक्षणप्रत्यासत्तिपरामर्शः | ૩૧૩ |
| સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિ | ૩૧૩ |
| तत्र तत्कार्योत्पत्तिनियामकविचारः | ૩૧૪ |
| कारणे कार्यप्रवेशः नास्ति | ૩૧૫ |
| કારણમાં કાર્યનો પ્રવેશ : સાંખ્ય | ૩૧૫ |
| कपालत्वादिरूपेण कारणताविमर्शः | ૩૧૬ |
| કારણમાં કાર્યનો અપ્રવેશ : નૈયાયિક | ૩૧૬ |
| सत्कार्यवादस्य गौरवग्रस्तता | ૩૧૭ |
| નૈયાયિકપક્ષમાં લાઘવ, સાંખ્યપક્ષમાં ગૌરવ | ૩૧૭ |
| સાંખ્યમતમાં લોકવિરોધ | ૩૧૭ |
| દ્રવ્યઘટ અને ભાવઘટ અંગે વિચારણા | ૩૧૭ |
| असत्कार्यपक्षस्थापनम् | ૩૧૮ |
| વ્યવહારનય અસત્કાર્યવાદી | ૩૧૮ |
| એકાન્તસત્કાર્યવાદ અમાન્ય : શ્રીશીલાંકાચાર્ય | ૩૧૮ |
| असत्कार्यवादोपयोगप्रदर्शनम् | ૩૧૯ |
| દ્રવ્ય અને ગુણાદિ વચ્ચે ભેદસિદ્ધિ | ૩૧૯ |
| દ્વિવિધ અસદ્‌વાદનું આધ્યાત્મિક મૂલ્યાંકન | ૩૧૯ |
| असत्कार्यवाददूषणम् | ૩૨૦ |
| અતીત આદિ વિષય પર્યાયાર્થથી અસત્ | ૩૨૦ |
| અતીત આદિ વિષય દ્રવ્યાર્થથી સત્ | ૩૨૦ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| नष्टघटः मृत्तिकारूपेण अस्ति | ૩૨૧ |
| रूपान्तरेण सत्त्वसिद्धिः | ૩૨૨ |
| સ્વતંત્ર સાધન અને પ્રસંગઆપાદન વિશે સમજણ | ૩૨૨ |
| એકરૂપે વસ્તુ અસત્, અન્યરૂપે સત્ : જૈન | ૩૨૨ |
| असत्कार्यवादैकान्तनिराकरणम् | ૩૨૩ |
| સર્વથા અસત્કાર્યવાદ નૈયાયિકમતે અસંગત | ૩૨૩ |
| ઉચિત વ્યવહાર અને દુર્ભાવત્યાગ : નયદ્વયપ્રયોજન | ૩૨૩ |
| द्रव्यार्थिकनयानुसरणेन द्वेषत्यागः | ૩૨૪ |
| असत्प्रतिभासपरामर्शः | ૩૨૫ |
| નૈયાયિક દ્વારા યોગાચાર અજેય : જૈન | ૩૨૫ |
| योगाचारमतप्रतिक्षेपाऽसम्भवः | ૩૨૬ |
| બૌદ્ધના ચાર સંપ્રદાયની સમજણ | ૩૨૬ |
| असतो ज्ञप्तिरपि न, कुत उत्पत्तिः ? | ૩૨૭ |
| સર્વથા અસત્નું ભાન અશક્ય | ૩૨૭ |
| स्तम्भादिकं न ज्ञानाकारमात्रात्मकम् | ૩૨૮ |
| યોગાચારમતનિરાસ | ૩૨૮ |
| દુષ્ટસામગ્રીજન્ય જ્ઞાન મિથ્યા : શાબરભાષ્ય | ૩૨૮ |
| परिपक्व-प्रबल-परिशुद्धज्ञानमाहात्म्येन आत्मा भावनीयः | ૩૨૯ |
| યોગાચાર મતનું આધ્યાત્મિક મૂલ્યાંકન | ૩૨૯ |
| अतीतप्रतीतिप्रतिपादनम् | ૩૩૦ |
| અતીત પદાર્થ પણ વર્તમાન પર્યાયથી સત્ | ૩૩૦ |
| अतीतज्ञेयाकारसत्त्वविचारः | ૩૩૧ |
| અતીત જ્ઞેયાકાર દ્રવ્યાર્થથી સત્ | ૩૩૧ |
| ज्ञानविषयता विषयस्वरूपा | ૩૩૨ |
| વિષયતા વિષયસ્વરૂપ છે | ૩૩૨ |
| अतीते वर्तमानत्वारोपकरणम् | ૩૩૩ |
| અતીતમાં વર્તમાનતાનો ઉપચાર : નૈગમનય | ૩૩૩ |
| ઉપચારનિમિત્ત વિચાર | ૩૩૩ |
| પરનિંદા - સ્વપ્રશંસા ટાળીએ : નૈગમનય | ૩૩૩ |
| अतीतसत्त्वाभ्युपगमेन द्वेषादित्यागः | ૩૩૪ |
| शशशृङ्गभानापादनम् | ૩૩૫ |
| અસત્નું ભાન માનવામાં આપત્તિ | ૩૩૫ |
| अर्थेनैव धियां विशेषः | ૩૩૬ |
| બાહ્ય પદાર્થને સાપેક્ષ જ્ઞાનવિશેષતા | ૩૩૬ |
| પ્રકારભેદથી પ્રકારિતાભેદ | ૩૩૬ |
| मिथ्यावासनावशादसद्भानापादनम् | ૩૩૭ |
| નૈયાયિકનો અસત્ખ્યાતિવાદી સામે પરાજય | ૩૩૭ |
| અસત્ખ્યાતિવાદની સ્પષ્ટતા | ૩૩૭ |
| असदभानन्यायेन निन्दकक्षमायाचना | ૩૩૮ |
| અતીત વિષય કથંચિત્ સત્ : જૈન | ૩૩૮ |
| ભૂલ સ્વીકારો અથવા નિંદક પ્રત્યે મધ્યસ્થ બનો | ૩૩૮ |
| कार्य-कारणयोः तादात्म्यम् | ૩૩૯ |
| અસત્ની જ્ઞપ્તિ-ઉત્પત્તિનો અસંભવ | ૩૩૯ |
| 'आदावन्तेऽसद् मध्येऽप्यसद्' इति न्यायद्योतनम् | ૩૪૦ |
| સદ્વ્યવહાર સત્કાર્યવાદનો સાધક | ૩૪૦ |
| द्रव्यकर्मादिनिमित्तकसङ्क्लेशो न कार्यः | ૩૪૧ |
| ત્રિકાળ ધ્રુવ આત્મતત્ત્વમાં સ્થિર થઈએ | ૩૪૧ |
| कार्य-कारणयोः भेदाभेदपक्षस्थापनम् | ૩૪૨ |
| ભેદવાદી નૈયાયિક - અભેદવાદી સાંખ્ય | ૩૪૨ |
| एकान्तपक्षदोषोपदर्शने सम्मतितर्कसंवादः | ૩૪૩ |
| એકાંતપક્ષમાં રહેલા દૂષણો વાસ્તવિક છે | ૩૪૩ |
| कार्योत्पत्तिचातुर्विध्यम् | ૩૪૪ |
| કાર્યોત્પત્તિ અંગેના ચાર મતો | ૩૪૪ |
| जैनप्रवचनम् अपक्षपाति | ૩૪૫ |
| દ્રવ્ય-ગુણાદિનો ભેદાભેદ : જૈન | ૩૪૫ |
| एकान्तवादिनो मिथो हताः | ૩૪૬ |
| પરદર્શનીઓ પ્રત્યે શ્રી હેમચંદ્રાચાર્યજીનું મંતવ્ય | ૩૪૬ |
| પરપ્રવાદીઓનો પરસ્પર મત્સરભાવ | ૩૪૬ |
| स्याद्वादसिद्धान्तः मात्सर्यशून्यः | ૩૪૭ |
| भगवत्समयः सर्वदर्शनमयः | ૩૪૮ |
| સ્યાદ્વાદ દ્વારા સર્વ નયોની મૈત્રી | ૩૪૮ |
| मत्सरः पराजयहेतुः | ૩૪૯ |
| જૈનદર્શનમાં સર્વ દર્શનનો સમાવેશ | ૩૪૯ |
| એકાંતવાદી પરસ્પર પરાજીત | ૩૪૯ |
| जैनं जयति शासनम् | ૩૫૦ |
| નિત્યવાદીની સ્થાપના | ૩૫૦ |
| सत्त्वम् अर्थक्रियाव्याप्यम् | ૩૫૧ |

| વિષય | પૃષ્ઠ |
| --- | --- |

એકાંત અનિત્યપક્ષમાં અર્થક્રિયા અસંભવ ........... ૩૫૧
એકાંત નિત્યવાદમાં અર્થક્રિયા અસંભવ ........... ૩૫૧
स्याद्वादमञ्जरीसंवादः ........... ૩૫૨
એકાન્તપક્ષોમાં વિરુદ્ધ આદિ દોષો ........... ૩૫૨
एकान्तपक्षहेतवः विरोध-व्यभिचारादिदोषग्रस्ताः .... ૩૫૩
जैनशासनम् अधृष्यम् ........... ૩૫૪
સુન્દ-ઉપસુન્દ ન્યાય વિચાર ........... ૩૫૪
મધ્યસ્થભાવે તત્ત્વનિરૂપણ નિંદાસ્વરૂપ નથી ........... ૩૫૪
एकान्तवादसमालोचनायां निन्दाविरहः ........... ૩૫૫
એકાંતવાદીઓ પરસ્પરનિંદક ........... ૩૫૫
સ્વ પ્રત્યે કઠોર અને પર પ્રત્યે કોમળ બનો ........... ૩૫૫
मान-मताग्रहादयः त्याज्याः ........... ૩૫૬
શાખા - ૩ - અનુપ્રેક્ષા ........... ૩૫૭

**शाखा - ४ द्रव्य-गुण-पर्यायभेदाऽभेद-सिद्धिः सप्तभङ्गीस्थापनञ्च ...... ३५९-५६२**

ટૂંકસાર (શાખા - ૪) ........... ૩૬૦
भेदाभेदविरोधाक्षेपः ........... ૩૬૧
અનેકાંતવાદમાં આક્ષેપ ........... ૩૬૧
स्याद्वादे सप्तदशदूषणाक्षेपः ........... ૩૬૨
અનેકાંતવાદમાં સત્તર દોષોનો આક્ષેપ ........... ૩૬૨
विरोध-वैयधिकरण्यभेदोपदर्शनम् ........... ૩૬૩
ભેદ-અભેદને એકત્ર માનવામાં વિરોધનો અપલાપ ... ૩૬૩
અનેકાંતમાં વૈયધિકરણ્ય દોષનો અપલાપ ........... ૩૬૩
વિરોધ અને વૈયધિકરણ્ય વચ્ચે તફાવત ........... ૩૬૩
સ્યાદ્વાદ સ્વીકારમાં વ્યતિકર અને સંકર દોષ ........... ૩૬૩
व्यतिकर-सङ्करभेदनिरूपणम् ........... ૩૬૪
વ્યતિકર અને સંકર વચ્ચે તફાવત ........... ૩૬૪
संशयपरामर्शः ........... ૩૬૫
ભેદાભેદરૂપ અનેકાંતમાં અનવસ્થા ........... ૩૬૫
સ્યાદ્વાદમાં સંશય દોષ ........... ૩૬૫
सिद्धसाध्यतादिदोषविमर्शः ........... ૩૬૬
જૈનમતમાં દૃષ્ટહાનિ - અદૃષ્ટકલ્પના દોષનો આક્ષેપ .. ૩૬૬
જૈનો સામે સિદ્ધસાધ્યતા દોષારોપણ ........... ૩૬૬
क्रमाऽक्रमानेकान्तदोषारोपणम् ........... ૩૬૭
નિરપેક્ષ અનેકાંતમાં વિરોધ દોષ ........... ૩૬૭
અનેકાન્તરૂપતા ક્રમથી કે યુગપત્ ? ........... ૩૬૭
नियतार्थक्रियोच्छेदापत्तिः ........... ૩૬૮
અનેક ગુણધર્મમાં એકત્વ આપત્તિ ........... ૩૬૮
અનેકસ્વભાવવ્યાપ્તિમાં અનવસ્થા ........... ૩૬૮
અનેકાંતમાં અનિયત પ્રવૃત્તિનો આક્ષેપ ........... ૩૬૮
प्रमाणेऽप्रामाण्यापादनम् ........... ૩૬૯
પ્રમાણ પણ અનેકાંતમાં અપ્રમાણ : આક્ષેપ ........... ૩૬૯
सर्वज्ञस्याऽसर्वज्ञतापत्तिः ........... ૩૭૦
સ્યાદ્વાદમાં સર્વજ્ઞ પણ અસર્વજ્ઞ : આક્ષેપ ........... ૩૭૦
જૈન મતમાં સિદ્ધ પણ અસિદ્ધ : આક્ષેપ ........... ૩૭૦
અનેકાંતમાં પ્રમાણની નિષ્ફળતા : આક્ષેપ ........... ૩૭૦
स्याद्वादबाधकविचारः ........... ૩૭૧
પરતઃ અનેકાંતરૂપતા અનવસ્થાજનક ........... ૩૭૧
અનેકાંતમાં બાધક પ્રમાણ ........... ૩૭૧
ભેદ-અભેદમાં વૈયધિકરણ્યનો આક્ષેપ ........... ૩૭૧
श्रुतश्रद्धानमाहात्म्यम् ........... ૩૭૨
શ્રુતશ્રદ્ધા અચલ બનાવો ........... ૩૭૨
શ્રુતધર્મ પ્રત્યે વિશ્વાસ અતિઆવશ્યક ........... ૩૭૨
विचिकित्सायाः समाधिबाधकत्वम् ........... ૩૭૩
જિનવચનમાં સંશય સમાધિનો પ્રતિબંધક ........... ૩૭૩
જ્ઞેય પદાર્થના ત્રણ ભેદ ........... ૩૭૩
साधुनिन्दा त्याज्या ........... ૩૭૪
સાધુનિંદા સમાધિમાં બાધક ........... ૩૭૪
निर्विचिकित्सत्वोपदर्शनम् ........... ૩૭૫
ફલશંકાનિવારણ વિશિષ્ટ બોધ વિના અશક્ય ........... ૩૭૫
गुर्वाद्यनादरः परित्याज्यः ........... ૩૭૬
શ્રદ્ધા મોક્ષમાર્ગપ્રાપક ........... ૩૭૬
सप्तदशदूषणनिराकरणोपक्रमणम् ........... ૩૭૭
એકત્ર ભેદાભેદમાં અવિરોધ ........... ૩૭૭
उभयनयतः वस्तुव्यवस्था ........... ૩૭૮
ભેદનય અને અભેદનય દ્વારા વસ્તુવ્યવસ્થા ........... ૩૭૮

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| भेदकाल्पनिकताऽपाकरणम् | ३७९ |
| ભેદાભેદવ્યવહાર અન્યસાપેક્ષ | ૩૭૯ |
| असत्त्वस्यैव मिथ्यात्वप्रयोजकता | ३८० |
| કાલ્પનિકતાનું નિમિત્ત અસત્ત્વ છે, અન્ય અપેક્ષા નહિ | ૩૮૦ |
| વિધિસ્વરૂપ અભેદાંશ સત્ય : અદ્વૈતવાદી | ૩૮૦ |
| द्रव्य-गुणाद्यभेदश्रुतिद्योतनम् | ३८१ |
| અભેદાંશ સત્ય : વેદાન્તી | ૩૮૧ |
| भेदांशमिथ्यात्वनिरासः | ३८२ |
| સ્વલક્ષણસ્વરૂપ ભેદાંશ સત્ય : બૌદ્ધ | ૩૮૨ |
| અનુભવસિદ્ધ ભેદાભેદ સત્ય : સ્યાદ્વાદી | ૩૮૨ |
| भेदाभेदान्यतरापलापे उभयापलापापत्तिः | ३८३ |
| ભેદાભેદના સ્વીકારનું આધ્યાત્મિક પ્રયોજન | ૩૮૩ |
| भेदनयो मैत्र्यादिभावोपष्टम्भकः | ३८४ |
| प्रत्यक्षतो भेदाभेदाऽविरोधसाधनम् | ३८५ |
| ભેદ-અભેદમાં અવિરોધ પ્રત્યક્ષસિદ્ધ | ૩૮૫ |
| कालभेदेन भेदाभेदाविरोधसिद्धिः | ३८६ |
| કાળભેદથી ભેદાભેદમાં અવિરોધ | ૩૮૬ |
| प्रतीत्या एकत्र एकदा भेदाभेदसिद्धिः | ३८७ |
| પર્યાય-પર્યાયી વચ્ચે ભેદાભેદ : વિશેષાવશ્યકભાષ્ય | ૩૮૭ |
| એકકાલઅવચ્છેદેન એકત્ર ભેદાભેદની સિદ્ધિ | ૩૮૭ |
| सर्वथाभेदादौ व्यवहारविरोधः | ३८८ |
| એકાંત ભેદનો કે એકાંત અભેદનો સ્વીકાર અસંગત | ૩૮૮ |
| सामानाधिकरण्यादितो भेदाभेदाविरोधसिद्धिः | ३८९ |
| સામાનાધિકરણ્ય અને વૈયધિકરણ્ય અંગે વિચારણા | ૩૮૯ |
| પ્રત્યક્ષપ્રસિદ્ધ અર્થમાં અવિરોધ - જૈન | ૩૮૯ |
| प्रत्यक्षविषये विरोधाऽसम्भवः | ३९० |
| દ્રવ્યની નિવૃત્તિ-અનિવૃત્તિનો વિકલ્પ | ૩૯૦ |
| अनुभवस्य बलाधिकत्वे श्रीहरिभद्रसूरिसम्मतिः | ३९१ |
| વિકલ્પ કરતાં અનુભવ બળવાન | ૩૯૧ |
| અનેકાંતવાદમાં અન્યદર્શનની સંમતિ | ૩૯૧ |
| प्रत्यक्षसिद्धे उदाहरणाऽनावश्यकता | ३९२ |
| પદમાં અને પદાર્થમાં અનેકાંત | ૩૬૨ |
| विरोधदोषमीमांसा | ३९३ |
| સત્તર દોષનું નિરાકરણ | ૩૯૩ |
| अविरोधकल्पनायां निर्दोषता | ३९४ |
| વિરોધ દોષ અસંગત | ૩૯૪ |
| ભેદાભેદમાં એકત્ર વ્યાપ્યવૃત્તિતા : પ્રાચીન જૈનાચાર્ય | ૩૯૪ |
| विरोधस्य विशिष्य विश्रान्तत्वम् | ३९५ |
| ચણોઠી - દાડમ દૃષ્ટાન્તનો નિર્દેશ | ૩૯૫ |
| રક્ત અને શ્યામ વર્ણમાં એકત્ર અવ્યાપ્યવૃત્તિતા | ૩૯૫ |
| नृसिंहोदाहरणपरामर्शः | ३९६ |
| સ્નિગ્ધતા અને ઉષ્ણતા એકત્ર વ્યાપ્યવૃત્તિ | ૩૯૬ |
| ભેદાભેદનો એકત્ર અવચ્છેદકભેદથી સમાવેશ : નવ્ય જૈન | ૩૯૬ |
| નરસિંહ દૃષ્ટાંતની વિચારણા | ૩૯૬ |
| शङ्खेश्वरपार्श्वनाथस्तोत्रसंवादः | ३९७ |
| एकप्रदेशत्वमभेदः, अतद्भावः = भेदः | ३९८ |
| નરસિંહદૃષ્ટાંતને સમજીએ | ૩૯૮ |
| દિગંબરસંમત ભેદાભેદની વિચારણા | ૩૯૮ |
| एकान्तवादेऽन्योऽन्याश्रयः | ३९९ |
| વિરોધ માનવામાં અન્યોન્યાશ્રય | ૩૯૯ |
| स्याद्वादे प्रतिनियतस्वरूपभानविचारः | ४०० |
| વૈયધિકરણ્ય દોષનું નિરાકરણ | ૪૦૦ |
| સંકર-વ્યતિકર દોષનું નિરાકરણ | ૪૦૦ |
| અનવસ્થા દોષ અસંગત | ૪૦૦ |
| कारणत्वादेः पदार्थान्तरता | ४०१ |
| અતિરિક્ત ભેદાભેદની અને કારણતાની વિચારણા | ૪૦૧ |
| अवच्छेदकभेदेनैकत्रोभयसमावेशः | ४०२ |
| ભેદાભેદજાતિ અતિરિક્ત, ભેદાભેદસંબંધ અનતિરિક્ત : જૈન | ૪૦૨ |
| સંશય દોષ અસંગત | ૪૦૨ |
| जात्यन्तरात्मकभेदाभेदसमर्थनम् | ४०३ |
| દૃષ્ટહાનિ-અદૃષ્ટકલ્પના યુક્તિશૂન્ય | ૪૦૩ |
| ગુડ-શુણ્ઠી ઉદાહરણ વિમર્શ | ૪૦૩ |
| अनिर्वचनीयप्रतिक्षेपः | ४०४ |
| જાત્યંતરાત્મક ભેદાભેદ વાસ્તવિક | ૪૦૪ |
| અનિર્વચનીય પ્રાતિભાસિક સત્યની વિચારણા | ૪૦૪ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| अनेकान्तार्थस्पष्टीकरणम् | ૪૦૫ |
| સિદ્ધસાધન દોષનું નિવારણ | ૪૦૫ |
| क्रमिकाऽक्रमिकानेकान्तप्रदर्शनम् | ૪૦૬ |
| નિમિત્તભેદથી ક્રમિક-અક્રમિક અનેકાંત | ૪૦૬ |
| अनेकान्तात्मकताया अनतिप्रसञ्जकत्वम् | ૪૦૭ |
| એક-અનેક સ્વભાવાત્મક વસ્તુની ઉત્પત્તિ | ૪૦૭ |
| અનેકાન્તાત્મક વસ્તુ પણ નિયત ક્રિયાકારી | ૪૦૭ |
| सर्वं सर्वात्मकमसर्वात्मकञ्च | ૪૦૮ |
| સર્વ વસ્તુ સર્વાત્મક અને અસર્વાત્મક | ૪૦૮ |
| પ્રમાણની અપ્રમાણરૂપતા : જૈન | ૪૦૮ |
| गतिरूपतानेकान्तविचारः | ૪૦૯ |
| ગતિપરિણત દ્રવ્ય સર્વથા ગતિરૂપ નથી : સંમતિકાર | ૪૦૯ |
| ઈષ્ટગતિ અનિષ્ટગતિવિરહસાધક | ૪૦૯ |
| गतिस्वरूपेऽनेकान्तात्मकता | ૪૧૦ |
| અપ્રમાણપદ પ્રમાણસામાન્યભેદબોધક : નૈયાયિક | ૪૧૦ |
| पररूपापेक्षया सर्वज्ञस्याऽसर्वज्ञत्वम् | ૪૧૧ |
| શબ્દવ્યુત્પત્તિ પણ તાત્પર્યસાપેક્ષ : જૈન | ૪૧૧ |
| સ્વરૂપ-પરરૂપ દ્વારા અનેકાંત સંમત | ૪૧૧ |
| अपसिद्धान्तनिराकरणम् | ૪૧૨ |
| પ્રથમ-અપ્રથમ સર્વજ્ઞ આદિની વિચારણા | ૪૧૨ |
| सर्वज्ञादौ सर्वज्ञभेदादिसाधनम् | ૪૧૩ |
| નંદીસૂત્રનો અતિદેશ | ૪૧૩ |
| સિદ્ધના બે ભેદ | ૪૧૩ |
| अपेक्षाविशेषेणैव सिद्धत्वादिसिद्धिः | ૪૧૪ |
| છદ્મસ્થ જીવ પણ સર્વજ્ઞ | ૪૧૪ |
| आंशिक-पूर्णसर्वज्ञतादिविमर्शः | ૪૧૫ |
| रुच्यनुसारेण विधि-निषेधकथनम् | ૪૧૬ |
| વિશિષ્ટ વસ્તુનો વિધિ-નિષેધ : નૈયાયિક | ૪૧૬ |
| નૈયાયિક મતમાં વિનિગમનાવિરહ | ૪૧૬ |
| घटास्तित्वस्य घटत्वावच्छिन्नता | ૪૧૭ |
| વિધિ-નિષેધ ધર્મવિશેષથી અવચ્છિન્ન | ૪૧૭ |
| चेतनस्य स्व-परानेकान्तरूपतापरिच्छेतृत्वम् | ૪૧૮ |
| અનેકાંતરૂપતાગ્રાહક પ્રમાણમાં અનવસ્થા અયુક્ત | ૪૧૮ |
| अनेकान्ताऽनवस्थामीमांसा | ૪૧૯ |
| પ્રમાણ પણ પ્રમેયાત્મક | ૪૧૯ |
| પશુપાલમતનું નિરૂપણ | ૪૧૯ |
| ग्राह्यानवस्थाऽपाकरणम् | ૪૨૦ |
| પશુપાલમતનો નિરાસ | ૪૨૦ |
| અનેકાંતની અવ્યાપકતાનો ભય નિર્મૂળ | ૪૨૦ |
| अनेकान्तस्य सम्यगेकान्तगर्भता | ૪૨૧ |
| અનેકાન્તમાં અનવસ્થા નિરવકાશ | ૪૨૧ |
| स्यादेकान्तः स्यादनेकान्तः | ૪૨૨ |
| અનેકાન્તમાં અનેકાન્ત | ૪૨૨ |
| અનેકાંત પણ અનેકાંતસ્વરૂપ | ૪૨૨ |
| अनेकान्तानेकान्त एकान्तस्वरूपः | ૪૨૩ |
| અનેકાંતમાં એકાંત અનેકાંતસ્વરૂપ | ૪૨૩ |
| ज्ञप्तेः जिज्ञासानुसारित्वम् | ૪૨૪ |
| ઉત્પત્તિ-જ્ઞપ્તિસંબંધી વિરોધનો અનેકાંતમાં અસંભવ | ૪૨૪ |
| નિર્દોષ અનવસ્થા આદરણીય | ૪૨૪ |
| अर्पिताऽनर्पितदृष्ट्या प्रतीतिपरामर्शः | ૪૨૫ |
| પશુપાલમતવિમર્શ | ૪૨૫ |
| સાવચ્છિન્ન-નિરવચ્છિન્ન પ્રતીતિનું સમર્થન | ૪૨૫ |
| अनेकान्तः सम्यगेकान्ताऽविनाभावी | ૪૨૬ |
| અનેકાન્ત સમ્યગ્એકાન્તવ્યાપ્ત | ૪૨૬ |
| ભેદાભેદનું સામાનાધિકરણ્ય પ્રત્યક્ષસિદ્ધ | ૪૨૬ |
| सम्यक्त्वदार्ढ्ये चारित्रदार्ढ्यम् | ૪૨૭ |
| નૈશ્ચયિક સમ્યક્ત્વ અને ચારિત્ર વચ્ચે સમવ્યાપ્તિ | ૪૨૭ |
| મુદ્રિત પુસ્તકોમાં મહત્ત્વનો પાઠ ગેરહાજર | ૪૨૭ |
| सम्यक्त्वशुद्ध्या चारित्रान्तरङ्गशुद्धिः | ૪૨૮ |
| ચારિત્રનું ચાલકબળ : સમ્યક્ત્વ | ૪૨૮ |
| पुद्गले भेदाभेदव्यवहारोपदर्शनम् | ૪૨૯ |
| પુદ્ગલમાં ગુણનો ભેદાભેદ | ૪૨૯ |
| એકત્ર એક કાળે ભેદાભેદનો સમાવેશ | ૪૨૯ |
| अवच्छेदकभेदादेकत्र भेदाभेदोभयसिद्धिः | ૪૩૦ |
| અવચ્છેદકભેદથી એક જ ગુણનો દ્રવ્યમાં ભેદાભેદ | ૪૩૦ |
| અભેદવિષયક દ્વન્દ્વસમાસ દ્વારા ભેદાભેદ સિદ્ધિ | ૪૩૦ |
| द्वन्द्वसमासबलेनैकत्र भेदाभेदोभयसिद्धिः | ૪૩૧ |
| ગુણ-ગુણીમાં ભેદાભેદ ઉભય : શ્રીહરિભદ્રસૂરિ | ૪૩૧ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| एकान्तभेदाऽभेदयोः प्रतिक्षेपः | ૪૩૨ |
| ધર્મી અનિશ્ચય ગુણ-ગુણીભેદ સાધક | ૪૩૨ |
| અવયવ-અવયવી વચ્ચે ભેદાભેદ | ૪૩૨ |
| कार्य-कारणयोः भेदाभेदसिद्धिः | ૪૩૩ |
| જ્ઞાનીના બહુમાનથી જ્ઞાનનું બહુમાન : અભેદ નય | ૪૩૩ |
| ભેદનય અભિમાન છોડાવે | ૪૩૩ |
| अध्यात्ममार्गे भेदाभेदोभयनयोपयोगप्रदर्शनम् | ૪૩૪ |
| आत्मनि भेदाभेदोभयसिद्धिः | ૪૩૫ |
| આત્મામાં પર્યાયનો ભેદાભેદ | ૪૩૫ |
| एकत्रैव नानाविरुद्धपर्यायसिद्धिः | ૪૩૬ |
| નૈશ્ચયિક અને વ્યાવહારિક પર્યાયની વિચારણા | ૪૩૬ |
| परिणामिनित्यता-सान्वयध्वंसाभ्युपगमः | ૪૩૭ |
| શૃંગગ્રાહિકાન્યાયનું સ્પષ્ટીકરણ | ૪૩૭ |
| દ્રવ્ય-ગુણ-પર્યાયમાં ભેદાભેદ - શ્રીહરિભદ્રસૂરિજી | ૪૩૭ |
| एकान्तवादिमते कृतनाशादिप्रसङ्गः | ૪૩૮ |
| પર્યાયભેદે પર્યાયીનો સર્વથા ભેદ અસંગત | ૪૩૮ |
| કૃતનાશ અને અકૃતઆગમ દોષની છણાવટ | ૪૩૮ |
| युक्तिमद्वचनम् उपादेयम् | ૪૩૯ |
| પરદર્શનની સત્ય વાત આદરણીય | ૪૩૯ |
| भेदनयस्य औदार्यादिसाधकता | ૪૪૦ |
| ક્ષમા આદિ ગુણોને મેળવવા ભેદનય ઉપકારક | ૪૪૦ |
| धर्मभेदभाने धर्मिभेदभानविचारः | ૪૪૧ |
| ભેદ વ્યાપ્યવૃત્તિ : પ્રાચીન નૈયાયિક | ૪૪૧ |
| ધર્મભેદે ધર્મીનો ભેદ : જૈન | ૪૪૧ |
| नैयायिकस्य धर्मिभेदोच्छेदापत्तिः | ૪૪૨ |
| સર્વથા ધર્મભેદ માનવાથી પિતા-પુત્ર વગેરે પ્રતીતિની અનુપપત્તિ | ૪૪૨ |
| ભેદ સ્વપ્રતિયોગિતાના અવચ્છેદકનો વિરોધી : નૈયાયિક | ૪૪૨ |
| श्यामघटे रक्तघटभेदाभेदसिद्धिः | ૪૪૩ |
| શ્યામ ઘટમાં રક્ત ઘટનો ભેદાભેદ : જૈન | ૪૪૩ |
| एकत्र गुण-पर्यायभेदाभेदसाधनम् | ૪૪૪ |
| ઉદાહરણત્રિકથી ભેદાભેદમાં અવિરોધ | ૪૪૪ |
| ધર્મીના બદલે ધર્મના ઉત્પાદ-વ્યય : નૈયાયિક | ૪૪૪ |
| धर्मिनाशोत्पादविमर्शः | ૪૪૫ |
| ધર્મીના પણ ઉત્પાદ-વ્યય : જૈન | ૪૪૫ |
| નૈયાયિક પાસે તર્ક છે પણ તથ્ય નથી | ૪૪૫ |
| धर्मिनाशोत्पादकारणबाधविमर्शः | ૪૪૬ |
| ધર્મીના ઉત્પાદ-વ્યયમાં કારણબાધ : નૈયાયિક | ૪૪૬ |
| ધર્મીના ઉત્પાદ-વ્યયમાં કારણ અબાધિત : જૈન | ૪૪૬ |
| अभेदनयः अहङ्कारनाशकः | ૪૪૭ |
| અહંનો ભાર ઉતારવા અભેદનય ઉપયોગી | ૪૪૭ |
| जैनमतविजयः | ૪૪૮ |
| જડ-ચેતનનો ભેદાભેદ | ૪૪૮ |
| रूपान्तरेणैकत्र भेदाभेदसमावेशः | ૪૪૯ |
| નવ્યન્યાયની પરિભાષામાં ભેદાભેદને ઓળખીએ | ૪૪૯ |
| ભેદાભેદની સાર્વત્રિકતા | ૪૪૯ |
| एकत्र भेदाभेदप्रवेशे परदर्शनसंमतिः | ૪૫૦ |
| ભેદાભેદમાં અન્યદર્શનકારોની સંમતિ | ૪૫૦ |
| વેદાંતિમતે પણ કાર્ય-કારણનો ભેદાભેદ | ૪૫૦ |
| नामादिभेदभिन्नानाम् अभिन्नत्वसाधनम् | ૪૫૧ |
| પાંચ દૃષ્ટાંતથી ભેદાભેદ : જૈન | ૪૫૧ |
| દ્રવ્યથી ગુણાદિ ભિન્નાભિન્ન | ૪૫૧ |
| भेदाभेदज्ञानाद् देहाध्यासमुक्तिः | ૪૫૨ |
| ભેદાભેદના આલંબને ચિત્તવૃત્તિને ઊંચકીએ | ૪૫૨ |
| अर्पणानर्पणातो भेदाभेदसिद्धिः | ૪૫૩ |
| ભેદના આશ્રયમાં અભેદની સિદ્ધિ | ૪૫૩ |
| द्रव्ये विशिष्टभेदप्रतिपादनम् | ૪૫૪ |
| અર્પણા-અનર્પણા દ્વારા ભેદાભેદસિદ્ધિ | ૪૫૪ |
| कार्य-कारणभजना | ૪૫૫ |
| ઉપાદાન-ઉપાદેય વસ્તુપર્યાય હોવાથી ભિન્નાભિન્ન | ૪૫૫ |
| પ્રત્યેક વસ્તુ સામાન્ય-વિશેષાત્મક | ૪૫૫ |
| नयानां सप्तशतानि रूपाणि | ૪૫૬ |
| નયના બાર ભેદ : મલ્લવાદિસૂરિ | ૪૫૬ |
| ૨૧ નયભેદ અંગે જિજ્ઞાસા | ૪૫૬ |
| द्वादशनयानां नैगमादौ समावेशः | ૪૫૭ |
| વિવિધ નયવિભાગોનો પરસ્પરમાં સમાવેશ | ૪૫૭ |
| नानानयदृष्टिः समतादायिनी | ૪૫૮ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| સમતા ટકાવવા વિવિધ દષ્ટિકોણ સ્વીકાર્ય | ૪૫૮ |
| घटचातुर्विध्यनिरूपणम् | ४५९ |
| દ્રવ્ય-ક્ષેત્રાદિસંબંધથી ભેદાભેદની વિચારણા | ૪૫૯ |
| चतुर्विधघटप्रतिपादनम् | ४६० |
| ઘડાના ચાર પ્રકાર | ૪૬૦ |
| द्रव्यघटसप्तभङ्गीनिर्देशः | ४६१ |
| દ્રવ્યઘટ સદસદ્રૂપ : સ્યાદ્વાદી | ૪૬૧ |
| દ્રવ્યઘટને વિશે સપ્તભંગી | ૪૬૧ |
| अस्तित्वादीनां त्रिः आवृत्तिः | ४६२ |
| પ્રથમ ત્રણ ભંગ દ્વારા પાછલા ચાર ભંગની નિષ્પત્તિ | ૪૬૨ |
| सत्त्वाऽसत्त्वसप्तभङ्गीप्रदर्शनम् | ४६३ |
| સત્ત્વ-અસત્ત્વ દ્વારા સપ્તભંગીની યોજના | ૪૬૩ |
| नयानां कोटिशो भङ्गाः | ४६४ |
| નયના કરોડો પ્રકાર : મલ્લવાદિસૂરિ | ૪૬૪ |
| द्वादशारनयचक्रवृत्तिकृन्मतदर्शनम् | ४६५ |
| વચનતુલ્ય નયના ભેદ : સંમતિકાર | ૪૬૫ |
| ભગવતીસૂત્રમાં સપ્તભંગીનું મૂળ | ૪૬૫ |
| सप्तभङ्गीप्रदर्शने भगवतीसूत्रसंवादः | ४६६ |
| દ્વાદશાંગીમાં સ્યાદ્વાદ ઝળહળે | ૪૬૬ |
| भामत्यां परतः सत्त्वप्रतिक्षेपः | ४६७ |
| સ્યાદ્વાદમાં વાચસ્પતિમિશ્રની સંમતિ | ૪૬૭ |
| પરતઃ સત્ત્વપક્ષમાં વસ્તુની નિયતરૂપતાનો ઉચ્છેદ | ૪૬૭ |
| अनेकान्तजयपताकासंवादः | ४६८ |
| સ્વતઃ અસત્ત્વપક્ષમાં વસ્તુમાત્રનો ઉચ્છેદ | ૪૬૮ |
| क्षयोपशमानुसारेण वस्तुस्वरूपावबोधः | ४६९ |
| નૈયાયિકમતમાં ઘડો ઘડારૂપે નહિ રહે | ૪૬૯ |
| શૂન્યવાદનો પ્રતિકાર | ૪૬૯ |
| ક્ષયોપશમ મુજબ વસ્તુસ્વરૂપનો બોધ | ૪૬૯ |
| क्षयोपशममान्द्यादिना विपर्याससम्भवः | ४७० |
| મિથ્યાત્વનો અપરાધ | ૪૭૦ |
| प्रथम-द्वितीयभङ्गयोः पार्थक्यम् | ४७१ |
| સ્યાદ્વાદમાં કુમારિલભટ્ટની સંમતિ | ૪૭૧ |
| અસ્તિત્વ અને નાસ્તિત્વ પરિણમન વિભિન્ન | ૪૭૧ |
| अस्तित्व-नास्तित्वपरिणमनविचारः | ४७२ |
| ઉપાદાનકારણનું સ્વકાર્યરૂપે પરિણમન | ૪૭૨ |
| અસ્તિત્વ-નાસ્તિત્વ સ્વતંત્ર ગુણધર્મ | ૪૭૨ |
| परपर्यायाः नास्तित्वेन सम्बद्धाः | ४७३ |
| સપ્તભંગી અવ્યાહત | ૪૭૩ |
| વિરાધક તરીકેનું અસ્તિત્વ છોડીએ | ૪૭૩ |
| विराधकत्वेन अस्तित्वं त्याज्यम् | ४७४ |
| कथञ्चित्परिणामित्वार्थप्रदर्शनम् | ४७५ |
| ભેદાભેદમાં સપ્તભંગીની યોજના | ૪૭૫ |
| भेदाभेदसप्तभङ्गीनिरूपणम् | ४७६ |
| ગુણ-પર્યાય દ્રવ્યની અવસ્થાવિશેષસ્વરૂપ : દ્રવ્યાર્થિકનય | ૪૭૬ |
| ભેદાભેદ સપ્તભંગીના ત્રીજા ભાંગામાં વિશેષ ખુલાસો | ૪૭૬ |
| विभिन्ननयदृष्ट्या अप्रमत्तता-मैत्र्यादिभावोपबृंहणम् | ४७७ |
| નયનો કેવી રીતે ઉપયોગ કરવો ? તે શીખીએ | ૪૭૭ |
| अवक्तव्यभङ्गपरामर्शः | ४७८ |
| અવક્તવ્યત્વ વિશે વક્તવ્ય | ૪૭૮ |
| पुष्पदन्तादिपदे प्रतिपादकताविचारः | ४७९ |
| સાંકેતિક શબ્દ પણ અશક્ત | ૪૭૯ |
| एकोक्त्या अर्थप्रतिपादनपरामर्शः | ४८० |
| પુષ્પદંતાદિ સ્થલે શાબ્દબોધની વિચારણા | ૪૮૦ |
| भिन्नोक्त्या निरूपणसमर्थनम् | ४८१ |
| એકોક્તિથી અને ભિન્નોક્તિથી અર્થપ્રતિપાદન વિચાર | ૪૮૧ |
| 'सकृदुच्चरित...' न्यायप्रयोगः | ४८२ |
| એક વાર બોલાયેલા શબ્દથી એક જ અર્થનું ભાન | ૪૮૨ |
| 'સૈંધવ' સ્થળે શાબ્દબોધ વિમર્શ | ૪૮૨ |
| अवक्तव्यः पदार्थः कथञ्चित्, न सर्वथा | ४८३ |
| અવક્તવ્ય ભાંગાની સિદ્ધિ | ૪૮૩ |
| યુગપદ્ અર્પણામાં પદાર્થ કથંચિત્ અવક્તવ્ય | ૪૮૩ |
| સર્વથા અવાચ્યતા અનુભવાદિથી બાધિત | ૪૮૩ |
| शुद्धात्मद्रव्यम् अनुभवैकगम्यम् | ४८४ |
| સ્વાનુભૂતિગમ્ય સ્વાત્મા અકથ્ય | ૪૮૪ |
| शुद्धात्मद्रव्यं शब्द-तर्क-युक्त्यगम्यम् | ४८५ |

| વિષય | પૃષ્ઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| શબ્દભોગ નહિ, શબ્દયોગ પકડીએ | ૪૮૫ | પ્રસ્થક અંગે ઋજુસૂત્રનયનો અભિપ્રાય | ૪૯૯ |
| क्रमाऽक्रमार्पणाद्योतनम् | ૪૮૬ | પ્રસ્થક વિશે શબ્દનયનો અભિગમ | ૪૯૯ |
| સપ્તભંગીનો પાંચમો ભાંગો | ૪૮૬ | प्रस्थके एवम्भूताभिप्रायः | ૫૦૦ |
| पर्यायार्थिकनयो भेदविज्ञानोपयोगी | ૪૮૭ | પ્રસ્થક દૃષ્ટાંતમાં સમભિરૂઢનયનું વક્તવ્ય | ૫૦૦ |
| ભેદવિજ્ઞાનને દૃઢ કરીએ | ૪૮૭ | પ્રસ્થક : એવંભૂતનયની દૃષ્ટિમાં | ૫૦૦ |
| षष्ठभङ्गविद्योतनम् | ૪૮૮ | ક્રિયાથી અપરિણત વસ્તુ મિથ્યા : એવંભૂત | ૫૦૦ |
| સપ્તભંગીના છેલ્લા બે ભાંગાનું નિરૂપણ | ૪૮૮ | प्रस्थके नयसप्तभङ्ग्यः | ૫૦૧ |
| अन्यविधसप्तभङ्ग्यतिदेशः | ૪૮૯ | પ્રસ્થક સપ્તભંગીનો ત્રીજો - ચોથો ભાંગો | ૫૦૧ |
| નિત્યાનિત્યત્વપ્રકારક સપ્તભંગી | ૪૮૯ | પ્રસ્થક સપ્તભંગીમાં શેષ ત્રણ ભાંગા | ૫૦૧ |
| अधिकभङ्गाक्षेपः | ૪૯૦ | एकविंशतिः प्रस्थके नयसप्तभङ्ग्यः | ૫૦૨ |
| પ્રસ્થક અને પ્રદેશ દૃષ્ટાંતમાં નયમીમાંસા | ૪૯૦ | પ્રસ્થકદૃષ્ટાંતમાં છ નયસપ્તભંગી : વાદિદેવસૂરિજી | ૫૦૨ |
| अधिकभङ्गप्रतिक्षेपः | ૪૯૧ | કુલ ૨૧ મૂલનયસપ્તભંગીનો અતિદેશ | ૫૦૨ |
| સપ્તભંગીમાં ભંગવૃદ્ધિ અમાન્ય | ૪૯૧ | प्रस्थकोदाहरणे विशेषविमर्शः | ૫૦૩ |
| प्रस्थकोदाहरणे नयसप्तभङ्गी | ૪૯૨ | વિભિન્ન મતોમાં વિરોધનો પરિહાર | ૫૦૩ |
| પ્રસ્થક દૃષ્ટાંતમાં સપ્તભંગી | ૪૯૨ | સ્યાદ્વાદરત્નાકર અને નયરહસ્ય ગ્રંથમાં મતભેદ | ૫૦૩ |
| प्रस्थके सप्तभङ्ग्यन्तरम् | ૪૯૩ | चतस्रो मूलनयसप्तभङ्ग्यः | ૫૦૪ |
| પ્રસ્થક દૃષ્ટાંતમાં બીજી સપ્તભંગી | ૪૯૩ | પ્રસ્થક દૃષ્ટાંતમાં વિશેષ વિચારણા | ૫૦૪ |
| એક નયની મુખ્યતા, અન્ય નયોની ગૌણતા | ૪૯૩ | નિષેધકોટિમાં એકીસાથે અનેકનયપ્રવેશ સંમત | ૫૦૪ |
| प्रस्थके नयातिरेकानतिरेकविचारः | ૪૯૪ | एकस्मिन्नपि भङ्गे कृत्स्नार्थबोधः | ૫૦૫ |
| પ્રસ્થક અંગે સંગ્રહ-ઋજુસૂત્રમાં મતભેદ | ૪૯૪ | પ્રમાણવાક્યનું લક્ષણ | ૫૦૫ |
| प्रस्थके सप्त सप्तभङ्ग्यः | ૪૯૫ | ભાવનિક્ષેપ સર્વનયસંમત | ૫૦૫ |
| ત્રણ દૃષ્ટાંતમાં સાત નયની સાત સપ્તભંગી | ૪૯૫ | नयवाक्ये प्रमाणवाक्यातिव्याप्तिनिरासः | ૫૦૬ |
| પ્રસ્થક-વસતિ દૃષ્ટાંતમાં ચાર સપ્તભંગી | ૪૯૫ | ન્યાયદર્શનસંમત પર્યાપ્તિ અંગે ખુલાસો | ૫૦૬ |
| વસતિ ઉદાહરણ વિચારણા | ૪૯૫ | એકાદ નયવાક્ય પ્રમાણ નથી | ૫૦૬ |
| प्रस्थके नयसप्तभङ्गी | ૪૯૬ | युगपदखिलनयसमावेशसंमतिः | ૫૦૭ |
| પ્રસ્થકની નયસપ્તભંગીમાં વાદિદેવસૂરિજીનો મત | ૪૯૬ | દરેક ભાંગામાં પ્રમાણલક્ષણની યોજના | ૫૦૭ |
| प्रस्थकोपचारस्य पारमार्थिकत्वम् | ૪૯૭ | નિષેધકોટિમાં એકીસાથે અનેકનયપ્રવૃત્તિ માન્ય | ૫૦૭ |
| સંકલ્પ ઔપચારિક પદાર્થ : સંભાવના | ૪૯૭ | व्यञ्जननये द्विभङ्गी | ૫૦૮ |
| સંકલ્પિત પ્રસ્થક પણ વાસ્તવિક : નૈગમનય | ૪૯૭ | અર્થનય-વ્યંજનનય વિચાર | ૫૦૮ |
| प्रस्थकोदाहरणमीमांसा | ૪૯૮ | अर्थपर्यायसप्तभङ्गी | ૫૦૯ |
| પ્રસ્થક અંગે સંગ્રહનયનો મત | ૪૯૮ | અર્થપર્યાયમાં સપ્તભંગી : સંમતિકાર | ૫૦૯ |
| પ્રસ્થક અંગે વ્યવહારનયનું મંતવ્ય | ૪૯૮ | व्यञ्जनपर्यायसप्तभङ्गी | ૫૧૦ |
| નૈગમ-સંગ્રહવિરુદ્ધ વ્યવહારનય | ૪૯૮ | વ્યંજનપર્યાયમાં સપ્તભંગી : સંમતિવૃત્તિકાર | ૫૧૦ |
| प्रस्थकोदाहरणे ऋजुसूत्रादिनयाभिप्रायः | ૪૯૯ | निर्विकल्पवस्तुविचारः | ૫૧૧ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| સમભિરૂઢ-એવંભૂતમત મુજબ વસ્તુ નિર્વિકલ્પ | ૫૧૧ |
| અનેકાંતવ્યવસ્થા ગ્રંથ મુજબ વિચારણા | ૫૧૧ |
| ફક્ત સમભિરૂઢનયના મતે નિર્વિકલ્પતાનું સમર્થન | ૫૧૧ |
| व्यञ्जनपर्यायाऽवाच्यता | ५१२ |
| ફક્ત એવંભૂતનયના મતે નિર્વિકલ્પતાની વિચારણા | ૫૧૨ |
| વ્યંજનપર્યાયની સપ્તભંગીનો ત્રીજો ભાંગો | ૫૧૨ |
| द्विभङ्गीविमर्शः | ५१३ |
| વ્યંજનપર્યાયની સપ્તભંગીના છેલ્લા ચાર ભાંગા | ૫૧૩ |
| વ્યંજનપર્યાયમાં દ્વિભંગીની પાર્શ્વભૂમિકા : બીજી વ્યાખ્યા | ૫૧૩ |
| अर्थनयस्वरूप-विषयमीमांसा | ५१४ |
| વ્યંજનપર્યાયના સ્વરૂપની વિચારણા | ૫૧૪ |
| સવિકલ્પ-નિર્વિકલ્પસ્વરૂપની વિચારણા | ૫૧૪ |
| व्यञ्जननयस्वरूप-विषयमीमांसा | ५१५ |
| વ્યંજનપર્યાયમાં અવાચ્ય વગેરે ભાંગાનો અસંભવ | ૫૧૫ |
| सैद्धान्तिकबाधपरिहारः | ५१६ |
| સપ્તભંગીમાં એકીસાથે સર્વનયપ્રવૃત્તિનો સંભવ | ૫૧૬ |
| સંમતિતર્કગાથાની ત્રીજી વ્યાખ્યા | ૫૧૬ |
| व्यञ्जननयतो विरोधः, न प्रमाणादितः | ५१७ |
| વિરોધનો પરિહાર | ૫૧૭ |
| अवक्तव्यत्वस्वरूपविमर्शः | ५१८ |
| અવક્તવ્ય પણ કથંચિત્અવક્તવ્ય | ૫૧૮ |
| अनेकान्तव्यवस्थासंवादः | ५१९ |
| વ્યંજનપર્યાયની દ્વિભંગી : અનેકાંતવ્યવસ્થાકારની દૃષ્ટિમાં | ૫૧૯ |
| खण्डशः शक्त्या बोधविचारः | ५२० |
| ખંડશઃ શક્તિથી અવક્તવ્યત્વનો બોધ અસંભવ | ૫૨૦ |
| અનેકાર્થકશબ્દસ્થળે શાબ્દબોધવિચાર | ૫૨૦ |
| व्यञ्जननये द्वौ भङ्गौ | ५२१ |
| સર્વત્ર સાત ભાંગા આવશ્યક નથી | ૫૨૧ |
| सार्वत्रिकसप्तभङ्ग्याग्रहः त्याज्यः | ५२२ |
| चालनीयन्यायेन सप्तभङ्गीबोधः | ५२३ |
| આગમાનુસારી મતનું સમર્થન | ૫૨૩ |
| સપ્તભંગીની સાર્વત્રિકતાનું સમર્થન : કલ્પાન્તર | ૫૨૩ |
| परिपूर्णार्थप्रापकत्वमेव तात्त्विकप्रामाण्यम् | ५२४ |
| પરિપૂર્ણઅર્થબોધકતાની વિચારણા | ૫૨૪ |
| सूक्ष्मबुद्ध्या अर्थावधारणम् | ५२५ |
| એકના જ્ઞાનમાં સર્વેનું જ્ઞાન | ૫૨૫ |
| ચાલનીય ન્યાય વિચાર | ૫૨૫ |
| कदाग्रहमुक्तमनस्कता कर्तव्या | ५२६ |
| વિચારણાની દિશાઓને ખુલ્લી રાખીએ | ૫૨૬ |
| आत्मादितत्त्वदर्शने जैनत्वसाफल्यम् | ५२७ |
| સપ્તભંગીના અભ્યાસથી આત્મતત્ત્વદર્શન | ૫૨૭ |
| स्याद्वादपरिज्ञाने नैश्चयिकसम्यक्त्वम् | ५२८ |
| भेदाभेदसमर्थनोपसंहारः | ५२९ |
| સાધકને સર્વનયમાં સમતા | ૫૨૯ |
| सप्तभङ्गीलक्षणपदार्थान्वयः | ५३० |
| સપ્તભંગીદર્શક પ્રમાણનયતત્ત્વાલોકાલંકારસૂત્રનું અર્થઘટન | ૫૩૦ |
| सप्तभङ्गीसूत्रमीमांसा | ५३१ |
| સપ્તભંગીદર્શક સૂત્રની મીમાંસા | ૫૩૧ |
| नय-प्रमाणसप्तभङ्गीलक्षणप्रदर्शनम् | ५३२ |
| પ્રમાણસપ્તભંગી અને નયસપ્તભંગી અંગે જુદા-જુદા લક્ષણ | ૫૩૨ |
| ન્યૂનભંગ હોય તો સપ્તભંગી અપ્રમાણ | ૫૩૨ |
| निराकाङ्क्षबोधस्यैव प्रामाण्यम् | ५३३ |
| પ્રમાણ, નય અને દુર્નય વચ્ચે ભેદરેખા | ૫૩૩ |
| अभेदवृत्तिप्राधान्याऽभेदोपचारविचारः | ५३४ |
| સકલાદેશની સમજણ મેળવીએ | ૫૩૪ |
| અભેદવૃત્તિથી સકલાદેશની પ્રવૃત્તિ | ૫૩૪ |
| सकलादेशविमर्शः | ५३५ |
| અભેદ ઉપચારથી સકલાદેશની પ્રવૃત્તિ | ૫૩૫ |
| વિકલાદેશને સમજીએ | ૫૩૫ |
| कालाद्यभेदवृत्तिविचारः | ५३६ |
| કાળ વગેરે આઠ તત્ત્વનો પરિચય | ૫૩૬ |
| कालाद्यष्टकापेक्षाऽभिन्नत्वप्रयोजनावेदनम् | ५३७ |
| सकलादेशस्वरूपपरामर्शः | ५३८ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| સકલાદેશ-વિકલાદેશ વચ્ચે તફાવત | ૫૩૮ |
| विकलादेशविमर्शः | ५३९ |
| पर्यायार्थिकसम्मतभेदवृत्तिप्राधान्यविमर्शः | ५४० |
| प्रमाणस्यापि अप्रमाणत्वोपदर्शनम् | ५४१ |
| અભેદવૃત્તિનો ત્યાગ | ૫૪૧ |
| સકલાદેશ પ્રમાણ, વિકલાદેશ અપ્રમાણ | ૫૪૧ |
| सकल-विकलादेशत्वबीजद्योतनम् | ५४२ |
| સકલાદેશ બે પ્રકારે | ૫૪૨ |
| વિકલાદેશ બે પ્રકારે | ૫૪૨ |
| લક્ષણાપ્રયોજન | ૫૪૨ |
| जयधवलायां सकल-विकलादेशनिरूपणम् | ५४३ |
| જયધવલાકારની દૃષ્ટિએ સકલાદેશ-વિકલાદેશ | ૫૪૩ |
| व्युत्पत्तिभेदेन नयसप्तभङ्गीविमर्शः | ५४४ |
| આંશિક વસ્તુસ્વરૂપને વિકલાદેશ જણાવે | ૫૪૪ |
| નયસપ્તભંગીની વિચારણા | ૫૪૪ |
| ઘટમાં નયસપ્તભંગી વિચારણા | ૫૪૪ |
| नयसप्तभङ्गीविद्योतनम् | ५४५ |
| सुनय-दुर्नयसप्तभङ्गी | ५४६ |
| સુનય-દુર્નયસપ્તભંગી | ૫૪૬ |
| सर्वनयसङ्कलनं प्रमाणम् | ५४७ |
| प्रमाणसप्तभङ्गीगोचरनानाभिप्रायोपदर्शनम् | ५४८ |
| વિવિધ પ્રમાણસપ્તભંગીની સમજણ | ૫૪૮ |
| प्रमेये प्रमाणसप्तभङ्गी | ५४९ |
| प्रकारान्तरेण प्रमाणसप्तभङ्गीप्रदर्शनम् | ५५० |
| एकविंशतिः मूलनयसप्तभङ्ग्यः | ५५१ |
| ઘટમાં પ્રમાણસપ્તભંગી | ૫૫૧ |
| કષાયસપ્તભંગી | ૫૫૧ |
| વિવિધ સપ્તભંગી અંગે વાદિદેવસૂરિજીનો મત | ૫૫૧ |
| उत्तरनयसप्तभङ्गीविचारः | ५५२ |
| મૂળ નયની એકવીસ સપ્તભંગી | ૫૫૨ |
| मूलोत्तरनयसप्तभङ्गीभेदोपदर्शनम् | ५५३ |
| અવાન્તર નયની અનેક સપ્તભંગીઓ | ૫૫૩ |
| નયસપ્તભંગી વિકલાદેશસ્વરૂપ | ૫૫૩ |
| सप्तभङ्गीगोचरनानाभिप्रायोपसंहारः | ५५४ |
| દિગંબરસંપ્રદાયમાં પણ મૂલ-ઉત્તરનયસપ્તભંગી | ૫૫૪ |
| सप्तभङ्ग्याम् अखण्ड-सखण्डप्रतीतिविचारः | ५५५ |
| ત્રણ ભાંગા સકલાદેશ, ચાર ભાંગા વિકલાદેશ | ૫૫૫ |
| सप्तभङ्ग्यां कृत्स्नांशप्रतिपादनविमर्शः | ५५६ |
| એકાકારપ્રતીતિજનક સકલાદેશ, વિપરીત વિકલાદેશ | ૫૫૬ |
| सूत्रकृताङ्गवृत्तिकार-सम्मतिवृत्तिकारमतभेदद्योतनम् | ५५७ |
| સકલાદેશ-વિકલાદેશની અન્ય સંભાવના | ૫૫૭ |
| एवकारशून्यसुनयस्य व्यवहाराङ्गतानिषेधः | ५५८ |
| દુર્નય, સુનય અંગે વિચારણા | ૫૫૮ |
| शुद्ध आत्मा साक्षात्कार्यः | ५५९ |
| સપ્તભંગીનો ઉપસંહાર | ૫૫૯ |
| સપ્તભંગીના અભ્યાસનું પ્રયોજન | ૫૫૯ |
| अध्यात्मरोहणाचलाऽऽरोहणम् | ५६० |
| શાખા - ૪ - અનુપ્રેક્ષા | ૫૬૧ |


**શાખા - ૫**

**नय-प्रमाणाऽपेक्षभेदाभेदसिद्धि-द्रव्यार्थिकनयनिरूपणम् ............५६३-६७४**


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ટૂંકસાર (શાખા - ૫) | ૫૬૪ |
| त्र्यात्मकः पदार्थः | ५६५ |
| પદાર્થ દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક છે | ૫૬૫ |
| प्रमाणतः शक्त्या त्रितयात्मकताप्रतिपादनम् | ५६६ |
| મુખ્ય વૃત્તિથી પદાર્થ-ત્રિતયાત્મક : પ્રમાણ | ૫૬૬ |
| नयतोऽर्थनिरूपणम् | ५६७ |
| શક્તિ-લક્ષણા દ્વારા પદાર્થમાં ત્રિતયાત્મકતાનું ભાન : નય | ૫૬૭ |
| અનેકાન્ત = સમ્યગ્એકાન્તસમન્વય | ૫૬૭ |
| सुनयस्य देशगमकत्वेऽपि सर्वगमकत्वम् | ५६८ |
| દ્રવ્યાર્થિકાદિમતે વસ્તુસ્વરૂપનો વિમર્શ | ૫૬૮ |
| एकतरधर्मप्रतिपादने जयन्तभट्टसम्मतिः | ५६९ |
| 'गङ्गायां मत्स्य-घोषौ' इति वाक्यार्थविमर्शः | ५७० |
| એકીસાથે શક્તિ-લક્ષણાની પ્રવૃત્તિ માન્ય | ૫૭૦ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| गौणपदार्थप्रतिपादनम् | ५७१ |
| પરિભાષેન્દુશેખર વ્યાખ્યાની સમાલોચના | ૫૭૧ |
| प्रयोजनाद्यनुसारेण लक्षणाऽभ्युपगमः | ५७२ |
| લક્ષણાનિયામક ત્રણ તત્ત્વ | ૫૭૨ |
| 'ગંગા'પદના બદલે 'ઘોષ'પદની લક્ષણા : આશંકા | ૫૭૨ |
| युगपद्वृत्तिद्वयप्रवृत्तिमीमांसा | ५७३ |
| 'ઘોષ' પદની લક્ષણા અમાન્ય : સમાધાન | ૫૭૩ |
| નિષ્પ્રયોજન કે તાત્પર્યબાધક લક્ષણા અમાન્ય | ૫૭૩ |
| सुनयस्य अनन्तधर्मात्मकवस्तुबोधकत्वम् | ५७४ |
| યુગપત્ વૃત્તિદ્વયજન્ય અનંતધર્માત્મકતાબોધ | ૫૭૪ |
| आवृत्त्या अर्थद्वयप्रतिपादनविचारः | ५७५ |
| એક શબ્દ એક અર્થનો બોધક : કલ્પાન્તર નિવેદન | ૫૭૫ |
| નયવાક્યથી પદાર્થમાં ક્રમશઃ ત્રિતયાત્મકતાનો બોધ | ૫૭૫ |
| नयवाक्येन वस्तुनः त्रयात्मकतासिद्धिः | ५७६ |
| અવક્તવ્યભાંગા સંબંધી મીમાંસા | ૫૭૬ |
| પ્રાતિસ્વિકરૂપે યુગપત્ અવક્તવ્યત્વ | ૫૭૬ |
| अवक्तव्यभङ्गमीमांसा | ५७७ |
| અવક્તવ્ય ભંગ નિરાબાધ | ૫૭૭ |
| अष्टसहस्रीतात्पर्यविवरणस्पष्टीकरणम् | ५७८ |
| શક્તિથી પ્રાતિસ્વિકરૂપે યુગપત્ અવક્તવ્યત્વ | ૫૭૮ |
| आर्थबोधोत्थानबीजविद्योतनम् | ५७९ |
| આવૃત્તિથી અર્થબોધકતાનો વિચાર | ૫૭૯ |
| શાબ્દ બોધ અને આર્થ બોધ : કલ્પાન્તરપ્રકાશન | ૫૭૯ |
| परमलघुमञ्जूषादिसंवादः | ५८० |
| આલંકારિકમતે લક્ષણાના પાંચ નિમિત્ત | ૫૮૦ |
| વૈયાકરણમતે લક્ષણાના પાંચ નિમિત્ત | ૫૮૦ |
| आलङ्कारिकपरिभाषानुसृतमतद्योतनम् | ५८१ |
| વ્યંજના વૃત્તિ વિચાર | ૫૮૧ |
| વ્યંજનાવૃત્તિના બે પ્રકાર | ૫૮૧ |
| वस्तुनः द्रव्य-गुण-पर्यायात्मकत्वभानविचारः | ५८२ |
| નયવાક્યજન્ય બોધની વિચારણા | ૫૮૨ |
| वाच्यप्रकाशाऽविनाभावी व्यङ्ग्यप्रकाशः | ५८३ |
| વાચ્ય-વ્યંગ્યની યુગપત્ પ્રતીતિ | ૫૮૩ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| પ્રસિદ્ધ-અપ્રસિદ્ધ શક્તિથી શાબ્દબોધ : વૈયાકરણ | ૫૮૩ |
| नयवादतः शाब्दाऽऽर्थबोधविमर्शः | ५८४ |
| દ્વિવિધ બોધ દ્વારા ત્રિતયાત્મકતાનું ભાન | ૫૮૪ |
| द्रव्यार्थमतेऽपि पर्यायाः सन्ति | ५८५ |
| જિજ્ઞાસા મુજબ પ્રતિપાદન, તાત્પર્ય મુજબ બોધ | ૫૮૫ |
| प्रमाणाद्युपेक्षणेऽयुक्तार्थप्रतिभासः | ५८६ |
| નયાન્તરસાપેક્ષ નય અર્થબોધક | ૫૮૬ |
| નય-પ્રમાણ દ્વારા પદાર્થપરીક્ષા આવશ્યક | ૫૮૬ |
| नयगौण-मुख्यभावप्रदर्शनम् | ५८७ |
| સત્ય હકીકતનું સમર્થન કર્તવ્ય | ૫૮૭ |
| નિશ્ચય-વ્યવહારનો ગૌણ-મુખ્યભાવ સમજીએ | ૫૮૭ |
| નય-પ્રમાણદૃષ્ટિનો આધ્યાત્મિક ઉપયોગ | ૫૭ |
| भवितव्यतापरिपाकोपायद्योतनम् | ५८८ |
| ભવિતવ્યતાને પરિપક્વ કરીએ | ૫૮૮ |
| गुण-पर्यायाऽभिन्नद्रव्ये शब्दशक्तिः | ५८९ |
| દ્રવ્યાદિમાં મુખ્યવૃત્તિથી અભેદ : દ્રવ્યાર્થિકનય | ૫૮૯ |
| द्रव्यभिन्नपर्याये पदलक्षणा | ५९० |
| ગુણ-પર્યાય દ્રવ્યાત્મક : દ્રવ્યાર્થિકનય | ૫૯૦ |
| લોકવ્યવહારનિર્વાહ માટે લક્ષણા : દ્રવ્યાર્થિકનય | ૫૯૦ |
| द्रव्यदृष्ट्या माध्यस्थ्योपलब्धिः | ५९१ |
| દ્રવ્યાર્થિકનયસંમત લક્ષણાનું તાત્પર્ય | ૫૯૧ |
| અખંડ આત્મદ્રવ્ય ઉપર દૃષ્ટિ સ્થાપીએ | ૫૯૧ |
| द्रव्यार्थिकोपयोगोपदर्शनम् | ५९२ |
| ભેદ-અભેદનો ઉપયોગ કરતાં શીખીએ | ૫૯૨ |
| पर्यायनयतो भेदः शक्यः, अभेदो लक्ष्यः | ५९३ |
| દ્રવ્યાદિમાં મુખ્યવૃત્તિથી ભેદ : પર્યાયાર્થિકનય | ૫૯૩ |
| द्रव्य-गुणयोः घटादिपदशक्ति-लक्षणाविचारः | ५९४ |
| દ્રવ્યાદિઅભેદ લક્ષ્યાર્થ : પર્યાયાર્થિકનય | ૫૯૪ |
| આત્મદ્રવ્યને અલગ તારવી લો | ૫૯૪ |
| पर्यायार्थिकोपयोगतोऽहङ्कारादित्यागः | ५९५ |
| નિર્મળ ગુણ-પર્યાયમાં આપણું અસ્તિત્વ | ૫૯૫ |
| तर्कलक्षणप्रकाशनम् | ५९६ |
| શક્તિ-લક્ષણાનિયામક મુખ્ય-ગૌણ સંકેત | ૫૯૬ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| गङ्गापदसङ्केतद्वितयप्रदर्शनम् | ५९७ |
| કાવ્યપ્રકાશકારની દૃષ્ટિમાં શબ્દગત વાચકતા | ५९७ |
| साक्षात्सङ्केत-व्यवहितसङ्केतविमर्शः | ५९८ |
| જ્ઞાનાત્મક અને શબ્દાત્મક નય | ५९८ |
| દ્રવ્યાદિભેદમાં સાક્ષાત્ સંકેત : પર્યાયાર્થિક | ५९८ |
| पर्यायौदासीन्येन आत्मद्रव्यान्वेषणम् | ५९९ |
| સાધકની દૃષ્ટિમાં પર્યાયો ગૌણ બને | ५९९ |
| सर्वथा नयान्तरविषयाऽभाने दुर्नयत्वम् | ६०० |
| મિથ્યાદૃષ્ટિ પાસે દુર્નય | ६०० |
| परकीयानुचितव्यवहारे कर्म अपराध्यते | ६०१ |
| અન્ય વ્યક્તિના અભિપ્રાયને સમજવો જરૂરી | ६०१ |
| निरपेक्षनयद्वयाभ्युपगमेऽपि मिथ्यात्वम् | ६०२ |
| વૈશેષિક શાસ્ત્ર મિથ્યા : સંમતિકાર | ६०२ |
| वैशेषिकतन्त्रमिथ्यात्वबीजद्योतनम् | ६०३ |
| નિરપેક્ષ અનેક નયોનો સમૂહ પણ મિથ્યા | ६०३ |
| गौणरूपेणाऽपि नयान्तर-विषयानभ्युपगमे मिथ्यात्वम् | ६०४ |
| જૈનોને સાપેક્ષ નયો સ્વીકાર્ય | ६०४ |
| श्वेताम्बराम्नाये नयलक्षणनिरूपणम् | ६०५ |
| શ્વેતાંબરમતાનુસાર નયલક્ષણને ઓળખીએ | ६०५ |
| प्रमाणगोचरांशप्रकाशको नयः | ६०६ |
| દિગંબરમતાનુસાર નયલક્ષણની વિચારણા | ६०६ |
| दिगम्बरसम्प्रदाये नयलक्षणपरामर्शः | ६०७ |
| नय-सुनय-दुर्नयलक्षणनिरूपणम् | ६०८ |
| સુનય-દુર્નયલક્ષણ વિચારણા | ६०८ |
| गौणरूपेणाऽपि नयान्तरविषया-ऽग्राहकत्वम् अनुचितम् | ६०९ |
| સુનયસ્વરૂપનો વિચાર | ६०९ |
| सापेक्षनयसमूहः प्रमाणम् | ६१० |
| નિરપેક્ષ નય = દુર્નય, સાપેક્ષ નય = સુનય | ६१० |
| नयतो भेदाभेदभानविचारणम् | ६११ |
| ઉલૂકસ્વીકૃત બન્ને નય નિરપેક્ષ | ६११ |
| લૌકિક સંકેત અને નયસંકેત સમજીએ | ६११ |
| 'सकृदुच्चरितः.....' न्यायविमर्शः | ६१२ |
| 'अस्ति' પદની લક્ષણા અમાન્ય | ६१२ |
| प्रतिनयं भेदाभेदादौ मुख्यविषयता | ६१३ |
| 'अस्ति'પદની જહદ્લક્ષણા - વિરુદ્ધલક્ષણા અમાન્ય | ६१३ |
| शक्त्युपचारौ नयपरिकरौ, न तु नयगोचरौ | ६१४ |
| દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકના મુખ્ય-ગૌણ અર્થને સમજીએ | ६१४ |
| શક્તિ અને ઉપચાર નયપરિકર | ६१४ |
| भेदभानोपचरितत्वविमर्शः | ६१५ |
| 'स्यात्' પદની શક્તિથી ગૌણ અર્થનું ભાન | ६१५ |
| 'स्यात्' પદનું અર્થતઃ ભાન | ६१५ |
| પ્રમાણપરિકરગતનય સુનય | ६१५ |
| लौकिक-नयसङ्केतानुसृतबोधविचारः | ६१६ |
| મુખ્ય-ગૌણ અર્થની વિચારણા | ६१६ |
| લૌકિક સંકેતથી શાબ્દબોધ, નયસંકેતથી આર્થબોધ | ६१६ |
| प्रमाणस्येव नयस्य उभयांशग्राहित्वसमर्थनम् | ६१७ |
| 'स्यात्' પદ વિના અન્ય અંશનું ભાન | ६१७ |
| स्वाभिप्रायग्राहणाऽऽग्रहे मिथ्यात्वापत्तिः | ६१८ |
| નય દ્વારા પણ ભેદાભેદ વ્યવહાર સંભવ | ६१८ |
| પાંચ પ્રકારે દુર્નયની સંભાવના | ६१८ |
| मानसिकसहिष्णुतादिकम् आत्मसात् कार्यम् | ६१९ |
| नवनय-त्रिविधोपनयकल्पनोपन्यासः | ६२० |
| સમાનતંત્રસિદ્ધાન્તની ઓળખાણ | ६२० |
| समानतन्त्रसिद्धान्तप्रतिपादनम् | ६२१ |
| સમાનતંત્રની સ્પષ્ટતા | ६२१ |
| દિગંબરકલ્પિત નયવિચારણાનું પ્રયોજન | ६२१ |
| अनुवादेऽवक्रतया भाव्यम् | ६२२ |
| ... तो સજ્જનતા ટકે | ६२२ |
| आध्यात्मिकनयनिरूपणम् | ६२३ |
| નય નવ, ઉપનય ત્રણ : દિગંબરમત | ६२३ |
| મૂળ નય બે, અવાંતર નય અસંખ્ય : નયચક્ર | ६२३ |
| नवविधनयनिरूपणम् | ६२४ |
| निश्चय-व्यवहारनयविषयविद्योतनम् | ६२५ |
| આધ્યાત્મિક શૈલીથી નય દ્વિવિધ | ६२५ |

| વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| तार्किकाऽऽध्यात्मिकदृष्टिसमन्वयः कार्यः | ૬૨૬ |
| પૂર્વાપર અનુસંધાન | ૬૨૬ |
| તાર્કિક પદ્ધતિ અને આધ્યાત્મિક પદ્ધતિનો સમન્વય સાધો | ૬૨૬ |
| अव्याबाधसुखं सिद्धानाम् | ૬૨૭ |
| द्रव्यार्थिकनयः दशविधः | ૬૨૮ |
| દ્રવ્યાર્થિકનયની વ્યાખ્યા | ૬૨૮ |
| कर्मोपाधीनाम् उपेक्षणीयता | ૬૨૯ |
| કર્મોપાધિશૂન્ય શુદ્ધ દ્રવ્યાર્થિકનય : પ્રથમ ભેદ | ૬૨૯ |
| નિરુપાધિક આત્મસ્વરૂપને પ્રગટાવીએ | ૬૨૯ |
| बृहद्द्रव्यसङ्ग्रहसंवादः | ૬૩૦ |
| પ્રથમ દ્રવ્યાર્થિકનયનો વિષય | ૬૩૦ |
| અશુદ્ધ-શુદ્ધ નિશ્ચયનયની વિચારણા | ૬૩૦ |
| द्रव्यार्थिकनयव्याख्या | ૬૩૧ |
| સંસારી જીવ પણ સિદ્ધસ્વરૂપ | ૬૩૧ |
| शुद्धद्रव्यार्थिकनयतः सर्वात्मसमभावाविर्भावः | ૬૩૨ |
| શુદ્ધદ્રવ્યાર્થિકની વ્યાખ્યા | ૬૩૨ |
| શુદ્ધ દ્રવ્યાર્થિકનયનું પ્રયોજન અપનાવીએ | ૬૩૨ |
| सत्ताप्राधान्यार्पणम् | ૬૩૩ |
| દ્રવ્યાર્થિકનયનો બીજો ભેદ સમજીએ | ૬૩૩ |
| नयचक्रादिसंवादः | ૬૩૪ |
| નિત્યતાની ઓળખાણ | ૬૩૪ |
| मृत्युभयेऽमरत्वविचारः कार्यः | ૬૩૫ |
| સત્તાગ્રાહક દ્રવ્યાર્થિકનયનું પ્રયોજન | ૬૩૫ |
| સર્વત્ર ઉદ્વેગને ટાળીએ | ૬૩૫ |
| गुण-गुण्यादिचतुष्काऽभेदप्रतिपादनम् | ૬૩૬ |
| ભેદકલ્પનાનિરપેક્ષ શુદ્ધ દ્રવ્યાર્થિક : તૃતીય ભેદ | ૬૩૬ |
| ત્રીજા દ્રવ્યાર્થિકનો વિષય સમજીએ | ૬૩૬ |
| गुण-गुण्यादिचतुष्काऽभेददृष्टान्तप्रतिपादनम् | ૬૩૭ |
| ગુણ-ગુણી આદિમાં અભેદના ઉદાહરણ | ૬૩૭ |
| દ્રવ્યાર્થિકતૃતીયભેદના ઉપયોગનો અતિદેશ | ૬૩૭ |
| નિર્વિકલ્પદશા મેળવવા ત્રીજો દ્રવ્યાર્થિક ઉપયોગી | ૬૩૭ |
| सिद्धसुखस्वरूपसन्दर्शनम् | ૬૩૮ |
| क्रोधपरिणतस्य क्रोधरूपता | ૬૩૯ |
| દ્રવ્યાર્થિકનયના ચોથા ભેદને સમજીએ | ૬૩૯ |
| आत्मा परिणामी | ૬૪૦ |
| ઉપયોગમય જીવ : વિશેષાવશ્યકભાષ્ય | ૬૪૦ |
| આત્માના આઠ ભેદ : ભગવતીસૂત્ર | ૬૪૦ |
| साङ्ख्यमते मोक्षपुरुषार्थोच्छेदः | ૬૪૧ |
| ઔપાધિક ભાવોથી આત્મા પરિણમે છે | ૬૪૧ |
| સાંખ્યમતનું નિરાકરણ | ૬૪૧ |
| स्वापराधस्वीकारः श्रेयस्करः | ૬૪૨ |
| અશુદ્ધ દ્રવ્યાર્થિકની વ્યાખ્યા | ૬૪૨ |
| ચોથા દ્રવ્યાર્થિકનું પ્રયોજન | ૬૪૨ |
| व्ययादिसापेक्षद्रव्यार्थनयप्रज्ञापनम् | ૬૪૩ |
| દ્રવ્યાર્થિકનયના પાંચમા ભેદને સમજીએ | ૬૪૩ |
| ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સમકાલીન | ૬૪૩ |
| नयस्यापि त्रैलक्षण्यग्राहकता | ૬૪૪ |
| त्रैलक्षण्यग्राहकत्वेऽपि नय-प्रमाणभेदद्योतनम् | ૬૪૫ |
| નયમાં પ્રમાણરૂપત્વની શંકા | ૬૪૫ |
| નયમાં પ્રમાણરૂપતાનું નિરાકરણ | ૬૪૫ |
| પ્રમાણ સર્વ ધર્મોને મુખ્યરૂપે જ ગ્રહણ કરે | ૬૪૫ |
| तरङ्गस्य सामुद्रत्वेऽपि समुद्रो न तारङ्गः | ૬૪૬ |
| બીજા અને પાંચમા દ્રવ્યાર્થિક વચ્ચે ભેદ | ૬૪૬ |
| નયાન્તરવિષયગ્રાહકત્વ નયગત અશુદ્ધત્વ | ૬૪૬ |
| पञ्चमद्रव्यार्थिकाऽशुद्धत्वबीजद्योतनम् | ૬૪૭ |
| વાક્યપદીયનો સંદર્ભ | ૬૪૭ |
| સકલાદેશની અર્પણાથી નય પણ પ્રમાણસ્વરૂપ | ૬૪૭ |
| ધ્રૌવ્યને મુખ્ય કરવાનું આધ્યાત્મિક પ્રયોજન | ૬૪૭ |
| अभ्यन्तराऽपवर्गमार्गाऽभिसर्पणम् | ૬૪૮ |
| મોક્ષની આગવી ઓળખ | ૬૪૮ |
| भेदकल्पना द्रव्यार्थनयेऽशुद्धत्वापादिका | ૬૪૯ |
| દ્રવ્યાર્થિક નયનો છઠ્ઠો ભેદ જાણીએ | ૬૪૯ |
| છઠ્ઠી વિભક્તિ ભેદદર્શક | ૬૪૯ |
| द्रव्य-गुणादीनां भेदेन प्ररूपणम् | ૬૫૦ |
| ભેદકલ્પનાપ્રયુક્ત અશુદ્ધિ | ૬૫૦ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| સર્વ ગુણોનો અખંડ પિંડ એટલે દ્રવ્ય | ૬૫૦ |
| द्रव्य-गुणादिभेदकल्पनाप्रयोजनाविष्करणम् | ६५१ |
| છઠ્ઠો દ્રવ્યાર્થિક મોક્ષપુરુષાર્થમાં પ્રેરક | ૬૫૧ |
| मोक्षपुरुषार्थाऽनुच्छेदः | ६५२ |
| गुण-पर्यायस्वभावः द्रव्यम् | ६५३ |
| સાતમા દ્રવ્યાર્થિકનું પ્રતિપાદન | ૬૫૩ |
| સામાન્યલક્ષણાપ્રત્યાસત્તિજન્ય અન્વયબુદ્ધિ | ૬૫૩ |
| द्रव्यज्ञाने तदीयगुण-पर्यायज्ञानम् | ६५४ |
| દ્રવ્યમાં પર્યાયનો અન્વય અનિષ્ટ | ૬૫૪ |
| सामान्यप्रत्यासत्तिपरामर्शः | ६५५ |
| નૈયાયિકમત અને જૈનમત વચ્ચે સમન્વય | ૬૫૫ |
| एकज्ञाने सर्वज्ञानविमर्शः | ६५६ |
| એકના જ્ઞાનમાં સર્વનું જ્ઞાન | ૬૫૬ |
| द्रव्यस्वभावप्रकाशगाथाव्याख्या | ६५७ |
| દ્રવ્યસ્વભાવપ્રકાશ ગ્રંથની ગાથાનું સ્પષ્ટીકરણ | ૬૫૭ |
| गुणादौ द्रव्यबुद्धिस्थापनम् | ६५८ |
| આલાપપદ્ધતિનું સ્પષ્ટીકરણ | ૬૫૮ |
| દ્રવ્ય-ગુણ-પર્યાયમાં પરસ્પર અન્વયબુદ્ધિ | ૬૫૮ |
| નયચક્રની ગાથાનું સ્પષ્ટીકરણ | ૬૫૮ |
| औपाधिकभावानाम् उपेक्षा | ६५९ |
| ગુણ-પર્યાયમાં દ્રવ્યત્વનો આરોપ | ૬૫૯ |
| વિભિન્ન પાઠસંગતિ સ્વીકાર્ય | ૬૫૯ |
| द्रव्यं स्वगुणादिस्वभावः | ६६० |
| આપણા ગુણ-પર્યાયમાં આત્મદ્રવ્યની અનુભૂતિ કરીએ | ૬૬૦ |
| स्वद्रव्यादिभिः वस्तुग्रहणम् | ६६१ |
| સ્વદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિક : આઠમો ભેદ | ૬૬૧ |
| સાપેક્ષ અસ્તિત્વનું નિરૂપણ | ૬૬૧ |
| अष्टमद्रव्यार्थिकोपयोगाऽतिदेशः | ६६२ |
| સ્વદ્રવ્યાદિના આધારે વસ્તુ ટકે | ૬૬૨ |
| निश्चयत आत्मनः आत्मप्रदेशेषु स्थितिः | ६६३ |
| આઠમો દ્રવ્યાર્થિક સમાધિ ટકાવવા ઉપયોગી | ૬૬૩ |
| परद्रव्यादितो वस्तुनो नास्तित्वम् | ६६४ |
| પરદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિક : નવમો ભેદ | ૬૬૪ |
| સાપેક્ષ નાસ્તિત્વને ઓળખીએ | ૬૬૪ |
| त्रयोदशशाखातिदेशः | ६६५ |
| પરદ્રવ્યાદિસાપેક્ષ નાસ્તિત્વ | ૬૬૫ |
| વિભાવદશાથી અટકો | ૬૬૫ |
| आत्मनः चैतन्यरूपता | ६६६ |
| પરમભાવગ્રાહક દ્રવ્યાર્થિક : દશમો ભેદ | ૬૬૬ |
| જીવ ચૈતન્યસ્વરૂપ | ૬૬૬ |
| चेतनलक्षणो जीवः | ६६७ |
| જ્ઞાન ગુણ સર્વ ગુણોમાં શ્રેષ્ઠ | ૬૬૭ |
| જ્ઞાન ઉપજીવ્ય, દર્શનાદિ ઉપજીવક | ૬૬૭ |
| अणुभाष्यप्रकाशवृत्तिसंवादः | ६६८ |
| પરદર્શનની સંમતિ | ૬૬૮ |
| ચૈતન્ય એટલે આત્મા : શિવસૂત્ર | ૬૬૮ |
| ચૈતન્ય એટલે જ્ઞાન | ૬૬૮ |
| असाधारणगुणाः परमभावतया ज्ञेयाः | ६६९ |
| આત્મા જ્ઞાનસ્વરૂપ | ૬૬૯ |
| દ્રવ્યાર્થિકના દશ પ્રકાર | ૬૬૯ |
| दशविधद्रव्यार्थिकनये देवचन्द्रवाचकादिमतोपदर्शनम् | ६७० |
| શુભચંદ્રજી દેવસેનજીના અનુયાયી | ૬૭૦ |
| અન્યવિધ દશ દ્રવ્યાર્થિકનો નિર્દેશ | ૬૭૦ |
| परमभावप्रणिधानोपदेशः | ६७१ |
| દ્રવ્યાર્થિકના અન્ય ત્રણ ભેદ | ૬૭૧ |
| ચૈતન્યસ્વરૂપની રુચિ કેળવીએ | ૬૭૧ |
| पञ्चमशाखोपसंहारः | ६७२ |
| શાખા - ૫ - અનુપ્રેક્ષા | ૬૭૩ |


દ્રવ્ય-ગુણ-પર્યાય અભેદસિદ્ધિ
द्रव्य
गुण
पर्याय

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

## ઢાળ-૩

द्रव्यानुयोगपरामर्शः शाखा-३

*द्रव्य-गुण-पर्यायाऽभेदसिद्धिः*

# शाखा - ३ : द्रव्य-गुण-पर्यायाऽभेदसिद्धिः


एकान्तद्रव्यादिभेदखण्डनम् (३/१)

'तैलस्य धारा' इतिप्रयोगविमर्शः (३/१)

समवायप्रकल्पने अनवस्थादोषः (३/२)

'काञ्चनं कुण्डलीभूतम्' इत्यादिप्रयोगेणाभेदोपपादनम् (३/३)

धर्मितानयेन 'मनुष्यो देवीभूत' इत्यादिप्रयोगोपपादनम् (३/३)

भेदपक्षे स्कन्धे द्विगुणगौरवाऽऽपत्तिः (३/४)

एकद्रव्ये गुणैकतायाः उचितत्त्वम् (३/५)

गुणाद्यभेदतः एव द्रव्यभेदव्यवहृतिसम्भवः (३/६)

द्रव्यादीनां परिणामैक्यादैक्यम् (३/६)

भेदपक्षबाधकतर्कोपदर्शनम् (३/७)

असतः वस्तुनः उत्पत्तिनिषेधः (३/७)

असत्कार्यवादखण्डनं साङ्ख्यतत्त्वकौमुद्यनुसारेण (३/७)

कार्योत्पादपूर्वं कार्यस्य तिरोभावशक्तिः (३/८)

असज्ज्ञप्तिवदसदुत्पत्तिसमर्थकपूर्वपक्षोत्थानम् (३/९)

उक्तनैयायिकमते प्रसङ्गाऽऽपादनम् (३/१०)

ज्ञानाद्वैतवादिना नैयायिकपराभवापादनम् (३/११)

अतीतप्रतीतिप्रतिपादनम् (३/१२)

शशशृङ्गज्ञानाऽऽपत्तिः नैयायिकमते (३/१३)

उपसंहारव्याजेन असज्ज्ञप्त्युत्पत्तिनिषेधः (३/१४)

उभयपक्षसमावेशेन जिनमतस्याऽव्याहतत्त्वम् (३/१५)

## ❋ ટૂંકસાર ❋

: શાખા - ૩ :

અહીં દ્રવ્ય, ગુણ અને પર્યાય વચ્ચે અભેદની સિદ્ધિ કરવામાં આવે છે.

દ્રવ્ય, ગુણ અને પર્યાય સર્વથા ભિન્ન નથી. જીવદ્રવ્ય અને ચૈતન્યગુણ વચ્ચે સર્વથા ભેદ નથી. જ્ઞાનને જીવથી સર્વથા ભિન્ન માનવામાં જીવ અજ્ઞાની બનવાની આપત્તિ આવે. ઘડો રક્તસ્વરૂપે અને આત્મા ચૈતન્યસ્વરૂપે પ્રત્યક્ષસિદ્ધ છે. માટે તેમાં અભેદ સિદ્ધ થાય છે. (૩/૧-૨)

'આ ઘડો લાલ થયો' - આ વાક્ય લાલ રંગ અને ઘડા વચ્ચે અભિન્નતાને જણાવે છે.(૩/૩)

માટીમાંથી ઘડો બને છે. માટી અને ઘડો એક જ = અભિન્ન છે. માટે માટીના જેટલું વજન ઘડામાં જણાય છે. જો બે અલગ હોય તો ઘડામાં ઘડાનું + માટીનું એમ બમણું વજન મળે.(૩/૪)

આ અભેદ સમૂહકૃત એકત્વસ્વરૂપે હોય. જેમ કે સેના અને સૈનિકો વચ્ચે અભેદ. દ્રવ્યપરિણામકૃત એકત્વસ્વરૂપે પણ અભેદ હોય. જેમ કે મકાન અને ઈંટ-સિમેન્ટ વગેરે વચ્ચે અભેદ.(૩/૫)

દ્રવ્ય પોતાના ગુણથી અને પર્યાયથી અભિન્ન છે. જેમ કે સોનું પીળા રંગ સ્વરૂપ ગુણથી અને હારસ્વરૂપ પર્યાયથી અભિન્ન છે. માટે પીળા હાર વગેરેને જોઈને 'આ સોનું છે' - એવું બોલાય છે. તથા 'જે સોનું છે તે જ હાર છે અને પીળું પણ તે જ છે' - એવું પણ બોલાય છે.(૩/૬)

આ અભેદ ન માનો તો ઉપાદાનકારણભૂત સુવર્ણમાંથી હાર સંભવી ન શકે. તથા ઉપાદાનકારણભૂત આત્મામાં કેવળજ્ઞાન વગેરે ક્ષાયિક પર્યાયો પ્રગટ થઈ ન શકે. (૩/૭)

સામે ન દેખાતા ગુણો અને પર્યાયો દ્રવ્યમાં સુષુપ્ત રીતે રહેલા હોય છે. તેને દ્રવ્યની 'તિરોભાવ શક્તિ' કહેવાય. તથા દ્રવ્યમાં પ્રગટ થયેલા જે ગુણો અને પર્યાયો છે તેને દ્રવ્યની 'આવિર્ભાવ શક્તિ' કહેવાય. તેથી સિદ્ધમાં સિદ્ધત્વની આવિર્ભાવશક્તિ જાણવી. છદ્મસ્થમાં સિદ્ધત્વની તિરોભાવ શક્તિ જાણવી. (૩/૮)

નૈયાયિક અસત્કાર્યવાદી છે. તેના મતે 'માટીમાંથી ઘડો બને તે ઘડો માટીમાં પૂર્વે કદાપિ હાજર ન હોય.' પણ આ વાત સંગત નથી થતી. કારણ કે ઘડો ઘડાસ્વરૂપે હાજર ન હોય તે સમયે પણ માટી સ્વરૂપે હાજર હોય જ છે. આથી યોગાચાર નામના બૌદ્ધને યાદ કરાવતો નૈયાયિકનો અસત્કાર્યવાદ યોગ્ય નથી. (૩/૯-૧૦-૧૧)

'આ માટીમાંથી ઘડો બનાવીશ' - આવું કુંભારનું વાક્ય માટીમાં ઘડાના અસ્તિત્વને સૂચવે છે. તે જ રીતે પાપી વ્યક્તિને વિશે પણ 'આ સિદ્ધ થશે' - એમ વિચારી જીવમૈત્રીને વિકસાવવી.(૩/૧૨)

ઘડો માટીમાં યોગ્યતા સ્વરૂપે ન હોય અને છતાં ઘડો બને તો અસત્ ઘડાની જેમ અસત્ શશશૃંગ પણ તેમાંથી બને તેવું માનવું પડે. તથા કુંભાર માટીમાંથી ઘડાને પ્રગટ કરે તેમ કોઈક આપણામાં દોષોને જણાવે ત્યારે ખેલદિલીથી તેને સ્વીકારીને સુધારણા કરવી. (૩/૧૩)

જે અસત્ હોય તેનું જ્ઞાન કે ઉત્પત્તિ અશક્ય છે. તેથી આપણામાં ક્ષાયિક જ્ઞાન, વીતરાગદશા વગેરે ક્ષાયિક ગુણો કેવલીઓએ જોયા છે. તેથી તેને પ્રગટાવવાના પ્રામાણિક પ્રયત્ન કરવા. (૩/૧૪)

વાસ્તવમાં દ્રવ્ય, ગુણ અને પર્યાય વચ્ચે ભેદાભેદ ઉભય છે. માટે ભેદને લક્ષમાં રાખી પ્રાપ્ત ગુણને ટકાવવા તથા જે ગુણો મળેલ નથી તેને મેળવી અભિન્નરૂપે પરિણમાવવા પ્રયત્નશીલ બનવું. (૩/૧૫)

## ઢાળ - ૩

(♦પ્રથમ ગોવાલણ તણઈ જી. એ દેશી. રાગ - જયંતસિરી.)

હિવઈં ત્રીજઈં ઢાલઈં એકાંતિ જે ભેદ માનઈં છઈં, તેહનઈં અભેદપક્ષ અનુસરીને દૂષણ દિઈ છઈં.[8]

**☆એકાંતઈં જો ભાખિઇ જી, દ્રવ્યાદિકનો રે ભેદ;**

**તો પરદ્રવ્ય પરિં ♦હુઇ જી, ગુણ-ગુણિભાવ ઉચ્છેદ રે ॥૩/૧॥ (૨૬)**

**ભવિકા ! ધારો ગુરુઉપદેશ. (આંકણી)**

**દ્રવ્યાદિકનો** = દ્રવ્ય-ગુણ-પર્યાયનો **જો એકાંતઈં** ભેદ **ભાખિઇ**, ▸અભેદ ન જાણીઇં◂ **તો પરદ્રવ્યનઈં**

---

• द्रव्यानुयोगपरामर्शः •

**शाखा - ३**

साम्प्रतं द्रव्य-गुण-पर्यायाणाम् एकान्तभेदं योऽभिमन्यते तन्मतं द्रव्याद्यभेदपक्षानुसारिभिः तर्कैः दूषयति – '**द्रव्यादीनामि**'ति।

**द्रव्यादीनां मिथो भेदो यद्येकान्तेन भाष्यते।**

**तर्ह्यन्यद्रव्यवत्स्वीये गुण-गुणिदशाक्षयः।।३/१।।**

**भो ! भव्या ! इदमित्थं रे, धारयत गुरूदितम्।। ध्रुवपदम्।।**

• द्रव्यानुयोगपरामर्शकर्णिका •

प्रकृते दण्डान्वयस्त्वेवम् – यदि द्रव्यादीनां मिथः एकान्तेन भेदः भाष्यते तर्हि अन्यद्रव्यवत्स्वीये गुण-गुणिदशाक्षयः (भविष्यति) ॥३/१॥ भोः ! भव्याः ! इदमित्थं रे, गुरूदितं धारयत॥ ध्रुवपदम्॥

**यदि द्रव्यादीनां** = द्रव्य-गुण-पर्यायाणां **मिथः** = परस्परम् **एकान्तेन** = सर्वथैव **भेदः** =

---

• દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકાસુવાસ •

**અવતરણિકા** :- હવે ત્રીજી શાખામાં દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં જે વ્યક્તિ એકાંત ભેદને દૃઢપણે માને છે તેના મતનું નિરાકરણ દ્રવ્યાદિના અભેદપક્ષને અનુસરનારી એવી યુક્તિઓ દ્વારા કરતા ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

### ❖ દ્રવ્ય-ગુણાદિનો એકાંતે ભેદ અમાન્ય ❖

**શ્લોકાર્થ** :- જો દ્રવ્યાદિમાં પરસ્પર સર્વથા ભેદ કહેવામાં આવે તો પરદ્રવ્યની જેમ સ્વદ્રવ્યમાં પણ ગુણ-ગુણીદશાનો ઉચ્છેદ થશે. (માટે દ્રવ્ય અને ગુણાદિ વચ્ચે અભેદ માનવો.) (૩/૧)

હે ભવ્યાત્માઓ ! આ રીતે ગુરુભગવંતે જણાવેલ આ તત્ત્વને હૃદયમાં ધારણ કરો. (**ધ્રુવપદ**)

**વ્યાખ્યાર્થ** :- જો દ્રવ્ય, ગુણ અને પર્યાય વચ્ચે પરસ્પર સર્વથા ભેદ (= ભિન્નતા = પાર્થક્ય

---

♦ કો.(૧૧+૧૨)માં 'હરિઆ દેજે મારગ સાર- એ દેશી' પાઠ. 8. કો.(૧૩)માં 'પાછિલી ઢાળ મધ્યે ભેદ કહ્યો. હવે અભેદ કહે છે' પાઠ. ☆. પુસ્તકોમાં 'એકાંતિં' પાઠ. કો.(૪)માં 'એકાંતેં' પાઠ. કો.(૩)નો પાઠ લીધો છે. ♦ આ.(૧)માં 'હોવૈ' પાઠ. ▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯)+સિ.માં છે. કો.(૧૩)માં 'અભેદ ન માનીઇં' પાઠ છે.

**પરિં** સ્વદ્રવ્યનઇં વિષે પણિ *સ્વગુણ-સ્વપર્યાયસ્યૂં* ★શાસ્ત્રપ્રસિદ્ધ★ **ગુણ-ગુણિભાવનો** *પર્યાય-પર્યાયિભાવનો* **ઉચ્છેદ (હુઈ=)** થઇ જાઇ. જીવદ્રવ્યના ગુણ જ્ઞાનાદિક, તેહનો ગુણી જીવ દ્રવ્ય. પુદ્ગલ દ્રવ્યના ગુણ રૂપાદિક, ગુણી પુદ્ગલ દ્રવ્ય - એ વ્યવસ્થા છઇં શાસ્ત્રપ્રસિદ્ધ.

ભેદ માનતાં તે લોપાઇ. ❖જીવદ્રવ્યનઇં પુદ્ગલગુણસ્યું જિમ ભેદ છઇં, તિમ નિજ§ ગુણસ્યું પણિ

---

पार्थक्यं **भाष्यते तर्हि अन्यद्रव्यवत्** = परद्रव्येष्विव **स्वीये** = स्वद्रव्ये अपि स्वगुण-स्वपर्याययोः **गुण-गुणिदशाक्षयः** = शास्त्रप्रसिद्धगुणगुणिभाव-पर्यायपर्यायिभावोच्छेदः स्यात्। तथाहि – यथा गृहादेः ज्ञानादेकान्तभिन्नत्वेन ज्ञान-गृहाद्योः न गुण-गुणिभावः सम्भवति तथा आत्मनोऽपि ज्ञानादेकान्तभिन्नत्वे ज्ञानात्मनोर्गुण-गुणिभावः नैव स्यात्, एकान्तभेदाऽविशेषात्। न चैवमिष्टम्, 'आत्मद्रव्यस्य ज्ञानादयो गुणा आत्मा च तेषां गुणीति ज्ञानादि-जीवयोः गुण-गुणिभावः सम्बन्धः, एवं पुद्गलद्रव्यस्य रूपादयो गुणाः पुद्गलद्रव्यञ्च तेषां गुणीति रूपादि-पुद्गलयोः गुण-गुणिभावाख्यः सम्बन्ध' इति व्यवस्थायाः शास्त्रप्रसिद्धत्वात्।

यदि च तत्र भेद एव केवलः स्यात् तदा तत्र गुण-गुणिभावो न स्यात्। यथा जीवस्य पुद्गलगुणादितः सर्वथा भेदः तथा ज्ञानादिस्वगुणेभ्योऽपि सर्वथा भेदे 'अयमेषां गुणी, एते च

---

= સ્વતંત્રતા) કહેવામાં આવે તો જે રીતે પરદ્રવ્યોમાં અન્યના ગુણની અપેક્ષાએ ગુણ-ગુણિભાવ હોતો નથી અને અન્યના પર્યાયની સાથે પર્યાય-પર્યાયિભાવ નથી હોતો તે જ રીતે સ્વદ્રવ્યમાં પણ પોતાના ગુણની અપેક્ષાએ ગુણ-ગુણિભાવ અને પોતાના પર્યાયની અપેક્ષાએ પર્યાય-પર્યાયિભાવ સંભવી નહિ શકે. આ રીતે સ્વદ્રવ્યમાં સ્વગુણાદિનો શાસ્ત્રપ્રસિદ્ધ ગુણ-ગુણિઆદિભાવ ઉચ્છેદ પામશે. તે આ રીતે - જેમ ઘર, દુકાન વગેરે આત્માના જ્ઞાનગુણથી એકાંતે ભિન્ન હોવાના કારણે જ્ઞાન અને ઘર વગેરેની વચ્ચે ગુણ-ગુણિભાવ સંભવી શકતો નથી. તેમ આત્માને પણ જો જ્ઞાનથી એકાંતે ભિન્ન માનવામાં આવે તો જ્ઞાન અને આત્માની વચ્ચે પણ ગુણ-ગુણિભાવ નહીં જ સંભવે. કારણ કે એકાંતે ભેદ બન્ને સ્થળમાં સમાન છે. પરંતુ આવું તો ઈષ્ટ નથી. કારણ કે 'આત્મદ્રવ્યના ગુણ જ્ઞાનાદિ છે. તથા આત્મા તેઓનો ગુણી છે. તેથી જ્ઞાનાદિ ગુણ અને આત્મદ્રવ્ય વચ્ચે ગુણ-ગુણિભાવ સંબંધ છે. આ રીતે રૂપ વગેરે પુદ્ગલ દ્રવ્યના ગુણો છે અને પુદ્ગલ દ્રવ્ય તેઓનો ગુણી છે. તેથી રૂપાદિ ગુણ અને પુદ્ગલ દ્રવ્ય વચ્ચે ગુણ-ગુણિભાવ સંબંધ છે' - આ પ્રમાણે વ્યવસ્થા શાસ્ત્રપ્રસિદ્ધ છે.

### ❈ ભેદપક્ષમાં ગુણ-ગુણિભાવ અસંભવ ❈

(यदि.) જો દ્રવ્યમાં ગુણાદિનો માત્ર ભેદ જ હોય તો દ્રવ્ય અને ગુણો વચ્ચે ગુણ-ગુણિભાવ સંભવી શકે નહિ. જેમ જીવનો પુદ્ગલના ગુણાદિથી સર્વથા ભેદ છે તેમ પોતાના જ્ઞાનાદિ ગુણથી જીવનો સર્વથા ભેદ માનવામાં આવે તો 'આ જીવ જ્ઞાનાદિ ગુણનો આધાર (= ગુણી) છે અને આ જ્ઞાનાદિ એ

---

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે. ★...★ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૨)માં છે.
❖ કો.(૯+૧૩)+આ.(૧)માં 'જિમ ઘટગુણને પટસ્યૂં ભેદે (ગુણગુણી) સંબંધ નથી તિમ ઘટસ્યૂં પણિ કિમ હોઈ' પાઠ.
§ પ.માં 'નિજ' પાઠ નથી.

ભેદ છઈ તો "એહનો એહ ગુણી, એહના એહ ગુણ*, એહનો એ પર્યાય*" એ વ્યવહારનો વિલોપ થઈ આવઈ; ▸ષષ્ઠીઈં જ ભેદ થાસ્યેં ઈમ ન કહેવું. **'तैलस्य धारा', 'राहोः शिरः', 'घटस्य स्वरूपमि'तिवदुपपत्तेः।**◂

---

अस्य गुणाः अस्य चेमे पर्यायाः' इति प्रसिद्धशास्त्रीय-लौकिकव्यवहारोच्छेदः प्रसज्येत।

***न च*** षष्ठ्या एव भेदः सिध्येदिति ***वाच्यम्***,

'तैलस्य धारा', 'राहोः शिरः', 'घटस्य स्वरूपमि'तिवदभेदस्याऽपि उपपत्तेः। तस्मात् सापेक्षतया

---

જીવના ગુણ છે તથા સંસારિત્વ આદિ એ જીવના પર્યાયો છે' - આ પ્રમાણે જે શાસ્ત્રવ્યવહાર અને લોકવ્યવહાર પ્રસિદ્ધ છે તેનો ઉચ્છેદ થવાની સમસ્યા સર્જાશે.

### ❯ દ્રવ્ય-ગુણાદિ વચ્ચે ભેદશંકા ❯

**શંકા** :- (न च.) 'આત્માના ગુણો' આવા પ્રસિદ્ધ વાક્યમાં છઠ્ઠી વિભક્તિનો પ્રયોગ કરવામાં આવે છે. આ છઠ્ઠી વિભક્તિ દ્વારા આત્મા અને ગુણ વચ્ચે ભેદ સિદ્ધ થશે. કારણ કે જે બે પદાર્થ વચ્ચે ભેદ હોય તેની જ વચ્ચે છઠ્ઠી વિભક્તિનો પ્રયોગ થઈ શકે છે. જેમ કે 'ચૈત્રનું ઘર.' અહીં ચૈત્ર અને ઘર વચ્ચે એકાંતે ભેદ રહેલો છે. ચૈત્ર મૃત્યુ પામે તો પણ ઘર ટકી શકે છે. તથા ઘર પડી જાય તો પણ ચૈત્ર જીવી શકે છે. આમ ચૈત્ર અને ઘર બન્ને જુદા જુદા હોવાથી 'ચૈત્રનું ઘર' - આ પ્રમાણે વ્યવહાર થાય છે. જેમ ચૈત્ર પદ પછી રહેલ છઠ્ઠી વિભક્તિ (= 'નું' પ્રત્યય) જ ચૈત્ર અને ઘર વચ્ચે ભેદને સિદ્ધ કરે છે તેમ 'જીવના જ્ઞાનાદિ ગુણો' - આ વાક્યમાં 'જીવ' પદ પછી રહેલ છઠ્ઠી વિભક્તિ જ જીવ અને જ્ઞાનાદિ વચ્ચે ભેદને સિદ્ધ કરે છે. માટે જીવ દ્રવ્ય અને જ્ઞાનાદિ ગુણો વચ્ચે એકાંતે ભેદ હોવા છતાં પણ ગુણ-ગુણિભાવ અને 'જીવના જ્ઞાનાદિ ગુણો' તથા 'જ્ઞાનાદિ ગુણનો આશ્રય જીવ છે' - આવો વ્યવહાર સંગત થઈ શકે છે.

### 卐 છઠ્ઠી વિભક્તિ એકાંતે ભેદસાધક નથી 卐

**સમાધાન** :- (तैल.) 'છઠ્ઠી વિભક્તિનો પ્રયોગ જે બે પદાર્થ વચ્ચે ભેદ હોય ત્યાં જ થાય' - એવો કોઈ નિયમ નથી. જે બે પદાર્થ વચ્ચે અભેદ હોય ત્યાં પણ છઠ્ઠી વિભક્તિનો પ્રયોગ થઈ શકે છે. જેમ કે 'તેલની ધારા', 'રાહુનું માથું' અને 'ઘટનું સ્વરૂપ' વગેરે સ્થળે પૂર્વોત્તર પદાર્થમાં ભેદ ન હોવા છતાં પણ છઠ્ઠી વિભક્તિનો પ્રયોગ નિર્વિવાદરૂપે થાય છે. તેલ કરતાં તેલની ધારા કોઈ અતિરિક્ત પદાર્થ નથી. ધારા તેલસ્વરૂપ જ છે. રાહુ કરતાં રાહુનું મસ્તક એ કોઈ સ્વતંત્ર પદાર્થ નથી. રાહુ કપાયેલા મસ્તક સ્વરૂપ જ છે. તેમ જ ઘટ કરતાં ઘટનું સ્વરૂપ પૃથક્ નથી. ઘટનું સ્વરૂપ ઘટાત્મક જ છે. તેમ છતાં ત્યાં ષષ્ઠી વિભક્તિનો પ્રયોગ થાય જ છે. તેમ પ્રસ્તુતમાં પણ કહી શકાય છે કે ચૈતન્ય આદિ ગુણો ચેતન દ્રવ્ય કરતાં સર્વથા પૃથક્ નથી, ચેતન ચૈતન્યસ્વરૂપ જ છે. ચૈતન્ય ચેતનાત્મક જ છે. તેમ છતાં પૂર્વોક્ત ત્રિવિધ વાક્યપ્રયોગની જેમ 'ચેતનના ચૈતન્ય આદિ ગુણો' - આ પ્રમાણે છઠ્ઠી વિભક્તિથી ગર્ભિત વાક્યપ્રયોગ સંગત થઈ શકે છે. તથા દ્રવ્ય-ગુણાદિમાં અભેદ પણ સંગત

---

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે.

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯)+સિ.માં છે.

તે માટઈં દ્રવ્ય-ગુણ-પર્યાયનો અભેદ જ સંભવઈ.

એહવો અભેદનયનો ગુરુનો ઉપદેશ ✱લહીનઈં તુમે ભવ્ય પ્રાણી ! **ધારો**. *જિમ ભાવાર્થ જાણો* □ભવિક જન !□ ॥૩/૧॥

---

द्रव्य-गुण-पर्यायाणामभेद एव स्वीकर्तव्यः।

**भो ! भव्या ! इत्थम्** अभेदनयपुरस्कारप्रकारेण **इदं गुरूदितं** = स्व-परतन्त्रपारदर्शिगुरूक्तं तत्त्वं **धारयत** निजहृदि।। ***ध्रुवपदव्याख्यानम्***।।

इदमत्राकूतम् – ययोः लोकव्यवहारेण एकान्ततो भेदो ज्ञायते तयोः संयोगादिसम्बन्धः सम्भवति, घट-पटादिवत् किन्तु तादात्म्यसम्बन्धः स्वरूपसम्बन्धो वा नैव सम्भवति। गुण-गुणिभावः पर्याय-पर्यायिभावश्च स्वरूपसम्बन्ध एव अपृथग्भावलक्षणः। घट-तत्स्वभावयोः अपृथग्भावसम्बन्ध इव ज्ञानादिगुण-चेतनद्रव्ययोः गुण-गुणिभावः संसारित्वपर्याय-चेतनद्रव्ययोश्च पर्याय-पर्यायिभावः स्वरूप-सम्बन्धलक्षणः तयोरभेदे एव सम्भवति। ततश्चेदं सिध्यति यदुत आत्मा ज्ञानादिस्वरूप एव, संसारित्वलक्षणा आत्मावस्था आत्मस्वरूपैव। इत्थं स्वगुण-पर्यायैः सहात्मनः कथञ्चिदभेदादेव गुण-गुणिभावादिसम्बन्धः सङ्गच्छत इत्यवधेयम्।

---

થઈ શકશે. માટે દ્રવ્ય, ગુણ અને પર્યાય વચ્ચે સાપેક્ષરૂપે અભેદ જ સ્વીકારવો જોઈએ.

(**हे**.) હે ભવ્ય આત્માઓ ! આ રીતે સ્વ-પરદર્શનના પારગામી એવા ગુરુ ભગવંતે અભેદનયને મુખ્ય બનાવવા દ્વારા દર્શાવેલ તત્ત્વને તમે પોતાના હૃદયમાં ધારણ કરો. (**ધ્રુવપદવ્યાખ્યા**)

## ❈ ગુણ-ગુણિભાવ 'સ્વરૂપ' સંબંધ છે. ❈

(**इदम**.) અહીં તાત્પર્ય એ છે કે ઘટ-પટાદિ જે બે પદાર્થ વચ્ચે લોકવ્યવહારથી એકાંતે ભેદ જણાતો હોય ત્યાં સંયોગ વગેરે સંબંધ હોઈ શકે છે. પરંતુ તાદાત્મ્ય કે સ્વરૂપસંબંધ ન જ સંભવી શકે. ગુણ-ગુણિભાવ સંબંધ અને પર્યાય-પર્યાયિભાવ સંબંધ તો સ્વરૂપસંબંધ છે. સ્વરૂપસંબંધ તો અપૃથગ્ભાવાત્મક છે. જે પદાર્થોને પરસ્પર જુદા પાડી ન શકાય તે પદાર્થો વચ્ચે પરસ્પર અપૃથગ્ભાવ હોય છે. તે જ સ્વરૂપસંબંધ છે. જેમ કે ઘટ અને ઘટના સ્વભાવને એકબીજાથી છૂટા પાડી શકાતા નથી. તેથી ઘટ અને ઘટસ્વભાવ વચ્ચે અપૃથગ્ભાવાત્મક સ્વરૂપસંબંધ કહેવાય છે. અર્થાત્ જે પદાર્થો એકબીજાથી જુદા લાગવા છતાં વાસ્તવમાં જુદા ન હોય, ભિન્ન ન હોય તેવા પદાર્થો વચ્ચે સ્વરૂપ સંબંધ હોય છે. જ્ઞાનાદિ ગુણો અને સંસારિત્વ આદિ પર્યાયોની સાથે ચેતન દ્રવ્યનો ગુણ-ગુણિભાવ સંબંધ અને પર્યાય-પર્યાયિભાવ નામનો સ્વરૂપ સંબંધ પ્રસિદ્ધ જ છે. તે તો જ સંભવી શકે, જો આત્મદ્રવ્ય અને તેના ગુણ-પર્યાય વચ્ચે અભેદ હોય. તેથી એવું સિદ્ધ થાય છે કે આત્મા જ્ઞાનાદિસ્વરૂપ જ છે. સંસારિત્વ આત્માની એક અવસ્થા છે કે જે આત્મસ્વરૂપ જ છે. આમ પોતાના ગુણની સાથે અને પોતાના પર્યાયની સાથે આત્મદ્રવ્યનો કથંચિત્ અભેદ હોવાથી જ ગુણ-ગુણિભાવ આદિ સુપ્રસિદ્ધ સ્વરૂપસંબંધ સુસંગત થઈ શકે છે.

---

✱ પુસ્તકોમાં 'ભણીનઈં-ભવ્ય...' પાઠ છે. પા.નો પાઠ અહીં લીધેલ છે. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે. □...□ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. લા.(૨)માં છે.

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'आत्म-तद्गुण-पर्यायाणां मिथः अभेदः' इति सिद्धान्तं चेतसिकृत्य स्वकीयशुद्धगुण-पर्यायाणां प्रमादादिवशतः नाशे तत्स्वरूपेण स्वात्मनोऽपि नाशः बोध्यः। आत्महानं च महत् पापम्। तत्परिहाराय सम्प्राप्तसद्गुण-शुद्धपर्यायस्थिरताकृते अभिनवसद्गुण-पवित्रपर्यायप्रादुर्भावकृते च यतितव्यम्। इत्थमेव आत्मपुष्टि-शुद्धिसम्भवः। तत्प्रकर्षे च "सादिकमनन्तमनुपममव्याबाधसुखमुत्तमं प्राप्तः। केवलसम्यक्त्व-ज्ञान-दर्शनात्मा भवति मुक्तः।।" (प्र.र.२८९) इति **प्रशमरतौ उमास्वाति**वाचकोक्तं मुक्तात्मस्वरूपं सम्पद्यते।।३/१।।

### ❈ આત્મહત્યા નિવારો ❈

**[illegible]** :- 'આત્મા અને તેના ગુણ-પર્યાયો વચ્ચે અભેદ છે' - આ સિદ્ધાન્તને મનમાં રાખીને આધ્યાત્મિક દૃષ્ટિકોણથી એ રીતે વિચારવું કે કે જો પોતાના શુદ્ધ ગુણો અને નિર્મળ પર્યાયોનો પ્રમાદવશ નાશ થાય તો તે સ્વરૂપે પોતાનો પણ નાશ થઈ જાય. અર્થાત્ પોતાના શુદ્ધ ગુણોનો અને વિમળ પર્યાયોનો ઉચ્છેદ કરવો એ પરમાર્થથી આત્મહત્યા છે. આપઘાત બહુ મોટું પાપ છે. માટે આવી આધ્યાત્મિક આત્મહત્યાથી બચવાના અભિપ્રાયથી સંપ્રાપ્ત થયેલા સદ્ગુણોને અને શુદ્ધ પર્યાયોને ટકાવવા માટે તથા નવા સદ્ગુણોને અને પાવન પર્યાયોને પ્રગટાવવા માટે સતત પ્રયત્નશીલ રહેવું. આમ કરવા દ્વારા આત્માને પરિપુષ્ટ બનાવવો. આત્મપુષ્ટિ અને આત્મશુદ્ધિ આ રીતે જ શક્ય છે. પુષ્ટિ અને શુદ્ધિ - બન્નેનો પ્રકર્ષ થતાં **પ્રશમરતિ**માં **ઉમાસ્વાતિ**વાચકે દર્શાવેલ મુક્ત આત્માનું સ્વરૂપ પ્રગટે છે. ત્યાં જણાવેલ છે કે 'સાદિ-અનંતકાલીન, અનુપમ, પીડારહિત, ઉત્તમ સુખને પ્રાપ્ત કરનાર તથા કેવલ સમ્યક્ત્વ, કેવલજ્ઞાન, કેવલદર્શનસ્વરૂપ આત્મા મુક્ત કહેવાય છે.' (૩/૧)

લખી રાખો ડાયરીમાં.....

- **વાણી-વર્તનના સુધારાથી સાધના સંતુષ્ટ થાય છે.**
  **દા.ત. અંગારમર્દક આચાર્ય**

  **આત્માને સુધારીને ઉપાસના તૃપ્ત થાય છે.**
  **દા.ત. સ્થૂલિભદ્ર સ્વામીજી**

- **સાધના જંગલની કેડી સમાન છે.**
  **ઉપાસના ભવાટવીમાં ભોમીયા સમાન છે.**

વલી, અભેદ ઊપરિ યુક્તિ કહઇ છઇ -

**દ્રવ્યઈં ગુણ-પર્યાયનો જી, છઇ અભેદ સંબંધ;**

**ભિન્ન તેહ જો કલ્પિઈ જી, તો ♦અનવસ્થાબંધ✡ રે ॥૩/૨॥ (૨૭) ભવિકા.**

**દ્રવ્યઈં** કહતાં દ્રવ્યનઈં વિષઇ, **ગુણ-પર્યાયનો**✤ **અભેદ જ**● **સંબંધ છઇ.** ▸અતિરિક્ત સમવાયસંબંધત્વ કલ્પિઈ તેહથી ક્લૃપ્ત સ્વરૂપદ્વયનિં અભેદત્વઇં સંબંધપણું કલ્પિઈં. ઈમ જ ઉચિત છઈ.

द्रव्याद्यभेदसाधिकामपरां युक्तिमाह – '**द्रव्य**' इति।

**द्रव्येऽस्ति गुण-पर्यायाऽभेदसंसर्ग ईक्षितः।**

**विभेदकल्पने तत्राऽनवस्था हि प्रसज्यते।।३/२।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – द्रव्ये गुण-पर्यायाऽभेदसंसर्गः ईक्षितः अस्ति। तत्र विभेदकल्पने अनवस्था प्रसज्यते हि।।३/२।।

**द्रव्ये गुण-पर्यायाऽभेदसंसर्गः** = स्वगुण-पर्याययोरभेदसम्बन्धः एव प्रत्यक्षप्रमाणत **ईक्षितः** = दृष्टः **अस्ति**। अतिरिक्ते समवाये सम्बन्धत्वकल्पनाऽपेक्षया क्लृप्तानुयोगि-प्रतियोगिस्वरूपद्वये अभेदत्वरूपेण

**અવતરણિકા** :- દ્રવ્ય અને ગુણ-પર્યાય વચ્ચે અભેદને સિદ્ધ કરનારી એક યુક્તિ બતાવ્યા બાદ હવે ગ્રંથકારશ્રી બીજી યુક્તિને જણાવે છે :-

**❋ દ્રવ્યાદિના ભેદપક્ષમાં અનવસ્થા ❋**

**શ્લોકાર્થ** :- દ્રવ્યમાં ગુણ-પર્યાયનો અભેદ સંબંધ દૃષ્ટ છે. તેમાં ભેદની કલ્પના કરવામાં આવે તો અનવસ્થા દોષ લાગુ પડશે જ. (૩/૨)

**વ્યાખ્યાર્થ** :- દ્રવ્યમાં પોતાના ગુણ અને પર્યાય સાથે અભેદસંબંધ પ્રત્યક્ષ પ્રમાણથી દૃષ્ટ છે.

**નૈયાયિક** :- આત્મા અને જ્ઞાનાદિ ગુણો વચ્ચે અભેદસંબંધ નથી, પરંતુ સમવાય નામનો એક અતિરિક્ત સંબંધ માનવામાં આવે છે.

**❋ ગુણ-ગુણી વચ્ચે અભેદસંબંધમાં લાઘવ ❋**

**જૈન** :- આત્માદિ દ્રવ્ય અને જ્ઞાનાદિ ગુણો વચ્ચે તે બન્ને કરતાં અતિરિક્ત સમવાય નામના પદાર્થની કલ્પના કરી તેમાં સંબંધત્વ નામના ગુણધર્મની કલ્પના કરવી - આમ નૈયાયિકમતે બે કલ્પના જરૂરી બને છે. જ્યારે જૈનમત મુજબ એક જ કલ્પના કરવી આવશ્યક હોવાથી લાઘવ છે. તે આ રીતે કે પ્રસ્તુતમાં અનુયોગી (= આશ્રય) એવા ચેતન આદિ દ્રવ્ય અને પ્રતિયોગી (= આશ્રિત) જ્ઞાનાદિ ગુણો તો પ્રત્યક્ષ આદિ પ્રમાણથી પ્રસિદ્ધ જ છે. તેમ જ તે બન્નેના સ્વરૂપ પણ પ્રમાણસિદ્ધ છે. કેમ કે સ્વરૂપશૂન્ય કોઈ વસ્તુ હોતી નથી. તેથી પ્રમાણસિદ્ધ (= ક્લૃપ્ત) એવા અનુયોગીના સ્વરૂપમાં અને

♦ કો.(૨)માં 'અવસ્થા' અશુદ્ધ પાઠ. ✡ લા.(૨)માં '...ધારા' પાઠ. ✤ આ.(૧)માં 'ઉચિત ઘટવર્તી તિહાં તાઈ રક્તાદિક પરિણામ નથી.' પાઠ અધિક છે. ● પુસ્તકોમાં 'જ' નથી. કો.(૧૦+૧૨+૧૩)માં છે. ▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. સિ.+કો.(૯)માં છે.

'घट[ξ] वर्त्तई तिहां ताईं रक्तादिपरिणाम नथी वर्तता, तेहनें अभेद किम हुई ?' ए शंका न करवी.

सम्बन्धत्वकल्पनाया एव 'धर्मिकल्पनातो धर्मकल्पना लघीयसी'तिन्यायेन औचित्यात्। एतन्न्यायार्थस्त्वेवम् - क्वचिद् अतिरिक्तपदार्थकल्पनां विना प्रसिद्धपदार्थाऽनुपपत्तौ तत्साङ्गत्यकृतेऽतिरिक्तधर्मिकल्पनां विहाय क्लृप्तधर्मिण्येव अतिरिक्तधर्मकल्पना कर्तव्या, धर्मिकल्पनायाम् अतिरिक्तधर्मधर्मिद्वयकल्पनागौरवात्। प्रकृते नैयायिकः 'ज्ञानवान् आत्मा' इति प्रसिद्धव्यवहारोपपत्तिकृते समवायाख्यम् अतिरिक्तधर्मिणं प्रकल्प्य तत्र सम्बन्धत्वाख्यं धर्मं कल्पनाविषयीकरोति, वयं स्याद्वादिनस्तु प्रमाणप्रसिद्धे आत्मस्वरूपे ज्ञानस्वरूपे चाऽभेदसम्बन्धत्वाख्यं केवलमेकं धर्मम् अभ्युपगच्छामः इति द्रव्ये गुण-पर्यायाऽभेदपक्षे अतिरिक्तसमवायाऽकल्पनेन लाघवं स्पष्टमेव।

***न च*** घटास्तित्वे सति घटे रक्तादिपरिणामो वर्तत एवेति नियमाभावात् कथं घट-तद्रूपादी-

પ્રતિયોગીના સ્વરૂપમાં અભેદત્વરૂપે સંબંધત્વની કલ્પના અમારા મતે કરવામાં આવે છે. આમ પ્રમાણસિદ્ધ સ્વરૂપદ્વયમાં અભેદસંસર્ગત્વની કલ્પના કરવી એ જ ઉચિત છે. કારણ કે આવી કલ્પના કરવામાં લાઘવ છે. આ લાઘવને જણાવનાર 'धर्मिकल्पनातो धर्मकल्पना लघीयसी' આ મુજબનો ન્યાય પ્રસિદ્ધ છે. પ્રસ્તુત ન્યાયનો અર્થ એ છે કે કોઈક સ્થળમાં પ્રસિદ્ધ એવી કોઈ પણ વસ્તુની કે ઘટનાની સંગતિ અન્ય કોઈક પદાર્થની કલ્પના કર્યા વિના અસંગત બની જતી હોય તો તેવા સ્થળમાં અતિરિક્ત ધર્મીની (= ગુણધર્મવિશિષ્ટ પદાર્થની) કલ્પના કરવા કરતાં પ્રમાણપ્રસિદ્ધ ધર્મીમાં જ અપેક્ષિત ગુણધર્મની કલ્પના કરવામાં લાઘવ છે. આનું કારણ એ છે કે ધર્મીની કલ્પના કરવામાં અતિરિક્ત ધર્મી અને ધર્મ એમ બે કલ્પનાઓ કરવી જરૂરી બને છે. તથા અતિરિક્ત ધર્મી અને ધર્મ - આમ બે પદાર્થનો સ્વીકાર કરવો પડે છે. જ્યારે ધર્મની કલ્પનામાં તો તે સ્થળમાં પ્રસિદ્ધ એવા ધર્મીમાં માત્ર એક ધર્મનો જ સ્વીકાર કરવો પડે છે. પ્રસ્તુતમાં 'જ્ઞાનવાળો આત્મા' - આવા પ્રસિદ્ધ વ્યવહારની સંગતિ માટે નૈયાયિક આત્મા અને જ્ઞાન વચ્ચે 'સમવાય' નામના અતિરિક્ત ધર્મીની તથા તેમાં 'સંબંધત્વ' નામના ધર્મની કલ્પના કરે છે. જ્યારે અમે જૈનો પ્રમાણસિદ્ધ આત્મસ્વરૂપમાં અને જ્ઞાનસ્વરૂપમાં અભેદસંસર્ગત્વ નામના ધર્મની કલ્પના કરીએ છીએ. અતિરિક્ત સમવાય નામના ધર્મીની કલ્પના કરવાની આવશ્યકતા અમને નથી. માટે દ્રવ્ય અને ગુણ-પર્યાય વચ્ચે અભેદ માનવામાં લાઘવ સ્પષ્ટ જ છે.

### અસમનિયત હોવાથી ગુણ-ગુણી ભિન્ન : પૂર્વપક્ષ

**નૈયાયિક** :- (न च.) ઘટનું સ્વરૂપ હાજર હોય છે ત્યારે ઘટ હાજર હોય છે. તથા જ્યારે ઘટ હાજર હોય ત્યારે ઘટનું સ્વરૂપ પણ અવશ્ય હાજર હોય છે. આમ ઘટ અને ઘટનું સ્વરૂપ સમનિયત હોવાથી તે બન્ને વચ્ચે અભેદ માની શકાય છે. પરંતુ ઘટ અને ઘટનું રક્ત આદિ રૂપ - આ બન્ને સમનિયત નથી. ઘટનું અસ્તિત્વ ઘટમાં જ્યારે વિદ્યમાન હોય ત્યારે ઘટમાં રક્તાદિ પરિણામ હોય જ તેવો કોઈ નિયમ નથી. ક્યારેક ઘડો લાલ હોય, ક્યારેક કાળો હોય. આમ ઘટના શ્યામ, રક્ત આદિ પરિણામ પરિવર્તનશીલ

ξ કો.(૧૩)માં 'ઉચિત ઘટવર્તી તિહાં તાઈં રક્તાદિ પરિણામ નથી. ગુણ-ગુણીપ્રમુખને જો ભિન્ન સમવાયરૂપ સંબંધ કહીઈં તો તેહને પિણ સંબંધાંતર ગવેષણા કરતા અનવસ્થા પાસનો બંધ થાઈ' પાઠ છે.

જે માટઈં સ્વકાલિં અભેદ તિહાં પણિ સંભવઈ. કાલગર્ભવિશેષણતા-આધારતાદિક પરપરિણામનેં છઈં.◀

नामभेदः ? येन तत्तत्स्वरूपद्वयेऽभेदत्वेन सम्बन्धत्वकल्पना ज्यायसी भवेदिति ***शङ्कनीयम्***,

स्वकाले घटरूपादीनां घटेऽप्यभेदसम्भवात्, कालगर्भविशेषणताऽऽधारतादेः परपरिणामे सत्त्वात्, अग्निकाले तप्तायोगोलकाऽनलयोरभेदस्य तथैव सम्मतत्वात्, 'वह्निपरिणतोऽयस्पिण्ड' इति प्रतीत्याऽयस्पिण्डे वह्न्यभेदस्याऽभीष्टत्वादिति (बृ. स्या.रह.का. १/पृ.८६) **बृहत्स्याद्वादरहस्ये** व्यक्तीकृतं **महोपाध्यायश्रीयशोविजय**गणिवरैः।

प्रकृते [1]"जं जाहे जं भावं परिणमइ तयं तया तओऽणन्नं" (वि.आ.भा.२६६८) इति **विशेषावश्यकभाष्य**वचनम्, [2]"परिणमदि जेण दव्वं तक्कालं तम्मयत्ति पण्णत्तं" (प्र.सा.१/८) इति **प्रवचनसार**वचनञ्चावश्यं

છે, જ્યારે ઘટ સ્થિર છે. તેથી સ્થિર એવો ઘટ અને પરિવર્તનશીલ રક્ત, શ્યામ આદિ પરિણામો - આ બન્ને વચ્ચે અભેદ કઈ રીતે માની શકાય ? કે જેના લીધે તે બન્નેના સ્વરૂપમાં અભેદત્વરૂપે સંબંધત્વની કલ્પના વધુ સારી બની શકે? મતલબ કે ઘટ અને ઘટના રક્ત, શ્યામ આદિ પરિણામો વચ્ચે અભેદ ન હોવાથી ઘટનું સ્વરૂપ અને ઘટીય રક્ત આદિ વર્ણનું સ્વરૂપ - આ બન્નેમાં અભેદરૂપે સંબંધ તરીકેની કલ્પના વ્યાજબી જણાતી નથી. જે બે પદાર્થ ભિન્ન હોય તે બે પદાર્થના સ્વરૂપમાં પરસ્પર માટે અભેદસંબંધ તરીકેની કાર્ય કરવાની ક્ષમતા હોતી નથી. માટે પ્રમાણસિદ્ધ અનુયોગી-પ્રતિયોગી સ્વરૂપદ્વયમાં અભેદ સંસર્ગત્વની કલ્પના કરવા કરતાં અતિરિક્ત સમવાય પદાર્થની કલ્પના કરવી તે વધુ ઉચિત જણાય છે.

## 卐 સ્વકાલે ગુણ-ગુણીમાં અભેદ : ઉત્તરપક્ષ 卐

**સ્યાદ્વાદી** :- (**स्वकाले.**) જ્યારે ઘટમાં રક્ત આદિ રૂપ હોય છે તે સમયે ઘટના રૂપ વગેરેનો ઘટમાં પણ અભેદસંબંધ સંભવી શકે છે. પોતાના સ્વરૂપની સાથે ઘટીય રૂપ આદિનો જેમ અભેદસંબંધ છે તેમ સ્વસમયે ઘટીય રૂપ આદિનો ઘટની સાથે પણ અભેદસંબંધ માનવામાં કોઈ દોષ જણાતો નથી. કાળગર્ભિત વિશેષણતા - આધારતા વગેરે તો પરપરિણામને વિશે પણ વિદ્યમાન હોય છે. તેથી કાળગર્ભિત વિશેષણતાઆદિલક્ષણ સ્વરૂપસંબંધ અહીં અભેદસંબંધસ્વરૂપે કામ કરી શકે છે. જ્યારે અગ્નિથી તપીને લોખંડનો ગોળો લાલચોળ થઈ ગયો હોય તે સમયે તપ્ત અયોગોલક અને અગ્નિ વચ્ચે અભેદ કાળગર્ભિત વિશેષણતાલક્ષણ સ્વરૂપસંબંધથી જૈન શાસ્ત્રકારોને સંમત છે. કારણ કે ભઠ્ઠીમાં રહેલા તપીને લાલચોળ થઈ ગયેલા લોખંડના ગોળાને જોઈને 'લોખંડનો ગોળો અગ્નિપરિણત થયેલો છે' - આવી સાર્વલૌકિક પ્રતીતિથી તે સમયે લોખંડના ગોળામાં અગ્નિનો અભેદ માન્ય છે. આ વાત **બૃહત્સ્યાદ્વાદરહસ્ય** નામના ગ્રંથમાં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે સ્પષ્ટ રીતે જણાવેલ છે.

## ✡ કાળગર્ભિત અભિન્નતા ✡

(**प्रकृते.**) પ્રસ્તુત બાબતમાં શ્વેતાંબરશિરોમણિ **જિનભદ્રગણિક્ષમાશ્રમણે વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે "જે ઘટાદિ દ્રવ્ય જે સમયે જે રક્ત-શ્વેત આદિ ભાવરૂપે પરિણમે છે તે ઘટાદિ દ્રવ્ય ત્યારે તે

▶...◀ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. સિ.+કો.(૯)માં છે. 1. यद् यदा यं भावं परिणमति तत् तदा ततोऽभिन्नम्।
2. परिणमति येन द्रव्यं तत्कालं तन्मयमिति प्रज्ञप्तम्।

**જો**[★] **(તેહ)** દ્રવ્યનઈં વિષઈં ગુણ-પર્યાયનો સમવાય નામઈં **ભિન્ન** સંબંધ **કલ્પિઈં, તો** *તેહને પણિ સંબંધાંતર ગવેષણા કરતાં* **અનવસ્થાદોષનું**❖ **બંધન** થાઈં. જે માટઈં ગુણ-ગુણીથી અલગો સમવાય સંબંધ કહિયઈં તો તે સમવાયનઈં પણિ અનેરો સંબંધ જોઈઈ, તેહનઈં પણિ અનેરો. ઈમ કરતાં કિહાંઈ ❈ઠહરાવ

स्मर्तव्यम् ।

इदमत्राकूतम् – अनलस्य अयोगोलकभिन्नत्वाद् अनलपरिणामस्य अयोगोलकापेक्षया परपरिणामता प्रोच्यते। तथापि अतितप्ताऽयोगोलकं दृष्ट्वा 'अग्निपरिणतोऽयम् अयस्पिण्डः' इति प्रतीत्या अनलपरिणामेऽनलकालगर्भिता अयोगोलकविशेषणता अयोगोलके च तादृशी अग्न्याधारता सिध्यति। इत्थं स्वसमानकालीनविशेषणतालक्षणस्वरूपसम्बन्धेन अयस्पिण्डस्य अग्निपरिणामविशिष्टतया अनला-ऽयस्पिण्डयोः अग्निकाले कथञ्चिदभेदः शास्त्रकृतां सम्मत इत्यवधेयम्।

यदि द्रव्ये गुण-पर्याययोः समवायाभिधानः गुण-गुणितः पर्याय-पर्यायितश्च एकान्तभिन्नः सम्बन्धः कल्प्यते तदा इत्थं **विभेदकल्पने** = सम्बन्धभेदाभ्युपगमे **तत्रा**ऽपि सम्बन्धान्तरगवेषणेऽ**नवस्था** अप्रामाणिकी **प्रसज्यते** हि = एव, "हि हेतावववधारणे" (अ.को.३/२५७/पृ.४४३) इति **अमरकोश-**

રક્ત-શ્વેતાદિ ભાવથી અભિન્ન જ હોય છે." દિગંબર **કુંદકુંદસ્વામી** દ્વારા રચિત **પ્રવચનસાર** ગ્રંથનું વચન પણ અહીં સ્મરણ કરવા યોગ્ય છે. ત્યાં જણાવેલ છે કે 'જે સમયે જે સ્વભાવથી દ્રવ્ય પરિણમે છે તે સમયે તે દ્રવ્ય તે જ સ્વભાવમય થઈ જાય છે.'

### ॥ કાળગર્ભિત વિશેષણતાની સ્પષ્ટતા ॥

**(इदम.)** અહીં તાત્પર્ય એ છે કે અયોગોલક માટે અગ્નિ પરદ્રવ્ય છે. તેથી અગ્નિપરિણામ અયોગોલક માટે પરપરિણામ કહેવાય. છતાં લાલચોળ તપેલાં લોખંડના ગોળાને જોઈને 'અગ્નિપરિણત (= અગ્નિપરિણામવિશિષ્ટ) અયોગોલક' - આવી પ્રતીતિથી લોખંડના ગોળાની અગ્નિકાળગર્ભિત વિશેષણતા અગ્નિપરિણામમાં સિદ્ધ થાય છે. તથા અગ્નિકાળગર્ભિત અગ્નિની આધારતા અયોગોલકમાં સિદ્ધ થાય છે. એટલે સ્વસમાનકાલીનવિશેષણતાલક્ષણ સ્વરૂપસંબંધથી અગ્નિપરિણામવિશિષ્ટ અયોગોલક બને છે. આ રીતે અગ્નિ અને અયોગોલક વચ્ચે અગ્નિ સમયે કથંચિદ્ અભેદને શાસ્ત્રકારોએ માન્ય કરેલ છે.

### ❖ અતિરિક્ત સમવાય સંબંધનું નિરાકરણ ❖

**(यदि.)** જો દ્રવ્યમાં ગુણનો અને પર્યાયનો સમવાય સંબંધ માનવામાં આવે તથા તે સમવાય સંબંધને ગુણ-ગુણીથી અને પર્યાય-પર્યાયીથી એકાંતે ભિન્ન, સ્વતંત્ર પદાર્થ માનવામાં આવે તો તે સમવાયને દ્રવ્યમાં રહેવા માટે નવા સંબંધની આવશ્યકતા રહેશે અને તે નવા સંબંધને પણ ત્યાં રહેવા માટે અતિરિક્ત સંબંધની આવશ્યકતા પડશે. આમ અતિરિક્ત સંબંધની કલ્પના કરવામાં અપ્રામાણિક અનવસ્થા દોષ લાગુ પડશે જ. મૂળ શ્લોકમાં રહેલ 'हि' શબ્દ અહીં અવધારણ = જકાર અર્થમાં વપરાયેલ છે. કેમ કે 'हि' શબ્દ હેતુ અને અવધારણ અર્થમાં **અમરકોશ**માં જણાવેલ છે. અહીં અનવસ્થા આ રીતે

★ આ.(૧)માં 'ગુણ-ગુણી પ્રમુખનઈં...' પાઠ. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯+૧૨)+ આ.(૧)માં છે. ❖ આ.(૧)માં '...પાશનો બંધ' પાઠ. ❈ પુસ્તકોમાં 'ઠઈરાવ' પાઠ. કો.(૧૨)+આ.(૧)નો પાઠ લીધો છે.

ન થાઈ. અનઈં જો સમવાયનો સ્વરૂપસંબંધ જ અભિન્ન♦ માનો તો ગુણ-ગુણીનઈં સ્વરૂપસંબંધ માનતાં સ્યૂં વિઘટઈ છઈ ? જે ફોક જ❐ નવો સંબંધ માનો છો. *તે માટઈં અભેદ* જ સંબંધ કહવો.* ॥૩/૨॥

वचनात्। तथाहि – गुण-गुणिनोः समवायाख्यः सम्बन्धः गुण-गुणिभ्यां यद्येकान्तेन भिन्नः तर्हि समवायस्याऽपि द्रव्यवर्त्तनेऽतिरिक्तः सम्बन्धः आवश्यकतया कल्पनीयः, असम्बद्धस्य सम्बन्धत्वाऽयोगात्। तस्याऽपि समवाय-द्रव्याभ्यां भिन्नतया तत्र वृत्तौ अतिरिक्तः तृतीयः सम्बन्धः कक्षीकर्तव्यः, तस्यापि तत्राऽवस्थानायाऽतिरिक्तः चतुर्थः सम्बन्धोऽभ्युपगन्तव्यः इत्यप्रामाणिकी अनवस्था अनन्तसम्बन्धकल्पनाऽविरामलक्षणा प्रसज्यते।

गुणादिसमवायस्य द्रव्यवृत्तौ स्वात्मकस्वरूपसम्बन्धाभ्युपगमे तु गुणादेरेव द्रव्ये स्वात्मकस्वरूपसम्बन्धाऽङ्गीकारे किं वः छिन्नम्? येन फल्गुः समवायो गुण-गुण्यतिरिक्तसम्बन्धतया स्वीक्रियते ? तस्मात् तत्राऽभेद एव सम्बन्धविधयाऽङ्गीकार्यः। अधिकन्तु अस्मत्कृत**जयलता**भिधानायाः **स्याद्वाद-**

સમજવી - ગુણ અને ગુણી વચ્ચે સમવાય સંબંધ જો ગુણ-ગુણીથી એકાંતે ભિન્ન હોય તો સમવાયને પણ દ્રવ્યમાં રાખવા માટે અતિરિક્ત સંબંધની આવશ્યકતા પડશે. કારણ કે અનુયોગીમાં (= આધારમાં) અસંબદ્ધ હોય તે સંબંધ બની ન શકે. આથી સમવાયભિન્ન બીજા સંબંધ (= **A**) ની કલ્પના કરવી પડશે કે જે સંબંધ (= **A**) સમવાયને દ્રવ્યમાં રાખવાનું કામ કરે. તથા તે સંબંધ (= **A**) પણ સમવાય અને દ્રવ્ય કરતાં સર્વથા ભિન્ન હોવાથી તે (= **A**) સંબંધને દ્રવ્યમાં રાખવા માટે એક અતિરિક્ત તૃતીય (= **B**) સંબંધની કલ્પના કરવી પડશે. તથા તે (= **B**) સંબંધને પણ ત્યાં રાખવા માટે ચોથો (= **C**) સંબંધ માનવો પડશે. આ રીતે નવા નવા અનંત સંબંધોની કલ્પના કરવાનું અટકશે નહિ. આ રીતે સમવાયને માનવામાં અપ્રામાણિક અનવસ્થા દોષ લાગુ પડે છે.

**નૈયાયિક** :- ગુણાદિપ્રતિયોગિક સમવાયને દ્રવ્યમાં રહેવા માટે પોતાના કરતાં સર્વથા ભિન્ન એવા સંબંધની જો આવશ્યકતા હોય તો સ્યાદ્વાદીએ અમારા મતમાં દર્શાવેલ ઉપરોક્ત અનવસ્થા દોષ અવશ્ય લાગુ પડે. પરંતુ ગુણાદિપ્રતિયોગિક સમવાયને દ્રવ્યમાં રહેવા માટે, અમે અનુયોગી (=દ્રવ્ય) અને પ્રતિયોગી (= સમવાય) કરતાં અતિરિક્ત સંબંધની કલ્પના કરતા નથી. અમે તો સમવાયને દ્રવ્યમાં રહેવા માટે સ્વાત્મકસ્વરૂપ સંબંધનો સ્વીકાર કરીએ છીએ. કહેવાનો આશય એ છે કે સમવાય સ્વાત્મકસંબંધથી (= સ્વરૂપ સંબંધથી) દ્રવ્યમાં રહે છે. માટે અનવસ્થા દોષને કોઈ અવકાશ નથી.

### ● નૈયાયિકમતમાં ગૌરવ ●

**સ્યાદ્વાદી** :- (**गुणादि.**) જો ગુણાદિના સમવાય સંબંધને દ્રવ્યમાં રહેવા માટે સ્વાત્મક સ્વરૂપસંબંધ ઉપયોગી બની શકતો હોય તો ગુણાદિને જ દ્રવ્યમાં રહેવા માટે સ્વાત્મક સ્વરૂપસંબંધનો સ્વીકાર કરવામાં તમને શું તકલીફ છે ? જેના કારણે ગુણ-ગુણી કરતાં અતિરિક્ત સંબંધરૂપે વ્યર્થ સમવાય પદાર્થનો તમે

♦. B(2) માં 'ભિન્ન' પાઠ. ❐. પુસ્તકોમાં 'જ' નથી. લા.(૨)માં છે. કો.(૧૦)માં 'ફોકટ' પાઠ. *...*. ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯+૧૨)+ આ.(૧)માં છે. *. કો.(૯)+સિ.માં '...અભેદ તિહાં પણિ સંભવઈ. કાલગર્ભ વિશેષણતાઆધારતા' પાઠ.

रहस्यवृत्तेः (भाग-१/का.१/पृ.४८) विज्ञेयम् ।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'द्रव्य-गुण-पर्यायाणां मिथः अभेदः' इति सिद्धान्तः प्रकृते इत्थं योज्यः यदुत ध्रुवात्मद्रव्ये शुद्धगुण-पर्यायतादात्म्यं वर्त्तत एव। नवरम् अयं विशेषो यत् शुद्धगुणादयः प्रादुर्भावनीयाः। शुद्धगुणादिप्रादुर्भावकाल एव आत्मद्रव्यं तद्रूपतया परिणमति, अतिरिक्तसम्बन्धानपेक्षणात्। तत आत्मार्थिना शुद्धगुणादिप्रादुर्भावाय यतितव्यम्। ततश्च "निर्विकारं निराहारं सर्वसङ्गविवर्जितम्। परमानन्दसम्पन्नं शुद्धं चैतन्यलक्षणम्।" (प.प.३) इति **परमानन्दपञ्चविंशतिका**-दर्शितं शुद्धचैतन्यस्वरूपं कात्स्न्येन आविर्भवति।।३/२।।

---

સ્વીકાર કરો છો. તેથી ગુણ-ગુણીનો અભેદ જ સંબંધ રૂપે સ્વીકારવો જોઈએ. આ બાબતની અધિક જાણકારી **સ્યાદ્વાદરહસ્ય** ગ્રંથ ઉપર અમે રચેલ **'જયલતા'** નામની સંસ્કૃત વ્યાખ્યામાંથી મેળવવી.

### ❉ જૈનમતમાં સંબંધલાઘવ ❉

**સ્પષ્ટતા** :- ગુણને ગુણીમાં (= દ્રવ્યમાં) રહેવા માટે અતિરિક્ત સમવાય સંબંધ માનવો અને તે સમવાયને દ્રવ્યમાં રહેવા માટે સ્વાત્મકસ્વરૂપ સંબંધ માનવો - આ માન્યતા દ્રાવિડ પ્રાણાયામ પદ્ધતિ જેવી ગૌરવદોષગ્રસ્ત છે. તેના કરતાં લાઘવથી એવું માનવું જરૂરી છે કે દ્રવ્યમાં ગુણાદિ સ્વાત્મકસ્વરૂપ સંબંધથી રહે છે. મતલબ કે જેમ સમવાયનું સ્વરૂપ જ સમવાયને દ્રવ્યમાં રહેવા માટે, નૈયાયિક મતાનુસાર, સંબંધનું કામ કરે છે, તેમ જૈનમતાનુસાર ગુણાદિનું સ્વરૂપ જ ગુણાદિને દ્રવ્યમાં રહેવા માટે સંબંધનું કામ કરી શકે છે. આવું માનવાથી સ્વતંત્ર સમવાય પદાર્થની કલ્પના આવશ્યક ન હોવાથી લાઘવ છે.

### ❋ અભેદસંબંધમાં વિલંબનો અભાવ ❋

**આધ્યાત્મિક ઉપનય** :- 'દ્રવ્યમાં ગુણ-પર્યાયનો અભેદ સંબંધ છે' - આ વાત આધ્યાત્મિક દૃષ્ટિએ એ રીતે ઉપયોગી છે કે ધ્રુવ આત્મદ્રવ્ય તો હાજર જ છે તથા શુદ્ધ ગુણ-પર્યાયનું તાદાત્મ્ય પણ તેમાં વિદ્યમાન છે. ફક્ત વિશેષતા એટલી જ છે કે શુદ્ધ ગુણપર્યાય પ્રગટ થવા જોઈએ. જે સમયે આંતરિક મોક્ષપુરુષાર્થ કરીને પોતાના શુદ્ધ ગુણ-પર્યાયને સાધક પ્રગટાવે છે, તે જ સમયે સાધકનો આત્મા શુદ્ધ ગુણ-પર્યાયરૂપે પરિણમી જાય છે. શુદ્ધ ગુણ-પર્યાય પ્રગટ થયા પછી તેને રહેવા માટે અતિરિક્ત સંબંધને શોધવાની આવશ્યકતા ન હોવાથી શુદ્ધ ગુણ-પર્યાય પ્રગટ થવાના સમયે જ આત્મા તન્મય બની જાય છે. જેમ બટનને શર્ટમાં કે પેન્ટમાં જોડાઈ જવા માટે અતિરિક્ત દોરાની આવશ્યકતા હોવાથી, દોરાની પ્રાપ્તિમાં વિલંબ થવાથી બટનને શર્ટમાં કે પેન્ટમાં જોડાઈ જવાની ક્રિયામાં વિલંબ થાય છે. આવા પ્રકારનો કાળક્ષેપ પ્રગટ થયેલા શુદ્ધ ગુણ-પર્યાયને આત્મામાં રહેવા માટે થતો નથી. આવું જાણીને આત્માર્થી જીવે શુદ્ધ ગુણ વગેરેને પ્રગટ કરવા સતત પ્રયત્ન કરવો જોઈએ. તેનાથી 'જે નિર્વિકારી, આહારશૂન્ય, સર્વસંગરહિત, પરમાનંદયુક્ત છે, તે શુદ્ધ ચૈતન્યનું લક્ષણ છે' - આ મુજબ **પરમાનંદપંચવિંશતિકા**માં દર્શાવેલ શુદ્ધચૈતન્યસ્વરૂપ સંપૂર્ણતયા પ્રગટ થાય છે. (૩/૨)

♦વલી, અભેદ ન માનઈ, તેહનઈં બાધક કહઈ છઈ –

**"સ્વર્ણ કુંડલાદિક ✡હુઉં જી", "ઘટ રક્તાદિક ભાવ";**

**એ વ્યવહાર ન સંભવઈ જી, જો ન ♦અભેદસ્વભાવ રે ॥૩/૩॥ (૨૮) ભવિકા.**

"▸સ્વર્ણ કહતાં◂ સોનું તેહ જ કુંડલ ▸આદિક◂ (હુઉં=) થયું; ઘડો પહેલાં શ્યામ ●હતો, તેહ ❖જ (રક્તાદિક ભાવ=) વર્ણઈં રાતો થયો" - ♮એહવો સર્વલોકાનુભવસિદ્ધ વ્યવહાર ન (સંભવઈ=) ઘટઈ,

द्रव्यादीनामभेदाऽनभ्युपगमे बाधकमुपदर्शयति – '**काञ्चनमि**'ति।

**'काञ्चनं कुण्डलीभूतम्', 'रक्तीभूतो घटो ह्ययम्'।**

**इत्यादिर्व्यवहारो न, स्यादभेदानुपस्थितौ।।३/३।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – (द्रव्यादिषु) अभेदाऽनुपस्थितौ (सति) 'काञ्चनं कुण्डलीभूतम्', 'अयं हि घटः रक्तीभूतः' इत्यादिः व्यवहारः न स्यात्।।३/३।।

'तदेवेदं **काञ्चनं कुण्डलीभूतं** यत् पूर्वं कङ्कणीभूतम् आसीत्', 'काञ्चनम् एव कुण्डलीभूतम्', 'य एव पूर्वं श्याम आसीत् स **हि** = एव **अयं घटो रक्तीभूतः**' **इत्यादिः** सार्वलौकिकः अबाधितो **व्यवहारः** प्रत्यभिज्ञाप्रसूतः द्रव्यादीनाम् **अभेदानुपस्थितौ न** = नैव **स्यात्**। न हि कुण्डलपर्यायस्य काञ्चनव्यतिरिक्तत्वे 'काञ्चनमेव कुण्डलीभूतम्' इति प्रत्ययो व्यवहारो वा सम्भवेत्;

**અવતરણિકા** :- ઉપરોક્ત યુક્તિઓ દ્વારા દ્રવ્ય અને ગુણ-પર્યાય વચ્ચે અભેદ સિદ્ધ થાય છે. પરંતુ દ્રવ્ય અને ગુણ-પર્યાય વચ્ચે અભેદને કોઈ માનવા તૈયાર ન થાય તો બાધક દોષને ગ્રંથકારશ્રી જણાવે છે :-

### 卐 લોકવ્યવહારથી દ્રવ્ય-ગુણાદિનો અભેદ 卐

**શ્લોકાર્થ** :- જો દ્રવ્યાદિમાં પરસ્પર અભેદ હાજર ન હોય તો 'સુવર્ણ કુંડલસ્વરૂપ થઈ ગયું', 'આ ઘટ લાલ થઈ ગયો' - ઈત્યાદિ વ્યવહાર થઈ ન શકે. (૩/૩)

**વ્યાખ્યાર્થ** :- જો દ્રવ્ય અને ગુણ-પર્યાય વચ્ચે અભેદ વિદ્યમાન ન હોય તો 'તે જ આ સુવર્ણ કુંડલસ્વરૂપ થઈ ગયું કે જે પૂર્વે કંકણરૂપે હતું' 'સુવર્ણ જ કુંડલરૂપે થઈ ગયું', 'જે ઘડો પૂર્વે શ્યામ હતો તે જ આ ઘડો વર્તમાનમાં લાલ થયેલો છે'... ઈત્યાદિ સર્વલોકપ્રસિદ્ધ અને પ્રમાણથી અબાધિત એવો વ્યવહાર સંગત નહિ જ થઈ શકે. જો સુવર્ણ કરતાં કુંડલ પર્યાય સર્વથા ભિન્ન હોય તો 'સોનું જ કુંડલસ્વરૂપે પરિણમી ગયું' - આવી પ્રતીતિ કે વ્યવહાર સંભવી ન શકે. તથા લાલ વર્ણ (= ગુણ) જો ઘડાથી એકાંતે ભિન્ન હોય તો 'ઘડો જ લાલ વર્ણરૂપે પરિણમી ગયો' અર્થાત્ 'ઘડો લાલ (Red) થઈ ગયો' - આવી પ્રત્યભિજ્ઞાસ્વરૂપ પ્રતીતિ કે તેનાથી જન્ય તથાવિધ વ્યવહાર સંભવી ન

♦ કો.(૯)+આ.(૧)માં 'અથ હવિ અનુભવથી પણિ અભેદ સાધિ છે' પાઠ. ✡ કો.(૪)માં 'લહિઉંજી' પાઠ. કો.(૧૦)માં 'કહિઉં' પાઠ. ♦ કો.(૨)માં 'નય ભેદ' અશુદ્ધ પાઠ. ▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯+૧૨)+ આ.(૧)માં છે. ● પુસ્તકોમાં 'હુતો' પાઠ. કો.(૧૧)નો પાઠ લીધો છે. ❖ પુસ્તકોમાં 'રાતો વર્ણઈ' પાઠ. કો.(૧૦) + કો.(૧૨) + આ.(૧)નો પાઠક્રમ લીધો છે. ♮ કો.(૧૩)માં 'સુવર્ણ તે કુંડલાદિક હુઓ. ઘટ તે રક્તાદિક હુઓ- એ વ્યવહાર ન સંભવે, જો ગુણ-ગુણ્યાદિકને અભેદસ્વભાવ ન માનઈં' પાઠ.

**જો અભેદસ્વભાવ** [*]દ્રવ્યાદિક ૩ નઇ **ન** હુવઈ તો.★

न वा रक्तगुणस्य घटव्यतिरिक्तत्वे 'घटो रक्तीभूत' इति प्रत्ययो व्यवहारो वा सम्भवेत्; अन्यथा तदानीं 'काञ्चनमेव वस्त्रीभूतम्, नरीभूतं वा', 'घटः शुक्लीभूतः शुक्लपटीभूतः वा' इत्यपि प्रतीयेत व्यवह्रियेत वा, भेदाऽविशेषात्। अतः काञ्चनद्रव्य-कुण्डलपर्याययोः घटद्रव्य-रक्तगुणयोश्च प्रतिस्वमभेदोऽप्यङ्गीकर्तव्यः। इत्थं प्रत्यभिज्ञादिबलेन द्रव्य-गुण-पर्यायाणां मिथोऽभेदसिद्धिः एकान्त-भेदपरिहृतिश्च वेदितव्या।

एवमेव च्विप्रत्ययप्रयोगोपपत्तेः, अभूततद्भावे एव तत्प्रयोगात्। एतदभिप्रायेणैव **अष्टसहस्री**-

શકે. માટે દ્રવ્ય અને ગુણ-પર્યાય વચ્ચે અભેદ માનવો જરૂરી છે. જો દ્રવ્ય-ગુણ-પર્યાયમાં ભેદ હોવા છતાં ઉપરોક્ત પ્રકારની પ્રતીતિઓ થઈ શકતી હોત તો ત્યારે 'સોનું જ વસ્ત્રરૂપે પરિણમી ગયું' અથવા તો 'સોનું જ માણસ બની ગયું' - આવા પ્રકારની પણ પ્રતીતિ થવી જોઈએ અથવા તેવો વ્યવહાર થવો જોઈએ. સુવર્ણ કરતાં કુંડલ પર્યાય જેમ જુદો છે તેમ વસ્ત્ર અને માણસ પણ કાંચનથી જુદા જ છે ('દ્રવ્ય અને પર્યાય વચ્ચે એકાંતે અભેદ ન માનવામાં કયો દોષ લાગુ પડે ?' તે બતાવ્યા બાદ 'દ્રવ્ય અને ગુણ વચ્ચે એકાંતે ભેદ માનવામાં કયો દોષ આવે ?' તેનું ઉદાહરણ દેખાડતાં ગ્રંથકારશ્રી કહે છે કે) 'ઘડો જ સફેદ થઈ ગયો.' અથવા 'ઘડો જ સફેદ વસ્ત્ર રૂપે પરિણમી ગયો' - આ પ્રમાણે પણ પ્રતીતિ અને વ્યવહાર માન્ય કરવાની આપત્તિ આવશે. કારણ કે જેમ ઘડાથી શ્યામ કે રક્ત વર્ણને તમે સર્વથા જુદા માનો છો તેમ ઘડાથી સફેદ વસ્ત્ર અને સફેદ વસ્ત્રનો વર્ણ પણ સર્વથા જુદા જ છે. પરંતુ આવા પ્રકારની પ્રતીતિ કે વ્યવહાર લોકસંમત કે શાસ્ત્ર- સંમત નથી. માટે કાંચન દ્રવ્ય અને કુંડલ પર્યાય વચ્ચે અભેદ તથા ઘટ દ્રવ્ય અને રક્ત વર્ણ = ગુણ વચ્ચે અભેદ પણ માનવો જરૂરી છે. આ રીતે પ્રત્યભિજ્ઞા વગેરેના બળથી દ્રવ્ય-ગુણ-પર્યાયનો પરસ્પર અભેદ સિદ્ધ થાય છે તથા પરસ્પર એકાંતે ભેદનું નિરાકરણ થાય છે - તેમ સમજવું.

[illegible] :- 'આ માણસ યુવાન થઈ ગયો' - આ વાક્ય માણસ (દ્રવ્ય) અને યુવાન (પર્યાય) વચ્ચે અભેદને સિદ્ધ કરે છે. 'કમળાના રોગવાળો દર્દી પીળો થઈ ગયો' - આ વાક્ય 'રોગી' (દ્રવ્ય) અને 'પીળા' (ગુણ) વચ્ચે અભેદને સિદ્ધ કરે છે. આવા અનેક પ્રયોગો દ્વારા લોકવ્યવહારમાં પણ દ્રવ્યની સાથે ગુણ અને પર્યાયનો અભેદ સિદ્ધ થાય છે. આમ નૂતન ગુણસ્વરૂપે કે પર્યાયસ્વરૂપે પરિણમેલ દ્રવ્ય પણ જણાવે છે કે દ્રવ્યની સાથે ગુણનો અને પર્યાયનો અભેદ છે.

### ❋ દ્રવ્ય-પર્યાયનો અભેદ : અષ્ટસહસ્રીતાત્પર્યવિવરણ ❋

**(एवमे.)** આ રીતે માનવામાં આવે તો જ 'ચ્વિ' પ્રત્યયનો પ્રયોગ સંસ્કૃત વ્યાકરણની દૃષ્ટિએ સંગત બને. કારણ કે સંસ્કૃત ભાષાની દૃષ્ટિએ વિચાર કરીએ તો 'ચ્વિ' પ્રત્યયનો પ્રયોગ ત્યાં થાય છે કે જ્યાં જે પદાર્થ જે સ્વરૂપે પૂર્વે ન હોય અને પાછળથી તે સ્વરૂપે પરિણમી ગયેલ હોય. **અષ્ટસહસ્રી**પ્રકરણ ગ્રંથ દિગંબર **વિદ્યાનંદસ્વામી**એ બનાવેલો છે. તેના ઉપર શ્વેતાંબરશિરોમણિ મહોપાધ્યાય શ્રી**યશોવિજયજી**

[*] કો.(૯)+આ.(૧)માં 'ગુણગુણ્યાદિકનઈ' પાઠ. ★ લા.(૨)માં 'હઉઈ તઉઈ ત્તિ' પાઠ.

***'स्वर्णं कुंडलीभूतमि'त्यादौ च्विप्रत्ययार्थः पूर्वकालः, भेदः अभावश्च, भवतेः परिणामित्वम्, क्तप्रत्ययस्य चाऽऽश्रयोऽर्थः इति 'स्वर्णं प्राक्काले कुण्डलभिन्नत्वे सति कुण्डलाऽभेदपरिणामित्वाश्रय' इति वाक्यार्थः।**

---

**तात्पर्यविवरणे महोपाध्याययशोविजय**गणिवरैः "सुवर्णं कुण्डलीभूतम्, 'मृद् घटीभूता' इत्यादिप्रत्ययादविच्छिन्नद्रव्यस्यैव कार्यीभावसिद्धेः, अन्यथा च्विप्रत्ययार्थस्यैवाऽघटनाद्" (अ.स.ता.१/११/पृ.१६८) इति प्रोक्तम्।

'स्वर्णं कुण्डलीभूतमि'त्यादौ च्विप्रत्ययार्थः पूर्वकालः, भेदः अभावश्च भेदाभावलक्षणः, अत्र त्रिषु च्विप्रत्ययस्य खण्डशः शक्तेः अभ्युपगमात्। भवतेः परिणामित्वम्, क्तप्रत्ययस्य चाऽऽश्रयोऽर्थः इति 'स्वर्णं प्राक्काले कुण्डलभिन्नत्वे सति कुण्डलाऽभेदपरिणामित्वाश्रय' इति वाक्यार्थः। प्रकृते प्राक्कालस्य अवच्छिन्नतासम्बन्धेन भेदेऽन्वयः कुण्डलस्य च स्वप्रतियोगिकत्वसम्बन्धेन भेदेऽन्वयः। कुण्डलभेदे एव प्राक्कालस्याऽन्वयात् प्राक्कालावच्छेदेन कुण्डलभेदस्य सामानाधिकरण्यसंसर्गेण भेदाभावेऽन्वयः, कुण्डलभेदस्य कालभेदेन कुण्डलभेदाभावसमानाधिकरणत्वात्। तस्य च निरूपितत्वसम्बन्धेन परिणामित्वे अन्वयः। तदाश्रयः सुवर्णम् इति बोध्यम्। ततश्च प्राक्कालावच्छिन्नकुण्डलभेदनिरूपित-

---

ગણિવરે **અષ્ટસહસ્રીતાત્પર્ય વિવરણ** વ્યાખ્યા રચેલી છે. તેમાં મહોપાધ્યાયજીએ આ જ આશયથી જણાવેલ છે કે - "સુવર્ણ દ્રવ્ય કુંડલ સ્વરૂપ થઈ ગયું", "માટી ઘટ બની ગઈ."... ઈત્યાદિ પ્રતીતિથી સિદ્ધ થાય છે કે પૂર્વોત્તર અવસ્થામાં દ્રવ્યનો નાશ નથી થતો તથા પૂર્વોત્તરકાળમાં અનુચ્છિન્ન દ્રવ્ય જ કાર્યરૂપે પરિણમે છે. જો આવું માનવામાં ન આવે તો 'सुवर्णं कुण्डलीभूतम्'... ઈત્યાદિ પ્રયોગમાં સંસ્કૃત વ્યાકરણ મુજબ પ્રયોજાયેલ 'च्वि' પ્રત્યયનો અર્થ જ અસંગત બની જશે.

### ❋ 'च्वि' પ્રત્યયના અર્થની વિચારણા ❋

('स्वर्णं.') 'स्वर्णं कुण्डलीभूतम्' ઈત્યાદિ વાક્યપ્રયોગમાં વ્યાકરણના નિયમ મુજબ 'च्वि' પ્રત્યય લાગુ પડે છે. આ 'च्वि' પ્રત્યયનો અર્થ (૧) પૂર્વકાળ, (૨) ભેદ અને (૩) અભાવ છે. કારણ કે અહીં ત્રણ અર્થમાં 'च्वि' પ્રત્યયની ખંડશઃ શક્તિ માનવામાં આવેલ છે. 'कुण्डलीभूतम्' ના પાછલા ભાગમાં પ્રયોજાયેલ भवति (= भू) ધાતુનો અર્થ પરિણામિત્વ છે. તથા 'भू' ધાતુને લાગેલ કર્મણિભૂતકૃદન્તના 'क्त' પ્રત્યયનો અર્થ આશ્રય છે. તેથી 'स्वर्णं कुण्डलीभूतम्' આવા વાક્યપ્રયોગનો અર્થ એ થશે કે સુવર્ણ (= દ્રવ્ય) પૂર્વકાળમાં કુંડલ (= પર્યાય) થી ભિન્ન હોતે છતે કુંડલથી અભેદપરિણામિત્વનો આશ્રય છે. પ્રસ્તુતમાં નવ્યન્યાયની પરિભાષા મુજબ અર્થઘટન કરીએ તો એમ કહી શકાય કે 'च्वि' પ્રત્યયના ત્રણ અર્થમાંથી પ્રથમ અર્થ પૂર્વકાળનો અવચ્છિન્નતાસંબંધથી ભેદમાં અન્વય કરવો. તેમજ કુંડલનો સ્વપ્રતિયોગિકત્વસંબંધથી ભેદમાં અન્વય કરવો. કુંડલભેદમાં જ પૂર્વકાળનો અન્વય કરવાથી પૂર્વકાલઅવચ્છેદેન કુંડલભેદનો સામાનાધિકરણ્યસંબંધથી અભાવમાં અન્વય થશે. કારણ કે સુવર્ણદ્રવ્યમાં પૂર્વકાળે કુંડલભેદ છે તથા ઉત્તરકાળે કુંડલભેદાભાવ છે. આમ કુંડલભેદ અને કુંડલભેદાભાવ કાળભેદથી સમાનાધિકરણ છે. તથા તે અભાવનો = કુંડલભેદાભાવનો નિરૂપિતત્વસંબંધથી પરિણામિત્વમાં અન્વય કરવો. તેવા પરિણામિત્વનો આશ્રય સુવર્ણ છે - આમ સમજવું. એક જ સુવર્ણદ્રવ્યમાં કુંડલભેદાભાવ અને પરિણામિત્વ

---

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. સિ.+કો.(૯)માં છે.

**अतः 'स्वर्णं द्रव्यीभूतम्' इत्यादेः न प्रयोगः। कथं तर्हि 'मनुष्यो देवीभूत' इति? मनुष्यत्वोपलक्षितस्य धर्मितानयेन, अन्यथा तु न कथञ्चित्।**

कुण्डलभेदाऽभावपरिणामित्वाऽऽश्रयः सुवर्णमिति प्रघट्टकार्थः। एवञ्च यः प्राक्कालाऽवच्छेदेन कुण्डलभेदवान् स एव कुण्डलभेदाऽभावपरिणामित्वाऽऽश्रय इति स्फुटार्थः विदुषामवभासते।

अतः 'स्वर्णं द्रव्यीभूतमि'त्यादेः न प्रयोगः, स्वर्णे प्राक्कालावच्छेदेन द्रव्यभेदस्य बाधात् ।

***न च*** कथं तर्हि 'मनुष्यो देवीभूतः' इति प्रयोगः ? मनुष्यपर्यायनाशोत्तरकालम् आत्मनि देवपर्यायोत्पादेन मनुष्ये देवाऽभेदपरिणामित्वाश्रयत्वबाधाद् इति ***वाच्यम्,***

धर्मितानयेन मनुष्यत्वोपलक्षितस्य आत्मद्रव्यस्य प्रयोगसम्भवात्, अन्यथा तु न कथञ्चित्।

રહેવાથી તે બન્ને સમાનાધિકરણ બને છે. તેથી સામાનાધિકરણ્યસંબંધથી કુંડલભેદાભાવ પરિણામિત્વમાં રહી શકે જ છે. આ કારણે અહીં સમુદાયાર્થ એવો પ્રાપ્ત થશે કે પૂર્વકાળઅવચ્છિન્ન એવા કુંડલભેદને સમાનાધિકરણ કુંડલભેદાભાવના પરિણામિત્વનો આશ્રય સુવર્ણ છે. અર્થાત્ પૂર્વકાલાવચ્છિન્નકુંડલભેદ-સમાનાધિકરણ એવા કુંડલભેદાભાવનું પરિણામી દ્રવ્ય સુવર્ણ છે. આ રીતે વિદ્વાનોને 'स्वर्णं कुण्डलीभूतम्' આ સ્થળે એવો અર્થબોધ સ્પષ્ટપણે થશે કે 'જે સુવર્ણપદાર્થ પૂર્વકાલઅવચ્છેદેન કુંડલભેદવિશિષ્ટ છે તે જ સુવર્ણપદાર્થ કુંડલભેદાભાવપરિણામિત્વનો આશ્રય = કુંડલભેદાભાવપરિણામી છે.'

### ❖ 'स्वर्णं द्रव्यीभूतम्' આપત્તિનું નિવારણ ❖

(अतः.) પૂર્વકાલ, ભેદ અને અભાવ - આ ત્રણ અર્થમાં 'च्वि' પ્રત્યયની ખંડશઃ શક્તિ = વિશૃંખલશક્તિ = વિભક્તશક્તિ રહેલી હોવાથી જ 'स्वर्णं द्रव्यीभूतम्'... ઈત્યાદિ વાક્યનો પ્રયોગ થતો નથી. કારણ કે સુવર્ણ પૂર્વકાળમાં દ્રવ્યથી ભિન્ન નથી. તેથી 'च्वि' પ્રત્યયના ત્રણ અર્થમાંથી 'ભેદ' નામનો બીજો અર્થ ઉપરોક્ત પ્રયોગમાં બાધિત થાય છે. સુવર્ણ પૂર્વકાળમાં પણ દ્રવ્ય હતું અને ઉત્તરકાળમાં પણ દ્રવ્યસ્વરૂપ જ છે. 'च्वि' પ્રત્યયનો પ્રયોગ તો તેવા જ સ્થળમાં થઈ શકે કે જે ગુણ-પર્યાયસ્વરૂપે દ્રવ્ય પૂર્વકાળમાં વિદ્યમાન ન હોય અને પાછળથી એ સ્વરૂપે પરિણમેલ હોય, તથા દ્રવ્ય પોતાના મૂળસ્વરૂપે નાશ પામતું ન હોય. આવું પ્રસ્તુતમાં નથી. આથી 'स्वर्णं द्रव्यीभूतम्' આવો પ્રયોગ થઈ શકતો નથી.

**શંકા** :- (न च.) જો પૂર્વોત્તરકાળમાં દ્રવ્યનો અભેદ હોય (= દ્રવ્ય નાશ પામતું ન હોય) તો જ 'च्वि' પ્રત્યયનો પ્રયોગ થઈ શકે - આવું માન્ય કરવામાં આવે તો 'मनुष्यो देवीभूतः' આ વાક્યપ્રયોગ કઈ રીતે થઈ શકે ? કારણ કે આવો વાક્યપ્રયોગ તો માણસ મરીને દેવ થયો હોય તેવા સ્થળમાં જ થાય છે. આમ મનુષ્યનો નાશ થયા પછી દેવ પર્યાય ઉત્પન્ન થવાના લીધે મનુષ્ય પર્યાય દેવઅભેદપરિણામિત્વનો આશ્રય બનતો નથી. આમ 'च्वि' પ્રત્યયનો ત્રીજો અર્થ અભાવ (= ભેદાભાવ = અભેદ) બાધિત છે.

### ❀ ધર્મઉપલક્ષિત ધર્મિતાનયનો વિચાર ❀

**સમાધાન** :- (धर्मि.) તમારી વાત સાચી છે. મનુષ્ય મૃત્યુ પામ્યા બાદ જ દેવ થાય છે. માટે મનુષ્ય પર્યાયનો નાશ માનવો જરૂરી છે. પરંતુ અહીં એક વાત ધ્યાનમાં રાખવા જેવી એ છે કે મનુષ્ય

'द्रव्यं कुण्डलीभूतम्' इत्याद्यप्रयोगस्य इत्थमेव उपपाद्यत्वात्।* ॥३/३॥

तस्मात् सार्वलौकिकस्वरसवाहिप्रयोगाऽऽनुकूल्येन तत्र मनुष्यपदस्य मनुष्यपर्यायाधारभूतात्मद्रव्ये जहल्लक्षणा स्वीकर्तव्या।

***न चै***वं च्विप्रत्ययार्थोपपादने 'मनुष्यो देवीभूत' इतिवद् 'द्रव्यं कुण्डलीभूतम्' इत्यादिप्रयोगस्याऽपि समीचीनत्वं स्यात्, द्रव्यत्वोपलक्षिते सुवर्णे द्रव्यपदलक्षणया तदुपपत्तेरिति ***वाच्यम्***,

यथेच्छं लक्षणाया अनभ्युपगमात्, सार्वलौकिक-स्वारसिकाऽस्खलद्वाक्यप्रयोगतात्पर्यानुसारिप्रसिद्धार्थान्वये शक्यार्थबाधे एव लक्षणाभ्युपगमात्, स्थलान्तरालम्बनेन अनावश्यकलक्षणाया अन्याय्यत्वाच्च।

અવસ્થાનો નાશ થવા છતાં પણ તે અવસ્થાનું આધારભૂત આત્મદ્રવ્ય આત્મત્વરૂપે નાશ પામતું નથી. તેથી 'मनुष्यो देवीभूतः' આવા વાક્યપ્રયોગમાં મનુષ્યને દેવઅભેદપરિણામી માનવામાં નથી આવતો પરંતુ મનુષ્યત્વ પર્યાયથી ઉપલક્ષિત આત્મદ્રવ્યમાં જ દેવનું અભેદપરિણામિત્વ માનવામાં આવે છે. આમ મનુષ્યત્વ ધર્મને (= મનુષ્ય પર્યાયને) મુખ્ય બનાવવાના બદલે મનુષ્યત્વ ગુણધર્મથી ઉપલક્ષિત આત્મદ્રવ્યને મુખ્ય બનાવનાર ધર્મિતાનયના (= ધર્મીગ્રાહક નયના) અવલંબન દ્વારા જ 'मनुष्यो देवीभूतः' આવો વાક્યપ્રયોગ સંભવી શકે છે. મનુષ્ય પર્યાયથી ઉપલક્ષિત આત્મદ્રવ્યને મુખ્ય બનાવવાના બદલે ફક્ત 'મનુષ્ય' પદવાચ્ય મનુષ્ય પર્યાયને જ મુખ્ય બનાવવામાં આવે તો ઉપરોક્ત વાક્યપ્રયોગ કોઈ પણ હિસાબે સંભવી જ ન શકે. માટે સાર્વલૌકિક સ્વરસવાહી વાક્યપ્રયોગની અનુકૂળતાને લક્ષમાં રાખીને ઉપરોક્ત વાક્યપ્રયોગમાં રહેલ 'મનુષ્ય' પદની મનુષ્યપર્યાયના આધારભૂત આત્મદ્રવ્યમાં જહદ્લક્ષણા માનવામાં આવે છે. પ્રસ્તુતમાં શાબ્દબોધની અંદર મનુષ્યપદના શક્યાર્થ સ્વરૂપ મનુષ્યપર્યાયને છોડી દેવામાં આવે છે. તેથી જહદ્લક્ષણા અહીં પ્રાપ્ત થશે. જે શાબ્દબોધમાં શક્યાર્થને છોડી લક્ષ્યાર્થનું જ અવગાહન થતું હોય ત્યાં જહદ્લક્ષણા માનવામાં આવે છે.

**શંકા** :- (न चै.) 'च्वि' પ્રત્યયનું અર્થઘટન ઉપરોક્ત રીતે માન્ય કરવામાં આવે તો 'द्रव्यं कुण्डलीभूतम्' - આવો વાક્યપ્રયોગ થવાની આપત્તિ આવશે. કારણ કે 'मनुष्यो देवीभूतः' સ્થળની જેમ 'द्रव्यं कुण्डलीभूतम्'... ઈત્યાદિ સ્થળમાં કહી શકાય છે કે 'द्रव्यम्' પદની દ્રવ્યત્વથી ઉપલક્ષિત સુવર્ણમાં (= દ્રવ્યત્વના આધારભૂત સુવર્ણમાં) લક્ષણા કરવામાં આવે છે. માટે 'द्रव्यं कुण्डलीभूतम्' આવો વાક્યપ્રયોગ થવાની આપત્તિ દુર્વાર બનશે.

## ✡ યથેચ્છ લક્ષણા અમાન્ય ✡

**સમાધાન** :- (**यथे.**) કયા સ્થળે લક્ષણા કરવી અને ન કરવી ? આનું નિયમન ફક્ત આપણી ઈચ્છા મુજબ સર્વત્ર થઈ શકતું નથી. પરંતુ તમામ લોકો સ્વરસથી જેવા પ્રકારનો વાક્યપ્રયોગ અસ્ખલિતરૂપે કરે તેવા વાક્યપ્રયોગમાં તાત્પર્યઅનુસારી પ્રસિદ્ધ અર્થની સંકલના કરવામાં શક્યાર્થને = શબ્દશક્તિવિષયને લેવામાં કોઈક દોષ આવતો હોય તો શક્યાર્થનો ત્યાગ કરી તેવા સ્થળે લક્ષ્યાર્થનો સ્વીકાર કરવામાં આવે છે. આડેધડ લક્ષણા કરવી શિષ્ટ પુરુષોને સંમત નથી. તથા એક સ્થળે કરેલી લક્ષણાનું આલંબન

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. સિ.+કો.(૯)માં છે.

इत्थमेव 'द्रव्यं कुण्डलीभूतमि'त्याद्यप्रयोगस्य उपपाद्यत्वात्, तथा प्रयोगस्य सार्वलौकिकत्वाभावात्।

तदुक्तं **विशेषावश्यकभाष्ये** अपि [1]"न सुवण्णादन्नं कुंडलाइ तं चेय तं तमागारं। पत्तं तव्ववएसं लभइ सरूपादभिन्नं ति।।" (वि.आ.भा.२६६९) इति।

यथोक्तं **ब्रह्मसूत्रश्रीकण्ठभाष्ये** अपि "मृद्द्रव्यस्यैव घटाद्यवस्था घटादिनामधेयं चाऽर्थक्रियाऽभिलापरूप-व्यवहारनिष्पत्तये भवति, न तु मृदो द्रव्यान्तरम्.... यतो घटो मृदेव" (ब्र.सू.श्री.क.भा.२/१/१६) इति।

तदुक्तं **विवेकचूडामणौ शङ्कराचार्येण** अपि "मृत्कार्यभूतोऽपि मृदो न भिन्नः कुम्भोऽस्ति, सर्वत्र तु मृत्स्वरूपाद्" (वि.चू.२३०) इति। "युक्तेः, शब्दान्तराच्च" (ब्र.सू.२/१/१८) इति **ब्रह्मसूत्रस्य शारीरकभाष्ये शङ्कराचार्येण** सत्कार्यवादस्थापनावसरे कार्य-कारणयोः तादात्म्यं विस्तरेण प्रस्थापितं ततो द्रष्टव्यम्।

---

લઈને બીજા અનાવશ્યક સ્થળે લક્ષણા કરવી એ વ્યાજબી નથી. કેમ કે શક્યાર્થનો ત્યાગ કરી લક્ષ્યાર્થ સુધી જવામાં ગૌરવ આવે છે. આ ગૌરવ દાર્શનિક જગતમાં દોષરૂપ ગણાય છે. પ્રસ્તુતમાં એમ કહી શકાય છે કે 'मनुष्यो देवीभूतः' આવો વાક્યપ્રયોગ લોકવ્યવહારમાં પ્રસિદ્ધ છે. માટે જ તે પ્રામાણિક છે. તથા 'મનુષ્ય' પદના શક્યાર્થને ગ્રહણ કરવામાં આવે તો 'च्वि' પ્રત્યયાર્થ બાધિત થાય છે. માટે ઉપરોક્ત પ્રસિદ્ધ વાક્યપ્રયોગની પ્રામાણિકતા ટકાવવા માટે લક્ષણા કરવી જરૂરી છે. જ્યારે 'द्रव्यं कुण्डलीभूतम्' આવો વાક્યપ્રયોગ લોકપ્રસિદ્ધ નથી પરંતુ 'स्वर्णं कुण्डलीभूतम्' આવો વાક્યપ્રયોગ જ લોકોમાં પ્રચલિત છે. માટે જ પ્રચલિત, પ્રામાણિક પદપ્રયોગનો પરિત્યાગ કરી, વ્યર્થ ગૌરવ દોષને વ્હોરીને, લક્ષણા કરવી પડે તેવો અપ્રસિદ્ધ અને અપ્રામાણિક 'द्रव्यं कुण्डलीभूतम्' - એવો વાક્યપ્રયોગ કરવો તે વ્યાજબી નથી. આવું શિષ્ટ પુરુષો સમજે છે. માટે આવો વાક્યપ્રયોગ તેઓ કરતા નથી.

### ❋ વિશેષાવશ્યક ભાષ્યનો સંવાદ ❋

**(तदुक्तं.) વિશેષાવશ્યકભાષ્ય**માં **જિનભદ્રગણિક્ષમાશ્રમણે** દ્રવ્ય-પર્યાયનો અભેદ દર્શાવતા કહ્યું છે કે "સુવર્ણ કરતાં અતિરિક્ત કુંડલ આદિ પર્યાય નથી પરંતુ તે સુવર્ણ દ્રવ્ય તે તે કુંડલ, કંકણ આદિ આકારને પ્રાપ્ત કરે ત્યારે કુંડલ આદિ વ્યવહારને પામે છે. તથા કુંડલ આદિ વ્યવહારનું ભાજન બનનાર સુવર્ણ દ્રવ્ય ઉત્તર અવસ્થામાં પણ પૂર્વઅવસ્થાગત પોતાના સ્વરૂપથી અભિન્ન જ છે."

### ❋ દ્રવ્ય-પર્યાયનો અભેદ : વેદાંતી ❋

**(यथोक्तं.) બ્રહ્મસૂત્ર**ના **શ્રીકણ્ઠભાષ્ય**માં જણાવેલ છે કે 'ઘટાદિ અવસ્થા મૃદ્દ્રવ્યની જ છે. તથા ઘટાદિ નામ તે તે અર્થક્રિયાના કથન સ્વરૂપ વ્યવહારની નિષ્પત્તિ માટે થાય છે. પરંતુ ઘટાદિ માટી કરતાં દ્રવ્યાન્તર નથી. કેમ કે ઘડો મૃદ્ દ્રવ્ય જ છે.'

**(तदु.) વિવેકચૂડામણિ**માં **શંકરાચાર્યે** પણ કહેલ છે કે "ઘડો માટીના કાર્યસ્વરૂપે હોવા છતાં પણ માટી કરતાં જુદો નથી. ઘડામાં સર્વત્ર માટીનું સ્વરૂપ દેખાય છે. માટે માટીના સ્વરૂપથી ઘડો જુદો ન કહી શકાય." **બ્રહ્મસૂત્ર** ઉપર **આદ્યશંકરાચાર્યે શારીરકભાષ્ય** રચેલ છે. તેનું બીજું પ્રસિદ્ધ નામ **શાંકરભાષ્ય** છે. તેમાં "युक्तेः, शब्दान्तराच्च" - આ સૂત્રની વ્યાખ્યામાં સત્કાર્યવાદનું સ્થાપન કરેલ

---

1. न सुवर्णादन्यत् कुण्डलादि तदेव तं तदाकारम्। प्राप्तं तद्व्यपदेशं लभते स्वरूपादभिन्नमिति।।

तदुक्तं **शिवदृष्टौ सोमानन्दनाथेन** अपि "कुण्डलादिषु भावेषु सर्वथैव सुवर्णता। व्याप्तेरखण्डितैवाऽऽस्ते...।।" (शि.दृ.६/९२) इति।

यथोक्तम् **अनुत्तरप्रकाशपञ्चाशिकायां** साङ्ख्यदर्शनानुयायिना **आद्यनाथेन** अपि "विचार्यमाणे नैवेदं कारणादतिरिच्यते। मृदादेः कलशादीनां तत्त्वं नान्यन्निरूपणे।।" (अ.प्र.प.४२)। 'इदं = कार्यम्'।

***एतावता*** न केवलं श्वेताम्बर-दिगम्बरजैनसम्प्रदाययोः द्रव्य-पर्यायाभेदः सम्मतः, अपि तु वेदान्तप्रभृतिदर्शनेऽपि इति ***ध्वनितम्***, जैनदर्शनराद्धान्तस्य सर्वतन्त्रव्यापकत्वात्।

एवञ्चाऽवयवाऽवयविनोरप्यभेदः स्वीकर्तव्य एव, अवयवावयविनोरेकान्तभेदे एकावयवरञ्जने सम्पूर्णं वस्त्रं रज्येत एकावयवाऽऽवरणे च कृत्स्नवस्त्रावरणं प्रसज्येत रक्ताऽरक्तयोः आवृताऽनावृतयोश्च भवदभ्युपगमेन एकत्वात्। अवयवानामवयवित्वेन परिणमने एव 'सर्वं वस्त्रं रक्तम्',

---

છે. તેમાં કાર્ય-કારણનો અભેદ વિસ્તારથી જણાવેલ છે. જિજ્ઞાસુ વાચકવર્ગ ત્યાં દૃષ્ટિ કરી શકે છે.

(तदु.) **શિવદૃષ્ટિ** ગ્રંથમાં **સોમાનન્દનાથે** પણ જણાવ્યું છે કે "કુંડલ આદિ ભાવોમાં સર્વથા જ અખંડિત સુવર્ણપણું રહેલું છે. કારણ કે કુંડલ આદિ ભાવોમાં સુવર્ણતા વ્યાપીને રહેલી છે."

(यथो.) સાંખ્યદર્શનાનુયાયી **આદ્યનાથ** નામના વિદ્વાને પણ **અનુત્તરપ્રકાશપંચાશિકા** ગ્રંથમાં જણાવેલ છે કે 'વિચાર કરવામાં આવે તો પ્રસ્તુત કાર્ય = ઉપાદેય ઉપાદાનકારણથી સ્વતંત્ર નથી જ. વિચારણા કરવામાં આવે તો કળશ (ઘટ) વગેરેનું સ્વરૂપ માટી વગેરે કરતાં જુદું નથી.'

(एता.) શ્વેતાંબર જૈનો અને દિગંબર જૈનો તો પર્યાયથી દ્રવ્યનો અભેદ માને જ છે. પરંતુ ઉપરોક્ત વેદાંત વગેરે દર્શનો પણ પર્યાયને દ્રવ્યસ્વરૂપ જ માને છે - આમ ફલિત થાય છે. કારણ કે જૈનદર્શનના સિદ્ધાંત સર્વદર્શનોમાં વ્યાપક = ફેલાઈને રહેનાર છે.

### અવયવ-અવયવી વચ્ચે અભેદ : શ્વેતાંબર

(एवञ्चा.) જેમ ગુણ-ગુણીનો અને પર્યાય-પર્યાયીનો અભેદ સ્વીકારવામાં આવે છે તેમ ઉપરોક્ત શાસ્ત્રસંદર્ભોના તથા યુક્તિઓના આધારે અવયવ-અવયવીનો પણ અભેદ સ્વીકારવો જ જોઈએ. કર્તાની પ્રવૃત્તિ દ્વારા અવયવો સ્વયં જ અવયવીરૂપે પરિણમી જાય છે. અવયવીને અવયવોથી અત્યંત ભિન્ન માનવામાં આવે તો વસ્ત્રનો કોઈ પણ એક ભાગ (= અમુક તંતુ) રંગાય ત્યારે સંપૂર્ણ વસ્ત્ર (= અવયવી) રંગાઈ જવાની આપત્તિ આવશે. તથા વસ્ત્રના એકાદ ભાગને (= અવયવને) આવરણ થતાં સંપૂર્ણ વસ્ત્ર આવરાઈ (= ઢંકાઈ) જવાની આપત્તિ આવશે. કારણ કે વસ્ત્રસ્વરૂપ અવયવી એક અને અખંડ જ છે. એકાંતભેદવાદી નૈયાયિક-વૈશેષિકોના મત મુજબ રંગાયેલ અને ન રંગાયેલ વસ્ત્ર તથા ઢંકાયેલ અને ન ઢંકાયેલ વસ્ત્ર એક જ છે. તેથી કાં તો વસ્ત્ર સંપૂર્ણતયા રંગાયેલ હશે. કાં તો જરા પણ રંગાયેલ નહિ હોય. વસ્ત્ર અંશતઃ રંગાયેલ હશે તો તેને સંપૂર્ણપણે જ રંગાયેલ કહેવું પડશે. કારણ કે અંશતઃ રંગાયેલ વસ્ત્ર અને અંશતઃ ન રંગાયેલ વસ્ત્ર - આવું માનવામાં એક-અખંડ અવયવીનો સિદ્ધાંત ભાંગી પડે છે. વળી, 'અવયવ-અવયવી અભિન્ન છે' - આવું માનવું જરૂરી પણ છે. કેમ કે અવયવો અવયવીરૂપે પરિણમે તો જ 'આખું વસ્ત્ર રંગાઈ ગયું', 'થોડુંક વસ્ત્ર રંગાયું' - આ પ્રમાણે વિવિધ પ્રકારના પ્રસિદ્ધ

'किञ्चिद् वस्त्रं रक्तमि'ति चित्रलोकव्यवहारसिद्धेः।

अवयवाऽवयविनोः एकान्तभेदेऽवयविनो निरंशतया 'किञ्चित् परमाणुद्रव्यं रक्तम्' इतिवत् 'किञ्चिद् वस्त्रं रक्तम्' इत्यपि न प्रयुज्येत।

"न च वस्त्रपदस्य वस्त्रावयवे लक्षणया तत्र सर्वपदप्रयोगानुपपत्तिर्नेति वाच्यम्, अस्खलद्वृत्तित्वात् तत्प्रयोगस्य" (शा.वा.स.७/१३ पृ.७४) इति व्यक्तं **स्याद्वादकल्पलता**भिधानायां **शास्त्रवार्तासमुच्चयबृहद्वृत्तौ**।

---

લોકવ્યવહાર સંગત થઈ શકે. મતલબ એ છે કે વસ્ત્ર (= અવયવી) અને વસ્ત્રના અવયવો સર્વથા ભિન્ન જ હોય તો 'વસ્ત્ર રંગાયું' અથવા 'વસ્ત્ર નથી રંગાયું' આવો પ્રયોગ થઈ શકે. પરંતુ 'આખું વસ્ત્ર રંગાયું', 'થોડુંક વસ્ત્ર રંગાયું' - આવો વાક્યપ્રયોગ થઈ શકે નહિ. પણ આવો વાક્યપ્રયોગ તો આર્યજનોમાં થાય જ છે. એથી સિદ્ધ થાય છે કે અવયવી અને અવયવો સર્વથા ભિન્ન નથી. પરંતુ અવયવી અવિષ્વગ્ભાવ સંબંધથી અવયવો સાથે સંકળાયેલ છે. તેથી તમામ અવયવો રંગાયેલા હોય ત્યારે સર્વ અવયવોથી અપૃથગ્ વસ્ત્રને ઉદ્દેશીને 'સંપૂર્ણ વસ્ત્ર રંગાયું' - આવો વાક્યપ્રયોગ થાય છે. તથા થોડાં તંતુઓ રંગાયેલા હોય ત્યારે 'થોડાક અંશે વસ્ત્ર રંગાયું' - આવો વાક્યપ્રયોગ થાય છે.

### ❋ અવયવ-અવયવીમાં એકાંતભેદ અસંગત ❋

(अव.) અવયવ-અવયવી વચ્ચે સર્વથા ભેદ માનનાર વાદીના મતે અવયવોથી અતિરિક્ત અવયવી એક અને અખંડ હોવાથી 'સંપૂર્ણ' અને 'થોડુંક'- આ મુજબ વસ્ત્રને વિશેષણ લાગી ન જ શકે. 'થોડા અંશે પરમાણુ રંગાયો' - આ પ્રમાણે જેમ વાક્યપ્રયોગ થતો નથી તેમ 'થોડા અંશે વસ્ત્ર રંગાયું' - આવો પણ વાક્યપ્રયોગ થઈ ન શકે. કારણ કે પરમાણુની જેમ વસ્ત્ર (= અવયવી) અખંડ જ છે.

### ❋ વસ્ત્રરંજન વિચાર ❋

**શંકા** :- ("न च.) 'सर्वं वस्त्रं रक्तम्' - આ પ્રમાણેના વાક્યપ્રયોગ અવયવ-અવયવીનો અત્યંત ભેદ માનવામાં આવે તો થઈ ન શકે - આ પ્રમાણે તમે (સ્યાદ્વાદીએ) ઉપર જણાવ્યું તે બરોબર નથી. આનું કારણ એ છે કે 'सर्वं वस्त्रं रक्तम्' - આ વાક્યમાં 'વસ્ત્ર' પદની વસ્ત્રઅવયવમાં લક્ષણા કરવામાં આવે છે. વસ્ત્રના તંતુઓ તો અનેક છે. તેથી 'સર્વ' અને 'થોડુંક' શબ્દનો પ્રયોગ અસંગત નહિ થઈ શકે. 'सर्वं वस्त्रं रक्तम्' વાક્યમાં 'વસ્ત્ર' પદની વસ્ત્રઅવયવમાં લક્ષણા કરવાથી 'તમામ વસ્ત્રઅવયવો રંગાઈ ગયા' આવો અર્થ પ્રાપ્ત થશે. તથા 'किञ्चिद् वस्त्रं रक्तम्' વાક્યમાં 'કેટલાંક વસ્ત્રઅવયવો રંગાયા' આવો અર્થ પ્રાપ્ત થશે. માટે અવયવ-અવયવીનો અત્યંત ભેદ માની શકાય છે.

### 卐 અસ્ખલદ્વૃત્તિક પ્રયોગમાં લક્ષણા અમાન્ય 卐

**સમાધાન** :- અવયવ-અવયવીમાં અત્યંત ભેદનો અંગીકાર કરીને 'सर्वं वस्त्रं रक्तम्' ઈત્યાદિ વાક્યપ્રયોગમાં 'વસ્ત્ર' પદની વસ્ત્રઅવયવમાં લક્ષણા માનવી વ્યાજબી નથી. કારણ કે ઉપરોક્ત વાક્યપ્રયોગ અસ્ખલદ્વૃત્તિક છે. 'गङ्गायां घोषः' વાક્યમાં જેમ 'ગંગા' પદની શક્તિનું જલપ્રવાહસ્વરૂપ મુખ્યાર્થમાં સ્ખલન થાય છે તેમ 'વસ્ત્ર' શબ્દની મુખ્યવૃત્તિસ્વરૂપ 'શક્તિ'નું સ્ખલન ઉપરોક્ત વાક્યપ્રયોગમાં થતું નથી. માટે તે વાક્યપ્રયોગ મુખ્ય છે, ગૌણ નથી. તેથી જઘન્યવૃત્તિસ્વરૂપ લક્ષણા દ્વારા ઉપરોક્ત વાક્યપ્રયોગનું સમર્થન કરવું વ્યાજબી નથી. આમ **શાસ્ત્રવાર્તાસમુચ્ચય**ની **સ્યાદ્વાદકલ્પલતા** વ્યાખ્યામાં **મહોપાધ્યાય યશોવિજયજી**

अधिकञ्च वक्ष्यतेऽग्रे द्वादश्यां शाखायाम् (१२/६)।

**पार्थसारथिमिश्रेण शास्त्रदीपिकायां** "प्रत्यभिज्ञा च यथा बदरफलं श्यामावस्थायां रक्तावस्थायां च, यथा वा घट-पिण्ड-कपालावस्थासु मृद्द्रव्यम्। अस्ति हि तत्र पिण्डावस्थाभेदे श्याम-रक्तरूपभेदेऽपि द्रव्यप्रत्यभिज्ञा – 'मृदियं पिण्डाऽवस्थामपहाय घटावस्था सञ्जाता, श्यामिमानं च त्यक्त्वा पक्वा सती अरुणिमानं गृहीतवती, अनन्तरं घटावस्थामपहाय कपालिका जाता' इति" (शा.दी.१/१/५/पृ.४३) इति यदुक्तं तदत्राऽनुयोज्यं यथागमम्।

इत्थञ्च द्रव्याऽनुगमे द्रव्य-पर्यायाऽभेदे चोत्पाद-व्ययौ अपि सङ्गच्छेताम्। इदमभिप्रेत्योक्तं **मेघविजयोपाध्यायेन अर्हद्गीतायाम्** "उत्पादो वा विपत्तिश्च द्रव्येऽवस्थान्तरोदयात्। नावस्था तद्वतो भिन्ना सर्वथाऽऽश्रयवर्जिता।।" (अ.गी.१५/९) इति। तदुक्तं **तत्त्वार्थराजवार्त्तिके अकलङ्काचार्येण** अपि "न च कार्य-कारणयोः कश्चिद्रूपभेदः, तदुभयम् एकाकारम् एव, पूर्वाङ्गुलिद्रव्यवद् इति द्रव्यार्थिकः" (त.रा.वा. १/३३/१/९५/५) इति।

---

गणिवरे જણાવેલ છે. હજુ આગળ બારમી શાખામાં (૧૨/૬) પણ આ અંગે અધિક વિસ્તારથી નિરૂપણ આવશે.

### ❁ પ્રત્યભિજ્ઞા પૂર્વોત્તરકાલીન દ્રવ્યમાં અભેદ સિદ્ધિ ❁

(पार्थ.) **પાર્થસારથિમિશ્ર** નામના મીમાંસકે **શાસ્ત્રદીપિકા** ગ્રંથમાં આ અંગે જણાવેલ છે કે "પ્રત્યભિજ્ઞા પણ પૂર્વોત્તરકાલીન દ્રવ્યમાં અભેદની સાધક છે. જેમ કે (૧) ચણીબોર પૂર્વે શ્યામ અવસ્થામાં અને ઉત્તરકાલીન લાલ અવસ્થામાં એક જ જણાય છે. અથવા તો (૨) ઘટ, પિંડ, કપાલ અવસ્થામાં માટીદ્રવ્ય એક જ અનુભવાય છે. માટીદ્રવ્યમાં પિંડ અવસ્થા બદલાય કે શ્યામ-રક્તરૂપ બદલાય તો પણ 'આ તે જ દ્રવ્ય છે' એવી પ્રત્યભિજ્ઞા થાય જ છે. તે આ રીતે - 'આ માટીદ્રવ્ય પિંડઅવસ્થાને છોડીને ઘટાવસ્થા રૂપે બનેલ છે. પૂર્વકાલીન શ્યામિકાને છોડીને નિભાડામાં પાકીને લાલાશને માટીએ ધારણ કરેલ છે. પાછલી ઘટ અવસ્થાને છોડી માટી કપાલિકા બની ગઈ છે.' - આવી પ્રત્યભિજ્ઞા જોવા મળે છે." આ વાતને પણ પ્રસ્તુતમાં આગમાનુસારે જોડવી.

### ❀ દ્રવ્ય-પર્યાયમાં અભેદ ❀

(इत्थ.) આ રીતે દ્રવ્યનો કાલાન્તરમાં અનુગમ હોય અને દ્રવ્ય-પર્યાય વચ્ચે અભેદ હોય તો ઉત્પાદ -વ્યય પણ સંગત થાય. આ અભિપ્રાયથી **મેઘવિજયજી** ઉપાધ્યાયે **અર્હદ્ગીતા**માં જણાવેલ છે કે 'દ્રવ્યમાં અન્ય અવસ્થાનો ઉદય થવાથી ઉત્પાદ અને વ્યય સંગત થાય. કારણ કે અવસ્થા પોતાના આશ્રયથી ભિન્ન નથી કે સર્વથા આશ્રયશૂન્ય અવસ્થા નથી.' **તત્ત્વાર્થસૂત્ર**ની **રાજવાર્ત્તિક** વ્યાખ્યામાં **અકલંક** નામના દિગંબર આચાર્યે પણ જણાવેલ છે કે "કાર્યના સ્વરૂપમાં અને કારણના સ્વરૂપમાં કોઈ ભેદ રહેલ નથી. કાર્ય અને કારણ બન્ને એકાકાર જ છે. જેમ વાંકી આંગળીને કોઈ સીધી કરે તો પૂર્વની વક્ર આંગળીથી ઉત્તરકાલીન ઋજુ અંગુલીદ્રવ્યમાં કોઈ ભેદ નથી, તેમ કાર્ય-કારણમાં મૌલિક સ્વરૂપે અભેદ સમજવો. આ પ્રમાણે દ્રવ્યાર્થિકનયનું મંતવ્ય છે."

***एतेन*** कार्य-कारणयोः एकान्तेन भेदो विभागः पृथक्त्वञ्च ***निरस्तम्***। परेषामपि सम्मतमिदम्। तदुक्तं **माध्वाचार्येण द्वैतद्युमणौ** "दुग्धमेव दधि भवतीति प्रतीति-व्यवहारबलात् तद्विभागादेः बाधितत्वात्" (द्वै.द्यु.पृ.१७४)।

तदुक्तं **मीमांसाश्लोकवार्त्तिके कुमारिलभट्टेन** "तस्याप्यत्यन्तभिन्नत्वं न स्यादवयवैः सह।। व्यक्तिभ्यो जातिवच्चैव न निष्कृष्टः प्रतीयते।" (मी.श्लो.वा.वनवाद श्लो.७५-७६) इति। तद्वृत्तौ **न्यायरत्नाकरा**ऽभिधानायां **पार्थसारथिमिश्रेण** "तन्तव एव हि संयोगविशेषवशेन एकद्रव्यत्वमापन्नाः 'पटोऽयम्' इत्येकाऽऽकारया बुद्ध्या गृह्यन्ते। अतः अवस्थामात्रादेव अवयवेभ्योऽवयविनो भेदो न त्वत्यन्तभेद" (श्लो.वा.न्या.र.वृ.७५-७६) इति। यथोक्तं **पार्थसारथिमिश्रेण शास्त्रदीपिकायाम्** अपि "न हि तन्तुभ्यः शिरःपाण्यादिभ्यो वाऽवयवेभ्यो निष्कृष्टः पटो देवदत्तो वा प्रतीयते। तन्तु-पाण्यादयो अवयवा एव पटाद्यात्मना प्रतीयन्ते।.... तस्माद् अवयवानाम् एव अवस्थान्तरम् अवयवी, न द्रव्यान्तरम्। ते एव हि संयोगविशेषवशादेकद्रव्यताम् आपाद्यन्ते" (शा.दी.पृ. २१४) इति।

## ❋ એકાંત ભેદનું, વિભાગનું અને પૃથક્ત્વનું નિરાકરણ ❋

(**एतेन**.) ઉપરોક્ત વિસ્તૃત વિચારણા દ્વારા કાર્ય-કારણના અત્યંત ભેદનું નિરાકરણ થાય છે. તથા કાર્ય-કારણમાં અત્યંત વિભાગનું (= વિભક્તત્વનું) નિરસન થાય છે, તેમજ 'કાર્ય-કારણમાં એકાંતે પાર્થક્ય રહેલું છે' - તેવી માન્યતાનું પણ ખંડન થઈ જાય છે. આ વાત અન્યદર્શનકારોને પણ સંમત છે. તેથી જ **માધ્વાચાર્યે દ્વૈતદ્યુમણિ** નામના ગ્રંથમાં જણાવેલ છે કે "સર્વ લોકોને 'દૂધ જ દહીં થાય છે' - આવી પ્રતીતિ થાય છે, તથા તેવા પ્રકારનો વ્યવહાર પણ થાય છે. માટે સાર્વલૌકિક તથાવિધ પ્રતીતિ અને વ્યવહારના બળથી કાર્ય-કારણનો એકાંતે વિભાગ (= વિભક્તત્વ) વગેરે બાધિત થાય છે."

## ⁂ અવયવ-અવયવીમાં અભેદ : મીમાંસક ⁂

(**तदुक्तं**.) મીમાંસકમૂર્ધન્ય **કુમારિલ ભટ્ટે મીમાંસાશ્લોકવાર્ત્તિક** ગ્રંથમાં જણાવેલ છે કે "અવયવીનો પણ પોતાના અવયવોની સાથે અત્યંત ભેદ સંભવી ન શકે. જેમ (ઘટત્વાદિ જાતિથી વિશિષ્ટ એવી ઘટાદિ) વ્યક્તિથી ઘટત્વાદિ જાતિ અલગ પાડીને બતાવી શકાતી નથી. તેમ અવયવો કરતાં અલગ પડેલો અવયવી ક્યારે પણ જણાતો નથી." **પાર્થસારથિ મિશ્ર** નામના મીમાંસકે ઉપરોક્ત **મીમાંસાશ્લોકવાર્ત્તિકની ન્યાયરત્નાકર** નામની વ્યાખ્યામાં જણાવેલ છે કે "તંતુઓ જ સંયોગવિશેષવશ એકદ્રવ્યત્વને પામેલા છે એવું 'આ પટ છે' - આવા પ્રકારની તંતુઓ અને પટ વચ્ચે એકાકારનું અવગાહન કરનારી બુદ્ધિ દ્વારા જણાય છે. માટે અવયવો કરતાં અવયવીનો ભેદ કેવલ અવસ્થાવિશેષને લીધે જ છે. પરંતુ તેમાં અત્યંત ભેદ નથી રહેલો." **શાસ્ત્રદીપિકા** નામના ગ્રંથમાં પણ **પાર્થસારથિ મિશ્રે** જણાવેલ છે કે "તંતુઓથી જુદો પડેલો પટ જણાતો નથી. તથા મસ્તક, હાથ, પગ વગેરે અવયવોથી જુદો પડેલો દેવદત્ત દેખાતો નથી. પરંતુ તંતુ વગેરે અવયવો જ પટરૂપે જણાય છે. તથા મસ્તક, હાથ, પગ વગેરે અવયવો જ દેવદત્તસ્વરૂપે જણાય છે. માટે અવયવોની જ જુદા પ્રકારની અવસ્થા અવયવી બને છે. અવયવી અવયવો કરતાં જુદું દ્રવ્ય નથી. કર્તા દ્વારા સંયોગવિશેષવશ તે અવયવો (= તંતુઓ

स्वदर्शनसम्मतञ्चैतत्। तदुक्तं **श्रीहरिभद्रसूरिभिः आवश्यकनिर्युक्तिवृत्तौ** "परमाणव एव विशिष्टपरिणामवन्तो घटः" (आ.नि.६१२ वृ.पृ.१६५)। तदुक्तं **बृहत्कल्पभाष्यवृत्तौ** अपि पट-तन्तुस्थले "न कार्य-कारणयोः भेदः किन्तु अभेदः" (बृ.क.भा.४ वृ.) इति। तथा चावयवाऽवयविनोः द्रव्य-पर्याययोश्चाऽभेदः सिध्यति।

अवयवाऽवयविनोरेकान्तभेदनिराकरणावसरे **वाचस्पतिमिश्रेण ब्रह्मसूत्रशाङ्करभाष्यस्य भामत्यां** वृत्तौ "येषां पुनरत्यन्तव्यतिरिक्तमन्यदेव कारणात् कार्यं तेषां कारणतन्त्रत्वं कार्यस्य न प्राप्नोति। अंशुतन्त्रो हि तन्तुः तन्तुतन्त्रश्च पटः। न चाऽत्यन्ताऽन्यत्वेऽन्यतन्त्रत्वं दृष्टमन्यस्य, यथा मृत्पिण्डतन्त्रता न पटस्य तन्तूनां वा" (ब्र.सू.शा.भा. २/२/१७) इत्युक्तमित्यवधेयम्।

यच्च **तर्ककौमुद्यां लौगाक्षिभास्करेण** "यद् यतो भिद्यते तत् तस्य धर्मो न भवति, यथा गौरश्वस्य। धर्मश्च पटः तन्तूनाम्। तस्माद् नाऽर्थान्तरम्" (त.कौ.का.९) इत्युक्तम्, तच्चेत्थमूहनीयं यदुत यद् यं

---

અને હાથ, પગ વગેરે) જ એકદ્રવ્યતાને પમાડાય છે."

### ✱ અવયવ-અવયવીમાં અભેદ - શ્રીહરિભદ્રસૂરિજી ✱

**(स्व.)** 'અવયવોથી અવયવી સર્વથા ભિન્ન નથી' - આ બાબત જૈનદર્શનમાં પણ સંમત જ છે. તેથી **શ્રીહરિભદ્રસૂરિજીએ આવશ્યકનિર્યુક્તિવ્યાખ્યા**માં જણાવેલ છે કે 'વિશિષ્ટપરિણામવાળા પરમાણુઓ જ ઘટ છે.' આથી 'ઘટ અવયવભિન્ન નથી' - તેમ સિદ્ધ થાય છે. **બૃહત્કલ્પભાષ્યવૃત્તિ**માં પણ 'પટસ્વરૂપ કાર્ય અને તંતુસ્વરૂપ કારણ વચ્ચે ભેદ નહિ પણ અભેદ છે' - તેમ દર્શાવેલ છે. ઘટ-પટ અવયવી પણ છે, પર્યાય પણ છે. તથા પરમાણુઓ-તંતુઓ અવયવ છે, દ્રવ્ય છે. તેથી ઉપરોક્ત કથન દ્વારા નક્કી થાય છે કે 'અવયવ-અવયવી વચ્ચે તથા દ્રવ્ય-પર્યાય વચ્ચે અભેદ છે.'

### અવયવ-અવયવી અભેદ : શંકરાચાર્ય

**(अवयवा.)** અવયવ-અવયવીના એકાન્તભેદનું નિરાકરણ કરવાના અવસરે **બ્રહ્મસૂત્ર શાંકરભાષ્ય**ની **ભામતી** વ્યાખ્યામાં **વાચસ્પતિમિશ્રજી**એ જણાવેલ છે કે "જેઓના મતે કારણ કરતાં કાર્ય અત્યન્ત ભિન્ન જ છે તેઓના મતે કાર્ય કારણને પરતંત્ર નહિ બની શકે. પરંતુ લોકમાં તો દેખાય છે કે કાર્ય પોતાના કારણને પરતંત્ર હોય છે. જેમ કે તંતુ (= કાર્ય) પોતાના અવયવ અંશુને (= વીરણને) આધીન છે. તથા પટ(= કાર્ય) પોતાના કારણ તંતુને આધીન છે. જે બે પદાર્થ પરસ્પર અત્યન્ત જુદા હોય તેમાંથી એક પદાર્થ બીજા પદાર્થને પરતંત્ર જ હોય તેવું ક્યાંયે જોવા મળતું નથી. જેમ કે પટ કે તંતુ ક્યારેય મૃત્પિંડને આધીન હોતા નથી." અવયવ-અવયવીના અત્યન્ત ભેદની અસંગતતાને જણાવનાર અદ્વૈતવાદી **શંકરાચાર્ય**ની આ વાત પણ ખ્યાલમાં રાખવા યોગ્ય છે.

### ❖ લૌગાક્ષિભાસ્કરમત વિચાર ❖

**(यच्च.)** **લૌગાક્ષિભાસ્કર** નામના મીમાંસક વિદ્વાન **તર્કકૌમુદી** નામના ગ્રંથમાં જણાવે છે કે "જે જેનાથી અત્યન્ત ભિન્ન હોય તે તેનો ગુણધર્મ (= આશ્રિત) બની ન શકે. જેમકે ગાય ઘોડાથી અત્યંત ભિન્ન હોવાથી ઘોડાનો ગુણધર્મ બનતી નથી. પરંતુ પટ તો તંતુઓનો ધર્મ છે. તંતુનું કાર્ય હોવાથી પટ તંતુમાં આશ્રિત છે. માટે પટ તંતુ કરતાં કોઈ સ્વતંત્ર દ્રવ્ય નથી." **લૌગાક્ષિભાસ્કર**ની આ વાત

विना स्वातन्त्र्येण उपलभ्यते तत् तस्य धर्मो भवितुं नाऽर्हति। यद्यपि गौः अश्वमुपस्पृश्य तिष्ठति अश्वे वा गौः निषीदति कदाचित् तथापि गौः नाश्वधर्मो भवति, नाश्वाऽऽश्रिता भवति, तं विना तस्याः स्वातन्त्र्येणोपलब्धेः। पटस्तु न तन्तुव्यतिरेकेणाऽवतिष्ठते, आतान-वितानावस्थावर्तितन्तुषु सत्सु एव तदुपलब्धेः। अतः पटः तन्त्वाश्रितः तन्तुधर्मतया व्यपदिश्यत इति।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'द्रव्याद् गुण-पर्याया अभिन्ना' इति राद्धान्तं विज्ञाय आत्महानपरिहारप्रयत्नवत् स्वकीयदया-दान-दमनादिसद्गुण-शिष्टत्व-सदाचारित्व-धार्मिकत्वादिपवित्रपर्यायप्रहाणपरित्यागकृते आदित एव यतितव्यम्। अग्रेतनदशायां तु सम्यग्दर्शनादिसद्गुण-विरतत्वादिपावनपर्यायहानिपरिहाराय यतितव्यम्, तन्नाशे स्वात्मनोऽपि तदभिन्नत्वेन नाशात्। ततश्च शुद्धगुण-पर्यायप्रकर्षे एव [1]"कम्ममलविप्पमुक्को उड्ढं लोगस्स अंतमधिगंता। सो सव्वणाण-दरिसी लहदिं सुहमणिंदियमणंतं।।" (प.का.२८) इति **पञ्चास्तिकाये कुन्दकुन्दस्वामि**दर्शितं मोक्षसुखं सुलभमित्यवधेयम् ।।३/३।।

એ રીતે ચિન્તન કરવા યોગ્ય છે કે જે જેના વિના સ્વતન્ત્ર રીતે ઉપલબ્ધ થાય તે તેનો ગુણધર્મ બની ન શકે. ગાય ઘોડાને સ્પર્શીને ઉભી રહી શકે અથવા તો ક્યારેક ગાય ઘોડા ઉપર બેસી શકે છે. તેમ છતાં ગાય ઘોડાનો ગુણધર્મ (= આશ્રિત) બની શકતી નથી. કારણ કે ઘોડા વિના ગાય સ્વતંત્ર રીતે રહી શકે છે. જ્યારે પટ તંતુ કરતાં સ્વતંત્ર રહી શકતો નથી. પટના અવયવભૂત તંતુઓને બાળી નાંખવામાં આવે તો પટની ઉપલબ્ધિ થઈ શકતી નથી. પરંતુ આતાન-વિતાન અવસ્થામાં રહેલા તંતુ હાજર હોય તો જ તેમાં પટ દેખાય છે. માટે પટ તંતુને આશ્રિત કહેવાય, તંતુનો ગુણધર્મ કહેવાય. ધર્મ ધર્મી વિના કદાપિ રહી ન શકે અને રહે તે તેના ધર્મ ન કહેવાય. માટે ગાય ઘોડાનો ગુણધર્મ ન કહેવાય. પરંતુ પટ તન્તુનો ગુણધર્મ કહેવાય - આમ વિચારવું.

### ❊ અભેદનયનું ઉચિત આલંબન ❊

**[illegible] ઉપનય** :- 'ગુણ-પર્યાય દ્રવ્યથી અભિન્ન છે' - આ વાત આધ્યાત્મિક દૃષ્ટિએ એ રીતે ઉપયોગી છે કે જેમ માણસ પોતાનો (= આત્મદ્રવ્યનો) નાશ ન થાય તેની કાળજી રાખે છે તેમ દયા, ઈન્દ્રિયદમન, દાન આદિ પોતાના નિર્મળ ગુણો અને શિષ્ટજનત્વ, સદાચારિત્વ, ધર્મિષ્ઠતા આદિ નિર્મળ પર્યાયો નાશ ન પામી જાય તેની પ્રાથમિક તબક્કાથી જ જાગૃતિ રાખવી જોઈએ. તથા આગળ વધતાં સમ્યગ્દર્શન આદિ શુદ્ધ ગુણો તથા દેશવિરતત્વ, સંયતત્વ આદિ પોતાના નિર્મળ પર્યાયની હાનિ ન થાય તે માટે સાવધાની રાખવી જોઈએ. કારણ કે આત્મા પોતાના ગુણ-પર્યાયથી અભિન્ન હોવાથી શુભ કે શુદ્ધ ગુણ-પર્યાયનો નાશ થતાં તે સ્વરૂપે પોતાનો પણ નાશ થાય છે. તેથી ખાસ ખ્યાલમાં રાખવું કે આત્માના શુદ્ધગુણ અને શુદ્ધપર્યાય પ્રકર્ષ પામે ત્યારે જ **પંચાસ્તિકાય**માં દર્શાવેલ મોક્ષસુખ સુલભ થાય. ત્યાં **કુંદકુંદસ્વામી**એ જણાવેલ છે કે 'કર્મમલથી વિપ્રમુક્ત બનેલ, લોકના ઊર્ધ્વ છેડાને પામીને સર્વજ્ઞ-સર્વદર્શી તે સિદ્ધાત્મા અતીન્દ્રિય અનન્ત સુખને મેળવે છે.' (૩/૩)

1. कर्ममलविप्रमुक्तः ऊर्ध्वं लोकस्य अन्तम् अधिगम्य। स सर्वज्ञान-दर्शी लभते सुखमनिन्द्रियमनन्तम्।।

વલી, ▸એકાંત ભેદઈ◂ બીજું⊠ બાધક *વચન કહઈ છઈ -

**ખંધ-દેશ ભેદઈ હુઇ જી, ♦બિમણી ગુરુતા રે ખંધિ⊠;**

**પ્રદેશગુરુતા પરિણમઈ જી, ખંધ અભેદહ ⊛બંધ રે ॥૩/૪॥ (૨૯) ભવિકા.**

*ગુણ-ગુણીને ભેદ માનીઈં તિવારિ અવયવાવયવીને પણિ ભેદ જ માનવો હુઈ.* ❐**ખંધ** કહિયઈ અવયવી, **દેશ** કહિયઈ અવયવ; એહોનઈ (**ભેદઈ**=) જો ભેદ માનિયઈ તો બિમણો ભાર (=**બિમણી ગુરુતા**) **ખંધમાંહિ** (**હૂઈ**=) થયો જોઈયઇ. જે માટઈ શતતંતુના પટમાંહિ શતતંતુનો✡ જેટલો ભાર, તેટલો

अवयवाऽवयविनोः एकान्तभेदपक्षे बाधकान्तरमुपदर्शयति – '**स्कन्धे**'ति।

**स्कन्ध-देशविभेदे स्यात् स्कन्धे द्विगुणगौरवम्।**

**तयोरभेदसम्बन्धे प्रदेशगुरुताननतिः ।।३/४।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – स्कन्ध-देशविभेदे स्कन्धे द्विगुणगौरवं स्यात्। तयोः अभेदसम्बन्धे प्रदेशगुरुताननतिः (सम्भवेत्)।।३/४।।

एकान्तभेदवादिना नैयायिकादिना गुण-गुणिनोः भेदाभ्युपगमे अवयवावयविनोरपि भेदस्य तन्मते न्यायप्राप्तत्वम्। तथा च तन्निराकरणमपि यौक्तिकम्। तथाहि – **स्कन्ध-देशविभेदे** = अवयव्यवयवयोरेकान्तेन भेदे स्वीक्रियमाणे सति **स्कन्धे** = अवयविनि **द्विगुणगौरवं स्यात्**। तथा च शततन्तुके पटे पटगुरुत्वं शततन्तुगुरुत्वञ्च स्याताम्, पट-तन्तूनामेकान्तेन भिन्नत्वाभ्युपगमात्। पटे तद्भिन्नं तत्तुल्य-

**અવતરણિકા** :- અવયવ-અવયવીનો અત્યન્ત ભેદ માનવામાં અન્ય દોષને ગ્રંથકારશ્રી જણાવે છે :-

### ❀ બમણા ભારની નૈયાયિકને સમસ્યા ❀

**શ્લોકાર્થ** :- સ્કન્ધનો (= અવયવીનો) અને દેશનો (= અવયવનો) અત્યન્ત ભેદ માનવામાં આવે તો સ્કંધમાં બમણી ગુરુતા (= ભારેપણું) આવશે. જો તે બન્નેનો અભેદ માનવામાં આવે તો પ્રદેશનું ગુરુત્વ સ્કન્ધના ગુરુત્વરૂપે પરિણમે. (૩/૪)

**વ્યાખ્યાર્થ** :- એકાન્તભેદવાદી નૈયાયિક વગેરે ગુણ-ગુણીનો ભેદ માનતા હોય તો અવયવ-અવયવીનો ભેદ તેમના મતે ન્યાયસંગત બનશે. તેથી તેનું નિરાકરણ કરવું પણ યુક્તિસંગત જ છે. તે નિરાકરણ આ રીતે સમજવું. સ્કન્ધ (= પટાદિ અવયવી) અને દેશ (= તંતુ આદિ અવયવો) વચ્ચે અત્યંત ભેદ સ્વીકારવામાં આવે તો અવયવીમાં બમણો ભાર (= વજન) થવો જોઈએ. જેમ કે નૈયાયિકમત મુજબ સો તન્તુથી બનેલો પટ તંતુમાં રહેલ છે અને તંતુથી એકાંતે ભિન્ન છે. આથી પટને ત્રાજવામાં જોખવામાં આવે ત્યારે પટનું વજન અને સો તંતુનું વજન આમ બન્નેનો ભાર આવવાથી પટનું વજન

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯+૧૨)+ આ.(૧)માં છે. ⊠ કો.(૧૩)માં 'દૂષણાંતર' પાઠ. * પુસ્તકોમાં 'વચન' નથી. કો.(૧૧)માં છે. ♦ બિમણી = બમણી, દ્વિગુણી, Double (આધારગ્રંથ **કાદંબરી**- પૂર્વભાગ) ⊠ લી.(૧+૨)માં 'ખંધ' પાઠ. ⊛ **પાઠાં**૦ સંબંધિ. ભા૦ કો.(૬)માં 'સંબંધ' પાઠ. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧) + કો. (૯+૧૩) +સિ.માં છે. ❐ કો.(૧૩)માં 'તિવારે ખંધ-દેશભેદે બિમણો ભાર થયો જોઈઈ' પાઠ. ✡ કો.(૧૦+૧૧)+લા.(૨)માં 'તંતુમાં' પાઠ.

પટમાંહિ પણિ જોઈયઈ.

☼અનઈ જે કોઈ ***નવા નૈયાયિક*** ઈમ કહઈ છઈ જે "અવયવના ભારથી અવયવીનો ભાર અત્યંત હીન છઈ", તે માટઈ તેહનઈ મતઈ "દ્વિપ્રદેશાદિક ખંધમાંહઈ કિહાંઇ ઉત્કૃષ્ટ ગુરુતા ન થઈ જોઈઇ. જે માટઈ દ્વિપ્રદેશાદિક ખંધઈ એકપ્રદેશાદિકની અપેક્ષાઇં અવયવી છઈ.

---

गुरुत्ववन्तं घटं निधाय तुलायामारोपिते सति पटे द्विगुणगुरुत्ववद् इदमवसेयम्। न चैवं भवति। तस्मात् तन्तु-पटयोरभेद एव कथञ्चित् स्वीकर्तव्यः।

नव्यनैयायिकस्तु 'अवयवगुरुत्वतोऽवयविगुरुत्वमत्यन्तहीनमिति नाऽवयविनि द्विगुणगुरुत्वापत्ति'-रित्याह।

तन्मते द्विप्रदेशादिके स्कन्धे द्व्यणुकाद्यभिधाने कदाचिदपि परमाणुगुरुत्वतो गुरुत्वाऽऽधिक्यं न स्यात्, एकप्रदेशादिकावयवापेक्षया द्विप्रदेशादिकस्कन्धस्याऽवयवित्वात्, अवयविनि चावयवगुरुत्व-तोऽत्यन्तहीनगुरुत्वाभ्युपगमात्। इत्थञ्च पटादावपि परमाणुगुरुत्वतो गुरुत्वाधिक्यं नैव स्यादिति महत्सङ्कटमायुष्मतः।

---

બમણું થવું જોઈએ. જે રીતે પટથી અત્યન્ત ભિન્ન અને પટતુલ્ય વજન ધરાવતા ઘડાને પટમાં મૂકીને ત્રાજવામાં જોખવામાં આવે તો પટમાં બમણો ભાર જોવા મળે છે તેમ પ્રસ્તુતમાં પટ અને તંતુ બન્નેનો ભાર પટમાં જણાવો જોઈએ. પરંતુ તેવું જોવા મળતું નથી. માટે પટ અને તંતુ વચ્ચે કથંચિત્ અભેદ માનવો જોઈએ.

### ❀ અવયવભાર કરતાં અવયવીનો ભાર અત્યંત હીન : નવ્ય નૈયાયિક ❀

(**नव्य.**) અવયવ-અવયવીમાં અત્યન્ત ભેદને સ્વીકારવામાં જે ઉપરોક્ત દોષ આવે છે તેનું વારણ કરવા માટે નવ્ય નૈયાયિકો એવું કહે છે કે "અવયવના ભારથી અવયવીનો ભાર અત્યન્ત હીન છે. માટે અવયવીમાં બમણો ભાર થવાની આપત્તિને પ્રસ્તુતમાં કોઈ અવકાશ નથી."

### ✡ નવ્ય નૈયાયિકમત નિરાકરણ : સ્યાદ્વાદી ✡

(**तन्मते.**) પરંતુ તેવું માનવામાં આવે તો તેના મતમાં દ્વિપ્રદેશિક (= બે અણુથી બનેલ અને બે અણુમાં રહેલ) દ્વ્યણુક નામના સ્કન્ધમાં ક્યારેય પણ પરમાણુના ભારથી અધિક ભાર આવી નહિ શકે. કારણ કે એકપ્રદેશિક અવયવ (= પરમાણુ) ની અપેક્ષાએ દ્વિપ્રદેશિક સ્કન્ધ અવયવી છે. તથા તમે નવ્ય નૈયાયિકો તો અવયવીનો ભાર અવયવના ભારથી અત્યંત હીન હોય છે - તેવું માનો છો. માટે પરમાણુના ભારથી દ્વ્યણુકનો ભાર કદાપિ અધિક ન હોઈ શકે. આ જ રીતે આગળ વિચારીએ તો ત્ર્યણુકનો ભાર દ્વ્યણુક કરતાં વધારે ન હોય. ત્ર્યણુક કરતાં ચતુરણુકનો ભાર વધુ ન હોય. અર્થાત્ ત્ર્યણુક, ચતુરણુક વગેરેનો ભાર પરમાણુના ભાર કરતાં વધારે ન સંભવે. આ રીતે આગળ વધતાં તંતુઓ અને પટનો ભાર પણ પરમાણુના ભાર કરતાં અધિક ન હોઈ શકે. આ એક મોટું સંકટ નવ્યનૈયાયિકના મતમાં આવી પડશે.

---

☼...☼ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ આ.(૧) + સિ.+કો.(૯)માં નથી.

અનઈં પરમાણુમાંહઈં જ ઉત્કૃષ્ટ ગુરુત્વ માનિયઈં તો રૂપાદિક વિશેષ પણિ †પરમાણુમાંહઈં માન્યાં જોઈઇં, દ્વિપ્રદેશાદિકમાંહઈં ન માંન્યાં જોઈઇં."✡

---

***न च*** परमाणावेवोत्कृष्टगुरुत्वाऽङ्गीकारान्नेयमापत्तिरिति ***वाच्यम्,***

एवं सति उत्कृष्टगुरुत्ववद् रूपादिविशेषगुणोऽपि परमाणावेवाऽभ्युपगम्यताम्, न तु द्विप्रदेशादिके स्कन्धे इति नवीनं महत्कष्टमायुष्मतः।

वस्तुतः परमाणावेवोत्कृष्टगुरुत्वनियमनाय तत्तदन्त्यावयवित्वेन उत्कृष्टगुरुत्वं प्रति प्रतिबन्धकतायाः अपकृष्टगुरुत्वं प्रति च कारणतायाः कथनीयत्वाद् महद् गौरवं भवेत्।

इदमेवाऽभिप्रेत्योक्तं **स्याद्वादकल्पलतायां** प्रथमस्तबके **यशोविजयवाचकोत्तमैः** "शतमाषकेभ्यः शतमाषकाऽऽरब्धावयविनि गुरुत्वाऽऽधिक्यादवनतिविशेषः स्यात्।

---

### ❯ પરમાણુમાં ઉત્કૃષ્ટ ગુરુત્વ : નવ્ય નૈયાયિક ❯

[illegible] :- (न च.) અમે તો પરમાણુમાં જ ઉત્કૃષ્ટ ગુરુત્વ માનીએ છીએ. માટે પટનું વજન કરવામાં આવે તો પટ અત્યન્ત હળવો થઈ જવાની આપત્તિ નહીં આવે. પરમાણુ સ્વયં જ વજનદાર હોય તો પછી પટ વજનદાર હોય એમાં નવાઈ શી ?

### ❋ અવયવી નીરૂપ થવાની આપત્તિ ❋

[illegible] :- (एवं.) જો આવું તમારે માનવું હોય તો ઉત્કૃષ્ટભારની જેમ રૂપાદિ વિશેષગુણ પણ પરમાણુમાં જ સ્વીકારો. દ્વિપ્રદેશાદિક સ્કન્ધમાં (દ્વ્યણુક, ત્ર્યણુક વગેરેમાં) રૂપાદિ વિશેષગુણને માનવાની જરૂર નહિ રહે. અને આ રીતે માનવામાં આવશે તો અવયવી પટાદિ નીરૂપ, નીરસ વગેરે થવાની બીજી એક નવી મોટી આફત નવ્યનૈયાયિકને આવશે.

**(वस्तु.)** વાસ્તવમાં તો પરમાણુમાં જ ઉત્કૃષ્ટ ગુરુત્વનું નિયમન કરવા માટે નવ્યનૈયાયિકે તે તે અંત્ય અવયવીસ્વરૂપે ઉત્કૃષ્ટ ગુરુત્વ પ્રત્યે પ્રતિબંધકતા માનવી પડશે તથા અપકૃષ્ટગુરુત્વ પ્રત્યે તે જ સ્વરૂપે કારણતા માનવી પડશે. આ રીતે માનવામાં તો મોટું ગૌરવ નવ્યનૈયાયિકમતમાં લાગુ પડશે.

### ❋ અવનમનવિશેષ વિચાર ❋

(इद.) આ અભિપ્રાયથી જ **સ્યાદ્વાદકલ્પલતા**માં પ્રથમ સ્તબકમાં મહોપાધ્યાય **શ્રીયશોવિજયજી** મહારાજે જણાવેલ છે કે "સો માસાના (પાંચ રતિ વજન = એક માસો) વજનવાળા દ્રવ્યકણોથી જો એક અતિરિક્ત અવયવીની ઉત્પત્તિ થતી હોય તો શતમાષભારવાળા અવયવોથી બનેલા અવયવીમાં સો માસાના વજન કરતાં અધિક વજન થશે. એક તો અવયવીનો ભાર અને તેના અવયવભૂત દ્રવ્યકણોનો ભાર. આમ ઉભયનું મિલિતગુરુત્વ કેવલ અવયવોના ગુરુત્વ (= ભાર) કરતાં અધિક હશે. ફલતઃ ત્રાજવાનાં એક પલ્લામાં છૂટા છવાયા સો માસાઓ મૂકવામાં આવે અને બીજા પલ્લામાં શતમાષ અવયવી મૂકવામાં આવે તો અવયવીવાળું પલ્લું નીચે ઝૂકી જવું જોઈએ. કારણ કે નૈયાયિકમતે અવયવો કરતાં અવયવી ભિન્ન હોવાથી અવયવીવાળા પલ્લામાં અવયવી અને અવયવો બન્નેનું વજન હોવું જોઈએ.

---

† ધ.માં 'પરમાંહે' પાઠ. ✡...✡ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ આ.(૧) + સિ.+કો.(૯)માં નથી.

न च अवयविनि अत्यन्ताऽपकृष्टगुरुत्वस्वीकाराद् गुरुतरद्रव्ययोः समयोः उत्तोलने एकत्र संलग्नतृणादिगुरुत्वाऽऽधिक्याद् अवनतिवद् उपपत्तिः।

तत्तदन्त्यावयवित्वेन अत्यन्तापकृष्टगुरुत्वहेतुत्वे उत्कृष्टगुरुत्वप्रतिबन्धकत्वे च गौरवाद्" (स्या.क.ल.१/५०, पृ.१६०) इति।

इदमत्राकूतम् – अखिलाऽचरमावयविगुरुत्वेभ्यः चरमावयविद्रव्यगुरुत्वमुत्कृष्टं न भवतीति सर्वलोकप्रसिद्धम्। ततश्चावयवाऽवयविनोः सर्वथाभेदमभ्युपगच्छता नैयायिकेन तदुपपत्तिकृते एवं वक्तव्यं यदुत अत्यन्तापकृष्टगुरुत्वं प्रति अन्त्यावयवित्वेन कारणता उत्कृष्यमाणगुरुत्वं प्रति च तथाविधप्रतिबन्धकता। इत्थमेव अवयवगुरुत्वादतिरिक्तान्त्यावयविगुरुत्वे द्विगुणत्वापत्तिः परिहर्त्तुं शक्या।

किन्तु एवं सति अन्त्यावयविनि तादृशकारणत्व-प्रतिबन्धकत्वे अन्त्यावयवित्वे च तादृशकारण-

---

### ⊛ અવયવીમાં અપકૃષ્ટ ગુરુત્વ : નવ્યનૈયાયિક ⊛

**નવ્ય નૈયાયિક** :- (न च.) અવયવોથી અતિરિક્ત એવા અવયવીનો ભાર અવયવોના ભારથી અત્યંત અપકૃષ્ટ હોય છે. માટે જે રીતે સમાન વજનવાળા બે ભારેખમ દ્રવ્યોને ત્રાજવામાં સામ-સામેના પલ્લામાં જોખવામાં આવે અને તે સમયે તે બે દ્રવ્યમાંથી એક દ્રવ્યમાં અત્યન્ત અપકૃષ્ટ વજનવાળા ક્ષુદ્ર તૃણાદિ દ્રવ્યનો સંપર્ક થવાથી તે પલ્લામાં ભાર કૈંક અંશે અધિક થવા છતાં પણ ત્રાજવાના બન્ને પલ્લાની અવનતિમાં (ઝૂકવામાં) કોઈ તફાવત પડતો નથી. પરંતુ બન્ને પલ્લા સમાન જ રહે છે. બરાબર તે જ રીતે અત્યંત અપકૃષ્ટ ગુરુત્વના આશ્રયભૂત અવયવીના સાહચર્યના લીધે અવયવીયુક્ત અવયવો ત્રાજવાના જે પલ્લામાં રહેલા છે તે પલ્લામાં ભાર અધિક હોવા છતાં પણ ત્રાજવાના બીજા પલ્લામાં રહેલા કેવલ અવયવોની સાથે તોલવામાં આવે તો અવયવીયુક્ત પલ્લું અને કેવલ અવયવવાળું પલ્લું બન્ને સમાન જ રહેશે.

### ❉ નવ્ય નૈયાયિક મતમાં ગૌરવ ❉

**સ્યાદ્વાદી** :- (तत्त.) અવયવીમાં અત્યન્ત અપકૃષ્ટ ગુરુત્વ માનવાની ઉપરોક્ત વાત બરોબર નથી. કારણ કે તે તે અંતિમ અવયવીને વિશેષરૂપે અત્યંત અપકૃષ્ટ ગુરુત્વના કારણ તરીકે અને ઉત્કૃષ્ટ ગુરુત્વના પ્રતિબંધક તરીકે માનવામાં આવે તો જ તમારી વાત સંગત બને. પરંતુ આવું માનવામાં ગૌરવ છે.

(इदम.) અહીં તાત્પર્ય એ છે કે તમામ અવયવો (= અચરમ અવયવી દ્રવ્યો) ના કુલ વજન કરતાં અંતિમ અવયવી દ્રવ્યનું વજન વધુ નથી હોતું. આ હકીકત સર્વજનવિદિત છે. તેથી અવયવો કરતાં અવયવીને એકાંતે ભિન્ન માનવામાં આવે તો ઉપરોક્ત દ્વિવિધ હકીકતની સંગતિ કરવા માટે નૈયાયિક લોકોએ એવું કહેવું પડશે કે અંત્યઅવયવિત્વરૂપે અંતિમ અવયવી દ્રવ્ય અત્યંત અપકૃષ્ટ ગુરુત્વનું કારણ છે. તથા દ્વયણુક, ત્ર્યણુક, ચતુરણુક.....યાવત્ તંતુ-કપાલ આદિ અચરમ અવયવીમાં જે ક્રમથી ગુરુત્વ ઉત્કૃષ્ટ થઈ રહેલું છે તે ક્રમથી ઉત્પન્ન થઈ શકે તેવા ઉત્કૃષ્ટ ગુરુત્વ પ્રત્યે અંતિમ અવયવી દ્રવ્ય પ્રતિબંધક છે. આવું માનવામાં આવે તો જ અવયવોના વજન કરતાં અતિરિક્ત અવયવી દ્રવ્યનું વજન બમણું થવાની આપત્તિનો પરિહાર નૈયાયિક લોકો કરી શકે.

### ❋ નવ્યનૈયાયિકમતે ચાર નવી કલ્પનાનું ગૌરવ ❋

(किन्तु.) પરંતુ આ રીતે માનવામાં (૧) અત્યંત અપકૃષ્ટ ગુરુત્વની કારણતા અને (૨) ઉત્કૃષ્ટ

तावच्छेदकत्व-प्रतिबन्धकतावच्छेदकत्वे कल्पनीये इति नैयायिकपक्षे गौरवम्। किञ्च, अन्त्यावयवित्व-मपि परिवर्तनशीलम्, यतः द्वितन्तुकपटलक्षणान्त्यावयविसमुत्पादानन्तरं तत्रैवैकदीर्घतन्तुप्रवेशेन कुविन्दः कदाचित् त्रितन्तुकपटमुत्पादयति, क्वचित् तत्रैवैकतन्तुप्रवेशेन चतुष्तन्तुकपटं निष्पादयतीति।

अनया रीत्या अन्त्यावयविपरम्परा सुदीर्घा सम्पद्यते इति अन्त्यावयवित्वस्याऽनवस्थितत्वात् तादृशकारणता-प्रतिबन्धकते अपि अनवस्थिते। इत्थं नानाकारणता-प्रतिबन्धकतानियामकतया तत्तदन्त्यावयवित्वकक्षीकारेऽपरिमिततथाविधकारणता-तदवच्छेदक-तादृशप्रतिबन्धकता-तदवच्छेदककल्पनया महागौरवमापद्येत नैयायिकमते। अतः अवयवेभ्यः सर्वथाऽतिरिक्तावयविकल्पनमनुचितमेवेति।

तदुक्तं **धर्मकीर्त्तिना**ऽपि **प्रमाणवार्त्तिके** "अविशिष्टस्य चान्यस्य साधने सिद्धसाधनम्। गुरुत्वाधोगती

ગુરુત્વની પ્રતિબંધકતા તેમજ (૩) તાદશ કારણતાઅવચ્છેદક ધર્મ અને (૪) તથાવિધ પ્રતિબંધકતાઅવચ્છેદક ધર્મ - આમ ચાર નવીન કલ્પના કરવાનું ગૌરવ નૈયાયિક મતમાં આવશે. અર્થાત્ અંત્ય અવયવીમાં (૧) તાદશ કારણતા અને (૨) તથાવિધ પ્રતિબંધકતા આમ બે ગુણધર્મની કલ્પના કરવી પડશે. તથા અંત્ય અવયવિત્વમાં (૩) તાદશ કારણતાઅવચ્છેદકતા અને (૪) તથાવિધ પ્રતિબંધકતાઅવચ્છેદકતા નામના બે ગુણધર્મોની કલ્પના કરવાનું ગૌરવ નૈયાયિકમતમાં આવી પડશે. વળી, કલ્પનાગૌરવની આ કરુણ કથની આટલેથી અટકતી નથી. કેમ કે અંતિમ અવયવી પણ નિયત નથી હોતા. દ્વિતંતુક પટ સ્વરૂપ અંત્ય અવયવી તૈયાર થયા બાદ વણકર તે જ પટમાં ત્રીજો એક તંતુ ઉમેરીને ત્રિતંતુક પટ બનાવે તેવું પણ સંભવે. તેથી પૂર્વતન દ્વિતંતુક પટ અંતિમ અવયવી તરીકે રહેવાના બદલે અચરમ અવયવી બનશે તથા ત્રિતંતુક પટ ચરમ અવયવી દ્રવ્ય બનશે. ફરી તે જ પટમાં એક તંતુ ઉમેરીને વણકર ચતુષ્તંતુક પટ બનાવે તો ત્રિતંતુક પટ ચરમ અવયવી તરીકે રહેવાના બદલે અચરમ અવયવી બનશે અને ચતુષ્તંતુક પટ ચરમ અવયવી બનશે.

**(अनया.)** આ પ્રક્રિયા મુજબ એક એક તંતુ ઉમેરતાં કલ્પના બહાર અંતિમ અવયવીની પરંપરા લંબાવી શકાશે. આમ આપણે જોઈ શકીએ છીએ કે અંત્ય અવયવિત્વ નામનો તાદશ કારણતાઅવચ્છેદક ધર્મ અને તથાવિધ પ્રતિબંધકતાઅવચ્છેદક ધર્મ સતત પરિવર્તનશીલ હોવાથી તાદશ કારણતા અને તથાવિધ પ્રતિબંધકતા પણ પરિવર્તનશીલ બની જશે. તેથી તે તે જુદી જુદી કારણતાના અને પ્રતિબંધકતાના નિયામક રૂપે તત્ તદ્ અંત્ય અવયવિત્વનો સ્વીકાર કરવો પડશે. તથા આવા તત્ તદ્ અંત્ય અવયવિત્વ નામના ગુણધર્મો તો અપરિમિત બની જશે. આમ અપરિમિત કલ્પનાતીત તાદશ કારણતા, કારણતાઅવચ્છેદક ગુણધર્મો, તથાવિધ પ્રતિબંધકતા અને પ્રતિબંધકતાઅવચ્છેદક ગુણધર્મોની કલ્પના કરવાનું મહાગૌરવ નૈયાયિકના મતમાં અપરિહાર્ય બનશે. માટે અવયવો કરતાં સર્વથા અતિરિક્ત અવયવીની કલ્પના કરવી જરા પણ ઉચિત લાગતી નથી.

## ❀ અવયવ-અવયવી અભેદ : ધર્મકીર્તિ ❀

**(तदुक्तं.)** **ધર્મકીર્ત્તિ** નામના બૌદ્ધ વિદ્વાને પણ **પ્રમાણવાર્ત્તિક** નામનાં ગ્રંથમાં જણાવેલ છે કે "અવયવો કરતાં અવિશિષ્ટ ( = અભિન્ન) એવા અવયવીને સાધવા માટે તમે જો પ્રયત્ન કરતા હો તો તમને

स्यातां यद्यस्य स्यात् तुलानतिः ।।" (प्र.वा.४/१५४) इति।

अस्याः कारिकाया **मनोरथनन्दिवृत्ति**लेशस्त्वेवम् "अवयविनो गुरुत्वं गुणः अधोगतिश्च कर्म यदि स्याताम् तदा मृदादिखण्डयोः सहतोलितयोः यावती तुलानतिः गौरववशाद् दृष्टा ततोऽधिका तुलानतिः स्यात्। यदा तयोर्मृदादिखण्डयोः संयोगे सति द्रव्यान्तरमुत्पद्यते तदा तयोः पूर्वावस्थितयोः पूर्वावस्थितं गौरवं तदोत्पन्नस्य च द्रव्यस्य अधिकगौरवविशेषात् तुलानतिविशेषो दृश्येत। न चैवम्। तस्मान्न तत्र कार्यद्रव्यसम्भवः" (प्र.वा.४/१५४ मनो.वृ.पृ.४१२) इति।

परमाणुपुञ्जातिरिक्तावयविनोऽनभ्युपगमाद् वैभाषिकादिबौद्धैः अतिरिक्तावयविकक्षीकर्तृनैयायिकमतं निराक्रियते इति अवयवावयविनोः कथञ्चिदभेदवादिनोऽनेकान्तवादिनोऽनुकूलत्वाद् **धर्मकीर्त्युक्ति**रत्र संवादरूपेणोद्धृतेत्यवधेयम्।

---

નૈયાયિકને સિદ્ધસાધન નામનો દોષ લાગુ પડશે. કારણ કે અવયવોથી અનતિરિક્ત (= અભિન્ન) અવયવી અમારા મતે પ્રમાણથી સિદ્ધ (= પ્રસિદ્ધ) જ છે અને તેને તમે સિદ્ધ કરવાનો પ્રયત્ન કરી રહ્યા છો. પ્રતિવાદીના મતે જે વસ્તુ સિદ્ધ હોય તેને સાધવાનો પ્રયત્ન જ્યારે વાદી કરે ત્યારે વાદીને સિદ્ધસાધન નામનો દોષ લાગુ પડે છે. તથા અવયવોમાં જો ગુરુત્વ નામનો ગુણ અને અધોગતિ નામની ક્રિયા જો તમે માનતા હો તો પછી ભાર વધી જવાથી અવયવીનું પલ્લુ વિશેષ રીતે નીચું ઝૂકી જશે. કેમ કે તેમાં અવયવો સહિત અવયવી વિદ્યમાન છે."

## ❋ મનોરથનંદી આચાર્યનો મત ❋

(**अस्याः**.) પ્રસ્તુત શ્લોકની **મનોરથનંદી** વૃત્તિમાં નીચે પ્રમાણે છણાવટ કરી છે : "જો અવયવી અતિરિક્ત હોય અને તેના લીધે અતિરિક્ત અવયવીમાં ગુરુત્વ નામનો ગુણ હોય અને અવયવીના ભારને લીધે અધોગમન ક્રિયા પણ જો થતી હોય તો માટીના બે ટુકડા (કપાલદ્વય) ત્રાજવામાં એકીસાથે તોલવામાં આવે ત્યારે ભારના લીધે ત્રાજવાનું પલ્લું જેટલું નમે તેના કરતાં અવયવીને જોખવામાં આવે ત્યારે ત્રાજવાનું પલ્લું વધારે નમવું જોઈએ. તથા માટીના તે બે ખંડનું (કપાલદ્વયનું) સંયોજન કરવામાં આવે ત્યારે જો અતિરિક્ત અવયવી દ્રવ્ય ઉત્પન્ન થતું હોય તો તે બે પૂર્વે વિદ્યમાન કપાલનું પૂર્વકાલીન વજન તથા અવયવદ્વયના સંયોગથી ત્યારે ઉત્પન્ન થયેલ અતિરિક્ત અવયવીદ્રવ્યનું વજન - આમ અધિક વિશેષ વજનના લીધે અવયવીને જોખવામાં આવે ત્યારે પૂર્વ કરતાં ત્રાજવાનું પલ્લું વિશેષ ઝૂકેલું દેખાવું જોઈએ. પરંતુ તેવું જોવા મળતું નથી. તેથી અવયવસમૂહમાં અતિરિક્ત કાર્યદ્રવ્યનો સંભવ નથી."

(**पर**.) બૌદ્ધ મતે પરમાણુપુંજ કરતાં અતિરિક્ત અવયવીનો સ્વીકાર કરવામાં આવતો નથી. તેમના મતે અવયવી પરમાણુપુંજસ્વરૂપ છે. માટે અતિરિક્ત અવયવીનો સ્વીકાર કરનાર નૈયાયિકના મંતવ્યનું નિરાકરણ વૈભાષિક વગેરે બૌદ્ધ વિદ્વાનો કરે તે સ્વાભાવિક છે. બૌદ્ધની પ્રસ્તુત દલીલ અવયવ-અવયવીનો કથંચિદ્ અભેદ માનનાર અનેકાંતવાદને અનુકૂલ હોવાથી ગ્રંથકારશ્રીએ **ધર્મકીર્ત્તિ** નામના બૌદ્ધ વિદ્વાનની યુક્તિને અહીં સંવાદરૂપે ઉદ્ધૃત કરેલ છે. આ વાત વાચકવર્ગે ધ્યાનમાં રાખવી.

यथोक्तं **लौगाक्षिभास्करेण** अपि **तर्ककौमुद्याम्** "इह यद् यस्माद् भिन्नं तस्मात् तस्य गुरुत्वान्तरं कार्यं दृश्यते। यथैकपलिकस्य स्वस्तिकस्य यो गुरुत्वकार्योऽवनतिविशेषः तस्माद् द्विपलिकस्य स्वस्तिकस्य गुरुत्वकार्योऽवनतिभेदोऽधिकः। न च तथा तन्तुगुरुत्वकार्यात् पटगुरुत्वकार्यान्तरं दृश्यते। तस्मादभिन्नस्तन्तुभ्यः पटः" (त.कौ.९) इति।

तदुक्तं **स्याद्वादकल्पलतायां** सप्तमस्तबके अपि "अवयविनोऽवयवाऽभेदेऽनभ्युपगम्यमाने 'मृदेवेयं घटतया परिणता', 'तन्तव एवैते पटतया परिणताः' इत्यादयो व्यवहाराः, विभक्तेषु तन्तुषु 'त एवैते तन्तवः' इत्यादिप्रत्यभिज्ञा अवयवगुरुत्वादेरवयविगुरुत्वाद्यविशेषादिकं च न घटेत" (स्या.क.ल. स्त.७/१३ पृ.८३) इत्यादि।

---

## ❁ કારણભેદે કાર્યભેદ આવશ્યક : તર્કકૌમુદી ❁

**(यथोक्तं.)** મીમાંસક **લૌગાક્ષિ ભાસ્કરે** પણ **તર્કકૌમુદી** ગ્રંથમાં અવયવ-અવયવીના એકાંત ભેદનું નિરાકરણ કરતા જણાવેલ છે કે "આ જગતમાં એવું દેખાય છે કે જે દ્રવ્ય જેનાથી ભિન્ન હોય તેનાથી તેનું ભારસ્વરૂપ કાર્ય જુદું હોય છે. જેમ કે એક પલિકવાળા (પલિક = વજનનું એક પ્રકારનું માપ) સ્વસ્તિક (એક પ્રકારનું આભૂષણ) ને ત્રાજવામાં જોખવામાં આવે તો તેના ભારના લીધે ત્રાજવાનું પલ્લું જેટલું નમે તેના કરતાં બે પલિકવાળા સ્વસ્તિકને ત્રાજવામાં જોખવામાં આવે તો તેના ભારથી ત્રાજવાનું પલ્લું વિશેષ પ્રકારે ઝૂકે છે. અર્થાત્ એક પલિકવાળા સ્વસ્તિકમાં રહેલ ગુરુત્વના કાર્ય કરતાં દ્વિપલિકવાળા સ્વસ્તિકમાં રહેલ ગુરુત્વનું કાર્ય જુદું છે. પરંતુ તંતુઓ અને પટમાં આ પ્રમાણે જોવા નથી મળતું. જેટલા તંતુથી પટ બનેલો છે તેટલા તંતુઓને ત્રાજવાનાં એક પલ્લામાં રાખવામાં આવે તથા તેટલા તંતુઓથી બનેલા પટને બીજા પલ્લામાં રાખવામાં આવે તો ત્રાજવાના બન્ને પલ્લા સમાન રહે છે. અર્થાત્ તંતુગત ગુરુત્વના કાર્યથી પટગત ગુરુત્વનું કાર્ય જુદું જણાતું નથી. માટે તંતુ કરતાં પટ અભિન્ન છે."

## ✱ એકાંતભેદમાં પ્રત્યભિજ્ઞા આદિ અસંભવ ✱

**(तदुक्तं.)** **શાસ્ત્રવાર્તાસમુચ્ચય** ગ્રંથની **સ્યાદ્વાદકલ્પલતા** વ્યાખ્યાના સાતમા સ્તબકમાં પણ જણાવેલ છે કે "અવયવીને અવયવોથી અભિન્ન ન માનવામાં આવે તો અનેક દોષ ઉપસ્થિત થાય છે. જેમ કે (૧) 'આ માટી જ ઘટરૂપે પરિણમી ગઈ', 'આ તંતુઓ જ પટસ્વરૂપે પરિણમી ગયા' - આ પ્રકારનો પ્રસિદ્ધ લોક વ્યવહાર અવયવોથી અવયવીને એકાંતે ભિન્ન માનવામાં આવે તો સંગત નહિ થઈ શકે. (તંતુ અને પર્વત અત્યંત ભિન્ન હોવાથી 'તંતુઓ પર્વતરૂપે પરિણમી ગયા' - આવી પ્રતીતિ કે વ્યવહાર થઈ શકતો નથી. તે રીતે ઉપરોક્ત વ્યવહારની અસંગતિ સમજવી.) (૨) તે જ પ્રકારે પટસ્વરૂપે પ્રતીત થતા તંતુઓ પરસ્પર વિભક્ત થઈ જાય ત્યારે 'આ તે જ તંતુઓ છે જે પૂર્વ પટસ્વરૂપે પરિણમેલા દેખાયા હતા' - આ પ્રકારે પટરૂપે પરિણત તંતુ અને વિભક્ત તંતુ વચ્ચે જે અભેદગ્રાહક પ્રત્યભિજ્ઞા થાય છે તે પણ અવયવ-અવયવી વચ્ચે સર્વથા ભેદ માનનાર પક્ષમાં સંગત થઈ નહિ શકે. (૩) આ જ પ્રકારે અવયવ-અવયવીભેદને માનનારા પક્ષમાં અવયવગત ગુરુત્વમાં અને અવયવીગત ગુરુત્વમાં સમાનતા સંગત નહિ થઈ શકે. કારણ કે અવયવી અવયવયુક્ત હોવાથી કેવલ અવયવના ગુરુત્વ કરતાં અવયવયુક્ત અવયવીનું ગુરુત્વ વધારે થવું જોઈએ."

☆"गुरुत्वमतीन्द्रियमिति तत्र द्विगुणत्वादिप्रत्यक्षस्यापादकाभाव ♦एव। अवनतिविशेषस्तु अवयविनि नौकादिलग्नतृणवदत्यन्तापकृष्टगुरुत्वस्वीकारादेवानापाद्यः"

'गुरुत्वमतीन्द्रियमिति तत्र द्विगुणत्वादिप्रत्यक्षस्याऽऽपादकाऽभाव एवाऽऽप्नोति।

***न च*** गुरुत्वस्याऽतीन्द्रियत्वेनाऽप्रत्यक्षत्वेऽपि अवयविनोऽतिरिक्तत्वेऽवनतिविशेषेण तदनुमितिस्तु स्यादेवेति ***वाच्यम्,***

यतः अवनतिविशेषोऽपि अवयविनि नौकादिलग्नतृणवदत्यन्ताऽपकृष्टगुरुत्वस्वीकारादेव अनापाद्यः'

### ❀ અધિક ભાર પ્રત્યક્ષમાં આપાદકવિરહ ❀

[illegible]- (**'गुरुत्वमती.**) 'અવયવો કરતાં અવયવીને સર્વથા અતિરિક્ત માનવામાં આવે તો અવયવના ભાર કરતાં અવયવયુક્ત અવયવીનો ભાર બમણો દેખાવો જોઈએ' - આ પ્રમાણે સ્યાદ્વાદી દ્વારા અમારી સામે જે આપત્તિ ઉઠાવવામાં આવે છે તે આપત્તિ નિરાધાર છે. કારણ કે તે આપત્તિને લાવનારું તત્ત્વ (= આપાદક) જ ગેરહાજર છે. ઉપરોક્ત આપત્તિ ત્યારે જ આવી શકે કે જ્યારે ગુરુત્વ નામનો ગુણધર્મ ઈન્દ્રિયગ્રાહ્ય હોય. પરંતુ હકીકત એવી નથી. ગુરુત્વ તો અતીન્દ્રિય ગુણધર્મ છે. માટે તેનું કદાપિ પ્રત્યક્ષ આપણને થઈ શકે નહિ. તેથી 'અવયવ-અવયવીમાં બમણું ગુરુત્વ દેખાવું જોઈએ' - આવું આપાદન કરી શકાતું નથી.

### ❋ અધિક ભારની અનુમિતિનું આપાદન ❋

[illegible]:- (न च.) ગુરુત્વ ગુણધર્મ અતીન્દ્રિય હોવાથી તેનું પ્રત્યક્ષ ભલે થઈ શકે તેમ ન હોય. છતાં પણ તેની અનુમિતિ તો થઈ શકે ને ! ત્રાજવામાં અવયવીને જોખવામાં આવે તો કેવલ અવયવવાળા પલ્લા કરતાં અવયવીવાળું પલ્લું વધુ ઝૂકે તો તેનાથી અનુમિતિ થઈ શકે કે અવયવ કરતાં અવયવીનું ગુરુત્વ બમણું (અથવા અધિક) છે. પરંતુ કેવલ અવયવોને જોખો કે તેને અવયવીરૂપે બનાવીને જોખો ત્રાજવાના પલ્લાના ઝૂકાવમાં તો કોઈ ફરક પડતો નથી. માટે 'અવયવ-અવયવીનો એકાંતભેદ માનવામાં અવયવીમાં બમણું ગુરુત્વ દેખાવું જોઈએ' - આવું અમે જે કહીએ છીએ તેમાં 'દેખાવું' શબ્દનો અર્થ 'જણાવું' એવો કરવો. અવયવીનું બમણું ગુરુત્વ પ્રત્યક્ષ પ્રમાણથી જણાય કે અનુમાન પ્રમાણથી જણાય તે મહત્ત્વનું નથી. પરંતુ કોઈ પણ પ્રમાણથી જણાવું તો જોઈએ જ - આવું આપાદન કરવું અમને ઈષ્ટ છે.

### ❯ અધિક ભારની અનુમિતિના આપાદકનો અભાવ ❯

[illegible]:- (**यतः.**) અતીન્દ્રિય એવા ગુરુત્વનું અનુમાન પ્રમાણથી જ્ઞાન તો જરૂર થઈ શકે. પરંતુ પ્રસ્તુતમાં બમણા ગુરુત્વની અનુમિતિ થવાની આપત્તિને કોઈ અવકાશ નથી. કારણ કે અવયવીમાં અવયવગત ગુરુત્વતુલ્ય ગુરુત્વ ઉત્પન્ન થતું નથી પરંતુ તેના કરતાં અત્યન્ત હીન ગુરુત્વ (= વજન) ઉત્પન્ન થાય છે. જેમ કેવલ નૌકાનું વજન કરવામાં આવે અને એકાદ સૂકા ઘાસના તણખલા કે છોતરા કે ફોતરાથી યુક્ત તે નૌકાનું વજન કરવામાં આવે તો ત્રાજવાનું પલ્લું વધારે ઝૂકતું નથી. કારણ કે તણખલા-છોતરા-ફોતરાનું વજન નૌકાના વજન કરતાં અત્યંત અપકૃષ્ટ છે. તેમ પ્રસ્તુતમાં અવયવીનું

☆...☆ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. સિ.+લી.(૪)+કો.(૩)માં છે. ♦ સિ.+કો.(૩)માં 'एवाचनेति' इत्यशुद्धः पाठः। લી.(૪)નો પાઠ લીધો છે.

**– इत्युक्तिस्तु अत्यन्तापकृष्टगुरुत्व एव गुरुत्वस्याऽसमवायिकारणत्वे शोभते। तथा च अवस्थितगुरुत्वं परमाणुविश्रान्तमेव स्यात्।**

**तादृशस्य च तस्य सम्बन्धविशेषेण अवयविनिष्ठाऽवनत्यादिकारित्वे**

– इत्युक्तिस्तु अत्यन्तापकृष्टगुरुत्वं प्रति एव गुरुत्वस्य असमवायिकारणत्वे शोभते। तथा च अवस्थितगुरुत्वं परमाणुविश्रान्तमेव स्यात्। तथाहि– अवयविगतात्यन्तापकृष्टगुरुत्वं प्रति अवयवगुरुत्वस्य असमवायिकारणत्वे पटस्य तन्त्ववयवित्ववद् द्व्यणुकस्य परमाण्ववयवित्वेन परमाण्वपेक्षयाऽपकृष्टगुरुत्वं स्यात्, त्र्यणुकस्य द्व्यणुकावयवित्वेन द्व्यणुकापेक्षयाऽपकृष्टगुरुत्वं प्रसज्येत। एवञ्च सर्वेऽपि अवयविनः परमाण्वपेक्षया हीन-हीनतर-हीनतमगुरुत्वशालिनः स्युरिति परमाणावेवाऽवस्थितगुरुत्वं स्यात्, तस्य केवलावयवत्वादिति।

अन्त्यावयविनोऽत्यन्ताऽपकृष्टगुरुत्वेन तुलाऽवनत्यादौ असमर्थत्वेऽपि परमाणुविश्रान्तस्य अवस्थितगुरुत्वस्यैव स्वाश्रयसमवेत-समवेत-समवेतत्वादिलक्षणेन परम्परासम्बन्धेन अवयविनिष्ठाऽवनत्यादिका-

---

વજન અત્યંત અપકૃષ્ટ હોવાથી કેવલ અવયવોને ત્રાજવામાં જોખવામાં આવે અને તે જ અવયવોને અવયવી કરી જોખવામાં આવે તો પલ્લાના ઝૂકાવમાં ફરક પડવાની પણ આપત્તિ આપી ન શકાય.

### ❀ અત્યંત હીન ભારની કારણતાનો વિચાર ❀

**જૈન** :- (इत्युक्तिस्तु.) આવું તમારું કથન તો ત્યારે જ શોભી શકે કે જ્યારે અવયવિનિષ્ઠ અત્યંત અપકૃષ્ટ ગુરુત્વ પ્રત્યે જ અવયવગત ગુરુત્વને અસમવાયિકારણ માનવામાં આવે. તથા આવું માનવામાં આવે તો અવસ્થિત (= અપરિવર્તનશીલ) ગુરુત્વ ગુણ તો પરમાણુમાં જ વિશ્રાન્ત થશે. કહેવાનો આશય એ છે કે તંતુ શ્યામ હોય તો પટ શ્યામ થાય. તંતુ પીળા હોય તો પટ પીળો થાય. માટી જે ગંધવાળી હોય તેવા પ્રકારની ગંધવાળો ઘડો બને. આ વાત જનતામાં પ્રસિદ્ધ છે. આ હકીકતને ધ્યાનમાં રાખીને નૈયાયિક કહે છે કે ‘અવયવીમાં ઉત્પન્ન થનાર રૂપાદિ ગુણો પ્રત્યે અવયવનિષ્ઠ રૂપાદિ ગુણો અસમવાયિકારણ છે.’ આ નિયમને અનુસરીને પ્રસ્તુતમાં અવયવીમાં અત્યંત અપકૃષ્ટ ગુરુત્વ નામના ગુણની ઉત્પત્તિને સ્વીકારનાર નૈયાયિકે એમ કહેવું પડશે કે ‘અવયવિગત અત્યંત અપકૃષ્ટ ગુરુત્વ પ્રત્યે અવયવનિષ્ઠ ગુરુત્વ અસમવાયિકારણ છે.’ પરંતુ આવું માનવામાં સમસ્યા એ આવશે કે પટ વગેરે જેમ અવયવી છે તેમ દ્વ્યણુક પણ પરમાણુનો અવયવી હોવાથી પરમાણુ કરતાં દ્વ્યણુકનું ગુરુત્વ અત્યંત અપકૃષ્ટ હશે. તથા દ્વ્યણુક કરતાં ત્ર્યણુકનું વજન અત્યંત હીન હશે. કેમ કે દ્વ્યણુકનો અવયવી ત્ર્યણુક છે. આમ ઉત્તરોત્તર જે જે નવા નવા મોટા અવયવી ઉત્પન્ન થશે તે બધા જ પરમાણુ કરતાં અત્યંત હીન-હીનતર-હીનતમ વજનવાળા બનવાની અનિષ્ટ આપત્તિ નૈયાયિકના મતમાં સર્જાશે. ફક્ત પરમાણુમાં જ સ્થિર વજન હશે. કેમ કે પરમાણુ કેવલ અવયવ છે, અવયવી નથી.

### ❀ અંત્ય અવયવીમાં અપકૃષ્ટ ગુરુત્વ : નૈયાયિક ❀

**નૈયાયિક** :- (अन्त्या.) અંત્ય અવયવી તો અત્યંત અપકૃષ્ટ ગુરુત્વવાળો હોવાના કારણે ત્રાજવાના પલ્લાને ઝૂકાવવાનું કાર્ય કરી શકવાને માટે સમર્થ નથી, પરંતુ પરમાણુનિષ્ઠ અવસ્થિત ગુરુત્વ સ્વાશ્રયસમવેત-

रूपादिकमपि परमाणुविश्रान्तमेव स्यात्, सम्बन्धविशेषेण अवयविनिष्ठकार्यकारितायाः अदुर्वचत्वादिति न किञ्चिदेतत् ।*

रित्वे तु रूपादिकमपि परमाणुविश्रान्तमेव स्यात्, तादृशसम्बन्धविशेषेण अवयविनिष्ठदृश्यमानत्व-लक्षणकार्यकारितायाः सुवचत्वादिति न किञ्चिदेतत्।

સમવેતસમવેતત્વાદિસ્વરૂપ પરંપરાસંબંધથી અવયવીમાં રહેલ અવનમન (= ત્રાજવાના પલ્લાને ઝૂકાવવા સ્વરૂપ) કાર્યને કરે છે. માટે અવયવી અત્યંત અપકૃષ્ટ ગુરુત્વવાળો હોવા છતાં પણ ત્રાજવાના પલ્લાને ઝૂકાવવા સ્વરૂપ કાર્ય થઈ શકે છે.

**સ્પષ્ટતા** :- અવયવીમાં અત્યંત અપકૃષ્ટ ગુરુત્વ માનવામાં આવે તો પણ અવયવીને જોખવામાં આવે તો ત્રાજવાનું પલ્લું ઝૂકે તો છે જ. તથા ગુરુત્વ વિના ત્રાજવાનું પલ્લું ઝૂકે કઈ રીતે ? આ એક સમસ્યા નૈયાયિકના મતમાં ઉપસ્થિત થાય છે. તેના નિરાકરણ માટે નૈયાયિક કહે છે કે 'અવયવી અત્યંત હીન વજનવાળો હોવા છતાં પરમાણુમાં રહેલ સ્થિર ગુરુત્વ જ ત્રાજવાનું પલ્લું ઝૂકાવવા સ્વરૂપ કાર્ય પ્રત્યે પરંપરાસંબંધથી કારણ બને છે. સ્વઆશ્રયસમવેત-સમવેત-સમવેતત્વાદિસ્વરૂપ પરંપરાસંબંધ પ્રસ્તુતમાં કારણતાઅવચ્છેદક સંબંધ બનશે. સ્વ = પરમાણુગતગુરુત્વ, તેનો આશ્રય = પરમાણુ, તેમાં સમવેત = દ્વ્યણુક, તેમાં સમવેત = ત્ર્યણુક, તેમાં સમવેત = ચતુરણુક આદિ બનશે. તેથી સ્વાશ્રય-સમવેતસમવેતસમવેતત્વાદિ લક્ષણ પરંપરાસંબંધથી પરમાણુનિષ્ઠ સ્થિર ગુરુત્વ ચતુરણુક આદિમાં રહી જશે અને ત્રાજવાનું પલ્લું ઝૂકાવવા સ્વરૂપ પોતાનું કાર્ય ચતુરણુક આદિ અવયવીના માધ્યમથી કરાવશે.'

### ❧ પરમાણુવિશ્રાન્ત રૂપાદિની આપત્તિ ❧

**જૈન** :- (रूपादि.) અવસ્થિત ગુરુત્વ પરમાણુમાં રહીને અવયવીવાળા પલ્લાને ઝૂકાવવાનું કાર્ય કરી શકતું હોય અને અવયવી અત્યંતઅપકૃષ્ટ ગુરુત્વવાળો હોય તો તુલ્ય યુક્તિથી એમ પણ કહી શકાશે કે રૂપ, રસ વગેરે પણ ફક્ત પરમાણુમાં જ રહે છે. તથા પરંપરાસંબંધથી અવયવીમાં રહેલ દેખાવાપણું (= જ્ઞાયમાનત્વ) વગેરે કાર્ય પરમાણુગત રૂપાદિ કરી શકશે. આથી જેમ અવયવીને અત્યંત અપકૃષ્ટ ગુરુત્વવાળો માનવામાં આવે છે તેમ તે અત્યંત અપકૃષ્ટ રૂપાદિમાન બનવાની આપત્તિ આવશે. વિનિગમનાનો (એકતરપક્ષપાતી તર્કનો) વિરહ હોવાના કારણે "અવયવીમાં ગુરુત્વ અત્યંત અપકૃષ્ટ છે અને રૂપાદિ તો ઉત્કૃષ્ટ છે" - તેમ કહી શકાતું નથી. માટે 'પરમાણુમાં અવસ્થિત ગુરુત્વ છે અને અવયવીમાં અત્યંત અપકૃષ્ટ ગુરુત્વ છે' - એવું માનવું અત્યંત અનુચિત છે.

### ❧ જૈનમતનું તાત્પર્ય ❧

**સ્પષ્ટતા** :- જૈનોનું કહેવું એમ છે કે અવયવી જો ઉત્કૃષ્ટ ગુરુત્વથી શૂન્ય હોય અને પરમાણુમાં ઉત્કૃષ્ટ ગુરુત્વ હોય એવું માનવામાં આવે તો તુલ્યયુક્તિથી એવું પણ કહી શકાય છે કે અવયવી ઉત્કૃષ્ટ રૂપ આદિથી રહિત છે અને પરમાણુમાં ઉત્કૃષ્ટ રૂપ આદિ રહેલ છે. તથા ઉપરોક્ત પરંપરા સંબંધથી તે પરમાણુગત ઉત્કૃષ્ટરૂપ અવયવીના માધ્યમથી દેખાય છે. પરંતુ આ તો નૈયાયિકોને પણ

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. સિ.+લી.(૪)+કો.(૩)માં છે.

**અભેદનયનો બંધ** માનઈં તો **(પ્રદેશગુરુતા=)** પ્રદેશનો ભાર તેહ જ **ખંધ**ભારપણઈં **પરિણમઈ**, જિમ તંતુરૂપ પટરૂપપણઈં. તિવારઈં ગુરુતા વૃદ્ધિનો[⊠] દોષ કહિઓ, તે ન લાગઈ. ॥૩/૪॥

**तयोः** = अवयवाऽवयविनोः कथञ्चिद् **अभेदसम्बन्धे** स्वीक्रियमाणे तु तन्तुशुक्लरूपादेः पट-शुक्लरूपादिपरिणतिवत् **प्रदेशगुरुतानतिः** = अवयवगुरुत्वस्यैव अवयविगुरुत्वरूपेण परिणतिः भवति, प्रदेशगुरुत्वं देशगुरुत्वरूपेण देशगुरुत्वमेव च स्कन्धगुरुत्वरूपेण परिणमतीति भावः। तथा च न गुरुत्ववृद्धिदूषणावकाशः।

अतिरिक्तावयविवादिनैयायिकमतनिराकरणावसरे **शास्त्रदीपिकायां पार्थसारथिमिश्रेण** "नाऽवयविनम् अपह्नुमहे द्रव्यान्तरोत्पत्तिं नु नेच्छामः, प्रतिपत्त्यभावात्। तन्तव एव हि संयोगविशेषाद् एकद्रव्यतामापद्यन्ते अवयवी च भवन्ति। तादृशाश्च पटजातिं स्थौल्यं च बिभ्रत एकपटस्थूलबुद्ध्या गृह्यन्ते इति लौकिकी प्रतिपत्तिः" (शा.दी.१/१/५/पृ.४३) इति यदुक्तं तदप्यत्राऽनुसन्धेयम्।

માન્ય નથી. માટે તેવી આપત્તિમાં નિમિત્ત બનનારી 'પરમાણુનિષ્ઠ ઉત્કૃષ્ટ અવસ્થિત ગુરુત્વ અને અવયવિનિષ્ઠ અત્યંત હીન ગુરુત્વ' આવી માન્યતાને નૈયાયિકે છોડી દેવી જોઈએ - આવું જૈનોનું તાત્પર્ય છે.

## ✡ અવયવભારનું અવયવીભારરૂપે પરિણમન ✡

**(तयोः.)** અવયવ અને અવયવી વચ્ચે કથંચિત્ અભેદ સંબંધ સ્વીકારવામાં આવે તો જેમ તંતુનો શુક્લ વર્ણ પટના શુક્લવર્ણસ્વરૂપે પરિણમે છે તેમ અવયવનિષ્ઠ ગુરુત્વ જ અવયવિનિષ્ઠ ગુરુત્વ સ્વરૂપે પરિણમી જશે. અર્થાત્ જૈનદર્શનની પરિભાષા મુજબ પ્રદેશગત ગુરુત્વ દેશગુરુત્વરૂપે પરિણમે છે અને દેશગત ગુરુત્વ જ સ્કન્ધગુરુત્વરૂપે પરિણમે છે. માટે અવયવીના વજનની વૃદ્ધિ થવા સ્વરૂપ દોષને, અવયવ-અવયવીનો અભેદ માનવામાં, અવકાશ રહેતો નથી.

## ❈ અતિરિક્ત અવયવી મીમાંસકમતમાં પણ અસ્વીકૃત ❈

**(अति.)** અતિરિક્ત અવયવીને માનનાર નૈયાયિકના મતની સમીક્ષા કરવાના અવસરે મીમાંસકમૂર્ધન્ય **પાર્થસારથિમિશ્રજીએ શાસ્ત્રદીપિકા**માં એક વાત જણાવેલ છે, તેનું અહીં અનુસંધાન કરવા જેવું છે. ત્યાં તેમણે જણાવેલ છે કે "અમે ઘટ, પટ વગેરે અવયવીનો અપલાપ કરતા નથી, અવયવીને મિથ્યા કહેતા નથી. પરંતુ સર્વત્ર નૂતન દ્રવ્યની ઉત્પત્તિને અમે સ્વીકારતા નથી. કારણ કે અવયવી ભિન્ન સ્વતંત્ર દ્રવ્યની પ્રતીતિ કોઈને થતી નથી. તંતુઓમાં ઉત્પન્ન થનારો તંતુભિન્ન પટ દેખાતો નથી. પરંતુ તંતુઓ જ સંયોગવિશેષવિશિષ્ટ બનીને એકદ્રવ્યતાને (= અખંડદ્રવ્યપણાને) પ્રાપ્ત કરે છે અને અવયવી બની જાય છે. વિશેષ પ્રકારના સંયોગવાળા તંતુઓ જ પટત્વજાતિને તથા સ્થૂલતાને ધારણ કરે છે. આ રીતે આતાન-વિતાનાદિદશામાં રહેલા તંતુઓને વિશે 'આ એક છે', 'આ સ્થૂલદ્રવ્ય છે' - આવી સર્વલોકસાધારણ નિશ્ચયાત્મક પ્રતીતિ થાય છે." આથી અવયવો કરતાં તદ્દન ભિન્ન સ્વતંત્ર અવયવીદ્રવ્યનો સ્વીકાર અનુચિત છે - તેમ ફલિત થાય છે.

⊠ કો.(૧૩)માં 'બિમણાઈ નાવે' પાઠ.

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – तप्ताऽयोगोलकन्यायेन स्वात्मा साम्प्रतं शरीरादिरूपेण परिणतः। अत एव शरीरादिगौरवं सामान्यतः तथारूपेण नानुभूयते। गुरुतरदेहादिभारः तथा नानुभूयते यथा करस्थजलभृतघटादिभारः अनुभूयते, आत्मनः देहादितः कथञ्चिद् अभिन्नत्वाद् घटादितश्च भिन्नत्वात्। उनोदरतपःशालिनो भोजनादिभारमपि नानुभवन्ति, आहारादेः देहादिरूपेण परिणमनाऽऽरम्भात्, देहादेश्च कथञ्चिदात्माऽभेदात्। अतिरिक्तभोजनादिकरणे भारः अनुभूयते एव, तदा तस्य देहादिरूपेण अपरिणमनात्। अतिमेदस्विनोऽपि देहगौरवमनुभूयत एव, अतिरिक्तमेदादेः तथाविधात्माऽभेद-परिणामविरहात्। अतः अतिभारादित्रासपरिहाराय अनशनोनोदर-वृत्तिसङ्क्षेपादितपस्सु यतितव्यमिति ध्वन्यते। प्रकृते "स्मरज्वरज्वरा मुख्या दोषा भवभुवोऽत्र ये। सर्वथा ते न सन्त्येव यत्र तत् परमं पदम्।।" (मोक्षो.प.३७) इति **मोक्षोपदेशपञ्चाशके मुनिचन्द्रसूरि**वचनं सततं स्मर्तव्यम्। तेन कथञ्चिद् भिन्नमपि स्मरादिदोषशून्यं परमपदम् अभिन्नतया निजचेतसि प्रणिहितं सत् स्वकीयस्मरादिदोषान् निहन्तीति ध्येयम्।।३/४।।

## अभेदनय संयमसाधक

**આધ્યાત્મિક ઉપનય** :- તપ્ત અયોગોલક ન્યાયથી આપણો આત્મા વર્તમાનકાળમાં શરીર આદિ રૂપે પરિણમેલો છે. અર્થાત્ શરીરથી કથંચિત્ અભિન્નપણું આત્મા ધરાવે છે. તેથી આત્માને શરીરના ભારનો સામાન્યથી અનુભવ થતો નથી. પોતાનો ભાર પોતાને ક્યાંથી લાગે ? ૫૦ કિલો વજનવાળા શરીરને કાયમ ઊંચકીને ફરનારો જીવ થાકનો અનુભવ કરતો નથી. પરંતુ પાંચ કિલો વજનવાળા ઘડાને કે શાકની થેલીને ઊંચકતાં માણસ થાકી જાય છે. કારણ કે ઘડાથી અને શાકની થેલીથી આત્મા સ્પષ્ટરૂપે જુદો છે. વળી, ઉણોદરી તપ સચવાય તે રીતે ભોજન-પાણી લેનારને ભોજન બાદ ભારનો અનુભવ થતો નથી. કારણ કે તે શરીરરૂપે પરિણમી જવાનું કામ શરૂ થઈ જાય છે. તથા શરીરથી તો દેહધારી આત્મા કથંચિત્ અભિન્ન જ છે. પરંતુ over eating કે over drinking કરનાર કે over weight ધરાવનારને વધુ પડતા ભારનો અનુભવ અવશ્ય થાય છે. કારણ કે તથાવિધ તાદાત્મ્ય આત્માને અતિરિક્ત ભોજન-પાણી-ચરબી આદિ સાથે નથી. માટે અતિભારના ત્રાસથી બચવા અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ વગેરે તપમાં પ્રયત્ન કરવો. તેના દ્વારા અન્ન-પાન, શરીર આદિ ઉપર નિયંત્રણ રાખવાની સૂચના પ્રસ્તુત શ્લોક દ્વારા મેળવી શકાય છે. આ બાબતમાં "અહીં સંસારમાં પેદા થનારા કામવાસનાસંતાપસ્વરૂપ જ્વર (= તાવ) વગેરે જે દોષો છે, તે જે સ્થાનમાં સર્વથા નથી જ હોતા તે પરમપદ = મોક્ષસ્થાન છે" - આ પ્રમાણે **મોક્ષોપદેશ પંચાશક**માં શ્રી**મુનિચન્દ્રસૂરિ**જીએ જે કહેલ છે, તેને સતત સ્મૃતિપટમાં અંકિત કરવું. તે સ્મરણના લીધે વર્તમાનમાં કથંચિત્ ભિન્ન એવું પણ કામવિકારાદિદોષશૂન્ય પરમપદ અભિન્નસ્વરૂપે આપણા ચિત્તમાં સ્થાપિત થાય. તેમજ તેના પ્રભાવે આપણા કામવાસના વગેરે દોષો હણાશે. આ બાબત ધ્યાનમાં લેવી. (૩/૪)

♦દ્રવ્યાદિકનઈં અભેદ □ન માંનઈ છઈ, તેહનઈં ઉપાલંભ દિયઇં છઈ -

**ભિન્ન દ્રવ્ય-પર્યાયનઈં જી, ભવનાદિકનઈં રે એક;**

**ભાખિઈ, કિમ દાખઈ નહીં જી, એક દ્રવ્યમાં વિવેક રે ? ॥૩/૫॥ (૩૦) ભવિકા.**

▸હે ભેદવાદી ! જો◂ **ભિન્ન દ્રવ્ય** જે મૃત્ પાષાણ, કાષ્ઠ, ♯પૃથિવી, જલાદિક તેહનો **પર્યાય** જે **ભવનાદિક** = ઘરપ્રમુખ, તેહનઈં તૂં "**એક**" (**ભાખિઈ**=) કહઈ છઈ "એક ઘર એ" ઈત્યાદિક લોકવ્યવહાર માટઈં ? તો **એક દ્રવ્યમાં**✡ દ્રવ્ય-ગુણ-પર્યાયનઇં અભેદ હોઈ, એહવો **વિવેક** કાં નથી કહિતો ? જે માટઇં 'આત્મદ્રવ્ય,

द्रव्यादीनामभेदाऽनभ्युपगमे दोषमाविष्करोति – '**विभिन्ने**'ति ।

**विभिन्नद्रव्यपर्याये भवनादिक एकताम् ।**

**भाषसे, नेक्षसे कस्मादेकद्रव्ये गुणैकताम् ।।३/५।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – (भोः नैयायिक ! त्वं) विभिन्नद्रव्यपर्याये भवनादिके एकतां भाषसे, (ततः) एकद्रव्ये गुणैकतां कस्माद् नेक्षसे ?।।३/५।।

हे भेदवादिन् ! नैयायिक ! ***यदि*** त्वं **विभिन्नद्रव्यपर्याये** = इष्टका-पाषाण-काष्ठ-मृत्तिका-पृथिवी-जलादिविजातीयद्रव्यसंयोगनिष्पन्ने पर्याये **भवनादिके** = गृहाऽऽपणप्रमुखे **एकताम्** = एकत्वं **भाषसे**, 'एकं गृहम् आपणं वा' इत्यादिकलोकव्यवहारात् ***तर्हि*** एकद्रव्ये द्रव्य-गुण-पर्यायैकता भवतीति विवेकपूर्वं कस्माद् न भाषसे ? कस्माद् कारणाद् **एकद्रव्ये** = एकस्मिन् आत्मादिद्रव्ये **गुणैकताम्** उपलक्षणात् पर्यायैकतां च **नेक्षसे**? 'य एव आत्मा द्रव्यतयाऽभिमतः स एवाऽऽत्मगुणः

**અવતરણિકા** :- દ્રવ્ય અને ગુણ-પર્યાય વચ્ચે અભેદ માનવામાં ન આવે તો ગ્રંથકારશ્રી ઉપાલંભને આપતા જણાવે છે :-

### ❖ અનેકદ્રવ્યનિષ્પન્ન એક પર્યાયનો વિચાર ❖

**શ્લોકાર્થ** :- હે નૈયાયિક ! વિભિન્ન દ્રવ્યના પર્યાય સ્વરૂપ ઘર વગેરેમાં તું એકત્વનું કથન કરે છે. તો પછી એક દ્રવ્યમાં ગુણૈક્યને કેમ જોતો નથી ? (અર્થાત્ દ્રવ્યને ગુણાદિમય માનવું.) (૩/૫)

**વ્યાખ્યાર્થ** :- હે ભેદવાદી નૈયાયિક ! તું ઈંટ, પથ્થર, લાકડાં, માટી, પૃથ્વી, જળ આદિ વિજાતીય દ્રવ્યોના સંયોગથી નિષ્પન્ન થયેલ ઘર-દુકાન વગેરેમાં એકત્વનું કથન કરે છે. કેમ કે 'એક ઘર, એક દુકાન' ઈત્યાદિ લોકવ્યવહાર થાય છે. તો પછી 'એક દ્રવ્યમાં દ્રવ્ય-ગુણ-પર્યાયનું ઐક્ય હોય છે' - આ પ્રમાણે વિવેકપૂર્વક શા માટે નથી બોલતો ? આત્મા વગેરે એક દ્રવ્યમાં ગુણઐક્ય, પર્યાયઐક્ય શા માટે જોતો નથી ? કારણ કે 'જે આત્મા દ્રવ્યરૂપે અભિમત છે તે જ આત્મગુણ છે અને તે જ

♦ કો.(૯+૧૩)+આ.(૧)માં 'ભિન્ન પ્રદેસ ગુરુત્વઈ એક અવયવી ગુરુત્વવ્યપદેશ કિમ હોય ? તે દૃષ્ટાંતઈ સાધઈ છે' પાઠ અવતરણિકારૂપે છે. □ મો.(૨)માં 'ન' નથી. ▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯)+સિ.+આ.(૧)માં છે. ♯ કો.(૧૩)માં 'કોષ્ઠાદિ ભિન્નદ્રવ્યસંયોગનિષ્પન્ન ભવનાદિક પર્યાયને એક કહઈ છે તો એક દ્રવ્યદલે નિષ્પન્ન જે ભાવ તેહમાં એકપણો કાં ન દેખાવે ?' પાઠ. ✡ આ.(૧)માં 'તો એકદ્રવ્યનિષ્પન્ન દલઈ નિષ્પન્નભાવ જે તેહમાં એકપણો કાં ન દેખાવઈ? એ પરમાર્થ' પાઠ.

તેહ જ આત્મગુણ તેહ જ આત્મપર્યાય' એહવો વ્યવહાર અનાદિસિદ્ધ છઈ.

स एवाऽऽत्मपर्यायश्चे'ति व्यवहारस्याऽनादिसिद्धत्वात्। भिन्नद्रव्यसंयोगनिष्पन्नपर्यायैक्याभ्युपगमे एकद्रव्यनिष्पन्नभावे एकत्वस्य सुतरां न्याय्यत्वात्।

***न च*** 'मदीयो मनुष्यपर्यायः' इति प्रतीत्या 'अहं मनुष्य' इति व्यवहारो जीवद्रव्य-मनुष्य-पर्यायाऽभेदसाधको यथा जायते तथा 'मदीयं गृहम्' इति प्रतीत्या 'अहं गृहमि'ति व्यवहारोऽपि प्रसज्येतेति ***शङ्कनीयम्,***

यतो द्रव्यैकत्वमेव स्वगत-स्वात्मकपर्यायव्यपदेशहेतुः, अन्यत्र अनैक्योद्भवात्। मनुष्यपर्याये आत्मद्रव्यैक्योद्भवेऽपि गृहादौ आत्मद्रव्यैक्याऽनुद्भवान्न 'अहं गृहमि'ति व्यपदेशापत्तिरिति परमार्थः।

આત્મપર્યાય છે' - આ પ્રમાણે લોકવ્યવહાર અનાદિ કાળથી પ્રસિદ્ધ છે. કહેવાનો આશય એ છે કે ઈંટ, પથ્થર વગેરે વિભિન્ન દ્રવ્યોના સંયોગથી નિષ્પન્ન થયેલા ઘર વગેરે પર્યાયમાં ઈંટ, પથ્થર વગેરે દ્રવ્યો સાથે ઐક્ય માનવામાં આવે તો એક જીવ દ્રવ્યથી નિષ્પન્ન થયેલ ગુણ-પર્યાયાત્મક ભાવોનું આત્મદ્રવ્ય સાથે ઐક્ય માનવું ન્યાયસંગત જ છે.

**સ્પષ્ટતા** :- મકાનને જોઈને 'આ ઈંટ છે, પેલો ચૂનો છે, તે પથ્થર છે, પેલી માટી છે' - આ પ્રમાણે મકાનને ઉદ્દેશીને અનેક દ્રવ્યોનો વ્યવહાર થતો નથી, પરંતુ 'આ એક ઘર છે' - આ પ્રમાણે વ્યવહાર થાય છે. આ પ્રમાણેના લોકવ્યવહાર થવાના લીધે ઈંટ, ચૂનો, વગેરે વિભિન્ન દ્રવ્યોનો મકાન નામના પર્યાયની સાથે અભેદ નૈયાયિક માન્ય કરે છે. તો એક જ આત્મદ્રવ્યના ગુણ-પર્યાયનું ઐક્ય તે આત્મદ્રવ્ય સાથે કેમ ન માની શકાય ? આ પ્રમાણે સ્યાદવાદી નૈયાયિકને ઉપાલંભ આપે છે.

### ❀ દ્રવ્ય-પર્યાયના અભેદમાં આપત્તિ ❀

**શંકા** :- (न च.) દ્રવ્ય અને તેના પર્યાય વચ્ચે અભેદ જો શબ્દપ્રયોગના આધારે જ કરવો હોય તો 'મારો મનુષ્ય પર્યાય' - આવી પ્રતીતિથી 'હું મનુષ્ય' - આવો વ્યવહાર જેમ થાય છે અને મનુષ્યપર્યાયનો આત્માની સાથે અભેદ સિદ્ધ કરવામાં આવે છે. તેમ તુલ્ય યુક્તિથી એવું પણ કહી શકાશે કે 'મારું ઘર' - આવી પ્રતીતિ થવાથી 'હું ઘર છું' - આવો પણ વ્યવહાર થવાની આપત્તિ આવશે તથા આત્મા અને ઘર વચ્ચે પણ અભેદ સિદ્ધ થઈ જવાની સમસ્યા સર્જાશે.

### ❀ 'હું મકાન' આવી પ્રતીતિની આપત્તિ મિથ્યા ❀

**સમાધાન** :- (यतो.) ઉપરોક્ત શંકા વ્યાજબી નથી. આનું કારણ એ છે કે સ્વમાં રહેલ જે પર્યાયનો સ્વાત્મક સ્વરૂપે વ્યવહાર થાય છે તેમાં તે પર્યાયના આશ્રયભૂત દ્રવ્યની સાથે તે પર્યાયનું ઐક્ય કારણ છે. પર્યાય અને દ્રવ્ય વચ્ચે ભેદ ( = અનેકત્વ = ઐક્યઅભાવ)નો પ્રાદુર્ભાવ થયેલો હોય તો સ્વગત-સ્વાત્મકરૂપે તે પર્યાયનો ઉલ્લેખ થઈ શકે નહિ. પ્રસ્તુતમાં મનુષ્યપર્યાયમાં આત્મદ્રવ્યનું ઐક્ય પ્રાદુર્ભૂત થવાથી આત્મગત-આત્મસ્વરૂપ મનુષ્યપર્યાયનો વ્યવહાર (= 'હું મનુષ્ય છું' - તેવો ઉલ્લેખ) થઈ શકે છે. પરંતુ ઈંટ, ચૂના વગેરે દ્રવ્યોના પર્યાય સ્વરૂપ ઘર, દુકાન વગેરેમાં આત્મદ્રવ્યસંબંધી ઐક્યનો પ્રાદુર્ભાવ થયેલ નથી. માટે આત્મગત-આત્મસ્વરૂપ પર્યાય તરીકે ઘર, દુકાન વગેરેનો વ્યવહાર (= 'હું ઘર

*જો તું મૃત્-પાષાણ-કાષ્ઠાદિ ભિન્નદ્રવ્ય સંયોગ નિષ્પન્ન ભવનાદિ પર્યાયનેં એક કહે છેં, તો એક દ્રવ્યદલેં

***ननु*** द्रव्य-गुण-पर्यायाणाम् अवयवाऽवयविनोश्च नानात्वस्य प्रत्यक्षसिद्धत्वादेकत्वानुपपत्तिरिति ***चेत्***?

भो नैयायिक ! एकान्तभेदवादित्वात् तवैवाऽयं दोषः, न त्वस्माकमनेकान्तवादिनाम्। कथञ्चैवं प्रासादादावेकत्वप्रत्ययः ? न हि मृत्पाषाण-काष्ठादिविजातीयनानाद्रव्यसंयोगनिष्पन्नं प्रासादादिकमेकद्रव्यं भवताऽभ्युपगम्यते, विजातीयानां द्रव्यानारम्भकत्वात्। 'समूहकृतं तत्रैकत्वमि'ति चेत् ?

છું', 'હું દુકાન છું' - તેવો ઉલ્લેખ) થવાની આપત્તિને અહીં અવકાશ રહેતો નથી. આવું તાત્પર્ય પ્રસ્તુતમાં સમજવું.

## એકત્વ-અનેકત્વમાં વિરોધ : નૈયાયિક

**નૈયાયિક** :- **(નનુ.)** દ્રવ્ય અને ગુણ-પર્યાય વચ્ચે પ્રત્યક્ષ પ્રમાણથી ભેદનું જ્ઞાન થાય જ છે. માટે દ્રવ્ય અને ગુણ-પર્યાય વચ્ચે ઐક્ય માનવું અસંગત છે. તે જ રીતે અવયવ-અવયવીમાં પણ પ્રત્યક્ષ પ્રમાણથી ભેદ પ્રસિદ્ધ હોવાથી તેમાં પણ ઐક્ય અસંગત થઈ જશે.

## એકત્વ-અનેકત્વમાં અવિરોધ : જૈન

**જૈન** :- **(ભો.)** હે નૈયાયિક ! આ દોષ તો તમને જ લાગુ પડશે, અમને નહિ. કારણ કે તમે દ્રવ્ય અને ગુણાદિની વચ્ચે તથા અવયવ અને અવયવીની વચ્ચે સર્વથા ભેદ માનનારા એકાંતવાદી છો, સર્વથા અતિરિક્ત અવયવીવાદી છો, અત્યંત ભિન્ન ગુણવાદી છો, એકત્વ અને અનેકત્વ વચ્ચે એકાંત વિરોધ માનનારા છો. માટે ઉપરોક્ત અસંગતિ તમારા મતમાં આવશે. પરંતુ ઉપરોક્ત અસંગતિને અમારા મતમાં કોઈ અવકાશ નથી. કારણ કે અમે તો અનેકાન્તવાદી છીએ. અમે સર્વથા અતિરિક્ત ગુણાદિનો કે અવયવીનો સ્વીકાર નથી કરતા. તથા એકત્વ અને અનેકત્વ વચ્ચે પણ એકાંતે વિરોધને અમે માનતા નથી. તેથી દ્રવ્ય-ગુણ-પર્યાયનો અભેદ અને અવયવ-અવયવી વચ્ચે પણ અભેદ અમારા મત મુજબ સંગત થઈ શકશે. અનેકમાં એકત્વનો સ્વીકાર કરવો તે જ તો અનેકાન્તવાદની આગવી ખાસિયત છે. તથા આ વાત માનવી જરૂરી પણ છે. જો અનેકમાં એકત્વનો સ્વીકાર કરવામાં ન આવે તો માટી, પત્થર, કાષ્ઠ, લોખંડ વગેરે અનેક વિજાતીય દ્રવ્યોના સંયોગથી નિષ્પન્ન થયેલ મોટાં મહેલ વગેરેને ઉદ્દેશીને 'આ એક મહેલ છે' - આવી એકત્વઅવગાહી પ્રતીતિ કઈ રીતે થઈ શકે ? કારણ કે અતિરિક્ત અવયવીવાદી નૈયાયિક તો મહેલ વગેરેને મુખ્યપણે એક દ્રવ્ય સ્વરૂપે સ્વીકારતા નથી. નૈયાયિકો કહે છે કે મહેલ તો માટી, ઈંટ, ચૂનો, પથ્થર, કાષ્ઠ, લોખંડ આદિ વિજાતીય દ્રવ્યના સંયોગથી નિર્મિત છે. તથા વિજાતીય દ્રવ્યો કોઈ પણ અતિરિક્ત દ્રવ્યના આરંભક બનતા નથી. આવી નૈયાયિકની માન્યતા હોવાથી મહેલને અતિરિક્ત એક અવયવી દ્રવ્ય તરીકે તે માની ન શકે.

## મકાનગત એકત્વ-અનેકત્વ મીમાંસા

**નૈયાયિક** :- મહેલ તો ઈંટ, ચૂનો, પથ્થર આદિ વિભિન્ન અને વિજાતીય દ્રવ્યોના સમૂહ સ્વરૂપ

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. લી.(૪) + કો.(૩+૧૫)માં છે.

નિષ્પન્ન જે ભાવ તેહમાં એકપણું કાં ન દેખાવઈ (?દાખવઈ) ?

तर्हि द्रव्य-गुणादिषु पटादौ अवयविनि चाऽपि किं न तथा? "न हि पटादौ प्रासादादौ च विलक्षणमेकत्वमनुभूयते" (शा.वा.स.स्त.७/श्लो.१३/पृ.७८) इत्यधिकं **स्याद्वादकल्पलता**प्रदर्शितरीत्या अवसेयम्।

इदञ्चात्राऽवधेयम् – इन्द्रियद्वारा द्रव्य-गुण-पर्यायेषु यो भेदः दृश्यते स व्यावहारिकः, व्यवहार-नयस्य वस्तुगतविविधांशप्रेक्षितया भेदग्राहकत्वात्। निश्चयतस्तु द्रव्य-गुण-पर्यायाणाम् अभेद एव, तस्य अखण्डरूपेण वस्तुग्राहकत्वात्।

द्रव्य-गुण-पर्यायाणाम् ऐक्याद् एव तत्तद्द्रव्यगतत्वेन तत्तत्पर्यायः व्यवह्रियते। तथाहि – वस्त्र-द्रव्य-रक्तरूपात्मकगुण-समचतुरस्रत्वपर्यायाणाम् ऐक्यमेव 'समचतुरस्रं रक्तं वस्त्रम्' इत्येवम् एकवस्त्र-द्रव्यगतत्वेन समचतुरस्रत्वपर्यायव्यवहारे हेतुः। ततश्च द्रव्यैकत्वपरिणामः एव द्रव्यगतत्वेन पर्याय-व्यवहारे हेतुः सम्पद्यते। यदा च तन्तवः विरलीभवन्ति तदा तन्तुद्रव्ये अनेकत्वोद्भवेन तन्तुद्रव्यगततया

છે. માટે તેમાં અનેકદ્રવ્યસમૂહકૃત એકત્વ રહી શકે છે. તથા તે રૂપે તેની પ્રતીતિ અને વ્યવહાર થઈ શકે છે.

**જૈન** :- (तर्हि.) તમારી આ દલીલ વ્યાજબી નથી. કારણ કે મહેલ વગેરેમાં સમૂહકૃત એકત્વ માનો છો તો દ્રવ્ય, ગુણ આદિમાં અને પટાદિ અવયવીમાં પણ શા માટે સમૂહકૃત એકત્વ નથી માનતા? કારણ કે મહેલ વગેરે તથા દ્રવ્ય, ગુણ આદિ અને પટાદિ અવયવી વચ્ચે વિલક્ષણ એકત્વનો તો અનુભવ થતો નથી. આમ માનવાથી દ્રવ્ય કરતાં સર્વથા અતિરિક્ત સ્વરૂપે ગુણાદિને માનવાની તથા અવયવો કરતાં અત્યંત ભિન્નરૂપે અવયવીને માનવાની આવશ્યકતા જણાતી નથી. આ બાબતમાં અધિક જાણકારી **સ્યાદ્વાદકલ્પલતા** ગ્રંથમાં જણાવેલ પદ્ધતિ મુજબ મેળવવી.

### ❋ સખંડ-અખંડદ્રવ્યગ્રાહક નયનો વિચાર ❋

(इद.) અહીં એક બાબત ધ્યાનમાં રાખવી કે ઈન્દ્રિય દ્વારા દ્રવ્ય-ગુણ-પર્યાયમાં જે ભેદ દેખાય છે તે વ્યવહારનયને માન્ય છે. કારણ કે વ્યવહારનય વસ્તુના વિવિધ, વિભિન્ન અંશો ઉપર પોતાની દૃષ્ટિને કેન્દ્રિત કરે છે. તેથી તે સખંડ વસ્તુનો તથા વસ્તુગત ભેદનો ગ્રાહક છે. જ્યારે નિશ્ચયનય અખંડસ્વરૂપે વસ્તુનો ગ્રાહક છે. તેના મત મુજબ વસ્તુના વિભિન્ન અંશો નથી. માટે તે દ્રવ્ય-ગુણ -પર્યાયમાં ઐક્યનું અવગાહન કરે છે.

(द्रव्य.) દ્રવ્ય અને ગુણ-પર્યાય વચ્ચે ઐક્ય = અભેદ હોવાના કારણે જ તે તે દ્રવ્યમાં રહેનાર તરીકે તે તે પર્યાયનો વ્યવહાર થાય છે. તે આ મુજબ - વસ્ત્રાત્મક દ્રવ્ય, લાલ વર્ણસ્વરૂપ ગુણ અને સમચતુરસ્રત્વ નામના પર્યાયમાં રહેલો અભેદ જ 'લાલ વસ્ત્ર સમચોરસ છે' - આ પ્રમાણે સમચતુરસ્રત્વ નામના પર્યાયનો વસ્ત્રદ્રવ્યમાં રહેનાર તરીકે વ્યવહાર થવામાં કારણ બને છે. તેથી દ્રવ્યગત એકત્વ પરિણામ જ દ્રવ્યનિષ્ઠત્વેન પર્યાયનો વ્યવહાર કરવામાં કારણ બને છે. તથા જ્યારે વસ્ત્રના તાંતણાઓ છૂટા પડી જાય છે ત્યારે તંતુદ્રવ્યમાં અનેકત્વ ઉદ્ભવે છે. તેથી ત્યારે તંતુદ્રવ્યમાં સમચોરસપણાનો વ્યવહાર થતો નથી. મતલબ કે અવયવો છૂટા પડે તો દ્રવ્યમાં અનેકતા = અનેકપણું આવે છે. તેથી તેવી

द्रव्यैकत्वमेव स्वगतपर्यायव्यपदेशहेतुः, अन्यत्र अनेकत्वोद्भवादिति परमार्थः * ॥३/५॥

समचतुरस्रत्वव्यवहारो न भवति। इत्थञ्च द्रव्यैकत्वमेव स्वगतपर्यायव्यपदेशहेतुः, अन्यत्र अनेकत्वोद्भवाद्– इति पूर्वोक्तः (पृष्ठ - २८१) परमार्थः दृढतरम् अवधेयः।

वन-सेना-धान्यराश्यादौ यद् एकत्वं प्रतीयते तत् समूहकृतम्। घट-पटादौ च यद् एकत्वं प्रतीयते तत्तु द्रव्यपरिणामकृतम्। समूहकृतैकत्वाद् द्रव्यपरिणामकृतमेकत्वं व्यवहारतोऽतिरिच्यते इति दिक्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – प्रमादादिवशतः निर्मलनिजगुणादिप्रतियोगिकनाशोद्यतेषु प्राणिषु दृष्टेषु द्वेषानुत्पादकृते निश्चयनयाभिप्रायतः तदीयपूर्णशुद्धगुण-पर्यायमयात्मद्रव्यं विलोकनीयम्। स्वकीयसद्गुणवैकल्य-पर्यायमालिन्यज्ञाने व्यवहारनयाभिप्रायतः सखण्ड-मलिननिजात्मद्रव्यं यथा अखण्डं संशुद्धं परिपूर्णञ्च स्यात् तथा अन्तरङ्गज्ञान-बहिरङ्गसत्क्रियोद्यमः यथाशक्ति कार्यः। विषमकर्मो-

---

અવસ્થા ન હોય તો અર્થાત્ તંતુઓ તાણા-વાણા બનીને એકબીજા સાથે વણાઈ જાય તો વસ્ત્રદ્રવ્યગત એકત્વ પરિણામ એ જ 'સમચોરસ વગેરે પર્યાય એક વસ્ત્રદ્રવ્યમાં રહેલા છે' - એવા વ્યવહારનું કારણ બને. આ રીતે નક્કી થાય છે કે અનેકત્વના ઉદ્ભવ વગર દ્રવ્યગત એકત્વપરિણામ એ જ દ્રવ્યગત પર્યાયના વ્યવહારમાં કારણ છે. આ પ્રમાણે અહીં જે પરમાર્થ પૂર્વે (પૃષ્ઠ - ૨૮૧) જણાવેલ તેને દૃઢતાથી પકડી રાખવો.

### ✻ એકત્વના અનેક પ્રકાર ✻

**(वन.)** અહીં બીજી એક વાત એ પણ ધ્યાનમાં રાખવી કે વન, સેના, ધાન્યનો ઢગલો વગેરેમાં જે એકત્વની પ્રતીતિ થાય છે તે સમૂહકૃત એકત્વ સમજવું. અનેક વૃક્ષોના સમૂહ દ્વારા વનમાં એકત્વની પ્રતીતિ થાય છે. સૈનિક, હાથી, ઘોડા,રથ વગેરેના સમૂહ દ્વારા સેનામાં એકત્વનું ભાન થાય છે. અનેક ધાન્યના સમૂહ દ્વારા ધાન્યના ઢગલામાં એકત્વ ભાસે છે. તેથી આવું એકત્વ એ સમૂહકૃત એકત્વ કહેવાય છે. તથા ઘટ, પટ વગેરેમાં જે એકત્વ સંખ્યાનું ભાન થાય છે તે દ્રવ્યપરિણામકૃત છે. સમૂહકૃત એકત્વ કરતાં દ્રવ્યપરિણામકૃત એકત્વ વ્યવહારનયથી જુદું છે. અહીં જે કંઈ કહેવાયેલ છે તે એક દિશાસૂચન માત્ર છે. વિજ્ઞવાચકવર્ગ આ દિશામાં હજુ આગળ વિચાર કરી શકે છે.

### * નિશ્ચય-વ્યવહારનું યથોચિત જોડાણ *

**આધ્યાત્મિક ઉપનય** :- પ્રમાદ આદિને વશ બની અન્ય જીવો પોતાના નિર્મળ ગુણ-પર્યાયનો નાશ કરી રહેલા હોય તેવા સમયે તેઓને જોઈને તેઓના પ્રત્યે ઊભા થતા અણગમાને અટકાવવા માટે નિશ્ચયનયનું આલંબન લઈને તેના અખંડ અણિશુદ્ધ ગુણ-પર્યાયમય આત્મદ્રવ્યને અહોભાવથી જોવાની કોશિશ કરવી. તથા પોતાના ગુણોની ન્યૂનતા અને પર્યાયની મલિનતા જોઈને, વ્યવહારનયનું આલંબન લઈને જણાતું પોતાનું સખંડ, મલિન અને ત્રુટિપૂર્ણ આત્મદ્રવ્ય કઈ રીતે અખંડ, નિર્મળ અને પરિપૂર્ણ

---

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. લી.(૪) + કો.(૩+૧૫)માં છે.

दयवशतः तत्साफल्यानुपलब्धौ न हतोत्साहतया भाव्यम्। किन्तु शुद्धनिश्चयनयसम्मतनिजाऽखण्ड -परिपूर्ण-विशुद्धात्मद्रव्यं प्रणिधातव्यम्। यदा समुपलब्धसद्गुणगोचराऽहङ्कार-प्रबलपुण्योदयोन्मादादिषु स्वात्मा लीयते तदा व्यवहारनयसम्मत-वर्त्तमानकालीन-सखण्ड-मलिन-गुणाद्यपरिपूर्णं निजात्मद्रव्यं चेतसिकृत्य मान-मदादितो निज आत्मा सततं संरक्षणीयः। इत्थमेव **विंशिकाप्रकरणे श्रीहरिभद्रसूरिभिः** [1]"सव्वे वि य सव्वन्नू सव्वे वि य सव्वदंसिणो एए। निरुवमसुहसंपन्ना सव्वे जम्माइरहिया य।।" (विं.प्र. १९/१९) इत्युपदर्शितं सिद्धस्वरूपं तूर्णम् आत्मसात् स्यात्। तदेवाऽस्मत्परमप्रयोजनम्।।३/५।।

---

બને? તે આશયથી અંતરંગ જ્ઞાનપુરુષાર્થ અને બહિરંગ ક્રિયાપુરુષાર્થનો યથોચિત અભ્યાસ કરવો. તથા ક્લિષ્ટ કર્મોદયની વિષમતાના લીધે, તેમાં સફળતા ન મળતાં હતાશાની ખીણમાં ગબડવાનું થાય ત્યારે લઘુતાગ્રંથિ (inferiority complex) માંથી બચવા માટે શુદ્ધનિશ્ચયનયમાન્ય અખંડ, પરિપૂર્ણ, વિશુદ્ધ આત્મદ્રવ્ય ઉપર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરવું. તથા પ્રગટ થયેલ નિર્મળ ગુણ-પર્યાયનો મોહવશ અહંકાર કરી, પુણ્યોદયના નશામાં ગળાડૂબ બની, અતિઆત્મવિશ્વાસ (over confidence) માં આત્મા અટવાઈ જાય ત્યારે વ્યવહારનય સંમત વર્તમાનકાલીન પોતાના સખંડ, મલિન અને અપૂર્ણ આત્મદ્રવ્યને લક્ષ્યગત કરવું. આ રીતે અહંકારથી અને મદથી પોતાના આત્માની સતત સુરક્ષા કરવી જોઈએ. આ રીતે કરવામાં આવે તો જ **વિંશિકાપ્રકરણ**માં દર્શાવેલ સિદ્ધસ્વરૂપ ઝડપથી આત્મસાત્ થાય. ત્યાં **શ્રીહરિભદ્રસૂરિજી**એ જણાવેલ છે કે 'બધા ય સિદ્ધ ભગવંતો સર્વજ્ઞ છે. બધા ય સિદ્ધો સર્વદર્શી છે. બધાય સિદ્ધો નિરુપમ સુખને પ્રાપ્ત કરી ચૂકેલ છે તથા જન્મ-જરા-મરણાદિથી રહિત છે.' આવું સિદ્ધસ્વરૂપ ઝડપથી આત્મસાત્ કરવા જેવું છે. તથા તે જ આપણું પરમપ્રયોજન છે. તે ભૂલાવું ન જોઈએ. આવી હિતશિક્ષા અહીં પ્રાપ્ત થાય છે. (૩/૫)

લખી રાખો ડાયરીમાં.....

- **કર્મસત્તા બહારનું બધું બગાડી શકે છે.**
  **ધર્મસત્તા અંદરનું બધું સુધારી શકે છે.**

- **દુઃખનું કારણ ધર્મનો અભાવ.**
  **સુખનું કારણ ધર્મનો પ્રભાવ.**

---

1. सर्वेऽपि च सर्वज्ञाः सर्वेऽपि च सर्वदर्शिन एते। निरुपमसुखसम्पन्नाः सर्वे जन्मादिरहिताश्च।।

▸ચૈતન્યગુણેં અભિન્ન તે ચેતનદ્રવ્ય કહિઈં. અચૈતન્યગુણેં અભિન્ન તે અચેતન દ્રવ્ય કહિઈં - એમ ગુણ-પર્યાયનૈ અભેદેં દ્રવ્યનો નિયત કહતાં યથાવસ્થિતરૂપૈં વિવહાર થાય તો અનેક ગુણ-પર્યાયાભેદે એક દ્રવ્યમાંહિ અનેકપણું કિમ નાવેં ? તે ઉપરેં કહે છેં◂

**ગુણ-પર્યાય અભેદથી જી, દ્રવ્ય નિયત વ્યવહાર;**
**પરિણતિ જે છઈ એકતા જી, તેણિં તે એક પ્રકાર રે ॥૩/૬॥ (૩૧) ભવિકા.**

चैतन्यगुणाऽभिन्नं चेतनद्रव्यमुच्यते, अचैतन्यगुणाऽभिन्नम् अचेतनद्रव्यमुच्यते इति गुण-पर्याया-ऽभेदे द्रव्यस्य नियत-यथावस्थितरूपेण व्यवहारोपपादने अनेकगुण-पर्यायाऽभेदे एकस्मिन् द्रव्ये कथं न अनेकत्वं स्यादित्याशङ्कायामाह – '**गुणादी**'ति।

**गुणाद्यभेदतो द्रव्यभेदव्यवहृतिर्भवेत्।**
**स्वजात्या परिणामैक्यात् त्रयाणामेकरूपता।।३/६।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – गुणाद्यभेदतो द्रव्यभेदव्यवहृतिः भवेत्। त्रयाणां स्वजात्या परिणा-मैक्याद् एकरूपता ।।३/६।।

एवं **गुणाद्यभेदतः** = गुण-पर्याययोः स्वद्रव्याऽभेदाद् एव **द्रव्यभेदव्यवहृतिः** = 'इदं जीवद्रव्यम्,

### ✠ નિયત, યથાવસ્થિત દ્રવ્યવ્યવહારનો વિચાર ✠

**અવતરણિકા** :- "ચેતન દ્રવ્યને જડ નથી કહેવામાં આવતું તથા જડ દ્રવ્યને ચેતન નથી કહેવામાં આવતું. આની પાછળ કોઈક નિયામક તત્ત્વ હોવું જોઈએ. તથા નિયામક તત્ત્વ છે ચેતનનો ચૈતન્ય ગુણથી અભેદ અને જડનો જડતા ગુણથી અભેદ. આથી ચૈતન્યગુણથી અભિન્ન દ્રવ્યને ચેતન દ્રવ્ય કહેવાય છે તથા અચૈતન્ય (= જડતા) ગુણથી અભિન્ન દ્રવ્યને અચેતન (= જડ) દ્રવ્ય કહેવાય છે. આ પ્રમાણે ગુણ, પર્યાયની સાથે દ્રવ્યનો અભેદ સિદ્ધ કરી નિયત અને યથાવસ્થિતરૂપે દ્રવ્યનો વ્યવહાર કરવાનું સમર્થન સ્યાદ્વાદી કરે છે તે વ્યાજબી છે. પણ આ રીતે માનવામાં આવે તો એક જ દ્રવ્યમાં અનેક ગુણ-પર્યાય રહેલા હોય તેને લક્ષમાં રાખી, અનેક ગુણ-પર્યાયથી દ્રવ્યનો અભેદ સિદ્ધ થતાં તે એક દ્રવ્યમાં અનેકપણું કેમ ન આવે ? દા.ત. તાજમહાલ દ્રવ્યના ગુણ અનેક હોવાથી ગુણથી અભિન્ન તાજમહાલ દ્રવ્ય પણ અનેક બનવા જોઈએ. આ રીતે પુરાતનત્વ, મહાકાયત્વ આદિ અનેક પર્યાયોથી તાજમહાલ દ્રવ્ય અભિન્ન હોવાથી તાજમહાલ દ્રવ્ય અનેક બનશે. માટે દુનિયામાં 'તાજમહાલ અનેક છે' - એવો વ્યવહાર થવાની સમસ્યા સર્જાશે." આવા પ્રકારની શંકાનું નિવારણ કરવા માટે ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

### ❈ અભેદપક્ષમાં નિયત દ્રવ્યવ્યવહાર સંભવ ❈

**શ્લોકાર્થ** :- ગુણ-પર્યાયનો અભેદ હોવાથી દ્રવ્યમાં વિશેષ = નિયત વ્યવહાર સંભવે. દ્રવ્ય-ગુણ -પર્યાયનો પોતાની જાતિસ્વરૂપે એકત્વ પરિણામ છે. (અર્થાત્ પદાર્થ દ્રવ્ય-ગુણ-પર્યાયમય છે.) (૩/૬)

**વ્યાખ્યાર્થ** :- આ રીતે ગુણ-પર્યાયનો સ્વદ્રવ્યથી અભેદ હોવાના લીધે 'આ જીવ દ્રવ્ય છે', 'તે અજીવ દ્રવ્ય છે' - આ પ્રમાણે નિયતરૂપે વિવિધ દ્રવ્ય અંગે વ્યવહાર સંભવી શકે છે. તે આ રીતે :-

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯+૧૩)+સિ.+આ.(૧)માં છે.

'*જીવદ્રવ્ય, અજીવદ્રવ્ય' ઈત્યાદિક જે **નિયત** કહતાં વ્યવસ્થાસહિત **(દ્રવ્ય) વ્યવહાર** થાઈ છઈં, તે **ગુણ-પર્યાયના અભેદથી.** જ્ઞાનાદિક ગુણ-પર્યાયથી અભિન્ન દ્રવ્ય, તે જીવદ્રવ્ય. રૂપાદિક ગુણ-પર્યાયથી અભિન્ન, તે અજીવદ્રવ્ય. નહીં તો દ્રવ્યસામાન્યથી વિશેષસંજ્ઞા ન થાઈ.

तद् अजीवद्रव्यमि'त्येवं नियतरूपेण द्रव्यविशेषगोचरो व्यवहारः **भवेत्** = सम्भवेत्। तथाहि – ज्ञानादिगुण-मनुष्यादिपर्यायाभ्यामभिन्नं द्रव्यं हि जीवद्रव्यमुच्यते, रूप-रसादिगुणपिण्डादिपर्यायाभ्यामभिन्नद्रव्यं मृदादिलक्षणं अजीवद्रव्यं भण्यते। गुण-पर्यायाभ्यां स्वाश्रयद्रव्यस्यैकान्तेन भिन्नत्वे तु 'जीवद्रव्याऽजीव-द्रव्ये'त्यादिविशेषसंज्ञा न स्यात्, द्रव्यसामान्यस्य सर्वद्रव्येष्वविशेषात्, भेदकाऽन्तरस्य तत्राऽसत्त्वात्।

***यद्यपि*** गुण-गुणिनोरेकान्तभेदवादिभिः समवायसम्बन्धेन 'इदं चेतनद्रव्यम्' इत्यादिव्यवहार उपपाद्यते ***तथापि*** पूर्वोक्तयुक्त्या (३/२) वक्ष्यमाणयुक्त्या (९/१-२१+११/८-१०+१२/६) च समवायस्यैवाऽप्रामाणिकत्वात् तन्न युज्यते।

જ્ઞાનાદિ ગુણ અને મનુષ્ય આદિ પર્યાય - આ બન્નેથી જે દ્રવ્ય અભિન્ન હોય તે જીવ દ્રવ્ય કહેવાય છે. તેમજ રૂપ, રસ આદિ ગુણ અને પિંડ, સ્થાસ, કુસૂલ આદિ પર્યાય - આ ગુણ-પર્યાયથી અભિન્ન માટી સ્વરૂપ દ્રવ્ય અજીવ દ્રવ્ય કહેવાય છે. જો પોતાના આશ્રયભૂત દ્રવ્યથી ગુણ-પર્યાય સર્વથા ભિન્ન હોય તો 'આ જીવ દ્રવ્ય કે આ અજીવ દ્રવ્ય' - ઈત્યાદિ વિશેષ પ્રકારની સંજ્ઞા થઈ ન શકે. કારણ કે દ્રવ્યસામાન્ય તો સર્વ દ્રવ્યમાં સમાન જ છે. તથા (અતિરિક્ત સમવાય આદિ સંબંધને માનવામાં કોઈ પ્રમાણ ન હોવાથી) દ્રવ્યોમાં ભેદક બને તેવું કોઈ અન્ય તત્ત્વ દ્રવ્યમાં વિદ્યમાન નથી.

### ❋ અત્યંત ભેદપક્ષમાં નિયત દ્રવ્યવ્યવહાર અસંગત ❋

**સ્પષ્ટતા** :- 'ચેતનને ચેતન જ કહેવાય છે, જડ નહિ' - આ રીતે નિયત પ્રકારનો યથાવસ્થિત દ્રવ્યસંબંધી જે વ્યવહાર થાય છે તેમાં નિયામક તત્ત્વ છે ચૈતન્ય ગુણ અને ચેતન દ્રવ્ય વચ્ચેનો અભેદ. આ જૈનદર્શનની માન્યતા છે. પરંતુ નૈયાયિક તો દ્રવ્ય અને ગુણાદિ વચ્ચે અત્યંત ભેદ માને છે. તેથી ઉપરોક્ત વ્યવહાર તેના મતે સંગત ન થઈ શકે. નૈયાયિકમતાનુસાર આત્મા કરતાં જ્ઞાનાદિ ગુણ અને ઘટ-પટ આદિ અત્યંત ભિન્ન છે. તેથી ઘટ-પટના આધારે આત્માને ઉદ્દેશીને 'આ ચેતન દ્રવ્ય છે' - તેવો વ્યવહાર જેમ ન થઈ શકે તેમ ચૈતન્ય આદિ ગુણના આધારે પણ તેવો વ્યવહાર થઈ નહિ શકે. આમ જૈનોનું કહેવું છે.

### ♆ અપ્રામાણિક પદાર્થ આધારિત તર્ક અપ્રામાણિક ♆

**(यद्यपि.)** જો કે નૈયાયિકો ગુણ-ગુણી વચ્ચે અત્યંત ભેદ માનવા છતાં તે બન્ને વચ્ચે સમવાય સંબંધ સ્વીકારે છે. તેઓ ઘટ-પટ અને આત્મા વચ્ચે સમવાય સંબંધને નથી સ્વીકારતા. આમ અતિરિક્ત સમવાય સંબંધના માધ્યમે અતિરિક્ત ચૈતન્ય આત્મામાં રહેવાથી 'આ ચેતન દ્રવ્ય છે' - એવો વ્યવહાર થાય. આવું નૈયાયિકો કહે છે. તથાપિ તે વાત સ્વીકારી શકાય એમ નથી. કારણ કે પૂર્વે (૩/૨) જણાવી ગયા તેમ ગુણ-ગુણી વગેરેથી સર્વથા ભિન્ન સમવાય સંબંધને સ્વીકારવામાં કોઈ પ્રમાણ જ નથી. પ્રમાણશૂન્ય વસ્તુનો સ્વીકાર ન થઈ શકે. તેમજ આગળ (૯/૧-૨૧+૧૧/૮-૧૦+૧૨/૬) પણ સમવાયનિરાકરણની યુક્તિ જણાવવામાં આવશે. તેથી અપ્રામાણિક સમવાય સંબંધના માધ્યમથી ચૈતન્ય આદિ ગુણ આત્મામાં

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૯)+ આ.(૧)+સિ.માં નથી.

દ્રવ્ય, ગુણ, પર્યાય એહ ૩ નામ છઈ, પણિ સ્વજાતિં ૩ નઈં (**જે એકતા**=) એકત્વ (**પરિણતિ**=) પરિણામ **છઈ**. (**તેણિં**=) તેહ માટઈ **તે ૩ એક પ્રકાર** કહયઈ. જિમ આત્મદ્રવ્ય, જ્ઞાનાદિક ગુણ, તત્પર્યાય એ સર્વ એક જ કહિઈં.

---

'समवायसम्बन्धेनात्मत्वादेरात्मन्येव सत्त्वात् तत्र तादृशव्यवहारोपपत्तिः' इत्यपि न युक्तम्, समवायस्यैव काल्पनिकत्वात्। तदुक्तं **साङ्ख्यसूत्रे**ऽपि "न समवायोऽस्ति, प्रमाणाऽभावाद्" (सा.सू.५/९९) इति। विस्तरतः समवायसम्बन्धनिरसनं **सम्मतितर्कवृत्तौ** (भाग-५/का.३/गा.४९/पृ.७००) बोध्यम्। ततश्च गुण-गुणिनोरेकान्तभेदपक्षे दर्शितनियतयथावस्थितसुप्रसिद्धलोकव्यवहारोच्छेदापत्तिः दुर्वारा।

***यद्यपि*** 'द्रव्यम्', 'गुणः', 'पर्याय' इति त्रीणि नामानि अस्खलद्वृत्त्या प्रयुज्यमानानि सन्तीति पदार्थगताऽनेकता सिध्यति ***तथापि*** **त्रयाणां** = द्रव्य-गुण-पर्यायाणां **स्वजात्या** = स्वगतचैतन्यादिजात्यपेक्षया **परिणामैक्याद्** = एकत्वपरिणामाद् **एकरूपता** = एकता = अभिन्नता निराबाधा। तत एव तथाविधाऽभेदव्यवहारोऽपि अनाविलः, यथा पदपरावर्तनेऽपि पदार्थपरिणामाऽपरावृत्तेः रक्त-पीत

---

રહી નહીં શકે. તેથી આત્માને ઉદ્દેશીને 'આ ચેતન દ્રવ્ય છે' - એવા વ્યવહારનું સમર્થન નૈયાયિકો કરે છે તે વ્યાજબી નથી. તથા અચેતન દ્રવ્યથી ચેતન દ્રવ્યનો ભેદ પાડનાર અન્યવિધ કોઈ તત્ત્વ આત્મામાં સંગત થઈ શકતું નથી.

(**'सम.**) જો કે "આત્મત્વ આદિ જાતિ સમવાય સંબંધથી આત્મામાં જ રહે છે. તેથી આત્મામાં 'આ ચેતન દ્રવ્ય છે' - એવો વ્યવહાર થાય, ઘટ-પટાદિ જડ દ્રવ્યમાં નહિ" - આ પ્રમાણે નૈયાયિકો કહે છે. પરંતુ આ વાત પણ વ્યાજબી નથી. કેમ કે સમવાય જ કાલ્પનિક છે. તથા કાલ્પનિક પદાર્થના આધારે તો કોઈ તાત્ત્વિક કાર્ય કઈ રીતે થઈ શકે ? **સાંખ્યસૂત્ર**માં પણ જણાવેલ છે કે 'સમવાયસાધક પ્રમાણ ન હોવાથી સમવાય નથી.' વિસ્તારથી સમવાયસંબંધનું નિરાકરણ **સમ્મતિતર્કવૃત્તિ**માં સમજી લેવું. માટે ગુણ-ગુણીનો એકાંતે ભેદ માનવામાં ઉપરોક્ત નિયત, યથાવસ્થિત, સુપ્રસિદ્ધ લોકવ્યવહારનો ઉચ્છેદ થઈ જવાની આપત્તિ દુર્વાર બનશે.

### દ્રવ્ય-ગુણ-પર્યાયમાં અભેદસિદ્ધિ

(**यद्यपि.**) જો કે 'દ્રવ્ય', 'ગુણ', 'પર્યાય' - આ પ્રમાણે ત્રણ નામોનો અસ્ખલિત વૃત્તિથી પ્રયોગ થાય છે. માટે 'દ્રવ્યાદિ પદાર્થ ત્રણ છે' - એવું સિદ્ધ થાય છે. તો પણ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં સ્વગત ચૈતન્યાદિ જાતિની અપેક્ષાએ ઐક્ય પરિણામ હોવાથી એ ત્રણેયમાં એકરૂપતા =અભેદ નિરાબાધ છે. તથા તેના લીધે જ તેવા પ્રકારનો અભેદવ્યવહાર પણ નિર્દોષ જ છે. આશય એ છે કે સંજ્ઞા વિશેષથી દ્રવ્યાદિ પદાર્થ ત્રણ પ્રકારે કહેવાય છે. પણ તે ત્રણેયમાં સ્વનિષ્ઠ જાતિની અપેક્ષાએ ઐક્ય પરિણામ હોવાથી પરમાર્થથી તે ત્રણેય પદાર્થ એક જ છે, એકવિધ જ છે, અભિન્ન જ છે. 'ટૂંકમાં, પદ બદલાય પણ પદાર્થની પરિણતિ બદલાતી નથી. માટે દ્રવ્ય આદિ ત્રણ પદાર્થમાં ભેદ નથી. જેમ 'લાલ ઘડો, પીળો ઘડો અને કાળો ઘડો' - આવું બોલવામાં આવે ત્યારે ત્રણે ઘડામાં ભેદનું ભાન થાય છે. પરંતુ ઘટત્વ જાતિની અપેક્ષાએ તે ત્રણેય ઘડામાં અભેદ રહે છે, ભાસે છે અને તથાવિધ અભેદનો વ્યવહાર

જિમ રત્ન (૧), કાંતિ (૨), જ્વરાપહારશક્તિ (૩) પર્યાયનઈં એ ૩ નઇં એકત્વ✿ પરિણામ છઈ; તિમ દ્રવ્ય, ગુણ, પર્યાયનઇં ઇમ જાણવું.*

-श्यामघटेषु भेदप्रतिभासेऽपि घटत्वजात्यपेक्षया तत्र अभेदो वर्तते, विज्ञायते, व्यवह्रियते च। जलाहरणाद्यर्थक्रियाऽपेक्षयाऽपि तत्रैक्यमेव। तथा चैतन्यादिजात्यपेक्षया आत्मद्रव्य-ज्ञानादिगुण-मनुष्यादिपर्यायाणामेकत्वं कथ्यते ज्ञायते च। अत एवानेकस्वगुण-पर्यायाऽभिन्नत्वेऽपि एकस्मिन् द्रव्ये नाऽनेकत्वापत्तिरत्र लब्धावकाशा, स्वजात्यपेक्षैक्यस्याऽव्याहतत्वात्। इत्थं सर्वत्र द्रव्य-गुण-पर्यायेषु स्वजात्यपेक्षैकत्वमनुयोज्यम्। एकत्वानेकत्वयोः मिथो विरोधेन अनेकेषु निरपेक्षतया एकत्वपरिणामाऽसमावेशात् स्वगतजात्यपेक्षया द्रव्य-गुण-पर्यायेषु एकत्वपरिणामसमावेशः कृतोऽत्र।

यथा रत्नद्रव्य-कान्त्यादिगुण-ज्वरापहारशक्त्यादिपर्यायाणां स्वजात्यनतिक्रमेण एकत्वपरिणामः तथा शुद्धात्मद्रव्य-केवलज्ञानादिशुद्धगुण-सिद्धत्वादिशुद्धपर्यायाणां शुद्धचैतन्यलक्षण-स्वजात्यनतिक्रमेण एकत्वपरिणामो ज्ञेयः।

इदमत्राकूतम् – धर्मिगतैकत्वपरिणामलक्षणः द्रव्य-गुण-पर्यायाऽभेदपरिणामो यदा विवक्ष्यते तदा

થાય છે. જલ-આહરણ ક્રિયાની અપેક્ષાએ પણ તે ત્રણેયમાં ઐક્ય છે. ત્રણ ઘડા જુદા લાગવા છતાં ત્રણેયની પરિણતિ એક જ છે. માટે જ સમાન અર્થક્રિયાકારિત્વ લાલ-પીળા-કાળા ઘડામાં ઉપલબ્ધ થાય છે. તેમ પ્રસ્તુતમાં પણ કહી શકાય કે ચૈતન્યાદિ જાતિની અપેક્ષાએ આત્મદ્રવ્ય, જ્ઞાનાદિ ગુણ અને મનુષ્ય આદિ પર્યાય - આ ત્રણેયમાં ઐક્યનો વ્યવહાર તથા પ્રતીતિ થાય છે. પોતાના અનેક ગુણ-પર્યાયોથી દ્રવ્ય અભિન્ન હોવા છતાં તાજમહાલ વગેરે દ્રવ્યમાં અનેકત્વની આપત્તિને અહીં અવકાશ મળતો નથી. કારણ કે તાજમહાલત્વ પરિણામની (= સ્વજાતિની) અપેક્ષાએ ત્યાં ઐક્ય અબાધિત જ છે. આમ સર્વ સ્થળોમાં સમજી લેવું કે દ્રવ્ય-ગુણ-પર્યાય પોતાની જાતિની અપેક્ષાએ એક જ છે. અનેકત્વ-એકત્વપરિણામ પરસ્પરવિરોધી છે. તેથી અનેકમાં નિરપેક્ષપણે એકત્વપરિણામનો સમાવેશ થઈ ન શકે. તેથી સ્વગતજાતિની અપેક્ષાએ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં ઐક્યપરિણામનો સમાવેશ કરવામાં આવેલ છે.

### ❀ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં ઐક્યપરિણતિ ❀

**(यथा.)** જેમ (૧) રત્ન દ્રવ્ય, (૨) કાંતિ વગેરે ગુણ તથા (૩) જ્વરાપહાર શક્તિ આદિ પર્યાય - આ ત્રણેયમાં પોતાની જાતિની અપેક્ષાએ ઐક્ય પરિણામ રહેલો છે. (અર્થાત્ જે રત્ન છે તે જ કાંતિ = તેજ છે, તે જ જ્વરનાશક-શક્તિ છે. આશય એ છે કે રત્ન કાંતિમય છે, જ્વરનાશક-શક્તિમય છે) તેમ પ્રસ્તુતમાં શુદ્ધાત્મા, તેના કેવલજ્ઞાનાદિ શુદ્ધ ગુણો તથા સિદ્ધત્વ આદિ શુદ્ધ પર્યાય આ ત્રણેયમાં સ્વગત શુદ્ધ ચૈતન્ય જાતિની અપેક્ષાએ ઐક્ય જ જાણવું.

### 卐 એકવિધ પદાર્થનું સ્પષ્ટીકરણ 卐

**(इदम.)** પ્રસ્તુતમાં કહેવાનું તાત્પર્ય એ છે કે ધર્મિગત એકત્વ પરિણામસ્વરૂપ દ્રવ્ય-ગુણ-પર્યાયનો અભેદ પરિણામ જ્યારે વિવક્ષિત હોય ત્યારે વસ્તુનો ધર્મિમુખે બોધ થાય છે. ધર્મી એક હોવાથી તે

✿ પુસ્તકોમાં 'એક જ' પાઠ. લા.(૨)નો લીધો છે. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૯)+ આ.(૧)+સિ.માં નથી.

*તદ્વ્યક્તિ♦ જે એકતા પરિણામ છે. તેણિં કરી તે એક પ્રકાર કહીઈં. **अत एव** દ્રવ્યસંખ્યાની ઉદ્ભૂતત્વ વિવક્ષાઈં '**अयं घटः**', પર્યાયસંખ્યાની ઉદ્ભૂતત્વવિવક્ષાઈં '**एते रूपादिगुण-पर्यायाः**', ઉભયોદ્ભૂતત્વવિવક્ષાઈં '**रूपादयो घटस्य गुणाः**' ઈત્યાદિ વ્યવહાર ***મલયગિરિ*** પ્રમુખે કહ્યો છે.* ॥૩/૬॥

---

वस्तुनो धर्मिमुखेन बोधः सम्पद्यते। धर्मिणः एकत्वात् तादृशबोधः एकविधः भवति यथा 'तक्रपाकः स्वादुः'। एतादृशव्यवहारेण वस्तुगतमेकविधत्वम् प्रतीयते। यदा च द्रव्य-गुण-पर्यायगतानेकत्वपरिणामः विवक्ष्यते तदा वस्तुनो नानारूपेण बोधः सम्पद्यते यथा 'तक्रपाके अम्लता, लवणता मधुरता च प्रमाणोपेता वर्तते'। एतादृशव्यवहारेण वस्तुगताऽनेकविधत्वम् अवसीयते। प्रकृते द्रव्य-गुण -पर्यायनिष्ठैकत्वपरिणामापेक्षया 'पदार्थ एकविधः' इति दर्शयितुमभिमतम्।

तद्व्यक्तौ य एकत्वपरिणामः तमालम्ब्य पदार्थ एकप्रकारः कथ्यते। अत एव द्रव्यसङ्ख्याया उद्भूतत्वविवक्षायां 'अयं घटः' इति, पर्यायादिसङ्ख्याया उद्भूतत्वविवक्षायाम् 'एते रूपादिगुण-नवीनत्वादिपर्यायाः' इति, उभयोद्भूतत्वविवक्षायां 'रूपादयो घटस्य गुणाः नवीनत्वादयश्च पर्यायाः' इत्यादिः व्यवहारः **श्रीमलयगिरिसूरि**प्रभृतिभिः उपपादितः।

---

બોધ એકવિધ હોય છે. દા.ત. 'કઢી સ્વાદિષ્ટ છે' - આવા વ્યવહાર દ્વારા વસ્તુમાં રહેલ એકવિધતાની પ્રતીતિ થાય છે. તથા દ્રવ્ય-ગુણ-પર્યાયના અનેકત્વપરિણામની = ભેદપરિણામની વિવક્ષા જ્યારે કરવામાં આવે ત્યારે વસ્તુનો અનેકરૂપે બોધ થાય છે. દા.ત. 'કઢીમાં ખટાશ, ખારાશ, તીખાશ, મીઠાશ પ્રમાણસર છે' - આવા વ્યવહાર દ્વારા વસ્તુમાં રહેલી અનેકવિધતાનું ભાન થાય છે. પ્રસ્તુતમાં દ્રવ્ય-ગુણ-પર્યાયમાં રહેલ ઐક્ય પરિણતિની અપેક્ષાએ 'પદાર્થ એકવિધ છે' - આ પ્રમાણે દર્શાવવું અભિપ્રેત છે.

### ❖ એકવચન-બહુવચનગર્ભિત વ્યવહારનું સમર્થન ❖

(**तद्व्यक्तौ.**) તે વ્યક્તિમાં (= વસ્તુમાં) જે એકત્વ પરિણામ હોય તેને આશ્રયીને પદાર્થ એકવિધ = એક પ્રકારનો કહેવાય. (તથા અનેકત્વ પરિણામને આશ્રયીને તેના અનેક પ્રકાર કહેવાય.) માટે જ દ્રવ્યગત સંખ્યામાં ઉદ્ભૂતત્વની વિવક્ષા કરવામાં આવે તો 'अयं घटः' આ પ્રમાણે એકવચનગર્ભિત વાક્યપ્રયોગ = વ્યવહાર થાય છે. તથા ગુણ-પર્યાયગત સંખ્યાની ઉદ્ભૂતતા વિવક્ષિત હોય ત્યારે 'एते रूपादिगुण-नवीनत्वादिपर्यायाः' આ પ્રમાણે બહુવચનગર્ભિત શબ્દપ્રયોગ = વ્યવહાર થાય છે. તથા દ્રવ્ય અને ગુણ-પર્યાય (અર્થાત્ ધર્મી અને ધર્મ) - આ બન્નેની સંખ્યામાં ઉદ્ભૂતત્વની વિવક્ષા કરવામાં આવે ત્યારે 'रूपादयो घटस्य गुणाः नवीनत्वादयश्च पर्यायाः' આ પ્રમાણે ધર્મિવાચક પદનો એકવચનગર્ભિત પ્રયોગ અને ધર્મવાચક પદનો બહુવચનગર્ભિત પ્રયોગ થાય છે. આ પ્રમાણે **શ્રીમલયગિરિસૂરિ** મહારાજ વગેરે પૂર્વાચાર્યોએ પ્રસિદ્ધ વ્યવહારનું સમર્થન કર્યુ છે.

---

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯)માં છે. ♦ આ.(૧)+કો.(૧૩)માં 'તદ્વ્યક્તેં જે એકતા પરિણામ છિ. તિણિ કરીનેં એક પ્રકાર કહિઈં એતલઈં દ્રવ્ય સંખ્યાને ઉપજવેં '**अयं घटः**', પર્યાય સંખ્યાનેં ઉપજાવેં '**एते रूपादिपर्याया**' અને વિવક્ષાઈં '**रूपादयो घटस्य गुणा**' ઈત્યાદિ વિવહાર શ્રીમલયગિરિ કરિ છેં કહે છઈ' પાઠ છે.

तदुक्तं **धर्मसङ्ग्रहणिवृत्तौ मलयगिरिसूरिभिः** "द्रव्य-पर्यायात्मकं वस्तु। देश-काल-पुरुषाद्यपेक्षया चोद्भूताऽनुद्भूतं द्रव्यादिकम्। ततो यदा उपसर्जनीभूतद्रव्यं प्रधानीकृतपर्यायोपनिपातं च वस्तु शब्देन च वक्तुमिष्यते तदा तद्वाचकस्य शब्दस्य बहुवचनम्, पर्यायाणां बहुत्वात्। यदा तूपसर्जनीकृतपर्यायोपनिपातं प्रधानीकृततुल्यांशं च तदेव वस्तु वक्तुमिष्यते तदा एकवचनम्, तुल्यांशस्य कथञ्चिदेकत्वात्। अत एव चैकवचनकाले बहुवचनकाले वा द्रव्य-पर्यायोभयरूपं वस्तु सकलमविगानेन प्रतीयते।.... यदा तूभयोरपि उद्भूतत्वं विवक्ष्यते तदा द्वयोरपि द्रव्य-पर्यायवाचकयोः शब्दयोः यथाक्रममेकवचन-बहुवचने इति भेदः, यथा - घटस्य रूपादयः" (ध.स.गा.३४१/पृ.१४७) इति।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'पदार्थः द्रव्य-गुण-पर्यायमयः' इति कृत्वा प्रथमं निजात्मद्रव्य -गुण-पर्यायशुद्धिः कर्तव्या। शुद्धात्मद्रव्य-केवलज्ञानादिपूर्णगुण-सिद्धत्वादिशुद्धपर्यायप्रयोजनं तावद् अखण्डात्मस्वरूपरमणतैव। आत्मद्रव्यशुद्धौ गुणशुद्धौ पर्यायशुद्धौ वा सत्याम् आत्मस्वरूपरमणता सम्पद्यते। अत्र व्यवहारनयो व्याचष्टे 'आदौ निजपर्यायान् शोधयतु, ततः गुणाः शोत्स्यन्ते ततश्च स्वात्मा शोत्स्यते'।

---

## ❀ દ્રવ્યાદિ ઉદ્ભૂત-અનુદ્ભૂતવિવક્ષા ❀

(तदु.) **ધર્મસંગ્રહણિવ્યાખ્યામાં શ્રીમલયગિરિસૂરિજીએ** આ અંગે જણાવેલ છે કે "વસ્તુ દ્રવ્ય -પર્યાયાત્મક છે. દેશ, કાળ, પુરુષ વગેરેની અપેક્ષાએ દ્રવ્ય ઉદ્ભૂત અને અનુદ્ભૂત છે. તેથી જ્યારે દ્રવ્યને ગૌણ કરીને પર્યાયસમૂહને વસ્તુમાં મુખ્ય કરીને વસ્તુને શબ્દથી દર્શાવવાની ઈચ્છા હોય ત્યારે વસ્તુવાચક શબ્દને બહુવચન લાગશે. કારણ કે વસ્તુમાં પર્યાયો ઘણા છે. જ્યારે પર્યાયસમૂહને ગૌણ કરીને વસ્તુગત તુલ્યાંશને = દ્રવ્યને મુખ્ય કરીને તે જ વસ્તુને કહેવાની ઈચ્છા હોય ત્યારે એકવચનનો પ્રયોગ થાય. કારણ કે તુલ્યાંશ કથંચિત્ એક છે. આ જ કારણથી એકવચનપ્રયોગકાળે કે બહુવચનપ્રયોગકાળે દ્રવ્ય-પર્યાયઉભયસ્વરૂપ સંપૂર્ણ વસ્તુ નિર્વિવાદરૂપે પ્રતીત થાય છે. ... જ્યારે વસ્તુગત દ્રવ્ય અને પર્યાય બન્નેય ઉદ્ભૂતસ્વરૂપે = મુખ્યસ્વરૂપે વિવક્ષિત હોય ત્યારે દ્રવ્યવાચક શબ્દને એકવચન તથા પર્યાયવાચક શબ્દને બહુવચન લાગુ પડશે. આટલી વિશેષતા છે. જેમ કે 'घटस्य रूपादयः' આવો પ્રયોગ. અહીં દ્રવ્યવાચક ઘટશબ્દને એકવચન તથા પર્યાયવાચક રૂપાદિશબ્દને બહુવચન લાગેલ છે."

## ❀ અખંડ સ્વરૂપરમણતા મેળવીએ ❀

[redacted] :- 'પદાર્થ દ્રવ્ય-ગુણ-પર્યાયમય છે' - આ વાત આધ્યાત્મિક દૃષ્ટિએ એ રીતે ઉપયોગી છે કે શુદ્ધ આત્મદ્રવ્ય, કેવલજ્ઞાનાદિ શુદ્ધ ગુણો તથા સિદ્ધત્વ આદિ શુદ્ધ પર્યાયોનું મુખ્ય કાર્ય - પ્રયોજન એક જ છે. તે છે અખંડ સ્વરૂપરમણતા. આત્મદ્રવ્ય શુદ્ધ બને તો પણ સ્વરૂપરમણતા પ્રાપ્ત થાય. જ્ઞાનાદિ ગુણો શુદ્ધ બને તો પણ સ્વરૂપરમણતા અખંડ બને. સ્વપર્યાયો શુદ્ધ બને તો પણ સ્વરૂપરમણતા નિરંતર પ્રવર્તે. વ્યવહારનય કહે છે કે સૌ પ્રથમ તમારા પર્યાયોને શુદ્ધ કરો. સંયમપર્યાયને પ્રગટાવો. પછી આત્મગુણો શુદ્ધ બનતા જશે. છેવટે આત્મદ્રવ્ય પણ શુદ્ધ બની જશે.

निश्चयनयस्तु प्राह 'प्रथमं शुद्धाऽखण्ड-परिपूर्ण-निरावरण-ध्रुवाऽचलाऽऽत्मद्रव्ये स्वकीयां दृष्टिं रुचिपूर्वं स्थापयित्वा स्वात्मद्रव्यं शोधयतु। तच्छुद्ध्यनुसारेण आत्मगुण-पर्याया अपि शोत्स्यन्ते'। स्वात्मद्रव्य-गुण-पर्यायपरिपूर्णविशुद्धौ सत्याम् अनायासेन निरावरणपर्यायप्रवाहलक्षणा अखण्डिता स्वरूपरमणतासन्ततिः निरन्तरं सम्पद्यते। स्वात्मभूमिकां विनिश्चित्य तदनुसारेण व्यवहार -निश्चयान्यतरनयावलम्बनतः मोक्षमार्गे स्वरसतो द्रुतं समभिगन्तव्यम्। ततश्च [1]"आयसरूवं णिच्चं अकलंकं नाण-दंसणसमिद्धं। णियमेणोवादेयं जं सुद्धं सासयं ठाणं" (उ.र.२००) इति **उपदेशरहस्ये यशोविजयवाचकेन्द्र**दर्शितं परमपदमञ्जसा लभ्यते इत्यवधेयम्।।३/६।।

## ❀ સાધકની અંગત જવાબદારી ❀

**(निश्च.)** જ્યારે નિશ્ચયનય એમ કહે છે કે 'સૌ પ્રથમ શુદ્ધ, અખંડ, પરિપૂર્ણ, નિરાવરણ, ધ્રુવ, અચલ આત્મદ્રવ્ય ઉપર અહોભાવપૂર્વક રુચિને સ્થાપિત કરી આત્મદ્રવ્યને શુદ્ધ કરો. જેમ જેમ આત્મદ્રવ્ય શુદ્ધ થતું જશે તેમ તેમ આત્મગુણ અને આત્મપર્યાય પણ શુદ્ધ થતા જશે.' આત્મદ્રવ્ય-આત્મગુણ -આત્મપર્યાય જ્યારે પરિપૂર્ણપણે શુદ્ધ બને ત્યારે અનાયાસે નિરંતર અખંડ સ્વરૂપરમણતાનો પ્રવાહ (= નિરાવરણ પર્યાયપ્રવાહ) વહેવા લાગશે. સાધકની અંગત જવાબદારી એ છે કે પોતાની વર્તમાન ભૂમિકાને પ્રામાણિકપણે ઓળખીને, તદનુસાર ઉપરોક્ત વ્યવહાર-નિશ્ચયનયનું આલંબન લેવું. તથા તે રીતે મોક્ષમાર્ગે સ્વરસપૂર્વક, સામે ચાલીને, ઝડપથી આગેકૂચ આત્માર્થી જીવે કરવી જોઈએ. તેનાથી **ઉપદેશરહસ્ય**માં દર્શાવેલ પરમપદ ઝડપથી મળે છે. ત્યાં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે દર્શાવેલ છે કે 'નિત્ય, અકલંક, જ્ઞાન-દર્શનથી સમૃદ્ધ એવું આત્મસ્વરૂપ જે શુદ્ધ શાશ્વત પરમપદ છે, તે નિયમા ઉપાદેય છે.' (૩/૬)

લખી રાખો ડાયરીમાં....

- **દુઃખમાં હસવું તે સાધના. દા.ત. સીતા.**
  **દોષમાં રડવું તે ઉપાસના.**
  **દા.ત. ઝાંઝરીયા મુનિના ઘાતક રાજા**
- **બુદ્ધિ બાહ્ય પરિસ્થિતિને અનુકૂળ બનાવવા ઝંખે છે.**
  **શ્રદ્ધા પોતાની મનઃસ્થિતિને સુધારવા કટિબદ્ધ છે.**

1. आत्मस्वरूपं नित्यम् अकलङ्कं ज्ञान-दर्शनसमृद्धम्। नियमेनोपादेयं यत् शुद्धं शाश्वतं स्थानम्।।

♦વલી અભેદ ન૬ માનઈં, તેહનઈં દોષ દેખાડઈ છઈ -

**જો અભેદ નહીં ✡એહનો જી, તો કારય❖ કિમ હોઈ ?;**
**અછતી વસ્તુ ન નીપજઈ જી, ●શશવિષાણ પરિ જોઈ રે ॥૩/૭॥ (૩૨) ભવિકા.**

❖**જો એહનઈં** = દ્રવ્ય-ગુણ-પર્યાયનઇં□ **અભેદ નથી, તો** કારણ-કાર્યનઇં પણિ અભેદ ન હોયઈ. તિવારઇં મૃત્તિકાદિક કારણથી ઘટાદિ **કાર્ય કિમ (હોઈ =)** નીપજઈ ? કારણમાંહિ કાર્યની *સત્તા હોઈ

पुनः द्रव्याद्यभेदानभ्युपगमे दोषमुपदर्शयति – '**यदी**'ति।

**यद्यभेदस्त्रयाणां न तर्हि कार्यं कथं दलात् ?।**
**दलेऽसद् वस्तु नोदेति शशशृङ्गसमं क्वचित्।।३/७।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – यदि त्रयाणाम् अभेदः न, तर्हि दलात् कार्यं कथम् ?। दले शशशृङ्गसमम् असद् वस्तु क्वचिद् न उदेति।।३/७।।

द्रव्यस्य कारणत्वं गुण-पर्याययोश्च तत्कार्यत्वं भवति तथापि भवद्भिः **यदि त्रयाणां** द्रव्य -गुण-पर्यायाणाम् **अभेदः** = एकरूपता **न** अभ्युपगम्यते **तर्हि** अन्यत्रापि अवयवाऽवयवि-गुणगुण्यादिस्थले कार्य-कारणयोरेकरूपता न स्यात्। ***न चास्त्वेवं*** का नः क्षतिरिति ***वाच्यम्,*** **तर्हि** = कार्य-कारण-योरेकरूपताऽनङ्गीकारे मृत्तिकादितः **दलाद्** = घटाद्युपादानकारणाद् घटादिलक्षणं **कार्यं कथं** =

[redacted] :- આગળના શ્લોકમાં દ્રવ્યાદિ ત્રણમાં ઐક્ય પરિણામથી નિયત યથાવસ્થિત દ્રવ્યસંબંધી વ્યવહારનું પ્રાસંગિકરૂપે સમર્થન કરી દ્રવ્યથી ગુણાદિનો અભેદ સિદ્ધ કર્યો. હવે ગ્રંથકારશ્રી દ્રવ્યનો ગુણાદિથી અભેદ માનવામાં ન આવે તો કયો દોષ આવે ? તેને નવા શ્લોક દ્વારા દેખાડતા કહે છે કે :-

### ❋ અસત્ કાર્યની ઉત્પત્તિ અસંભવ ❋

[redacted] :- જો દ્રવ્ય-ગુણ-પર્યાયનો અભેદ માનવામાં ન આવે તો ઉપાદાનકારણમાંથી કાર્ય કઈ રીતે થઈ શકે ? કેમ કે ઉપાદાનકારણમાં શશશૃંગસમાન અસત્ વસ્તુ ક્યારેય ઉત્પન્ન થતી નથી. (૩/૭)

[redacted] :- જો કે દ્રવ્ય એ ગુણ-પર્યાયનું કારણ છે અને ગુણ-પર્યાય એ દ્રવ્યનું કાર્ય છે - આ વાત લોકમાં પ્રસિદ્ધ છે. તેમ છતાં પણ તમે દ્રવ્ય-ગુણ-પર્યાયનો અભેદ (= ઐક્ય) જો ન માનો તો અવયવ-અવયવી, ગુણ-ગુણી આદિ અન્ય સ્થળે પણ કાર્ય અને કારણ વચ્ચે ઐક્ય સિદ્ધ નહિ થાય. 'ભલે, ન થાય. તેમાં અમને શું વાંધો ?' - આવું ન કહેવું. કેમ કે કાર્ય અને કારણ વચ્ચે એકરૂપતાનો સ્વીકાર કરવામાં ન આવે તો ઘટાદિના ઉપાદાનસ્વરૂપ માટી વગેરે દ્રવ્યમાંથી ઘટાદિ સ્વરૂપ

♦ કો.(૯)માં 'વલી અભેદ વ્યતિરેકાનુપપત્તિં દૃઢેં છઈ.' અવતરણિકા. ૬ મો.(૨)માં 'ન' નથી. ✡ મ.માં 'એહોનો' પાઠ. આ.(૧)+કો.(૨) નો પાઠ લીધો છે. ❖ કો.(૪)માં 'કારજ' પાઠ. ● શશવિષાણ = સસલાનું શિંગડુ. ❖ આ.(૧)માં પાઠ 'જો એહનો = ગુણ-ગુણ્યાદિક અવયવાવયવ્યાદિકનો અભેદ નથી તો કાર્ય કિમ નીપજે ? મૃત્તિકામાંહિ ઘટ હુતો તો જ દંડાદિવ્યાપારિં આવિર્ભૂત થયો તે નીપનો કહીઈં. પણિ અછતી વસ્તુ નવિ નીપજૈ. યથા દૃષ્ટાંતેન દૃઢયતિ-શશલાના સિંગની પરિ અછતિની છતિ ન થાય.' કો.(૧૩)માં પણ આવા પ્રકારનો જ પાઠ છે. □ મો.(૨)માં '....પર્યાયથી' પાઠ. * પુસ્તકમાં 'શક્તિ' પાઠા૦ ભા૦ + કો.(૧૨) + આ.(૧) + લી.(૨+૩) + લા.(૨) + પા૦નો પાઠ લીધો છે.

તો જ કાર્ય નીપજઈ. કારણમાંહઈ **અછતી** કાર્ય**વસ્તુ**ની પરિણતિ **ન નીપજઈ** જ. (**પરિ**=) જિમ **શશવિષાણ** (**જોઈ**).

---

केन प्रकारेण स्यात् ? मृत्तिकादौ मृत्तिकादिरूपेण प्राग् घटादिसत्त्वे एव दण्ड-कुलालादिव्यापारात् पश्चात् तदाविर्भावे तन्निष्पत्तिः व्यवहर्तुमर्हति।

***न च*** कार्य-कारणयोः भेदेऽपि शक्तिविशेषादेव कार्यशून्यादपि कारणात् कार्यप्रादुर्भावः स्यादिति ***शङ्कनीयम्,***

उपादानकारणस्य कार्यरूपत्वे एव कार्यजननशक्तिसम्भवात्, उपादानकारणे कार्यजननशक्तिसत्त्वे एव शक्तिरूपेण वा कार्यसत्त्वे एव कार्योत्पादसम्भवात्। न हि उपादानकारणस्य कार्याननुरूपत्वे कार्यजननशक्तिसम्भवः, न वोपादानकारणस्य कार्यजननशक्तिशून्यत्वे कार्योत्पादसम्भवः। न हि उपादानकारणे शक्तिरूपेणाऽसतः वस्तुनः शशविषाणस्येव परिणतिः निष्पद्यते। इदमेवाऽभिप्रेत्य **विशेषावश्यकभाष्यमलधारवृत्तौ** "कारणे च योग्यतया कार्यस्वरूपमस्ति" (वि.आ.भा.२८१ वृ.) इत्युक्तम्।

---

કાર્ય કઈ રીતે ઉત્પન્ન થઈ શકે ? માટી વગેરે ઉપાદાનકારણમાં પહેલેથી 'ઘટ' વગેરે હાજર હોય તો જ દંડ, કુંભાર વગેરેની પ્રવૃત્તિ પછી 'ઘટાદિનો આવિર્ભાવ થતાં ઘટાદિની નિષ્પત્તિ થઈ' - આ પ્રમાણે વ્યવહાર કરવો યોગ્ય બની શકે. માટે 'કુંભાર આદિની પ્રવૃત્તિ પૂર્વે માટીમાં તિરોહિત સ્વરૂપે ઘટાદિ વિદ્યમાન છે' - તેવું માનવું જરૂરી છે. તિરોહિત સ્વરૂપે રહેવું એટલે કારણસ્વરૂપે રહેવું. તેથી 'ઘડો પૂર્વે માટીસ્વરૂપે હાજર છે' - તેવું માનવું જરૂરી છે. કુંભારની પ્રવૃત્તિસમયે માટીસ્વરૂપે રહેલા ઘડાનું અસ્તિત્વ સિદ્ધ કરે છે કે ઉપાદાનકારણથી કાર્ય અભિન્ન છે.

**શંકા** :- (न च.) કાર્યમાં કારણનો ભેદ હોવા છતાં પણ તથા કાર્યોત્પત્તિની પૂર્વે કારણમાં કાર્યનો અભાવ હોવા છતાં પણ કારણમાં કાર્યજનક એક વિશેષ પ્રકારની શક્તિ માની શકાય છે અને શક્તિવિશેષના પ્રભાવે જ કાર્યશૂન્ય એવા પણ કારણથી કાર્યનો પ્રાદુર્ભાવ થઈ શકશે. માટે કાર્ય-કારણમાં અભેદ માનવાની આવશ્યકતા નથી.

**સમાધાન** :- (उपा.) તમારી આ દલીલ વ્યાજબી નથી. આનું કારણ એ છે કે શક્તિ એ યોગ્યતારૂપે કાર્યસ્વરૂપ છે. જો અભેદનયથી ઉપાદાનકારણને ફલબલતઃ કાર્યસ્વરૂપ માનવામાં આવે તો જ ઉપાદાનકારણમાં કાર્યજનન શક્તિ સંભવી શકે. તથા ઉપાદાનકારણમાં કાર્યજનન શક્તિ હોય તો જ અથવા તેમાં શક્તિસ્વરૂપે કાર્ય વિદ્યમાન હોય તો જ કાર્યોત્પત્તિ સંભવી શકે. ઉપાદાનકારણનિષ્ઠ કાર્યજનનશક્તિ એ યોગ્યતારૂપે કાર્યસ્વરૂપ જ છે. પરંતુ ઉપાદાનકારણને કાર્યઅનુરૂપ માનવામાં ન આવે અર્થાત્ કાર્યથી અત્યંત ભિન્ન માનવામાં આવે તો ઉપાદાનકારણમાં કાર્યજનનશક્તિ સંભવી શકતી નથી. તથા ઉપાદાનકારણને કાર્યજનન-શક્તિથી રહિત માનવામાં આવે તો કાર્યોત્પત્તિ સંભવી શકતી નથી. કેમ કે ઉપાદાનકારણમાં શક્તિરૂપે કાર્ય વિદ્યમાન ન હોય અને કાર્યનિષ્પત્તિની પૂર્વે કારણમાં કાર્ય શશશૃંગની જેમ અસત્ હોય તો ભવિષ્યમાં તે કાર્યપરિણામ ઉત્પન્ન થવાનો કોઈ સંભવ રહેતો નથી. આ જ અભિપ્રાયથી **વિશેષાવશ્યકભાષ્ય**ની **મલધારવ્યાખ્યા**માં જણાવેલ છે કે 'ઉપાદાનકારણમાં યોગ્યતારૂપે કાર્યસ્વરૂપ વિદ્યમાન હોય છે.' ઉપાદાનકારણમાં

જો કારણમાંહિં કાર્યની સત્તા માનિયઈં, તિવારઈં અભેદ સહજઈં ◆જ આવ્યો ✱જોઈએ. ▸**तस्मादसतः कर्तुमशक्यत्वादिना कारणकालेऽपि कार्यस्य सत्त्वात् तदभेदो ध्रुव इति प्रतिपत्तव्यम्। तदुक्तम्** - '**असदकरणादुपादानग्रहणात् सर्वसम्भवाऽभावात्। शक्तस्य शक्यकरणात् कारणभावाच्च सत् कार्यम्।।**' **(सा.का.९) इत्यादि।**◂ ॥૩/૭॥

सर्वथैवाऽसत उत्पत्तौ शशविषाणादिकमपि समुत्पद्येत। तस्मात् प्रतिपत्तव्यमिदं यदुत **दले** = उपादानकारणे सर्वथैव **असत् शशशृङ्गसमं वस्तु न** = नैव **क्वचिद्** अपि **उदेति** कर्तृव्यापारसहस्रेणाऽपीति।

तस्माद् द्रव्यार्थिकनयेन कार्यकारणयोः अभेदोऽभ्युपगन्तव्यः। अत एव **धवलायाम्** [1]"सव्वस्स कज्जकलावस्स कारणादो अभेदो सत्तादीहिंतो त्ति णए अवलंबिज्जमाणे कारणादो कज्जमभिण्णं, कज्जादो कारणं पि" (ध.१२/४,२,८,३/१८०/३) इति दर्शितम्।

शक्तिरूपेण कार्यस्योपादानकारणवृत्तित्वे तूपादानकारणस्य कार्यानुरूपत्वसिद्ध्या कार्याऽभिन्नता सहजत एव सिद्धा। तस्मादसतः कर्तुमशक्यत्वादिना कारणकालेऽपि कार्यस्य सत्त्वात् तदभेदो ध्रुव इति प्रतिपत्तव्यम्।

तदुक्तम् **ईश्वरकृष्णेन साङ्ख्यकारिकायाम्** "असदकरणादुपादानग्रहणात् सर्वसम्भवाऽभावात्। शक्तस्य

સર્વથા અવિદ્યમાન વસ્તુની ઉત્પત્તિ થઈ શકતી હોય તો સસલાના શિંગડાની અને માણસના પૂંછડાની પણ ઉત્પત્તિ થવી જોઈએ. પરંતુ આવું થતું નથી. તેથી માનવું જોઈએ કે ઉપાદાનકારણમાં સર્વથા જ અસત્ શશશૃંગતુલ્ય વસ્તુ, કુંભકાર વગેરે કર્તાઓ હજારો પ્રયત્ન કરે તો પણ ક્યારેય ઉત્પન્ન થઈ ન શકે.

**(तस्मा.)** માટે દ્રવ્યાર્થિકનયથી કાર્ય અને કારણ વચ્ચે અભેદ માનવો જરૂરી છે. તેથી જ **ધવલા** ગ્રંથમાં જણાવેલ છે કે "સત્તા આદિની અપેક્ષાએ તમામ કાર્યસમુદાય પોતાના ઉપાદાનકારણથી અભિન્ન છે. આ પ્રમાણે મંતવ્ય ધરાવનાર દ્રવ્યાર્થિકનયનું આલંબન લેવામાં આવે તો કાર્ય કારણથી અભિન્ન છે. તથા કાર્યથી કારણ પણ અભિન્ન છે."

**(शक्तिरूपेण.)** 'કાર્યની નિષ્પત્તિ પૂર્વે કાર્ય પોતાના ઉપાદાનકારણમાં શક્તિરૂપે રહેલું છે' - તેવું માનવામાં આવે તો એવું સિદ્ધ થશે કે ઉપાદાનકારણ પોતાના કાર્યને અનુરૂપ છે. તથા જે કારણ જે કાર્યને અનુરૂપ હોય તે કારણ તે કાર્યથી અભિન્ન હોય તેવું સહજ રીતે સિદ્ધ થઈ જશે. આમ 'ઉપાદાનકારણમાં અવિદ્યમાન વસ્તુની ઉત્પત્તિ કરવી અશક્ય છે' - વગેરે હેતુઓથી તેવું માનવું જોઈએ કે કાર્યની અભિવ્યક્તિ પૂર્વે ઉપાદાનકારણની અવસ્થામાં પણ કાર્ય પોતાના ઉપાદાનકારણમાં રહેલું છે. તેથી કાર્યથી કારણનો અભેદ જ છે.

## ❋ સત્કાર્યવાદસાધક પાંચ હેતુ ❋

**(तदुक्त.)** માટે જ **ઈશ્વરકૃષ્ણ** નામના વિદ્વાને **સાંખ્યકારિકા** ગ્રંથમાં જણાવેલ છે કે "(૧) અસત્

✱ પુસ્તકોમાં 'જોઈએ' પાઠ નથી. કો.(૧૧)માં છે. ◆ લી(૩)માં 'ન' અશુદ્ધ પાઠ. ▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯)માં છે. 1. सर्वस्य कार्यकलापस्य कारणाद् अभेदः सत्तादिभ्यः इति नये अवलम्ब्यमाने कारणात् कार्यमभिन्नम्, कार्यात् कारणमपि।

शक्यकरणात् कारणभावाच्च सत्कार्यम्" (सा.का.९) इति।

एतदुपरि **वाचस्पतिमिश्रकृत-साङ्ख्यतत्त्वकौमुदी**व्याख्यालेशस्त्वेवम् – "(१) असच्चेत् कारणव्यापारात् पूर्वं कार्यम्, नाऽस्य सत्त्वं कर्तुं केनाऽपि शक्यम्। न हि नीलं शिल्पिसहस्रेणाऽपि पीतं कर्तुं शक्यते।

'सदसत्त्वे घटस्य धर्मौ' इति चेत् ?

तथापि असति धर्मिणि न तस्य धर्म इति सत्त्वं तदवस्थमेव, तथा च नाऽसत्त्वम्। असम्बद्धेनाऽतदात्मना चाऽसत्त्वेन कथमसन् घटः। तस्मात् कारणव्यापारादूर्ध्वमिव ततः प्रागपि सदेव कार्यमिति। कारणाच्चाऽस्य सतोऽभिव्यक्तिरेवाऽवशिष्यते।

सतश्चाऽभिव्यक्तिरुपपन्ना। यथा पीडनेन तिलेषु तैलस्य, अवघातेन धान्येषु तण्डुलानाम्, दोहनेन

---

વસ્તુ ઉત્પન્ન થતી નથી. (૨) ઉપાદાનકારણને ગ્રહણ કરવું પડે છે. (૩) સર્વ વસ્તુમાંથી સર્વ વસ્તુ ઉત્પન્ન થઈ શકતી નથી. (૪) શક્તિમાન પદાર્થથી જ શક્ય વસ્તુ ઉત્પન્ન કરી શકાય છે. તથા (૫) કાર્ય ઉપાદાનકારણાત્મક છે. માટે કાર્ય સત્ છે."

(**एतदु.**) ષડ્દર્શનવિશારદ **વાચસ્પતિમિશ્ર સાંખ્યકારિકાની સાંખ્યતત્ત્વકૌમુદી** વ્યાખ્યામાં ઉપરોક્ત શ્લોકનું વિવરણ કરતાં જણાવે છે કે "(૧) કુંભાર આદિ કર્તા સ્વરૂપ કારણની પ્રવૃત્તિ પૂર્વે ઉપાદાનકારણમાં કાર્ય અસત્ હોય તો કોઈ પણ વ્યક્તિ તેને સત્ ન કરી શકે. કારણ કે હજારો શિલ્પીઓ પણ નીલરૂપને પીતવર્ણરૂપે કરવા શક્તિમાન નથી.

[illegible] :- (**'सद.**) 'घटः सन्, घटः असन्' ઈત્યાદિ પ્રતીતિ દ્વારા સત્ત્વ-અસત્ત્વ ઘડાના ગુણધર્મ તરીકે સિદ્ધ થાય છે. તેથી કારણવ્યાપારપૂર્વે વિદ્યમાન એવો ઘટવૃત્તિ અસત્ત્વ ધર્મ કારણસન્નિધાનથી નાશ પામે છે અને ઘડામાં સત્ત્વધર્મ ઉત્પન્ન થાય છે. આવું અમારું (= અસત્કાર્યવાદી નૈયાયિકાદિનું) માનવું છે. શશશૃંગમાં સત્ત્વ-અસત્ત્વ ગુણધર્મ રહેતા ન હોવાથી શશશૃંગની ઉત્પત્તિ થવાની આપત્તિ આવશે નહિ.

[illegible] :- (**तथापि.**) સત્ત્વને અને અસત્ત્વને ઘડાના ગુણધર્મો માનવામાં આવે તો પણ ઘટસ્વરૂપ ધર્મી જો માટીમાં પૂર્વે અસત્ હોય તો ઘડાના ગુણધર્મ તરીકે સત્ત્વને કે અસત્ત્વને કહી જ ન શકાય. ઘડો જ જો હાજર ન હોય તો સત્ત્વ-અસત્ત્વ કોના ગુણધર્મ બને ? તેમ છતાં જો અસત્કાર્યવાદી ઘટોત્પત્તિની પૂર્વે માટીમાં ઘડાને અસત્ માને તો તે અસત્ત્વ ગુણધર્મના આધારરૂપે ઘડાને કુંભારપ્રવૃત્તિની પૂર્વે માટીમાં માનવો જ પડશે. આ રીતે તો કુંભારવ્યાપારની પૂર્વે પણ ઘડો હાજર = સત્ સિદ્ધ થઈ જ ગયો. તેથી ઘટને પૂર્વે અસત્ કહી નહિ શકાય. અસત્ત્વ તો ઘટની સાથે અસંબદ્ધ છે અને ઘટાત્મક નથી. તેથી તાદશ અસત્ત્વ દ્વારા ઘડાને અસત્ કઈ રીતે કહી શકાય? તેથી માનવું જોઈએ કે કુંભાર વગેરે કર્તાની પ્રવૃત્તિ પછી જેમ ઘડો વગેરે કાર્ય સત્ હોય છે, તેમ તેની પ્રવૃત્તિ પૂર્વે પણ ઘટાદિ કાર્ય સત્ છે. માટે ઉપાદાનકારણમાં સત્ એવા કાર્યની કર્તા દ્વારા અભિવ્યક્તિ જ થવાની બાકી રહે છે.

### ⁕ સત્‌ની અભિવ્યક્તિ ⁕

(**सत.**) વિદ્યમાન વસ્તુની અભિવ્યક્તિ માનવી તે યુક્તિસંગત પણ છે. જેમ કે તલમાં વિદ્યમાન તેલની તલને પીલવાથી અભિવ્યક્તિ થાય છે. (પરંતુ ઉત્પત્તિ નહિ.) ડાંગરમાં વિદ્યમાન ચોખાની ડાંગરને ખાંડવાથી અભિવ્યક્તિ થાય છે. ગાયમાં વિદ્યમાન દૂધની ગાયને દોહવાથી અભિવ્યક્તિ થાય છે. આમ

सौरभेयीषु पयसः। असतः कारणे तु न निदर्शनं किञ्चिदस्ति। न खल्वभिव्यज्यमानं क्वचिदसद् दृष्टम्।

इतश्च कारणव्यापारात् प्राक् सदेव कार्यम् – (२) उपादानग्रहणात्। उपादानानि = कारणानि, तेषां ग्रहणं = कार्येण सम्बन्धः, उपादानैः कार्यस्य सम्बन्धादिति यावत्। एतदुक्तं भवति – कार्येण सम्बद्धं कारणं कार्यस्य जनकम्। सम्बन्धश्च कार्यस्याऽसतो न सम्भवति। तस्मादिति।

स्यादेतद् – 'असम्बद्धमेव कारणैः कार्यं कस्मान्न जायते ? तथा चाऽसदेवोत्पत्स्यते। आह (३) 'सर्वसम्भवाऽभावादि'ति। असम्बद्धस्य जन्यत्वे असम्बद्धत्वाऽविशेषेण सर्वं कार्यजातं सर्वस्माद् भवेत्। न चैतदस्ति। तस्मान्नाऽसम्बद्धेन जन्यते, अपि तु सम्बद्धेन जन्यत इति। यथाहुः **साङ्ख्यवृद्धाः** "असत्त्वे

---

સત્‌ની અભિવ્યક્તિના અનેક દૃષ્ટાંતો છે. પરંતુ ઉપાદાનકારણમાં અસત્ એવી વસ્તુની ઉત્પત્તિ કરવાનું એક પણ દૃષ્ટાંત મળતું નથી. ખરેખર, કર્તા દ્વારા અભિવ્યક્ત થતું કાર્ય અસત્ હોય એવું ક્યાંયે જણાતું નથી. માટે 'કારણમાં કાર્ય સત્ છે' - એવું સિદ્ધ થાય છે.

### ❀ સત્કાર્યવાદનું સમર્થન ❀

(૨) (इतश्च.) કુંભાર આદિની પ્રવૃત્તિ પૂર્વે ઉપાદાનકારણમાં કાર્ય સત્ જ હોય છે. તેવું માનવામાં બીજો હેતુ બને છે - ઉપાદાનગ્રહણ. અર્થાત્ ઉપાદાનકારણોનો કાર્યની સાથે સંબંધ અને કાર્યોનો ઉપાદાનકારણોની સાથે સંબંધ હોવાથી પણ પૂર્વે કાર્ય સત્ છે. આશય એ છે કે કાર્યસંબદ્ધ એવું જ કારણ કાર્યનું નિષ્પાદક બની શકે છે. ઉપાદાનકારણોમાં પૂર્વે કાર્ય અસત્ હોય તો ઉપાદાનકારણનો તેની સાથે સંબંધ સંભવે નહિ. અને કાર્યની સાથે અસંબદ્ધ ઉપાદાનકારણ દ્વારા કાર્યનો ઉદય થઈ નહિ શકે. માટે કાર્યને પૂર્વે પણ સત્ માનવું જરૂરી છે.

**અસત્કાર્યવાદી** :- (स्या.) કારણની સાથે અસંબદ્ધ એવું જ કાર્ય ઉપાદાનકારણ દ્વારા કેમ ઉત્પન્ન ન થઈ શકે ? અર્થાત્ અસંબદ્ધ કાર્યની જ ઉપાદાનકારણ દ્વારા ઉત્પત્તિ માની શકાય છે. માટે ઉપાદાનકારણમાં અસત્ એવા કાર્યની કર્તા દ્વારા નિષ્પત્તિ થઈ શકશે.

### ❯ સર્વસંભવઅભાવ સત્કાર્યવાદસાધક ❯

**સત્કાર્યવાદી** :- (૩) જો ઉપાદાનકારણથી અસંબદ્ધ એવું કાર્ય કર્તા દ્વારા ઉત્પન્ન થઈ શકતું હોય તો પટ-મઠ વગેરે કાર્યો પણ માટીમાંથી ઉત્પન્ન થવા જોઈએ. કારણ કે અસત્કાર્યવાદીના મત મુજબ ઘડાની ઉત્પત્તિ પૂર્વે માટી જેમ ઘડાથી અસંબદ્ધ છે તેમ પટ-મઠ વગેરે કાર્યોથી પણ અસંબદ્ધ જ છે. માટે કુંભાર દ્વારા જેમ માટીમાંથી ઘડો ઉત્પન્ન થાય છે તેમ પટ-મઠ વગેરે પણ ઉત્પન્ન થવા જ જોઈએ. તથા તંતુમાંથી વણકર દ્વારા જેમ પટ વગેરે ઉત્પન્ન કરવામાં આવે છે તેમ ઘટ વગેરે પણ ઉત્પન્ન થવા જ જોઈએ. કારણ કે પટની ઉત્પત્તિ પૂર્વે તંતુ જેમ પટથી અસંબદ્ધ છે તેમ ઘટથી પણ અસંબદ્ધ જ છે. એ કારણથી અસંબદ્ધ એવા કાર્યની કર્તા દ્વારા ઉત્પત્તિ માનવામાં આવે તો તમામ કારણથી તમામ કાર્યની ઉત્પત્તિ થવાની આપત્તિ આવશે. તેથી કુંભાર ઘડો બનાવવા માટે તંતુઓ લેવા જશે તથા વણકર પટ બનાવવા માટે માટી લેવા જશે. પરંતુ આવું તો સંભવ નથી. માટે માનવું જોઈએ કે કાર્યથી અસંબદ્ધ એવા કારણથી કાર્યની ઉત્પત્તિ થતી નથી, પરંતુ કાર્યથી સંબદ્ધ એવા જ ઉપાદાનકારણ દ્વારા કાર્ય ઉત્પન્ન થાય છે. માટે જ જ્ઞાનવૃદ્ધ એવા પ્રાચીન **સાંખ્યમહર્ષિ**ઓએ જણાવેલ છે કે 'પૂર્વે

नाऽस्ति सम्बन्धः कारणैः सत्त्वसङ्गिभिः। असम्बद्धस्य चोत्पत्तिमिच्छतो न व्यवस्थितिः।।" ( ) इति।

स्यादेतत् – असम्बद्धमपि सत् तदेव करोति यत्र यत्कारणं शक्तम्, शक्तिश्च कार्यदर्शनादवगम्यते। तेन नाऽव्यवस्थेत्याह –

(४) 'शक्तस्य शक्यकरणादि'ति। सा शक्तिः शक्तकारणाऽश्रया सर्वत्र वा स्यात्, शक्य एव वा ? सर्वत्र चेत् ? तदवस्थैवाऽव्यवस्था। शक्ये चेत् ? कथमसति शक्ये 'तत्र' इति वक्तव्यम् ?

'शक्तिभेद एवैतादृशो यतः किञ्चिदेव कार्यं जनयेद् न सर्वमि'ति चेत् ?

---

કાર્ય અસત્ હોય તો સત્ (= સત્ત્વવિશિષ્ટ = સત્ત્વસંગી) કારણોની સાથે કાર્યનો સંબંધ થઈ નહિ શકે. તથા ઉપાદાનકારણની સાથે જેનો સંબંધ ન હોય તેવા કાર્યની ઉત્પત્તિને માન્ય કરવામાં આવે તો તેવી અભિલાષા રાખનાર વ્યક્તિના પક્ષમાં ચોક્કસ પ્રકારના કારણથી ચોક્કસ પ્રકારના કાર્યની ઉત્પત્તિ થવાની સુપ્રસિદ્ધ વ્યવસ્થા સંગત થઈ નહિ શકે.'

**અસત્કાર્યવાદી** :- (स्यादेतत्.) કાર્યની સાથે કારણ અસંબદ્ધ હોવા છતાં પણ ઉપાદાનકારણ તેવા જ પ્રકારના કાર્યને ઉત્પન્ન કરે છે કે જે કાર્યને ઉત્પન્ન કરવાનું સામર્થ્ય તે કારણમાં વિદ્યમાન હોય છે. તથા "કેવા પ્રકારના કાર્યને ઉત્પન્ન કરવાની શક્તિ કારણમાં રહેલી છે" ? તેની જાણકારી તો ઉત્પન્ન થયેલા કાર્યને જોવાથી જ ખબર પડે છે. માટે વિવક્ષિત કાર્યને ઉત્પન્ન કરવા માટે કયા કારણને પકડવું અને કયા કારણને ન પકડવું ? આ બાબતની અવ્યવસ્થા નહિ સર્જાય. તથા તમામ કારણમાંથી તમામ કાર્યો ઉત્પન્ન થવાની અવ્યવસ્થા પણ નહિ સર્જાય.

**સત્કાર્યવાદી** :- (૪) તમારી વાત વ્યાજબી નથી. આનું કારણ એ છે કે 'કાર્યને ઉત્પન્ન કરવાની શક્તિ શક્ત એવા કારણમાં રહેલી છે' - આવું માન્યા પછી પણ પ્રશ્ન એ ઉપસ્થિત થશે કે ઉપાદાન કારણમાં શક્ય-અશક્ય સર્વ કાર્યને ઉત્પન્ન કરવાની શક્તિ રહેલી છે કે પછી શક્ય (= શક્તિવિષયભૂત અથવા શક્તિપ્રતિયોગીભૂત) એવા કાર્યને ઉત્પન્ન કરવાની શક્તિ કારણમાં રહેલી છે ? (સંસ્કૃતમાં 'सर्वत्र' પદમાં રહેલ સપ્તમી વિભક્તિનો અર્થ પ્રતિયોગિતા છે.) જો શક્ય-અશક્ય તમામ કાર્યને ઉત્પન્ન કરવાની શક્તિ ઉપાદાનકારણમાં રહેલી હોય તો સર્વ કારણોમાંથી સર્વ કાર્યો ઉત્પન્ન થવાની આપત્તિ દુર્વાર બનશે. તેમ જ ગમે તે કાર્યને ઉત્પન્ન કરવા ગમે તે કારણને ગ્રહણ કરવાની અવ્યવસ્થા પણ ઉભી જ રહેશે. તથા જો શક્ય એવા કાર્યને જ ઉત્પન્ન કરવાની શક્તિ ઉપાદાનકારણમાં હોય તો ઉપરોક્ત અવ્યવસ્થા ઉભી નહિ થાય પરંતુ પ્રશ્ન એ ઉપસ્થિત થશે કે ઉપાદાનકારણમાં શક્ય એવું કાર્ય વિદ્યમાન ન હોય તો 'ઉપાદાનકારણ તે કાર્યને ઉત્પન્ન કરવા માટે શક્તિમાન છે' - એવું કઈ રીતે કહી શકાશે ?

**અસત્કાર્યવાદી** :- ('शक्ति.') ઉપાદાનકારણમાં એવા પ્રકારની વિશિષ્ટ શક્તિ રહેલી છે કે જેના લીધે તે અમુક જ કાર્યને ઉત્પન્ન કરશે, તમામ કાર્યને નહિ. માટે અમુક પ્રકારના કાર્યને ઉત્પન્ન કરવા માટે અમુક પ્રકારનું જ કારણ ગ્રહણ કરવામાં આવશે, તમામ પ્રકારના ઉપાદાનકારણ નહિ. અર્થાત્, ઘડાને ઉત્પન્ન કરવા માટે કુંભાર માટીને જ ગ્રહણ કરશે, તંતુને નહિ. ઘડા વગેરેને જ ઉત્પન્ન કરવાની વિશિષ્ટ શક્તિ માટીમાં જ રહેલી છે. તેથી માટીમાંથી વસ્ત્ર ઉત્પન્ન થવાની આપત્તિ નહિ આવે. તથા ઘડાને ઉત્પન્ન કરવા માટે તંતુને ગ્રહણ કરવાની આપત્તિ પણ નહિ આવે.

हन्त भोः ! शक्तिविशेषः कार्यसम्बद्धो वाऽसम्बद्धो वा ? सम्बद्धत्वे नाऽसता सम्बन्ध इति सत् कार्यम्। असम्बद्धत्वे सैवाऽव्यवस्था इति सुष्ठूक्तं 'शक्तस्य शक्यकरणादि'ति ।

इतश्च सत्कार्यमित्याह – (५) 'कारणभावाच्च। कार्यस्य कारणात्मकत्वात् । न हि कारणभिन्नं कार्यं कारणं च सदिति कथं तदभिन्नं कार्यमसद् भवेद्" (सा. त. कौ. पृ. १४०) इति।

प्रकृते नैयायिक-वैशेषिकादयो विद्वांसः असत्कार्यवादिनो विज्ञेया। साङ्ख्य-पातञ्जलादयश्च

---

## ❖ શક્યકરણ સત્કાર્યવાદસાધક ❖

**સત્કાર્યવાદી** :- (हन्त.) હે અસત્કાર્યવાદી ! તમે ઉપાદાનકારણમાં અમુક જ કાર્યને ઉત્પન્ન કરવાની વિશેષ પ્રકારની શક્તિને માનો છો આ અંગે અમારો તમને પ્રશ્ન એ છે કે ઉપાદાનકારણમાં રહેલી વિશેષ પ્રકારની શક્તિ કાર્યથી સંબદ્ધ છે કે અસંબદ્ધ ? જો 'ઉપાદાનકારણમાં રહેલી વિશિષ્ટ શક્તિ પોતાના કાર્યથી સંબદ્ધ હોય છે' - તેવું તમે સ્વીકારો તો 'ઉપાદાનકારણમાં કાર્ય વિદ્યમાન છે' એવું માનવું પડશે. કેમ કે અવિદ્યમાન એવા કાર્યની સાથે ઉપાદાનકારણનિષ્ઠ શક્તિવિશેષનો સંબંધ થઈ ન શકે. માટે 'કાર્ય સત્ છે' - એવું માનવું પડશે. તથા જો 'ઉપાદાનકારણમાં રહેલ શક્તિવિશેષ કાર્યથી અસંબદ્ધ હોય છે' - તેવું તમે માનો તો ઉપાદાનકારણમાં રહેલ શક્તિવિશેષ જેમ વિવક્ષિત કાર્યથી અસંબદ્ધ છે તેમ અન્ય તમામ કાર્યોથી પણ તે શક્તિવિશેષ અસંબદ્ધ જ છે. તેથી વિવક્ષિત કાર્યની (ઘટની) જેમ અવિવક્ષિત સઘળા કાર્યોને (પટ, મઠ આદિને) પણ વિવક્ષિત ઉપાદાનકારણ(માટી)માં રહેલ શક્તિવિશેષ દ્વારા ઉત્પન્ન થવાની આપત્તિ આવશે. તેથી 'માટીમાંથી ઘડો જ ઉત્પન્ન થાય, પટ-મઠ વગેરે નહિ' - આવી પ્રસિદ્ધ વ્યવસ્થા ભાંગી પડશે. માટે માનવું જોઈએ કે જે કાર્ય ઉપાદાન-કારણમાં વિદ્યમાન હોય તે જ કાર્ય શક્ય કહેવાય. તથા તે શક્ય કાર્યને ઉત્પન્ન કરવાની શક્તિ ધરાવનાર ઉપાદાનકારણ શક્ત કહેવાય. માટે 'શક્ત ઉપાદાનકારણ શક્ય એવા કાર્યને ઉત્પન્ન કરે છે' - આવા પ્રકારના ચોથા હેતુ દ્વારા પણ સિદ્ધ થાય છે કે ઉપાદાનકારણમાં કાર્ય સત્ છે.

## ❖ કાર્ય ઉપાદાનકારણસ્વરૂપ છે - સાંખ્ય ❖

(इतश्च.) (૫) વળી, પાંચમા નંબરના હેતુથી પણ 'ઉપાદાનકારણમાં કાર્ય સત્ છે' - તેવું સિદ્ધ થશે. પાંચમો હેતુ છે 'કારણભાવ' (= કારણાત્મકતા). અર્થાત્ કાર્ય ઉપાદાનકારણાત્મક હોવાથી પૂર્વે પણ સત્ છે. કેમ કે ઉપાદાનકારણને કાર્યથી ભિન્ન માની શકાતું નથી. 'ઘટ મૃણ્મય છે. પટ તંતુમય છે' આવી સુપ્રસિદ્ધ સાર્વલૌકિક સ્વરસવાહી પ્રતીતિથી અને વ્યવહારથી પણ સિદ્ધ થાય છે કે ઉપાદેય ઉપાદાનાત્મક છે. ઉપાદાનકારણ તો સત્ છે. (અર્થાત્ કાર્યોત્પત્તિ પૂર્વે પણ ઉપાદાનકારણ વિદ્યમાન છે.) તેથી ઉપાદાનકારણથી અભિન્ન એવું કાર્ય અસત્ કઈ રીતે થઈ શકે ? માટે માનવું જોઈએ કે કાર્યની ઉત્પત્તિ પૂર્વે પણ ઉપાદાનકારણમાં કાર્ય સત્ છે." આ પ્રમાણે અમે જે જણાવેલ છે તે તો **સાંખ્યતત્ત્વકૌમુદી** વ્યાખ્યાનો લેશમાત્ર છે. આ બાબતનો અધિક વિસ્તાર તો 'असदकरणाद्' ઇત્યાદિ **સાંખ્યકારિકાની સાંખ્યતત્ત્વકૌમુદી** નામની વ્યાખ્યાનું સંપૂર્ણપણે અવગાહન કરવાથી જ જાણવા મળે.

## ❯ અસત્કાર્યવાદી-સત્કાર્યવાદી વચ્ચે મતભેદની વિચારણા ❯

(प्रकृते.) પ્રસ્તુતમાં નૈયાયિક, વૈશેષિક વગેરે વિદ્વાનો અસત્કાર્યવાદી જાણવા. તેઓ માને છે કે ઉપાદેય અને ઉપાદાન વચ્ચે અત્યંત ભેદ છે. તથા સ્વોત્પત્તિની પૂર્વે ઉપાદેય ઉપાદાનમાં ગેરહાજર

विद्वांसः सत्कार्यवादिनः। एतेषां कार्यगोचरः मतभेदः इत्थमवसेयः।

(१) असत्कार्यवादिमते कार्य-कारणयोः अत्यन्तभेदः वर्तते। सत्कार्यवादिमते च उपादानोपादेययोः सर्वथा अभेदः वर्तते।

(२) असत्कार्यवादिमते कर्तृव्यापारपूर्वकाले उपादानकारणे कार्यम् एकान्ततः असत्। सत्कार्यवादिमते च कारणव्यापारपूर्वम् उपादाने उपादेयं सर्वथा सत् तथापि तिरोभूतम्।

(३) असत्कार्यवादिमते एकान्ततो नूतनकार्यं निष्पद्यते। सत्कार्यवादिमते च सर्वथा विद्यमानं कार्यम् अभिव्यज्यते।

(४) असत्कार्यवादिमते कुलालादयो घटादिकार्यस्य उत्पादकाः। सत्कार्यवादिमते चाभिव्यञ्जकाः।

(५) असत्कार्यवादिमते कारणताऽवच्छेदकविशिष्टसमवायिकारणात् कार्यम् उत्पद्यते। सत्कार्यवादिमते च शक्तिविशेषविशिष्टोपादानकारणात् कार्यम् आविर्भवति।

(६) असत्कार्यवादिमते कार्योत्पादपूर्वकाले कार्यम् उपादानाऽसम्बद्धम्। सत्कार्यवादिमते च कार्याविर्भावपूर्वकाले कार्यम् उपादानसम्बद्धम्।

(७) असत्कार्यवादिमते घटस्य कार्यत्वम्। सत्कार्यवादिमते च तस्य शक्यत्वम् अभिव्यङ्ग्यत्वलक्षणम्।

---

હોય છે. જ્યારે બીજી બાજુ સાંખ્ય, પાતંજલયોગદર્શની વગેરે વિદ્વાનો સત્કાર્યવાદી છે. તેઓ કહે છે કે ઉપાદેય અને ઉપાદાનકારણ વચ્ચે અભેદ છે. કાર્ય ઉપાદાનકારણાત્મક હોવાથી કુંભાર વગેરે કર્તાની પ્રવૃત્તિની પૂર્વે પણ ઉપાદાનકારણમાં (માટીમાં) કાર્ય (ઘડો) સત્ હોય છે. તેથી જ કુંભાર વગેરે કર્તા ઘટ વગેરે કાર્યના ઉત્પાદક નથી કહેવાતા પરંતુ અભિવ્યંજક કહેવાય છે. કુંભાર દ્વારા નવા ઘડાની ઉત્પત્તિ કે નિષ્પત્તિ નથી પરંતુ માટીમાં વિદ્યમાન એવા જ ઘટની વ્યક્તિ = અભિવ્યક્તિ થાય છે. માટીમાં તિરોભૂત એવા ઘટનો આવિર્ભાવ કુંભાર દ્વારા થાય છે. આવું સત્કાર્યવાદીનું મંતવ્ય છે.

| **અસત્કાર્યવાદી** (નૈયાયિક, વૈશેષિક આદિ.) | **સત્કાર્યવાદી** (સાંખ્ય, પાતંજલયોગદર્શની આદિ.) |
|---|---|
| (૧) કાર્ય-કારણનો અત્યંત ભેદ. | (૧) ઉપાદેયકાર્ય-ઉપાદાનકારણનો અભેદ. |
| (૨) પૂર્વે ઉપાદાનકારણમાં કાર્ય સર્વથા અસત્. | (૨) પૂર્વે ઉપાદાનમાં ઉપાદેય સર્વથા સત્ છતાં તિરોભૂત. |
| (૩) તદ્દન નૂતન કાર્યની નિષ્પત્તિ. | (૩) વિદ્યમાન કાર્યની અભિવ્યક્તિ. |
| (૪) કુંભાર આદિ ઘટાદિ કાર્યના ઉત્પાદક. | (૪) કુંભાર આદિ ઘટાદિ કાર્યના અભિવ્યંજક. |
| (૫) કારણતાઅવચ્છેદકથી વિશિષ્ટ સમવાયી કારણમાંથી કાર્યની ઉત્પત્તિ. | (૫) શક્તિવિશેષયુક્ત ઉપાદાનકારણમાંથી કાર્યનો આવિર્ભાવ. |
| (૬) કાર્યોત્પત્તિની પૂર્વે કાર્ય ઉપાદાનથી અસંબદ્ધ. | (૬) કાર્યના આવિર્ભાવ પૂર્વે કાર્ય ઉપાદાનથી સંબદ્ધ. |
| (૭) ઘટ = કાર્ય. | (૭) ઘટ = શક્ય, અભિવ્યંગ્ય. |

एतद्विस्तरस्तु **न्यायतात्पर्यपरिशुद्धि-न्यायमञ्जरी-प्रशस्तपादभाष्य-न्यायकन्दली-साङ्ख्यप्रवचनभाष्य-तत्त्ववैशारदी-योगवार्त्तिकादिग्रन्थेभ्यः** अवसेयः।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – सत्कार्यवादानुसारेण आत्मद्रव्ये केवलज्ञानादिगुण-सिद्धत्वादि-पर्यायाः सन्त्येव। सद्गुरूपदेश-कल्याणमित्रप्रेरणादिना ते सद्गुरुसमर्पिते आत्मार्थिनि प्रादुर्भवन्ति। अतो निर्मलगुण-पर्यायाभिव्यञ्जकसद्गुरुप्रभृतिकं प्रति विनय-भक्ति-बहुमान-समर्पण-शरणागत्यादयो भावाः स्थिरीकर्तव्याः इत्युपदेशः। तदनुसरणेन च "मोक्षः कर्मक्षयो नाम भोगसङ्क्लेशवर्जितः" (द्वा.द्वा. १२/२२) इति **द्वात्रिंशिकाप्रकरणे यशोविजय**वाचकेन्द्रदर्शितः मोक्षः सुलभः स्यात्।।३/७।।

---

(एत.) આ બાબતનો વિસ્તાર **ન્યાયતાત્પર્યપરિશુદ્ધિ, ન્યાયમંજરી, પ્રશસ્તપાદભાષ્ય, ન્યાયકંદલી, સાંખ્યપ્રવચનભાષ્ય, તત્ત્વવૈશારદી, યોગવાર્ત્તિક** વગેરે ગ્રંથોમાંથી જાણવો.

## ✿ સત્કાર્યવાદનું આધ્યાત્મિક પ્રયોજન ✿

**આધ્યાત્મિક ઉપનય** :- 'ઉપાદાનકારણમાં અવિદ્યમાન વસ્તુ ક્યારેય ઉત્પન્ન ન થાય' - આ મુજબ સાંખ્યસંમત સત્કાર્યવાદની માન્યતાનો સાધનામાર્ગમાં એ રીતે ઉપયોગ થઈ શકે કે આત્મદ્રવ્યમાં કેવલજ્ઞાન આદિ ગુણો અને સિદ્ધત્વ આદિ નિર્મળ પર્યાય વિદ્યમાન જ છે. સદ્ગુરુ, કલ્યાણમિત્ર વગેરેના ઉપદેશ, પ્રેરણા, માર્ગદર્શન આદિના માધ્યમથી સદ્ગુરુસમર્પિત સાધકમાં કેવલજ્ઞાન આદિ ગુણો અને સંયતત્વ, સિદ્ધત્વ આદિ નિર્મળ પર્યાયો પ્રગટ થાય છે. જેમ શિલ્પીના ટાંકણા ખાવાની તૈયારી પથ્થર હંમેશા રાખે (અર્થાત્ પથ્થર તૂટી ન જાય) તો પથ્થરમાં છુપાયેલ પ્રતિમાનો શિલ્પી દ્વારા આવિર્ભાવ થઈ શકે. તેમ સદ્ગુરુ વગેરેની પ્રેરણા, અનુશાસન, કડકાઈ આદિને સ્વીકારવાની તૈયારી શિષ્ય રાખે (અર્થાત્ માનસિક રીતે પડી ન ભાંગે, ગુરુ પ્રત્યે જરાય અણગમો ન કરે.) તો શિષ્યમાં છુપાયેલ કેવલજ્ઞાન આદિ ગુણનો અને સિદ્ધત્વ આદિ નિર્મળ પર્યાયનો પ્રાદુર્ભાવ સદ્ગુરુના માધ્યમથી થઈ શકે. આપણા નિર્મળ ગુણ-પર્યાયોના અભિવ્યંજક સદ્ગુરુ પ્રત્યે વિનય, ભક્તિ, બહુમાન, સમર્પણ અને શરણાગતિ વગેરે ભાવોને જીવનભર ટકાવી રાખવાની પાવન પ્રેરણા સત્કાર્યવાદના માધ્યમથી લેવા જેવી છે. તે પ્રેરણાને અનુસરવાથી **દ્વાત્રિંશિકાપ્રકરણ**માં જણાવેલ મોક્ષ સુલભ થાય. ત્યાં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી**એ જણાવેલ છે કે 'સર્વ કર્મનો ક્ષય એટલે મોક્ષ. તે ભોગના સંક્લેશથી રહિત છે.' (૩/૭)

લખી રાખો ડાયરીમાં.....

- **સાધના એટલે પુણ્યની આબાદી. દા.ત. કાર્તિક શેઠ ઉપાસના એટલે સદ્ગુણની આબાદી.**

**દા.ત.વિજયશેઠ-વિજ્યાશેઠાણી**

"♦કારણમાંહિ કાર્ય ઉપના પહિલાઈં જો કાર્યની સત્તા છઇં તો કાર્યદર્શન કાં નથી થાતું ?" એ શંકા ઊપરિ કહઈ છઈં -

**દ્રવ્યરૂપ ✡છઈં કાર્યની જી, તિરોભાવની રે શક્તિ;**
**આવિર્ભાવઈં નીપજઈ જી, ગુણ-પર્યાયની વ્યક્તિ રે ॥૩/૮॥ (૩૩) ભવિકા.**

કાર્ય નથી ઉપનું, તિવારઈં કારણમાંહઈં **કાર્યની દ્રવ્યરૂપઇં તિરોભાવની શક્તિ છઈં.** તેણઇં કરી છઇં, પણિ કાર્ય જણાતું નથી. સામગ્રી મિલઈ, તિવારઈં **ગુણ-પર્યાયની વ્યક્તિથી (આવિર્ભાવઈં=)** આવિર્ભાવ

घटादिकार्योत्पादपूर्वं कुलालादिव्यापारपूर्वं मृदादौ कारणे कार्यसत्त्वे कस्मान्न कार्यदर्शनं भवतीत्याशङ्कायामाह – '**प्रागि**'ति।

**प्राक् कार्यस्य तिरोभावशक्तिर्द्रव्यतया सतः।**
**गुण-पर्याययोर्व्यक्त्याऽऽविर्भावे तद्धि दृश्यते।।३/८।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम्- प्राग् द्रव्यतया सतः कार्यस्य तिरोभावशक्तिः (वर्तते)। गुण-पर्याययोः व्यक्त्या (कार्यस्य) आविर्भावे हि तद् दृश्यते।।३/८।।

**प्राक्** = कार्योत्पादपूर्वं = कार्यानुदयकाले उपादानकारणे **द्रव्यतया** = द्रव्यरूपेण **सतः कार्यस्य** = उपादेयस्य **तिरोभावशक्तिः** वर्तते, न तु आविर्भावशक्तिः। अत एव पूर्वम् उपादानकारणे मृत्त्वादिरूपेण सदपि कार्यं घटत्वादिलक्षणेन कार्यतावच्छेदकधर्मरूपेण न दृश्यते।

कार्यसामग्रीसमवधानकाले तु **गुण-पर्याययोः व्यक्त्या** = अभिव्यक्त्या कार्यस्याऽऽविर्भावो

**અવતરણિકા** :- ઘટાદિ કાર્યની ઉત્પત્તિની પૂર્વે તથા કુંભાર વગેરે ચક્ર, દંડાદિને ચલાવે તે પૂર્વે માટી વગેરે ઉપાદાનકારણમાં ઘટાદિ કાર્યને વિદ્યમાન માનવામાં આવે તો ઘટાદિ કાર્યનું દર્શન કેમ થતું નથી? આવી શંકાનું નિરાકરણ કરવા ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

## ✸ તિરોભાવ શક્તિના લીધે કાર્યનું અદર્શન ✸

**શ્લોકાર્થ** :- પૂર્વે દ્રવ્યરૂપે રહેલા કાર્યની તિરોભાવ શક્તિ વર્તે છે. ગુણની અને પર્યાયની અભિવ્યક્તિ દ્વારા કાર્યનો આવિર્ભાવ થતાં જ કાર્ય દેખાય છે. (૩/૮)

**વ્યાખ્યાર્થ** :- કાર્યનો ઉત્પાદ = ઉદય ન થયેલો હોય તે સમયે ઉપાદાનકારણમાં દ્રવ્યરૂપે વિદ્યમાન તેવા ઉપાદેય કાર્યની તિરોભાવ શક્તિ વર્તે છે, આવિર્ભાવ શક્તિ નહિ. માટે જ કુંભાર આદિની ચક્રભ્રમણ આદિ પ્રવૃત્તિની પૂર્વે ઉપાદાનકારણીભૂત માટી દ્રવ્યમાં માટીસ્વરૂપે વિદ્યમાન એવું પણ ઘટાદિ કાર્ય કાર્યતાઅવચ્છેદકસ્વરૂપે દેખાતું નથી. અર્થાત્ ત્યારે ઘટત્વાદિરૂપે ઘટાદિનું દર્શન થતું નથી.

(कार्य.) ઘટાદિ કાર્યની સામગ્રી (દંડાદિ) હાજર થાય તે સમયે ગુણ-પર્યાયની અભિવ્યક્તિ થવાથી ઘટાદિ કાર્યનો આવિર્ભાવ થાય છે. આ રીતે ઘટાદિ કાર્યનો આવિર્ભાવ થાય તો જ ઘટાદિ કાર્ય

♦ કો.(૧૩)+આ.(૧)માં 'તથા માટીને વિષે ઘટની સત્તા છે તો પ્રગટ કિમ ન દિસ્યૈ ? તે સમાધાન કરે છે' પાઠ. કો.(૯)માં 'જો કુંભકારાદિ વ્યાપાર પહિલા મૃદ્દ્રવ્યનઈં વિષિં ઘટસત્તા છેં. તો પ્રત્યક્ષ કાં નથી દીસતો ? એ શંકાનું સમાધાન કરિ છેં' પાઠ. ✡ મ.+પ.માં 'છતી' પાઠ. કો.(૧)નો પાઠ લીધો છે.

થાઈ છઈ, તેણઇ કરી કાર્ય (**નીપજઈ** અને) દીસઈ છઈ.

भवति। इत्थं कार्यस्य **आविर्भावे** सति **हि** = एव **तत्** = कार्यं कार्यतावच्छेदकधर्मरूपेण **दृश्यते**। "हि हेताववधारणे" (अ.स.परिशिष्ट-२३) इति पूर्वोक्ताद् (२/१) **अनेकार्थसङ्ग्रह**वचनादत्र हि अवधारणे योजितः। तथाहि - घटाद्यनुदयकाले मृत्पिण्डादौ मृद्द्रव्यत्त्वेन रूपेण सतो घटादेः तिरोधानशक्तिः वर्तते। तदानीमाविर्भावशक्तिविरहेण मृत्पिण्डादौ सन्नपि घटादिः तिरोहितत्वान्न दृश्यते। दण्ड-चक्र -चीवरादिसामग्रीसमवधानकाले तु विशिष्टरूपादिगुण-कम्बुग्रीवादिमत्त्वादिपर्याययोरभिव्यक्त्या घटाद्याविर्भावे सत्येव घटादिलक्षणं कार्यं दृश्यत इति।

तदुक्तं **शुद्धाद्वैतमार्तण्डे** आविर्भाव-तिरोभावस्वरूपमुपदर्शयता **गोस्वामिगिरिधरेण** "यदाऽनुभवयोग्यत्वं वर्तमानस्य वस्तुनः। आविर्भावः स विज्ञेयस्तिरोभावस्ततोऽन्यथा।।" (शु.मा.१६) इति।

यद्वा पूर्वं मृदादौ कारणे द्रव्यरूपेण घटादिकार्यसत्ता वर्तते, न तु घटत्त्वादिरूपेण। घटादेः द्रव्यरूपेण सत्त्वं = तिरोभावः घटत्वादिरूपेण च सत्त्वम् = आविर्भावो ज्ञेयः। अतः पूर्वं मृदादि-

કાર્યતાઅવચ્છેદક સ્વરૂપે દેખાય છે. **અનેકાર્થસંગ્રહ**માં હેતુ અને અવધારણ અર્થમાં 'हि' જણાવેલ છે. આ વાત પૂર્વે (૨/૧) દર્શાવેલ છે. તેના આધારે અહીં મૂળશ્લોકમાં રહેલા 'हि' શબ્દની અવધારણ = જકાર અર્થમાં વ્યાખ્યા કરી છે. તે આ રીતે - ઘટાદિ કાર્યના અનુદયકાળમાં મૃત્પિંડ વગેરેમાં મૃદ્દ્રવ્યત્વરૂપે ઘટાદિ કાર્ય વિદ્યમાન છે. પરંતુ ઘટત્વરૂપે તે વિદ્યમાન નથી. માટે ચક્રભ્રમણાદિ પૂર્વે, મૃત્પિંડમાં વિદ્યમાન ઘટાદિ કાર્યની તિરોધાન શક્તિ હોય છે. મૃત્ત્વસ્વરૂપે ઘટનું અસ્તિત્વ એ જ ઘટગત તિરોધાનશક્તિ. તે સમયે ઘટાદિ કાર્યની આવિર્ભાવ શક્તિ હોતી નથી. માટે મૃત્પિંડ આદિમાં વિદ્યમાન હોવા છતાં તિરોહિત (= અવ્યક્ત) હોવાના કારણે ઘટાદિ કાર્યનું પ્રત્યક્ષ થતું નથી. જ્યારે દંડ, ચક્ર આદિ સામગ્રી મળે ત્યારે ઘટના વિશિષ્ટ પ્રકારના રૂપ આદિ ગુણો અને કમ્બુગ્રીવાદિમત્ત્વ આદિ પર્યાયોની અભિવ્યક્તિ થાય છે. પોતાના ગુણ-પર્યાયની અભિવ્યક્તિ થવાથી તે સમયે ઘટાદિ કાર્યનો આવિર્ભાવ થાય છે. તથા ત્યારે જ ઘટાદિ સ્વરૂપ કાર્ય દેખાય છે.

### ❋ આવિર્ભાવ-તિરોભાવની વેદાંતીસંમત વ્યાખ્યા ❋

(**तदुक्तं.**) આવિર્ભાવ અને તિરોભાવ અંગે **શુદ્ધાદ્વૈતમાર્તણ્ડ**માં **ગોસ્વામિગિરિધર** જણાવે છે કે "વિદ્યમાન વસ્તુ જ્યારે અનુભવયોગ્ય બને ત્યારે તે આવિર્ભૂત કહેવાય અને જ્યારે તેનાથી વિપરીત હોય ત્યારે તે તિરોભૂત કહેવાય. તેથી વિદ્યમાન વસ્તુમાં રહેલી અનુભવયોગ્યતા એ વસ્તુનો આવિર્ભાવ જાણવો તથા વિદ્યમાન વસ્તુમાં રહેલી અનુભવની અયોગ્યતા એ વસ્તુનો તિરોભાવ જાણવો."

### ❯ આવિર્ભાવ-તિરોભાવની બીજી વ્યાખ્યા ❯

(**यद्वा.**) અથવા એમ પણ કહી શકાય કે કુંભાર આદિ ચક્રભ્રમણ કરવાની પ્રવૃત્તિ કરે તે પૂર્વે માટી વગેરે ઉપાદાનકારણમાં ઘટાદિ કાર્યની સત્તા (= અસ્તિતા = વિદ્યમાનતા = હાજરી) દ્રવ્યરૂપે છે પરંતુ ઘટત્વાદિ રૂપે નથી. ઘટાદિ કાર્યનું ઉપાદાનકારણાત્મક દ્રવ્યરૂપે અસ્તિત્વ એ તેનો તિરોભાવ સમજવો તથા ઘટાદિ કાર્યનું ઘટત્વાદિરૂપે અસ્તિત્વ એ તેનો આવિર્ભાવ છે - એમ સમજવું. માટે

♦આવિર્ભાવ-તિરોભાવ પણિ દર્શન-અદર્શનનિયામક કાર્યના પર્યાયવિશેષ જ જાણવા.

द्रव्यरूपेण घटादिः दृश्यते, न तु घटत्वादिरूपेणेति। युक्तञ्चैतत्। न हि यद्रूपेण यद् यत्र नास्ति तद्रूपेण तत् तत्र दृश्यते। इत्थमनेकान्तवादाश्रयणे तिरोभावाऽऽविर्भावौ तत्प्रतीति-व्यवहारौ च सङ्गच्छन्ते। तस्मात् कारणात् कथञ्चिदभेदे सत्येव कार्यनिष्पत्तिः भवतीति सिद्धम्।

तदुक्तं **शुद्धाद्वैतमार्तण्डे** अपि "तिरोभावे तु कार्यं हि वर्त्तते कारणात्मना। आविर्भावे तु कार्यं हि यथा मृदि घटादयः।। (शु.मा.१५) पूर्वावस्था तु मृद्रूपा घटावस्था ततोऽभवत्। घटोऽपि मृत्तिकारूपो लये पश्चाच्च मृत्तिका।।" (शु.मा.४२) इत्यवधेयम्।

कार्यस्य आविर्भाव-तिरोभावावपि प्रकृते कार्यदर्शनाऽदर्शननियामकौ कार्यपर्यायविशेषौ एवाऽवगन्तव्यौ।

પૂર્વે માટી વગેરે કારણ દ્રવ્યરૂપે ઘટાદિ કાર્ય દેખાય છે પરંતુ ઘટત્વાદિરૂપે ઘટાદિ કાર્ય દેખાતું નથી. આ વાત વ્યાજબી પણ છે. કેમ કે જે સ્વરૂપે જે પદાર્થ જ્યાં રહેલો ન હોય તે પદાર્થ તે સ્વરૂપે ત્યાં કઈ રીતે દેખાય ? આ રીતે અનેકાંતવાદનો આશ્રય કરવામાં આવે તો ઘટાદિ કાર્યના તિરોભાવ અને આવિર્ભાવ સંગત થાય છે. તથા તેની પ્રતીતિ અને વ્યવહાર પણ સંગત થાય છે. તે કારણે ઉપાદાનકારણ અને ઉપાદેય વચ્ચે કથંચિદ્ અભેદ માનવો જરૂરી છે તથા ઉપાદાન-ઉપાદેયમાં કથંચિત્ તાદાત્મ્ય હોય તો જ કાર્યની નિષ્પત્તિ થઈ શકે - એવું સિદ્ધ થાય છે.

## ❖ ગોસ્વામિગિરિધરમતને સમજીએ ❖

(तदु.) માટે જ **શુદ્ધાદ્વૈતમાર્તણ્ડ**માં જણાવેલ છે કે 'કાર્યનો તિરોભાવ હોય ત્યારે કાર્ય ખરેખર ઉપાદાનકારણસ્વરૂપે હાજર હોય છે. કાર્યનો આવિર્ભાવ થાય ત્યારે કાર્ય કાર્યરૂપે જ હાજર હોય છે. દા.ત. તિરોહિત ઘટ માટીદ્રવ્યમાં મૃત્સ્વરૂપે વિદ્યમાન છે. તથા આવિર્ભૂત ઘટ માટીદ્રવ્યમાં ઘટસ્વરૂપે હાજર છે. ઘટની પૂર્વ અવસ્થા (= તિરોહિત દશા) તો માટીસ્વરૂપ છે. પછી ઉત્તરકાલીન ઘટઅવસ્થા આવે છે. તે માટીસ્વરૂપ છે. તેથી ઘટ પણ મૃત્તિકાસ્વરૂપ છે. હથોડાનો ઘા ઘડાને લાગે ત્યારે ઘડાનો લય (= તિરોભાવ) થાય છે. ઉત્તરકાલીન આ લય અવસ્થા એટલે જ મૃત્તિકા દ્રવ્ય. આમ ઘટનો લય મૃત્તિકાદ્રવ્યસ્વરૂપ સિદ્ધ થાય છે.' વેદાંતી **ગોસ્વામિગિરિધર**ની આ વાત ધ્યાનમાં લેવી.

## ❀ આવિર્ભાવ-તિરોભાવ કાર્યના પર્યાય ❀

(**कार्यस्य.**) જૈનદર્શન મુજબ આવિર્ભાવ અને તિરોભાવ પણ ઘટાદિ કાર્યના વિશેષ પ્રકારના પર્યાય જ સમજવા. તે બન્નેમાં તફાવત એટલો છે કે આવિર્ભાવ કાર્યના દર્શનનો નિયામક છે તથા તિરોભાવ કાર્યના અદર્શનનો નિયામક છે. ચક્રભ્રમણ આદિ પ્રવૃત્તિની પૂર્વે ઘટનો તિરોભાવ પર્યાય વર્તતો હોવાથી મૃત્પિંડને જોવા છતાં મૃત્પિંડમાં રહેલા ઘડાનું દર્શન થતું નથી. ચક્રભ્રમણ આદિ પ્રવૃત્તિ બાદ ઘટનો આવિર્ભાવ પર્યાય વર્તતો હોવાથી મૃત્પિંડમાં આવિર્ભૂત થયેલા ઘટાદિ કાર્યનું દર્શન થાય છે.

♦ શાં.માં 'આવિર્ભાવ' નથી. મ.માં વ્યુત્ક્રમથી પાઠ છે. લી.(૧+૨)ના આધારે પાઠ લીધેલ છે.

તેણઈં કરી આવિર્ભાવનઈં સત્-અસત્ વિકલ્પઈં દૂષણ ન હોઇ,

**तेन** "आविर्भावः प्राक् सन् असन् वा ? प्रथमविकल्पे प्रागपि घटादेरुपलब्धिः स्यात्। द्वितीयविकल्पे तु कार्यसामग्रीसमवधानकालेऽपि शशशृङ्गवन्न घटाद्याविर्भावो भवेद्" इत्युक्तावपि ***न क्षतिः***,

प्रथमविकल्पस्वीकारे क्षतिविरहात्, मृत्त्वेन रूपेण पूर्वं घटादेः उपलब्धेः।

घटत्वेन रूपेण पूर्वं घटादिदर्शनापत्तिस्तु न सम्भवति, घटाद्याविर्भावपर्यायस्य चक्रादिसामग्री-

**પૂર્વપક્ષ** :- (तेन.) 'ચક્રભ્રમણ આદિ પ્રવૃત્તિ દ્વારા ઘટાદિમાં આવિર્ભાવ નામનો કાર્યદર્શનનિયામક પર્યાય પ્રગટે છે' - આવી તમારી વાત જાણ્યા પછી એક સમસ્યા ઉપસ્થિત થાય છે કે ઘટાદિ કાર્યની નિષ્પત્તિ પૂર્વે ઘટનો આવિર્ભાવ પર્યાય સત્ છે કે અસત્ ? જો 'ઘટનિષ્પત્તિ પૂર્વે ઘટનો આવિર્ભાવ પર્યાય સત્ છે' - આવો પ્રથમ વિકલ્પ સ્વીકારવામાં આવે તો ચક્રભ્રમણ આદિ પ્રવૃત્તિની પૂર્વે પણ ઘટાદિ કાર્યનું દર્શન થવું જોઈએ. કારણ કે ત્યારે ઘટાદિ કાર્યનો આવિર્ભાવ પર્યાય વિદ્યમાન છે અને 'આવિર્ભાવ પર્યાય કાર્યદર્શનનો નિયામક છે' - આવું તમે માનો છો. માટે ચક્રભ્રમણ આદિ પ્રવૃત્તિની પૂર્વે ઘટદર્શનનિયામક આવિર્ભાવપર્યાયવાળા ઘટાદિ કાર્યનું દર્શન થવાની આપત્તિ દુર્વાર બનશે.

(द्वितीय.) 'કાર્યનિષ્પત્તિ પૂર્વે આવિર્ભાવ પર્યાય સર્વથા અસત્ છે' - આ પ્રમાણે દ્વિતીય વિકલ્પનો સ્વીકાર કરવામાં આવે તો ઘટાદિ કાર્યની દંડ-ચક્રાદિ સામગ્રી હાજર થાય તે સમયે પણ ઘટાદિ કાર્યનો આવિર્ભાવ થઈ શકશે નહિ. કેમ કે ચક્રભ્રમણ આદિ પ્રવૃત્તિની પૂર્વે ઘટાદિનો આવિર્ભાવ શશશૃંગની જેમ અસત્ છે. જેમ અસત્ એવું શશશૃંગ હજારો સામગ્રી ભેગી થવા છતાં કદાપિ સત્ થતું નથી તેમ ચક્રભ્રમણ આદિ પૂર્વે અસત્ તરીકે માન્ય એવો ઘટાદિનો આવિર્ભાવ પર્યાય પણ દંડ-ચક્રાદિ સામગ્રી હાજર થવા છતાં કદાપિ સત્ ન બની શકે.

### ❋ પૂર્વે ઉપાદાનકારણરૂપે ઉપાદેય સત્ ❋

**ઉત્તરપક્ષ** :- (प्रथम.) તમારી દલીલ અમારા સિદ્ધાંતમાં બાધક બની શકતી નથી. તે આ રીતે :- તમે બતાવેલ આવિર્ભાવસંબંધી સત્-અસત્ આવા બે વિકલ્પમાંથી અમે પ્રથમ વિકલ્પ સ્વીકારીએ છીએ. આશય એ છે કે પર્યાય પર્યાયીથી કથંચિત્ અભિન્ન છે. તેથી ઘટકાર્યથી આવિર્ભાવ પર્યાય અભિન્ન છે. તથા કુંભારની પ્રવૃત્તિની પૂર્વે ઘટકાર્ય મૃત્ત્વરૂપે સત્ છે. તેથી કુંભારપ્રવૃત્તિની પૂર્વે મૃત્ત્વરૂપે વિદ્યમાન એવા ઘટકાર્યથી અભિન્ન આવિર્ભાવ પર્યાય પણ હાજર જ છે. અર્થાત્ ચક્રભ્રમણ આદિ પ્રવૃત્તિની પૂર્વે ઘટાદિનો આવિર્ભાવ સત્ છે. જો કે-આ વિકલ્પના સ્વીકારમાં ઘટાદિનું દર્શન થવાની આપત્તિ તમે દર્શાવેલ હતી. પરંતુ એ આપત્તિ અમારા માટે ઈષ્ટાપત્તિ છે. કેમ કે ચક્રભ્રમણ આદિ પ્રવૃત્તિ પૂર્વે પણ ઘટાદિનું મૃત્તિકારૂપે દર્શન થાય જ છે.

**શંકા** :- ઘટાદિનો આવિર્ભાવ પર્યાય ઘટાદિદર્શનનો નિયામક હોવાથી જેમ કુંભારપ્રવૃત્તિની પૂર્વે મૃત્તિકારૂપે ઘટનું દર્શન થાય છે તેમ ઘટત્વરૂપે પણ ત્યારે ઘટનું દર્શન થવું જોઈએ.

### ꙮ વિશેષરૂપે આવિર્ભાવ વિશેષરૂપે કાર્યદર્શક ꙮ

**સમાધાન** :- (घटत्वेन.) ચક્રભ્રમણ આદિ પ્રવૃત્તિની પૂર્વે ઘટત્વરૂપે ઘટાદિનું દર્શન થવાની આપત્તિને

જે માટઈં અનુભવનઈં અનુસારઈં પર્યાય કલ્પિઈં. ▸કારણ પહિલાં કાર્યની દ્રવ્યરૂપઈં સત્તા છેં. તે રૂપઈં પ્રત્યક્ષ થાયે છેં. ઘટત્વાદિરૂપે સત્તા નથી. તે રૂપે પ્રત્યક્ષ નથી થાતું.

समवधानपूर्वं मृत्तिकादिद्रव्यरूपेण सत्त्वेऽपि कम्बुग्रीवादिमत्त्वपर्यायरूपेण असत्त्वात्,

कम्बुग्रीवादिमत्त्वरूपेणैव सतो घटाद्याविर्भावपर्यायस्य घटत्वादिरूपेण घटादिदर्शननियामकत्वात्, सार्वलौकिकस्वरसवाह्यबाधितानुभवानुसारेण तथाकल्पनात्।

***एतेन*** आविर्भाव-तिरोभावयोः कार्यपर्यायविशेषरूपत्वकल्पने मृत्तिकादिरूपेण पूर्वं घटाद्याविर्भावास्तित्वकल्पने, कम्बुग्रीवादिमत्त्वरूपेण च घटाद्याविर्भावास्तित्वस्य घटत्वादिरूपेण घटादिदर्शननियामकत्वकल्पने गौरवम् इति ***निरस्तम्***,

अबाधितस्वरसवाह्यनुभवानुसारेण तत्कल्पनया गौरवस्य फलाभिमुखत्वात्।

અમારા મતમાં કોઈ અવકાશ નથી. આનું કારણ એ છે કે દંડ-ચક્ર આદિ સામગ્રીના આગમનની પૂર્વે ઘટાદિનો આવિર્ભાવ પર્યાય મૃત્તિકાદિદ્રવ્યરૂપે હાજર હોવા છતાં પણ કમ્બુગ્રીવાદિમત્ત્વપર્યાયરૂપે ત્યારે તે હાજર નથી. કમ્બુગ્રીવાદિમત્ત્વરૂપે વિદ્યમાન હોય તો જ ઘટાદિનો આવિર્ભાવ પર્યાય ઘટત્વરૂપે ઘટાદિના દર્શનનો નિયામક છે.

**શંકા** :- 'ઘટાદિનો આવિર્ભાવ પર્યાય દંડ-ચક્રાદિના સાન્નિધ્યની પૂર્વે મૃત્તિકારૂપે સત્ છે અને ઘટત્વરૂપે અસત્ છે' - આવી કલ્પના કરવામાં નિયામક શું છે ? તથા 'ઘટનો આવિર્ભાવ પર્યાય કમ્બુગ્રીવાદિમત્ત્વરૂપે જ હાજર હોય તો ઘટત્વરૂપે ઘટનું દર્શન થાય, અન્યથા નહિ' - આવા પ્રકારની કલ્પના કરવામાં પણ નિયામક શું છે ?

## ❋ અનુભવના આધારે પદાર્થની કલ્પના ❋

**સમાધાન** :- (कम्बु.) 'પૂર્વે ઘટનો આવિર્ભાવ પર્યાય મૃત્તિકારૂપે સત્ છે તથા કમ્બુગ્રીવાદિમત્ત્વરૂપે અસત્ છે' - આવી કલ્પના અને 'ઘટત્વરૂપે ઘટનું દર્શન થવામાં કમ્બુગ્રીવાદિમત્ત્વરૂપે ઘટનો આવિર્ભાવ નિયામક છે' - આવી બીજી કલ્પના અમે આડેધડ નથી કરતા પરંતુ સર્વ લોકોના સ્વરસવાહી અબાધિત અનુભવોના આધારે અમે ઉપરોક્ત દ્વિવિધ કલ્પના કરીએ છીએ.

**શંકા** :- (एतेन.) (૧) આવિર્ભાવની અને તિરોભાવની ઘટાદિ કાર્યના વિશેષ પર્યાયરૂપે કલ્પના કરવી, (૨) ઘટાદિના આવિર્ભાવ પર્યાયનું મૃત્તિકાદિરૂપે પૂર્વે અસ્તિત્વ કલ્પવું, (૩) કમ્બુગ્રીવાદિમત્ત્વરૂપે ઘટાદિમાં આવિર્ભાવ પર્યાયનું અસ્તિત્વ જ ઘટત્વરૂપે ઘટાદિદર્શનમાં નિયામક છે તેવું કલ્પવું. આ ત્રણ પ્રકારની કલ્પના કરવામાં ગૌરવ નામનો દોષ લાગુ પડશે.

## ❖ ફલાભિમુખ ગૌરવ નિર્દોષ ❖

**સમાધાન** :- (अबाधित.) ઉપરોક્ત ત્રણેય કલ્પનાઓને અમે સાર્વલૌકિક, અબાધિત અને સ્વરસવાહી (= કોઈ પણ માન્યતાનો પૂર્વગ્રહ ધારણ કર્યા વિના સ્વૈચ્છિક રીતે, સ્વાભાવિક રીતે, નિષ્પક્ષ રીતે થનાર) અનુભવના આધારે સ્વીકારીએ છીએ. પ્રમાણથી અબાધિત એવા અનુભવના આધારે જે કલ્પના

▸....◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯+૧૩)માં છે.

એમ અનેકાંત આશ્રયણેં તિરોભાવ-આવિર્ભાવ ઘટેં. વ્યવહાર પણિ ઉપપન્ન થાઈં.

---

इत्थमनेकान्तवादाश्रयणे आविर्भाव-तिरोभावौ सङ्गच्छेते। एवञ्च घटाद्युत्पादार्थिनः कुलालादेः तन्त्वादौ न प्रवृत्तिः, किन्तु कपालादाविति प्रतिनियतव्यवहारोऽपि उपपद्यते।

***एतेन*** एकान्ताऽसत्कार्यवादः ***प्रत्याख्यातः***। तदुक्तं **सूत्रकृताङ्गसूत्रवृत्तौ श्रीशीलाङ्काचार्येण** अपि "नाऽप्येकान्तेनाऽसत्कार्यवाद एव, तद्भावे हि व्योमारविन्दानामप्येकान्तेनाऽसतां मृत्पिण्डादेः घटादेरिवोत्पत्तिः

---

કરવામાં આવે તેના નિમિત્તે આવનાર ગૌરવ દોષરૂપ નથી કહેવાતું. કારણ કે તે ફલાભિમુખ છે. ફળ = અબાધિત અનુભવ. તેને અભિમુખ = આધીન હોવાથી પ્રસ્તુત ગૌરવને દોષરૂપે કહી ન શકાય.

### કલ્પનાલાઘવ પણ દોષરૂપ !

**સ્પષ્ટતા** :- દાર્શનિક જગતમાં સામાન્યતયા કલ્પનાલાઘવ ગુણ કહેવાય છે અને કલ્પનાગૌરવ દોષ કહેવાય છે. મતલબ કે નવી કોઈ વસ્તુની કલ્પના કરવી જરૂરી હોય તો ઓછામાં ઓછી કલ્પનાઓ કરવી. તેવા સ્થળે વધુ પડતી કલ્પના કરવી તે ગૌરવ છે અને તે દોષરૂપ છે. પરંતુ જે કલ્પનાલાઘવ પ્રમાણશૂન્ય હોય તે પણ દોષરૂપ જ છે. તથા જે કલ્પનાગૌરવ પ્રમાણસહકૃત હોય તે નિર્દોષ જ છે. આ વાત ભૂલવી ન જોઈએ. દા.ત. "ટેબલ ફક્ત લાકડાંથી જ ઉત્પન્ન થાય આવી કલ્પના લઘુભૂત હોવા છતાં પ્રમાણશૂન્ય હોવાથી દોષાત્મક છે. આનું કારણ એ છે કે ટેબલ બનાવવા માટે લાકડાં ઉપરાંતમાં કરવત, ખીલી, સુથાર, હથોડી વગેરે અનેક કારણોની જરૂર પડે જ છે. 'લાકડું, કરવત, ખીલી, સુથાર, હથોડી વગેરે કારણોથી ટેબલ ઉત્પન્ન થાય છે' - આવી કલ્પના કરવામાં યદ્યપિ ગૌરવ છે. પરંતુ તે દોષરૂપ નથી. કારણ કે તે પ્રામાણિક છે. તેથી કાષ્ઠ, કરવત આદિ અનેક પદાર્થમાં ટેબલની કારણતાની કલ્પના કરવામાં જે ગૌરવ આવે છે, તે પ્રામાણિક હોવાથી નિર્દોષ છે - આવું શિષ્ટ પુરુષોને માન્ય છે. પ્રસ્તુતમાં ઘટના આવિર્ભાવ પર્યાય અંગે જે ત્રિવિધ કલ્પના કરવામાં આવેલ છે તે અબાધિત, સ્વરસવાહી અનુભવઆધારિત છે. તેથી તે ગૌરવ દોષરૂપ નથી.

### આવિર્ભાવ-તિરોભાવમાં સ્યાદ્વાદ

(इत्थ.) 'કુંભારની પ્રવૃત્તિ પૂર્વે ઘટ માટીસ્વરૂપે હાજર છે અને ઘટત્વરૂપે ગેરહાજર છે' - આ મુજબ અનેકાન્તવાદનો આશ્રય કરવામાં આવે તો કાર્યનો આવિર્ભાવ અને તિરોભાવ સંગત થઈ શકે છે. આ રીતે કારણસ્વરૂપે કાર્યની હાજરી માનવામાં આવે તો 'ઘટ વગેરેની ઉત્પત્તિની કામનાવાળા કુંભાર વગેરેની તંતુ વગેરેને ગ્રહણ કરવાની પ્રવૃત્તિ નથી થતી પણ કપાલ-મૃત્પિંડ વગેરેને જ ગ્રહણ કરવાની પ્રવૃત્તિ થાય છે' - આવો પ્રસિદ્ધ પ્રામાણિક લોકવ્યવહાર પણ સંગત થાય.

### અસત્કાર્યવાદનું નિરાકરણ

(एतेन.) આ પ્રતિપાદન દ્વારા એકાન્ત અસત્કાર્યવાદનું નિરાકરણ થઈ જાય છે. તેથી જ **સૂયગડાંગસૂત્રવ્યાખ્યામાં** શ્રી**શીલાંકાચાર્યજી**એ પણ જણાવેલ છે કે "એકાન્તે અસત્કાર્યવાદ પણ માનવો યોગ્ય નથી. કેમ કે કર્તૃવ્યાપારપૂર્વે ઉપાદાનકારણમાં અવિદ્યમાન જ કાર્ય કર્તાની પ્રવૃત્તિ દ્વારા ઉત્પન્ન થતું હોય તો જેમ મૃત્પિંડમાંથી ઘટ વગેરેની ઉત્પત્તિ થાય છે તેમ સર્વથા અસત્ એવા આકાશપુષ્પ વગેરેની પણ ઉત્પત્તિ થવાની સમસ્યા સર્જાશે. પરંતુ માટીના પિંડ વગેરેમાંથી ઘડાની જેમ આકાશપુષ્પ

તે માટઈં કથંચિત્ અભેદઈં જ કાર્યોત્પત્તિ થાઈં. ઈમ સિદ્ધ થયું.◂ *ભવિક જીવો ! તુમ્હેં ઈણિ પરઈં દ્રવ્ય-ગુણ-પર્યાય લીજીઈં.* ॥૩/૮॥

स्यात्। न चैतद् दृष्टम् इष्टं वा। अपि चैवं सर्वस्य सर्वस्माद् उत्पत्तेः कार्य-कारणभावाऽनियमः स्यात्। एवञ्च न शाल्यङ्कुरार्थी शालीबीजमेव आदद्याद् अपि तु यत्किञ्चिदेवेति। नियमेन च प्रेक्षापूर्वकारिणाम् उपादानकारणादौ प्रवृत्तिः (दृश्यते)। अतो नाऽसत्कार्यवादः" (सू.कृ.श्रु.स्क.२/अ.५/सू.११/पृ.३७६) इति। ततश्चोपादानोपादेययोः कथञ्चिदभेदादेव कार्योत्पत्तिः सङ्गतिमङ्गतीति फलितम्। भोः ! भव्यात्मानः ! अनया रीत्या द्रव्य-गुण-पर्यायाः कक्षीकर्तव्या भवद्भिरिति भावः।

प्रकृते "अथ घटस्य कारणव्यापारात् प्राक् सत्त्वे चाक्षुषं स्यादिति चेत् ? भवत्येव मृत्त्वेन रूपेण। घटत्वेन स्यादिति चेत् ?

વગેરેની ઉત્પત્તિ જોવા મળતી નથી તથા કોઈને પણ માન્ય નથી. વળી, સર્વથા અસત્કાર્યવાદનો સ્વીકાર કરવામાં આવે તો સર્વ કાર્યની સર્વ કારણોમાંથી ઉત્પત્તિ માન્ય કરવી પડે. તથા જો તેમ હોય તો નિયત કાર્ય-કારણભાવ પણ રહેશે નહિ. આ રીતે માનવામાં આવે તો શાલીના અંકુરની કામનાવાળો ખેડૂત શાલી(બાસમતી ચોખા)નું જ બીજ ગ્રહણ કરે તેવો નિયમ નહિ રહે. પણ તે ખેડૂત ગમે તેને ગ્રહણ કરશે. કેમ કે અસત્કાર્યવાદીના મતે તો સર્વત્ર કાર્યોત્પત્તિની પૂર્વે કાર્ય તો ઉપાદાનકારણમાં ગેરહાજર જ હોય છે. તો પછી શા માટે તે ખેડૂત શાલીબીજને જ ગ્રહણ કરે, રેતીને નહિ ? પરંતુ બુદ્ધિશાળી લોકો નિયત કાર્યને ઉત્પન્ન કરવા માટે ચોક્કસ પ્રકારના જ ઉપાદાનકારણ વગેરેને ગ્રહણ કરતા દેખાય છે. તેથી સર્વથા અસત્કાર્યવાદ માન્ય કરી શકાય તેમ નથી. તેથી ઉપાદાનકારણ અને કાર્ય વચ્ચે કથંચિત્ અભેદ સ્વીકારવા દ્વારા જ કાર્યોત્પત્તિ ઘટી શકશે - એવું ફલિત થાય છે. હે ભવ્ય જીવો ! તમે આ પદ્ધતિ મુજબ દ્રવ્ય-ગુણ-પર્યાયનો સ્વીકાર કરો. એવું ગ્રંથકારશ્રીનું અહીં તાત્પર્ય છે.

## ❁ સ્યાદ્વાદરહસ્ય સંવાદનું તાત્પર્ય ❁

(**प्रकृते**.) પ્રસ્તુતમાં મહોપાધ્યાય **યશોવિજયજી** મહારાજે રચેલ મધ્યમપરિમાણ **સ્યાદ્વાદરહસ્ય** નામના ગ્રંથમાં સત્કાર્યવાદ-અસત્કાર્યવાદની સમીક્ષા કરતા જૈન મત બતાવવાના અવસરે જે વાત કરેલી છે તે અત્યંત હૃદયંગમ છે. ત્યાં તેઓશ્રી નૈયાયિકની શંકાને આ પ્રમાણે જણાવે છે કે "કુંભાર આદિની પ્રવૃત્તિની પૂર્વે દ્રવ્યાર્થિકનયના અભિપ્રાયથી ઘટ વિદ્યમાન જ હોય તો મૃતપિંડની સાથે ચક્ષુસંનિકર્ષ થતાં ઘટનું ચાક્ષુષ પ્રત્યક્ષ થવું જોઈએ. કારણ કે વિષય વિદ્યમાન હોય અને ચક્ષુસંનિકર્ષ આદિ સામગ્રી હાજર હોય તો વિષયનો ચાક્ષુષ આદિ સાક્ષાત્કાર થવો ન્યાયપ્રાપ્ત છે' - નૈયાયિકની આ શંકાનું નિવારણ કરવા માટે તેઓશ્રીએ ત્યાં જણાવેલ છે કે - ચક્રભ્રમણ આદિ કુંભારપ્રવૃત્તિની પૂર્વે મૃદ્રૂપે ઘટનું ચાક્ષુષ પ્રત્યક્ષ થાય જ છે. 'अयं मृत्पदार्थः' ઈત્યાદિરૂપે ઘટનું ચાક્ષુષ પ્રત્યક્ષ સર્વજનવિદિત જ છે.

**શંકા** :- (घट.) 'કુંભારની પ્રવૃત્તિની પૂર્વે ઘટનું મૃત્ત્વસ્વરૂપે ચાક્ષુષ પ્રત્યક્ષ થાય છે, તેમ ઘટત્વરૂપે પણ ચાક્ષુષ પ્રત્યક્ષ થવું જોઈએ. કેમ કે ત્યારે પણ ઘટ તો દ્રવ્યાર્થિકનયના અભિપ્રાયથી હાજર જ છે.'

▸....◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯+૧૩)માં છે. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. લા.(૨)માં છે.

न, तेन रूपेण प्रागसत्त्वात्। कपालस्य घटेऽविष्वग्भावेन हेतुत्वादपि प्राक्सत्त्वसिद्धिः।

अथ घटप्रागभावसत्त्वे घटसत्त्वं कथमिति चेत् ?

तयोरविरोधादिति गृहाण। कथमिति चेत् ? अस्तित्व-नास्तित्वयोरेकपरिणामाद्" (म.स्या.रह.का.१/पृ. १३२) इति मध्यमपरिमाणस्याद्वादरहस्यग्रन्थप्रबन्धोऽप्यवधेयः। 'अस्तित्व-नास्तित्वयोः = पूर्वकालीन-

## ✻ અભિવ્યક્તિ પૂર્વે કાર્યદર્શન વિચારણા ✻

**સમાધાન** :- (न.) કુંભાર આદિની પ્રવૃત્તિની પૂર્વે ઘટનું અસ્તિત્વ મૃત્ત્વસ્વરૂપે છે પણ ઘટત્વસ્વરૂપે નથી. જે પદાર્થ જે સ્વરૂપે જે અવસ્થામાં ન હોય તે પદાર્થનું તે સ્વરૂપે તે અવસ્થામાં પ્રત્યક્ષ કઈ રીતે થઈ શકે ? માટે કુંભકારવ્યાપારપૂર્વકાળઅવચ્છેદેન ઘટત્વરૂપે ઘટચાક્ષુષ પ્રત્યક્ષનો અનુદય વ્યાજબી જ છે. જેમ કારણરૂપે કાર્યનું પ્રત્યક્ષ પૂર્વકાળમાં થવાથી પૂર્વકાળઅવચ્છેદેન (= પૂર્વે) કાર્યનું અસ્તિત્વ સિદ્ધ થાય છે તેમ કાર્ય-કારણમાં કથંચિદ્ અભેદ હોવાથી પણ પૂર્વે કાર્યનું અસ્તિત્વ સિદ્ધ થાય છે. આશય એ છે કે ઘટ પ્રત્યે કપાલ અવિષ્વગ્ભાવ સંબંધથી કારણ બને છે. અવિષ્વગ્ભાવ કહો કે તાદાત્મ્ય કહો કે ભેદાભેદ કહો કે કથંચિદ્ અભેદ કહો - અર્થમાં તો કોઈ ફરક નથી. ઉપાદાન અને ઉપાદેયમાં તાદાત્મ્ય તો આર્યજનોમાં પ્રસિદ્ધ જ છે. આમ ઘટ અને કપાલ કથંચિદ્ અભિન્ન હોવાથી પણ ઘટનું અસ્તિત્વ કપાલ અવસ્થામાં પણ સિદ્ધ થાય છે. તેથી પૂર્વકાળઅવચ્છેદેન ઘટસત્તા માનવામાં કોઈ દોષ નથી.

## ❁ પ્રતિયોગી-પ્રાગભાવ વચ્ચે વિરોધ : નૈયાયિક ❁

**[illegible]** :- (अथ.) કુંભકારપ્રયત્નની પૂર્વે તો ઘટનો પ્રાગ્અભાવ છે. માટે ઘડાને ઉત્પન્ન કરવા કુંભાર કપાલમાં પ્રવૃત્તિ કરે છે. જો કપાલ અવસ્થામાં પણ ઘટનું અસ્તિત્વ માનવામાં આવે તો કપાલમાં ઘટનો પ્રાગ્અભાવ રહી ન શકે. તથા જો કપાલમાં ઘટપ્રાગભાવ માનવામાં આવે તો ઘટનું અસ્તિત્વ અપ્રામાણિક બને. કેમ કે પ્રાગભાવ અને કાર્ય વચ્ચે સહઅનવસ્થાન નામનો વિરોધ હોય છે. કપાલ અવસ્થામાં ઘટનો પ્રાગભાવ તો પ્રસિદ્ધ જ છે. તેથી ત્યારે ઘટનું અસ્તિત્વ હોઈ ન શકે.

## ✻ અસ્તિત્વ-નાસ્તિત્વ પરિણામમાં ઐક્ય ✻

**[illegible]** :- (तयो.) નૈયાયિકની ઉપરોક્ત વાત વ્યાજબી નથી. આનું કારણ એ છે. ઘટપ્રાગભાવ અને ઘટ - આ બન્ને વચ્ચે કોઈ વિરોધ જ નથી. તેથી ઘટનો પ્રાગભાવ હોવા છતાં પણ કપાલમાં ઘટનું અસ્તિત્વ માનવામાં કોઈ વિરોધ આવતો નથી. પ્રાગભાવ અને કાર્ય વચ્ચે વિરોધ ન હોવાનું કારણ અસ્તિત્વનો અને નાસ્તિત્વનો એક પરિણામ ( = ઐક્ય પરિણતિ) છે. આશય એ છે કે ઘટપ્રાગભાવસ્વરૂપ નાસ્તિત્વપરિણામ અને ઘટાત્મક અસ્તિત્વપરિણામ પરસ્પર અભિન્ન છે. આ ઘટાત્મક અસ્તિત્વપરિણામ એ હકીકતમાં પૂર્વકાલીન એટલે કે કપાલઅવસ્થાકાલીન છે. તથા કપાલ અવસ્થામાં મૃત્તિકાદ્રવ્યરૂપે (=મૃત્ત્વેન) ઘટનું અસ્તિત્વ હોય છે. અર્થાત્ કપાલ અવસ્થામાં ઘટાત્મક જે અસ્તિત્વ પરિણામ છે તે મૃત્તિકાદ્રવ્યસ્વરૂપ છે - એવું ફલિત થાય છે. તથા ઘટપ્રાગભાવસ્વરૂપ નાસ્તિત્વ પરિણામ પણ, જૈનમત મુજબ, મૃત્તિકાદ્રવ્યસ્વરૂપ જ છે. આમ મૃત્ત્વેન અસ્તિત્વ પરિણામ અને ઘટત્વેન નાસ્તિત્વ પરિણામ મૃત્તિકાદ્રવ્યસ્વરૂપ સિદ્ધ થાય છે. માટે જ તે બન્નેમાં કોઈ વિરોધ નથી. તેથી જ એકીસાથે

घटात्मकास्तित्वपरिणाम-घटप्रागभावात्मकनास्तित्वपरिणामयोः एकपरिणामाद् = मृत्तिकाद्रव्यस्वरूपत्वादि'त्याशयः।

अधिकन्तु अस्मत्कृत**जयलता**भिधानायाः तद्वृत्तेः विज्ञेयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'प्रतिद्रव्यं तिरोभावाऽऽविर्भावशक्तिद्वितयं वर्त्तते' इति सिद्धान्तं चेतसिकृत्य स्वात्मद्रव्ये तिरोभावशक्त्या व्यवस्थितस्य परमात्मनः परिपूर्णगुण-परिशुद्धपर्यायाभिव्यक्त्या आविर्भावशक्तिरूपेण परिणमनं कर्तव्यम्। अस्मिन् अन्तरङ्गापवर्गमार्गोद्यमे जडराग-जीवद्वेषौ बाधकौ। 'पूर्णानन्दस्वामिनः परमानन्दमयस्य चिदानन्दघनस्य मे [1]दूरदर्शन-[2]दूरभाष-[3]ध्वनिप्रसारणयन्त्र-[4]चलचित्रप्रसारणयन्त्र-[5]दूरदर्शनीयचलचित्रदर्शक-[6]ध्वनिसङ्ग्राहकयन्त्र-[7]शीताऽगार-[8]शीतवातानुकूलनयन्त्रादितः सुखयाञ्चाया आवश्यकता का ? अलं तैः ?' इति विमृश्य स्वस्मिन् तिरोभावशक्त्या स्थिरस्य परमात्मन आदरेण अवेक्षणाद् जडरागः विलीयते।

---

તે બન્ને એક અધિકરણમાં રહી શકે છે. અર્થાત્ કપાલ અવસ્થામાં જ ઘટપ્રાગભાવ નામનો મૃત્તિકાદ્રવ્યસ્વરૂપ નાસ્તિત્વ પરિણામ અને માટીસ્વરૂપ ઘટાત્મક અસ્તિત્વ પરિણામ આ બન્ને એક જ મૃત્તિકાદ્રવ્યમાં રહી શકે છે." આ પ્રમાણે મધ્યમપરિમાણ **સ્યાદ્વાદરહસ્ય** ગ્રંથમાં **મહોપાધ્યાયજી** મહારાજનું સૂચિત મંતવ્ય પ્રસ્તુતમાં ધ્યાનમાં લેવા યોગ્ય છે.

(**अधि.**) જેમણે આ બાબતમાં અધિક જાણકારી મેળવવી હોય તેમણે મધ્યમપરિમાણ **સ્યાદ્વાદરહસ્ય** ગ્રંથની અમે રચેલ **જયલતા** (ભાગ-૧, પૃ.૧૩૨) વ્યાખ્યા જોવી. ત્યાંથી અધિક જાણકારી મેળવવી.

**સ્પષ્ટતા** :- પૂર્વે ઘટદર્શન મૃત્તિકાસ્વરૂપે થાય છે.

∴ પૂર્વકાલીન ઘટઅસ્તિત્વપરિણામ = ઘટપ્રાગભાવપરિણામ.

∴ પૂર્વિલ ઘટ મૃત્તિકાદ્રવ્યસ્વરૂપ = ઘટપ્રાગભાવ મૃત્તિકાદ્રવ્યસ્વરૂપ.

∴ પૂર્વિલ ઘટ અસ્તિત્વપરિણામ = ઘટપ્રાગભાવસ્વરૂપ નાસ્તિત્વપરિણામ.

∴ અસ્તિત્વપરિણામ = નાસ્તિત્વપરિણામ.

### 卐 તિરોહિત પરમાત્માનો આવિર્ભાવ = સાધના 卐

**આધ્યાત્મિક ઉપનય** :- દ્રવ્યમાં તિરોભાવ શક્તિ અને આવિર્ભાવ શક્તિ - આ બન્ને શક્તિ બતાવવાની પાછળ આધ્યાત્મિક દૃષ્ટિએ તાત્પર્ય એ છે કે સંસારી અવસ્થામાં પ્રત્યેક આત્મામાં તિરોભાવ શક્તિ સ્વરૂપે પરમાત્મા રહેલા છે. જ્યારે પરિપૂર્ણ ગુણની અને પરિશુદ્ધ પર્યાયની અભિવ્યક્તિ થાય ત્યારે પ્રત્યેક ભવ્ય આત્મામાં પરમાત્મતત્ત્વનો આવિર્ભાવ થાય છે. તિરોભાવ શક્તિરૂપે રહેલા પરમાત્માને આવિર્ભાવ શક્તિરૂપે પરિણમાવવા તેનું નામ તાત્ત્વિક સાધના છે, અંતરંગ મોક્ષમાર્ગગોચર પુરુષાર્થ છે. જડનો રાગ અને જીવનો દ્વેષ આ સાધનામાં અવરોધક બને છે. 'હું તો પૂર્ણાનંદનો નાથ છું. પરમાનંદ સ્વરૂપ છું. ચિદાનંદસ્વરૂપી ઘન આત્મા છું. પરમાનન્દમય એવા મારે (૧) ટી.વી., (૨) ટેલીફોન, (૩) રેડિયો, (૪) વિડિયો, (૫) ચેનલ, (૬) ઓડિઓ, (૭) ફ્રીઝ, (૮) એ.સી. વગેરે જડ પદાર્થની પાસે સુખની ભીખ માંગવાની જરૂર શી ? જડ એવા ભૌતિક અને તુચ્છ સાધનોથી સર્યું' - આ રીતે

एवम् अन्यजीवेषु तिरोभावशक्त्या व्यवस्थितस्य परमात्मनः प्रेक्षणतश्च जीवद्वेषो विलीयते। 'अधुना कर्माधीनतया मम अहितकारिण इमे भव्यात्मानः तथाभव्यत्वपरिपाकादिना शुद्धगुणादिप्राप्त्या द्रुतं निजपरमात्मस्वरूपमाविर्भावयिष्यन्ति। अतः कथमेतादृशतिरोहितपरमात्मतत्त्वद्वेषः मया कार्यः ?' इत्यादिकं विचार्य जीवद्वेषं त्यक्त्वा सर्वत्र तिरोहितपरमात्मतत्त्वं समादरेण विलोकनीयम्। इत्थमेव "अपराऽऽयत्तमौत्सुक्यरहितं निष्प्रतिक्रियम्। सुखं स्वाभाविकं तत्र नित्यं भयविवर्जितम्।।" (अ.प्र.३२/७) इत्येवम् **अष्टकप्रकरणे श्रीहरिभद्रसूरि**दर्शितं मोक्षसुखम् आविर्भवेत् झटिति।।३/८।।

---

પોતાનામાં છુપાયેલાં પરમાત્મતત્ત્વ તરફ રુચિપૂર્વક દૃષ્ટિને સ્થિર કરવાથી જડનો રાગ છૂટી જાય છે.

### ❦ સર્વ જીવોમાં પરમાત્મસ્વરૂપદર્શન દ્વારા દ્વેષવિલય ❦

(**एवम्**.) તથા આ જ રીતે અન્ય જીવોમાં તિરોહિત સ્વરૂપે રહેલા પરમાત્મતત્ત્વ પ્રત્યે રુચિપૂર્વક પોતાની દૃષ્ટિને સ્થાપિત કરવાથી, અન્ય જીવો પ્રત્યેનો દ્વેષ ઓગળી જાય છે. 'અત્યારે કર્માધીન બની મારી સાથે અસભ્ય કે અન્યાયી વ્યવહાર કરનારા જીવો તથાભવ્યત્વનો પરિપાક થતાં ભવિતવ્યતાના સહકારથી સાધનાસાગરમાં ડૂબકી લગાવી શુદ્ધ ગુણ-પર્યાયસ્વરૂપ અમૂલ્ય રત્નોને મેળવી પોતાના પરમાત્મસ્વરૂપને **દૃઢપ્રહારી**ની જેમ ટૂંક સમયમાં પ્રગટાવી દેશે. તો પછી મારે શા માટે તેવા તિરોહિત શક્તિ સ્વરૂપે રહેલા પરમાત્મતત્ત્વો પ્રત્યે દ્વેષ ભાવ રાખવો ?' - આ રીતે અન્ય સર્વ જીવોમાં તિરોહિત પરમાત્માના દર્શન કરવા તરફ આ શ્લોક મંગલ સૂચન કરે છે. આવું થાય તો જ **અષ્ટકપ્રકરણ**માં દર્શાવેલ મોક્ષસુખ ઝડપથી પ્રગટ થાય. ત્યાં **શ્રીહરિભદ્રસૂરિ**જીએ જણાવેલ છે કે 'અપરાધીન, ઉત્સુકતારહિત, પ્રતિકાર વગરનું, ભયશૂન્ય, સ્વાભાવિક નિત્ય સુખ ત્યાં મોક્ષમાં હોય છે.' (૩/૮)

લખી રાખો ડાયરીમાં.....

- **બુદ્ધિ સરળ કાર્યને પકડે છે, અઘરાને છોડે છે.**
  **શ્રદ્ધા સારા કાર્યને પકડે છે, ખરાબને છોડે છે.**
- **વાસના એ પ્રેમનું અધઃપતન, અધોગમન છે.**
  **ઉપાસના એ પ્રેમનું ઊર્ધ્વીકરણ છે.**
- **બુદ્ધિ એક સુધરેલી (!) વિકૃતિ છે.**
  **શ્રદ્ધા આત્માની સંસ્કૃતિ છે, પ્રકૃતિ છે.**

**નૈયાયિક♦ ભાખઈ ઈસ્યું જી, "જિમ અછતાનું રે જ્ઞાન;**
**હોવઈ વિષય અતીતનું જી, તિમ કાર્ય સહિ નાણ રે" ॥૩/૯॥ (૩૪) ભવિકા.**

ઈહાં વલી✿ **નૈયાયિકશાસ્ત્રી**✤ ▸= ***નૈયાયિક***મતભાષક◂ (**ઈસ્યું**=) એહવું **ભાખઈ** છઈ ▸= ઈમ કહઈ છઈ જે◂ "**જિમ અતીત** □અનાગત **વિષય** જે ઘટાદિક⁑, **અછતા** છઈ, તેહનું જિમ **જ્ઞાન હોયઈ**, ❖**તિમ**

असत्कार्यवादिनो नैयायिकानत्राऽऽक्षिपति – '**नैयायिका**' इति।

**नैयायिकाः प्रभाषन्तेऽसत्त्वेऽप्यतीतगोचरः।**
**यथैव ज्ञायतेऽत्रैवं कार्यमसद्धि जायताम्।।३/९।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – नैयायिकाः प्रभाषन्ते 'अतीतगोचरः असत्त्वेऽपि यथैव ज्ञायते एवम् अत्र असद् हि कार्यं जायताम्'।।३/९।।

साम्प्रतं सर्वथैवाऽसत्कार्यवादिनो **नैयायिकाः** = न्यायशास्त्रिण इत्थं **प्रभाषन्ते** = प्रकर्षेण स्वसदसि वदन्ति यदुत – **अतीतगोचरः** = विनष्टविषय उपलक्षणाद् अनागतविषयश्च घटादिः अधुना असन् भवति। **असत्त्वेऽपि** "गर्हा-समुच्चय-प्रश्न-शङ्का-सम्भावनास्वपि" (शा.को. ७८२) इति **शाश्वतकोश**वचनादत्राऽपिशब्दः गर्हार्थः, साम्प्रतम् अतीतानागतघटादिः विषयः **यथैव** = येनैव प्रकारेण **ज्ञायते** = सामान्यलक्षणादिप्रत्यासत्त्या प्रत्यक्षतो विज्ञायते स्मर्यते च; **एवम्** = अनेनैव

**અવતરણિકા** :- અસત્કાર્યવાદી નૈયાયિકને ગ્રંથકારશ્રી ચર્ચામંચ ઉપર ખેંચી લાવે છે. અસત્કાર્યવાદનું સમર્થન કરવા નૈયાયિક જે દલીલ કરે છે તેને નૈયાયિકમુખે ગ્રંથકારશ્રી જણાવે છે :-

### 卐 અસત્‌ની જ્ઞપ્તિ - ઉત્પત્તિનો સંભવ : નૈયાયિક 卐

**શ્લોકાર્થ** :- નૈયાયિકો કહે છે કે 'જેમ અતીત વિષય વર્તમાનમાં અસત્ હોવા છતાં પણ જણાય છે, તેમ પ્રસ્તુતમાં અસત્ જ કાર્ય ઉત્પન્ન થશે.' (અર્થાત્ અસદ્ વસ્તુની જ્ઞપ્તિ-ઉત્પત્તિ થઈ શકે.) (૩/૯)

**વ્યાખ્યાર્થ** :- સત્કાર્યવાદીનો મત આઠ શ્લોક દ્વારા અહીં જણાવી ગયા. હવે સર્વથા અસત્કાર્યવાદી અને ન્યાયશાસ્ત્રનો સ્વીકાર કરનારા નૈયાયિક વિદ્વાનોનો મત ગ્રંથકારશ્રી જણાવે છે. નૈયાયિકો પોતાની સભામાં આ પ્રમાણે કહે છે કે "અતીત એવા ઘટ-પટાદિ વિષયો અને ઉપલક્ષણથી અનાગત ઘટ-પટાદિ વિષયો વર્તમાનમાં અસત્ = અવિદ્યમાન હોય છે. અતીત વિષય વિનષ્ટ છે, તથા અનાગત વિષય અનુત્પન્ન છે. તેથી તે બન્ને વર્તમાનમાં અસત્ હોય તે વાત યુક્તિસંગત છે. "ગર્હા, સમુચ્ચય, પ્રશ્ન, શંકા, સંભાવના - અર્થમાં 'अपि' (= પણ) શબ્દ વપરાય છે"- આમ **શાશ્વતકોશ**ના વચન મુજબ અહીં મૂળ શ્લોકમાં રહેલો 'अपि' શબ્દ પ્રતિવાદીની ગર્હા કરવાના અર્થમાં પ્રયોજાયેલ છે. અસત્ હોવા છતાં પણ જે રીતે

♦ મ.+ધ.માં 'નઈયા..' પાઠ. કો.(૨)નો પાઠ લીધો છે. ✿ પુસ્તકોમાં 'વલી' નથી. ફક્ત લા.(૨)માં છે. ✤ પુસ્તકોમાં 'શાસ્ત્રી' શબ્દ નથી. આ.(૧)માં છે. ▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. લા.(૨)માં છે. □ પુસ્તકોમાં 'અનાગત' શબ્દ નથી. આ.(૧)માં છે. ⁑ કો.(૧૩)માં 'ઘટાદિક પદાર્થનું' પાઠ. ❖ આ.(૧)માં ફક્ત 'તિમ અછતું જ કાર્ય કારણ વ્યાપારઈ ઉપજઈ - એમ માનતાં સ્યો દૂષણ છે ?' આટલો પાઠ છે.

ઘટાદિક **કાર્ય (સહિ=)** અછતાં જ, મૃત્તિકાદિક દલ થકી સામગ્રી મિલ્યઇ નીપજસ્યઈ (-ઈમ **નાણ** = જાણ). અછતાંની જ્ઞપ્તિ હોઈ, તો અછતાંની ઉત્પત્તિ કિમ ન હોઈ ?

***विद्यमानप्रागभाव-ध्वंसप्रतियोगिनो ज्ञप्तिरिव विद्यमानप्रागभावप्रतियोगिन उत्पत्तिः सम्भवतीति 'उत्पत्तिः**

**प्रकारेण अत्र** = प्रकृते उपादानकारणे सामग्रीसमवधानकालात् प्राग् **असद्धि** = असदेव **कार्यं** घटादिलक्षणं स्वसामग्रीसमवधाने सति मृत्तिकादिलक्षणाद् उपादानकारणाद् **जायताम्**। असतो ज्ञप्तिः चेत् स्यात्, असत उत्पत्तिः कस्मान्न स्यात् ? युक्तेरुभयत्र तुल्यत्वात्। ततश्च अतीतादिगोचर-ज्ञानोत्पत्तिवद् असत्कार्यजन्म सदिति जानीहि।

विद्यमानप्रागभाव-ध्वंसप्रतियोगिनो ज्ञप्तिरिव विद्यमानप्रागभावप्रतियोगिन उत्पत्तिः सम्भवतीति

અતીત અને અનાગત એવા ઘટ-પટાદિ વિષયો સામાન્યલક્ષણા વગેરે પ્રત્યાસત્તિ દ્વારા પ્રત્યક્ષ પ્રમાણથી જણાય છે તથા તેનું સ્મરણ થાય છે. તે જ રીતે પ્રસ્તુતમાં પણ કહી શકાય છે કે દંડ-ચક્રાદિ સ્વરૂપ ઘટસામગ્રી હાજર થતાં, પૂર્વે માટીસ્વરૂપ ઉપાદાનકારણમાં અસત્ એવું જ ઘટાદિ કાર્ય પોતાની સામગ્રી હાજર થવાથી માટીસ્વરૂપ ઉપાદાનકારણમાંથી ઉત્પન્ન થઈ શકે છે. અસત્ વસ્તુની જો જ્ઞપ્તિ થઈ શકે તો અસત્ વસ્તુની ઉત્પત્તિ કેમ ન થઈ શકે? કારણ કે યુક્તિ તો બન્ને સ્થળે સમાન જ છે. તેથી અતીતાદિગોચર જ્ઞાનની ઉત્પત્તિની જેમ અસત્ કાર્યની ઉત્પત્તિ પણ સાચી છે - તેમ તમે જાણો."

## 卐 સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિ 卐

**સ્પષ્ટતા** :- નૈયાયિક દર્શનમાં બે વિભાગ પ્રવર્તે છે. પ્રાચીન અને નવ્ય. બન્નેના મત મુજબ પ્રત્યક્ષના બે ભેદ છે - લૌકિક અને અલૌકિક. અલૌકિક પ્રત્યક્ષના ત્રણ ભેદ છે. (૧) સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિ, (૨) જ્ઞાનલક્ષણા પ્રત્યાસત્તિ અને (૩) યોગજ પ્રત્યાસત્તિ. 'સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિ' શબ્દમાં રહેલ લક્ષણ શબ્દના બે અર્થ છે (૧) સ્વરૂપ અને (૨) વિષય. પ્રાચીન નૈયાયિકના મતે લક્ષણ શબ્દનો સ્વરૂપ અર્થ માન્ય છે. તથા નવ્યનૈયાયિકના મતે લક્ષણ શબ્દનો વિષય એવો અર્થ માન્ય છે. તેથી પ્રાચીનમતે સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિ = સામાન્યસ્વરૂપ પ્રત્યાસત્તિ. તથા નવ્યમતે સામાન્યવિષયક જ્ઞાન એ જ સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિ. પ્રાચીનમતે ઈન્દ્રિયસંબદ્ધ ધૂમાદિ પદાર્થને વિશેષ્ય બનાવી પ્રવર્તતા જ્ઞાનમાં વિશેષણ તરીકે ભાસતું 'ધૂમત્વ' આદિ સામાન્ય (= જાતિ) પ્રત્યાસત્તિનું કાર્ય કરી ધૂમત્વ આદિના આશ્રયીભૂત અતીત, અનાગત અને વર્તમાન તમામ ધૂમ વગેરેનું પ્રત્યક્ષ કરાવે છે. નવ્યમતે જે ઘટાદિ પદાર્થ નાશ પામેલા હોય તેનું સ્મરણ થઈ શકતું હોવાથી 'घटवद् भूतलं' એવું પ્રત્યક્ષ કર્યા બાદ ભૂતલનિષ્ઠ ઘટનો નાશ થયા બાદ 'घटवद् भूतलं' એવું સ્મરણ થઈ શકે છે. ભૂતલપ્રત્યક્ષમાં વિશેષણરૂપે ભાસતો ઘટ નષ્ટ થયેલ હોવાથી સ્મરણસમયે પ્રત્યાસત્તિરૂપ બની શકતો નથી. આથી પ્રાચીન નૈયાયિકોને આપત્તિ આવશે. તેમ છતાં ત્યાં અતીત ઘટાદિવિષયક જ્ઞાનાત્મક અતીત ઘટથી વિશિષ્ટ ભૂતલ આદિ પદાર્થનું સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિ દ્વારા અલૌકિક પ્રત્યક્ષ થાય છે. આમ બન્ને મતે અતીત આદિ પદાર્થનું સામાન્યલક્ષણા વગેરે પ્રત્યાસત્તિ દ્વારા અલૌકિક પ્રત્યક્ષ થાય છે.

**(विद्यमान.)** નવ્યન્યાયની પરિભાષા મુજબ આ વાતને જણાવવી હોય તો એમ કહી શકાય છે કે

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯)+સિ.માં છે.

**विद्यमानत्वरूपसत्ताव्याप्ये'ति वचनमपहस्तयतीति भावः। तत्र तत्सत्त्वञ्च न तत्र तत्कार्योत्पत्तिनियामकम्, प्रागभावादेरेव देशनियामकत्वात्।**

'उत्पत्तिः विद्यमानत्वरूपसत्ताव्याप्ये'ति साङ्ख्यवचनमपहस्तयतीति भावः।

तत्र उपादानकारणे तत्कार्यसत्त्वञ्च न तत्र उपादानकारणे तत्कार्योत्पत्तिनियामकम्, प्रागभावादेरेव देशनियामकत्वात्।

અતીત પદાર્થ ધ્વંસનો પ્રતિયોગી છે તથા અનાગત પદાર્થ પ્રાગભાવનો પ્રતિયોગી છે. અતીત પદાર્થનો ધ્વંસ વર્તમાનકાળમાં વિદ્યમાન હોય છે તથા અનાગત પદાર્થનો પ્રાગભાવ પણ વર્તમાનકાળમાં વિદ્યમાન હોય છે. વર્તમાનકાલીન પ્રાગભાવના પ્રતિયોગી એવા અનાગત પદાર્થનું જ્ઞાન સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિ વગેરે દ્વારા વર્તમાનમાં થઈ શકે છે. તથા વર્તમાનકાલીન ધ્વંસના પ્રતિયોગી એવા અતીત પદાર્થનું જ્ઞાન સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિ દ્વારા વર્તમાનમાં થઈ શકે છે. જેમ વિદ્યમાન પ્રાગભાવ અને ધ્વંસના પ્રતિયોગીનું જ્ઞાન થઈ શકે છે તેમ ઉપાદાનકારણમાં રહેલા પ્રાગભાવના પ્રતિયોગી એવા અનાગત ( = અનુત્પન્ન હોવાથી અસત્) ઘટાદિ કાર્યની ઉત્પત્તિ સંભવી શકે છે. માટે 'ઉત્પત્તિ, વિદ્યમાનત્વ સ્વરૂપ સત્તાની વ્યાપ્ય છે' - આ પ્રમાણે સત્કાર્યવાદી સાંખ્યદર્શનીનું વચન ખંડિત થઈ જાય છે. એવો અહીં આશય છે.

**સ્પષ્ટતા** :- સાંખ્યમતે ઉત્પત્તિ એટલે ઉપાદાનકારણમાં તિરોહિત સ્વરૂપે વિદ્યમાન કાર્યની અભિવ્યક્તિ. ઉપાદાનકારણમાં પૂર્વે જે અવિદ્યમાન હોય તેની અભિવ્યક્તિ થઈ શકતી નથી. માટે ઉત્પત્તિ = અભિવ્યક્તિ વિદ્યમાનત્વની વ્યાપ્ય છે. અને વિદ્યમાનત્વ ઉત્પત્તિનું (= અભિવ્યક્તિનું) વ્યાપક છે. તેથી જે ઉત્પન્ન થાય તે વિદ્યમાન (= સત્) હોય - આ પ્રમાણે સાંખ્યનો સિદ્ધાંત છે. આ સાંખ્યસિદ્ધાંતનું નિરાકરણ નૈયાયિકની ઉપરોક્ત દલીલ દ્વારા થાય છે.

(तत्र.) સાંખ્યદર્શન મુજબ 'तत्र तत्सत्त्वं' એ 'तत्र तत्कार्योत्पत्तिनियामकं' - આવું માન્ય છે. આવું કહેવાની પાછળ આશય એ છે કે કાર્ય કયા સ્થળમાં ઉત્પન્ન થાય અને કયા સ્થળમાં ઉત્પન્ન ન થાય? - આ અંગે કોઈ નિયામક તત્ત્વ માનવું જરૂરી છે. અન્યથા માટીમાં ઘડો ઉત્પન્ન થવાના બદલે તંતુમાં ઘડો ઉત્પન્ન થઈ જાય - આવી અવ્યવસ્થા સર્જાવાની આપત્તિ આવે. કાર્ય ક્યાં ઉત્પન્ન થાય ? એનું નિયામક સાંખ્યસિદ્ધાંત મુજબ કાર્યનું અસ્તિત્વ છે. એટલે કે જ્યાં કાર્ય હાજર (= સત્ = વિદ્યમાન) હોય ત્યાં કાર્યની અભિવ્યક્તિ થાય. માટીમાં ઘટનું અસ્તિત્વ છે. તેથી માટીમાં જ ઘડાની અભિવ્યક્તિ થાય. આમ ઉપાદાનકારણમાં કાર્યનું અસ્તિત્વ (= વિદ્યમાનત્વ = સત્ત્વ = સત્તા) ઉપાદાનકારણમાં કાર્યની અભિવ્યક્તિનું નિયામક છે. અર્થાત્ જે ઉપાદાનમાં જે ઉપાદેયનું અસ્તિત્વ હોય તે ઉપાદાનમાં જ તે જ ઉપાદેયની ઉત્પત્તિ (= અભિવ્યક્તિ) થઈ શકે. આ પ્રમાણે સાંખ્યદર્શનની માન્યતા છે. પરંતુ નૈયાયિક વિદ્વાનોને આ વાત મંજૂર નથી. નૈયાયિક કહે છે કે કાર્યનો પ્રાગભાવ, ધ્વંસ વગેરે જ કાર્યના અધિકરણનો નિયામક છે. અર્થાત્ જે અધિકરણમાં (= સમવાયિકારણમાં) જે કાર્યનો પ્રાગભાવ હોય તે જ અધિકરણમાં તે જ કાર્યની ઉત્પત્તિ થઈ શકે. ઘટનો પ્રાગભાવ કપાલમાં જ વિદ્યમાન છે. પરંતુ તંતુ વગેરેમાં ઘટપ્રાગભાવ નથી. માટે ઘટ કપાલમાં જ ઉત્પન્ન થશે, તંતુમાં નહિ. તેથી કપાલમાં ઘટની ઉત્પત્તિ થવા માટે કપાલમાં ઘટનું અસ્તિત્વ માનવું જરૂરી નથી. પરંતુ ઘટનો પ્રાગભાવ માનવો જરૂરી છે. આમ કાર્યોત્પત્તિનું અધિકરણ

कार्यजननशक्तिमत्त्वादिना च न कारणे कार्यानुप्रवेशः, पटभिन्नत्वादिना घटे पटाऽनुप्रवेशप्रसङ्गात्।

***अथ*** उपादानकारणे कार्यप्रागभावादेः न देशनियामकत्वम्, किन्तु उपादानकारणे कार्यजननशक्तेः एव कार्योत्पत्तिदेशनियामकत्वम्, अन्यथा मृदः खपुष्पोत्पादापत्तेः। इत्थं शक्तकारणे शक्तिप्रतियोगि-विधया कार्यानुप्रवेशेन पूर्वं कार्यसत्त्वसिद्धिः अनाविलेति ***चेत्*** ?

***मैवम्***, एवं कार्यजननशक्तिमत्त्वादिना कारणे कार्यानुप्रवेशाभ्युपगमे, पटभिन्नत्वादिना घटे पटाऽनुप्रवेशप्रसङ्गात्। इदमत्राकूतम् – घटस्य मृत्तिकानिष्ठशक्तिप्रतियोगित्वमिव पटस्य घटनिष्ठ-भेदप्रतियोगित्वम्। ततश्च यथा घटजननशक्तिमत्तया मृत्तिकायां घटो वर्त्तते तथा पटभेदवत्तया घटे पटः स्यात्, शक्ति-भेदयोः अनुयोगित्वात्, घट-पटयोश्च यथाक्रमं तत्प्रतियोगित्वात्, तत्प्रतियोगिकसत्त्वे तत्सत्त्वाऽभ्युपगमे दर्शितापत्तेः साङ्ख्यमते दुर्वारत्वात्, क्वचित् प्रतियोगिताया विरोधार्थे वृत्तत्वाच्च।

જે થાય તેમાં નિયામક બનશે કાર્યનો પ્રાગભાવ.

### ॐ કારણમાં કાર્યનો પ્રવેશ : સાંખ્ય ॐ

**સાંખ્ય** :- (अथ.) ઉપાદાનકારણમાં કાર્યપ્રાગભાવનું અસ્તિત્વ એ કાર્યોત્પત્તિના દેશનું નિયામક નથી. પરંતુ ઉપાદાનકારણમાં રહેલી કાર્યજનનશક્તિ એ જ કાર્યોત્પાદદેશનું નિયામક છે. તથા જે કાર્યને ઉત્પન્ન કરવાની શક્તિ કારણમાં હોય તે જ કાર્યને કારણ ઉત્પન્ન કરે છે. આથી શક્ય (= શક્તિપ્રતિયોગી) એવા જ કાર્યને કારણ ઉત્પન્ન કરશે. બાકી તો માટીમાંથી આકાશપુષ્પ પણ ઉત્પન્ન થવાની આપત્તિ આવશે. તેથી તત્-તત્ કાર્યજનનશક્તિમત્ત્વરૂપે કારણતાને માનીને કાર્યોત્પત્તિદેશનિયમન કરવું જરૂરી છે. અહીં ઉપાદાનકારણ કાર્યજનનશક્તિમાન છે. ઉત્પાદકતાનિયામક (કારણતાઅવચ્છેદક) કાર્યજનનશક્તિમત્ત્વ છે. આમ કાર્યજનનશક્તિમત્ત્વરૂપે ઉપાદાનકારણ કાર્યજનક સિદ્ધ થવાથી ઉપાદાનકારણમાં શક્તિપ્રતિયોગીરૂપે ઉપાદેયનો પ્રવેશ થશે. તેથી પૂર્વકાળમાં ઉપાદાનકારણમાં કાર્યનું અસ્તિત્વ નિરાબાધપણે સિદ્ધ થશે.

**નૈયાયિક** :- (मैवम्.) આ વાત બરોબર નથી. કેમ કે કાર્યજનનશક્તિમત્ત્વરૂપે કારણતાનો સ્વીકાર કરવાથી ઉપાદાનકારણમાં કાર્યનો પ્રવેશ સિદ્ધ થઈ જાય તો ઘટ પટભિન્ન હોવાથી ઘટમાં પણ પટનો પ્રવેશ થઈ જવાની આપત્તિ આવશે. ઘટમાં પટનું અસ્તિત્વ માનવું પડશે. પરંતુ આ વાત કોઈને પણ માન્ય નથી. માટે ઉપાદાનમાં ઉપાદેયને સત્ માની ન શકાય. આશય એ છે કે જેમ મૃત્તિકાગત શક્તિનો પ્રતિયોગી ઘટ છે તેમ ઘટનિષ્ઠ ભેદનો પ્રતિયોગી પટ છે. તેથી જો મૃત્તિકા દ્રવ્યમાં ઘટજનનશક્તિ હોવાથી ઘટ રહેતો હોય તો ઘટમાં પટભેદ રહેતો હોવાથી પટ રહેવાની આપત્તિ દુર્વાર બનશે. કારણ કે શક્તિ અને ભેદ અનુયોગી છે તથા ઘટ અને પટ તેના ક્રમશઃ પ્રતિયોગી છે. 'જ્યાં જ્યાં તત્પ્રતિયોગિક હાજર હોય ત્યાં ત્યાં તેનો પ્રતિયોગી પણ હાજર હોય' - તેવો નિયમ સ્વીકારવામાં આવે તો સાંખ્યમતમાં ઉપરોક્ત રીતે માટીમાં ઘટની જેમ ઘટમાં પટની હાજરીની આપત્તિ દુર્વાર બની જશે. તેનું નિરાકરણ સાંખ્ય વિદ્વાનો નહિ કરી શકે. વળી, ક્યાંક પ્રતિયોગિતા 'વિરોધ' નામના અર્થમાં પણ પ્રવર્તે છે. જેમ કે 'ઘટાભાવની પ્રતિયોગિતા ઘટમાં રહે છે' - આવું બોલવામાં આવે ત્યાં 'પ્રતિયોગિતા' શબ્દ વિરોધને જણાવે છે. તેથી ભૂતલમાં ઘટપ્રતિયોગિક અભાવ રહે તેટલા માત્રથી ભૂતલમાં ઘટ હાજર

**वस्तुतो दण्डत्वादिरूपैव कारणता, तस्या घटसम्बन्धित्वज्ञाने च किञ्चिल्लक्षणमपेक्षणीयमिति न कारणकुक्षौ कार्यप्रवेशः इति स्मर्तव्यम्।***

वस्तुतो कपालत्वादिरूपैव कारणता।

***ततश्च*** 'कार्यजननशक्तिमत्त्वेन उपादानकारणस्य कार्यजनकत्वे कारणतावच्छेदककुक्षौ कार्यानुप्रवेशेनोपादानकारणता कार्यतः स्वतन्त्रतया न क्वापि सम्भवेदि'त्युक्तावपि ***न क्षतिः***,

कारणतायाः कारणतावच्छेदकात्मकत्वे दर्शितदोषानवकाशात्।

तस्या घटसम्बन्धित्वज्ञाने च किञ्चिल्लक्षणमपेक्षणीयमिति न कारणकुक्षौ कार्यप्रवेशः इति स्मर्तव्यम्।

થઈ ન જાય. ઊલટું ઘટ તો ઘટાભાવનો વિરોધી છે.

**સ્પષ્ટતા** :-

| • *સાંખ્યસંમત* • | • *સાંખ્યમતમાં આપાદન* • |
|---|---|
| *માટી ઘટજનનશક્તિમાન* | *ઘટ પટભિન્ન* |
| ∴ માટીમાં ઘટજનનશક્તિમત્ત્વ છે. | ∴ ઘટમાં પટભિન્નત્વ છે. |
| ∴ માટીમાં ઘટજનનશક્તિ છે. | ∴ ઘટમાં પટભેદ છે. |
| ∴ માટીમાં ઘટ રહેશે. | ∴ ઘટમાં પટ રહેશે. |
| ∴ ઉપાદાનમાં ઉપાદેય સત્ છે. | |

## ❊ કારણમાં કાર્યનો અપ્રવેશ : નૈયાયિક ❊

(**वस्तुतो.**) વાસ્તવમાં તો કારણતા કાર્યજનનશક્તિમત્ત્વ સ્વરૂપ નથી. પરંતુ કારણતાઅવચ્છેદક ધર્મ સ્વરૂપ જ છે. જેમ કે કપાલમાં રહેલી ઘટકારણતા કપાલત્વસ્વરૂપ છે. આવું માનવાથી કારણના શરીરમાં (કારણના ઘટક સ્વરૂપે) કાર્યનો સમાવેશ થવાની આપત્તિને કોઈ અવકાશ રહેતો નથી. માટે કાર્યનિષ્પત્તિ પૂર્વે કારણમાં કાર્યની હાજરી સિદ્ધ થઈ શકતી નથી. આવું નૈયાયિક વિદ્વાનોનું તાત્પર્ય છે.

**સાંખ્ય** :- (**तत.**) જો કાર્યજનનશક્તિમત્ત્વરૂપે ઉપાદાનકારણને તમે નૈયાયિક વિદ્વાનો કાર્યજનક માનશો તો કારણતાઅવચ્છેદક ધર્મમાં કાર્યનો તો પ્રવેશ થશે જ. તેથી કાર્યથી સ્વતંત્રપણે ઉપાદાનકારણતા નહીં રહી શકે. આ તમારા મતમાં સૌથી મોટી આપત્તિ આવશે.

**નૈયાયિક** :- (**कारण.**) હમણાં અમે ઉપર જણાવી ગયા તે મુજબ અમારા મતે તો ઉપાદાનકારણતા કાર્યજનનશક્તિમત્ત્વરૂપે નથી. પરંતુ ઉપાદાનકારણતાઅવચ્છેદક ધર્મ એ જ ઉપાદાનકારણતા છે. આવું માનવામાં તમે જણાવેલી આપત્તિને કોઈ અવકાશ રહેતો નથી. કેમ કે ઉપરોક્ત કારણતાઅવચ્છેદક ધર્મમાં કાર્યનો પ્રવેશ અમે કરતાં નથી.

**સાંખ્ય** :- કારણતાના શરીરમાં કાર્યનો ઘટકસ્વરૂપે પ્રવેશ થતો ન હોય તો તે કારણતા કોની છે ? તેવી જાણકારી કેવી રીતે મળે ? 'કપાલ આદિમાં રહેલી કારણતા ઘટની છે, પટની નહિ' - આવો નિર્ણય કરવા કારણતાના શરીરમાં કાર્યનો સમાવેશ કરવો જરૂરી છે. કપાલમાં પહેલેથી જ ઘટનું અસ્તિત્વ હોવાથી કપાલમાં રહેલી કારણતા ઘટની છે, પટની નહિ - આવો નિર્ણય શક્ય બને.

**નૈયાયિક** :- (**तस्या.**) 'કપાલમાં રહેલી કારણતા ઘટસંબંધી છે, પટસંબંધી નહિ' - આવું જ્ઞાન

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯)+સિ.માં છે.

ઘટનું કારણ દંડાદિક અમ્હે કહું છું, તિહાં લાઘવ છઈ.

તુમ્હારઈ મતઈ ઘટાભિવ્યક્તિનું દંડાદિક કારણ કહવું, તિહાં ગૌરવ હોઈ.

બીજું, અભિવ્યક્તિનું કારણ ચક્ષુ પ્રમુખ છઈ, પણિ દંડાદિક નથી. દ્રવ્યઘટાભિવ્યક્તિનું કારણ દંડ ભાવઘટાભિવ્યક્તિનું કારણ ચક્ષુ. તિહાં ગૌરવ છઈ, તે ન ઘટઈ.

---

किञ्चाऽसत्कार्यवादिनामस्माकं नैयायिकानां मते घटादेरेव कारणं दण्डादिकम्, कार्यताऽवच्छेदकशरीरलाघवात्। युष्माकं सत्कार्यवादिनां मते तु दण्डादिकं घटाद्यभिव्यक्तिकारणमिति कार्यतावच्छेदकशरीरगौरवमपरिहार्यम्।

किञ्च, अभिव्यक्तेः ज्ञानरूपत्वाद् घटाद्यभिव्यक्तिकारणं चक्षुरादिकमेव, न तु दण्डादिरिति लोके प्रसिद्धम्। तथा च सत्कार्यवादिमते लोकबाधाऽपि दुर्निवारा।

***एतेन*** द्रव्यघटाभिव्यक्तेः कारणं दण्डादिः, भावघटाभिव्यक्तेः तु चक्षुरादिकमिति ***निरस्तम्,***

---

કરવા માટે પટકારણતા કરતાં ઘટકારણતાનું કાંઈક વિલક્ષણ એવું લક્ષણ અપેક્ષિત છે. ઘટકારણતા કપાલત્વ આદિ સ્વરૂપ છે તથા પટકારણતા તંતુત્વ આદિ સ્વરૂપ છે. તેથી કપાલત્વનું જ્ઞાન થવાથી કપાલમાં રહેલી કારણતા ઘટસંબંધી છે, પટસંબંધી નહિ - આવો નિશ્ચય થઈ જશે. તેથી કારણતાના શરીરમાં કાર્યનો પ્રવેશ કરવો જરૂરી નથી.

### ❈ નૈયાયિકપક્ષમાં લાઘવ, સાંખ્યપક્ષમાં ગૌરવ ❈

(किञ्चा.) વળી, અસત્કાર્યવાદી એવા અમે નૈયાયિકો એમ માનીએ છીએ કે દંડ વગેરે ઘટાદિનું જ કારણ છે. આવું માનવાની પાછળ કારણ એ છે કે કાર્યતાઅવચ્છેદક ધર્મના શરીરમાં (= ઘટકમાં) લાઘવ પ્રાપ્ત થાય છે. દંડાદિનું કાર્ય ઘટ હોવાથી કાર્યતાઅવચ્છેદક ઘટત્વ હોય છે. જ્યારે સત્કાર્યવાદી એવા તમે સાંખ્ય વિદ્વાનો તો દંડ વગેરેને ઘટાદિનું કારણ નથી માનતા. પરંતુ ઘટાદિની અભિવ્યક્તિનું કારણ માનો છો. કારણ કે તમારા મતે દંડાદિ ઘટના અભિવ્યંજક (= અભિવ્યક્તિજનક) છે. તેથી સાંખ્યમતાનુસાર દંડાદિનું કાર્યતાઅવચ્છેદક ઘટઅભિવ્યક્તિત્વ બનશે. તેથી કાર્યતાઅવચ્છેદકના શરીરમાં ગૌરવ અપરિહાર્ય બનશે. આમ લાઘવ-ગૌરવની વિચારણા કરવામાં આવે તો પણ દંડાદિને ઘટનું અભિવ્યંજક નહિ, પણ કારણ માનવું વ્યાજબી છે.

### ❈ સાંખ્યમતમાં લોકવિરોધ ❈

(किञ्च.) વળી, મહત્ત્વની વાત એ છે કે અભિવ્યક્તિ જ્ઞાનસ્વરૂપ છે. તેથી ઘટઅભિવ્યક્તિ = ઘટજ્ઞાન. ઘટજ્ઞાનનું કારણ તો ચક્ષુઈન્દ્રિય વગેરે જ છે, દંડાદિ નહિ. આ પ્રમાણે લોકમાં પ્રસિદ્ધ છે. તેથી દંડને ઘટની અભિવ્યક્તિનું કારણ માનવામાં સત્કાર્યવાદી સાંખ્યને લોકવિરોધ પણ દુર્વાર બનશે.

### ❈ દ્રવ્યઘટ અને ભાવઘટ અંગે વિચારણા ❈

**શંકા** :- (एतेन.) ઘટ બે પ્રકારના છે. દ્રવ્યઘટ અને ભાવઘટ. સત્કાર્યવાદમાં દ્રવ્યઘટની અભિવ્યક્તિનું કારણ દંડાદિ છે. ભાવઘટની અભિવ્યક્તિનું કારણ તો ચક્ષુઈન્દ્રિય વગેરે છે. આવું માનવાથી લોકવિરોધ નહિ આવે. કેમ કે 'ચક્ષુ આદિ ઈન્દ્રિયો ઘટની અભિવ્યંજક છે' - આવી લોકમાન્યતા ભાવઘટની અપેક્ષાએ છે. આમ સત્કાર્યવાદી અને લોકો - બન્નેના મતે ચક્ષુઈન્દ્રિય વગેરે ભાવઘટની અભિવ્યક્તિનું કારણ છે.

कार्य-कारणभावद्वैविध्याभ्युपगमगौरवात्, कार्यतावच्छेदकधर्मशरीरगौरवाच्च।

किञ्च, सत्कार्यवादे कार्यस्य प्राक् सत्त्वात् क्रियावैफल्यम् आपद्येत। प्रत्यक्षविरोधोऽपि सत्कार्यवादे दुर्वारः, यतः मृत्पिण्डावस्थायाम् अविद्यमानः घटादिः कुलालादिव्यापारोत्तरकालं जायमानः दृश्यते। अतः कथम् उच्यते 'सद् उत्पद्यते' इति ? असत्कार्यवादिनो व्यवहारनयस्य मतम् उपदर्शयद्भिः **श्रीजिनभद्रगणिक्षमाश्रमणैः विशेषावश्यकभाष्ये** [1]"किरियावेफल्लं चिय पुव्वमभूयं च दीसए होतं" (वि.आ.४१६) इत्युक्तम्।

प्रकृते "यदि सर्वथा कारणे कार्यमस्ति, न तर्हि उत्पादः (स्याद्) निष्पन्नघटस्येव। अपि च मृत्पिण्डावस्थायामेव घटगताः कर्म-गुणव्यपदेशाः भवेयुः। न च भवन्ति। ततो नास्ति कारणे कार्यम्। *अथ* अनभिव्यक्तमस्तीति

---

**નૈયાયિક** :- (**कार्य.**) ઉપરોક્ત વાત વ્યાજબી નથી. કારણ કે તે રૂપે માનવામાં બે પ્રકારના કાર્ય-કારણભાવને સ્વીકારવાનું ગૌરવ આવે છે. કારણ કે દ્રવ્યઘટઅભિવ્યંજક દંડાદિ અને ભાવઘટઅભિવ્યંજક ચક્ષુ વગેરે. આમ બે કાર્ય-કારણભાવનો સ્વીકાર કરવાનું ગૌરવ સ્પષ્ટ છે. તથા આ રીતે માનવામાં કાર્યતાઅવચ્છેદકધર્મના શરીરમાં પણ ગૌરવ આવે છે. કેમ કે લોકો ચક્ષુને ઘટની અભિવ્યંજક માને છે. જ્યારે તમે ચક્ષુને ભાવઘટની અભિવ્યંજક માનો છો. તેથી લોકોના મતે ચક્ષુનું કાર્યતાઅવચ્છેદક ઘટઅભિવ્યક્તિત્વ (= ઘટજ્ઞાનત્વ) બનશે. જ્યારે સત્કાર્યવાદીના મતે ચક્ષુનું કાર્યતાઅવચ્છેદક ભાવઘટઅભિવ્યક્તિત્વ (= ભાવઘટજ્ઞાનત્વ) બનશે. આમ સત્કાર્યવાદીના મતમાં ચક્ષુના કાર્યતાઅવચ્છેદક ધર્મના શરીરમાં ગૌરવ અનિવાર્ય બનશે. અમે તો અસત્કાર્યવાદી છીએ. અમારા પક્ષમાં લાઘવ છે.

### ❀ વ્યવહારનય અસત્કાર્યવાદી ❀

(**किञ्च.**) વળી, સત્કાર્યવાદમાં ક્રિયાવૈફલ્ય દોષ પણ આવશે. કારણ કે કાર્ય પહેલાં જ ઉપાદાનકારણમાં હાજર છે. તો કુંભાર વગેરે કર્તાની પ્રવૃત્તિનું ફળ શું મળી શકે ? તથા સત્કાર્યવાદમાં પ્રત્યક્ષવિરોધ દોષ પણ દુર્વાર છે. કારણ કે મૃત્પિંડ અવસ્થામાં અવિદ્યમાન જ ઘટાદિ કુંભાર વગેરેની પ્રવૃત્તિ પછીના કાળમાં ઉત્પન્ન થતાં દેખાય છે. તેથી 'સત્ કાર્ય ઉત્પન્ન થાય છે' - આવું કેમ કહી શકાય ? અસત્કાર્યવાદી એવા વ્યવહારનયનો મત જણાવતા **શ્રીજિનભદ્રગણિક્ષમાશ્રમણે વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે, "સત્કાર્યવાદમાં ક્રિયાવૈફલ્ય દોષ આવશે જ. તથા પૂર્વે અસત્ એવું જ કાર્ય ઉત્પન્ન થતું દેખાય છે."

### ❀ એકાન્તસત્કાર્યવાદ અમાન્ય : શ્રીશીલાંકાચાર્ય ❀

(**प्रकृ.**) **સૂયગડાંગસૂત્રવ્યાખ્યા**માં **શ્રીશીલાંકાચાર્યજી**એ જણાવેલ છે કે "જો ઉપાદાનકારણમાં કાર્ય સર્વથા = સર્વ પ્રકારે વિદ્યમાન હોય તો જેમ ઉત્પન્ન થયેલો ઘડો સર્વ પ્રકારે હાજર હોવાથી તેની ફરીથી ઉત્પત્તિ થતી નથી, તેમ અન્ય પટ વગેરે કાર્યની ઉત્પત્તિ થઈ નહિ શકે. વળી, માટીમાં ઘડો કુંભારપ્રયત્નની પૂર્વે સર્વથા હાજર હોય તો માટીની પિંડ અવસ્થામાં જ તે તે ક્રિયાનો અને ગુણનો વ્યવહાર થવાની આપત્તિ આવશે કે જે ક્રિયાવ્યવહાર અને ગુણવ્યવહાર ઘટદશામાં થાય છે. પરંતુ માટીના પિંડમાં જલધારણાદિ ક્રિયાનો વ્યવહાર કે ઘટપરિમાણાદિ ગુણનો વ્યવહાર થતો નથી. તેથી

---

1. क्रियावैफल्यं चैव पूर्वमभूतञ्च दृश्यते भवत्।

તે માટઈં *ભેદપક્ષ જ ▸ઘટઈ◂. *અભેદપક્ષ ન ઘટઈ.* ॥૩/૯॥

**चेत्** ? **न** तर्हि सर्वात्मना विद्यते” (सू.कृ.२/५/११/पृ.३७६) इति **सूत्रकृताङ्गसूत्रव्याख्या**ऽपि स्मर्तव्या।

तस्मादसत्कार्यवादिनामस्माकं नैयायिकानामभिमतो द्रव्य-गुणादिभेदपक्ष एव सङ्गच्छते।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – असद्विज्ञप्ति-समुत्पत्तिवादमवलम्ब्येदं विमर्शनीयं यदुत 'मदीयाऽतीतपापप्रवृत्ति-दुष्टवृत्तिप्रभृतिकं सर्वज्ञा जानन्त्येव इति तदालोचना-निन्दा-गर्हा-प्रायश्चित्तादिकं विधाय अनागतकेवलज्ञानादिगुण-सिद्धत्वादिपर्यायान् द्रुतमुत्पादयामि, असत्कार्यवादानुसारेण अतीताऽनागतयोः असत्त्वेऽपि विज्ञप्ति-समुत्पत्तिसम्भवात्।' इत्थमसज्ज्ञप्ति-कार्यवादावलम्बनेन आत्मविशुद्धितः “शिवमचलमरुजमक्षयमनन्तमव्याबाधं सिद्धिगतिनामधेयं लोकाग्रपदम्” (पा.च.सर्गः ८/ पृ.१६१) **उदयवीरगणिना पार्श्वनाथचरित्रे** प्रोक्तं प्राप्नोति आत्मार्थी।।३/९।।

ઉપાદાનકારણમાં પૂર્વકાળે કાર્ય માની શકાતું નથી. 'કર્તૃપ્રયત્નપૂર્વકાળમાં ઉપાદાનકારણમાં અનભિવ્યક્ત કાર્ય હોય છે'- તેવી સાંખ્યની વાત વ્યાજબી નથી. કારણ કે આ રીતે માનવામાં 'પૂર્વે કાર્ય સર્વ પ્રકારે વિદ્યમાન હોય છે'- આ સાંખ્યસિદ્ધાંત ટકતો નથી. જો સર્વાત્મના પૂર્વે કાર્ય ઉપાદાનકારણમાં હોય તો અભિવ્યક્તરૂપે પણ તેની ત્યાં હાજરી હોવી ન્યાયપ્રાપ્ત થાય છે. પરંતુ તેવું તો જણાતું નથી. માટે સર્વથા સત્કાર્યવાદનો સિદ્ધાંત બાધિત થાય છે.” આ વાત પણ અહીં યાદ કરવી.

### ❀ દ્રવ્ય અને ગુણાદિ વચ્ચે ભેદસિદ્ધિ ❀

**(तस्मा.)** તેથી “નૈયાયિકમાન્ય દ્રવ્ય અને ગુણાદિ વચ્ચેનો એકાંતભેદપક્ષ જ સંગત છે, પરંતુ સત્કાર્યવાદી સાંખ્યને સંમત અભેદપક્ષ ગૌરવગ્રસ્ત હોવાથી અસંગત છે” - આવું ફલિત થાય છે.

### 卐 દ્વિવિધ અસદ્વાદનું આધ્યાત્મિક મૂલ્યાંકન 卐

**આધ્યાત્મિક ઉપનય** :- અસત્ વસ્તુની જ્ઞપ્તિના અને ઉત્પત્તિના વિચારને આલંબન બનાવી એમ વિચારવું કે 'મારા ભૂતકાળની પાપ પ્રવૃત્તિઓ અને દોષો વર્તમાનમાં અસત્ હોવા છતાં સર્વજ્ઞ ભગવંતો તો તેને જાણે જ છે. તેથી તેની આલોચના, નિંદા, ગર્હા કરી, પ્રાયશ્ચિત્ત વહન કરી, અનાગત (= અનુત્પન્ન હોવાથી વર્તમાનમાં અસત્) કેવલજ્ઞાનાદિ ગુણોને અને સંયતત્વ, સિદ્ધત્વ આદિ પર્યાયોને વહેલી તકે ઉત્પન્ન કરું. કારણ કે અસત્કાર્યવાદના સિદ્ધાન્ત મુજબ, અતીત અને અનાગત વસ્તુ અસત્ હોવા છતાં તેની જાણકારી અને ઉત્પત્તિ થઈ શકે છે.' આ રીતે અસત્જ્ઞપ્તિવાદને અને અસત્કાર્યવાદને આધ્યાત્મિક દૃષ્ટિએ ઉપયોગી બનાવી, એના માધ્યમે આત્મવિશુદ્ધિ મેળવીને કલ્યાણકારી, અચલ, રોગરહિત, અક્ષય, અનન્ત, અવ્યાબાધ (=પીડાશૂન્ય) સિદ્ધિગતિ નામના લોકાગ્રપદને આત્માર્થી સાધક પ્રાપ્ત કરે છે. **શ્રીપાર્શ્વનાથચરિત્ર**માં **શ્રીઉદયવીરગણી**એ આવું લોકાગ્રપદ દર્શાવેલ છે. (૩/૯)

* 'અભેદપક્ષ જ (... ...) ઘટઈ' ભા. + P(૨+૩+૪) + મો.(૨) + લી.(૨+૩) + પા.માં પાઠ છે. ▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. લી.(૧+૩) + લા.(૨)માં છે. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૦)માં છે.

હિવઈ એ મત દૂષણ દેખાડઈ છઈ -

**તે મિથ્યા, નહીં સર્વથા જી, અછતો વિષય અતીત;**

**♦પર્યાયાર્થ તે નહીં જી, ✡દ્રવ્યાર્થે છઈ નીત✝ રે ॥૩/૧૦॥ (૩૫) ભવિકા.**

"અછતાની જ્ઞપ્તિની પરિં અછતાની ઉત્પત્તિ હોઈ" - ઈમ નૈયાયિક● કહિઉં, તેહ મત **મિથ્યા** = અલીક ❖છઈ. જેહ માટઈ **અતીત વિષય** ▸ઉપલક્ષણથી અનાગત વિષય◂ ઘટાદિક, ▸જ્ઞાનમાંહિં ભાસે છેં તે◂ **સર્વથા અછતો** ⁸**નથી. તેહ પર્યાયારથથી નથી; દ્રવ્યારથથી છઈ.**

---

साम्प्रतं ग्रन्थकृत् तन्मतं दूषयति – '**तन्ने**'ति।

**तन्न, नैकान्ततोऽसत्त्वमतीतविषयस्य हि।**

**पर्यायार्थादसत्त्वेऽपि नित्यो द्रव्यार्थतः स तु।।३/१०।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – (पूर्वश्लोके यदुक्तम्) तन्न, (समीचीनम्, यतः) न हि अतीतविषयस्य एकान्ततः असत्त्वम्। पर्यायार्थादसत्त्वेऽपि द्रव्यार्थतः तु सः नित्यः।।३/१०।।

'असतो ज्ञप्तिरिवोत्पत्तिर्भविष्यती'ति यदुक्तं नैयायिकेन **तद् न** सम्यक्, **हिः** = यस्मात् कारणाद् **अतीतविषयस्य** उपलक्षणाद् अनागतविषयस्य च घटादेः ज्ञाने भासमानस्य **न** = नैव **एकान्ततः** = सर्वथा **असत्त्वम्**, **सः** = अतीताऽनागतघटादिः **पर्यायार्थात्** = पर्यायार्थिकनयादेशाद् **असत्त्वेऽपि**, 'अपि'शब्दः संवरणार्थेऽत्र दृश्यः, "अपि पदार्थाऽनुवृत्ति-अपेक्षा-समुच्चयाऽन्ववसर्ग-गर्हा-

---

**અવતરણિકા** :- હવે ગ્રંથકાર નૈયાયિકસંમત એકાન્ત અસત્કાર્યવાદનું નિરાકરણ કરતા જણાવે છે કે :-

**卐 અતીત આદિ વિષય પર્યાયાર્થથી અસત્ 卐**

**શ્લોકાર્થ** :- નવમા શ્લોકમાં નૈયાયિકે જણાવેલી વાત બરોબર નથી. કારણ કે અતીત વિષય પણ એકાંતે અસત્ નથી. પર્યાયાર્થથી અસત્ હોવા છતાં પણ દ્રવ્યાર્થથી તે નિત્ય જ છે. (૩/૧૦)

**卐 અતીત આદિ વિષય દ્રવ્યાર્થથી સત્ 卐**

**વ્યાખ્યાર્થ** :- 'અસત્ એવા પદાર્થની જેમ જ્ઞપ્તિ થાય છે તેમ ઉત્પત્તિ પણ થશે' - આ પ્રમાણે નવમા શ્લોકમાં નૈયાયિકે જે જણાવેલ છે તે વાત વ્યાજબી નથી. આનું કારણ એ છે કે અતીત વિષયો અને ઉપલક્ષણથી અનાગત એવા ઘટ-પટાદિ વિષયો જ્ઞાનમાં ભાસતા હોવા છતાં પણ એકાંતે અસત્ નથી. અતીત અને અનાગત એવા ઘટાદિ પદાર્થો પર્યાયાર્થિકનયના અભિપ્રાયથી અસત્ છે. મૂળ શ્લોકમાં રહેલ 'अपि' શબ્દ સંવરણ અર્થમાં છે. **હૈમતત્ત્વપ્રકાશિકાબૃહન્ન્યાસ**માં જણાવેલ છે કે "પદાર્થ-અનુવૃત્તિ -અપેક્ષા-સમુચ્ચય-અનુઅવસર્ગ-ગર્હા-આશિષ-સંભાવના-ભૂષણ(વાક્યશોભા)-સંવરણ-પ્રશ્ન-અવમર્શ આટલા

---

♦ પુસ્તકોમાં 'પર્યાયારથ' પાઠ.કો.(૨)નો પાઠ લીધો છે. ✡ મ.+શાં.માં 'દ્રવ્યારથ' પાઠ. કો.(૨)નો પાઠ લીધો છે.
✝ પુસ્તકોમાં 'નિત્ય' પાઠ. કો.(૧૨)+લા.(૨)નો પાઠ લીધો છે. કો.(૫+૮)માં 'નિત' પાઠ. ● પુસ્તકોમાં 'નૈયાયિક' પદ નથી. કો.(૯) + સિ. + આ.(૧)માં છે. ❖ પુસ્તકોમાં 'અલીક છઈ' પાઠ નથી. આ.(૧)માં છે.
▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯+૧૩) + સિ. + આ.(૧)માં છે. ⁸ શાં.માં 'નમી' અશુદ્ધ પાઠ.

▸તે પ્રકાર કહે છઈ◂ - (**नीत**=) નિત્ય = સદાઈ છઈ. નષ્ટ ઘટ પણિ મૃત્તિકારૂપઇં છઈ. સર્વથા ન હોઈ તો શશશૃંગ *= શશના વિષાણ* સરખો જ❋ થાઈ.

☆**तथा च घटादिकं यदि सर्वथा असत् स्यात् नोत्पद्येत शशविषाणवदिति प्रसङ्गापादनमव्याहतमेव।**

ऽऽशीः-सम्भावन-भूषण-संवरण-प्रश्नाऽवमर्शेषु" (है.त.प्र.पृ.६५) इति **हैमतत्त्वप्रकाशिकाबृहन्न्यास**वचनात्। ततः पर्यायार्थनयविषयसंवरणेन विचारे स **द्रव्यार्थतः** = द्रव्यार्थादेशाद् **नित्यः तु** = एव, विनष्टाऽनुत्पन्न-घटादेः मृत्तिकादिरूपेण सत्त्वात्। मृदादिरूपेण अतीतानागतघटादिः साम्प्रतं प्रतीयतेऽपि सर्वेषाम्। मृदादिरूपेणाऽतीताऽनागतघटादेरिदानीमसत्त्वे तस्य शशशृङ्गतुल्यत्वापत्तेः। न चातीतानागतघटादेः शशशृङ्गतुल्यत्वे इष्टापत्तिरिति वक्तुं युज्यते, एवं सति घटध्वंसोत्तरकालं 'घटस्याऽमूनि कपालानी'ति प्रतीतेरभावप्रसङ्गात्। न हि 'शशशृङ्गस्याऽमूनि अङ्गानी'ति स्वप्नेऽपि कस्यचित्प्रतीयते। सर्वथैवा-तीतघटादेरिदानीमसत्त्वे 'घटस्ये'ति प्रयोगो नैव स्यात्।

तथा चानागतघटादिकं यदि सर्वथा असत् स्यात्, तर्हि नोत्पद्येत शशविषाणादिवदिति प्रसङ्गा-

અર્થોમાં 'अपि' શબ્દ વપરાય છે. તેથી પર્યાયાર્થિકનયવિષયનું સંવરણ (ગોપન) કરીને વિચાર કરવામાં આવે તો તે અતીતાદિ ઘટ દ્રવ્યાર્થિકનયના આદેશથી નિત્ય જ છે. અતીત ઘટ વિનષ્ટ હોવા છતાં પણ અને અનાગત ઘટ અનુત્પન્ન હોવા છતાં પણ મૃત્તિકારૂપે વર્તમાનમાં તે હાજર જ છે. તેથી તેને એકાંતે = સર્વનયમતે અસત્ કહી ન શકાય. અતીત અને અનાગત ઘટ વર્તમાનકાળમાં બધા લોકોને મૃત્તિકાદિદ્રવ્યસ્વરૂપે પ્રતીત પણ થાય છે. જો અતીત-અનાગત ઘટાદિ પદાર્થ વર્તમાનમાં મૃત્તિકાદિદ્રવ્યસ્વરૂપે અસત્ હોય તો તે શશશૃંગતુલ્ય થવાની આપત્તિ આવે. અતીત-અનાગત ઘટાદિને શશશૃંગતુલ્ય માનવામાં ઈષ્ટાપત્તિ કહેવી વ્યાજબી નથી. કારણ કે આવું માનવામાં આવે તો ઘટધ્વંસ થયા પછીના સમયમાં 'આ કપાલો (= ઠીકરાં) ઘડાના છે' - આવી પ્રતીતિનો ઉચ્છેદ થવાની આપત્તિ આવશે. અતીત (= વિનષ્ટ) ઘટ સર્વથા અસત્ હોય, શશશૃંગતુલ્ય હોય તો કપાલની સાથે તેનો સંબંધ અસંભવિત હોવાથી 'આ કપાલો ઘડાના છે' - આવી પ્રતીતિ કઈ રીતે થઈ શકે ? કોઈ પણ વ્યક્તિને 'આ શશશૃંગના અવયવો છે.' આવી પ્રતીતિ સ્વપ્નમાં પણ થતી નથી. તો પછી શશશૃંગતુલ્ય સર્વથા અસત્ અતીત = વિનષ્ટ એવા ઘટના અવયવ તરીકે કપાલની પ્રતીતિ કેવી રીતે થઈ શકે? અર્થાત્ અતીત ઘટને વર્તમાનમાં સર્વથા અસત્ માનવામાં આવે તો 'આ કપાલો ઘડાના છે' - આ પ્રમાણેના વ્યવહારમાં 'ઘડાના' આ પ્રમાણે શબ્દપ્રયોગ ન જ થઈ શકે. પરંતુ તેવી પ્રતીતિ થાય છે અને તેવો વ્યવહાર (= શબ્દપ્રયોગ) પણ લોકોમાં અસ્ખલિતરૂપે થાય જ છે. તેથી અતીત-અનાગત ઘટને સર્વથા અસત્ માની ન શકાય.

(**तथा.**) તેથી અહીં પ્રસંગઆપાદન એવી રીતે થઈ શકે છે કે 'જો અનાગત ઘટાદિ સર્વથા અસત્ હોય તો તે શશવિષાણની જેમ કદાપિ ઉત્પન્ન થઈ ન શકે.' આ પ્રસંગઆપાદન અબાધિત જ છે.

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત B(૨)માં છે. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ માત્ર લા.(૨)માં છે. ❋ ફક્ત લા.(૨)માં 'જ' છે. ☆...☆ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯)+સિ.માં છે.

'असत्ख्यात्यभावेन उक्तदृष्टान्ताऽसिद्धिः' इत्युक्तावपि तेन रूपेण उत्पत्तौ तेन रूपेण असत्त्वस्य च प्रयोजकत्वे रूपान्तरेण सत्त्वम् अर्थात् सिध्यत्येवेति द्रष्टव्यम्।* ॥३/१०॥

पादनमव्याहतमेव।

'असत्ख्यात्यभावेन शशविषाणदृष्टान्ताऽसिद्धिः' इति नैयायिकोक्तौ सत्यामपि अस्माकम् अनेकान्तवादिनां न काऽपि क्षतिः, यतः तेन रूपेण उत्पत्तौ तेन रूपेण असत्त्वस्य च प्रयोजकत्वे नैयायिकेन अभ्युपगम्यमाने कर्तृव्यापारपूर्वम् उपादानकारणे कार्यस्य रूपान्तरेण सत्त्वम् अर्थात् सिध्यत्येवेति नैयायिकं प्रति नः तात्पर्यं द्रष्टव्यम्।

## 卐 સ્વતંત્ર સાધન અને પ્રસંગઆપાદન વિશે સમજણ 卐

**સ્પષ્ટતા** :- પ્રતિવાદીને ન માન્ય હોય તેવી કોઈ વાત વાદી કરે તો તેના બે સ્વરૂપ હોય. (૧) સ્વતંત્ર સાધન (૨) પ્રસંગ આપાદન. જ્યારે વાદી-પ્રતિવાદી ઉભયને પક્ષ-દૃષ્ટાંત માન્ય હોય ત્યારે વાદી પોતાના ઈષ્ટસાધનની સિદ્ધિ માટે જે અનુમાનપ્રયોગ કરે તે સ્વતંત્ર સાધન કહેવાય. જેમ 'पर्वतो वह्निमान् धूमात्, महानसवत्.' પરંતુ વાદીને કે પ્રતિવાદીને પક્ષ કે દૃષ્ટાંત માન્ય ન હોય તો પ્રતિવાદીની વાતમાં દૂષણ બતાવવા માટે વાદી જે બોલે તે પ્રસંગઆપાદન કહેવાય. જેમ કે જૈનો નૈયાયિકને પ્રસંગઆપાદનરૂપે કહે છે કે 'એકાંત નિત્ય અને સર્વ શક્તિમાન એવા ઈશ્વર જો જગત્કર્તા હોય તો તે બધાને સુખી જ કરે, દુઃખી શા માટે કરે ?' જૈનોને એકાંત નિત્ય ઈશ્વર (= પક્ષ) માન્ય નથી. તેમ છતાં અભ્યુપગમવાદથી તેનો સ્વીકાર કરી નૈયાયિકની સામે જૈનો જે અનિષ્ટ આપત્તિ આપે છે તે પ્રસંગઆપાદન કહેવાય. પ્રસ્તુતમાં શશવિષાણ વાદી-પ્રતિવાદી ઉભયને માન્ય નથી. તેમ છતાં તેની જેમ સર્વથા અસત્ એવો અનાગત ઘટ કદાપિ ઉત્પન્ન ન થઈ શકે - આ પ્રમાણે જૈનો નૈયાયિકની સામે જે અનિષ્ટ આપત્તિ દર્શાવે છે તે પ્રસંગઆપાદન રૂપે સમજવું.

## 卐 એકરૂપે વસ્તુ અસત્, અન્યરૂપે સત્ :- જૈન 卐

(**'असत्ख्या.**) 'અસત્ વસ્તુનું જ્ઞાન (= ખ્યાતિ) ન થવાથી જૈનોએ જણાવેલ શશવિષાણ સ્વરૂપ દૃષ્ટાંત અસિદ્ધ (= અજ્ઞાત) જ બનશે.' આવું અમને સ્યાદ્વાદીને નૈયાયિકો કહે તો પણ અમને અનેકાન્તવાદીને કોઈ ક્ષતિ (= નુકસાન) નથી. આનું કારણ એ છે કે 'તે સ્વરૂપે વસ્તુની ઉત્પત્તિમાં તે સ્વરૂપે કાર્યનું અસત્ત્વ પ્રયોજક છે' - આ મુજબ નૈયાયિકસિદ્ધાંત માન્ય કરવામાં આવે તો 'કર્તાની પ્રવૃત્તિની પૂર્વે = કાર્યની ઉત્પત્તિની પૂર્વે ઉપાદાનકારણમાં કાર્ય બીજા સ્વરૂપે સત્ છે' - તેવું અર્થતઃ સિદ્ધ થઈ જ જાય છે. આવું પ્રસ્તુતમાં નૈયાયિક પ્રત્યે અમારું જૈનોનું તાત્પર્ય સમજવું.

**સ્પષ્ટતા** :- પૂર્વોક્ત પ્રસંગઆપાદનમાં આપેલ શશવિષાણનું ઉદાહરણ અસિદ્ધ હોવાથી જૈનકથિત પ્રસંગઆપાદનમાં પોતાનો અસ્વરસ નૈયાયિક પ્રગટ કરે છે. તેથી જૈનો નૈયાયિકના જ સિદ્ધાંત દ્વારા કાર્યની ઉત્પત્તિની પૂર્વે કાર્યનું અસ્તિત્વ સિદ્ધ કરે છે. નૈયાયિક કહે છે કે 'કાર્યની ઉત્પત્તિની પૂર્વે ઉપાદાન

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯)+સિ.માં છે.

किञ्च, कालिकादिसम्बन्धेन प्राक् कार्यतावच्छेदकरूपेणाऽपि उपादानकारणे कार्यसत्त्वस्य बलात् स्वीकर्तव्यतया 'सर्वथा उपादाने प्राक् कार्यम् असदि'ति अहम्प्रथमिकया उच्यमानः नैयायिकसिद्धान्तः दूरतः त्याज्यः। कर्तृव्यापारपूर्वम् उपादाने कथञ्चित् कार्याऽसत्त्वाऽभ्युपगमे तु जयेदेव अनेकान्तकण्ठीरव इति दिक्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'अतीतानागतपदार्थः साम्प्रतं पर्यायार्थिकनयतः असन्' इति कृत्वा 'अस्मदीयाऽतीतापमान-विश्वासघातादिकम् असदि'ति अभ्युपगम्य विज्ञाताऽस्मदीयाऽन्यचि-

---

કારણમાં જો કાર્ય સત્ હોય તો તેની ઉત્પત્તિ કરવાની જરૂર શી છે ? તેથી કાર્યની ઉત્પત્તિ કરવા માટે કાર્યનું અસત્ત્વ માનવું જરૂરી છે. જે સ્વરૂપે કાર્યની ઉત્પત્તિ કરવાની હોય તે સ્વરૂપે કાર્યનું અસત્ત્વ હોય તો જ કર્તાના પ્રયત્ન દ્વારા તે સ્વરૂપે તે કાર્ય કાલાન્તરમાં ઉત્પન્ન થઈ શકે.' નૈયાયિકનું તાત્પર્ય એ છે કે કાર્યની ઉત્પત્તિ પૂર્વે ઉપાદાનકારણમાં કાર્યતાઅવચ્છેદકધર્મ સ્વરૂપે કાર્ય અસત્ હોય તો જ ઉત્તરકાળમાં કર્તાના પ્રયત્ન દ્વારા કાર્યતાઅવચ્છેદકરૂપે કાર્યની ઉત્પત્તિ થઈ શકે. આમ કાર્યતાઅવચ્છેદકરૂપે કાર્યોત્પત્તિ પ્રત્યે કાર્યતાઅવચ્છેદકરૂપે અસત્ત્વ પ્રયોજક બને છે. આ નૈયાયિકમાન્ય સિદ્ધાંત છે.

આની સામે જૈનોનું એવું કહેવું છે કે કાર્યની ઉત્પત્તિની પૂર્વે કાર્યતાઅવચ્છેદકરૂપે કાર્યનું અસત્ત્વ જ અર્થતઃ સિદ્ધ કરી આપે છે કે કાર્યોત્પત્તિની પૂર્વે કાર્યતાઅવચ્છેદકથી ભિન્નરૂપે કાર્યનું અસ્તિત્વ હાજર છે. 'કાર્યજન્મની પૂર્વે સર્વસ્વરૂપે કાર્યનું અસત્ત્વ કાર્યતાઅવચ્છેદકરૂપે કાર્યજન્મ પ્રત્યે પ્રયોજક છે' - આવું નૈયાયિકો નથી માનતા. 'અમુક સ્વરૂપે કાર્યનું ન હોવું' તે જ સિદ્ધ કરી આપે છે કે અમુક સિવાયના બીજા સ્વરૂપે કાર્ય હાજર છે.

### ❋ સર્વથા અસત્કાર્યવાદ નૈયાયિકમતે અસંગત ❋

(किञ्च.) વળી, મહત્ત્વની એક વાત એ પણ છે કે કુંભારના પ્રયત્નની પૂર્વે કાલિક આદિ સંબંધથી ઘટ વગેરે કાર્યોને ઘટત્વાદિસ્વરૂપે પણ ઉપાદાનકારણભૂત માટી વગેરેમાં નૈયાયિકે જબરજસ્તીથી માનવા જ પડશે. નૈયાયિકમતે દરેક અનિત્ય પદાર્થમાં કાલિક સંબંધથી સર્વ પદાર્થો રહે છે જ. તેથી 'કર્તૃવ્યાપારપૂર્વે ઉપાદાનકારણમાં કાર્ય સર્વથા = સર્વ પ્રકારે અને સર્વ સંબંધથી અવિદ્યમાન જ છે' - આ પ્રમાણે સામે ચાલીને નૈયાયિકે જે સિદ્ધાન્તની જાહેરાત કરે છે તે સિદ્ધાન્તને નૈયાયિકે દૂરથી જ છોડવો પડશે. તથા 'કર્તાના પ્રયત્નની પૂર્વે ઉપાદાનકારણમાં કાર્ય કથંચિત્ = કોઈક પ્રકારે અને કોઈક સંબંધથી જ ગેરહાજર છે'- આ મુજબ જો નૈયાયિક સ્વીકારે તો અનેકાન્તવાદસ્વરૂપ સિંહ ખરેખર નૈયાયિકસ્વરૂપ હાથીને જીતી જ જશે. અહીં જે કાંઈ કહેવાયેલ છે તે એક દિગ્દર્શન માત્ર છે. તે મુજબ આગળ પણ વિચારવાની ભલામણ दिक् શબ્દ દ્વારા કરવામાં આવેલ છે.

### ࿕ ઉચિત વ્યવહાર અને દુર્ભાવત્યાગ : નયદ્વયપ્રયોજન ࿕

**આધ્યાત્મિક ઉપનય** :- 'અતીત-અનાગત પદાર્થ પર્યાયાર્થિક નયથી વર્તમાનકાળમાં અસત્ છે' - આ વાતની આધ્યાત્મિક દૃષ્ટિએ ખતવણી એ રીતે કરી શકાય કે કોઈએ આપણું અપમાન, વિશ્વાસઘાત કે અન્યવિધ અસભ્ય વ્યવહાર ભૂતકાળમાં કરેલ હોય અથવા ભવિષ્યકાળમાં તથાવિધ અનુચિત વ્યવહાર

कीर्षिताऽनागतापमानाऽसभ्यव्यवहारादिकमपि असद्' इति च कक्षीकृत्य तथाविधव्यवहारकारिषु जीवेषु मैत्र्यादिभावगर्भोचितव्यवहारः कार्यः। वक्ष्यमाण(५/१०)द्रव्यार्थिकनयदृष्ट्या 'अनागत-केवलज्ञानादिगुणसिद्धत्वादिपर्यायाः आत्मद्रव्यस्वरूपेण सन्त एव' इति स्वीकृत्य अनुचितव्यवहार-कारिभ्यः अपि जीवेभ्यः सर्वथा द्वेषः परिहार्यः। इत्थमेव "नित्यं प्रकृतिवियुक्तं लोकाऽलोकाऽव-लोकनाऽऽभोगम्। स्तिमिततरङ्गोदधिसममवर्णमस्पर्शमगुरुलघु।।" (षो.१५/१५) इति **षोडशकप्रकरणे श्रीहरि-भद्रसूरि**विद्योतितं परमतत्त्वं प्रादुर्भवेत्। तत्स्वरूपञ्चाऽवोचाम अधिकं तद्वृत्तौ **कल्याणकन्दल्याम्** ॥ ३/१० ॥

કે વલણ આપણા પ્રત્યે સામેની વ્યક્તિ રાખશે તેવા સમાચાર મળે ત્યારે અતીત-અનાગત તથાવિધ વ્યવહારને અસત્ = અવિદ્યમાન માનીને સામેની વ્યક્તિ સાથે મૈત્રી આદિ ભાવોથી યુક્ત સૌહાર્દપૂર્ણ ઉચિત વ્યવહાર રાખવો, તેવું સૂચન પર્યાયાર્થિકનયની સમજણથી પ્રાપ્ત થાય છે. તથા અયોગ્ય વ્યવહાર કરનાર વ્યક્તિ મળે ત્યારે પણ 'અનાગત કેવલજ્ઞાનાદિ ગુણ અને સિદ્ધત્વ આદિ નિર્મળ પર્યાય વર્તમાનકાળમાં પણ આગળ (૫/૧૦) જણાવવામાં આવશે તે દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ આત્મદ્રવ્યસ્વરૂપે વિદ્યમાન છે' - એવું સ્વીકારીને મનમાં પણ તે વ્યક્તિ પ્રત્યે લેશ પણ દ્વેષ કે અણગમો થઈ ન જાય, તેની પૂરેપૂરી કાળજી રાખવી. આ રીતે જ **ષોડશકપ્રકરણ**માં પ્રકાશિત પરમતત્ત્વ પ્રગટ થાય. ત્યાં શ્રી**હરિભદ્રસૂરિજી**એ જણાવેલ છે કે 'નિત્ય, કર્મપ્રકૃતિરહિત, લોકાલોકપ્રકાશક, નિસ્તરંગસમુદ્રસમાન, વર્ણ-સ્પર્શશૂન્ય, અગુરુલઘુ પરમતત્ત્વ છે.' તેનું સ્વરૂપ અમે **કલ્યાણકંદલી** નામની તેની વ્યાખ્યામાં વિસ્તારથી જણાવેલ છે. જિજ્ઞાસુ ત્યાં દૃષ્ટિપાત કરી શકે છે. (૩/૧૦)

લખી રાખો ડાયરીમાં....

- **બુદ્ધિની પેદાશ મગજમાં થાય છે.**
  **શ્રદ્ધાની નીપજ હૃદયમાં થાય છે.**

- **મોક્ષે પહોંચવા સાધના એ**
  **LONG CUT, HARD CUT, HIGH CUT છે.**

  **મોક્ષે પહોંચવા ઉપાસના એ**
  **SHORT CUT, EASY CUT, BEST CUT છે.**

- **વાસના માગણી કરે છે.**
  **ઉપાસના લાગણી પ્રગટ કરે છે.**

"સર્વથા અછતો અર્થ જ્ઞાનમાંહઈં ભાસઈ છઈ" એહવું કહઇ છઈ,તેહનઇ બાધક દેખાડઇ છઈ :-

**અછતૂં ભાસઈ ગ્યાનનઈં જી, જો સ્વભાવિ[♦] સંસાર;**

**કહતો જ્ઞાનાકાર તો જી, [✠]જીપઇ યોગાચાર રે ॥૩/૧૧॥ (૩૬) ભવિકા.**

▸તથા જ્ઞાનમાંહિ અછતો અર્થ ન ભાસેં.◂ **જો "ગ્યાનનઈં સ્વભાવઇ, અછતો** ▸= બાહ્ય અસત્ ભાવ =◂ અતીત અર્થ ઘટ પ્રમુખ **ભાસઈ"** - એહવું માનિઇં, *તો જ્ઞાનમાંહિ બાહ્ય અસત્ ભાવના જ ઘટ -પટાદ્યાકાર માનો.* **તો** "સારો ☆= સઘલોઈ☆ **સંસાર જ્ઞાનાકાર** જ છઇ. બાહ્ય આકાર અનાદિ

'सर्वथैवाऽसतो विनष्टाऽनुत्पन्नघटादेः सामान्यलक्षणादिकया प्रत्यासत्त्या ज्ञाने प्रतिभास' इतिवादिनं नैयायिकं प्रति ग्रन्थकृद् बाधकमुपदर्शयति – '**ज्ञाने**'ति।

**'ज्ञानस्वभावतोऽसद्धि भासते' यदि मन्यसे।**

**ज्ञानाकारं भवं जल्पन् योगाचारो हि त्वां जयेत्।।३/११।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – (भोः ! नैयायिक !) 'असद् ज्ञानस्वभावतो हि भासते' (एवं) यदि (त्वं) मन्यसे (ततः) भवं ज्ञानाकारं जल्पन् योगाचारः हि त्वां जयेत्।।३/११।।

भोः ! नैयायिक ! सर्वथैव असद् वस्तु प्रमाज्ञाने नैव भासितुमर्हति। '**ज्ञानस्वभावतो हि** = विज्ञानस्य तथाविधस्वभावादेव बाह्यं सर्वम् **असद्** = विनष्टानुत्पन्नमपि घटादिकं **भासते** = प्रतिभासते' इति **यदि** त्वं **मन्यसे** तर्हि 'निखिलो हि संसारो ज्ञानाकार एव, न तु ज्ञानव्यतिरिक्तः।

**અવતરણિકા** :- 'અતીત-અનાગત પદાર્થો વર્તમાનકાળે સર્વથા જ અસત્ છે. કારણ કે અતીત પદાર્થ વિનષ્ટ છે અને અનાગત પદાર્થ અનુત્પન્ન છે. આમ વિનષ્ટ અને અનુત્પન્ન ઘટ-પટાદિ પદાર્થો સર્વથા અસત્ હોવા છતાં સામાન્યલક્ષણા સંનિકર્ષ વગેરે દ્વારા જ્ઞાનમાં ભાસે છે' - આ પ્રમાણે નૈયાયિકે નવમા શ્લોકમાં જણાવેલ હતું. આવું બોલનારા નૈયાયિકના મતમાં ગ્રંથકારશ્રી દોષને દેખાડે છે :-

### ક્ર નૈયાયિક દ્વારા યોગાચાર અજેય : જૈન ક્ર

**શ્લોકાર્થ** :- હે નૈયાયિક ! 'અસત્ વસ્તુ જ્ઞાનના સ્વભાવથી જ ભાસે છે' - આવું જો તું માને તો સંસારને જ્ઞાનાકારરૂપે બોલતો યોગાચાર જ તને જીતી જશે. (૩/૧૧)

**વ્યાખ્યાર્થ** :- હે નૈયાયિક ! સર્વથા જ અસદ્ વસ્તુનો પ્રમાજ્ઞાનમાં પ્રતિભાસ થવો જરાય પણ વ્યાજબી નથી. 'વિજ્ઞાનના તથાવિધ સ્વભાવથી જ બાહ્ય તમામ વિનષ્ટ અને અનુત્પન્ન એવા ઘટાદિ વિષયો અસત્ હોવા છતાં પણ જ્ઞાનમાં જણાઈ શકે છે' - આવું જો તું માને તો યોગાચાર નામનો બૌદ્ધ જ તને જીતી જશે. બાહ્યાર્થનો અપલાપ કરનાર યોગાચાર નામના બૌદ્ધોનું મંતવ્ય એવું છે કે 'એક માત્ર

♦ કો.(૪)માં 'સ્વભાવેં' પાઠ. ✠ જીપવું = જીતવું (ભગવદ્ગોમંડલ- પૃષ્ઠ-૩૫૫૮ + **નંદબત્રીસી + સત્તરમા શતકના પ્રાચીન ગુર્જર કાવ્યો + પ્રાચીન ફાગુસંગ્રહ + પ્રાચીન ગુર્જર કાવ્યસંચય + વસંતવિલાસ ફાગુ**) ▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)+સિ.+કો.(૯+૧૩)માં છે. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯) + સિ.માં છે. ☆....☆ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે.

અવિદ્યાવાસનાઇં અછતા જ ભાસઈ છઈ, જિમ સ્વપ્નમાંહઈં અછતા પદાર્થ ભાસઈ છઈ. બાહ્યાકારરહિત શુદ્ધ જ્ઞાન, તે બુદ્ધનઇં જ હોઇ" - ઇમ **કહતો** ▸બાહ્યઅર્થઅભાવવાદી◂ **યોગાચાર** નામઈં ત્રીજો ♦***બૌદ્ધ*** જ ❡**જીપઈ**; તેહ માટઈં અછતાનું જ્ઞાન ન હોઈ.

---

घट-पटादिः बाह्याकारोऽसन्नेवाऽनादिवितथाऽविद्यावासनावशादेव स्वप्ने इव ज्ञाने प्रतिभासते। बाह्याकारशून्यं विशुद्धज्ञानं तु सुगतस्यैव भवती'त्येवं **भवं** = संसारं **ज्ञानाकारं** = ज्ञानस्वरूपं **हि** = एव **जल्पन्** = वदन् बाह्यार्थप्रतिक्षेपी **योगाचारः** ज्ञानाद्वैतवादी तृतीयो बौद्धविशेषः खलु भोः ! नैयायिक ! **त्वां जयेत्**, त्वयाऽपि असतो भानाभ्युपगमात्। साम्प्रतं सर्वथैवाऽसतो विनष्टानुत्पन्न-घटादेर्भानाऽङ्गीकारे तु त्वया योगाचारोऽजेयः स्यात्।

---

જ્ઞાન જ સત્ છે. સમગ્ર સંસાર ખરેખર જ્ઞાનાકાર સ્વરૂપ જ છે. જ્ઞાનથી ભિન્ન કોઈ પદાર્થ છે જ નહિ. જ્ઞાનથી ભિન્ન ઘટ-પટ વગેરે બાહ્ય પદાર્થો વિશ્વમાં વિદ્યમાન નથી. બાહ્ય પદાર્થના આકારસ્વરૂપે જણાતા ઘટ-પટ આદિ પદાર્થો અસત્ જ છે. તેમ છતાં અનાદિકાલીન મિથ્યા એવી અવિદ્યાના સંસ્કારના લીધે જ બાહ્યરૂપે અસત્ એવા જ ઘટ-પટાદિ પદાર્થો જ્ઞાનમાં ભાસે છે. જેમ કોઈ દુર્ભાગી ભિખારી રાજ્યને મેળવે તે હકીકત મિથ્યા હોવા છતાં પણ સ્વપ્નમાં તેવી મિથ્યા બાબતનો પ્રતિભાસ થઈ શકે છે, તેમ અસત્ એવા ઘટ-પટાદિ પદાર્થના જ્ઞાનમાં (= પ્રતિભાસમાં) મિથ્યા અવિદ્યાના સંસ્કારો જ મહત્ત્વપૂર્ણ ભાગ ભજવી જાય છે. બાહ્યાકારશૂન્ય એવું વિશુદ્ધજ્ઞાન તો એક માત્ર તથાગત બુદ્ધને જ હોય છે.' આ રીતે સંસારને જ્ઞાનાકાર માનનાર યોગાચાર બાહ્ય પદાર્થનું ખંડન કરનાર છે. 'અતીત આદિ વિષયો સર્વથા અસત્ હોવા છતાં તેનું ભાન થાય છે' - તેવું તમે નૈયાયિકો માનો છો અને યોગાચાર નામના બૌદ્ધ પણ 'અસત્ એવા બાહ્ય પદાર્થનું જ્ઞાનમાં ભાન થાય છે' - તેવું માને છે. તેથી તમને નૈયાયિકોને યોગાચાર નામના બૌદ્ધ વિદ્વાનો જીતી જશે. આશય એ છે કે 'વિનષ્ટ અને અનુત્પન્ન એવા ઘટાદિ પદાર્થો વર્તમાનકાળમાં સર્વથા જ અસત્ છે. તેમ છતાં જ્ઞાનમાં તેનો પ્રતિભાસ થાય છે' - એવું માનવામાં આવે તો તમે નૈયાયિકો કદાપિ યોગાચાર નામના ત્રીજા પ્રકારના બૌદ્ધોને જીતી નહિ શકો.

### 卐 બૌદ્ધના ચાર સંપ્રદાયની સમજણ 卐

**સ્પષ્ટતા** :- બૌદ્ધદર્શનમાં મુખ્ય સંપ્રદાયો ચાર છે. (૧) વૈભાષિક, (૨) સૌત્રાન્તિક, (૩) યોગાચાર, (૪) માધ્યમિક. બાહ્ય પદાર્થ ક્ષણભંગુર છે. તેમ છતાં તે સત્ છે. તે ક્ષણભંગુર પદાર્થનું વૈભાષિકમતે પ્રત્યક્ષ થઈ શકે છે. જ્યારે સૌત્રાન્તિકમતે બાહ્ય પદાર્થનું કેવલ અનુમાન પ્રમાણથી જ ભાન થઈ શકે છે. પરંતુ યોગાચારમતે બાહ્ય ઘટ-પટાદિ પદાર્થ અસત્ છે. 'જ્ઞાનમાં પ્રતિભાસમાન ઘટ-પટાદિ પદાર્થ ફક્ત જ્ઞાનના જ વિશેષ આકાર સ્વરૂપ છે. જ્ઞાનાકાર જ્ઞાનસ્વરૂપ જ છે. તેથી જ્ઞાનાકારાત્મક ઘટાદિ જ્ઞાનસ્વરૂપ જ છે. તથા જ્ઞાન ક્ષણિક છે. તેથી સિદ્ધ થાય છે કે ઘટ-પટાદિ પણ ક્ષણિક જ્ઞાનસ્વરૂપ

---

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)+સિ.+કો.(૯+૧૩)માં છે. ♦ લા.(૩)માં 'બોદ્ધમતી' પાઠ. 'બૌદ્ધમતવાળો' અર્થ કરવો. ❡ જીપઈ = જીતે. આધારગ્રંથ - **અંબડવિદ્યાધર રાસ, આરામશોભા રાસમાળા, ઉક્તિરત્નાકર, ષડાવશ્યક બાલાવબોધ, ઉપદેશમાલા બાલાવબોધ, ઉષાહરણ, ઋષિદત્તા રાસ, ઐતિહાસિક જૈનકાવ્યસંગ્રહ, ચાર ફાગુકાવ્યો.**

"▸બાહ્ય અર્થ ન હોઈ તો અછતાનું જ્ઞાન કિમ હોઈ ? જ્ઞાન તો ઘટાદિકનું પ્રત્યક્ષ છેં. તે માટઈ બાહ્ય અર્થ છતા છેં." ✡એહ જ યુક્તિ તે પ્રતિં કહીઈ છેં. અછતાનું જ્ઞાન માન્યેં તે યુક્તિ ન કહવાઈ. માટઈ✡ અછતાનું જ્ઞાન ન કહેંવાય. તે માટઈ 'અતીતાદિ વિષય પણ પર્યાયથી અસત્, દ્રવ્યથી સત્' - એમ જ માનવો.◂ ॥૩/૧૧॥

---

'यदि बाह्योऽर्थो नास्ति तर्हि असतो भानं ज्ञाने कथं भवेत् ? घटादिज्ञानं तु प्रत्यक्षमेव। तस्माद् बाह्योऽर्थः सन्नेवेति प्रतिपत्तव्यं योगाचारेण' इति एवम्भूता युक्तिः योगाचारं प्रति नैयायिकेनोच्यते। असतो भानाऽभ्युपगमे तु सा युक्तिः योगाचारं प्रति नैयायिकेन वक्तुं न शक्या। तस्माद् असतो ज्ञानं न प्रतिपादयितुमर्हति। तस्माद् अतीतानागतपदार्थज्ञानाऽन्यथाऽनुपपत्त्या 'अतीतोऽनागतश्च पदार्थः पर्यायरूपेण असन् अपि द्रव्यात्मना सन्' इत्येवाऽभ्युपगन्तुमर्हति, अन्यथा शशशृङ्गादेरपीदानीं भानं प्रसज्येत, असत्त्वाऽविशेषात्। न चैवं भवति। तस्मात् साम्प्रतं सर्वथैवाऽसतो ज्ञप्तिरपि नैव स्यात्, कुतः तदुदाहरणेनैकान्ततोऽसत उत्पत्तिः? इति अस्माकमनेकान्तवादिनामभिप्रायः।

---

જ છે' - આવું યોગાચાર માને છે. જગતમાં ફક્ત જ્ઞાન જ સત્ છે. જ્ઞાનભિન્ન તમામ વસ્તુ મિથ્યા છે. આ પ્રમાણે માનવાના લીધે બાહ્યાર્થપ્રતિક્ષેપી એવા યોગાચારની જ્ઞાનાદ્વૈતવાદી તરીકે પણ દાર્શનિક જગતમાં પ્રસિદ્ધિ છે. જ્યારે માધ્યમિકમતે ઘટ-પટાદિનું અવગાહન કરનાર જ્ઞાન પણ બાહ્ય જગતની જેમ મિથ્યા છે. ઘટાદિઆકારશૂન્ય નિરાકાર જ્ઞાનસંવિત્ જ પરમાર્થથી સત્ છે.

### ✠ સર્વથા અસત્નું ભાન અશક્ય ✠

('यदि.) યોગાચાર નામના બૌદ્ધની સામે નૈયાયિક જ્ઞાનાદ્વૈતવાદનું ખંડન કરતા જણાવે છે કે 'જો જ્ઞાનભિન્ન બાહ્ય અર્થ ન હોય (જ્ઞાનથી અતિરિક્ત ઘટાદિ પદાર્થ સર્વથા અસત્ હોય) તો તેનું ભાન જ્ઞાનમાં કઈ રીતે થઈ શકે ? પરંતુ ઘટાદિનું જ્ઞાન તો પ્રત્યક્ષ પ્રમાણથી પ્રસિદ્ધ જ છે. તેથી યોગાચાર નામના બૌદ્ધ વિદ્વાનોએ ઘટાદિને બાહ્ય પદાર્થરૂપે સત્ (વિદ્યમાન) જ માનવા જરૂરી છે.' પરંતુ આવી યુક્તિ રજૂ કરવા છતાં અસત્ એવા અતીત આદિ વિષયનું ભાન જો નૈયાયિક માન્ય કરે તો યોગાચાર બૌદ્ધ સામે નૈયાયિક પ્રસ્તુત યુક્તિને બોલી ન શકે. તેથી અસત્નું જ્ઞાન દર્શાવવું યોગ્ય નથી. તેથી અતીત, અનાગત પદાર્થનું જ્ઞાન અન્યથા (= અતીત-અનાગત આદિ પદાર્થ અસત્ હોય તો) અસંગત બની જશે. તેથી માનવું જોઈએ કે અતીત-અનાગત પદાર્થ પણ પર્યાયરૂપે અસત્ હોવા છતાં દ્રવ્યરૂપે સત્ છે. જો અતીત-અનાગત વિષય વર્તમાનમાં સર્વથા અસત્ હોવા છતાં પણ જ્ઞાનમાં જણાઈ શકતા હોય તો શશશૃંગ વગેરેનું પણ ભાન થવાની આપત્તિ આવશે. કારણ કે શશશૃંગમાં અને અતીત આદિ વિષયમાં તમે નૈયાયિકો અસત્પણું સમાન માનો છો. પરંતુ શશશૃંગ વગેરેનું તો ભાન થતું નથી. તેથી વર્તમાનકાળે જે સર્વથા અસત્ જ હોય તેનું જ્ઞાન પણ થઈ ન શકે. તો પછી કઈ રીતે અસદ્ગોચર જ્ઞપ્તિના ઉદાહરણથી એકાંતે અસત્ પદાર્થની ઉત્પત્તિ સંભવી શકે ? આ અનેકાંતવાદીનું તાત્પર્ય છે.

---

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)+સિ.+કો.(૯+૧૩)માં છે.

✡...✡ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ આ.(૧)માં નથી.

भोः ! योगाचार ! 'स्वप्नवत् प्रत्ययत्वात् स्तम्भादिज्ञानमपि अन्यथाभूतमित्यनुमीयते। तथा च ज्ञानाकारमात्रमेव स्तम्भादिकमिति' यदुच्यते त्वया तद् असत्, "तथा सति प्रत्ययत्वाऽविशेषात् त्वदीयमप्यनुमानं मिथ्या स्यात्। मिथ्यात्वग्राहिणोऽनुमानस्य अमिथ्यात्वे वा तत्रैव हेतोः व्यभिचारः" (शा.दी. १/१/५/पृ.५९) इति **शास्त्रदीपिकायां पार्थसारथिमिश्रः**।

ततश्च सुष्ठूक्तं **शाबरभाष्ये** "यस्य च दुष्टं कारणं यत्र च मिथ्येति प्रत्ययः स एवाऽसमीचीनः प्रत्ययः, नान्यः" (शा.भा. )। अधिकन्तु योगाचारमतनिराकरणं **स्याद्वादकल्पलतायाम्** (शा.वा.स.४/४ + ५/१-३९ वृ.)।

**અવતરણ** :- નવમા શ્લોકમાં નૈયાયિકે અતીત આદિ પદાર્થ અસત્ ઠરાવી, અસદ્વિષયક જ્ઞપ્તિનું પ્રતિપાદન કરી, તેના બળ ઉપર, ઉપાદાનકારણમાં અસત્ એવા ઉપાદેયની ઉત્પત્તિને સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો હતો. તેનું નિરાકરણ દસમા અને અગિઆરમા શ્લોકમાં અનેકાંતવાદી દ્વારા કરવામાં આવેલ છે.

### ⁂ યોગાચારમતનિરાસ ⁂

(**ભો.**) ગ્રંથકાર જ્ઞાનાદ્વૈતવાદનું નિરાકરણ કરવા માટે કહે છે કે - ઓ જ્ઞાનાદ્વૈતવાદી યોગાચાર ! "જે જે પ્રતીતિ હોય તે તે સ્વપ્નપ્રતીતિની જેમ મિથ્યા હોય. તેથી સ્તંભ, ઘટ, પટ વગેરેની પ્રતીતિ પણ મિથ્યા = નિર્વિષયક = બાહ્યવિષયશૂન્ય છે - આ પ્રમાણે અમે અનુમિતિ કરીએ છીએ. માટે થાંભલો વગેરે બાહ્ય વસ્તુ નથી પરંતુ જ્ઞાનનો ક્ષણિક આકારમાત્ર જ છે" - આ મુજબ તમે કહો છો તે ખોટી વાત છે. કારણ કે "જો પ્રતીતિ હોવા માત્રથી સ્તંભજ્ઞાન મિથ્યા હોય તો સ્તંભાદિજ્ઞાનમાં મિથ્યાપણું સિદ્ધ કરનારું તમારું અનુમાન પણ મિથ્યા = નિર્વિષય = સ્વવિષયઅસાધક બની જશે. અર્થાત્ સ્વપ્નજ્ઞાન જેમ પોતાના વિષયને સિદ્ધ નથી કરી શકતું તેમ તમારું અનુમાન પણ 'સ્તંભાદિજ્ઞાન બાહ્યવિષયરહિત છે' - આની સિદ્ધિ કરી નહિ શકે. તથા જો સ્તંભાદિજ્ઞાનમાં નિર્વિષયત્વસાધક તમારું અનુમાન અમિથ્યા = સવિષયક હોય તો 'જે જે પ્રતીતિ છે તે તે મિથ્યા = નિર્વિષયક જ હોય' - આવી વ્યાપ્તિ વ્યભિચરિત બનશે. કારણ કે મિથ્યાત્વસાધક = મિથ્યાત્વવ્યાપ્ય તરીકે યોગાચારસંમત પ્રતીતિત્વ નામનો હેતુ ઉપરોક્ત યોગાચારપ્રયુક્ત અનુમાનમાં = અનુમિતિમાં હોવા છતાં તેમાં મિથ્યાત્વ નામનું વ્યાપક = સાધ્ય યોગાચારમતે રહેતું નથી" - આ પ્રમાણે **શાસ્ત્રદીપિકા** ગ્રંથમાં **પાર્થસારથિમિશ્ર** નામના મીમાંસકે જણાવેલ છે.

### ✿ દુષ્ટસામગ્રીજન્ય જ્ઞાન મિથ્યા : શાબરભાષ્ય ✿

(**તત.**) યોગાચારના ખંડન માટે રજૂ કરાયેલ ઉપરોક્ત વાત સાચી છે. તેથી **શાબરભાષ્ય**માં "જે પ્રતીતિની સામગ્રી દોષગ્રસ્ત હોય તથા જે પ્રતીતિને વિશે 'આ પ્રતીતિ મિથ્યા = ખોટી છે' - આ પ્રમાણે ઉત્તરકાળમાં બાધકપ્રત્યય ઉપસ્થિત થાય તે જ પ્રતીતિ મિથ્યા = અપ્રમા કહેવાય. તે સિવાયની પ્રતીતિને ખોટી ન કહી શકાય" - આ પ્રમાણે જે જણાવેલ છે તે વ્યાજબી જ છે. મતલબ એ છે કે દુષ્ટસામગ્રીજન્ય સ્વપ્નજ્ઞાન, દ્વિચંદ્રજ્ઞાન, મૃગજળજ્ઞાન વગેરે મિથ્યા હોવાથી 'તમામ જ્ઞાન મિથ્યા = ખોટા છે' આમ કહી ન શકાય. સ્તંભ વગેરેને વિશે સ્તંભાદિજ્ઞાન થાય છે તે દુષ્ટસામગ્રીજન્ય નથી. તથા જ્ઞાનોત્તર પ્રવૃત્તિકાળે 'આ સ્તંભ નથી' - આવી બાધકપ્રતીતિ શિષ્ટ પુરુષોને થતી નથી. તેથી

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – मोक्षप्रयोजककेवलज्ञानौपयिकक्षपकश्रेणिसाधनीभूतशुक्लध्यानकृते धर्मध्याननैपुण्यमावश्यकम्। तदर्थं ज्ञानं परिपक्वं परिशुद्धञ्च कार्यम्। 'ज्ञानमात्मस्वरूपम्, ज्ञानं विना अहम् अपूर्णः, ज्ञानं विना मदीयमस्तित्वं भयग्रस्तम्, ज्ञानं विना अन्यत् सर्वम् असारम्' इत्येवं ज्ञानमाहात्म्यं यावन्न हृदयस्थं भवति न तावद् ज्ञानं परिपक्वं, प्रबलं, परिशुद्धं परिपूर्णञ्च भवति। इत्थं चेतसिकृत्य "अक्षयम् अव्याबाधम् अपुनरावृत्तिकम् उपादेयस्थानम्" (बृ.क.भा. ६४९० वृ.पृ.१७०७) इति **बृहत्कल्पभाष्यवृत्ति**विभावनया मोक्षप्रणिधानं दृढीकृत्य, ज्ञानमाहात्म्यं विभाव्य, ज्ञानमय-चैतन्यस्वरूप-विज्ञानघनात्मस्वभावस्थैर्याऽऽशयेन, अनेकान्तवादमर्यादायां स्थित्वा, ज्ञानाद्वैतवादिमतमवलम्ब्य आध्यात्मिकमार्गे द्रुतमभिगन्तव्यम्। एवमत्र योगाचारमतमुचितरीत्या आदरणीयम्। "विज्ञानमात्रमप्येवं बाह्यसङ्गनिवृत्तये। विनेयान् कांश्चिदाश्रित्य यद्वा देशनाऽर्हतः।।" (शा.वा.स.६/५२) इति **शास्त्रवार्त्तासमुच्चया**नुसारेण अपि ज्ञानाऽद्वैतवादप्रयोजनं विभावनीयम्।।३/११।।

---

સ્તંભાદિજ્ઞાનને મિથ્યા કહીને સ્તંભાદિને કાલ્પનિક = જ્ઞાનાકારમાત્રસ્વરૂપ કહી ન શકાય. આથી જ્ઞાનભિન્ન બાહ્ય સ્તંભ, ઘટ, પટ વગેરે પદાર્થો પણ જ્ઞાનની જેમ વાસ્તવિક જ સિદ્ધ થાય છે. જ્ઞાનાદ્વૈતવાદી યોગાચારના મતનું વિસ્તારથી નિરાકરણ મહોપાધ્યાયજી મહારાજે **સ્યાદ્વાદકલ્પલતા**માં (સ્તબક ૪+૫) કરેલ છે. જિજ્ઞાસુ વાચકવર્ગ ત્યાં દૃષ્ટિપાત કરી શકે છે.

## ॐ યોગાચાર મતનું આધ્યાત્મિક મૂલ્યાંકન ॐ

**આધ્યાત્મિક ઉપનય** :- મોક્ષે જવા માટે કેવલજ્ઞાન જોઈએ. કેવલજ્ઞાન મેળવવા ક્ષપકશ્રેણિ માંડવી જોઈએ. ક્ષપકશ્રેણિ માટે શુક્લધ્યાન જોઈએ. તે માટે ધર્મધ્યાનમાં કુશળ બનવું જોઈએ. તે માટે જ્ઞાન પરિપક્વ-પરિશુદ્ધ બનાવવું પડે. 'જ્ઞાન આત્માનું સ્વરૂપ છે. જ્ઞાન વિના હું અધૂરો છું. જ્ઞાન વિના મારું અસ્તિત્વ જોખમાશે. જ્ઞાન સિવાય બીજું બધું અસાર છે' - આ પ્રમાણે જ્ઞાનનો મહિમા જ્યાં સુધી હૃદયાંકિત ન થાય ત્યાં સુધી જ્ઞાન (૧) પરિપક્વ, (૨) પ્રબળ, (૩) પરિશુદ્ધ, (૪) પરિપૂર્ણ બનતું નથી. આ બાબતને હૃદયમાં રાખીને, તેમજ 'અક્ષય, પીડાશૂન્ય, પુનરાગમનરહિત સ્થાન જ ઉપાદેય છે' - આ પ્રમાણે **બૃહત્કલ્પભાષ્યવૃત્તિ**માં જે જણાવેલ છે, તેની વિભાવના કરવા દ્વારા દૃઢપણે મોક્ષલક્ષિતાને મનોગત કરી, જ્ઞાનમહિમાથી ભાવિત બની, જ્ઞાનમય ચૈતન્યસ્વરૂપ વિજ્ઞાનઘન આત્મસ્વભાવમાં કાયમ સ્થિર થવાના નિર્મળ આશયથી જ્ઞાનાદ્વૈતવાદી યોગાચાર નામના બૌદ્ધના મતનો, અનેકાંતવાદની ઉચિત મર્યાદામાં રહીને, સ્વીકાર કરવામાં આવે તો આધ્યાત્મિક સાધનાના માર્ગે હરણફાળ ભરીને જીવ આગળ વધી શકે - આવા અભિપ્રાયથી યોગાચારમતનું ઉચિત મૂલ્યાંકન કરવું. "**ગૌતમબુદ્ધે** 'વિજ્ઞાનમાત્ર જ પારમાર્થિક વસ્તુ છે. જ્ઞાનભિન્ન પ્રતીયમાન બધું જ મિથ્યા છે' - આવી જ્ઞાનાદ્વૈતવાદદેશના બાહ્ય ધન-ધાન્ય-પત્ની-પરિવારાદિ વસ્તુની આસક્તિને દૂર કરવા માટે જ્ઞાનનયગ્રહણયોગ્ય એવા કેટલાક નિપુણ શિષ્યોને આશ્રયીને ફરમાવી છે" - આ મુજબ **શાસ્ત્રવાર્તાસમુચ્ચય**ની કારિકાને અનુસરીને પણ જ્ઞાનાદ્વૈતવાદના પ્રયોજનની વિશેષ પ્રકારે ભાવના કરવી. (૩/૧૧)

"જો અછતાનું જ્ઞાન ન હોઈ, તો 'હવણાં મઈં અતીત ઘટ જાણ્યો' - ઈમ કિમ કહઈવાઈ છઈ ?" તે ઊપરિ કહઇ છઇ-

**"♦હવડાં✿ જાણ્યો અરથ તે જી", - ઈમ અતીત જે જણાઈ;**
**વર્તમાન પર્યાયથી જી, વર્ત્તમાનતા થાઈ રે ॥૩/૧૨॥ (૩૭) ભવિકા.**

"તે અતીત (અરથ=) ઘટ મઈં [1]હવણાં જાણ્યો" - ઈમ જેહ (અતીત) જણાઇ છઈ ♦તિહાં

ननु यद्यसतो ज्ञानं न स्यात् तर्हि 'अधुना मया अतीतो घटो ज्ञातः' इति कथमुच्यते ? अत्र हि अतीतपदप्रयोगादसत एव भानमभ्युपगतं सर्वैरेवाऽविगानेनेत्याशङ्काऽपाकरणाय पराक्रमते – 'इदानीमि'ति।

**'इदानीं स मया ज्ञात' इत्यतीतः प्रमीयते।**
**साम्प्रतपर्ययेणैव, सत्त्वं तस्य ततो ध्रुवम्।।३/१२।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – 'इदानीं सः (पदार्थः) मया ज्ञातः' इति अतीतः (=अतीतकालीनः पदार्थः) साम्प्रतपर्ययेण एव प्रमीयते। ततः तस्य सत्त्वं ध्रुवम्।।३/१२।।

'**इदानीं** = साम्प्रतं **सः** अतीतो घटो **मया ज्ञातः' इति** = एवमाकारेण यः **अतीतः** घटः **प्रमीयते** तत्र स्थले तद्घटत्वाऽवच्छिन्नो ज्ञेयाकारः तद्द्रव्यनिरूपितद्रव्यार्थतः सन् इति यदि स्वी-

**અવતરણિકા** :- જો અસત્નું ભાન ન થઈ શકે તો 'હમણાં મારા દ્વારા અતીત ઘટ જણાયો'- આ પ્રમાણે કઈ રીતે કહી શકાય ? કારણ કે પ્રસ્તુત વાક્યપ્રયોગમાં અતીત શબ્દનો પ્રયોગ થયો છે. તથા તેના દ્વારા અતીતનું જ ભાન સર્વ લોકો નિર્વિવાદરૂપે સ્વીકારે છે - આવા પ્રકારની કોઈને શંકા થાય તો તેના નિરાકરણ માટે ગ્રંથકારશ્રી વિશેષ પ્રકારે પ્રયત્ન કરે છે :-

### 卐 અતીત પદાર્થ પણ વર્તમાન પર્યાયથી સત્ 卐

**શ્લોકાર્થ** :- 'હમણાં તે પદાર્થ મારા વડે જણાયો' - આ પ્રમાણે અતીત પદાર્થની વર્તમાન પર્યાયથી જ સત્યબુદ્ધિ લોકોને થાય છે. તેથી અતીત પદાર્થની સત્તા ચોક્કસ સિદ્ધ થાય છે. (૩/૧૨)

**વ્યાખ્યાર્થ** :- 'હમણાં તે વિનષ્ટ ઘડો મારા વડે જણાયો' - આ મુજબ જે અતીત ઘટનું જે સ્થળે સત્યજ્ઞાન થાય છે તે સ્થળે તદ્ઘટત્વઅવચ્છિન્નજ્ઞેયાકાર વાસ્તવમાં તદ્દ્રવ્યનિરૂપિત દ્રવ્યાર્થથી સત્ છે

♦ હવડાં (હિવડા) = હમણાં. આધારગ્રંથ- **આરામશોભા રાસમાળા, ઉક્તિરત્નાકર, કાદંબરી પૂર્વભાગ** (ભાલણકૃત), **નલદવદંતીરાસ, નલાખ્યાન, પ્રદ્યુમ્નકુમાર ચઉપઈ, પ્રેમાનંદજી કાવ્યકૃતિઓ, મદનમોહના, ષડાવશ્યક બાલાવબોધ.** ✿ કો.(૪+૭)માં 'હવણાં' પાઠ. **1.** हवणां = हमणां જુઓ '**આનંદઘનબાવીસી**' ઉપર જ્ઞાનવિમલસૂરિકૃત સ્તબક સંપા.કુમારપાળ દેસાઈ, પ્રકા. કૌશલપ્રકાશન અમદાવાદ. જુઓ '**પંચદંડની વાર્તા**' પ્રકાશક- મહારાજા સયાજીરાવ ગાયકવાડ વિશ્વવિદ્યાલય- વડોદરા. **મધ્યકાલીનગુજરાતીશબ્દકોશ** પૃ.૫૫૪- જુઓ '**આરામશોભારાસમાળા**' + **ઉક્તિરત્નાકર** (સાધુસુંદરગણીરચિત) + કવિભાલણકૃત **કાદંબરી** + મહીરાજકૃત **નલદવદંતીરાસ** + ભાલણકૃત **નલાખ્યાન** + વાચક કમલશેખરકૃત **પ્રદ્યુમ્નકુમાર ચોપાઈ** + **પ્રેમાનંદકાવ્યકૃતિઓ** ભાગ ૧-૨ + શામળભટ્ટકૃત **મદનમોહના** + તરુણપ્રભાચાર્યકૃત **ષડાવશ્યક બાલાવબોધ.** ♦ આ.(૧)માં 'તિહાં અનેક ઈતિ સુગમાર્થ સંક્ષેપતઃ તે વર્ત્તમાન પર્યાયઈ વર્ત્તમાન રૂપ દ્રવ્ય થાય. માટીઈ વર્ત્તમાને તે ઘટ જે આકાર તે દ્રવ્યનિરૂપિત માનીઈ ઈતિ ભાવાર્થ' પાઠ.

તદ્ઘટત્વાવચ્છિન્ન જ્ઞેયાકાર ▸તદ્દ્રવ્યનિરૂપિત દ્રવ્યાર્થથી સત્ માનીઈં તો જ યુક્તિસંગત થાઈં. જો ઈમ ન માનીઈં તો વિષયસ્વરૂપ જે વર્તમાન જ્ઞાનવિષયતા તે કિમ સંભવે ?◂ દ્રવ્યથી છતા અતીત ઘટનઈં વિષઈં, **વર્તમાનજ્ઞેયાકારરૂપ પર્યાયથી** "હવણાં" અતીત ઘટ જાણ્યો જાઈં છઈં.

---

क्रियते तदा एव अतीतघटादिभानं युक्तिसङ्गतं स्यात्, अन्यथा विषयस्वरूपा या वर्त्तमानज्ञानविषयता सा कथं सम्भवेत् ? तस्मात् तत्र घटत्वेन रूपेणाऽसतोऽपि मृदादिद्रव्यरूपेण सत एव घटादेः वर्तमानकालीन-तद्घटत्वाऽवच्छिन्न-ज्ञेयाकारपर्यायतो भानमङ्गीक्रियते स्याद्वादिभिः। अत एव 'इदानी-मि'ति प्रत्ययोऽपि तत्र सङ्गच्छते। **ततः** = तस्मात् कारणात् **साम्प्रतपर्ययेणैव** = वर्तमान-कालीनज्ञेयाकारपर्यायरूपेणैव **तस्य** = अतीतघटादेः **सत्त्वं ध्रुवं** = निश्चितम् इति सिद्धम्।

अयमाशयः – स्फुटितघटकपालादीनि दृष्ट्वा 'अहो ! सोऽयं घटः। अधुना स्फुटितोऽयं घटो मया ज्ञातः। नीयतां युष्माकम् अयं घटः। सच्छिद्रं घटं नीत्वा भवान् कुत्र गच्छति ?, मदीयं स्फुटितं घटं यूयं क्षिपत' इति प्रतीयते व्यवह्रियते च सर्वैः आर्यजनैः। अत एव सा

---

- આવું જો સ્વીકારવામાં આવે તો જ અતીત ઘટાદિનું ભાન યુક્તિસંગત બને. જો તાદશ જ્ઞેયાકારને તે સ્વરૂપે સત્ માનવામાં ન આવે તો વર્તમાનકાલીન જે વિષયસ્વરૂપ વિષયતા છે તે કઈ રીતે સંભવી શકે? તેથી અતીતઘટભાનસ્થળે ઘટત્વરૂપે અસત્ હોવા છતાં પણ માટી વગેરે દ્રવ્યસ્વરૂપે સત્ એવા જ ઘટનું વર્તમાનકાલીન તદ્ઘટત્વઅવચ્છિન્ન જ્ઞેયાકાર પર્યાયથી ભાન થાય છે. આ મુજબ અમે સ્યાદ્વાદીઓ માનીએ છીએ. તેથી જ તેવા સ્થળે 'હમણાં' આવી પ્રતીતિ પણ સંગત થઈ શકશે. તે કારણથી વર્તમાનકાલીન (= સાંપ્રતકાલીન) જ્ઞેયાકાર પર્યાયરૂપે જ અતીત ઘટ ચોક્કસ સત્ છે - તેવું સિદ્ધ થાય છે. સાદી ભાષામાં આનું અર્થઘટન એવું થાય કે 'ફૂટેલો ઘડો (અતીત વિષય) વર્તમાનમાં (= સાંપ્રત કાલીન પર્યાયથી) હાજર (= સત્) છે.

### ❀ અતીત જ્ઞેયાકાર દ્રવ્યાર્થથી સત્ ❀

(**अयमा.**) આશય એ છે કે કોઈ વ્યક્તિનો ખોવાયેલો ઘડો શોધવા માટે આપણે ઘણી મહેનત કર્યા બાદ રૂમનો દરવાજો ખોલતાં આપણા નિમિત્તે દરવાજા સાથે અથડાઈને ત્યારે ફૂટેલા ઘડાના ઠીકરાં વગેરેને જોઈને 'ઓહ ! આ રહ્યો તે ઘડો, મેં હમણાં જ તૂટેલા આ ઘડાને જાણ્યો' - આ પ્રમાણે પ્રતીતિ થાય છે. તથા તે વ્યક્તિને ઉદ્દેશીને બોલતાં હોઈએ છીએ કે 'લો, આ રહ્યો તમારો ઘડો તેને લઈ જાવ.' 'સછિદ્ર (=કાણો) ઘટ લઈને તમે ક્યાં ચાલ્યા ?', 'તિરાડવાળો ઘડો તમે સાંધી આપો.' 'મારો ફૂટેલો ઘડો તમે ફેંકી દો.' આવા પ્રકારના લોકવ્યવહાર પ્રસિદ્ધ છે. દરવાજો અથડાવાથી ઘડાની કોઈ કાંકરી ખરી જવાથી ઘડામાં છિદ્ર પડે કે ઘડામાં તિરાડ પડે કે ઘડાના બે ટુકડા થયેલા હોય કે ઘડાનો ચૂરેચૂરો થઈ ગયો હોય - આ સર્વ સ્થળે નૈયાયિકમતે ઘટધ્વંસ એકસરખો છે. પરંતુ ઉપરોક્ત પ્રાથમિક ત્રણ અવસ્થામાં ઘડા તરીકેની પ્રતીતિ સહજ રીતે થતી હોય છે - એવું આપણે જોઈ ગયા. આ પ્રતીતિ એકાદ વ્યક્તિને નથી થતી, પરંતુ તમામ આર્યજનોને થાય છે. તેથી જ તેને ભ્રમાત્મક માની ન શકાય. તે

---

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯) + સિ.માં છે.

प्रतीतिः व्यवहृतिश्च न भ्रमात्मिका। प्रमात्वाद् एव च तत्र भासमानविनष्टघटत्वाऽवच्छिन्नज्ञेयाकारः अतीतघटीयमृद्द्रव्यनिरूपितद्रव्यार्थनयाऽभिप्रायेण सन् इति मन्तव्यम्।

ज्ञाने ज्ञेयः यत्स्वरूपेण ज्ञायते तत्स्वरूपं ज्ञेयाकारः उच्यते। स च ज्ञेयाकारः ज्ञानविषयीभूत-पदार्थपर्यायः एव। स हि ज्ञाने प्रतिभासमानत्वात् कथञ्चिद् ज्ञानसापेक्षः ज्ञानविषयताऽपराऽभिधानः स्वनिरूपितविषयितासम्बन्धेन ज्ञाने वर्त्तत एव। ततश्च साकारमेव तत्। "शुद्धतरपर्यायास्तिकेन च निराकारस्य ज्ञानस्य अर्थग्राहकत्वाऽसम्भवात् साकारं ज्ञानम् अभ्युपगतम्" (स.त.१/६/वृ.पृ.४०५) इति **सम्मतितर्कवृत्तिकारः**। "न चाऽनाकारं तज्ज्ञानम्, पदार्थान्तरवद् विवक्षितपदार्थस्याऽपि अपरिच्छेदप्रसङ्गाद्" (वि.आ.भा.४९ वृ.) इति **विशेषावश्यकभाष्यवृत्तौ श्रीहेमचन्द्रसूरयः**। ज्ञाननिरूपितविषयता च विषयस्वरूपैवेति विनष्टघटाऽसत्त्वे तु विषयस्वरूपा वर्तमानज्ञाननिरूपितविनष्टघटविषयता कथम् अस्खलद्रूपेण सर्वैरेव शिष्टलोकैः ज्ञाने ज्ञायेत ? ततश्च तद्द्रव्यनिरूपितद्रव्यास्तिकनयाऽऽदेशेन अतीतज्ञेयाकारः साम्प्रतं सन् इत्यभ्युपगमः युक्तः इति स्याद्वादी नैयायिकं प्रज्ञापयति। ज्ञानगताऽऽकारस्वरूपञ्च वक्ष्यते

પ્રતીતિ પ્રમાત્મક હોવાથી જ ત્યાં ભાસમાન તદ્ઘટત્વઅવચ્છિન્ન = વિનષ્ટઘટ-નિષ્ઠઘટત્વવિશિષ્ટ જ્ઞેયાકારને અતીતઘટીય માટીદ્રવ્યનિરૂપિત (= સાપેક્ષ) એવા દ્રવ્યાર્થનયના અભિપ્રાયથી સત્ માનવો જરૂરી બની જાય છે. આમ શિષ્ટવ્યવહારના આધારે અતીતઘટસંબંધી માટીદ્રવ્યની ઉપર પોતાની દૃષ્ટિને કેન્દ્રિત કરનાર દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ, અતીત ઘટત્વથી નિયંત્રિત જ્ઞેયાકાર વર્તમાનકાળમાં સત્ છે.

## વિષયતા વિષયસ્વરૂપ છે.

(**ज्ञाने**.) જ્ઞાનના વિષયને જ્ઞેય કહેવાય. તેનું જ્ઞાનમાં જે સ્વરૂપે ભાન થાય તેને જ્ઞેયાકાર કહેવાય. આ જ્ઞેયાકાર જ્ઞાનવિષયીભૂત પદાર્થનો એક પર્યાય જ છે. તથા તે આકાર જ્ઞાનમાં જણાતો હોવાથી કથંચિત્ જ્ઞાનસાપેક્ષ છે. તેથી તે જ્ઞેયાકારને નૈયાયિકની પરિભાષા મુજબ ઓળખાવવો હોય તો 'જ્ઞાનવિષયતા' શબ્દથી તેને નવાજી શકાય. તે વિષયતા સ્વનિરૂપિતવિષયિતાસંબંધથી જ્ઞાનમાં વિદ્યમાન જ હોય છે. આમ જ્ઞાન સાકાર છે. "શુદ્ધતર પર્યાયાસ્તિકનયથી તો નિરાકાર જ્ઞાન અર્થગ્રાહક બની શકતું જ નથી. તેથી જ્ઞાન સાકાર મનાયેલ છે" - આ મુજબ **સમ્મતિતર્કવ્યાખ્યા**માં શ્રી**અભયદેવસૂરિજી**એ દર્શાવેલ છે. આ અંગે મલધારી શ્રી**હેમચંદ્રસૂરિજી**એ **વિશેષાવશ્યકભાષ્યવૃત્તિ**માં જણાવેલ છે કે 'જ્ઞાનને નિરાકાર ન માની શકાય. કારણ કે જો જ્ઞાનમાં વિષયાકાર ગેરહાજર હોય તો જેમ ઘટજ્ઞાન દ્વારા પટનો નિશ્ચય થતો નથી તેમ ઘટનો પણ નિશ્ચય થઈ નહિ શકે. કારણ કે તે ઘટજ્ઞાનમાં પટાકારની જેમ ઘટાકારનો = ઘટવિષયતાનો પણ અભાવ જ છે.' માટે જ્ઞેયાકારને (= વિષયતાને) સ્વનિરૂપિત વિષયિતાસંબંધથી જ્ઞાનમાં માનવો જરૂરી છે. તથા જ્ઞાનવિષયતા = જ્ઞાનીય વિષયતા = જ્ઞાનનિરૂપિત વિષયતા તો, પ્રાચીન નૈયાયિકના મત મુજબ, વિષયસ્વરૂપ જ છે. જો વિષય (= ફૂટેલો ઘડો ઘડારૂપે) હાજર ન હોય તો વિષયસ્વરૂપ એવી વર્તમાનજ્ઞાનનિરૂપિત વિષયતાનું બધા જ શિષ્ટ લોકો પોતાના જ્ઞાનમાં અસ્ખલિતરૂપે કઈ રીતે અવગાહન કરી શકે ? તેથી તે જ્ઞેયાકારને ઉપરોક્ત દ્રવ્યાર્થિકનયના આદેશથી વર્તમાનમાં સત્ માનવો યુક્તિસંગત છે. આ મુજબ સ્યાદ્વાદી નૈયાયિકને જણાવે છે. જ્ઞાનમાં

અથવા નૈગમનયથી અતીતનઇં વિષઇં **વર્તમાનતા**નો આરોપ (**થાઈ**=) ^કીજઈ છઇ, પણિ સર્વથા અછતી વસ્તુનું જ્ઞાન ન થાઈ. *ભવિકજન ! મનુષ્યો ! એમ અતીત ઘટતાનું સ્વરૂપ જાણવઉ* ☆ઈતિ સાણત્રીસમી ગાથાર્થ જાણવો.☆ ॥૩/૧૨॥

नवम्यां शाखायाम् (९/१६)।

यद्वा 'इदानीं मयाऽतीतो घटो ज्ञायते' इति सार्वलौकिके प्रत्यये वक्ष्यमाण(६/८)भूतनैगम-नयानुसारेण 'वर्तमानसमीपे वर्त्तमानवद् वा' इति न्यायाद् वा वर्त्तमानसमीपाऽतीतकालीनो घटो वर्त्तमानतामारोप्य प्रतिभासते, न तु सर्वथाऽसन्नेवाऽतीतघटः। इत्थमतीतघटत्वस्वरूपमवसेयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'अतीतोऽपि पदार्थः साम्प्रतं सन्' इति कृत्वा आराद्ध

રહેલ આકારનું સ્વરૂપ નવમી શાખામાં (૯/૧૬) વિસ્તારથી જણાવાશે.

## ❀ અતીતમાં વર્તમાનતાનો ઉપચાર : નૈગમનય ❀

(यद्वा.) અથવા એમ પણ કહી શકાય કે 'હમણાં મારાં વડે અતીત ઘડો જણાય છે' - આ પ્રમાણે જે સાર્વજનીન પ્રતીતિ થાય છે તેનું સમર્થન છઠ્ઠી શાખામાં જણાવાશે તે ભૂતનૈગમનયની દૃષ્ટિથી થોડી જુદી રીતે કરી શકાય છે. ભૂતનૈગમનયના મત મુજબ અતીતકાલીન ઘટમાં વર્તમાનકાલીનતાનો આરોપ કરવામાં આવે છે. 'જે પદાર્થ વર્તમાનકાળની નિકટના ભૂતકાળમાં કે ભવિષ્યકાળમાં વિદ્યમાન હોય તે પદાર્થને વર્તમાનકાલીન સમજવો' - આ પ્રમાણેનો સિદ્ધાંત = ન્યાય પણ લોકોમાં સંમત છે. તેથી જ નિકટના ભૂતકાળમાં જે ઘડો વિદ્યમાન હતો તેમાં વર્તમાનકાલીનતાનો આરોપ કરીને તેવા અતીત ઘટનું ભાન ઉપરોક્ત પ્રતીતિમાં ભૂતનૈગમના અભિપ્રાય અનુસાર અથવા ઉપરોક્ત ન્યાય અનુસાર થાય છે. પરંતુ 'અતીત ઘટ સર્વથા અસત્ જ છે' - તેવું ન સમજવું. આ રીતે અતીત ઘટત્વનું સ્વરૂપ સમજવું.

## ❀ ઉપચારનિમિત્ત વિચાર ❀

**સ્પષ્ટતા** :- નૈગમ આદિ નયોનું સ્વરૂપ છઠ્ઠી શાખામાં વિસ્તારથી કહેવામાં આવશે. નૈગમનય ઉપચારબહુલ છે. જુદા જુદા દેશમાં વિભિન્ન લોકો અલગ અલગ અભિપ્રાયથી જે ઔપચારિક વ્યવહાર કરે છે તેનું સમર્થન કરનારું કોઈક સૂત્ર કે કોઈક સમીકરણ કે કોઈક Formula કે કોઈક આધારભૂત તત્ત્વ કે પ્રયોજક પદાર્થને શોધી કાઢવાની કુશલતા નૈગમનય ધરાવે છે. ઉપચાર કે આરોપ કરવાની અમુક પ્રકારની મર્યાદાને નક્કી કરી જુદા જુદા પ્રાંતના લોકોના વિભિન્ન વ્યવહારોમાં સમન્વય કરવાની નિષ્ઠા નૈગમનયને વરેલી છે. ભવિષ્યકાલીન વસ્તુમાં વર્તમાનકાળનો આરોપ અને નિકટના ભૂતકાળમાં થયેલ વસ્તુમાં વર્તમાનકાળનો ઉપચાર નૈગમનય કરે છે. પ્રસ્તુતમાં થોડા સમય પૂર્વે ફૂટેલ ઘડામાં વર્તમાનતાનો આરોપ કરીને આરોપિત વર્તમાનકાળવાળા ઘડાને લક્ષ્યબિંદુ બનાવી 'હમણાં મેં ફૂટેલો ઘડો જાણ્યો' - આ પ્રમાણે પ્રતીતિ થાય છે. તે પ્રકારે નૈગમનય માને છે.

## 卐 પરનિંદા - સ્વપ્રશંસા ટાળીએ : નૈગમનય 卐

**આધ્યાત્મિક ઉપનય** :- 'ભૂતકાલીન પદાર્થ વર્તમાનમાં પણ સત્ છે' - આ હકીકત આધ્યાત્મિક

^ પાઠા. ૧. કથી જઈ. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. લા.(૨)માં છે. ☆...☆ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૨)માં છે.

-विराद्धजीवगोचरद्वेषः त्यक्तव्यः। तथाहि – (१) मृत्युञ्जयतपःसमाप्त्युत्तरकालं रात्रौ भोजिनि, (२) नमस्कारमन्त्रतपउपधानविधानोत्तरकालं गृहाद् बहिः अभक्ष्यभक्षके, (३) तीर्थयात्राद्युत्तरकालं मद्यपानकारिणि, (४) वार्षिकतपःसमाप्त्युत्तरं वधूत्रासदायिनि श्वश्रूप्रभृतौ (५) उत्प्रव्रजिते वा द्वेषादिपरिहाराय 'तदीयातीताराधना साम्प्रतमपि केनचिद्रूपेण समस्ती'ति हृदयेन स्वीकर्तव्यम्। अस्मदीयातीतविराधनादिकमपि केनचिद्रूपेण साम्प्रतमस्ती'ति विमृश्य तदालोचनादिना आत्मविशुद्धिः तावद् द्रुतं कर्तव्येत्यपि सूच्यतेऽत्र। इत्थमेव क्रमेण "एकान्तक्षीणसङ्क्लेशो निष्ठितार्थस्ततश्च सः। निराबाधः सदानन्दो मुक्तावात्माऽवतिष्ठते।।" (यो.बि.५०४) **योगबिन्दौ श्रीहरिभद्रसूरि**दर्शितं मोक्षसुखं सुलभं स्यात् ।।३/१२।।

---

દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ છે. તે આ રીતે - (૧) કોઈ વ્યક્તિ માસક્ષમણ કર્યા બાદ રાત્રિભોજન કરે, (૨) નમસ્કારમહામંત્ર વગેરે સૂત્રનો અધિકાર મેળવવા માટે ઉપધાન કર્યા બાદ હોટલમાં જમે, (૩) છ'રી પાલિત તીર્થયાત્રા કર્યા બાદ મદ્યપાન કરે, (૪) વર્ષીતપ કર્યા બાદ સાસુ વહુને ત્રાસ આપે, (૫) વીસ-પચીસ વર્ષ સારી રીતે દીક્ષા પાળ્યા બાદ કોઈ સાધુ સંયમજીવનને છોડે વગેરે પ્રસંગો જ્યારે જાણવામાં આવે ત્યારે પૂર્વે આરાધના કરનાર અને પાછળથી વિરાધના કરનાર કર્માધીન બનેલી તેવી વ્યક્તિ પ્રત્યે દ્વેષ, દુર્ભાવ જાગી ન જાય કે તેની નિંદા કરવાના વમળમાં ફસાઈ ન જવાય તે માટે 'તેની ભૂતકાલીન નિર્મળ આરાધના વર્તમાનમાં પણ કોઈકને કોઈક સ્વરૂપે હાજર છે' - તેવું હૃદયથી સ્વીકારવા આપણે કટિબદ્ધ બનવું જોઈએ. તથા 'આપણે ભૂતકાળમાં કરેલી ભૂલો પણ કોઈકને કોઈક સ્વરૂપે (= કર્મસ્વરૂપે, સ્મરણસ્વરૂપે... યાવત્ સંસ્કાર સ્વરૂપે) વર્તમાનમાં વિદ્યમાન છે' - તેવું વિચારી તેની આલોચના-પ્રાયશ્ચિત્ત વગેરે કરવા દ્વારા આત્મશુદ્ધિ વહેલી તકે કરી લેવી. આવી બીજી સૂચના પણ પ્રસ્તુત શ્લોક દ્વારા પ્રાપ્ત થાય છે. આ રીતે જ ક્રમસર મોક્ષમાર્ગે આગળ વધતાં **યોગબિંદુ**માં દર્શાવેલ મોક્ષસુખ સુલભ થાય. ત્યાં **શ્રીહરિભદ્રસૂરિ**જીએ દર્શાવેલ છે કે 'સર્વથા સંક્લેશનો ક્ષય કરનાર, કૃતકૃત્ય, પીડારહિત એવો આત્મા ત્યારે મોક્ષમાં સદા આનંદમય રહે છે.' (૩/૧૨)

લખી રાખો ડાયરીમાં.....

- **સાધનાનું ચાલકબળ શક્તિ છે.**
  **દા.ત. બાહુબલી મુનિ**
  **ઉપાસનાનું ચાલકબળ ભક્તિ છે.**
  **દા.ત. સુલસા**

**ધર્મી, અછતઈં ધર્મ જો§ જી, અછતઈં કાલિં સુહાઈં;**
**સર્વ કાલિં નિર્ભયપણઈં જી, તો શશશૃંગ જણાઈં રે ॥૩/૧૩॥ (૩૮) ભવિકા.**

"♦**ધર્મી** = ✡અતીત ઘટ, **અછતઈં ધર્મ** = ઘટત્વઈં, (જો) **અછતઈં કાલિં** = ઘટનઈં અભાવ કાલઈં ભાસઈ છઈં. અથવા **ધર્મી** = અતીત ઘટ, **અછતઈં ધર્મ** = જ્ઞેયાકાર, **અછતઈં કાલઈં** *= ઘટકાલભિન્નકાલેં જ્ઞાનસ્વભાવ મહિમાઈં* □ભાસઈ છઈં" - ઈમ જો ♦ઘટ તુઝનઈં ચિત્તમાંહિ **સુહાઈં તો સર્વ** = અતીત -અનાગત-વર્તમાન **કાલઈં નિર્ભયપણઈં** = અદષ્ટશંકારહિતપણઈં★ **શશશૃંગ** = ☆શશવિષાણ પણિ☆

---

असद्भानबाधकमुपदर्शयति – '**धर्मी**'ति ।

**धर्मी ह्यसति धर्मे चेत् कालेऽसति विभासते।**
**ते सर्वदैव निःशङ्कं शशशृङ्गं विभासताम्।।३/१३।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – धर्मे हि असति असति काले चेद् धर्मी विभासते, (तदा) सर्वदैव निःशङ्कं ते शशशृङ्गं विभासताम्।।३/१३।।

अतीतघटे समवायेन सर्वथैव **असति**, **हि** पादपूर्त्तौ, "तु हि च स्म ह वै पादपूरणे" (अ.चि.शे. ६/२) इति **अभिधानचिन्तामणिशेषनाममाला**वचनाद्, **धर्मे** घटत्वादिलक्षणे **असति काले** = घटविरहकाले **धर्मी** अतीतघटः **विभासते** इति **चेत्** ? यद्वा धर्मी अतीतघटः असति ज्ञेयाकारे घटत्वाद्यवच्छिन्ने **असति काले** = घटकालभिन्नकाले ज्ञानस्वभावमहिम्ना भासते इति तव चेतसि **विभासते चेत्** ?

---

**અવતરણિકા** :- જો અતીત પદાર્થનો ગુણધર્મ સર્વથા અસત્ હોય તો અતીત પદાર્થનું ભાન ન થઈ શકે. જો તેવું ભાન થતું હોય તો કઈ સમસ્યા સર્જાય ? - તેને ગ્રંથકારશ્રી બતાવે છે.

### ✡ અસત્નું ભાન માનવામાં આપત્તિ ✡

**શ્લોકાર્થ** :- ધર્મ અસત્ હોય છતાં તેનો ધર્મી અસત્કાળમાં જણાય તો નિઃશંકપણે સર્વથા તમને શશશૃંગનું ભાન થવું જોઈએ. (મતલબ કે ધર્મ-ધર્મી વિદ્યમાન હોય તો જ જણાય.) (૩/૧૩)

**વ્યાખ્યાર્થ** :- મૂળ શ્લોકમાં રહેલ 'हि' અવ્યય **અભિધાનચિંતામણિ શેષનામમાલા** અનુસારે પાદપૂર્તિ અર્થમાં જાણવો. ત્યાં तु, हि, च, स्म, ह, वै - આ અવ્યયોને પાદપૂર્તિ અર્થમાં જણાવેલ છે. ઘટત્વ વગેરે ગુણધર્મ જો અતીત ઘટમાં સમવાયસંબંધથી સર્વથા અસત્ હોય અને ઘટવિરહકાળમાં અતીત ઘટ જ્ઞાનમાં ભાસતો હોય તો સદા શશશૃંગનું ભાન થવું જોઈએ. અથવા ઘટત્વાદિઅવચ્છિન્ન જ્ઞેયાકાર અસત્ હોવા છતાં જો ઘટકાળભિન્ન એવા કાળમાં અતીતઘટસ્વરૂપ ધર્મી તમારા મનમાં જ્ઞાનસ્વભાવના મહિમાથી જણાતો હોય તો અતીત, અનાગત અને વર્તમાન કાળમાં કોઈ પણ અદષ્ટ શંકાનો ભય

---

§ M(૧)માં 'ધર્મનો જી' પાઠ. તથા P(૨)માં 'માનો' પાઠ. ♦ આ.(૧)માં 'અને જો ન માનીયે તો તદ્વિષયસ્વરૂપ જે વર્તમાન જ્ઞાનવિષયતા તે કિમ સંભવે ?' પાઠ. ✡. અનિત્યઘટ. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯+૧૩)+સિ.+આ.(૧)માં છે. □ શાં. માં 'ભાસઈ' નથી. ♦ પુસ્તકોમાં 'ઘટ' નથી. કો.(૧૦ +૧૨) માં છે. ★ પણઈં ધારવું ઈમ નહીં તો. ☆...☆ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. લા.(૨)માં છે.

(જણાઈ = ) જણાવું જોઈઈ.

तर्हि **सर्वदैव** अतीताऽनागतवर्तमानकाले **निःशङ्कम्** = अदृष्टशङ्कारहिततया **ते** = तव चेतसि **शशशृङ्गम्** अपि **विभासताम्**, असत्त्वाऽविशेषात्।

"न चैवं भवितुमर्हति, 'अर्थेनैव धियां विशेष' इति न्यायात्, तथाप्रकारस्वभावभेदे सत्येव तथाप्रकारिस्वभावज्ञानोपपत्तेः" (आ.मी.१/२२ अ.स.ता.वि.पृ.२२७)–इति व्यक्तमुक्तं **यशोविजयवाचकैः अष्टसहस्रीतात्पर्यविवरणे**।

રાખ્યા વિના તમારા મનમાં શશશૃંગ પણ જણાવું જોઈએ. કારણ કે અતીત ઘટમાં અને શશશૃંગમાં અસત્પણું સમાન જ છે.

**સ્પષ્ટતા** :-

| | (૧) ધર્મી | (૨) કાળ | (૩) અસત્ | (૪) પરિણામ |
|---|---|---|---|---|
| A) | અતીત ઘટ | ઘટશૂન્ય કાળ | ઘટત્વ | ઘટપ્રતીતિ |
| B) | અતીત ઘટ | ઘટશૂન્ય કાળ | ઘટત્વાવચ્છિન્ન જ્ઞેયાકાર | ઘટપ્રતીતિ |
| C) | અસત્ શશશૃંગ | શશશૃંગશૂન્ય કાળ | શશશૃંગત્વ | શશશૃંગભાન (આપત્તિ) |
| D) | અસત્ શશશૃંગ | શશશૃંગશૂન્ય કાળ | શશશૃંગત્વાવચ્છિન્ન જ્ઞેયાકાર | શશશૃંગભાન (આપત્તિ) |

## ❋ બાહ્ય પદાર્થને સાપેક્ષ જ્ઞાનવિશેષતા ❋

("न चैवं.) શશશૃંગનું ભાન ત્રણ કાળમાં કોઈને થતું નથી. આનું કારણ એ છે કે 'અર્થના = પદાર્થના = બાહ્ય વિદ્યમાન વસ્તુના માધ્યમથી જ જ્ઞાનમાં વિશેષતા (= તફાવત = ભેદભાવ = ફેરફાર) આવે છે' - આ પ્રમાણે સિદ્ધાંત શિષ્ટજન પ્રસિદ્ધ છે. તેમ જ આ સિદ્ધાંતના જ લીધે બાહ્ય વસ્તુનો તથાપ્રકારનો સ્વભાવ બદલાય તો જ તથાપ્રકારિસ્વભાવવાળું જ્ઞાન સંગત થઈ શકે. આ પ્રમાણે **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે **અષ્ટસહસ્રીતાત્પર્યવિવરણ**માં સ્પષ્ટપણે જણાવેલ છે.

## ❋ પ્રકારભેદથી પ્રકારિતાભેદ ❋

**સ્પષ્ટતા** :- ઘટજ્ઞાન અને પટજ્ઞાન જુદા છે. કારણ કે તેના વિષયભૂત ઘટ અને પટ પદાર્થ જુદા છે. જો ઘટ અને પટ વચ્ચે ભેદ ન હોય તો તદ્વિષયક જ્ઞાનદ્વયમાં ભેદ પડી ન શકે. તેથી વિષયભેદ જ્ઞાનભેદસાધક છે. પરંતુ જે વિષય દુનિયામાં વિદ્યમાન હોય જ નહિ તો તે કાંઈ જ્ઞાનભેદસાધક બની શકે નહિ. શશશૃંગ અસત્ હોવાથી જ્ઞાનભેદનું સાધક બની ન શકે. કેમ કે બાહ્ય અર્થ દ્વારા જ જ્ઞાનમાં વિશેષતા આવતી હોય છે. જે પદાર્થ અસત્ હોય તે જ્ઞાનમાં વિશેષતા કઈ રીતે લાવી શકે ? ઘટનો સ્વભાવ ઘટત્વપ્રકારક છે અને પટનો સ્વભાવ પટત્વપ્રકારક છે. તેથી જ વિષયગત વિભિન્ન સ્વભાવના પ્રભાવે ઘટત્વપ્રકારીસ્વભાવવાળા જ્ઞાન કરતાં પટત્વપ્રકારીસ્વભાવવાળું જ્ઞાન જુદું સિદ્ધ થાય છે.

વિષયના ત્રણ પ્રકાર છે. (૧) વિશેષ્ય, (૨) વિશેષણ ( = પ્રકાર) અને (૩) સંબંધ. જ્ઞાનનો સ્વભાવ વિષયને સાપેક્ષ છે. તેથી જ્ઞાનમાં ત્રણ પ્રકારના ગુણધર્મ આવશે. (૧) વિશેષ્યિતા, (૨) પ્રકારિતા

▸તિવારિ 'અલીકવાસનાસામર્થ્યથી અખંડ શશશૃંગ જણાઈ છેં' ઈમ કહતો ***અસત્ખ્યાતિવાદી*** કિમ નિરાકરીઈ ?◂ ॥૩/૧૩॥

यदि चाऽलीकमपि ज्ञानेऽवभासत इत्यङ्गीक्रियते तर्हि 'अनादिकालीनमिथ्यावासनासामर्थ्याद् घटवद् अखण्डं शशशृङ्गं ज्ञायते' इति वदन् असत्ख्यातिवादी कथं निराक्रियेत नैयायिकेन ? अतः अतीतघटादिः तद्धर्मो वा सर्वथैवाऽसन् इति न मन्तव्यं नैयायिकेन किन्तु कथञ्चित् सन्निति ऊहनीयम् ।

અને (૩) સંસર્ગિતા. દા.ત. 'जलवान् घटः' અહીં ઘટ = વિશેષ્ય, જળ = પ્રકાર અને સંયોગ = સંબંધ. તેથી પ્રસ્તુત જ્ઞાનમાં (૧) ઘટવિશેષ્યિતા, (૨) જલપ્રકારિતા અને (૩) સંયોગસંસર્ગિતા આવશે. તથા 'वस्त्रवद् भूतलं' - આવા જ્ઞાનમાં ભૂતલવિશેષ્યિતા, વસ્ત્રપ્રકારિતા અને સંયોગસંસર્ગિતા રહેલી છે. જળનો પ્રકારસ્વભાવ અને વસ્ત્રનો પ્રકારસ્વભાવ પરસ્પર જુદા હોવાથી જળપ્રકારિસ્વભાવવાળું જ્ઞાન અને વસ્ત્રપ્રકારિસ્વભાવવાળું જ્ઞાન પરસ્પર વિભિન્ન સિદ્ધ થાય છે. આમ જ્ઞાનનો તથાપ્રકારિસ્વભાવ, વિષયગત તથાપ્રકાર સ્વભાવને સાપેક્ષ છે. શશશૃંગત્વપ્રકારિ-સ્વભાવવાળું (= શશશૃંગત્વનિષ્ઠપ્રકારતાનિરૂપિત-પ્રકારિતાવિશિષ્ટ) પ્રમાત્મક જ્ઞાન થતું નથી. કારણ કે શશશૃંગત્વપ્રકારસ્વભાવનો આધાર બનનાર પદાર્થ વિશ્વમાં વિદ્યમાન નથી. તેથી શશશૃંગનું કદાપિ ભાન થતું નથી. પરંતુ સર્વથા અસત્ પદાર્થનું ભાન જો માન્ય કરવામાં આવે તો શશશૃંગનું ભાન થવાની આપત્તિ દુર્વાર બનશે.

### ❈ નૈયાયિકનો અસત્ખ્યાતિવાદી સામે પરાજય ❈

(यदि.) જો 'સર્વથા અસત્ હોવા છતાં ગુણધર્મનું જ્ઞાનમાં ભાન થઈ શકે છે' - તેવું સ્વીકારવામાં આવે તો નૈયાયિક અસત્ખ્યાતિવાદીનું નિરાકરણ કઈ રીતે કરશે ? કારણ કે અસત્ખ્યાતિવાદી એમ કહે છે કે 'અનાદિકાલીન મિથ્યા સંસ્કારના પ્રભાવથી ઘડાની જેમ અખંડ સ્વરૂપે શશશૃંગનું ભાન થાય છે.' તેથી નૈયાયિકે અતીત ઘટના ગુણધર્મને કથંચિત્ સત્ માનવા જરૂરી છે. આ પ્રમાણે વિચારવું.

### ❈ અસત્ખ્યાતિવાદની સ્પષ્ટતા ❈

**સ્પષ્ટતા** :- અસત્ખ્યાતિવાદી છે માધ્યમિક બૌદ્ધો. તેમના મતે ઘટ-પટ વગેરે પદાર્થો શશશૃંગની જેમ સર્વથા અસત્ છે. તેમ છતાં તેની ખ્યાતિ (= બુદ્ધિ) મિથ્યા સંસ્કારના સામર્થ્યથી થાય છે. વાસ્તવમાં ઘટ, પટાદિ પદાર્થો મિથ્યા છે. તેમ છતાં અનાદિકાલીન મિથ્યાબુદ્ધિના સંસ્કારથી અસત્ ઘટાદિની ખ્યાતિ થાય છે. 'જો અસત્‌ની ખ્યાતિ થઈ શકતી હોય તો શશશૃંગની પણ ખ્યાતિ થવી જોઈએ' - આ પ્રમાણે નૈયાયિકો અસત્ખ્યાતિવાદીને જે આપત્તિ આપે છે તેનો ઈષ્ટાપત્તિરૂપે સ્વીકાર કરતા અસત્ખ્યાતિવાદી જણાવે છે કે 'અનાદિ મિથ્યાસંસ્કારવશ શશશૃંગની પણ ખ્યાતિ થાય છે.'

**નૈયાયિક** :- 'અહીં શશશૃંગ છે' - તેવું ભાન નહિ પરંતુ 'અહીં શશશૃંગ નથી' - તેવું ભાન લોકોને થાય છે. પરંતુ 'સર્વથા અસત્‌નો નિષેધ થઈ ના શકે' - આ સિદ્ધાંત મુજબ 'शशशृङ्गं नास्ति' આ વાક્યનો અર્થ 'शशे शृङ्गं नास्ति' કે 'शशे शृङ्गसमवायो नास्ति' કે 'शृङ्गे शशीयत्वं नास्ति' આ પ્રમાણે માન્ય છે. અર્થાત્ 'शशशृङ्गं नास्ति' આ વાક્ય દ્વારા અખંડ સ્વરૂપે (= શશશૃંગત્વ સ્વરૂપે) શશશૃંગની પ્રતીતિ થતી નથી. પરંતુ સખંડ સ્વરૂપે (= 'शृङ्गे शशीयत्वं नास्ति' - આવી) પ્રતીતિ થાય છે. જ્યારે ઘટની

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯) + સિ.માં છે.

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'धर्मिणि धर्मे वा असति न तज्ज्ञप्तिः भवति' इति कृत्वा अस्मन्निन्दादिकं श्रुत्वा अस्मदीयदोषनिरीक्षण-संशोधन-सम्मार्जन-क्षमापनादिकृते यतितव्यम्। माध्यस्थ्य-भावेन आत्मनिरीक्षण-परीक्षणकरणेऽपि अस्मदीयदोषाऽदर्शनेऽसत्ख्यातिवादमवलम्ब्य 'मिथ्यासंस्कार-वशतः परेषां मयि असन्तोऽपि दोषाः प्रतिभासन्ते' इति विमृश्य तान् उपेक्ष्य माध्यस्थ्यभावना आत्मसात्कर्तव्येत्युपदेशमौक्तिके अत्र ग्राह्ये। ततश्च **अञ्जनासुन्दरीचरित्रे पंन्यासमुक्तिविमलगणिना** दर्शितम् "अव्ययपदं द्वन्द्वातीतम् अनुत्तमम्" (अ.सु.५/१५२) आशु लभ्यम्।।३/१३।।

અખંડ સ્વરૂપે (= ઘટત્વસ્વરૂપે) પ્રતીતિ થાય છે. અમારો અસત્ખ્યાતિવાદી સામે એવા પ્રકારનો આક્ષેપ છે કે જો શશશૃંગની જેમ ઘટ-પટાદિ પદાર્થો સર્વથા અસત્ હોય તો જેમ ઘટ-પટનું અખંડપણે ભાન થાય છે, તેમ શશશૃંગનું પણ અખંડસ્વરૂપે (= જાતિપુરસ્કારથી કે અખંડઉપાધિ પુરસ્કારથી) ભાન થવું જોઈએ.

**અસત્ખ્યાતિવાદી** :- 'ઘટ-પટની જેમ શશશૃંગનું પણ અખંડસ્વરૂપે જ ભાન થાય છે' - તેવું અમને માન્ય છે. તથા આવું ભાન થવામાં ચાલક બળ બને છે મિથ્યા સંસ્કારનું સામર્થ્ય. અર્થાત્ અનાદિકાલીન મિથ્યા સંસ્કારવશ ઘટ-પટ વગેરે અને શશશૃંગ, ગગનપુષ્પ વગેરેનું અખંડપણે ભાન થાય છે. તેથી અસત્ પદાર્થનો અખંડ આકારે પ્રતિભાસ થવામાં કોઈ બાધક અમને જણાતું નથી. જેમ નૈયાયિકો સર્વથા અસત્ એવા અતીત ઘટનું ભાન માને છે તેમ સર્વથા અસત્ એવા શશશૃંગનું ભાન અમે માનશું. ઘટનું જેમ ઘટત્વરૂપે ભાન થાય છે તેમ શશશૃંગનું શશશૃંગત્વરૂપે મિથ્યા સંસ્કારવશ ભાન થઈ શકે છે.

## અતીત વિષય કથંચિત્ સત્ : જૈન

**જૈન** :- ઓ નૈયાયિકો ! હવે તમે અસત્ખ્યાતિવાદીને જવાબ શું આપશો ? 'સર્વથા અસત્ એવા અતીત ઘટનું અખંડપણે (= ઘટત્વસ્વરૂપે) જ્ઞાનમાં ભાન થઈ શકે છે' - એવું માનનારા તમે નૈયાયિકો હવે તમારી સામે 'સર્વથા અસત્ એવા શશશૃંગનું અખંડપણે (= શશશૃંગત્વરૂપે) જ્ઞાનમાં ભાન થઈ શકે છે' - આવું બોલનારા અસત્ખ્યાતિવાદીનો કઈ રીતે પરાભવ કરી શકશો ? તેનો પરાભવ કરવા માટે તમારે માનવું જ રહ્યું કે અતીત ઘટાદિ પદાર્થોના ઘટત્વાદિ ગુણધર્મો શશશૃંગની જેમ સર્વથા અસત્ નથી. પરંતુ કથંચિત્ (= મૃત્તિકાદ્રવ્યસ્વરૂપે) સત્ છે.

## ભૂલ સ્વીકારો અથવા નિંદક પ્રત્યે મધ્યસ્થ બનો

**આધ્યાત્મિક ઉપનય** :- (૧) 'ધર્મી કે ધર્મ હાજર ન હોય તો તેનું ભાન ન થઈ શકે' - આ વાત આધ્યાત્મિક દૃષ્ટિએ એ રીતે ઉપયોગી થાય છે કે'કોઈ આપણી નિંદા કરે તો આપણામાં કોઈક ત્રુટિ હોય તો જ તે પ્રમાણે તે બોલે ને ! એક હાથે તાળી ન જ વાગે ને !' - આવું વિચારીને આપણી ખામીને શોધી તેનું પરિમાર્જન કરવા પ્રામાણિક પુરુષાર્થ કરવો, ભૂલ બદલ ક્ષમાયાચના કરવી, ફરી ભૂલ ન થાય તેવો સંકલ્પ કરી, સાવધાની રાખવી. (૨) તટસ્થપણે આત્મનિરીક્ષણ કર્યા છતાં આપણી કોઈ ભૂલ ન જણાય તો અસત્ખ્યાતિવાદનો આશ્રય લઈ 'મિથ્યાસંસ્કારવશ સામેની વ્યક્તિને મારામાં અસત્ દોષદર્શન થાય છે' - આવું વિચારી સામેની વ્યક્તિની ઉપેક્ષા કરી તેના પ્રત્યે માધ્યસ્થ્યભાવ કેળવવો. આ બે વિચારમૌક્તિક પ્રસ્તુત શ્લોક દ્વારા ગ્રહણ કરવા જેવા જણાય છે. તેના લીધે **અંજનાસુંદરીચરિત્ર**માં બતાવેલ શાશ્વતપદ ઝડપથી મળી શકે. ત્યાં પંન્યાસ શ્રી**મુક્તિવિમલગણી**એ કહેલ છે કે 'રાગ-દ્વેષાદિ દ્વન્દ્વોથી રહિત સર્વોત્તમ શાશ્વતપદ = સિદ્ધપદ છે.' (૩/૧૩)

**તેં માટઈં અછતા તણો જી, બોધ ન, જનમ ન હોઈ;**

**કારય-કારણનઈં સહી જી, છઈ અભેદ ઈમ જોઈ રે♦ ॥૩/૧૪॥ (૩૯) ભવિકા.**

ઈમ નથી *જિમ કહે છઈ*, **તે માટઈં અછતા** અર્થ(**તણો**=)નો **બોધ ન** હોઇ ✡અને **જનમ**♦ પણિ **ન હોઈ**. ઈમ નિર્ધાર **કાર્ય-કારણ**નો **અભેદ** છઈ; ▸તે વિચારી (**જોઈ**=) જોવું.◂

असज्ज्ञप्त्युत्पत्ती प्रतिषेधयति – '**तत**' इति।

**ततश्चैवाऽसतो ज्ञप्तिः, जन्म वाऽपि न सम्भवेत्।**

**कार्य-कारणयोरेवं, तादात्म्यमेव निश्चिनु।।३/१४।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – ततश्चैव असतः ज्ञप्तिः जन्म वाऽपि न सम्भवेत्। एवं कार्य-कारणयोः तादात्म्यमेव निश्चिनु।।३/१४।।

न हि शशशृङ्गं जातुचिद् विभासते। **ततश्चैव** = असतो भानाभ्युपगमे सर्वदा शशशृङ्ग-भानाऽऽपादनाच्चैव 'सर्वथैव **असतो** विषयस्य **ज्ञप्तिः** = ज्ञानं **जन्म** = उत्पत्तिः **वाऽपि न** = नैव **सम्भवेद्**' इति हृदये **निश्चिनु**। 'वा'शब्दो विकल्पार्थेऽत्र द्रष्टव्यः, "वा स्याद् विकल्पोपमयोरेवाऽर्थेऽपि समुच्चये" (वि.लो.अव्ययवर्ग-४७) इति **विश्वलोचनकोश**ानुसारतः। "अपि सम्भावना-शङ्का-गर्हणासु समुच्चये।। प्रश्ने युक्तपदार्थेषु कामचारक्रियासु च।" (है.अने.७/३३-३४) इति **हैमानेकार्थकोश**वचनादत्र 'अपि'शब्दः

**અવતરણિકા** :- સર્વથા અસત્ પદાર્થની ઉત્પત્તિ કે જ્ઞપ્તિ અંગે ગ્રંથકારશ્રી નિષેધ કરે છે કે :-

### ❖ અસત્‌ની જ્ઞપ્તિ-ઉત્પત્તિનો અસંભવ ❖

**શ્લોકાર્થ** :- તેથી અસત્ વિષયનું જ્ઞાન કે ઉત્પત્તિ પણ સંભવિત નથી. આમ કાર્ય-કારણના તાદાત્મ્યનો નિશ્ચય કરવો. (મતલબ કે ત્રિકાળવ્યાપી વસ્તુ જ પરમાર્થથી સત્ છે.) (૩/૧૪)

**વ્યાખ્યાર્થ** :- શશશૃંગનું ક્યારેય પણ ભાન થતું નથી. પરંતુ 'અતીત પદાર્થને સર્વથા અસત્ માનવા છતાં પણ તેનું ભાન થાય છે' - તેવું સ્વીકારવામાં આવે તો સતત શશશૃઙ્ગનું ભાન થવાની આપત્તિ આવે. આ પ્રમાણે આગલા શ્લોકમાં આપણે વિચારી ગયા. તે કારણથી 'સર્વથા અસત્ વિષયનું જ્ઞાન કે સર્વથા અસત્ વસ્તુની ઉત્પત્તિ ન જ સંભવે' - આ પ્રમાણે હૃદયમાં નિશ્ચય કરવો. **વિશ્વલોચનકોશ**માં "વિકલ્પ, ઉપમા, એવકારઅર્થ (= જકાર), સમુચ્ચય - આ અર્થમાં 'વા' શબ્દ વપરાય છે" - આમ જણાવેલ છે. તે મુજબ અહીં મૂળ શ્લોકમાં રહેલ 'વા' શબ્દને વિકલ્પ (= કે) અર્થમાં સમજવો. **હૈમઅનેકાર્થકોશ**માં "સંભાવના, શંકા, ગર્હા, સમુચ્ચય, પ્રશ્ન, યુક્તપદાર્થો, કામચાર-ક્રિયાઓમાં 'अपि' શબ્દ વપરાય છે" - આમ કહેલ છે. તેને અનુસરીને અહીં 'अपि' શબ્દ સમુચ્ચય અર્થમાં જાણવો. "પ્રકાર, ઉપમા, અંગીકાર, અવધારણ (= જકાર) - આ અર્થમાં 'एवं' શબ્દ વપરાય છે" - આ **વિશ્વલોચનકોશ** મુજબ તેને અહીં પ્રકાર

♦ કો(૩)માં આ ગાથા નથી. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત B(૨)માં છે. ✡ 'અનેં' પુસ્તકોમાં નથી. કો.(૯) + સિ.માં છે. ♦ આ.(૧)માં 'જન જેમનષ્યું નૈગમ નૈ ન થાય' પાઠ. લા.(૨)નો પાઠ લીધો છે. ▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. સિ. + કો.(૯)માં છે.

તેહ દૃષ્ટાંતઈં દ્રવ્ય-ગુણ-પર્યાયનો પણિ અભેદ છઇ, ઈમ (**સહી** = સદ્દહી = સદ્દહઈ =) સદ્દહવું.
▸બીજું, ઘટાદિકનેં સદ્વ્યવહારથી જ સત્કાર્યપક્ષ આવેં. જે માટઈં કાલત્રયસંબંધ જ દ્રવ્યાર્થનયઈં સત્તા છેં. **तदुक्तम्** - "**आदावन्ते च यन्नास्ति मध्येऽपि हि न तत्तथा ।**
**वितथैः सदृशाः सन्तोऽवितथा इव लक्षिताः ।।**" (**माण्डूक्योपनिषत्कारिका** १/६)◂
*ભવિક નર ! ઈમ ઈણ ન્યાઈં જણાવ્યું.* ॥૩/૧૪॥

समुच्चयार्थे दृश्यः । "एवं प्रकारोपमयोरङ्गीकारेऽवधारणे" (वि.लो.अव्यय-५३) इति **विश्वलोचनकोश**-वचनादत्र 'एवं'शब्दः प्रकारार्थे बोध्यः । ततश्च **एवं** = 'केनचित् स्वरूपेण सत एव ज्ञप्तिरुत्पत्तिश्च भवत' इति प्रकारेण निर्धारणे सति **कार्य-कारणयोः** = उपादेयोपादानकारणयोः **तादात्म्यमेव** = अभेदमेव **निश्चिनु** । एवं सति द्रव्ये गुण-पर्याययोरपि तादात्म्यमेवाऽस्तीति श्रद्धत्स्व, द्रव्यस्य गुण-पर्यायोपादानकारणत्वात् ।

किञ्च, घटादेः सद्व्यवहारादेव सत्कार्यपक्षः सिध्यति, यस्मात् कालत्रितयसम्बन्धे सत्येव द्रव्यार्थनयेन वस्तुनः सत्ता अभ्युपगम्यते । तदुक्तं **माण्डूक्योपनिषत्कारिकायां** "आदावन्ते च यन्नास्ति मध्येऽपि हि न तत् तथा । वितथैः सदृशाः सन्तोऽवितथा इव लक्षिताः ।।" (मा.उप.का.१/६) इति । **सम्मतितर्कवृत्तौ** (स.त.१/३/पृ.२७३) अपि समुद्धृतेयं गाथा ।

पूर्वं द्वितीयशाखायां नवमश्लोकविवरणे इयं माण्डूक्योपनिषत्कारिका शुद्धनिश्चयनयलक्षण-द्रव्यार्थिकनयादेशविमर्शे विवृतैव । अत्र हि द्रव्यास्तिकनयाभिप्रायेण त्रैकालिकमेव वस्तु सत्, यत्

અર્થમાં સમજવો. તેથી ફલિતાર્થ એવો થાય છે કે 'કોઈક સ્વરૂપે સત્ એવા વિષયની જ્ઞપ્તિ (= જ્ઞાન) અને ઉત્પત્તિ થાય છે' - આ પ્રકારે નિર્ધારણ થતાં 'ઉપાદેય અને ઉપાદાનકારણ વચ્ચે અભેદ જ છે' - તેવો નિશ્ચય કરવો. આવું સિદ્ધ થતાં 'દ્રવ્યમાં ગુણ-પર્યાયનું પણ તાદાત્મ્ય જ છે' - આ પ્રમાણે શ્રદ્ધા કરવી. કારણ કે ગુણ-પર્યાયનું ઉપાદાનકારણ દ્રવ્ય છે. તથા દ્રવ્યના કાર્ય ગુણ-પર્યાય છે.

### સદ્વ્યવહાર સત્કાર્યવાદનો સાધક

(**किञ्च.**) વળી, ઘટ-પટ વગેરેનો સત્ તરીકે વ્યવહાર થાય છે. તે કારણે જ સત્કાર્યવાદ સિદ્ધ થાય છે. કારણ કે અતીત-અનાગત-વર્તમાન આમ ત્રણ કાળ સાથે સંબંધ હોય તો જ વસ્તુનું અસ્તિત્વ દ્રવ્યાર્થિકનય સ્વીકારે છે. તેથી જ **માંડૂક્યોપનિષત્કારિકા**માં જણાવેલ છે કે 'જે વસ્તુ પ્રારંભે કે પ્રાન્તે ન હોય તે વસ્તુ વચલા કાળમાં પણ ન હોય. અલ્પકાલીન પદાર્થો મિથ્યા પદાર્થ જેવા હોવા છતાં પણ સાચા હોય તેવું મૂઢ માણસોને લાગે છે.' આ કારિકા **સંમતિતર્કવ્યાખ્યા**માં (ભાગ-૨/પૃ.૨૭૩) પણ ઉદ્ધૃત કરેલ છે.

(**पूर्वं.**) પૂર્વે બીજી શાખામાં નવમા શ્લોકમાં જે શુદ્ધનિશ્ચયનય સ્વરૂપ દ્રવ્યાર્થિકનયનો મત **માંડૂક્યોપનિષત્ કારિકા**ના વિવેચનમાં વિસ્તારથી જણાવેલ છે, તેનો જ અહીં ઉલ્લેખ થયેલ છે. આ વાત વાચકવર્ગે ધ્યાનમાં રાખવી. અહીં દ્રવ્યાર્થિકનયના અભિપ્રાયથી એક વ્યાપ્તિ = નિયમ દેખાડવામાં આવેલ છે કે ત્રૈકાલિક વસ્તુ જ સત્ છે. અર્થાત્ સત્ તરીકેનો વ્યવહાર ત્યાં જ થઈ શકે કે જેનું ત્રણેય કાળમાં

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. સિ.+કો.(૯)માં છે. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

सत् तत् त्रैकालिकमेवेति समनियतव्याप्तिः दर्शिता। अतः सर्वैरेव शिष्टैः सद्रूपेण व्यवह्रियमाणानां घट-पटादीनां त्रैकालिकत्वसिद्ध्या स्वाऽभिव्यक्तिपूर्वकाले स्वोपादानेषु सत्त्वं सिध्यतीति भावः।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'त्रैकालिकास्तित्वशाली एव पदार्थः परमार्थतः सन्' इति कृत्वा 'अतीतकाले निगोदादिरूपेण साम्प्रतकाले मनुष्याऽपुनर्बन्धक-सम्यग्दृष्टिप्रभृतिस्वरूपेण अनागतकाले च भावसंयतत्व-सिद्धत्वादिरूपेण आत्मा अस्ती'ति आत्मास्तित्वं त्रैकालिकम्। अत आत्मैव परमार्थतः सन्। आत्मभिन्नं काया-काञ्चन-कामिनी-कुटुम्ब-कीर्त्तिप्रभृतिकं नोकर्म, ज्ञानावरण-दर्शनावरणादिकं द्रव्यकर्म, राग-द्वेषादिकञ्च भावकर्म नैव परमार्थसत्, त्रैकालिकाऽस्तित्वशून्यत्वात्। अत एव नोकर्म-द्रव्यकर्म-भावकर्मप्रतियोगिकसंयोग-वियोगोत्पाद-व्ययादिनिमित्तकसङ्क्लेशाऽऽवर्त्ते न निमज्जनीयम्, अपि तु त्रिकालध्रुव-परमार्थसत्-चैतन्यस्वरूप-स्वात्मतत्त्वे समादरेण निजदृष्टिं निधाय सानुबन्ध-प्रबल-सकामनिर्जरामयाऽभ्यन्तराऽपवर्गवर्त्मनि गन्तव्यम्। तदेव तत्त्वतः परमश्रेयस्करम्। ततश्च **हितोपदेशमालावृत्तौ परमानन्दसूरिभिः** दर्शितः "सकलकर्मक्षयलक्षणो मोक्षः" (हि.मा.१५/वृ.पृ.२४) प्रत्यासन्नतरो भवति।।३/१४।।

અસ્તિત્વ હોય. સમનિયત વ્યાપ્તિ હોવાથી એમ પણ કહી શકાય કે જે વસ્તુ સત્ હોય તે ત્રણેય કાળમાં હાજર હોય. બધા જ શિષ્ટ પુરુષો ઘટ-પટનો સત્સ્વરૂપે વ્યવહાર કરે છે. તેથી ઘટ-પટ વગેરે પદાર્થનું ત્રણેય કાળમાં અસ્તિત્વ સિદ્ધ થાય છે. અર્થાત્ પોતાની ઉત્પત્તિની = અભિવ્યક્તિની પૂર્વે પણ ઘટ -પટાદિ પદાર્થો પોતાના ઉપાદાનકારણમાં હાજર છે - તેવું સિદ્ધ થાય છે.

### ❈ ત્રિકાળ ધ્રુવ આત્મતત્ત્વમાં સ્થિર થઈએ ❈

**આધ્યાત્મિક ઉપનય** :- 'ત્રૈકાલિક અસ્તિત્વને ધરાવનાર પદાર્થ જ પરમાર્થથી સત્ છે' - આ વાત આધ્યાત્મિક દૃષ્ટિએ એ રીતે ઉપયોગી છે કે અતીતકાળમાં નિગોદ આદિ અવસ્થામાં આપણા આત્માનું અસ્તિત્વ હતું. વર્તમાનકાળમાં મનુષ્ય-અપુનર્બંધક-સમકિતી આદિ સ્વરૂપે આપણા આત્માનું અસ્તિત્વ છે. તથા ભવિષ્યકાળમાં સંયત-સિદ્ધ આદિ સ્વરૂપે આપણા આત્માનું અસ્તિત્વ રહેવાનું છે. આમ ત્રણેય કાળમાં આત્માનું અસ્તિત્વ વ્યાપીને રહ્યું છે. તેથી આત્મા જ પરમાર્થથી સત્ છે. તે સિવાય (૧) ગાડી-મોટર-બંગલા-કાયા-કંચન-કામિની-કુટુંબ-કીર્ત્તિ આદિ નોકર્મ, (૨) જ્ઞાનાવરણ-દર્શનાવરણ આદિ દ્રવ્યકર્મ તથા (૩) રાગ-દ્વેષ-વાસના-લાલસા-તૃષ્ણા આદિ ભાવકર્મનું અસ્તિત્વ ત્રિકાળ ધ્રુવ નથી. તેથી તે તુચ્છ, અસાર, નિર્મૂલ્ય અને નિર્માલ્ય છે. આધ્યાત્મિક દૃષ્ટિએ તેનું કશુંય મહત્ત્વ નથી. તેથી જ તે પરમાર્થ- સત્ નથી પણ મિથ્યા (= અસાર) છે. તેથી નોકર્મ, દ્રવ્યકર્મ અને ભાવકર્મ દ્વારા થતી સંયોગ-વિયોગાદિસ્વરૂપ ઉથલ-પાથલના નિમિત્તે આઘાત-પ્રત્યાઘાતના વમળમાં ફસાવાના બદલે ત્રિકાળધ્રુવ, પરમાર્થસત્ ચૈતન્યસ્વરૂપ પોતાના આત્મતત્ત્વ પ્રત્યે રુચિપૂર્વક દૃષ્ટિને સ્થાપિત કરી પ્રબળ-સાનુબંધ-સકામ કર્મનિર્જરામય આંતરિક મોક્ષમાર્ગે આગેકૂચ કરવી તે જ તત્ત્વતઃ પરમ શ્રેયસ્કર છે. તેનાથી **હિતોપદેશમાલાવૃત્તિ**માં શ્રી**પરમાનંદસૂરિજી**એ દર્શાવેલ સકલ કર્મના ક્ષય સ્વરૂપ મોક્ષ ખૂબ જ નજીક આવે છે. (૩/૧૪)

એ ભેદના ઢાલ ઉપરિ અભેદનો ઢાલ કહિયો, જે માટઈ ભેદનયપક્ષનો અભિમાન અભેદનય ટાલઈ. હવઇ એ બિહુ નયના સ્વામી દેખાડીનઈં, સ્થિતપક્ષ કહઈ છઈ -

**ભેદ ભણઇ નૈયાયિકો♦ જી, સાંખ્ય અભેદ પ્રકાશ;**

**✡જઇન ઉભય વિસ્તારતો જી, પામઈ સુજસ વિલાસ રે ॥૩/૧૫॥ (૪૦) ભવિકા.**

♱ભેદનૈ નૈયાયિક ❖ભણિં = ભાષઇ, જે માટઈ તે *અસત્કાર્યવાદી* છઇ. **સાંખ્ય** તે **અભેદ**નય ✠પ્રકાશઇ છઇ.

---

इह द्रव्य-गुण-पर्यायाणां भेदैकान्तवादं प्रति तेषामभेदः स्थापितः, अभेदनयस्य भेदैकान्तवादाऽभिमाननिवारकत्वात्। अधुना भेदनयाऽभेदनयस्वामिप्रदर्शनेन स्थितपक्षमुपदर्शयति – '**नैयायिक**' इति।

**नैयायिको भणेद् भेदं साङ्ख्योऽभेदं तु केवलम्।**

**उभयं प्रथयन् जैनो यशोविलासमश्नुते।।३/१५।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – नैयायिकः केवलं भेदं भणेद्। साङ्ख्यस्तु (केवलम्) अभेदं (भणेत्)। उभयं प्रथयन् जैनो यशोविलासम् अश्नुते।।३/१५।।

**नैयायिक** उपलक्षणाद् वैशेषिकश्च द्रव्य-गुणादीनां **भेदं** = भेदैकान्तं **भणेत्** = प्रकाशेत, असत्कार्यवादित्वात्। **साङ्ख्य** उपलक्षणात् पातञ्जलश्च **तु** द्रव्य-गुणादीनां **केवलम् अभेदम्** = अभेदैकान्तनयं **भणेत्**, सत्कार्यवादित्वात्, **तुः** पूर्वोक्तमताद् विशेषद्योतनार्थः, "तु स्याद् भेदेऽवधारणे"

---

**અવતરણિકા** :- દ્રવ્ય-ગુણ-પર્યાયના એકાંતભેદવાદની સામે તેના અભેદની અહીં સ્થાપના કરી. કારણ કે અભેદનય એકાંતભેદવાદના અભિમાનનું નિવારણ કરે છે. હવે ત્રીજી શાખાનો ઉપસંહાર કરતા ગ્રંથકારશ્રી ભેદનયના અને અભેદનયના સ્વામીને દેખાડી સ્થિતપક્ષ = સિદ્ધાંતપક્ષ જણાવે છે :-

**શ્લોકાર્થ** :- નૈયાયિક એકાંતભેદને જણાવે છે. તથા સાંખ્ય તો એકાંતઅભેદને કહે છે. (દ્રવ્ય-ગુણ-પર્યાયમાં કથંચિત્) ભેદ-અભેદ ઉભયને પ્રગટ કરનાર જૈનો સુયશના વિલાસને પ્રાપ્ત કરે છે. (૩/૧૫)

### ‍卐 ભેદવાદી નૈયાયિક - અભેદવાદી સાંખ્ય 卐

**વ્યાખ્યાર્થ** :- મૂળ શ્લોકમાં રહેલ 'નૈયાયિક' શબ્દ વૈશેષિકનો ઉપલક્ષક છે. તેથી અર્થ એવો થશે કે નૈયાયિક અને વૈશેષિક નામના વિદ્વાનો દ્રવ્ય અને ગુણાદિ વચ્ચે એકાંત ભેદનું પ્રકાશન કરે છે. કારણ કે તે બન્ને અસત્કાર્યવાદી છે. જ્યારે સાંખ્ય અને ઉપલક્ષણથી પાતંજલ વિદ્વાનો તો દ્રવ્ય અને ગુણાદિ વચ્ચે એકાંત અભેદનયને જણાવે છે. કારણ કે તે બન્ને સત્કાર્યવાદી છે. મૂળ શ્લોકમાં રહેલ 'तु' શબ્દ નૈયાયિક અને વૈશેષિક મતની અપેક્ષાએ સાંખ્યમતમાં રહેલ વિશેષતાનો ઘોતક છે. **હલાયુધે અભિધાનરત્નમાલામાં** ભેદ = વિશેષતા અને અવધારણ અર્થમાં 'तु' શબ્દ જણાવેલ છે.

---

♦ મ.+શા.માં 'નઈયા...' પાઠ. કો.(૩+૧૦+૧૧)નો પાઠ લીધેલ છે. ✡ કો.(૨+૧૨)માં 'જૈન' પાઠ. ♱ પુસ્તકોમાં 'ભેદઃ તે' પાઠ. કો.(૧૩)માં 'ભેદપક્ષ' પાઠ. આ.(૧)નો પાઠ અહીં લીધો છે. ❖ પુસ્તકોમાં 'ભણિં' નથી. કો.(૯)માં છે. ✠ 'પ્રકાશક' ભા૦ + પા૦ માં પાઠ છે.

(अ.र.मा.५/९५) इति **अभिधानरत्नमालायां हलायुध**वचनात्। साङ्ख्यस्यैकान्तसत्कार्यवादित्वात् शाक्य-वैशेषिक-नैयायिका यान् दोषान् साङ्ख्यमते दर्शयन्ति ते सत्या एव। एवमेकान्ताऽसत्कार्यवादिमते यान् दोषान् साङ्ख्याः प्रदर्शयन्ति तेऽपि सत्या एव।

अत एवोक्तं **सिद्धसेनदिवाकरसूरिवरेण सम्मतितर्के** [1]"जे संतवायदोसे सक्कोलूया भणंति संखाणं। संखा य असव्वाए तेसिं सव्वे वि ते सच्चा।।" (स.त.३/५०) इति। श्री**अभयदेवसूरि**कृत**वृत्ति**लेशस्त्वेवम् "यान् एकान्तसद्वादपक्षे = द्रव्यास्तिकाभ्युपगतपदार्थाभ्युपगमे शाक्यौलूक्या दोषान् वदन्ति साङ्ख्यानां क्रिया-गुण-व्यपदेशोपलब्ध्यादिप्रसङ्गादिलक्षणान् ते सर्वेऽपि तेषां सत्या इत्येवं सम्बन्धः कार्यः।

ते च दोषा एवं सत्याः स्युः यदि अन्यनिरपेक्षनयाभ्युपगतपदार्थप्रतिपादकं तत् शास्त्रं मिथ्या स्यात्, नान्यथा, प्रागपि कार्यावस्थात एकान्तेन तत्सत्त्वनिबन्धनत्वात् तेषाम्, अन्यथा कथञ्चित् सत्त्वे अनेकान्तवादापत्तेः

---

સાંખ્યદર્શન એકાંત સત્કાર્યવાદી છે. માટે બૌદ્ધ, વૈશેષિક અને નૈયાયિક વિદ્વાનો સાંખ્યદર્શનમાં જે દોષોને જણાવે છે તે દોષો સત્ય જ છે. તે જ રીતે નૈયાયિક વગેરે વિદ્વાનો એકાંત અસત્કાર્યવાદી હોવાથી તેમના મતમાં સાંખ્ય વિદ્વાનો જે દોષોને દેખાડે છે તે પણ સત્ય જ છે.

### ✻ એકાંતપક્ષમાં રહેલા દૂષણો વાસ્તવિક છે. ✻

(अत.) આ જ કારણથી શ્રી**સિદ્ધસેનદિવાકરસૂરિજી**એ **સમ્મતિતર્ક** પ્રકરણમાં જણાવેલ છે કે "સાંખ્યદર્શનના સત્કાર્યવાદમાં બૌદ્ધ અને વૈશેષિકો જે દોષોદ્ભાવન કરે છે. તથા બૌદ્ધસંમત અને વૈશેષિકદર્શનસંમત અસત્કાર્યવાદમાં સાંખ્ય વિદ્વાનો જે દોષને દેખાડે છે તે બધા ય દોષો તથ્યપૂર્ણ છે." **સમ્મતિતર્ક**ની **વાદમહાર્ણવ** વૃત્તિમાં શ્રી**અભયદેવસૂરિજી**એ **સિદ્ધસેનદિવાકરજી**ના આશયની સ્પષ્ટતા કરતા જણાવેલ છે કે "દ્રવ્યાસ્તિકનયને સંમત એવા પદાર્થનું અવલંબન લઈને સાંખ્ય વિદ્વાનોએ એકાંત અભિનિવેશપૂર્વક સત્કાર્યવાદનું સ્થાપન કરેલ છે. તથા બૌદ્ધે અને વૈશેષિકોએ એકાંત સત્કાર્યવાદમાં અનેક દોષો જણાવેલા છે. જેમ કે (૧) પોતાની ઉત્પત્તિની પૂર્વે કાર્ય પોતાના ઉપાદાનકારણમાં સત્ હોય તો તેનાથી અર્થક્રિયાની ઉપલબ્ધિ થવી જોઈએ. દા.ત. મૃત્પિંડમાં ઘટ સત્ હોવાથી પાણી લાવવાનું કાર્ય ( = અર્થક્રિયા) મૃત્પિંડ દ્વારા થવું જોઈએ. (૨) કાર્યજન્મની પૂર્વે સત્ એવા કાર્યના ગુણો દેખાવા જોઈએ. દા.ત. મૃત્પિંડમાં ઘટ સત્ હોવાથી મૃત્પિંડઅવસ્થામાં ઘટસંસ્થાન વગેરે ગુણો ઉપલબ્ધ થવા જોઈએ. (૩) કાર્યજન્મની પૂર્વે કાર્ય હાજર હોય તો ત્યારે ઉપાદાનકારણને ઉદ્દેશીને કાર્ય તરીકેનો વ્યવહાર થવો જોઈએ. દા.ત. મૃત્પિંડ અવસ્થામાં ઘડો વિદ્યમાન હોવાથી મૃત્પિંડને ઉદ્દેશીને 'ઘડા' તરીકેનો વ્યવહાર થવો જોઈએ.... ઈત્યાદિ દોષોને તેઓ સાંખ્યમતમાં જણાવે છે. ગ્રંથકાર મહર્ષિ કહે છે કે 'તે તમામ દોષો સત્ય છે.' ગાથાના પૂર્વાર્ધનો આ રીતે અન્વય કરવો.

(ते.) 'તે દોષો સત્ય કઈ રીતે છે ?' આ પ્રશ્નનું સમાધાન આ રીતે સમજવું. સાંખ્યોનું શાસ્ત્ર જો પ્રતિદ્વન્દ્વી નયથી નિરપેક્ષ એવા એક નયને માન્ય પદાર્થોનું પ્રતિપાદન કરતું હોય તો તે શાસ્ત્ર અવશ્ય મિથ્યા જ હોવું જોઈએ. એક નયનો અભિનિવેશ ન હોય તો તે શાસ્ત્ર મિથ્યા ન હોઈ શકે. આનું કારણ એ છે કે કાર્યઅવસ્થાથી પૂર્વકાળમાં પણ એકાંતે કાર્યનું અસ્તિત્વ માન્ય કરવામાં આવે

---

1. यान् सद्वाददोषान् शाक्यौलूक्या वदन्ति साङ्ख्यानाम्। साङ्ख्याः च असद्वादे तेषां सर्वेऽपि ते सत्याः ।।

दोषाभाव एव स्यात्। साङ्ख्या अपि असत्कार्यवाददोषान् असदकरणादीन् यान् वदन्ति ते सर्वे तेषां सत्या एव, एकान्ताऽसति कारणव्यापाराऽसम्भवात्, अन्यथा शशशृङ्गादेरपि कारणव्यापारादुत्पत्तिः स्याद्" (स.त. ३/५० वृ.) इति। अत एव ते मिथो हताः।

इदञ्चात्रावधेयम् – (१) सुगतमते 'असतः सदुत्पत्तिः', विनष्टबीजादङ्कुरोत्पत्तिवत्। (२) साङ्ख्यमते 'सतः सदुत्पत्तिः', अविनष्टमृत्तिकाद्रव्यात् सद्घटोत्पत्तिवत्। (३) नैयायिकादिमते 'सतः असदुत्पत्तिः', नित्यपरमाणुद्रव्याद् असद्द्व्यणुकोत्पत्तिवत्। (४) जैनमते 'सदसत्कारणात् सदसद्रूपकार्योत्पत्तिः' यथा मृत्तिकारूपेण सतः घटत्वरूपेण चासतः मृत्पिण्डाद् जायमानो घटो घटत्वेन रूपेण सन् मृत्पिण्डरूपेण चाऽसन्। अत एव कर्तृव्यापारपूर्वम् उपादानकारणे द्रव्यात्मना सदपि

---

તો જ તે મિથ્યાત્વનું મૂળ કારણ બને. જો કાર્યજન્મની પૂર્વે એકાંતે કાર્યસત્ત્વ માનવાના બદલે કથંચિત્ કાર્યસત્ત્વ માન્ય કરવામાં આવે તો અનેકાંતવાદની પધરામણી થવાથી એક પણ દોષ આવી શકતો નથી. તથા સાંખ્ય વિદ્વાનો પણ નૈયાયિક આદિને માન્ય એવા અસત્કાર્યવાદમાં અનેક દોષોનું ઉદ્ભાવન કરે છે. તે આ રીતે. (૧) અસદ્ અકરણ, (૨) ઉપાદાનગ્રહણ, (૩) સર્વસંભવવિરહ, (૪) શક્ત દ્વારા શક્યનું કરણ અને (૫) કારણાત્મક કાર્ય. (પ્રસ્તુત ત્રીજી શાખાના સાતમા શ્લોકના વિવરણમાં આ પાંચેય બાબત આપણે વિચારેલ છે. તેથી અહીં ફરીથી તેનું વિવેચન અમે કરતા નથી.) ગ્રંથકાર મહર્ષિ કહે છે કે સાંખ્યો અસત્કાર્યવાદમાં જે દોષો દર્શાવે છે તે પણ સત્ય જ છે. કારણ કે એકાંતે અસત્ એવા કાર્યને ઉદ્દેશીને કર્તા વગેરે કારકોની પ્રવૃત્તિનો અસંભવ છે. જો સર્વથા અસત્ એવા કાર્યને ઉદ્દેશીને કર્તાની પ્રવૃત્તિ થઈ શકતી હોય તો કુંભાર આદિની પ્રવૃત્તિ દ્વારા શશશૃંગ વગેરેની પણ ઉત્પત્તિ થવી જોઈએ." શ્રી**અભયદેવસૂરિ** મહારાજે તો **સમ્મતિતર્ક**ની ઉપરોક્ત ગાથાનું વિવેચન તો અતિવિસ્તારથી કરેલ છે. તેનો અતિ મહત્ત્વપૂર્ણ અલ્પ અંશ અહીં દર્શાવેલ છે. પરંતુ તેના દ્વારા પણ એટલું તો નિશ્ચિત થાય છે કે એકાંત સત્કાર્યવાદી અને એકાંત અસત્કાર્યવાદી એકબીજાના મતમાં સત્ય એવા દોષોનું ઉદ્ભાવન કરવા દ્વારા પરસ્પર પરાજીત થાય છે.

### ❈ કાર્યોત્પત્તિ અંગેના ચાર મતો ❈

(**इदञ्चा.**) પ્રસ્તુતમાં કાર્યોત્પત્તિ અંગે દાર્શનિક જગતમાં અનેક પ્રકારની વિપ્રતિપત્તિઓ પ્રવર્તે છે. (૧) 'અસત્ દ્વારા સત્ની ઉત્પત્તિ થાય છે' - આ બૌદ્ધોનો સિદ્ધાંત છે. જેમ કે બીજનો વિનાશ થયા બાદ અંકુરની ઉત્પત્તિ થાય છે, મૃત્પિંડ નષ્ટ થઈને ઘટ ઉત્પન્ન થાય છે. (૨) 'સત્ થી સત્ની ઉત્પત્તિ થાય છે' - આ પ્રમાણે સાંખ્યોનો સિદ્ધાંત છે. જેમ કે અવિનષ્ટ મૃત્તિકાદ્રવ્યથી સત્ એવા ઘટની ઉત્પત્તિ થાય છે. (૩) 'સત્થી અસત્ની ઉત્પત્તિ થાય છે' - આ નૈયાયિક આદિ વિદ્વાનોનો મત છે. જેમ કે નિત્ય એવા પરમાણુ દ્રવ્યથી અસત્ = જન્મપૂર્વે ઉપાદાનકારણમાં અવિદ્યમાન એવા દ્વ્યણુકની ઉત્પત્તિ થાય છે. (૪) 'સદ્-અસત્કારણથી સદ્-અસત્સ્વરૂપ કાર્યની ઉત્પત્તિ થાય છે' - તેમ જૈનોનું કહેવું છે. જેમ કે જે મૃત્પિંડ મૃત્તિકારૂપે સત્ હોય અને ઘટત્વરૂપે અસદ્ હોય તે સદ્-અસત્સ્વરૂપ કારણ બને છે. આવા સદ્-અસદ્ મૃત્પિંડ સ્વરૂપ કારણથી સદ્-અસદ્રૂપે ઘટની ( = કાર્યની) ઉત્પત્તિ થાય છે. મૃત્પિંડથી ઉત્પન્ન થતો ઘટ ઘટત્વરૂપે સત્ છે અને મૃત્પિંડરૂપે અસત્ છે. કારણ કે તે અવસ્થામાં

**જઈન** તે ▸ભેદ-અભેદ, એકાનેક, નિત્યાનિત્યાદિ◂ (**ઉભય**=) બેહુનય સ્યાદ્વાદઈ કરીનઈં **વિસ્તારતો** ભલા **યશ**નો **વિલાસ પામઈ**. જે માટઈં પક્ષપાતી બેહુ નય માંહોમાંહિં ઘસાતાં, સ્થિતપક્ષ અપક્ષપાતી♦ સ્યાદ્વાદીનો જ દીપઈ.

---

कार्यं पर्यायात्मना असदुच्यतेऽस्माभिः। इदमेवाऽभिप्रेत्य **सूत्रकृताङ्गवृत्तौ श्रीशीलाङ्काचार्येण** "अस्माकञ्च द्रव्य-पर्यायोभयवादिनां कारणे कार्यं द्रव्यात्मतया विद्यते, न पर्यायात्मकतया" (सू.कृ.श्रु.स्क.२/अ.६/सू.४८/ पृ.४०३) इत्युक्तम्।

इत्थं **जैनः** = जिनमताभिमतानेकान्तवादराद्धान्तवेदी सदसत्कार्यवादी तु द्रव्य-गुण-पर्यायाणाम् **उभयं** = भेदाभेदोभयं तदविनाभावि च सदसत्कार्यवादम् उपलक्षणाद् एकानेक-नित्यानित्य-वाच्याऽवाच्यादिकं स्याद्वादरीत्या **प्रथयन्** सर्वतन्त्रसदसि **यशोविलासं** = यशसो विलासम् **अश्नुते** = लभते, अभिनिविष्टयोः भेदनयाऽभेदनययोः दर्शितरीत्या मिथः पराभवाद् अपक्षपातिनोऽनेकान्तवादस्य परस्परानुविद्धभेदाभेदाद्युभयाभ्युपगमपरस्य स्थिरपक्षतया प्रकाशनात्। तथा च न प्रत्येकपक्षप्रयुक्त-

---

મૃદ્દ્રવ્ય પિંડપર્યાયનો ત્યાગ કરી ઘટપર્યાયરૂપે પરિણમી જાય છે. આ જ કારણથી અમારા મતે કર્તૃવ્યાપારપૂર્વે ઉપાદાનકારણમાં કાર્ય દ્રવ્યરૂપે વિદ્યમાન છે. પણ પર્યાયસ્વરૂપે વિદ્યમાન નથી. આ જ અભિપ્રાયથી **શ્રીશીલાંકાચાર્યજીએ સૂયગડાંગસૂત્રવ્યાખ્યા**માં જણાવેલ છે કે "અમે જૈનો વસ્તુને દ્રવ્ય -પર્યાયઉભયસ્વરૂપ માનીએ છીએ. તેથી અમારા મતે કર્તૃવ્યાપારપૂર્વે ઉપાદાનકારણમાં દ્રવ્યસ્વરૂપે કાર્ય હાજર છે તથા પર્યાયરૂપે ગેરહાજર છે."

### ❯ દ્રવ્ય-ગુણાદિનો ભેદાભેદ : જૈન ❯

(इत्थं.) આ રીતે જિનેશ્વર ભગવંતોના મતે સંમત એવા અનેકાંતવાદના સિદ્ધાંતને જાણનારા સદ્-અસત્કાર્યને બોલનારા એવા જૈનોના મતે તો દ્રવ્ય-ગુણ-પર્યાયમાં ભેદાભેદ ઉભય રહેલ છે. તથા દ્રવ્યાદિ ત્રણમાં ભેદાભેદ હોવાથી જ તેનો અવિનાભાવી એવો સદ્-અસત્ કાર્યવાદ પણ જૈનો સ્વીકારે છે. જૈનો સ્યાદ્વાદી હોવાના કારણે વસ્તુને એકાત્મક અને અનેકાત્મક માને છે. તેઓ દરેક વસ્તુને નિત્યાનિત્ય ઉભય સ્વરૂપ દર્શાવે છે. તથા દરેક પદાર્થ વાચ્ય-અવાચ્ય ઉભયાત્મક છે. આ પ્રમાણે સ્યાદ્વાદની પદ્ધતિ મુજબ જૈનો પ્રતિપાદન કરે છે. (મૂળ શ્લોકમાં ન કહેલ હોવા છતાં પણ) આ વાત અહીં ઉપલક્ષણથી જણાવેલ છે. આ રીતે દ્રવ્ય-ગુણાદિમાં પરસ્પર ભેદાભેદ વગેરેને અનેકાંતસિદ્ધાંતની પદ્ધતિ મુજબ જણાવતા જૈન વિદ્વાનો સર્વ દર્શનોની સભામાં યશના વિલાસને (= વૈભવને) પ્રાપ્ત કરે છે. દ્રવ્ય અને ગુણાદિ વચ્ચે એકાન્તે ભેદને માનનાર નૈયાયિકદર્શન (= ભેદનય) તથા દ્રવ્ય અને ગુણાદિ વચ્ચે એકાંતે અભેદ માનનાર સાંખ્યદર્શન (= અભેદનય) - આ બન્નેનો ઉપરોક્ત પદ્ધતિ મુજબ પરસ્પર પરાભવ કરવાથી તથા અપક્ષપાતી એવા અનેકાંતવાદને સિદ્ધાંતપક્ષ તરીકે જગતમાં જાહેર કરવાથી જૈનો વિદ્વત્સભામાં યશ-કીર્તિને મેળવે તે સ્વાભાવિક છે. કેમ કે પરસ્પર અનુવિદ્ધ ભેદાભેદાદિ ઉભયનો સ્વીકાર કરવામાં સ્યાદ્વાદ તત્પર હોવાથી એકાંતભેદપક્ષ કે એકાંતઅભેદપક્ષ દ્વારા પ્રદર્શિત દોષનો તેમાં

---

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે. ♦ લી.(૩)માં 'અપક્ષપાતી'ના બદલે 'રૂપનો' પાઠ.

उक्तं च – अन्योऽन्यपक्षप्रतिपक्षभावाद् यथा परे मत्सरिणः प्रवादाः।
**नयानशेषानविशेषमिच्छन् न पक्षपाती समयस्तथा ते।। (अन्ययोगव्यवच्छेदद्वात्रिंशिका-३०)**

दोषापत्तिः। तदुक्तं **सूत्रकृताङ्गसूत्रवृत्तौ श्रीशीलाङ्काचार्येण** "अवयवाऽवयविनोः कथञ्चिद् भेद इत्येवं भेदाऽभेदाख्यतृतीयपक्षसमाश्रयणात् प्रत्येकपक्षाश्रितदोषानुपपत्तिः" (सू.कृ.श्रु.स्क.२/अ.५/सू.२२/वृ.पृ.३८०) इति। **समन्तभद्राचार्येणा**ऽपि **आप्तमीमांसायां** "प्रमाणगोचरौ सन्तौ भेदाऽभेदौ न संवृती। तावेकत्राविरुद्धौ ते (= तव) गुण-मुख्यविवक्षया।।" (आ.मी.३६) इत्युक्तम्।

तदुक्तं परदर्शनानां परस्परविरुद्धार्थसमर्थकतया मत्सरित्वमभिनिविष्टत्वञ्च प्रकाशयता सर्वज्ञोपज्ञस्याद्वादसिद्धान्तस्य चाऽन्योऽन्यानुगतसर्वनयमयतया मात्सर्याऽभावमनभिनिविष्टत्वञ्चाऽऽविर्भावतया कलिकालसर्वज्ञेन **श्रीहेमचन्द्रसूरिणा अन्ययोगव्यवच्छेदद्वात्रिंशिकायां** "अन्योऽन्यपक्षप्रतिपक्षभावाद् यथा परे मत्सरिणः प्रवादाः। नयानशेषानविशेषमिच्छन् न पक्षपाती समयस्तथा ते।।" (अन्य.यो.व्य.३०) इति।

**मल्लिषेणसूरि**कृता **स्याद्वादमञ्जरी**नाम्नी **तद्वृत्तिः** "प्रकर्षेण उद्यते प्रतिपाद्यते स्वाभ्युपगतोऽर्थो यैरिति प्रवादाः। यथा = येन प्रकारेण परे = भवच्छासनाद् अन्ये, प्रवादाः = दर्शनानि। मत्सरिणः अतिशायने

---

અવકાશ નથી. તેથી જ **સૂયગડાંગસૂત્રવ્યાખ્યા**માં **શ્રીશીલાંકાચાર્યજી**એ જણાવેલ છે કે 'અવયવ-અવયવીમાં કથંચિત્ ભેદ માનવાના લીધે સ્યાદ્વાદી ભેદાભેદ નામના ત્રીજા પક્ષનો સમ્યક્ રીતે સ્વીકાર કરતા હોવાથી એકાંતભેદપક્ષમાં કે એકાન્તઅભેદપક્ષમાં આવનારા દોષ અનેકાન્તવાદમાં લાગુ પડતા નથી.' **સમંતભદ્રાચાર્યે** પણ **આપ્તમીમાંસા**માં જણાવેલ છે કે 'ભેદ અને અભેદ પ્રમાણવિષય છે, મિથ્યા નથી. તેથી હે ભગવાન ! તમને ગૌણ-મુખ્યવિવક્ષાથી એકત્ર ભેદાભેદ અવિરુદ્ધરૂપે માન્ય છે.'

## ❋ પરદર્શનીઓ પ્રત્યે શ્રીહેમચંદ્રાચાર્યજીનું મંતવ્ય ❋

(**तदुक्तं**.) જૈનેતર દર્શનો એકબીજાના મતથી અત્યંત વિરુદ્ધ પદાર્થોનું સમર્થન કરે છે. તેથી તેઓ પરસ્પર ઈર્ષ્યાભાવ રાખનારા છે તથા કદાગ્રહી છે. આવું કલિકાલસર્વજ્ઞ શ્રી**હેમચંદ્રસૂરિવરે અન્યયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા**માં જણાવેલ છે. તથા સર્વજ્ઞ ભગવંતે પ્રરૂપેલ સ્યાદ્‌વાદસિદ્ધાંત પરસ્પર અનુગત એવા સર્વ નયોથી વ્યાપ્ત છે. આ કારણસર જૈનદર્શન અન્યદર્શનો પ્રત્યે ઈર્ષ્યા ધરાવતું નથી. તથા કોઈ એક મતમાં પોતાનો કદાગ્રહ રાખતું નથી. આ વાત તેઓશ્રીએ ત્યાં જણાવેલ છે. આ રહ્યા તેઓના શબ્દો :- "પક્ષ-પ્રતિપક્ષના ભાવથી અન્ય દર્શનો એક-બીજા ઉપર માત્સર્ય ભાવને ધારણ કરે છે. પરંતુ હે ભગવાન્ ! આપનો સિદ્ધાંત સમસ્ત નયોને સમાનરૂપ દેખવાથી તેવા પ્રકારનો પક્ષપાતી નથી. કેમ કે આપનો સિદ્ધાંત તો સર્વમતોને કોઈ નયની અપેક્ષાએ સત્ય તરીકે સમજે છે."

## ❋ પરપ્રવાદીઓનો પરસ્પર મત્સરભાવ ❋

(**मल्लि.**) **અન્યયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા** ઉપર સમર્થ દાર્શનિક શ્રી**મલ્લિષેણસૂરિ** નામના જૈનાચાર્ય ભગવંતે **સ્યાદ્‌વાદમંજરી** નામની વ્યાખ્યા રચેલ છે. તેમાં તેઓશ્રીએ ઉપરોક્ત શ્લોકની છણાવટ કરતા જે જણાવેલ છે તે આ મુજબ છે - "(પ્રવાદ = સ્વાભિમતઅર્થનું દૃઢ પ્રતિપાદન કરતો વાદ.) હે પ્રભુ ! આપના શાસનને નહિ પામેલા બીજાઓ દુરાગ્રહને વશ થયા છે અને પરસ્પર પક્ષ-પ્રતિપક્ષભાવ

मत्वर्थीयेन्विधानात् सातिशयासहनताशालिनः क्रोधकषायकलुषितान्तःकरणाः सन्तः पक्षपातिनः, इतरपक्षतिरस्कारेण स्वकक्षीकृतपक्षव्यवस्थापनप्रवणा वर्तन्ते। कस्माद् हेतोर्मत्सरिणः ? इत्याह – अन्योऽन्यपक्षप्रतिपक्षभावात्। पच्यते = व्यक्तीक्रियते साध्यधर्मवैशिष्ट्येन हेत्वादिभिरिति पक्षः – कक्षीकृतधर्मप्रतिष्ठापनाय साधनोपन्यासः। तस्य प्रतिकूलः पक्षः प्रतिपक्षः। पक्षस्य प्रतिपक्षो – विरोधी पक्षः पक्षप्रतिपक्षः। तस्य भावः पक्षप्रतिपक्षभावः। अन्योऽन्यं = परस्परं यः पक्षप्रतिपक्षभावः = पक्षप्रतिपक्षत्वमन्योऽन्यपक्षप्रतिपक्षभावस्तस्मात्।

तथाहि – य एव मीमांसकानां नित्यः शब्द इति पक्षः, स एव सौगतानां प्रतिपक्षः, तन्मते शब्दस्यानित्यत्वात्। य एव सौगतानामनित्यः शब्द इति पक्षः, स एव मीमांसकानां प्रतिपक्षः। एवं सर्वप्रयोगेषु योज्यम्। तथा = तेन प्रकारेण ते = तव। सम्यग् एति गच्छति शब्दोऽर्थमनेन इति "पुन्नाम्नि घः" (**सिद्धहेम**-५/३/१३०) समयः = सङ्केतः। यद्वा सम्यग् अवैपरीत्येन ईयन्ते = ज्ञायन्ते जीवाजीवादयोऽर्था अनेन इति समयः = सिद्धान्तः। अथवा सम्यग् अयन्ते = गच्छन्ति जीवादयः पदार्थाः स्वस्मिन् स्वरूपे प्रतिष्ठां प्राप्नुवन्ति अस्मिन् इति समयः = आगमः। न पक्षपाती = नैकपक्षानुरागी। पक्षपातित्वस्य हि कारणं मत्सरित्वं परप्रवादेषु उक्तम्। त्वत्समयस्य च मत्सरित्वाभावाद् न पक्षपातित्वम्। पक्षपातित्वं हि मत्सरित्वेन व्याप्तम्, व्यापकं च निवर्त्तमानं व्याप्यमपि निवर्तयति इति मत्सरित्वे निवर्तमाने पक्षपातित्वमपि निवर्तत इति भावः। तव समय इति वाच्यवाचकभावलक्षणे सम्बन्धे षष्ठी।

---

રાખે છે. આ પક્ષ-પ્રતિપક્ષભાવને કારણે તે બીજા પ્રવાદીઓ અત્યંત અસહિષ્ણુ અને ક્રોધથી કલુષિત હૃદયવાળા બન્યા છે. તથા પરસ્પર મત્સર રાખે છે. 'मत्सरिणः' શબ્દમાં 'મત્સર' શબ્દને મત્વર્થીય 'ઈન્' પ્રત્યય લાગ્યો છે. તે 'સાતિશય' અર્થદ્યોતક છે. હેતુ વગેરે દ્વારા સાધ્યના આશ્રય તરીકે જેનું કથન થાય તે પક્ષ. અર્થાત્ સ્વીકૃત એવા સાધ્યની પ્રતિષ્ઠા = સિદ્ધિ કરવા માટે હેતુની જેમાં રજૂઆત થાય તે પક્ષ સમજવો. 'પરવાદીઓ મત્સરવાળા છે' - તેમ સિદ્ધ કરવા માટે હેતુ તરીકે જણાવેલ 'અન્યોન્યપક્ષ-પ્રતિપક્ષભાવ ધરાવે છે' - તે વાત અસિદ્ધ નથી. તે નીચે મુજબ સમજી શકાય છે.

(**तथाहि.**) "શબ્દ નિત્ય છે" - આવો મીમાંસકોનો પક્ષ એ જ બૌદ્ધો માટે પ્રતિપક્ષ છે. બૌદ્ધોનો પક્ષ છે - 'શબ્દ અનિત્ય છે.' આ જ મીમાંસકો માટે પ્રતિપક્ષ છે. કેમ કે બૌદ્ધો શબ્દને અનિત્ય ઠેરવવા મહેનત કરે છે અને મીમાંસકો શબ્દને નિત્ય ઠેરવવા પ્રયત્નશીલ છે. આ જ પ્રમાણે અન્યત્ર પણ સમજવું. સમય = જેના દ્વારા શબ્દ સમ્યગ્ અર્થને પામે તે. અર્થાત્ સમય = સંકેત. (અહીં 'सम् + इ' ધાતુને 'पुन्नाम्नि घः' એવા **સિદ્ધહેમશબ્દાનુશાસનસૂત્ર**થી 'घ' પ્રત્યય લાગ્યો છે.) અથવા સમ્યગ્ (= અવિપરીતપણાથી) જ્ઞાત થાય જીવાજીવાદિ પદાર્થો જેનાથી તે સમય = સિદ્ધાંત. અથવા જેમાં જીવાદિ પદાર્થો પોતાના સમ્યગ્ = યથાર્થ સ્વરૂપમાં પ્રતિષ્ઠા પામ્યા છે તે સમય = આગમ. હે નાથ ! તારા આગમો કે તારા સિદ્ધાંતો પક્ષપાતી નથી. કેમ કે મત્સરી નથી. પરપ્રવાદોમાં પક્ષપાતનું કારણ મત્સર બતાવ્યું. આમ પક્ષપાતિપણું મત્સરિપણાને વ્યાપ્ત છે. (અર્થાત્ મત્સરની હાજરીમાં જ પક્ષપાત હોય અને મત્સરના અભાવમાં પક્ષપાત ન જ હોય.) નિવૃત્ત થતો મત્સરરૂપ વ્યાપક પક્ષપાતરૂપ પોતાના વ્યાપ્યને પણ નિવૃત્ત કરે છે. તેથી તારા આગમમાંથી દૂર રહેતો મત્સરભાવ પક્ષપાતને પણ દૂર રાખે છે - આ ભાવ છે. કાવ્યમાં 'तव समयः' (= તારા સિદ્ધાંત) એમ ષષ્ઠી વિભક્તિનો નિર્દેશ

सूत्रापेक्षया गणधरकर्तृकत्वेऽपि समयस्य अर्थापेक्षया भगवत्कर्तृकत्वाद् वाच्यवाचकभावो न विरुद्ध्यते, [1]"अत्थं भासइ अरहा सुत्तं गंथंति गणहरा णिउणं" (**आवश्यकनिर्युक्तिः** ९२) इति वचनात्। अथवा उत्पाद -व्यय-ध्रौव्यप्रपञ्चः = समयः। तेषां च भगवता साक्षान्मातृकापदरूपतयाऽभिधानात्। तथा चार्षम् – [2]"उप्पन्ने इ वा विगए इ वा धुवे इ वा" (**मातृकापद-स्थानाङ्गसूत्र** ४/२/२९७ - वृत्ति पृ.३७८) इत्यदोषः।

मत्सरित्वाभावमेव विशेषणद्वारेण समर्थयति – नयानशेषानविशेषमिच्छन् इति। अशेषान् = समस्तान् नयान् नैगमादीन्, अविशेषं = निर्विशेषं यथा भवति, एवम् इच्छन् = आकाङ्क्षन् सर्वनयात्मकत्वादनेकान्तवादस्य। यथा विशकलितानां मुक्तामणीनामेकसूत्रानुस्यूतानां हारव्यपदेशः, एवं पृथगभिसन्धीनां नयानां स्याद्वादलक्षणैक-सूत्रप्रोतानां श्रुताख्यप्रमाणव्यपदेश इति।

ननु प्रत्येकं नयानां विरुद्धत्वे कथं समुदितानां निर्विरोधिता ?

उच्यते, यथा हि समीचीनं मध्यस्थं न्यायनिर्णेतारमासाद्य परस्परं विवदमाना अपि वादिनो विवादाद् विरमन्ति, एवं नया अन्योऽन्यं वैरायमाणा अपि सर्वज्ञशासनमुपेत्य स्याच्छब्दप्रयोगोपशमितविप्रतिपत्तयः

---

વાચ્યવાચકભાવ સંબંધને દર્શાવે છે. અર્થાત્ ભગવાન આગમના વાચક ( = પ્રરૂપક) છે.

**શંકા** :- આગમસૂત્રોની રચના ગણધર ભગવંતોએ કરી છે. તેથી ભગવાનને આગમના વાચક કઈ રીતે કહી શકાય ?

**સમાધાન** :- (**सूत्रा.**) બેશક, આગમસૂત્રો ગણધરરચિત છે. છતાં આગમોના અર્થના પ્રરૂપક તો ભગવાન જ છે. તેથી ભગવાનને આગમના વાચક કહેવામાં વિરોધ નથી. તેથી ભગવાનનો આગમ સાથેનો વાચ્યવાચકભાવ સંબંધ સુસંગત છે. **આવશ્યકનિર્યુક્તિ**માં કહ્યું છે કે "અરિહંતો અર્થને પ્રકાશે છે અને ગણધરો સૂત્રોની સુંદર રચના કરે છે." અથવા આગમ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યનો વિસ્તાર છે. તથા ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યરૂપ માતૃકાના = બીજપદોના પ્રકાશક અરિહંતો જ છે. આગમમાં કહ્યું જ છે કે "(સર્વ પદાર્થો) ઉત્પન્ન થાય છે, નાશ પામે છે અને ધ્રુવ (=સ્થિર) રહે છે."

## ❀ સ્યાદ્વાદ દ્વારા સર્વ નયોની મૈત્રી ❀

(**मत्स.**) ભગવાન મત્સરશૂન્ય છે. આ જ બાબતનું કલિકાલસર્વજ્ઞજી વિશેષણમુખે સમર્થન કરે છે કે - હે નાથ ! આપના સિદ્ધાન્તો નૈગમ વગેરે સમસ્ત નયોને સમાન રીતે ઇચ્છે છે. તેથી આપના સિદ્ધાંતો મત્સરભાવ વિનાના છે અને અનેકાન્તવાદમય છે. આ અનેકાન્તવાદ સર્વ નયોના સમૂહરૂપ છે અને નૈગમ આદિ સર્વ નયોને સમાનરૂપે જુએ છે અને માન્ય રાખે છે. જેમ છૂટા મોતીઓને એક દોરો જોડે છે અને ત્યારે એ જ મોતીઓ 'હાર' ના હુલામણા નામને પામે છે. તે પ્રમાણે ભિન્ન -ભિન્ન અર્થવાળા નયો સ્યાદ્વાદરૂપ દોરીથી ગુંથાવાથી 'શ્રુત' નામના પ્રમાણનો વિષય બને છે.

**શંકા** :- (**ननु.**) નયો પૃથક્ અવસ્થામાં જો વિરોધી હોય તો ભેગા થાય ત્યારે વિરોધ વિનાના શી રીતે બને ?

**સમાધાન** :- (**उच्य.**) જેમ પરસ્પર વિવાદ કરતા પણ વાદીઓ યોગ્ય મધ્યસ્થ નિર્ણાયકને પામી વિવાદ છોડે છે તેમ પરસ્પર વિરોધભાવને રાખતા નયો પણ સર્વજ્ઞના શાસનને પામી, 'સ્યાત્' શબ્દના

---

1. अर्थं भाषते अर्हन् सूत्रं ग्रथ्नन्ति गणधराः निपुणम् । 2. उत्पन्न इति वा विगत इति वा ध्रुव इति वा ।

सन्तः परस्परमत्यन्तं सुहृद्भूयाऽवतिष्ठन्ते। एवं च सर्वनयात्मकत्वे भगवत्समयस्य सर्वदर्शनमयत्वमविरुद्धमेव, नयरूपत्वाद् दर्शनानाम्।

न च वाच्यं तर्हि भगवत्समयस्तेषु कथं नोपलभ्यते इति, समुद्रस्य सर्वसरिन्मयत्वेऽपि विभक्तासु तासु अनुपलम्भात्। तथा च वक्तृवचनयोरैक्यमध्यवस्य **श्रीसिद्धसेनदिवाकरपादाः** – "उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ ! दृष्टयः। न च तासु भवान् प्रदृश्यते प्रविभक्तासु सरित्स्विवोदधिः।।" (द्वा.द्वा.४/२५) इति।

अन्ये त्वेवं व्याचक्षते – यथा अन्योन्यपक्षप्रतिपक्षभावात् परे प्रवादा मत्सरिणस्तथा तव समयः सर्वनयान् मध्यस्थतयाऽङ्गीकुर्वाणो न मत्सरी। यतः कथंभूतः पक्षपाती – पक्षमेकपक्षाभिनिवेशं पातयति तिरस्करोतीति पक्षपाती, रागस्य जीवनाशं नष्टत्वात्। अत्र च व्याख्याने मत्सरीति विधेयपदम्, पूर्वस्मिंश्च पक्षपातीति विशेषः। अत्र च क्लिष्टाक्लिष्टव्याख्यानविवेको विवेकिभिः स्वयं कार्यः" (अन्ययो. व्य.३१ वृ.) इत्येवं वर्तते।

'मत्सरेणाऽभिनिविष्टत्वादेव परदर्शनिनो मिथो हताः' इत्यभिप्रेत्योक्तं **योगसारे** "यथा हतानि

---

સંયોગથી પરસ્પર વિરોધભાવને છોડી એકબીજાના ખાસ મિત્રો બને છે. તેથી 'સર્વનયરૂપજિનશાસન સર્વદર્શનમય છે' - એમ કહેવું ખોટું નથી. કેમ કે બીજા દર્શનો નયરૂપ છે.

## જૈનદર્શનમાં સર્વ દર્શનનો સમાવેશ

**શંકા** :- (न च.) જો ભગવંતનું શાસન સર્વદર્શનસ્વરૂપ છે તો તે સર્વદર્શનમાં કેમ દેખાતું નથી?

**સમાધાન** :- જેમ સમુદ્ર અનેક નદી સ્વરૂપ હોવા છતાં પણ ભિન્ન ભિન્ન નદીઓમાં સમુદ્રની ઉપલબ્ધિ થતી નથી તેમ ભગવત્શાસન સર્વદર્શનસ્વરૂપ હોવા છતાં પણ ભિન્ન ભિન્ન દર્શનોમાં દેખી શકાતું નથી. તેમજ વક્તાનો અને વચનનો અભેદ માનીને **શ્રીસિદ્ધસેનદિવાકર સૂરિજીએ દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા**માં પણ કહ્યું છે કે - 'હે નાથ ! સર્વ નદીઓ એકઠી થઈને સમુદ્રમાં મળે છે, તેમ સર્વ દૃષ્ટિઓનો = દર્શનોનો સમાવેશ આપનામાં થાય છે. પરંતુ જેમ ભિન્ન ભિન્ન નદીઓમાં સમુદ્રની ઉપલબ્ધિ થતી નથી તેમ ભિન્ન ભિન્ન દર્શનોમાં આપ દેખી શકાતા નથી.'

(**अन्ये.**) કેટલાક પ્રસ્તુત શ્લોકનો અર્થ અન્ય પ્રકારે કરે છે. ઈતરદર્શનો પરસ્પર પક્ષ અને પ્રતિપક્ષ ભાવ રાખવાથી ઈર્ષ્યાળુ છે. પરંતુ આપનું શાસન સર્વ નયો પ્રત્યે મધ્યસ્થભાવને ધારણ કરતું હોવાથી માત્સર્ય (ઈર્ષ્યા) ભાવથી રહિત છે. કેમ કે આપને વિષે અભિપ્રેત પક્ષમાં દુરાગ્રહ રાખીને અન્યપક્ષના તિરસ્કારરૂપ પક્ષપાતનો અભાવ છે. પક્ષપાતના કારણભૂત રાગાદિ દોષોનો સમૂળગો નાશ થવાથી આપનું વક્તવ્ય પક્ષપાતી નથી. આ પ્રકારે જૈનદર્શન ઈતરદર્શનો પ્રત્યે મધ્યસ્થભાવને ધારણ કરતું હોવાથી સર્વ દર્શનનો સમન્વય કરે છે. પ્રસ્તુત કાવ્યની પ્રથમ વ્યાખ્યામાં 'પક્ષપાતી' વિધેયપદ છે અને બીજી વ્યાખ્યામાં 'મત્સરી' એ વિધેયપદ છે. આ રીતે પૂર્વ અને ઉત્તર વ્યાખ્યાનો ભેદ છે. ઉક્ત બન્ને વ્યાખ્યામાં કઈ વ્યાખ્યા સરલ છે અને કઈ વ્યાખ્યા કઠિન છે ? તેનો નિર્ણય બુદ્ધિમાન પુરુષોએ સ્વયં કરવો."

## એકાંતવાદી પરસ્પર પરાજીત

(**'मत्सरेणा.**) એકબીજાની ઈર્ષ્યાથી પોતાના મતમાં કદાગ્રહી બનવાના કારણે જ અન્યદર્શનીઓ પરસ્પર

**तथा –**

**य एव दोषाः किल नित्यवादे, विनाशवादेऽपि समास्त एव ।**

**परस्परध्वंसिषु कण्टकेषु, जयत्यधृष्यं जिन ! शासनं ते ।।**

**(अन्ययोगव्यवच्छेदकद्वात्रिंशिका-२६) ॥३/१५॥**

---

भाण्डानि विनश्यन्ति परस्परम्। तथा मत्सरिणोऽन्योऽन्यं हि दोषग्रहणाद् हता।।" (यो.सा.२/११) इति। तथा च नित्यानित्यपक्षयोः परस्परदूषणप्रकाशनबद्धलक्षतया वैरायमाणयोरितरेतरोदीरितविविधहेतुहेतिसंनिपात-सञ्जातविनिपातयोरयत्नसिद्धप्रतिपक्षप्रतिक्षेपस्य भगवच्छासनसाम्राज्यस्य सर्वोत्कर्षमुपदर्शयता **श्रीहेमचन्द्रसूरिवरेणैव अन्ययोगव्यवच्छेदद्वात्रिंशिकायां** – "य एव दोषाः किल नित्यवादे विनाशवादेऽपि समास्त एव। परस्परध्वंसिषु कण्टकेषु जयत्यधृष्यं जिन ! शासनं ते।।" (अन्ययो.व्य.२६) इति।

तस्याः **स्याद्वादमञ्जर्यां** वृत्तौ "किलेति निश्चये। य एव नित्यवादे = नित्यैकान्तवादे दोषा अनित्यैकान्तवादिभिः प्रसञ्जिताः क्रम-यौगपद्याभ्यामर्थक्रियानुपपत्त्यादयः, त एव विनाशवादेऽपि = क्षणिकैकान्तवादेऽपि समाः = तुल्याः नित्यैकान्तवादिभिः प्रसज्यमाना अन्यूनाधिकाः।

तथाहि – नित्यवादी प्रमाणयति – सर्वं नित्यम्, सत्त्वात्। क्षणिके सदसत्कालयोरर्थक्रियाविरोधात् तल्लक्षणं

---

પરાભવ પામે છે. આ અંગે **યોગસાર** ગ્રંથમાં જણાવેલ છે કે 'જેમ માટીના વાસણો પરસ્પર અથડાઈને તૂટે છે તેમ મત્સરી જીવો એકબીજાના દોષો પકડવાના લીધે પરસ્પર હણાયેલા હોય છે.' તેથી એકાંત નિત્યપક્ષ અને એકાંત અનિત્યપક્ષ એકબીજાના દૂષણોને પ્રગટ કરવા માટે કટિબદ્ધ થયેલા હોવાથી પરસ્પર શત્રુની જેમ લડે છે. તથા એકબીજાના સિદ્ધાંતોનું ખંડન કરવા માટે પ્રગટ કરાયેલા એક પ્રકારના હેતુરૂપી શસ્ત્રોના પ્રહારથી તે બન્ને અત્યંત ઘાયલ થાય છે. તેથી વિશેષપ્રકારના પ્રયત્ન વિના જ અન્યદર્શનોનો પરાભવ સિદ્ધ થાય છે. તથા જિનશાસનનું સામ્રાજ્ય સર્વોત્કૃષ્ટ સિદ્ધ થાય છે - આવું બતાવવા કલિકાલ-સર્વજ્ઞ **શ્રીહેમચંદ્રાચાર્યજી**એ જ **અન્યયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા**માં જણાવેલ છે કે - "જે દોષો એકાન્ત નિત્યવાદમાં આવે છે, તે સર્વે દોષો નિશ્ચયથી એકાન્ત અનિત્યપક્ષમાં પણ આવે છે. જેમ એક કંટક અન્ય કંટકનો નાશ કરે છે તેમ એકાન્તનિત્યવાદી અને એકાન્તઅનિત્યવાદી પરસ્પર દૂષણો બતાવીને એક બીજાનું ખંડન કરે છે. તેથી હે ભગવન્ત ! આપનું અખંડ જિનશાસન વિના પરિશ્રમે જયવંતુ વર્તે છે."

**(तस्याः.)** **શ્રીહેમચંદ્રાચાર્યજી**ના આશયને સ્પષ્ટ કરતા **શ્રીમલ્લિષેણસૂરિજી**એ **સ્યાદ્વાદમંજરી** નામની વ્યાખ્યામાં જણાવેલ છે કે - "શ્લોકમાં 'કિલ' શબ્દ છે તે નિશ્ચય અર્થનો સૂચક છે. એકાન્ત નિત્યવાદમાં ક્રમથી અથવા અક્રમથી અર્થક્રિયા ઘટી શકતી નથી. એ રીતે અનિત્યવાદીએ એકાન્ત નિત્યપક્ષમાં જે દોષો આપ્યા છે, તે સર્વે દોષો અનિત્યવાદમાં પણ આવે છે ! આ રીતે એકાન્તનિત્યપક્ષમાં અને એકાન્ત-અનિત્યપક્ષમાં દોષોની સમાનતા છે. જરા પણ ઓછાવત્તા નહિ.

### ❖ નિત્યવાદીની સ્થાપના ❖

**(तथाहि.)** નિત્યવાદી આ પ્રમાણે કહે છે - દરેક વસ્તુ નિત્ય છે. કેમ કે સત્ છે. સત્ વસ્તુ નિત્ય કે અનિત્ય હોઈ શકે. કેમ કે ત્રીજો વિકલ્પ સંભવતો નથી. વસ્તુને અનિત્ય તો (= ક્ષણિક)

सत्त्वं नावस्थां बध्नातीति ततो निवर्तमानमनन्यशरणतया नित्यत्वेऽवतिष्ठते।

तथाहि – क्षणिकोऽर्थः सन्वा कार्यं कुर्याद् असन्वा ? गत्यन्तराभावात्। न तावदाद्यः पक्षः, समसमयवर्तिनि व्यापारायोगात्, सकलभावानां परस्परं कार्यकारणभावप्राप्त्यातिप्रसङ्गाच्च। नापि द्वितीयः पक्षः क्षोदं क्षमते, असतः कार्यकरणशक्तिविकलत्वात्; अन्यथा शशविषाणादयोऽपि कार्यकरणायोत्सहेरन्, विशेषाभावाद् इति।

अनित्यवादी नित्यवादिनं प्रति पुनरेवं प्रमाणयति – सर्वं क्षणिकं, सत्त्वात्, अक्षणिके क्रमयौगपद्याभ्यामर्थक्रियाविरोधाद् अर्थक्रियाकारित्वस्य च भावलक्षणत्वात्। ततोऽर्थक्रिया व्यावर्तमाना स्वक्रोडीकृतां सत्तां व्यावर्त्तयेदिति क्षणिकसिद्धिः। न हि नित्योऽर्थोऽर्थक्रियां क्रमेण प्रवर्तयितुमुत्सहते, पूर्वार्थक्रिया-

---

માની શકાય નહિ. કેમ કે ક્ષણિક વસ્તુ સત્‌અવસ્થામાં કે અસત્‌અવસ્થામાં અર્થક્રિયા કરવા સમર્થ બની શકે નહિ. આમ વસ્તુને અનિત્ય માનો તો સત્ત્વ નામનું વસ્તુનું લક્ષણ ત્યાં ટકી ન શકે. તેથી અન્ય કોઈ વિકલ્પનો અભાવ હોવાથી સત્ત્વ નામનું લક્ષણ નિત્ય વસ્તુમાં જ રહેશે. અર્થાત્ 'સર્વ વસ્તુ નિત્ય છે, અનિત્ય નહીં' - તેમ અનિચ્છાએ પણ સ્વીકારવું પડે.

**શંકા** :- ક્ષણિક વસ્તુ અર્થક્રિયા કરવા સમર્થ શા માટે નથી ?

## ● એકાંત અનિત્યપક્ષમાં અર્થક્રિયા અસંભવ ●

**સમાધાન** :- (तथा.) ક્ષણિક વસ્તુ સત્‌અવસ્થામાં કાર્ય કરશે કે અસત્‌અવસ્થામાં ? ત્રીજો વિકલ્પ તો સંભવતો નથી. આદ્ય પક્ષનો સ્વીકાર થઈ શકે નહિ. કારણ કે ક્ષણિક વસ્તુ સ્વઉત્પત્તિસમાનકાળે અન્ય ક્ષણિક વસ્તુ સ્વરૂપ કાર્યને ઉત્પન્ન ન કરી શકે. તથા પોતે જે સમયે ઉત્પન્ન થાય છે તે સમયે પોતાનામાં અન્યની ઉત્પત્તિનું કાર્ય સંભવી શકે નહિ.

**શંકા** :- 'कडेमाणे कडे' એ વચનને અનુસરીને નિશ્ચયનયને આશ્રયીને ઉત્પન્ન થવાના સમયે ઉત્પત્તિક્રિયા સંભવી શકે છે.

**સમાધાન** :- તો પણ તે સમયે વસ્તુ પોતાની જ ઉત્પત્તિમાં વ્યગ્ર હોવાથી બીજાની ઉત્પત્તિની ક્રિયા કરી શકે નહિ. આમ ક્ષણિક વસ્તુ સત્‌અવસ્થામાં સ્વમાં કે પરમાં કાર્ય કરવા સમર્થ નથી. વળી, સમાનકાળે ઉદ્‌ભવેલી વસ્તુઓમાં પરસ્પર કાર્યકારણભાવ અસિદ્ધ છે. કેમ કે ત્યાં કાર્ય-કારણભાવ માનવામાં સમાનકાલે પ્રગટેલી ત્રણ જગતની સર્વ વસ્તુઓ વચ્ચે કાર્યકારણભાવ માનવાનો અતિપ્રસંગ છે. બીજો પક્ષ યુક્તિક્ષમ નથી. કેમ કે અસત્ વસ્તુમાં કાર્ય કરવાની શક્તિ સંભવતી નથી. જો અસત્ વસ્તુ પણ કાર્ય કરી શકે તો સસલાનું શિંગડું પણ કાર્ય કરવા તત્પર બને. કેમ કે એ પણ સમાનરૂપે અસત્ છે.

## ❈ એકાંત નિત્યવાદમાં અર્થક્રિયા અસંભવ ❈

(अनित्य.) અનિત્યવાદી નિત્યવાદીને આ પ્રમાણે કહે છે - 'સર્વ વસ્તુઓ ક્ષણિક છે. કેમ કે સત્ છે. નિત્ય વસ્તુમાં અર્થક્રિયાકારિપણું પણ ઘટી શકતું નથી. તથા અર્થક્રિયાકારિપણું તો સત્ પદાર્થોનું લક્ષણ છે. તેથી નિત્ય પદાર્થોમાંથી પાછું ફરતું (= નિવૃત્ત થતું) એવું અર્થક્રિયાકારિપણું સ્વસંમત એવા સત્ત્વને પણ પાછું વાળશે. આમ અર્થક્રિયાકારિત્વ નામનું વસ્તુનું લક્ષણ નિત્ય પદાર્થમાં ન ટકી શકવાથી, અન્ય વિકલ્પના અભાવે ક્ષણિક વસ્તુમાં જ ટકશે. એથી ક્ષણિક વસ્તુમાં જ સત્ત્વ રહેવાથી 'સર્વ વસ્તુ અનિત્ય છે, નિત્ય નહીં' - એવું સિદ્ધ થશે. હવે અનિત્યવાદી નિત્ય વસ્તુમાં અર્થક્રિયાની અનુપપત્તિ બતાવે છે કે નિત્ય વસ્તુ અર્થક્રિયા ક્રમશઃ કરશે કે યુગપત્ ? ક્રમશઃ કરવા સમર્થ નથી. કેમ કે જો

करणस्वभावोपमर्दद्वारेणोत्तरक्रियायां क्रमेण प्रवृत्तेः, अन्यथा पूर्वक्रियाकरणाऽविरामप्रसङ्गात्।

तत्स्वभावप्रच्यवे च नित्यता प्रयाति, अतादवस्थ्यस्याऽनित्यतालक्षणत्वात्।

***अथ*** नित्योऽपि क्रमवर्तिनं सहकारिकारणमर्थमुदीक्षमाणस्तावदासीत्, पश्चात् तमासाद्य क्रमेण कार्यं कुर्यादिति ***चेत्*** ?

***न***, सहकारिकारणस्य नित्येऽकिञ्चित्करत्वात्, अकिञ्चित्करस्यापि च प्रतीक्षणेऽनवस्थाप्रसङ्गात्। नापि यौगपद्येन नित्योऽर्थोऽर्थक्रियाः कुरुते, अध्यक्षविरोधात्। न ह्येककालं सकलाः क्रियाः प्रारभमाणः कश्चिदुपलभ्यते। करोतु वा, तथाप्याद्यक्षण एव सकलक्रियापरिसमाप्तेर्द्वितीयादिक्षणेषु अकुर्वाणस्याऽनित्यता बलाद् आढौकते, करणाऽकरणयोरेकस्मिन् विरोधाद् इति।

तदेवमेकान्तद्वयेऽपि ये हेतवस्ते युक्तिसाम्याद् विरुद्धं न व्यभिचरन्तीत्यविचारितरमणीयतया मुग्धजनस्य

---

વસ્તુ પૂર્વક્રિયા કરવાના સ્વભાવનો ત્યાગ કરી ઉત્તરક્રિયા કરવાનો સ્વભાવ સ્વીકારે તો જ ક્રમશઃ અર્થક્રિયા કરી શકે. જો પૂર્વના સ્વભાવનો ત્યાગ કરે નહિ તો પૂર્વક્રિયા જ સતત કર્યા કરશે. તેનાથી કદાપિ અટકશે નહિ.

**શંકા** :- વસ્તુ પૂર્વક્રિયા કરવાના સ્વભાવનો ત્યાગ કરીને અને ઉત્તરક્રિયા કરવાનો સ્વભાવ ગ્રહણ કરીને ઉત્તરક્રિયા કરશે. તેથી ક્રમશઃ ક્રિયા કરી શકશે.

**સમાધાન** :- (तत्स्व.) જો આ પ્રમાણે 'વસ્તુ એક સ્વભાવનો ત્યાગ કરીને બીજા સ્વભાવને ગ્રહણ કરે છે' - એમ માનશો તો નિત્યતાનો લોપ થઈ જશે. કેમ કે 'હંમેશા એકસ્વભાવે રહેવું' - એ નિત્યતાનું લક્ષણ છે. સ્વભાવનું બદલાવું - હંમેશા એકરૂપ ન રહેવું એ તો અનિત્યતાનું લક્ષણ છે.

**શંકા** :- (अथ.) નિત્ય વસ્તુનો સર્વ કાર્ય કરવાનો સ્વભાવ છે. પરંતુ કાર્ય કરવામાં તે સહકારી કારણોની અપેક્ષા રાખે છે. સહકારી કારણો ક્રમશઃ પ્રાપ્ત થતા હોવાથી વસ્તુ પણ સ્વકાર્યોને ક્રમશઃ કરશે.

**સમાધાન** :- (न.) આ સહકારી કારણો નિત્ય વસ્તુ પર કોઈ પણ જાતનો ઉપકાર કરી શકતા નથી. તેથી અકિંચિત્કર સહકારીઓની અપેક્ષા રાખવી સારી નથી. અન્યથા એ સહકારી કારણો હાજર થવા અન્યની અપેક્ષા રાખશે. તે વળી અન્યતરની અપેક્ષા રાખશે. એમ અનવસ્થા દોષ આવશે. વળી જગતની તમામ વસ્તુઓને સહકારી કારણ માનવાની આપત્તિ પણ આવશે. કેમ કે તે બધી જ વસ્તુઓ સમાનરૂપે અકિંચિત્કર છે. આમ નિત્ય વસ્તુ ક્રમશઃ કાર્ય કરવા સમર્થ નથી. એ જ પ્રમાણે નિત્ય વસ્તુ એકીસાથે પણ સર્વ કાર્ય કરી શકે નહિ. કેમ કે તેમાં પ્રત્યક્ષવિરોધ છે. એક જ સમયે સર્વ ક્રિયાઓનો આરંભ કોઈને દેખાતો નથી. કદાચ 'તે નિત્ય વસ્તુ સર્વ કાર્યને એક સાથે કરવા સમર્થ છે' - એમ માની લઈએ તો પણ બધી ક્રિયા એક સાથે જ આદ્ય ક્ષણમાં પૂર્ણ થવાથી દ્વિતીય વગેરે ક્ષણો વખતે વસ્તુએ કશું કરવાનું રહેશે નહિ. તેથી બીજી વગેરે ક્ષણે વસ્તુ કરણસ્વભાવવાળી નહિ રહે. તેથી વસ્તુ અનિત્ય સિદ્ધ થઈ જશે. કેમ કે એક જ વસ્તુમાં કરણ અને અકરણ એમ બન્ને માનવામાં વિરોધ છે.

### ❋ એકાન્તપક્ષોમાં વિરુદ્ધ આદિ દોષો ❋

(तदेवमे.) આમ એકાન્તનિત્યવાદીએ અને એકાન્તઅનિત્યવાદીએ સ્વ-સ્વપક્ષની સિદ્ધિ માટે 'સત્ત્વ' આદિ જે-જે હેતુઓ દર્શાવ્યા છે, તે બધા હેતુઓ યુક્તિઓની સમાનતાના કારણે વિરુદ્ધ છે. નિત્યવાદીના

ध्यान्ध्यं चोत्पादयन्तीति विरुद्धा व्यभिचारिणोऽनैकान्तिका इति। अत्र च नित्याऽनित्यैकान्तपक्षप्रतिक्षेप एवोक्तः। उपलक्षणत्वाच्च सामान्यविशेषाद्येकान्तवादा अपि मिथस्तुल्यदोषतया विरुद्धा व्यभिचारिण एव हेतूनुपस्पृशन्तीति परिभावनीयम्।

अथोत्तरार्द्धं व्याख्यायते – परस्परेत्यादि। एवं च कण्टकेषु क्षुद्रशत्रुष्वेकान्तवादिषु परस्परध्वंसिषु सत्सु परस्परस्मात् ध्वंसन्ते = विनाशमुपयान्तीत्येवंशीलाः सुन्दोपसुन्दवदिति परस्परध्वंसिनः। तेषु हे जिन ! ते = तव शासनं = स्याद्वादप्ररूपणनिपुणं द्वादशाङ्गीरूपं प्रवचनं पराभिभावुकानां कण्टकानां स्वयमुच्छिन्नत्वेनैवाभावाद् अधृष्यम् = अपराभवनीयम्। "शक्तार्हे कृत्याश्च" (**सिद्धहेम**-५/४/३५) इति कृत्यविधानाद् धर्षितुमशक्यम्

હેતુઓ અનિત્યવાદીઓની યુક્તિથી અને અનિત્યવાદીના હેતુઓ નિત્યવાદીની યુક્તિથી વિરુદ્ધ સિદ્ધ થાય છે.[1] તેથી બન્ને પક્ષની વાતો જ્યાં સુધી વિચારવામાં ન આવે ત્યાં સુધી જ રમણીય છે. તથા તે વાતો અવિચારી મૂઢ લોકોની બુદ્ધિમાં મંદતાને ઉત્પન્ન કરે છે. વિચાર કરવામાં આવે તો બંને પક્ષના હેતુઓ વિરુદ્ધ, વ્યભિચાર અને અનૈકાંતિક દોષોથી દુષ્ટ થયેલા જ્ઞાત થઈ શકે. આ પ્રમાણે એકાન્તનિત્યપક્ષનું અને એકાન્તઅનિત્યપક્ષનું ખંડન દર્શાવ્યું. આ જ પ્રમાણે એકાન્તસામાન્યપક્ષના અને એકાન્તવિશેષપક્ષના, એકાન્તવાચ્યતાપક્ષના અને એકાન્તઅવાચ્યતાપક્ષના તથા એકાન્તસત્પક્ષના અને એકાન્તઅસત્પક્ષના હેતુઓ પણ પરસ્પર તુલ્ય દોષવાળા હોવાથી વિરુદ્ધ, વ્યભિચારી અને અનૈકાંતિક છે તે સમજી લેવું.

(**અથોત્ત.**) હવે ઉત્તરાર્દ્ધની વ્યાખ્યા થાય છે. **સુન્દ** અને **ઉપસુન્દ** નામના બે રાક્ષસોની જેમ એકાન્તવાદીરૂપ ક્ષુદ્ર શત્રુઓ પરસ્પરના પક્ષને પોકળ ઠેરવવા દ્વારા એકબીજાનો પ્રમાણવાદીરૂપે નાશ કરી નાખે છે. આ પ્રમાણે સ્વયં નષ્ટ થયા હોવાથી, તેઓ જિનેન્દ્રશાસનનો પરાભવ કરવા સમર્થ રહેતા નથી. ભગવાનનું શાસન = સ્યાદ્વાદની પ્રરૂપણામાં કુશળ દ્વાદશાંગીરૂપ પ્રવચન. આ શાસન વિરોધીઓનો અભાવ થવાથી અપરાભવનીય બન્યું છે. અહીં 'ધૃષ્' ધાતુને **"શક્તાऽર્હે કૃત્યાશ્ચ" સિદ્ધહેમશબ્દાનુશાસન** સૂત્રથી 'કૃત્ય' પ્રત્યય લાગ્યો છે. તેથી 'પરાભવ કરવામાં અશક્ય' અથવા 'પરાભવને માટે અયોગ્ય' એવો અર્થ પ્રાપ્ત થાય છે. જેમ કોઈ મહાપુણ્યશાળી મહારાજાના શત્રુઓ પરસ્પર લડીને નાશ પામે અને તે મહારાજા

૧. આ બન્ને પક્ષે અનુમાનો પરસ્પરવિરુદ્ધ છે. જ્યારે 'સત્ત્વ' હેતુ સમાન છે. તેથી નિત્યવાદી સત્ત્વની નિત્યતા સાથે વ્યાપ્તિ દર્શાવે અને દૃષ્ટાંત બતાવે. તેનાથી અનિત્યવાદીના 'અનિત્યતા' રૂપ સાધ્યથી વિરુદ્ધ નિત્યની સિદ્ધિ થાય. અનિત્યવાદીને સત્ત્વની અનિત્યતા સાથે વ્યાપ્તિ ઈષ્ટ છે. તેથી સત્ત્વહેતુક અનિત્યતાવિરુદ્ધ નિત્યતાની સિદ્ધિ કરતો હોવાથી અનિત્યવાદીના હેતુમાં વિરોધ દોષ આવે. એ જ પ્રમાણે અનિત્યવાદી અનિત્યતાની સાથે સત્ત્વની વ્યાપ્તિ અને દૃષ્ટાંત બતાવે છે. તેથી નિત્યતાથી વિરુદ્ધ અનિત્યતાની સિદ્ધિ થવાથી નિત્યતાપક્ષે પણ વિરોધ દોષ આવ્યો. તથા 'સત્ત્વ' હેતુ જેમ નિત્યવસ્તુરૂપ પક્ષમાં રહે છે, તેમ અનિત્યવસ્તુરૂપ વિપક્ષમાં પણ રહેતો હોવાથી નિત્યવાદીને વ્યભિચાર દોષ આવે. એ જ પ્રમાણે સત્ત્વહેતુ અનિત્યપક્ષના વિપક્ષ નિત્યમાં પણ રહેતો હોવાથી અનિત્યવાદીના હેતુમાં પણ વ્યભિચાર દોષ આવ્યો. તથા નિત્ય વસ્તુમાં 'અનિત્યતાના અભાવ' રૂપ સાધ્યનો અભાવ હોવા છતાં 'સત્ત્વના અભાવ' રૂપ હેતુનો અભાવ નથી. તેથી અનિત્યવાદીના હેતુમાં વ્યતિરેક વ્યભિચાર પણ આવ્યો. એ જ પ્રમાણે અનિત્ય વસ્તુમાં 'નિત્યત્વના અભાવ' રૂપ સાધ્યનો અભાવ હોવા છતાં 'સત્ત્વના અભાવ' રૂપ હેતુનો અભાવ નથી. તેથી નિત્યવાદીના હેતુમાં પણ વ્યતિરેક વ્યભિચાર આવ્યો. ઈત્યાદિ પરસ્પરના જ વિરોધી અનુમાનો, હેતુઓ, યુક્તિઓ અને દૃષ્ટાંતોથી બન્ને પક્ષના અનુમાનના હેતુઓ અનેક દોષોથી દુષ્ટ બને છે. તેથી બંને પક્ષના અનુમાનો પોકળ બનતા હોવાથી હેય બની જાય છે. તેથી બંને પક્ષ પણ નાશ પામે છે. આ જ પ્રમાણે સામાન્ય એકાન્તવાદ અને વિશેષ એકાન્તવાદ વગેરે વાદો એકબીજાને પોકળ સિદ્ધ કરે છે.

धर्षितुमनर्हं वा। जयति = सर्वोत्कर्षेण वर्तते। यथा कश्चिन्महाराजः पीवरपुण्यपरिपाकः परस्परं विगृह्य स्वयमेव क्षयमुपेयिवत्सु द्विषत्सु अयत्नसिद्धनिष्कण्टकत्वं समृद्धं राज्यमुपभुञ्जानः सर्वोत्कृष्टो भवति एवं त्वच्छासनमपि इति काव्यार्थः" (अन्ययो.द्वा. २६ वृ.) इत्येवं **श्रीमल्लिषेणसूरिणोक्तमित्यवधेयम्।**

***ननु*** एवं भवतां परप्रवादिपरिवादप्रसङ्गः इति ***चेत्*** ?

***न,*** वयम् अनेकान्तवादिनः न एकान्तवादिनो गर्हामः किन्तु एकान्तदृष्टिमेव। पराभ्युपगतसत्त्वाऽसत्त्व-भेदाभेदादीनां यथास्थानविनियोगेन तत्त्वनिरूपणे कथं गर्हावकाशः ? तदिदमभिप्रेत्य **सूत्रकृताङ्गवृत्तौ शीलाङ्काचार्येण** "सर्वेऽपि तीर्थिकाः परस्परव्याघातेन प्रवृत्ताः। अतो वयमपि यथावस्थिततत्त्वप्ररूपणतो युक्तिविकलत्वादेकान्तदृष्टिं गर्हामः = जुगुप्सामः - 'न ह्यसावेकान्तो यथावस्थिततत्त्वाविर्भावको भवती'ति। एवं च व्यवस्थिते तत्त्वस्वरूपं वयमाचक्षाणा न कञ्चिद् गर्हामः काण-कुण्टोद्घट्टनादिप्रकारेण, केवल स्व

---

પ્રયત્ન વિના જ નિષ્કંટક બનેલા પોતાના વિશાળ રાજ્યને ભોગવતો હોવાથી સર્વોત્કૃષ્ટ તરીકે માન્ય બને, તેમ તારું શાસન પણ પ્રયત્ન વિના જ નિષ્કંટક બનીને યથેચ્છ રીતે ત્રણ જગત પર રાજ્ય કરતું હોવાથી સર્વોત્કૃષ્ટ છે. 'जयति' નો અર્થ 'સર્વોત્કૃષ્ટ છે' - એમ કરવાનો છે." આ રીતે શ્રી**મલ્લિષેણસૂરિ**એ **સ્યાદ્વાદમંજરી** વ્યાખ્યામાં જે જણાવેલ છે, તેનું અનુસંધાન કરવું.

### ❖ સુન્દ-ઉપસુન્દ ન્યાય વિચાર ❖

**સ્પષ્ટતા** :- **સુન્દ** અને **ઉપસુન્દ** નામના બે રાક્ષસ ભાઈઓ હતા. તેમણે બ્રહ્મા પાસેથી વરદાન પ્રાપ્ત કર્યું કે 'અમારા બન્નેનું મૃત્યુ એકબીજાથી થાઓ ! પરંતુ બીજા કોઈથી ન થાઓ !' વરદાન પ્રાપ્ત કરવાથી મસ્ત બનીને તે બન્ને ભાઈઓ ત્રણે લોકને પીડા કરવા લાગ્યા. આવી વિડંબના જોઈને તેઓનો નાશ કરવાના હેતુથી દેવતાઓએ સ્વર્ગમાંથી **તિલોત્તમા** નામની અપ્સરાને મોકલી. તિલોત્તમાનું અદ્ભુત રૂપ જોઈને મુગ્ધ થયેલા તે બન્ને તેને પ્રાપ્ત કરવા પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા અને અંતે તે બન્ને ભાઈઓ એકબીજાના હાથે મૃત્યુને શરણ થયા. ત્રણ લોક તે રાક્ષસોની વિડંબનાથી મુક્ત થયા. **(પુરાણકથા)**

**આક્ષેપ** :- (ननु.) તમે આ રીતે એકાન્તવાદીઓની સમીક્ષા કરો છો તેમાં પરપ્રવાદીઓની નિંદા કરવાનો દોષ તમને લાગુ પડશે.

### ❈ મધ્યસ્થભાવે તત્ત્વનિરૂપણ નિંદાસ્વરૂપ નથી ❈

**પરિહાર** :- (न.) ના. અમે અનેકાન્તવાદી એકાન્તવાદીઓની નિંદા કરતા નથી. પરંતુ એકાન્તવાદની જ નિંદા-ગર્હા કરીએ છીએ. પરપ્રવાદીઓએ સ્વીકારેલ સત્ત્વ, અસત્ત્વ, ભેદ, અભેદ વગેરે ગુણધર્મોને યોગ્ય સ્થાને યોગ્ય દૃષ્ટિકોણથી ગોઠવીને અમે તત્ત્વનું નિરૂપણ કરીએ છીએ. તેમાં નિંદા દોષને અવકાશ જ ક્યાં રહે છે ? આ જ અભિપ્રાયથી **શ્રીશીલાંકાચાર્યજીએ સૂયગડાંગવ્યાખ્યા**માં આર્દ્રકઅધ્યયનનું વિવરણ કરતા જણાવેલ છે કે "બધા જ અન્યદર્શનીઓ એકબીજાનું ખંડન કરીને તત્ત્વનિરૂપણ કરવામાં પ્રવૃત્ત થયેલા છે. તેઓ તત્ત્વની વિડંબના કરી રહેલા છે. તેથી અમે અનેકાન્તવાદી પણ યથાવસ્થિત તત્ત્વનું નિરૂપણ કરવા દ્વારા એકાન્તદૃષ્ટિની જુગુપ્સા કરીએ છીએ. કેમ કે એકાન્તદૃષ્ટિ યુક્તિશૂન્ય છે. અન્યદર્શનીઓએ પકડેલ એકાન્તવાદ વાસ્તવિક તત્ત્વનું નિરૂપણ કરતો નથી. આ સત્ય હકીકત હોવાથી તત્ત્વના સ્વરૂપની છણાવટ કરનારા અમે કઈ રીતે એકાન્તવાદની નિંદા કરનાર કહેવાઈએ ? અમે

-परस्वरूपाविर्भावनं कुर्मः, न च वस्तुस्वरूपाविर्भावने परापवादः, तथा चोक्तम् – "नेत्रैर्निरीक्ष्य बिल-कण्टक -कीट-सर्प्पान्, सम्यक् पथा व्रजति तान्परिहृत्य सर्वान्। कुज्ञान-कुश्रुति-कुमार्ग-कुदृष्टिदोषान्, सम्यग्विचारयत कोऽत्र परापवादः ?।।" (**लोकतत्त्वनिर्णय**-२१) इत्यादि।

यदि वैकान्तवादिनामेव - अस्त्येव, नास्त्येव, नित्यमेवानित्यमेव, सामान्यमेव, विशेषा एवेत्याद्यभ्युपगमवतामयं परस्परगर्हाख्यो दोषः, नास्माकमनेकान्तवादिनाम्, सर्वस्यापि सदसदादेः कथञ्चिदभ्युपगमाद्" (सू.कृ.श्रु.स्क.२/अ.६/सू.१२/पृ.३९२) इत्युक्तमिति चेतसि निधेयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'द्रव्य-गुण-पर्यायाणां मिथः कथञ्चिद् भेदाभेदौ' इति कृत्वा आत्मनो मान-मताग्रह-महत्त्वाकाङ्क्षा-ममतादिवशतायां निर्मलगुण-पर्याया विनश्यन्ति, तेषां कथञ्चिद्

---

અન્યદર્શનીને કાણો, લંગડો, કોઢીયો વગેરે તુચ્છ શબ્દોથી નવાજતા નથી. અમે તો સ્વ-પરનું સ્વરૂપ જણાવીએ છીએ. તથા વાસ્તવિક વસ્તુના સ્વભાવનું વર્ણન કરવામાં નિંદાને અવકાશ નથી. પિત્તળને સોનું કહેનાર માણસને 'આ સોનું નથી, પિત્તળ છે'- આમ કહીએ એટલા માત્રથી તે માણસની નિંદા કરી એમ ન જ કહેવાય ને ! તેથી જ તો **લોકતત્ત્વનિર્ણય** ગ્રંથમાં **શ્રીહરિભદ્રસૂરિજી**એ પણ જણાવેલ છે કે "આંખ દ્વારા માર્ગને સ્પષ્ટ રીતે જોઈને માર્ગમાં રહેલ સાપના દર, કાંટા, કીડા, સાપ વગેરેનો પરિહાર કરીને કોઈ માણસ સાચા માર્ગથી જાય તો તેમાં તેણે જેમ સર્પદર વગેરેની નિંદા કરી કહેવાતી નથી. તેમ કુજ્ઞાન, મિથ્યા શાસ્ત્ર, મિથ્યા માર્ગ, ખોટી દૃષ્ટિ વગેરે મોક્ષબાધક દોષોનો પરિહાર કરીને (અર્થાત્ તે દોષો પોતાને લાગુ પડી ન જાય તે રીતે) સાચા માર્ગે કોઈ ચાલે તો તેમાં તેને બીજાની નિંદા કરવાનો દોષ કઈ રીતે લાગુ પડે ? આ બાબત તમે સારી રીતે વિચારો.' (ખોટા સોનાની = પિત્તળની લગડી છોડીને સાચા સોનાની લગડીને સોની પાસેથી ખરીદી કરનાર વ્યક્તિ કોઈની નિંદા કે કોઈને અન્યાય કરતો નથી પણ પોતાને નુકસાન ન થાય તેની કાળજી રાખે છે.)

### એકાંતવાદીઓ પરસ્પરનિંદક

(यदि.) અથવા એમ કહી શકાય કે ગર્હા દોષ એકાન્તવાદીઓને જ લાગુ પડે છે. કેમ કે તેઓ 'આત્માદિ વસ્તુ એકાન્તે સત્ છે, એકાન્તે અસત્ છે, એકાન્તે નિત્ય છે, સર્વથા અનિત્ય છે. સામાન્ય જ છે અથવા વિશેષ જ છે'- ઈત્યાદિ સ્વરૂપે પ્રરૂપણા કરવા દ્વારા તેઓ એકબીજાની નિંદા કરી રહેલા છે. અનેકાન્તવાદી એવા અમને આ નિંદા દોષ લાગુ પડી શકતો નથી. કેમ કે અમે તો એકાન્તવાદીએ સ્વીકારેલ સત્ત્વ, અસત્ત્વ, ભેદ, અભેદ વગેરે ગુણધર્મોનો સાચા દૃષ્ટિકોણથી સમન્વય કરીએ છીએ." તેથી આ રીતે તત્ત્વનિરૂપણ કરવામાં, એકાન્તવાદની સમાલોચના કરવામાં અન્યદર્શનીની નિંદા કરવાના દોષને લેશ પણ અવકાશ નથી. આ વાતને વાચકવર્ગે પોતાના મનમાં સારી રીતે સ્થાપિત કરવી.

### સ્વ પ્રત્યે કઠોર અને પર પ્રત્યે કોમળ બનો

**આધ્યાત્મિક ઉપનય** :- "દ્રવ્ય-ગુણ-પર્યાયમાં કથંચિત્ ભેદાભેદ છે" - આ વાત આધ્યાત્મિક દૃષ્ટિએ એ રીતે ઉપયોગી બની શકે કે પ્રગટ થયેલા આપણા નિર્મળ ગુણ-પર્યાયો આત્માથી જુદા હોવાના કારણે જો સાવધાની રાખવામાં ન આવે અને માન, મતાગ્રહ, મહત્ત્વાકાંક્ષા કે મમતાને આધીન થઈ જઈએ તો તેને રવાના થતાં વાર ન લાગે. તેથી સતત જ્ઞાનગર્ભિતવૈરાગ્યભાવનાથી આપણે ભાવિત

ध्रुवात्मभिन्नत्वात्। अतो निरन्तरं ज्ञानगर्भवैराग्यभावनया स्वात्मा भावयितव्यः। प्रमादादिवशतः त्यक्तशुद्धगुण-पर्यायान् प्राणिनो दृष्ट्वा 'द्रव्य-गुण-पर्यायाणां कथञ्चिदभेदाद्, आत्मनश्च ध्रुवत्वाद् गता अपि ते निर्मलगुण-पर्यायाः कालपरिपाक-सानुकूलभवितव्यतादिसाहाय्यतः पुनः नियमेन प्रादुर्भविष्यन्ति' इत्यादिकं स्वयमालोच्य तद्गोचरद्वेषादिपरिहारेण तेषु मैत्र्यादिभावनया वर्तितव्यम्, मोक्षवर्त्मना च सततं गन्तव्यम्। ततः परमपदे परंब्रह्मस्वरूपमाविर्भवति। तदुक्तं **पद्मविजयगणिना जयानन्दकेवलिचरित्रे** "सिद्धः, बुद्धः, अनन्तैः मुद्-वीर्य-दर्शनैः समृद्धः, परमात्मा, परंब्रह्म च कथितः" (ज.के.च. सर्ग-१४) इति।।३/१५।।

इति श्रीवर्धमानतपोनिधि-न्यायविशारद-स्वर्गस्थगच्छाधिपतिश्रीमद्विजय**भुवनभानुसूरीश्वर**शिष्यरत्न-
पद्ममणितीर्थोद्धारक-पार्श्वप्रज्ञालयतीर्थप्रेरक-पंन्यासप्रवरश्री**विश्वकल्याणविजयगणिवर**शिष्य-
मुनि**यशोविजयगणि**रचितस्य ***द्रव्य-गुण-पर्यायरासा***नुसारिणो **द्रव्यानुयोगपरामर्शस्य**
**परामर्शकर्णिका**ऽभिधानायां स्वरचितवृत्तौ तृतीयशाखायां
***द्रव्य-गुण-पर्यायाऽभेदसिद्धि***नामको
तृतीयः अधिकारः।।३।।

---

રહેવું. તથા બીજા જીવો પ્રમાદવશ બની પ્રગટ થયેલા નિર્મળ ગુણ-પર્યાયને ગુમાવી બેસે ત્યારે "દ્રવ્ય અને ગુણાદિનો કથંચિત્ અભેદ હોવાથી તથા આત્મદ્રવ્ય ધ્રુવ હોવાથી કાળનો પરિપાક થતાં ભવિતવ્યતા આદિના સહકારથી તે ગુણ-પર્યાયો અવશ્ય ફરીથી પ્રગટ થશે" - આવું વિચારી બીજા જીવોના ઉજ્જવળ ભવિષ્યને મનોગત કરી તેના પ્રત્યે અણગમો કે અરુચિ ન થવા દેતાં મૈત્રી વગેરે ભાવોથી ભાવિત બની નિરંતર મોક્ષમાર્ગે આગળ વધતાં રહેવું. પછી સિદ્ધશિલામાં પરંબ્રહ્મસ્વરૂપ પ્રગટ થાય છે. શ્રી**પદ્મવિજયગણિવરે જયાનંદકેવલીચરિત્ર**માં જણાવેલ છે કે 'અનંત આનંદ-શક્તિ-દર્શનથી સમૃદ્ધ તે પરમાત્મા સિદ્ધ, બુદ્ધ અને પરંબ્રહ્મ કહેવાયેલ છે.' (૩/૧૫)

પૂજ્યપાદ વર્ધમાનતપોનિધિ ન્યાયવિશારદ સ્વ. ગચ્છાધિપતિ શ્રીમદ્ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી**
મહારાજાના શિષ્યરત્ન પૂજ્યવર્ય પદ્મમણિતીર્થોદ્ધારક પાર્શ્વપ્રજ્ઞાલયતીર્થપ્રેરક પંન્યાસપ્રવર
શ્રી**વિશ્વકલ્યાણવિજયજી** ગણિવરના શિષ્યાણુ મુનિ **યશોવિજય** ગણી દ્વારા સ્વરચિત
***'દ્રવ્યાનુયોગપરામર્શ'*** (***દ્રવ્ય-ગુણ-પર્યાયરાસ*** અનુસારી) ગ્રંથની
***'પરામર્શકર્ણિકા'*** નામની સ્વરચિત વૃત્તિની તૃતીય શાખાના
***'કર્ણિકાસુવાસ'*** નામના ગુજરાતી વિવરણમાં
***'દ્રવ્ય-ગુણ-પર્યાયઅભેદસિદ્ધિ'*** નામનો
તૃતીય અધિકાર પૂર્ણ થયો.

**❖ તૃતીય શાખા સમાપ્ત ❖**

## ❁ શાખા - 3 અનુપ્રેક્ષા ❁

### પ્ર.૧ નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ આપો.

૧. કાર્ય-કારણનો અભેદ માનવો જરૂરી શા માટે છે ?
૨. કાર્યોત્પત્તિ અંગે ચાર મત જણાવો.
૩. અભેદપક્ષમાં નિયત દ્રવ્યવ્યવહાર સંભવે અને અત્યંતભેદપક્ષમાં તે ન સંભવે સમજાવો.
૪. લોકવ્યવહારથી દ્રવ્ય-ગુણાદિકનો અભેદ સમજાવો.
૫. 'સ્વતંત્ર સાધન' અને 'પ્રસંગ આપાદન' વિશે દૃષ્ટાંતથી સમજાવો.
૬. અવયવીને અવયવથી અભિન્ન માનવામાં ન આવે તો લાગતા દોષો સ્યાદ્વાદ્કલ્પલતાના આધારે જણાવો.
૭. સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિને નૈયાયિક દર્શનના આધારે સમજાવો.
૮. 'धर्मिकल्पनातो धर्मकल्पना लघीयसी' - સમજાવો.
૯. સત્કાર્યવાદી અને અસત્કાર્યવાદી વચ્ચે તફાવત જણાવો.

### પ્ર.૨ નીચેના પ્રશ્નોના સંક્ષેપમાં જવાબ આપો.

૧. અતીત જ્ઞેયાકાર દ્રવ્યાર્થથી સત્ શી રીતે બને ?
૨. કાર્ય સત્ હોય છે - આ વિશે ઈશ્વરકૃષ્ણના પાંચ મુદ્દા જણાવો.
૩. યોગાચાર નામના બૌદ્ધની માન્યતા જણાવો.
૪. ત્રીજી શાખામાં મુખ્યતયા શેનું નિરાકરણ કરવામાં આવ્યું છે ?
૫. આવિર્ભાવની અને તિરોભાવની વેદાંતસંમત વ્યાખ્યા જણાવો.
૬. પરદર્શનીઓ પ્રત્યે શ્રીહેમચંદ્રાચાર્યજીનું મંતવ્ય જણાવો.
૭. રત્નના દૃષ્ટાંતથી દ્રવ્ય-ગુણ-પર્યાયમાં ઐક્ય સમજાવો.
૮. 'સમય' શબ્દના વિવિધ અર્થ જણાવો.
૯. દિગંબરના મત મુજબ અવયવ-અવયવીના અભેદની સિદ્ધિ કરો.
૧૦. જૈનદર્શનમાં સર્વદર્શનનો સમાવેશ દૃષ્ટાંત દ્વારા સમજાવો.

### પ્ર.૩ વાક્ય સાચું છે કે ખોટું ? ખોટું હોય તો સુધારીને લખો.

૧. મત્સર = પરપક્ષનો તિરસ્કાર અને સ્વપક્ષનો અંધપક્ષપાત.
૨. લૌગાક્ષિભાસ્કરના મતે તંતુ પટમાં આશ્રિત છે.
૩. સૌત્રાન્તિક બૌદ્ધના મતે બાહ્ય પદાર્થનું પ્રત્યક્ષ થઈ શકે.
૪. વિષયના ચાર પ્રકાર છે - વિશેષ્ય, વિશેષણ, પ્રકાર, સંબંધ.
૫. કાળગર્ભિત વિશેષણતાસંબંધને માનવાથી અતિરિક્ત સમવાયસંબંધને માનવાની આવશ્યકતા રહેતી નથી.

૬. મત્સરના અભાવમાં પક્ષપાત ન જ હોય.
૭. સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિમાં લક્ષણ શબ્દનો અર્થ પ્રાચીન નૈયાયિક 'સ્વરૂપ' કરે છે.
૮. ત્રણ કાળ સાથે સંબંધ હોય તો જ વસ્તુનું અસ્તિત્વ પર્યાયાર્થિકનય સ્વીકારે છે.
૯. અતીત ઘટનું જ્ઞાન તદ્ઘટત્વાવચ્છિન્નજ્ઞેયાકાર તદ્દ્રવ્યનિરૂપિત દ્રવ્યાર્થથી સત્ છે.
૧૦. એક પદાર્થમાં એકવચનગર્ભિત અને બહુવચનગર્ભિત - બન્ને વ્યવહાર કરી શકાય.

**પ્ર.૪ યોગ્ય જોડાણ કરો.**

| | |
|---|---|
| ૧. શુદ્ધાદ્વૈતમાર્તંડ | (૧) શંકરાચાર્ય |
| ૨. શિવદૃષ્ટિ | (૨) ઈશ્વરકૃષ્ણ |
| ૩. સ્યાદ્વાદમંજરી | (૩) ધર્મકીર્તિ |
| ૪. વિવેકચૂડામણિ | (૪) અભયદેવસૂરિ |
| ૫. અન્યયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા | (૫) સોમાનન્દનાથ |
| ૬. અષ્ટસહસ્રીવિવરણ | (૬) માધ્વાચાર્ય |
| ૭. સાંખ્યકારિકા | (૭) હેમચંદ્રસૂરિ |
| ૮. વાદમહાર્ણવ | (૮) ગોસ્વામિગિરિધર |
| ૯. દ્વૈતદ્યુમણિ | (૯) મલ્લિષેણસૂરિ |
| ૧૦. પ્રમાણવાર્તિક | (૧૦) વિદ્યાનંદસ્વામી |

**પ્ર.૫ ખાલી જગ્યા પૂરો.**

૧. ----- હોય ત્યાં બે વસ્તુ વચ્ચે સંયોગ વગેરે સંબંધ ન સંભવી શકે. (એકાંતે અભેદ, એકાંતે ભેદ, ભેદાભેદ)
૨. સાંખ્ય અને પાતંજલ ----- છે. (સત્કાર્યવાદી, અસત્કાર્યવાદી, કાર્યવાદી)
૩. ઈન્દ્રિય દ્વારા દ્રવ્ય-ગુણ-પર્યાયમાં દેખાતા ભેદ ----- ને માન્ય છે. (વ્યવહારનય, નિશ્ચયનય, દ્રવ્યાસ્તિકનય, પર્યાયાસ્તિકનય)
૪. નૈયાયિક અને વૈશેષિક ----- છે. (સત્કાર્યવાદી, અસત્કાર્યવાદી, કાર્યવાદી)
૫. ------ બૌદ્ધ નો અસત્ખ્યાતિવાદમાં સમાવેશ થાય. (વૈભાસિક, સૌત્રાન્તિક, યોગાચાર, માધ્યમિક)
૬. ----- દર્શન અન્યદર્શનો પ્રત્યે માધ્યસ્થ્યભાવને ધારણ કરતું હોવાથી સર્વદર્શનનો સમન્વય કરે છે. (જૈન, ન્યાય, બૌદ્ધ)
૭. ----- નય ઉપચારબહુલ છે. (સંગ્રહ, વ્યવહાર, નૈગમ)
૮. 'જલવાન્ ઘટઃ'માં જળ ----- છે. (પ્રકાર, સંબંધ, વિશેષ્ય)
૯. વ્યવહારનય ----- વસ્તુનો ગ્રાહક છે, નિશ્ચયનય ---- વસ્તુનો ગ્રાહક છે. (સખંડ, અખંડ, અમૂર્ત, સમૂર્ત)

**નોંધ** :- પ્રસ્તુત અનુપ્રેક્ષાના ઉત્તરો માટે જુઓ - ભાગ ૭, પરિશિષ્ટ-૧૭.

# દ્રવ્ય ગુણ પર્યાયનો રાસ

## ભાગ-૪




द्रव्यानुयोगपरामर्श: शाखा-४

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

## ઢાળ-૪

## द्रव्यानुयोगपरामर्शः शाखा-४

द्रव्य-गुण-पर्यायभेदाऽभेदसिद्धिः
सप्तभङ्गीस्थापनञ्च

# शाखा - ४

# द्रव्य-गुण-पर्यायभेदाऽभेदसिद्धिः सप्तभङ्गीस्थापनञ्च

अनेकान्तवादे सप्तदशदूषणाक्षेपः (४/१)

अनेकान्तवादे सप्तदशदूषणनिरासः (४/२-३)

पुद्गले गुणादिभेदाभेदौ (४/४)

आत्मनि गुणादिभेदाभेदौ (४/५)

परदर्शने भेदाभेदाङ्गीकारः (४/७)

नयभेदाः २,५,७,१२,५००,७००, कोटिशः, असङ्ख्येयाः (४/८)

सप्तभङ्गीनिरूपणम् (४/९-१४)

- (i) द्रव्यघटसप्तभङ्गी
- (ii) सत्त्वासत्त्वसप्तभङ्गी
- (iii) भेदाभेदसप्तभङ्गी
  - (A) अवक्तव्यताविमर्शः
  - (B) पुष्पदन्तपदशक्तिविचारः
  - (C) सकृदुच्चरित... न्यायप्रदर्शनम्
- (iv) प्रस्थकादिदृष्टान्तेषु सप्तभङ्गी
- (v) प्रमाणवाक्यम्
- (vi) अर्थपर्याये सप्तभङ्गी
- (vii) व्यञ्जनपर्याये सप्तभङ्गी
- (viii) सप्तभङ्गीसूत्रमीमांसा
- (ix) प्रमाणसप्तभङ्गी-नयसप्तभङ्गी
- (x) सकलादेशः विकलादेशः
- (xi) मूलनयसप्तभङ्गी-उत्तरनयसप्तभङ्गी

## ❁ ટૂંકસાર ❁

: શાખા - ૪ :

અહીં એકીસાથે રહેલ ભેદાભેદની વિચારણા કરવામાં આવી છે.

જેમ દિવસ અને રાત સાથે ન રહી શકે તેમ એક જ દ્રવ્યમાં ભેદ અને અભેદ શું એક સાથે રહી શકે ? (૪/૧) આ પ્રશ્નનો ઉત્તર નીચે મુજબ સમજવો.

સ્યાદ્વાદદષ્ટિથી જોઈએ તો ઘડો માટીસ્વરૂપ છે. તેથી ઘડામાં માટીનો અભેદ છે. વળી, ઘડામાં વસ્ત્રનો ભેદ છે. આ રીતે અપેક્ષાભેદે ઘડામાં ભેદ અને અભેદ બન્ને મળે છે. એ જ રીતે આત્મામાં રહેલ દોષોથી આત્મા ભિન્ન છે. માટે આપણામાં રહેલા દોષોને છોડીએ. તેમજ આત્મામાં ગુણોનો અવ્યક્તરૂપથી અભેદ પણ છે. માટે તે ગુણોને પ્રગટ કરવા પ્રયત્ન કરવો. (૪/૨)

જેમ રૂપ, રસ વગેરે એકીસાથે એક ઘટ વગેરેમાં મળે છે, તેમ ભેદ અને અભેદ બન્ને એકી સાથે દરેક દ્રવ્યમાં મળી શકે છે. કાચા શ્યામ ઘટમાં જ્યારે રક્તરૂપનો ભેદ હોય ત્યારે શ્યામ રંગનો અભેદ હોય છે. આ રીતે એક જ ઘડામાં એક જ સમયે ભેદાભેદ મળી શકે છે. તેમ આત્મામાં દોષનો ભેદ અને ગુણનો અભેદ - બન્નેનો એકીસાથે અનુભવ કરવાનું લક્ષ્ય રાખવું. (૪/૩-૪)

તે જ રીતે મનુષ્યમાં બાળકપણું વગેરે પર્યાયનો ભેદાભેદ સમજવો. (૪/૫)

ગુણ-પર્યાય રવાના થતાં તેનો આધાર પણ રવાના થાય છે. ગુણ-ગુણીની આ અભેદદષ્ટિથી, તપ પૂર્ણ થતાં તપસ્વીરૂપે આપણું અસ્તિત્વ પણ નષ્ટ થાય છે. તેથી ક્યારેય 'હું ઉગ્ર તપસ્વી છું' - એમ તપસ્વી તરીકેનો મદ ન કરવો.(૪/૬)

જડ અને ચેતન બન્નેમાં પરસ્પર ભેદાભેદ રહે છે. કારણ કે પ્રમેયત્વ, સત્ત્વ વગેરે ગુણો બન્નેમાં છે. તે અપેક્ષાએ બન્નેમાં અભેદ છે. તેમ જ જડમાં જડત્વ છે જે ચેતનમાં નથી. ચેતનમાં ચેતનત્વ છે જે જડમાં નથી. તેથી પરસ્પર બન્નેમાં ભેદ પણ મળશે. તેથી આપણે દેહપીડામાં ભેદજ્ઞાન વિચારવું. તેમ જ પરકીય શરીર અને જીવો વચ્ચે અભેદની વિચારણા દ્વારા બીજા કોઈને ક્યારેય પીડા ન આપવી. (૪/૭)

વસ્તુમાં ભેદ અને અભેદ અલગ અલગ નયથી મળે. આ નયના પણ અસંખ્ય પ્રકારો બતાવેલા છે. આમાંથી યથાયોગ્ય નયને પકડી સંવર, સમાધિ અને સમ્યક્ જ્ઞાનમાં જીવવા પ્રયત્નશીલ બનવું. (૪/૮)

આ નયોને આશ્રયીને સપ્તભંગી બતાવવામાં આવી છે. તે મુજબ જીવ સ્વરૂપથી સત્ છે. તેમ જ પરરૂપથી અસત્ છે. માટે પરસ્વરૂપને ભૂલી સ્વસ્વરૂપને પ્રગટાવવા પ્રયત્ન કરવો. (૪/૯)

દ્રવ્યાર્થિકનય અભેદને દેખાડે છે. પણ પર્યાયાર્થિકનય ભેદને બતાવે છે. આત્માના શુદ્ધ પર્યાયો આત્માથી ભિન્ન હોવા છતાં તેનો પક્ષપાત કેળવી આપણે આત્માને શુદ્ધ કરતા રહેવું. (૪/૧૦)

આગળના શ્લોકોમાં સપ્તભંગીના અન્ય ભાંગાઓ જણાવેલ છે. (૪/૧૧-૧૨-૧૩)

આમ પ્રમાણસપ્તભંગી, નયસપ્તભંગી, સકલાદેશ, વિકલાદેશ, કાળ વગેરે આઠ તત્ત્વો, સુનય, દુર્નય, મૂળ નયની એકવીસ સપ્તભંગી વગેરેના જ્ઞાન દ્વારા શુદ્ધ આત્મસ્વરૂપનો નિર્ણય કરવો. (૪/૧૪)

## ઢાળ - ૪

(*નંદનકું ♦ત્રિશલા ✡હું લાલ હુલરાવે - એ દેશી.)

▸હવઇ ચઉથી ઢાલમાંહઈં *ભેદાભેદ વ્યવસ્થાપવાનેં* ભેદાભેદનો વિરોધ આશંકીનઈં ટાલઈં છઈ.◂ પરવાદી♦ કહઈ છઈ -

**"ભેદ-અભેદ ઉભય કિમ માનો ? જિહાં ⁸વિરોધ નિરધારો રે;**
**એક ઠામિ કહો કિમ કરિ રહવઇ આતપ નઈં અંધારો રે ?" ॥૪/૧॥ (૪૧)**
**શ્રુતધર્મઈં મન દૃઢ કરિ રાખો, જિમ શિવસુખફલ ચાખો રે. (એ આંકણી.)**

• द्रव्यानुयोगपरामर्शः •

शाखा - ४

एकत्र भेदाऽभेदोभयव्यवस्थापनाय इह भेदाऽभेदयोर्विरोधमाशङ्क्य प्रतिक्षिपति – 'भेदे'ति।

**भेदाभेदोभयं मान्यं कथम् ? यत्र विरुद्धता।**
**एकत्रैव कथं स्यातामातप-तमसी खलु।।४/१।।**
**श्रुते कुरु मनोदार्ढ्यम्, स्वादय शिवशर्म रे।। ध्रुवपदम्।।**

• द्रव्यानुयोगपरामर्शकर्णिका •

प्रकृते दण्डान्वयस्त्वेवम् – यत्र विरुद्धता (वर्तते तत्) भेदाभेदोभयं कथं मान्यम् ? आतप-तमसी खलु एकत्रैव कथं स्याताम् ?।।४/१।। श्रुते मनोदार्ढ्यं कुरु, शिवशर्म स्वादय रे।। ध्रुवपदम्।।

ननु **यत्र** भेदाऽभेदयोः **विरुद्धता** = विरोधः वर्त्तते तद् **भेदाऽभेदोभयं** द्रव्य-गुण-पर्यायेषु

• દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકાસુવાસ •

[illegible] :- પ્રસ્તુત ચોથી શાખામાં એક જ વસ્તુમાં ભેદાભેદ ઉભયની વ્યવસ્થા સિદ્ધ કરવાની છે. તે માટે એકત્ર ભેદાભેદના વિરોધની શંકા ઉભી કરી તેનું ગ્રંથકારશ્રી નીચે મુજબ નિરાકરણ કરે છે.

### ❖ અનેકાંતવાદમાં આક્ષેપ ❖

[illegible]:- જે ભેદ અને અભેદ વચ્ચે પરસ્પર વિરોધ વર્તે છે તેવા ભેદ અને અભેદ ઉભય એક વસ્તુમાં કઈ રીતે માન્ય થાય ? પરસ્પરવિરોધી પ્રકાશ અને અંધકાર એક સ્થાને કઈ રીતે રહે? (૪/૧) હે ભવ્ય આત્મા ! શ્રુતધર્મમાં-મનને દૃઢ કરો, જેથી મોક્ષસુખનો આસ્વાદ થાય. (ધ્રુવપદ)

[illegible] :- ત્રીજી શાખાના અન્તે દ્રવ્ય-ગુણાદિનો પરસ્પર ભેદાભેદ જણાવેલ હતો. તે સાંભળીને અન્ય એકાંતવાદી જૈનોની સામે પ્રશ્ન કરે છે કે : ભેદ અને અભેદ પરસ્પર વિરોધી છે. તેથી જે બે

* પાઠા૦ ૧. ગામ નગર આગઈ કરી કંદર. ભા૦ પા૦ ♦ કો.(૧૦ + ૧૨)માં 'રાગ-આશાઉરી, ધન ધન સંપ્રતિ સાચો રાજા- એ દેશી.' પાઠ. ✡ પુસ્તકોમાં 'હું લાલ' નથી. કો.(૪)માં છે. ▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ધ.માં નથી. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯) + સિ.માં છે. ♦ 'પરવાદીનો મત તેને દૂષણરૂપ કહઈ.' પાઠ કો.(૯)માં છે. ⁸ ધ.માં 'અવરોધ' પાઠ.

"દ્રવ્યાદિકનઈં ▸એક વસ્તુમાંહિ◂ **ભેદ-અભેદ** (ઉભય=) બેહુ ધર્મ ▸તુમ્હે◂ **કિમ માનો** છો ? **જિહાં વિરોધ નિર્ધાર** છઈ. ભેદ હોઈ, તિહાં અભેદ ન હોઈ; અભેદ હોઇ, તિહાં ભેદ ન હોઇ. એ બેહુ ભાવાભાવરૂપઈં વિરોધી છઈ. વિરોધી બેહુ એક ઠામઈં ન રહઈ. ▸**કહો નેં - એક ઠામઈં આતપ** કહતાં તડકો **નઈં અંધારો** કહતાં છાયા ર **કિમ** (**ક**રિ=કરિને) **રહેં** ?◂ જિમ આતપ હોઈ, તિહાં અંધારો ન રહઈ. અંધારો હોઈ, તિહાં આતપ ન રહઈ, તિમ ભેદાભેદ એકત્ર ન હોઇ. ***एतेन सप्तदश दूषणानि सूचितानि। तथाहि – यदि भेदस्तर्हि अभेदः कथम् ? अभेदश्चेद् ? भेदः कथम् ? इति** *विरोधः* ।।१।।

---

प्रत्येकं **कथं मान्यं** भवद्भिः ? यत्र घट-पटादिषु भेदो वर्त्तते तत्राऽभेदो न भवति, यत्र च घट -कुम्भ-कलशादिषु अभेदो वर्त्तते तत्र भेदो नास्ति। इत्थं भेदाऽभेदयोः भावाऽभावरूपेण मिथो विरुद्धत्वादेकत्र भेदाऽभेदौ न स्याताम्। भेदश्चेद् द्रव्य-गुणयोः द्रव्य-पर्याययोः वा, अभेदः कथम् ? अभेदश्चेद् भेदः कथम् ? भावाऽभावयोः मिथोविरुद्धत्वात्। **एकत्रैव** धर्मिणि **खलु कथं** = केन प्रकारेण **आतप-तमसी स्याताम्** ? यथा यत्राऽऽतपस्तत्र न तमः, यत्र च तमः तत्र नाऽऽतपः तथा भेदाभेदौ नैकत्र सम्भवेतामित्याक्षेपः परवादिनः। खलुशब्दोऽत्र निषेधे द्रष्टव्यः, "निषेध -वाक्याऽलङ्कारे जिज्ञासाऽनुनये खलु" (अ.को.३/२५५) इति **अमरकोशो**क्तेः।

एतेन सप्तदश दूषणानि सूचितानि। तथाहि – यदि गुण-गुणिनोः पर्याय-पर्यायिणोः वा

---

પદાર્થ (ઘટ-પટ) વચ્ચે ભેદ હોય ત્યાં અભેદ ન રહી શકે. તથા જે બે પદાર્થ (ઘટ-કુંભ) વચ્ચે અભેદ હોય ત્યાં ભેદ ન રહી શકે. આવું સર્વ લોકો માને છે. તેથી જે ભેદ અને અભેદ વચ્ચે પરસ્પર વિરોધ રહેલો છે તે ભેદાભેદઉભયને દ્રવ્ય-ગુણ-પર્યાય પ્રત્યેકમાં તમે સ્યાદ્વાદી કઈ રીતે માન્ય કરી શકો ? દ્રવ્ય અને ગુણ વચ્ચે અથવા દ્રવ્ય અને પર્યાય વચ્ચે જો ભેદ હોય તો અભેદ ન હોઈ શકે. તથા જો અભેદ હોય તો ભેદ ન હોઈ શકે. કેમ કે ભેદ અભાવસ્વરૂપ છે અને અભેદ ભાવસ્વરૂપ છે. ભાવ અને અભાવ પરસ્પર વિરુદ્ધ છે. જેમ અંધકાર અને પ્રકાશ વચ્ચે પરસ્પર વિરોધ છે તેમ ભેદ અને અભેદ વચ્ચે પરસ્પર વિરોધ છે. તેથી જ્યાં જેનો ભેદ હોય ત્યાં તેનો અભેદ ન હોઈ શકે તથા જ્યાં જેનો અભેદ હોય ત્યાં તેનો ભેદ ન હોઈ શકે. આમ એક વસ્તુમાં અંધકાર અને પ્રકાશની જેમ ભેદ અને અભેદ બન્નેને કઈ રીતે માન્ય કરાય ? ન જ કરાય. આ પ્રમાણે એકાંતવાદીઓનો સ્યાદ્વાદીની સામે આક્ષેપ છે. આ રીતે અહીં મૂળ શ્લોકમાં રહેલ 'खलु' શબ્દ નિષેધ અર્થમાં જાણવો. કેમ કે **અમરકોશ**માં નિષેધ, વાક્યશોભા, જિજ્ઞાસા, અનુનય અર્થમાં 'खलु' જણાવેલ છે.

### 卐 અનેકાંતવાદમાં સત્તર દોષોનો આક્ષેપ 卐

(**एतेन**.) આવું કહેવા દ્વારા 'ભેદ-અભેદ ઉભયને એક જ વસ્તુમાં માન્ય કરવામાં આવે તો સત્તર પ્રકારના દોષો આવે' - તેવું એકાંતવાદી દ્વારા સૂચિત થાય છે. તે આ રીતે :-

---

▸....◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯) + સિ.માં છે. *....* ચિહ્નદ્વયમધ્યવર્તી પૃ.૩૬૨ થી પૃ.૩૭૧ સુધીનો સંસ્કૃતભાષાનિબદ્ધ વિસ્તૃત પાઠ પુસ્તકોમાં નથી. કો.(૩) + લી.(૪) + સિ.માં છે.

**भेदस्य अधिकरणं चेत् ? कथमभेदस्य? अभेदस्य चेत् ? कथं भेदस्येति *वैयधिकरण्यम्* ।।२।। मिथोभिन्नाश्रयवृत्तित्वव्याप्तिः = विरोधः, परस्पराश्रये भेदव्याप्तिः = वैयधिकरण्यमिति भेदः। येन रूपेण भेदः तेनाऽभेदोऽपि स्यादिति *व्यतिकरः,* "परस्परविषयगमनं = व्यतिकरः" (षड्दर्शनसमुच्चय-**

---

भेदस्तर्हि अभेदः कथम् ? अभेदश्चेत् ? भेदः कथम् ? इति ***विरोधः*** ।।१।।

भेदस्य अधिकरणं चेत् ? कथमभेदस्य ? अभेदस्य चेत् ? कथं भेदस्येति ***वैयधिकरण्यम्*** ।।२।।

न चानयोरैक्यम्, यतो मिथोभिन्नाश्रयमात्रवृत्तित्वव्याप्तिः = विरोधः, परस्पराश्रये भेदव्याप्तिः = वैयधिकरण्यमिति भेदः।

किञ्च, स्याद्वादे भेदाभेदयोरपि मिथः कथञ्चिदभिन्नतया एकत्रैव द्रव्ये येन भेदत्वेन रूपेण

---

### ❯ ભેદ-અભેદને એકત્ર માનવામાં વિરોધનો અપલાપ ❯

(૧) **વિરોધ** :- જો ગુણ-ગુણી વચ્ચે કે પર્યાય-પર્યાયી વચ્ચે ભેદ હોય તો અભેદ કઈ રીતે હોઈ શકે ? તથા તે બન્ને વચ્ચે અભેદ હોય તો ભેદ કઈ રીતે હોઈ શકે ? કારણ કે ભેદ અને અભેદ વચ્ચે તડકા અને છાયાની જેમ વિરોધ છે. આમ એકત્ર ભેદ-અભેદ ઉભયને માનવામાં સૌપ્રથમ વિરોધ નામનો દોષ આવે છે. તાત્પર્ય એ છે કે તે બન્ને એકબીજાનો વિરોધ કરશે. મતલબ કે એકબીજાને હડસેલી મૂકશે. અન્યથા માનવામાં તે બન્ને વચ્ચે જે વિરોધ પ્રસિદ્ધ છે, તેનો અપલાપ થશે.

### ❉ અનેકાંતમાં વૈયધિકરણ્ય દોષનો અપલાપ ❉

(૨) **વૈયધિકરણ્ય** :- (भेद.) ભેદ અને અભેદ પરસ્પર વિરોધી હોવાથી જ તે બન્નેનું એકત્ર અસ્તિત્વ માનવામાં વૈયધિકરણ્ય તકલીફ કરશે. પ્રસ્તુતમાં દ્રવ્ય જો ગુણાદિના ભેદનું અધિકરણ હોય તો ગુણાદિના અભેદનું અધિકરણ કઈ રીતે હોઈ શકે ? તથા દ્રવ્ય જો ગુણાદિના અભેદનું અધિકરણ હોય તો તે ગુણાદિના ભેદનું અધિકરણ કઈ રીતે હોઈ શકે ? બન્નેને એકત્ર માનવામાં ભેદ અને અભેદ વચ્ચે જે વૈયધિકરણ્ય પ્રસિદ્ધ છે, તેનો અપલાપ કરવાનો પ્રસંગ આવશે.

### ❖ વિરોધ અને વૈયધિકરણ્ય વચ્ચે તફાવત ❖

**શંકા** :- (न चा.) વિરોધ અને વૈયધિકરણ્ય વચ્ચે ફરક શું છે ? બન્ને એક જ જણાય છે.

**સમાધાન** :- ભાગ્યશાળી ! પરસ્પર ભિન્ન એવા જ આશ્રયમાં રહેવું તે વિરોધ છે. તથા એકબીજાના આશ્રયમાં અવશ્ય ભેદ રહેવો તે વૈયધિકરણ્ય છે. અહીં 'જ' તથા 'અવશ્ય' શબ્દનો પ્રયોગ તથાવિધ વ્યાપ્તિને સૂચવે છે. [દા.ત. 'ઘટત્વ-પટત્વ જુદા જ આશ્રયમાં રહે છે.' આ વાક્ય ઘટત્વ-પટત્વ વચ્ચે વિરોધને દર્શાવે છે. અહીં વિરોધ દોષમાં પરસ્પર ભિન્ન એવા આશ્રયમાં અસ્તિત્વને મુખ્ય બનાવવામાં આવે છે. જ્યારે વૈયધિકરણ્યમાં પરસ્પરના આશ્રયમાં રહેલા ભેદને મુખ્ય કરવામાં આવે છે. દા.ત. 'ઘટત્વ-પટત્વના આશ્રય અવશ્ય ભિન્ન હોય છે' - આ વાક્ય ઘટત્વ-પટત્વ વચ્ચે વૈયધિકરણ્યને જણાવે છે. આમ વિરોધ અને વૈયધિકરણ્ય વચ્ચે તફાવત રહેલો છે.]

### ❀ સ્યાદ્વાદ સ્વીકારમાં વ્યતિકર અને સંકર દોષ ❀

(૩) **વ્યતિકર** :- (किञ्च.) એકબીજાના વિષયમાં એકબીજાનું જવું તેને વ્યતિકર નામનો દોષ કહેવાય. સ્યાદ્વાદીઓના મતે ભેદ અને અભેદ પરસ્પર કથંચિત્ અભિન્ન હોવાથી પ્રસ્તુતમાં એક જ દ્રવ્યમાં જે

**बृहद्वृत्तिः श्लोक ५७, उद्धृतः पाठः) इति वचनात् ।।३।।**

**येन रूपेण भेदः तेन अभेदोऽपि स्यादिति *सङ्करः*। "सर्वेषां युगपत् प्राप्तिः सङ्करः" (षड्दर्शन-समुच्चय-श्लोक.५७ बृहद्वृत्तौ उद्धरणम्) इति वचनात् ।।४।।**

**एकज्ञाने अपरज्ञानाऽऽपत्तिः व्यतिकरः उभयज्ञानाऽऽपत्तिश्च सङ्करः इति विवेकः।**

---

गुणादिभेदः तेनैव तत्रैव गुणाद्यभेदोऽपि स्यात्, येन चाऽभेदत्वेन रूपेण तत्र गुणाद्यभेदः तेनैव तत्रैव गुणादिभेदोऽपि स्यादिति ***व्यतिकरः***, "परस्परविषयगमनं व्यतिकरः" (**षड्दर्शनसमुच्चयबृहद्वृत्तिः** श्लो.५७ उद्धृतपाठः) इति वचनात्।।३।।

येन रूपेण भेदः तेन अभेदोऽपि स्याद्, येन रूपेण चाऽभेदः तेन भेदोऽपि स्यादिति एकरूपेण एकत्र युगपदुभयधर्मसमावेशात् ***सङ्करः***। "सर्वेषां युगपत् प्राप्तिः सङ्करः" (**षड्दर्शन-समुच्चय**-श्लोक.५७ **बृहद्वृत्तौ** उद्धरणम्) इति वचनात्।।४।।

***न च*** व्यतिकर-सङ्करयोः को भेदः ? इति ***पर्यनुयोक्तव्यम्,***

एककोटिज्ञाने जायमाने अपरकोटिज्ञानाऽऽपत्तिः व्यतिकरः, उभयकोटिज्ञानोदयाऽऽपत्तिश्च सङ्कर इति विवेकस्य स्पष्टत्वात्। अयमभिप्रायः – व्यतिकरे यद्रूपेण द्रव्ये गुणादिभेदः तद्रूपेणैव गुणाद्यभेदसत्त्वाद् गुणादिभेदज्ञाने क्रियमाणे तदभेदज्ञानमापद्येत। तथाहि – 'गुणभिन्नं द्रव्यमि'ति

---

ભેદત્વસ્વરૂપે ગુણાદિનો ભેદ રહે છે, તે જ ભેદત્વસ્વરૂપે તે જ દ્રવ્યમાં ગુણાદિનો અભેદ પણ રહેશે તથા જે અભેદત્વસ્વરૂપે દ્રવ્યમાં ગુણાદિનો અભેદ રહે છે, તે જ સ્વરૂપે તે જ દ્રવ્યમાં ગુણાદિનો ભેદ પણ રહેવાથી વ્યતિકર નામનો દોષ લાગુ પડે છે.

(૪) **સંકર** :- (**येन.**) સર્વ ધર્મો એકીસાથે એકત્ર આવી જવા તેને 'સંકર' દોષ કહેવાય. પ્રસ્તુતમાં જે સ્વરૂપે દ્રવ્યમાં ગુણાદિનો ભેદ રહેલો છે તે જ સ્વરૂપે ત્યાં તેનો અભેદ પણ હોવાથી તથા જે સ્વરૂપે દ્રવ્યમાં ગુણાદિનો અભેદ રહેલો છે તે જ સ્વરૂપે ત્યાં ભેદ પણ હોવાથી 'સંકર' દોષ લાગુ પડે છે. કારણ કે એકસ્વરૂપે એક દ્રવ્યમાં એકીસાથે બન્નેનો સમાવેશ માન્ય કરવામાં આવે છે. મતલબ કે દ્રવ્યમાં જે સ્વરૂપે ગુણાદિનો ભેદ છે તે સ્વરૂપે ગુણાદિના ભેદ-અભેદ ઉભયનું અધિકરણ બનવાથી ભેદાભેદ ઉભયમાં સાંકર્ય (= સંકીર્ણતા = સંકર દોષ) આવશે.

### ❀ વ્યતિકર અને સંકર વચ્ચે તફાવત ❀

**પ્રશ્ન** :- (न च.) વ્યતિકર અને સંકર દોષ વચ્ચે શું તફાવત છે ?

**સમાધાન** :- (एक.) વ્યતિકર દોષમાં એક કોટિનું જ્ઞાન કરવા જતાં બીજા અંશનું જ્ઞાન થઈ જવાની આપત્તિ આવે છે. જ્યારે સંકર દોષમાં એક અંશનું જ્ઞાન કરવા જતાં બન્ને અંશનું જ્ઞાન થઈ જવાની આપત્તિ આવે છે. આટલો ભેદ વ્યતિકર અને સંકર વચ્ચે સ્પષ્ટપણે રહેલો છે. આશય એ છે કે વ્યતિકરમાં જે સ્વરૂપે દ્રવ્યમાં ગુણાદિનો ભેદ રહેલો છે, તે જ સ્વરૂપે ગુણાદિનો અભેદ પણ રહેલો હોવાથી દ્રવ્યમાં રહેલ ગુણાદિના ભેદનું જ્ઞાન કરવા જતાં અભેદનું જ્ઞાન થવાની સમસ્યા સર્જાય છે. દા.ત. 'ગુણભિન્ન

**भेदाऽभेदौ अपि प्रत्येकं भेदाभेदात्मकौ स्याताम्। तत्राऽपि भेदाऽभेदात्मकत्वपरिकल्पनायाम् *अनवस्था* ।।५।।**

**'केन रूपेण भेदः? केन वाऽभेदः?' इति *संशयः*।।६।।**

---

ज्ञाने क्रियमाणे 'गुणाऽभिन्नं द्रव्यमि'ति ज्ञानं व्यतिकरे आपद्येत, आधेयतावच्छेदकस्य गुणभेदत्वस्य द्रव्यनिष्ठगुणाऽभेदेऽप्यभ्युपगमात्। सङ्करे तु यद्रूपेण द्रव्यं गुणादिभेदाधिकरणं तद्रूपेणैव तस्य गुणाद्यभेदाधिकरणत्वाद् द्रव्यनिष्ठगुणादिभेदज्ञाने क्रियमाणे गुणादिभेदाऽभेदोभयज्ञानमापद्येत। तथाहि – 'गुणभिन्नं द्रव्यमि'ति ज्ञाने 'गुणभिन्नाऽभिन्नं द्रव्यमि'ति ज्ञानं सङ्करे आपद्यते, गुणभेदत्वरूपेण द्रव्ये गुणभेदाऽभेदोभयसत्त्वाऽङ्गीकारादिति व्यतिकर-सङ्करयोर्नाऽभेद इति ।

भेदाऽभेदौ अपि प्रत्येकं भेदाभेदात्मकौ स्याताम्। तत्राऽपि भेदाऽभेदात्मकत्वपरिकल्पनायाम् ***अनवस्था***। अप्रामाणिकपदार्थपरम्परापरिकल्पनाविश्रान्त्यभावो हि अनवस्थोच्यते।।५।।

'केन रूपेण द्रव्ये भेदः ? केन वाऽभेदः ?' इति ***संशयः***। 'केन रूपेण वा द्रव्ये गुणादिभेदाधारता केन वा तदभेदाधारता ?' इत्यपि संशयः स्यात्। तथा च द्रव्यनिष्ठाया

---

દ્રવ્ય' આવું જ્ઞાન કરવા જતાં 'ગુણઅભિન્ન દ્રવ્ય' આવું જ્ઞાન થવાની આપત્તિ વ્યતિકર દોષમાં આવશે. કારણ કે દ્રવ્યમાં રહેનારા ગુણભેદની અને ગુણઅભેદની આધેયતાનો અવચ્છેદકધર્મ એક જ ગુણભેદત્વ છે. આમ તેને જૈનો ગુણઅભેદમાં પણ સ્વીકારે છે. તેથી દ્રવ્યનિષ્ઠ ગુણભેદનું ગુણભેદત્વરૂપે જ્ઞાન કરવા જતાં ગુણભેદત્વરૂપે ગુણઅભેદનું જ્ઞાન ઉત્પન્ન થવાની સમસ્યા સર્જાશે. જ્યારે સંકર દોષની અપેક્ષાએ વિચારીએ તો, જે સ્વરૂપે દ્રવ્યમાં ગુણાદિપ્રતિયોગિક ભેદ છે તે જ સ્વરૂપે તે ગુણાદિનો અભેદ પણ હોવાથી દ્રવ્યનિષ્ઠ ગુણાદિભેદનું જ્ઞાન કરવા જતાં દ્રવ્યમાં ગુણાદિના ભેદાભેદ ઉભયનું જ્ઞાન થવાની આપત્તિ આવે છે. દા.ત. 'ગુણભિન્ન દ્રવ્ય' આવું જ્ઞાન કરવા જતાં 'ગુણભિન્નાભિન્ન દ્રવ્ય' આવું જ્ઞાન ઉત્પન્ન થવાની આપત્તિ સંકરદોષમાં આવશે. કારણ કે 'ગુણભેદત્વસ્વરૂપે દ્રવ્યમાં ગુણભેદાભેદઉભય રહે છે' - આવું જૈનમતે સ્વીકૃત છે. માટે વ્યતિકર અને સંકર દોષ એક નથી પણ જુદા છે.

### ભેદાભેદરૂપ અનેકાંતમાં અનવસ્થા

**(૫) અનવસ્થા** :- **(भेदा.)** દ્રવ્ય અને ગુણાદિ વચ્ચે રહેલ ભેદાભેદને પણ ભેદાભેદાત્મક માનવા પડશે. અર્થાત્ દ્રવ્યનિષ્ઠ ગુણાદિભેદનો દ્રવ્યની સાથે ભેદાભેદ માનવો પડશે. તથા દ્રવ્યનિષ્ઠ ગુણાદિઅભેદનો પણ દ્રવ્યની સાથે ભેદાભેદ માનવો પડશે. વળી, દ્રવ્યમાં ગુણાદિભેદ અને ગુણાદિઅભેદ - આ બન્નેનો જે ભેદાભેદ રહે છે તેનો પણ દ્રવ્યની સાથે ભેદાભેદ માનવો પડશે. આ રીતે ભેદાભેદના ભેદાભેદની કલ્પના, વળી તેના ભેદાભેદની કલ્પના, આ પરંપરા આગળ આગળ ચાલુ જ રહેશે. તેથી અનવસ્થા દોષ લાગુ પડશે. પ્રમાણશૂન્ય કલ્પ્યમાન વસ્તુની પરંપરાનો અંત ન આવવો તેને અનવસ્થા દોષ કહેવાય.

### સ્યાદ્વાદમાં સંશય દોષ

**(૬) સંશય** :- **('केन.)** દ્રવ્યમાં ગુણાદિનો ભેદ અને અભેદ -એમ ઉભય માનવામાં એવો સંશય ઉભો થશે કે 'ગુણાદિપ્રતિયોગિક ભેદ દ્રવ્યમાં ભેદત્વસ્વરૂપે રહે કે અભેદત્વસ્વરૂપે રહે ? તથા ગુણાદિનો અભેદ પણ ત્યાં ભેદત્વસ્વરૂપે રહે કે અભેદત્વસ્વરૂપે રહે ?' તથા 'કયા સ્વરૂપે દ્રવ્યમાં ગુણાદિભેદની

**भेदरूपमभेदरूपं वा दृष्टं नाऽभ्युपगम्यते अदृष्टञ्च भेदाऽभेदात्मकमभ्युपगम्यत इति *दृष्टहान्यदृष्टकल्पने*।।७-८।।**

**तथा च कल्पितस्याऽभाव एव स्यात्।**

**किञ्च, किं नानावस्तुधर्माऽपेक्षया सर्वमनेकान्तात्मकम् उत तन्निरपेक्षतया प्रत्येकम् सर्वं वस्तु इति ?**

---

गुणादिभेदनिरूपिताधारताया गुणाद्यभेदीयाधारतायाश्चाऽवच्छेदकत्वं कुत्र ? इत्यपि संशयितमेव स्यात् स्याद्वादे। न ह्येकस्यैव धर्मस्य युगपदेकत्रसमाविष्टमिथोविरुद्धधर्मद्वयाधारतावच्छेदकत्वं सम्भवति।।६।।

भेदरूपमभेदरूपं वा दृष्टं नाऽभ्युपगम्यते अदृष्टञ्च भेदाऽभेदात्मकमभ्युपगम्यत इति ***दृष्टहान्यदृष्टकल्पने***।।७-८।। तथा च कल्पितस्याऽभाव एव स्यात्।

किञ्च, किं नानावस्तुधर्माऽपेक्षया सर्वमनेकान्तात्मकम् उत तन्निरपेक्षतया इति? प्रथमपक्षे ***सिद्धसाध्यता***, एकस्यापि रामस्य दशरथ-लवणाङ्कुश-लक्ष्मण-सीता-हनुमदयोध्याप्रजा-रावण-सुग्रीवाद्य-

---

આધારતા રહે અને કયા સ્વરૂપે ગુણાદિના અભેદની આધારતા રહે?' - આવો પણ સંશય પડશે. અર્થાત્ દ્રવ્યનિષ્ઠ ગુણાદિપ્રતિયોગિક ભેદથી નિરૂપિત એવી આધારતાનો અવચ્છેદક ધર્મ કોણ બને ? તથા ગુણાદિઅભેદની આધારતાનો અવચ્છેદક ધર્મ કોણ બનશે ? આવો સંશય પણ અનેકાંતમતમાં દુર્વાર બનશે. કારણ કે એકત્ર યુગપત્ સમાવેશ પામનાર બે વિરુદ્ધ ધર્મની આધારતાનો અવચ્છેદક ધર્મ એક તો ન જ હોય.

### ❋ જૈનમતમાં દૃષ્ટહાનિ - અદૃષ્ટકલ્પના દોષનો આક્ષેપ ❋

**(૭-૮) દૃષ્ટહાનિ-અદૃષ્ટકલ્પના :-** (**भेद.**) દ્રવ્યમાં ગુણાદિનો ભેદાભેદ માનવામાં દૃષ્ટહાનિ અને અદૃષ્ટકલ્પના નામના નવા બે દોષો પણ ઉપસ્થિત થાય છે. કોઈ પણ દ્રવ્યમાં કાં તો ગુણાદિનો ભેદ જણાય કાં તો અભેદ જણાય. પરંતુ ભેદાભેદ તો ક્યાંય પણ જણાતો નથી. તેથી દૃષ્ટ = પ્રસિદ્ધ એવા ભેદને કે અભેદને ન સ્વીકારવાથી દૃષ્ટની = પ્રમાણપ્રસિદ્ધ પદાર્થની હાનિ (= ત્યાગ) વજ્રલેપ બનશે. તથા એક પદાર્થમાં બીજા પદાર્થનો ભેદાભેદ ક્યાંય પ્રસિદ્ધ નથી. જ્યારે સ્યાદ્વાદી તો દ્રવ્ય અને ગુણાદિની વચ્ચે ભેદાભેદાત્મકતા માને છે. તેથી પ્રમાણથી અદૃષ્ટની (=અપ્રસિદ્ધની) કલ્પના કરવાનો દોષ પણ જૈનમતમાં દુર્વાર બનશે. તેથી દ્રવ્ય અને ગુણાદિ વચ્ચે જૈનકલ્પિત ભેદાભેદાત્મકતાનો ઉચ્છેદ જ થશે.

### ❋ જૈનો સામે સિદ્ધસાધ્યતા દોષારોપણ ❋

**(૯) સિદ્ધસાધ્યતા :-** (**किञ्च.**) વળી, અનેકાંતવાદના સ્વીકારમાં નવી સમસ્યા એ ઉપસ્થિત થાય છે કે વિવિધ વસ્તુના ગુણધર્મની અપેક્ષાએ તમામ પદાર્થ અનેકાંતાત્મક છે કે પછી વિવિધ વસ્તુના ગુણધર્મથી નિરપેક્ષપણે અનેકાંતાત્મક છે ? જો વિવિધ વસ્તુના ગુણધર્મની અપેક્ષાએ સર્વ પદાર્થને અનેકાંતાત્મક (= અનેકધર્માત્મક) માનવામાં આવે તો અનેકાંતવાદીને સિદ્ધસાધ્યતા દોષ આવશે. કારણ કે અલગ અલગ વસ્તુના ગુણધર્મની અપેક્ષાએ વસ્તુમાં અનેકધર્માત્મકતા એકાંતવાદીઓને પણ માન્ય જ છે. દા.ત. એક જ રામચંદ્રજીમાં દશરથનિષ્ઠ પિતૃત્વ ધર્મની અપેક્ષાએ પુત્રત્વ નામનો ગુણધર્મ રહે છે. લવણ-અંકુશમાં રહેલ પુત્રત્વ ધર્મની અપેક્ષાએ રામચંદ્રજીમાં પિતૃત્વ નામનો ગુણધર્મ રહે છે. આ

प्रथमपक्षे *सिद्धसाध्यता,* द्वितीयेऽपि पक्षे *विरोधादिदोषः*।

**किञ्च, किं क्रमेण सर्वमनेकान्तात्मकम् उत यौगपद्येन ? आद्ये *सिद्धसाध्यता*, द्वितीये तु स एव दोषः।।९।।**

---

पेक्षया पुत्रत्व-पितृत्व-भ्रातृत्व-भर्तृत्व-स्वामित्व-नृपत्व-शत्रुत्व-मित्रत्वाद्यनेकधर्मात्मकताया अभ्युपगमात्।

द्वितीयेऽपि पक्षे ***विरोध-संशयादिदोषः***, पितृत्व-पुत्रत्व-शत्रुत्व-मित्रत्वादिधर्माणां मिथो विरुद्धत्वाद् निरपेक्षतयैकत्र तत्समावेशे सर्वान् प्रति अविशेषरूपेण रामस्य पितृत्व-पुत्रत्वाद्यापत्तेः। तथा च लोक-शास्त्रविरोधः संशयादिश्च।

किञ्च, किं क्रमेण सर्वमनेकान्तात्मकम् उत यौगपद्येन ? आद्ये ***सिद्धसाध्यता***, एकस्मिन् घटादौ श्याम-रक्तरूपादेः देवदत्तादौ च बालत्व-तरुणत्वादेः क्रमेण अभ्युपगमात्। द्वितीये तु स एव विरोधादिदोषः।।९।।

---

રીતે ભ્રાતૃત્વ, પતિત્વ, સ્વામિત્વ, નૃપત્વ, શત્રુત્વ, મિત્રત્વ આદિ અનેક વિલક્ષણ ગુણધર્મો તે જ રામચંદ્રજીમાં ક્રમશઃ લક્ષ્મણ, સીતા, હનુમાન, અયોધ્યાવાસી સામાન્ય જનતા, રાવણ, સુગ્રીવ આદિની અપેક્ષાએ રહે છે. તેથી અનેકવિધવસ્તુગત ગુણધર્મને સાપેક્ષ અનેકધર્માત્મકતા તો અમે એકાંતવાદીઓ માન્ય કરીએ જ છીએ. પ્રતિવાદીને સંમત તેવી વસ્તુની સિદ્ધિ વાદી દ્વારા કરવામાં આવે ત્યારે વાદીને સિદ્ધસાધ્યતા (= સિદ્ધસાધન) દોષ લાગુ પડે છે.

### ❋ નિરપેક્ષ અનેકાંતમાં વિરોધ દોષ ❋

(**द्वितीयेऽपि.**) જો વિવિધ વસ્તુમાં રહેલ ગુણધર્મોથી નિરપેક્ષપણે તમામ વસ્તુઓને અનેકાન્તાત્મક (= અનેકધર્માત્મક) માનવામાં આવે તો પણ સ્યાદ્વાદીને વિરોધ આદિ દોષ લાગુ પડશે. કેમ કે પિતૃત્વ -પુત્રત્વ, શત્રુત્વ-મિત્રત્વ આદિ ગુણધર્મયુગલ પરસ્પર વિરુદ્ધ છે. તેથી નિરપેક્ષપણે તેનો એકત્ર સમાવેશ થઈ ન શકે. નિરપેક્ષપણે તેનો એકત્ર સમાવેશ કરવો તેનો અર્થ એ થાય કે 'રામચંદ્રજી તમામ લોકોના પિતા, પુત્ર, મિત્ર, શત્રુ વગેરે છે.' આવું માનવામાં વિરોધ તથા સંશય વગેરે દોષો લાગુ પડશે.

### ❋ અનેકાન્તરૂપતા ક્રમથી કે યુગપત્ ? ❋

(**किञ्च.**) વળી, જૈનો સામે એકાંતવાદીઓ એવો પ્રશ્ન કરે છે કે- સર્વ વસ્તુઓ શું ક્રમશઃ અનેકાન્તાત્મક (= અનેકધર્માત્મક) છે કે એકીસાથે અનેકધર્માત્મક છે ? જો દરેક વસ્તુ ક્રમશઃ અનેકવિરુદ્ધ-ધર્માત્મક = અનેક વિરુદ્ધ ધર્મોના આશ્રયસ્વરૂપ હોય તો જૈનોને સિદ્ધસાધ્યતા નામનો દોષ લાગુ પડશે. કારણ કે ઘડો પાકની પૂર્વે શ્યામ હોય છે અને પાક પછી લાલ થાય છે. તેથી કાળાશ, લાલાશ નામના વિરુદ્ધ ગુણધર્મો એક જ ઘડામાં કાળક્રમે અમારા મતે સિદ્ધ જ છે. તે જ રીતે બાળત્વ, કિશોરત્વ, વૃદ્ધત્વ, રોગીત્વ, નિરોગીત્વ વગેરે અનેક વિરુદ્ધ ગુણધર્મો કાળક્રમે એક જ દેવદત્તાદિ વ્યક્તિમાં સંભવી શકે છે. આ વાત અમારા મતે સિદ્ધ જ છે. તેને વળી સાધવાનો પ્રયત્ન કરવાની જરૂર શી ? તેમ છતાં સ્યાદ્વાદી તેવું કરે તો તેને સિદ્ધસાધ્યતા નામનો દોષ લાગુ પડે. તથા દરેક વસ્તુ જો એકીસાથે અનેકધર્માત્મક હોય તો તે જ વિરોધ આદિ દોષો લાગુ પડશે. એકીસાથે એક જ વ્યક્તિમાં બાળત્વ, કિશોરત્વ, વૃદ્ધત્વ આદિ ગુણધર્મોને માનવામાં વિરોધ દોષ સ્પષ્ટ છે.

**किञ्च, अनेकधर्मान् वस्तु किमेकेन स्वभावेन नानास्वभावैः वा व्याप्नुयात् ? आद्ये तेषामेकत्वं वस्तुनो वा नानात्वं स्यात् । द्वितीये तानपि नानास्वभावान् किमेकेन स्वभावेन किं वा नानास्वभावैः व्याप्नुयात् ? इत्यादिचर्चायामे*कत्वापत्त्यनवस्थे* ।।१०-११।।**

**किञ्च, सर्वस्यानेकान्तात्मकत्वे जलादेरनलत्वाद्यापत्तौ जलानलार्थिनो *नियतप्रवृत्त्यनुपपत्तिः*। को हि**

किञ्च, अनेकधर्मान् वस्तु किमेकेन स्वभावेन अनेकस्वभावैः वा व्याप्नुयात् ? आद्ये तेषामेकत्वम् एकस्वभावेन वस्तुव्यापनात्; वस्तुनो वा नानात्वं स्यात्, एकस्वभावेन अनेकधर्मव्याप्तेः।

द्वितीये तानपि अनेकस्वभावान् वस्तु किमेकेन स्वभावेन किं वा नानास्वभावैः व्याप्नुयात् ? एकस्वभावेन अनेकस्वभावव्याप्तौ अनेकस्वभावानां सैव एकत्वापत्तिः। वस्तुनो नानास्वभावैः अनेकगुणधर्मनियामकानेकस्वभावव्याप्तौ तानपि नानास्वभावान् वस्तु किमेकेन स्वभावेन किं वा नानाविधस्वभावैः व्याप्नुयात् ? इत्यादिचर्चाया***मेकत्वापत्त्यनवस्थे*** ।।१०-११।।

किञ्च, सर्वस्यानेकान्तात्मकत्वे जलादेरनलत्वाद्यापत्तौ जलानलार्थिनो ***नियतप्रवृत्त्यनुपपत्तिः***।

### ⁂ અનેક ગુણધર્મમાં એકત્વ આપત્તિ ⁂

**(૧૦) એકત્વાપત્તિ** :- (किञ्च, अनेक.) વળી, અનેકાંતવાદનો સ્વીકાર કરીને સર્વ વસ્તુને અનેકધર્માત્મક = અનેકવિરુદ્ધધર્મવિશિષ્ટ માનવામાં પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે **(A)** વસ્તુ શું એક સ્વભાવથી અનેક ગુણધર્મોને પ્રાપ્ત કરશે કે **(B)** અલગ અલગ સ્વભાવથી અનેક ગુણધર્મોને પ્રાપ્ત કરશે ? **(A)** જો વસ્તુ એકસ્વભાવથી જ અનેક ગુણધર્મોને પ્રાપ્ત કરે તો તે અનેક ગુણધર્મો એક = અભિન્ન થઈ જવાની આપત્તિ આવશે. કેમ કે તેઓ એક જ સ્વભાવથી વસ્તુમાં રહે છે. જો એક સ્વભાવથી વસ્તુમાં રહેવા છતાં તે ગુણધર્મો અનેક હોય તો એક સ્વભાવથી અનેક ગુણધર્મોને રાખનાર તે વસ્તુ પણ અનેક બનવાની આપત્તિ આવશે.

### ☫ અનેકસ્વભાવવ્યાપ્તિમાં અનવસ્થા ☫

**(૧૧) અનવસ્થા** :- (द्वितीये तान.) **(B)** જો 'વસ્તુ જુદા જુદા પૂર્વોક્ત સ્વભાવથી અનેક ગુણધર્મોને પ્રાપ્ત કરે' તેવું માનવામાં આવે તો ફરીથી પ્રશ્ન ઉભો થશે કે વસ્તુ તે અનેકસ્વભાવોને શું એક જ સ્વભાવથી ધારણ કરે છે કે અનેક સ્વભાવથી ? જો એક સ્વભાવથી અનેક સ્વભાવોને વસ્તુ ધારણ કરે તો તે અનેક સ્વભાવો એક થઈ જવાની આપત્તિ આવે. તથા જો અનેક ગુણધર્મોને રાખવામાં નિયામક એવા અનેક સ્વભાવોને **(E, F, G)** વસ્તુ અનેક સ્વભાવોથી **(X, Y, Z)** ધારણ કરે તો ફરીથી ત્યાં પ્રશ્ન ઉભો થશે કે તે અનેક સ્વભાવ **(X, Y, Z)** વસ્તુમાં શું એક સ્વભાવથી રહે છે કે અનેક સ્વભાવથી રહે છે ? પ્રથમ વિકલ્પમાં અનેક સ્વભાવને ફરીથી એક થવાની આપત્તિ આવશે. તથા બીજા વિકલ્પના સ્વીકારમાં પુનઃ પૂર્વોક્ત પ્રશ્ન પ્રાપ્ત થવાથી અનવસ્થા ચાલશે. અર્થાત્ તે પ્રશ્નની પરંપરાનો ક્યારેય અંત નહિ આવી શકે.

### ❯ અનેકાંતમાં અનિયત પ્રવૃત્તિનો આક્ષેપ ❯

**(૧૨) નિયત પ્રવૃત્તિનો ઉચ્છેદ** :- (किञ्च, सर्व.) વળી, સર્વ વસ્તુને અનેકધર્માત્મક (= અનંત-

**नाम विवक्षितार्थेऽविवक्षितक्रियाकारिरूपमुपलभमानो निःशङ्कं प्रवर्तेत ?।।१२।।**

**किञ्च, सर्वस्य अनेकान्तात्मकत्वे प्रमाणमप्रमाणम्, अप्रमाणं वा प्रमाणं भवेत्। तथा च सर्वजन-सिद्धव्यवहारविलोपो भवेत् ।।१३।।**

तथाहि – जलेऽनलत्वसत्त्वे जलम् अनलस्वरूपं दाहकारि स्यात्, अनले च जलत्वसत्त्वेऽनलो जलात्मकः दाहशामकः स्यात्। तथा च जलकामोऽनलमानयेद् अनलकामश्च जलम्। तथा च महद् असमञ्जसं प्रसज्येत। ततश्च जलकामो 'जलमेवाऽऽनयेदि'ति नियमः भज्येत। को हि नाम विवक्षितार्थेऽविवक्षितक्रियाकारिरूपमुपलभमानो निःशङ्कं प्रवर्तेत ?।।१२।।

किञ्च, सर्वस्य अनेकान्तात्मकत्वे प्रमाणमपि भ्रम-संशयाऽनध्यवसायवदप्रमाणम्, अप्रमाणं वा प्रमाणं भवेत्। तथा च सर्वजनसिद्धप्रमाणादि***व्यवहारविलोपो*** भवेत्।।१३।।

વિરુદ્ધગુણધર્મમય) માનવામાં આવે તો તેનો અર્થ એ થશે કે પાણી વગેરેમાં અગ્નિત્વ વગેરે ગુણધર્મો પણ રહી જશે. તથા અગ્નિ વગેરેમાં જલત્વ વગેરે ગુણધર્મો પણ રહી જશે. અર્થાત્ પાણી અગ્નિસ્વરૂપ બાળનાર બનશે અને અગ્નિ પાણીસ્વરૂપ બનશે, ઠારનાર બનશે. તેથી આગ લાગી હોય ત્યારે જલકામનાવાળો માણસ જેમ પાણીને લેવા માટે નીકળે તેમ અગ્નિને લેવા માટે પણ તે નીકળશે. કારણ કે પાણીની જેમ અગ્નિમાં પણ જલત્વ નામનો ગુણધર્મ અનેકાંતવાદીના મત મુજબ રહેલો હશે. તથા નિભાડો સળગાવવા માટે અગ્નિની કામના કરનાર કુંભાર અગ્નિની જેમ જલને પણ લાવવાની પ્રવૃત્તિ કરશે. કેમ કે અગ્નિની જેમ પાણીમાં પણ અગ્નિત્વ નામનો ગુણધર્મ અનેકાંતવાદીના મત મુજબ રહેલો હશે. આમ, પાણી લેવા માટે નીકળેલ વ્યક્તિ પાણીની જેમ અગ્નિને લાવવાની ચેષ્ટા કરશે. તથા અગ્નિને લેવા માટે નીકળેલ વ્યક્તિ અગ્નિની જેમ પાણીને લાવવાની ચેષ્ટા કરશે. આવી મોટી ગરબડ અનેકાન્તવાદીના મતમાં સર્જાશે. તેથી 'જલકામનાવાળો માણસ પાણીને જ લાવે' - તેવો પ્રસિદ્ધ નિયમ જૈનમતે રહેશે નહિ. કારણ કે ચોક્કસ પ્રકારની વસ્તુમાં જે ક્રિયા કરવા માટે પ્રવૃત્તિ કરવાની હોય તેના બદલે બીજી જ કોઈ વિલક્ષણ ક્રિયા કરવાનું સ્વરૂપ જોઈને તે વસ્તુમાં વ્યક્તિ કઈ રીતે નિઃશંકપણે પ્રવૃત્તિ કરી શકે ? જેમ કે પાણીમાં જલત્વની જેમ અગ્નિત્વ ગુણધર્મ રહેલો હોય તો પાણીમાં ઠારવાની ક્રિયાની જેમ બાળવાની ક્રિયા કરવાનું સ્વરૂપ જાણીને સળગતા મકાનને ઠારવા માટે પાણીને લેવા નીકળેલ માણસ કઈ રીતે પાણીને જ લાવવાની નિઃશંકપણે પ્રવૃત્તિ કરી શકે ? આમ સર્વ વસ્તુને અનેકધર્માત્મક માનવામાં નિયત પ્રવૃત્તિનો ઉચ્છેદ થવાની આપત્તિ જૈનમતમાં દુર્વાર બનશે.

### ❉ પ્રમાણ પણ અનેકાંતમાં અપ્રમાણ : આક્ષેપ ❉

**(૧૩) પ્રમાણ વ્યવહારનો ઉચ્છેદ :-** (**किञ्च,**) વળી, સર્વ વસ્તુને અનેકાંતાત્મક માનવામાં આવે તો ભ્રમ, સંશય અને અનધ્યવસાયની જેમ પ્રત્યક્ષ આદિ પ્રમાણમાં પણ અપ્રમાણત્વ રહી જશે. તથા અપ્રમાણમાં (ભ્રમ, સંશય વગેરેમાં) પણ પ્રમાણત્વ રહી જશે. આથી અનેકાંતવાદમાં પ્રમાણ પણ અપ્રમાણસ્વરૂપ બનશે. તથા અપ્રમાણ પણ પ્રમાણસ્વરૂપ બનશે. તેથી પ્રમાણનો અપ્રમાણ તરીકે અને અપ્રમાણનો પ્રમાણ તરીકે જો કોઈ માણસ વ્યવહાર કરે તો તેને પણ સાચો માનવો પડશે. તેથી 'અવિસંવાદી પ્રવૃત્તિ કરાવનાર જ્ઞાનને જ પ્રમાણ કહેવાય' - આ પ્રમાણે સર્વ લોકોમાં જે વ્યવહાર

**किञ्च, सर्वज्ञोऽप्यसर्वज्ञः स्यात् ।।१४।।**

**किञ्च, सिद्धोऽप्यसिद्धः स्यात् ।।१५।।**

**अपि च, येन प्रमाणेन सर्वस्य अनेकान्तरूपता साध्यते तस्य कुतोऽनेकान्तरूपतासिद्धिः ? यदि स्वतः, तर्हि सर्वस्यापि तथा भविष्यति, किं प्रमाणकल्पनया ? अथ परतस्तदाऽ*नवस्था*।।१६।।**

किञ्च, स्याद्वादस्वीकारे सर्वज्ञोऽप्यसर्वज्ञः स्यात्, असर्वज्ञश्च सर्वज्ञः। ततश्चाऽसर्वज्ञे सर्वज्ञव्यवहारस्य सर्वज्ञे चाऽसर्वज्ञव्यवहारस्याऽविगानेन प्रामाणिकता प्रसज्येत।।१४।।

किञ्च, एवं सिद्धोऽप्यसिद्धः स्यात्। तथा च सिद्धेऽप्यसिद्धव्यवहारप्रामाण्यापत्तिः।।१५।।

अपि च, अनेकान्तमते प्रमेयवत् प्रमाणस्याऽपि अनेकान्तात्मकत्वाद् येन प्रमाणेन सर्वस्य अनेकान्तरूपता साध्यते तस्य प्रमाणस्य कुतोऽनेकान्तरूपतासिद्धिः ? यदि स्वतः, तर्हि सर्वस्यापि

प्रसिद्ध છે, તેનો ઉચ્છેદ થવાની આપત્તિ અનેકાંતવાદીઓના પક્ષમાં દુર્વાર બનશે.

### ✤ સ્યાદ્વાદમાં સર્વજ્ઞ પણ અસર્વજ્ઞ : આક્ષેપ ✤

**(૧૪) સર્વજ્ઞ પણ અસર્વજ્ઞ** :- વળી, અનેકાંતનો સ્વીકાર કરવામાં નવી એક સમસ્યા એ આવશે કે સર્વજ્ઞમાં જેમ સર્વજ્ઞત્વ નામનો ગુણધર્મ રહે છે તેમ અસર્વજ્ઞત્વ નામનો ગુણધર્મ પણ તેમાં રહેશે. તથા અસર્વજ્ઞમાં જેમ અસર્વજ્ઞત્વ નામનો ગુણધર્મ રહે છે તેમ સર્વજ્ઞત્વ નામનો ગુણધર્મ પણ રહેશે. આમ અનેકાંતમતમાં સર્વજ્ઞ પણ અસર્વજ્ઞ થશે અને અસર્વજ્ઞ પણ સર્વજ્ઞ થશે. તેથી અનેકાંતવાદીના મતે, સર્વજ્ઞને ઉદ્દેશીને અસર્વજ્ઞ તરીકેનો વ્યવહાર કોઈ કરે તો તેને નિઃશંકપણે સાચો માનવો પડશે. તથા અસર્વજ્ઞમાં સર્વજ્ઞત્વ નામનો ગુણધર્મ રહેવાથી, અસર્વજ્ઞને ઉદ્દેશીને સર્વજ્ઞ તરીકેનો વ્યવહાર કોઈ કરે તો તેને પણ નિઃશંકપણે સાચો માનવો પડશે.

### ☫ જૈન મતમાં સિદ્ધ પણ અસિદ્ધ : આક્ષેપ ☫

**(૧૫) સિદ્ધ પણ અસિદ્ધ** :- વળી, વસ્તુને અનેકધર્માત્મક માનવામાં નવો દોષ એ આવશે કે કર્મમુક્ત થયેલા સિદ્ધ ભગવંતોમાં જેમ સિદ્ધત્વ નામનો ધર્મ રહે છે તેમ અસિદ્ધત્વ નામનો ગુણધર્મ પણ રહેશે. તેથી સિદ્ધ ભગવંત પણ અસિદ્ધ (= સંસારી) થવાની આપત્તિ આવશે. તથા સિદ્ધ ભગવંતને ઉદ્દેશીને સંસારી તરીકેનો કોઈ વ્યવહાર કરે તો તેને પણ સાચો માનવાની આપત્તિ અનેકાંતવાદમાં આવશે.

### ● અનેકાંતમાં પ્રમાણની નિષ્ફળતા : આક્ષેપ ●

**(૧૬) પ્રમાણવૈયર્થ્ય** :- (**अपि च.**) વળી, અનેકાંતવાદમાં સર્વ વસ્તુઓને અનેકાંતાત્મક માનવામાં આવે છે. તેથી પ્રમેયની જેમ પ્રમાણ પણ અનેકાંતાત્મક બનશે. તેથી જે પ્રમાણ દ્વારા તમામ પ્રમેયને અનેકાંતસ્વરૂપ (= પરસ્પર વિરુદ્ધ અનંત ગુણધર્મમય) સાધવામાં આવે છે તે પ્રમાણ પણ જૈન મતે અનેકાંતસ્વરૂપ છે. પરંતુ પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે 'તે પ્રમાણ અનેકાંતસ્વરૂપ છે' તે બાબત કઈ રીતે સિદ્ધ થશે ? જો 'પ્રમાણ અનેકાંત સ્વરૂપ છે' - તેવું સ્વતઃ સિદ્ધ થઈ શકતું હોય તો પ્રમાણની જેમ તમામ પ્રમેય પણ સ્વતઃ અનેકાંતસ્વરૂપ સિદ્ધ થઈ જશે. તેથી સર્વ પ્રમેયને અનેકાંતસ્વરૂપ સિદ્ધ

***बाधक***मप्यस्ति अनेकान्ते – भेदाभेदादिधर्मौ नैकाधिकरणौ, परस्परविरुद्धधर्मिद्वयधर्मत्वात् शीतोष्ण-स्पर्शवदिति।।१७।।''*

तथा भविष्यति, किं प्रमाणकल्पनया।

अथ परतस्तदा तस्याऽपि परतः अनेकान्तात्मकताज्ञप्तिः, तस्याऽपि च प्रमाणानेकान्तरूपता-साधकप्रमाणस्य परतः अनेकान्तरूपतासिद्धिः इत्येवं कल्पनायाम् ***अनवस्था***।।१६।।

***बाधक***मप्यस्ति अनेकान्ते। तथाहि – भेदाभेदादिधर्मौ नैकाधिकरणौ, परस्परविरुद्धधर्मिद्वय-धर्मत्वात्, शीतोष्णस्पर्शवदिति।।१७।। एते सप्तदश दोषाः **प्रभानन्दसूरिभिः वीतरागस्तोत्रवृत्तौ** (८/७) विभाविताः।

કરનાર પ્રમાણની કલ્પના કરવાની આવશ્યકતા રહેશે નહિ. આશય એ છે કે પ્રમાણ પોતે જ પોતાની જાતને અનેકાંતસ્વરૂપ જણાવે તો પ્રમેય પણ પોતાની જાતને અનેકાંતસ્વરૂપ જણાવશે. તેથી સર્વપ્રમેયગત અનેકાંતરૂપતાની સિદ્ધિ કરનાર પ્રમાણ વ્યર્થ બનશે.

### ❈ પરતઃ અનેકાંતરૂપતા અનવસ્થાજનક ❈

**(अथ.)** જો પ્રમેયગત અનેકાંતરૂપતાને સિદ્ધ કરનાર પ્રમાણમાં રહેલી અનેકાંતરૂપતાની સિદ્ધિ સ્વતઃ થવાના બદલે પરતઃ (= અન્યના નિમિત્તે) થાય તો અનવસ્થા દોષ લાગુ પડશે.

**સ્પષ્ટતા** :- આશય એ છે કે તમામ વસ્તુમાં રહેલી અનેકાન્તરૂપતાને સિદ્ધ કરનાર (= **A**) પ્રમાણને પોતાનામાં રહેલી અનેકાંતરૂપતાની (= અનેકાંતાત્મકતાની) સિદ્ધિ કરવા પોતાનાથી ભિન્ન એવા (= **B**) પ્રમાણની આવશ્યકતા રહેતી હોય તો પ્રથમ (**A**) પ્રમાણગત અનેકાન્તરૂપતાસાધક તે પ્રમાણ (**B**) પણ જૈનમત મુજબ અનેકાંતસ્વરૂપ હોવું જોઈએ. તેની અનેકાંતાત્મકતાની સિદ્ધિ પણ જો પરતઃ થતી હોય તો તે માટે નવું (= **C**) પ્રમાણ આવશ્યક બનશે. આ રીતે પ્રમાણગત અનેકાંતાત્મકતાની સિદ્ધિ માટે નવા નવા પ્રમાણની કલ્પના કરવાની પરંપરાનો ક્યારેય પણ અંત નહિ આવે. આમ પ્રમાણનિષ્ઠ અનેકાંતાત્મકતાની પરતઃ જ્ઞપ્તિ (= સિદ્ધિ) માનવામાં અનવસ્થા જૈનમતમાં લાગુ પડશે.

### ❈ અનેકાંતમાં બાધક પ્રમાણ ❈

**(૧૭) અનેકાંતબાધ** :- **(बाध.)** અનેકાંતવાદમાં બાધક પ્રમાણ પણ વિદ્યમાન છે. આશય એ છે કે અનેકાંતવાદ તમામ વસ્તુની અનેકાંતાત્મકતા (= એકાધિકરણક પરસ્પરવિરુદ્ધ અનંતધર્માત્મકતા) સિદ્ધ કરે છે. તેનું બાધક અનુમાન પ્રમાણ આ પ્રમાણે સમજવું :- ભેદ-અભેદ આદિ વિરુદ્ધ ધર્મયુગ્મ (= પક્ષ) એકાધિકરણક નથી (= સાધ્યકોટિ), કારણ કે પરસ્પર વિરુદ્ધ બે ધર્મીના (= ગુણધર્મઆશ્રયના = વસ્તુના) તે ગુણધર્મો છે (= હેતુ). શીત-ઉષ્ણ સ્પર્શયુગલની જેમ (= ઉદાહરણ). એકાંતવાદી તરફથી આ સત્તર દોષોની વિભાવના શ્રી**પ્રભાનંદસૂરિ**એ **વીતરાગસ્તોત્રવૃત્તિ**માં કરી છે.

### ❈ ભેદ-અભેદમાં વૈયધિકરણ્યનો આક્ષેપ ❈

**સ્પષ્ટતા** :- પાણીનો સ્પર્શ શીત છે. અગ્નિનો સ્પર્શ ઉષ્ણ છે. શીત અને ઉષ્ણ સ્પર્શના આશ્રયભૂત

*....* ચિહ્નદ્વયમધ્યવર્તી પૃ.૩૬૨ થી પૃ.૩૭૧ સુધીનો સંસ્કૃતભાષાનિબદ્ધ વિસ્તૃત પાઠ પુસ્તકોમાં નથી. કો.(૩) + લી.(૪) + સિ.માં છે.

ઇહાં **શ્રુતધર્મઈં** = [♦]સ્યાદ્વાદપ્રવચનમાહઈં **મન**[✱] **દૃઢ** = વિશ્વાસવંત **કરી રાખો. જિમ** શાસન-શ્રદ્ધાદૃઢપણઇ (**શિવ**=) મોક્ષરૂપ કલ્પવૃક્ષનાં [❖]**સુખરૂપ ફલ ચાખો.** શ્રુતધર્મ વિના ચારિત્રધર્મ ફલવંત ન

एवं परवादिपर्यनुयोगे सति भोः ! भव्य ! द्रव्यानुयोगाऽभ्यासतः **श्रुते** = स्याद्वादप्रवचने **मनोदार्ढ्यम्** = अविचलितविश्वासतया चित्तस्थैर्यं **कुरु**, स्याद्वादशासनश्रद्धादार्ढ्येन **शिवशर्म** = मोक्षकल्पतरुफलसुखम् अविलम्बेन **स्वादय**।। ***ध्रुवपदव्याख्यानम्***।।

***न च*** चारित्रेणैव शिवशर्माऽऽस्वादनसौभाग्यं लप्स्यते किं श्रुतश्रद्धानेनेति ***शङ्कनीयम्;***

श्रद्धान्वितश्रुतधर्मं विना चारित्रधर्मस्य मोक्षफलकत्वाऽसम्भवात्, अचलिततत्त्वप्रतिपत्तिहेतुभूतं मार्मिक-व्यापकश्रुतज्ञानपरिशीलनं विना चारित्रिणामपि परवादिपर्यनुयोगाऽऽहितशङ्काव्याकुलीभवनदशायां

પાણી અને અગ્નિ પરસ્પર વિરોધી છે. આમ શીત-ઉષ્ણ સ્પર્શયુગલ પરસ્પર વિરુદ્ધ બે વસ્તુના ગુણધર્મ બને છે. અગ્નિ અને જલ પરસ્પર વિરોધી છે. તેથી શીત અને ઉષ્ણ સ્પર્શ એકાધિકરણમાં રહેતા નથી. બરાબર આ જ રીતે ભેદ અને અભેદ વગેરે ધર્મયુગ્મોમાં સમજવું. તે આ રીતે - ઘટનો પટમાં ભેદ છે. તથા ઘટનો કુંભમાં અભેદ છે. આથી પરસ્પર વિરુદ્ધ એવા પટ અને કુંભમાં ક્રમશઃ રહેનાર ઘટભેદ અને ઘટઅભેદ પરસ્પર વિરુદ્ધ બે વસ્તુના ગુણધર્મ બને છે. તેથી તે તે ભેદ અને અભેદ એક વસ્તુમાં (= અધિકરણમાં) રહી ન શકે. જેમ પટ અને કુંભની સાથે ક્રમશઃ ઘટના ભેદની અને અભેદની વાત કરી તેમ દ્રવ્ય અને ગુણ-પર્યાય વચ્ચે પણ ભેદની અને અભેદની વાત સમજવી. અર્થાત્ દ્રવ્યનો ગુણાદિમાં ભેદ રહેતો હોય તો દ્રવ્યનો ગુણાદિમાં અભેદ માન્ય કરી ન શકાય. તથા દ્રવ્યનો ગુણાદિમાં અભેદ રહેતો હોય તો દ્રવ્યનો ગુણાદિમાં ભેદ માન્ય ન કરી શકાય.

### શ્રુતશ્રદ્ધા અચલ બનાવો

(एवं.) આ પ્રમાણે પરપ્રતિવાદી જૈનો સામે આક્ષેપ કરે, દલીલ કરે, પ્રશ્ન કરે ત્યારે હે ભવ્યાત્મા ! દ્રવ્યાનુયોગના અભ્યાસ દ્વારા સ્યાદ્વાદપ્રવચનસ્વરૂપ શ્રુતધર્મ ઉપર વિશ્વાસને અવિચલિત બનાવવા દ્વારા મનની સ્થિતરતાને તેવી રીતે કરો કે જેથી સ્યાદ્વાદ શાસન પ્રત્યેની શ્રદ્ધા દૃઢ થવા દ્વારા મોક્ષરૂપી કલ્પવૃક્ષના ફળનો સુખાસ્વાદ આપના વડે, વિના વિલંબે, માણી શકાય. (**ધ્રુવપદવ્યાખ્યા**)

[illegible]:- (न च.) ચારિત્રથી જ મોક્ષના સુખનો આસ્વાદ માણવાનું સૌભાગ્ય મળશે. શ્રુતધર્મ ઉપર શ્રદ્ધા કરવાની, તે અંગે આવશ્યકતા શું છે ?

### શ્રુતધર્મ પ્રત્યે વિશ્વાસ અતિઆવશ્યક

[illegible]:- (श्रद्धा.) શ્રદ્ધાયુક્ત શ્રુતધર્મ વિના ચારિત્રધર્મ મોક્ષસ્વરૂપ ફળને આપે તેવી સંભાવના નથી. તેથી ચારિત્રધર મહાત્માઓએ પણ શ્રુતધર્મ ઉપર શ્રદ્ધાને દૃઢ બનાવવી અત્યંત જરૂરી છે. તથા શ્રુતધર્મ તેમજ શ્રુતદર્શિત તત્ત્વ ઉપરનો પોતાનો તાત્ત્વિક વિશ્વાસ દૃઢ કરવા શ્રુતજ્ઞાનનો પણ ઊંડાણપૂર્વક અભ્યાસ કરવો જરૂરી છે. જો ઊંડાણપૂર્વકના (deep casting) વ્યાપક (broad casting) શ્રુતધર્મના પરિશીલન દ્વારા જિનાગમ પ્રત્યેની શ્રદ્ધાને ઝળહળતી બનાવવામાં ન આવે તો પરપ્રવાદીઓ અનેકાંતવાદની સામે આક્ષેપ કરે ત્યારે ચારિત્રધર મહાત્માઓને પણ જિનકથિત અનેકાંતવાદમાં શંકા ઉભી થવા દ્વારા

♦ આ.(૧)માં 'સ્યાદ્વાદ પ્રવચનમાહિં' ના બદલે 'સિદ્ધાન્તાનુસારી માર્ગે' પાઠ છે. ✱ મો.(૨)માં 'મત દૃષ્ટિ' પાઠ.
❖ કો.(૧૨)માં 'સુખના' પાઠ.

હોઇ, જે માટઇં શંકાસહિત ચારિત્રીઓ પણિ [*]સમાધિ ન પામઇ.

उक्तं च – [1]"वितिगिच्छासमावन्नेणं अप्पाणेणं णो लभति समाहिं" (आचा.५.५.४२) इति *श्रीआचाराङ्गसूत्रे*

---

समाधिलाभाऽयोगात्।

तदुक्तम् **आचाराङ्गसूत्रे** लोकसाराध्ययने [1]"वितिगिच्छासमावन्नेणं अप्पाणेणं णो लभति समाहिं"(आचा.५/५/४२) इति। श्री**शीलाङ्काचार्य**कृता **तद्वृत्ति**स्त्वेवं "विचिकित्सा या चित्तविप्लुतिः यथा 'इदमप्यस्ती'त्येवमाकारा युक्त्या समुपपन्नेऽप्यर्थे मतिविभ्रमो मोहोदयाद् भवति। तथाहि – 'अस्य महतः तपःक्लेशस्य सिकताकण-कवलनिःस्वादस्य स्यात् सफलता न वा ?' इति, कृषीवलादिक्रियाया उभयथाऽप्युपलब्धेरिति। इयं च मतिः मिथ्यात्वांऽशाऽनुवेधाद् भवति, ज्ञेयगहनत्वाच्च।

तथाहि – अर्थः त्रिविधः (१) सुखाधिगमः, (२) दुरधिगमः, (३) अनधिगमश्च श्रोतारं प्रति भिद्यते।

---

આકુળતા-વ્યાકુળતા આવી જાય. તથા તેવી આકુળ-વ્યાકુળ થવાની દશામાં ચારિત્રધર મહાત્માઓને પણ સમાધિનો લાભ થઈ ન શકે. તેથી જ ચારિત્રધર મહાત્માઓએ પણ જિનોક્ત સિદ્ધાંતોનો માર્મિક અભ્યાસ કરી જિનાગમ પ્રત્યેની પોતાની શ્રદ્ધાને દૃઢ બનાવવા સતત પ્રયત્નશીલ રહેવું જરૂરી છે.

**શંકા** :- 'જિનાગમમાં સંશય થવાથી સમાધિ ન મળે'- આવું તમે શાના આધારે કહો છો ?

### ❀ જિનવચનમાં સંશય સમાધિનો પ્રતિબંધક ❀

**સમાધાન** :- (तदु.) અમારી વાત નિરાધાર નથી. અમારી વાતને આગમનો ટેકો મળે છે. **આચારાङ્ગसूत्र**ના લોકસાર અધ્યયનમાં જણાવેલ છે કે "સંશયગ્રસ્ત (= વિચિકિત્સાયુક્ત) આત્મા સમાધિને પ્રાપ્ત કરતો નથી." **શ્રીશીલાંકાચાર્યજી**એ તેની વૃત્તિમાં જણાવેલ છે કે "વિચિકિત્સા એટલે ચિત્તવિપ્લવ = મતિવિભ્રમ. યુક્તિસંગત એવા પણ જિનોક્ત પદાર્થને વિશે દર્શનમોહનીયના ઉદયથી 'આ પદાર્થ આ રીતે પણ સંગત થઈ શકે છે' (અર્થાત્ 'જિનોક્ત પદ્ધતિ સિવાય બીજી પદ્ધતિથી પણ આ પદાર્થ સંગત થઈ શકે છે') - આવા પ્રકારનો જે મતિવિભ્રમ થાય તે પ્રસ્તુતમાં વિચિકિત્સા શબ્દથી અભિમત છે. આ ચિત્તવિભ્રમ સંશયસ્વરૂપ છે. ઉદાહરણ સાથે તેનો વિચાર આ રીતે કરી શકાય છે. 'આ તપશ્ચર્યાસ્વરૂપ કાયક્લેશ રેતીના કણિયાથી બનેલા કોળીયાની જેમ રસાસ્વાદવિહીન છે. મારી આ અતિદીર્ઘ તપશ્ચર્યા સ્વરૂપ કાયક્લેશ સફળ થશે કે નહિ ?' આવા પ્રકારની શંકાને મતિવિભ્રમરૂપે જાણવી. સાધકને આ શંકા થવાનું કારણ એ છે કે તપશ્ચર્યા એક જાતની ક્રિયા છે. તથા જે જે ક્રિયા હોય તે તે સફળ જ હોય તેવો નિયમ નથી. કેમ કે ખેડૂત વગેરેની ખેતી વગેરે ક્રિયા ક્યારેક સફળ પણ થતી હોય છે, ક્યારેક નિષ્ફળ પણ જતી હોય છે. આવું જગતમાં જોવા મળે છે. તપશ્ચર્યા પણ એક જાતની ક્રિયા છે. માટે તે નિષ્ફળ હોવાની સંભાવનાને નકારી શકાય એમ નથી. તેથી શંકા થવી સ્વાભાવિક છે. પણ આવી શંકાવાળા સાધકને સમાધિ મળતી નથી. પ્રસ્તુતમાં જે સંશયાત્મક બુદ્ધિ થાય છે તેના બે કારણ છે. (૧) મિથ્યાત્વના અંશનો ઉદય તથા (૨) જ્ઞેય પદાર્થની ગહનતા.

### ❀ જ્ઞેય પદાર્થના ત્રણ ભેદ ❀

**(तथाहि.)** અહીં જ્ઞેય પદાર્થ ત્રણ પ્રકારના હોય છે. **(A)** સુખેથી બોધ થાય તેવા, **(B)** દુઃખેથી

---

[*] પાઠા૦ સમાધિવંતપણું. પા૦ 1. विचिकित्सासमापन्नेन आत्मना न लभते समाधिम्।

બોલ્યઉં છઈ. ॥૪/૧॥

तत्र सुखाऽधिगमो यथा चक्षुष्मतः चित्रकर्मनिपुणस्य रूपसिद्धिः। दुरधिगमस्त्वनिपुणस्य। अनधिगमस्त्वन्धस्य। तत्राऽनधिगमरूपोऽवस्त्वेव। सुखाधिगमस्तु विचिकित्साया विषय एव न भवति। देश-काल-स्वभावविप्रकृष्टस्तु विचिकित्सागोचरीभवति। तस्मिन् धर्माऽधर्माऽऽकाशादौ या विचिकित्सेति।

यद्वा 'विइगिच्छत्ति' विद्वज्जुगुप्सा। विद्वांसः = साधवो विदितसंसारस्वभावाः परित्यक्तसमस्तसङ्गाः तेषां जुगुप्सा = निन्दा, अस्नानात् प्रस्वेदजलक्लिन्नमलत्वाद् दुर्गन्धिवपुषः तान् निन्दति 'को दोषः स्याद् यदि प्रासुकेन वारिणाऽङ्गक्षालनं कुर्वीरन् ?' इत्यादिजुगुप्सा, तां विचिकित्सां विद्वज्जुगुप्सां वा सम्यगापन्नः

બોધ થાય તેવા અને (C) જરા પણ બોધ ન થાય તેવા. પરમાર્થથી જ્ઞેય પદાર્થ એક હોવા છતાં પણ શ્રોતાની ભૂમિકા વિભિન્ન હોવાથી તથા શ્રોતાનો જ્ઞાનાવરણકર્મસંબંધી ક્ષયોપશમ વિવિધ પ્રકારનો હોવાથી જ્ઞેય પદાર્થ સુગમ, દુર્ગમ અને અગમ્યરૂપે ત્રિવિધ વિભાગમાં વહેંચાય છે. તે ત્રણ પ્રકારના પદાર્થમાં (A) 'સુગમ' પદાર્થનું ઉદાહરણ આ રીતે સમજવું. જે માણસની પાસે આંખો હોય તથા ચિત્રકળામાં તે નિપુણ હોય તેને ચિત્રના રૂપની જાણકારી સુગમ કહેવાય. (B) આંખ હોવા છતાં ચિત્રકળામાં બાહોશી ન ધરાવનાર માણસ માટે, દોરેલું ચિત્રનું રૂપ દુર્ગમ બને. ચિત્રકારે જહેમત ઉઠાવીને અંગ-પ્રત્યંગના આરોહ-અવરોહ-વળાંકગર્ભિત ચિત્રકામમાં જે પ્રાણ પૂર્યા હોય તેની કદર-મૂલ્યાંકન કરવાનું સામાન્ય માણસનું ગજું નથી હોતું. (C) અંધ માટે તો તે રૂપ અગમ્ય જ બને. પ્રસ્તુતમાં આપણે વિચિકિત્સાની = શંકાની વિચારણા ચાલે છે. તેથી ઉપરોક્ત ત્રણ પ્રકારના જ્ઞેય પદાર્થમાંથી ત્રીજો અગમ્ય પદાર્થ શંકા માટે અવસ્તુ છે, અસત્ છે. પ્રસ્તુતમાં તેનો કોઈ સંદર્ભ નથી. તથા સુગમ પદાર્થ તો શંકાનો વિષય જ બની શકતો નથી. તેથી તેને વિશે પણ શંકા થતી નથી. પરંતુ જે પદાર્થ દુર્ગમ હોય તેને વિશે જ શંકા થાય છે. દેશ-કાળ-સ્વભાવથી જે પદાર્થ આપણાથી દૂર હોય તે આપણા માટે દુર્ગમ બને. તથા તે શંકાનો વિષય બની શકે છે. આપણા માટે મહાવિદેહ વગેરે ક્ષેત્રમાં વિચરતા સીમંધરસ્વામી ભગવાન વગેરે દેશથી દૂર કહેવાય. શ્રમણ ભગવાન મહાવીર આપણા માટે કાળથી દૂર કહેવાય. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ વગેરે અતીન્દ્રિય પદાર્થો આપણા માટે સ્વભાવથી દૂર (= વિપ્રકૃષ્ટ) કહેવાય. આવા પદાર્થને વિશે શંકા થવાની સંભાવના છે. કારણ કે આપણા માટે તે દુર્ગમ છે.

## ❋ સાધુનિંદા સમાધિમાં બાધક ❋

(यद्वा.) અથવા 'वितिगिच्छ' શબ્દના સ્થાને 'विइगिच्छ' આવો પાઠ સ્વીકારીએ તો તેનો અર્થ 'विद्वत्-जुगुप्सा' થશે. જેમણે સંસારનો અસાર સ્વભાવ જાણીને સમસ્ત સંગનો પરિત્યાગ કરેલ છે તેવા સાધુ ભગવંતો અહીં વિદ્વાન તરીકે માન્ય છે. આવા સાધુ ભગવંતોની નિંદા એટલે 'विद्वत्जुगुप्सा' આવો અર્થ સમજવો. સાધુ ભગવંતો સ્નાન ન કરતા હોવાથી પરસેવાના ટીપાથી તેઓનું શરીર વ્યાપ્ત હોય તથા શરીર ઉપર મેલ પણ હોય- આવું હોવાથી તેમના શરીરમાંથી ક્યારેક દુર્ગંધ આવે તેવું પણ સંભવે છે. તેથી કોઈક ભારેકર્મી જીવ આવા સાધુ ભગવંતની નિંદા કરે કે "જો અચિત્ત પાણીથી સાધુ મહારાજ શરીરને સ્વચ્છ કરે તો તેમના સંયમમાં શું દોષ આવે ?" આવી નિંદા પ્રસ્તુતમાં 'વિચિકિત્સા'

= प्राप्तः आत्मा यस्य स तथा। तेन = विचिकित्सासमापन्नेनाऽऽत्मना नोपलभते समाधिं = चित्तस्वास्थ्यम्। ज्ञान-दर्शन-चारित्रात्मको वा समाधिः, तं न लभते। विचिकित्साकलुषिताऽन्तःकरणो हि कथयतोऽप्याचार्यस्य सम्यक्त्वाऽऽख्यां बोधिं नाऽवाप्नोति" (आचा. लोकसार अध्य.उ.५.सू.४२ वृत्ति) इति।

यच्च प्रकृतग्रन्थे 'विशिष्टश्रुतपरिशीलनं विना चारित्रिणोऽपि परवादिपर्यनुयोगाऽऽहितशङ्का-व्याकुलीभवनदशायां समाधिलाभाऽयोगादि'त्युक्तं तदाचाराङ्गवृत्तिकृदुपदर्शितार्थद्वितयमध्यात् प्रथमा-र्थलभ्यमित्यवधेयम्।

एवं विशिष्टश्रुतपरिशीलनम् ऋते फलशङ्काराहित्यलक्षणमपि निर्विचिकित्सत्वं न सम्भवति। प्रकृते "विचिकित्सा = मतिविभ्रमः, फलं प्रति संशय इति यावत्। निर्गता विचिकित्सा यस्माद् असौ निर्विचिकित्सः। 'साधु एवं जिनशासनम्, किन्तु प्रवृत्तस्य सतो मम अस्मात् फलं भविष्यति न वा ? क्रियायाः कृषिबलादिषु उभयथाऽप्युपलब्धेः' इति विकल्परहितः। न हि अविकल उपाय उपेयवस्तुप्रापको न भवतीति सञ्जातनिश्चयः = निर्विचिकित्सः" (प्र.सू.१/३७ वृ.पृ.६१) इति **प्रज्ञापनासूत्रवृत्तिकृदुक्तिः** अनुसन्धेया।

---

અથવા 'વિદ્વત્જુગુપ્સા' તરીકે માન્ય છે. જેનો આત્મા આવી નિંદાથી પૂરેપૂરો ઘેરાયેલો હોય તે સમાધિને પ્રાપ્ત કરી શકતો નથી. અહીં 'સમાધિ' શબ્દનો અર્થ ચિત્તની સ્વસ્થતા સમજવો. અથવા સમાધિ એટલે સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર. આવી સમાધિને સાધુનિંદક મેળવતો નથી. આચાર્ય ભગવંત ગમે એટલું સમજાવે તો પણ જેનું અંતઃકરણ સાધુનિંદાથી કલુષિત થયેલું છે તે સમ્યક્ત્વસ્વરૂપ બોધિની પ્રાપ્તિ કરી શકતો નથી." **આચારાङ्गસૂત્રવ્યાખ્યા**માં શ્રી**શીલાંકાચાર્યજી**એ ઉપર મુજબ છણાવટ કરેલ છે.

(**यच्च.**) 'વિશિષ્ટ શ્રુતજ્ઞાનના ઊહાપોહ વિના સાધુને પણ પ્રતિવાદીએ કરેલા પ્રશ્નના લીધે જિનવચનમાં શંકા પડે તો તેવી દશામાં સમાધિ મળતી નથી' - આ પ્રમાણે ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત શ્લોકની વ્યાખ્યામાં જે જણાવેલ છે તેનું સમર્થન શ્રીશીલાંકાચાર્યકૃત આચારાંગવૃત્તિગત ઉપરોક્ત બે અર્થ (મતિવિભ્રમ અને સાધુનિંદા)માંથી પ્રથમ અર્થ દ્વારા થાય છે. આ વાત વિજ્ઞ વાચકવર્ગે ખ્યાલમાં રાખવી.

### ❀ ફલશંકાનિવારણ વિશિષ્ટ બોધ વિના અશક્ય ❀

(**एवं.**) આ જ રીતે વિચિત્સાનો ત્રીજો અર્થ છે ફલમાં શંકા. એક વખત સાધનાના ફળમાં શંકા પડી જાય તો તેનું નિવારણ વિશિષ્ટ પ્રકારના શ્રુતપરિશીલન વિના સંભવી ન જ શકે. તેથી ફલશંકાશૂન્યતાસ્વરૂપ નિર્વિચિકિત્સત્વને મેળવવા માટે વિશિષ્ટ શ્રુતપરિશીલન જરૂરી છે. આ અંગે **પન્નવણાસૂત્રવ્યાખ્યા**માં શ્રી**મલયગિરિસૂરિજી**એ જે વાત કહી છે તેનું અહીં અનુસંધાન કરવા જેવું છે. ત્યાં તેઓશ્રીએ જણાવેલ છે કે "વિચિકિત્સા = મતિવિભ્રમ. ફળ પ્રત્યે સંશય કરવા સ્વરૂપ મતિવિભ્રમ વિચિકિત્સા તરીકે અહીં સમજવા યોગ્ય છે. તે જેમાંથી નીકળી ગયેલ હોય તે સાધક નિર્વિચિકિત્સ કહેવાય. મતલબ કે 'આમ તો જિનશાસન સારું છે. પણ સાધનામાર્ગે પ્રવૃત્ત થયેલા મને આ આચારપાલનથી ફળ મળશે કે નહિ ? કારણ કે ખેડૂત વગેરેની ક્રિયા સફળ અને નિષ્ફળ બન્ને પ્રકારની જોવા મળે છે' - આવા પ્રકારના વિકલ્પથી રહિત હોય તે નિર્વિચિકિત્સ કહેવાય. 'સંપૂર્ણ સાધનસામગ્રી હાજર હોય તો કાર્યવસ્તુને તે પ્રાપ્ત ન કરાવે તેવું નથી જ બનતું' - આ પ્રમાણેનો નિશ્ચય શાસ્ત્રપરિશીલનથી

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'मोक्षः अतीन्द्रिय' इति कृत्वा आत्मानुभवैकगम्यः मोक्षमार्गोऽपि अतीन्द्रियः। तथापि भव्यानुग्रहाय शब्दद्वारा यावान् शक्यः तावान् स्पष्टं मोक्षमार्गोपदेशनाय प्रयासः तीर्थङ्कर-गणधरादिभिः कृतः। किन्तु ज्ञानावरण-मोहनीयादिकर्मोदयतः जिनवचनसंशये सति झटितिमोक्षमार्गगमनयोग्यता विलीयते हीयते वा। शङ्काकारी जीवः बोधिभ्रष्टो भवतीति कृत्वा स्वानुभूतिजगत्प्रवेशकृते जिनवचन-गुरूपदेशाऽनादराऽविश्वासादिकं न जातु कर्तव्यम्, किन्तु तद्गोचराऽनुपमाऽऽदराऽविचलविश्वासादिकम् आत्मसात् कार्यम्। इत्थमेव रत्नत्रययोग-क्षेम -शुद्धि-वृद्धितः आत्मार्थी [1]"सिद्धा भवंति असरीरा, जीवघणा, दंसण-नाणोवउत्ता, निट्ठियट्ठा, णीरया, णिरेयणा, वितिमिरा, विसुद्धा, सासयमणागयद्धं कालं चिट्ठंति" (प्र.सू.३६/२१७६/पृ.४४६) इति **प्रज्ञापनासूत्रोक्तं** सिद्धस्वरूपं लभेत।।४/१।।

---

જેને થયો હોય તે નિર્વિચિકિત્સ બને છે." આમ સમ્યગ્દર્શનની નિર્મળતાસ્વરૂપ નિર્વિચિકિત્સપણું મેળવવા માટે સાધુજીવનમાં પણ શાસ્ત્રનું પરિશીલન જરૂરી છે.

### ❋ શ્રદ્ધા મોક્ષમાર્ગપ્રાપક ❋

**આધ્યાત્મિક ઉપનય** :- મોક્ષ અતીન્દ્રિય છે. તેથી કેવળ આત્માની અનુભૂતિના સ્તરનો મોક્ષમાર્ગ પણ અતીન્દ્રિય છે. તેમ છતાં ભવ્યાત્માઓ ઉપર ઉપકાર કરવાના પવિત્ર આશયથી મોક્ષમાર્ગ તરફ અંગુલિનિર્દેશ કરવાનો, શબ્દ દ્વારા યથાશક્ય સ્પષ્ટપણે મોક્ષમાર્ગને સમજાવવાનો પ્રયત્ન તીર્થંકર ભગવંત, ગણધર ભગવંત વગેરેએ કરેલ છે. પરંતુ જ્ઞાનાવરણ કર્મના કે મોહનીય કર્મના ઉદયથી જીવને જિનવચનમાં સંશય પડે તો તાત્ત્વિક મોક્ષમાર્ગે ઝડપથી આગળ વધવાની યોગ્યતા રવાના થાય છે અથવા ઘટી જાય છે. શંકા કરનારો જીવ બોધિથી = સમકિતથી ભ્રષ્ટ થાય છે. માટે સ્વાનુભૂતિની દુનિયામાં પ્રવેશ કરવા ઈચ્છતા સાધકે શ્રુતજ્ઞાનનો કે જિનવચનનો કે ગુરુવચનનો અનાદર કે અવિશ્વાસ કરવાની ગંભીર ભૂલ ક્યારેય ન કરવી. શ્રુતજ્ઞાન, જિનવચન અને ગુરુવચન પ્રત્યે ઝળહળતો અહોભાવ અને અતૂટ વિશ્વાસ આવે તો જ રત્નત્રયીની યોગ-ક્ષેમ-શુદ્ધિ-વૃદ્ધિ દ્વારા આત્માર્થી સાધક **પન્નવણાસૂત્ર**માં (= **પ્રજ્ઞાપનાસૂત્ર**માં) જણાવેલ સિદ્ધસ્વરૂપને મેળવે. ત્યાં **શ્યામાચાર્યજી**એ સિદ્ધસ્વરૂપને વર્ણવતા જણાવેલ છે કે 'શરીરશૂન્ય, નક્કરજીવપ્રદેશમય આત્મસ્વરૂપના ધારક, દર્શન-જ્ઞાનમાં ઉપયુક્ત, કૃતાર્થ, કર્મરજશૂન્ય, નિશ્ચલ, અંધકારશૂન્ય (= અજ્ઞાન-રહિત), વિશુદ્ધ બનેલા સિદ્ધાત્માઓ અનંત ભવિષ્યકાળ સુધી લોકાગ્રભાગે વસનારા છે.' (૪/૧)

લખી રાખો ડાયરીમાં.....

- **સાધના એટલે અન્તર્યાત્રા. દા.ત. અવધિજ્ઞાની શતક શ્રાવક. ઉપાસના એટલે પરમાત્મયાત્રા. દા.ત. શ્રેણિક રાજા.**

---

1. सिद्धा भवन्ति अशरीराः, जीवघनाः, दर्शन-ज्ञानोपयुक्ताः, निष्ठितार्थाः, नीरजसः, निरेजनाः, वितिमिराः, विशुद्धाः, शाश्वतम् अनागताद्धं कालं तिष्ठन्ति।

**ઈસી શિષ્યની શંકા ♦જાણીનઈ, પરમારથ ગુરુ બોલઈ રે;**
**'અવિરોધઈ સવિ ઠામઈ દીસઈ, દોઇ ધર્મ એક તોલઈ રે' ॥૪/૨॥ (૪૨) શ્રુત૦**

(**ઈસી**=) એહવી ▸એ સપ્તદશ દોષ પ્રસંગની◂ **શિષ્યની શંકા** ✿જાણીનેં, **ગુરુ** = સ્યાદ્વાદી, **પરમાર્થ બોલઈ** છઇ. *એ સર્વ દોષ વિરોધમૂલ છે અને તે તો ઈહાં અનુભવબલે જ નથી.*

---

समानाधिकरणभेदाभेदनिमित्तकविरोधादिसप्तदशदूषणनिराकरणाय ग्रन्थकृदुपक्रमते – '**शिष्ये**'ति।

**शिष्यशङ्कामिति ज्ञात्वा, तत्त्वं गुरुः प्रभाषते।**
**'सर्वत्रैवाऽविरोधित्वं दृश्यतेऽभेद-भेदयोः'।।४/२।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – इति शिष्यशङ्कां ज्ञात्वा गुरुः तत्त्वं प्रभाषते – 'अभेद-भेदयोः सर्वत्र अविरोधित्वमेव दृश्यते'।।४/२।।

**इति** = एवंप्रकारां परवादिपर्यनुयोगप्रयुक्तां दर्शितसप्तदशदूषणगर्भितां **शिष्यशङ्कां ज्ञात्वा गुरुः** = स्याद्वादमर्मज्ञो गीतार्थगुरुदेवः **तत्त्वं** = परमार्थं **प्रभाषते** = प्रकर्षेण वक्ति – इमानि सप्तदश दूषणानि विरोधमूलानि दर्शितानि इह चाभ्रान्तानुभवबलादेव भेदाभेदयोः विरोधो नास्ति, कुतः तन्मूलानि सप्तदश दूषणानि प्रसरेयुः ? "इतिशब्दः स्मृतो हेतौ प्रकारादि-समाप्तिषु" (अ.र.मा. ५/१०१) इति **अभिधानरत्नमालायां हलायुधवचनादत्र** प्रकारार्थे इतिशब्दो व्याख्यातः।

---

**અવતરણિકા** :- પ્રથમ શ્લોકમાં એકત્ર ભેદાભેદના સ્વીકારમાં જે વિરોધ આદિ સત્તર દોષો જણાવેલ હતા તેનું નિરાકરણ કરવાની ભૂમિકાને ગ્રંથકારશ્રી બીજા શ્લોકમાં બાંધે છે.

### ❀ એકત્ર ભેદાભેદમાં અવિરોધ ❀

**શ્લોકાર્થ** :- આ પ્રમાણે શિષ્યની શંકાને જાણીને ગુરુ તત્ત્વને પ્રકાશે છે કે – "ભેદ અને અભેદ વચ્ચે સર્વત્ર અવિરોધ જ દેખાય છે." (૪/૨)

**[illegible]** :- પરપ્રવાદીએ કરેલા પ્રશ્નોના લીધે પૂર્વોક્ત સત્તર દોષોથી ગર્ભિત આવા પ્રકારની શિષ્યની શંકાને સ્યાદ્વાદમર્મજ્ઞ ગીતાર્થ સદ્ગુરુદેવ સહજતાથી જાણી લે છે તથા પરમાર્થને પ્રકૃષ્ટરૂપે પ્રકાશે છે. સદ્ગુરુ કહે છે : પૂર્વોક્ત સત્તર દોષો વિરોધના કારણે પરદર્શનીએ જણાવેલ હતા. પરંતુ ભેદ-અભેદનો એકત્ર સ્વીકાર કરવામાં આપણો અભ્રાન્ત અનુભવ જ પ્રમાણ છે. તે અનુભવના બળથી જ ભેદાભેદના એકત્ર સ્વીકારમાં વિરોધ રહેતો નથી. આમ વિરોધ જ નિર્મૂળ થતાં વિરોધમૂલક સત્તર દૂષણોનો અનેકાંતવાદમાં કઈ રીતે પ્રવેશ થાય ? "હેતુ, પ્રકાર, આદિ અને સમાપ્તિ અર્થમાં 'इति' શબ્દ સંમત છે" – આ મુજબ **હલાયુધે અભિધાનરત્નમાલા**માં જણાવેલ છે. તે મુજબ અહીં મૂળ શ્લોકમાં દર્શાવેલ 'इति' શબ્દની પ્રકાર અર્થમાં વ્યાખ્યા કરેલ છે.

---

♦ પુસ્તકોમાં 'જાણી' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ▸....◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી.કો.(૯) + સિ.માં છે. ✿ પુસ્તકોમાં 'જાણી કરી' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. *...* ચિહ્નદ્વયવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯) + સિ. + આ.(૧)માં છે.

જે ઘટ-ઘટાભાવાદિકનઇં યદ્યપિ વિરોધ છઇં, તો પણિ ભેદાભેદનઇં વિરોધ નથી. જે માટઇં **સર્વ ઠામઈં, દોઇ ધર્મ** ભેદ-અભેદ **અવિરોધઈં** = એકાશ્રયવૃત્તિપણઇં જ **દીસઈ** છઇ, ✝**એક તોલઈં** પણિ ▸= તુલ્યરૂપેં. '**घटस्य नीलं रूपम्, नीलो घटः' इत्याद्यनुभवस्य सार्वजनीनत्वात्** ।◂

---

यद्यपि घट-घटाभावयोः विरोधो वर्तते तथापि **अभेद-भेदयोः** विरोधो नास्ति, **सर्वत्रैव** घट-पटादिषु तयोः **अविरोधित्वं** = एकाश्रयवृत्तित्वं तुल्यरूपेण **दृश्यते** एव, घटत्व-पटत्वादिना मिथो भिन्नेष्वपि घट-पटादिषु द्रव्यत्वादिना अभेदस्यैव सत्त्वात् । एवं प्रत्येकं भेदाभेदौ स्तः, भेदनयाऽर्पणायां भेदस्य अभेदनयार्पणायाञ्चाऽभेदस्योपलब्धेः। न हि 'घटस्य नीलं रूपम्', 'नीलो घट' इत्याद्यनुभवस्य सार्वजनीनत्वं निह्नोतुम् अर्हति। अत्र भेदाभेदयोरविगानेनोपलब्धिः, प्रथमे भेदद्योतकषष्ठ्या द्वितीये चाभेदज्ञापकसामानाधिकरण्यस्य सत्त्वात्। ततो द्रव्ये गुणादिभेदाभेदौ नापलपनीयौ।

इदमेवाऽभिप्रेत्य **न्यायावतारवार्त्तिके शान्तिसूरिभिः** "भेदज्ञानात् प्रतीयन्ते यथा भेदाः परिस्फुटम्।

---

(**यद्यपि.**) જો કે ઘટ અને ઘટાભાવ વચ્ચે વિરોધ રહેલો છે. કેમ કે જ્યાં ઘટ હોય છે ત્યાં ઘટાભાવ હોતો નથી. જ્યાં ઘટાભાવ હોય ત્યાં ઘટ હોતો નથી. તો પણ પ્રસ્તુતમાં ભેદ અને અભેદ વચ્ચે તો વિરોધ નથી જ રહેતો. કારણ કે ઘટ-પટ વગેરે સર્વ પદાર્થમાં ભેદ અને અભેદનો અવિરોધ એકસરખો જોવા મળે છે. અવિરોધનો અર્થ છે એક આશ્રયમાં રહેવું. એક જ ઘટમાં પટનો ભેદ અને અભેદ એમ બન્ને રહે છે. ઘટત્વ-પટત્વરૂપે ઘટ અને પટ પરસ્પર ભિન્ન છે. પરંતુ દ્રવ્યત્વરૂપે તો તે બન્ને અભિન્ન જ છે. આમ દરેક વસ્તુમાં ભેદ અને અભેદ બન્ને રહેલા છે. પરંતુ જ્યારે ભેદનયને મુખ્ય કરવામાં આવે છે ત્યારે પદાર્થમાં ભેદનું ભાન થાય છે. તથા જ્યારે અભેદનયને મુખ્ય કરવામાં આવે છે ત્યારે પદાર્થમાં અભેદનું ભાન થાય છે. જેમ કે ઘટ અને ઘટનું નીલરૂપ - આ બન્નેમાં ભેદ અને અભેદ બન્ને રહેલા છે. તેથી જ 'घटस्य नीलं रूपं' અને 'नीलो घटः' આ પ્રમાણે સર્વ લોકોને અનુભવ થાય છે. પ્રથમ અનુભવમાં ઘટ અને નીલરૂપ વચ્ચે ભેદનું ભાન થાય છે. કારણ કે છઠ્ઠી વિભક્તિ ભેદદ્યોતક છે. જ્યારે બીજા અનુભવમાં ઘટ અને નીલરૂપ વચ્ચે અભેદનું ભાન થાય છે. કારણ કે સામાનાધિકરણ્ય = સમાનવિભક્તિકત્વ અભેદદ્યોતક છે. આ અનુભવ સર્વ લોકોને અસ્ખલિતપણે થતો હોવાથી અપલાપ કરવા યોગ્ય નથી. માટે દ્રવ્ય અને ગુણાદિના ભેદાભેદનો અપલાપ કરવો જરાયે વ્યાજબી નથી.

**સ્પષ્ટતા** :- 'देवदत्तस्य घटः' અહીં છઠ્ઠી વિભક્તિ જેમ દેવદત્ત અને ઘટ વચ્ચે ભેદને દર્શાવે છે, તેમ 'घटस्य नीलं रूपं' અહીં છઠ્ઠી વિભક્તિ ઘટ અને નીલરૂપ વચ્ચે ભેદને દર્શાવે છે. તથા 'रामः भूपः' અહીં પૂર્વોત્તર પદની સમાન વિભક્તિ રામ અને રાજા વચ્ચે જેમ અભેદને દર્શાવે છે, તેમ 'नीलो घटः' અહીં પૂર્વોત્તર પદની સમાન વિભક્તિ ઘટ અને નીલરૂપ વચ્ચે અભેદને દર્શાવે છે.

## ❈ ભેદનય અને અભેદનય દ્વારા વસ્તુવ્યવસ્થા ❈

(**इदमेवा.**) આ જ અભિપ્રાયથી **ન્યાયાવતારવાર્તિક** ગ્રંથમાં શ્રી**શાંતિસૂરિજી** મહારાજે જણાવેલ છે કે "ભેદજ્ઞાનથી = ભેદનયથી જેમ પદાર્થમાં અત્યંત સ્પષ્ટ રીતે ભેદોનું જ્ઞાન થાય છે, બરોબર તેમ

---

✝ મ.માં 'ઇક' પઇ. કો.(૭)નો પાઠ લીધો છે. ▸....◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી.કો.(૯) + સિ.માં છે.

*"અભેદ સ્વાભાવિક સાચો, ભેદ ❖તેહ ઔપાધિક જૂઠો" - ઇમ કોઈ કહઈ છઇ; તે અનુભવતા નથી વ્યવહારઈં પરાપેક્ષા ⁑બેહુનઈં, "ગુણાદિકનો ભેદ, ગુણાદિકનો અભેદ" એ વચનથી.*

तथैवाऽभेदविज्ञानादभेदस्य व्यवस्थितिः।।" (न्या.वा.२/३४) इत्युक्तम्। उपलक्षणात् क्रिया-क्रियावतोरपि भेदाभेदौ ज्ञेयौ। परेषामपि सम्मतमिदम्। तदुक्तं **माध्वाचार्येण तत्त्वविवेके** "क्रिया-क्रियावतोरपि गुण-गुणिवद् भेदाभेदौ" (दशप्रकरण भाग-३ त.वि.पृ.७४) इति।

यस्तु 'अभेद एव स्वाभाविकत्वात् पारमार्थिकः, भेदस्तु मिथ्या औपाधिकत्वादि'त्याह स किं नानुभवति व्यवहारे परापेक्षामुभयत्रैव ? यथा 'द्रव्ये गुणादेर्भेदः' इत्यत्र द्रव्यनिष्ठभेदव्यवहारकृते गुणाद्यपेक्षा भवति तथा 'द्रव्ये गुणादेरभेदः' इत्यत्रापि द्रव्यनिष्ठाऽभेदव्यवहारकृते गुणाद्यपेक्षा भवत्येव। ततश्च परापेक्षत्वाद् भेदस्य काल्पनिकत्वेऽभेदस्यापि काल्पनिकत्वं प्रसज्येत, परापेक्षत्वाऽविशेषात्।

***एतेन*** पारमार्थिकतत्त्वस्य अन्यानपेक्षत्वादेव स्वाभाविकत्वमिति ब्रह्मणि ज्ञानादिभेदस्य मिथ्या-

અભેદવિજ્ઞાનથી = અભેદનયથી વસ્તુમાં અભેદની વ્યવસ્થા (= રહેવાપણું) સિદ્ધ થાય છે." ગુણ અને ગુણવાનમાં ભેદાભેદ જણાવ્યા તેના ઉપલક્ષણથી ક્રિયા અને ક્રિયાવાનમાં પણ ભેદાભેદ જાણવા. આ વાત અન્યદર્શનીઓને પણ સમ્મત છે. તેથી જ **તત્ત્વવિવેક**માં **માધ્વાચાર્યે** જણાવેલ છે કે 'ગુણ અને ગુણીની જેમ ક્રિયા અને ક્રિયાવાનમાં પણ પરસ્પર ભેદ અને અભેદ હોય છે.'

## ❊ ભેદાભેદવ્યવહાર અન્યસાપેક્ષ ❊

(**यस्तु.**) 'અભેદ જ પારમાર્થિક છે. કારણ કે તે સ્વાભાવિક છે. ભેદ તો મિથ્યા છે. કારણ કે તે ઔપાધિક છે' - આવું જે કહે છે તે વાદી શું વ્યવહારમાં અન્યની અપેક્ષાને બન્ને સ્થળે અનુભવતા નથી ? અર્થાત્ અવશ્ય અનુભવે છે. આશય એ છે કે 'પોતાના વ્યવહાર માટે પોતે અન્યની અપેક્ષા ન રાખે તો પોતે સ્વાભાવિક અને સ્વવ્યવહાર માટે પોતે અન્યની અપેક્ષા રાખે તો પોતે ઔપાધિક'- આવી પરિભાષા બનાવીએ તો દ્રવ્ય અને ગુણાદિ વચ્ચે રહેલો ભેદ જેમ ઔપાધિક છે તેમ તે બન્ને વચ્ચે રહેલો અભેદ પણ ઔપાધિક બનશે. તે આ રીતે - જેમ 'દ્રવ્યમાં ગુણાદિનો ભેદ છે' - આ પ્રમાણે દ્રવ્યનિષ્ઠ ગુણાદિપ્રતિયોગિક ભેદનો વ્યવહાર કરવા માટે ગુણાદિની અપેક્ષા રહે છે તેમ 'દ્રવ્યમાં ગુણાદિનો અભેદ છે' - અહીં પણ દ્રવ્યનિષ્ઠ ગુણાદિઅભેદનો વ્યવહાર કરવા માટે ગુણાદિની અપેક્ષા રહે જ છે. તેથી જો પરસાપેક્ષ હોવાથી દ્રવ્યનિષ્ઠ ગુણાદિભેદને કાલ્પનિક = મિથ્યા માનવામાં આવે તો દ્રવ્યનિષ્ઠ ગુણાદિઅભેદ પણ કાલ્પનિક = મિથ્યા બની જશે. કારણ કે દ્રવ્યનિષ્ઠ ગુણાદિઅભેદ પણ ગુણાદિભેદની જેમ સમાન રીતે પરસાપેક્ષ છે, ગુણાદિને સાપેક્ષ છે.

(**एतेन.**) 'જે પારમાર્થિક હોય તેને જ કદાપિ બીજાની અપેક્ષા ન હોય, તે સ્વાભાવિક જ હોય, અન્યનિરપેક્ષ જ હોય' - આવું માની અદ્વૈતવાદી વેદાન્તી 'આત્મદ્રવ્યમાં = બ્રહ્મતત્ત્વમાં જ્ઞાનાદિનો

*...* ચિહ્નદ્વયવર્તી પાઠ આ.(૧)માં નથી. ❖ પુસ્તકોમાં 'તેહ' નથી. ફક્ત કો.(૧૧)માં છે. ⁑ પ.માં 'બેહુનઈં' પાઠ નથી.

▸**अभेदांशः सत्यो विधिरूपत्वाद्, भेदांशस्तु मिथ्या तुच्छत्वादिति मतम्; भेदांशः सत्यो मिथोविलक्षण-**

त्वमिति अद्वैतवादिमतं ***निरस्तम्,*** शुद्धात्मनि ज्ञानाद्यभेदस्याऽपि मिथ्यात्वापत्तेः ।

वस्तुतस्तु परापेक्षत्वान्न मिथ्यात्वं किन्तु असत्त्वादेव, अन्यथा व्यवहाराऽभिव्यक्तिकृते परापेक्षाणां ह्रस्वत्व-दीर्घत्वादीनां शरावगन्धादीनाञ्च काल्पनिकत्वं प्रसज्येतेत्यधिकमुपरिष्टाद् (११/६) वक्ष्यामः।

'अभेदांशः सत्यो विधिरूपत्वात्, भेदांशस्तु मिथ्या तुच्छत्वादि'ति मतम्; 'भेदांशः सत्यो

અભેદ વાસ્તવિક છે અને ભેદ કાલ્પનિક છે' - આવું સિદ્ધ કરવાનો પ્રયત્ન કરે છે. પરંતુ તેના પ્રતિવાદમાં જૈનો કહે છે કે - "ભેદ અને અભેદ - બન્ને પોતાના વ્યવહાર માટે જ્ઞાનાદિની અપેક્ષા રાખે છે. 'આત્મદ્રવ્યમાં અભેદ છે' - આવું બોલવાથી શ્રોતાને સંપૂર્ણ બોધ થઈ જતો નથી. પરંતુ 'શુદ્ધ આત્મદ્રવ્યમાં કોનો અભેદ છે ?' આવો સંશય કે પ્રશ્ન ઉભો થાય છે. તેના નિરાકરણ માટે એવું કહેવું જ પડે છે કે 'આત્મદ્રવ્યમાં જ્ઞાનાદિનો અભેદ છે.' આમ દ્રવ્યનિષ્ઠ અભેદના વ્યવહાર માટે જ્ઞાનાદિની અપેક્ષા અવશ્ય રહે જ છે. તેથી 'પરસાપેક્ષ હોવાથી પદાર્થ મિથ્યા સિદ્ધ થાય' - તેવું માનવામાં આવે તો આત્મદ્રવ્યનિષ્ઠ જ્ઞાનાદિભેદની જેમ જ્ઞાનાદિઅભેદ પણ મિથ્યા સિદ્ધ થશે."

### ❖ કાલ્પનિકતાનું નિમિત્ત અસત્ત્વ છે, અન્ય અપેક્ષા નહિ ❖

(**वस्तु.**) વાસ્તવમાં તો પરસાપેક્ષ હોવાથી પદાર્થ મિથ્યા સિદ્ધ થતો નથી. પરંતુ અસત્ = અવિદ્યમાન હોવાથી જ પદાર્થ મિથ્યા સાબિત થાય. (આશય એ છે કે સાંજના સમયે ઘરના અંધારા ખૂણામાં લટકતા દોરડાને જોઈને કોઈને તેમાં સાપની બુદ્ધિ થાય તો ત્યાં ભાસમાન સર્પ મિથ્યા કહેવાય. કારણ કે સાપ ત્યાં હાજર ન હોવા છતાં પણ ભાસે છે. માટે અવિદ્યમાનતા પદાર્થના કાલ્પનિકપણાને સિદ્ધ કરે. પરંતુ પરસાપેક્ષપણું કાલ્પનિકતાને સિદ્ધ ન કરે.) જો પરસાપેક્ષતા પદાર્થની કાલ્પનિકતાને સિદ્ધ કરે તો હ્રસ્વત્વ-દીર્ઘત્વ વગેરે તથા માટીના કોડીયાની ગંધ વગેરે પણ કાલ્પનિક બનવાની આપત્તિ આવશે. કારણ કે તે પણ પોતાના વ્યવહાર અને અભિવ્યક્તિ માટે તો પરસાપેક્ષ જ છે. આ અંગે અમારું અધિક વક્તવ્ય આગળ (અગિયારમી શાખાના છઠ્ઠા શ્લોકમાં) જણાવશું.

**સ્પષ્ટતા** :- અનામિકા આંગળીમાં હ્રસ્વત્વ અને દીર્ઘત્વ નામના બે ગુણધર્મ રહેલા છે. આ બન્ને ગુણધર્મો વાસ્તવિક છે, કાલ્પનિક નથી. તેમ છતાં તે બન્નેનું જ્ઞાન અને વ્યવહાર કરવા માટે તે બન્નેને પરની અપેક્ષા અવશ્ય રહે છે. અનામિકામાં મધ્યમા અંગુલીની અપેક્ષાએ હ્રસ્વત્વ રહે છે અને કનિષ્ઠા (છેલ્લી આંગળી) ની અપેક્ષાએ દીર્ઘત્વ રહે છે. તથા માટીના કોડીયામાં રહેલી ગંધ વાસ્તવિક હોવા છતાં પણ તેની અભિવ્યક્તિ માટે પાણીની અપેક્ષા રહે જ છે. નવા માટીના કોડીયા પર પાણી છાંટવામાં ન આવે ત્યાં સુધી તેની ગંધ અભિવ્યક્ત થતી નથી. આમ પરસાપેક્ષ હોવા છતાં પણ ગંધ કાલ્પનિક નથી પરંતુ વાસ્તવિક છે. તેથી પોતાની ઉત્પત્તિ, અભિવ્યક્તિ, જ્ઞપ્તિ, સ્થિતિ કે વ્યવહાર અંગે બીજાની અપેક્ષા રાખનાર પદાર્થ કાલ્પનિક બની ન શકે - તેવું સિદ્ધ થાય છે.

### ❀ વિધિસ્વરૂપ અભેદાંશ સત્ય : અદ્વૈતવાદી ❀

(**'अभेदांश.**) 'વસ્તુમાં રહેલ અભેદ અંશ સત્ય છે. કારણ કે તે વિધિસ્વરૂપ છે. પરંતુ ભેદ અંશ

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી.કો.(૯)+સિ.માં છે.

स्वलक्षणात्मकत्वाद्; अभेदांशस्तु मिथ्या, तदभावरूपत्वादिति च मतं तुल्यरूपमनुभवोक्त्यैव निरसनीयम्।◀

मिथोविलक्षणस्वलक्षणात्मकत्वात्, अभेदांशस्तु मिथ्या, तदभावरूपत्वादि'ति च मतं तुल्यरूपमनुभवोक्त्यैव निरसनीयमित्यपि द्रव्यगुणपर्यायरासस्तबकस्य हस्तादर्शान्तरे माण्डलादिभाण्डागारगते व्यक्तम्।

इदमत्राकूतम् – (१) अभेदवादिनां वेदान्तिनाम् इदं मतं यदुत 'विधिरूपः वस्त्वंशः पारमार्थिकः न तु प्रतिषेधांशः। 'ब्रह्मैव सत्यं सच्चिदानन्दस्वरूपम्' इति वाक्येन सत्त्व-चित्-सुखैः साकं पारमार्थिकसत्यस्वरूपस्य ब्रह्मणः अभेदः तादात्म्याऽपराऽभिधानो बोध्यते। तादात्म्यलक्षणः अभेदः विधेयात्मकत्वात् पारमार्थिकः। एतत्तात्पर्यपरमेव "सत्यं ज्ञानमनन्तमानन्दं ब्रह्म" (स.सा.४) इति **सर्वसारोपनिषद्**वचनम्, "प्रज्ञानमेव तद् ब्रह्म, सत्यप्रज्ञानलक्षणम्" (महा.४/८१) इति **महोपनिषद्**वचनम्, "प्रज्ञानघनमानन्दं ब्रह्म" (अक्ष्यु.५०) इति **अक्ष्युपनिषद्**वचनम्, "सच्चिदानन्दमनन्तं ब्रह्म" (जा.द.९/५) इति **जाबालदर्शनोपनिषद्**वचनम्, "ब्रह्म चिद्घनानन्दैकरूपम्" (गो.च.१९) इति **गोपीचन्दनोपनिषद्**वचनञ्च विज्ञेयम्। 'ब्रह्मणः सत्त्वं

તો મિથ્યા જ છે. કારણ કે તે તુચ્છ છે.' - આ પ્રમાણે અભેદવાદીનો (= અદ્વૈતવાદી વેદાન્તીનો) મત છે. જ્યારે ભેદવાદીનો (= બૌદ્ધ વગેરેનો) મત તો એવો છે કે 'વસ્તુગત ભેદાંશ સત્ય છે. કારણ કે તે પરસ્પર અત્યંત વિલક્ષણ એવા સ્વલક્ષણસ્વરૂપ છે. જ્યારે અભેદ અંશ તો મિથ્યા જ છે. કારણ કે તે ભેદના અભાવસ્વરૂપ છે.' આ બન્ને મત સામ-સામે તુલ્યરૂપે પ્રતિબંદીગ્રસ્ત છે. તે બન્નેનું નિરાકરણ અનુભવને અનુસરનારા વચન દ્વારા જ કરવા યોગ્ય છે. આ પ્રમાણે પણ દ્રવ્ય-ગુણ-પર્યાય રાસની માંડલ જ્ઞાનભંડાર વગેરેમાં રહેલી હસ્તપ્રતમાં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજનું મંતવ્ય જાણવા મળે છે.

### ❀ અભેદાંશ સત્ય : વેદાન્તી ❀

(**इदम.**) પ્રસ્તુતમાં તાત્પર્ય આ મુજબ સમજવું. (**૧**) અભેદવાદી વેદાન્તી કહે છે કે "વસ્તુનો જે અંશ વિધિસ્વરૂપ હોય, વિધેયાત્મક હોય તે જ પારમાર્થિક સત્ય કહેવાય. જેમ કે 'બ્રહ્મ એ જ સત્ય તત્ત્વ છે', 'બ્રહ્મ સચ્ચિદાનંદસ્વરૂપ છે' - આવા વાક્ય દ્વારા પારમાર્થિક સત્યસ્વરૂપ બ્રહ્મ તત્ત્વનો સત્ત્વ = અસ્તિત્વ = સત્તા, ચિત્ = જ્ઞાન અને આનંદ સાથે અભેદ જણાવાય છે. અભેદનું બીજું નામ તાદાત્મ્ય છે. સત્યસ્વરૂપ બ્રહ્મ તત્ત્વ સાથે સત્તા, જ્ઞાન વગેરેનો તાદાત્મ્યસ્વરૂપ અભેદ વિધેયાત્મક હોવાથી સત્ય છે. આ પારમાર્થિક અભેદને જણાવવામાં અનેક ઉપનિષદ્વચનો તત્પર છે. તે વચનો આ મુજબ જાણવા. **સર્વસારઉપનિષદ્**માં જણાવેલ છે કે 'સત્ય જ્ઞાન અનંત આનંદ એ જ બ્રહ્મ છે.' **મહોપનિષદ્**માં જણાવેલ છે કે "પ્રજ્ઞાન જ તે બ્રહ્મ છે. તેનું સ્વરૂપ સત્યપ્રજ્ઞાન છે." **અક્ષિઉપનિષદ્**માં જણાવેલ છે કે 'પ્રજ્ઞાનઘન આનંદ એ જ બ્રહ્મતત્ત્વ છે.' **જાબાલદર્શનોપનિષદ્**માં પણ જણાવેલ છે કે 'અનન્ત સત્-ચિદ્-આનંદ એ જ બ્રહ્મ છે.' **ગોપીચંદનઉપનિષદ્**માં પણ દર્શાવેલ છે કે 'બ્રહ્મતત્ત્વ જ્ઞાનઘન કેવલ આનંદસ્વરૂપ છે.' પ્રસ્તુત ઉપનિષદ્વચનો જ્ઞાન, આનંદ વગેરે સ્વરૂપ બ્રહ્મને દર્શાવવા દ્વારા બ્રહ્મ અને જ્ઞાન વગેરે વચ્ચે પારમાર્થિક અભેદને જ જણાવે છે. આથી જ 'બ્રહ્મનું અસ્તિત્વ, જ્ઞાન,

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી.કો.(૯)+સિ.માં છે.

ज्ञानम् आनन्द' इति वाक्ये षष्ठ्या द्योतितः ब्रह्मानुयोगिकः सत्त्वादिभेदस्तु मिथ्या, निषेधात्मकत्वात्। परमार्थतो ब्रह्म सत्स्वरूपं चिद्रूपम् आनन्दात्मकम्' इति।

(२) भेदवादिनां सौगतानाम् अयम् अभिप्राय उत 'सर्वं स्वलक्षणम्'। स्वभिन्नं न स्वलक्षणं भवितुमर्हति। प्रतिवस्तु सर्वथा विलक्षणं प्रातिस्विकं स्वास्तित्वं वर्तते। अत एव सर्वं वस्तु मिथ एकान्तभिन्नम्। अयं भेदांश एव सत्यः। किञ्च, सर्वेषां क्षणानां निरंशत्वाद् गुणस्य नैव द्रव्यांशरूपता किन्तु सर्वथा द्रव्यात् स्वातन्त्र्यम्। गुणस्येदं स्वालक्षण्यमेव परमार्थसत् । द्रव्य-गुणयोः भासमानोऽभेदस्तु मिथ्यैव, तस्य भेदाभावरूपत्वात्। न ह्यतद्व्यावृत्तिः पारमार्थिकी इति भेदांश एव तात्त्विकः।'

(३) भेदाभेदवादिनां स्याद्वादिनां त्वयमाशयः – 'अखिलपदार्थाभ्युपगमः सम्यगनुभवमूलतया अनुभवज्ञानिवचनमूलतया वा समीचीनः, परिच्छेदात्मकस्य सम्यगर्थानुभवस्यैव मुख्यप्रमाणत्वात्।

---

સુખ' - આવા વાક્યમાં રહેલ છઠ્ઠી વિભક્તિ દ્વારા બ્રહ્મમાં અસ્તિત્વ આદિના જે ભેદનું જ્ઞાન કરાવાય છે તે મિથ્યા છે. કારણ કે તે ભેદ નિષેધસ્વરૂપ છે. પરમાર્થથી બ્રહ્મ સત્સ્વરૂપ છે, ચિત્સ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે. તેથી બ્રહ્મ અને સત્ત્વ, જ્ઞાન આદિ વચ્ચેનો ભેદ તુચ્છ સાબિત થાય છે. તેથી જ તે મિથ્યા છે." આ પ્રમાણે અભેદવાદીનો અભિપ્રાય છે.

### ✡ સ્વલક્ષણસ્વરૂપ ભેદાંશ સત્ય : બૌદ્ધ ✡

(૨) જ્યારે એકાંત ભેદવાદી બૌદ્ધ એવું કહે છે કે "દરેક પદાર્થ સ્વલક્ષણ છે. અર્થાત્ જગતના તમામ પદાર્થો પરસ્પર અત્યંત વિલક્ષણ છે. બે જલીય પરમાણુ પણ પરસ્પર અત્યંત વિલક્ષણ એવા સ્વલક્ષણ સ્વરૂપ છે. પોતે જ પોતાનું લક્ષણ. પોતાનાથી ભિન્ન કોઈ પદાર્થ પોતાનું લક્ષણ બની ના શકે. પ્રત્યેક પદાર્થને પોતાનું આગવું અને અનોખું અસ્તિત્વ હોય છે. આ હકીકત છે. તેથી જ દરેક વસ્તુ પરસ્પર ભિન્ન છે. આ ભેદ અંશ જ સત્ય છે. તદુપરાંત, દરેક ક્ષણ = ભાવ અખંડ છે, નિરંશ છે. તેથી દ્રવ્યનો અંશ ગુણ નથી બની શકતો પરંતુ ગુણ સ્વતંત્ર પદાર્થ છે. તેથી ગુણ પણ દ્રવ્ય કરતાં અત્યંત ભિન્ન જ બને. તેથી દ્રવ્ય અને ગુણ વચ્ચે રહેલો ભેદ એ જ તાત્ત્વિક છે. અર્થાત્ (આરોપિત અથવા કાલ્પનિક એવા) દ્રવ્ય કરતાં ગુણનું તદ્દન સ્વતંત્ર અસ્તિત્વ (= સ્વાલક્ષણ્ય = અત્યંત વિલક્ષણતા = સર્વથા વિશેષતા = અતિરિક્તતા = ભિન્નતા = એકાન્ત ભેદ) જ વાસ્તવિક છે. દ્રવ્ય અને ગુણ વચ્ચે ભાસમાન અભેદ તો મિથ્યા જ છે. કારણ કે તે ભેદના અભાવસ્વરૂપ છે. અભેદ એ ભેદની (= અતદ્‌ની) વ્યાવૃત્તિસ્વરૂપ છે. તે વ્યાવૃત્તિ પારમાર્થિક નથી, તુચ્છ છે. જે બે પદાર્થ વચ્ચે ભેદ રહેલ હોવા છતાં ત્યાં અભેદ ભાસે તેને મિથ્યા (= કાલ્પનિક) જ કહેવાય ને ! તેથી દ્રવ્ય અને ગુણાદિ વચ્ચે ભેદ જ પારમાર્થિક છે." આ પ્રમાણે ભેદવાદી બૌદ્ધનો મત છે.

### ❀ અનુભવસિદ્ધ ભેદાભેદ સત્ય : સ્યાદ્વાદી ❀

(૩) જ્યારે ભેદાભેદવાદી એવા સ્યાદ્વાદીનો મત એવો છે કે "કોઈ પણ પદાર્થનો સ્વીકાર સમ્યગ્ અનુભવના આધારે કરવો જોઈએ અથવા અનુભવજ્ઞાનીના વચનના આધારે કરવો જોઈએ. કારણ કે

[ई]ईहां श्रुतधर्मनइं विषइं मन दृढता करी थाओ.[ई]॥४/२॥

इदमेवाभिप्रेत्योक्तं श्री**हेमचन्द्रसूरि**भिः **प्रमाणमीमांसा**यां "सम्यगर्थनिर्णयः प्रमाणम्" (प्र.मी.१/१/२) इति। निर्णयात्मकश्च अर्थानुभवः स्व-स्वभूमिकानुसारेण, नानानयमर्यादया विविधरूपेण सम्पद्यते। कदाग्रहाऽकलुषितान्तःकरणस्य स्वभूमिकौचित्येन अदुष्टसामग्र्या जायमानस्य अनुभवस्य मिथ्यात्वे प्रबलं प्रयोजकं न ज्ञायते किञ्चित्। ततश्च तत्तन्नयमर्यादया तत्तदनुभवस्य सत्यत्वमवश्यमभ्युपेयमकामेनाऽपि। प्रकृतेऽभ्रान्तानुभवो हि द्रव्य-गुणादीनां मिथो भेदाभेदौ नानाऽपेक्षयोपदर्शयति। विधेयात्मकत्वाद् यथाऽभेदस्य पारमार्थिकत्वम्, तथा स्वलक्षणात्मकत्त्वाद् भेदस्याऽपि तात्त्विकत्वमेव। न ह्यन्यतरस्याऽत्राऽतात्त्विकता वक्तुं शक्यते, एकतराऽपलापे उभयनिषेधापत्तेः। ततश्च कथञ्चिदभेदः कथञ्चिच्च भेदः कक्षीकर्तव्य एव। इमौ भेदाऽभेदौ न मिथोऽसम्पृक्तौ किन्तु मिथः समनुविद्धौ एवे'ति जिनागमे मनो दृढतया स्थापनीयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'एकत्र भेदाऽभेदौ मिथः अविरुद्धौ' इति कृत्वा कस्मिंश्चिद्

નિર્ણયાત્મક સમ્યગ્ અર્થાનુભવ એ જ મુખ્ય પ્રમાણરૂપ છે. આ જ અભિપ્રાયથી કલિકાલસર્વજ્ઞ શ્રી**હેમચન્દ્રસૂરિ**જી મહારાજે પણ **પ્રમાણમીમાંસા** ગ્રંથમાં જણાવેલ છે કે 'સમ્યગ્ અર્થનિર્ણય પ્રમાણ છે.' ખરેખર નિર્ણયાત્મક સમ્યગ્ અનુભવ જ વસ્તુના યથાવસ્થિત સ્વરૂપની સાચી સમજ આપવા માટે સમર્થ છે. તથા પદાર્થનો નિશ્ચયાત્મક અનુભવ પણ પોતપોતાની ભૂમિકા મુજબ, વિવિધ નયોની મર્યાદા અનુસારે જુદી જુદી વ્યક્તિઓને જુદા જુદા પ્રકારે થતો હોય છે. કદાગ્રહથી કલુષિત થયા વિના પોતાની ભૂમિકા મુજબ જે જે અનુભવો સાચી સામગ્રી દ્વારા થાય તે તે અનુભવોને મિથ્યા માનવામાં કોઈ સબળ કારણ જણાતું નથી. તેથી તે તે નયોની મર્યાદામાં રહીને, તે તે અનુભવોને સત્ય માન્યા વિના છૂટકો નથી. પ્રસ્તુતમાં અભ્રાન્ત અનુભવ એમ કહે છે કે દ્રવ્ય અને ગુણાદિ વચ્ચે જુદી જુદી અપેક્ષાએ પરસ્પર ભેદ પણ છે અને અભેદ પણ છે. દ્રવ્ય અને ગુણાદિ વચ્ચે રહેલો અભેદ વિધેયાત્મક હોવાથી જેમ સત્ય છે તેમ દ્રવ્ય અને ગુણાદિ સ્વલક્ષણાત્મક હોવાથી તે બન્ને વચ્ચે રહેલો ભેદ પણ સત્ય જ છે. આમ ભેદ કે અભેદ એક પણ અંશને મિથ્યા માની શકાતો નથી. એકનો અપલાપ કરવામાં ઉભયનો ઉચ્છેદ થવાની આપત્તિ આવશે. તેથી દ્રવ્ય અને ગુણાદિ વચ્ચે કથંચિદ્ અભેદ અને કથંચિદ્ ભેદ રહે છે- તેમ માનવું જરૂરી છે. આ ભેદ અને અભેદ પણ એકબીજાથી અનુવિદ્ધ છે, સ્વતંત્ર નથી. તેથી દ્રવ્ય અને ગુણાદિ વચ્ચે ભેદઅનુવિદ્ધ અભેદ રહેલો છે." આ પ્રમાણે જિનાગમમાં મનને દૃઢતાથી સ્થિર કરવું.

### ✤ ભેદાભેદના સ્વીકારનું આધ્યાત્મિક પ્રયોજન ✤

**આધ્યાત્મિક ઉપનય** :- એકત્ર ભેદ અને અભેદ વચ્ચે અવિરોધ બતાવવાની પાછળ આધ્યાત્મિક દૃષ્ટિ એ રહેલી છે કે કોઈ વ્યક્તિમાં હિંસકત્વ, અસત્યવાદિત્વ આદિ અશુદ્ધ પર્યાયો જોવા મળે ત્યારે

ઈ...ઈ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨) + લી.(૧)માં છે.

आत्मनि हिंसकत्वाऽसत्यवादित्वाद्यशुद्धपर्यायदर्शने 'तेभ्यः पर्यायेभ्य आत्मा भिन्न' इति विमृश्य तं प्रति मैत्र्यादिभावनया अस्माभिः वर्तितव्यम्। स च द्रव्य-पर्यायाऽभेदं पुरस्कृत्य 'अहं हिंसकः मृषावादी च, धिग् माम्' इत्येवं आत्मनिन्दागर्भविचारणया मोक्षमार्गे अभिसर्पति।

एतद्विपर्यासः स्वस्मिन् कार्यः। तथाहि – स्वदोषदर्शने मलिनपर्यायात्मनोः अभेदं पुरस्कृत्य आत्मनिन्दा-दोषगर्हादिना आत्मशुद्धिमार्गे स्वयमेव शीघ्रं गन्तव्यम्। परन्तु 'अहं कामी, क्रोधी रसलम्पटश्च। मदीयः दुष्ट स्वभावो न जातु विलेष्यति। सदनुष्ठानप्रबन्धं कुर्यां, न वा ? – न मे ततः कश्चिद् दुष्टस्वभावविभेदः सम्पद्येत' इत्यादिकं परामृश्य अस्माभिः हतोत्साहतया न भाव्यम्। कुकर्मवशतः तथाविधहतोत्साहतायां सत्यां लघुताग्रन्थिपरित्यागाय सत्त्वस्फोरणाय च 'ध्रुवः अहं मलिनपर्यायेभ्यः सर्वथा भिन्नः। किं ते स्वयंविनश्वराः मलिनपर्याया अतीन्द्रियम् अलिप्तम् असङ्गं ध्रुवं च मां पीडयिष्यन्ति ?' इत्येवं द्रव्य-पर्यायभेदम् अवलम्ब्य ध्रुव-शुद्धात्मद्रव्ये दृष्टिः स्थापनीया। इत्थमेव क्रमेण "यो वीतरागः सर्वज्ञ यः शाश्वतसुखेश्वरः। क्लिष्टकर्मकलातीतः सर्वथा निष्कलस्तथा।।" (अ.प्र.१/३) **अष्टकप्रकरणो**पदर्शितः शुद्धात्मा प्रादुर्भवेत् ।।४/२।।

---

'તે મલિન પર્યાયો કરતાં તેનો આત્મા ભિન્ન છે' - તેવું વિચારી તેના પ્રત્યે મૈત્રી વગેરે ભાવો આપણામાં જગાડી શકાય. તથા સામેની વ્યક્તિ 'હું હિંસક છું, અસત્યવાદી છું. તેથી મને ધિક્કાર થાઓ' - આ રીતે આત્મનિંદાગર્ભિત દ્રવ્ય-પર્યાય સંબંધી અભેદની વિચારણા કરવા દ્વારા આત્મશુદ્ધિના માર્ગે આગળ વધી શકે.

(एत.) આનાથી ઊલટું આપણામાં જ્યારે દોષદર્શન થાય ત્યારે તે મલિન પર્યાયથી આપણો અભેદ વિચારી, આત્મનિંદા, દોષગર્હા દ્વારા આત્મશુદ્ધિના માર્ગે આગળ વધવું. પરંતુ 'હું તો કામી છું, ક્રોધી છું, રસલંપટ છું, મારો સ્વભાવ ખરાબ જ છે. મારો દુષ્ટ સ્વભાવ ક્યારેય વિલીન = રવાના થવાનો નથી. હું તો ક્યારેય સુધરવાનો જ નથી. હું સાધના કરું કે ન કરું, મારામાં કોઈ ફરક પડવાનો જ નથી' - આ રીતે હતાશાની અને નિરાશાની ખાઈમાં આપણે ગબડી પડવાનું નથી. કદાચ કર્મવશ તેવી હતાશાની ખીણમાં આપણે ગબડી પડીએ ત્યારે લઘુતાગ્રંથિ (= inferiority complex)માંથી બહાર આવવા માટે તથા સત્ત્વને સ્ફુરાયમાન કરવા માટે 'હું મલિન પર્યાયો કરતાં તદ્દન જુદો છું. સ્વયં નાશ પામવાના સ્વભાવવાળા તે અશુદ્ધ પર્યાયો મારું શું બગાડવાના ? કેમ કે હું તો અતીન્દ્રિય, અલિપ્ત, અસંગ, ધ્રુવ આત્મા છું' - આ રીતે દ્રવ્ય-પર્યાયનો ભેદ વિચારી શુદ્ધ આત્મદ્રવ્ય ઉપર પોતાની દૃષ્ટિને સ્થિર કરવી. આ રીતે જ મોક્ષમાર્ગે ક્રમસર આગળ વધતાં **અષ્ટકપ્રકરણ**માં દર્શાવેલ શુદ્ધાત્મા પ્રગટ થાય. ત્યાં શ્રી**હરિભદ્રસૂરિ**જીએ શુદ્ધાત્માને ઉદ્દેશીને જણાવેલ છે કે 'જે વીતરાગ, સર્વજ્ઞ, શાશ્વત સુખના સ્વામી, ક્લિષ્ટ કર્મોના અંશોથી રહિત તથા સર્વથા નિષ્કલ-નિરંજન છે.' (૪/૨)

▸ननु प्रतियोगि-तदभावयोः विरोधादेव भेदाभेदयोर्न (एकत्र) समावेशः इत्याशङ्कायामाह –◂

**એક ઠામિ ♦સર્વ જનની સાખિ, પ્રત્યક્ષઈ જે લહિયઈ રે;**
**રૂપ-રસાદિકની પરિ તેહનો, કહો વિરોધ કિમ કહિયઈ રે ॥૪/૩॥ (૪૩) શ્રુત૦**

**એક ઠામિ** = ઘટાદિક દ્રવ્યનઇં વિષઈં, **સર્વ** ▸અભ્રાન્ત **જનની** =◂ લોકની **સાખિ પ્રત્યક્ષ** પ્રમાણઇં, ▸જો ભેદાભેદાદિક◂ ✡**જે લહિયઈ** છઈં, ▸તો **રૂપ-રસાદિકની પરિ**◂ **તેહનો વિરોધ કહો કિમ કહિઈં ?**

ननु प्रतियोगि-तदभावयोः विरोधादेव भेदाऽभेदयोः नैकत्र समावेशः इत्याशङ्कायां भेदाऽभेदयोरेकत्राऽविरोधं समर्थयति – '**साक्षिणी**'ति।

**साक्षिणि सर्वलोके यत्, प्रत्यक्षेणोपलभ्यते।**
**एकत्र रस-रूपादिवत् तद्रोधः कथं भवेत् ?॥४/३॥**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – सर्वलोके साक्षिणि (सति) यद् रस-रूपादिवद् (भेदाभेदोभयं) एकत्र प्रत्यक्षेण उपलभ्यते। (अतः) तद्रोधः कथं भवेत् ?॥४/३॥

**एकत्र** आम्रफलादिद्रव्ये **सर्वलोके** = सर्वस्मिन् अभ्रान्ते जने **साक्षिणि** सति **यद्** = गुण-पर्यायप्रतियोगिकभेदाऽभेदोभयं **रस-रूपादिवद्** = अम्ल-मधुरादिरस-हरित-पीतादिरूपवत् **प्रत्यक्षेण**

**અવતરણિકા** :- 'પ્રતિયોગી અને તેના અભાવ વચ્ચે પરસ્પર વિરોધ છે. જેમ કે ઘટ (= પ્રતિયોગી) જ્યાં રહેતો હોય ત્યાં તેનો અભાવ (= ઘટાભાવ ) રહી ના શકે અને જ્યાં ઘટાભાવ રહેતો હોય ત્યાં ઘટ ન રહી શકે. આમ પ્રતિયોગી અને તેના અભાવ વચ્ચે વિરોધ હોવાના લીધે જ એકત્ર ભેદ (= પ્રતિયોગી) અને અભેદ (=ભેદાભાવ) રહી ન શકે.' – આ પ્રમાણે કોઈને શંકા થાય તો તેનું નિરાકરણ કરવા માટે એકત્ર ભેદ અને અભેદ વચ્ચેના અવિરોધનું ગ્રંથકારશ્રી સમર્થન કરે છે.

**❀ ભેદ-અભેદમાં અવિરોધ પ્રત્યક્ષસિદ્ધ ❀**

**ભાવાર્થ** :- સર્વ લોકો સાક્ષી છે કે એકત્ર રૂપ-રસાદિની જેમ ભેદાભેદઉભય પણ પ્રત્યક્ષ પ્રમાણથી જણાય છે. તેથી ભેદ-અભેદમાં વિરોધ કઈ રીતે આવે ? (આમ સમકિત શુદ્ધ કરવું.) (૪/૩)

**પરામર્શ** :- તમામ અભ્રાન્ત લોકો સાક્ષી છે કે એક જ કેરીમાં રૂપ અને રસ સાથે રહે છે. તેથી તે બન્નેમાં કોઈ વિરોધ નથી. એટલું જ નહિ, તે જ કેરીમાં ખાટો રસ અને મધુર રસ પણ રહે છે. તથા તે જ કેરીમાં લીલો વર્ણ તેમજ પીળો વર્ણ પણ રહે છે. માટે તેઓમાં પણ પરસ્પર વિરોધ નથી. આ અવિરોધ માનવાનું કારણ એ છે કે એક જ કેરીમાં ઉપરોક્ત રૂપ-રસનું પ્રત્યક્ષ પ્રમાણથી ભાન થાય છે. પ્રમાણથી થતી પ્રતીતિ જેમ વિલક્ષણ રૂપ-રસ વચ્ચે અવિરોધને સિદ્ધ કરે છે તેમ તે એક જ દ્રવ્યમાં ગુણ-પર્યાયના ભેદ તથા અભેદ વચ્ચે અવિરોધને સિદ્ધ કરે છે. કારણ કે દ્રવ્ય અને ગુણાદિ વચ્ચે રહેલ ભેદાભેદઉભયનું ભાન પ્રત્યક્ષ પ્રમાણથી થાય છે. તેથી 'દ્રવ્યમાં રહેનાર

▸....◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી.કો.(૯) + સિ.માં છે. ♦ ધ.+મ.માં 'સવિ' પાઠ. કો.(૩)નો પાઠ લીધો છે. ✡ પુસ્તકોમાં 'રક્તત્વાદિક ગુણ-પર્યાયનો ભેદાભેદ જે..' પાઠ.

▸न हि दृष्टेऽनुपपन्नं नाम◂ (लघीयस्त्रयवृत्ति १/२७ पृ.९)।

प्रमाणेन **उपलभ्यते** = प्रमीयते **तद्रोधः** = तस्य द्रव्यानुयोगिक-गुणपर्यायप्रतियोगिकभेदाऽभेदोभयस्य विरोधः **कथं** = केन प्रकारेण **भवेत्** = सिध्येत् ? "न हि दृष्टे अनुपपन्नं नाम, अन्यथा सर्वत्राऽपि तत्प्रसङ्गः" (ष.द.स.श्लो.५७ वृ.) इति व्यक्तं **षड्दर्शनसमुच्चयबृहद्वृत्तौ**। तदुक्तं **सूत्रकृताङ्गवृत्तौ श्रीशीलाङ्काचार्येण** अपि "न च दृष्टेऽनुपपन्नं नाम। न च 'सर्वं मिथ्या'–इत्यभ्युपपत्तुं युज्यते, यतो दृष्टहानिः अदृष्टकल्पना च पापीयसी" (सू.कृ.श्रु.स्क.२/अ.५/सू.११/पृ.३७६) इति।

अयमत्राशयः – यथा 'यत्रैवाऽऽम्रफले पूर्वमम्लरस आसीत् तस्मिन्नेव पश्चाद् मधुररस आविर्भवति'। यथा च 'यस्मिन्नेव आम्रफले पूर्वं हरितरूपमासीत् तस्मिन्नेव पीतरूपमुपजायते' इति प्रत्यक्षतः प्रमीयते तथैव यस्मिन्नेवाऽऽत्मद्रव्ये केवलज्ञानानुत्पादकाले केवलज्ञानभेद आसीत् तस्मिन्नेव केवलज्ञानोत्पत्तिदशायां केवलज्ञानाऽभेदो वर्तते यस्मिन्नेव च देवात्मनि मनुष्यपर्यायानुत्पादावस्थायां मनुष्यपर्यायभेद आसीत् तस्मिन्नेव मनुष्यपर्यायोत्पत्तिदशायां मनुष्यपर्यायाऽभेदो वर्तते, पूर्वकालावच्छेदेन गुण-पर्यायभेदवति द्रव्ये उत्तरकालावच्छेदेन गुण-पर्यायाऽभेदसत्त्वेऽविरोधात्।

---

(= દ્રવ્યાનુયોગિક) ગુણ-પર્યાયના (= ગુણ-પર્યાયપ્રતિયોગિક) ભેદ અને અભેદ - આ બન્નેમાં વિરોધ રહેલો છે' - તેવું બૃહસ્પતિ પણ કઈ રીતે સિદ્ધ કરી શકે ? કારણ કે 'પ્રત્યક્ષ પ્રમાણથી જે વસ્તુ જે રીતે જ્યાં જાણેલી હોય, જોયેલી હોય તેનો તે રીતે ત્યાં સ્વીકાર કરવામાં અસંગતિ શા માટે આવે ? અન્યથા = પ્રત્યક્ષપ્રમાણસિદ્ધ વસ્તુમાં વિરોધનું ઉદ્ભાવન કરવામાં આવે તો દરેક સ્થળે વિરોધ માનવાની આપત્તિ આવશે' - આ પ્રમાણે **ષડ્દર્શનસમુચ્ચયબૃહદ્વૃત્તિ**માં સ્પષ્ટપણે શ્રી**ગુણરત્નસૂરિ**જીએ જણાવેલ છે. શ્રી**શીલાંકાચાર્ય** ભગવંતે પણ **સૂયગડાંગસૂત્રવ્યાખ્યા**માં જણાવેલ છે કે "પ્રત્યક્ષ પ્રમાણથી દેખાયેલ વસ્તુમાં અસંગતિ નથી હોતી. 'જે દેખાય છે તે મિથ્યા છે.'- એવું સ્વીકારવું તો યોગ્ય જ નથી. કેમ કે તેમ કરવામાં જે દેખાય તેનો અપલાપ કરવા સ્વરૂપ દૃષ્ટહાનિ તથા જે મિથ્યાપણું નથી દેખાતું તેનો સ્વીકાર કરવા સ્વરૂપ અદૃષ્ટ કલ્પના - આ બે મોટા દોષ લાગુ પડે છે."

### કાળભેદથી ભેદાભેદમાં અવિરોધ

(**अय.**) અહીં કહેવાનો આશય એ છે કે જે રીતે જે કેરીમાં પૂર્વે ખાટો રસ હતો અને તે જ કેરીમાં પાછળથી મધુર રસ પ્રગટ થાય છે તથા જે કેરીમાં પૂર્વે લીલો વર્ણ હતો તે જ કેરીમાં પાછળથી પીળો વર્ણ પ્રગટ થાય છે - આ હકીકત પ્રત્યક્ષ પ્રમાણથી નિશ્ચિત થાય છે, તે જ રીતે જે આત્મદ્રવ્યમાં કેવલજ્ઞાનની ઉત્પત્તિની પૂર્વે કેવલજ્ઞાનનો ભેદ હતો, તે જ આત્મદ્રવ્યમાં કેવલજ્ઞાનની ઉત્પત્તિના અવસરે કેવલજ્ઞાનનો અભેદ રહેલો હોય છે. તથા મનુષ્યપર્યાયની ઉત્પત્તિની પૂર્વે જે દેવાત્મામાં મનુષ્યપર્યાયનો ભેદ હતો, તે જ દેવના આત્મામાં મનુષ્યપર્યાય ઉત્પન્ન થાય તે સમયે મનુષ્યપર્યાયનો અભેદ હોય છે. તેથી પૂર્વકાલઅવચ્છેદેન ગુણ-પર્યાયના ભેદથી વિશિષ્ટ એવા દ્રવ્યમાં ઉત્તરકાલઅવચ્છેદેન ગુણ-પર્યાયનો અભેદ રહેવામાં કોઈ વિરોધ આવતો નથી.

---

▸....◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી.કો.(૯) + સિ.માં છે.

જિમ રૂપ-રસાદિકનો એકાશ્રયવૃત્તિત્વાનુભવથી વિરોધ ન કહિયઈં, તિમ ભેદાભેદનો પણિ જાણવો.

---

इदमेवाऽभिप्रेत्य **विशेषावश्यकभाष्ये** [1]"नत्थि पुढवीविसिट्ठो घडो त्ति जं तेण जुज्जइ अणन्नो। जं पुण घडो त्ति पुव्वं न आसि पुढवी तओ अन्नो।।" (वि.आ.भा.२१०४) इत्युक्तम्। पृथिव्या व्यतिरिक्तो घटो न दृश्यते इति पर्याय-पर्यायिणोः अभेदः, पूर्वं घटो नाऽऽसीदिति तयोः भेदश्च इत्येवं भेदाऽभेदसिद्धिः द्रष्टव्या।

***नन्वे***वमेकत्रैककालावच्छेदेन गुण-पर्याययोः भेदाऽभेदोभयं न सिध्येदिति ***चेत्*** ?

***न***, एकत्रैव मृदादिद्रव्ये एककालावच्छेदेनाऽपि रूप-रसयोरिव रक्तरूपादिगुणप्रतियोगिकभेदाऽभेदयोः पिण्ड-कुसूलादिपर्यायप्रतियोगिकभेदाऽभेदयोश्च प्रत्यक्षेण प्रमीयमाणत्वेनाऽविरोधात्।

'मृदो रक्तरूपं मृद् रक्ता' इति एकस्यामेव प्रतीतौ पूर्वत्र अविगानेन षष्ठ्या मृद्-रक्तयोः

---

## ✡ પર્યાય-પર્યાયી વચ્ચે ભેદાભેદ : વિશેષાવશ્યકભાષ્ય ✡

(**इद.**) 'પર્યાયની નિષ્પત્તિની પૂર્વે પર્યાય-પર્યાયી વચ્ચે ભેદ તથા ઉત્તરકાળમાં તે બન્નેનો અભેદ હોય છે.' આ જ અભિપ્રાયથી **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે "જે કારણે પૃથ્વી (= માટી) કરતાં અતિરિક્ત ઘડો નથી જણાતો તે કારણે પૃથ્વીથી તેને અભિન્ન માનવો યોગ્ય છે. તથા જે કારણે પૂર્વે ઘડો હાજર ન હતો તે કારણે પૃથ્વીથી તે જુદો છે." મતલબ પૃથ્વીથી ભિન્ન સ્વરૂપે ઘડો ન દેખાવાથી ઘટપર્યાય અને પૃથ્વીદ્રવ્ય વચ્ચે અભેદ છે. તથા ઘટની ઉત્પત્તિ થવાની પૂર્વે ઘડો ન હતો. તેથી પર્યાય-પર્યાયી વચ્ચે ભેદ છે. આમ પર્યાય-પર્યાયી વચ્ચે ભેદાભેદની સિદ્ધિ સમજવી.

**શંકા** :- (**नन्वेव.**) સ્યાદ્વાદીએ 'એક જ દ્રવ્યમાં ગુણ-પર્યાયનો ભેદાભેદ માનવામાં કોઈ વિરોધ નથી' - આવું સિદ્ધ કરવા માટે જે દૃષ્ટાંત આપેલ છે તેના દ્વારા એક દ્રવ્યમાં વિભિન્નકાલઅવચ્છેદેન ગુણનો ભેદાભેદ અને પર્યાયનો ભેદાભેદ સિદ્ધ થશે. પરંતુ 'એકત્ર એકકાલઅવચ્છેદેન ગુણનો ભેદાભેદ અને પર્યાયનો ભેદાભેદ રહેલો છે' - તેવું સિદ્ધ નહિ થઈ શકે. સ્યાદ્વાદીના સિદ્ધાંત મુજબ તો એકત્ર એકકાલઅવચ્છેદેન ગુણ આદિનો ભેદાભેદ માન્ય છે. આવું સિદ્ધ કરવા માટે ઉપરોક્ત દૃષ્ટાંત સમર્થ નથી જ.

## ❯ એકકાલઅવચ્છેદેન એકત્ર ભેદાભેદની સિદ્ધિ ❯

**સમાધાન** :- (**न, एक.**) ઉપરોક્ત શંકા વ્યાજબી નથી. આનું કારણ એ છે કે એક જ માટી વગેરે દ્રવ્યમાં એકકાલઅવચ્છેદેન પણ રૂપ અને રસ નામના બે વિલક્ષણ ગુણધર્મો જેમ રહી શકે છે, તેમ તે જ એક મૃદ્ દ્રવ્યમાં એકકાલઅવચ્છેદેન રક્ત રૂપ વગેરે ગુણનો ભેદાભેદ અને પિંડ-કુશૂલ વગેરે પર્યાયનો ભેદાભેદ રહી શકે છે. આવું માનવામાં કોઈ વિરોધ નથી. આનું કારણ એ છે કે પ્રત્યક્ષ પ્રમાણથી જ એકત્ર એક કાળમાં તે ધર્મયુગલોની સત્ય પ્રતીતિ થાય છે.

(**मृदो.**) આશય એ છે કે 'જે સમયે માટીમાં રૂપ રહેલું છે તે જ સમયે ત્યાં રસ પણ રહેલો હોય છે' - આ પ્રમાણે પ્રત્યક્ષ પ્રમાણથી પ્રતીતિ થાય છે. તેથી એકત્ર એકકાલઅવચ્છેદેન પરસ્પર

---

1. नास्ति पृथिवीविशिष्टो घट इति यत् तेन युज्यतेऽनन्यः। यत् पुनर्घट इति पूर्वं नाऽऽसीत् पृथिवी ततोऽन्यः।।

भेदो द्योत्यते उत्तरत्र च सामानाधिकरण्येन अभेदः। ततश्चैककालावच्छेदेन द्रव्य-गुणयोः भेदाभेदौ प्रत्यक्षत एव सिध्यतः। एवमेव 'मृदः पिण्डः, पिण्डात्मिका मृद्' इति प्रतीत्या द्रव्य-पर्याययोरेककालावच्छेदेन भेदाभेदसिद्धिरवसातव्या।

मृदादिद्रव्य-रक्तादिगुणयोरेकान्तेन भेदे यथा 'मृदादिद्रव्यं पटः' इति न प्रतीयते प्रयुज्यते वा तथा 'मृदादिद्रव्यं रक्तमि'त्यपि न प्रतीयेत प्रयुज्येत वा।

एवमेकान्तेन तयोरभेदे 'घटस्य घट' इति यथा न प्रतीयते प्रयुज्यते वा तथा 'मृदादिद्रव्यस्य रक्तरूपमि'त्यपि न प्रतीयेत प्रयुज्येत वा। एवं द्रव्य-पर्याययोरपि ज्ञेयम्।

---

વિલક્ષણ રૂપ-રસનો સ્વીકાર કરવામાં વિરોધ નથી. તે જ રીતે 'જે સમયે મૃદ્ દ્રવ્યમાં રક્તરૂપ વગેરેનો ભેદ રહે છે, તે જ સમયે તેનો અભેદ પણ ત્યાં રહે છે. તથા જે સમયે માટીમાં પિંડ-કુશૂલ આદિ પર્યાયોનો ભેદ રહે છે, તે જ સમયે તે પર્યાયોનો અભેદ પણ રહે છે' - આ પ્રમાણે પ્રતીતિ થાય છે. 'માટીનું લાલરૂપ તથા લાલ માટી' - આ પ્રતીતિના પૂર્વ ભાગમાં માટી અને લાલરૂપ વચ્ચે ભેદનું જ્ઞાન થાય છે. કારણ કે ત્યાં ભેદદ્યોતક છઠ્ઠી વિભક્તિનું અવગાહન થાય છે. તથા પ્રતીતિના ઉત્તર ભાગમાં માટી અને લાલરૂપ વચ્ચે અભેદનું ભાન થાય છે. કારણ કે ત્યાં અભેદદ્યોતક સમાનવિભક્તિકત્વ રહેલું છે. તથા આ પ્રતીતિ એક જ સમયે થાય છે. તેથી એકકાલઅવચ્છેદેન એકત્ર ગુણનો ભેદ-અભેદ સ્વીકારવામાં વિરોધ નથી. આ જ રીતે 'માટીનો પિંડ અને પિંડસ્વરૂપ માટી' આ પ્રતીતિ દ્વારા એકકાલઅવચ્છેદેન એકત્ર પર્યાયનો ભેદાભેદ સ્વીકારવામાં વિરોધ નથી.

## ✿ એકાંત ભેદનો કે એકાંત અભેદનો સ્વીકાર અસંગત ✿

**(मृदादि.)** જો માટી વગેરે દ્રવ્ય અને રક્તરૂપ વગેરે ગુણ - આ બે વચ્ચે એકાન્તે ભેદ માનવામાં આવે તો 'મૃદ્ આદિ દ્રવ્ય લાલ છે' - આવી પ્રતીતિ કે પ્રયોગ નહિ થાય. જેમ માટી અને પટ પરસ્પર અત્યંત ભિન્ન હોવાથી 'માટી પટ છે' - આવી પ્રતીતિ થતી નથી. તેમ જો માટી અને લાલરૂપ પરસ્પર અત્યંત ભિન્ન હોય તો 'માટી લાલ છે' - આવી પ્રતીતિ કે પ્રયોગ થઈ ન શકે.

**(एव.)** તે જ રીતે જો દ્રવ્ય અને ગુણ વચ્ચે એકાંતે અભેદ હોય તો જેમ 'ઘડાનો ઘડો' આ પ્રમાણે પ્રતીતિ કે પદપ્રયોગ નથી થતા તેમ 'માટીનું લાલરૂપ' આવી પણ પ્રતીતિ કે પદપ્રયોગ થઈ ન શકે. પરંતુ 'લાલ માટી' અને 'માટીનું લાલરૂપ' - આવી પ્રતીતિ અને પ્રયોગ તો પ્રસિદ્ધ છે. આથી દ્રવ્ય અને ગુણ વચ્ચે માત્ર ભેદ કે કેવલ અભેદ માની ન શકાય. પરંતુ 'ભેદઅનુવિદ્ધ અભેદ' માનવો જોઈએ. આ રીતે દ્રવ્ય-પર્યાય અંગે પણ સમજી લેવું.

**સ્પષ્ટતા** :- 'घटो घटः अत्र वर्तते' આવી પ્રતીતિ કે પ્રયોગ થતા નથી. પરંતુ 'रक्तो घटः अत्र वर्तते' - આવી પ્રતીતિ અને શબ્દપ્રયોગ અસ્ખલિત રીતે થાય છે. આ સૂચવે છે કે ઘટ અને ઘટ વચ્ચે જેવો અત્યંત અભેદ છે, તેવો અત્યંત અભેદ ઘટ અને લાલરૂપ વચ્ચે નથી. તેથી 'દ્રવ્ય અને ગુણ વચ્ચે અત્યંત અભેદ નહિ પણ કથંચિત્ અભેદ (= ભેદઅનુવિદ્ધ એવો અભેદ) રહેલો છે' - તેવું સિદ્ધ થાય છે. તથા 'पटः घटः अत्र वर्तते' આવી ('ઘટ પટસ્વરૂપ છે' તેવું સિદ્ધ કરનારી) પ્રતીતિ કે પ્રયોગ નથી થતા, પણ 'रक्तो घटः अत्र संयोगेन वर्तते' આવી પ્રતીતિ અને પ્રયોગ થાય

इदञ्चात्राऽवधेयम् – ययोः पदार्थयोः सर्वथा भेदः अभेदो वा तद्बोधकपदयोः नैव सामानाधिकरण्यं वैयधिकरण्यं वा सम्भवति किन्तु ययोः भेदसंवलिताऽभेदः तादृशस्थले एव। ततश्च द्रव्य-पर्याययोः एकान्तभेदे 'मृदः पट' इतिवद् 'मृत् पटः' इतिवद् वा 'मृदः पिण्डः' इति, 'मृत् पिण्डात्मिका' इति वा न प्रतीयेत व्यवह्रियेत वा। एकान्ताऽभेदे तु 'घटो घटः' इतिवद्, 'घटस्य घट' इतिवद् वा 'मृत् पिण्डात्मिका' इति, 'मृदः पिण्ड' इति वा न प्रतीयेत व्यवह्रियेत वा। ततश्च प्रसिद्धप्रतीत्यादिबलेन द्रव्य-पर्याययोरपि भेदानुविद्धाऽभेदाऽभ्युपगम आवश्यकः।

इत्थं शाब्दिकसामानाधिकरण्य-वैयधिकरण्ययोरस्खलद्वृत्त्योपलम्भाद् द्रव्ये गुण-पर्याययोः भेदाऽभेदोभयसिद्धिः प्रत्यक्षादेव प्रमाणाद् जायमाना केन प्रत्याख्येया ? कथं वा तत्र विरोध उद्भावनीयः ? इदमेवाऽभिप्रेत्य **आचाराङ्गसूत्रवृत्तौ श्रीशीलाङ्काचार्येण** अपि "न हि दृष्टेऽनुपपन्नं नाम। न च

---

છે. તેનાથી સિદ્ધ થાય છે કે ઘડો પટ કરતાં જેમ અત્યંત ભિન્ન છે તેમ લાલ રૂપ કરતાં ઘડો અત્યંત ભિન્ન નથી, પરંતુ કથંચિત્ ભિન્ન છે. અર્થાત્ 'દ્રવ્ય અને ગુણ વચ્ચે પરસ્પર કથંચિદ્ ભેદ (= અભેદવિશિષ્ટ ભેદ) રહેલો છે' - તેમ સિદ્ધ થાય છે. આ રીતે દ્રવ્ય-પર્યાય અંગે સમજી લેવું.

### ✱ સામાનાધિકરણ્ય અને વૈયધિકરણ્ય અંગે વિચારણા ✱

(**इदञ्चा.**) અહીં એક વાત ધ્યાનમાં રાખવી કે જે બે પદાર્થમાં અત્યંત ભેદ કે અત્યંત અભેદ હોય તે પદાર્થનો બોધ કરાવવા માટે સમાનવિભક્તિકત્વસ્વરૂપ શાબ્દિક (= શબ્દનિષ્ઠ) સામાનાધિકરણ્ય કે ષષ્ઠીવિભક્તિગર્ભિતત્વસ્વરૂપ શાબ્દિક વૈયધિકરણ્ય સંભવિત નથી. જ્યાં ભેદસંવલિત અભેદ હોય ત્યાં જ સામાનાધિકરણ્ય અને વૈયધિકરણ્ય સંભવે. તેથી દ્રવ્ય અને પર્યાય વચ્ચે જો એકાંતે ભેદ હોય તો 'માટીનો પટ' આ પ્રતીતિ કે શબ્દરચના જેમ નથી થતી, તેમ 'માટીનો પિંડ' આ પ્રતીતિ કે વ્યવહાર પણ થઈ ન શકે. તથા અત્યંત ભિન્ન હોવાથી 'માટી પટ છે' - આ પ્રતીતિ કે શબ્દરચના થતી નથી, તેમ 'માટી પિંડસ્વરૂપ છે' - આવી પ્રતીતિ કે વ્યવહાર થઈ ન શકે. તેમ જ દ્રવ્ય અને પર્યાય વચ્ચે સર્વથા અભેદ હોય તો 'ઘડો ઘડો' આ પ્રતીતિ થતી નથી, તેમ 'માટી પિંડ છે' - આ પ્રતીતિ થઈ ન શકે. અથવા 'ઘડાનો ઘડો' - આ પ્રતીતિ થતી નથી, તેમ 'માટીનો પિંડ' - આ પ્રતીતિ કે વ્યવહાર થઈ ન શકે. તેથી ઉપરોક્ત પ્રસિદ્ધ પ્રામાણિક પ્રતીતિ વગેરેના બળથી દ્રવ્ય અને પર્યાય વચ્ચે પણ કેવલ ભેદ કે કેવલ અભેદ નહિ પણ ભેદઅનુવિદ્ધ અભેદ માનવો જરૂરી છે.

### ✿ પ્રત્યક્ષપ્રસિદ્ધ અર્થમાં અવિરોધ - જૈન ✿

(**इत्थं.**) આ રીતે દ્રવ્યને અને ગુણ-પર્યાયને દર્શાવનારા શબ્દોમાં શાબ્દિક સામાનાધિકરણ્ય અને શાબ્દિક વૈયધિકરણ્ય સર્વ લોકોને અસ્ખલદ્ વૃત્તિથી (= લક્ષણાથી નહિ પણ શક્તિનામક પદવૃત્તિથી) પ્રતીત થાય છે. તેથી દ્રવ્ય અને ગુણ-પર્યાય વચ્ચે ભેદાભેદઉભયની સિદ્ધિ પ્રત્યક્ષથી થાય છે. પ્રત્યક્ષ પ્રમાણથી થતી પ્રસ્તુત ભેદાભેદની સિદ્ધિને કોણ અટકાવી શકે ? અથવા તો દ્રવ્યમાં ગુણાદિના ભેદાભેદનો સ્વીકાર કરવામાં કઈ રીતે વિરોધનું ઉદ્ભાવન થઈ શકે ? અર્થાત્ ન જ થઈ શકે. આ જ અભિપ્રાયથી **શ્રીશીલાંકાચાર્યજીએ** પણ **આચારાંગસૂત્રની વ્યાખ્યામાં** જણાવેલ છે કે "પ્રત્યક્ષ પ્રમાણથી જોયેલ પદાર્થને

उक्तं च- 'न हि प्रत्यक्षदृष्टेऽर्थे विरोधो नाम' ( )।

---

सकलप्रमाणप्रष्ठप्रत्यक्षसिद्धेऽर्थेऽनुमानमेष्टव्यम्" (आ.सू.१/५/५/१६३ पृ.२२४) इत्युक्तम्। यथोक्तं **सम्मतितर्कवृत्तौ** अपि "न हि दृष्टेऽनुपपन्नं नाम" (स.त.१/१/पृ.७५) इति। "न हि दृष्टेऽपि अनुपपन्नता नाम" (प्र.वा.२/२१० अल.पृ.६९७) इति **प्रमाणवार्त्तिकाऽलङ्कारे प्रज्ञाकरगुप्तः**। तदुक्तं **वाचस्पतिमिश्रेण** अपि **न्यायकणिकायां** "न हि करिणि दृष्टे चीत्कारेण तम् अनुमिमते प्रेक्षावन्तः" (न्या.क.पृ.१९१, शब्दलेशभेदेन तत्त्वचिन्तामणि-अनुमानखण्ड-पक्षताप्रकरणोद्धृतं पृ.६२८) इति। उक्तञ्च अन्यत्राऽपि "न हि प्रत्यक्षदृष्टेऽर्थे विरोधो नाम" ( ) इति।

***एतेन*** गुण-पर्यायनिवृत्तौ नियमेन द्रव्यं निवर्तते चेत् ? तर्हि ततो द्रव्याऽभेदः एव, द्रव्याऽनिवर्तने तु ततो द्रव्यभेद एवेति कथमेकत्र भेदाऽभेदोभयमिति विकल्पयुगलोद्भावनमपि ***निरस्तम्,***

---

વિશે અસંગતિ ન હોઈ શકે. કારણ કે પ્રત્યક્ષ પ્રમાણ સર્વ પ્રમાણોમાં બળવાન છે. સર્વ પ્રમાણોમાં બળવાન એવા પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ એવા પદાર્થની સિદ્ધિ માટે અનુમાન પ્રમાણની આવશ્યકતા રહેતી નથી." **સંમતિતર્કવ્યાખ્યા**માં પણ જણાવેલ છે કે 'પ્રત્યક્ષ પ્રમાણથી દેખેલી બાબતમાં અસંગતિ ન હોઈ શકે.' **પ્રમાણવાર્ત્તિકાલંકાર**માં બૌદ્ધાચાર્ય **પ્રજ્ઞાકરગુપ્તે** પણ આ જ વાત જણાવી છે. **વાચસ્પતિમિશ્ર** નામના વિદ્વાને પણ **ન્યાયકણિકા**માં જણાવેલ છે કે "સાક્ષાત્ હાથીને જોયા પછી 'આ હાથી છે' - તેવું સિદ્ધ કરવા માટે હાથીના ચિત્કાર દ્વારા હાથીની અનુમિતિ અનુમાનપ્રિય બુદ્ધિશાળી માણસો કરતા નથી." અન્યત્ર પણ જણાવેલ છે કે 'પ્રત્યક્ષ પ્રમાણથી પ્રતીત એવા અર્થનો સ્વીકાર કરવામાં વિરોધ ન આવી શકે.' પ્રસ્તુતમાં દ્રવ્ય અને ગુણાદિ વચ્ચે ભેદાભેદ પ્રત્યક્ષસિદ્ધ (= પ્રત્યક્ષપ્રમાણદૃષ્ટ) છે. તેથી તેનો સ્વીકાર કરવામાં કોઈ વિરોધ આવતો નથી - તેવું તાત્પર્ય છે.

### ❊ દ્રવ્યની નિવૃત્તિ-અનિવૃત્તિનો વિકલ્પ ❊

**પૂર્વપક્ષ** :- (**एतेन.**) દ્રવ્ય અને ગુણાદિ અંગે બે પ્રકારના પ્રશ્ન ઉભા થાય છે. તે આ પ્રમાણે - ગુણ અને ક્રિયા રવાના થતાં દ્રવ્ય અવશ્ય રવાના થાય છે કે નહિ ? જો ગુણની અને પર્યાયની નિવૃત્તિ થતાં દ્રવ્યની અવશ્ય નિવૃત્તિ થતી હોય તો ગુણ અને પર્યાય સાથે દ્રવ્યનો અભેદ જ હોવો જોઈએ. તથા ગુણની અને પર્યાયની નિવૃત્તિ થતાં દ્રવ્યની નિવૃત્તિ થવાનો નિયમ ન હોય તો ગુણ અને પર્યાય કરતાં દ્રવ્ય ભિન્ન જ હોય. આ રીતે દ્રવ્ય અને ગુણાદિ વચ્ચે કાં તો અભેદ હશે કાં તો ભેદ હશે. પરંતુ ભેદાભેદ ઉભય એકત્ર કઈ રીતે રહી શકે ?

**સ્પષ્ટતા** :- ઘટ હાજર થતાં કુંભ અવશ્ય હાજર થાય. તથા ઘટનો નાશ થતાં કુંભનો અવશ્ય નાશ થાય. તેથી ઘટ અને કુંભ અભિન્ન છે, સમનિયત છે. આ રીતે જો દ્રવ્ય અને ગુણાદિ પરસ્પર સમનિયત હોય તો દ્રવ્યમાં ગુણાદિનો અભેદ જ હોય. તથા દ્રવ્ય અને ગુણાદિ જો અસમનિયત હોય તો દ્રવ્ય અને ગુણાદિ પરસ્પર ભિન્ન જ હોય. પરંતુ દ્રવ્યમાં ગુણાદિનો ભેદ અને અભેદ બન્ને ન હોય.

द्रव्यनिवृत्त्यनिवृत्तिविकल्पयुग्मस्य सार्वजनीनाऽबाधितप्रत्यक्षानुभवकवलितत्वात्, अन्यथा हस्तिप्राप्ताऽप्राप्तविकल्पयुगलस्याऽपि हस्तिपकानुभवबाधकत्त्वं प्रसज्येत। तदुक्तं **श्रीहरिभद्रसूरिभिः धर्मसङ्ग्रहण्यां** [1]"मोत्तूणमनुभवं किं पमाणभावो वियप्पजुयलस्स ?। तदणुहवस्सवि एवं अपमाणत्तम्मि किं तेण ?।।" (ध.स.३४४) इति। "यद् यथा लोके दृष्टं तत् तथैव अनुमन्तव्यं निरूपकैः, नान्यथा" (ब्र.सू.२/३/२६ शा.भा.पृ.६१५) इति **ब्रह्मसूत्रशाङ्करभाष्योक्तिः** अप्यत्रानुसन्धेया।

**कुमारिलभट्टेन** अपि **मीमांसाश्लोकवार्त्तिके** वनवादे "इहाऽनैकान्तिकं वस्त्वित्येवं ज्ञानं सुनिश्चितम्"

## ✥ વિકલ્પ કરતાં અનુભવ બળવાન ✥

**ઉત્તરપક્ષ** :- (**द्रव्यनिवृ.**) ગુણાદિની નિવૃત્તિ થતાં દ્રવ્યની નિવૃત્તિ અવશ્ય થાય છે કે નહિ ? આ પ્રમાણે વિકલ્પયુગલનું તમે જે ઉદ્ભાવન કરેલ છે તેનું નિરાકરણ તો પૂર્વોક્ત સાર્વજનીન-સાર્વલૌકિક અબાધિત પ્રત્યક્ષ અનુભવ દ્વારા જ થઈ જાય છે. આશય એ છે કે 'લાલ માટી' અને 'માટીનું લાલરૂપ' આ રીતે સામાનાધિકરણ્ય, વૈયધિકરણ્ય અવગાહિની પ્રતીતિ અને પ્રયોગ આર્યજનોમાં અસ્ખલિત રીતે પ્રસિદ્ધ છે. તેથી દ્રવ્યમાં ગુણાદિનો ભેદાભેદ પ્રત્યક્ષ પ્રમાણથી જ સિદ્ધ છે. અબાધિત પ્રત્યક્ષથી જેની સિદ્ધિ થતી હોય તેના સ્વીકારમાં વિરોધ વગેરે દોષો આવતા નથી. કારણ કે આપણી કલ્પનાથી ઊભા કરેલા વિકલ્પયુગલ કરતાં અબાધિત અનુભવ જ વધારે બળવાન છે. જો અબાધિત અનુભવ કરતાં કાલ્પનિક વિકલ્પયુગલ વધારે બળવાન હોય તો 'હાથી પ્રાપ્તને મારે કે અપ્રાપ્તને ?' આ પ્રમાણે તાર્કિક વિદ્યાર્થીએ દર્શાવેલ વિકલ્પયુગલ પણ મહાવતના અનુભવનો વિરોધ કરશે. આશય એ છે કે મહાવતના અંકુશની બહાર ગયેલ ગાંડો હાથી રસ્તામાં ઉભેલા તાર્કિક વિદ્યાર્થીને મારી ન નાખે તે માટે મહાવત તેને કહે છે કે 'તું દૂર જા, બાકી હાથી તને મારી નાખશે.' આ વાત સાંભળીને અધકચરા તર્કશાસ્ત્રને ભણેલો તે વિદ્યાર્થી મહાવતને પ્રશ્ન કરે છે કે 'હાથી પ્રાપ્તને (= સ્પર્શેલ માણસને) મારે કે અપ્રાપ્તને ? જો પ્રાપ્તને મારે તો સૌપ્રથમ તને મારશે. તથા જો હાથી અપ્રાપ્તને મારે તો આખા જગતને તે મારી નાખે.' આવા કુતર્ક કરનાર વિદ્યાર્થીના વિકલ્પયુગલથી મહાવતના અનુભવનું ખંડન થઈ શકતું નથી. કારણ કે કાલ્પનિક વિકલ્પયુગલ કરતાં અભ્રાન્ત અનુભવ વધુ બળવાન છે. તેથી જ **શ્રીહરિભદ્રસૂરિજી**એ **ધર્મસંગ્રહણિ**માં જણાવેલ છે કે "અનુભવને છોડીને શું વિકલ્પયુગલ પ્રમાણ હોઈ શકે ? આવું માનવામાં આવે તો અનુભવ પણ અપ્રમાણ થઈ જાય. તેથી વિકલ્પયુગલથી સર્યું." 'જે વસ્તુ જે રીતે દેખાય, તે વસ્તુને તે રીતે જ નિરીક્ષકોએ માનવી જોઈએ. બીજી રીતે તે વસ્તુને ન મનાય' - આ મુજબ **બ્રહ્મસૂત્રશાંકરભાષ્ય**ની વાતનું પણ અહીં અનુસંધાન કરવું.

## ❈ અનેકાંતવાદમાં અન્યદર્શનની સંમતિ ❈

(**कुमा.**) કેવલ જૈનોને જ એકત્ર ભેદાભેદનો સમાવેશ = અનેકાંત માન્ય છે તેવું નથી. અન્યદર્શનકારોને પણ વસ્તુની અનેકાન્તાત્મકતા માન્ય છે. તેથી જ મીમાંસકમૂર્ધન્ય **કુમારિલ ભટ્ટે** પણ **મીમાંસાશ્લોકવાર્ત્તિક** ગ્રંથના વનવાદ પ્રકરણમાં જણાવેલ છે કે "આ જગતમાં 'વસ્તુ અનૈકાન્તિક = અનેકાન્તાત્મક છે.'-

1. मुक्त्वाऽनुभवं किं प्रमाणभावो विकल्पयुगलस्य ?। तदनुभवस्यापि एवमप्रमाणत्वे किं तेन ?।।

તથા પ્રત્યક્ષદૃષ્ટ અર્થઇં દૃષ્ટાન્તનું પણિ કાર્ય નથી.

---

(मी.श्लो.वा. वन.८०) इत्युक्त्या अनेकान्तवादे स्वसम्मतिः दर्शिता।

तदुक्तं **प्रभाचन्द्रेण** अपि **न्यायकुमुदचन्द्रे** "भेदाऽभेदैकान्तयोरनुपलब्धेः अर्थस्य सिद्धिः अनेकान्ताद्" (न्या.कु.च.पृ.३५८) इति। अन्यत्राऽपि "द्रव्यात् स्वस्मादभिन्नाश्च व्यावृत्ताश्च परस्परम्। उन्मज्जन्ति निमज्जन्ति जलकल्लोलवज्जले।।" (**न्यायकुमुदचन्द्रे** उद्धरण-पृ.३७०, **सप्तभङ्गीनयप्रदीपे** उद्धरण-पृ.४५) इत्युक्तम्। तदुक्तं **तत्त्वार्थराजवार्त्तिके अकलङ्काचार्येण** "अनेकान्तात् सिद्धिः" (त.रा.वा.१/१०/१३) इति।

***एतेन*** "सिद्धिरनेकान्ताद्" (जै.व्या.१/१/१) इति **पूज्यपादकृतजैनेन्द्रव्याकरणसूत्रम्**, "सिद्धिः स्याद्वादाद्" (सि.हे.श.१/१/२) इति **सिद्धहेमशब्दानुशासनसूत्रञ्च** ***व्याख्यातम्,*** पदार्थे इव पदेऽपि अनेकान्तवादस्याऽव्याहतप्रसरत्वात्।

यद्यपि प्रत्यक्षदृष्टेऽर्थे उदाहरणमपि परमार्थतः प्राज्ञानां नाऽऽवश्यकम्। तदुक्तं "क्वेदमन्यत्र

---

આ પ્રમાણે સુનિશ્ચિતપણે જ્ઞાન થાય છે."

**(तदु.)** દિગંબર જૈનાચાર્ય **પ્રભાચંદ્રજી**એ પણ **ન્યાયકુમુદચંદ્ર** ગ્રંથમાં જણાવેલ છે કે "કોઈ પણ પદાર્થમાં પોતાના ગુણધર્મોનો એકાંતે ભેદ કે એકાંતે અભેદ જણાતો નથી. તેથી પદાર્થની સિદ્ધિ અનેકાંત દ્વારા થાય છે." આ જ પ્રમાણે **ન્યાયકુમુદચંદ્ર** અને **સપ્તભંગી નયપ્રદીપ** ગ્રંથમાં પ્રસ્તુત બાબતમાં ઉપયોગી ઉદ્ધરણ પ્રાપ્ત થાય છે. તે આ મુજબ છે - "પોતાના દ્રવ્યથી અભિન્ન અને પરસ્પર ભિન્ન એવા ગુણધર્મો પાણીમાં જળતરંગની જેમ ઉન્મજ્જન અને નિમજ્જન કરે છે." **તત્ત્વાર્થરાજવાર્ત્તિક**માં **અકલંક** નામના દિગંબર વિદ્વાને પણ જણાવેલ છે કે "પદાર્થની સિદ્ધિ અનેકાંત પ્રમાણથી થાય છે."

(एते.) આવું કહેવાથી 'પદની સિદ્ધિ અનેકાન્તથી = સ્યાદ્વાદથી થાય છે' - આ પ્રમાણે દિગંબર**પૂજ્યપાદ**રચિત **જૈનેન્દ્રવ્યાકરણસૂત્ર**ની તથા કલિકાલસર્વજ્ઞ શ્રી**હેમચંદ્રાચાર્ય** દ્વારા રચિત **સિદ્ધહેમ-શબ્દાનુશાસન**ના સૂત્રની વ્યાખ્યા થઈ ગઈ તેમ સમજી લેવું. કારણ કે પદાર્થની જેમ પદમાં પણ અનેકાન્તવાદનો પ્રચાર અને પ્રસાર અવ્યાહત છે.

### ❀ પદમાં અને પદાર્થમાં અનેકાંત ❀

**સ્પષ્ટતા** :- **તત્ત્વાર્થરાજવાર્ત્તિક**માં પદાર્થની સિદ્ધિ અનેકાંતવાદ દ્વારા દર્શાવેલ છે. જ્યારે **જૈનેન્દ્રવ્યાકરણ** તથા **સિદ્ધહેમશબ્દાનુશાસન**માં પદની સિદ્ધિ અનેકાંતવાદ દ્વારા જણાવેલ છે. કોઈ પણ પદાર્થની સિદ્ધિ કરનાર તર્કશાસ્ત્ર વગેરેને સ્વસંમત પદાર્થની સિદ્ધિ માટે અનેકાંતવાદનો આશ્રય લેવો જ પડે છે. તે જ રીતે કોઈ પણ પદની (શબ્દની) સિદ્ધિ કરનાર વ્યાકરણશાસ્ત્રે પણ સ્વસંમત પદની સિદ્ધિ = નિષ્પત્તિ માટે અનેકાંતવાદનો આશ્રય લેવો જ પડે છે. દર્શનશાસ્ત્ર હોય, વ્યાકરણ હોય કે આગમ ગ્રંથ હોય તે બધાને પોતાને જે કહેવું છે તેની સમ્યક્ સિદ્ધિ અનેકાંતવાદ વિના અશક્ય છે.

**(यद्यपि.)** જો કે પ્રત્યક્ષ પ્રમાણથી જણાયેલા અર્થને વિશે ઉદાહરણ આપવું એ પણ પ્રાજ્ઞ પુરુષોને પરમાર્થથી આવશ્યક નથી. તેથી જ પ્રત્યક્ષદૃષ્ટ બાબતમાં 'આવું અન્યત્ર ક્યાં જોવાયેલ છે ?' - આમ ઉદાહરણને પૂછનાર વ્યક્તિ પ્રત્યે કટાક્ષ કરતાં જણાવેલ છે કે 'અહો ! તારી નિપુણતા કે અનુમાનની

**उक्तं च – क्वेदमन्यत्र दृष्टत्वम् ? अहो ! निपुणता तव ।**
**दृष्टान्तं याचसे यत्त्वं प्रत्यक्षेऽप्यनुमानवत् ।। (   )**

**▸साम्प्रतं पूर्वोक्तसप्तदशदूषणनिराकरणाय प्रयतामहे। तथाहि – यच्चोक्तं रसादिकं स्वाभावाऽसमानाधिकरणमेव दृष्टमिति तथैव कल्प्यते। भेदाऽभेदादिकं तु स्वाऽभावसमानाधिकरणमेव दृश्यते चेत् ?**

दृष्टत्वम् ? अहो ! निपुणता तव। दृष्टान्तं याचसे यत् त्वं प्रत्यक्षेऽप्यनुमानवत्॥" ( ) इति। तथापि मन्दमत्युपकारायाऽस्माभी रूप-रसाद्युदाहरणतो द्रव्ये गुण-पर्याययोः भेदाऽभेदसिद्धिः कृतेत्यदोष इति।

साम्प्रतं पूर्वोक्तसप्तदशदूषणनिराकरणाय प्रयतामहे। तथाहि – यच्चोक्तं 'रूप-रसादिकं स्वाभावाऽसमानाधिकरणमेव = परस्पराऽभावाऽसमानाधिकरणमेव दृष्टमिति तथैव परस्पराऽविरुद्धं कल्प्यते। भेदाऽभेदादिकं तु स्वाऽभावसमानाधिकरणमेव = परस्पराऽभावसमानाधिकरणमेव दृश्यते। भेदस्याऽभेदाभावसमानाधिकरणत्वाद् अभेदस्य च भेदाभावसमानाधिकरणत्वात्तयोः मिथो विरुद्धत्वमेव कल्प्यते' इति।

જેમ પ્રત્યક્ષ પ્રમાણમાં પણ તું ઉદાહરણ માંગે છે.' તેમ છતાં મંદબુદ્ધિવાળા જીવોના ઉપકાર માટે રૂપ-રસ વગેરેના ઉદાહરણથી દ્રવ્યમાં ગુણ-પર્યાયના ભેદાભેદની સિદ્ધિ અમે કરેલ છે. તેથી 'પ્રત્યક્ષસિદ્ધ એકત્ર ભેદાભેદની સિદ્ધિ માટે તમે શા માટે રૂપ-રસનું ઉદાહરણ દેખાડ્યું ?' આ પ્રશ્નને અવકાશ નથી.

## ✻ સત્તર દોષનું નિરાકરણ ✻

(**साम्प्रतं.**) હવે પૂર્વે (૪/૧માં) એકાંતવાદીએ જણાવેલ સત્તર દોષના નિરાકરણ માટે અમે પ્રયત્ન કરીએ છીએ. તે આ પ્રમાણે - (**૧**) 'રૂપ અને રસ વગેરે પોતાના = પરસ્પરના અભાવને અસમાનાધિકરણ જ હોય એવું દેખાય છે. તેથી રૂપ-રસ વગેરે પરસ્પર અવિરોધી = સ્વઅભાવઅસમાનાધિકરણ છે - તેવું અમે માનીએ છીએ. પરંતુ ભેદાભેદ વગેરે તો પોતાના = પરસ્પરના અભાવના સમાનાધિકરણ જ હોય તેવું દેખાય છે. ભેદ અભેદાભાવને સમાનાધિકરણ છે તથા અભેદ ભેદાભાવને સમાનાધિકરણ છે. માટે ભેદાભેદમાં તો વિરોધ જ માનવો જોઈએ' - આ પ્રમાણે એકાન્તવાદી કહે છે.

[illegible] :- 'એક અધિકરણમાં રહેતાં પદાર્થો પરસ્પર સમાનાધિકરણ કહેવાય. એક પદાર્થ બીજા પદાર્થનો સમાનાધિકરણ હોય તો તે બન્ને પદાર્થ પરસ્પર અવિરોધી કહેવાય. પરંતુ એક પદાર્થ બીજા પદાર્થના અભાવને જ સમાનાધિકરણ હોય (અર્થાત્ તે બન્ને પદાર્થ એકત્ર એકીસાથે રહેતા ન હોય) તો તે બે પદાર્થ પરસ્પર વિરોધી કહેવાય. તથા જે બે પદાર્થ પરસ્પરના અભાવને અસમાનાધિકરણ હોય તો તે બે પદાર્થ પરસ્પર અવિરોધી કહેવાય. રૂપ-રસ વગેરે યુગપત્ એકત્ર રહેતા હોવાથી તેઓ એકબીજાના અભાવના અસમાનાધિકરણ છે. તેથી તેઓ પરસ્પર અવિરોધી છે. પરંતુ જ્યાં જેનો ભેદ હોય ત્યાં તેનો અભેદ નથી હોતો. મતલબ કે ભેદ અભેદાભાવને સમાનાધિકરણ છે. તથા જ્યાં જેનો અભેદ હોય ત્યાં તેનો ભેદ નથી હોતો. મતલબ કે અભેદ ભેદાભાવને સમાનાધિકરણ છે. આમ ભેદ અને અભેદ પરસ્પરના અભાવના સમાનાધિકરણ છે. માટે ભેદાભેદ પરસ્પર વિરોધી છે' - આવું પૂર્વપક્ષીનું મંતવ્ય છે.

▸....◂ પૃષ્ઠ ૩૯૩ થી ૪૨૭ સુધીનો ચિહ્નદ્વયમધ્યવર્તી વિસ્તૃત પાઠ પુસ્તકોમાં નથી.કો.(૭) + લી.(૪) + સિ.માં છે.

**संयोग-विभागादिवत् तथाकल्पनेऽपि को दोषः ?**
**प्रतियोगित्वस्य एकस्य अनुगतत्वेन प्रतियोगि-तदभावयोः**

तन्न, संयोग-विभागादिवत् तथाकल्पनेऽपि को दोषः ? न हि कपिसंयोग-विभागयोरिव भेदा-भेदयोः मिथः समानाधिकरणत्वे कमपि दोषं पश्यामः।

किञ्च, भेदस्य भेदाभावप्रतियोगित्वेन भेदाभावस्य च भेदाभावाभावप्रतियोगित्वेन प्रतियोगित्वस्य स्वाश्रयनिष्ठानुयोगित्वनिरूपितप्रतियोगित्वस्य वा एकस्य भेद-भेदाभावयोः अनुगतत्वेन प्रतियोगि

## ❀ વિરોધ દોષ અસંગત ❀

(तन्न.) (१) આ દલીલ યોગ્ય નથી. કેમ કે જેમ સંયોગ અને વિભાગ વગેરે ગુણોમાં પરસ્પર વિરોધ નથી તેમ ભેદ અને અભેદ વચ્ચે વિરોધ નથી તેવી કલ્પના કરવામાં શું વાંધો આવે ? કોઈ નહિ. આશય એ છે કે દીવાલને બન્ને હાથ અડકેલા હોય તેમાંથી એક હાથ ત્યાંથી છુટો પડીને વૃક્ષને સ્પર્શે તેવી સ્થિતિમાં વૃક્ષસંયોગ અને દીવાલવિભાગ નામના બે ગુણો એક જ હાથમાં ઉત્પન્ન થાય છે. નવ્યન્યાયની પરિભાષામાં કહીએ તો વૃક્ષસંયોગ દીવાલવિભાગનો સમાનાધિકરણ છે. અર્થાત્ દીવાલવિભાગપ્રતિયોગિક અભાવનો અસમાનાધિકરણ વૃક્ષસંયોગ છે. માટે તે બન્ને પરસ્પર અવિરોધી છે. અથવા એમ પણ કહી શકાય કે વૃક્ષમાં શાખાઅવચ્છેદેન કપિસંયોગ છે તથા મૂલઅવચ્છેદેન કપિવિભાગ રહે છે. તેથી કપિસંયોગ અને કપિવિભાગ બન્ને પરસ્પર સમાનાધિકરણ હોવાથી અવિરોધી છે. આ વાત એકાંતવાદી નૈયાયિકોને માન્ય છે. તેથી ગ્રંથકારશ્રી એકાંતવાદીની સામે જણાવે છે કે શબ્દતઃ સંયોગ અને વિભાગ વચ્ચે વિરોધ જણાતો હોવા છતાં અર્થતઃ તે બન્નેમાં જેમ કોઈ વિરોધ નથી, તેમ શબ્દતઃ ભેદ અને અભેદ વચ્ચે વિરોધ જણાવા છતાં અર્થતઃ તે બન્નેમાં કોઈ વિરોધ નથી. આ પ્રમાણે માનવામાં શું દોષ આવે ? મતલબ કે 'કપિસંયોગ અને કપિવિભાગની જેમ ભેદ અભેદને સમાનાધિકરણ છે' - તેવું માનવામાં અમને અનેકાન્તવાદીને કોઈ દોષ જણાતો નથી.

## 卐 ભેદાભેદમાં એકત્ર વ્યાપ્યવૃત્તિતા : પ્રાચીન જૈનાચાર્ય 卐

(किञ्च.) જો કે નૈયાયિક પ્રતિયોગી અને તેના અભાવ વચ્ચે વિરોધ માને છે. તેથી ભેદ અને ભેદાભાવ વચ્ચે નૈયાયિક વિરોધનું ઉદ્ભાવન કરે છે. પરંતુ આ વ્યાજબી નથી. કારણ કે ભેદાભાવ પણ ભેદાભાવાભાવનો પ્રતિયોગી છે. અર્થાત્ ભેદમાં જેમ ભેદાભાવની પ્રતિયોગિતા રહેલી છે, તેમ ભેદાભાવમાં ભેદાભાવાભાવની પ્રતિયોગિતા રહેલી છે. આમ ભેદમાં (પ્રતિયોગીમાં) અને ભેદાભાવમાં પ્રતિયોગિતા નામનો અનુગત ગુણધર્મ રહેલો છે. (જેમ રૂપમાં અને રસમાં ગુણત્વ અનુગત જાતિ રહેવાથી રૂપમાં અને રસમાં એકાંતે વિરોધ નથી, તેમ) ભેદમાં અને ભેદાભાવમાં પ્રતિયોગિત્વ નામનો અનુગત ધર્મ રહેવાથી તે બન્નેમાં એકાંતે વિરોધ નથી. અથવા ભેદમાં અને ભેદાભાવમાં સ્વાશ્રયનિષ્ઠઅનુયોગિતાનિરૂપિત પ્રતિયોગિતા સ્વરૂપ એક અનુગત ગુણધર્મ રહી શકે છે. દા.ત. ઘટભેદના આશ્રય પટમાં રહેલી અનુયોગિતાથી નિરૂપિત પ્રતિયોગિતા ઘટભેદમાં રહે છે. તથા ઘટભેદાભાવના આશ્રય ઘટમાં રહેલી અનુયોગિતાથી નિરૂપિત પ્રતિયોગિતા ઘટભેદાભાવમાં રહે છે. આમ ઘટભેદમાં અને ઘટભેદાભાવમાં

**विरोधस्यापि विशिष्य विश्रान्तत्वात्, गुण-गुण्यादिभेदाभेदाद्यविरोधकल्पनायामेव लाघवात् ।**

**अत एव गुञ्जायां कृष्णत्व-रक्तत्वयोरिव नाऽनयोः दृष्टः तत्र समावेशः किन्तु दाडिमे स्निग्धोष्णत्वयोरिवाऽविभागवृत्त्येति *प्राञ्चः* ।**

-तदभावयोः विरोधस्यापि विशिष्य एव विश्रान्तिः, न तु सर्वथा; गुण-गुण्यादिभेदाभेदाद्यविरोधकल्पनायामेव शरीरकृतलाघवात्। विरोधो नाम स्वाभावसामानाधिकरण्यम्, अविरोधस्तु स्वसामानाधिकरण्यलक्षणः इति शरीरलाघवसहकारेण सार्वत्रिक-सार्वजनीन-स्वरसवाहिप्रत्यक्षसहकारेण च गुण-गुणिनोः पर्याय-पर्यायिणोश्च भेदाऽभेदाऽभ्युपगमे लेशतोऽपि विरोधः नास्ति।

अत एव गुञ्जायां कृष्णत्व-रक्तत्वयोरिव नाऽनयोः दृष्टः तत्र समावेशः किन्तु दाडिमे पित्त-श्लेष्मनाशकयोः स्निग्धोष्णत्वयोरिवाऽविभागवृत्त्येति ***प्राञ्चः***।

गुञ्जायां कृष्णत्व-रक्तत्वयोरव्याप्यवृत्तितेति गुञ्जोदाहरणेन न भेदाऽभेदयोः अत्यन्तमविरोधः सिध्यतीति व्याप्यवृत्तिस्निग्धतोष्णताऽन्वितदाडिमोदाहरणोपादानमर्हतीत्यवधेयम्।

સ્વાશ્રયનિષ્ઠઅનુયોગિતાનિરૂપિત પ્રતિયોગિતા નામનો ગુણધર્મ હોવાથી ભેદ અને ભેદાભાવ વચ્ચે એકાંતે વિરોધ નથી. તેથી નૈયાયિક પ્રતિયોગી અને તેના અભાવ વચ્ચે જે વિરોધ માને છે તે વિરોધ એકાંતે માનવો ઉચિત નથી. પરંતુ અમુક અપેક્ષાએ જ (= विशिष्य) તે વિરોધ ફલિત થાય છે. આ વિરોધકોટિમાંથી ગુણ-ગુણી વગેરેનો ભેદાભેદ બાકાત થઈ જાય છે. કારણ કે ગુણ-ગુણીના ભેદાભેદમાં વિરોધની કલ્પના કરવામાં ગૌરવ છે. જ્યારે અવિરોધની કલ્પના કરવામાં લાઘવ છે. તે આ રીતે - વિરોધ એટલે સ્વઅભાવસામાનાધિકરણ્ય. અવિરોધ એટલે સ્વસામાનાધિકરણ્ય. આમ દ્રવ્યમાં ગુણાદિપ્રતિયોગિક ભેદ અને અભેદ- આ બન્નેને અવિરુદ્ધ માનવામાં શરીરકૃત લાઘવ નામનો ગુણ પ્રાપ્ત થાય છે. તેથી 'ગુણ-ગુણીમાં અને પર્યાય-પર્યાયીમાં ભેદાભેદ માનવામાં લેશ પણ વિરોધ નથી' - આવું શરીરલાઘવના સહકારથી અને સાર્વત્રિક સાર્વલૌકિક સ્વરસવાહી પ્રત્યક્ષના સહકારથી સિદ્ધ થાય છે.

### ❖ ચણોઠી - દાડમ દૃષ્ટાન્તનો નિર્દેશ ❖

(**अत एव.**) ગુણ અને ગુણી વગેરેમાં પરસ્પર ભેદ અને અભેદ માનવામાં લેશ પણ વિરોધ નથી. આ જ કારણસર ગુણ-ગુણીમાં ભેદાભેદનો સમાવેશ, ચણોઠીમાં શ્યામવર્ણ અને રક્તવર્ણના સમાવેશની જેમ નથી થતો. પરંતુ દાડમમાં પિત્તનાશક સ્નિગ્ધતાના અને કફનાશક ઉષ્ણતાના સમાવેશની જેમ પરસ્પર અવિભક્ત વૃત્તિથી થાય છે. આ પ્રમાણે પ્રાચીન શ્વેતાંબર જૈનાચાર્યનો મત છે.

### ❋ રક્ત અને શ્યામ વર્ણમાં એકત્ર અવ્યાપ્યવૃત્તિતા ❋

(**गुञ्जा.**) રક્ત અને શ્યામ વર્ણ પરસ્પર વિરુદ્ધ કહેવાય છે. તેમ છતાં એક જ ચણોઠીમાં રક્ત અને શ્યામ વર્ણ - આ બન્નેનો સમાવેશ થાય છે. ચણોઠી અમુક ભાગમાં લાલ હોય છે અને અમુક ભાગમાં કાળી હોય છે. આમ પરસ્પર વિભક્ત રીતે (= અવ્યાપ્યવૃત્તિત્વ સ્વરૂપે) બન્ને વર્ણનો ચણોઠીમાં સમાવેશ થાય છે. પરંતુ ચણોઠીના જે ભાગમાં શ્યામ વર્ણ હોય છે ત્યાં તો રક્ત વર્ણ નથી જ હોતો. આથી રક્ત અને શ્યામ વર્ણમાં અત્યંત અવિરોધ સિદ્ધ નથી થતો.

नृसिंहदृष्टान्तेन अवच्छेदकभेदेनैवाऽनयोरविरोध इति ***नव्याः***।

इदञ्चात्रावधेयम् – "नाऽभेदमेव पश्यामो भेदं नाऽपि च केवलम्। जात्यन्तरं तु पश्यामस्तेनाऽनेकान्तसाधनम्।।" (उ.सि.२३) इति उत्पादादिसिद्धिप्रकरणादिवचनात् प्राञ्चो जैनाचार्या जात्यन्तरात्मकभेदाभेदाभ्युपगमपराः। नव्यजैनाः तन्मतमङ्गीकृत्याऽपि प्राहुः यदुत जात्यन्तरात्मकभेदाऽभेदाभिव्यक्तिः एकत्र अवच्छेदकभेदेन समाविष्टयोः मिथोविरुद्धयोः भेदाभेदयोः ज्ञानादेव भवितुमर्हति। भेदाभेदजातिविशेषः अभिव्यङ्ग्यः, भेदाऽभेदौ च तदभिव्यञ्जकौ। तयोः मिथो विरोधाद् अवच्छेदक-

## ✤ સ્નિગ્ધતા અને ઉષ્ણતા એકત્ર વ્યાપ્યવૃત્તિ ✤

જ્યારે દાડમમાં સ્નિગ્ધતા અને ઉષ્ણતા પરસ્પર અવિભક્ત રીતે રહે છે. સ્નિગ્ધતા પિત્તનાશક છે. ઉષ્ણતા કફનાશક છે. પિત્ત અને કફ પરસ્પર વિરોધી છે. તેથી જે પિત્તનાશક (=સાકર) હોય તે કફનાશક ન હોય. જે કફનાશક (= મરચું) હોય તે પિત્તનાશક ન હોય. આમ પિત્તનાશક અને કફનાશક વચ્ચે વિરોધ છે. તેમ છતાં પિત્તનાશક સ્નિગ્ધતા અને કફનાશક ઉષ્ણતા એક જ દાડમમાં સમગ્રપણે (= વ્યાપ્યવૃત્તિત્વ સ્વરૂપે) વ્યાપીને રહે છે. મતલબ કે દાડમના જે ભાગમાં સ્નિગ્ધતા છે ત્યાં ઉષ્ણતા પણ છે જ. આથી સ્નિગ્ધતા અને ઉષ્ણતા દાડમમાં અત્યંત અવિરુદ્ધપણે સિદ્ધ થાય છે. પ્રાચીન જૈનાચાર્યોનું કહેવું એવું છે કે 'એક જ ચણોઠીના જુદા જુદા ભાગમાં રહેલ લાલ અને શ્યામ વર્ણની જેમ નહિ, પરંતુ એક જ દાડમમાં સમગ્રતયા વ્યાપીને રહેલ સ્નિગ્ધતા અને ઉષ્ણતાની જેમ, ગુણાદિનો ભેદ અને અભેદ દ્રવ્યમાં સમગ્રતયા વ્યાપીને રહેલ છે.' આથી ગુણીમાં ગુણનો અને પર્યાયીમાં પર્યાયનો ભેદાભેદ પરસ્પર અત્યંત અવિરુદ્ધ છે - તેમ સમજાવવા ચણોઠીના બદલે દાડમનું ઉદાહરણ પ્રાચીન શ્વેતાંબર જૈનાચાર્યોએ ગ્રહણ કરેલ છે, તે વ્યાજબી જ છે.

## ❁ ભેદાભેદનો એકત્ર અવચ્છેદકભેદથી સમાવેશ : નવ્ય જૈન ❁

**(નૃસિંહ.)** નવ્ય શ્વેતાંબર જૈનોનું પ્રસ્તુતમાં એવું કથન છે કે નૃસિંહના દૃષ્ટાંત અનુસાર અવચ્છેદકભેદથી જ ભેદાભેદનો એકત્ર સમાવેશ કરવામાં આવે છે. તેથી ભેદાભેદમાં એકાંતે વિરોધ નથી.

## ❁ નરસિંહ દૃષ્ટાંતની વિચારણા ❁

**(इदञ्चा.)** અહીં એક બાબત ખ્યાલમાં રાખવી કે 'અમે માત્ર અભેદને જોતા નથી કે માત્ર ભેદને પણ જોતા નથી. જાત્યન્તરસ્વરૂપ ભેદાભેદને જ અમે વસ્તુમાં જોઈએ છીએ. તેથી અનેકાન્તની સિદ્ધિ થાય છે' - આ પ્રમાણે **ઉત્પાદાદિસિદ્ધિ** પ્રકરણ વગેરેના વચન મુજબ કે પ્રાચીન જૈનાચાર્યો જાતિવિશેષાત્મક ભેદાભેદનો સ્વીકાર કરે છે. નવ્ય જૈન વિદ્વાનો તેઓના મતનો અંગીકાર કરે જ છે. તેમ છતાં નવ્ય જૈન તાર્કિકો વધુ સ્પષ્ટતા માટે એમ કહે છે કે - જાત્યન્તરસ્વરૂપ ભેદાભેદની અભિવ્યક્તિ = જાણકારી તો એક જ વસ્તુમાં અવચ્છેદકભેદથી રહેલા પરસ્પરવિરુદ્ધ એવા ભેદ અને અભેદ - બન્નેનું જ્ઞાન થવા દ્વારા જ થઈ શકે છે. ભેદાભેદજાતિ અભિવ્યંગ્ય = જ્ઞાતવ્ય છે. તથા ભેદ અને અભેદ તેના અભિવ્યંજક = જ્ઞાપક છે. નૃસિંહત્વ જાતિની જેમ તેની અભિવ્યક્તિ થઈ શકે છે. અહીં પ્રાસંગિક

भेदानुसरणम्। तथाहि – घटनिष्ठस्य नीलभेदाभेदलक्षणजात्यन्तरस्य अभिव्यञ्जकः नीलभेदः घटे घटत्वलक्षणपर्यायत्वावच्छेदेन वर्तते नीलभेदाभावश्च एकद्रव्यत्वावच्छेदेनेति तयोः ज्ञानाद् भेदाभेदलक्षण-वैजात्याभिव्यक्तिरनाविलैव। यथा नरत्व-सिंहत्वाभ्यां विलक्षणं व्याप्यवृत्ति नृसिंहसमवेतं नरसिंहत्वलक्षणं जात्यन्तरं नव्यनैयायिकमतानुसारेण विभिन्नदेहावयवद्वारा अभिव्यज्यते तथा केवलभेदाभेदाभ्यां विलक्षणं व्याप्यवृत्ति द्रव्याऽपृथग्भूतं नीलादिभेदाभेदलक्षणं जात्यन्तरं पर्यायत्वावच्छेदेन वर्तमानो नीलादिभेदो एकद्रव्यत्वावच्छेदेन च वर्त्तमानो नीलादिभेदाभावोऽभिव्यङ्क्तः।

इदमेवाभिप्रेत्य **महोपाध्यायश्रीयशोविजय**गणिवरैः **शङ्खेश्वरपार्श्वनाथस्तोत्रे** प्रोक्तम् – "एकत्र वृत्तौ हि विरोधभाजोः या स्यादवच्छेदकभेदयाञ्चा। द्रव्यत्व-पर्यायतयोर्विभेदं विजानतां सा कथमस्तु नस्तु ?।।" (श.पा.स्तो.४०)। अधिकन्त्वस्मत्कृत**जयलता**भिधानायाः **स्याद्वादरहस्यव्याख्यायाः** (भाग-१ पृ.८५) विज्ञेयम्।

---

એક વાત જાણવી જરૂરી છે. તે એ છે કે અન્યદર્શનની માન્યતા મુજબ વિષ્ણુના વરાહ, મત્સ્ય, નૃસિંહ આદિ દસ અવતાર ગણાય છે. જુદા જુદા કલ્પોમાં નૃસિંહ અવતાર પણ અનેક હોય છે. તેથી સિંહત્વ અને નરત્વ કરતાં જુદી નરસિંહત્વ નામની એક વિલક્ષણ જાતિ નવ્ય નૈયાયિકો માને છે. નરસિંહશરીરમાં સમવાય સંબંધથી આ નરસિંહત્વ જાતિ સમગ્રપણે વ્યાપીને રહેલી છે. તેની અભિવ્યક્તિ જુદા જુદા ભાગમાં રહેલ નરદેહઅવયવ અને સિંહશરીરઅવયવ દ્વારા થાય છે. જેમ ગાયમાં રહેલ સાસ્નાદિમત્ત્વ દ્વારા ગોત્વ જાતિની અભિવ્યક્તિ થાય છે, તેમ જાત્યંતર સ્વરૂપ નરસિંહત્વની અભિવ્યક્તિ નરદેહ અવયવ અને સિંહશરીર અવયવ દ્વારા થાય છે. આ બાબતને ધ્યાનમાં રાખી નવ્ય જૈનો એમ કહે છે કે જાત્યંતરાત્મક ભેદાભેદની અભિવ્યક્તિ ભેદ અને ભેદાભાવ દ્વારા થાય છે. ભેદ અને ભેદાભાવ પરસ્પર વિરોધી હોવાથી જુદા જુદા અવચ્છેદકથી તેનો એકત્ર સમાવેશ કરવામાં આવે છે. પર્યાયત્વ ભેદનું અવચ્છેદક બનશે અને એકદ્રવ્યત્વ (= એકમાત્રવૃત્તિતાવિશિષ્ટદ્રવ્યત્વ) ભેદાભાવનું અવચ્છેદક બનશે. મતલબ એ છે કે ઘટ નામના પર્યાયમાં નીલરૂપનો જે ભેદાભેદ રહેલ છે, તેના અભિવ્યંજક નીલભેદ અને નીલભેદાભાવ બને છે. ઘટનિષ્ઠ નીલભેદનું અવચ્છેદક ઘટત્વ = પર્યાયત્વ અને નીલભેદાભાવનું અવચ્છેદક દ્રવ્યત્વ છે - તેવું સ્વીકારીને જાત્યંતર રૂપ ભેદાભેદની અભિવ્યક્તિ = જ્ઞાન થવામાં કોઈ પણ પ્રકારનો વાંધો આવતો નથી. આમ પ્રત્યેક દ્રવ્યમાં પર્યાયત્વઅવચ્છેદેન રહેલા ભેદ દ્વારા અને દ્રવ્યત્વઅવચ્છેદેન રહેલા ભેદાભાવ દ્વારા જાત્યંતરાત્મક ભેદાભેદની અભિવ્યક્તિ થાય છે.

(इद.) આ જ અભિપ્રાયથી **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** ગણિવરે **શ્રીશંખેશ્વરપાર્શ્વનાથસ્તોત્ર**માં જણાવેલ છે કે 'હે ભગવંત ! એક વસ્તુમાં વિરુદ્ધસ્વરૂપે જણાતા ગુણધર્મોનો સમાવેશ કરવામાં અવચ્છેદકભેદને અનુસરવાની જે વ્યગ્રતા પરદર્શનીને થાય છે તે વ્યગ્રતા 'દ્રવ્યત્વ અને પર્યાયત્વ વચ્ચે વિશેષતાને = તફાવતને જાણનારા અમને કઈ રીતે થાય ? અર્થાત્ ન જ થાય.' આશય એ છે કે દ્રવ્યત્વ અને પર્યાયત્વ ગુણધર્મ જુદા-જુદા છે. તેથી દ્રવ્યત્વ અભેદવૃત્તિતાનું અવચ્છેદક બની શકશે. તથા પર્યાયત્વ ભેદવૃત્તિતાનું અવચ્છેદક બની શકશે. તેથી ગુણ અને ગુણી વચ્ચે જાત્યંતરાત્મક ભેદાભેદ માનવામાં કોઈ વિરોધ આવતો નથી. આ પ્રમાણે નવ્ય જૈન વિદ્વાનોનું મંતવ્ય છે. પ્રસ્તુત **શ્રીશંખેશ્વર**

**एकप्रदेशत्वमभेदः अतद्भावश्च भेद इत्येवाविरोध इति *दिगम्बरानुसारिणः*।**

"भागे सिंहो नरो भागे योऽर्थो भागद्वयात्मकः। तमभागं विभागेन नरसिंहं प्रचक्षते।। नरः सिंहस्वरूपत्वान्न सिंहो नररूपतः। शब्द-विज्ञान-कार्याणां भेदाज्जात्यन्तरं हि सः।।" (स्या.क.३०/३१) इति **स्याद्वादकलिकायां राजशेखरसूरयः**। "न नरः सिंहरूपत्वान्न सिंहो नररूपतः। शब्द-विज्ञान-कार्याणां भेदाज्जात्यन्तरं हि तद्।।" (त.सू.५/२९ सि.वृ.पृ.३७७ + जै.त.पृ.१७५) इत्येवं **तत्त्वार्थसिद्धसेनीयवृत्तौ जैनतत्त्वादर्शे** चोद्धृतेयं कारिका।

एकप्रदेशत्वमभेदः अतद्भावश्च भेद इत्येवाऽविरोध इति ***दिगम्बरानुसारिणः***। तेषामिदमाकूतम् - भेदाऽभेदो न जात्यन्तररूपः किन्तु भेदविशिष्टाऽभेदात्मकः। एकत्र तत्सत्त्वे न विरोधः, यतः अभेदस्य न भेदाभावरूपत्वं किन्तु तदतिरिक्तत्वम्। तथाहि - दिगम्बरमते पृथक्त्वाऽन्यत्वलक्षणौ द्विविधौ भेदौ। घट-पटयोः प्रविभक्तप्रदेशत्वलक्षणः पृथक्त्वाभिधानः भेदः। गुण-गुणिनोः अतद्भावलक्षणः

**पार्श्वनाथस्तोत्र** (अઠ્ઠાણુ શ્લોક પ્રમાણ)ના ચાલીસમા શ્લોકનું વિસ્તૃત વિવરણ, **સ્યાદ્વાદરહસ્ય** ઉપર અમે રચેલ '**જયલતા**' વ્યાખ્યામાં ઉપલબ્ધ છે. ત્યાં જોવા દ્વારા ઉપરોક્ત હકીકત વધુ વિશદરૂપે સમજાશે.

### ❖ નરસિંહદૃષ્ટાંતને સમજીએ ❖

(**"भागे.**) નરસિંહદૃષ્ટાંત વિશે **રાજશેખરસૂરિજી સ્યાદ્વાદકલિકા**માં જણાવે છે કે "એક ભાગમાં સિંહ અને એક ભાગમાં મનુષ્ય - આ મુજબ બે ભાગસ્વરૂપ જે અર્થ છે. તે અવિભક્ત અર્થને વિભાગ કરવાપૂર્વક લોકો નરસિંહ કહે છે. તે ફક્ત મનુષ્ય નથી. કારણ કે તે સિંહસ્વરૂપ પણ છે. તે ફક્ત સિંહ નથી. કારણ કે તે મનુષ્યસ્વરૂપ પણ છે. 'નર' અને 'સિંહ' આ બે શબ્દ કરતાં 'નરસિંહ' શબ્દ અલગ છે. એકલા મનુષ્યને કે સિંહને જોવાથી જે જ્ઞાન થાય તેના કરતાં નરસિંહને જોવાથી જ્ઞાન પણ જુદું થાય છે. તથા કેવલ મનુષ્યના કે સિંહના કાર્યો કરતાં નરસિંહનું કાર્ય જુદું છે. તેથી નૃસિંહ જાત્યન્તર જ છે." **તત્ત્વાર્થસિદ્ધસેનીયવૃત્તિ**માં તથા **જૈનતત્ત્વાદર્શ**માં આવા પ્રકારનો ઉદ્ધૃત શ્લોક મળે છે.

### ✡ દિગંબરસંમત ભેદાભેદની વિચારણા ✡

(**एकप्रदेश.**) દિગંબર જૈન મતને અનુસરનાર વિદ્વાનો એમ કહે છે કે અભેદ એટલે એકપ્રદેશત્વ અને અતદ્ભાવ = ભેદ. આ પ્રમાણે જ ભેદ અને અભેદ વચ્ચે અવિરોધ સંગત થઈ શકે છે. મતલબ એ છે કે દિગંબર જૈન વિદ્વાનો શ્વેતાંબર જૈન વિદ્વાનોની જેમ ભેદાભેદને જાત્યંતર સ્વરૂપ નથી માનતા. પરંતુ ભેદાભેદ = ભેદવિશિષ્ટ અભેદ - આમ માને છે. એકત્ર ભેદ અને અભેદ બન્નેનો સ્વીકાર કરવામાં વિરોધ ન હોવાનું કારણ એ છે કે અભેદ ભેદાભાવ સ્વરૂપ નથી. પરંતુ તેનાથી અતિરિક્ત છે. તે આ પ્રમાણે - દિગંબર મતે ભેદના બે પ્રકાર છે. (૧) પૃથક્ત્વ અને (૨) અન્યત્વ. પૃથક્ત્વ = પ્રવિભક્તપ્રદેશત્વ તથા અન્યત્વ = અતદ્ભાવ. ઘટ અને પટ વચ્ચે પ્રવિભક્તપ્રદેશત્વસ્વરૂપ (= વિભિન્ન ઉપાદાનકારણત્વ સ્વરૂપ) પૃથક્ત્વ નામનો પ્રથમ ભેદ રહે છે. જ્યારે ગુણ અને ગુણી વચ્ચે પ્રવિભક્તપ્રદેશત્વસ્વરૂપ પૃથક્ત્વ નામનો ભેદ નથી રહેતો, પરંતુ અતદ્ભાવસ્વરૂપ અન્યત્વ નામનો બીજો ભેદ રહે છે. કારણ કે ગુણના અને ગુણીના પ્રદેશ જુદા જુદા નથી પણ એક (= સમાન) જ છે. તેથી ગુણ અને ગુણી વચ્ચે

**एकस्मिन् पदार्थे प्रतीयमानत्वाच्चानयोरविरोधः। न चेयं धीः भ्रान्ता, बाधकाऽभावात्। न च विरोधो बाधकः अन्योऽन्याश्रयात्; अस्या भ्रान्तत्वे विरोधसिद्धिः, तत्सिद्धौ चाऽस्या भ्रान्तत्वसिद्धेः। न च सर्वथा भावानां विरोधो वक्तुमपि शक्यः । कथञ्चिद् विरोधस्तु पर(?रस)रूपादीनां सर्वभावेषु तुल्यत्वान्न बाधक इति यत्किञ्चिदेतत् ।।१।।**

अन्यत्वनामको द्वितीयो भेदः, न तु पृथक्त्वाख्यः, एकप्रदेशत्वात्। ततश्च गुण-गुणिनोः अतद्भावलक्षण-भेदविशिष्टैकप्रदेशत्वात्मकाऽभेदाभ्युपगमे नास्ति विरोधः। अधिकन्तु वक्ष्यते (११/१०)।

एकस्मिन् पदार्थे प्रत्यक्षप्रमाणतः प्रतीयमानत्वाच्चानयोरविरोधः, प्रमाणानुपपत्तेरेव तल्लक्षणत्वात्। तदुक्तं **द्रव्यालङ्कारे** "प्रमाणानुपपत्तिर्हि विरोधलक्ष्म" (द्रव्या.प्र.३/पृ.१९४)। यथोक्तं **जैनविशेषतर्के यशस्वत्सागरेण** अपि "विरुद्धधर्माध्यासस्तु नानेकान्तं प्रतिक्षिपेत्। गुड-नागरभैषज्यान्न दोषोऽयं द्वयात्मनि।।" (जै.वि.त.१/२३) इति। न चेयं धीः भ्रान्ता, बाधकाऽभावात्। न च विरोधो बाधकः, अन्योऽन्याश्रयात्; अस्या भ्रान्तत्वे विरोधसिद्धिः, तत्सिद्धौ चाऽस्या भ्रान्तत्वसिद्धेः। न च सर्वथा भावानां विरोधो वक्तुमपि शक्यः। कथञ्चिद् विरोधस्तु रस-रूपादीनाम् इव सर्वभावेषु तुल्यत्वान्न बाधक इति

એકપ્રદેશત્વરૂપ (= સમાનપ્રદેશત્વરૂપ) અભેદ અને અતદ્ભાવરૂપ ભેદ - આમ બન્નેનો સમાવેશ કરવામાં કોઈ વિરોધ જણાતો નથી. આ બાબતમાં અધિક નિરૂપણ આગળ અગિયારમી શાખામાં (૧૧/૧૦) થશે.

### ❋ વિરોધ માનવામાં અન્યોન્યાશ્રય ❋

(**एकस्मिन्**.) (૧) ગુણ અને ગુણી વચ્ચે ભેદ અને અભેદ માનવામાં વિરોધ નથી. કારણ કે એક જ પદાર્થમાં તે બન્નેનું પ્રત્યક્ષ પ્રમાણથી ભાન થાય છે. પ્રમાણની અનુપપત્તિ એ જ તો વિરોધનું લક્ષણ છે. **દ્રવ્યાલંકાર**માં જણાવેલ છે કે 'પ્રમાણની અસંગતિ જ વિરોધનું લક્ષણ છે.' તેથી જ **જૈનવિશેષતર્ક**માં **યશસ્વત્સાગરજી**એ પણ જણાવેલ છે કે 'વિરુદ્ધધર્માધ્યાસ અનેકાન્તનો અપલાપ કરી શકે તેમ નથી. કારણ કે ગોળ-સૂંઠની ગોળીસ્વરૂપ ઔષધના ઉદાહરણથી દ્વયાત્મક વસ્તુમાં આ વિરોધ દોષ રહેતો નથી.' આમ ગોળ-સૂંઠની ગોળીના ઉદાહરણ વડે પ્રત્યક્ષ પ્રમાણથી જે જણાય તેમાં પ્રમાણની અસંગતિ કઈ રીતે સંભવે ? 'આ પ્રત્યક્ષ બુદ્ધિ જ ભ્રાન્ત છે' એવી શંકા ન કરવી. કારણ કે આ બુદ્ધિ ઉત્પન્ન થયા બાદ પ્રવૃત્તિમાં વિસંવાદ સ્વરૂપ બાધક તત્ત્વ ઉપસ્થિત થતું નથી. તેથી તે ખોટી નથી. અહીં વિરોધ બાધક નથી. બાકી તો અન્યોન્યાશ્રય દોષ ઉપસ્થિત થાય. તે આ પ્રમાણે - 'ગુણીમાં ગુણના ભેદનું અને અભેદનું અવગાહન કરનારી બુદ્ધિ ભ્રાન્ત છે' તેવું સિદ્ધ થાય તો જ ગુણ-ગુણીમાં ભેદાભેદનો વિરોધ સિદ્ધ થાય. તથા ગુણ-ગુણીના ભેદાભેદમાં વિરોધ (અન્ય પ્રમાણથી) સિદ્ધ થાય તો જ 'ગુણ-ગુણીના ભેદાભેદની બુદ્ધિ ભ્રાન્ત છે' - તેવું સિદ્ધ થાય. આમ એકબીજાની સિદ્ધિમાં એકબીજાની અપેક્ષા હોવાથી ન તો ભેદાભેદમાં વિરોધ સિદ્ધ થશે કે ન તો ભેદાભેદની બુદ્ધિ ભ્રમરૂપ સિદ્ધ થશે. તેથી વિરોધ પણ બાધક નથી. વળી, બીજી વાત એ છે કે સર્વ ભાવોમાં સર્વથા વિરોધ કહેવો પણ શક્ય નથી. હા, કથંચિદ્ વિરોધ કહી શકાય. કથંચિદ્ વિરોધ તો રૂપ-રસ વગેરેની જેમ સર્વ ભાવોમાં સમાન જ છે. તેથી જ કથંચિદ્ વિરોધ ક્યારેય એકત્ર વિવિધ ભાવોના સમાવેશમાં બાધક નથી. તેથી

*एतेन* वैयधिकरण्यमपि *निरस्तम्,* निर्बाधकप्रत्यक्षबुद्धौ भेदाऽभेदयोः रूप-रसयोरिव ऐकाधिकरण्यप्रतीतेः ।।२।। अत एव न सङ्कर-व्यतिकरावपि, भेदाऽभेदयोरेकस्मिन् पदार्थे प्रतिनियतरूपेण प्रतीयमानत्वात् ।।३-४।।

यच्चोक्तम् 'अनवस्था स्यादि'ति तदप्यनुपपन्नम्, वस्तुन एव भेदाऽभेदात्मकत्वाऽभ्युपगमात्,

---

यत्किञ्चिदेतत्।।१।।

*एतेन* वैयधिकरण्यमपि *निरस्तम्,* निर्बाधकप्रत्यक्षबुद्धौ भेदाऽभेदयोः रूप-रसयोरिव ऐकाधिकरण्यप्रतीतेः।।२।।

अत एव न सङ्कर-व्यतिकरावपि, कथञ्चिदभिन्नयोरपि भेदाऽभेदयोरेकस्मिन् पदार्थे यथाक्रमं भेदत्वाऽभेदत्वलक्षणप्रतिनियतरूपेणैव प्रतीयमानत्वात्। न हि वस्तुगतैः सर्वैरेव धर्मैः वस्तुनो भानं सर्वेषां सम्पद्यते। 'घट' इत्युक्ते कम्बुग्रीवादिमत्त्व-जलाहारकत्व-वासन्तिकत्वादीन् सतोऽपि धर्मान् विमुच्य घटत्वेनैव घटभानवत् भेदत्वाऽभेदत्वोभयस्य प्रत्येकं भेदाभेदयोः सत्त्वेऽपि भेदत्वेनैव भेदस्य अभेदत्वेनैव चाभेदस्य भानमुपपद्यते जैनमते इत्याशयः।।३-४।।

---

ગુણ-ગુણીના ભેદ અને અભેદ વચ્ચે વિરોધની કલ્પના કરવી એ વાહિયાત છે.

### વૈયધિકરણ્ય દોષનું નિરાકરણ

(एतेन.) (૨) વિરોધના નિરાકરણથી વૈયધિકરણ્યનું પણ નિરાકરણ થઈ જાય છે. કારણ કે એક જ ઘટમાં રૂપ અને રસ બન્નેનું ઐકાધિકરણ્ય પ્રત્યક્ષ બુદ્ધિ દ્વારા જેમ જણાય છે, તેમ એક જ દ્રવ્યમાં ગુણાદિના ભેદાભેદનું ઐકાધિકરણ્ય પ્રત્યક્ષ બુદ્ધિ દ્વારા જણાય છે. વળી, આ પ્રત્યક્ષ બુદ્ધિ ભ્રાન્ત નથી. કારણ કે વિસંવાદ કે વિરોધ વગેરે કોઈ બાધક તત્ત્વ પાછળથી ઉપસ્થિત થતા નથી.

### સંકર-વ્યતિકર દોષનું નિરાકરણ

(अत एव.) (૩-૪) એકત્ર ગુણાદિના ભેદાભેદનું અવગાહન કરનારી પ્રત્યક્ષ બુદ્ધિ અબાધિત હોવાથી સંકર અને વ્યતિકર દોષને પણ પ્રસ્તુતમાં અવકાશ નથી. એક જ દ્રવ્યાત્મક પદાર્થમાં રહેનારા ભેદ અને અભેદ પરસ્પર કથંચિદ્ અભિન્ન હોવા છતાં ત્યાં ગુણાદિનો ભેદ ભેદત્વરૂપે અને અભેદ અભેદત્વસ્વરૂપે જ રહેલ છે - તેવું અબાધિત બુદ્ધિથી પ્રતીત થાય છે. તેથી એકબીજાના વિષયમાં જવા સ્વરૂપ વ્યતિકર દોષ કે એકબીજાના સ્વરૂપે ભેદ-અભેદઉભયપ્રતીતિ સ્વરૂપ સંકર દોષ કેવી રીતે લાગુ પડે ? વસ્તુના બધા જ ગુણધર્મોને મુખ્ય કરીને દરેક વસ્તુનું ભાન બધાને થતું નથી. ઘડામાં કંબુગ્રીવાદિમત્ત્વ, જલાહારકત્વ, વસંતઋતુનિષ્પન્નત્વ વગેરે ઘણા ગુણધર્મો હોવા છતાં પણ 'ઘડાને લાવ'- આવું કહેવામાં આવે ત્યારે તે ગુણધર્મોને છોડીને ઘટત્વરૂપે જ ઘટનું જેમ ભાન થાય છે, તેમ જૈનમતાનુસાર ભેદ-અભેદ આ બન્નેમાં ભેદત્વ-અભેદત્વસ્વરૂપ બબ્બે ધર્મો હોવા છતાં ભેદનું ભેદત્વરૂપે જ ભાન થાય અને અભેદનું અભેદત્વરૂપે જ ભાન થાય. આમ માનવું તર્કસંગત જ છે.

### અનવસ્થા દોષ અસંગત

(यच्चो.) (૫) 'એકત્ર ભેદાભેદનો સમાવેશ કરવામાં અનવસ્થા આવશે' - આમ પૂર્વે જણાવેલ

**धर्मत्वेन तयोः पार्थक्येऽपि सम्बन्धत्वेनाऽपार्थक्यात्, कारणत्वादीनां पदार्थान्तरत्वं वदतां तत्सम्बन्धाऽव्यतिरेकचिन्तायामनवस्थानिराकरणेऽन्यगत्यभावात् ।।५।।**

यच्चोक्तम् 'अनवस्था स्यादि'ति तदप्यनुपपन्नम्, वस्तुन एव भेदाऽभेदात्मकत्वाऽभ्युपगमात्, धर्मत्वेन तयोः पार्थक्येऽपि सम्बन्धत्वेन रूपेण वस्तुनोऽपार्थक्यात्।

***न च*** वस्तुन एव भेदाभेदात्मकत्वेऽपि जात्यन्तरात्मकभेदाभेदस्य सम्बन्धत्वपक्षे कथं नाऽनवस्थेति ***वाच्यम्,***

कारणत्वादीनां पदार्थान्तरत्वं वदतां नव्यनैयायिकानां तत्सम्बन्धाऽव्यतिरेकचिन्तायामनवस्थानिराकरणेऽन्यगत्यभावात्। अयमाशयः – कारणत्वादीनां कारणादितः अतिरिक्तत्वमभ्युपगम्याऽपि तेषां तत्र अतिरिक्तसम्बन्धकल्पनाप्रयुक्तानवस्थापरिहारकृते स्वरूपसम्बन्धः नव्यनैयायिकैः कल्प्यते।

તે પણ અસંગત છે. કારણ કે 'વસ્તુ પોતે જ ભેદાભેદાત્મક છે' - તેવું અમે અનેકાંતવાદી માનીએ છીએ. તેથી 'ભેદાભેદમાં પણ ભેદાભેદ આવશે. તેમાં પણ ભેદાભેદ આવશે - આ પ્રમાણે અનવસ્થા મજબૂત થશે' - આ આક્ષેપ અનેકાંતમાં અસંગત છે. યદ્યપિ ભેદ અને અભેદ ધર્મસ્વરૂપે વિચારીએ તો ધર્મીથી તે બન્ને અલગ પડી જાય છે. પરંતુ ભેદાભેદને સંબંધ તરીકે વિચારીએ તો ભેદાભેદ ધર્મીથી જુદા પડતા નથી. આમ સંબંધાત્મક ભેદાભેદ ધર્મીથી અપૃથક્ હોવાથી ભેદમાં ભેદાભેદને અને અભેદમાં ભેદાભેદને માનવાની આવશ્યકતા રહેતી નથી. તેથી જ તન્નિમિત્તક અનવસ્થાને અવકાશ નથી.

### ❀ અતિરિક્ત ભેદાભેદની અને કારણતાની વિચારણા ❀

**શંકા** :- (न च.) ઓ ! અનેકાંતવાદી ! તમે પૂર્વે ભેદાભેદને જાત્યંતરાત્મક જણાવેલ હતો. હવે ભેદાભેદને સંબંધસ્વરૂપ જણાવો છો. તેથી ભેદાભેદ એ દ્રવ્યથી ભિન્ન નવો પદાર્થ છે કે દ્રવ્યાત્મક છે ? આ સમસ્યા સર્જાય છે. જો દ્રવ્યને જ ભેદાભેદસ્વરૂપ માનવામાં આવે તો પણ જાત્યન્તરસ્વરૂપ ભેદાભેદ નામના અતિરિક્ત પદાર્થનો સંબંધસ્વરૂપે વિચાર કઈ રીતે કરી શકાય ? કેમ કે તેવું માન્ય કરવામાં આવે તો તે દ્રવ્યથી અપૃથક્ કઈ રીતે બની શકે? તથા અનવસ્થા કેમ ન આવે ?

**સમાધાન** :- (कारणत्वा.) તમારી આ શંકા વ્યાજબી નથી. આનું કારણ એ છે કે ભેદાભેદ પોતાના આશ્રયભૂત દ્રવ્યથી અતિરિક્ત જાત્યંતર સ્વરૂપ હોવા છતાં પણ તેનો સંબંધ તરીકે સ્વીકાર કરવામાં કાંઈ અનેકાંતવાદમાં અનવસ્થા દોષને અવકાશ રહેતો નથી. આ બાબતને સમજવા માટે સૌપ્રથમ નવ્ય નૈયાયિકોના સિદ્ધાન્તને સમજવા પ્રયત્ન કરવો પડશે. નવ્ય નૈયાયિકો કારણતા, પ્રતિયોગિતા વગેરેને દ્રવ્યાદિ સાત પદાર્થ કરતાં અતિરિક્ત પદાર્થરૂપે માને છે. તેમ છતાં કારણતા વગેરેનો કારણ વગેરેની સાથેનો સંબંધ કારણાદિથી અતિરિક્ત છે કે અનતિરિક્ત? - આ પ્રમાણેની વિચારણા કરવામાં આવે તો અતિરિક્ત સંબંધને માનવામાં આવનાર અનવસ્થા દોષના નિરાકરણ માટે નવ્ય નૈયાયિકોને પણ કારણતા વગેરેનો કારણ વગેરે સાથેનો સંબંધ કારણાદિથી અનતિરિક્ત = અપૃથક્ છે - તેવું માન્યા સિવાય બીજો કોઈ સમાધાનકારક ઉપાય મળતો નથી. આમ અતિરિક્ત કારણતા આદિ પદાર્થ પણ સ્વરૂપ સંબંધથી કારણ વગેરેમાં રહે છે. સંબંધ હંમેશા ઉભયનિષ્ઠ હોય છે. તેથી કારણતાનું સ્વરૂપ

**संशयोऽपि न युक्तः, निमित्तभेदेन तदुभयनिर्णयस्य मूलाग्रयोः संयोग-तदभावयोरिव सम्भृतोपायत्वात्।।६।।**

इत्थं कारणत्वादि-कारणादिस्वरूपयोरेव सम्बन्धत्वकल्पने धर्मत्वेन कारणत्वादीनामतिरिक्तत्वेऽपि सम्बन्धत्वेनानतिरिक्तत्वं यथा नव्यनैयायिकमते सिध्यति तथा स्याद्वादिमते धर्मत्वेन रूपेण द्रव्यात् तत्पार्थक्येऽपि सम्बन्धत्वेन रूपेण गुणादिभेदाऽभेदाऽपार्थक्यमनाविलमेव।।५।।

संशयोऽपि न युक्तः, निमित्तभेदेन युगपदेकत्र प्रातिस्विकरूपेण तदुभयनिर्णयस्य मूलाग्रयोः संयोग-तदभावयोरिव सम्भृतोपायत्वात्। न हि वृक्षे मूलावच्छेदेन कपिसंयोगत्वेन रूपेण कपिसंयोगस्य अग्रभागावच्छेदेन च कपिसंयोगाभावत्वेन रूपेण कपिसंयोगाभावस्येव प्रागुक्तरीत्या एकस्मिन्नेव पदार्थे पर्यायत्वावच्छेदेन गुणभेदत्वेन रूपेण गुणभेदस्य द्रव्यत्वावच्छेदेन च गुणभेदाभावत्वेन रूपेण गुणाऽभेदस्य

---

અને કારણનું સ્વરૂપ જ સંબંધ તરીકેનું કાર્ય કરશે. તેથી સંબંધ તરીકે કારણતા કારણથી અપૃથક્ છે - તેમ ફલિત થાય છે. આમ ધર્મ તરીકે કારણતા કારણથી અતિરિક્ત પદાર્થ છે અને સંબંધ તરીકે કારણતા કારણથી અનતિરિક્ત = અપૃથક્ છે = કારણસ્વરૂપ છે - તેવું સિદ્ધ થાય છે.

### ❈ ભેદાભેદજાતિ અતિરિક્ત, ભેદાભેદસંબંધ અનતિરિક્ત : જૈન ❈

બરાબર આ જ રીતે નવ્ય જૈન વિદ્વાનો એમ કહી શકે છે કે દ્રવ્યના ગુણધર્મ તરીકે ગુણાદિના ભેદાભેદને વિચારીએ તો ભેદાભેદ દ્રવ્યથી અતિરિક્ત છે. તથા સંબંધ તરીકે વિચારીએ અર્થાત્ દ્રવ્યમાં ગુણાદિને રહેવા માટે સંબંધ તરીકેનું કાર્ય કરનાર ભેદાભેદનો વિચાર કરીએ તો ભેદાભેદ દ્રવ્યથી અનતિરિક્ત = અપૃથક્ છે. તેવું માનવામાં અનવસ્થા નામનો પૂર્વોક્ત દોષ આવતો નથી. આનું કારણ એ છે કે ગુણાદિનો ભેદાભેદ દ્રવ્યથી અપૃથક્ હોવાથી દ્રવ્યનિષ્ઠ ગુણાદિપ્રતિયોગિક ભેદમાં ભેદાભેદની કલ્પના અને ગુણાદિના અભેદમાં (= દ્રવ્યનિષ્ઠ ગુણાદિપ્રતિયોગિકભેદાભાવમાં) ભેદાભેદની કલ્પના જ અનુત્થાન પરાહત થઈ જાય છે. પોતાનું સ્વરૂપ પોતાનાથી અપૃથક્ = અભિન્ન જ હોય છે. તેથી દ્રવ્યાત્મક ભેદાભેદમાં દ્રવ્યથી ભેદાભેદની (= પૃથક્ત્વ-અપૃથક્ત્વની) કલ્પના કઈ રીતે સંગત બની શકે ? આમ તે કલ્પના જ નિર્મૂલ હોવાથી તન્નિમિત્તક અનવસ્થા દોષ અનેકાંતવાદમાં અપ્રસક્ત છે.

### ❋ સંશય દોષ અસંગત ❋

(**संशयोऽपि.**) (૬) 'દ્રવ્યમાં ગુણ-પર્યાયનો ભેદાભેદ માનવામાં કયા સ્વરૂપે ભેદ રહેશે અને કયા સ્વરૂપે અભેદ રહેશે ?' તથા 'કયા સ્વરૂપે દ્રવ્યમાં ભેદની અને અભેદની આધારતા રહેશે?' આ પ્રમાણે સંશય થવાનો આક્ષેપ એકાંતવાદીએ પૂર્વે કરેલ તે વ્યાજબી નથી. આનું કારણ એ છે કે ભેદના અને અભેદના આધારતાઅવચ્છેદક જુદા હોવાથી ચોક્કસ સ્વરૂપે તે બન્નેનો યુગપત્ એકત્ર નિર્ણય કરવાનો ઉપાય સારી રીતે વિદ્યમાન છે. જેમ નૈયાયિકમતે એક જ વૃક્ષમાં કપિસંયોગ અને કપિસંયોગાભાવ - આ બન્ને વિદ્યમાન હોવા છતાં મૂલ અને અગ્રભાગ સ્વરૂપ અવચ્છેદકભેદના કારણે ચોક્કસ સ્વરૂપે તે બન્નેનો ત્યાં નિર્ણય થઈ શકે છે તેમ ઉપરોક્ત બાબત સમજવી. કહેવાનો મતલબ એ છે કે વાંદરો વૃક્ષની નીચે બેસેલ હોય ત્યારે 'એક જ વૃક્ષમાં મૂલઅવચ્છેદેન કપિસંયોગત્વરૂપે કપિસંયોગ રહે છે તથા અગ્રભાગઅવચ્છેદેન કપિસંયોગાભાવત્વરૂપે કપિસંયોગાભાવ રહેલો છે' -

**तथा दृष्टहानिः अदृष्टकल्पना च न स्यात्, गुड-शुण्ठीन्यायेन जात्यन्तरस्य भेदाऽभेदस्य प्रत्यक्षादि-प्रमाणबुद्धौ प्रतीयमानत्वात् ।।७-८।।**

युगपत् सत्त्वे स्याद्वादिमते संशयावकाशः।।६।।

तथा दृष्टहानिः अदृष्टकल्पना च न स्याताम्, गुड-शुण्ठीन्यायेन जात्यन्तरस्य भेदाऽभेदस्य प्रत्यक्षादिप्रमाणबुद्धौ प्रतीयमानत्वात्।

यथा केवलगुड-केवलनागराभ्यवहारनिमित्तककफ-पित्तप्रकोपदर्शनेऽपि गुड-नागरगोलिकाया भक्षणेन तददर्शनात् तस्या गुडत्व-नागरत्वजातिविलक्षणजातिविशेषान्वितत्वं सिध्यति तथा 'घटस्य रक्तं रूपम्' इति प्रतीतौ गुण-गुणिनोः भेदस्य 'रक्तो घटः' इति प्रतीतौ चाऽभेदस्य भानेऽपि 'रक्तः घटः, घटस्य रक्तं रूपमि'ति मीलितैकप्रतीत्या गुण-गुणिनोः जात्यन्तरात्मकभेदाऽभेदः निर्विवादमेव सिध्यति। ततश्च न केवलभेद-केवलाऽभेदपक्षनिक्षिप्तदोषप्रकोपः प्रत्यक्षसिद्धजात्यन्तरात्मकभेदाभेदपक्षे सम्भवति

તેવા પ્રકારનો નિર્ણય જેમ નૈયાયિક મતાનુસાર થઈ શકે છે, તેમ પૂર્વે **शंखेश्वरपार्श्वनाथस्तोत्र**નો સંવાદ રજૂ કરતી વખતે જણાવેલી પદ્ધતિ મુજબ જૈનમતાનુસાર 'એક જ પદાર્થમાં એકીસાથે પર્યાયત્વઅવચ્છેદેન ગુણભેદત્વરૂપે ગુણભેદ રહે છે તથા દ્રવ્યત્વઅવચ્છેદેન ગુણભેદાભાવત્વરૂપે ગુણાભેદ રહે છે.' - આવા પ્રકારનો નિર્ણય થઈ શકે છે. તેથી પૂર્વોક્ત સંશય દોષને અનેકાંતવાદમાં કોઈ અવકાશ નથી.

### દૃષ્ટહાનિ-અદૃષ્ટકલ્પના યુક્તિશૂન્ય

(**तथा.**) (૭-૮) 'એકત્ર ભેદાભેદના સમાવેશમાં પ્રત્યક્ષદૃષ્ટ ભેદનો અને અભેદનો ત્યાગ કરવાથી દૃષ્ટહાનિ અને અજ્ઞાત તેવા ભેદાભેદની કલ્પના કરવાથી અદૃષ્ટકલ્પના નામનો દોષ આવશે' - આ પ્રમાણે એકાંતવાદીએ જૈનો સામે પૂર્વે જે આક્ષેપ કરેલ હતો તે વ્યાજબી નથી. આનું કારણ એ છે કે ગુડશુણ્ઠીન્યાયથી જાત્યંતરાત્મક ભેદાભેદ પ્રત્યક્ષ આદિ પ્રમાણથી ઉત્પન્ન થનારી બુદ્ધિમાં પ્રતીત થાય છે.

### ગુડ-શુણ્ઠી ઉદાહરણ વિમર્શ

(**यथा.**) એકલો ગોળ કફ કરે છે અને એકલી સૂંઠ પિત્ત કરે છે. જ્યારે તે બન્નેનું મિશ્રણ કરી ગોળી બનાવવામાં આવે તો તે કફ અને પિત્ત - બન્નેનું નિવારણ કરે છે. જો તે ગોળીમાં ગોળ ગોળસ્વરૂપે જ રહેલો હોય તો તે ગોળી ખાવાથી કફ થવો જોઈએ તથા તેમાં સૂંઠ ફક્ત સૂંઠસ્વરૂપે જ રહેલી હોય તો તે ખાવાથી પિત્ત થવું જોઈએ. પરંતુ આવું થતું નથી. આનાથી ફલિત થાય છે કે તે ગોળીમાં સૂંઠ કેવલ સૂંઠસ્વરૂપે નથી રહેતી અને ગોળ કેવળ ગોળસ્વરૂપે નથી રહેતો. પરંતુ એકબીજાના અનુવેધથી બનેલી પિત્તકફનાશક ગોળી એક વિલક્ષણ જાત્યંતરથી વિશિષ્ટ બનેલી છે. કેવલ ગુડત્વ કે સૂંઠત્વ જાતિ તે ગોળીમાં રહેતી નથી. બરાબર તે જ રીતે 'ઘડાનું લાલ રૂપ' આવી પ્રતીતિ દ્વારા ઘટ અને રૂપ વચ્ચે ભેદનું ભાન થવા છતાં તથા 'લાલ ઘડો' - આવી પ્રતીતિ દ્વારા તે બન્ને વચ્ચે અભેદનું ભાન થવા છતાં 'લાલ ઘડો, ઘડાનું લાલ રૂપ' આવી મીલિત એક પ્રત્યક્ષપ્રતીતિ તો નિર્વિવાદપણે દ્રવ્ય અને ગુણ વચ્ચે જાત્યંતરાત્મક ભેદાભેદને જ સૂચવે છે. દ્રવ્યમાં ગુણાદિનો ભેદાભેદ જાત્યંતરસ્વરૂપ છે. તેથી કેવળ ભેદપક્ષમાં કે કેવળ અભેદપક્ષમાં આવનારા દોષો જાત્યંતરાત્મક ભેદાભેદને માનવાથી સંભવિત

**तत एवाऽभावोऽपि न युक्तः; परिकल्पितस्य वेदान्तिन्यायेनाऽनिर्वचनीयस्य हि रज्जावहेरिवाऽभावो युक्तः, न तु प्रमाणप्रसिद्धस्येति।**

---

न वाऽदृष्टकल्पनादोषः। निरवच्छिन्नवृत्ति-जात्यन्तरात्मकभेदाभेदाभिव्यञ्जकयोः भेद-भेदाभावयोः पूर्वोक्तरीत्या पर्यायत्व-द्रव्यत्वावच्छेदेन पदार्थे वर्तमानयोः अनपलापान्न दृष्टहानिरपि स्याद्वादे लब्धावकाशा।।७-८।।

जात्यन्तरात्मकस्य भेदाभेदस्य प्रत्यक्षादिप्रमाणबुद्धौ प्रतीयमानत्वाद् एवाऽभावोऽपि न युक्तः; परिकल्पितस्य = वस्तुनि आरोपितस्य सदसद्भ्यां वेदान्तिन्यायेनाऽनिर्वचनीयस्य हि व्यावहारिक-वस्तुरूपेण वेदान्तिसम्मतायां रज्जौ अहेरिवाऽभावो युक्तः, न तु प्रमाणप्रसिद्धस्येति।

अयमाशयः – रज्ज्वादौ प्रतिभासमानं सर्पादिकं सत् चेत् ? न बाध्येत उत्तरकालं 'नायं सर्पः किन्तु रज्जुः' इत्यादिज्ञानेन। असत् चेत् ? न प्रतीयेत सर्पत्वादिरूपेण। किन्तु बाध-प्रतीति द्वे

---

નથી. તેમજ પ્રત્યક્ષસિદ્ધ જાત્યંતરાત્મક ભેદાભેદની કલ્પના અદૃષ્ટકલ્પના પણ નથી. તથા દ્રવ્યનિષ્ઠ નિરવચ્છિન્નવૃત્તિ જાત્યંતરાત્મક ભેદાભેદની અભિવ્યક્તિ કરનારા અને વિભિન્ન અવચ્છેદેન એક જ દ્રવ્યમાં રહેનારા એવા કેવળ ભેદનો તથા કેવળ અભેદનો અપલાપ અમે કરતા નથી. પૂર્વે **શંખેશ્વરપાર્શ્વનાથસ્તોત્ર**માં જણાવ્યા મુજબ પ્રત્યેક પદાર્થમાં પર્યાયત્વાવચ્છેદેન ગુણભેદનો અને દ્રવ્યત્વઅવચ્છેદેન ગુણભેદાભાવનો અમે અંગીકાર કરીએ જ છીએ. તેથી દૃષ્ટહાનિ દોષ પણ જૈન મતમાં સંભવતો નથી.

### જાત્યંતરાત્મક ભેદાભેદ વાસ્તવિક

(जात्य.) પૂર્વે એકાંતવાદીએ જણાવેલ કે 'જાત્યંતરાત્મક ભેદાભેદના સ્વીકારમાં અદૃષ્ટકલ્પના દોષ આવતો હોવાથી જાત્યંતરાત્મક ભેદાભેદ કલ્પિત છે. તથા કલ્પિત વસ્તુનો તો અભાવ જ હોય.' પરંતુ તે વ્યાજબી નથી. કેમ કે જાત્યંતરાત્મક ભેદાભેદ પ્રત્યક્ષ આદિ પ્રમાણથી સિદ્ધ છે. (તેથી તેના સ્વીકારમાં અદૃષ્ટકલ્પના દોષને અવકાશ નથી.) આમ ભેદાભેદ કલ્પિત નથી પણ વાસ્તવિક છે. તે કારણે જાત્યંતરાત્મક ભેદાભેદનો અભાવ માનવો યુક્તિસંગત નથી. જો અમે વેદાંતિન્યાયથી વ્યાવહારિક વસ્તુરૂપે સંમત એવા દોરડામાં આરોપિત તથા સત્સ્વરૂપે કે અસત્સ્વરૂપે અનિર્વચનીય એવા સાપની કલ્પનાની જેમ જાત્યંતરાત્મક ભેદાભેદની કલ્પના કરીએ તો અનિર્વચનીય સાપની જેમ વિલક્ષણ જાતિરૂપ ભેદાભેદનો અભાવ માનવો વ્યાજબી ગણાય. પરંતુ એવું નથી. અમે તો પ્રત્યક્ષ પ્રમાણથી પ્રતીત એવા જાતિવિશેષસ્વરૂપ ભેદાભેદનો સ્વીકાર કરીએ છીએ. પ્રમાણસિદ્ધ વસ્તુનો અપલાપ ન થઈ શકે. માટે વિલક્ષણ ભેદાભેદનો ઉચ્છેદ થવાની આપત્તિને જૈન મતમાં કોઈ અવકાશ રહેતો નથી.

### ❋ અનિર્વચનીય પ્રાતિભાસિક સત્યની વિચારણા ❋

(अय.) આશય એ છે કે સાંજના સમયે ઘરના ખૂણામાં લટકતાં દોરડાને જોઈને 'આ સાપ છે' - આવો ભ્રમ થઈ શકે છે. વેદાંતિમતે બ્રહ્મ સત્ય છે, જગત્ મિથ્યા છે. તેથી દોરડામાં દોરડાની બુદ્ધિ ભ્રમ છે અને દોરડામાં સાપની બુદ્ધિ પણ ભ્રમ છે. બ્રહ્મતત્ત્વની જેમ તે બેમાંથી એક પણ પારમાર્થિક સત્ય નથી. છતાં વિશેષતા એ છે કે દોરડું વ્યાવહારિક સત્યરૂપે કલ્પિત છે તથા દોરડામાં પ્રતીયમાન

**नानावस्तुधर्माऽपेक्षया एकस्य अनेकान्तत्वाऽनभ्युपगमाच्च न सिद्धसाधनम्, एकस्यैव स्वधर्मापेक्षयाऽनेकान्ते च यथा न विरोधस्तथोक्तमेव।**

अपि स्तः। अतः रज्ज्वादौ सर्पादिकं सदसद्भ्याम् अनिर्वचनीयम्। 'सच्चेत्? न बाध्येत। असच्चेत्? न प्रतीयेत' इति वेदान्तिन्यायेन सदसद्भ्याम् अनिर्वचनीयस्य रज्जुसर्पस्य तन्त्वादिलक्षणसामग्रीनिरपेक्षस्य प्रतिभासकालमात्रसत्ताकस्य परमार्थतो यथा असत्त्वं न तथा भेदाभेदस्याऽसत्त्वम्, प्रमाणसिद्धत्वात्।

नानावस्तुधर्माऽपेक्षया एकस्य अनेकान्तत्वाऽनभ्युपगमाच्च न सिद्धसाधनम्, एकस्यैव स्वधर्मा-पेक्षयाऽनेकान्ते च यथा न विरोधस्तथोक्तमेव।

સાપ પ્રાતિભાસિક સત્યરૂપે કલ્પિત છે. દોરડામાં પ્રતિભાસમાન સાપ જો સત્ હોય તો પાછળથી 'આ સાપ નથી પરંતુ દોરડું છે' - આવા જ્ઞાન દ્વારા બાધિત ન થાય. તથા તે સર્વથા અસત્ હોય તો સર્પત્વાદિરૂપે તેની પ્રતીતિ ન થાય. પરંતુ ઉપરોક્ત બાધ અને પ્રતીતિ બન્ને થાય છે જ. તેથી દોરડામાં જણાતો સાપ સત્ રૂપે કે અસત્ સ્વરૂપે અનિર્વચનીય છે. 'જો વસ્તુ સત્ય હોય તો બાધિત ન થાય તથા મિથ્યા હોય તો જણાય નહિ' - આ મુજબ વેદાન્તીનો ન્યાય = નિયમ છે. તે મુજબ રજ્જુસર્પ સત્ સ્વરૂપે કે અસત્ સ્વરૂપે અનિર્વચનીય છે. તંતુ, શણ, નાળિયેરના છોતરાં વગેરે સામગ્રીથી દોરડું બને છે. આથી દોરડું અને તેના કારણોનું નિર્વચન = નિરૂપણ થઈ શકે છે. પરંતુ દોરડામાં પ્રતીયમાન સાપની સામગ્રીનું નિર્વચન થઈ શકતું નથી. 'આ કાથીનું દોરડું છે. તે શણનું દોરડું છે' - આ પ્રમાણે દોરડાના સ્વરૂપનું પણ નિર્વચન થઈ શકે છે. જ્યારે દોરડામાં પ્રતીયમાન સાપના સ્વરૂપનું નિર્વચન થઈ શકતું નથી. તેથી પણ રજ્જુસર્પ અનિર્વચનીય છે. અનિર્વચનીય રજ્જુસર્પનું અસ્તિત્વ માત્ર પ્રતિભાસ થવાના સમય પૂરતું જ છે. માટે તે પ્રાતિભાસિક સત્ય તરીકે કલ્પિત છે. અનિર્વચનીય સર્પ દૂધ પીવાનું કે ડંખ મારવાનું કામ કરતો નથી. માટે તે કાલ્પનિક છે. અર્થાત્ પ્રાતિભાસિક સત્ય તરીકે માન્ય હોવા છતાં અનિર્વચનીય રજ્જુસર્પ પરમાર્થથી અવિદ્યમાન છે. આવું વેદાંતી માને છે. પરંતુ જૈનો જે ભેદાભેદનો સ્વીકાર કરે છે તેની ભ્રમથી નહિ પણ પ્રત્યક્ષ વગેરે પ્રમાણથી પ્રતીતિ થાય છે. તેથી વેદાંતિસંમત અનિર્વચનીય રજ્જુસર્પની જેમ વિલક્ષણ ભેદાભેદ કાલ્પનિક નથી, પરંતુ વિદ્યમાન અને વાસ્તવિક છે.

## ❋ સિદ્ધસાધન દોષનું નિવારણ ❋

**(नाना.)** (૯) અનેક વસ્તુના ગુણધર્મની અપેક્ષાએ પ્રત્યેક વસ્તુને અનેકાંતાત્મક ન માનવાના લીધે પૂર્વોક્ત સિદ્ધસાધ્યતા દોષને પણ અવકાશ નથી. અમે એક જ વસ્તુમાં પોતાના ગુણધર્મની અપેક્ષાએ અનેકાંતાત્મકતા માનીએ છીએ. અર્થાત્ દ્રવ્યમાં પોતાના ગુણનો જ ભેદ અને પોતાના જ ગુણનો અભેદ - એમ અમે માનીએ છીએ. આવું એકાન્તવાદીઓ સ્વીકારતા નથી. તેથી એકાંતવાદીના મતે સિદ્ધ એવા પદાર્થને સાધવા માટે અમારો કોઈ પ્રયાસ નથી. તેથી સિદ્ધસાધન દોષને અહીં અવકાશ નથી. તથા પોતાના ગુણધર્મની અપેક્ષાએ પોતાનામાં અનેકાંતાત્મકતા (ભેદાભેદાત્મકતા) માનવામાં પૂર્વે એકાંતવાદીએ જે વિરોધ દોષનું ઉદ્ભાવન કરેલું તે પણ વ્યાજબી નથી. દ્રવ્યમાં ગુણાદિના ભેદાભેદનો સ્વીકાર કરવામાં વિરોધ દોષ નથી આવતો તેનું નિરૂપણ તો હમણાં જ ઉપર કરેલ છે.

**यथोक्तं 'क्रमेण' (४/१) इत्यादि तदपि न युक्तम्, क्रमभाविधर्मापेक्षया क्रमेण अक्रमभावि-धर्मापेक्षया चाऽक्रमेण अनेकान्ताभ्युपगमात्, कालभेदेन तदतत्कारित्ववद् निमित्तभेदेन तदतत्स्वभाव-त्वस्थापनमेवाऽनेकान्तार्थ इति।।९।।**

यथोक्तं 'किं क्रमेण सर्वम् अनेकान्तात्मकम् उत यौगपद्येन ?' (शाखा-४ श्लो.१) इत्यादि तदपि न युक्तम्, क्रमभाविधर्मापेक्षया क्रमेण अक्रमभाविधर्मापेक्षया चाऽक्रमेण अनेकान्ताभ्युपगमात्, कालभेदेन तदतत्कारित्ववन्निमित्तभेदेन तदतत्स्वभावत्वस्थापनमेवाऽनेकान्तार्थः। अयमाशयः – एकस्मिन्नेव देवदत्ते यौवनकाल-बालकालभेदेन धनार्जकत्व-तदभावौ यथा सम्प्रविशतः तथा क्रमभावि-युगपद्-भाविधर्मलक्षणनिमित्तभेदेन एकस्मिन्नेव वस्तुनि क्रमिकानेकान्तस्वभावत्वाऽक्रमिकानेकान्तस्वभावत्वे समाविशतः। न हि अम्ल-मधुररस-हरित-पीतवर्णादिलक्षणक्रमभाविधर्मापेक्षया क्रमिकानेकान्तस्वभाव-शालिनि आम्रफलादौ प्रमेयत्व-सत्त्व-द्रव्यत्वादियुगपद्भाविधर्माऽपेक्षया अक्रमिकानेकान्तस्वभावाभ्युपगमे किञ्चिद् दूषणं पश्यामः। एवं सर्वत्र भावनीयम्।।९।।

## निमित्तभेदथी क्रमिक-अक्रमिक अनेकांत

**(यथोक्तं.)** वळी, पूर्वे जे कहेलुं के 'सर्व वस्तु शुं क्रमथी अनेकांतात्मक छे के युगपद् अनेकांतात्मक छे ? ईत्यादि...' ते वात पण व्याजबी नथी. कारण के स्वगत क्रमभावी धर्मनी अपेक्षाए वस्तु क्रमथी अनेकांतात्मक छे तथा अक्रमभावी = युगपद्भावी धर्मनी अपेक्षाए वस्तु युगपद् अनेकांतात्मक छे. आ रीते अमे मानीए छीए. आम काळभेदथी तद्-अतत्कारित्वनी जेम निमित्तभेदथी तद् -अतत्स्वभावत्वनी स्थापना करवी ए ज अनेकांतवादनुं प्रयोजन छे. तात्पर्य ए छे के माणस बालपणमां धन कमातो नथी, युवानीमां धन कमाय छे. आम एक ज देवदत्त नामना माणसमां काळभेदथी धनोपार्जनकारित्व अने धनोपार्जनकारित्वनो अभाव - आ बे विरोधी धर्म रही शके छे. आ हकीकत सर्व लोकोने मान्य छे. तेथी तेने दृष्टांतरूपे बतावीने ग्रंथकारश्रीए जणावेल छे के काळभेदथी तत्कारित्वनो अने तत्कारित्वअभावनो जेम एकत्र समावेश थाय छे तेम निमित्तभेदथी तत्स्वभावत्वनो अने अतत्स्वभावत्वनो एकत्र समावेश थई शके छे. क्रमभावीधर्मात्मक निमित्तनी अपेक्षाए वस्तुमां क्रमिक अनेकांतरूपता छे. तथा अक्रमभावीधर्मात्मक अन्य निमित्तनी अपेक्षाए वस्तुमां अक्रमिक अनेकांतरूपता छे. आवुं मानवामां कोई विरोध नथी आवतो. जेम के केरी पूर्वे खाटी अने लीली होय छे. पाछळथी ते मीठी अने पीळी थाय छे. तेथी खाटा-मीठा रस अने लीला-पीळा वर्णस्वरूप क्रमभावी गुणधर्मनी अपेक्षाए केरीमां क्रमिक अनेकान्तस्वभाव छे. तथा प्रमेयत्व, सत्त्व, द्रव्यत्व वगेरे गुणधर्मो युगपद्भावी छे. तेथी ते युगपद्भावी गुणधर्मनी अपेक्षाए केरीमां अक्रमिक अनेकान्तस्वभाव छे. आवुं मानवामां अमने अनेकान्तवादीने कोई दोष जणातो नथी. आवी रीते सर्वत्र विचारी लेवुं.

**यथोक्तं 'किं चानेकधर्मान् वस्तु' इत्यादि तत्रैकेन स्वभावेन नानास्वभावैः वा भिन्नवस्तु भिन्नस्वभावान् व्याप्नुयादिति जैनस्य नाऽभ्युपगमः किन्तु स्वकारणकलापादेकाऽनेकस्वभावात्मकमेव तदुत्पन्नमित्यभ्युपगम इति न दोषः ।।१०-११।।**

**यच्चोक्तं 'जलादेरप्यनलादिरूपता स्यादि'ति तदपि न, साजात्यस्येव अनेकान्तात्मकत्वस्य प्रतिरूपं व्यवस्थितस्य अनतिप्रसञ्जकत्वात्। यथाहि प्रमेयत्वादिनाऽनलसजातीयं जलं न तत्कार्यकारि तथा कथञ्चिदनलानेकान्तात्मकमपीति ।।१२।।**

---

यथोक्तं 'किं चानेकधर्मान् वस्तु किमेकेन स्वभावेन अनेकस्वभावैः वा व्याप्नुयाद् ?' (शाखा-४/१) इत्यादि तत्रैकेन स्वभावेन नानास्वभावैः वा भिन्नवस्तु भिन्नस्वभावान् व्याप्नुयादिति जैनस्य नाऽभ्युपगमः किन्तु स्वकारणकलापादेकाऽनेकस्वभावात्मकमेव तदुत्पन्नमित्यभ्युपगम इति न दोषः ।।१०-११।।

यच्चोक्तं 'जलादेरप्यनलादिरूपता स्यादि'ति तदपि न, साजात्यस्येव अनेकान्तात्मकत्वस्य प्रतिरूपं व्यवस्थितस्य अनतिप्रसञ्जकत्वात्। यथाहि प्रमेयत्वादिनाऽनलसजातीयं जलं न तत्कार्यकारि तथा कथञ्चिदनलानेकान्तात्मकमपीति।

---

## ❈ એક-અનેક સ્વભાવાત્મક વસ્તુની ઉત્પત્તિ ❈

(**यथोक्तं.**) (૧૦-૧૧) પૂર્વે 'વસ્તુ અનેકધર્મોને એક સ્વભાવથી પ્રાપ્ત કરશે કે અનેક સ્વભાવોથી પ્રાપ્ત કરશે ?' ઈત્યાદિ... કહેવા દ્વારા એકત્વઆપત્તિ નામનો દસમો દોષ અને અનવસ્થા નામનો અગિયારમો દોષ એકાંતવાદીએ દર્શાવેલ હતો. તે પણ વ્યાજબી નથી. કારણ કે તે અંગે જૈનો એમ નથી માનતા કે 'એક સ્વભાવથી કે વિવિધ સ્વભાવથી ભિન્ન વસ્તુ વિભિન્ન સ્વભાવને પ્રાપ્ત કરે છે.' પરંતુ જૈનો તો એમ કહે છે કે પોતાના કારણસમૂહ દ્વારા ઉત્પન્ન થયેલી વસ્તુ એક-અનેક સ્વભાવાત્મક જ હોય છે. તેથી એક - અનેક ધર્માત્મકતાના સ્વીકારમાં અનેક ધર્મો એક થવાની આપત્તિ નહિ આવે. તથા અનેકસ્વભાવ દ્વારા અનેક ગુણધર્મોને મેળવવામાં તે અનેક સ્વભાવોને પણ અન્ય અનેક સ્વભાવો દ્વારા મેળવવાની કલ્પના નિમિત્તે આવનાર અનવસ્થા પણ જૈન મતમાં નહિ આવે.

## ❖ અનેકાન્તાત્મક વસ્તુ પણ નિયત ક્રિયાકારી ❖

(**यच्चोक्तं.**) (૧૨) વળી, 'તમામ વસ્તુને અનેકાંતાત્મકસ્વરૂપે સ્વીકારવામાં પાણી પણ અગ્નિસ્વરૂપ બની જશે' - આ પ્રમાણે એકાંતવાદીએ જૈન મતમાં જે દોષ બતાવેલ તે પણ વ્યાજબી નથી. આનું કારણ એ છે કે નૈયાયિકસંમત સાજાત્યની જેમ જૈનસંમત અનેકાંતાત્મકતા દરેક વસ્તુમાં રહેવા છતાં પણ કોઈ દોષને લાવનાર નથી. તે આ રીતે - અગ્નિ અને પાણી પ્રમેયત્વરૂપે સજાતીય છે. પ્રમેયત્વરૂપે અગ્નિસજાતીય હોવા છતાં પણ પાણી અગ્નિનું કાર્ય કરતું નથી. આ વાત નૈયાયિકોને માન્ય છે. તે જ રીતે જૈનો પણ કહે છે કે પાણી અનેકાંતાત્મક = અનેકધર્માત્મક હોવાથી કથંચિત્ અગ્નિસ્વરૂપ હોવા છતાં બાળવા વગેરે સ્વરૂપ અગ્નિકાર્યને પાણી કરતું નથી. તેથી પૂર્વે બારમા દોષના ઉદ્ભાવનમાં નિયત પ્રવૃત્તિની અસંગતિ થવાની જે આપત્તિ એકાંતવાદીએ જણાવેલી તેને પણ અવકાશ રહેતો નથી.

**यथोक्तं 'प्रमाणमप्यप्रमाणं स्यादि'त्यादि तदपीष्टमेव, प्रमाणस्य स्वरूपापेक्षया प्रमाणरूपतायाः पररूपा-**

प्रकृते **षड्दर्शनसमुच्चयबृहद्वृत्तौ** "जलादेः स्वरूपापेक्षया जलादिरूपता न पररूपापेक्षया। न ततो जलार्थिनामनलादौ प्रवृत्तिप्रसङ्गः, स्व-परपर्यायात्मकत्वेन सर्वस्य सर्वात्मकत्वाभ्युपगमात्, अन्यथा वस्तुस्वरूपस्यैव अघटमानत्वाद्" (ष.द.स.श्लो.५७ वृ.) इत्याद्युक्तम्।

किञ्च, सर्वं सर्वात्मकमित्यपि स्व-परपर्यायैः सामान्यविवक्षयैवोच्यते। केवलस्वपर्यायलक्षणविशेष-विवक्षया तु सर्वम् असर्वात्मकमित्यप्यभ्युपगम्यत एवाऽस्माभिः। तदुक्तं **विशेषावश्यकभाष्ये** [1]"सव्वं चिय सव्वमयं स-परपज्जायओ जओ निययं। सव्वमसव्वमयं पि य विवित्तरूवं विवक्खाओ।।" (वि.आ.भा. १६०२) इति। 'विविक्तरूपम् = अन्यतो व्यावृत्तरूपं = केवलस्वात्मकं = स्वलक्षणं = विशेषमात्र-स्वरूपमि'ति यावत्। स्वलक्षणात्मकविशेषस्वरूपाऽपेक्षयैव तत् तद् जलादिकं वस्तु नियतार्थक्रियाकारीति न प्रसिद्धार्थव्यवस्थाविलोपः।।१२।।

यथोक्तं 'प्रमाणमप्यप्रमाणं स्यादि'त्यादि तदपीष्टमेव, प्रमाणस्य स्वरूपापेक्षया प्रमाणरूपतायाः

(**प्रकृ.**) પ્રસ્તુત દોષના નિરાકરણ માટે **ષડ્દર્શનસમુચ્ચયબૃહદ્વૃત્તિ**માં જણાવેલ છે કે "જલાદિ પોતાના સ્વરૂપની અપેક્ષાએ જ જલાદિરૂપ છે. પરસ્વરૂપની અપેક્ષાએ તે જલાદિસ્વરૂપ નથી. તેથી જલાર્થીની અગ્નિ વગેરેમાં પ્રવૃત્તિ થવાની આપત્તિ નહિ આવે. સ્વ-પરપર્યાયની અપેક્ષાએ સર્વ વસ્તુ સર્વાત્મક છે. અન્યથા વસ્તુનું સ્વરૂપ જ સંગત ન થઈ શકે."

### ⊛ સર્વ વસ્તુ સર્વાત્મક અને અસર્વાત્મક ⊛

(**किञ्च.**) વળી, 'સર્વ વસ્તુ સર્વાત્મક છે' - આવી જિનવાણી પણ સ્વ-પરપર્યાયથી સામાન્યવિવક્ષાએ જ કહેવામાં આવે છે. બાકી ફક્ત સ્વપર્યાયસ્વરૂપ વિશેષધર્મની વિવક્ષાથી તો 'સર્વ વસ્તુ અસર્વાત્મક છે' - આવું પણ અમે અનેકાન્તવાદીઓ માનીએ જ છીએ. તેથી જ **શ્રીજિનભદ્રગણિક્ષમાશ્રમણે વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે 'તમામ વસ્તુ ચોક્કસ સ્વ-પરપર્યાયથી સામાન્યવિવક્ષાએ સર્વાત્મક જ છે. તથા સર્વ વસ્તુ અસર્વાત્મક પણ છે. કારણ કે કેવલસ્વપર્યાયની વિવક્ષાથી દરેક પદાર્થ અન્યપદાર્થથી વ્યાવૃત્ત = ભિન્ન = કેવલ સ્વાત્મક = સ્વલક્ષણાત્મક = કેવલવિશેષસ્વરૂપ જ છે - ત્યાં સુધી સમજવું. તેથી કેવલ સ્વલક્ષણાત્મક માત્ર વિશેષસ્વરૂપની અપેક્ષાએ જ જલ વગેરે તે તે વસ્તુ નિયત એવા કાર્યને કરશે. તેથી તરસ છીપાવવા માટે પાણીને લેવા જવું, રસોઈ કરવા અગ્નિને ગ્રહણ કરવો વગેરે પ્રસિદ્ધ અર્થવ્યવસ્થાનો ઉચ્છેદ થવાની આપત્તિ અનેકાન્તવાદમાં નહિ આવે.

### ✡ પ્રમાણની અપ્રમાણરૂપતા : જૈન ✡

(**यथोक्तं.**) (૧૩) 'સર્વ વસ્તુને અનેકાંતાત્મક માનવામાં પ્રમાણ પણ અપ્રમાણભૂત બનશે' - આ પ્રમાણે જૈનોની સામે એકાંતવાદીઓએ જે આપત્તિ દર્શાવેલી હતી તે તો જૈનોને ઈષ્ટાપત્તિ જ છે. આનું કારણ એ છે કે પ્રમાણ પણ પોતાના સ્વરૂપની અપેક્ષાએ જ પ્રમાણસ્વરૂપ છે. પરસ્વરૂપની અપેક્ષાએ તો પ્રમાણ પણ અપ્રમાણસ્વરૂપ જ છે. આ વાત સ્યાદ્વાદીઓને સંમત જ છે. **ષડ્દર્શનસમુચ્ચયબૃહદ્વૃત્તિ**માં

1. सर्वञ्चैव सर्वमयं स्व-परपर्यायतो यतो नियतम्। सर्वमसर्वमयमपि च विविक्तरूपं विवक्षातः।।

**पेक्षया त्वप्रमाणरूपतायाः स्याद्वादिनामभीष्टत्वात्। विशेषभेदाऽपेक्षयाऽप्यात्रऽनेकान्तोऽदुष्टः, परोक्षस्याऽपरोक्षरूपेण अपरोक्षस्य च प्रमाणस्य परोक्षरूपेणाऽप्रमाणत्वात्।**

**अनेनैवाऽभिप्रायेण गतिपरिणतस्य गतिरूपतैकान्तः *सम्मतौ* दूषितः । तथाहि [1]"गईपरिणयं गइ चेव केई दवियं वयंति एगंता। तं पि य उड्ढगईअं तहा गई अण्णहा अगइत्ति ।।"** (स.त.३/२९)

---

पररूपापेक्षया त्वप्रमाणरूपतायाः स्याद्वादिनामभीष्टत्वात्। "प्रमाणमपि स्वविषये प्रमाणं परविषये चाऽप्रमाणम्" (ष.द.स.श्लो.५७) इति व्यक्तं **षड्दर्शनसमुच्चयबृहद्वृत्तौ**। विशेषभेदाऽपेक्षयाऽप्यत्राऽनेकान्तोऽदुष्टः, परोक्षस्याऽपरोक्षरूपेण अपरोक्षस्य च प्रमाणस्य परोक्षरूपेणाऽप्रमाणत्वात्।

अनेनैवाऽभिप्रायेण गतिपरिणतस्य गतिरूपतैकान्तः **सम्मतितर्के** दूषितः। तदुक्तं [1]"गईपरिणयं गइ चेव केई दवियं वयंति एगंता। तं पि य उड्ढगईअं तहा गई अण्णहा अगइत्ति।।" (स.त.३/२९) इति।

प्रकृते तर्कपञ्चाननश्री**अभयदेवसूरि**कृत**तद्वृत्ति**लेशस्त्वेवम् – "गतिक्रियापरिणामवद् द्रव्यं गतिमदेव – इति केचिद् मन्यन्ते, तदपि गतिक्रियापरिणतं जीवद्रव्यं सर्वतो गमनाऽयोगाद् ऊर्ध्वादिप्रतिनियतदिग्गतिकं

---

આ અંગે જણાવેલ છે કે 'પ્રમાણ પણ સ્વવિષયમાં જ પ્રમાણરૂપ છે. અને પરવિષયમાં અપ્રમાણરૂપ છે.' વળી, પ્રમાણના વિશેષ પ્રકારના ભેદની અપેક્ષાએ પણ પ્રમાણમાં પ્રમાણરૂપતા અને અપ્રમાણરૂપતા સ્વરૂપ અનેકાંતને સ્વીકારવામાં કોઈ દોષ આવતો નથી. તે આ રીતે - પ્રમાણના બે ભેદ છે. પ્રત્યક્ષ અને પરોક્ષ. અપરોક્ષ = પ્રત્યક્ષ પ્રમાણ પ્રત્યક્ષરૂપે પ્રમાણ છે. પરંતુ પરોક્ષરૂપે તે અપ્રમાણ જ છે. તથા પરોક્ષ પ્રમાણ પરોક્ષરૂપે પ્રમાણ છે. પરંતુ પ્રત્યક્ષરૂપે તે અપ્રમાણ જ છે. આમ પ્રમાણના અવાન્તર ભેદની વિચારણા કરીએ તો પણ પોતાના વિશેષ પ્રકારના સ્વરૂપની અપેક્ષાએ જ પ્રમાણવિશેષ પ્રમાણસ્વરૂપ છે. તથા પોતાનામાં અવિદ્યમાન વિશેષ પ્રકારના પ્રમાણસ્વરૂપની અપેક્ષાએ તો તે પ્રમાણવિશેષ અપ્રમાણભૂત જ છે. આમ પ્રમાણ પણ પ્રમાણસ્વરૂપ અને અપ્રમાણસ્વરૂપ છે.

## ગતિપરિણત દ્રવ્ય સર્વથા ગતિરૂપ નથી : સંમતિકાર

**(अनेनैव.)** આ જ અભિપ્રાયથી **સંમતિતર્કપ્રકરણ**માં **શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિ** મહારાજે 'ગતિપરિણત દ્રવ્ય ગતિસ્વરૂપ જ હોય છે' - એવા એકાંતનું ખંડન કરેલ છે. ત્યાં તેઓશ્રીએ એવું જણાવેલ છે કે - "ગતિક્રિયા સ્વરૂપ પરિણામવાળું દ્રવ્ય નિયમા ગતિમાન જ હોય છે- તેવું કેટલાક એકાંતવાદીને અભિમત છે. પરંતુ તે ગતિપરિણત જીવદ્રવ્ય પણ ગતિકાળે સર્વ દિશામાં ગતિ કરતું નથી. પરંતુ ઊર્ધ્વ વગેરે પ્રતિનિયત દિશામાં જ ગતિ કરે છે. માટે પ્રતિનિયત દિશામાં ગમન કરવાની અપેક્ષાએ જ તે દ્રવ્ય ગતિમાન છે. ગતિદિશા સિવાયની અન્ય દિશાની અપેક્ષાએ તે દ્રવ્ય અગતિમાન જ છે."

## ઈષ્ટગતિ અનિષ્ટગતિવિરહસાધક

**(प्रकृ.)** આ કારિકાની વ્યાખ્યામાં શ્રી**અભયદેવસૂરિ**જીએ જે ફરમાવેલ છે તેનો સંક્ષેપાર્થ આ મુજબ છે કે "જે દ્રવ્યમાં ગમનક્રિયાના પરિણામનો ઉદ્ભવ થયો હોય તે દ્રવ્યને અમુક એકાંતવાદીઓ તે સમયે નિયમા (=એકાન્તે) ગતિશીલ જ માને છે. પરંતુ અનેકાંતવાદી કહે છે કે તે ગતિપરિણત જીવદ્રવ્ય

---

1. गतिपरिणतं गतिः एव केऽपि द्रव्यं वदन्ति एकान्तात्। तदपि च ऊर्ध्वगतिकं तथा गतिः अन्यथा अगतिः इति।।

**न चाऽप्रमाणपदं व्युत्पत्तिविशेषात् प्रमाणसामान्यभेदस्यैव बोधकमिति नेयमुपपत्तिः,**

---

तैर्वादिभिरभ्युपगन्तव्यम्। एवं च तत् तथा = प्रतिनियतदिग्गमनेनैव गतिमत्; अन्यथाऽपि गतिमत् स्यात् तदाऽभिप्रेतदेशप्राप्तिवद् अनभिप्रेतदेशप्राप्तिरपि तस्य भवेदित्यनुपलभ्यमानयुगपद्विरुद्धोभयदेशप्राप्तिप्रसक्तेरत्रापि अनेकान्तो नाऽव्यापकः। 'अभिप्रेतगतिरेव तत्र अनभिप्रेताऽगतिरि'ति चेत् ? न, अनभिप्रेतगत्यभावाभावे प्रतिनियतगतिभाव एव न भवेत्। तत्सद्भावे वा तदवस्थोऽनेकान्तः" (स.त.३/२९ वृ.) इति। अधिकन्तु **अनेकान्तव्यवस्थातः** (पृ.८५) विज्ञेयम्।

***न चा***ऽप्रमाणपदं व्युत्पत्तिविशेषात् प्रमाणसामान्यभेदस्यैव बोधकमिति प्रमाणसामान्याऽभिन्नस्य प्रमाणस्य अप्रमाणत्वोक्तेरनुपपत्तिरिति ***वाच्यम्,***

---

ગમન કરશે તો કઈ દિશામાં જશે ? બધી દિશાઓમાં એકીસાથે તો જઈ ન શકે. કોઈ એક જ ઉર્ધ્વ વગેરે દિશામાં તે જઈ શકે છે. તેથી અહીં અનેકાંત આ પ્રમાણે છે કે - જે દિશામાં તે દ્રવ્ય જશે, તે દિશાને છોડી બાકીની દિશાઓમાં તેની ગતિનો અભાવ જ છે. આ રીતે ગતિયુક્ત દ્રવ્યમાં પણ અન્યદિક્ગમનાભાવ મળે જ છે. જો વિવક્ષિત એક દિશામાં ગતિમાન જીવદ્રવ્ય અન્ય દિશાઓમાં પણ તે જ કાળે ગતિ કરે તો જેમ તે દ્રવ્યને વિવક્ષિત દિશામાં ગમન કરવાથી વાંછિત દેશની પ્રાપ્તિ થાય છે તેમ અન્ય દિશાઓમાં અવાંછિત દેશની પ્રાપ્તિ થવાની આપત્તિ આવશે. એકાંતવાદના માથે આ દૂષણ ઉભું છે. એક જ કાળે પરસ્પર વિરુદ્ધ દિશાવાળા દેશની ઉપલબ્ધિ ન થવા છતાં ઉપરોક્ત અનિષ્ટ પ્રસંગ આ જ સૂચિત કરે છે કે ગતિ (તેમજ સ્થિતિ)ના વિષયમાં અનેકાંત જ છે. એથી અનેકાંત ક્યાંય પણ અવ્યાપક નથી. 'અભિપ્રેત સ્થાનમાં ગતિ એ જ ગતિશીલ દ્રવ્યમાં રહેલી અનભિપ્રેતદેશસંબંધી અગતિ છે' - આવી દલીલ એકાન્તવાદીએ ન કરવી. કારણ કે અનભિપ્રેત ગતિનો અભાવ જો ગતિશીલ દ્રવ્યમાં સ્વતંત્રરૂપે નહિ માનો તો પ્રતિનિયત ગતિની હાજરી જ સંભવશે નહિ. તથા અનભિપ્રેતગતિઅભાવ જો તે દ્રવ્યમાં હોય તો ગતિશીલ દ્રવ્યમાં ગતિ-અગતિસ્વરૂપ અનેકાન્ત તો પાછો આવીને ઊભો જ રહેશે." આ અંગે અધિક જાણકારી મેળવવા **અનેકાંતવ્યવસ્થા**નું અવલોકન કરવું.

### ❖ અપ્રમાણપદ પ્રમાણસામાન્યભેદબોધક : નૈયાયિક ❖

**શંકા** :- (न चा.) પ્રમાણને પરસ્વરૂપની અપેક્ષાએ અપ્રમાણસ્વરૂપ માનવાનો અર્થ એ થયો કે પ્રમાણ પણ 'અપ્રમાણ' પદથી વાચ્ય છે. પરંતુ આ વાત સંગત નથી. કારણ કે 'प्रमीयते अनेन इति प्रमाणम्, न प्रमाणम् इति अप्रमाणम्' આ પ્રમાણે વિશેષ પ્રકારની વ્યુત્પત્તિ દ્વારા 'અપ્રમાણ' શબ્દ અપ્રમાણમાં રહેલ તમામ પ્રમાણના ભેદને જ જણાવે છે. અર્થાત્ જેનો પ્રમાણસામાન્યમાં અંતર્ભાવ ન જ થઈ શકતો હોય તેને જ અપ્રમાણ શબ્દથી નવાજી શકાય. પ્રમાણના અનેક પ્રકારોમાંથી જેનો એકાદ પ્રકારમાં પણ અંતર્ભાવ થઈ શકતો હોય તેને અપ્રમાણ ન જ કહેવાય. પ્રસ્તુતમાં સ્યાદ્વાદી એવા તમે પ્રમાણને જ અપ્રમાણ કહો છો. અર્થાત્ પ્રમાણસામાન્યથી ભિન્ન ન હોય તેને જ અપ્રમાણ તરીકે પણ જણાવો છો. તેથી ઉપરોક્ત વ્યુત્પત્તિ મુજબ તે પ્રમાણ 'અપ્રમાણ' શબ્દથી વાચ્ય કઈ રીતે બને ?

**व्युत्पत्तेः तात्पर्यमुखनिरीक्षकत्वेन सामान्यशब्दस्य विशेषपरत्वे दोषाभावात् ।।१३।।**

***एतेन* 'सर्वज्ञोऽप्यसर्वज्ञः स्यात्, सिद्धोऽप्यसिद्धः स्यादि'ति दूषणद्वयमपि *प्रत्युक्तम्,* स्वरूप-पररूपाभ्यां**

---

व्युत्पत्तेः तात्पर्यमुखनिरीक्षकत्वेन सामान्यशब्दस्य विशेषपरत्वे दोषाभावात्। इदमत्राकूतम् – 'प्रमाणमुद्दिश्य जायमानः 'अप्रमाणमि'ति प्रयोगः प्रमाणे परस्वरूपापेक्षाऽप्रमाणात्मकतां बोधयतु, प्रत्यक्षप्रमाणमुद्दिश्य जायमानः 'अप्रमाणमि'ति प्रयोगः प्रत्यक्षप्रमाणे परोक्षप्रमाणभिन्नत्वरूपं परोक्षप्रमाणापेक्षप्रमाणात्मकत्वाभावं बोधयतु' इति वक्तुः स्याद्वादिनः अभिप्रायमवगम्य शब्दव्युत्पत्तिः प्रमाणे प्रत्यक्षप्रमाणे च अप्रमाणपदात् पररूपापेक्षप्रमाणभेदं परोक्षलक्षणप्रमाणविशेषप्रतियोगिकभेदं च श्रोतॄन् प्रति ज्ञापयति।।१३।।

***एतेन*** सर्वज्ञोऽप्यसर्वज्ञः स्यात्, सिद्धोऽप्यसिद्धः स्यादिति दूषणद्वयमपि ***प्रत्युक्तम्,*** स्वरूप

---

### ❀ શબ્દવ્યુત્પત્તિ પણ તાત્પર્યસાપેક્ષ : જૈન ❀

[illegible] :- (व्यु.) ઉપરોક્ત શંકા બરોબર નથી. આનું કારણ એ છે કે હંમેશા પદની વ્યુત્પત્તિ વક્તાની ઈચ્છાસ્વરૂપ તાત્પર્યને જોનાર હોય છે. અર્થાત્ વક્તા કયા અભિપ્રાયથી કયા શબ્દનો પ્રયોગ કરે છે? તેને મુખ્યતયા લક્ષમાં રાખીને જ શબ્દની વ્યુત્પત્તિ પ્રવર્તતી હોય છે. તેથી સામાન્ય શબ્દને પણ વિશેષ અર્થનો જ્ઞાપક માનવામાં કોઈ જાતનો દોષ આવતો નથી. પ્રસ્તુતમાં આશય એ છે કે "પ્રમાણને ઉદ્દેશીને થતો 'અપ્રમાણ' શબ્દનો પ્રયોગ પરસ્વરૂપસાપેક્ષ અપ્રમાણભૂતતાનો = પ્રમાણભિન્નતાનો શ્રોતાને બોધ કરાવો. પ્રત્યક્ષ પ્રમાણને ઉદ્દેશીને થતો 'અપ્રમાણ' શબ્દનો પ્રયોગ પરોક્ષપ્રમાણસાપેક્ષ પ્રમાણાત્મકતાના અભાવનો (= પરોક્ષપ્રમાણભિન્નતાનો) શ્રોતાને બોધ કરાવો" - આ પ્રમાણે સ્યાદ્વાદી એવા વક્તાનો અભિપ્રાય જાણીને અપ્રમાણ શબ્દની વ્યુત્પત્તિ પ્રમાણસામાન્યભેદના બદલે પ્રમાણવિશેષપ્રતિયોગિક ભેદનો પ્રમાણમાં બોધ કરાવશે. સામાન્યવાચક શબ્દ પણ તાત્પર્ય મુજબ વિશેષ અર્થનો વાચક બને તેવી શબ્દવ્યુત્પત્તિ વૈયાકરણોને માન્ય છે. તેથી પ્રસ્તુતમાં 'અપ્રમાણ' શબ્દને પ્રમાણસામાન્યપ્રતિયોગિક અન્યોન્યાભાવનો બોધક માનવાને બદલે તાત્પર્યાનુસાર પ્રમાણવિશેષપ્રતિયોગિક અન્યોન્યાભાવનો બોધક માની શકાય છે. અર્થાત્ અપ્રમાણશબ્દગત વિશેષ પ્રકારની વ્યુત્પત્તિ દ્વારા શ્રોતાને પ્રમાણમાં પરરૂપસાપેક્ષપ્રમાણભેદનો તથા પ્રત્યક્ષપ્રમાણમાં પરોક્ષપ્રમાણભેદનો = પરોક્ષાત્મક પ્રમાણવિશેષપ્રતિયોગિક ભેદનો શાબ્દબોધ થશે. તેથી 'પ્રમાણ પણ સ્વસ્વરૂપની અપેક્ષાએ પ્રમાણ અને પરસ્વરૂપની અપેક્ષાએ અપ્રમાણ' - ઈત્યાદિ જે બાબત પૂર્વે જણાવેલ તે સત્ય જ છે.

### ✡ સ્વરૂપ-પરરૂપ દ્વારા અનેકાંત સંમત ✡

(एतेन.) **(૧૪-૧૫)** પૂર્વે 'તમામ વસ્તુને અનેકાંતરૂપ માનવામાં સર્વજ્ઞ પણ અસર્વજ્ઞ થશે તથા સિદ્ધ પણ અસિદ્ધ થશે' - આ પ્રમાણે જે બે દૂષણ એકાંતવાદીએ જણાવેલ તેનું ઉપરોક્ત ખુલાસા દ્વારા નિરાકરણ થઈ જાય છે. કારણ કે સર્વજ્ઞ પોતાના સ્વરૂપની અપેક્ષાએ સર્વજ્ઞ છે. બીજાના સ્વરૂપની અપેક્ષાએ તો તે અસર્વજ્ઞ જ છે. તેમ જ સિદ્ધ પણ પોતાના સ્વરૂપની અપેક્ષાએ સિદ્ધ છે. બીજાના સ્વરૂપની અપેક્ષાએ તો તે પણ અસિદ્ધ જ છે. આમ સર્વજ્ઞમાં સર્વજ્ઞ-અસર્વજ્ઞરૂપતાનો અનેકાંત તથા

**तदनेकान्तस्याऽपीष्टत्वात्। प्रथमाऽप्रथमसर्वज्ञ-सिद्धादिभेदोऽपि सिद्धान्तसिद्ध एवेति का नामाऽनिष्टापत्तिः ?**

-पररूपाभ्यां तदनेकान्तस्याऽपीष्टत्वात्। प्रथमाऽप्रथमसर्वज्ञ-सिद्धादिभेदोऽपि सम्मत एव।

अत एव नाऽपसिद्धान्तः, यथोक्तं **स्थानाङ्गसूत्रे** [1]"केवलणाणे दुविहे पण्णत्ते। तं जहा - [१]भवत्थ -केवलनाणे चेव, [२]सिद्ध-केवलनाणे चेव। भवत्थ-केवलनाणे दुविहे पण्णत्ते। तं जहा- [१]सजोगि-भवत्थ-केवलनाणे चेव, [२]अजोगि-भवत्थ-केवलनाणे चेव। सजोगि-भवत्थ-केवलनाणे दुविहे पण्णत्ते। तं जहा- [१]पढमसमय-सजोगि -भवत्थ-केवलनाणे चेव, [२]अपढमसमय-सजोगि-भवत्थ-केवलनाणे चेव। अहवा - [१]चरिमसमय-सजोगि-भवत्थ -केवलनाणे चेव, [२]अचरिमसमय-सजोगि-भवत्थ-केवलनाणे चेव। एवं अजोगि-भवत्थ-केवलनाणे वि। सिद्ध-केवलनाणे दुविहे पण्णत्ते। तं जहा - [१]अणंतरसिद्ध-केवलनाणे चेव, [२]परंपरसिद्ध-केवलनाणे चेव" (स्था.२/१/७१) इत्यादि।

સિદ્ધમાં સિદ્ધ-અસિદ્ધરૂપતાનો અનેકાંત પણ જૈનોને સંમત જ છે. તેથી સર્વજ્ઞ અસર્વજ્ઞરૂપે થવાની તથા સિદ્ધ અસિદ્ધરૂપે થવાની આપત્તિ જૈનો માટે ઈષ્ટાપત્તિ જ છે.

**શંકા** :- સર્વજ્ઞને અસર્વજ્ઞ માનવામાં તથા સિદ્ધને અસિદ્ધ માનવામાં અપસિદ્ધાંત વગેરે દોષો શું જૈનોને લાગુ નહિ પડે ? તથા જો તે દોષો લાગુ પડતા હોય તો ઉપરોક્ત આપત્તિ જૈનોને અનિષ્ટાપત્તિ કેમ ન ગણાય ?

## ❋ પ્રથમ-અપ્રથમ સર્વજ્ઞ આદિની વિચારણા ❋

**સમાધાન** :- (अत.) અપસિદ્ધાન્ત વગેરે દોષ પ્રસ્તુતમાં સંભવિત નથી. કારણ કે **ઠાણાંગસૂત્ર** વગેરે આગમ ગ્રંથોમાં પ્રથમસમયના સર્વજ્ઞ, અપ્રથમસમયના સર્વજ્ઞ, પ્રથમસમયસિદ્ધ, અપ્રથમસમયસિદ્ધ વગેરે સ્વરૂપે સર્વજ્ઞના અને સિદ્ધના પ્રકારો દર્શાવેલા જ છે. **સ્થાનાંગસૂત્ર**માં જણાવેલ છે કે "કેવળજ્ઞાન બે પ્રકારનું કહેલ છે - (૧) ભવસ્થ કેવળજ્ઞાન અને (૨) સિદ્ધ કેવળજ્ઞાન.

ભવસ્થ કેવળજ્ઞાન બે પ્રકારનું કહેલ છે - (૧) સયોગિ-ભવસ્થ કેવળજ્ઞાન અને (૨) અયોગિ -ભવસ્થ-કેવળજ્ઞાન. સયોગિ-ભવસ્થ-કેવળજ્ઞાન બે પ્રકારનું કહેલ છે. (૧) પ્રથમસમય-સયોગિ-ભવસ્થ કેવળજ્ઞાન અને (૨) અપ્રથમસમય-સયોગિ-ભવસ્થ-કેવળજ્ઞાન. અથવા (૧) ચરમસમય-સયોગિ-ભવસ્થ કેવળજ્ઞાન અને (૨) અચરમસમય-સયોગિ-ભવસ્થ-કેવળજ્ઞાન.

તેવી જ રીતે અયોગિ-ભવસ્થ-કેવળજ્ઞાન પણ બે પ્રકારનું સમજવું.

સિદ્ધ-કેવળજ્ઞાન બે પ્રકારનું કહેલ છે -

(૧) અનંતર-સિદ્ધ-કેવળજ્ઞાન અને (૨) પરંપર-સિદ્ધ-કેવળજ્ઞાન" ઈત્યાદિ. મતલબ કે પ્રથમસમય સર્વજ્ઞ કે સિદ્ધ પણ અપ્રથમસમય સર્વજ્ઞ-સિદ્ધ કરતાં ભિન્ન છે. અર્થાત્ અપ્રથમસમય સર્વજ્ઞ-સિદ્ધની અપેક્ષાએ તે અસર્વજ્ઞ-અસિદ્ધ જ છે. આ વાત જૈનસિદ્ધાંતમાં પ્રસિદ્ધ જ છે.

1. केवलज्ञानं द्विविधं प्रज्ञप्तम्। तद्यथा - [१]भवस्थकेवलज्ञानं चैव, [२]सिद्धकेवलज्ञानं चैव। भवस्थकेवलज्ञानं द्विविधं प्रज्ञप्तम्। तद्यथा - [१]सयोगिभवस्थकेवलज्ञानं चैव, [२]अयोगिभवस्थकेवलज्ञानं चैव। सयोगिभवस्थकेवलज्ञानं द्विविधं प्रज्ञप्तम्। तद्यथा- [१]प्रथमसमयसयोगिभवस्थकेवलज्ञानं चैव, [२]अप्रथमसमयसयोगिभवस्थकेवलज्ञानं चैव। अथवा - [१]चरमसमयसयोगिभवस्थकेवलज्ञानं चैव, [२]अचरमसमयसयोगिभवस्थकेवलज्ञानं चैव। एवम् अयोगिभवस्थकेवलज्ञानमपि। सिद्धकेवलज्ञानं द्विविधं प्रज्ञप्तम्। तद्यथा- [१]अनन्तरसिद्धकेवलज्ञानं चैव, [२]परम्परसिद्धकेवलज्ञानं चैव।

**नन्दीसूत्रे**ऽपि (न.सू.८५) एवम्प्रायः आलापको वर्त्तते। इत्थमेवाऽभ्युपगमे वक्ष्यमाणं (९/१४-१५) केवलज्ञानत्रैलक्षण्यमुपपद्यते।

प्रकृते [1]"असंसारसमावण्णजीवपण्णवणा दुविहा पण्णत्ता। तं जहा – (१) अणन्तरसिद्ध-असंसार-समावण्णजीवपण्णवणा य (२) परम्परसिद्ध–असंसारसमावण्णजीवपण्णवणा य" (प्रज्ञा.सू.१/८) इत्यादिः **प्रज्ञापनासूत्र**प्रबन्धोऽपि स्मर्तव्यः। ततश्च का नामाऽनिष्टापत्तिः ?

यथा नैयायिकमते पृथिवी-जलाऽनलादीनां द्रव्यत्वेन तुल्यत्वेऽपि पृथिवीत्व-जलत्वाऽनलत्वादिरूपेण भिन्नता सम्मता यथा च घटादीनां घटत्वादिरूपेण तुल्यत्वेऽपि नीलघटत्व-पीतघटत्वादिरूपेण भिन्नता अभिप्रेतैव तथा स्याद्वादिमते सर्वज्ञादीनां सर्वज्ञत्वादिरूपेण तुल्यत्वेऽपि प्रथमाऽप्रथमसमयसर्वज्ञत्वादि-रूपेण भिन्नता अभिप्रेतैव। अत्र "यो येन भावेन पूर्वं नासीत्, इदानीं च जातः, स तेन भावेन प्रथम

## નંદીસૂત્રનો અતિદેશ

**(नन्दी.)** શ્રી**નંદીસૂત્ર**માં પણ કેવલજ્ઞાન વગેરેના ભેદ વિશે ઠાણાંગ સૂત્રમાં જણાવ્યા મુજબનો જ પ્રાયઃ આલાવો (૮૫મા સૂત્રમાં) જણાવેલો છે. તથા આવું માનવામાં આવે તો જ નવમી શાખાના ૧૪/૧૫ શ્લોકમાં જણાવવામાં આવશે તે કેવલજ્ઞાનગત ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક ત્રૈલક્ષણ્ય સંગત થઈ શકે.

## સિદ્ધના બે ભેદ

**(प्रकृ.)** પ્રસ્તુતમાં **પ્રજ્ઞાપનાસૂત્ર**નો એક સંદર્ભ પણ યાદ કરવા લાયક છે. ત્યાં શ્રી**શ્યામાચાર્ય**જીએ જણાવેલ છે કે "અસંસાર અવસ્થાને = મુક્તદશાને પામેલા જીવોની પ્રરૂપણા બે પ્રકારે થાય છે. તે આ રીતે - (૧) અનંતરસિદ્ધ મુક્તદશાપ્રાપ્ત જીવની પ્રરૂપણા તથા (૨) પરંપરસિદ્ધ મુક્તદશાપ્રાપ્ત જીવની પ્રજ્ઞાપના." તેથી પરસ્વરૂપની અપેક્ષાએ સર્વજ્ઞને અસર્વજ્ઞ માનવામાં કે સિદ્ધને અસિદ્ધ માનવામાં જૈનોને કોઈ અનિષ્ટાપત્તિ આવતી નથી.

**(यथा.)** નૈયાયિકદર્શન મુજબ દ્રવ્યના પૃથ્વી, પાણી વગેરે નવ પ્રકારો બતાવવાનું પ્રયોજન એ છે કે પાણી વગેરેથી પૃથ્વીદ્રવ્ય ભિન્ન છે. તથા પૃથ્વી વગેરેથી પાણી વગેરે ભિન્ન છે. દ્રવ્યત્વસ્વરૂપે પૃથ્વી આદિ સમાન હોવા છતાં પૃથ્વીત્વ, જલત્વ આદિ સ્વરૂપે તેમાં ભિન્નતા પણ રહેલી છે. આ રીતે નૈયાયિકોને જેમ પૃથ્વીમાં જલાદિભેદ, જલમાં પૃથ્વીઆદિ દ્રવ્યનો ભેદ માન્ય છે તથા હજારો ઘડા વગેરેમાં ઘટત્વાદિરૂપે તુલ્યતા હોવા છતાં પણ નીલઘટત્વ, પીતઘટત્વ વગેરે રૂપે ભિન્નતા પણ નૈયાયિકોને માન્ય છે. તેમ જૈનોને પ્રથમસમય સર્વજ્ઞ-સિદ્ધ ભગવંતમાં અપ્રથમસમય સર્વજ્ઞ-સિદ્ધ ભગવંતનો ભેદ માન્ય છે. આવું જણાવવા માટે સર્વજ્ઞ અને સિદ્ધ ભગવંતના પ્રથમસમય સર્વજ્ઞઆદિ, અપ્રથમસમય સર્વજ્ઞઆદિ, ચરમસમય-અચરમસમય સયોગી સર્વજ્ઞ આદિ ભેદો **ઠાણાંગસૂત્ર** વગેરે આગમ ગ્રંથોમાં દર્શાવેલ છે. પ્રસ્તુતમાં 'પ્રથમ' શબ્દનો અર્થ શું સમજવો ? તે અંગે સ્પષ્ટતા માટે **વિશેષાવશ્યકભાષ્ય**ની **મલધારવ્યાખ્યા**ની એક વાતનું અહીં અનુસંધાન કરવા જેવું છે. ત્યાં શ્રી**હેમચંદ્રસૂરિ**જીએ જણાવેલ છે

1. असंसारसमापन्नजीवप्रज्ञापना द्विविधा प्रज्ञप्ता। तद् यथा – (१) अनन्तरसिद्धाऽसंसारसमापन्नजीवप्रज्ञापना च (२) परम्परसिद्धाऽसंसारसमापन्नजीवप्रज्ञापना च।

**किञ्च, सर्वज्ञत्वं सिद्धत्वञ्च सामान्यप्रत्यासत्त्यादिना यत्किञ्चित्कर्मक्षयेण चाऽस्मदादीनामप्यस्त्येवेति धर्मिविशेषे तन्नियमो रूपविशेषेण वाच्यः ।**

---

उच्यते" (वि.आ.भा.३१०८ वृ.) **विशेषावश्यकभाष्यमलधारवृत्ति**वचनमनुसन्धेयम्। तथा चेह सर्वज्ञादौ प्रयुज्यमानः असर्वज्ञादिशब्दः सर्वज्ञविशेषादिभेदपर इति न दोषः कश्चित्।

किञ्च, सर्वज्ञत्वं सिद्धत्वञ्च सामान्यप्रत्यासत्त्यादिना यत्किञ्चित्कर्मक्षयेण चाऽस्मदादीनामप्यस्त्येवेति धर्मिविशेषे सर्वज्ञत्वादिव्यवहारनियमः पूर्णसर्वज्ञत्वादिरूपविशेषेण वाच्यः। अयमाशयः – धूमत्वप्रत्यासत्त्या त्रैकालिकधूमानामिव सर्वज्ञत्वप्रभृतिप्रत्यासत्त्या त्रैकालिकसर्वज्ञ-सिद्धानां नैयायिकमते अलौकिकप्रत्यक्षं कस्यचित् सम्भवत्येव। तत्र चाऽस्मदादीनां विषयविधया भानं भवेत् । न चैतावताऽस्मदादिषु सर्वज्ञत्वादिव्यवहारः प्रामाणिकः भवति। एवं जैनमतानुसारेण ज्ञानावरणकर्म-निर्जरानिमित्तं सर्वज्ञत्वं कर्मसामान्यनिर्जरानिमित्तञ्च सिद्धत्वम् अस्मदादिषु स्त एव, प्रतिसमयं ज्ञानावरणाद्यष्टकर्मनिर्जरायाः जायमानत्वात्। तथा च सर्वज्ञत्वादिकम् अस्मदादिषु व्यवहर्तव्यं स्यात्।

---

કે "જે પદાર્થ જે ભાવસ્વરૂપે પૂર્વસમયે ન હતો અને હમણાં તે ભાવસ્વરૂપે ઉત્પન્ન થાય તો તે પદાર્થ તે ભાવસ્વરૂપે ત્યારે પ્રથમ કહેવાય." મતલબ કે સર્વજ્ઞત્વ આદિ સ્વરૂપે જે સમયે જે આત્મા બને તે સમયે તે આત્માને પ્રથમસમય-સર્વજ્ઞ આદિ તરીકે કહેવાય. તથા ત્યારે તે અપ્રથમસમયસર્વજ્ઞાદિથી ભિન્ન જ કહેવાય. અર્થાત્ ત્યારે તે અપ્રથમસમયરૂપે સર્વજ્ઞ નથી પણ અસર્વજ્ઞ છે. તેથી અહીં સર્વજ્ઞમાં પ્રયોજાતો 'અસર્વજ્ઞ' શબ્દ સર્વજ્ઞસામાન્યપ્રતિયોગિક અન્યોન્યાભાવને બદલે સર્વજ્ઞવિશેષપ્રતિયોગિક અન્યોન્યાભાવને દર્શાવી શકે છે. આવું માનવામાં આગમવિરોધ વગેરે દોષોને અવકાશ નથી.

## છદ્મસ્થ જીવ પણ સર્વજ્ઞ

(**किञ्च.**) વળી, સર્વજ્ઞત્વ અને સિદ્ધત્વ સામાન્યપ્રત્યાસત્તિ દ્વારા અને અમુક કર્મનિર્જરા દ્વારા આપણામાં પણ છે જ. તેથી અમુક જ વ્યક્તિમાં અમુક જ = પૂર્ણસર્વજ્ઞત્વાદિ સ્વરૂપે સર્વજ્ઞત્વાદિના વ્યવહારનું નિયમન નૈયાયિકે કરવું પડશે. આશય એ છે કે નૈયાયિકના મત મુજબ જેમ ધૂમત્વનામક સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિ દ્વારા ત્રણેય કાળના તમામ ધૂમોનું અલૌકિક પ્રત્યક્ષ થાય છે. તેમ સર્વજ્ઞત્વ વગેરે સ્વરૂપ સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિ દ્વારા ત્રણેય કાળના તમામ સર્વજ્ઞોનું તથા ત્રણેય કાળના તમામ સિદ્ધોનું અલૌકિક પ્રત્યક્ષ થઈ શકે છે. આપણે પણ ભવિષ્યમાં ક્યારેક સર્વજ્ઞ બનશું તથા સિદ્ધ થઈશું. તેથી નૈયાયિકના સિદ્ધાંત મુજબ આપણા જેવા અજ્ઞ-અલ્પજ્ઞ જીવો પણ સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિ દ્વારા સર્વજ્ઞસ્વરૂપે અને સિદ્ધસ્વરૂપે, યોગી પુરુષને અલૌકિક પ્રત્યક્ષમાં જણાઈ જ જશે. પરંતુ નૈયાયિકમત અનુસાર આપણો સર્વજ્ઞ કે સિદ્ધ તરીકે વ્યવહાર થતો નથી. એ જ રીતે જૈનદર્શનના સિદ્ધાંત મુજબ જ્ઞાનાવરણાદિ ઘાતિ કર્મ રવાના થવાથી જીવ સર્વજ્ઞ બને છે તથા સર્વ કર્મ સંપૂર્ણતયા રવાના થવાથી જીવ સિદ્ધ બને છે. આપણામાં પણ સર્વ કર્મની પ્રતિસમય, નિર્જરા કોઈને કોઈ (= આંશિક, પ્રબળ, સકામ, અકામ, સાનુબંધ, નિરનુબંધ વગેરે) પ્રકારે થતી જ હોય છે. તેથી યત્કિંચિત્ જ્ઞાનાવરણાદિ કર્મનિર્જરાની અપેક્ષાએ આપણામાં પણ જ્ઞાનાવરણકર્મનિર્જરાપ્રયુક્ત સર્વજ્ઞત્વ અને કર્મસામાન્યનિર્જરાનિમિત્તક

**तथा च रूपान्तरेण तदभावोऽवर्जनीय एवेत्यकामेनाऽप्येतदनेकान्तः परेण श्रद्धेयः।**

न चाऽऽर्यजनेषु अस्मदादीनां तादृशव्यवहार इष्टः। अतः घातिकर्मशून्ये पुरुषे निजस्वरूपापेक्षया सर्वज्ञत्वं सकलकर्मप्रक्षयवति च निजस्वरूपापेक्षया सिद्धत्वं व्यवहर्तव्यम्।

यद्वाऽस्मदादिषु आंशिकरूपेण सर्वज्ञत्वं सत्त्व-प्रमेयत्वादिप्रकारेण सर्वज्ञातृत्वलक्षणम्, आंशिकरूपेण सिद्धत्वं च विवक्षितकर्मांशशून्यत्वलक्षणं स्त एव। तथा घातिकर्मशून्ये कृत्स्नकर्मशून्ये चात्मनि पूर्णरूपेण सर्वज्ञत्वं सिद्धत्वं च यथाक्रममभ्युपगन्तव्यम्। तथा च रूपान्तरेण तदभावोऽवर्जनीय एवेत्यकामेनाऽप्येतदनेकान्तः परेण श्रद्धेयः। एवं हि पूर्णसर्वज्ञादौ आंशिकरूपेण परस्वरूपापेक्षया च सर्वज्ञत्वाद्यभावस्य अस्मदादिषु चांऽऽशिकरूपेण सर्वज्ञत्वादेः सिद्धिरनाविलैव। धर्मिविशेषपदेन अस्मदादीनां पूर्णसर्वज्ञादिकोटितो व्यवच्छेदान्न सर्वज्ञादिव्यवहाररूढत्वम्। रूपविशेषपदेन च पररूप-व्यवच्छेदान्न सर्वज्ञादीनां सर्वथा तत्त्वम्।

મુક્તત્વ = સિદ્ધત્વ રહેલ છે. તેથી આપણામાં સર્વજ્ઞ કે સિદ્ધ તરીકે વ્યવહાર થવો જોઈએ. પરંતુ જૈનમત મુજબ પણ આપણામાં તેવો વ્યવહાર માન્ય નથી. જૈનદર્શન મુજબ સર્વજ્ઞત્વ તથા સિદ્ધત્વ આપણામાં હોવા છતાં સામાન્યતયા આપણે અસર્વજ્ઞ અને અસિદ્ધ તરીકે આર્યજનોમાં માન્ય છીએ. તે કારણે સર્વજ્ઞત્વનું અને સિદ્ધત્વનું નિયમન ચોક્કસ પ્રકારના સ્વરૂપે, ચોક્કસ પ્રકારની વ્યક્તિને વિશે કરવું જરૂરી છે. આમ વ્યક્તિવિશેષમાં = ઘાતિકર્મશૂન્ય આત્મામાં અમુક સ્વરૂપે = નિજ સ્વરૂપે સર્વજ્ઞત્વનો સ્વીકાર કરવાથી અન્ય સ્વરૂપે = પરરૂપે સર્વજ્ઞત્વનો અભાવ માનવો જ પડશે. તથા વ્યક્તિવિશેષમાં (= અષ્ટકર્મશૂન્ય આત્મામાં) અમુક સ્વરૂપે (= સ્વસ્વરૂપે) સિદ્ધત્વનો સ્વીકાર કરવાથી, પરસ્વરૂપે તેમાં સિદ્ધત્વનો અભાવ માનવો જ પડશે. આથી સર્વજ્ઞમાં અને સિદ્ધમાં પરસ્વરૂપે ક્રમશઃ સર્વજ્ઞત્વનો અભાવ અને સિદ્ધત્વનો અભાવ ત્યાજ્ય નહીં જ બને.

**(यद्वा.)** અથવા 'આપણામાં સત્ત્વ-પ્રમેયત્વાદિરૂપે સર્વ વસ્તુની જાણકારી સ્વરૂપ આંશિક સર્વજ્ઞત્વ અને વિવક્ષિતકર્માંશશૂન્યત્વસ્વરૂપ આંશિક સિદ્ધત્વ રહે જ છે. તથા ઘાતિકર્મશૂન્યમાં પૂર્ણસ્વરૂપે સર્વજ્ઞત્વ રહે અને સર્વકર્મશૂન્ય આત્મામાં પૂર્ણરૂપે સિદ્ધત્વ રહે' - આમ વ્યક્તિવિશેષમાં વિશેષ રૂપે નિયમ બનાવવો જરૂરી છે. તેવું માનવામાં આવે તો આપણામાં આંશિકરૂપે સર્વજ્ઞત્વાદિ રહેશે તથા પૂર્ણરૂપે સર્વજ્ઞત્વાદિનો અભાવ આદિ રહેશે. તથા પૂર્ણતયા સર્વજ્ઞમાં ફક્ત આંશિકરૂપે સર્વજ્ઞત્વાભાવ રહેશે અને પૂર્ણતયા સિદ્ધ આત્મામાં ફક્ત આંશિકરૂપે સિદ્ધત્વાભાવ રહેશે. આમ ઈચ્છા ન હોવા છતાં સર્વજ્ઞમાં પણ અસર્વજ્ઞતા સ્વરૂપ અનેકાંત તથા સિદ્ધમાં પણ અસિદ્ધતા સ્વરૂપ અનેકાંત નૈયાયિકે માન્ય કરવો જ પડશે. 'ધર્મિવિશેષ' શબ્દ દ્વારા સર્વજ્ઞકોટિમાંથી તથા સિદ્ધકક્ષામાંથી આપણી બાદબાકી થઈ જાય છે. તેથી આપણામાં સર્વજ્ઞત્વ આદિનો વ્યવહાર રૂઢ નથી. તથા 'રૂપવિશેષ' શબ્દથી સર્વજ્ઞમાંથી તથા સિદ્ધમાંથી પરસ્વરૂપની (= પરકીય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની તથા આંશિક સર્વજ્ઞત્વની અને આંશિક સિદ્ધત્વની) બાદબાકી થાય છે. તેથી સર્વજ્ઞમાં અને સિદ્ધમાં પરસ્વરૂપની અપેક્ષાએ અસર્વજ્ઞત્વ અને અસિદ્ધત્વ માન્ય છે. તેમાં સર્વથા સર્વજ્ઞત્વાદિ નથી. આમ સિદ્ધ થાય છે.

**रूपविशेषविशिष्टस्य विधि-नियमौ धर्मिणः शुद्धस्य वा रूपविशेषेण वाच्यावित्यत्र रुचिभेद एव प्रमाणम्।**

***अथ*** पूर्णाऽऽशिकसर्वज्ञत्वादिलक्षणधर्मविशेषस्य उद्देश्यतावच्छेदककोटौ प्रवेशः अभ्युपगम्यते, न तु विधेयकोटौ। ततश्च पूर्णसर्वज्ञत्वविशिष्टस्य सर्वज्ञत्वविधिः आंशिकसर्वज्ञत्वविशिष्टस्य च सर्वज्ञत्वनिषेधः व्यवहर्तव्य इति नियमाद् नाऽनेकान्तरूपता सर्वज्ञादौ सिध्यतीति ***चेत्*** ?

***मैवम्,*** पूर्णाऽऽशिकसर्वज्ञत्वादिधर्मविशेषविशिष्टस्य धर्मिणः सर्वज्ञत्वादिविधि-नियमौ शुद्धस्य वा धर्मिणः पूर्णाऽऽशिकत्वादिधर्मविशेषेण तौ वाच्यावित्यत्र विनिगमनाविरहेण रुचिभेद एव प्रमाणम्। अतः 'पूर्णसर्वज्ञत्वादिविशिष्टः सर्वज्ञादिरूपेण अस्ति, आंशिकसर्वज्ञत्वादिविशिष्टश्च सर्वज्ञादिरूपेण

## ❀ વિશિષ્ટ વસ્તુનો વિધિ-નિષેધ : નૈયાયિક ❀

**પૂર્વપક્ષ** :- (अथ.) 'સર્વજ્ઞ વગેરેમાં પોતાના સ્વરૂપની અપેક્ષાએ સર્વજ્ઞતા વગેરે ગુણધર્મો રહેલા છે તથા પરરૂપની અપેક્ષાએ અસર્વજ્ઞતા આદિ ગુણધર્મો રહેલા છે' - આવું માનવાને બદલે 'પૂર્ણસર્વજ્ઞત્વાદિ ધર્મવિશેષથી યુક્ત વ્યક્તિમાં પ્રસિદ્ધ એવા સર્વજ્ઞત્વ આદિ ગુણધર્મો વિદ્યમાન છે. તથા આંશિકસર્વજ્ઞત્વાદિ-ધર્મવિશિષ્ટમાં પ્રસિદ્ધ સર્વજ્ઞત્વ આદિ વિદ્યમાન નથી' - આવું માનવું વ્યાજબી છે. તેથી 'સર્વજ્ઞ વગેરે પરસ્વરૂપની = અંશમાત્રજ્ઞાતૃત્વાદિધર્મની અપેક્ષાએ અસર્વજ્ઞ આદિ સ્વરૂપે રહેલા છે' - તેવું માનવાની જરૂર નહિ રહે. તેથી વગર ઈચ્છાએ સર્વજ્ઞનિષ્ઠ અસર્વજ્ઞતાસ્વરૂપ અનેકાંતનો સ્વીકાર કરવાની અમારે આવશ્યકતા નહિ રહે. આમ પૂર્ણસર્વજ્ઞત્વાદિનો અને આંશિક સર્વજ્ઞત્વાદિનો વિધેયરૂપે નહિ પણ ઉદ્દેશ્યતાઅવચ્છેદકરૂપે પ્રવેશ કરવાથી અનેકાંતરૂપતાનો સ્વીકાર આવશ્યક નહિ બને. તેથી સર્વજ્ઞને અસર્વજ્ઞ માનવાનો કે સિદ્ધને અસિદ્ધ માનવાનો અનેકાંત અસિદ્ધ બનશે.

## ❀ નૈયાયિક મતમાં વિનિગમનાવિરહ ❀

**ઉત્તરપક્ષ** :- (मैव.) જેમ 'ઘાતિકર્મક્ષયવિશિષ્ટ આત્મા સર્વજ્ઞ છે' આમ કહેવું કે 'ઘાતિકર્મક્ષય-વિશિષ્ટત્વેન આત્મામાં સર્વજ્ઞત્વ છે' - આમ કહેવું તેમાં કોઈ પ્રમાણ કે તર્ક નિયામક નથી. પરંતુ વક્તાની વિશેષ પ્રકારની રુચિ એ જ તેમાં નિયામક છે; તેમ પ્રસ્તુત સ્થળે 'પૂર્ણસર્વજ્ઞત્વધર્મથી યુક્ત વ્યક્તિ સર્વજ્ઞ છે. આંશિકસર્વજ્ઞત્વધર્મથી વિશિષ્ટ વ્યક્તિ સર્વજ્ઞ નથી' - આ પ્રમાણે વિધિ-નિષેધનો સ્વીકાર કરવો કે સ્વ-પરરૂપનો વ્યક્તિના વિશેષણ તરીકે ઉલ્લેખ કર્યા વિના 'મહાવીર સ્વામી (= સર્વજ્ઞ તરીકે પ્રસિદ્ધ વ્યક્તિ = શુદ્ધ ધર્મી) પૂર્ણસર્વજ્ઞત્વધર્મની અપેક્ષાએ સર્વજ્ઞ છે, માત્ર આંશિકસર્વજ્ઞત્વધર્મની અપેક્ષાએ સર્વજ્ઞ નથી' - આ પ્રમાણે વિધિ-નિષેધનો સ્વીકાર કરવો - તેમાં કોઈ પ્રત્યક્ષ, અનુમાન આદિ પ્રમાણ કે કોઈક મજબૂત તર્ક નિયામકસ્વરૂપે વિદ્યમાન નથી. પરંતુ વાદીની અને પ્રતિવાદીની રુચિવિશેષ જ અહીં શરણભૂત છે. બન્નેમાંથી એક પણ પક્ષમાં વિનિગમના ન હોવાથી પૂર્ણસર્વજ્ઞત્વધર્મનો અને આંશિકસર્વજ્ઞત્વધર્મનો વિધેય રૂપે સ્વીકાર કરવાની અમારી અનેકાંતવાદીની માન્યતાનો અપલાપ નૈયાયિક કરી શકે તેમ નથી. તેથી 'પૂર્ણસર્વજ્ઞત્વાદિવિશિષ્ટમાં પ્રસિદ્ધ સર્વજ્ઞત્વ હાજર છે. તથા આંશિક-સર્વજ્ઞત્વાદિવિશિષ્ટમાં પ્રસિદ્ધ સર્વજ્ઞત્વ હાજર નથી' - આ વાત જેમ તમે નૈયાયિકો માનો છો, તેમ

**तृतीयान्तोल्लिख्यमानधर्मावच्छिन्नता निषेधस्येव विधेरपि युक्तैवेति तु अनुभवावलम्बि अस्मदीयं मतम् ।।१४-१५।।**

नास्ती'तिवत् 'सर्वज्ञः पूर्णसर्वज्ञत्वरूपेण अस्ति, आंशिकसर्वज्ञत्वरूपेण च नास्ति' इत्यस्याऽप्यवश्यम् अभ्युपगन्तव्यत्वेन प्रतिवस्तु अनेकान्तरूपता अनाविलैव।

तृतीयान्तोल्लिख्यमानधर्मावच्छिन्नता 'घटत्वेन घटो नास्ती'त्यत्र निषेधस्येव 'घटत्वेन घटोऽस्ती'त्यत्र विधेरपि युक्तैवेति 'सर्वज्ञः पूर्णसर्वज्ञत्वादिलक्षणनिजस्वरूपेण अस्ति आंशिकसर्वज्ञत्वादिलक्षणपरस्वरूपेण च नास्ती'ति प्रतीत्या परस्वरूपेण सर्वज्ञस्याऽपि असर्वज्ञता अनाविला, 'घटः पटत्वेन नास्ती'ति प्रतीत्या 'घटः पटत्वेन अघटः' इति सिद्धिवत्, **सौंदड-शिरोमणि**प्रभृतिस्वीकृतस्य व्यधिकरणधर्मावच्छिन्नप्रतियोगिताकाभावस्याऽपि प्रामाणिकत्वादिति तु अनुभवावलम्बि अस्मदीयं मतम्।

અમે સ્યાદ્વાદી પણ માનીએ છીએ. પરંતુ 'સર્વજ્ઞ તરીકે સંમત મહાવીરસ્વામી આદિ વ્યક્તિ પોતાના સ્વરૂપની અપેક્ષાએ સર્વજ્ઞ છે, પરરૂપની અપેક્ષાએ અસર્વજ્ઞ છે' - આવી અમારી વાતને તમારે પણ સ્વીકારવી આવશ્યક છે. જેનો સ્વીકાર કરવામાં (પોતાની માન્યતા છોડવા સિવાય) કોઈ બાધ ન આવતો હોય તો તેનો સ્વીકાર કરવામાં મધ્યસ્થ પ્રાજ્ઞ વ્યક્તિને ખચકાટ થવો ન જોઈએ. આથી દરેક વસ્તુની અનેકાંતરૂપતા નિર્વિવાદ સિદ્ધ થાય છે.

### વિધિ-નિષેધ ધર્મવિશેષથી અવચ્છિન્ન

(तृतीया.) **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજ સ્વરસવાહી અનુભવનું અવલંબન કરનાર સ્વમતને જણાવતા દ્રવ્ય-ગુણ-પર્યાયરાસના સ્તબકમાં કહે છે કે - તૃતીયા વિભક્તિ જેના છેડે રહેલ હોય તેવા પદ દ્વારા ઉલ્લિખ્યમાન ધર્મથી અવચ્છિન્નતા નિષેધની જેમ વિધિમાં પણ યુક્તિસંગત જ છે. આશય એ છે કે ઘટશૂન્ય ભૂતલમાં 'घटत्वेन घटो नास्ति' આ પ્રતીતિના આધારે ઘટત્વઅવચ્છિન્નપ્રતિયોગિતાક અભાવનો નૈયાયિક સ્વીકાર કરે છે. આ વાતને ધ્યાનમાં રાખી મહોપાધ્યાયજી મહારાજ કહે છે કે ઘટત્વથી અવચ્છિન્ન નાસ્તિત્વની જેમ 'घटत्वेन घटोऽस्ति' - આ પ્રતીતિના આધારે ઘટત્વઅવચ્છિન્ન અસ્તિત્વનો (= વિધિનો) સ્વીકાર કરવો સંગત જ છે. તેથી પ્રસ્તુતમાં એવું સમજી શકાય છે કે 'सर्वज्ञः पूर्णसर्वज्ञत्वादिलक्षणनिजस्वरूपेण अस्ति आंशिकसर्वज्ञत्वादिलक्षणपरस्वरूपेण च नास्ति' આ પ્રતીતિ દ્વારા નિજસ્વરૂપઅવચ્છિન્ન સર્વજ્ઞનું અસ્તિત્વ અને પરકીયસ્વરૂપઅવચ્છિન્ન સર્વજ્ઞનું નાસ્તિત્વ-આ બન્નેનો સમાન રીતે સ્વીકાર કરવો યુક્તિયુક્ત છે - આ પ્રમાણે ફલિત થાય છે. તાત્પર્ય એ છે કે 'સર્વજ્ઞ હાજર હોવા છતાં પણ પરકીયસ્વરૂપઅવચ્છિન્ન સર્વજ્ઞનિષ્ઠપ્રતિયોગિતાનિરૂપક અત્યન્તાભાવ હાજર છે' આવું કહેવાથી 'સર્વજ્ઞ પરરૂપે અસર્વજ્ઞ છે' - તેમ અનાયાસે સિદ્ધ થાય છે. જેમ ઘટત્વરૂપે ઘટ હાજર છે. તેમ પટત્વરૂપે પણ ઘટ હાજર હોય તો 'पटत्वेन घटो नास्ति' તેવું બોલી ન શકાય. પરંતુ તેવો વ્યવહાર અને પ્રતીતિ તો થાય છે. વ્યધિકરણધર્મઅવચ્છિન્નપ્રતિયોગિતાક અભાવ **સૌંદડ, રઘુનાથ શિરોમણિ** વગેરે નૈયાયિકની જેમ જૈનમતમાં માન્ય છે. આ વાત **સ્યાદ્વાદરહસ્ય, સ્યાદ્વાદકલ્પલતા, અષ્ટસહસ્રીતાત્પર્યવિવરણ** વગેરે ગ્રંથો દ્વારા જિજ્ઞાસુએ જાણી લેવી. તેનાથી ફલિત થાય છે કે ઘટ પટત્વરૂપે

**यच्चोक्तं 'येन प्रमाणेन सर्वस्याऽनेकान्तरूपता प्रसाध्यते तस्य कुतोऽनेकान्तरूपतासिद्धिः स्यात् ?' इत्यादि, तत्रोच्यते – प्रमेयं द्विधा चेतनमचेतनञ्च। तत्राऽचेतनं स्व-पराध्यवसायविकलं न स्वस्य एकान्तरूपताम् अनेकान्तरूपतां (वा) परिच्छेत्तुमलम् । चेतनन्तु अर्थस्यानेकान्ततां परिच्छिन्दत् स्वस्याऽप्यनेकान्तरूपतां**

---

प्रकृते "सर्वज्ञोऽपि स्वकेवलज्ञानापेक्षया सर्वज्ञः, सांसारिकजीवज्ञानापेक्षया त्वसर्वज्ञः। यदि तदपेक्षयाऽपि सर्वज्ञः स्यात् तदा सर्वजीवानां सर्वज्ञत्वप्रसङ्गः, सर्वज्ञस्याऽपि छाद्मस्थिकज्ञानित्वप्रसङ्गो वा। सिद्धोऽपि स्वकर्मपरमाणुसंयोगक्षयापेक्षया सिद्धः, परजीवकर्मसंयोगापेक्षया त्वसिद्धः। यदि तदपेक्षयाऽपि सिद्धः स्यात्, तदा सर्वजीवानां सिद्धत्वप्रसक्तिः स्याद्" (ष.द.स.श्लो.५७ वृ.) इति **षड्दर्शनसमुच्चयबृहद्वृत्तिप्रबन्धः** स्मर्तव्यः।।१४-१५।।

यच्चोक्तं 'येन प्रमाणेन सर्वस्याऽनेकान्तरूपता प्रसाध्यते तस्य कुतोऽनेकान्तरूपतासिद्धिः स्यात् ?' इत्यादि तत्रोच्यते – प्रमेयं द्विधा चेतनमचेतनञ्च। तत्राऽचेतनं स्व-पराध्यवसायविकलं न स्वस्य एकान्तरूपताम् अनेकान्तरूपतां वा परिच्छेत्तुमलम्। चेतनन्तु अर्थस्यानेकान्तरूपतां परिच्छिन्दत्

---

અઘટ છે. તેથી જ 'પટત્વરૂપે ઘટ નથી' - એવું બોલી શકાય છે. આમ ઘટ હાજર હોવા છતાં 'पटत्वेन घटो नास्ति' - આવી પ્રતીતિ દ્વારા 'ઘટ પટત્વરૂપે અઘટ છે' - તેવું સિદ્ધ થાય છે. તેમ અહીં 'સર્વજ્ઞ પરસ્વરૂપે અસર્વજ્ઞ છે' - તેમ અર્થઘટન કરી લેવું.

**(प्रकृते.)** અહીં **ષડ્દર્શનસમુચ્ચયબૃહદ્વૃત્તિ**નો પ્રબંધ યાદ કરવો. ત્યાં જણાવેલ છે કે "સર્વજ્ઞ પણ પોતાના જ્ઞાનની અપેક્ષાએ સર્વજ્ઞ છે. સાંસારિક જીવના જ્ઞાનની અપેક્ષાએ તે સર્વજ્ઞ નથી જ. જો સંસારી જીવના જ્ઞાનની દૃષ્ટિએ પણ તે સર્વજ્ઞ હોય તો સર્વ જીવો સર્વજ્ઞ બની જવાની આપત્તિ આવે અથવા સર્વજ્ઞ પણ છદ્મસ્થજ્ઞાની થવાની આપત્તિ આવે. તે જ રીતે સિદ્ધ પણ પોતાના કર્મદલિકોના સંયોગનો ક્ષય કરવાની અપેક્ષાએ સિદ્ધ છે. અન્ય જીવના કર્મપુદ્ગલોના સંયોગની અપેક્ષાએ તે સિદ્ધ નથી જ. જો તેની દૃષ્ટિએ પણ તે સિદ્ધ હોય તો સર્વ જીવોને સિદ્ધ માનવાની આપત્તિ આવે."

### ❀ અનેકાંતરૂપતાગ્રાહક પ્રમાણમાં અનવસ્થા અયુક્ત ❀

**(यच्चोक्तं.)** **(૧૬)** "જે પ્રમાણ દ્વારા 'તમામ પદાર્થો અનેકાંતસ્વરૂપ છે' - તેવું સિદ્ધ કરાય છે તે પ્રમાણ સ્વયં અનેકાંતસ્વરૂપ છે, તે વાત કઈ રીતે સિદ્ધ થશે ?" ઈત્યાદિ રૂપે જણાવેલ સોળમા દોષનું નિરાકરણ આ રીતે સમજવું. પ્રમાવિષયીભૂત પ્રમેય બે પ્રકારના છે - ચેતન અને અચેતન. તેમાં અચેતન પ્રમેય સ્વ-પરસંબંધી અધ્યવસાયથી શૂન્ય છે. તેથી જડ પ્રમેય પોતાની એકાંતરૂપતાનો કે અનેકાંતરૂપતાનો નિર્ણય કરવા માટે સમર્થ નથી. જ્યારે ચેતન પ્રમેય તો પદાર્થની અનેકાંતરૂપતાનો નિશ્ચય કરવાના સમયે પોતાની પણ અનેકાંતરૂપતાનો નિશ્ચય કરી લે છે. જેમ કે सर्वं (= પક્ષ) अनेकान्तात्मकं (= સાધ્ય) सत्त्वात् (= હેતુ), चित्ररूपवत् (= દૃષ્ટાન્ત) - આ પ્રમાણે તમામ પદાર્થોની અનેકાંત-રૂપતાને સિદ્ધ કરનાર અનુમાન પ્રમાણમાં 'સર્વ' શબ્દથી ઉલ્લિખ્યમાન પક્ષની અંદર તે અનુમાન પ્રમાણનો પણ સમાવેશ થઈ જાય છે. તથા પ્રમાણ તો સ્વ-પરવ્યવસાયી હોય છે. અર્થાત્ પર પદાર્થના સ્વરૂપની જેમ પોતાના (= સ્વાત્મક પ્રમાણના) સ્વરૂપનો પણ નિશ્ચય પ્રમાણ પોતે જ કરે છે. તેથી પ્રસ્તુત અનુમાન પ્રમાણ જેમ

**परिच्छिनत्ति। 'सर्वमनेकान्तात्मकं सत्त्वादि'त्यत्र स्वस्याऽपि सर्वमध्ये निक्षेपात् स्व-परव्यवसायिना प्रमाणेन परस्येव स्वस्याऽपि चित्ररूपताया अनुभवादिति क्व ग्राहकानवस्था ?**

***यदपि* "अनेकान्तेऽप्यनेकान्तः तत्राऽप्यनेकान्तः इत्यादि ग्राह्यानवस्थायामेव तात्पर्यम्" ( ) इत्यादि *पशुपालेन* प्रेर्यते,**

स्वस्याऽप्यनेकान्तरूपतां परिच्छिनत्ति। 'सर्वमनेकान्तात्मकं सत्त्वादि'त्यत्र स्वस्याऽपि सर्वमध्ये निक्षेपात् स्व-परव्यवसायिना प्रमाणेन परस्येव स्वस्याऽपि चित्ररूपताया अनुभवादिति क्व ग्राहकानवस्था ?

यद्यपि पूर्वपक्षिणा प्रमाणस्य अनेकान्तरूपत्वेऽनवस्था आपादिता उत्तरपक्षे तु 'प्रमेयं द्विधा' इत्यादिना उपक्रम्य समाधानमाविष्कृतं तथापि नाऽत्र 'आम्रान् पृष्टः कोविदारान् आचष्टे' इति न्यायस्य अवकाशः, प्रमाणस्याऽपि प्रमेयत्वात्, प्रमाणात्मकं प्रमेयम् अवलम्ब्य समाधानस्य प्रवृत्तत्वादित्यवधेयम्।

***यदपि*** "अनेकान्तेऽप्यनेकान्तः तत्राऽप्यनेकान्तः इत्यादि ग्राह्यानवस्थायामेव तात्पर्यम्" ( ) इत्यादि **पशुपालेन** प्रेर्यते,

પક્ષઅંતર્ગત પરપદાર્થની અનેકાંતરૂપતાનો નિશ્ચય કરાવશે, તેમ પક્ષઅંતર્ગત પોતાની (સ્વાત્મક અનુમાન પ્રમાણની) અનેકાંતાત્મકતાનો (= ચિત્રસ્વરૂપતાનો) નિશ્ચય કરાવી જ દેશે. તેથી આમાં અનેકાંતરૂપતાગ્રાહક પ્રમાણની અનવસ્થાને ક્યાં અવકાશ છે ? તેથી પૂર્વે સોળમા દોષના આક્ષેપ વખતે જે ગ્રાહકઅનવસ્થાનું ઉદ્ભાવન એકાંતવાદીએ કરેલ તે અસંગત સિદ્ધ થાય છે.

### ❋ પ્રમાણ પણ પ્રમેયાત્મક ❋

**(यद्यपि.)** જો કે પૂર્વપક્ષીએ તો પ્રમાણમાં અનેકાન્તતાને લઈને અનવસ્થા દોષ દેખાડેલ છે. જ્યારે ઉત્તરપક્ષમાં તો 'પ્રમેય બે પ્રકારે છે' - ઈત્યાદિથી શરૂઆત કરીને સમાધાન પ્રગટ કરેલ છે. તેમ છતાં પણ અહીં 'સવાલ જુદી દિશાનો છે અને જવાબ જુદી દિશાનો છે.' આવી ઉક્તિને અવકાશ નથી. 'આંબાના ઝાડની બાબતમાં પૂછવામાં આવે ત્યારે કોવિદાર = કુદ્દાલ નામના ઝાડનો જવાબ આપે' - તેવી અર્થાન્તરદ્યોતક ઉક્તિને પણ પ્રસ્તુતમાં અવકાશ નથી. આનું કારણ એ છે કે પ્રમાણ પણ એક પ્રકારનું પ્રમેય જ છે. એટલે કે પ્રમાણાત્મક પ્રમેયને લઈને ઉત્તરપક્ષનું સમાધાન પ્રવૃત્ત થયેલ છે. ચેતનદ્રવ્ય પ્રમાણાત્મક પણ છે તથા પ્રમેયરૂપ પણ છે. આમ પ્રમેયાત્મક ચેતનદ્રવ્ય પ્રમાણસ્વરૂપ હોવાથી તેનું અવલંબન લઈને પ્રવૃત્ત થયેલ ઉત્તરપક્ષ ન્યાયસંગત જ છે.

### ❋ પશુપાલમતનું નિરૂપણ ❋

**(यदपि.) પશુપાલ** નામના એકાંતવાદી વિદ્વાન અનેકાન્તવાદી સામે આક્ષેપ કરતા જણાવે છે કે "જૈન વિદ્વાનો અનેકાન્તવાદી છે. તેથી તેમના મતે સર્વ વસ્તુ અનેકાન્તસ્વરૂપ છે. અહીં પ્રશ્ન એ થાય છે કે વસ્તુગત અનેકાન્તસ્વરૂપમાં અનેકાંતાત્મકતા છે કે એકાંતાત્મકતા ? જો વસ્તુમાં અનેકાંતાત્મકતા હોવા છતાં વસ્તુગત અનેકાંતસ્વરૂપમાં એકાંતરૂપતાને માનવામાં આવે તો સાર્વત્રિક અનેકાંતાત્મકતાનો ત્યાગ થઈ જશે. તથા વસ્તુગત અનેકાંતસ્વરૂપમાં અનેકાંતરૂપતા માનવામાં આવે તો ત્યાં પણ ફરી

*तदपि* तुच्छम्, अनेकान्ते अनेकान्तस्य समयाऽविराधनयैव आश्रयणात् । तदुक्तं *सम्मतौ* [1]"भयणा वि हु भइयव्वा जह भयणा भयइ सव्वदव्वाइं । एवं भयणा णियमो वि होइ ♦समयाविरोहेण।।" (स.त.३/२७)

---

*तदपि* तस्य पशुपालत्वमेव आवेदयति, अस्मदभिप्रायाऽनवगमात्, अनेकान्ते अनेकान्तस्य समयाऽविराधनयैव आश्रयणात्। तदुक्तं **सम्मतौ** अपि [1]"भयणा वि हु भइयव्वा जह भयणा भयइ सव्वदव्वाइं। एवं भयणा णियमो वि होइ समयाविरोहेण।।" (स.त.३/२७) इति।

प्रकृते तर्कपञ्चाननश्रीअभयदेवसूरिकृता **सम्मतितर्कगाथावृत्तिस्त्वेवम्** "यथा भजना = अनेकान्तो भजते = सर्ववस्तूनि तदतत्स्वभावतया ज्ञापयति तथा भजनाऽपि = अनेकान्तोऽपि भजनीयः =

---

એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે વસ્તુગત અનેકાંતસ્વરૂપમાં રહેલ અનેકાંતરૂપતામાં એકાન્તરૂપતા છે કે અનેકાંતરૂપતા? જો એકાંતરૂપતા હોય તો અનેકાન્તની સાર્વત્રિકતાનો ઉચ્છેદ થશે. તથા જો તેમાં અનેકાંતરૂપતા હોય તો તેમાં પણ અનેકાંતરૂપતા... આ પ્રમાણે ગ્રાહ્યવસ્તુસંબંધી અનેકાંતરૂપતામાં અનવસ્થા આવશે. આ પ્રમાણે અનેકાન્તવાદમાં ગ્રાહ્યઅનવસ્થા બતાવવાનું અમારું તાત્પર્ય છે."

### ⊛ પશુપાલમતનો નિરાસ ⊛

(तद.) **પશુપાલ** નામના વિદ્વાને પ્રમાણગ્રાહ્ય વસ્તુની અનેકાંતરૂપતાને વિશે જે અનવસ્થા દોષનું ઉદ્ભાવન જૈનો સમક્ષ કરેલ છે, તે તેનું પશુપાલપણું જ જણાવે છે. કેમ કે અમારો અભિપ્રાય તેને ખબર જ નથી. હકીકતમાં જૈન સિદ્ધાંતનો વિરોધ ન આવે તે રીતે અનેકાંતમાં પણ અમે જૈનો અનેકાંતનો સ્વીકાર કરીએ છીએ. તેથી જ **સંમતિતર્કપ્રકરણ** નામના ગ્રંથમાં શ્રી**સિદ્ધસેનદિવાકરજી**એ જણાવેલ છે કે "જેમ ભજના સર્વ દ્રવ્યોને વિભક્ત કરે છે તેમ ભજનામાં પણ વિભજન સમજી લેવું. તેથી સિદ્ધાન્તને વિરોધ ન આવે તે રીતે ભજના નિયમરૂપ પણ થઈ શકે છે." તેનો વિશેષાર્થ આ રીતે સમજવો કે "જેમ ભજના = અનેકાંત સર્વ વસ્તુને તદ્-અતત્સ્વભાવરૂપે જણાવે છે તેમ ભજના = અનેકાંત પણ તદ્-અતત્ સ્વભાવરૂપે ભજનીય છે. અર્થાત્ અનેકાંત પણ એકાન્ત-અનેકાંતસ્વરૂપે જણાવવા યોગ્ય છે. મતલબ કે 'નયની અપેક્ષાએ અનેકાંત એકાંતસ્વરૂપ છે તથા પ્રમાણની અપેક્ષાએ તે અનેકાંતસ્વરૂપ છે' - આ રીતે અનેકાંત ભજનીય = વિભજનીય = વિભાગપૂર્વક જણાવવા યોગ્ય છે. આ રીતે જ ભજના = અનેકાંત સંભવે છે. તથા જૈન આગમ સિદ્ધાંતનો વિરોધ ન આવે તે રીતે ભજના નિયમરૂપે = એકાંતરૂપે પણ સંભવે છે."

### ❀ અનેકાંતની અવ્યાપકતાનો ભય નિર્મૂળ ❀

(प्रकृते.) **સંમતિતર્ક** ગ્રંથની પ્રસ્તુત ગાથાની વ્યાખ્યા તર્કપંચાનન શ્રી**અભયદેવસૂરિજી** મહારાજે આ મુજબ કરેલ છે - "જૈન સિદ્ધાંતમાં 'આવું છે - આવું નથી' આ રીતે વિકલ્પોને બતાવવા માટે વારંવાર 'स्यात्' (= ભજના) શબ્દનો પ્રયોગ જોવા મળે છે. પરસ્પર વિરુદ્ધ વિકલ્પોની રજૂઆત એ જ સ્યાદ્વાદ કે અનેકાંતવાદ છે. માટે ગ્રંથકારે પણ અહીં અનેકાંત માટે 'ભજના' શબ્દનો પ્રયોગ કરેલ છે. તેઓ કહે

---

♦ કો.(૩) + લી.(૪) + સિ.માં 'समयाविराहणयत्ति' પાઠ. મુદ્રિતસમ્મતિતર્કમાં 'समयाविरोहेण' પાઠ.

1. भजना अपि हु भजनीया यथा भजना भजति सर्वद्रव्याणि। एवं भजनानियमोऽपि भवति समयाऽविरोधेन।।

अनेकान्तोऽप्यनेकान्त इत्यर्थः। नय-प्रमाणापेक्षया 'एकान्तश्चानेकान्तश्च' इत्येवं ज्ञापनीयः। एवं च भजना = अनेकान्तः सम्भवति नियमश्च = एकान्तश्च, सिद्धान्तस्य [1]"रयणप्पभा सिआ सासया, सियाऽसासया" (**जीवाजीवाभि**० प्रतिप० ३, उ. १, सू. ७८) इत्येवमनेकान्तप्रतिपादकस्य [2]"दव्वट्ठयाए सासया, पज्जवट्ठयाए असासया" ( ) इत्येवं चैकान्ताभिधायकाविरोधेन।

न चैवमव्यापकोऽनेकान्तवादः, 'स्यात्'पदसंसूचितानेकान्तगर्भस्यैकान्तस्य तत्त्वात्, अनेकान्तस्याऽपि 'स्यात्'कारलाञ्छनैकान्तगर्भस्य अनेकान्तस्वभावत्वात्।

न चानवस्था, अन्यनिरपेक्षस्वस्वरूपत एव तथात्वोपपत्तेः।

---

છે જે રીતે ભજના = અનેકાંત દ્રવ્ય-પર્યાય ઉભયાત્મક સર્વ વસ્તુઓનું વિભજન કરે છે (વિભજન = પ્રત્યેક વસ્તુ કથંચિત્ તત્સ્વભાવ છે અને કથંચિત્ અતત્સ્વભાવ છે), ઠીક એવી જ રીતે ભજનાનું પણ વિભજન સમજી લેવું. મતલબ એ કે અનેકાંત પણ અનેકાંતસ્વરૂપ છે. જેમ કે અનેકાન્ત એ નયની અપેક્ષાએ એકાંત પણ છે અને સર્વનયવિષયગ્રાહક પ્રમાણની અપેક્ષાએ અનેકાંત પણ છે. આ રીતે જે ભજના એટલે અનેકાંત છે તે કથંચિત્ નિયમસ્વરૂપ એટલે એકાંતાત્મક પણ હોઈ શકે છે. સિદ્ધાંતના સૂત્રોમાં અનેકાંતનું તેમજ અનેકાંતગર્ભિત એકાંતનું યથાસંભવ દર્શન થાય છે. જેમ કે **જીવાજીવાભિગમસૂત્ર**માં એક પ્રશ્નના જવાબમાં કહેલ છે કે "રત્નપ્રભા પૃથ્વી કથંચિત્ શાશ્વત છે અને કથંચિત્ અશાશ્વત છે." આ સૂત્રમાં સ્પષ્ટપણે અનેકાંત દેખાય છે. તે જ વિષયમાં 'શાશ્વત છે તો કેવી રીતે અને અશાશ્વત છે તો કેવી રીતે ?' આ પૃથક્ -પૃથક્ પ્રશ્નોના જવાબ **ભગવતીસૂત્ર**માં કહેવાયેલ છે કે 'દ્રવ્યાર્થતાથી શાશ્વત છે. પર્યાયાર્થતાથી અશાશ્વત છે.' અહીં સ્પષ્ટરૂપે અનેકાંતગર્ભિત એકાંતનું દર્શન થાય છે. કેમ કે પહેલાં જે શાશ્વત-અશાશ્વતનો અનેકાંત બતાડેલ છે, તેના જ એક-એક અંશને (=સર્વ અંશને) અહીં ગ્રહણ કર્યો છે. માટે અનેકાંતગર્ભતા ભજનામાં સ્પષ્ટ છે. તથા બીજી બાજુ દ્રવ્યાર્થતાથી માત્ર શાશ્વત જ કહેલ છે, નહીં કે શાશ્વતાશાશ્વત. તેમજ પર્યાયાર્થતાથી માત્ર અશાશ્વત જ કહેલ છે, નહીં કે શાશ્વતાશાશ્વત. માટે એકાંત પણ અહીં ઝળકે છે. આ રીતે સિદ્ધાંતના સૂત્રોમાં અનેકાંતનું તથા અનેકાંતઅંશભૂત એકાંતનું - એમ બન્નેનું દર્શન ઉપલબ્ધ થવાથી એમ પણ કહી શકાય કે પ્રમાણાત્મક આગમસૂત્રને અનુસરનારી ભજના અનેકાન્તસ્વરૂપ બને તથા નયાત્મક આગમસૂત્રની સાથે વિરોધ ન આવે તે રીતે પ્રવર્તતી ભજના એકાન્તરૂપ બને.

(**न चै.**) મનમાં એવો ભય રાખવો જરૂરી નથી કે 'અનેકાંતમાં રહેનાર એવા અનેકાંતથી ફલિત એકાંતનું માથું ઉંચકાઈ જવાથી તે અંશમાં તો અનેકાંત અવ્યાપક બની રહેશે.' આવો ભય ત્યારે જ સંભવે કે જો ફલિત એવો એકાંત અનેકાંતથી સર્વથા નિરપેક્ષ હોય. અહીં તો 'સ્યાત્ (કથંચિત્) શાશ્વત જ છે' - આવા પ્રકારનો જે એકધર્મઅવગાહી એકાંત છે, તે નિર્વિષસર્પતુલ્ય છે. તેનું ઝેર તો 'સ્યાત્' પદથી સૂચિત અનેકાંતરૂપી અમૃત-ઔષધિથી ધ્વસ્ત થયેલ છે. લોકમાં પ્રસિદ્ધ છે કે 'મારણાદિની વિધિમાંથી પસાર થયેલ ઝેર-ઔષધ બની જાય છે. અનેકાંત સ્વયં પણ 'સ્યાત્' પદાનુવિદ્ધ એવા એકાંતથી ગર્ભિત હોવાથી તેમાં અનેકાંતસ્વભાવ અંતર્ભૂત હોય જ છે. માટે અનેકાંતવાદ એ અવ્યાપક નથી.

### ❋ અનેકાન્તમાં અનવસ્થા નિરવકાશ ❋

(**न चा.**) જો આમ કહો - 'અનેકાંતમાં રહેનાર એવા અનેકાંતથી જે એકાંત ફલિત થાય છે,

---

1. रत्नप्रभा स्यात् शाश्वता, स्याद् अशाश्वता। 2. द्रव्यार्थतया शाश्वता, पर्यवार्थतया अशाश्वता।

यद्वा स्वरूपत एवाऽनेकान्तस्यैकान्तप्रतिषेधेनानेकान्तरूपत्वात् 'स्यादेकान्तः', 'स्यादनेकान्तः' इति कथं नाऽनेकान्तेऽनेकान्तोऽपि। अनेकान्तात्मकवस्तुव्यवस्थापकस्य तद्व्यवस्थापकत्वं स्वयमनेकान्तात्मकत्वमन्तरेणाऽनेकान्तस्याऽनुपपन्नमिति न तत्राऽव्यापकत्वादिदोष इत्यसकृदावेदितमेव" (स.त. काण्ड ३, गा. २७, पृ. ६३८) इति।

---

તેના ગર્ભમાં તમે જે અનેકાંત પ્રદર્શિત કરો છો, તેમાં પણ તમારે અનેકાંત માનવો પડશે. પરિણામસ્વરૂપે એક નવો અનેકાંત ફલિત થશે. તેને પણ તમે અનેકાંતગર્ભિત બતાવશો તો તે ગર્ભિત અનેકાંતમાં પણ અનેકાંત માનવું પડશે. આ રીતે અનેકાંતમાં પણ અનેકાંત, તેમાં પણ અનેકાંત...અંત જ નહીં આવે' - તો પણ તમારી આ વાત વ્યાજબી નથી, કેમકે અહીં અનેકાંતમાં અનેકાંત બતાવવા પાછળ તાત્પર્ય એ છે કે અનેકાંત તો પરસ્પરસાપેક્ષ એવા અનેક એકાંતથી ગર્ભિત હોય છે. તેનો મતલબ આવું તો ક્યારેય ન થાય કે અનેકાંત સ્વભિન્ન એક નવા અનેકાંત પર અવલમ્બિત હોય. અન્ય અનેકાંતથી નિરપેક્ષ જ અનેકાંતનું પોતાનું સ્વરૂપ હોય છે. અનેકાંત પોતાના સ્વરૂપથી જ અનેકાંતાત્મક હોય છે. માટે અનેકાન્તમાં અન્ય અન્ય અનેકાંતની અપેક્ષાથી સંભવિત અનવસ્થાને કોઈ જ અવકાશ નથી.

### ❯ અનેકાન્તમાં અનેકાન્ત ❯

(यद्वा.) અથવા, જ્યારે અનેકાંતનું સ્વરૂપ જ એકાંતનિષેધાત્મક છે તો અનવસ્થાને અવકાશ જ ક્યાંથી રહે ? એકાંતનિષેધ જ અનેકાંતની અનેકાંતસ્વરૂપતા છે. નવા કોઈ અનેકાંતને લાવી અનેકાંતરૂપતાનું ઉપપાદન કરવાનું જ નથી. તો પછી અનવસ્થા ક્યાંથી આવે ? અનેકાંતનું સ્વરૂપ 'स्याद् अनेकान्तः' છે. આનાથી ફલિત થાય છે 'स्याद् एकान्तोऽपि' અર્થાત્ કથંચિત્ એકાંત છે અને કથંચિત્ અનેકાંત છે. આ રીતે અનેકાંતના ભાંગાઓમાં સ્વયં જ અનેકાંત વ્યક્ત થાય છે. તેથી 'અનેકાંતમાં અનેકાંત છે' - આવું કહેવામાં શું દોષ છે ? બીજી વાત એ છે કે જ્યારે કોઈ પણ વસ્તુનું સ્વરૂપનિર્ધારણ અન્યથાનુપપત્તિથી ફલિત થાય છે, ત્યારે તેમાં કલ્પિત દોષો માટે સ્થાન નથી રહેતું. કેમ કે અન્યથાઅનુપપત્તિ બધા કરતાં ચડીયાતી છે. પ્રસ્તુતમાં વસ્તુમાત્રમાં અનેકાંતાત્મકતાની સ્થાપના કરનાર જે અનેકાંત(વાદ) છે તે સ્વયં જો અનેકાંતાત્મક ન હોય તો તેનાથી વસ્તુમાત્રમાં અનેકાંતાત્મકતાની સ્થાપનાનો સંભવ જ નથી. આમ વસ્તુમાં અનેકાંતાત્મકતાની સ્થાપનાની અન્યથાઅનુપપત્તિથી જ્યારે અનેકાંતમાં અનેકાંતાત્મકતા સિદ્ધ થતી હોય તો ત્યાં અવ્યાપકતા કે અનવસ્થાદિ દોષ નિસ્તેજ છે."

### ⁂ અનેકાંત પણ અનેકાંતસ્વરૂપ ⁂

**સ્પષ્ટતા** :- **જીવાભિગમસૂત્ર**માં "रयणप्पभा सिआ सासया, सिआ असासया" આ પ્રમાણે કહેવા દ્વારા એવું જણાવે છે કે રત્નપ્રભા પૃથ્વી કથંચિત્ શાશ્વત છે તથા કથંચિત્ અશાશ્વત છે. આમ ગ્રાહ્યસંબંધી = પ્રમેયસંબંધી અનેકાંતરૂપતાનો સિદ્ધાંત જણાવેલ છે. તથા "दव्वट्ठयाए सासया, पज्जवट्ठयाए असासया" આ સૂત્ર રત્નપ્રભા પૃથ્વીને દ્રવ્યાર્થિકનયથી શાશ્વત તથા પર્યાયાર્થિકનયથી અશાશ્વત જણાવે છે. અર્થાત્ નયની અપેક્ષાએ પ્રમેયાત્મક પૃથ્વીમાં એકાંત છે, નિયતરૂપતા છે. પ્રથમ સૂત્ર પ્રમાણસ્વરૂપ છે. દ્વિતીય સૂત્ર નયસ્વરૂપ છે. આમ પ્રમાણની અપેક્ષાએ પ્રમેયની અનિયતરૂપતા = અનેકાંત છે. તથા નયની અપેક્ષાએ પ્રમેયની નિયતરૂપતા = એકાંત છે. આથી અનેકાંત પણ સર્વથા એકાંતસ્વરૂપ

**सा च अनेकान्त एकान्त एव तत्र चाऽनेकान्तः प्रथमोक्त एवेति परेषामभावाभावतदभावादिरीत्या ग्राह्यानवस्थाया अप्यप्रसरात्।**

सा च **सम्मतितर्क**दर्शिता भजना अनेकान्ते एकान्त एव अनेकान्ताऽनेकान्तलक्षणः तत्र चाऽनेकान्तः प्रथमोक्त एवेति परेषामभावाभावतदभावादिरीत्या ग्राह्यानवस्थाया अप्यप्रसरात्। अयमत्राशयः – यथा नैयायिकादीनां 'घटाभावः अधिकरणातिरिक्त एव, तदभावश्च घट एव, तृतीयाभावश्च आद्य एव, चतुर्थश्च द्वितीय एव' इत्यादिरीत्या नाऽनवस्था तथा अस्माकम् अनेकान्तवादिनाम् अनेकान्तः आद्यः, अनेकान्तानेकान्तः = एकान्तः द्वितीयः, तदनेकान्त आद्य एव, तदनेकान्तश्च द्वितीय एव इति तृतीय-चतुर्थाद्यनेकान्तानाम् आद्य-द्वितीययोरेव पर्यवसानात् का अनवस्था नाम ?

નથી પણ અનેકાંતસ્વરૂપ છે. આવું માનવાથી **પશુપાલે** જણાવેલી ગ્રાહ્યઅનવસ્થાને અહીં કોઈ અવકાશ નથી. આ પ્રમાણે શ્રી**સિદ્ધસેનદિવાકરજી**નું તાત્પર્ય સમજવું. પ્રસ્તુત સમગ્ર પ્રબંધનો આ આશય છે.

## ॐ અનેકાંતમાં એકાંત અનેકાંતસ્વરૂપ ॐ

(सा च.) **સંમતિતર્કપ્રકરણ**માં બતાવેલ ભજનાનું સ્વરૂપ એ છે કે અનેકાંતમાં ગર્ભિતરૂપે એકાંત જ છે અને તે એકાંત તો સંપૂર્ણ અનેકાન્તસ્વરૂપ નથી. અર્થાત્ અનેકાન્તમાં જે એકાન્ત છે તે અનેકાંતમાં રહેનાર અનેકાન્તરૂપતાને = અનિયમપણાને જણાવે છે. આમ તે એકાન્ત વાસ્તવમાં અનેકાંતઅનેકાંતસ્વરૂપ છે. તથા તેમાં રહેલો અનેકાન્ત તો પ્રથમ અનેકાન્તસ્વરૂપ જ કહેવાયેલ છે. જેમ નૈયાયિક વગેરેના મતે ઘટાભાવનો અભાવ ઘટસ્વરૂપ છે તથા ઘટાભાવાભાવનો અભાવ ઘટાભાવાત્મક છે. તથા તેવું માનવાથી નૈયાયિક વગેરેને નૂતન અભાવની કલ્પનાથી અનવસ્થા નથી આવતી, તેમ જૈનમતે અનેકાન્તવાદમાં પણ ગ્રાહ્યસંબંધી = જ્ઞેયસંબંધી અનવસ્થા દોષને અવકાશ નથી. આશય એ છે કે નૈયાયિક આદિના મતે ઘટાભાવ પોતાના આધારથી અતિરિક્ત = સ્વતંત્ર જ છે. તથા ઘટાભાવાભાવ ઘટાત્મક જ છે. ઘટાભાવાભાવાભાવ નામનો ત્રીજો અભાવ પ્રથમ ઘટાભાવાત્મક જ છે. તથા ચોથો અભાવ = ઘટાભાવાભાવાભાવાભાવ (= ઘટાભાવાભાવ) એ ઘટાત્મક જ છે. આ રીતે અભાવશ્રેણિમાં પદાર્થ તો બે જ છે. પ્રતિયોગી અને અભાવ. આમ માનવાથી જેમ અભાવમાં અનવસ્થા નથી આવતી. તેમ અનેકાન્તવાદી એવા અમારા મતમાં અનેકાન્ત પ્રથમ પદાર્થ છે તથા અનેકાન્તમાં અનેકાન્તસ્વરૂપ એકાન્ત દ્વિતીય પદાર્થ છે. તથા અનેકાન્તઅનેકાન્તમાં અનેકાન્ત એ પ્રથમ અનેકાન્તસ્વરૂપ જ છે. તથા અનેકાન્તઅનેકાન્તઅનેકાન્તમાં અનેકાન્ત એ દ્વિતીય પદાર્થ = અનેકાન્તઅનેકાન્તસ્વરૂપ એકાન્ત જ છે. આમ ત્રીજો અનેકાન્ત એ પ્રથમ અનેકાન્તસ્વરૂપ જ છે. તથા ચોથો અનેકાન્ત એ દ્વિતીય અનેકાન્તાત્મક જ છે. તેથી ત્રીજો અનેકાન્ત એ પ્રથમ અનેકાન્ત કરતાં અતિરિક્ત નથી. ચોથો અનેકાન્ત એ બીજા અનેકાન્ત કરતાં ભિન્ન નથી. આ રીતે ત્રીજા અનેકાન્તનો પ્રથમ અનેકાન્તમાં તથા ચોથા અનેકાન્તનો બીજા અનેકાન્તમાં સમાવેશ થવાથી અનન્ત અતિરિક્ત અનેકાન્તની કલ્પના કરવા સ્વરૂપ અનવસ્થા દોષને જૈનમતમાં અવકાશ નથી. આમ પ્રમેયગત અનેકાન્તસ્વરૂપતાનો સ્વીકાર કરવામાં અનવસ્થાદોષ અનેકાન્તવાદમાં નથી આવતો - આટલું ઉપરોક્ત વિચાર વિમર્શથી ફલિત થાય છે.

**किञ्च, [1]नेयमुत्पत्तिविरोधिनी, वस्तुधर्मस्य अनेकान्तस्य उत्पत्तेः अनधिकृतत्वात्। नाऽपि ज्ञप्तिविरोधिनी, अवच्छेदक-तदवच्छेदकादेरिव ज्ञप्तेर्यथाजिज्ञासं व्यवस्थितत्वादिति उत्पत्ति-ज्ञप्त्यन्यतराऽविरोधाददूषणमेवेत्यादि (अने.व्य.पृ.८३) व्युत्पादितम् *अनेकान्तव्यवस्थायाम्* अस्माभिः।।१६।।**

किञ्च, नेयमनवस्थोत्पत्तिविरोधिनी, वस्तुधर्मस्य अनेकान्तस्य उत्पत्तेः अनधिकृतत्वात्। नाऽपि ज्ञप्तिविरोधिनी, ग्राह्यकपिसंयोगाऽवच्छेदक-तदवच्छेदकादेरिव ज्ञप्तेर्यथाजिज्ञासं व्यवस्थितत्वादिति उत्पत्ति-ज्ञप्त्यन्यतराविरोधाददूषणमेवेत्यादि व्युत्पादितम् **अनेकान्तव्यवस्थायाम्** (पृ.८३)।

## ❋ ઉત્પત્તિ-જ્ઞપ્તિસંબંધી વિરોધનો અનેકાંતમાં અસંભવ ❋

(**किञ्च.**) વળી, જે ગ્રાહ્યઅનવસ્થાની આપત્તિ **પશુપાલે** આપેલી છે તે ઉત્પત્તિનો વિરોધ કરી શકે તેમ નથી. કારણ કે વસ્તુધર્મસ્વરૂપ અનેકાંતની ઉત્પત્તિ પ્રસ્તુતમાં અનધિકૃત છે. તથા તે ગ્રાહ્યઅનવસ્થા જ્ઞપ્તિનો પણ વિરોધ કરી શકે તેમ નથી. કારણ કે ગ્રાહ્ય કપિસંયોગનો અવચ્છેદક, તે અવચ્છેદકનો અવચ્છેદક વગેરેની જ્ઞપ્તિ જેમ વ્યક્તિની જિજ્ઞાસા અનુસાર થાય છે, તેમ 'વસ્તુના ગુણધર્મસ્વરૂપ અનેકાંતમાં રહેલ અનેકાંતરૂપતા અને તેમાં રહેલ અનેકાંતરૂપતા વગેરેની જ્ઞપ્તિ પણ વ્યક્તિની જિજ્ઞાસા અનુસાર થઈ શકે છે' - આ શાસ્ત્રવ્યવસ્થા પ્રસિદ્ધ છે. તેથી **પશુપાલે** દર્શાવેલ ગ્રાહ્યઅનવસ્થા વસ્તુધર્મસ્વરૂપ અનેકાંતની ઉત્પત્તિનો કે જ્ઞપ્તિનો વિરોધ ન કરી શકવાથી દૂષણસ્વરૂપ નથી... ઈત્યાદિ બાબત **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે **અનેકાંતવ્યવસ્થા**માં પૃષ્ઠ-૮૩ ઉપર વિસ્તારથી જણાવેલ છે.

## ❯ નિર્દોષ અનવસ્થા આદરણીય ❯

**સ્પષ્ટતા** :- વસ્તુની ઉત્પત્તિનો કે જ્ઞપ્તિનો વિરોધ કરે તો જ અનવસ્થાને દોષરૂપે માની શકાય, અન્યથા નહિ. બીજમાંથી અંકુર અને અંકુરમાંથી બીજ. વળી, બીજમાંથી અંકુર અને અંકુરમાંથી બીજ ઉત્પન્ન થાય છે. આ અનવસ્થા અંકુર કે બીજ તે બેમાંથી એકની પણ ઉત્પત્તિનો વિરોધ કરી શકતી નથી. તેથી તે દોષરૂપ નથી. તથા વૃક્ષમાં કપિસંયોગ શાખાઅવચ્છેદેન જણાય છે. શાખા પ્રશાખાઅવચ્છેદેન જણાય છે. પ્રશાખા ઉપપ્રશાખાઅવચ્છેદેન જણાય છે. આમ કપિસંયોગ આદિના અવચ્છેદકની જ્ઞપ્તિમાં અનવસ્થા વિચારી શકાય છે. પરંતુ આ અનવસ્થા કપિસંયોગાદિની જ્ઞપ્તિને અટકાવતી નથી. જ્યાં સુધી વ્યક્તિને જિજ્ઞાસા હોય ત્યાં સુધી અવચ્છેદ્યના જ્ઞાન માટે મુખ્ય અવચ્છેદકનું અને અવાન્તર અવચ્છેદકનું જ્ઞાન કરવાની આવશ્યકતા રહે - આવી તાર્કિક વ્યવસ્થા ન્યાયદર્શનના અભ્યાસી માટે સુપરિચિત છે. વ્યક્તિની અવચ્છેદકસંબંધી જિજ્ઞાસા શાંત થઈ જાય પછી નવા નવા અવચ્છેદકની જ્ઞપ્તિની પરંપરાને લંબાવવાની આવશ્યકતા રહેતી નથી. આમ અવચ્છેદકસંબંધી અનવસ્થા અવચ્છેદ્યની (= કપિસંયોગની) જ્ઞપ્તિમાં વિરોધ ન કરી શકવાથી દોષરૂપ મનાતી નથી.

પ્રસ્તુતમાં ગ્રાહ્ય વસ્તુમાં અનેકાંતાત્મકતા. વળી, તેમાં અનેકાંતાત્મકતા, તેમાં પણ અનેકાંતાત્મકતા... આવું જૈનોને સંમત હોવાથી **પશુપાલ** નામના એકાંતવાદી અનેકાંતમાં ગ્રાહ્યઅનવસ્થાને દોષરૂપે આરોપિત કરે છે. પરંતુ આવી ગ્રાહ્યઅનવસ્થા દોષરૂપ નથી. કારણ કે વસ્તુનિષ્ઠ અનેકાંતરૂપતાની જ્ઞપ્તિનો તે

1. सि. + ली.(४) मां 'नेय...' इति शुद्धः पाठः। को.(३) मां 'येय...' इत्यशुद्धः पाठः।

तदुक्तम् **अष्टसहस्रीतात्पर्यविवरणे** अपि महोपाध्याय**श्रीयशोविजयगणिवरैः** प्रथमपरिच्छेदे "*एतेन* सत्त्वं नावच्छिन्नम्, अनवच्छिन्नस्यैव सत्तामहासामान्यस्य सर्वैः प्रतीयमानत्वात्, तत्र स्वरूपादेरवच्छेदकस्य कल्पने च तस्याऽपि सप्तभङ्गीनयेनाऽनवस्थिततद्व्यवस्थार्थमप्यवच्छेदकान्तरमपेक्षणीयम्, तत्राप्यन्यदित्येवं ज्ञप्तिप्रतिपन्थिन्यनवस्था दुरुद्धरेति न कथमपि सप्तभङ्गीक्रमेण शाब्दबोधोपपत्तिरिति **पशुपाल**प्रलपितम् *अपास्तम्,*

अनर्पितदृष्ट्याऽनवच्छिन्नेऽप्यर्पितदृष्ट्याऽवच्छिन्नत्वप्रतीतेः सार्वजनीनत्वात्, केनचिन्नयेन स्वरूपादेः स्वरूपतोऽवच्छेदकत्वं निर्णीयैवास्तित्वादिप्रवृत्तेरनवस्थाया अभावाद्" (अ.स.ता. प्रथमः परिच्छेदः का.१५, पृ. १९४) इति।

---

વિરોધ કરી શકતી નથી. જ્યાં સુધી વ્યક્તિને જિજ્ઞાસા હોય ત્યાં સુધી જ વસ્તુનિષ્ઠ અનેકાંતમાં રહેલ પ્રવાહાત્મક અનેકાંતની જાણકારીની આવશ્યકતા રહે છે. તેનાથી આગળ નહિ. આમ અવચ્છેદકઅનવસ્થાની જેમ ગ્રાહ્યઅનવસ્થા જ્ઞપ્તિનો વિરોધ ન કરી શકવાથી દોષરૂપ નથી. આવું જૈનોનું તાત્પર્ય સમજવું.

## ❀ પશુપાલમતવિમર્શ ❀

**(तदुक्तम्.) અષ્ટસહસ્રીતાત્પર્યવિવરણ** ગ્રંથના **પ્રથમપરિચ્છેદ**માં પણ **મહોપાધ્યાય શ્રીયશોવિજયગણિવરે** પશુપાલમતને દર્શાવતા જણાવેલ છે કે "સત્તા કોઈથી નિયંત્રિત નથી. કોઈ પણ અવચ્છેદકથી = નિયંત્રકથી નિયંત્રિત થયા વિના જ સત્તા મહાસામાન્ય બધા દ્વારા જણાય છે. જો સત્તાના સ્વરૂપ વગેરેનો કોઈ નિયંત્રક = અવચ્છેદક હોય' - એવી કલ્પના કરવામાં આવે તો સપ્તભંગીનયની અપેક્ષાએ અનવસ્થિત એવા તે નિયંત્રકનો બીજો અવચ્છેદક = નિયંત્રક માનવો પડશે, તેનો વળી ત્રીજો નિયંત્રક માનવો પડશે. આ રીતે નવા-નવા અલગ-અલગ અવચ્છેદકની અપેક્ષા રાખવાથી અનવસ્થા દોષ લાગુ પડશે. તે તે અવચ્છેદકના જ્ઞાન માટે નવા-નવા અવચ્છેદકની કલ્પના કરવાથી જ્ઞપ્તિવિરોધી એવી અનવસ્થા બનશે. અર્થાત્ અંતિમ અવચ્છેદકનું જ્ઞાન ન થવાથી પ્રથમ અવચ્છેદકનું પણ જ્ઞાન નહિ થઈ શકે. આમ અનવસ્થા દોષનું નિવારણ ન થઈ શકવાથી સપ્તભંગીના ક્રમથી કોઈ પણ રીતે કોઈને પણ શાબ્દબોધ થઈ નહિ શકે" - આ પ્રમાણે **પશુપાલે** અનેકાંતવાદ સામે અનવસ્થા દોષનો આક્ષેપ કરેલ છે.

## ✱ સાવચ્છિન્ન-નિરવચ્છિન્ન પ્રતીતિનું સમર્થન ✱

**(अन.)** પરંતુ તે નિરાધાર છે. કારણ કે વસ્તુનું સ્વરૂપ સાવચ્છિન્ન = નિયંત્રિત અને અનવચ્છિન્ન = અનિયંત્રિત એમ બે પ્રકારનું હોય છે. અનર્પિત દૃષ્ટિથી (= અવચ્છેદક પ્રત્યે ઉદાસીન એવી દૃષ્ટિથી) સર્વ લોકોને વસ્તુનું સ્વરૂપ અનવચ્છિન્ન = અવચ્છેદકઅનિયન્ત્રિત જણાય છે. તથા અર્પિતદૃષ્ટિથી = અવચ્છેદકસાપેક્ષ અભિપ્રાયથી જોવામાં આવે તો સર્વ લોકોને વસ્તુનું સ્વરૂપ સાવચ્છિન્ન = ગુણધર્મવિશેષ-નિયંત્રિત જણાય છે. તેથી સપ્તભંગીના પ્રથમ ભાંગામાં પ્રતીયમાન મહાસામાન્યસ્વરૂપ સત્તાનો પણ બોધ અર્પિતદૃષ્ટિથી સાવચ્છિન્નરૂપે થઈ શકે છે. આમ ચોક્કસ પ્રકારના નયના આધારે વસ્તુના સ્વરૂપ વગેરેમાં સ્વરૂપતઃ અવચ્છેદકતાનો નિર્ણય કરીને જ સપ્તભંગીમાં અસ્તિત્વ વગેરેનો બોધ થવાની પ્રવૃત્તિ થાય છે. તેથી જ્ઞપ્તિમાં અનવસ્થા દોષને અહીં અવકાશ નથી. આમ સપ્તભંગીક્રમથી વસ્તુનો બોધ નિરાબાધ રહેશે." આમ **અષ્ટસહસ્રીતાત્પર્યવિવરણ**માં **પશુપાલમત**નું નિરાકરણ કરેલ છે.

**यदप्युक्तं 'बाधकमप्यस्ति अनेकान्ते भेदाभेदादिधर्मौ नैकाधिकरणौ' इत्यादि तदप्यनुपपन्नम्, भेदाऽभेदयोरेकाधिकरणतया प्रत्यक्षबुद्धौ प्रतिभासमानत्वेन 'अनुष्णोऽग्निः द्रवत्वाद् जलवदि'तिवदस्य हेत्वाभासत्वादिलि**

तदुक्तं **षड्दर्शनसमुच्चयबृहद्वृत्तौ** अपि "अनेकान्तस्य सम्यगेकान्ताऽविनाभावित्वात्, अन्यथा अनेकान्तस्यैवाऽघटनात्, नयार्पणादेकान्तस्य प्रमाणादनेकान्तस्यैवोपदेशात्, तथैव दृष्टेष्टाभ्यामविरुद्धस्य तस्य व्यवस्थितेः" (ष.द.स.श्लो.५७ वृ.) इति। यथोक्तं **समन्तभद्राचार्येणा**ऽपि **बृहत्स्वयम्भूस्तोत्रे** "अनेकान्तोऽप्यनेकान्तः, प्रमाण-नयसाधनः। अनेकान्तः प्रमाणात् ते, तदेकान्तोऽर्पितान्नयाद्।।" (बृ.स्व.स्तो.१०३)। तदनुसारेण **स्याद्वादरत्नाकरे**ऽपि "नयगोचरापेक्षया तु एकान्तात्मकत्वस्याऽपि स्वीकाराद्" (स्या.र.५/८/पृ.८३५) इत्युक्तम् इति भावनीयम्।।१६।।

यदप्युक्तं 'बाधकमप्यस्ति अनेकान्ते भेदाभेदादिधर्मौ नैकाधिकरणौ' इत्यादि तदप्यनुपपन्नम्, भेदाऽभेदयोरेकाधिकरणतया प्रत्यक्षबुद्धौ प्रतिभासमानत्वेन विरुद्धधर्मिद्वयधर्मत्वस्य च भेदाभेदाऽवृत्तित्वेन 'अनुष्णोऽग्निः द्रवत्वाद् जलवदि'तिवदस्य बाधित-स्वरूपाऽसिद्धलक्षणहेत्वाभासत्वादिति दिक्।।१७।।

## ❀ અનેકાન્ત સમ્યગ્એકાન્તવ્યાપ્ય ❀

(तदु.) **षड्दर्शनसमुच्चयबृहद्वृत्ति**માં પણ આ અંગે જણાવેલ છે કે "અનેકાન્ત સમ્યગ્ એકાન્તનો અવિનાભાવી = વ્યાપ્ય છે. જો સમ્યગ્ એકાન્તનો અવિનાભાવી અનેકાન્ત ન હોય તો સાપેક્ષસાહચર્યને ધરાવનાર અનેકગુણધર્મસમુદાયસ્વરૂપ અનેકાન્ત જ સંગત નહિ થઈ શકે. નયની અપેક્ષાએ વસ્તુમાં એકાન્ત હોય છે તથા પ્રમાણની અપેક્ષાએ વસ્તુમાં અનેકાન્ત જ હોય છે - આ મુજબ જિનેશ્વર ભગવંતોએ ઉપદેશ આપેલ છે. તેમજ તે મુજબ જ પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણથી અવિરુદ્ધ એવો અનેકાન્ત વસ્તુમાં વ્યવસ્થિત છે." **સમન્તભદ્રાચાર્યજી**એ પણ **બૃહત્સ્વયંભૂસ્તોત્ર**માં જણાવેલ છે કે 'હે ભગવંત ! પ્રમાણ અને નય દ્વારા સાધવામાં આવતો આપનો અનેકાન્ત પણ ફક્ત એકસ્વરૂપ નથી પરંતુ અનેકસ્વરૂપ છે. પ્રમાણથી અનેકાંત અનેકાન્તસ્વરૂપ છે. તથા નયની અર્પણા કરવામાં આવે તો અનેકાન્તવાદ એકાન્તાત્મક છે.' તેને અનુસરીને **સ્યાદ્વાદરત્નાકર**માં પણ જણાવેલ છે કે 'નયવિષયની અપેક્ષાએ તો વસ્તુમાં એકાન્તાત્મકતાનો પણ અમે સ્વીકાર કરીએ છીએ.' આ મુજબ અહીં વિભાવના કરવી.

## ❀ ભેદાભેદનું સામાનાધિકરણ્ય પ્રત્યક્ષસિદ્ધ ❀

(यदप्युक्तं.) (૧૭) પૂર્વે એકાંતવાદીએ અનેકાન્તના સ્વીકારમાં બાધક એવું અનુમાન પ્રમાણ બતાવેલું હતું કે 'ભેદાભેદ વગેરે ધર્મો એકઅધિકરણક નથી. કારણ કે પરસ્પર વિરુદ્ધ એવી બે વસ્તુના વિરોધી ધર્મો છે. શીત-ઉષ્ણ સ્પર્શની જેમ' આ પ્રમાણે એકાંતવાદીએ જે સત્તરમા દોષનો આક્ષેપ અનેકાન્તવાદમાં કરેલ છે તે પણ અસંગત છે. આનું કારણ એ છે કે 'ભેદ અને અભેદ એક જ વસ્તુમાં (= અધિકરણમાં) રહેલા છે' - આ પ્રમાણે પ્રત્યક્ષ બુદ્ધિમાં ભાન થાય છે. તેથી એકાંતવાદીએ બતાવેલ ઉપરોક્ત અનુમાનમાં પ્રયોજાયેલ હેતુ બાધદોષગ્રસ્ત હોવાના લીધે હેત્વાભાસરૂપ બની જાય છે. દા.ત. 'અગ્નિ અનુષ્ણ છે. કેમ કે તે દ્રવ છે. જેમ કે પાણી.' આ પ્રમાણે કોઈ વ્યક્તિ અનુમાનપ્રયોગ કરે તો પ્રત્યક્ષ પ્રમાણથી અગ્નિમાં ઉષ્ણતાનું ભાન થવાના લીધે હેતુ બાધિત થવાથી હેત્વાભાસ સ્વરૂપ બને તેમ એકાંતવાદીએ

दिक्।।१७।।

**उद्धरन्त्यनया रीत्या ये सप्तदश दूषणाः। ते सप्तदशभेदस्य चारित्रस्याऽपि पारगाः।।१।।**

**सम्यक्त्व-मौनयोः सूत्रे मिथो व्याप्त्या यदीक्ष्यते। उक्तं रहस्यं तेनेदं यशोविजयवाचकैः।।२।।**◂ ॥४/३॥

उद्धरन्त्यनया रीत्या ये सप्तदश दूषणाः। ते सप्तदशभेदस्य चारित्रस्याऽपि पारगाः।।१।।

सम्यक्त्व-मौनयोः सूत्रे मिथो व्याप्त्या यदीक्ष्यते। उक्तं रहस्यं तेनेदं **यशोविजयवाचकैः**।।२।।

***कोबा-माण्डल-लीम्बडी***नगरस्थभाण्डागारसत्कहस्तादर्शमालम्ब्येदं नूतनयुक्ति-शास्त्रसंवादोपबृंहणतो न्यरूपि मया यशोविजयगणिना।

प्रकृते विरोध-वैयधिकरण्य-चक्रकादिदोषवृन्दनिराकरणं **सम्मतितर्कवृत्ति-स्याद्वादरत्नाकर-स्याद्वादकल्पलता**

---

કરેલ પૂર્વોક્ત અનુમાનપ્રયોગમાં હેતુ હેત્વાભાસ સ્વરૂપ છે. તથા અગ્નિમાં અનુષ્ણતાસાધક દ્રવત્વ હેતુ અગ્નિમાં (= પક્ષમાં) અવિદ્યમાન હોવાથી જેમ સ્વરૂપઅસિદ્ધ નામના હેત્વાભાસાત્મક બને છે તેમ અનેકાંતબાધક અનુમાનપ્રયોગમાં દર્શાવેલ પરસ્પર વિરુદ્ધધર્મિદ્વયધર્મત્વ નામનો હેતુ ભેદાભેદમાં (= પક્ષમાં) અવિદ્યમાન હોવાથી સ્વરૂપઅસિદ્ધ નામના હેત્વાભાસાત્મક બને છે. અનેકાંતવાદ સામે એકાંતવાદીએ પૂર્વે જે સત્તર દોષ બતાવેલા હતા - તેના નિરાકરણ માટે અહીં જે કાંઈ કહેવાયેલ છે, તે તો એક દિશાસૂચન માત્ર છે. વિજ્ઞ વાચકવર્ગ આ દિશાસૂચન મુજબ હજુ આગળ ઘણું ઊંડાણથી વિચારી શકે છે. આવું દર્શાવવા માટે 'दिक्' શબ્દનો પ્રયોગ વ્યાખ્યામાં કરવામાં આવેલ છે.

## નૈશ્ચયિક સમ્યક્ત્વ અને ચારિત્ર વચ્ચે સમવ્યાપ્તિ

(उद्ध.) આ રીતે એકાંતવાદીએ દર્શાવેલ સત્તર દૂષણોનું જે વિદ્વાનો નિરાકરણ કરે છે તેઓ સત્તર પ્રકારના ચારિત્રનો પણ પાર પામે છે. **આચારાંગસૂત્ર**માં "जं सम्मं ति पासहा तं मोणं ति पासहा। जं मोणं ति पासहा तं सम्मं ति पासहा" - આવું કહેવા દ્વારા નૈશ્ચયિક સમ્યક્ત્વ અને મૌન (= મુનિપણું = ચારિત્ર) આ બન્ને વચ્ચે પરસ્પર સમવ્યાપ્તિ સ્વરૂપ જે રહસ્યને શાસ્ત્રકાર ભગવંતોએ જોયેલું છે તે રહસ્યને મહોપાધ્યાય શ્રીયશોવિજયજી વાચકે અહીં કહેલ છે.

## ❖ મુદ્રિત પુસ્તકોમાં મહત્ત્વનો પાઠ ગેરહાજર ❖

**(कोबा.)** દ્રવ્ય-ગુણ-પર્યાય રાસનું અને તેના સ્વોપજ્ઞ ટબાનું પ્રકાશન અનેક સંસ્થાઓ દ્વારા પુસ્તક આકારે થયેલ છે. પરંતુ તેમાં ક્યાંય પણ એકાંતવાદીએ દર્શાવેલ સત્તર દોષોનું નિરૂપણ અને નિરાકરણ ઉપલબ્ધ થતું નથી. ફક્ત **કોબાસ્થિત કૈલાસસાગરસૂરીશ્વરજી જ્ઞાનમંદિર**માં રહેલ ૫૪૧૩૮ નંબરની હસ્તપ્રતમાં તથા **માંડલ જ્ઞાનભંડાર**માં અને **લીંબડી જ્ઞાનભંડાર**માં રહેલ હસ્તપ્રતમાં એકાંતવાદીએ દર્શાવેલ સત્તર દોષનું નિરૂપણ અને અનેકાંતવાદીએ કરેલ તેનું વિસ્તૃત નિરાકરણ ઉપલબ્ધ થાય છે. નવી યુક્તિઓથી અને શાસ્ત્રપાઠના સંવાદથી તેને પરિપુષ્ટ કરીને તેના આધારે જ મેં (મુનિ યશોવિજય ગણીએ) દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકામાં સત્તર દોષનું નિરૂપણ અને નિરાકરણ કરેલ છે. પરંતુ આ નિરૂપણ અને નિરાકરણ એ **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજની જ તર્કાગમપારગામી પ્રજ્ઞાનો પ્રકર્ષ છે.

**(प्रकृ.)** એકત્ર ભેદાભેદ વગેરેનો સ્વીકાર કરવામાં એકાંતવાદી દ્વારા દર્શિત એવા વિરોધ, વૈયધિકરણ્ય,

---

▸....◂ પૃષ્ઠ ૩૯૩ થી ૪૨૭ સુધીનો ચિહ્નદ્વયમધ્યવર્તી વિસ્તૃત પાઠ પુસ્તકોમાં નથી.કો.(૩) + લી.(૪) + સિ.માં છે.

-**प्रमाणमीमांसावृत्ति-षड्दर्शनसमुच्चयबृहद्वृत्ति-वीतरागस्तोत्रवृत्ति-स्याद्वादमञ्जर्यादौ** (स.त.३/६०/पृ.७३०, स्या.र.५/८/पृ.७४१, स्या.क.स्त.७/३८, प्र.मी.१/१/३२, ष.स.श्लो.५७, वी.स्तो.८/७, स्या.म.का.२४) विस्तरतो द्रष्टव्यम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – [1]"जं सम्मं ति पासहा तं मोणं ति पासहा। जं मोणं ति पासहा तं सम्मं ति पासहा" (आ.५/३/१५६) इत्येवम् **आचाराङ्गे** सम्यक्त्व-मौनयोः या समव्याप्तिः प्रदर्शिता तत्प्रयोजनन्त्वेवं ज्ञायते यदुत सम्यक्त्वप्राप्त्या चारित्रं भावचारित्रतया परिणमति, सम्यक्त्वयोग-क्षेम-शुद्धि-वृद्धितः भावचारित्रयोग-क्षेम-शुद्धि-वृद्धयः सम्पद्यन्ते। सम्यक्त्वप्राबल्ये चारित्रमपि प्रबलीभवति। सम्यक्त्वपारदृश्वा हि चारित्रपारगमनाय प्रभविष्णुः भवति। यद्यपि चारित्राचारपालनतः चारित्रशुद्धिः सम्पद्यते परं सा चारित्रस्य बहिरङ्गशुद्धिः। तस्य अन्तरङ्गशुद्धिस्तु सम्यक्त्वशुद्ध्यधीना। अत एव सम्यक्चारित्रयोग-क्षेम-शुद्धि-वृद्धि-परिपूर्णताकामिभिः बाह्यचारित्राचारपालनेन सह सम्यक्त्वयोग-क्षेम-शुद्धि-वृद्धि-परिपूर्णताकृते सततं यतनीयम्। इत्थमेवाचाराङ्गसूत्रोक्त-सप्तमगुणस्थानकवर्ति-नैश्चयिकसम्यग्दर्शनं लभ्येत सम्यग्दर्शन-ज्ञान-चारित्रैक्यञ्च सम्पद्येत। नैश्चयिकसम्यक्त्वोपलब्धये च द्रव्यानुयोगपरिशीलनमपि बाह्यचारित्राचारपालनतुल्यमेव आवश्यकम्। ततो [2]"मुक्खे सुक्खं निराबाहं" (स.प्र.दे.अ.१९९) इति **सम्बोधप्रकरणोक्तं** मोक्षसुखं प्रत्यासन्नं स्यात्॥४/३॥

---

ચક્રક વગેરે દોષોનું વિસ્તારથી નિરાકરણ **સમ્મતિતર્કવૃત્તિ, સ્યાદ્વાદરત્નાકર, સ્યાદ્વાદકલ્પલતા, પ્રમાણમીમાંસાવૃત્તિ, ષડ્દર્શનસમુચ્ચયબૃહદ્વૃત્તિ, વીતરાગસ્તોત્રવૃત્તિ** (પ્રભાનંદસૂરિકૃત), **સ્યાદ્વાદમંજરી** વગેરે ગ્રંથોમાં ઉપલબ્ધ છે. જિજ્ઞાસુએ ત્યાં જોવું.

### ✡ ચારિત્રનું ચાલકબળ : સમ્યક્ત્વ ✡

**આધ્યાત્મિક ઉપનય** :- "જેને તું સમકિત તરીકે જુએ છે, તેને મુનિપણું જાણ. જેને તું મુનિપણા સ્વરૂપે જુએ છે, તેને તું સમકિત સ્વરૂપે જો" - આ પ્રમાણે **આચારાંગસૂત્ર**માં સમ્યક્ત્વ અને મૌન વચ્ચે જે સમવ્યાપ્તિ જણાવેલ છે, તેનું આધ્યાત્મિક રહસ્ય એવું જણાય છે કે સમ્યક્ત્વની પ્રાપ્તિ દ્વારા ચારિત્ર એ ભાવચારિત્ર બને છે, સમ્યક્ ચારિત્રસ્વરૂપ બને છે. સમકિતના યોગ-ક્ષેમથી ભાવચારિત્રનો યોગ-ક્ષેમ થાય છે. સમ્યક્ત્વની શુદ્ધિ-વૃદ્ધિ દ્વારા ચારિત્રની શુદ્ધિ-વૃદ્ધિ થાય છે. પ્રાપ્ત થયેલ ચારિત્રનું બળ સમ્યક્ત્વનું બળ વધવાથી વધે છે. તથા પ્રાપ્ત થયેલ ચારિત્રનો પાર પામવા માટે સમ્યક્ત્વનો પાર પામવો જરૂરી છે. સમ્યક્ત્વની શુદ્ધિ કે વૃદ્ધિ વિના ચારિત્રની શુદ્ધિ કે વૃદ્ધિ શક્ય નથી. યદ્યપિ ચારિત્રાચારના પાલન દ્વારા ચારિત્રની શુદ્ધિ થાય છે પરંતુ તે શુદ્ધિ બહિરંગ છે. ચારિત્રની અંતરંગ શુદ્ધિ તો સમ્યક્ત્વની શુદ્ધિ વિના શક્ય જ નથી. તેથી ચારિત્રસંબંધી યોગ, ક્ષેમ, શુદ્ધિ, વૃદ્ધિ અને પરિપૂર્ણતાને ઈચ્છતા આત્માર્થી જીવે બાહ્ય ચારિત્રાચારના ચુસ્ત પાલનની સાથે સમ્યગ્દર્શનસંબંધી યોગ, ક્ષેમ, શુદ્ધિ, વૃદ્ધિ અને પરિપૂર્ણતા માટે સતત પ્રયત્નશીલ રહેવું આવશ્યક છે. એવું થાય તો જ આચારાંગજીમાં બતાવેલ સપ્તમગુણસ્થાનકવર્તી નૈશ્ચયિક સમ્યગ્દર્શન મળે અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા સંપન્ન થાય. તેથી નૈશ્ચયિક સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અર્થે દ્રવ્યાનુયોગનો માર્મિક અભ્યાસ કરવો પણ તેટલો જ આવશ્યક છે. તેનાથી **સંબોધપ્રકરણ**માં દર્શાવેલ પીડારહિત મોક્ષસુખ નજીક આવે છે. (૪/૩)

---

1. यत्सम्यगिति पश्यत तन्मौनमिति पश्यत। यद् मौनम् इति पश्यत तत्सम्यगिति पश्यत। 2. मोक्षे सौख्यं निराबाधम्।

ભેદાભેદનો પ્રત્યક્ષનો અભિલાપ પુદ્ગલ દ્રવ્યઇં દેખાડઇં છઇં -

**શ્યામભાવ જે ઘટ છઈ પહિલાં, પછઇ ભિન્ન તે રાતો રે;**
**ઘટભાવઈં નવિ ભિન્ન જણાઇ, સી વિરોધની વાતો રે ? ॥૪/૪॥ (૪૪) શ્રુત૦**

**જે ઘટ પહિલાં શ્યામભાવ છઈ, તે પછઈ રાતો ભિન્ન જ**✡ જણાઇ છઈ, અનઇ બિહું કાલઇં **ઘટભાવઈં**

एकत्रैव पुद्गलद्रव्ये भेदाऽभेदव्यवहारं प्रत्यक्षप्रमाणतो दर्शयति – **'य'** इति।

**यो घटः श्याम आसीत् प्राक्, पश्चाद् रक्ततयेतरः।**
**घटत्वाऽनुगतो ज्ञातो विरोधस्य तु का कथा ?।।४/४।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – यो घटः प्राक् श्याम आसीत्, (सः) पश्चाद् रक्ततया इतरः (=श्यामभिन्नः ज्ञातोऽपि) घटत्वाऽनुगतः ज्ञातः। (अतः) विरोधस्य तु का कथा ?।।४/४।।

**यो घटः प्राक्** = पाकपूर्वकाले **श्याम आसीत्** स **पश्चात्** = पाकोत्तरकाले रक्तो जायते। **रक्ततया** = रक्तरूपविशिष्टतया तदानीं रक्तघटः पूर्वस्माद् घटाद् **इतरः** = भिन्नो ज्ञायते, 'रक्तो न श्याम' इति प्रतीतेः। पूर्वोत्तरकालयोः श्याम-रक्तावस्थाभेदेऽपि घटः **घटत्वानुगतः** = घटत्वेन रूपेण अभिन्न एव ज्ञायते, 'श्यामोऽपि घटः, रक्तोऽपि स एवे'ति प्रत्ययात्। इत्थं श्यामत्व-रक्तत्वरूपेण भिन्नो घटः घटत्वेनाभिन्न एव **ज्ञातः**।

***एतेन*** कालभेदेनैवैकत्र भेदाऽभेदसमावेशसम्भव इत्यप्येकान्ताभिनिवेशो ***निरस्तः***, 'श्यामभिन्नो

**અવતરણિકા** :- એક જ પુદ્ગલ દ્રવ્યમાં ભેદ અને અભેદ બન્નેના વ્યવહારને ગ્રંથકારશ્રી પ્રત્યક્ષ પ્રમાણથી દેખાડે છે.

### ❈ પુદ્ગલમાં ગુણનો ભેદાભેદ ❈

**શ્લોકાર્થ** :- જે ઘટ પૂર્વે શ્યામ હતો તે જ ઘટ પાછળથી રક્ત થવાથી ભિન્ન જણાય છે તેમ છતાં ઘટત્વરૂપે તે પૂર્વાપર અવસ્થામાં અનુગત = એક જણાય છે. તેથી ભેદાભેદમાં વિરોધની વાત કેમ કહેવાય ? અર્થાત્ ન જ કહેવાય. (૪/૪)

**વ્યાખ્યાર્થ** :- જે ઘડો પાકના પૂર્વ કાળમાં શ્યામ હતો તે ઘડો પાક થયા પછીના સમયે લાલ થાય છે. પાકઉત્તરકાળમાં રક્તરૂપથી વિશિષ્ટ હોવાના કારણે ત્યારે લાલ ઘડો પૂર્વના ઘડા કરતા ભિન્ન જણાય છે. કારણ કે 'रक्तो न श्यामः' આવી પ્રતીતિ થાય છે. પૂર્વઉત્તરકાળમાં શ્યામ અને રક્ત અવસ્થા બદલાવા છતાં ઘટત્વરૂપે અભિન્ન જ છે - એવું પણ જણાય છે. કારણ કે 'શ્યામ પણ ઘડો છે તથા રક્ત પણ તે જ ઘડો છે' - આવી પ્રતીતિ થાય છે. આ રીતે શ્યામત્વરૂપે અને રક્તત્વરૂપે ભિન્ન તરીકે જણાયેલો ઘટ, ઘટત્વરૂપે અભિન્ન જ જણાય છે.

### ❀ એકત્ર એક કાળે ભેદાભેદનો સમાવેશ ❀

(एतेन.) નૈયાયિક એમ કહે છે કે 'એકત્ર ભેદ-અભેદનો સમાવેશ કાળભેદથી જ સંભવી શકે,

✡ પુસ્તકોમાં 'જ' નથી. કો.(૧૧) + લા.(૨)માં છે.

**(नवि भिन्न=)** અભિન્ન જ જણાઈ છઇં. શ્યામ રક્ત અવસ્થાભેદઈં ઘટ એક જ છઈં તો ઇહાં **વિરોધની વાત સી** કહવી? ॥૪/૪॥

रक्तः घटः स एवे'त्येवमेककालावच्छेदेनैव रक्ते श्यामभेदघटाऽभेदोभयप्रतीतेः।

***न च*** 'श्यामाद् भिन्नो रक्तः न श्यामाद् अभिन्नः किन्तु घटाद् अभिन्न' इति प्रतीतेः नैकत्रैकदा एकस्माद् भेदाभेदोभयसिद्धिरिति ***शङ्कनीयम्,***

'श्यामत्वेन श्यामाद् भिन्नो रक्तो घटो घटत्वेन रूपेण श्यामाद् अभिन्न एवे'ति प्रत्ययाद् अधिकरण-काल-प्रतियोगिभेदविनिर्मोकेणैव एकत्र एकदा एकस्माद् अवच्छेदकभेदेन भेदाऽभेदोभय-समावेशसिद्धेः। तस्माद् एकत्र एकदा एकस्माद् भेदाभेदयोः **विरोधस्य तु का कथा ?** अत्र तुः पक्षान्तरदर्शकः, "पक्षान्तरे तु" (क.द्रु.३/३/१६-पृ.४५९) इति **कल्पद्रुकोशे केशव**वचनात्। इत्थमेकस्मिन् घटादौ पुद्गलद्रव्ये एकदा गुणभेदाऽभेदसिद्धिः प्रत्यक्षप्रमाणात् कृताऽत्र।

यथोक्तं महोपाध्यायैः **स्याद्वादकल्पलतायां** "नील-घटयोरभेदः - इत्यादिप्रयोग एव भेदाऽभेदाऽभ्युपगमं

એક જ સમયે નહિ.' પરંતુ આવો એકાન્તગર્ભિત અભિનિવેશ ઉપરોક્ત પ્રતીતિ દ્વારા નિરસ્ત થઈ જાય છે. 'શ્યામ ઘડાથી ભિન્ન રક્ત ઘડો તે જ ઘડો છે' - આમ એકકાલઅવચ્છેદેન રક્ત ઘડામાં શ્યામનો ભેદ અને ઘડાનો અભેદ બન્ને જણાય છે. તેથી અહીં કાળભેદનું અનુસરણ આવશ્યક નથી.

**શંકા** :- (न च.) 'શ્યામથી ભિન્ન રક્ત ઘડો શ્યામથી અભિન્ન નથી. પરંતુ ઘડાથી અભિન્ન છે' - આવી પ્રતીતિ થાય છે. તેથી એકત્ર એક સમયે એક જ વ્યક્તિની અપેક્ષાએ ભેદ-અભેદઉભયના સમાવેશની સિદ્ધિ થઈ ન શકે. અલગ વ્યક્તિની અપેક્ષાએ તેવું માનવામાં અમારો વિરોધ નથી.

### અવચ્છેદકભેદથી એક જ ગુણનો દ્રવ્યમાં ભેદાભેદ

**સમાધાન** :- ('श्यामत्वेन.) તમારી શંકા વ્યાજબી નથી. કારણ કે એક જ વ્યક્તિમાં એક જ સમયે એક જ વ્યક્તિના ભેદ અને અભેદ બન્નેનો સમાવેશ પણ સાર્વલૌકિક અનુભવના આધારે કરી શકાય છે. તે અનુભવ આ પ્રમાણે છે. "શ્યામત્વરૂપે શ્યામથી ભિન્ન એવો લાલ ઘડો ઘટત્વરૂપે શ્યામથી અભિન્ન જ છે." આ પ્રમાણે શિષ્ટ લોકોને થતી પ્રતીતિ દ્વારા એકત્ર, એક સમયે, એક જ વ્યક્તિની અપેક્ષાએ અવચ્છેદકભેદથી ભેદ અને અભેદ ઉભયનો સમાવેશ સિદ્ધ થાય છે. આમ ભેદાભેદના સમાવેશ માટે અધિકરણભેદની કે કાળભેદની કે પ્રતિયોગીભેદની આવશ્યકતા રહેતી નથી. તેથી એકત્ર, એકદા, એક જ વ્યક્તિની અપેક્ષાએ ભેદ અને અભેદ બન્નેના સમાવેશમાં વિરોધની તો વાત શી રીતે થઈ શકે? મૂળ શ્લોકમાં રહેલ 'तु' બીજો (વિરોધાભાવસાધક) પક્ષ જણાવવા માટે છે. 'પક્ષાન્તરને 'तु' શબ્દ જણાવે છે' - આવું **કલ્પદ્રુકોશ**માં **કેશવે** કહેલ છે. આ રીતે ઘટ વગેરે એક જ પુદ્ગલ દ્રવ્યમાં યુગપત્ ગુણના ભેદની અને અભેદની સિદ્ધિ પ્રત્યક્ષ પ્રમાણ દ્વારા અહીં કરેલ છે.

### અભેદવિષયક દ્વન્દ્વસમાસ દ્વારા ભેદાભેદ સિદ્ધિ

**(यथोक्तं.) સ્યાદ્વાદકલ્પલતા**ના સાતમા સ્તબકમાં મહોપાધ્યાય શ્રી**યશોવિજયજી** મહારાજે જણાવેલ છે કે "લોકોમાં 'नील-घटयोरभेदः' ઈત્યાદિ પ્રયોગ થાય છે. જો ગુણ અને ગુણી વચ્ચે ભેદાભેદનો સ્વીકાર

विना न सुघटः; चार्थे द्वन्द्वानुशासनाद् भेदस्य च चार्थत्वाद्" (स्या.क.ल.स्तबक-७/का.३३/पृ.२१४) इति। ययोः पदार्थयोः भेदः तयोरेव वाचकपदेषु द्वन्द्वसमासः भवतीति शब्दानुशासनाद् नील-घटपदार्थयोः भेदविरहे 'नील-घटयोः' इति द्वन्द्वानुपपत्तिः, तयोरभेदविरहे च 'नील-घटयोः अभेदः' इति सार्वजनीनवाक्यप्रयोगानुपपत्तिरिति नील-घटपदार्थयोः भेदाभेदोभयसिद्धिरनाविलेत्याशयः।

गुण-गुणिनोः सर्वथाभेदे नियतधर्मिकसंशयानुपपत्तिः एकान्ताऽभेदे च संशयोच्छेदापत्तिः द्रष्टव्या। तदुक्तं श्री**हरिभद्रसूरि**भिः **आवश्यकनिर्युक्तिवृत्तौ** "गुण-गुणिनोः एकान्तभेदे विप्रकृष्टगुणमात्रोपलब्धौ प्रतिनियतगुणिविषय एव संशयो न स्यात्, तदन्येभ्योऽपि तस्य भेदाऽविशेषात्। दृश्यते च यदा कश्चिद् हरिततरुतरुणशाखाविसररन्ध्रोदरान्तरतः किमपि शुक्लं पश्यति तदा 'किमियं पताका किं वा बलाका ?' इत्येवं

---

કરવામાં ન આવે તો આવો પ્રયોગ જ સંગત નહિ થઈ શકે. આનું કારણ એ છે કે 'नील-घटयोः' આ પદ દ્વન્દ્વસમાસથી ગર્ભિત છે. તથા દ્વન્દ્વસમાસનું વ્યાકરણસંમત વિધાન 'च' શબ્દના અર્થમાં જ કરવામાં આવેલ છે. તથા 'च' શબ્દનો અર્થ ભેદ છે." કહેવાનો આશય એ છે કે જે બે પદાર્થમાં ભેદ હોય તે જ બે પદાર્થના વાચક એવા શબ્દોમાં દ્વન્દ્વ સમાસ થઈ શકે - આ પ્રમાણે વ્યાકરણ શાસ્ત્રનો નિયમ છે. 'नील-घटयोः अभेदः' - આ વાક્યનો અર્થ એ છે કે 'નીલ અને ઘટ વચ્ચે અભેદ છે.' જો નીલ અને ઘટ વચ્ચે ભેદ ન હોય તો નીલ અને ઘટ શબ્દનો દ્વન્દ્વ સમાસ ન થઈ શકે. તથા જો તે બન્ને વચ્ચે અભેદ ન હોય તો 'नील-घटयोः अभेदः' આવો વાક્યપ્રયોગ થઈ ન શકે. આમ ભેદ વિના દ્વન્દ્વ સમાસ અસંગત થાય અને અભેદ વિના તેવો વાક્યપ્રયોગ અસંગત થાય. પરંતુ દ્વન્દ્વસમાસગર્ભિત તેવો વાક્યપ્રયોગ સુપ્રસિદ્ધ અને પ્રામાણિક છે. તેથી નીલ અને ઘટમાં ભેદ-અભેદ ઉભયનો સમાવેશ માન્ય કરવો જરૂરી બને છે. આ પ્રમાણે મહોપાધ્યાયજી મહારાજનું તાત્પર્ય જણાય છે.

### ⊛ ગુણ-ગુણીમાં ભેદાભેદ ઉભય : શ્રીહરિભદ્રસૂરિ ⊛

**(गुण.)** ગુણ અને ગુણી વચ્ચે જો સર્વથા ભેદ હોય તો નિયત એવી જ વસ્તુમાં જે સંશય થાય છે તે બાબત અસંગત થવાની આપત્તિ આવે. તથા જો ગુણ-ગુણી વચ્ચે સર્વથા અભેદ હોય તો સંશયનો જ ઉચ્છેદ થવાની સમસ્યા સર્જાશે. આ અંગે શ્રી**હરિભદ્રસૂરિ**જીએ **આવશ્યકનિર્યુક્તિ**માં જણાવેલ છે કે "જો ગુણ અને ગુણી વચ્ચે એકાન્તે ભેદ માનવામાં આવે તો દૂર રહેલી વસ્તુના ફક્ત રૂપાદિ ગુણની ઉપલબ્ધિ થાય ત્યારે ચોક્કસ ગુણીવિષયક જ જે સંશય થાય છે તે નહિ થઈ શકે. પરંતુ ગમે તે ધર્મીગોચર શંકા ઉત્પન્ન થવાની આપત્તિ આવશે. કારણ કે ગુણ-ગુણીનો એકાન્તે ભેદ માનનારા લોકોના મતમાં તો તે ગુણ જેમ પ્રતિનિયત ગુણીથી સર્વથા ભિન્ન છે, તેમ અન્ય વસ્તુથી પણ સમાન રીતે ભિન્ન છે. જેમ કે લીલાછમ વૃક્ષની નાની-નાની ડાળીઓના સમૂહની વચ્ચેના ભાગમાં રહેલા કોઈક કાણામાંથી (ઉપરના ભાગમાં રહેલ) કોઈક સફેદ વસ્તુને જ્યારે માણસ જુએ છે ત્યારે તેને શંકા પડે છે કે - 'શું આ ધજાપતાકા છે કે બગલો છે ?' આ સંશય શ્વેતરૂપવિશિષ્ટવિષયક જ હોય છે. તેવી પરિસ્થિતિમાં 'આ બગલો છે કે કાગડો છે ?' તેવી આડેધડ શંકા માણસને થતી નથી.તેનાથી સિદ્ધ થાય છે કે શ્વેતરૂપ તેના આશ્રયથી સર્વથા ભિન્ન નથી. જો તેવું હોય તો સફેદ રૂપથી જેમ બગલો, શ્વેતવસ્ત્ર વગેરે તદ્દન જુદા છે. તેમ

प्रतिनियतगुणिविषय इति। अभेदपक्षे तु संशयाऽनुत्पत्तिरेव, गुणग्रहणत एव तस्याऽपि गृहीतत्वाद्" (आ.नि. १०३५ वृ.) इति।

यथोक्तं **विशेषावश्यकभाष्यमलधारवृत्तौ** अपि "प्रभातसमये मन्द-मन्दप्रकाशेऽविरलपत्रनिचिततरुशाखा-निलीनबलाकायाः पत्रविवरेण केनाऽपि 'किञ्चिच्छुक्लमुपलभ्यते' इत्येवं शुक्लत्वं निश्चीयते, न तु बलाका। एतच्च गुण-गुणिनोः कथञ्चिद् भेदम् अन्तरेण नोपपद्यते, एकान्ताऽभेदे गुणग्रहणे गुणिनोऽवश्यं ग्रहणप्रसङ्गात्। तस्माद् द्रव्याद् गुणादीनां कथञ्चिद् भेदः कथञ्चित् तु अभेद" (वि.आ.भा.२१११ मल.वृ.पृ.७४५) इति। **स्थानाङ्गसूत्रवृत्तौ** (स्था.२/४/१०६/पृ.१४८) **भगवतीसूत्रवृत्तौ** (भ.सू.१२/१०/४६८/पृ.५९२) चापि एवंप्रायः प्रबन्धो दृश्यते।

एवमेवावयवाऽवयविनोरपि भेदाऽभेदौ ज्ञेयौ 'कङ्कणदशायां यदेव कनकद्रव्यं कुण्डलतो भिन्नम् आसीत् तदेव कुण्डलावस्थायां ततोऽभिन्नमि'त्यादिप्रतीतेः सार्वजनीनत्वात्।

---

કાગડો, કોયલ વગેરે પણ તદ્દન જુદા જ છે. તો પછી સફેદ રૂપને જોઈને બગલા વગેરેની શંકા શું કામ થાય ? કાગડા વગેરેની શંકા કેમ ન થાય ? પરંતુ સફેદ વસ્તુને જોઈને માણસને શ્વેતવર્ણવિશિષ્ટવિષયક જ સંશય પડે છે, કાગડા-કોયલ વગેરેની શંકા થતી નથી. તેથી માનવું પડે કે ગુણ અને ગુણી વચ્ચે એકાન્તે ભેદ નથી. તથા જો ગુણ-ગુણી વચ્ચે સર્વથા અભેદ માનવામાં આવે તો સંશય જ ઉત્પન્ન ન થઈ શકે. કારણ કે શ્વેતવર્ણસ્વરૂપ ગુણનો નિશ્ચય કરવાથી શ્વેત બગલાનો (કે ધજાપતાકા વગેરેનો) પણ નિશ્ચય થઈ જ ગયો છે. ગુણ-ગુણીનો એકાન્તે અભેદ જ હોય તો ગુણના નિર્ણયનો વિષય ગુણી બની જ જાય છે. તેથી અભેદપક્ષમાં ગુણદર્શન પછી ગુણીગોચર શંકાને અવકાશ રહેતો જ નથી."

## ❀ ધર્મી અનિશ્ચય ગુણ-ગુણીભેદ સાધક ❀

**(યથો.)** **વિશેષાવશ્યકભાષ્યની મલધારવ્યાખ્યામાં** પણ જણાવેલ છે કે "વહેલી સવારે અત્યંત મંદ-મંદ પ્રકાશ હોય તે સમયે નિરંતર પાંદડાઓથી ખીચોખીચ ભરેલા વડલા વગેરે વૃક્ષની શાખામાં છૂપાયેલા બગલાના શ્વેતરૂપનું કોઈક પાંદડાના બાકોરામાંથી દર્શન થતાં 'અહીં કાંઈક સફેદ દેખાય છે' - આવો નિર્ણય થાય છે. પરંતુ 'અહીં' બગલો દેખાય છે' - એવો નિશ્ચય થતો નથી. જો ગુણ-ગુણી વચ્ચે કથંચિત્ ભેદ ન હોય તો આ અનિશ્ચય સંગત થઈ ન શકે. કારણ કે ગુણ-ગુણી વચ્ચે એકાંતે અભેદ હોય તો ગુણનું જ્ઞાન થતાં ગુણીનું પણ અવશ્ય જ્ઞાન થઈ જવાની સમસ્યા સર્જાય. આમ ગુણનો નિશ્ચય થવા છતાં ગુણીનો અનિશ્ચય ઊભો રહેવાથી નક્કી થાય છે કે દ્રવ્યથી ગુણાદિ કથંચિત્ ભિન્ન છે અને કથંચિત્ અભિન્ન છે." **સ્થાનાંગસૂત્રવૃત્તિ**માં તથા **ભગવતીસૂત્રવૃત્તિ**માં પણ આવો સંદર્ભ મળે છે.

## ❀ અવયવ-અવયવી વચ્ચે ભેદાભેદ ❀

(एव.) આ જ રીતે અવયવ-અવયવી વચ્ચે પણ ભેદાભેદ જાણવા. કારણ કે જે સ્થળે સોનાના કંકણને તોડીને તેમાંથી કાનના કુંડલ બનાવવામાં આવે છે તે સ્થળે સર્વ લોકોને સ્વરસથી એવી પ્રતીતિ થાય છે કે 'જે સુવર્ણ દ્રવ્ય કંકણદશામાં કુંડલથી ભિન્ન હતું તે જ સુવર્ણ કુંડલઅવસ્થામાં કુંડલથી અભિન્ન છે.' તેથી અવયવ અને અવયવી વચ્ચે ભેદાભેદ નિર્વિવાદપણે સિદ્ધ થાય છે.

***एतेन*** अवयवाऽवयविनोः एकान्तभेदो नैयायिकसम्मतः ***प्रत्याख्यातः***। यथोक्तं **विशेषावश्यकभाष्यमलधारवृत्तौ** "न च कार्य-कारणयोः ऐकान्तिको भेदः, कनक-कुण्डलादिषु मृत्पिण्ड-कुण्डादिषु च तथाऽदर्शनाद्" (वि.आ.भा.१०० वृ.) इति। तत्रैवाऽग्रे "कार्य-कारणयोश्च मृत्पिण्ड-घटयोरिव कथञ्चिद् भेदः प्रतीत एव" (वि.आ.भा.१०५ वृ.) इत्युक्तम्। ततश्च तयोः भेदाभेदौ अनाविलौ इति स्थितम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'गुण-गुणिनोः भेदाऽभेदौ' इति कृत्वा अभेदमवलम्ब्य ज्ञान-गुणबहुमानाय ज्ञानिबहुमानं क्रियते अस्माभिः। ज्ञान-ज्ञानिनोरेकान्तभेदे कुतः ज्ञानिबहुमानाद् ज्ञानं बहुमतं स्यात् ? अन्यथा अज्ञानिबहुमानेऽपि ज्ञानं बहुमतं स्यात्।

अस्मदीयगुणमदपरिहारकृते च गुण-गुणिनोः भेदः अवलम्बनीयः। अस्माकम् उग्रविहारित्व-घोरतपश्चर्या-शास्त्रपारगामित्वप्रभृतिगुणसम्पन्नत्वे तादृशगुणकदम्बकम् उद्दिश्य मात्सर्यतः केनचिद् वयम् आशातिताः अवमानिता वा स्यामः तदा आविर्भूतगुणतः पृथक् स्वाऽस्तित्त्वं प्रतिसन्धाय 'न वयम् आशातिता हिलिता वा' इति विमृश्य न कश्चित् शप्तव्यः, न वा स्वयं मदितव्यम्। इत्थं

---

(एते.) આ પ્રતીતિ અબાધિત હોવાથી 'અવયવ-અવયવી વચ્ચે એકાંતે ભેદ જ હોય છે' - આ પ્રમાણે જે નૈયાયિકમત છે તેનું નિરાકરણ થઈ જાય છે. આ અંગે મલધારી શ્રી**હેમચન્દ્રસૂરિ**જીએ **વિશેષાવશ્યકભાષ્યવ્યાખ્યા**માં જણાવેલ છે કે 'ઉપાદાનકારણ અને કાર્ય વચ્ચે એકાન્તે ભેદ હોતો નથી. કારણ કે કંકણ તોડીને કુંડલ બનાવવામાં આવે તે સ્થળે સુવર્ણ અને કુંડલ વચ્ચે એકાંતે ભેદ દેખાતો નથી. તે જ રીતે માટીના પિંડમાંથી માટીનું કુંડુ બને ત્યારે તે બન્ને વચ્ચે સર્વથા ભેદનું દર્શન થતું નથી.' ત્યાં જ તેઓશ્રીએ આગળ જણાવેલ છે કે 'ઉપાદાનકારણ અને કાર્ય વચ્ચે માટીનો પિંડ અને ઘટની જેમ કથંચિત્ ભેદ પ્રસિદ્ધ જ છે.' આમ અવયવ-અવયવી વચ્ચે ભેદાભેદ માનવો એ જ પરમાર્થથી વ્યાજબી જણાય છે.

### ❊ જ્ઞાનીના બહુમાનથી જ્ઞાનનું બહુમાન : અભેદ નય ❊

[redacted] :- ગુણ-ગુણીનો ભેદાભેદ આધ્યાત્મિક દૃષ્ટિએ ઘણો ઉપયોગી છે. તે આ રીતે - ગુણ-ગુણીમાં અભેદ હોવાથી જ જ્ઞાન ગુણનું બહુમાન કરવા આપણે જ્ઞાનીનું બહુમાન કરીએ છીએ. જો જ્ઞાન અને જ્ઞાની પરસ્પર અત્યંત ભિન્ન હોય તો જ્ઞાનીનું બહુમાન કરવાથી જ્ઞાનના બહુમાનનો લાભ કઈ રીતે મળી શકે ? જ્ઞાન અને જ્ઞાની અત્યંત ભિન્ન હોવા છતાં જો જ્ઞાનીના બહુમાનથી જ્ઞાનના બહુમાનનો લાભ મળી શકતો હોય તો અજ્ઞાનીના બહુમાનથી પણ જ્ઞાનના બહુમાનનો લાભ મળવો જોઈએ. કેમ કે જ્ઞાન તો જ્ઞાની અને અજ્ઞાની બન્નેથી, ભેદવાદીના મત મુજબ, ભિન્ન જ છે. પરંતુ તેવું તો કોઈને જ માન્ય નથી. માટે ગુણ-ગુણીનો અભેદ માનવો આધ્યાત્મિક લાભમાં સહાયક છે.

### ● ભેદનય અભિમાન છોડાવે ●

(अस्म.) તથા આપણા ગુણો આપણને અભિમાન ન કરાવે તે માટે ગુણ-ગુણીનો ભેદ વિચારવો લાભદાયી બને છે. તેમ જ આપણે ઉગ્રવિહારી હોઈએ કે ઘોર તપશ્ચર્યા કરનાર હોઈએ કે શાસ્ત્રમાં પારંગત હોઈએ અને 'જોયા મોટા ઉગ્રવિહારી ! ભણેલા તો કશું નથી. જોયા મોટા તપસ્વી ! ક્રોધ

गुण-गुणिविभेदप्रतिसन्धानं गुणशुद्धि-वृद्ध्यादिद्वारा आध्यात्मिकसाहाय्यकारि सम्पद्यते। इत्थं देहात्माऽभेदबुद्धिपरित्यागेन तद्भेदबुद्धिपरिपाकतः "निष्कलः करणातीतो निर्विकल्पो निरञ्जनः। अनन्तवीर्यताऽऽपन्नो नित्यानन्दाभिनन्दितः।।" (ज्ञाना. ४२/७३) इति **ज्ञानार्णवे शुभचन्द्रोपदर्शितः** शुद्धात्मा प्रादुर्भवेत्।।४/४।।

---

તો ભયંકર છે. જોયા મોટા પોથીપંડિત ! તપ તો કરતા નથી' - ઈત્યાદિરૂપે આપણા ગુણગણને ઉદ્દેશીને ઈર્ષ્યાથી આપણી કોઈ આશાતના કે અવહેલના કરે ત્યારે પ્રગટ થયેલા ગુણોથી પોતાનું ન્યારું અસ્તિત્વ નજર સામે રાખવાથી, સામી વ્યક્તિને શ્રાપ આપવાની ગંભીર ભૂલ આપણે કરી ન બેસીએ તથા તેવા અવસરે અસંયમી કે અજ્ઞાની કે અતપસ્વી વ્યક્તિને જેમ તથાવિધ તીવ્ર માન કષાય ન નડે તેમ આપણને પણ ત્યારે તથાવિધ માન કષાય ન નડે. આ રીતે વિચારેલો ગુણ-ગુણીનો ભેદ ગુણની શુદ્ધિ -વૃદ્ધિ વગેરે કરવા દ્વારા આધ્યાત્મિક વિકાસ સાધવામાં ઉપયોગી છે, સહાયક છે. આ રીતે શરીર અને આત્મા વચ્ચે અભેદબુદ્ધિનો પરિત્યાગ કરીને દેહાત્મગોચર ભેદબુદ્ધિના પરિપાકથી **જ્ઞાનાર્ણવ**માં દિગંબર **શુભચંદ્રજી**એ દર્શાવેલ શુદ્ધાત્મા પ્રગટ થાય છે. ત્યાં જણાવેલ છે કે "શુદ્ધાત્મા નિષ્કલ, ઈન્દ્રિયાતીત, નિર્વિકલ્પ, નિરંજન, અનંતશક્તિયુક્ત તથા નિત્ય આનંદથી પરિવરેલો છે." (૪/૪)

**લખી રાખો ડાયરીમાં.....**

- **બુદ્ધિને ડોકટરની દવામાં વિશ્વાસ છે.**
  **શ્રદ્ધાને જીવોની દુઆમાં વિશ્વાસ છે.**

- **વાસના એક તણાવ છે.**
  **ઉપાસનામાં સદા મુક્તદશા છે.**

- **સાધના એટલે ધર્મપુરુષાર્થ.**
  **ઉપાસના એટલે મોક્ષપુરુષાર્થ.**

- **સાધના એટલે કર્મસત્તા સામે ચઢાઈ.**
  **દા.ત. સનત્કુમાર રાજર્ષિ**
  **ઉપાસના એટલે ધર્મમહાસત્તાની શરણાગતિ.**
  **દા.ત. મયણાસુંદરી**

- **વાસના હલકી વિચારધારામાં તણાય છે.**
  **ઉપાસના હળવી વિચારધારાને સર્જે છે.**

હવઇ આત્મદ્રવ્યમાંહિં ભેદાભેદનો અનુભવ દેખાડઈ છઈ -

**બાલભાવ જે પ્રાણી દીસઈ, તરુણ ભાવ તે ન્યારો રે;**
**દેવદત્તભાવઈ તે એક જ, ♦અવિરોધ નિરધારો રે ॥૪/૫॥ (૪૫) શ્રુત૦**

**બાલભાવઈ** = ✡બાલકપણઈ, **જે પ્રાણી દીસઈ** છઈ, **તે તરુણ ભાવઈ ન્યારો** કહતાં ભિન્ન છઈ. અનઈ **દેવદત્તભાવઈ તે** = મનુષ્યપણાનઈ પર્યાયઈ તે **એક જ** છઈ. તો♦ એકનઈ વિષઈ બાલ-તરુણભાવઈ ભેદ, દેવદત્તભાવઈ અભેદ એ **અવિરોધ નિર્ધારો.**

---

अधुनैकस्मिन्नेवाऽऽत्मद्रव्ये पर्यायभेदाऽभेदं प्रत्यक्षप्रमाणतः साधयति – '**यो ही**'ति।

**यो हि बालतया दृष्टः स तरुणतयेतरः।**
**देवदत्ततयैको ह्यविरोधमेव निश्चिनु।।४/५।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – यः हि बालतया दृष्टः स हि तरुणतया इतरः, देवदत्ततया (तु) एकः (एवं) हि अविरोधम् एव निश्चिनु।।४/५।।

**यो हि** = एव मनुष्यः पूर्वं **बालतया** = बालपर्यायरूपेण **दृष्टः स** पश्चात् **तरुणतया** = तरुणपर्यायेण **इतरः** = बालभिन्न इति ज्ञायते। स **हि** = एव **देवदत्ततया** = देवदत्तलक्षणमनुष्य-पर्यायविशेषरूपेण पूर्वोत्तरकालं **एकः** = अभिन्न इति ज्ञायते। एवम् उभयत्र 'हि'शब्दस्य अवधारणा-र्थता बोध्या। तदुक्तं **धरसेनेन विश्वलोचने** "हि विशेषेऽवधारणे। हि पादपूरणे हेतौ" (वि.लो.अव्ययवर्ग-८४/पृ.४२०) इति।

---

**અવતરણિકા** :- આગલા શ્લોકમાં એક જ પુદ્ગલ દ્રવ્યમાં ગુણના ભેદાભેદનો પ્રત્યક્ષ પ્રમાણથી નિશ્ચય કરાવ્યો. હવે એક જ આત્મદ્રવ્યમાં પર્યાયના ભેદાભેદને પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ કરે છે :-

**✡ આત્મામાં પર્યાયનો ભેદાભેદ ✡**

**શ્લોકાર્થ** :- જે માણસ બાળકરૂપે પૂર્વે દેખાયેલ તે તરુણપણે જુદો છે. તેમ છતાં દેવદત્તસ્વરૂપે તે બાલ અને તરુણ એક જ છે. આ પ્રમાણે પર્યાય-પર્યાયીમાં ભેદાભેદનો નિશ્ચય કરવો. (૪/૫)

**ટીકાર્થ** :- જે મનુષ્ય પૂર્વે બાલપર્યાયરૂપે જોયેલ હોય તે પાછળથી યુવાનીના આંગણે આવતા 'તરુણ પર્યાયસ્વરૂપે બાળકથી તે ભિન્ન છે' એ પ્રમાણે જણાય છે. તથા 'તે જ બાલ અને તરુણ પર્યાયનો આધાર બનનાર વ્યક્તિ દેવદત્તસ્વરૂપે = વિશેષ પ્રકારના મનુષ્યપર્યાયરૂપે પૂર્વોત્તર કાળમાં એક જ છે' - તે પ્રમાણે જણાય છે. આમ મૂળ શ્લોકમાં રહેલ 'हि' શબ્દ બન્ને સ્થળે અવધારણ = જકાર અર્થમાં પ્રયોજાયેલ છે - તેમ સમજવું **વિશ્વલોચન** ગ્રંથમાં દિગંબર **ધરસેનજી**એ 'हि' શબ્દના અનેક અર્થ જણાવેલ છે. ત્યાં જણાવેલ છે કે "(૧) વિશેષ, (૨) અવધારણ, (૩) પાદપૂર્તિ અને (૪) હેતુ - આ ચાર વિષયમાં 'हि' શબ્દ પ્રવર્તે છે."

---

♦ મ. + શાં.માં 'અવિરોધઈ' પાઠ. કો.(૧)નો પાઠ લીધો છે. ✡ મ. + ધ.માં 'બાલકપણે' પાઠ. કો.(૭)નો પાઠ લીધો છે. ♦ આ.(૧)માં 'તે' પાઠ છે.

उक्तं च - [1]पुरिसम्मि पुरिससद्दो, जम्माईमरणकालपज्जंतो ।
तस्स उ बालाईया, पज्जवभेया(?जोया) बहुवियप्पा ।। (१.३२) *सम्मतौ* ।।४/५।।

इत्थमेकस्यामेव व्यक्तौ बाल-तरुणादिपर्यायेण भेदस्य देवदत्तादिपर्यायेण चाभेदस्य **अविरोधमेव** = विरोधाभावमेव **निश्चिनु**। उक्तञ्च **श्रीसिद्धसेनदिवाकर**पादैः **सम्मतितर्के** [1]"पुरिसम्मि पुरिससद्दो जम्माई-मरणकालपज्जन्तो। तस्स उ बालाईया पज्जवजोया बहुवियप्पा।।"-(स.त.१/३२) इति।

श्री**अभयदेवसूरि**कृततद्वृत्तिलेशस्त्वेवम् "अतीतानागतवर्त्तमानानन्तार्थ-व्यञ्जनपर्यायात्मके पुरुषवस्तुनि 'पुरुष' इति शब्दो यस्याऽसौ पुरुषशब्दः तद्वाच्योऽर्थः जन्मादि-मरणपर्यन्तोऽभिन्न इत्यर्थः, 'पुरुष' इत्यभिन्नाऽभिधान -प्रत्यय-व्यवहारप्रवृत्तेः। तस्यैव बालादयः पर्याययोगाः परिणतिसम्बन्धा बहुविकल्पाः = अनेकभेदाः प्रतिक्षणसूक्ष्म-

**(इत्थ.)** આ રીતે 'એક જ વ્યક્તિમાં બાલ-તરુણાદિ પર્યાય સ્વરૂપે ભેદ અને દેવદત્ત વગેરે પર્યાય સ્વરૂપે અભેદ વચ્ચે વિરોધ નથી જ' - તે પ્રમાણે તમે નિશ્ચય કરો. શ્રી **સિદ્ધસેનદિવાકરસૂરિ** મહારાજ પણ **સંમતિતર્કપ્રકરણ** નામના ગ્રંથમાં આ બાબતને જણાવતા કહે છે કે "પુરુષને ઉદ્દેશીને જન્મથી માંડીને મૃત્યુ સમય સુધી 'પુરુષ' શબ્દનો પ્રયોગ થાય છે. તથા બાલ-યુવાન આદિ અનેક પ્રકારના પર્યાયોનો તે જ પુરુષની સાથે સંબંધ થાય છે."

## ❀ નૈશ્ચયિક અને વ્યાવહારિક પર્યાયની વિચારણા ❀

**(श्रीअभ.)** તર્કપંચાનન શ્રી **અભયદેવસૂરિ** મહારાજે **સંમતિતર્કની વાદમહાર્ણવ** નામની વ્યાખ્યામાં દિવાકરજીનો આશય સ્પષ્ટ કરતા જણાવેલ છે કે "દરેક પદાર્થ અતીત-અનાગત અને વર્તમાનકાળના અનન્ત અર્થપર્યાય સ્વરૂપ અને અનન્ત વ્યંજનપર્યાય સ્વરૂપ છે. તેથી પુરુષ પદાર્થ પણ ત્રિકાલવર્તી અનંત અર્થ-વ્યંજન પર્યાય સ્વરૂપ છે. પુરુષના જન્મથી માંડીને મરણ સમય સુધી તેને ઉદ્દેશીને 'આ પુરુષ છે. આ પુરુષ છે' - આ પ્રમાણે એક જ (= સમાન) શબ્દનો પ્રયોગ થાય છે. તથા 'આ પુરુષ છે. આ પુરુષ છે' - આ પ્રમાણે એક સરખી પ્રતીતિ અને વ્યવહાર થાય છે. તેથી જન્મથી માંડીને મરણ સમય સુધી તે માણસ 'પુરુષ' શબ્દનો અર્થ બને છે. આમ ભૂત-ભવિષ્ય-વર્તમાનમાં પુરુષ વ્યક્તિ એક = અભિન્ન સિદ્ધ થાય છે. તથા તે જ પુરુષમાં બાલ, યુવાન, વૃદ્ધ આદિ અનેક પ્રકારના પર્યાયોનો સંબંધ થાય છે. આ પર્યાયોમાં નિશ્ચયથી પ્રતિક્ષણ બદલાતા સૂક્ષ્મ પરિણામો અંતર્ભાવ પામે છે. અર્થાત્ બાલ, યુવાન આદિ પર્યાયો વ્યવહારનયથી દીર્ઘ કાળ (પાંચ-દશ વર્ષ સુધી) ટકનારા છે. જ્યારે નિશ્ચયનયથી પ્રતિસમય બાલત્વ વગેરે પર્યાયો ફરતા રહે છે. નિશ્ચયસંમત સૂક્ષ્મ પર્યાયો આપણા માટે [૨]**શૃંગગ્રાહિકાન્યાય**થી વ્યવહર્તવ્ય બનતા નથી. પરંતુ આ નૈશ્ચયિક સૂક્ષ્મ પર્યાયોનો વ્યાવહારિક (= વ્યવહારનયસંમત) પર્યાયોમાં અંતર્ભાવ થઈ જાય છે. નૈશ્ચયિક સૂક્ષ્મ પરિણતિથી ગર્ભિત વ્યવહર્તવ્ય એવા તમામ પર્યાયો તે જ પુરુષના બને છે. કારણ કે તે જ પુરુષમાં 'આ અત્યારે બાલ છે, યુવાન નથી', 'આ હમણાં યુવાન થઈ ગયેલ છે. હાલ આ બાળક નથી.' ... ઈત્યાદિ રૂપે તે તે પર્યાયોના અન્વય-વ્યતિરેકનું જ્ઞાન ઉત્પન્ન થાય છે. આમ 'ભૂત-ભવિષ્ય-વર્તમાનમાં પુરુષ કથંચિદ્

1. पुरुषे पुरुषशब्दः जन्मादिमरणकालपर्यन्तः। तस्य तु बालादयः पर्याययोगाः बहुविकल्पाः।। ૨. શૃંગગ્રાહિકાન્યાયની સ્પષ્ટતા સામેના પાનામાં આપવામાં આવેલ છે.

परिणामान्तर्भूता भवन्ति, तत्रैव तथाव्यतिरेकज्ञानोत्पत्तेः। एवञ्च 'स्यादेकः' इत्यविकल्पः 'स्यादनेक' इति सविकल्पः सिद्धः।... एवञ्च पुरुषो व्यञ्जनपर्यायेणैको बालादिभिस्तु अर्थपर्यायैरनेकः" (स.त.१/३२ वृ.) इति। व्यञ्जनार्थपर्यायौ च वक्ष्येते उत्तरत्र चतुर्दशशाखायां विस्तरतः।

वस्तुनः परिणामिनित्यत्वेन द्रव्य-गुणादीनामभेदसिद्धिः,सान्वयध्वंसशीलतया च भेदसिद्धिरिति भावः। तदुक्तं **श्रीहरिभद्रसूरिभिः आवश्यकनिर्युक्तिवृत्तौ** "परिणामे सति तस्य नित्याऽनित्याद्यनेकरूपत्वाद् द्रव्य-गुण-पर्यायाणामपि भेदाऽभेदसिद्धेः, अन्यथा सकलसंव्यवहारोच्छेदप्रसङ्गात्, एकान्तपक्षेणाऽन्यत्वा-

---

(દેવદત્તત્વરૂપે અથવા મનુષ્યત્વ આદિ રૂપે) એક છે' - આ પ્રમાણે પુરુષને ઉદ્દેશીને અવિકલ્પ = નિર્વિકલ્પક જ્ઞાન (= એકાકારતાઅવગાહી નિશ્ચય) થાય છે. તથા ત્રણેય કાળમાં પર્યાય બદલાવાથી તેનાથી અભિન્ન પુરુષ પણ બદલાતો હોવાથી 'પુરુષ કથંચિદ્ (બાલ, યુવાન આદિ પર્યાય સ્વરૂપે) અનેકવિધ છે' - આ પ્રમાણે પુરુષને ઉદ્દેશીને સવિકલ્પક જ્ઞાન (= અનેકાકારઅવગાહી નિશ્ચય) ઉત્પન્ન થાય છે...... આ પ્રમાણે વ્યંજનપર્યાયથી (= શબ્દવાચ્ય પર્યાયથી) પુરુષ એક છે. તથા બાલ, યુવાન આદિ અર્થપર્યાયોથી પુરુષ અનેક છે. આ પ્રમાણે પ્રતીતિ થાય છે." જો કે **સંમતિતર્ક**ના પ્રથમ કાંડની બત્રીસમી ગાથાની વ્યાખ્યા શ્રી**અભયદેવસૂરિજી**એ વિસ્તારથી કરેલ છે. પરંતુ તેમાંથી પ્રસ્તુતમાં ઉપયોગી એવો અંશ પરામર્શકર્ણિકામાં ઉદ્ધૃત કરવામાં આવેલ છે. તેથી અમે તેટલા જ અંશની અહીં છણાવટ કરેલ છે. વ્યંજનપર્યાય અને અર્થપર્યાયનું સ્વરૂપ આગળ ચૌદમી શાખામાં વિસ્તારથી જણાવવામાં આવશે.

### * શૃંગગ્રાહિકાન્યાયનું સ્પષ્ટીકરણ *

**સ્પષ્ટતા** :- 'શૃંગગ્રાહિકા' ન્યાય આ રીતે સમજવો કે અનેક ગોવાળીયાઓ પોતપોતાની ગાયોને એક મેદાનમાં ચરવા માટે છોડી દે ત્યારે સમાનતા = સાદૃશ્ય હોવાના કારણે 'કઈ ગાય કયા ગોવાળની છે ?' તેનો નિર્ણય સામાન્યથી કોઈને પણ થતો નથી. પણ દરેક ગોવાળ પોતપોતાની ગાયને વિશેષ લક્ષણથી ઓળખે છે. માટે મેદાનમાંથી પોતપોતાના ગોકુળમાં લઈ જવાના સમયે તેઓ પોતપોતાની ગાયને શીંગડાથી પકડીને ગોકુળ તરફ લઈ જાય છે. 'शृङ्गं गृह्यते यस्यां क्रियायां सा शृङ्गग्राहिका' આ વ્યુત્પત્તિથી જે ક્રિયામાં શીંગડું પકડવું જરૂરી છે, તે ક્રિયાને 'शृङ्गग्राहिका' અથવા 'शृङ्गग्राहिका न्याय' કહેવાય છે. નિશ્ચયનયને માન્ય એવા સૂક્ષ્મ પર્યાયો આપણા માટે પ્રસ્તુત શૃંગગ્રાહિકાન્યાયથી વ્યવહર્તવ્ય બનતા નથી. આ પ્રમાણે **સંમતિવ્યાખ્યાકાર**નું તાત્પર્ય સમજવું.

### * દ્રવ્ય-ગુણ-પર્યાયમાં ભેદાભેદ - શ્રીહરિભદ્રસૂરિજી *

**(वस्तु.)** વસ્તુ પરિણામીનિત્ય હોવાથી દ્રવ્ય, ગુણ, પર્યાય વચ્ચે અભેદની સિદ્ધિ થાય છે. તથા મૂળભૂત તત્ત્વ ટકે તે રીતે નાશ (= સાન્વય નાશ) પામવાનો વસ્તુનો સ્વભાવ હોવાથી દ્રવ્ય, ગુણ, પર્યાય વચ્ચે પરસ્પર ભેદ પણ સિદ્ધ થાય છે - આવું પ્રસ્તુતમાં તાત્પર્ય છે. તેથી જ શ્રી**હરિભદ્રસૂરિજી**એ **આવશ્યકનિર્યુક્તિવૃત્તિ**માં જણાવેલ છે કે "આત્મા વગેરે વસ્તુમાં પરિણામિત્વ હોવાની સાથે નિત્યાનિત્યાદિ અનેકસ્વરૂપ રહેલા છે. તેથી દ્રવ્ય-ગુણ-પર્યાય વચ્ચે પણ ભેદાભેદ સિદ્ધ થાય છે. જો પ્રત્યેક વસ્તુના દ્રવ્ય-ગુણાદિમાં ભેદાભેદને માનવામાં ન આવે તો તમામ પ્રસિદ્ધ વ્યવહારોનો ઉચ્છેદ માનવાની આપત્તિ આવશે. કેમ કે એકાન્તનિત્યપક્ષકાર દ્રવ્ય-ગુણાદિમાં ભેદ માનતા ન હોવાથી 'આત્માનું ઘટજ્ઞાન નાશ

ऽनन्यत्वयोरनभ्युपगमाद्" (आ.नि.१०३५ वृ.) इति।

पर्यायभेदे पर्यायिणः सर्वथैवोच्छेदे तु कृतनाशाऽकृतागमौ दोषौ स्याताम्। तदुक्तं **वीतरागस्तोत्रे** "स्यातामेकान्तनाशेऽपि कृतनाशाऽकृतागमौ" (वी.स्तो. ८/१) इति। भेदाभेदाभ्यां परिणामिपक्षे तु न कश्चिद् दोषः। तदुक्तं **मीमांसाश्लोकवार्त्तिके कुमारिलभट्टेन** अपि "स्यातामत्यन्तनाशेऽस्य कृतनाशाऽकृताऽऽगमौ। न त्ववस्थान्तरप्राप्तौ लोके बाल-युवादिवद्।।"(मी.श्लो.वा.आत्मवाद-२३) इति भावनीयम्।

---

પામ્યું. પટજ્ઞાન ઉત્પન્ન થયું' - આવો વ્યવહાર થઈ નહિ શકે. તથા એકાન્ત-અનિત્યપક્ષમાં દ્રવ્ય-ગુણાદિનો અભેદ માન્ય ન હોવાના લીધે 'તે જ આ દેવદત્ત છે જેને પૂર્વે જોયેલો હતો' - ઈત્યાદિ વ્યવહાર અસંગત બની જશે." આ રીતે શ્રી**હરિભદ્રસૂરિજી**એ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં ભેદાભેદની સિદ્ધિ કરી છે.

### પર્યાયભેદે પર્યાયીનો સર્વથા ભેદ અસંગત

**(પર્યાય.)** પર્યાય બદલાવાથી જો પર્યાયીનો (= પર્યાયના આશ્રયનો) સર્વથા જ ઉચ્છેદ થઈ જાય તો કૃતનાશ અને અકૃતઆગમ નામના બે દોષો આવી પડે. કલિકાલસર્વજ્ઞ શ્રી**હેમચંદ્રસૂરિજી** મહારાજે **વીતરાગસ્તોત્ર** ગ્રંથમાં આ જ અભિપ્રાયથી જણાવેલ છે કે 'આત્માનો એકાન્તે = સર્વથા નાશ થઈ જાય તો પણ કૃતનાશ અને અકૃતઆગમ નામના બે દોષ આવશે.' પરંતુ પર્યાય-પર્યાયીના ભેદાભેદ દ્વારા પરિણામી પક્ષનો સ્વીકાર કરવામાં આવે તો કોઈ દોષ આવતો નથી. તેથી **મીમાંસાશ્લોકવાર્તિક**માં **કુમારિલભટ્ટે** પણ જણાવેલ છે કે "પરિણામના નાશથી પરિણામીનો અત્યંત નાશ માન્ય કરવામાં આવે તો કૃતનાશ અને અકૃતઆગમ નામના બે દોષ લાગુ પડે. પરંતુ પરિણામ બદલાતા દ્રવ્યનો નાશ માનવાના બદલે 'દ્રવ્ય અન્ય પ્રકારની અવસ્થાને પ્રાપ્ત કરે છે' - આ પ્રમાણે માનવામાં આવે તો આ બન્ને દોષો લાગુ ન પડે. જેમ માણસની વીસ-બાવીસ વર્ષની ઉંમર થતા લોકોમાં પણ ઘણી વાર કહેવાય છે કે 'આની બાલ્યાવસ્થા ગઈ, યુવાની આવી છતાં તે તો તેનો તે જ છે. તેનો સ્વભાવ જરા પણ સુધર્યો નહિ.' આમ આ પ્રકારના લોકવ્યવહારથી પણ 'પરિણામ બદલાય ત્યારે પરિણામીનો નાશ સર્વથા થતો નથી' - આ પ્રમાણે સિદ્ધ થાય છે." આ વાતની પણ પ્રસ્તુતમાં વાચકવર્ગે ઊંડાણથી વિચારણા કરવી.

### કૃતનાશ અને અકૃતઆગમ દોષની છણાવટ

**સ્પષ્ટતા** :- ચોરી કરનાર ચોરનો ચોરીની પ્રવૃત્તિ બાદ સર્વથા નાશ થઈ જતો હોય તો તેને ચોરીની સજા કઈ રીતે થાય ? અર્થાત્ ન જ થાય. આમ કરેલી ચોરીની સજા (= ફળ) તેને મળશે નહિ. તેથી કરેલી (= કૃત) ચોરી નિષ્ફળ (= નાશ) જશે. દાર્શનિક જગતમાં આને 'કૃતનાશ' નામનો દોષ કહેવાય.

હકીકત એ છે કે ચોર પકડાયા બાદ રાજા દ્વારા કે (વર્તમાનમાં) સરકાર દ્વારા ચોરને સજા થાય છે. કદાચ રાજા વગેરે ચોરને પકડી ન શકે તો પણ કર્મસત્તા દ્વારા ચોરને નરકાદિ દુર્ગતિમાં સજા થાય જ છે. જો ચોરી કર્યા બાદ ચોરનો (= પર્યાયીનો) નાશ સર્વથા થઈ જતો હોય તો ચોરને થતી સજા 'અકૃતઆગમ' નામના દોષને સૂચિત કરશે. કેમ કે જેણે ચોરી કરેલી છે તેનો તો સજા પૂર્વે જ સર્વથા નાશ થઈ ચૂકેલો છે. તથા જેને સજા થાય છે, તેણે ચોરી કરી જ નથી. તેથી ચોરી ન કરવા છતાં તેની સજાનું આગમન થયું. આમ પર્યાયનો (= ચોરી કરવાની પ્રવૃત્તિનો) નાશ (= વિરામ) થવાથી પર્યાયીનો (= ચોરનો) સર્વથા નાશ માનવામાં આવે તો જેને સજા થાય છે તેણે

***ननु*** किमर्थमिह पौनःपुन्येन अन्यदर्शनसंवादा दर्श्यन्ते ?

***श्रुणु,*** सम्यग्दृष्टिग्रहणे मिथ्याश्रुतमपि सम्यक् श्रुतमेव भवतीति बोधनार्थम्। तदुक्तं **विशेषावश्यकभाष्ये** [1]"सम्मत्तपरिग्गहियं सम्मसुयं, मिच्छमियरं ति" (वि.आ.भा.८७९) इति। इत्थमेव [2]"मिच्छत्तसमयसमूहं सम्मत्तं" (वि.आ.भा.९५४) इति **विशेषावश्यकभाष्य**वचनम् उपपद्येत। अन्यदर्शनिनां यथार्थवचनविद्वेषस्याऽन्याय्यत्वमिति बोधनार्थञ्च। तदुक्तं श्री**हरिभद्रसूरि**भिः **षोडशके** "तत्राऽपि च न द्वेषः कार्यः, विषयस्तु यत्नतो मृग्यः। तस्याऽपि न सद्वचनं सर्वं यत् प्रवचनादन्यद्।।" (षो.१६/१३) इत्युक्तम्। "आत्मीयः परकीयो वा कः सिद्धान्तो विपश्चिताम् ? दृष्टेष्टाऽबाधितो यस्तु युक्तः तस्य परिग्रहः।।" (यो.बि.५२५) इति **योगबिन्दु**वचनमप्यत्र स्मर्तव्यम्। तदुक्तं **लोकतत्त्वनिर्णये**ऽपि "पक्षपातो न मे वीरे, न द्वेषः कपिलादिषु। युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः।।" (लो.त.नि.१/३८) इति। यथा

ચોરી ન કરી હોવાથી અકૃતના ફળનું આગમન થવાથી 'અકૃતાગમ' નામનો દોષ લાગુ પડે.

**શંકા** :- (ननु.) હમણાં તમે મીમાંસાશ્લોકવાર્તિકનો સંવાદ દર્શાવ્યો. પરંતુ તે તો અન્યદર્શનનો ગ્રંથ છે. પૂર્વે પણ આ ગ્રંથમાં વારંવાર અન્યદર્શનના સંવાદો સાક્ષીરૂપે ટાંકવામાં આવેલ છે. અમને એ ખ્યાલ નથી આવતો કે શા માટે વારંવાર અન્યદર્શનના સંવાદો અહીં ટાંકવામાં આવે છે ?

### ❀ પરદર્શનની સત્ય વાત આદરણીય ❀

**સમાધાન** :- (श्रुणु.) ભાગ્યશાળી ! સાંભળો. (૧) 'સમ્યગ્દૃષ્ટિએ ગ્રહણ કરેલ મિથ્યા શ્રુત પણ સમ્યક્ શ્રુત જ થાય છે' - આવું જણાવવા માટે અહીં પરદર્શનસંબંધી સંવાદોને સાક્ષીરૂપે ટાંકેલા છે. **વિશેષાવશ્યકભાષ્ય**માં આ અંગે જણાવેલ છે કે 'સમ્યક્ત્વ સાથે ગ્રહણ કરેલ તમામ શ્રુત સમ્યક્ બને છે. તથા મિથ્યાત્વની સાથે ગ્રહણ કરેલ બધું શ્રુત મિથ્યા બને છે.' તેમજ જો આવું બને તો જ 'મિથ્યાત્વમતોનો સમૂહ = સમ્યક્ત્વ' - આ મુજબ **વિશેષાવશ્યકભાષ્ય**માં જે જણાવેલ છે, તે સંગત થઈ શકે. મિથ્યા મતોનો સમ્યક્ સમન્વય કરવા સ્વરૂપ સમ્યગ્દર્શન તો સમકિતી પાસે જ હોય ને ! (૨) તથા અન્યદર્શનીઓના જે જે સત્ય વચનો હોય તેના ઉપર દ્વેષ કરવો તે સમકિતી માટે યોગ્ય પણ નથી - આવું શ્રોતાવર્ગને જણાવવું એ પરદર્શનસંવાદપ્રદર્શનનું બીજું પ્રયોજન છે. શ્રી**હરિભદ્રસૂરિજી**એ આ જ આશયથી **ષોડશક**માં જણાવેલ છે કે 'અન્યદર્શનમાં પણ દ્વેષ ન કરવો. પરંતુ તેનો તાત્પર્યાર્થ પ્રયત્નપૂર્વક શોધવો. કારણ કે વિધર્મીઓના પણ જે જે સત્યવચનો છે તે તમામ જિનાગમથી ભિન્ન નથી.' મતલબ કે પરદર્શનીના સત્યવચન પ્રત્યેનો દ્વેષ જિનાગમ પ્રત્યેના દ્વેષરૂપે ફલિત થઈ જાય. માટે જ **યોગબિંદુ** ગ્રંથમાં શ્રી**હરિભદ્રસૂરિજી**એ જણાવેલ એક વાત અહીં અવશ્ય યાદ કરવા યોગ્ય છે. ત્યાં તેમણે જણાવેલ છે કે 'વિદ્વાનો માટે કયો સિદ્ધાન્ત પોતાનો હોય અને કયો સિદ્ધાન્ત પારકો હોય ? જે સિદ્ધાન્ત પ્રત્યક્ષથી અને શાસ્ત્રથી બાધિત ન હોય તે સિદ્ધાન્તનો સ્વીકાર કરવો યોગ્ય છે.' તેથી જ **લોકતત્ત્વનિર્ણય**માં શ્રી**હરિભદ્રસૂરિજી**એ જણાવેલ છે કે 'મને મહાવીરસ્વામી ભગવાન પ્રત્યે પક્ષપાત નથી. તથા કપિલ (સાંખ્યદર્શનપ્રવર્તક) વગેરે પ્રત્યે મને દ્વેષ નથી. જેનું વચન યુક્તિસંગત

1. सम्यक्त्वपरिगृहीतं सम्यक्श्रुतं मिथ्येतरदिति। 2. मिथ्यात्वसमयसमूहः सम्यक्त्वम्।

चैतत् तत्त्वं तथा विवृतमस्माभिः **द्वात्रिंशिकावृत्तौ नयलतायाम्** (द्वा.द्वा.२/१४, ४/३, २०/२४, २३/२९) अनेकत्र।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – अस्माकमुपरि अन्यायाऽसभ्याऽनुचितव्यवहारकारिणं जनं कालान्तरे प्रेक्ष्य, पर्याय-पर्यायिणोः विभेदं विमृश्य, 'अनेन आत्मना न मयि अन्यायादिकं कृतम्' इति अभ्युपगम्य, तं प्रति मैत्र्यादिभावगर्भो व्यवहारः प्रयोक्तव्यः। सद्गुरु-कल्याणमित्रादिसदुपदेशादिना सद्बुद्धिलाभतः कदाचित् क्वचित् क्षमायाचनाकृते अस्मत्सकाशे समुपस्थितः स्यात् तदा क्षमाप्रदानौपयिकौदार्यसम्प्राप्तयेऽपि पर्याय-पर्यायिभेदः विमृश्यः यदुत 'अन्याय-क्रोधादिकारिणो नयने रक्ते आस्ताम्, अस्य तु धवले, शीतले, प्रशान्ते पश्चात्तापप्रयुक्ताश्रुधारासमन्विते च स्तः। तस्य वाण्याम् उग्रता आसीत् अस्य वाण्यां तु दीनता वर्तते। अतः पूर्वोत्तरकालीनौ जनौ पृथगेव।' इत्थं विमृश्य 'अस्य मत्सकाशे क्षमायाचनाऽऽवश्यकतैव नास्ति' इति हृदि भावनीयम्। एवं पर्याय-पर्यायिभेदः मोक्षमार्गप्रगतिसहायकतामाबिभर्ति। तद्बलेन **शान्तसुधारसवृत्तौ** दर्शिता "सिद्धिसाम्राज्यलक्ष्मीः = एकच्छत्रमोक्षराज्यरूपात्मर्द्धिः" (शा.सु.प्रशस्ति-२ वृ.पृ.८४) प्रत्यासन्ना स्यात्।।४/५।।

---

હોય તેનો સ્વીકાર કરવો જોઈએ.' આ રીતે મનને મતાગ્રહમુક્ત બનાવવાની તેઓશ્રીએ મનનીય વાત કરી છે. આ અંગે તત્ત્વ શું છે ? તેની વિવેચના અમે **દ્વાત્રિંશિકા** પ્રકરણની **નયલતા** વ્યાખ્યામાં અનેક સ્થળે કરેલ છે. જિજ્ઞાસુવર્ગ ત્યાં દૃષ્ટિપાત કરી શકે છે.

### ✠ ક્ષમા આદિ ગુણોને મેળવવા ભેદનય ઉપકારક ✠

**આધ્યાત્મિક ઉપનય** :- આપણા ઉપર અન્યાય કે અનુચિત વ્યવહાર કરનાર વ્યક્તિ જ્યારે બીજી વાર આપણને મળે ત્યારે પર્યાય અને પર્યાયી વચ્ચે ભેદ વિચારી 'આ વ્યક્તિએ મારી સાથે બિલકુલ અસભ્ય વ્યવહાર કરેલ નથી' - તેવો હાર્દિક સ્વીકાર કરી તેના પ્રત્યે મૈત્રી આદિ ભાવોથી સભર એવો વ્યવહાર આપણે કરવો જોઈએ. તથા સદ્ગુરુ, કલ્યાણમિત્ર આદિના ઉપદેશ વગેરેના માધ્યમથી તેને સદ્બુદ્ધિ મળવાથી તે કદાચ ક્યાંક આપણી પાસે માફી માંગવા આવે તો તેને ક્ષમા પ્રદાન કરવામાં ઉપાયભૂત એવી ઉદારતાને કેળવવા માટે પણ પર્યાય-પર્યાયીનો ભેદ વિચારવો જોઈએ. તે આ રીતે કે 'અન્યાય કે ક્રોધ કરનારની આંખ તો લાલ હતી. જ્યારે માફી માંગનારની આંખ તો ઉજ્જવળ છે, શીતળ છે, પ્રશાંત છે. આની આંખમાં તો પશ્ચાત્તાપથી પ્રયુક્ત અશ્રુધારા છે, પશ્ચાત્તાપ છે. ક્રોધ કરનારની વાણીમાં તો ઉગ્રતા હતી. આની વાણીમાં તો દીનતા છે. તેથી પૂર્વકાલીન અને ઉત્તરકાલીન વ્યક્તિ જુદી છે' - આવું વિચારી 'સામેની વ્યક્તિએ મારી માફી માંગવાની જરૂર જ નથી' - આવો ભાવ આપણા હૃદયમાં જગાડવો જોઈએ. આમ પર્યાય-પર્યાયીનો ભેદ અધ્યાત્મમાર્ગે આગળ વધવામાં સહાયકતાને ધારણ કરે છે. તેના બળથી **શાંતસુધારસવૃત્તિ**માં દર્શાવેલી સિદ્ધિસામ્રાજ્યલક્ષ્મી = એકછત્રી મોક્ષરાજ્યસ્વરૂપ આત્મઋદ્ધિ નજીક આવે. (૪/૫)

"ભેદ હોઇ, તિહાં અભેદ ન હોઈ જ; ભેદ વ્યાપ્યવૃત્તિ છઇ, તે માટઈં" - એહવી ***પ્રાચીન નૈયાયિક***ની શંકા ટાલઈ છઈ -

**ધર્મભેદ જો અનુભવિ ભાસઈ, ધર્મિભેદ નવિ કહિઈ રે;**
**ભિન્ન ધર્મનો એક જ ધર્મી, જડ-ચેતનપણિ લહિઈ રે ॥૪/૬॥ (૪૬) શ્રુત.**

"**श्यामो न रक्तः** – ઈહાં ♦શ્યામત્વ-રક્તત્વ **ધર્મનો** ભેદ (**અનુભવિ**) **ભાસઇ** છઈ, પણિ **ધર્મિ** ઘટનો,

ननु यत्र भेदः तत्राऽभेदो नैव स्यात्, भेदस्य व्याप्यवृत्तित्वादिति 'श्यामो न रक्त' इत्यत्र श्यामत्व-रक्तत्वयोः एव भेदो भासते, न तु श्याम-रक्तघटयोः, 'स एवायं घट' इति प्रत्यभिज्ञासिद्धस्य पूर्वोत्तरकालीनघटाऽभेदस्य अनपलपनीयत्वात्। अतः कथमेकत्र भेदाभेदौ ? इति ***प्राचीननैयायिका***-ऽऽशङ्कामपाकर्तुमाह – '**धर्मे**'ति।

**धर्मभेदस्य भाने चेद् धर्मिभेदो न कथ्यते।**
**तर्ह्येक एव धर्मी स्यात् चैतन्याऽचेतनत्वयोः।।४/६।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – धर्मभेदस्य भाने धर्मिभेदः न कथ्यते चेत्, तर्हि चैतन्याऽचेतनत्वयोः एक एव धर्मी स्यात्।।४/६।।

'श्यामो न रक्तः' इत्येवं **धर्मभेदस्य** = श्यामे रूपे रक्तरूपभेदस्य भानं भवति किन्तु तत्र **भाने** = रक्तरूपभेदज्ञाने **धर्मिभेदः** = घटभेदः **न** = नैव भासते इति **कथ्यते चेत्** ? **तर्हि** 'चेतनो

### ❁ ભેદ વ્યાપ્યવૃત્તિ : પ્રાચીન નૈયાયિક ❁

**અવતરણિકા** :- "જ્યાં ભેદ હોય ત્યાં અભેદ ન જ હોય. કારણ કે ભેદ વ્યાપ્યવૃત્તિ છે. તેથી 'श्यामो न रक्तः' - આ સ્થળે શ્યામરૂપ અને રક્તરૂપ વચ્ચે જ ભેદ ભાસે છે. પરંતુ શ્યામ ઘટ અને રક્ત ઘટ વચ્ચે ભેદ ભાસતો નથી. કારણ કે 'આ તે જ ઘડો છે' - આ પ્રત્યભિજ્ઞા પ્રમાણથી પૂર્વકાલીન ઘટ તથા ઉત્તરકાલીન ઘટ વચ્ચે જે અભેદ જણાય છે, તેનો અપલાપ થઈ શકે તેમ નથી. મતલબ કે ભેદ ગુણમાં રહે છે અને અભેદ ગુણીમાં = ઘડામાં રહે છે. તેથી ભેદ-અભેદ એક આધારમાં કઈ રીતે સિદ્ધ થઈ શકશે ?" - આ પ્રમાણે પ્રાચીન નૈયાયિકોની આશંકા દૂર કરવા ગ્રંથકારશ્રી કહે છે કે :-

### ❖ ધર્મભેદે ધર્મીનો ભેદ : જૈન ❖

**શ્લોકાર્થ** :- 'ધર્મભેદના ભાનમાં ધર્મીનો ભેદ નથી ભાસતો' - તેમ કહેવામાં આવે તો ચેતનત્વ અને અચેતનત્વ બન્નેનો આધાર એક જ વસ્તુ બની જશે. (મતલબ કે ધર્મનાશ થતાં ધર્મીનાશ થાય - આવું માનવું જરૂરી છે.) (૪/૬)

**વ્યાખ્યાર્થ** :- 'श्यामो न रक्तः' - આ પ્રમાણે જે પ્રતીતિ થાય છે તે પ્રતીતિ શ્યામરૂપમાં રક્તવર્ણ-પ્રતિયોગિક ભેદનું અવગાહન કરે છે. પરંતુ શ્યામરૂપઅનુયોગિક રક્તરૂપપ્રતિયોગિક ભેદ અવગાહી જ્ઞાનમાં શ્યામ અને રક્ત વર્ણ સ્વરૂપ ગુણધર્મનો આશ્રય બનનાર ઘટનો ભેદ ભાસતો નથી. આ પ્રમાણે

♦ 'શ્યામત્વ-રક્તત્વ' શબ્દ ગુણવાચક છે. 'શ્યામ-રક્ત' શબ્દ ગુણિવાચક = દ્રવ્યવાચી છે.

**ભેદ** (નવિ=) ન ભાસઈ" ઈમ **જો** ❖**કહિયઈ** તો જડ-ચેતનનો ભેદ ભાસઈ છઈ, તિહાં (**ભિન્ન**=) જડત્વ -ચેતનત્વ **ધર્મ**નો જ ભેદ, પણિ જડ-ચેતન દ્રવ્યનો ભેદ નહીં. (**એક જ ધર્મી જડ-ચેતનપણિ લહિઈં**) ઈમ અવ્યવસ્થા થાઈ.

न जडः' इति प्रत्ययेऽपि जडत्वभेद एव चेतनत्वे भासेत, न तु चेतनद्रव्ये जडद्रव्यभेदः। इत्थञ्च **चैतन्याऽचेतनत्वयोः** = चेतनत्व-जडत्वयोः धर्मयोः अपि रूप-रसयोरिव **एक एव धर्मी स्यात्**। ततश्च जड-चेतनभेदकथैवोच्छिद्येत। एवञ्च जडः चेतनविधया भासेत।

इदमेवाभिप्रेत्य महोपाध्यायश्री**यशोविजयगणिवरैः स्याद्वादकल्पलता**ऽभिधानायां **शास्त्रवार्त्तासमुच्चय-वृत्तौ** "येषामपि मतम् – 'पितृत्व-पुत्रत्वादयो धर्मा एव तत्तन्निरूपिता भिद्यन्ते, धर्मी त्वेकस्वभाव एव' तेषामपि 'एतदपेक्षयाऽयं पिता एतदपेक्षया च न पिता' इत्यादिप्रतीत्यननुरोध एव। धर्मिभेदप्रतीते-र्धर्माभावावगाहितायां 'घटः पटो न' इत्यादावपि तथात्वापत्त्या च भेदकथैवोत्सीदेद्" (शा.वा.स. ७/२४ पृ.१७९) इत्युक्तम्।

***अथ*** 'चेतनो न जडः' इत्यत्र भाने प्रतियोगिविधया न जडत्वलक्षणस्य धर्मस्योल्लेखः किन्तु

જો નૈયાયિકો દ્વારા કહેવામાં આવે તો 'ચેતનો ન જડઃ' - આવી પ્રતીતિમાં પણ તુલ્ય યુક્તિથી કહી શકાશે કે ચેતનત્વ નામના ગુણધર્મમાં જડત્વ નામના ગુણધર્મનો ભેદ જ ભાસે છે. પરંતુ ચેતન દ્રવ્યમાં જડ દ્રવ્યનો ભેદ જણાતો નથી. આ રીતે ચેતનત્વ અને અચેતનત્વ નામના બે ગુણધર્મનો આધાર પણ, રૂપ અને રસ નામના બે ગુણધર્મના આધારની જેમ, એક જ વસ્તુ બનશે. તેથી જડ અને ચેતન વચ્ચે ભેદની વાત જ ખતમ થઈ જશે. આ રીતે તો જડનું ભાન ચેતનસ્વરૂપે થવાની આપત્તિ આવશે.

### ❖ સર્વથા ધર્મભેદ માનવાથી પિતા-પુત્ર વગેરે પ્રતીતિની અનુપપત્તિ ❖

(इदमे.) આ જ આશયથી **શાસ્ત્રવાર્ત્તાસમુચ્ચય** ગ્રંથની **સ્યાદ્વાદકલ્પલતા** વ્યાખ્યામાં **મહોપાધ્યાયશ્રી યશોવિજયગણિવરે** જણાવેલ છે કે "જે વિદ્વાનોનો આવો મત છે કે 'પિતૃત્વ-પુત્રત્વ વગેરે ધર્મ જ નિરૂપકભેદથી ભિન્ન હોય છે. પરંતુ જે ધર્મીમાં આ ધર્મો પ્રતીત થાય છે, તે તો એકરૂપ જ હોય છે.' તેઓની દૃષ્ટિમાં 'અમુક વ્યક્તિ અમુકની અપેક્ષાએ પિતા છે અને અમુકની અપેક્ષાએ પિતા નથી' - આવી પ્રતીતિઓનું અનુસરણ કે સમર્થન નહીં થઈ શકે. સાથે સાથે આવી માન્યતાવાળાઓએ આ પણ વિચાર કરવો જોઈએ કે - ધર્મિભેદની લોકપ્રસિદ્ધ એવી પ્રતીતિને જો ગુણધર્મના અત્યન્તઅભાવનું અવગાહન કરનારી માનવામાં આવે તો 'ઘટઃ પટો ન' આવી પ્રતીતિ વિષે પણ આવું કહી શકાશે કે આ પ્રતીતિ ઘટાત્મક પદાર્થમાં પટત્વરૂપ ધર્મના અત્યન્તાભાવનું અવગાહન કરે છે, નહીં કે ઘટમાં પટભેદનું અવગાહન. ઘટસ્વરૂપ ધર્મીમાં પટસ્વરૂપ ધર્મીના ભેદને પોતાનો વિષય આ પ્રતીતિ નથી બનાવતી - તેવું ફલિત થશે. ફલસ્વરૂપે ભેદની ચર્ચા સમાપ્ત થઈ જશે."

### ॥ ભેદ સ્વપ્રતિયોગિતાના અવચ્છેદકનો વિરોધી : નૈયાયિક ॥

**પૂર્વપક્ષ** :- (अथ.) 'ચેતનો ન જડઃ' - આ પ્રમાણે જે પ્રતીતિ થાય છે તેમાં પ્રતિયોગી તરીકે જડત્વ

❖ પુસ્તકોમાં 'કહિઈં' પાઠ. કો.(૭)નો પાઠ લીધો છે.

ધર્મીનો ♦પ્રતિયોગિપણઈં ઉલ્લેખ તો બિહુ ઠામે સરખો છઈ. અનઇં ✿પ્રત્યક્ષસિદ્ધ અર્થઈં બાધક તો અવતરઈ જ નહીં. ▸**इति तत्त्वम्**◂ ॥૪/૬॥

जडस्यैवेति न तादृशभानं चैतन्ये जाड्यभेदमवगाहते परन्तु चेतने जडभेदमेवेति न चेतनत्वाऽचेतनत्वयोरेकाश्रयवृत्तित्वसम्भवः, भेदस्य स्वप्रतियोगितावच्छेदकधर्मविरोधित्वादिति *चेत्* ?

तुल्यमिदमन्यत्राऽपि। शक्यते ह्येवमपि वक्तुं यदुत 'श्यामो न रक्तः' इत्यत्र भाने प्रतियोगिविधया न रक्तत्वलक्षणस्य धर्मस्योल्लेखो वर्तते किन्तु रक्तस्य = रक्तरूपविशिष्टस्यैवेति न तादृशं भानं श्यामत्वे रक्तत्वभेदमवगाहते परंतु श्यामे रक्तभेदमेवेति रक्तभेदवति श्यामे घटाऽभेदाऽबाधात्, घटभेदप्रतियोगितावच्छेदकस्य घटत्वस्य तत्र सत्त्वात्। श्यामरूपविशिष्टोऽपि 'घट' इत्येवोच्यते न

નામના ગુણધર્મનો ઉલ્લેખ નથી થતો. પરંતુ જડ એવા દ્રવ્યનો (= ધર્મીનો) જ પ્રતિયોગી તરીકે ઉલ્લેખ થાય છે. તેથી ઉપરોક્ત પ્રતીતિ ચૈતન્યમાં જડતાના ભેદનું અવગાહન કરતી નથી. પરંતુ ચેતન એવા ધર્મીમાં જડ એવા ધર્મીના જ ભેદનું અવગાહન કરે છે. તેથી ચેતનત્વ અને અચેતનત્વ નામના બે વિરોધી એવા ગુણધર્મો એક જ આશ્રયમાં રહે - તેવું આપાદન સંભવિત નથી. આનું કારણ એ છે કે ભેદ સ્વપ્રતિયોગિતાઅવચ્છેદક ધર્મનો વિરોધી છે. જ્યાં ભેદપ્રતિયોગિતાઅવચ્છેદક ધર્મ રહે ત્યાં ભેદ ન રહે. જેમ પટમાં પટભેદપ્રતિયોગિતાઅવચ્છેદક પટત્વ નામનો ગુણધર્મ રહેતો હોવાથી પટમાં પટભેદ નથી રહેતો તથા પટભેદના આધારભૂત ઘટમાં પટભેદપ્રતિયોગિતાઅવચ્છેદક પટત્વ નામનો ધર્મ નથી રહેતો, તેમ જડમાં જડભેદપ્રતિયોગિતાઅવચ્છેદક જડત્વ રહેવાથી જડમાં જડભેદ ન રહી શકે તથા જડભેદના આધારભૂત ચેતન દ્રવ્યમાં જડભેદપ્રતિયોગિતાઅવચ્છેદકીભૂત જડત્વ = અચેતનત્વ નામનો ધર્મ રહી ન શકે. તેથી ચેતનત્વના આશ્રયમાં અચેતનત્વને રહેવાની આપત્તિ પ્રસ્તુતમાં નિરવકાશ છે.

### ✤ શ્યામ ઘટમાં રક્ત ઘટનો ભેદાભેદ : જૈન ✤

**ઉત્તરપક્ષ** :- (तुल्यमि.) તમારી ઉપરોક્ત દલીલ અન્યત્ર પણ સમાનરૂપે લાગુ પડી શકશે. કારણ કે 'चेतनो न जडः' આવી પ્રતીતિમાં ચેતનનિષ્ઠ ભેદના પ્રતિયોગીરૂપે જડત્વના બદલે જડને જેમ તમે સ્વીકારો છો, તેમ અમે પણ કહી શકીએ છીએ કે 'श्यामो न रक्तः' આવી પ્રતીતિમાં શ્યામનિષ્ઠ ભેદના પ્રતિયોગી રૂપે રક્તત્વ = રક્તરૂપ = રક્તવર્ણનો ઉલ્લેખ થતો નથી. પરંતુ લાલ વર્ણથી વિશિષ્ટ એવા ઘટનો (= ધર્મીનો) જ ઉલ્લેખ થાય છે. તેથી 'श्यामो न रक्तः' એવી પ્રતીતિ શ્યામત્વમાં = શ્યામ વર્ણમાં રક્ત વર્ણના ભેદનું અવગાહન નથી કરતી. પરંતુ શ્યામવર્ણવિશિષ્ટમાં (= કાળા ઘડામાં) રક્તવર્ણ- વિશિષ્ટપ્રતિયોગિક ભેદનું જ અવગાહન કરે છે. (અર્થાત્ કાળા પદાર્થમાં લાલ પદાર્થના ભેદનું અવગાહન તે પ્રતીતિ કરે છે.) આમ 'શ્યામ વર્ણના આશ્રયમાં (= કાળા ઘડામાં) રક્તવર્ણથી વિશિષ્ટનો ભેદ રહેલો છે અને ઘટનો અભેદ રહેલો છે' - આવું માનવામાં કોઈ બાધ કે વિરોધ આવતો નથી. કારણ કે ઘટભેદની પ્રતિયોગિતાનું અવચ્છેદક ઘટત્વ શ્યામ ઘટમાં રહેલ છે. જ્યાં ઘટત્વ હોય ત્યાં

♦ કો.(૯)+સિ.+લા.(૨)માં 'ધર્મીનઈ પ્રતિયોગઈ' પાઠ. ✿ કો.(૯) + સિ.માં 'અધ્યક્ષસિદ્ધ' પાઠ.

▸....◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૩)માં છે.

तु 'घटाऽन्य' इति। इत्थञ्च 'भिन्नञ्चेत् ? अभिन्नं कथम् ? अभिन्नं चेत् ? भिन्नं कथम् ? इति व्याहतमेतद्' इत्यादिलक्षणं बाधकमपि प्रतिवादिवचनं बाधितम्। न हि प्रत्यक्षप्रमाणसिद्धेऽर्थे बाधकं किञ्चिदवतरति। ततश्च पाकपूर्वं श्यामावस्थायां श्यामत्वविशिष्टे रक्तत्वावच्छिन्नप्रतियोगिताकभेदः घटत्वावच्छिन्नप्रतियोगिताकभेदाऽभावश्च युगपदेव वर्त्तेते इति सिद्धम्।

***एतेन*** 'भेदाभेदोभयं कथं मान्यं ? यत्र विरुद्धता' (४/१) इति प्रागुक्तं ***निरस्तम्,*** एकदैव प्रतियोगितावच्छेदकभेदेनैकत्रैव जडद्रव्ये गुणभेद-गुण्यभेदोभयस्य चेतनद्रव्ये च पर्यायभेद-पर्याय्यभेदोभयस्य इहैव यथाक्रमं चतुर्थ-पञ्चमश्लोकयोः प्रसाधितत्वात्।

***एतेन*** 'श्यामो नष्टो रक्त उत्पन्न' इत्यत्र श्यामत्व-रक्तत्वयोरेव ध्वंसोत्पादौ, न तु श्याम

---

ઘટભેદ ન હોય અર્થાત્ ઘટભેદાભાવ અવશ્ય હોય. પ્રસ્તુતમાં શ્યામરૂપવિશિષ્ટ પદાર્થ પણ ઘડો જ કહેવાય છે, ઘટભિન્ન નહિ. આ રીતે શ્યામ ઘડામાં રક્તઘટભેદ અને ઘટસામાન્યઅભેદ - આ બન્નેને માનવામાં કોઈ બાધક પ્રમાણ વિદ્યમાન નથી. 'કાળો ઘડો લાલ ઘડા સ્વરૂપે હાજર નથી પણ ઘટસ્વરૂપે હાજર છે' - આ પ્રમાણે સર્વ લોકોને પ્રત્યક્ષ થાય છે. તેથી 'ગુણાદિથી જો દ્રવ્ય ભિન્ન હોય તો અભિન્ન કઈ રીતે સંભવે ? તથા જો દ્રવ્ય ગુણાદિથી અભિન્ન હોય તો ભિન્ન કઈ રીતે સંભવે ? બન્ને વચ્ચે ભેદાભેદ માનવાની વાત વિરોધગ્રસ્ત છે' - ઈત્યાદિ કુતર્ક સ્વરૂપ બાધક તત્ત્વ પણ અહીં સ્વયં બાધિત થાય છે. પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ થયેલા પદાર્થનો સ્વીકાર કરવામાં કોઈ બાધક તત્ત્વનો પ્રવેશ થઈ શકતો નથી. તેથી જ ઉપરોક્ત પ્રતીતિના આધારે આર્યજનોમાં એવો વ્યવહાર થાય છે કે 'કાળા ઘડાને લાલ ઘડો ન કહેવાય પણ ઘડો તો કહેવાય જ.' તેથી 'પાકની પૂર્વે શ્યામ અવસ્થામાં શ્યામરૂપથી વિશિષ્ટ એવા ઘડામાં રક્તત્વઅવચ્છિન્નપ્રતિયોગિતાક ભેદ અને ઘટત્વઅવચ્છિન્નપ્રતિયોગિતાક ભેદનો અભાવ - આ બન્ને એકી સાથે જ રહે છે' - તેવું સિદ્ધ થાય છે.

### ❋ ઉદાહરણત્રિકથી ભેદાભેદમાં અવિરોધ ❋

(**एतेन.**) પ્રસ્તુત ચોથી શાખાના પ્રથમ શ્લોકમાં એકાન્તવાદીએ જણાવેલ કે 'ભેદ અને અભેદ આ બન્ને એકત્ર કઈ રીતે રહી શકે ? કારણ કે તે બન્ને પરસ્પર વિરોધી છે.' પરંતુ ઉપરોક્ત નિષ્કર્ષના આધારે તેનું પણ નિરાકરણ થઈ જાય છે. કેમ કે (૧) 'રક્તત્વઅવચ્છિન્ન એવી પ્રતિયોગિતાનો નિરૂપક ભેદ જે કાળા ઘડામાં રહે છે, તે જ કાળા ઘડામાં ઘટત્વઅવચ્છિન્ન એવી પ્રતિયોગિતાના નિરૂપક એવા ભેદનો (=ગુણિભેદનો) અભાવ રહે છે - એવું હમણાં વિચારી ગયા. તે જ રીતે (૨) 'એક જ સમયે પ્રતિયોગિતાઅવચ્છેદક ભેદથી એક જ જડ દ્રવ્યમાં ગુણનો ભેદ અને અભેદ રહે છે' - તેવું પ્રસ્તુત શાખાના ચોથા શ્લોકમાં સિદ્ધ કરેલ છે. તથા (૩) 'એક જ સમયે પ્રતિયોગિતાઅવચ્છેદક ધર્મના ભેદથી એક જ ચેતન દ્રવ્યમાં પર્યાયનો ભેદ અને પર્યાયીનો અભેદ રહે છે' - તેવું પ્રસ્તુત શાખાના પાંચમા શ્લોકમાં સિદ્ધ કરેલ છે. આ ત્રણેય ઉદાહરણ દ્વારા 'ભેદ-અભેદ વચ્ચે એકાંતે વિરોધ નથી' - એવું સિદ્ધ થાય છે.

### ❋ ધર્મીના બદલે ધર્મના ઉત્પાદ-વ્યય : નૈયાયિક ❋

(**एतेन 'श्या.**) નૈયાયિક એમ કહે છે કે 'श्यामो नष्टः, रक्त उत्पन्नः' આવી પ્રતીતિ શ્યામ રૂપના

-रक्तयोः घटयोरिति ***निरस्तम्,***

एवं सति तुल्यन्यायेन 'दुग्धं नष्टम्, दधि उत्पन्नमि'त्यत्र दुग्धत्व-दधित्वयोरेव ध्वंसोत्पादौ, न तु दुग्ध-दध्नोरिति वदतो मुखं पिधातुमशक्यमेव स्यात्।

***न च*** दुग्ध-दध्नोरेव विनाशोत्पादौ सर्वैः अनुभूयेते, न तु दुग्धत्व-दधित्वयोरिति ***वाच्यम्,***

एवं सति श्याम-रक्तयोरेव विनाशोत्पादप्रत्ययः, न तु श्यामत्व-रक्तत्वयोरिति तयोरपि नित्यत्वं किं न स्यात् ? अन्यथाऽर्धजरतीयन्यायापत्तेः। न हि उभयत्र अनुभवे कश्चिद् विशेषोऽस्ति।

ध्वंसनुं अने रक्त रूपनी उत्पत्तिनुं अवगाहन करे छे. परंतु श्याम घटना नाशनुं अने रक्त घटनी उत्पत्तिनुं अवगाहन उपरोक्त प्रतीतिमां थतुं नथी. आ रीते उपरोक्त प्रतीति गुणनी उत्पत्तिनुं अने नाशनुं अवगाहन करे छे परंतु गुणीना नाशनुं के उत्पत्तिनुं अवगाहन करती नथी.

### ❋ धर्मीना पण उत्पाद-व्यय : जैन ❋

(एवं.) उपरोक्त वातनुं निराकरण तो पूर्वे जे त्रण उदाहरण द्वारा भेदाभेदनो अविरोध दर्शाव्यो, तेना द्वारा ज थई जाय छे. वळी, 'श्यामो नष्टः'... ईत्यादि प्रतीति जो 'धर्मीना बदले धर्मनी ज उत्पत्तिनुं अने नाशनुं अवगाहन करे छे' - एम मानवामां आवे तो तुल्य न्यायथी कही शकाय छे के 'दुग्धं नष्टं, दधि उत्पन्नं' आवी प्रतीति पण दुग्धत्वना नाशनुं अने दधित्वनी उत्पत्तिनुं अवगाहन करे छे, नहि के दूधना नाशनुं अने दहींनी उत्पत्तिनुं अवगाहन. मतलब के 'ते प्रतीतिनो विषय दूधनो नाश अने दहींनी उत्पत्ति नथी. परंतु दुग्धत्वनो नाश अने दधित्वनी उत्पत्ति ज तेनो विषय छे' - आम कोई बोले तो तेनुं मोढुं बंध करवुं नैयायिक माटे अशक्य ज बनशे.

**तर्क** :- (न च.) 'दुग्धं नष्टं, दधि उत्पन्नं' - आ प्रतीतिमां सर्व लोकोने दूधनो नाश अने दहींनी उत्पत्ति अनुभवाय छे. उपरोक्त प्रतीतिमां दुग्धत्वना नाशनो अने दधित्वनी उत्पत्तिनो कोईने अनुभव थतो नथी. जेनो अनुभव न थाय तेनो स्वीकार केवी रीते थई शके ? माटे 'दुग्धं नष्टं...' ईत्यादि प्रतीतिने धर्मिप्रतियोगिक उत्पाद-व्यय अवगाही मानवी जोईए. धर्मप्रतियोगिक उत्पाद-व्ययने उपरोक्त प्रतीतिनो विषय मानवो व्याजबी नथी. आ प्रमाणे नैयायिको कहे छे.

### ❋ नैयायिक पासे तर्क छे पण तथ्य नथी ❋

**तथ्य** :- (एवं.) आ तर्क व्याजबी नथी. कारण के 'दुग्धं नष्टं'... ईत्यादि स्थळे धर्मना बदले धर्मीनो उत्पाद अने व्यय थाय छे - एवुं स्वीकारवामां आवे तो तुल्य युक्तिथी 'श्यामो नष्टः' ईत्यादि स्थळे पण 'धर्मना बदले धर्मीनो ज उत्पाद-व्यय थाय छे' - तेवुं मानवुं पडशे. अर्थात् 'उपरोक्त प्रतीतिनो विषय श्यामत्वनो (= काळा वर्णनो) नाश अने रक्तत्वनो (लाल रूपनो) उत्पाद बनतो नथी. परंतु श्याम घटनो नाश अने लाल घटनी उत्पत्ति ज तेनो विषय बने छे' - तेवुं मानवुं ज पडशे. तेथी दुग्धत्व अने दधित्व जातिनी जेम श्याम अने रक्त वर्ण पण शा माटे नित्य बनवानी आपत्ति न आवे ? कारण के 'श्यामो नष्टः, रक्त उत्पन्नः' आ स्थळ अने 'दुग्धं नष्टं, दधि उत्पन्नं' आ बन्ने स्थळे अनुभवमां तो कोई फरक पडतो नथी के जेना लीधे एक ठेकाणे धर्मना उत्पाद-व्यय अने अन्यत्र धर्मीना उत्पाद-व्ययनो स्वीकार करी शकाय. बन्ने स्थळे प्रतीति एकसरखी थती होवाने

'श्याम-रक्तयोः घटयोः विनाशोत्पादप्रत्ययो भ्रान्तः तत्कारणबाधाद्' इति तु न युक्तम्, दण्डादिकं विनाऽपि खण्डघटादिवद् रक्तप्रागभाव-पाकादिसामग्रीबलेन वा तदुत्पादादिसम्भवादि-

લીધે બન્ને સ્થળે કાં તો ધર્મનો ઉત્પાદ-વ્યય, કાં તો ધર્મીનો ઉત્પાદ-વ્યય માનવો જોઈએ. પરંતુ અર્ધજરતીય ન્યાયથી 'श्यामो नष्टः' ઈત્યાદિ સ્થળે ગુણનો (= ધર્મનો) ઉત્પાદ-વ્યય અને 'दुग्धं नष्टं' ઈત્યાદિ સ્થળે ધર્મીનો ઉત્પાદ-વ્યય થાય છે - એવું નૈયાયિક માને છે તે વ્યાજબી નથી.

## ધર્મીના ઉત્પાદ-વ્યયમાં કારણબાધ : નૈયાયિક

**નૈયાયિક** :- (श्याम.) 'श्यामो नष्टः' ઈત્યાદિ સ્થળે શ્યામરૂપવાળા ઘડાનો નાશ અને રક્તરૂપવાન્ ઘડાની ઉત્પત્તિનો જે અનુભવ લોકોને થાય છે, તે ભ્રાન્ત છે. આનું કારણ એ છે કે જે સમયે ઉપરોક્ત પ્રતીતિ થાય છે, તે સમયે રક્ત ઘડાની ઉત્પાદક સામગ્રી ત્યાં હાજર નથી તથા શ્યામ ઘડાની નાશક સામગ્રી પણ ત્યાં ત્યારે ગેરહાજર છે. ઘડો તો કુંભાર દ્વારા પૂર્વે ઉત્પન્ન થઈ ચૂકેલો જ હોય છે. તેને નિભાડામાં મૂક્યા બાદ પાક (= વિજાતીય અગ્નિસંબંધ) દ્વારા ઘડાના શ્યામ વર્ણનો નાશ થાય છે અને લાલ રૂપની ઉત્પત્તિ થાય છે. તથા તેના ફળ સ્વરૂપે 'श्यामो नष्टः, रक्त उत्पन्नः' આ પ્રમાણે લોકોને અનુભવ થાય છે. પરંતુ તે સમયે શ્યામ ઘટનો નાશ કે રક્ત ઘટની ઉત્પત્તિ માની શકાતી નથી. કેમ કે તે સમયે શ્યામસ્વરૂપે અને રક્તસ્વરૂપે જે ઘડાની પ્રતીતિ થાય છે તે તો પહેલેથી જ ઉત્પન્ન થઈ ચૂક્યો છે. વિજાતીય અગ્નિસંયોગાત્મક પાક દ્વારા ફક્ત તેમાં મૂળ વર્ણનું પરિવર્તન થઈને નવા વર્ણનો ઉદય થાય છે. પરંતુ તે સમયે નૂતન દ્રવ્યની ઉત્પત્તિ થતી નથી. અમે નૈયાયિકો અસત્કાર્યવાદી છીએ. અમારા મતમાં વસ્તુનો પ્રાગ્અભાવ પણ વસ્તુની ઉત્પત્તિનું કારણ છે. જે સમયે 'रक्तः उत्पन्नः' આવી પ્રતીતિ થાય છે તે સમયે ત્યાં તે ઘટનો પ્રાગ્અભાવ હાજર નથી હોતો. કારણ કે તે ઘડો પહેલાં જ ઉત્પન્ન થઈ ચૂકેલ હોવાથી તેનો પ્રાગ્અભાવ પહેલેથી જ (= નિભાડામાં ઘડાને મૂકતાં પહેલાં જ) નષ્ટ થયેલ હોય છે. તથા માટીના ઘડાની ઉત્પત્તિ તો દંડ-ચક્ર-કુંભાર આદિના સાન્નિધ્યમાં જ થાય છે. વિજાતીય અગ્નિસંયોગસ્વરૂપ પાક સમયે ઘટોત્પાદક દંડાદિ સામગ્રી હાજર નથી હોતી તથા દંડપ્રહાર આદિ ઘટનાશક સામગ્રી પણ ત્યારે ગેરહાજર હોય છે. તેથી પાક સમયે શ્યામ ઘટનો નાશ અને રક્ત ઘટની ઉત્પત્તિ માની શકાતી નથી. તેથી જ ઉપરોક્ત સ્થળે શ્યામ ઘટના નાશનો અનુભવ તથા રક્ત ઘટની ઉત્પત્તિનો અનુભવ નિઃસંદેહ ભ્રમાત્મક જ છે - તેવું સિદ્ધ થાય છે.

## ધર્મીના ઉત્પાદ-વ્યયમાં કારણ અબાધિત : જૈન

**સ્યાદ્વાદી** :- (दण्डा.) હે નૈયાયિક ! તમારી આ વાત યુક્તિ સંગત નથી. આનું કારણ એ છે કે જેમ અખંડ ઘડાના કોઈ અંશનો ભંગ થતાં દંડપ્રહાર આદિ વિના પણ અખંડ ઘટનો નાશ થાય છે અને દંડ આદિ કારણ વિના પણ ખંડ ઘટની ઉત્પત્તિ થાય છે, તેમ દંડપ્રહાર આદિના અભાવમાં તથા દંડાદિના અભાવમાં પણ શ્યામ ઘટનો નાશ અને રક્ત ઘટની ઉત્પત્તિ થઈ શકે છે. તથા જેમ ઘટ દંડાદિને સાપેક્ષ હોવા છતાં પણ ખંડ ઘટની ઉત્પત્તિ દંડાદિના અભાવમાં પણ થઈ શકે છે. તે જ પ્રકારે રક્તઘટપ્રતિયોગિક પ્રાગ્અભાવના અભાવમાં રક્ત ઘટની ઉત્પત્તિ થઈ શકે છે. અથવા એમ પણ કહી શકાય છે કે જે

त्यादिकं **स्याद्वादकल्पलतो**क्तदिशा (स्या.क.ल.स्त.७/का.३/पृ.२९) अवसेयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'गुण-पर्यायविगमे तदाधारोऽपि निवर्तते' इति कृत्वा अतीतकालीनाऽस्मदीयोग्रतपश्चर्याद्याराधनामदो न कर्तव्यः। तपःसमाप्तौ अभेदनयदृष्ट्या तपस्वित्वरूपेण अस्मदीयम् अस्तित्वमपि विगतम्। इत्थम् अस्मदीयाऽतीतकालीनोग्राराधनादिगोचराऽहङ्कारभारमधःकृत्वा विनम्रभावतो विहर्तव्यमनवरतमभ्यन्तरापवर्गमार्गे। इदमेव प्रधानम् अस्मदीयम् अन्तरङ्गं कर्तव्यम्। इत्थमेव भवव्याधिक्षयेण शुद्धात्मानन्दोपलम्भः सुकरः। मुक्तात्मानमुद्दिश्य **योगदृष्टिसमुच्चये** "व्याधिमुक्तः पुमान् लोके यादृशस्तादृशो ह्ययम्" (यो.दृ.स.१८७) इति यदुक्तं तदप्यत्रानुसन्धेयम् ।।४/६।।

---

ઘડો પાક દ્વારા રક્ત બને છે, તે ઘડાનો ઉત્પાદક ઘટસામાન્યપ્રતિયોગિક પ્રાગ્અભાવ નષ્ટ થયો હોવા છતાં, તે ઘટનો રક્તત્વવિશિષ્ટઘટપ્રતિયોગિક પ્રાગ્અભાવ ત્યાં ત્યારે હાજર હોય છે. આમ પાકસમયે રક્તત્વવિશિષ્ટઘટપ્રતિયોગિક પ્રાગ્અભાવનું સંનિધાન હોવાથી ત્યારે રક્ત ઘટની ઉત્પત્તિ માની શકાય છે. તથા દંડપ્રહારની જેમ વિજાતીય અગ્નિસંયોગ પણ ઘટનાશક હોવાથી તેમજ નિભાડામાં અગ્નિસંયોગ હાજર હોવાથી શ્યામ ઘટનો નાશ પણ માની શકાય છે. આ રીતે શ્યામઘટનાશક સામગ્રી અને રક્ત ઘટની ઉત્પાદક સામગ્રી હાજર હોવાથી ત્યાં ધર્મીના ઉત્પાદ-વ્યયનો થતો અનુભવ નિઃસંદેહ પ્રમાત્મક છે - એવું સિદ્ધ થાય છે. આ બાબતમાં હજુ ઘણું આગળ વિચારી શકાય તેમ છે. તે વિચારવાની દિશા **સ્યાદ્વાદકલ્પલતા** વ્યાખ્યાના સાતમા સ્તબકની ત્રીજી કારિકામાં કરેલ વિવરણ મુજબ ગ્રહણ કરવી.

### ❀ અહંનો ભાર ઉતારવા અભેદનય ઉપયોગી ❀

**આધ્યાત્મિક ઉપનય** :- 'ગુણ-પર્યાય રવાના થતાં તેનો આધાર પણ રવાના થાય છે' - આ વાત આધ્યાત્મિક દૃષ્ટિએ એ રીતે ઉપયોગી બને છે કે આપણે ભૂતકાળમાં માસક્ષમણ આદિ ઉગ્ર તપશ્ચર્યા, ઉપધાન, નવ્વાણુ યાત્રા, છ'રી પાલિત સંઘ આદિ ઉગ્ર આરાધના કરેલી હોય તો તેનો અહંકાર આપણને ન હોવો જોઈએ કે 'હું ઉગ્રતપસ્વી છું.' ઉગ્ર તપશ્ચર્યા પૂર્ણ થઈ ગઈ એટલે તપસ્વી તરીકેનું આપણું અસ્તિત્વ પણ અભેદનયની અપેક્ષાએ રવાના થઈ ગયું. આમ અતીત કાળમાં કરેલી ઉગ્ર આરાધનાનો ભાર ઉતારી, અહંકારના બોજામાંથી મુક્ત બની, હળવા ફૂલ થઈને અવિરતપણે વિનમ્રભાવે અંતરંગ મોક્ષપુરુષાર્થ સાધવામાં પરાયણ રહેવું - એ જ આપણું મુખ્ય, અંતરંગ અને અંગત કર્તવ્ય છે. આ રીતે જ સંસારસ્વરૂપ રોગનો ઉચ્છેદ થવાથી શુદ્ધાત્માના આનંદનો યોગ સુલભ બને. મુક્તાત્માને ઉદ્દેશીને **શ્રીહરિભદ્રસૂરિજીએ યોગદૃષ્ટિસમુચ્ચયમાં** 'લોકમાં રોગમુક્ત પુરુષ જેવો હોય તેવો મુક્તાત્મા સ્વસ્થ હોય છે' - આ મુજબ જે જણાવેલ છે, તેનું પણ પ્રસ્તુતમાં અનુસંધાન કરવું. (૪/૬)

લખી રાખો ડાયરીમાં.....

- **બુદ્ધિ બીજાને પ્રભાવિત કરે છે.**
  **શ્રદ્ધા પોતાને ભાવિત કરે છે, તૃપ્ત કરે છે.**

**ભેદાભેદ તિહાં પણિ કહતાં, વિજય જૈન✿ મત પાવઈ રે;**
**ભિન્નરૂપમાં ✦રૂપાંતરથી, જગિ અભેદ પણિ આવઈ રે ॥૪/૭॥ (૪૭) શ્રુત૦**

**તિહાં** જડ-ચેતનમાંહઈં **પણિ ભેદાભેદ કહતાં જૈનનું મત** ❖તે **વિજય પામઈ**. જે માટઈં **ભિન્નરૂપ** જે જીવાજીવાદિક તેહ**માં, રૂપાંતર** = દ્રવ્યત્વ-પદાર્થત્વાદિક, તેહ**થી** (**જગિ**=) જગમાંહઈં **અભેદ પણિ આવઈ.**

---

एतदेव विशदरूपेण दर्शयति – '**तत्रे**'ति।

**तत्राऽप्यभेद-भेदोक्तौ जयेत् जैनमतं ननु।**
**भिन्ने द्रव्येऽन्यरूपेणाऽभेदोऽपीह सुलभ्यते।।४/७।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – ननु तत्र (जड-चेतनयोः) अपि अभेद-भेदोक्तौ जैनमतं जयेत्। भिन्ने द्रव्ये अन्यरूपेणाऽभेदोऽपीह सुलभ्यते।।४/७।।

**ननु तत्राऽपि** = जड-चेतनयोरपि **अभेद-भेदोक्तौ** सत्यां नैयायिकादीन् **जैनमतं** = स्याद्वादशासनं **जयेत्**। अत्र 'ननु' विरोधार्थे, "विरोधोक्तौ ननु स्मृतम्" (क.को.३/३/१६ पृ.४५९) इति **कल्पद्रुकोश**वचनात्। ***न च*** जड-चेतनयोः भेद एव स्यात्, अभेदः कथम् ? इति ***शङ्कनीयम्***, जडत्वेन **भिन्ने** = जडभेदवति **द्रव्ये** चेतने **अन्यरूपेण** = द्रव्यत्व-पदार्थत्वादिरूपेण **अभेदः** = जडभेदाभावः **अपि इह** जिनप्रवचने जगति वा **सुलभ्यते**। अपिशब्देन पूर्वोक्तश्याम-रक्तघटसमुच्चयः कृतः। समुच्चयार्थे

---

**અવતરણિકા** :- આ જ પૂર્વોક્ત બાબતને ગ્રંથકારશ્રી સાતમા શ્લોકમાં વધુ સ્પષ્ટપણે જણાવે છે :-

### જડ-ચેતનનો ભેદાભેદ

**શ્લોકાર્થ** :- ખરેખર, જડ-ચેતનમાં પણ ભેદાભેદ કહેવામાં જૈન મત જીતી જશે. કેમ કે ભિન્ન દ્રવ્યમાં અન્ય સ્વરૂપે અભેદ પણ અહીં સુલભ છે. (૪/૭)

**વ્યાખ્યાર્થ** :- ખરેખર, જડ અને ચેતન વચ્ચે પણ ભેદ અને અભેદ કહેવામાં આવે તો જૈનોનો સ્યાદ્વાદસિદ્ધાંત નૈયાયિક વગેરે એકાંતવાદીઓને જીતી જશે. "વિરોધ બતાવવામાં 'ननु' શબ્દ માન્ય છે" - આ મુજબ **કલ્પદ્રુકોશ**ને અનુસરીને અહીં મૂળ શ્લોકમાં રહેલ 'ननु' પદ એકાન્તવાદીઓ સામે વિરોધને દર્શાવવા માટે વાપરેલ છે. અહીં એવી શંકા ન કરવી કે 'જડ અને ચેતન વચ્ચે તો ભેદ જ હોય, અભેદ કેવી રીતે હોય ?' - આ શંકા વ્યાજબી ન હોવાનું કારણ એ છે કે ચેતન દ્રવ્યમાં જડનો ભેદ અને જડનો અભેદ આ બન્ને એક સ્વરૂપે ન રહેવા છતાં વિભિન્ન સ્વરૂપે રહી શકે છે. ચેતન એવા આત્મામાં જડત્વ નથી તથા જડ દ્રવ્યમાં ચેતનત્વ નથી. પરંતુ દ્રવ્યત્વ, પદાર્થત્વ વગેરે ગુણધર્મો તો જડ-ચેતન બન્નેમાં રહે છે. તેથી જડત્વરૂપે જડ પદાર્થનો ભેદ ચેતન દ્રવ્યમાં રહી શકે છે અને દ્રવ્યત્વ આદિ સ્વરૂપે જડ પદાર્થનો અભેદ (= ભેદાભાવ) પણ તેમાં રહી શકે છે. આમ એક પદાર્થનો બીજા પદાર્થમાં એકસ્વરૂપે (= અસાધારણધર્મરૂપે) ભેદ અને અન્ય સ્વરૂપે (= સાધારણધર્મરૂપે) અભેદ જિનશાસનમાં

---

✿ પુસ્તકોમાં 'જઈન' પાઠ. આ.(૧)+કો.(૨)નો પાઠ લીધેલ છે. ✦ લા.(૧) + લા.(૨) + મ. + શાં.માં 'રૂપંત...' પાઠ. કો.(૪+૭)નો પાઠ લીધો છે. ❖ પુસ્તકોમાં 'તે' નથી. લા.(૨)માં છે.

▸એટલઈ ભેદાભેદનઈ સર્વત્ર વ્યાપકપણું *કહિયઉં.◂ ॥૪/૭॥

अपिशब्दप्रसिद्धिस्तु "आक्षेपेच्छा-निश्चयेषु वाक्यादि-प्रतिवाक्ययोः। गर्हा-समुच्चय-प्रश्न-शङ्का-सम्भावनास्वपि।।" (म.को.९९१) इति **मङ्खकोशाद्** बोध्या।

अयमाशयः – जडत्वावच्छिन्न-जडनिष्ठ-प्रतियोगितानिरूपकभेदवति चेतने द्रव्यत्वाद्यवच्छिन्न-जडनिष्ठ-प्रतियोगितानिरूपकभेदाऽभावोऽप्यस्तीति एकस्मिन्नेव चेतनद्रव्ये जडभेदाऽभेदौ वर्त्तेते। एवमेवैकस्मिन्नेव जडद्रव्ये चेतनस्य चेतनत्वादिलक्षणेन रूपेण भेदः द्रव्यत्वादिलक्षणेन रूपान्तरेण चाऽभेदोऽवसेयः। एवञ्च सर्वत्रैव भेदाभेदयोः व्यापकत्वं स्याद्वादे कथितम्।

अस्खलिदबाधित-सार्वलौकिक-स्वारसिकलोकव्यवहारानुरोधात् शरीरात्मनोरिव कार्य-कारण-क्रिया-क्रियावदादीनामपि भेदाभेदस्वीकारोऽप्रत्याख्येय एव परेषामपि।

કે જગતમાં સુલભ છે. મૂળ શ્લોકમાં રહેલ 'अपि' શબ્દથી પૂર્વોક્ત શ્યામ ઘટ અને રક્ત ઘટ - આ બન્નેનો સમુચ્ચય કરી લેવો. મતલબ કે શ્યામ-રક્ત ઘટની જેમ જડ-ચેતનમાં ભેદાભેદ સુલભ છે. પ્રસ્તુતમાં સમુચ્ચય અર્થમાં 'अपि' શબ્દ **મંખકોશ** મુજબ પ્રસિદ્ધ જાણવો. ત્યાં જણાવેલ છે કે '(૧) આક્ષેપ, (૨) ઈચ્છા, (૩) નિશ્ચય, (૪) આદિવાક્ય, (૫) પ્રતિવાક્ય, (૬) ગર્હા, (૭) સમુચ્ચય, (૮) પ્રશ્ન, (૯) શંકા અને (૧૦) સંભાવના - આ દશ અર્થમાં 'अपि' શબ્દનો પ્રયોગ થાય છે.'

## નવ્યન્યાયની પરિભાષામાં ભેદાભેદને ઓળખીએ

**(अयमा.)** નવ્યન્યાયની પરિભાષામાં આ બાબતની સ્પષ્ટતા કરવી હોય તો એમ કહી શકાય કે જડત્વઅવચ્છિન્ન જડનિષ્ઠ એવી પ્રતિયોગિતાનો નિરૂપક ભેદ, ચેતન દ્રવ્યમાં રહે છે. પરંતુ દ્રવ્યત્વ આદિથી અવચ્છિન્ન જડનિષ્ઠ એવી પ્રતિયોગિતાનો નિરૂપક ભેદ (કે જે ગુણમાં રહે છે પણ) ચેતન દ્રવ્યમાં રહેતો નથી. અર્થાત્ દ્રવ્યત્વઅવચ્છિન્ન ભેદનો અભાવ ચેતન દ્રવ્યમાં રહે છે. આમ એક જ ચેતન દ્રવ્યમાં રૂપાંતરથી જડનો ભેદ અને અભેદ બન્ને રહે છે. તે જ રીતે એક જ જડ દ્રવ્યમાં ચેતન દ્રવ્યનો ચેતનત્વાદિસ્વરૂપ ધર્મથી ભેદ અને દ્રવ્યત્વાદિસ્વરૂપ ધર્માંતરથી અભેદ પણ જાણવો. આથી ચેતનમાં જડનો ભેદાભેદ અને જડમાં ચેતનનો ભેદાભેદ સિદ્ધ થશે. આમ 'બધા જ સ્થળે ભેદાભેદ વ્યાપક છે' - તેવું સ્યાદ્વાદસિદ્ધાંતમાં અબાધિત અનુભવથી યુક્તિસંગત રીતે દર્શાવેલ છે.

## ભેદાભેદની સાર્વત્રિકતા

**(अस्ख.)** જે રીતે જડ શરીર અને ચેતન એવા આત્મા વચ્ચે ભેદાભેદ અબાધિત સાર્વલૌકિક (= સર્વલોકસંમત) અને સ્વારસિક (= કોઈના દબાણ વિના સ્વૈચ્છિક રીતે પ્રવર્તમાન) એવા લોકવ્યવહારના અનુરોધથી સિદ્ધ થાય છે, તે જ રીતે કાર્ય અને કારણ, ક્રિયા અને ક્રિયાવાન વગેરેમાં પણ તથાવિધ લોકવ્યવહારના અનુરોધથી ભેદાભેદ સિદ્ધ થાય છે. તેથી શરીર-આત્મા, કાર્ય-કારણ વગેરેમાં ભેદાભેદનો સ્વીકાર અન્યદર્શનકારોએ પણ કરવો જ રહ્યો. જે હકીકત પ્રમાણથી અબાધિત અને સ્વૈચ્છિક એવા લોકવ્યવહારના અનુરોધથી સિદ્ધ થતી હોય તેનો અપલાપ અન્યદર્શનકારો પણ કઈ રીતે કરી શકે ? અર્થાત્

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૯) + સિ.માં નથી. * કો.(૭)માં 'કહ્યું' પાઠ. લા.(૨)નો પાઠ લીધો છે.

***एतेन*** "मृदा भिन्नाभिन्नं मृत्कार्यम्" (द.प्र.भाग-४ पृ.१५७) इति **दशप्रकरणे माध्वाचार्य**वचनम्,

"क्रिया-क्रियावतोरपि भेदाऽभेदोऽनुसन्धेयः" (भा.चि. पृ.१८) इति **भाट्टचिन्तामणौ गागाभट्ट**वचनम्,

"न ह्यत्यन्ताऽभिन्नत्वं द्रव्यात् क्रियायाः, येन तद्भेदाद् भेदः स्यात्। भेदोऽपि तु अस्त्येव, अनैकान्त्याऽभ्युपगमाद्" (शा.दी.६/३/३) इति **शास्त्रदीपिकायां पार्थसारथिमिश्र**वचनम्,

"स घटो न मृदो भिन्नो वियोगे सत्यनीक्षणात्। नाऽप्यभिन्नः पुरा-पिण्डदशायामनवेक्षणाद्।।" (प.द.१३/३५) इति **पञ्चदश्यां विद्यारण्यस्वामि**वचनम्,

"भेदाऽभेदौ हि सिद्धान्ते कार्य-कारणयोर्मतौ। स्याद् भेदे गुरुताऽऽधिक्यमभेदे कार्यनिह्नवः।।" (वे.सि.स.५/१४) इति **वेदान्तसिद्धान्तसङ्ग्रहे वनमालिमिश्र**वचनञ्च ***व्याख्यातम्,***

---

ન જ કરી શકે. આવું સૂચવનારા અનેક શાસ્ત્રપાઠો અન્યદર્શનકારોના ઉપલબ્ધ થાય છે. તે આ રીતે –

## ❖ ભેદાભેદમાં અન્યદર્શનકારોની સંમતિ ❖

(**एतेन.**) **દશપ્રકરણ**માં **માધ્વાચાર્યે** જણાવેલ છે કે "માટીનું કાર્ય માટીથી ભિન્ન-અભિન્ન છે" - આ વચન કાર્ય અને ઉપાદાનકારણ વચ્ચે ભેદાભેદને સિદ્ધ કરે છે.

("**क्रिया.**) **ભાટ્ટચિંતામણિ** ગ્રંથમાં **ગાગાભટ્ટ** નામના મીમાંસકમૂર્ધન્ય પણ જણાવે છે કે 'ક્રિયા અને ક્રિયાવાન વચ્ચે પણ ભેદાભેદનું અનુસંધાન કરવું.' આ વચન ક્રિયા (= પર્યાય) અને ક્રિયાવિશિષ્ટ (= પર્યાયી) વચ્ચે ભેદાભેદને સિદ્ધ કરે છે.

("**न ह्य.**) **શાસ્ત્રદીપિકા** વ્યાખ્યામાં **પાર્થસારથિ મિશ્ર** નામના મીમાંસકમૂર્ધન્ય પણ જણાવે છે કે 'દ્રવ્યથી ક્રિયા અત્યંત અભિન્ન નથી કે જેના કારણે ક્રિયાના ભેદથી દ્રવ્યનો ભેદ થાય. દ્રવ્યથી ક્રિયામાં ભિન્નતા પણ વિદ્યમાન તો છે જ કારણ કે દ્રવ્ય અને ક્રિયા વચ્ચે ભેદાભેદ સ્વરૂપ અનૈકાંત્ય = અનેકાન્ત અમે સ્વીકારેલ છે.' આ વચન પણ ક્રિયા અને ક્રિયાવાનમાં (= દ્રવ્યમાં) ભેદાભેદને સૂચવે છે.

## ✿ વેદાંતિમતે પણ કાર્ય-કારણનો ભેદાભેદ ✿

("**स घटो.**) **પંચદશી** નામના ગ્રંથમાં **વિદ્યારણ્ય સ્વામી** નામના વેદાંતી વિદ્વાન જણાવે છે કે 'કાર્યસ્વરૂપ ઘડો ઉપાદાનકારણ સ્વરૂપ માટીથી જુદો નથી. કારણ કે માટી રવાના થતાં ઘડો દેખાતો નથી. (જો ઘડો માટીથી અભિન્ન ન હોય તો માટીની ગેરહાજરીમાં ઘડો ઉપલબ્ધ ન થવામાં કોઈ નિયામક તર્ક રહેતો નથી.) તથા ઘડો માટીથી અત્યંત અભિન્ન પણ નથી. કારણ કે પૂર્વે પિંડઅવસ્થામાં માટી હાજર હોવા છતાં ઘડો દેખાતો નથી." આ વચન પણ કાર્ય અને કારણ વચ્ચે ભેદાભેદને સિદ્ધ કરે છે.

("**भेदा.**) **વેદાન્તસિદ્ધાંતસંગ્રહ** ગ્રંથમાં **વનમાલિમિશ્ર** નામના વેદાંતી વિદ્વાન પણ જણાવે છે કે "વેદાંત સિદ્ધાંતમાં કાર્ય અને ઉપાદાનકારણમાં ભેદાભેદ રહેલો છે. કાર્ય અને કારણમાં ભેદાભેદ હોવાને બદલે જો માત્ર ભેદ જ હોય તો અવયવો કરતાં અવયવીનું અધિક વજન ઉપલબ્ધ થવું જોઈએ. (અર્થાત્ કેવલ તંતુઓને જોખવામાં આવે ત્યારે જે વજન ઉપલબ્ધ થાય તેના કરતાં, તે તંતુઓમાંથી બનેલા પટને જોખવામાં આવે ત્યારે, બમણું [તંતુ + પટનું] વજન ઉપલબ્ધ થવું જોઈએ.) તથા કાર્ય અને કારણમાં માત્ર અત્યંત અભેદ જ હોય તો કાર્યનો અપલાપ કરવાની સમસ્યા સર્જાશે. (આનું કારણ એ છે કે માટી અને ઘડો અત્યંત અભિન્ન માનવાથી પિંડ અવસ્થામાં જેમ માટી તરીકેનો વ્યવહાર

यथा इहैव पूर्वम् अस्माभिः (१) पुद्गल-तद्गुणयोः (४/३), (२) श्याम-रक्तघटयोः (४/४), (३) आत्म-तत्पर्याययोः (४/५), (४) दुग्ध-दध्नोः (४/६), (५) जड-चेतनयोश्च (४/७) भेदाभेदसिद्धिः कृता तथा **माध्वाचार्या**दीनां पञ्चानामपि वचनसङ्गत्या कार्य-कारणयोः क्रिया-क्रियावदादीनाञ्च भेदाभेदोपपत्तेरिति भावनीयम्।

किञ्च, दिक्कालादीनाम् अभिधान-बुद्धि-लक्षणादिभेदेन भिन्नानाम् अपि सत्त्व-ज्ञेयत्वादिभिः यथा अभिन्नत्वं तथा द्रव्याद् गुणादीनाम् भिन्नाऽभिन्नत्वम् अव्याहतम्। न ह्यभिधान-बुद्ध्यादिभेद-कथनमात्रेण भिन्नानां सत्तादिरूपेण अभिन्नत्वं निवर्त्तते। यथोक्तं **विशेषावश्यकभाष्ये** [1]"अभिहाण-बुद्धि-लक्खणभिन्ना वि जहा सदत्थओऽणन्ने। दिक्-कालाइविसेसा तह दव्वाओ गुणाईआ।।, [2]उवयारमेत्तभिन्ना ते चेव जहा तहा गुणाईआ। तह कज्जं कारणओ भिन्नमभिन्नं च को दोसो ?।।"(वि.आ.भा.२११०-११) इति।

થાય છે, તેમ કમ્બુગ્રીવાદિવિશિષ્ટ અવસ્થામાં પણ માત્ર માટી તરીકેનો જ વ્યવહાર થવો જોઈએ. અથવા તો ઉત્તર અવસ્થામાં જેમ ઘડા તરીકેનો વ્યવહાર થાય છે, તેમ પૂર્વ અવસ્થામાં પણ ઘડા તરીકેનો જ વ્યવહાર થવો જોઈએ. પરંતુ હકીકતમાં એ પ્રમાણે વ્યવહાર થતો નથી)" - આ રીતે પણ અવયવ અને અવયવીમાં ભેદાભેદની સિદ્ધિ થાય છે.

### ❋ પાંચ દૃષ્ટાંતથી ભેદાભેદ : જૈન ❋

**(यथा.)** જે પ્રમાણે અમે જૈનોએ પૂર્વે (૧) પુદ્ગલ અને ગુણ વચ્ચે, (૨) શ્યામ અને લાલ ઘડા વચ્ચે, (૩) આત્મા અને તેના પર્યાયો વચ્ચે, (૪) દૂધ અને દહીં વચ્ચે તથા (૫) જડ અને ચેતન વચ્ચે જે પ્રમાણે ભેદાભેદની સિદ્ધિ કરી તે પ્રમાણે ઉપરોક્ત પાંચેય ગ્રંથકારોના વચનનું અર્થઘટન કરી કાર્ય-કારણ, ક્રિયા-ક્રિયાવાનમાં ભેદાભેદની સંગતિ થઈ જાય છે. તેથી ફરીથી અહીં તેની વિચારણા અમે રજૂ કરતા નથી. **માધ્વાચાર્ય** વગેરે વિદ્વાનોની વાત અને અમારી વાત વચ્ચે ઘણો તાલમેલ મળે છે. આ વાતને સુજ્ઞ વાચકવર્ગ સારી રીતે સમજી શકે તેમ છે.

### ۞ દ્રવ્યથી ગુણાદિ ભિન્નાભિન્ન ۞

**(किञ्च.)** વળી, જેમ દિશા, કાળ વગેરે નામભેદ, બુદ્ધિભેદ, લક્ષણભેદ વગેરેની દ્રષ્ટિએ ભિન્ન હોવા છતાં પણ સત્ત્વ, જ્ઞેયત્વ વગેરેની અપેક્ષાએ અભિન્ન પણ છે. તેમ નામભેદાદિની દૃષ્ટિએ દ્રવ્ય કરતાં ગુણાદિ ભિન્ન હોવા છતાં પણ સત્ત્વ, જ્ઞેયત્વ વગેરેની અપેક્ષાએ અભિન્ન હોવામાં કોઈ વાંધો ન હોઈ શકે. કારણ કે નામભેદ, બુદ્ધિભેદ વગેરે કહેવા માત્રથી જે પદાર્થો ભિન્ન હોય તેમાંથી સત્ત્વાદિસાપેક્ષ અભિન્નત્વ રવાના થઈ નથી જતું. આ અંગે **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે "શબ્દ, બુદ્ધિ અને લક્ષણ દ્વારા ભિન્ન એવા પણ દિશા, કાળ વગેરે વિશેષ તત્ત્વો જેમ સત્તાસામાન્યપદાર્થની અપેક્ષાએ અભિન્ન છે, તેમ દ્રવ્યથી ભિન્ન એવા ગુણાદિ દ્રવ્યથી અભિન્ન છે. જેમ દિશા, કાળ વગેરે ઉપચારમાત્રથી ભિન્ન છે, તેમ ગુણાદિ ઉપચારમાત્રથી દ્રવ્યથી ભિન્ન છે. તે જ રીતે કાર્યને ઉપાદાનકારણથી

1. अभिधान-बुद्धि-लक्षणभिन्ना अपि यथा सदर्थतोऽनन्ये। दिक्-कालादिविशेषाः तथा द्रव्याद् गुणादिकाः।।
2. उपचारमात्रभिन्नाः ते चैव यथा तथा गुणादिकाः। तथा कार्यं कारणतो भिन्नमभिन्नं च को दोषः ?।।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – जड-चेतनयोः भेदाभेदाभ्युपगम आध्यात्मिकमार्गे महत्त्वमाबिभर्ति। तथाहि – अस्मदीयशरीरच्छेद-भेद-दाहादौ **स्कन्धकमुनि-मेतार्यमुनि-गजसुकुमालमुनिवत्** शरीरात्मभेदं विमृश्य 'शरीरपीडायां न मे काचित् पीडा। अहं ध्रुवः चैतन्यस्वरूप आत्मा विनश्वरात् शरीरात् सर्वथा भिन्न एव' इति भावनया देहपीडाकारिणि माध्यस्थ्यमानेतव्यम्। एवं देहात्मनोः कथञ्चिदभेदं विज्ञाय परकीयदेहपीडादानतः परपीडाप्रदानप्रवृत्तिः नैव जातु कार्या। तच्च सर्वत्र सततं वर्जनीयं यथाशक्ति। इत्थं मोक्षमार्गप्रगतये यथा देहात्मनोः भेदाऽभेदौ उपकारिणौ स्यातां तथा अभ्युपगम्य स्वभूमिकायोग्याऽऽध्यात्मिकवृत्ति-प्रवृत्तिपरायणतया अस्माभिः भाव्यम्। इत्थञ्च [1]"निरुवमसुक्खो मुक्खो" (श्रा.प्र.१५४) इति **श्रावकप्रज्ञप्ति**दर्शितः मोक्षः सुलभः स्यात्।।४/७।।

---

ભિન્ન અને અભિન્ન માનવામાં આવે તો શું દોષ આવે ?" અર્થાત્ ઉપાદાન-ઉપાદેયમાં ભેદાભેદનો સ્વીકાર કરવામાં કોઈ પણ દોષ આવતો નથી. આ રીતે અહીં વાચકવર્ગે વિભાવના કરવી.

## ❈ ભેદાભેદના આલંબને ચિત્તવૃત્તિને ઊંચકીએ ❈

**આધ્યાત્મિક ઉપનય** : જડ અને ચેતનનો ભેદાભેદ સ્વીકારવાની વાત અધ્યાત્મ માર્ગમાં એક મહત્ત્વપૂર્ણ ઘટના છે. તે આ રીતે - આપણા શરીરને કોઈ છેદે, ભેદે કે બાળે ત્યારે **ખંધકમુનિ, મેતાર્ય મુનિ, ગજસુકુમાલ મુનિ**ની જેમ શરીર અને આત્માનો ભેદ વિચારી 'શરીરને તકલીફ થવાથી મને કાંઈ જ નુકસાન નથી. કારણ કે હું તો જડ શરીરથી તદ્દન નિરાળો એવો ચેતનવંતો આત્મા છું' - આવી ભાવનામાં ઊંડા ઉતરી સામેની વ્યક્તિ પ્રત્યે મધ્યસ્થતા કેળવવા પ્રામાણિકપણે પ્રયત્ન કરવો જોઈએ. તે જ રીતે શરીર અને આત્માનો કથંચિદ્ અભેદ વિચારી બીજાનાં શરીરને તકલીફ આપવા દ્વારા તે વ્યક્તિને પીડિત કરવાની પ્રવૃત્તિ કદાપિ કરવી ન જ જોઈએ. સર્વત્ર પરકીયદેહપીડાપ્રદાનથી સતત દૂર રહેવા માટે પ્રામાણિકપણે આપણે પ્રયત્ન કરવો જોઈએ. આપણને મોક્ષમાર્ગે આગળ વધવામાં જે રીતે સહાયક બને તે રીતે શરીર અને આત્માનો ભેદ અને અભેદ વિચારી સ્વભૂમિકા યોગ્ય વર્તન અને વલણ કેળવવાની આપણે જાગૃતિ અને તત્પરતા રાખવી જોઈએ. આ રીતે મોક્ષમાર્ગે આગળ વધતાં **શ્રાવકપ્રજ્ઞપ્તિ**માં દર્શાવેલ નિરુપમસુખસ્વરૂપ મોક્ષ સુલભ થાય. (૪/૭)

લખી રાખો ડાયરીમાં.....

- **સદાચારની લીટી લંબાવવી એટલે સાધના.**

  દા.ત. શ્રીયક મુનિ.

  **દોષની લીટી ટૂંકાવવી એટલે ઉપાસના.**

  દા.ત. અઈમુત્તા મુનિ.

---

1. निरुपमसौख्यो मोक्षः।

હિવઇં એહ જ વિવરીનઇં દેખાડઈ છઈ -

**જેહનો ભેદ ◆અભેદ જ તેહનો, ✡રૂપાંતરસંયુતનો રે;**
**રૂપાંતરથી ભેદ જ ❖તેહનો, મૂલ હેતુ નય શતનો રે ॥૪/૮॥ (૪૮) શ્રુત૦**

**જેહનો ભેદ, તેહનો જ રૂપાંતરસહિતનો અભેદ** હોઇ. જિમ સ્થાસ, કોશ, કુશૂલ, ઘટાદિકનો ભેદ

---

साम्प्रतमेतदेव विवृत्योपदर्शयति – '**ययो**'रिति।

**ययोर्भेदस्तयो रूपान्ययुतयोरभिन्नता।**
**अन्यरूपेण तद्भेदः ततो नयशतोदयः।।४/८।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – ययोः भेदः, रूपान्ययुतयोः तयोरभिन्नता, अन्यरूपेण तद्भेदः, ततो नयशतोदयः।।४/८।।

'घटः न स्थासः, न कोशः, न वा कुसूल' इत्येवं सार्वलौकिकप्रतीत्या **ययोः** घट-स्थासयोः घट-कोशयोः घट-कुसूलयोः वा स्थासत्व-कोशत्व-कुसूलत्वरूपेण **भेदः** सिद्धः **तयोः** एव **रूपान्ययुतयोः** = मृत्त्व-द्रव्यत्वादिलक्षणधर्मान्तरविशिष्टयोः अनर्पितघटत्व-स्थासत्व-कोशत्व-कुसूलत्व[1]लक्षणस्वपर्याययोः **अभिन्नता** = अभेदो भवति, घटत्व-स्थासत्त्वादिलक्षणभेदकपर्यायाऽनर्पणायां मृत्त्व-द्रव्य-

---

**અવતરણિકા** :- સાતમા શ્લોકમાં એકત્ર ભેદાભેદનો માત્ર નિર્દેશ કરેલો હતો. હવે પ્રસ્તુત ભેદાભેદને જ ગ્રંથકારશ્રી વિવરણ દ્વારા દેખાડે છે :-

### ❁ ભેદના આશ્રયમાં અભેદની સિદ્ધિ ❁

**શ્લોકાર્થ** :- જે સ્વરૂપે જે બે પદાર્થોમાં ભેદ છે તેનાથી અન્ય સ્વરૂપે તે જ બે પદાર્થોમાં અભેદ છે. તથા તેમાં જ અન્ય સ્વરૂપે ભેદ હોય છે. તેથી જ સેંકડો નયોનો પ્રાદુર્ભાવ થાય છે. (૪/૮)

**વ્યાખ્યાર્થ** :- કુંભાર જ્યારે ઘડો બનાવે ત્યારે મૃત્પિંડમાંથી સૌ પ્રથમ સ્થાસ બને છે. પછી કોશ અવસ્થા આવે છે. પછી કુસૂલ અને પછી ઘટ બને છે. તે જોઈને 'ઘડો સ્થાસ નથી, કોશ નથી કે કુસૂલ નથી' - આ પ્રમાણે સર્વ લોકોને નિરાબાધપણે પ્રતીતિ થાય છે. આ પ્રતીતિ સિદ્ધ કરે છે કે ઘટ અને સ્થાસ વચ્ચે ભેદ છે, ઘટ અને કોશ વચ્ચે ભેદ છે તથા ઘટ અને કુસૂલ વચ્ચે પણ ભેદ છે. આ ભેદ પણ ચોક્કસ સ્વરૂપે જ રહેલ છે. તે આ રીતે - સ્થાસત્વસ્વરૂપે સ્થાસથી ઘડો જુદો છે, કોશત્વરૂપે કોશથી ઘડો જુદો છે, કુસૂલત્વરૂપે કુસૂલથી ઘડો જુદો છે. આમ પ્રતિનિયતરૂપે સ્થાસાદિનો ભેદ ઘડામાં રહે છે. સ્થાસત્વ વગેરે ગુણધર્મો ફક્ત સ્થાસ આદિમાં રહે છે, પરંતુ ઘડામાં રહેતા નથી. ઘટત્વ નામનો ગુણધર્મ ઘડામાં રહે છે, પણ સ્થાસ આદિમાં રહેતો નથી. આ કારણસર પ્રસ્તુતમાં ઘટત્વ, સ્થાસત્વ વગેરે ગુણધર્મો અસાધારણ કહેવાય. જ્યારે મૃત્ત્વ, દ્રવ્યત્વ, પદાર્થત્વ આદિ ગુણધર્મો તો ઘટ, સ્થાસ, કોશ વગેરે તમામમાં રહે છે. તેથી તે ધર્મો સાધારણ ધર્મ (= ગુણધર્મ = પરિણામ

---

◆ આ.(૧)માં 'અભેદ ભેદ' પાઠ. ✡ લા.(૧)+લા.(૨)+મ.+પ.માં 'રૂપંત...' પાઠ આ.(૧)+કો.(૭)નો પાઠ લીધો છે. ❖ આ.(૧)માં 'તેહનો ભિન્ન ભિન્ન' પાઠ. 1. "कुसूलः, कुशूलः" इति उभयथा सम्यक् (**अभिधानचिन्तामणि**)।

છઇં, અનઇં તેહજ ❖મૃદ્દ્રવ્યત્વવિશિષ્ટ અનર્પિત-સ્વપર્યાયનો અભેદ છઇં. તેહનો જ **રૂપાંતરથી** □ભેદ હોઇ. જિમ સ્થાસ-કોશ-કુશૂલાદિકપર્યાય✻વિશિષ્ટ મૃદ્દ્રવ્યપણઇં **તેહનો જ ભેદ** હોયઇ.

---

त्वाद्यनुगतधर्मार्पणायाञ्च घट-स्थासयोः, घट-कोशयोः, घट-कुसूलयोरभेद एव भवतीति भावः। तथा **अन्यरूपेण** = स्थासादिविशिष्टमृत्त्वेन रूपेण घटे **तद्भेदः** = तेषां स्थासत्व-कोशत्व-कुसूलत्वादि-पर्यायविशिष्टमृद्द्रव्याणां मृत्त्वेन रूपेण घटाऽभिन्नानां भेद एव वर्त्तते।

अयमाशयः – घटे स्थासत्वेन रूपेण स्थासभेदः वर्तते मृत्त्वरूपेण च स्थासाऽभेदः। ***यद्यपि*** स्थासे स्थासत्व-मृत्त्व-द्रव्यत्व-सत्त्व-प्रमेयत्वादिकं युगपदेव वर्तते ***तथापि*** स्थासत्वानर्पणायां मृत्त्वाद्यर्पणायाञ्च स्थासाऽभेदो घटे वर्त्तते ज्ञायते च। तथा घटे मृत्त्वादिकं वर्त्तते किन्तु स्थासपर्यायविशिष्टमृत्त्वादिकं न वर्त्तते। अत एव मृत्त्वेन रूपेण स्थासाभिन्ने एव घटे स्थासपर्यायविशिष्टमृत्त्वेन रूपेण स्थासस्य

---

= પર્યાય = અવસ્થા) કહેવાય. જ્યારે ઘટત્વ, સ્થાસત્વ, કોશત્વ અને કુસૂલત્વ સ્વરૂપે અસાધારણ એવા નિજ પર્યાયોને ગૌણ કરવામાં આવે તથા મૃત્ત્વ, દ્રવ્યત્વ વગેરે અન્ય સાધારણ ધર્મોને મુખ્ય કરવામાં આવે ત્યારે મૃત્ત્વ આદિ સાધારણધર્મસ્વરૂપે ઘટ અને સ્થાસ વગેરેમાં અભેદ જ રહે છે. કારણ કે મૃત્ત્વ, દ્રવ્યત્વ વગેરે પર્યાયો ઘટ અને સ્થાસ આદિમાં રહે છે. કહેવાનો આશય એ છે કે ઘટત્વ, સ્થાસત્વ આદિ પર્યાયો ઘટ-સ્થાસ વગેરેના ભેદક છે. જ્યારે મૃત્ત્વ, દ્રવ્યત્વ વગેરે ગુણધર્મો અનુગમક (= અનુગતપ્રતીતિજનક) છે. તેથી ભેદક પર્યાયોની અનર્પણા (= ગૌણતા કે અવિવક્ષિતતા) અને અનુગત ગુણધર્મોની અર્પણા (= મુખ્યતા કે વિવક્ષા) કરવામાં આવે તો ઘટ અને સ્થાસ વચ્ચે અભેદ જ રહે, ઘટ અને કોશ વચ્ચે પણ અભેદ જ રહે તથા ઘટ અને કુસૂલ વચ્ચે પણ અભેદ જ રહે. જેમ સ્થાસત્વ વગેરે સ્વરૂપે ઘટ અને સ્થાસ વગેરે વચ્ચે ભેદ રહે છે તે જ રીતે સ્થાસત્વાદિવિશિષ્ટ મૃત્ત્વ સ્વરૂપે પણ ઘટમાં સ્થાસાદિનો ભેદ જ રહે છે. કારણ કે મૃત્ત્વરૂપે સ્થાસાદિ ઘટથી અભિન્ન હોવા છતાં પણ સ્થાસત્વાદિવિશિષ્ટ મૃત્ત્વ ફક્ત સ્થાસાદિમાં જ રહે છે, ઘટમાં નહિ. આમ સ્થાસત્વ, કોશત્વ આદિ પર્યાયોથી વિશિષ્ટ મૃદ્દ્રવ્યસ્વરૂપ સ્થાસ આદિ પદાર્થો મૃત્ત્વરૂપે ઘટથી અભિન્ન જ છે અને સ્થાસત્વાદિવિશિષ્ટ મૃત્ત્વ સ્વરૂપે તેઓ ઘટથી ભિન્ન જ છે - આ પ્રમાણે સિદ્ધ થાય છે.

### અર્પણા-અનર્પણા દ્વારા ભેદાભેદસિદ્ધિ

(अयमा.) કહેવાનો આશય એ છે કે ઘડામાં સ્થાસત્વરૂપે સ્થાસનો ભેદ રહે છે અને મૃત્ત્વરૂપે સ્થાસનો અભેદ રહે છે. જો કે સ્થાસમાં સ્થાસત્વ, મૃત્ત્વ, દ્રવ્યત્વ, સત્ત્વ, પ્રમેયત્વ વગેરે ધર્મો એકી સાથે રહેલા છે. તેમ છતાં સ્થાસત્વની અર્પણા (= વિવક્ષા) કરવામાં ન આવે અને મૃત્ત્વ વગેરે સાધારણ ધર્મોની વિવક્ષા (= અર્પણા) કરવામાં આવે ત્યારે ઘટમાં સ્થાસનો અભેદ રહે છે તથા તે રીતે જણાય છે. તથા ઘટની અંદર મૃત્ત્વ વગેરે સાધારણ ધર્મો રહે છે, પરંતુ સ્થાસવિશિષ્ટ મૃત્ત્વ વગેરે ધર્મો ઘડામાં રહેતા નથી. તેથી જ મૃત્ત્વરૂપે ઘડો સ્થાસથી અભિન્ન છે. તથા સ્થાસ પર્યાયથી અભિન્ન એવા તે જ

---

❖ કો.(૯)+સિ.માં 'મૃદ્દ્રવ્યવિશિષ્ટ' પાઠ. □ 'જ ભેદ' પાઠાંતર ✻ મ.+શાં.માં 'પર્યાય' નથી. સિ. + P(૨+૩+૪) + કો.(૭+૯+૧૨+૧૩)માં છે.

भेदोऽपि वर्त्तते ज्ञायते च। न हि 'घटः स्थासविशिष्टमृत्स्वरूपः' इति प्रतीयते कस्याऽपि कदाऽपि। एवं घट-कोशयोः, घट-कुसूलयोः स्थास-कोशयोश्च भेदाऽभेदाववसेयौ। ततश्च द्रव्ये गुण-पर्यायाणां भेदाभेदावनाविलावेवेत्यवधेयम्।

प्रकृते उपादानोपादेययोः संज्ञा-सङ्ख्या-लक्षणादिभिः भेदः, मृदादिरूपतया मृत्त्व-प्रमेयत्वादिभिश्च अभेदः वर्त्तते, तयोः मृदादिवस्तुपर्यायत्वात्। ततश्च तयोः अन्यत्वाऽनन्यत्वलक्षणा भजना द्रष्टव्या। तदिदमभिप्रेत्योक्तं **विशेषावश्यकभाष्ये** [1]"जं कज्ज-कारणाइं पज्जाया वत्थुणो जओ ते य। अन्नेऽणन्ने य मया तो कारण-कज्जभयणेयं।।" (वि.आ.भा.२१०३) इति।

इत्थं भेदाऽभेदानुवेधेन वस्तुत्वावच्छिन्ने सामान्य-विशेषोभयरूपता निराबाधा। तदिदमभिप्रेत्योक्तं **सूत्रकृताङ्गव्याख्यायां श्रीशीलाङ्काचार्येण** "सर्वपदार्थानां सत्त्व-ज्ञेयत्व-प्रमेयत्वादिभिः धर्मैः कथञ्चिदेकत्वं तथा प्रतिनियतार्थकार्यतया यदेवाऽर्थक्रियाकारि तदेव परमार्थतः सदिति कृत्वा कथञ्चिद् भेद इति सामान्य

ઘડામાં સ્થાસપર્યાયવિશિષ્ટ મૃત્ત્વરૂપે સ્થાસનો ભેદ પણ રહે છે તથા તે રીતે જણાય છે. સ્થાસપર્યાય-વિશિષ્ટ મૃત્ત્વ સ્વરૂપે ઘટમાં સ્થાસનો ભેદ હોવાનું કારણ એ છે કે ક્યારેય પણ કોઈને પણ 'ઘડો સ્થાસપર્યાયવિશિષ્ટ મૃત્સ્વરૂપ છે' - આવું જણાતું નથી. જેમ ઘટ અને સ્થાસ વચ્ચે ભેદાભેદની વિચારણા આપણે કરી તે જ રીતે ઘટ અને કોશ વચ્ચે, ઘટ અને કુસૂલ વચ્ચે તથા સ્થાસ અને કોશ વચ્ચે પરસ્પર ભેદાભેદ જાણવો. તેથી 'દ્રવ્યથી ગુણ અને પર્યાય ભિન્નાભિન્ન છે' - તેવું સિદ્ધ થાય છે. આમ દ્રવ્યમાં ગુણનો ભેદાભેદ તથા પર્યાયનો ભેદાભેદ નિર્વિવાદરૂપે રહેલો છે. આ વાત વાચકવર્ગે ખ્યાલમાં રાખવી.

### ❋ ઉપાદાન-ઉપાદેય વસ્તુપર્યાય હોવાથી ભિન્નાભિન્ન ❋

(**प्रकृ.**) પ્રસ્તુતમાં ઉપાદાનકારણ અને કાર્ય વચ્ચે સંજ્ઞા, સંખ્યા, લક્ષણ વગેરે દ્વારા ભેદ રહે છે તથા મૃત્તિકાદિસ્વરૂપ હોવાથી મૃત્ત્વ-પ્રમેયત્વાદિસ્વરૂપે અભેદ રહે છે. કારણ કે તે બન્ને માટી વગેરે વસ્તુના પર્યાય છે. આમ ઉપાદાનકારણ અને કાર્ય, વસ્તુપર્યાયાત્મક હોવાના લીધે ભેદાભેદની ભજના તે બન્ને વચ્ચે સમજવી. આ જ અભિપ્રાયથી **વિશેષાવશ્યકભાષ્ય**માં **શ્રીજિનભદ્રગણિક્ષમાશ્રમણે** જણાવેલ છે કે "જે કારણે કાર્ય અને કારણ વસ્તુના પર્યાય છે, તે કારણે તે બન્ને પરસ્પર ભિન્ન અને અભિન્ન છે. આથી કારણ અને કાર્ય વચ્ચે આ ભેદાભેદની ભજના માન્ય છે."

### ❯ પ્રત્યેક વસ્તુ સામાન્ય-વિશેષાત્મક ❯

(**इत्थं.**) દ્રવ્ય-ગુણાદિ, અવયવ-અવયવી વગેરે તમામ વસ્તુમાં પરસ્પર ભેદાભેદ જોડવાથી બધી જ વસ્તુમાં સામાન્ય-વિશેષઉભયરૂપતા નિરાબાધપણે સિદ્ધ થાય છે. તેથી આ જ અભિપ્રાયથી **શ્રીશીલાંકાચાર્યજી**એ **સૂયગડાંગવ્યાખ્યા**માં અનાચારશ્રુતઅધ્યયનના વિવરણમાં જણાવેલ છે કે "સર્વ પદાર્થો સત્ત્વ-જ્ઞેયત્વ, વગેરે ગુણધર્મોની અપેક્ષાએ કથંચિત્ એક છે તથા અમુક પ્રકારના જ કાર્ય કરવાને લીધે પરસ્પર સર્વ પદાર્થોમાં કથંચિત્ ભેદ છે. કેમ કે 'જે અર્થક્રિયાને = નિયતકાર્યને કરે તે જ પરમાર્થથી

1. यत् कार्य-कारणानि पर्याया वस्तुनो यतः ते च। अन्येऽनन्ये च मताः ततः कारण-कार्यभजनेयम्।।

એ ભેદ નઇં અભેદ છઇં, તે (**નય શતનો**=) સઇંગમે* નયનો **મૂલ હેતુ** છઇં. સાત નયના જે સાતસઇં ભેદ છઇં, તે એ રીતેં દ્રવ્ય-પર્યાયની અર્પણા-અનર્પણાઇં થાઇ. તે વિસ્તાર* ***શતારનયચક્રાધ્યયન*** માંહઇં પૂર્વિં હુંતા. હવણાં ***દ્વાદશારનયચક્ર*** માંહઇં **विधिः, विधि-विधिः** (द्वा.न.च.१/१) ઈત્યાદિ રીતિં એકેક નયમાંહિ ૧૨-૧૨ ભેદ ✡કુમતના ઊપજતાં કહિયા છઇં. ▸ઈતિ ગાથા ૮મીનો અર્થ.◂ ॥૪/૮॥

-विशेषात्मकं वस्तु इति स्थितम्" (सू.कृ.श्रु.स्क.२/अ.५/सू.१०/पृ.३७६) इति।

एवं सर्वत्र सापेक्षभावेन भेदाऽभेदौ स्तः। **ततः** = सार्वत्रिक-सापेक्षभेदाऽभेदतः एव **नय-शतोदयः** = सप्तानां नयानां ये सप्त शतानि भेदाः तेषामाविर्भावो भवति। द्रव्ये पर्यायस्य अर्पणा अनर्पणा च भवतः। इत्थं द्रव्ये तत्तत्पर्यायाऽर्पणाऽनर्पणाभ्यां नयानां सप्तशतानि कुमतरूपेण पूर्वं **शतारनयचक्राध्ययने** आसन्। साम्प्रतं **श्रीमल्लवादिसूरि**विनिर्मिते **द्वादशारनयचक्रे** (१) विधिः, (२) विधि-विधिः, (३) विध्युभयः, (४) विधि-नियमः, (५) उभयः, (६) उभय-विधिः, (७) उभयोभयः, (८) उभय-नियमः, (९) नियमः, (१०) नियम-विधिः, (११) नियमोभयः, (१२) नियम-नियमः इत्यादिरीत्या द्वादश नयभेदा दर्शिताः सन्ति।

સત્ છે'- આવું સત્લક્ષણ છે. તેથી વસ્તુ સામાન્ય-વિશેષ ઉભયાત્મક નક્કી થાય છે."

## ✡ નયના બાર ભેદ : મલ્લવાદિસૂરિ ✡

(एवं.) આ રીતે 'સર્વત્ર સાપેક્ષભાવે ભેદાભેદ રહેલા છે' - તેવું સિદ્ધ થાય છે. સર્વત્ર સાપેક્ષભાવે ભેદાભેદ હોવાના લીધે સાત નયના સાતસો ભેદોનો આવિર્ભાવ થાય છે. દ્રવ્યમાં પર્યાયની અર્પણા (= વિવક્ષા) અને અનર્પણા (= અવિવક્ષા) થતી હોય છે. આમ દ્રવ્યમાં તે તે પર્યાયોની વિવક્ષા અને અવિવક્ષા દ્વારા સાત નયોના સાતસો ભેદ કુમતસ્વરૂપે પૂર્વે **શતારનયચક્ર** અધ્યયનમાં દર્શાવેલા હતા. શ્રી **મલ્લવાદિસૂરિ** મહારાજે રચેલ, વર્તમાનકાળમાં ઉપલબ્ધ, **દ્વાદશારનયચક્ર** નામના ગ્રંથમાં નયના બાર ભેદ દર્શાવેલ છે. તે આ રીતે - (૧) વિધિ, (૨) વિધિ-વિધિ, (૩) વિધિ-ઉભય, (૪) વિધિ-નિયમ, (૫) ઉભય, (૬) ઉભય-વિધિ, (૭) ઉભય-ઉભય, (૮) ઉભય-નિયમ, (૯) નિયમ, (૧૦) નિયમ-વિધિ, (૧૧) નિયમ-ઉભય અને (૧૨) નિયમ-નિયમ.

## ♣ ૨૧ નયભેદ અંગે જિજ્ઞાસા ♣

**જિજ્ઞાસા** :- અમુક ગ્રંથોમાં દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય - આ પ્રમાણે બે ભેદ બતાવેલ છે. **અનુયોગદ્વાર** વગેરે આગમોમાં નયોના નૈગમ આદિ સાત ભેદો દર્શાવેલ છે. જ્યારે **દ્વાદશારનયચક્ર**માં નયના ઉપરોક્ત બાર ભેદ જણાવેલ છે. તો શું આ બધા નયો સ્વતંત્ર છે કે એકબીજાનો પરસ્પરમાં સમાવેશ થઈ શકે છે ? જો નયના ઉપરોક્ત તમામ ભેદો સ્વતંત્ર હોય તો નયના ૨ + ૭ + ૧૨ = ૨૧ ભેદ થશે. પરંતુ આવું તો ક્યાંય જાણવામાં આવેલ નથી. તેથી આવા ભેદોનો એકબીજામાં

* સઇંગમ = સેંકડો યુક્તિ, સેંકડો માર્ગ. (આધારગ્રંથ- **ઉષાહરણ**-વીરસિંહકૃત) કો.(૭)માં 'શયગમે' પાઠ. અર્થ સમાન છે. * પુસ્તકોમાં 'વિસ્તાર' પદ નથી. આ.(૧)માં છે. આ.(૧)માં 'શતાર' નથી. ✡ ફક્ત લી.(૩)માં 'કુમતના' પાઠ છે. ▸....◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૩)માં છે.

नैगमादिनयसप्तकानुसारेण विमर्शे तु प्रथमस्य विधिनयस्य व्यवहारनये, द्वितीय-तृतीय-चतुर्थानां सङ्ग्रहनये, पञ्चम-षष्ठयोः नैगमनये, सप्तमस्य ऋजुसूत्रनये, अष्टम-नवमयोः शब्दनये, दशमस्य समभिरूढे, अन्त्ययोः च द्वयोः एवम्भूतनयेऽन्तर्भावः तत्रोक्तः।

यदि च तार्किक-सैद्धान्तिकमतानुसारेण द्रव्यार्थिक-पर्यायार्थिकयोः द्वादशनयान्तर्भावोऽभिमतस्तर्हि (१) **सिद्धसेनी**याभिप्रायेण आद्यनयषट्कस्य द्रव्यार्थिकनयेऽन्त्यनयषट्कस्य च पर्यायार्थिकनये समावेशः कार्यः। (२) **जिनभद्रगणि**मतानुसारेण आद्यनयसप्तकस्य द्रव्यार्थिकेऽन्त्यनयपञ्चकस्य च पर्यायार्थिके समावेशः कार्यः, तन्मते ऋजुसूत्रस्य द्रव्यार्थिकत्वादिति विभावनीयम्।

---

સમાવેશ કરવો યોગ્ય લાગે છે. પરંતુ આ સમાવેશ કઈ રીતે કરવો ? તે સમજાતું નથી.

### ❈ વિવિધ નયવિભાગોનો પરસ્પરમાં સમાવેશ ❈

**શમન** :- (**नैग.**) તમારી જિજ્ઞાસા વ્યાજબી છે. નયના ૨, ૫, ૭, ૧૨ વગેરે ભેદો અલગ અલગ ગ્રંથોમાં ઉપલબ્ધ થાય છે. પરંતુ તે બધા એકબીજાથી નિરપેક્ષ (= સ્વતંત્ર) નથી. પરંતુ તેઓનો એકબીજામાં સમાવેશ થઈ શકે છે. કારણ કે તે નયો પ્રમાણસાપેક્ષ છે. પ્રસ્તુતમાં નયોનો નૈગમ આદિ સાત ભેદોમાં વિભાગ કરીને વિચાર કરવામાં આવે તો ઉપરોક્ત બાર પ્રકારોનો સાત પ્રકારમાં સમાવેશ આ રીતે કરી શકાય - દ્વાદશારનયચક્રમાં જણાવેલ પ્રથમ વિધિનયનો (નૈગમ આદિ સાત નયોમાંથી ત્રીજા) વ્યવહારનયમાં સમાવેશ થાય છે. બીજા, ત્રીજા અને ચોથાનો સંગ્રહનયમાં, પાંચમા અને છટ્ઠાનો નૈગમનયમાં, સાતમાનો ઋજુસૂત્રનયમાં, આઠમા અને નવમા ભેદનો શબ્દનયમાં, દસમા ભેદનો સમભિરૂઢનયમાં, અગિયાર અને બારમા ભેદનો એવંભૂત નયમાં અન્તર્ભાવ થાય છે. આ પ્રમાણે **દ્વાદશારનયચક્ર**માં જણાવેલ છે. કોષ્ટક પદ્ધતિએ અન્તર્ભાવ આ પ્રમાણે સમજવો.

| *દ્વાદશાર* | | *અનુયોગદ્વાર* | *દ્વાદશાર* | | *અનુયોગદ્વાર* |
|---|---|---|---|---|---|
| (૧) | વિધિ | વ્યવહારનય | (૭) | ઉભય-ઉભય | ઋજુસૂત્રનય |
| (૨) | વિધિ-વિધિ | સંગ્રહનય | (૮) | ઉભય-નિયમ | શબ્દનય |
| (૩) | વિધિ-ઉભય | સંગ્રહનય | (૯) | નિયમ | શબ્દનય |
| (૪) | વિધિ-નિયમ | સંગ્રહનય | (૧૦) | નિયમ-વિધિ | સમભિરૂઢનય |
| (૫) | ઉભય | નૈગમનય | (૧૧) | નિયમ-ઉભય | એવંભૂતનય |
| (૬) | ઉભય-વિધિ | નૈગમનય | (૧૨) | નિયમ-નિયમ | એવંભૂતનય |

(**यदि.**) જો દ્વાદશારનયચક્ર ગ્રંથમાં બતાવેલ નયના બાર ભેદોનો તાર્કિક અને સૈદ્ધાન્તિક મત મુજબ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયમાં સમાવેશ કરવો હોય તો (૧) **સિદ્ધસેનદિવાકરસૂરિજી** મહારાજના અભિપ્રાય મુજબ, પ્રથમ છ ભેદનો દ્રવ્યાર્થિકનયમાં અને છેલ્લા છ ભેદનો પર્યાયાર્થિકનયમાં સમાવેશ કરી શકાય. તથા (૨) **શ્રીજિનભદ્રગણી** ક્ષમાશ્રમણના અભિપ્રાય મુજબ, પ્રથમ સાત ભેદનો દ્રવ્યાર્થિકનયમાં અને છેલ્લા પાંચ ભેદનો પર્યાયાર્થિકનયમાં સમાવેશ કરી શકાય. કારણ કે **જિનભદ્રગણી** ક્ષમાશ્રમણના મતે ઋજુસૂત્રનય દ્રવ્યાર્થિકનય છે. આ મુજબ વિજ્ઞ વાચકવર્ગે સ્વયં વિચારણા કરવી.

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – नयानां द्वौ पञ्च सप्त इत्यादयो भेदा इदं सूचयति यदुत न हि कोऽपि पदार्थः विचारो वा, काऽपि व्यक्तिः परिस्थितिः वा, किमपि वस्तु प्रसञ्जनं वा एकयैव दृष्ट्या विमृश्यताम् अर्हति। न वैकयैव दृष्ट्या पदार्थादिविलोकने तद्गोचरः सम्पूर्णः बोधः सम्पद्यते। न वैकयैव दृष्ट्या व्यक्तिविलोकने सम्यग् न्यायोऽपि दीयते। न वैकयैव दृष्ट्या परिस्थितिपरीक्षणे समत्वभावसंरक्षणमपि शक्यम्। अतः पुरोवर्तिव्यक्ति-वस्तुप्रभृतिकं नानादृष्ट्या निरीक्षणीयं परीक्षणीयञ्च। व्यक्त्यन्तराभिप्रायान्वेषण-शिष्टपुरुषविचारमौक्तिकग्रहणादिकमपि प्रकृते आवश्यकमिति न विस्मर्तव्यमात्मार्थिना। इत्थञ्च क्रमेण "न जरा, जन्म नो यत्र, न मृत्युः, न च बन्धनम्। न देहो नैव च स्नेहो नास्ति कर्मलवोऽपि च।।" (या.स्त.२९) इति **यात्रास्तवे जिनेश्वरसूरि**प्रदर्शितो मोक्षः सुलभः स्यात्।।४/८।।

---

### ✻ સમતા ટકાવવા વિવિધ દૃષ્ટિકોણ સ્વીકાર્ય ✻

**આધ્યાત્મિક ઉપનય** :- નયના બે, પાંચ, સાત અને સાતસો ભેદો એવું સૂચવે છે કે કોઈ પણ પદાર્થને, વિચારને, વ્યક્તિને, પરિસ્થિતિને, વસ્તુને કે ઘટનાને-પ્રસંગને ફક્ત એક જ દૃષ્ટિકોણથી ખતવી ન શકાય. તથા એક જ દૃષ્ટિકોણથી (= નયથી) પદાર્થાદિને જોવામાં પદાર્થનો સંપૂર્ણપણે બોધ થઈ શકતો નથી. એક જ દૃષ્ટિકોણથી જોવામાં સામેની વ્યક્તિને ન્યાય પણ આપી શકાતો નથી. તથા એક જ દૃષ્ટિકોણથી સામેની ઘટનાને ખતવવામાં આપણી સમતા ટકાવવી પણ મુશ્કેલ બની જાય છે. તેથી વ્યક્તિ, વિચાર, વસ્તુ કે ઘટના વગેરેની પૂરેપૂરી જાણકારી મેળવવા, તેને યોગ્ય ન્યાય આપવા તથા આપણી સમતાને ટકાવવા, માત્ર આપણા જ દૃષ્ટિકોણ ઉપર ભાર આપવાના બદલે સામેની વ્યક્તિના દૃષ્ટિકોણને પણ સમજવાની તથા અન્ય શિષ્ટ પુરુષોના વિચારબિંદુઓને અપનાવવાની ઉદારતા કેળવવી એ માત્ર ઈચ્છનીય જ નહિ, પરંતુ આવશ્યક તથા આદરણીય પણ બની જાય છે. આ વાતને આત્માર્થી મુમુક્ષુએ કદાપિ વિસરવી ન જોઈએ. આ રીતે મોક્ષમાર્ગે આગળ વધતાં **યાત્રાસ્તવ**માં જણાવેલ મોક્ષ સુલભ થાય. ત્યાં શ્રી**જિનેશ્વરસૂરિ**એ જણાવેલ છે કે 'મોક્ષમાં ઘડપણ નથી, જન્મ નથી, મોત નથી, બંધન નથી, દેહ નથી, સ્નેહ નથી, આંશિક પણ કર્મ નથી.' (૪/૮)

**લખી રાખો ડાયરીમાં.....**

- **વાસનાનું સંતાન સ્વાર્થવૃત્તિ છે.**
  **ઉપાસનાનો આવિષ્કાર નિઃસ્વાર્થ પરોપકારવૃત્તિ છે.**

- **બુદ્ધિને બીજાના આંસુ પડાવવામાં રસ છે.**
  **શ્રદ્ધાને બીજાના આંસુ લૂંછવામાં ઉત્સાહ છે.**

**ક્ષેત્ર-કાલ-ભાવાદિક યોગઈં, થાઇ ભંગની કોડી રે;**
**સંખેપઈં ♦એક ઠામિં કહિઈં, સપ્તભંગની✡ ⧗જોડી રે ॥૪/૯॥ (૪૯) શ્રુત૦**

દ્રવ્યાદિક ✦વિશેષણપણઈં ભંગ થાઈં, તિમ ક્ષેત્રાદિક (= **ક્ષેત્ર-કાલ-ભાવાદિક**) વિશેષણઈં (=**યોગઈં**) પણિ (**ભંગની કોડી**=) અનેક ભંગ **થાયઈં.**

---

नयभङ्गाऽऽधिक्यं प्रदर्शयति – 'क्षेत्रे'ति।

**क्षेत्र-कालादियोगेन भवन्ति भङ्गकोटयः।**
**इहोच्यते समासेन सप्तभङ्गी सुयोगतः।।४/९।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – क्षेत्र-कालादियोगेन भङ्गकोटयः भवन्ति। इह समासेन सुयोगतः सप्तभङ्गी उच्यते।।४/९।।

यथा द्रव्यविशेषसम्बन्धेन भेदाऽभेदादयो भङ्गा द्रव्ये भवन्ति तथैव **क्षेत्र-कालादियोगेन** = क्षेत्र-काल-भावादिविशेषणसम्बन्धेन **भङ्गकोटयः** = प्रकारकोटयो **भवन्ति**। तथाहि – (१) 'स्थासादिपर्यायविशिष्टमृत्त्वेन रूपेण घटे स्थासादीनां भेदः केवलमृत्त्वेन चाऽभेदः' इति घट-स्थासादीनां भेदाऽभेदौ पूर्वम् (४/८) उपदर्शितौ तथैव (२) वापीयघटे स्थासादीनां स्थासादिविशिष्टवापीयत्वेन भेदः, तत्र वापीयत्वस्य सत्त्वेऽपि स्थासादिपर्यायविरहेण स्थासादिविशिष्टवापीयत्वस्य

---

**અવતરણિકા** :- નયના સાતસો કરતાં પણ અધિક ભેદને ગ્રંથકારશ્રી દર્શાવે છે :-

**❁ દ્રવ્ય-ક્ષેત્રાદિસંબંધથી ભેદાભેદની વિચારણા ❁**

**શ્લોકાર્થ** :- ક્ષેત્ર, કાળ વગેરેના યોગથી નયના કરોડો ભેદ થાય છે. આ ગ્રંથમાં તો સંક્ષેપથી યોગ્ય અપેક્ષાથી (સ્વરૂપથી અસ્તિત્વ અને પરરૂપથી નાસ્તિત્વ સંબંધી) સપ્તભંગી કહેવાય છે. (૪/૯)

**વ્યાખ્યાર્થ** :- વિશેષ પ્રકારના દ્રવ્યના સંબંધથી દ્રવ્યમાં ભેદાભેદ વગેરે પ્રકારો સંભવી શકે છે. દા.ત. તંતુ દ્રવ્યનો પટ દ્રવ્યની સાથે ઉપાદાન-ઉપાદેયભાવ નામના સંબંધના કારણે ભેદાભેદ રહેલો છે. જે રીતે વિવક્ષિત દ્રવ્યના (= ઉપાદાનકારણના) ચોક્કસ સંબંધથી દ્રવ્યમાં (= અવયવીમાં) ભેદાભેદ વગેરે પ્રકારો થાય છે, તે જ રીતે ક્ષેત્ર, કાળ, ભાવ વગેરેને વિશેષણરૂપે બનાવીને વિશેષ્યમાં (= અવયવીમાં) તેનો સંબંધ કરવાથી વિશેષ્યભૂત અવયવી દ્રવ્યના કરોડો પ્રકાર થાય છે. તે આ રીતે - (૧) 'સ્થાસાદિપર્યાયવિશિષ્ટમાટીસ્વરૂપે ઘટમાં સ્થાસાદિનો ભેદ તથા માત્ર માટીસ્વરૂપે ઘટમાં સ્થાસાદિનો અભેદ રહે છે' - એવું આગળ આઠમા શ્લોકની વ્યાખ્યામાં જણાવવા દ્વારા વિશિષ્ટ દ્રવ્યના સંબંધથી ઘટ અને સ્થાસાદિ વચ્ચે જેમ ભેદાભેદ દર્શાવ્યા, તે જ રીતે (૨) વાપીના ઘડામાં સ્થાસાદિવિશિષ્ટવાપીયત્વ સ્વરૂપે સ્થાસાદિનો ભેદ રહે છે. કારણ કે તેમાં વાપીયત્વ હાજર હોવા છતાં પણ સ્થાસાદિ પર્યાયો ન હોવાથી સ્થાસાદિવિશિષ્ટવાપીયત્વનો અભાવ રહે છે. તેમજ વાપીયત્વરૂપે તો વાપીના ઘડા અને સ્થાસ

---

♦ મ.માં 'એ' પાઠ. ભા.+M(૧)+કો.(૪+૫+૧૨+૧૩)માં 'એક' પાઠ. ✡ કો.(૪)માં 'ભંગતા' પાઠ. ⧗ મો.(૧)માં 'કોડી' પાઠ. ✦ સિ.+કો.(૯)+ પુસ્તકોમાં 'વિશેષણઈં' પાઠ છે. અહીં પા.નો પાઠ લીધેલ છે.

તથા દ્રવ્યઘટ સ્વ કરી વિવક્ષિઈં, તિવારઇં ક્ષેત્રાદિક ઘટ પર થાઈ. ઈમ પ્રત્યેકઈં સપ્તભંગી પણિ કોડીગમઈં નીપજઇં.

---

अभावात्, वापीयत्वेन चाऽभेदः, (३) शैशिरघटे स्थासादिविशिष्टशैशिरत्वेन भेदः शैशिरत्वेन चाऽभेदः, (४) रक्तघटे च स्थासादिविशिष्टरक्तत्वेन भेदः रक्तत्वेन चाऽभेद इति अपि बोध्यम्। इत्थं नानाद्रव्य-क्षेत्र-काल-भावविशेषणैः एकस्मिन्नपि घटे अनेके भेदाभेदगोचरा भङ्गा भवन्ति।

तथा घटः तावत् चतुर्धा भवति – (१) द्रव्यघटः, (२) क्षेत्रघटः, (३) कालघटः, (४) भावघटश्च। (१) 'मार्त्तो घटः, ताम्रो घटः, सौवर्णः घटः' इत्यादिः व्यवहारो द्रव्यघटं ज्ञापयति। (२) 'पाटलिपुत्रीयो घटः, वापीयो घटः, काशीयो घटः' इत्यादिः वाक्यप्रयोगः क्षेत्रघटं दर्शयति। (३) 'शैशिरो घटः, वैशाखो घटः' इत्यादिः लोकव्यवहारः कालघटं सूचयति। (४) 'रक्तो घटः, श्यामो घटः, कम्बुग्रीवादिमान् लाघवोपेतः योषिन्मस्तकारूढः शीतलजलभृतो लम्बवृत्तो घटः' इत्यादिः वाक्यप्रयोगः भावघटमावेदयति।

यद्वा (१) घटस्य मृदादिद्रव्यं पिण्डाद्यवस्थावर्ति = द्रव्यघटः। (२) घटस्य क्षेत्रं स्वावगाढाकाशलक्षणं हि क्षेत्रघटः। (३) घटस्य कालः = कालघटः। (४) घटस्य च ज्ञानादिलक्षणः भावः भावघट इति ज्ञेयम्। इत्थं प्रतिनियतद्रव्य-क्षेत्रादिकं विषयीकृत्य विशेषण-विशेष्यभावसम्बन्धयोजने

---

વગેરે પર્યાયો વચ્ચે અભેદ જ રહે છે. આમ વિશિષ્ટ ક્ષેત્રના સંબંધથી ઘટ અને સ્થાસાદિ પર્યાયોની વચ્ચે ભેદાભેદ રહી શકે છે. (૩) શિયાળામાં બનેલા ઘડાને શૈશિર કહેવાય. તેમાં સ્થાસાદિવિશિષ્ટ શૈશિરત્વસ્વરૂપે સ્થાસાદિનો ભેદ રહે છે તથા શૈશિરત્વસ્વરૂપે અભેદ રહે છે. આમ વિશિષ્ટકાળના સંબંધથી ઘટ અને સ્થાસાદિ વચ્ચે ભેદાભેદ રહે છે. તથા (૪) લાલ ઘડામાં સ્થાસાદિ પર્યાયોનો સ્થાસાદિવિશિષ્ટરક્તત્વસ્વરૂપે ભેદ રહે છે તથા રક્તસ્વરૂપે અભેદ રહે છે. આમ વિશિષ્ટ ભાવના સંબંધથી પણ ઘટ અને સ્થાસાદિ પર્યાયો વચ્ચે ભેદાભેદ જાણવો. આ રીતે અનેક પ્રકારના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ સ્વરૂપ વિશેષણો દ્વારા એક જ ઘડામાં ભેદાભેદ સંબંધી અનેક પ્રકારના ભાંગાઓ થાય છે.

## ❀ ઘડાના ચાર પ્રકાર ❀

(**तथा.**) તેમજ સૌ પ્રથમ સંક્ષેપમાં વિચાર કરીએ તો ઘડાના ચાર ભેદ થાય છે - (૧) દ્રવ્ય ઘટ, (૨) ક્ષેત્ર ઘટ, (૩) કાળ ઘટ અને (૪) ભાવ ઘટ. જેમ કે 'માટીનો ઘડો' આ ઉલ્લેખ દ્રવ્યઘટને જણાવે છે. 'પાટલિપુત્રનો ઘડો, અમદાવાદી ઘડો, વાપીનો ઘડો, કાશીનો ઘડો...' ઈત્યાદિ પ્રયોગ ક્ષેત્રઘટને સૂચવે છે. 'શિયાળાનો ઘડો, વૈશાખ મહિનાના ઉનાળાનો ઘડો...' ઈત્યાદિ શબ્દપ્રયોગ કાળઘટને જણાવે છે. 'લાલ ઘડો, કાળો ઘડો, કમ્બુગ્રીવાદિઆકારવાળો ઘડો, હલકો ઘડો, પનિહારીના મસ્તકે આરૂઢ થયેલો પાણી ભરેલો લાંબો લાલ ઘડો...' ઈત્યાદિ લોકવ્યવહાર ભાવઘટને દર્શાવે છે.

(**यद्वा.**) અથવા (૧) ઘટનું માટી વગેરે દ્રવ્ય પિંડાદિદશામાં રહેલું હોય એ દ્રવ્યઘટ. (૨) ઘડો જે આકાશખંડસ્વરૂપ ક્ષેત્રમાં રહેલો હોય તે ક્ષેત્રઘટ. (૩) ઘટનો કાળ એ કાળઘટ. તથા (૪) ઘટગોચર જ્ઞાનાદિ ઉપયોગસ્વરૂપ ભાવ = ભાવઘટ. આમ ચોક્કસ પ્રકારના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને વિષય બનાવી,

▸**स्यादस्त्येव घटः १, स्यान्नास्त्येव २, स्यादवाच्यः एव ३, स्यादस्त्येव नास्त्येव च ४, स्यादस्त्येव स्यादवक्तव्य एव ५, स्यान्नास्त्येव स्यादवक्तव्य एव ६, स्यादस्त्येव स्यान्नास्त्येव स्यादवक्तव्य एव चेति ७ प्रयोगः।**◂

घटः चतुर्धा प्राप्यते। तदवान्तरभेदविचारणायां तु नाना घटप्रकाराः सम्भवन्ति।

द्रव्यघट-क्षेत्रघटादिषु मिथोऽनुवेधात् स्वरूप-पररूपाभ्यां सत्त्वाऽसत्त्वादिकं बोध्यम्। तथाहि – द्रव्यघटः स्वरूपेण सन् पररूपेण चाऽसन्। स्वपदेन द्रव्यघटग्रहणं, परपदेन क्षेत्रादिघटग्रहणम्। ततश्च द्रव्यघटः द्रव्यघटरूपेण सन् क्षेत्रादिघटरूपेण चाऽसन्। न हि द्रव्यघटे मृद्द्रव्यलक्षणे क्षेत्रघटत्वादिकं वर्तते। स्वाऽवृत्तिधर्मरूपेण स्वाऽभावस्य न्यायप्राप्तत्वात्।

**इह** = प्रकृते 'स्यादस्त्येव द्रव्यघटः १, स्यान्नास्त्येव २, स्यादवाच्यः एव ३, स्यादस्त्येव स्यान्नास्त्येव च ४, स्यादस्त्येव स्यादवक्तव्य एव ५, स्यान्नास्त्येव स्यादवक्तव्य एव ६, स्यादस्त्येव स्यान्नास्त्येव स्यादवक्तव्य एव चे'ति ७ **समासेन** = सङ्क्षेपतः **सप्तभङ्गी सुयोगतः** = समीचीना-

વિશેષણ-વિશેષ્યભાવ સંબંધ દ્વારા તેઓને પરસ્પર જોડવાથી આ રીતે ઘડાના ચાર ભેદ થાય. આ ચાર ભેદના અવાન્તર ભેદોને વિચારતાં તેના બીજા અનેક પ્રકારો પણ સંભવી શકે છે.

### ❯ દ્રવ્યઘટ સદસદ્રૂપ : સ્યાદ્વાદી ❯

(**દ્રવ્યઘટ.**) દ્રવ્યઘટ, ક્ષેત્રઘટ વગેરેમાં પરસ્પર અનુવેધ-સંવેધ કરવાથી સ્વરૂપ અને પરરૂપ દ્વારા સત્ત્વ-અસત્ત્વ વગેરે જાણવું. તે આ રીતે - દ્રવ્યઘટ સ્વરૂપથી સત્ હોય છે. પરરૂપથી અસત્ હોય છે. 'સ્વરૂપ' શબ્દમાં રહેલ 'સ્વ' શબ્દથી દ્રવ્યઘટનું ગ્રહણ કરવું તથા 'પરરૂપ' શબ્દના ઘટક 'પર' શબ્દથી ક્ષેત્રઘટ વગેરેનું ગ્રહણ કરવું. તેથી અર્થ એવો પ્રાપ્ત થશે કે દ્રવ્યઘટ દ્રવ્યઘટરૂપે સત્ = વિદ્યમાન છે, ક્ષેત્રઘટ-કાલઘટ-ભાવઘટરૂપે અસત્ = અવિદ્યમાન = ગેરહાજર છે. આ વાત યુક્તિસંગત પણ છે. કેમ કે માટીદ્રવ્યસ્વરૂપ દ્રવ્યઘટમાં ક્ષેત્રઘટત્વ કે કાલઘટત્વ કે ભાવઘટત્વ નામના ગુણધર્મો રહેતા નથી. પોતાનામાં અવિદ્યમાન એવા ગુણધર્મરૂપે પોતે અવિદ્યમાન છે - તેવું માનવું ન્યાયસંગત જ કહેવાય.

### ⁂ દ્રવ્યઘટને વિશે સપ્તભંગી ⁂

(इह.) પ્રસ્તુતમાં દ્રવ્યઘટને ઉદ્દેશીને સંક્ષેપમાં સત્-અસત્ આમ બે ભાંગા બતાવ્યા. પરંતુ તેનો થોડો વિસ્તાર કરવામાં આવે તો સપ્તભંગી પ્રાપ્ત થાય. જેમ કે (૧) **દ્રવ્યઘટ સ્યાત્** = કથંચિત્ (= સ્વરૂપથી = દ્રવ્યઘટરૂપે) **સત્** = હાજર છે જ. (૨) **દ્રવ્યઘટ સ્યાત્** = કથંચિત્ (= પરરૂપે = ક્ષેત્રઘટાદિરૂપે તથા પટાદિરૂપે) **અસત્** = ગેરહાજર જ છે. (૩) **દ્રવ્યઘટ સ્યાત્** = કથંચિત્ (= સ્વ-પરરૂપે યુગપત્) **અવાચ્ય** (= અવક્તવ્ય = એકશબ્દથી અપ્રતિપાદ્ય) જ છે. (૪) **દ્રવ્યઘટ સ્યાત્** = કથંચિત્ (= સ્વરૂપે = દ્રવ્યઘટરૂપે) **સત્** = હાજર જ છે તથા **સ્યાત્** = કથંચિત્ (= પરરૂપે = ક્ષેત્રઘટાદિરૂપે તથા પટાદિરૂપે) **અસત્** = ગેરહાજર જ છે. (૫) **દ્રવ્યઘટ કથંચિત્** (= સ્વરૂપે = દ્રવ્યઘટરૂપે) **સત્** = હાજર જ છે, **તથા કથંચિત્** (= સ્વ-પરરૂપે યુગપત્) **અવક્તવ્ય** જ છે. (૬) **દ્રવ્યઘટ કથંચિત્** (= ક્ષેત્રઘટાદિરૂપે તથા પટાદિરૂપે) **અસત્** = ગેરહાજર જ છે **તથા કથંચિત્** (= સ્વ-પરરૂપે યુગપત્) **અવક્તવ્ય** જ છે. (૭) **દ્રવ્યઘટ કથંચિત્** (=

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. P(૩+૪) + કો.(૭+૧૨)માં છે.

તથાપિ (**સંખેપઈ**) લોકપ્રસિદ્ધ જે કંબુગ્રીવાદિપર્યાયોપેત ઘટ છઇ, તેહનઈ જ (= **એક ઠામિં**) ❖સ્વત્રેવડીનઇં સ્વરૂપઈ અસ્તિત્વ, પરરૂપઈં નાસ્તિત્વ - ઇમ લેઇ **સપ્તભંગી** (**કહિઈં**=) દેખાડિઈં છઈં.

पेक्षोपयोजनतः **उच्यते**।

इत्थं प्रतिधर्मं सप्तभङ्ग्यपि भङ्गकोटिभिः निष्पद्यते तथापि लोकप्रसिद्धः कम्बुग्रीवादिमत्त्वपर्यायोपेतो यो घटः तमेवोद्दिश्य 'स्वरूपेण अस्तित्वम्, पररूपेण नास्तित्वमि'त्यादिरूपेणोल्लिख्य सांयोगिक-भङ्गप्रदर्शनाऽवसरे अस्तित्व-नास्तित्वाऽवक्तव्यत्वपदानां त्रिः आवृत्त्या कृत्स्ना सप्तभङ्गी प्रदर्श्यते।

દ્રવ્યઘટરૂપે) **સત્** = હાજર જ છે, **કથંચિત્** (= પરકીયરૂપે) **અસત્** = ગેરહાજર જ છે, **તથા કથંચિત્** (= સ્વ-પરરૂપે યુગપત્) **અવાચ્ય** જ છે. આ પ્રમાણે દ્રવ્યઘટને વિશે સપ્તભંગી થઈ શકે છે. જો કે યોગ્ય અપેક્ષાને જોડવાપૂર્વક આ રીતે સંક્ષેપથી જ સપ્તભંગી જણાવેલ છે. આ જ શાખામાં (૪/૧૦ થી ૧૪માં) આનો વિસ્તાર કરવામાં આવશે.

### 卐 પ્રથમ ત્રણ ભંગ દ્વારા પાછલા ચાર ભંગની નિષ્પત્તિ 卐

(**इत्थं.**) આ રીતે ઘટમાં રહેલા દ્રવ્યઘટત્વ, ક્ષેત્રઘટત્વ, કાલઘટત્વ વગેરે પ્રત્યેક ધર્મને આશ્રયીને સપ્તભંગી થઈ શકે છે. આમ ઘડામાં રહેલા કરોડો ગુણધર્મોને આશ્રયીને સપ્તભંગી પણ કરોડો રીતે નિષ્પન્ન થઈ શકે છે. તેમ છતાં લોકોમાં કંબુગ્રીવાદિમત્ત્વ પર્યાયથી યુક્ત જે પદાર્થ ઘડા તરીકે પ્રસિદ્ધ છે તેને જ ઉદ્દેશીને '(૧) સ્વરૂપથી અસ્તિત્વ. (૨) પરરૂપથી નાસ્તિત્વ' ઈત્યાદિરૂપે સપ્તભંગી બતાવાય છે. આ સપ્તભંગીના છેલ્લા ચાર ભાંગા સાંયોગિક છે, સખંડ છે. આ છેલ્લા સાંયોગિક ચાર ભાંગાને (પ્રકારને) બતાવવાના અવસરે અસ્તિત્વ, નાસ્તિત્વ અને અવક્તવ્યત્વ - આ ત્રણ પદોની ત્રણ વાર આવૃત્તિ = પુનરાવૃત્તિ = પુનરાવર્તન કરીને સંપૂર્ણ સપ્તભંગી દેખાડવામાં આવે છે.

**સ્પષ્ટતા** :- આશય એ છે કે અસ્તિત્વ, નાસ્તિત્વ અને અવક્તવ્યત્વ - આ ત્રણ પદનો ઉપયોગ છેલ્લા ચાર ભાંગામાં ત્રણ વાર કરવામાં આવે તે રીતે અહીં સપ્તભંગી દેખાડવામાં આવે છે. સપ્તભંગીના પ્રથમ ત્રણ ભાંગામાં જે ત્રણ પદનો ઉપયોગ થયેલ છે, તે ત્રણેય પદોનો આગળના ચાર ભાંગામાં કુલ ત્રણ-ત્રણ વાર ઉપયોગ થાય છે. તે નીચેનો કોઠો જોવાથી સમજાઈ જાય તેમ છે.

(૧) ઘટમાં કથંચિત્ અસ્તિત્વ જ છે.
(૨) ઘટમાં કથંચિત્ નાસ્તિત્વ જ છે.
(૩) ઘટમાં કથંચિત્ અવક્તવ્યત્વ જ છે.
(૪) ઘટમાં કથંચિત્ *'અસ્તિત્વ'* અને નાસ્તિત્વ જ છે.
(૫) ઘટમાં કથંચિત્ *'અસ્તિત્વ'* અને અવક્તવ્યત્વ જ છે.
(૬) ઘટમાં કથંચિત્ નાસ્તિત્વ અને અવક્તવ્યત્વ જ છે.
(૭) ઘટમાં કથંચિત્ *'અસ્તિત્વ'*, નાસ્તિત્વ અને અવક્તવ્યત્વ જ છે.

'અસ્તિત્વ' શબ્દના સ્થાને 'હાજર' અથવા 'વિદ્યમાન' શબ્દનો તથા 'નાસ્તિત્વ' શબ્દના સ્થાને

❖ સ્વત્રેવડીનઇં = પોતાનું ત્રણ વાર પુનરાવર્તન કરીને. ભગવદ્ગોમંડલમાં (પૃષ્ઠ-૪૨૫૨) 'ત્રેવડવું = ત્રણ-ત્રણ વખત વિચારી જોવું, ત્રણગણું કરવું.'

તથાહિ – સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવાપેક્ષાઈં ઘટ છઇ જ ૧.
પરદ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવાપેક્ષાઈં જ* ઘટ* નથી જ ૨.
એક વારઈં ઉભય વિવક્ષાઇં અવક્તવ્ય જ, બે પર્યાય એક શબ્દઈં મુખ્યરૂપઇં ન કહવાઈં જ ૩.
એક અંશ સ્વરૂપઇં, એક અંશ પરરૂપઇં વિવક્ષીઈં, તિવારઈં "છઇ *અનઇં નથી" ૪.
એક અંશ સ્વરૂપઈં, એક અંશ યુગપત્ ઉભયરૂપઈં વિવક્ષીઈં, તિવારઇ "છઈ *અનઇં અવાચ્ય"૫.
એક અંશ પરરૂપઈં, એક અંશ યુગપત્ ઉભયરૂપઈં વિવક્ષીઈં, તિવારઇ "નથી *અનઇં અવાચ્ય"૬.

---

तथाहि– (१) घटः स्वद्रव्य-क्षेत्र-काल-भावापेक्षया अस्ति एव।

(२) घटः परद्रव्य-क्षेत्र-काल-भावापेक्षया च नास्ति एव।

(३) युगपदुभयविवक्षया घटः अवक्तव्य एव। न हि मुख्यरूपेण द्वौ पर्यायौ एकशब्देन युगपत् कथ्येते।

(४) घटस्यैकोंऽशः स्वरूपेण अन्यश्चांशः पररूपेण विवक्षितः तदा 'घटः अस्ति नास्ति चे'त्युच्यते।

(५) घटस्यैकोंऽशः स्वद्रव्य-क्षेत्रादिरूपेण अपरश्चांशः युगपत् स्व-परद्रव्य-क्षेत्रादिरूपेण विवक्षितः स्यात् तदा 'घटोऽस्ति अवक्तव्यश्चे'त्युच्यते।

(६) घटस्यैकोंऽशः परद्रव्य-क्षेत्रादिरूपेण अपरश्चांशो युगपत् स्व-परद्रव्य-क्षेत्रादिरूपेण विवक्षितः स्यात् तदा 'घटो नास्ति अवक्तव्यश्चे'त्युच्यते।

---

'ગેરહાજર' કે 'અવિદ્યમાન' શબ્દનો પ્રયોગ કરીને સપ્તભંગીનો સ્પષ્ટ નિર્દેશ નીચે મુજબ સમજવો.

### ❖ સત્ત્વ-અસત્ત્વ દ્વારા સપ્તભંગીની યોજના ❖

(**तथाहि**.) ઘટમાં સપ્તભંગીનો નિર્દેશ આ મુજબ સમજવો.

(૧) સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ ઘટ હાજર જ છે.

(૨) પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ ઘટ ગેરહાજર જ છે.

(૩) એકીસાથે સ્વ-પર દ્રવ્યાદિ ચારની અપેક્ષાએ ઘડો અવક્તવ્ય જ છે. કારણ કે એક જ શબ્દ દ્વારા વસ્તુના બે પર્યાયો મુખ્યરૂપે જણાવી શકાતા નથી.

(૪) ઘટના એક અંશની સ્વરૂપથી તથા અન્ય અંશની પરરૂપથી વિવક્ષા કરવામાં આવે તો 'ઘડો હાજર જ છે તથા ગેરહાજર જ છે' - આ પ્રમાણે કહેવાય છે.

(૫) ઘટનો એક અંશ સ્વદ્રવ્યાદિચતુષ્ટયની અપેક્ષાએ તથા અન્ય અંશ એકીસાથે સ્વ-પરદ્રવ્યાદિચતુષ્કની અપેક્ષાએ વિવક્ષિત હોય ત્યારે 'ઘડો હાજર છે અને અવક્તવ્ય છે' - આમ કહેવાય છે.

(૬) ઘટનો એક અંશ પરદ્રવ્યાદિચતુષ્ટયની અપેક્ષાએ તેમ જ બીજો અંશ એકીસાથે સ્વ -પરદ્રવ્યાદિચતુષ્ટયની અપેક્ષાએ વિવક્ષિત હોય ત્યારે 'ઘડો ગેરહાજર છે તથા અવક્તવ્ય છે' - આમ કહેવામાં આવે છે.

---

* પુસ્તકોમાં 'જ' નથી. કો.(૯) + સિ.માં છે. * પુસ્તકોમાં 'ઘટ' પદ નથી. કો.(૭)માં છે. * કો.(૭)માં 'અને' પાઠ છે. મ.માં 'નઈં' પાઠ. કો.(૧૨)નો પાઠ લીધો છે.

એક અંશ સ્વરૂપઈં, એક અંશ પરરૂપઈં, એક અંશ યુગપત્[§] ઉભય રૂપઈ વિવક્ષીઈ,[□] તિવારઈ "છઈ, નથી *અનઈં અવાચ્ય"૭. ✤ગાથા ૯મીનો અર્થ.✤ ॥૪/૯॥

(૭) घटस्यैकोंऽशः स्वद्रव्य-क्षेत्रादिरूपेण अपरश्चांशः परद्रव्य-क्षेत्रादिरूपेण अन्यश्चांशो युगपत् स्व-परद्रव्य-क्षेत्रादिरूपेण विवक्षितः स्यात् तदा 'घटः अस्ति, नास्ति अवक्तव्यश्चे'त्युच्यते।

अत्र हि पाश्चात्यभङ्गचतुष्टये अस्ति-नास्ति-अवक्तव्यपदानां वारत्रयमावृत्तिः स्पष्टैव। "अत्र चाऽऽद्यभङ्गकस्त्रिधा, द्वितीयोऽपि त्रिधैव, तृतीयो दशधा, चतुर्थोऽपि दशधैव, पञ्चमादयस्तु त्रिंशदधिकशतपरिमाणाः प्रत्येकं श्रीमन्**मल्लवादि**प्रभृतिभिर्दर्शिताः। पुनश्च षड्विंशत्यधिकचतुर्दशशतपरिमाणास्त एव च द्व्यादिसंयोगकल्पनया कोटीशो भवन्तीत्यभिहितं तैरेव" (स.त.१/४०/पृ. ४४७) इति **सम्मतितर्कवृत्तौ श्रीअभयदेवसूरयः**।

(૭) ઘડાના એક અંશની સ્વદ્રવ્યાદિ ચતુષ્કની અપેક્ષાએ, અન્ય અંશની પરદ્રવ્યાદિ ચતુષ્કની અપેક્ષાએ તથા ત્રીજા અંશની એકીસાથે સ્વ-પરદ્રવ્યાદિ ચતુષ્ટયની અપેક્ષાએ વિવક્ષા (= ગણતરી) કરવામાં આવે ત્યારે 'ઘડો હાજર છે, ગેરહાજર છે તથા અવક્તવ્ય છે' - આમ કહેવામાં આવે છે.

**સ્પષ્ટતા** :- અહીં ઘડાને ઉદ્દેશીને સપ્તભંગી દર્શાવેલ છે. પરંતુ તમામ પદાર્થને વિશે આ રીતે સપ્તભંગી સંભવી શકે છે. (૧) દરેક પદાર્થનું ચોક્કસ પ્રકારના પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વ હોય છે. (૨) તે સિવાયના પારકા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે પદાર્થ અસત્ = ગેરહાજર જ બને. પરંતુ (૩) પોતાના અને પારકા દ્રવ્ય-ક્ષેત્રાદિની એકીસાથે વિવક્ષા કરીને 'ઘડો કેવો છે ?' આવી જિજ્ઞાસા જાગે તો 'ઘડો અવક્તવ્ય (= શબ્દથી અપ્રતિપાદ્ય) છે' આમ જ કહેવું પડે. આ બાબતને આગળ (૪/૧૧) ઉપર વધારે સ્પષ્ટ કરવામાં આવશે. (૪) આ જ રીતે 'ઘડો પોતાના દ્રવ્ય-ક્ષેત્રાદિની અપેક્ષાએ કેવો ? તથા પરદ્રવ્યાદિની અપેક્ષાએ ઘડો કેવો ?' - આવી ક્રમિક જિજ્ઞાસા જાગે તો 'ઘડો સત્ અને અસત્' આમ જ કહી શકાય. આ રીતે (૫) 'ઘડો પોતાના દ્રવ્યાદિની અપેક્ષાએ કેવો ? તથા યુગપત્ સ્વ-પરદ્રવ્યાદિની અપેક્ષાએ કેવો ?' આવી જિજ્ઞાસા પ્રગટે તો 'ઘડો સત્ અને અવક્તવ્ય' - આમ જ કહેવું પડે. આ રીતે બાકીના બે ભાંગામાં સમજી લેવું.

### 卐 નયના કરોડો પ્રકાર : મલ્લવાદિસૂરિ 卐

(अत्र.) પ્રસ્તુત સપ્તભંગીના છેલ્લા ચાર ભાંગામાં (= પ્રકારમાં) અસ્તિ, નાસ્તિ તથા અવક્તવ્ય આ ત્રણ શબ્દનું ત્રણ વાર આવર્તન = પુનરાવર્તન સ્પષ્ટ જ છે. "પ્રસ્તુત સપ્તભંગીમાં પ્રથમ ભાંગો (= ભેદ = પ્રકાર) ત્રણ પ્રકારે, બીજો ભાંગો પણ ત્રણ જ પ્રકારે, ત્રીજો ભાંગો દશ પ્રકારે, ચોથો ભાંગો પણ દશ પ્રકારે, પાંચમા વગેરે ભાંગા ૧૩૦ પ્રકારે છે - આવું સપ્તભંગીના પ્રત્યેક ભાંગાને આશ્રયીને શ્રી**મલ્લવાદિસૂરિજી** વગેરે તાર્કિક પૂર્વાચાર્ય ભગવંતોએ જણાવેલ છે. વળી, ૧૪૨૬ જેટલા તે ભાંગાઓ બે-ત્રણ વગેરેનો સંયોગ કરવાની (= જોડવાની) કલ્પનાથી કરોડો પ્રકારે થાય છે - આવું મલ્લવાદિસૂરિજી વગેરેએ જ દર્શાવેલ છે." આમ તર્કપંચાનન **શ્રીઅભયદેવસૂરિજી**એ **સંમતિતર્કવ્યાખ્યા**માં જણાવેલ છે.

§ પ.માં 'યુગપત્' પાઠ નથી. □ કો.(૧૩)માં 'વિવક્ષાઈ' પાઠ. * કો.(૭)માં 'અને' પાઠ છે. મ.માં 'નઈં' પાઠ. કો.(૧૨)નો પાઠ લીધો છે. ✤....✤ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૩)માં જ છે.

**मल्लवादिसूरिकृतद्वादशारनयचक्रस्य वृत्तौ सिंहगणिक्षमाश्रमणैः** "विधिश्च विधि-विधिश्चेत्यादिना प्रसिद्धेषु द्वादशसु भङ्गेषु एक-द्विक-त्रिकादियोगे सम्भूय च भङ्गानाम् एका कोटी, सप्तषष्टिः शत-सहस्राणाम्, एकोनसप्ततिश्च सहस्राणां पञ्चविंशा = १,६७,६९,०२५" (द्वा.न.च.भाग.३/पृ.८८३) इत्युक्तमित्यवधेयम्।

वस्तुतो यावन्तो वचोमार्गाः तावन्त एव नयवादा भवन्ति। इदमेवाभिप्रेत्य **सम्मतितर्के श्रीसिद्धसेनदिवाकरेण** [1]"जावइया वयणपहा तावइया चेव हुंति नयवाया। जावइया नयवाया तावइया चेव हुंति परसमया" (स.त.३/४७) इत्युक्तम्। यावद्भिः वचोभिः वस्तु प्रत्याय्यते तावन्ति वचांसि नयात्मकानि भवन्ति। अतो यावन्तो वचोभेदाः तावन्तो नयवादाः सम्पद्यन्ते। अभिनिवेशपूर्वं नयावलम्बने हि नयः परदर्शननिमित्ततामापद्यते। अतो यावन्तो नयवादाः तावन्त एव परदर्शनप्रकाराः सम्भवन्तीति सम्मतिकृदभिप्रायः। वस्तुतोऽनन्ता नया इति वक्ष्यते अष्टम्यां शाखायाम् (८/९)।

इह [2]"आया भंते ! रयणप्पभा पुढवी अन्ना रयणप्पभा पुढवी ? गोयमा ! रयणप्पभा (१) सिय

**(मल्लवादि.)** વાદિસભાશૃંગાર શ્રી**મલ્લવાદિસૂરિ**જીએ રચેલ **દ્વાદશારનયચક્ર** ઉપર શ્રી**સિંહગણિક્ષમાશ્રમણે** વ્યાખ્યા રચેલ છે. તેમાં જણાવેલ છે કે 'વિધિ, વિધિ-વિધિ... ઈત્યાદિ રીતે પૂર્વે દર્શાવેલા નયના બાર પ્રકારોમાં એક-બે-ત્રણ વગેરેનો સંયોગ કરવામાં આવે તો કુલ એક કરોડ, સડસઠ લાખ, ઓગણોસીત્તેર હજાર, પચીસ = ૧,૬૭,૬૯,૦૨૫ નયના પ્રકારો થાય.' આ વાત ધ્યાનમાં રાખવી.

### ❀ વચનતુલ્ય નયના ભેદ : સંમતિકાર ❀

**(वस्तु.)** વાસ્તવમાં તો જેટલા બોલવાના પ્રકાર છે તેટલા નયના પ્રકાર છે. અર્થાત્ જેટલા વચન છે, તેટલા જ નય છે. આ જ અભિપ્રાયથી **સંમતિતર્ક** પ્રકરણમાં શ્રી**સિદ્ધસેનદિવાકરસૂરિ**જીએ જણાવેલ છે કે 'જેટલા વચનના માર્ગ (= પ્રકાર = પદ્ધતિ) છે તેટલા જ નયના વાદ (= પ્રકાર) છે. તથા જેટલા નયના ભેદો છે તેટલા જ પરદર્શનો છે.' વસ્તુને જેટલા વચનો દ્વારા ઓળખાવી શકાય છે તે સર્વે વચનો નયાત્મક જ છે. તેથી જેટલા વચનના ભેદ પડે તેટલા નયના ભેદ પડે. તથા દરેક નય જો આગ્રહપૂર્વક પકડાઈ જાય તો પરદર્શનનું મૂળ બની જાય છે. તેથી જેટલા નયના ભેદ તેટલા પરદર્શનના ભેદ સમજવા. આ પ્રમાણે **સંમતિકાર**નું તાત્પર્ય છે. વાસ્તવમાં તો અનન્તા નયો છે. આ વાત આઠમી શાખાના નવમા શ્લોકમાં જણાવવામાં આવશે.

[redacted] :- નય એટલે વસ્તુને જાણવાનો-જોવાનો દૃષ્ટિકોણ. વસ્તુને જાણવાના-જોવાના દૃષ્ટિકોણ વિવિધ હોય છે. પૂર્વે જણાવી ગયા તેમ સંક્ષેપમાં દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક એમ નયના બે ભેદ. મધ્યમ વિવક્ષાથી નયના પાંચ, સાત કે બાર ભેદ. વિસ્તારથી તેના અસંખ્ય કે અનંત ભેદ પડી શકે.

### ❖ ભગવતીસૂત્રમાં સપ્તભંગીનું મૂળ ❖

**(इह.)** સપ્તભંગીના નિરૂપણમાં 'સ્વરૂપથી સત્ અને પરરૂપથી અસત્' - ઈત્યાદિ જે બાબત જણાવી તેનું સૂચન **ભગવતીસૂત્ર**ના એક પ્રબંધમાં પણ પ્રાપ્ત થાય છે. તે પ્રબંધ આ પ્રમાણે છે - ગૌતમસ્વામી

1. यावन्तो वचनपथाः तावन्तः चैव भवन्ति नयवादाः। यावन्तो नयवादाः तावन्तः चैव भवन्ति परसमयाः॥२॥ 2. आत्मा भदन्त ! रत्नप्रभा पृथ्वी अन्या रत्नप्रभा पृथ्वी ? गौतम ! रत्नप्रभा (१) स्याद् आत्मा, (२) स्याद् नो आत्मा, (३) स्याद्

आया, (२) सिय नो आया, (३) सिय अवत्तव्वं आयाति य नो आयाइ य।

से केणट्ठेण भंते ! एवं वुच्चइ रयणप्पभा पुढवी सिय आया, सिय नो आया, सिय अवत्तव्वं आताति य नो आताति य ?, (१) गोयमा ! अप्पणो आदिट्ठे आया, (२) परस्स आदिट्ठे नो आया, (३) तदुभयस्स आदिट्ठे अवत्तव्वं रयणप्पभा पुढवी आयाति य नो आयाति य" (भ.सू.श.१२, उ.१०, सू.४६९, पृ.५९२) इति **भगवतीसूत्र**प्रबन्धोऽपि रत्नप्रभायाः पृथिव्या इव वस्तुमात्रस्य सदसद्रूपतादिकां सप्तभङ्गीमूलभूतां द्योतयति। प्रकृते रत्नप्रभाप्रबन्धे तदीयवृत्त्यनुसारेण 'आया = आत्मा = सद्रूपा', 'नो आया = नो आत्मा = असद्रूपा' इत्यर्थः कार्यः। शिष्टं स्पष्टम्।

एतावता इदमपि ज्ञाप्यते यदुत सप्तभङ्गीकल्पना हि नाऽऽगमोत्तरकालीनाचार्यकृता किन्तु द्वादशाङ्ग्यामपि तन्निर्देशो लभ्यत एव। सप्तभङ्गीबोधो ह्यात्मार्थिनामावश्यकः, तत एव वस्तुस्वरूपस्य सूक्ष्मतया स्पष्टतया चाऽभिव्यक्तेः। मिथोविरुद्धतया भासमानानां सत्त्वाऽसत्त्वादिधर्माणामेकत्रैव वस्तुनि

શ્રમણ ભગવાન મહાવીર મહારાજાને પ્રશ્ન કરે છે કે 'હે ભગવંત ! આ રત્નપ્રભા નામની પ્રથમ પૃથ્વી આત્મા = સત્ = સત્સ્વરૂપ છે કે અનાત્મા = અસત્ = અસત્સ્વરૂપ છે ?' ભગવાન પ્રત્યુત્તરમાં જણાવે છે કે 'હે ગૌતમ ! રત્નપ્રભા પૃથ્વી (૧) કથંચિત્ આત્મા = સત્ છે, (૨) કથંચિત્ અનાત્મા = અસત્ છે, (૩) આત્મારૂપે તથા અનાત્મારૂપે કથંચિત્ અવક્તવ્ય છે.'

(से.) ગૌતમ મહારાજ ફરીથી પૂછે છે કે 'હે ભગવંત ! (૧) કયા દૃષ્ટિકોણથી રત્નપ્રભા પૃથ્વી કથંચિત્ સત્, (૨) કથંચિત્ અસત્, (૩) આત્મારૂપે અને અનાત્મરૂપે કથંચિત્ અવક્તવ્ય કહેવાય છે ?'

મહાવીર મહારાજા જવાબરૂપે જણાવે છે કે - 'હે ગૌતમ ! (૧) પોતાના સ્વરૂપની વિવક્ષા કરવામાં આવે તો રત્નપ્રભા પૃથ્વી સત્ છે. (૨) પરરૂપની વિવક્ષા (= ગણતરી) કરવામાં આવે તો રત્નપ્રભા પૃથ્વી અસત્ છે. (૩) એકીસાથે સ્વરૂપની અને પરરૂપની વિવક્ષા કરવામાં આવે તો રત્નપ્રભા પૃથ્વી આત્મારૂપે = સદ્રૂપે અને અનાત્મારૂપે = અસદ્રૂપે અવક્તવ્ય (= કોઈ એક જ શબ્દ દ્વારા જેનું બન્ને વિવક્ષાથી જ્ઞાતવ્ય સ્વરૂપ જણાવી ન શકાય તેવા પ્રકારની) છે' - **ભગવતીસૂત્ર**નો આ પ્રબંધ પણ રત્નપ્રભા પૃથ્વીની જેમ વસ્તુમાત્રમાં સદ્અસદ્રૂપતા વગેરેને જણાવે છે કે જે સપ્તભંગીનું મૂળ છે. પ્રસ્તુત પ્રબંધમાં 'આત્મા' શબ્દ સત્સ્વરૂપ અર્થને અને 'અનાત્મા' શબ્દ અસત્સ્વરૂપ અર્થને જણાવવા માટે પ્રયોજાયેલ છે - તેવું તેની વ્યાખ્યાને જોવા દ્વારા સ્પષ્ટપણે સમજાય છે. અહીં પ્રબંધનું અર્થઘટન પણ તે મુજબ જ કરવામાં આવેલ છે.

## ✵ દ્વાદશાંગીમાં સ્યાદ્વાદ ઝળહળે ✵

(एता.) ઉપરોક્ત **ભગવતીસૂત્ર**પ્રબંધ એવું પણ જણાવે છે કે સપ્તભંગીની કલ્પના આગમઉત્તરકાલીન આચાર્ય ભગવંતોએ નથી કરી પણ દ્વાદશાંગીમાં પણ તેનો નિર્દેશ પ્રાપ્ત થાય જ છે. પ્રસ્તુત સપ્તભંગીનો બોધ આત્માર્થી જીવો માટે આવશ્યક છે. કારણ કે વસ્તુના સ્વરૂપની સૂક્ષ્મતા અને સ્પષ્ટતા સપ્તભંગીના

अवक्तव्यम् 'आत्मेति च नो आत्मेति च'। अथ केनार्थेन भदन्त ! एवं उच्यते, रत्नप्रभा पृथ्वी स्याद् आत्मा, स्याद् नो आत्मा, स्याद् अवक्तव्यम् आत्मेति च नो आत्मेति च ? गौतम ! (१) आत्मनः आदिष्टे आत्मा, (२) परस्य आदिष्टे नो आत्मा, (३) तदुभयस्य आदिष्टे अवक्तव्यं 'रत्नप्रभा पृथ्वी आत्मेति च नो आत्मेति च'।

समुचितदृष्ट्या समावेशकरणलक्षणोदात्तसमन्वयदर्शनात्मकः स्याद्वादो हि द्वादशाङ्ग्यामपि स्फुरति।

एकत्र सत्त्वाऽसत्त्वसमावेशो हि न केवलं श्रद्धागम्यः, किन्तु युक्तिगम्योऽपि अस्ति। अत एव अन्यदर्शनकृद्भिरपि तदपलापः परमार्थतः कर्तुं न शक्यते। इदं चेतसिकृत्य **वाचस्पतिमिश्रेण** अपि **भामत्यां** "द्विविधं च वस्तूनां तत्त्वं सत्त्वमसत्त्वञ्च। तत्र पूर्वं स्वतः, परं तु परतः" (ब्र.सू.१/१/१ भा.पृ.२४) इत्युक्तम्। तत्र 'स्वतः = स्वद्रव्य-क्षेत्र-काल-भावतः', 'परतः = परद्रव्य-क्षेत्र-काल -भावतः' इत्यर्थघटनद्वारा स्याद्वादसमर्थनमवसेयम्।

***अथ*** कथमेकमेव वस्तु सच्चाऽसच्च भवतीति ***चेत्*** ?

***ननु*** 'एकत्र भेदाभेदसमावेशे नास्ति विरोधः' इत्यसकृदुक्तमेव पूर्वम्, तथैवैकत्राऽस्तित्व -नास्तित्वसमावेशे नैव विरोधः सम्भवतीत्यवगम्यत एव। तथापि भवतः समाधिकृतेऽत्रोच्यतेऽस्माभिः - यत् स्वद्रव्य-क्षेत्र-काल-भावरूपेण सद् वर्तते तदेव परद्रव्य-क्षेत्र-काल-भावरूपेण चाऽसत्। ततश्च

---

માધ્યમથી જ વ્યક્ત થઈ શકે છે. અસ્તિત્વ-નાસ્તિત્વ વગેરે પરસ્પર વિરોધી તરીકે જણાતા ગુણધર્મોનો એક જ પદાર્થમાં યોગ્ય દૃષ્ટિકોણથી સમાવેશ કરવાની ઉદાત્ત સમન્વયદૃષ્ટિ સ્વરૂપ સ્યાદ્વાદ દ્વાદશાંગીમાં પણ ઝળહળતો પ્રકાશે છે.

### ❯ સ્યાદ્વાદમાં વાચસ્પતિમિશ્રની સંમતિ ❯

(एकत्र.) એકત્ર સત્ત્વ અને અસત્ત્વ બન્નેનો સમાવેશ માત્ર શ્રદ્ધાગમ્ય નથી પરંતુ યુક્તિગમ્ય પણ છે. તેથી પરદર્શનકારો પણ તેનો પરમાર્થથી અપલાપ કરી શકે તેમ નથી. આ હકીકતને મનોગત કરીને **વાચસ્પતિમિશ્ર** નામના ષડ્દર્શનટીકાકારે પણ **બ્રહ્મસૂત્રશાંકરભાષ્ય** ઉપર **ભામતી** વ્યાખ્યામાં સ્પષ્ટપણે જણાવેલ છે કે "વસ્તુનું સ્વરૂપ બે પ્રકારે છે. સત્ત્વ અને અસત્ત્વ. તેમાંથી સત્ત્વ = અસ્તિત્વ સ્વતઃ છે તથા અસત્ત્વ પરતઃ છે." અહીં 'સ્વતઃ = સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ અને પરતઃ = પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ' - આ પ્રમાણે અર્થઘટન કરવાથી **મિશ્રજી**ની વાત પણ સ્યાદ્વાદનું સમર્થન કરનારી બની જાય છે - તેમ સમજવું.

[illegible] :- (अथ.) એક જ વસ્તુ સત્ અને અસત્ કઈ રીતે બની શકે ? કારણ કે સત્ત્વ અને અસત્ત્વ તો નરત્વ અને પશુત્વની જેમ પરસ્પર વિરોધી છે. જેમ કે જે માણસ હોય તે પશુ ન હોય, જે પશુ હોય તે માણસ ન હોય, તેમ જે વસ્તુ સત્ હોય તે અસત્ ન હોય, જે અસત્ હોય તે સત્ ન હોય. માટે એક જ પદાર્થને સત્ અને અસત્ કહેવાની વાત હજુ સુધી ગળે ઉતરતી નથી.

### ❂ પરતઃ સત્ત્વપક્ષમાં વસ્તુની નિયતરૂપતાનો ઉચ્છેદ ❂

[illegible] :- (ननु.) અરે ! ભાઈ ! અનેક વાર પૂર્વે 'એકત્ર ભેદ અને અભેદ બન્નેનો સમાવેશ કરવામાં વિરોધ નથી' - તેવું નિરૂપણ થઈ ચૂકેલ છે. તે જ રીતે એકત્ર સત્ત્વ અને અસત્ત્વ બન્નેનો સમાવેશ કરવામાં પણ કોઈ પ્રકારનો વિરોધ નથી' - તેવું સમજી શકાય છે. તેમ છતાં આપની ઉપરોક્ત શંકાના સમાધાન માટે અમારા દ્વારા એમ કહી શકાય છે કે જે ઘટ વસ્તુ સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે સત્ = હાજર = વિદ્યમાન હોય છે, તે જ ઘટ વસ્તુ પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે અસત્ = ગેરહાજર

सच्चाऽसच्च भवति, अन्यथा सर्वात्मकत्वादिप्रसङ्गात्। तथाहि – यदि वस्तु यथा स्वद्रव्य-क्षेत्र -काल-भावरूपेण सत्, एवं परद्रव्यादिरूपेणापि सत् स्यात्, तर्हि तस्य सर्वात्मकता स्यात्, परद्रव्यादिरूपेणापि सत्त्वात्, तदन्यस्वात्मवत्। यथा चैतत् तथा वक्ष्यते विस्तरतो नास्तिस्वभावनिरूपणे एकादशशाखायाम् (११/६)।

किञ्च, यथा वस्तु परद्रव्य-क्षेत्र-काल-भावरूपेणासत्, तथा स्वद्रव्यादिरूपेणाऽपि असत् स्यात्, तर्हि तद् घटवस्त्वेव न स्यात्, स्वद्रव्यादिरूपेणाप्यसत्त्वात् खरविषाणवत्। इत्थञ्च सदसद्रूपं तदङ्गीकर्तव्यमिति। "तथा च तद् द्रव्यतः पार्थिवत्वेन सत्, नाऽबादित्वेन; तथा क्षेत्रत इहत्यत्वेन, न पाटलिपुत्रकादित्वेन; तथा कालतो घटकालत्वेन, न मृत्पिण्डादिकालत्वेन; तथा भावतः श्यामत्वेन, न

---

= અવિદ્યમાન હોય છે. તેથી એક જ વસ્તુ સત્ અને અસત્ બન્ને સ્વરૂપે હોય છે. જો આવું ન માનવામાં આવે અને દરેક વસ્તુને એકાન્તે માત્ર સત્ જ માનવામાં આવે તો ઘટ વગેરે વસ્તુ સર્વાત્મક થવાની આપત્તિ આવે. તે આ રીતે સમજવું. ઘટ વગેરે વસ્તુ જેમ સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે સત્ = હાજર છે, તેમ પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે પણ જો ઘટાદિ વસ્તુ સત્ હોય તો તે ઘટાદિ વસ્તુ સર્વાત્મક બની જશે. કેમ કે પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે પણ તે હાજર છે. જેમ ઘટભિન્ન પટાદિ પદાર્થો ઘટીય દ્રવ્ય-ક્ષેત્રાદિથી ભિન્ન પટીય દ્રવ્ય-ક્ષેત્રાદિરૂપે સત્ = વિદ્યમાન હોવાથી ઘટાત્મક હોવાના બદલે પટાદિસ્વરૂપ છે તેમ ઘટ પણ કેવલ ઘટસ્વરૂપ બનવાના બદલે પટાદિસ્વરૂપ બની જશે. કારણ કે 'તે ઘટ ઘટીય દ્રવ્ય-ક્ષેત્રાદિથી ભિન્ન પટીયઆદિ દ્રવ્ય-ક્ષેત્રાદિરૂપે પણ સત્ = વિદ્યમાન છે' - આવું માન્ય કરીને આપણે આ વિચારણા કરી રહ્યા છીએ. આથી એક જ ઘટાદિ વસ્તુ આખા જગતરૂપે બની જવાની આપત્તિ દુર્વાર બનશે. જે રીતે આ આપત્તિ લાગુ પડે છે, તે રીતે અગિયારમી શાખાના છઠ્ઠા શ્લોકમાં (પૃ.૧૭૧૯) નાસ્તિસ્વભાવનું નિરૂપણ કરવાના અવસરે વિસ્તારથી જણાવવામાં આવશે.

### સ્વતઃ અસત્ત્વપક્ષમાં વસ્તુમાત્રનો ઉચ્છેદ

(**किञ्च.**) વળી, જેમ ઘટ પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસત્ છે તેમ સ્વદ્રવ્ય-ક્ષેત્રાદિરૂપે પણ અસત્ = અવિદ્યમાન હોય તો તે ઘટ વસ્તુ આ વિશ્વમાં ગધેડાના શીંગડાની જેમ સર્વથા અસત્ = અવિદ્યમાન બની જશે, કેમ કે 'પરદ્રવ્ય-ક્ષેત્રાદિ સ્વરૂપે ઘડો જેમ અવિદ્યમાન છે, તેમ સ્વકીય દ્રવ્ય-ક્ષેત્રાદિરૂપે પણ તે અવિદ્યમાન છે' - તેવું માન્ય કરીને આપણે પ્રસ્તુત વિચારણા કરી રહ્યા છીએ. તેથી આ રીતે ઘટનો તો સર્વથા ઉચ્છેદ જ થઈ જશે. આથી ઘટને સત્-અસત્ ઉભયસ્વરૂપે સ્વીકારવો જોઈએ. "આવું માન્ય કરવામાં આવે તો એવું સિદ્ધ થશે કે - હમણાં આ સ્થળે ઉત્પન્ન થયેલો માટીનો કાળો ઘડો દ્રવ્યથી (= દ્રવ્યની અપેક્ષાએ) પાર્થિવત્વરૂપે સત્ છે, જલીયત્વાદિ સ્વરૂપે નહિ તથા ઘટ ક્ષેત્રથી પ્રસ્તુત ક્ષેત્રીયત્વરૂપે સત્ છે, પાટલિપુત્રીયત્વઆદિસ્વરૂપે નહિ. તેમ જ ઘટ કાલથી ઘટકાલત્વરૂપે સત્ છે, મૃત્પિણ્ડાદિકાલત્વરૂપે નહિ. (કારણ કે માટીનો પિંડ જે સમયે હાજર હોય છે તે સમયે ઘડો હાજર નથી હોતો.) તથા ઘડો ભાવથી શ્યામવર્ણરૂપે સત્ છે, લાલવર્ણરૂપે નહિ. જો આવું માન્ય કરવામાં ન આવે અને પરકીય દ્રવ્ય-ક્ષેત્રાદિરૂપે પણ ઘટનું અસ્તિત્વ સ્વીકારવામાં આવે તો ઘટમાં અન્યસ્વરૂપ

रक्तत्वादिनेति, अन्यथा इतररूपापत्त्या तत्स्वरूपहानिप्रसङ्गः" (अ.ज.प. भाग-१/ पृ.३६-३७) इति व्यक्तमुक्तं **श्रीहरिभद्रसूरिभिः अनेकान्तजयपताकायामिति** भावनीयम् ।

**अथैकस्यैव** सदसदात्मकत्वे कथं न सर्वदा सर्वेषां तथाग्रह इति **चेत्** ?

समुपलब्धद्रव्य-क्षेत्रादिसामग्र्यनुसारेण यथाक्षयोपशममेव तद्ग्रहादिति तावद् गृहाण। अयमत्र भावः – यद्वस्तु यद्रूपेण यथा विद्यते तत्तद्रूपेण तथैव सर्वैः दृश्यते इति नियमो नास्ति। काचकामलिना श्वेतोऽपि शङ्खः पीतत्वेन दृश्यते। नेत्ररोगविशेषे गगने चन्द्रद्वितयं दृश्यते।

---

આવી જવાના લીધે ઘટના મૌલિકસ્વરૂપનો ઉચ્છેદ થવાની સમસ્યા સર્જાશે" - આ પ્રમાણે **શ્રીહરિભદ્રસૂરિજીએ** **અનેકાંતજયપતાકા** ગ્રંથમાં સ્પષ્ટપણે જણાવેલ છે. આ બાબતની ઊંડાણથી વિચારણા કરવી.

### ❀ નૈયાયિકમતમાં ઘડો ઘડારૂપે નહિ રહે ❀

**સ્પષ્ટતા** :- એકાંતવાદી નૈયાયિકાદિ ઘટ-પટ વગેરે પદાર્થનું અસ્તિત્વ સર્વથા માને છે. આનો અર્થ એ ફલિત થાય છે કે જેમ ઘટ સ્વકીય દ્રવ્ય-ક્ષેત્રાદિસ્વરૂપે સત્ છે, તેમ પરકીય દ્રવ્ય-ક્ષેત્રાદિસ્વરૂપે પણ સત્ જ છે. જો પરકીય (= પટાદિસંબંધી) તંતુ વગેરે દ્રવ્ય સ્વરૂપે, હિમાલય વગેરે ક્ષેત્ર સ્વરૂપે પણ ઘટ હાજર હોય તો ઘટ ફક્ત મૃણમય નહિ, પરંતુ તંતુમય વગેરે સ્વરૂપે પણ પરિણમી જવાની આપત્તિ આવે. આવું બને તો પ્રસ્તુત ઘડો કેવળ ઘટસ્વરૂપે હાજર નહિ રહી શકે. કેમ કે ઉપરોક્ત પરિસ્થિતિમાં ઘડો પટાદિસ્વરૂપ પણ બની ગયો હશે. તેથી ઘડો સર્વાત્મક બનવાની આપત્તિ દુર્વાર બનશે.

### ☫ શૂન્યવાદનો પ્રતિકાર ☫

શૂન્યવાદિઓ ઘટ વગેરેને સર્વથા અસત્ માને છે. તેનો અર્થ એવો થશે કે પરકીય દ્રવ્ય-ક્ષેત્રાદિની જેમ સ્વકીય દ્રવ્ય-ક્ષેત્રાદિની અપેક્ષાએ પણ ઘટાદિ અસત્ છે. તેથી ઘડો પટાદિરૂપે તો હાજર નહિ જ રહે, પરંતુ ઘડો ઘડારૂપે પણ હાજર નહિ રહે. તેથી પ્રતીયમાન લોકપ્રસિદ્ધ ઘડા વગેરે પદાર્થનો અપલાપ કરવાની સમસ્યા શૂન્યવાદી સમક્ષ ઉપસ્થિત થશે. તેથી 'સ્વકીયદ્રવ્યાદિરૂપે દરેક પદાર્થ સત્સ્વરૂપ અને પરકીય દ્રવ્ય-ક્ષેત્રાદિરૂપે તમામ વસ્તુ અસત્ સ્વરૂપ છે' – તેવું માનવું જરૂરી છે. આ પ્રમાણે **શ્રીહરિભદ્રસૂરિજી** મહારાજનું તાત્પર્ય જણાય છે.

**શંકા** :- (**અથૈ.**) જો એક જ વસ્તુ સદ્-અસદ્ ઉભયસ્વરૂપ હોય તો શા માટે સર્વ લોકોને કાયમ તેવા પ્રકારે બોધ થતો નથી ? જેમ ઘડો ઘડારૂપે છે તો બધાને ઘડો ઘડારૂપે જણાય છે, તેમ ઘડો સદ્-અસદ્ ઉભયસ્વરૂપે હોય તો બધાને ઘડો સદ્-અસદ્ ઉભયસ્વરૂપે જણાવો તો જોઈએ ને ? જે પદાર્થ જે સ્વરૂપે ન જણાય તેને તે સ્વરૂપે કઈ રીતે સ્વીકારી શકાય ?

### ❊ ક્ષયોપશમ મુજબ વસ્તુસ્વરૂપનો બોધ ❊

**પ્રત્યુત્તર** :- (**समु.**) સંપ્રાપ્ત થયેલ દ્રવ્ય-ક્ષેત્રાદિ સામગ્રી મુજબ જેનો જેવા પ્રકારનો ક્ષયોપશમ હોય તેને તે પ્રમાણે જ તે-તે પદાર્થનું જ્ઞાન થાય છે. આવો અમારો આ બાબતમાં જવાબ તમે સ્વીકારો. પ્રસ્તુતમાં ભાવ એ છે કે જે વસ્તુ જે સ્વરૂપે જે પ્રમાણે રહેલી હોય તે વસ્તુ તે સ્વરૂપે તે પ્રમાણે જ બધાને જણાય તેવો કોઈ નિયમ નથી. (૧) કમળાના દર્દીને સફેદ શંખ પીળો દેખાય છે. (૨) આંખના અમુક રોગમાં આકાશમાં એકના બદલે બે ચંદ્ર દેખાતા હોય છે. (૩) ગોળ ઘૂમતું અગ્નિયુક્ત અલાતચક્ર

अलातचक्रं वर्तुलाऽऽकारेण दृश्यते। महानपि चन्द्रमाः स्थालीरूपः लघुः दृश्यते। मरुभूमौ ग्रीष्मकाले मध्याह्नसमये मरुमरीचिकायां जलदर्शनमपि भवति। अग्निरथमार्गभूतलोहमयपट्टिकेऽतिदूरतः परस्परसंस्पृष्टतयाऽवेक्ष्येते। दूरतः नभःसमुद्रौ मिथः संलग्नतया दृश्येते। सूर्यास्तसमये सूर्यः सागरे ब्रूडन्निव दृश्यते। एतच्च अन्यथावस्तुस्वरूपभासनं सर्वजनविदितम्।

प्रकृते जैनदर्शनम् एवं प्रतिपादयति यदुत यथा ज्ञानावरण-दर्शनावरणादिकर्मक्षयोपशमो भवेत् तथा इन्द्रिय-मनोभ्यां वस्तु ज्ञायते। चक्षुर्दर्शनावरणादिक्षयोपशममन्दतायाम् उपर्युक्तदृष्टान्तानुसारेणाऽन्यथा दर्शनं ज्ञानञ्च सम्पद्यते। ततश्च वस्तुनः सदसद्रूपत्वेऽपि मिथ्यात्वमोहनीयकर्मोदयेन एकान्तवादिनः न तथा जानन्ति पश्यन्ति च। गुरुगमतः जैनागमरहस्यार्थश्रवणतः सम्यग्दृष्टयः ज्ञानावरणादिक्षयोपशमविशेषतः वस्तुनः सदसद्रूपताम्, एकाऽनेकाऽऽत्मकताम्, भिन्नाऽभिन्नात्मकताम्, वाच्याऽवाच्यरूपताम्, नित्याऽनित्यरूपतां च सुष्ठु जानन्ति पश्यन्ति च। मिथ्यादृष्टयश्च न तथा जानन्ति पश्यन्ति च। न चैतावता उभयात्मकता निवर्तते, न वा 'वस्तुनि उभयात्मकता नास्ति' इति वक्तुं युज्यते। न हि स्थाणोरयम् अपराधः यदेनमन्धो न पश्यति। वस्तुन उभयात्मकताऽनवबोधे

(=ઊંબાડિયું) વર્તુળાકારે વ્યાપીને રહેલું દેખાય છે. (૪) ચંદ્ર અત્યંત વિશાળ હોવા છતાં થાળી જેવો નાનો દેખાય છે. (૫) રણપ્રદેશમાં પાણી ન હોવા છતાં પણ ઉનાળાના દિવસોમાં બપોરે દૂરથી ઝાંઝવાના જળના દર્શન બધાને થતા હોય છે. (૬) આગગાડીના બે પાટા ભેગા ન હોવા છતાં દૂરથી જોતાં તે બન્ને પાટાઓ જાણે એક બીજાને અડકેલા હોય તેવું જણાય છે. (૭) દૂરથી આકાશ અને દરિયો બન્ને એક-બીજાને ભેગા થતા હોય તેવું જોવા મળે છે. (૮) સૂર્યાસ્ત સમયે સૂર્ય દરિયામાં ડૂબતો હોય તેવું દેખાય છે. આવી અનેકાનેક ઘટનાઓ સર્વજનપ્રસિદ્ધ છે કે વસ્તુ જે સ્વરૂપે જે પ્રમાણે હોય તેના કરતાં જુદા જ સ્વરૂપે અને જુદા જ પ્રમાણમાં પણ દ્રવ્ય, ક્ષેત્રાદિ સામગ્રી મુજબ દેખાતી હોય છે.

### ❀ મિથ્યાત્વનો અપરાધ ❀

(प्रकृते.) જૈનદર્શન આ બાબતમાં એવું જણાવે છે કે જ્ઞાનાવરણ-દર્શનાવરણ વગેરે કર્મનો જે પ્રમાણે ક્ષયોપશમ હોય તે મુજબ જ ઈંદ્રિય અને મન દ્વારા વસ્તુ જણાય છે. ચક્ષુદર્શનાવરણ કર્મ, અચક્ષુદર્શનાવરણ કર્મ, નોઈન્દ્રિયમતિજ્ઞાનાવરણ કર્મ, ચક્ષુમતિજ્ઞાનાવરણ કર્મ આદિનો ક્ષયોપશમ મંદ હોય તો ઉપર જણાવ્યા મુજબ અન્યથારૂપે જોવાનું અને જાણવાનું બની શકે. તેથી વસ્તુમાં સદ્-અસદ્રૂપતા હોવા છતાં મિથ્યાત્વ મોહનીય કર્મના ઉદયના લીધે એકાંતવાદીઓ વસ્તુમાં ઉભયાત્મકતાને જાણી-જોઈ શકતા નથી. ગુરુગમથી જૈનાગમના રહસ્યોને સાંભળનારા-જાણનારા સમ્યગ્દૃષ્ટિ સાધકો જ્ઞાનાવરણાદિ કર્મનો ક્ષયોપશમ (= ધરખમ ઘટાડો) થવા દ્વારા તે મુજબ વસ્તુની સદ્અસદ્રૂપતા-એકાનેકાત્મકતા-ભિન્નાભિન્નાત્મકતા -વાચ્યાવાચ્યરૂપતા-નિત્યાનિત્યાત્મકતા વગેરેને સારી રીતે જાણી-જોઈ શકે છે. જન્માંધ વ્યક્તિ રસ્તામાં રહેલા ઝાડને ન જુએ. તેથી ઝાડ ત્યાંથી રવાના થતું નથી, 'ત્યાં ઝાડ નથી' - એમ પણ કહી શકાતું નથી. તે ઝાડ ન દેખાવામાં ઝાડનો વાંક નથી પણ જન્માંધ વ્યક્તિની જ ખામી છે. તેમ એકાંતવાદી પદાર્થમાત્રમાં રહેલી સદ્-અસદ્રૂપતા વગેરેને ન જાણે કે ન જુએ તેટલા માત્રથી સદ્-અસદ્રૂપતા વગેરે

मिथ्यात्वदर्शनमेवाऽपराध्यते।

***एतेन*** **मीमांसाश्लोकवार्त्तिके** "स्वरूप-पररूपाभ्यां नित्यं सदसदात्मके। वस्तुनि ज्ञायते कैश्चिद् रूपं किञ्चित् कदाचन।।" (मी.श्लो.वा.अभावपरि. १२) इति **कुमारिलभट्टवचनमपि** ***व्याख्यातम्,***

स्वकीयज्ञानावरणादिक्षयोपशमाऽऽनुगुण्येनैव प्रतिनियतवस्तुस्वरूपावबोधसम्भवात्।

***ननु*** यदेव स्वरूपेणास्तित्वं तदेव पररूपेण नास्तित्वमिति द्वितीयभङ्गस्य प्रथमानतिरेकान्न सप्तभङ्गीसम्भव इति ***चेत्*** ?

***न,*** स्वद्रव्याद्यपेक्षया अस्तित्वस्याऽस्तित्वेन रूपेण परिणमनाद् नास्तित्वस्य च परद्रव्याद्यपेक्षया नास्तित्वेन रूपेण परिणमनाद् न तयोरव्यतिरेकः।

---

તેમાંથી રવાના થતી નથી, 'વસ્તુ ઉભયાત્મક નથી' - તેવું પણ કહી શકાતું નથી. વસ્તુની ઉભયરૂપતા ન જણાવામાં વાંક વસ્તુનો નથી પણ એકાંતવાદીની મિથ્યાદષ્ટિનો જ છે.

### ✻ સ્યાદ્વાદમાં કુમારિલભટ્ટની સંમતિ ✻

(एतेन.) દરેક પદાર્થ સ્વરૂપતઃ સત્ છે, પરરૂપથી અસત્ છે તથા ક્ષયોપશમ મુજબ તેનો બોધ થાય છે. આ વાત માત્ર જૈનદર્શન જ માન્ય કરે છે - એવું નથી. મીમાંસકદર્શનમાં પણ આ બાબત સંમત છે. તેથી જ મીમાંસકમૂર્ધન્ય **કુમારિલભટ્ટે** પણ **મીમાંસાશ્લોકવાર્ત્તિક** નામના ગ્રંથમાં જણાવેલ છે કે "હંમેશા વસ્તુ સ્વરૂપથી સત્ છે અને પરરૂપથી અસત્ છે. તમામ વસ્તુ સદા સદ્-અસદ્ઉભયાત્મક હોવા છતાં પણ વસ્તુનું કોઈક જ સ્વરૂપ કેટલાક વિદ્વાનોને ક્યારેક જણાય છે, અન્ય વિદ્વાનોને તેનું બીજું સ્વરૂપ ક્યારેક જણાય છે."

(स्व.) 'વસ્તુમાત્ર સદ્અસદાત્મક છે, એકાનેકાત્મક છે. છતાં વ્યક્તિને પોતાના જ્ઞાનાવરણાદિ કર્મનો જેવો ક્ષયોપશમ હોય, તે મુજબ જ વસ્તુમાં રહેલા અનંતા ગુણધર્મોમાંથી અમુક ગુણધર્મોનો બોધ થાય છે' - આ પ્રમાણે જૈન સિદ્ધાન્તને સમજવા દ્વારા **કુમારિલભટ્ટ**ની વાત સ્પષ્ટપણે સમજાય છે.

**શંકા** :- (ननु.) સ્વરૂપની અપેક્ષાએ વસ્તુનું જે અસ્તિત્વ છે તે જ પરરૂપની અપેક્ષાએ નાસ્તિત્વ છે - એવું માની શકાય છે. આમ 'સ્વરૂપસાપેક્ષ અસ્તિત્વ અને પરરૂપસાપેક્ષ નાસ્તિત્વ - આ બન્ને એક જ છે' - તેવું સિદ્ધ થશે. તેથી સપ્તભંગીમાં જે બીજો ભાંગો દર્શાવેલ હતો, તે પ્રથમ ભંગ કરતાં જુદો સાબિત નહિ થાય. કારણ કે સ્વકીય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને સાપેક્ષ એવું જે ઘટસત્ત્વ છે, તે જ પરકીયદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને સાપેક્ષ એવું ઘટનાસ્તિત્વ (= ઘટઅસત્ત્વ) છે. બન્નેમાં શબ્દતઃ ફરક છે. અર્થતઃ કોઈ તફાવત તે બન્નેમાં નથી. માટે સપ્તભંગી નામમાત્ર જ રહેશે. પરમાર્થતઃ તે સ્વીકાર્ય નહિ થાય.

### ✻ અસ્તિત્વ અને નાસ્તિત્વ પરિણમન વિભિન્ન ✻

**સ્યાદ્વાદી** :- (न, स्व.) ના, તમારી વાત વાહિયાત છે. વસ્તુનું સ્વરૂપથી અસ્તિત્વ અને પરરૂપથી નાસ્તિત્વ - આ બન્ને એક નથી, પરંતુ જુદા છે. આનું કારણ એ છે કે સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ વસ્તુનું જે અસ્તિત્વ છે તે અસ્તિત્વરૂપે પરિણમે છે, નાસ્તિત્વરૂપે પરિણમતું નથી. જ્યારે પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ જે નાસ્તિત્વ છે તે નાસ્તિત્વરૂપે પરિણમે છે, અસ્તિત્વરૂપે પરિણમતું નથી. માટે સ્વતઃ અસ્તિત્વ અને પરતઃ નાસ્તિત્વ - આ બન્ને એક નથી.

तथाहि – मृद्द्रव्यस्य पिण्डप्रकारेणाऽस्तित्वं घटप्रकारास्तित्वे परिणमति मृद्द्रव्यस्यैव च तन्त्वादिरूपेण नास्तित्वं मृन्नास्तित्वरूपे पटे परिणमतीति तयोर्न मिथोऽभिन्नता। अत एव **भगवतीसूत्रे** [1]"से नूणं भंते ! अत्थित्तं अत्थित्ते परिणमइ, नत्थित्तं नत्थित्ते परिणमइ ? हंता गोयमा ! अत्थित्तं अत्थित्ते परिणमइ नत्थित्तं नत्थित्ते परिणमइ" (भ.सू.१/३/३२) इत्युक्तम्।

इदमत्राऽऽकूतम् – उपादानकारणं स्वोपादेयस्वरूपेण परिण्मति। अतः उपादानकारणास्तित्वम् उपादेयास्तित्वरूपेण परिणमति। अतः 'अस्तित्वमस्तित्वेन परिणमती'त्युक्तम्। तथा उपादानकारणस्य विजातीयोपादानकारणरूपेण असत्त्वाद् विजातीयोपादानोपादेयरूपेण परिणमनं न सम्पद्यते। अतः विवक्षितोपादानकारणस्य अविवक्षितोपादानरूपेण नास्तित्वम् अविवक्षितोपादानोपादेयलक्षणनास्तित्वरूपेण परिणमति। एतदभिप्रायेण 'नास्तित्वं नास्तित्वरूपेण परिणमती'त्युक्तम्।

इदञ्चात्रावधेयम् – नास्तित्वं न अस्तित्वाऽभावात्मकम्, येन वस्तुनि नास्तित्वस्य सर्वथा

---

**(तथाहि.)** ઉદાહરણ દ્વારા આ વાતને સમજવી હોય તો એમ કહી શકાય કે માટીના પિંડમાંથી ઘટ નિષ્પન્ન થાય ત્યારે માટી દ્રવ્યનું પિંડસ્વરૂપે જે પૂર્વકાલીન અસ્તિત્વ હતું તે ઉત્તરકાળમાં ઘટાત્મક અસ્તિત્વમાં પરિણમે છે. તેથી 'અસ્તિત્વનું અસ્તિત્વરૂપે પરિણમન થાય છે' આવો સિદ્ધાન્ત છે. તથા તંતુ આદિ પરદ્રવ્યરૂપે માટીનું અસ્તિત્વ નથી. તન્તુસ્વરૂપે મૃદ્દ્રવ્યનું પ્રસ્તુત નાસ્તિત્વ જ મૃદ્દ્રવ્યનાસ્તિત્વસ્વરૂપ પટમાં પરિણમે છે. તેથી 'નાસ્તિત્વનું નાસ્તિત્વમાં પરિણમન થાય છે' આવો જૈન સિદ્ધાન્ત છે. આ જ કારણસર અસ્તિત્વ અને નાસ્તિત્વ પરસ્પર જુદા છે, એક નથી. આથી જ **ભગવતીસૂત્ર**માં જણાવેલ છે કે 'હે ભગવંત ! શું અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમે છે અને નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમે છે? હા, હે ગૌતમ ! અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમે છે અને નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમે છે.'

### ❖ ઉપાદાનકારણનું સ્વકાર્યરૂપે પરિણમન ❖

**(इदम.)** અહીં આશય એ છે કે ઉપાદાનકારણ પોતાના ઉપાદેય કાર્યસ્વરૂપે પરિણમે છે. તેથી ઉપાદાન કારણનું અસ્તિત્વ ઉપાદેય કાર્યના અસ્તિત્વરૂપે પરિણમે છે. આથી 'અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમે છે' - આ પ્રમાણે **ભગવતીસૂત્ર**માં જણાવેલ છે. તેમજ એક ઉપાદાનકારણ વિજાતીયઉપાદાનકારણરૂપે અસત્ છે. તેથી વિજાતીયઉપાદાનકારણના કાર્યરૂપે પણ તે પરિણમતું નથી. દા.ત. માટી દ્રવ્ય તંતુરૂપે અસત્ = અવિદ્યમાન છે. તથા તંતુના કાર્યસ્વરૂપ પટરૂપે માટી પરિણમતી નથી. અર્થાત્ પટ માટીદ્રવ્યના નાસ્તિત્વરૂપ છે. આથી કહી શકાય કે માટીદ્રવ્યનું તંતુસ્વરૂપે જે નાસ્તિત્વ છે તે પટસ્વરૂપ નાસ્તિત્વમાં પરિણમે છે. પટ તો મૃદ્દ્રવ્યનાસ્તિત્વસ્વરૂપ છે. આમ વિવક્ષિત ઉપાદાનકારણનું અવિવક્ષિતઉપાદાનકારણરૂપે જે નાસ્તિત્વ છે તે અવિવક્ષિતઉપાદાનકાર્યસ્વરૂપ નાસ્તિત્વમાં પરિણમે છે- તેવું ફલિત થાય છે. આ પ્રકારના આશયથી **ભગવતીસૂત્ર**માં જણાવેલ છે કે 'નાસ્તિત્વ નાસ્તિત્વરૂપે પરિણમે છે.'

### ❋ અસ્તિત્વ-નાસ્તિત્વ સ્વતંત્ર ગુણધર્મ ❋

**(इदञ्चा.)** આ એક વાત અહીં ખ્યાલમાં રાખવી કે નાસ્તિત્વ એ અસ્તિત્વના અભાવસ્વરૂપ નથી

---

1. तद् नूनं भदन्त ! अस्तित्वम् अस्तित्वे परिणमति, नास्तित्वं नास्तित्वे परिणमति ? हन्त ! गौतम ! अस्तित्वम् अस्तित्वे परिणमति, नास्तित्वं नास्तित्वे परिणमति।

निराकरणमापद्येत। किन्तु अस्तित्वमिव नास्तित्वमपि अतिरिक्तः गुणधर्म एव। केवलं घटादौ पटादिपर्याया अस्तित्वेन असम्बद्धा इति परपर्याया उच्यन्ते, न पुनः सर्वथा तत्र ते न सम्बद्धाः, तत्राऽपि नास्तित्वेन तेषां सम्बद्धत्वात्। तदिदमभिप्रेत्योक्तं **विशेषावश्यकभाष्यमलधारवृत्तौ** "द्विविधं हि वस्तुनः स्वरूपम्, अस्तित्वं नास्तित्वञ्च। तत्र ये यत्र अस्तित्वेन प्रतिबद्धा ते तस्य स्वपर्याया उच्यन्ते। ये च यत्र नास्तित्वेन सम्बद्धाः ते तस्य परपर्यायाः प्रतिपाद्यन्ते इति निमित्तभेदख्यापनपरौ एव स्व-परशब्दौ, न तु एकेषां तत्र सर्वथा सम्बन्धनिराकरणपरौ" (वि.आ.भा.४७९ वृ.) इति।

इत्थञ्च पदार्थपरिणमनस्य नानारूपेण सम्पत्तेः स्वद्रव्यादिरूपेण यद् घटास्तित्वं ततोऽन्यदेव परद्रव्यादिरूपेण घटनास्तित्वमिति फलितमेतावता। अतो न प्रथम-द्वितीयभङ्गयोरव्यतिरेक इति सप्तभङ्गी जिनोपदिष्टा अव्याहतैव मन्तव्या।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'अस्तित्व-नास्तित्वे स्वरूप-पररूपाभ्यां प्रतिवस्तु युगपद्

---

કે જેના લીધે વસ્તુમાં નાસ્તિત્વની સર્વથા બાદબાકી થવાની સમસ્યા ઊભી થાય. પરંતુ અસ્તિત્વની જેમ નાસ્તિત્વ પણ વસ્તુનો સ્વતંત્ર ગુણધર્મ છે. ફક્ત ઘટ વગેરે વસ્તુમાં પટાદિપર્યાયો અસ્તિત્વસંબંધથી નથી જોડાયા. માટે પટાદિ ઘટના પરપર્યાય કહેવાય છે. પરંતુ પટાદિ ઘટાદિમાં સર્વથા = કોઈ પણ સંબંધથી જોડાયેલા નથી - એવું નથી. કેમ કે નાસ્તિત્વસંબંધથી પટાદિપર્યાયો ઘટમાં જોડાયેલા જ છે. આ જ અભિપ્રાયથી **વિશેષાવશ્યકભાષ્યની મલધારવ્યાખ્યા**માં જણાવેલ છે કે "વસ્તુનું સ્વરૂપ બે પ્રકારે છે. (૧) અસ્તિત્વ અને (૨) નાસ્તિત્વ. તેમાં જે ગુણધર્મો જે વસ્તુમાં અસ્તિત્વની સાથે સંકળાયેલા હોય તે તેના સ્વપર્યાય કહેવાય છે. તથા જે ગુણધર્મો જે વસ્તુમાં નાસ્તિત્વની સાથે સંકળાયેલા હોય તે તેના પરપર્યાયો કહેવાય છે. આ રીતે જુદા-જુદા નિમિત્તને (= જુદી-જુદી અપેક્ષાને) જણાવનારા જ 'સ્વ' શબ્દ અને 'પર' શબ્દ છે. પરંતુ 'તે વસ્તુમાં અમુકપર્યાયોને (= પરપર્યાયોને) સર્વથા = એકાંતે કોઈ લેવા-દેવા જ નથી' - આ પ્રમાણે ત્યાં પરપર્યાયની વંધ્યાપુત્રની જેમ બાદબાકી કરવાનું કામ 'સ્વ-પર' શબ્દો નથી કરતા."

### ❀ સપ્તભંગી અવ્યાહત ❀

(इत्थ.) આ રીતે પદાર્થનું પરિણમન જુદા-જુદા સ્વરૂપે થતું હોવાથી 'ઘટનું સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ -ભાવરૂપે જે અસ્તિત્વ છે તેના કરતાં પરદ્રવ્ય-ક્ષેત્રાદિરૂપે ઘટનું નાસ્તિત્વ અલગ જ છે' - તેવું ઉપરોક્ત વિચારવિમર્શથી સિદ્ધ થાય છે. આથી જ સપ્તભંગીના સ્વદ્રવ્ય-ક્ષેત્રાદિસ્વરૂપે અસ્તિત્વ નામનો પ્રથમ ભાંગો અને પરદ્રવ્ય-ક્ષેત્રાદિસ્વરૂપે નાસ્તિત્વ નામનો દ્વિતીય ભાંગો પરસ્પર અભિન્ન નથી. માટે જિનેશ્વર ભગવંતે દર્શાવેલી સપ્તભંગી અવ્યાહત જ છે - એમ સમજવું. આશય એ છે કે સપ્તભંગીના પ્રથમ અને દ્વિતીય ભાંગા અલગ-અલગ હોવાથી સપ્તભંગી જ ન્યાયપ્રાપ્ત છે. આથી 'પુનરુક્તિ દોષને કે સપ્તભંગી ભાંગી જવાની સમસ્યાને પ્રસ્તુતમાં કોઈ અવકાશ રહેતો નથી' - એવું ફલિત થાય છે.

### ❀ વિરાધક તરીકેનું અસ્તિત્વ છોડીએ ❀

**આધ્યાત્મિક ઉપનય** :- 'સ્વરૂપથી અસ્તિત્વ અને પરરૂપથી નાસ્તિત્વ- આ બન્ને વસ્તુ અલગ

विद्यमाने मिथो भिन्ने आवश्यके च' इति कृत्वा यदा अस्माकं मोक्षमार्गाराधकतया अस्तित्वं वर्तते तदा विराधकतया नास्तित्वमपि आवश्यकम्। विराधकतया नास्तित्वविरहे आराधकतया अस्मदीयम् अस्तित्वमपि अतात्त्विकं सम्पद्यते। विराधकतया अस्मदीयाऽस्तित्वकाले आराधकतया अस्मदीयमस्तित्वं निश्चयतः असम्भवास्पदम्। अत आराधकविधयाऽस्मदीयाऽस्तित्वाऽऽविर्भावाय यावान् प्रयास आवश्यकः तावानेव प्रयासो विराधकविधयाऽस्मदीयाऽस्तित्वविलयकृते आवश्यकः। तात्त्विकः प्राज्ञः परिपक्व आत्मार्थी आराधकः सदैव स्वकीयं विराधकतया अस्तित्वं कार्त्स्न्येन उन्मूलयितुं बद्धकक्ष एव स्यात्। नाऽत्र संशेते कश्चिद् विपश्चित्। इत्थमेव **प्रकृतिविच्छेदप्रकरणे जयतिलकसूरिभिः** "सिद्धोऽनन्तचतुष्टयस्त्रिजगतीपूज्यः सदा शाश्वतः" (प्र.वि.प्र.१३८) इत्युक्तं सिद्धस्वरूपं तूर्णम् आविर्भवेत् ॥४/९॥

---

છે તથા બન્ને એકીસાથે હોવા જરૂરી છે' - આ બાબત આધ્યાત્મિક દૃષ્ટિએ એ રીતે ઉપયોગી છે કે આપણું જ્યારે સાધકસ્વરૂપે અસ્તિત્વ હોય ત્યારે વિરાધકરૂપે નાસ્તિત્વ હોવું પણ એટલું જ અગત્યનું છે. જો વિરાધક તરીકે આપણું નાસ્તિત્વ (= અસત્ત્વ) ન હોય તો સાધક તરીકેનું આપણું અસ્તિત્વ અતાત્ત્વિક બની જાય. વિરાધક તરીકે આપણું અસ્તિત્વ હોય અને આરાધક તરીકે પણ આપણું અસ્તિત્વ હોય તેવું નિશ્ચયથી શક્ય નથી. તેથી સાધકરૂપે આપણા અસ્તિત્વને પ્રગટાવવા માટે જેટલો પ્રયત્ન કરવાની જરૂર છે, તેટલો જ પ્રયત્ન વિરાધક તરીકેનું આપણું અસ્તિત્વ નાબૂદ કરવા માટે આવશ્યક છે. સાચા, સારા, સમજુ અને પાકા આત્માર્થી આરાધક જીવો વિરાધક તરીકેનું પોતાનું અસ્તિત્વ પૂર્ણતયા રવાના કરવા સતત પ્રયત્નશીલ હોય જ - એ બાબતમાં કોઈ પણ વિદ્વાન શંકા કરતા નથી. તથા આ રીતે જ **પ્રકૃતિવિચ્છેદપ્રકરણ**માં દર્શાવેલ સિદ્ધસ્વરૂપ ઝડપથી પ્રગટે છે. ત્યાં આગમિક આચાર્ય **જયતિલકસૂરિજી**એ જણાવેલ છે કે 'સદા કેવલજ્ઞાનાદિઅનંતચતુષ્ટયયુક્ત, ત્રણ જગતથી પૂજ્ય સિદ્ધ ભગવંત શાશ્વત હોય છે.' (૪/૯)

**લખી રાખો ડાયરીમાં.....**

- **વાસનાની આધારશીલા પરિવર્તનશીલતા છે.**
  **ઉપાસનાની આધારશીલા સ્થિરતા છે.**
- **એકલી સાધના સ્વર્ગના ખંભાતી તાળાને ખોલે છે.**
  **ઉપાસના મુક્તિદ્વારે લાગેલ ખંભાતી તાળાને ખોલે છે.**
- **બુદ્ધિ વક્રતાની બહેનપણી છે.**
  **શ્રદ્ધા સરળતાની સખી છે.**
- **વાસના કેવળ ભોગલક્ષી છે.**
  **ઉપાસના ત્યાગલક્ષી છે, યોગલક્ષી છે, ઉપયોગલક્ષી છે.**

[ꙸ]હવઈ એ સપ્તભંગી ભેદાભેદમાં જોડીઇ છઇ -

**[♦]પર્યાયાર્થ ભિન્ન વસ્તુ છઈ, [✡]દ્રવ્યાર્થઈ અભિન્નો રે;**

**ક્રમઈ ઉભય નય જો અર્પીજઇ, તો ભિન્ન નઈ અભિન્નો રે ॥૪/૧૦॥ (૫૦) શ્રુત૦**

**પર્યાયાર્થ**નયથી સર્વ **વસ્તુ** દ્રવ્ય-ગુણ-પર્યાય લક્ષણઈ કથંચિત્ **ભિન્ન** જ છઈ (૧). દ્રવ્યાર્થનયથી કથંચિત્ **અભિન્ન** જ છઇ. જે[♦] માટઈ ગુણ-પર્યાય દ્રવ્યના જ આવિર્ભાવ-તિરોભાવ છઇ (૨).

---

इमां सप्तभङ्गीं भेदाऽभेदयोः धर्मयोः योजयति – '**पर्याये**'ति।

**पर्यायार्थमते भिन्नं सर्वं द्रव्यार्थतोऽपृथक्।**

**क्रमार्पितोभयं तर्हि भिन्नाऽभिन्नं तदुच्यते।।४/१०।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – सर्वं पर्यायार्थमते भिन्नम्, द्रव्यार्थतोऽपृथक्। क्रमार्पितोभयं (चेत्?) तर्हि तद् भिन्नाऽभिन्नम् उच्यते।।४/१०।।

(१) **पर्यायार्थमते** = पर्यायार्थिकनयाभिप्राये **सर्वं** द्रव्य-गुण-पर्यायलक्षणं वस्तु **भिन्नं** = कथञ्चिद् भिन्नमेव वर्तते। (२) **द्रव्यार्थतः** = द्रव्यार्थिकनयाऽभिप्रायतः सर्वं द्रव्य-गुण-पर्यायलक्षणं वस्तु **अपृथक्** = कथञ्चिदभिन्नमेव वर्तते, यतो गुण-पर्यायौ द्रव्यस्यैवाऽऽविर्भाव-तिरोभावौ स्तः। आविर्भाव-तिरोभावौ हि स्वाश्रयरूपेणैव कथञ्चित् परिणमतः। कथञ्चित्परिणामित्वान्न द्रव्य-गुण-पर्यायाणां पार्थक्यमिति द्रव्यास्तिकनयाभिप्रायः। "परस्परसापेक्षत्वं कथञ्चित्परिणामित्वशब्दस्य अर्थः" (बृ.द्र.स.अधि. २/८१) इति बृहद्द्रव्यसङ्ग्रहवृत्तिकारः।

---

**અવતરણિકા** :- હવે ગ્રંથકારશ્રી સપ્તભંગીને ભેદ અને અભેદ નામના ગુણધર્મોમાં યોજે છે :-

**❋ ભેદાભેદમાં સપ્તભંગીની યોજના ❋**

**શ્લોકાર્થ** :- દરેક વસ્તુ પર્યાયાર્થિકનયના મતથી ભિન્ન છે, દ્રવ્યાર્થિકનયથી અભિન્ન છે. પર્યાયાર્થિક અને દ્રવ્યાર્થિક નયની ક્રમશઃ અર્પણા કરવામાં આવે તો સર્વ વસ્તુ ભિન્નાભિન્ન કહેવાય છે. (૪/૧૦)

**ભાવાર્થ** :- આ જગતમાં દ્રવ્ય, ગુણ અને પર્યાય - કુલ ત્રણ વસ્તુ છે. અથવા એમ પણ કહી શકાય કે વિશ્વવર્તી તમામ વસ્તુઓનો દ્રવ્ય, ગુણ, પર્યાયમાં સમાવેશ થાય છે. (૧) પર્યાયાર્થિકનયના અભિપ્રાયથી દ્રવ્ય, ગુણ અને પર્યાય સ્વરૂપે રહેલી તમામ વસ્તુઓ પરસ્પર કથંચિત્ ભિન્ન જ છે. આ ભેદાભેદસપ્તભંગીનો પ્રથમ ભાંગો (= પ્રકાર) સમજવો. (૨) દ્રવ્યાર્થિકનયના અભિપ્રાયથી દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક તમામ વસ્તુ પરસ્પર કથંચિત્ અભિન્ન જ છે. કારણ કે ગુણ અને પર્યાય તો દ્રવ્યના જ આવિર્ભાવ અને તિરોભાવ સ્વરૂપ છે. આવિર્ભાવ અને તિરોભાવ પોતાના આશ્રયરૂપે જ કથંચિત્ પરિણમે છે. આશ્રયસ્વરૂપ દ્રવ્ય અને તેમાં આશ્રિત આવિર્ભાવ-તિરોભાવસ્વરૂપ ગુણ-પર્યાય કથંચિત્ પરિણામી હોવાથી પૃથક્ = ભિન્ન નથી - આ દ્રવ્યાર્થિકનયનો અભિપ્રાય છે. "અહીં 'કથંચિત્ પરિણામિત્વ' શબ્દનો અર્થ છે પરસ્પર સાપેક્ષતા" - આમ **બૃહદ્દ્રવ્યસંગ્રહવ્યાખ્યાકાર બ્રહ્મદેવજી** જણાવે છે.

---

ꙸ પ્રસ્તુત ગાથાની અવતરણિકા + ટબો ધ.માં નથી. ♦ મ.માં 'પર્યાયારથ' પાઠ. કો.(૧)નો પાઠ લીધો છે.
✡ મ.+શાં.+લા.(૨)માં 'દ્રવ્યારથઈ' પાઠ કો.(૨)નો પાઠ લીધો છે. ♦ આ.(૧)માં 'તે માટેં' પાઠ.

અનુક્રમઈ જો ૨ (= ઉભય) નય દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક **અર્પીયઈં**, **તો** કથંચિત્ **ભિન્ન** (નઈં = અને) કથંચિત્ **અભિન્ન** કહિયઈં (૩) ॥૪/૧૦॥

---

(३) **क्रमार्पितोभयं** = क्रमेण पर्यायार्थिक-द्रव्यार्थिकनययोः अर्पणा अस्ति चेत् ? **तर्हि तत्** = सर्वं द्रव्य-गुण-पर्यायलक्षणं वस्तु **भिन्नाऽभिन्नं** = कथञ्चिद् भिन्नं कथञ्चिच्चाऽभिन्नम् **उच्यते**। प्रथम-द्वितीययोः भङ्गयोः एकैकनयप्रवृत्तिः, तृतीये चोभयनयप्रवृत्तिः। इयांस्तु विशेषो यदुत पूर्वं (४/९) सदसत्त्वसप्तभङ्ग्यां तृतीयभङ्गेऽवक्तव्यत्वं युगपदुभयनयार्पणया दर्शितम्, इह च भेदाभेदसप्तभङ्ग्यां तृतीयभङ्गे भेदाभेदोभयं क्रमिकोभयनयार्पणयोपदर्शितम्, पूर्वाचार्यैः स्वग्रन्थेषु तृतीय-चतुर्थभङ्गयोः क्रमभेदेन निर्दिष्टत्वात्, अवक्तव्यत्वस्य **भगवतीसूत्र-सूत्रकृताङ्गसूत्रवृत्ति-सम्मतितर्कवृत्ति-विशेषावश्यकभाष्यवृत्ति-तत्त्वार्थभाष्यसिद्धसेनीयवृत्ति-स्याद्वादकल्पलता-प्रमेयरत्नकोश-जयधवला-प्रवचन-**

---

### ✲ ગુણ-પર્યાય દ્રવ્યની અવસ્થાવિશેષસ્વરૂપ : દ્રવ્યાર્થિકનય ✲

**સ્પષ્ટતા** :- દરિયામાં ભરતી અને ઓટ આવે. પરંતુ તે બન્ને દરિયાથી ભિન્ન નથી. દરિયો જ કથંચિત્ ભરતીસ્વરૂપે પરિણમે છે અને દરિયો જ કથંચિત્ ઓટસ્વરૂપે પરિણમે છે. દરિયો અને ભરતી પરસ્પર સાપેક્ષ છે. દરિયો અને ઓટ પણ પરસ્પર સાપેક્ષ છે. દરિયાની જ વિશેષ પ્રકારની વર્ધમાન અવસ્થા એટલે ભરતી તથા દરિયાની જ વિશેષ પ્રકારની હીયમાન અવસ્થા એટલે ઓટ. દરિયો = દ્રવ્ય, ભરતી = આવિર્ભાવ અને ઓટ = તિરોભાવ. ગુણ અને પર્યાય દ્રવ્યના ચોક્કસ પ્રકારના આવિર્ભાવ અને તિરોભાવ સ્વરૂપ છે. આવિર્ભાવ અને તિરોભાવ દ્રવ્યની જ વિશેષ પ્રકારની અવસ્થા છે. દ્રવ્ય જ કથંચિત્ તે તે અવસ્થારૂપે પરિણમે છે. દ્રવ્ય અને તેની અવસ્થા બન્ને પરસ્પર સાપેક્ષ છે. અવસ્થા કદાપિ અવસ્થાવિશિષ્ટ પદાર્થથી જુદી નથી હોતી. તેથી આવિર્ભાવ અને તિરોભાવ સ્વરૂપ દ્રવ્યદશાવિશેષાત્મક ગુણ અને પર્યાય દ્રવ્યથી કથંચિત્ અભિન્ન જ છે. આ પ્રમાણે દ્રવ્યાર્થિકનયનું મંતવ્ય છે. જ્યારે પર્યાયાર્થિકમતે દ્રવ્ય, ગુણ અને પર્યાય પરસ્પર કથંચિત્ ભિન્ન છે. કારણ કે તે ત્રણેયના નામ, સંખ્યા, લક્ષણ વગેરેમાં ભેદ છે. આ વાત પૂર્વે (૨/૧૬) સમજાવેલ જ છે.

### 卐 ભેદાભેદ સપ્તભંગીના ત્રીજા ભાંગામાં વિશેષ ખુલાસો 卐

(૩) પર્યાયાર્થિકની અને દ્રવ્યાર્થિકની ક્રમશઃ અર્પણા = વિવક્ષા (= ગણતરી કે મુખ્યતા) કરવામાં આવે તો દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ તમામ વસ્તુ પરસ્પર કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અભિન્ન કહેવાય છે. આ ભેદાભેદસંબંધી સપ્તભંગીનો ત્રીજો ભાંગો છે. પ્રથમ અને બીજા ભાંગામાં ફક્ત એક-એક નયની વિવક્ષા છે. જ્યારે પ્રસ્તુત ત્રીજા ભાંગામાં પર્યાયાર્થિક અને દ્રવ્યાર્થિક બન્ને નયની વિવક્ષા છે. પણ ક્રમશઃ વિવક્ષા છે. આટલી વિશેષતા છે. બીજી વિશેષતા એ છે કે પૂર્વે (૪/૯) સદ્-અસદ્ગોચર સપ્તભંગીમાં અવક્તવ્યત્વ નામનો ત્રીજો ભાંગો બે નયની યુગપત્ વિવક્ષા કરીને દર્શાવેલ હતો. જ્યારે અહીં ભેદાભેદસપ્તભંગીમાં બે નયની ક્રમશઃ અર્પણા કરીને અવક્તવ્યત્વના બદલે ભેદાભેદ નામનો ત્રીજો ભાંગો દર્શાવેલ છે. કારણ કે પૂર્વાચાર્યોએ પોતાના ગ્રન્થોમાં ત્રીજા, ચોથા ભાંગાને જુદા-જુદા ક્રમથી દેખાડેલ છે. તે આ મુજબ સમજવું. અવક્તવ્યત્વ ધર્મ ત્રીજા ભાંગા તરીકે **ભગવતીસૂત્ર, સૂયગડાંગસૂત્રવ્યાખ્યા, સંમતિતર્કવૃત્તિ, વિશેષાવશ્યકભાષ્યમલધારવૃત્તિ, તત્ત્વાર્થભાષ્યસિદ્ધસેનીયવૃત્તિ,**

**सारादौ** (भ.सू.१२/१०/सू.४६९ पृ.५९४, सू.कृ.२/५/११, स.त.१/३६,३/६९, वि.आ.भा.मल.वृ.२२३२, त.सि.५/३१, स्या.क.ल.७/२३, प्र.को.पृ.१२, क.प्रा.ज.ध.पेज्ज.गा.१४/भा.१/पृ.१८५, प्र.सा.११५) तृतीयभङ्गरूपेण **स्याद्वादरत्नाकराऽऽप्तमीमांसाऽष्टसहस्री-स्याद्वादमञ्जरी-नयोपदेश-नयचक्रसार-सप्तभङ्गीमीमांसा-षड्द्रव्यविचार-जैनस्याद्वादमुक्तावली-सप्तभङ्गीतरङ्गिणी-पञ्चास्तिकाय-प्रवचनसारवृत्तिपरिशिष्ट-तत्त्वार्थराजवार्त्तिक-तत्त्वार्थश्लोकवार्त्तिक-कार्त्तिकेयानुप्रेक्षावृत्ति-ब्रह्मसूत्रशाङ्करभाष्य-ब्रह्मसूत्रभास्करभाष्यादौ** (स्या.र. ४/१८+७/५३, आ.मी.+अ.स.१/१४, स्या.म.२३, नयो.श्लो.६, न.च.सा.पृ.१३७, स.मी.पृ.२, ष.द्र.पृ.३०, जै.मु.२/१५५, स.त.पृ.२, प.का.१४, प्र.सा.परि पृ.४९४, त.रा.वा.२/६ पृ.२४ वा.पू., त.श्लो.वा.२/६/पृ.१२८, का.अ.गा. - २२४+३११, ब्र.सू.२/२/३३ शा.भा. + भा.भा.) च चतुर्थभङ्गरूपेण उपलब्धेरित्यवधेयम् अनेकशास्त्रार्थसन्दर्भपरायणैः।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – पर्यायार्थिकनयाभिप्रायं प्रधानीकृत्य 'अस्मदीयशुद्धगुण-पर्याया अस्मद्भिन्नाः' इति विमृश्य उत्पन्नशुद्धगुण-पर्यायानुच्छेदकृते अनुत्पन्नशुद्धगुण-पर्यायसमुत्पादकृते च सावधानतया अस्माभिः सम्यग् यतितव्यम्। एवं प्रमादवशपरित्यक्तपरिशुद्धगुण-पर्यायान् प्राणिनो विलोक्य द्रव्यार्थिकनयाभिप्रायं प्रधानीकृत्य 'तदीयध्रुवात्माऽभिन्नशुद्धगुण-पर्यायाः तिरोभावशक्त्या सन्त्येव' इत्यभ्युपगम्य तेषु द्वेषादिकं प्रतिरुध्य मैत्र्यादिभावनाः भावयितव्याः। इत्थमस्मदीयभावप्राण-संरक्षणाय नयद्वयसमुचितोपयोगकरणं श्रेयस्करम्। ततश्च **शान्तसुधारसवृत्तौ** दर्शितम् "अनाहतमखण्डं सनातनं सिद्धं स्वाभाविकं हितं मोक्षसुखं" (शा.सु.८/४ वृ.) सुलभं स्यात्।।४/१०।।

---

**સ્યાદ્વાદકલ્પલતા, પ્રમેયરત્નકોશ, કષાયપ્રાભૃતની જયધવલા** વ્યાખ્યા, **પ્રવચનસાર** વગેરે ગ્રંથોમાં જણાવેલ છે. તથા **સ્યાદ્વાદરત્નાકર, આપ્તમીમાંસા, અષ્ટસહસ્રી, સ્યાદ્વાદમંજરી, નયોપદેશ, નયચક્રસાર, સપ્તભંગીમીમાંસા** (શિવાનંદકૃત), **ષડ્દ્રવ્યવિચાર** (બુદ્ધિસાગરસૂરિકૃત), **જૈનસ્યાદ્વાદમુક્તાવલી** (યશસ્વત્સાગરકૃત), **સપ્તભંગી તરંગિણી, પંચાસ્તિકાય, પ્રવચનસારવૃત્તિ પરિશિષ્ટ, તત્ત્વાર્થરાજવાર્તિક, તત્ત્વાર્થશ્લોકવાર્તિક, કાર્તિકેયાનુપ્રેક્ષાવ્યાખ્યા, બ્રહ્મસૂત્ર શાંકરભાષ્ય, બ્રહ્મસૂત્રભાસ્કરભાષ્ય** વગેરે ગ્રંથોમાં અવક્તવ્યત્વ ચોથા ભાંગામાં જણાવેલ છે. આથી વિવિધ શાસ્ત્રાર્થના સંદર્ભોને શોધવામાં પરાયણ લોકોએ ખ્યાલ રાખવો કે વિવિધ ગ્રંથોમાં સપ્તભંગીના ત્રીજા-ચોથા ભાંગામાં આ પ્રમાણે ક્રમભેદ જોવા મળે છે.

### ❋ નયનો કેવી રીતે ઉપયોગ કરવો ? તે શીખીએ ❋

[redacted] :- પર્યાયાર્થિકનયના અભિપ્રાયને કેન્દ્રસ્થાને ગોઠવી, 'આપણા શુદ્ધ ગુણ અને નિર્મળ પર્યાયો આપણાથી ભિન્ન છે' - આમ વિચારી ઉત્પન્ન થયેલા શુદ્ધ ગુણ-પર્યાય નાશ ન પામે તથા અનુત્પન્ન નિર્મળ ગુણ-પર્યાય ઉત્પન્ન થાય તે માટે સાવધાન બની સત્ પુરુષાર્થ આચરવો. તથા પ્રમાદ-ગફલતના લીધે સામેની વ્યક્તિ પોતાના ગુણાદિને ગુમાવી બેસે તેવું જોવા મળે ત્યારે દ્રવ્યાર્થિકનયના અભિપ્રાયને કેન્દ્રસ્થાને સ્થાપિત કરી 'તેના ધ્રુવ આત્માથી અભિન્નપણે તેના શુદ્ધગુણ-પર્યાયો તિરોભાવે ત્યાં હાજર જ છે' - એવું હૃદયથી સ્વીકારી તેના પ્રત્યે દ્વેષ-દુર્ભાવ થતો અટકાવી, સદ્ભાવ-મૈત્રી વગેરે ભાવોને ટકાવી રાખવા. આ રીતે આપણા ભાવપ્રાણને ટકાવી રાખવા પર્યાયાર્થિક અને દ્રવ્યાર્થિક નયનો સમુચિત ઉપયોગ કરવો હિતકારી છે. તેનાથી **શાંતસુધારસવ્યાખ્યામાં** દર્શાવેલ મોક્ષસુખ સુલભ બને. ત્યાં કહેલ છે કે 'મોક્ષસુખ એ (૧) અનાહત-અવ્યાહત, (૨) અખંડ, (૩) સનાતન, (૪) સિદ્ધ (= પ્રસિદ્ધ કે નિષ્પન્ન), (૫) સ્વાભાવિક અને (૬) હિતસ્વરૂપ છે.' (૪/૧૦)

**જો એકદા ઉભય નય ગહિઈં, તો ♦અવાચ્ય તે લહિઈં રે;**
**એકઈં જ✿ શબ્દઈં એકઈં જ✿ વારઈં, દોઇ અર્થ નવિ કહિઈં રે ॥૪/૧૧॥ (૫૧) શ્રુત૦**

**જો** (**એકદા**=) એક વાર (**ઉભય**=) બઈં **નય**ના અર્થ (**ગહિઈં**=) ✦વિવક્ષિયઈં, **તો તેહ અવાચ્ય લહિઈં**.❑ અણકહિવા યોગ્ય તે અવાચ્ય કહિઈં. જે માટઈં **એકઈં જ✿ શબ્દઈં એકઈં** (**જ**) **વારઈં** (**દોઈ**=) ૨ **અર્થ ન કહિયા** જોઇ.

---

अवशिष्टभङ्गानुपदर्शयति – '**अवाच्यतामि**'ति।

**अवाच्यतां लभेतैव युगपदुभयार्पणे।**
**युगपदेकशब्दान्न पदार्थद्वयमुच्यते।।४/११।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – युगपदुभयार्पणे अवाच्यताम् एव लभेत। एकशब्दाद् युगपत् पदार्थद्वयं न उच्यते।।४/११।।

(४) **युगपत्** = समकालम् **उभयार्पणे** = द्रव्यार्थिक-पर्यायार्थिकनयाभिप्रेतार्थद्वयमुख्यत्वविवक्षणे सति सर्वं द्रव्य-गुण-पर्यायलक्षणं वस्तु **अवाच्यताम्** = एकेन शब्देन अवक्तव्यताम् **एव लभेत**; एकेन शब्देन युगपद् मुख्यतया द्वयोरर्थयोरप्रतिपादनात्। न हि भेदशब्दस्य अभेदशब्दस्य वा केवलस्य अन्योन्याभाव-तादात्म्ययोः उभयोः अर्थयोः प्रतिपादनशक्तिः वर्तते। अतो युगपद् नयद्वया-

---

**અવતરણિકા** :- ગ્રંથકારશ્રી ભેદાભેદગોચર સપ્તભંગીના બાકીના ચાર ભાંગાને દેખાડે છે કે :-

**✹ અવક્તવ્યત્વ વિશે વક્તવ્ય ✹**

**શ્લોકાર્થ** :- એકીસાથે બન્ને નયની અર્પણા કરવામાં આવે તો વસ્તુ અવાચ્યતાને પ્રાપ્ત કરે છે. કારણ કે એક શબ્દથી એકીસાથે બે પદાર્થ (મુખ્યતયા સ્પષ્ટપણે) કહી શકાતા નથી. (૪/૧૧)

**વ્યાખ્યાર્થ** :- દ્રવ્યાર્થિકનયને અને પર્યાયાર્થિકનયને માન્ય એવા પદાર્થને એકીસાથે મુખ્યરૂપે ગણવામાં આવે તો દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વરૂપ તમામ વસ્તુ એક શબ્દ દ્વારા તો અવાચ્યતાને = અવક્તવ્યતાને જ પ્રાપ્ત કરે છે. કારણ કે એક શબ્દ વડે એકીસાથે બે વિષયનું (ભેદ અને અભેદ બન્નેનું) પ્રતિપાદન મુખ્યપણે થઈ શકતું નથી. માટે સપ્તભંગીનો ચોથો ભાંગો વસ્તુના અવક્તવ્યત્વસ્વરૂપને દર્શાવે છે. આશય એ છે કે દ્રવ્ય-ગુણાદિમાં પર્યાયાર્થિકનયને માન્ય ભેદ અને દ્રવ્યાર્થિકનયને માન્ય અભેદ આ બન્નેનું કેવળ 'ભેદ' શબ્દથી કે ફક્ત 'અભેદ' શબ્દથી પ્રતિપાદન થઈ ન શકે. કારણ કે 'ભેદ' શબ્દની શક્તિ કેવળ અન્યોન્યાભાવમાં જ રહેલી છે. તથા 'અભેદ' શબ્દની શક્તિ ફક્ત તાદાત્મ્યમાં જ રહેલી છે. અન્યોન્યાભાવ અને તાદાત્મ્ય આ બન્ને અર્થમાં કોઈ એક જ શબ્દની શક્તિ રહેતી નથી. માટે 'પર્યાયાર્થિક અને દ્રવ્યાર્થિક બન્ને નયની એકીસાથે વિવક્ષા કરીને વસ્તુનું સ્વરૂપ કેવું છે ? વસ્તુ કેવી છે ?' આવો પ્રશ્ન કરવામાં આવે તો એમ જ કહેવું પડે કે 'વસ્તુનું સ્વરૂપ એક શબ્દથી બતાવી

---

♦ આ.(૧)માં 'વાચિ' પાઠ. ✿ કો.(૧૨)માં 'જ' છે. પુસ્તકોમાં નથી. ✦ પાઠા૦ ૧ વિચારઇ; તો હે પણિ અર્થ વિચારણાઇં વિવક્ષા ભેદ જાણવાં. ❑ 'અણકહિવા યોગ્ય તે અવાચ્ય કહિઈં, એક શબ્દે' આ પાઠ પા.+B(૨)માં છે.

સંકેતિત શબ્દ પણિ એક જ સંકેતિત રૂપ કહઇ, પણિ ૨ રૂપ સ્પષ્ટ ન કહી સકઈં.

र्पणायां वस्तुस्वरूपम् एकेन शब्देन वाच्यतां नोपलभते। इत्थं कथञ्चिदवक्तव्यत्वभङ्गो लब्धात्मलाभः सप्तभङ्ग्यामित्यवधेयम्।

*अथ* साङ्केतिकशब्देन तथाप्रतिपादनसम्भवाद् वाच्यता स्यादिति *चेत्* ?

*न*, साङ्केतिकशब्देनापि युगपदेकमेव सङ्केतितमर्थस्वरूपं प्रतिपाद्यते, न तु द्वे अर्थस्वरूपे युगपत् स्फुटं तेन प्रतिपाद्येते। न हि साङ्केतिकशब्देनाऽपि भेदत्वेन भेदः अभेदत्वेन चाऽभेदः मुख्यतया युगपत् प्रतिपाद्येते। अतः तेनाऽपि द्रव्य-गुण-पर्यायात्मकवस्तुगतभेदाभेदौ युगपद् मुख्यतया स्पष्टं निरूपयितुमशक्यावेव। इत्थं युगपद् नयद्वयार्पणायां वस्तु कथञ्चिद् अवाच्यतामेवावाप्नोति।

*एतेन* पुष्पदन्तादिशब्दस्य युगपत् सूर्याचन्द्रमसोः प्रतिपादकत्वमिव साङ्केतिकपदस्यैकदा भेदा-

શકાય તેમ નથી. વસ્તુ એક શબ્દથી વાચ્ય નથી.' આમ સપ્તભંગીના ચોથા ભાંગામાં કથંચિત્ અવક્તવ્યતા (= અવાચ્યતા) પોતાનું સ્થાન મેળવે છે. આ વાત વાચકવર્ગે ખ્યાલમાં રાખવી.

**શંકા** :- (अथ.) ભલે 'ભેદ' શબ્દ દ્વારા કે 'અભેદ' શબ્દ દ્વારા યુગપત્ ઉભયનયસંમત અર્થનું પ્રતિપાદન થઈ ન શકે. પરંતુ કોઈ સાંકેતિક શબ્દ દ્વારા તો દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનયદ્વયમાન્ય પદાર્થનું એકીસાથે નિરૂપણ થઈ શકે છે. દા.ત. 'ભેદાભેદ' કે 'ઘટ-પટ' શબ્દનો સંકેત ભેદ અને અભેદ બન્ને અર્થમાં કરવામાં આવે તો 'ભેદાભેદ' કે 'ઘટ-પટ' શબ્દનો પ્રયોગ કરવાથી વસ્તુમાં એકીસાથે ભેદાભેદનો બોધ થઈ શકે છે. આમ સાંકેતિક શબ્દ દ્વારા દ્રવ્ય-ગુણાદિ વસ્તુમાં યુગપદ્ નયદ્વયસંમત વિષયનું પ્રતિપાદન સંભવિત હોવાથી વસ્તુ વાચ્ય = વક્તવ્ય બનશે. માટે યુગપત્ નયદ્વયની વિવક્ષા કરવામાં આવે તો વસ્તુને અવાચ્ય (= અવક્તવ્ય) કહેવી વ્યાજબી નથી.

### 卐 સાંકેતિક શબ્દ પણ અશક્ત 卐

**સમાધાન** :- (न, साङ्के.) તમારી વાત વ્યાજબી નથી. કારણ કે સાંકેતિક શબ્દ પણ સંકેત અનુસાર એકીસાથે વસ્તુના એક જ સ્વરૂપને મુખ્યપણે સ્પષ્ટતયા જણાવે છે. સાંકેતિક શબ્દ પણ એકીસાથે વસ્તુના બે સ્વરૂપને મુખ્યરૂપે સ્પષ્ટપણે જણાવવા માટે શક્તિમાન નથી. હા, નયદ્વયવિષયીભૂત ભેદ અને અભેદ બન્નેનું એકીસાથે 'અવક્તવ્યત્વ' શબ્દ દ્વારા પ્રતિપાદન થઈ શકે છે. પણ તેનાથી સ્પષ્ટપણે (અર્થાત્ ભેદત્વરૂપે ભેદનું અને અભેદત્વરૂપે અભેદનું) પ્રતિપાદન થઈ શકતું નથી. તેથી 'ભેદાભેદ' કે 'ઘટ-પટ' વગેરે સાંકેતિક શબ્દ દ્વારા પણ દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક વસ્તુમાં રહેલ ભેદાભેદનું એકીસાથે મુખ્યપણે સ્પષ્ટતયા નિરૂપણ થવું શક્ય જ નથી. તેથી નયદ્વયની યુગપત્ વિવક્ષા કરવામાં આવે તો વસ્તુ કથંચિત્ અવાચ્ય જ બની જાય છે. તેથી સપ્તભંગીના ચોથા ભાંગામાં અવક્તવ્યત્વનો નિવેશ વ્યાજબી જ છે.

**પૂર્વપક્ષ** :- (एतेन.) સાંકેતિક શબ્દ દ્વારા એકી સાથે બે વસ્તુનું પ્રતિપાદન ન થઈ શકે. આ વાત બરાબર નથી. આનું કારણ એ છે કે એક શબ્દ દ્વારા બે વસ્તુનું પ્રતિપાદન થતું હોય તેવું લોકવ્યવહારમાં જોવા મળે છે. દા.ત. 'પુષ્પદંત' નામનો શબ્દ સૂર્ય અને ચંદ્ર - બન્નેનું એકીસાથે પ્રતિપાદન કરે છે. 'પુષ્પદંત' શબ્દની શક્તિ સૂર્ય-ચંદ્ર બન્ને અર્થમાં હોવાથી તેનાથી જેમ યુગપત્ સૂર્ય અને ચન્દ્ર બન્નેનું

**પુષ્પદંતાદિક** શબ્દ પણિ એકોક્તિ ચંદ્ર-સૂર્ય કહઈં, પણિ ભિન્નોક્તિ ન કહી સકઈ.

ऽभेदवाचकत्वसम्भवादिति ***निरस्तम्,***

पुष्पदन्तादिपदस्याऽपि एकोक्त्या सूर्याचन्द्रमसोः प्रतिपादकत्वात्, न तु भिन्नोक्त्या; "एकयोक्त्या पुष्पदन्तौ दिवाकर-निशाकरौ" (अ.को.कां.१/१०) इति **अमरकोश**वचनात् "पुष्पदन्तौ पुष्पवन्तावेकोक्त्या शशि-भास्करौ" (अ.चि.२/१२४) इति **अभिधानचिन्तामणि**वचनाच्च। "तेन पुष्पदन्तपदादेककाले सूर्यत्व -चन्द्रत्वाभ्यां सूर्याचन्द्रमसोः बोधेऽपि न क्षतिरिति" मध्यमपरिमाण-**स्याद्वादरहस्ये** (का.५/पृ.२९०) व्यक्तम्। यथा चैतत्तथा विभावितमस्माभिः **जयलता**भिधानायां तद्वृत्तौ (भाग-२/पृ.२९०) इति ततोऽवसेयम्।

પ્રતિપાદન થાય છે, તેમ કોઈક (ભેદાભેદ કે ઘટ-પટ વગેરે) સાંકેતિક પદ દ્વારા દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક વસ્તુમાં રહેલ પરસ્પર ભેદ અને અભેદ બન્નેનું એકીસાથે પ્રતિપાદન થઈ શકે છે. આમ પર્યાયાર્થિક અને દ્રવ્યાર્થિક નયની યુગપત્ વિવક્ષા કરવામાં આવે તો પણ વસ્તુનું સ્વરૂપ સાંકેતિક શબ્દથી વાચ્ય = પ્રતિપાદ્ય બની શકે છે. તેથી 'યુગપત્ નયદ્વયવિવક્ષા કરવાથી વસ્તુ અવાચ્યતાને પ્રાપ્ત કરે છે' - તેવી વાત યોગ્ય નથી. માટે સપ્તભંગીનો ચોથો ભાંગો અસંગત છે.

## ❀ પુષ્પદંતાદિ સ્થલે શાબ્દબોધની વિચારણા ❀

**ઉત્તરપક્ષ** :- (पुष्पद.) તમારી વાત વ્યાજબી નથી. કારણ કે 'પુષ્પદંત' વગેરે શબ્દો પણ એક ઉક્તિથી જ સૂર્ય અને ચંદ્ર બન્નેના પ્રતિપાદક છે, ભિન્ન ઉક્તિથી નહિ. કારણ કે **અમરકોશ**માં જણાવેલ છે કે "પુષ્પદન્ત શબ્દ એક ઉક્તિથી સૂર્ય અને ચન્દ્ર બન્નેનું પ્રતિપાદન કરે છે." **અભિધાનચિંતામણિ** નામના કોશમાં કલિકાલસર્વજ્ઞ શ્રી**હેમચંદ્રાચાર્યજી**એ પણ જણાવેલ છે કે 'પુષ્પદંત અને પુષ્પવંત શબ્દ એક ઉક્તિથી સૂર્ય-ચન્દ્ર બન્નેનું નિરૂપણ કરે છે.' તેથી 'પુષ્પદંત' શબ્દ એકીસાથે સૂર્યત્વરૂપે સૂર્યનો અને ચંદ્રત્વરૂપે ચંદ્રનો બોધ કરાવે તો પણ અમારા મતમાં કોઈ દોષ આવતો નથી - આ પ્રમાણે મધ્યમપરિમાણ **સ્યાદ્વાદરહસ્ય** નામના ગ્રંથમાં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** ગણિવરે જણાવેલ છે. જે રીતે આ હકીકત એકદમ સ્પષ્ટ થાય તે રીતે મધ્યમપરિમાણ **સ્યાદ્વાદરહસ્ય** ગ્રંથની **જયલતા** (ભાગ-૨) નામની વ્યાખ્યામાં અમે (દ્રવ્યાનુયોગપરામર્શકાર-કર્ણિકાકાર-સુવાસકાર યશોવિજય ગણીએ) વિવેચન કરેલ છે. તેથી જિજ્ઞાસુ વાચકવર્ગે ત્યાંથી અધિક વિગત જાણી લેવી.

**સ્પષ્ટતા** :- 'પુષ્પદન્ત' શબ્દ સામાસિક છે. દ્વન્દ્વસમાસગર્ભિત આ 'પુષ્પદંત' પદની શક્તિ સૂર્ય અને ચન્દ્ર બન્નેમાં રહેલી છે. માટે એકીસાથે સૂર્ય અને ચન્દ્ર બન્નેનો તે બોધ કરાવે છે. પરંતુ ફક્ત એકલું 'પુષ્પ' પદ કે એકલું 'દન્ત' પદ તો સૂર્ય કે ચન્દ્ર બેમાંથી એકેયનો બોધ કરાવી શકતું નથી. કારણ કે ભિન્ન ભિન્ન રૂપે, સ્વતંત્રરૂપે 'પુષ્પ' શબ્દની કે 'દંત' શબ્દની સૂર્યમાં કે ચન્દ્રમાં શક્તિ રહેલી નથી. આમ એકોક્તિથી = એક ઉચ્ચારણથી (= અખંડપદરૂપે બોલવાથી) જ 'પુષ્પદંત' પદ દ્વારા સૂર્ય અને ચંદ્રનો બોધ થાય છે, પણ પુષ્પ અને દન્ત બે છૂટા છૂટા શબ્દનું અલગ-અલગ ઉચ્ચારણ કરવાથી (= ભિન્ન ઉક્તિથી) સૂર્ય કે ચંદ્ર બેમાંથી એકેયનો બોધ જ થતો નથી, તો યુગપત્ બન્નેનો બોધ ભિન્નોક્તિથી થવાનો તો કોઈ સવાલ જ રહેતો નથી. તેથી ભિન્નોક્તિથી યુગપત્ ભેદ અને અભેદ

અનઈં ૨ નયના અર્થ મુખ્યપણઈં તો ભિન્નોકિતં જ કહિવા ઘટઈ. ઈત્યાદિક યુક્તિ શાસ્ત્રાન્તરથી જાણવી. ॥૪/૧૧॥

***अथा***स्त्वत्राप्येकोक्त्या साङ्केतिकपदस्यैकदा भेदत्वाऽभेदत्वाभ्यां भेदाभेदयोर्बोधकत्वमिति ***चेत्*** ?,

***न***, इह पर्यायार्थिक-द्रव्यार्थिकनयाभिमतयोः भेदाऽभेदयोः युगपद् मुख्यरूपेण जिज्ञासितयोः भिन्नयोक्त्यैव प्रतिपादयितुं युक्तत्वात्। इत्थमेव सप्तभङ्गीचतुर्थभङ्गोत्थापकजिज्ञासाशमनसम्भवात्। एकपदान्तर्भावेन साङ्केतिकपदात् तत्प्रतिपादने तु 'कस्य नयस्य प्रकृते को विषयः ?' इति जिज्ञासायाः प्रश्नस्य वा समाधानं नैव स्यात्। तत्कृते भिन्नयैवोक्त्या तन्निरूपणं न्याय्यम्। ***न च*** साङ्केतिकपदेनाऽपि भिन्नोक्त्या युगपद् मुख्यरूपेण प्रकृते द्रव्यार्थिक-पर्यायार्थिकनयविषयप्रतिपादनं

---

બન્નેનો મુખ્યપણે સ્પષ્ટતયા બોધ કરાવવા માટે સાંકેતિક પદ પણ શક્તિમાન નથી - તેવું ફલિત થાય છે. તેથી સપ્તભંગીના ચોથા ભાંગા સ્વરૂપે અવક્તવ્યત્વનો નિર્દેશ વ્યાજબી જ છે - તેમ સમજવું.

**પૂર્વપક્ષ** :- (अथास्त्व.) જો 'એકોક્તિથી પુષ્પદંત વગેરે શબ્દ યુગપત્ સૂર્ય અને ચન્દ્ર બન્નેનો બોધ કરાવી શકે' - તેવું તમને માન્ય હોય તો પ્રસ્તુતમાં પણ "એકોક્તિથી (એકપદઅંતર્ભાવ કરીને ઉચ્ચારણ કરવા દ્વારા) 'ભેદાભેદ' કે 'ઘટ-પટ' વગેરે સાંકેતિક પદ દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક વસ્તુમાં ભેદત્વરૂપે ભેદનો અને અભેદત્વરૂપે અભેદનો બોધ યુગપત્ કરાવી શકે છે" - આવું માની શકાય છે. બન્ને સ્થળે યુક્તિ તો સમાન જ છે. તથા આ પ્રમાણે માન્ય કરવાથી યુગપત્ નયદ્વયની વિવક્ષા કરવામાં આવે તો પણ વસ્તુ અવાચ્ય નહિ પણ વાચ્ય જ બનશે. તેથી સપ્તભંગીનો ચોથો ભાંગો અસંગત જણાય છે.

### ❊ એકોક્તિથી અને ભિન્નોક્તિથી અર્થપ્રતિપાદન વિચાર ❊

**ઉત્તર પક્ષ** :- (न, इह.) ના, તમારી આ દલીલ વ્યાજબી નથી. આનું કારણ એ છે કે પ્રસ્તુતમાં 'પર્યાયાર્થિકનયને અને દ્રવ્યાર્થિકનયને માન્ય બને તેવું દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક વસ્તુનું સ્વરૂપ જુદા-જુદા શબ્દ દ્વારા એકી સાથે જણાવવું હોય તો શું કહી શકાય ?' આવા પ્રકારની જિજ્ઞાસા સપ્તભંગીના ચોથા ભાંગાની પ્રયોજક છે. તેથી પર્યાયાર્થિકનયને માન્ય એવો દ્રવ્ય-ગુણાદિનો ભેદ અને દ્રવ્યાર્થિકનયને માન્ય એવો દ્રવ્ય-ગુણાદિનો અભેદ એકીસાથે મુખ્યરૂપે પ્રસ્તુતમાં જિજ્ઞાસાનો વિષય બને છે. તેથી બન્ને નયનો મત જુદા-જુદા શબ્દ દ્વારા જ બતાવવો યુક્તિસંગત છે. તો જ જિજ્ઞાસુને સ્પષ્ટપણે ખ્યાલ આવી શકે કે 'આ વિષય પર્યાયાર્થિકનયનો છે તથા પેલો વિષય દ્રવ્યાર્થિકનયનો છે.' એક જ સાંકેતિક શબ્દ (દા.ત.ઘટ) દ્વારા કે એક જ સાંકેતિક સામાસિક પદનું (દા.ત. 'ભેદાભેદ' કે 'ઘટ-પટ' પદનું) એકપદઅંતર્ભાવ કરીને ઉચ્ચારણ કરવા દ્વારા જો યુગપત્ ભેદાભેદનું મુખ્યરૂપે પ્રતિપાદન કરવામાં આવે તો જિજ્ઞાસુને 'દ્રવ્યાર્થિકનયનો વિષય કયો ? અને પર્યાયાર્થિક નયનો વિષય કયો ?' તેનું સ્પષ્ટપણે ભાન થઈ ન શકે. તેથી સપ્તભંગીના ચોથા ભાંગાની પ્રયોજક એવી જિજ્ઞાસાનું શમન કરવા માટે એકપદઅંતર્ભાવથી ઉચ્ચારણ કર્યા વિના જ (અર્થાત્ ભિન્નોક્તિથી = જુદા-જુદા બે શબ્દનો અલગ-અલગ પ્રયોગ કરવા દ્વારા જ) યુગપત્ નયદ્વયવિષયનું મુખ્યરૂપે પ્રતિપાદન કરવું જરૂરી બની જાય છે. પરંતુ તેવું કોઈ સાંકેતિક પદ પણ નથી કે જે ભિન્ન ઉક્તિથી નયદ્વયવિષયનું યુગપત્ મુખ્યરૂપે સ્પષ્ટપણે પ્રતિપાદન કરી શકે. માટે

***शक्यम्***, यतो **न** जातुचिद् **एकशब्दाद्** = एकस्मात् साङ्केतिकादपि पदाद् **युगपत्** = सहैव **पदार्थद्वयं** = वाच्यार्थद्वितयम् **उच्यते** = प्रतिपाद्यते केनाऽपि भिन्नोक्त्या मुख्यतया स्पष्टम्। अत एव तदा वस्तु कथञ्चिद् अवाच्यतां लभेतैव। ततश्च सप्तभङ्ग्यां चतुर्थोऽपि भङ्गो लब्धावकाश इति मन्तव्यम्।

भेदाऽभेदयोः युगपदऽर्पणायां तु 'सकृदुच्चरितः शब्दः सकृदेवार्थं गमयती'ति न्यायाद् एकशब्दस्याऽनेकार्थानां युगपदबोधकत्वादवक्तव्यत्वमत्र अवसेयम्।

તેવી જિજ્ઞાસા કે પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે ગુરુ ભગવંતે એમ જ કહેવું પડે છે કે "દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયની દૃષ્ટિએ દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ એકીસાથે મુખ્યરૂપે સ્પષ્ટપણે શબ્દ કે પદ દ્વારા તમે જાણવા માંગતા હો તો તે શક્ય નથી. કારણ કે યુગપત્ મુખ્યરૂપે સ્પષ્ટપણે નયદ્વયવિષયનો વાચક કોઈ શબ્દ કે પદ વિશ્વમાં વિદ્યમાન નથી. જેનું વાચક કોઈ પદ ન હોય તે વસ્તુ આપમેળે અવાચ્ય (= શબ્દ કે પદ દ્વારા અવક્તવ્ય) બની જાય છે. એક સાંકેતિક પદથી પણ એકીસાથે બે અર્થનું ભિન્ન ઉક્તિથી મુખ્યતયા સ્પષ્ટપણે પ્રતિપાદન કરવાનું કોઈના પણ દ્વારા ક્યારેય પણ શક્ય નથી. આમ સપ્તભંગીના ચોથા ભાંગા સ્વરૂપે અવક્તવ્યત્વ સ્થાનને પ્રાપ્ત કરે છે. તેથી કથંચિત્ અવક્તવ્યત્વને પણ સપ્તભંગીમાં સ્થાન આપવું યુક્તિસંગત જ છે - તેમ માનવું જોઈએ.

### ❋ એક વાર બોલાયેલા શબ્દથી એક જ અર્થનું ભાન ❋

**(भेदा.)** પર્યાયાર્થિકનયને માન્ય એવો દ્રવ્ય-ગુણ-પર્યાયનો ભેદ તથા દ્રવ્યાર્થિકનયને માન્ય એવો દ્રવ્ય-ગુણાદિનો અભેદ - આ બન્ને વિશે યુગપત્ વિવક્ષા કરવામાં આવે તો પણ એકીસાથે એક શબ્દ દ્વારા તે બન્નેનો બોધ નહિ થઈ શકે. કારણ કે 'એક વાર બોલાયેલો શબ્દ એક વાર જ અર્થનો બોધ કરાવે છે.' - આ પ્રમાણેનો ન્યાય = કાયદો = નિયમ છે. આ નિયમના લીધે એક શબ્દ એકીસાથે અનેક અર્થનો બોધ = શાબ્દબોધ કરાવી શકતો નથી. માટે યુગપત્ બન્ને નયના વિષયનો મુખ્યરૂપે સ્પષ્ટપણે બોધ કરવો હોય તો તે એક શબ્દશક્તિનો વિષય ન હોવાથી અવાચ્ય બની જાય છે. માટે સપ્તભંગીના ચોથા ભાંગામાં અવક્તવ્યત્વનો નિવેશ કરવો જરૂરી છે - તેમ જાણવું.

### ❋ 'સૈંધવ' સ્થળે શાબ્દબોધ વિમર્શ ❋

**સ્પષ્ટતા** :- અક્ષ, ગો, સૈંધવ, હરિ વગેરે શબ્દોના અનેક અર્થ છે. તેમ છતાં અક્ષ વગેરે શબ્દ એક વાર બોલવાથી યુગપત્ કે ક્રમશઃ તેના તમામ અર્થોનો બોધ થતો નથી. પરંતુ તે શબ્દના જેટલા અર્થનો શાબ્દબોધ કરાવવો હોય તેટલી વાર તે તે શબ્દનો પ્રયોગ કરવો જરૂરી બને છે. આ હકીકત શબ્દશાસ્ત્રનિપુણ સર્વ વિદ્વાનોને માન્ય છે. તેથી તેના ઉપરથી એક તારણ નીકળે છે કે એક વાર બોલાયેલો શબ્દ એક વાર જ પોતાના અર્થનો શાબ્દબોધ કરાવે છે. જો આ નિયમ માન્ય કરવામાં ન આવે તો ભોજન કરતો માણસ 'सैन्धवम् आनय' આ પ્રમાણે બોલશે ત્યારે શ્રોતા 'સૈંધવ' પદથી વાચ્ય એવા ઘોડા, વસ્ત્ર, માણસ, મીઠું... આ બધાને એકીસાથે લાવવાની પ્રવૃત્તિ કરશે. પરંતુ તેવું બનતું નથી. ભોજન પ્રકરણના આધારે શ્રોતા 'સૈંધવ' પદના અનેક વાચ્યાર્થોમાંથી ફક્ત મીઠું (નમક) લાવવાની જ પ્રવૃત્તિ કરે છે. તેનાથી ફલિત થાય છે કે 'સૈંધવ' શબ્દ એક વાર બોલવામાં આવે તો તેનાથી તેના તમામ વાચ્યાર્થોનો શ્રોતાને બોધ થતો નથી પણ તેના એક જ અર્થનો શાબ્દબોધ થાય છે.

इदञ्चात्रावधेयम् – प्रमाणभूतायां सप्तभङ्ग्यां प्रत्येकं भङ्गानां स्यात्पदलाञ्छितत्वेन नयान्तराभिप्रायाऽप्रतिषेधकतया प्रमाणत्वम्। अतो युगपदुभयार्पणायां 'द्रव्य-गुण-पर्यायलक्षणं वस्तु कथञ्चिदवक्तव्यम्, न तु सर्वथा' इति अभ्युपगन्तव्यमेव, अन्यथा अवक्तव्यपदवाच्यताविरहप्रसङ्गात्, स्यात्पदवैयर्थ्याच्च।

न चेष्टापत्तिः, तथानुभवबाधात्, शास्त्रकृदभिप्रायबाधाच्च। तदुक्तं मध्यमपरिमाण**स्याद्वादरहस्ये यशोविजयवाचकै**रेवात्र "युगपदुभयाऽर्पणासहकारेण स्यादवक्तव्योऽपि, न तु सर्वथा, अवक्तव्यपदेनाऽपि

---

## ❀ અવક્તવ્ય ભાંગાની સિદ્ધિ ❀

પ્રસ્તુતમાં આ નિયમ એવી રીતે ઉપયોગી બને છે કે કોઈ સાંકેતિક શબ્દનો અર્થ ભેદ અને અભેદ કરવામાં આવે તથા ભેદ અને અભેદ - આ બન્નેને જુદા જુદા માનવામાં આવે તો સાંકેતિક શબ્દને એક વાર બોલવાથી, ઉપરોક્ત નિયમ મુજબ, તેના બે અર્થમાંથી કોઈ એક અર્થનો જ (કાં ભેદનો કાં અભેદનો) એકીસાથે શાબ્દબોધ થઈ શકે, બન્નેનો નહિ. ભેદ અને અભેદ - બન્ને અર્થનો શાબ્દબોધ કરાવવો હોય તો તે બન્ને અર્થના બોધક સાંકેતિક પદને બે વાર બોલવું પડશે. તથા બે વાર બોલાયેલા સાંકેતિક પદ દ્વારા ભેદનો અને અભેદનો ક્રમશઃ જ બોધ થશે, યુગપત્ નહિ. માટે નયદ્વયની વિવક્ષાથી મુખ્યપણે સ્પષ્ટરૂપે એકીસાથે દ્રવ્ય-ગુણાદિના ભેદનું અને અભેદનું પ્રતિપાદન કરવું હોય તો તે કોઈ પણ (સાંકેતિક કે અસાંકેતિક) શબ્દથી વાચ્ય બની શકે તેવી કોઈ જ શક્યતા રહેતી નથી. માટે જ સપ્તભંગીનો ચોથો ભાંગો ત્યારે વસ્તુસ્વરૂપને અવક્તવ્ય તરીકે જાહેર કરે છે. આમ અવક્તવ્યત્વ નામનો ગુણધર્મ સપ્તભંગીના ચોથા ભાંગા તરીકે પ્રતિષ્ઠિત થાય છે.

## ✡ યુગપદ્ અર્પણામાં પદાર્થ કથંચિત્ અવક્તવ્ય ✡

(इद.) અહીં એક વાત ખ્યાલમાં રાખવી કે પ્રમાણભૂત સપ્તભંગીના પ્રત્યેક ભાંગાઓ 'स्यात्' પદથી યુક્ત છે. તેથી તે અન્ય નયના અભિપ્રાયનો નિષેધ કરતા નથી. તેથી જ તે તમામ ભાંગાઓ પ્રમાણ બને છે. આથી એકીસાથે ભેદાભેદ ઉભયની વિવક્ષા કરવામાં આવે તો 'દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક વસ્તુ કથંચિત્ અવક્તવ્ય છે. સર્વથા અવક્તવ્ય નથી' - આવું માનવું જ પડશે. જો ત્યારે તેને સર્વથા અવાચ્ય કહેવામાં આવે તો (૧) 'અવક્તવ્ય' પદની પણ વાચ્યતા તેમાં રહી નહિ શકે. તથા (૨) તે ભાંગામાં રહેલ 'स्यात्' વ્યર્થ થવાની આપત્તિ પણ આવશે.

## ❋ સર્વથા અવાચ્યતા અનુભવાદિથી બાધિત ❋

(न चे.) આ બન્ને દોષ ઈષ્ટાપત્તિરૂપે સ્વીકારવા યોગ્ય નથી. કારણ કે યુગપદ્ ઉભય વિવક્ષા કરીને 'स्यात् અવક્તવ્ય' કહેવામાં આવે ત્યારે 'અવક્તવ્ય' પદની વાચ્યતા તેમાં રહે છે - તેવો શિષ્ટ પુરુષોને અનુભવ થાય છે. તેથી તે અનુભવ દ્વારા ત્યારે 'અવક્તવ્ય' પદની વાચ્યતાનો અભાવ તેમાં બાધિત થાય છે. તેમજ શાસ્ત્રકારોના અભિપ્રાયથી પણ તે બાબત બાધિત થાય છે. કેમ કે મધ્યમપરિમાણ **સ્યાદ્વાદરહસ્યમાં મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે પોતે જ આ બાબતમાં જણાવેલ છે કે "યુગપત્ બન્ને વિવક્ષાના સહકારથી પદાર્થ કથંચિત્ અવક્તવ્ય પણ છે. પરંતુ સપ્તભંગીમાં એકીસાથે બન્ને વિવક્ષા

अवक्तव्यत्वापत्तेः" (म.प.स्या.र.५/पृ.२२४) इति।

यदि च युगपदुभयार्पणायां सर्वथा सर्वपदवाच्यत्वाभावलक्षणमेव अवक्तव्यत्वं कक्षीक्रियेत, तदा अन्यनयाभिप्रायप्रतिषेधेन दुर्नयत्वापत्त्या प्रमाणत्वं बाधितं स्यात्।

प्रमाण-नयसप्तभङ्ग्यादिस्वरूपञ्चाऽग्रे (४/१४) स्फुटीभविष्यति।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'युगपद् नयद्वयाभिप्रायप्रवृत्तौ समकं मुख्यतया तदभिधानमशक्यम्' इति सिद्धान्तत इदं सिध्यति यदुत साधकः यदा स्वानुभूतिनिमग्नो भवति तदा स्वानुभूतिविषयोऽवाच्यः सम्पद्यते, तस्य युगपत् सर्वनयविषयताऽऽक्रान्तत्वात्। अत एव स्वानुभूतिगम्यः पदार्थः प्रमाणविषयतामाबिभर्ति। स्वानुभवैकगम्यं शुद्धात्मादिकं पदार्थं स्पष्टतया असन्दिग्धतया प्रातिस्विकरूपतया च दर्शयितुं शब्दा अपि अप्रत्यलाः, परमार्थतः तस्य शब्दशक्तिगोचरताऽतिक्रान्तत्वात्। तस्य कतिपयांशा एव शब्देन प्रतिपाद्याः, न तु सर्वे अंशाः। अपरोक्षतयाऽनुभूयमानाऽनन्तगुणमयसमग्रचैतन्यपिण्डात्मकाऽऽनन्दघन-ध्रुव-शुद्धाऽसङ्गात्माऽखिलांशान् युगपत् सुस्पष्टतया मुख्यतया शब्दतः

---

કરવામાં આવે ત્યારે સર્વથા અવક્તવ્ય (સર્વ પદથી અવાચ્ય) પદાર્થ થતો નથી. બાકી તો 'અવક્તવ્ય' પદથી પણ પદાર્થમાં અવક્તવ્યતાને માનવાની આપત્તિ આવે."

(यदि.) યુગપદ્ ઉભયનયની અર્પણા હોય ત્યારે પદાર્થમાં સર્વથા સર્વપદવાચ્યત્વાભાવસ્વરૂપ જ અવક્તવ્યત્વ જો માનવામાં આવે તો અન્ય નયના અભિપ્રાયનો નિષેધ કરવાથી તે ભાંગો દુર્નય બનવાની આપત્તિ આવે. તેથી તેવા સંયોગમાં સપ્તભંગીના તે ભાંગામાં પ્રામાણ્ય બાધિત થાય. માટે કથંચિત્ અવક્તવ્યત્વ ત્યારે માનવું યોગ્ય છે.

(प्रमा.) પ્રમાણસપ્તભંગી તથા નયસપ્તભંગીનું સ્વરૂપ આગળ (૪/૧૪) સ્પષ્ટ થશે.

### સ્વાનુભૂતિગમ્ય સ્વાત્મા અકથ્ય

**આધ્યાત્મિક ઉપનય** :- 'બે નયના વિષય એકીસાથે પ્રવર્તતા હોય ત્યારે તેને એકીસાથે મુખ્યતયા સ્પષ્ટપણે કહેવા શક્ય નથી' - આ નિયમ દ્વારા એવું સિદ્ધ થાય છે કે સાધક જ્યારે સ્વાનુભૂતિમાં ડૂબી જાય છે ત્યારે તેનો વિષય શબ્દથી અવાચ્ય બની જાય છે. કારણ કે સ્વાનુભૂતિનો વિષય એ એકાદ નયનો વિષય નહિ પણ સર્વ નયોનો એકીસાથે વિષય બને છે. સર્વ નયો તેને વિષે પ્રવર્તે છે. સ્વાનુભૂતિગમ્ય પદાર્થ સર્વ નયોનો વિષય છે. માટે જ તે પ્રમાણનો વિષય છે. કેવળ અનુભવથી સમજી શકાય તેવા પદાર્થને સ્પષ્ટપણે અસંદિગ્ધપણે ચોક્કસ સ્વરૂપે દર્શાવવા માટે શબ્દો માયકાંગલા છે. તે શબ્દની શક્તિનો વિષય નથી. તેથી જ સ્વાનુભૂતિવિષયીભૂત શુદ્ધ આત્મા, શુદ્ધ આત્મસ્વરૂપ, આત્મગુણવૈભવ વગેરે વસ્તુ પરમાર્થથી શબ્દ દ્વારા અવાચ્ય છે, અકથ્ય છે. શબ્દ દ્વારા તેનું વર્ણન કરવામાં આવે તો તેના એકાદ અંશનું જ કથન થઈ શકે છે, અનુભૂયમાન અખિલ અંશોનું નહિ. અપરોક્ષપણે અનુભૂયમાન, અનંતગુણમય, સમગ્ર ચૈતન્યપિંડાત્મક, આનંદઘનસ્વરૂપી, ધ્રુવ, શુદ્ધ, અસંગ એવા આત્માના સર્વ અંશોને એકીસાથે મુખ્યરૂપે અત્યંત સ્પષ્ટપણે શબ્દ દ્વારા વર્ણવવા માટે કેવલજ્ઞાની

वर्णयितुं सर्वज्ञा अपि न समर्थाः। अत एव **आचाराङ्गसूत्रे** [1]"सव्वे सरा नियट्टंति, तक्का जत्थ न विज्जइ, मई जत्थ न गाहए" (आचा.५/६/१७१) इत्यादिकं दर्शितम्।

अतः स्वानुभूतिरसिकेन मुमुक्षुणा शब्दबाह्यस्वरूपव्यामोहं परित्यज्य, शब्दगम्यात्मस्वरूपे अविश्रम्य, शब्दभोगं विमुच्य, शब्दयोगम् अवलम्ब्य, शब्दब्रह्मणि अलिप्तीभूय, अपरोक्षतया अवाच्यपरब्रह्माऽऽविर्भावाय बद्धकक्षतया भाव्यम्। ततश्च [2]"सिद्धा भगवंतो सादीया अपज्जवसिता अणेगजाति-जरा-मरण-जोणिसंसार-कलंकलीभाव-पुणब्भव-गब्भवासवसहीपवंचसमतिक्कंता सासयमणागतद्धं कालं चिट्ठंति" (प्र.सू.२/२११/पृ.७८) इति **प्रज्ञापनासूत्रोक्तं** सिद्धस्वरूपं प्रत्यासन्नतरं स्यात्।।४/११।।

---

પણ અસમર્થ છે. તેથી જ **આચારાંગસૂત્ર**માં 'सव्वे सरा नियट्टंति' ઈત્યાદિ કહેવા દ્વારા જણાવેલ છે કે સ્વાનુભવૈકગમ્ય શુદ્ધ અખંડ આત્માનું વર્ણન કરવામાં અસમર્થ પુરવાર થયેલા સર્વે સ્વરો-વ્યંજનો -શબ્દો-તર્કો પાછા ફરે છે, બુદ્ધિ પણ પાંગળી બની જાય છે. શુદ્ધ આત્માને સમજવામાં મતિ મૂઢ બની જાય છે.

### ❈ શબ્દભોગ નહિ, શબ્દયોગ પકડીએ ❈

(अतः) આથી સ્વાનુભૂતિરસિક મુમુક્ષુજને શબ્દના બાહ્ય સ્વરૂપમાં અટવાયા વિના, શબ્દગમ્ય આત્મસ્વરૂપમાં રોકાયા વિના, શબ્દભોગને છોડી, શબ્દયોગનું આલંબન લઈને મોક્ષમાર્ગે આગળ વધવાનું છે. તેમજ શબ્દબ્રહ્મમાં પણ લેપાયા વિના, અવાચ્ય-અકથ્ય એવા અનુપમ પરબ્રહ્મતત્ત્વને અપરોક્ષપણે પ્રગટ કરવા સદા કટિબદ્ધ બનવું જોઈએ. તેનાથી **પ્રજ્ઞાપનાસૂત્ર**માં વર્ણવેલ સિદ્ધસ્વરૂપ ખૂબ નજીક આવે. ત્યાં બીજા પદમાં **શ્યામાચાર્યજી**એ જણાવેલ છે કે 'સિદ્ધ ભગવંતો સાદિ-અનંતકાલીન અસ્તિત્વને ધરાવે છે. અનેક પ્રકારના જન્મ, ઘડપણ, મરણ, ૮૪ લાખ યોનિમાં સંચાર (= રખડપટ્ટી), અશુચિદશા, પુનર્જન્મ, ગર્ભાવાસમાં વસવાટ વગેરે પ્રપંચને તેઓ સદા માટે ઓળંગીને અનંત ભવિષ્ય કાળ સુધી તેઓ પોતાના સ્વરૂપમાં રહેલા છે.' (૪/૧૧)

લખી રાખો ડાયરીમાં.....

- **વાસના પોતાના જ પ્રતિબિંબમાં-કલ્પનામાં રાચે છે.**
  **ઉપાસના પ્રભુદર્શનનું દર્પણ છે.**
- **સાધનાથી માણસ મોટો બને છે. દા.ત.સુભૂમ ચક્રવર્તી.**
  **ઉપાસનાથી માણસ મહાન બને છે. દા.ત. સતી દમયંતી.**
- **૧ અને ૧ = ૨ એટલે સાધના.**
  **૧ અને ૧ = ૧૧ એટલે ઉપાસના.**

---

1. सर्वे स्वरा निवर्तन्ते, तर्का यत्र न विद्यन्ते, मतिः यत्र न गाहते। 2. सिद्धा भगवन्तः सादिकाः अपर्यवसिताः अनेकजाति-जरा-मरण-योनिसंसार-कलङ्कलीभाव-पुनर्भव-गर्भवासवसतिप्रपञ्चसमतिक्रान्ताः शाश्वतम् अनागताद्धं कालं तिष्ठन्ति।

**પર્યાયારથ કલ્પન, ઉત્તર-ઉભય વિવક્ષા સંધિ* રે;**
**ભિન્ન અવાચ્ય વસ્તુ તે કહિયઈ♦, સ્યાત્કારનઈ બંધિ✠ રે ॥૪/૧૨॥ (૫૨) શ્રુત૦**

પ્રથમ **પર્યાયાર્થ કલ્પના**, (**ઉત્તર** =) પછઇ✡ એકદા **ઉભય** (**વિવક્ષા** =) નયાર્પણા (**સંધિ** = સંધઈ = જોડઈ =) કરિયઈ, તિવારઈ (**સ્યાત્કારનઈ બંધિ** = સંબંધઈ =) ♦કથંચિત્ **ભિન્ન** ▸= તે જુદો◂ (**અવાચ્ય**=) અવકતવ્ય કથંચિત્ (**તે વસ્તુ**) ઇમ ♦**કહિયઈ**. **इति गाथार्थः** ॥૪/૧૨॥

भेदाभेदसप्तभङ्ग्यां पञ्चमं भङ्गमुपदर्शयति – '**पर्याये**'ति ।

**पर्यायार्थमतोल्लेखात् समं नयद्वयार्पणात् ।**
**वस्तु भिन्नमवाच्यं तत् कथ्यते स्यात्पदाङ्कितम् ।।४/१२।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – पर्यायार्थमतोल्लेखात् (पश्चात्) समं नयद्वयार्पणात् तद् वस्तु स्यात्पदाङ्कितं भिन्नम् अवाच्यं (च) कथ्यते ।।४/१२।।

(५) **पर्यायार्थमतोल्लेखाद्** = भेदग्राहकपर्यायार्थिकनयाभिप्रायविवक्षणात् पश्चात् **समं** = युगपद् **नयद्वयार्पणात्** = पर्यायार्थिक-द्रव्यार्थिकाभिधाननयद्वयोल्लेखात् **तद्** एव **वस्तु** द्रव्य-गुण-पर्यायलक्षणं **स्यात्पदाङ्कितं भिन्नं** = स्याद्भेदोपेतम् **अवाच्यं** = स्यादवक्तव्यं च **कथ्यते**। अयं पञ्चमो भङ्गः।

**અવતરણિકા** :- ભેદાભેદસંબંધી સપ્તભંગીના આદ્ય ચાર ભાંગાનું નિરૂપણ પૂર્ણ થયું. હવે ગ્રંથકારશ્રી સપ્તભંગીના પાંચમા ભાંગાનું આગળના શ્લોકમાં પ્રતિપાદન કરે છે :-

**❯ સપ્તભંગીનો પાંચમો ભાંગો ❯**

**શ્લોકાર્થ** :- પર્યાયાર્થિકનયના અભિપ્રાયના ઉલ્લેખ પછી એકીસાથે બે નયની વિવક્ષા કરવાથી તે વસ્તુ સ્યાત્ = કથંચિત્ ભિન્ન અને અવાચ્ય કહેવાય છે. (૪/૧૨)

**વ્યાખ્યાર્થ** :- ભેદગ્રાહક પર્યાયાર્થિક નામના નયના અભિપ્રાયની વિવક્ષા કર્યા બાદ એકીસાથે પર્યાયાર્થિક અને દ્રવ્યાર્થિક નામના બે નયના અભિપ્રાયની વિવક્ષા (= ગણતરી) કરવાથી તે જ દ્રવ્ય -ગુણ-પર્યાયાત્મક વસ્તુ કથંચિત્ ભેદવિશિષ્ટ અને કથંચિત્ અવાચ્ય કહેવાય છે. ભેદાભેદની સપ્તભંગીમાં આ પાંચમો ભાંગો જાણવો. આ પ્રમાણે શ્લોકની વ્યાખ્યા સમજવી.

**સ્પષ્ટતા** :- 'પર્યાયાર્થિકનયની દૃષ્ટિએ અને યુગપત્ પર્યાયાર્થિક-દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિએ દ્રવ્ય-ગુણ -પર્યાય પરસ્પર ભિન્ન છે કે અભિન્ન ?' આવી જિજ્ઞાસા ઉપસ્થિત થાય ત્યારે 'પર્યાયાર્થિકનયના અભિપ્રાયથી દ્રવ્ય-ગુણાદિ પરસ્પર કથંચિત્ ભિન્ન છે તથા યુગપત્ ઉભયનયના અભિપ્રાયથી દ્રવ્યાદિ કથંચિત્ અવક્તવ્ય છે' - આ પ્રમાણે સમાધાન શાસ્ત્રકાર ભગવંતો દર્શાવે છે. આ સપ્તભંગીનો પાંચમો ભાંગો છે.

* કો.(૧૩)માં 'સંધે' પાઠ. ♦ મ.+પ.માં 'કહિઈ' પાઠ. કો.(૭+૧૧)નો પાઠ લીધો છે. ✠ કો.(૧૩)માં 'બંધે' પાઠ. કો.(૧૨)માં 'બંધઈ' પાઠ. ✡ પુસ્તકોમાં અહીં 'દ્રવ્યાર્થ કલ્પના વિચારતાં ઈમ વિવક્ષાઈ' આટલો અધિક પાઠ છે. પણ આ પાઠ કો.(૯)+સિ.+આ.(૧)+લા.(૨)માં નથી. તથા આવશ્યક પણ નથી.' ♦ પુસ્તકોમાં 'કથંચિત્' નથી. ફક્ત કો.(૧૨)માં છે. ▸....◂ વચ્ચેનો પાઠ પા. + B(૨)માં છે.

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – युगपत् सर्वनयाभिप्रायप्रवर्तने स्वानुभवैकगम्यशुद्धात्मगुण-पर्यायाणाम् अवाच्यत्वेऽपि अनुभूयमानत्वम् अव्याहतमेव। अनुभूयमानगुण-पर्यायेभ्यो निजात्मस्वरूपं पृथगेव इति पर्यायार्थिकनयदृष्टिसमालम्बनेन भेदविज्ञानं सुदृढं कार्यम्। इत्थमेव "न जातिर्न मृतिस्तत्र, न भयं न पराभवः। न जातु क्लेशलेशोऽपि, यत्र सिद्धाः प्रतिष्ठिताः।।" (न.मा.२/१) इति **नमस्कारमाहात्म्ये सिद्धसेनसूरि**प्रदर्शितं सिद्धस्वरूपं सत्वरम् आविर्भवेत्।।४/१२।।

## ✧ ભેદવિજ્ઞાનને દૃઢ કરીએ ✧

[redacted] :- સર્વ નયોના અભિપ્રાય યુગપત્ પ્રવર્તમાન હોય ત્યારે સ્વાનુભૂતિગમ્ય આત્માના નિર્મળતમ ગુણ-પર્યાયો અકથ્ય બની જતા હોવા છતાં પણ તે અનુભવનો વિષય તો બની જ શકે છે. 'અનુભૂયમાન તે સર્વ ગુણ-પર્યાયો કરતાં પોતાનું સ્વરૂપ જુદું છે. સ્વાત્મા તેનાથી ન્યારો છે' - આવી પર્યાયાર્થિકનયની દૃષ્ટિને આત્મસાત્ કરી ભેદવિજ્ઞાનને દૃઢ કરવા સાધકે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. આ રીતે પ્રયત્ન કરવાથી જ **નમસ્કારમાહાત્મ્ય**માં દર્શાવેલ સિદ્ધસ્વરૂપ ઝડપથી પ્રગટ થાય છે. ત્યાં **શ્રીસિદ્ધસેનસૂરિ**જીએ જણાવેલ છે કે 'જ્યાં સિદ્ધ ભગવંતો પ્રતિષ્ઠિત થાય છે, ત્યાં ક્યારેય જન્મ નથી, મરણ નથી, ભય નથી, પરાભવ નથી તથા કલેશનો લેશ પણ નથી.' (૪/૧૨)

**લખી રાખો ડાયરીમાં.....**

- સાધનામાં વિચારધારા સુખત્યાગલક્ષી હોય છે.
  દા.ત. શાલિભદ્ર.
  ઉપાસનામાં વિચારધારા દોષત્યાગલક્ષી હોય છે.
  દા.ત. પુષ્પચૂલા સાધ્વી.

- વાસનાનો અતિરેક રોગની આમંત્રણપત્રિકા છે.
  ઉપાસનાનો ઉછાળો યોગની આમંત્રણપત્રિકા છે.

- બુદ્ધિ પ્રદર્શનની ચીજ બની શકે છે.
  શ્રદ્ધા માત્ર અનુભવગમ્ય છે.

- વાસનાનો આવેગ ક્ષણજીવી છે,
  વાસનાનું કટુ ફળ દીર્ઘજીવી છે.
  ઉપાસનાની ધારા-ધોધ દીર્ઘકાલીન છે,
  ઉપાસનાનું મધુર ફળ સર્વકાલીન છે.

**દ્રવ્યારથ નઈં ઉભય ગ્રહિયાથી, અભિન્ન[ङ] તેહ અવાચ્યો રે;**

**ક્રમ ♦યુગપન્નય ઉભય ગ્રહિયાથી, ભિન્ન-અભિન્ન-અવાચ્યો રે ॥૪/૧૩॥ (૫૩) શ્રુત૦**

પ્રથમ ✱દ્રવ્યાર્થ કલ્પના, (નઈં=) પછઇ એકદા ઉભયનયાર્પણા કરિઈં, તિવારઈં (=ગ્રહિયાથી) 'કથંચિત્ અભિન્ન (અવાચ્યો=) અવક્તવ્ય' ઈમ ✿કહિયઈં (૬). અનુક્રમઇ ૨ નયની પ્રથમ અર્પણા પછઇં

साम्प्रतं भेदाभेदसप्तभङ्ग्याः अन्तिमौ द्वौ भङ्गौ दर्शयति – 'द्रव्ये'ति।

**द्रव्यार्थाद् युगपद् युग्मादभिन्नं तदवाच्यकम्।**

**क्रमाऽक्रमोभयग्राहे भिन्नाऽभिन्नमवाच्यकम्।।४/१३।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – द्रव्यार्थात् (पश्चात्) युगपद् युग्मात् तद् अभिन्नम् अवाच्यकं च। क्रमाक्रमोभयग्राहे (तदेव) भिन्नाऽभिन्नम् अवाच्यकं (च इति कथ्यते)।।४/१३।।

(६) पूर्वं **द्रव्यार्थाद्** = द्रव्यार्थिकनयाऽर्पणात् पश्चाद् **युगपत्** = समकमेव **युग्माद्** = द्रव्यार्थिक-पर्यायार्थिकनयद्वयार्पणात् **तद्** एव द्रव्य-गुण-पर्यायलक्षणं वस्तु **अभिन्नं** = कथञ्चिदभिन्नम् **अवाच्यकं** = कथञ्चिदवक्तव्यं चेति कथ्यते। अयं सप्तभङ्ग्यां षष्ठो भङ्गः ज्ञेयः।

(७) **क्रमाऽक्रमोभयग्राहे** = पूर्वं क्रमेण पर्यायार्थिकनयस्य द्रव्यार्थिकनयस्य चार्पणे पश्चाच्चाऽक्रमेण

**અવતરણિકા** :- ભેદાભેદસંબંધી સપ્તભંગીના પ્રથમ પાંચ ભાંગાનું પ્રતિપાદન પૂર્ણ થયું. હવે ગ્રંથકારશ્રી ૧૩ મા શ્લોકમાં પ્રસ્તુત સપ્તભંગીના છેલ્લા બે ભાંગાને દર્શાવે છે :-

### સપ્તભંગીના છેલ્લા બે ભાંગાનું નિરૂપણ

**શ્લોકાર્થ** :- દ્રવ્યાર્થિકનય પછી યુગપત્ દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક નયની વિવક્ષાથી દ્રવ્યાદિ અભિન્ન અને અવાચ્ય છે. તથા પર્યાયાર્થિક અને દ્રવ્યાર્થિક નયની ક્રમિક વિવક્ષાથી તથા અક્રમિક વિવક્ષાથી દ્રવ્ય-ગુણાદિ વસ્તુ ભિન્ન, અભિન્ન અને અવાચ્ય છે. (૪/૧૩)

**વ્યાખ્યાર્થ** :- પહેલાં દ્રવ્યાર્થિકનયની અર્પણા = વિવક્ષા કરવામાં આવે અને પછી એકીસાથે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયની અર્પણા કરવામાં આવે તો 'તે જ દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક વસ્તુ કથંચિદ્ અભિન્ન અને કથંચિત્ અવાચ્ય છે' - એમ કહેવાય છે. ભેદાભેદની સપ્તભંગીમાં આ છઠ્ઠો ભાંગો જાણવો.

**સ્પષ્ટતા** :- દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ દ્રવ્ય-ગુણ-પર્યાય પરસ્પર ભિન્ન છે કે અભિન્ન છે ? આવી જિજ્ઞાસા થયા બાદ 'યુગપદ્ દ્રવ્યાર્થ-પર્યાયાર્થ ઉભય નયની દૃષ્ટિએ દ્રવ્ય-ગુણ-પર્યાય પરસ્પર ભિન્ન છે કે અભિન્ન છે ?' આવી જિજ્ઞાસા ઉપસ્થિત થાય ત્યારે 'દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ દ્રવ્યાદિ ત્રણેય પરસ્પર કથંચિત્ અભિન્ન છે અને યુગપત્ ઉભય નયની દૃષ્ટિએ તે કથંચિત્ અવક્તવ્ય છે' - આ પ્રમાણે શાસ્ત્રકાર ભગવંતો જવાબ આપે છે. ભેદાભેદની સપ્તભંગીનો આ છઠ્ઠો ભાંગો છે.

(**क्रमाऽक्र.**) હવે પ્રસ્તુત સપ્તભંગીનો સાતમો ભાંગો જણાવવામાં આવે છે. પહેલાં પર્યાયાર્થિકનયની અર્પણા થાય પછી દ્રવ્યાર્થિકનયની અર્પણા થાય પછી યુગપત્ બન્ને નયની અર્પણા કરવામાં આવે તો

ङ લી.(૪)માં 'ભિન્ન' અશુદ્ધ પાઠ. ♦ મ.માં 'યુગપતઃ ન' પાઠ. કો.(૧)નો પાઠ લીધો છે. ✱ કો.(૧૨)માં 'દ્રવ્યાર્થિક' પાઠ. ✿ મ.+પ.માં 'કહિઈં' પાઠ. કો.(૭+૧૧)નો પાઠ લીધો છે.

(ઉભય =) ૨ **નયની** (**યુગપદ્** =) એક વાર (**ગ્રહિયાથી**=) અર્પણા કરિયઈં, તિવારઈં કથંચિત્ **ભિન્ન -અભિન્ન**-(**અવાચ્યો**=)અવક્તવ્ય ઈમ ✡કહિયઈં'(૭). એ* ભેદાભેદ પર્યાયમાંહઈ સપ્તભંગી જોડી. ઈમ સર્વત્ર જોડવી.

---

द्रव्यार्थिक-पर्यायार्थिकोभयनयार्पणे **तद्** एव द्रव्य-गुण-पर्यायलक्षणं वस्तु **भिन्नाऽभिन्नं** = कथञ्चिद्-भेदाऽभेदान्वितम् **अवाच्यकं** = कथञ्चिदवक्तव्यञ्चेति कथ्यते। इत्थं भेदाऽभेदपर्याययोः सप्तभङ्गी योजिता। अनयैव रीत्या सर्वत्र मिथो विरुद्धत्त्वेन भासमानेषु नित्यत्वाऽनित्यत्व-सामान्यविशेष-वक्तव्यत्वाऽवक्तव्यत्वादिषु पर्यायेषु सप्तभङ्गी योजनीया स्वयमेव मनीषिभिः।

---

'દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક વસ્તુ કથંચિત્ (= પર્યાયાર્થિકનયની દૃષ્ટિએ) ભિન્ન, કથંચિત્ (= દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ) અભિન્ન અને કથંચિત્ (યુગપત્ દ્રવ્યાર્થ-પર્યાયાર્થનયની દૃષ્ટિએ) અવક્તવ્ય છે' - આ પ્રમાણે કહેવામાં આવે છે. આ રીતે ભેદ અને અભેદ પર્યાયને વિષે સપ્તભંગીની યોજના અહીં કરવામાં આવેલ છે. આ જ રીતે સર્વત્ર પરસ્પર વિરુદ્ધ તરીકે જણાતા નિત્યત્વ-અનિત્યત્વ, સામાન્ય-વિશેષ, વક્તવ્યત્વ-અવક્તવ્યત્વ વગેરે પર્યાયોમાં પણ સપ્તભંગીની યોજના સ્વયં કરી લેવાની પંડિત જીવોને ગ્રંથકારશ્રી અહીં ભલામણ કરે છે.

### ❃ નિત્યાનિત્યત્વપ્રકારક સપ્તભંગી ❃

**સ્પષ્ટતા** :- દરેક વસ્તુમાં સત્ત્વ-અસત્ત્વ, ભેદ-અભેદ, નિત્યત્વ-અનિત્યત્વ, સામાન્ય-વિશેષ વગેરે પરસ્પર વિરુદ્ધ ધર્મયુગ્મો રહે છે. કોઈ ચોક્કસ અપેક્ષાએ આ ધર્મયુગલોનો એકત્ર સમાવેશ થાય છે. પરંતુ ગમે તે અપેક્ષાએ, ગમે તે ગુણધર્મ, ગમે તે વસ્તુમાં રહેતો નથી. આથી જ તેઓમાં વિરોધ વસ્તુતઃ રહેતો નથી. અમુક નયની વિવક્ષાથી અમુક પ્રકારના ગુણધર્મોનો એકત્ર સમાવેશ કરવાની આ પ્રણાલિકા વિશ્વને જૈનદર્શનની આગવી દેન છે. વિરોધી તરીકે જણાતા પ્રસ્તુત ધર્મનો વિવિધ નયોની ક્રમિક કે અક્રમિક અપેક્ષાએ એકત્ર સમાવેશ કઈ રીતે થઈ શકે ? તે અંગે સાત પ્રકારની જિજ્ઞાસા કે પ્રશ્ન સંભવે છે. તેનો જવાબ સપ્તભંગી સ્વરૂપે જૈન શાસ્ત્રકાર ભગવંતોએ જણાવેલ છે. પૂર્વે સત્ત્વ-અસત્ત્વ ધર્મયુગલની તથા ભેદ-અભેદ ધર્મયુગલની સપ્તભંગી જે પ્રકારે જણાવી તે જ પ્રકારે નિત્યત્વ-અનિત્યત્વ વગેરે ધર્મયુગ્મોની પણ સપ્તભંગી થઈ શકે છે. નિત્યત્વ-અનિત્યત્વ અંગે સપ્તભંગી નીચે મુજબ સમજવી.

(૧) ઘટ દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ નિત્ય જ છે.
(૨) ઘટ પર્યાયાર્થિકનયની દૃષ્ટિએ અનિત્ય જ છે.
(૩) ઘટ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયની યુગપત્ વિવક્ષાથી અવક્તવ્ય જ છે.
(૪) ઘટ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયની ક્રમિક વિવક્ષાથી નિત્ય અને અનિત્ય છે.
(૫) ઘટ દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ નિત્ય અને ઉભયનયની યુગપત્ વિવક્ષાથી અવક્તવ્ય છે.
(૬) ઘટ પર્યાયાર્થિકનયની વિવક્ષાથી અનિત્ય અને ઉભયનયની યુગપત્ વિવક્ષાથી અવક્તવ્ય છે.
(૭) ઘટ દ્રવ્યાર્થિકનયની વિવક્ષાથી નિત્ય, પર્યાયાર્થિકનયની વિવક્ષાથી અનિત્ય અને ઉભયનયની યુગપત્ વિવક્ષાથી અવક્તવ્ય છે.

---

✡ મ.+ધ.માં 'કહિઈં' પાઠ. કો.(૭+૧૧)નો પાઠ લીધો છે. * કો.(૧૩)માં 'એક' પાઠ.

*શિષ્ય પુછઈ છઈ - "જિહાં ૨ જ નયના વિષયની વિચારણા હોઈ, તિહાં એક એક ગૌણ -મુખ્યભાવઈ ▸સપ્તભંગી થાઓ, પણિ જિહાં પ્રદેશ-પ્રસ્થકાદિ વિચારઈં સાત-છ-પાંચ પ્રમુખ નયના ભિન્ન ભિન્ન વિચાર હોઈ, તિહાં અધિક ભંગ થાઈ, તિવારઈં◂ સપ્તભંગીનો નિયમ કિમ રહઈ ?"

***ननु*** यत्र द्वयोरेव नययोः विषयो मीमांस्यते तत्र प्रतिनयविषयं गौण-मुख्यभावेन विधि-निषेधाभ्यां सप्तभङ्गी दर्शितरीत्या सम्पद्यताम्। परं यत्र प्रस्थक-प्रदेशादिमीमांसायां सप्त-षट्-पञ्चप्रमुखानां नयानां मिथो विभिन्ना अभिप्रायाः सन्ति तत्राऽधिका अपि भङ्गाः सम्भवन्ति। ततश्च तत्र कथं सप्तभङ्गीनियमः सङ्गच्छेत इति ***चेत्*** ?

આ પ્રમાણે અન્ય ધર્મયુગલોની સપ્તભંગી વિજ્ઞ વાચકવર્ગે સ્વયં સમજી લેવી.

**પૂર્વપક્ષ** :- (**ननु.**) જે સ્થળે ફક્ત બે જ નયનો વિષય વિચારવામાં આવે તે સ્થળે તે બન્ને નયના સત્ત્વ-અસત્ત્વ કે ભેદાભેદ વગેરે વિષયમાં તે બન્ને નયનું ગૌણ-મુખ્યભાવે વિધાન કે પ્રતિષેધ કરવાથી તમે જણાવ્યું તે પ્રમાણે સપ્તભંગી સંભવી શકે છે. કારણ કે તેવા સ્થળે બે નયના પરસ્પર વિરુદ્ધ બે જ અભિપ્રાય ઉપસ્થિત છે. પરંતુ જે સ્થળે પ્રસ્થક દૃષ્ટાંતની વિચારણા કે પ્રદેશ વગેરે દૃષ્ટાન્તની વિચારણા સાત, છ, પાંચ વગેરે નયોના અભિપ્રાયથી થતી હોય ત્યાં તો અનેક અભિપ્રાયો પરસ્પર અત્યંત વિલક્ષણ જોવા મળે છે. તેવા સ્થળે વિવિધ નયોના પરસ્પર વિરુદ્ધ અભિપ્રાયો ફક્ત બે નહિ પણ અનેક ઉપસ્થિત હોય છે. તેથી તેવા સ્થળે તો સાત ભાંગા કરતાં વધુ ભાંગા પણ સંભવી શકે છે. તેથી તેવા સ્થળમાં સપ્તભંગીનો નિયમ કઈ રીતે ટકશે ? કઈ રીતે સંગત થઈ શકશે ?

## ❈ પ્રસ્થક અને પ્રદેશ દૃષ્ટાંતમાં નયમીમાંસા ❈

**સ્પષ્ટતા** :- **અનુયોગદ્વારસૂત્ર, આવશ્યકનિર્યુક્તિ, વિશેષાવશ્યકભાષ્ય, અનેકાંતવ્યવસ્થા, નયરહસ્ય** વગેરે ગ્રંથોમાં સાત નયની અપેક્ષાએ પ્રસ્થક દૃષ્ટાંત અને પ્રદેશ દૃષ્ટાંત વિસ્તારથી દર્શાવેલ છે. નયરહસ્ય આદિ ગ્રંથ મુજબ સંક્ષેપમાં પ્રસ્થક દૃષ્ટાંત આ પ્રમાણે છે. ધાન્ય માપવા માટેનું વિશેષ પ્રકારનું પાત્ર (= ભાજન અથવા માપીયું) મગધ દેશમાં પ્રસ્થક તરીકે પ્રસિદ્ધ છે. **(૧-૨)** પ્રસ્થક માટે જંગલમાં સુથારનું જવું, લાકડાનું કાપવું વગેરે ક્રિયાઓમાંથી પસાર થઈ પ્રસ્થક તરીકેનો સિક્કો લાગે ત્યાં સુધીના દરેક પર્યાયમાં પ્રસ્થક તરીકેનો સ્વીકાર નૈગમ અને વ્યવહાર નયને માન્ય છે. (૩) જ્યારે સંગ્રહનયના મતે ધાન્ય માપવાની ક્રિયામાં ગોઠવાયેલ પ્રસ્થક જ પ્રસ્થકરૂપે માન્ય છે. (૪) ઋજુસૂત્રનયના મતે સંગ્રહનય સંમત પ્રસ્થક તો પ્રસ્થક છે જ પરંતુ પ્રસ્થકથી માપેલું અનાજ પણ પ્રસ્થક છે. **(૫-૬-૭)** જ્યારે શબ્દાદિ ત્રણ નયના મતે પ્રસ્થકનું જ્ઞાન જ પ્રસ્થક છે.

હવે પ્રદેશ દૃષ્ટાંત **નયરહસ્ય** ગ્રંથ મુજબ સંક્ષેપમાં આ પ્રમાણે સમજવું. (૧) ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, જીવ, સ્કંધ (= મહાકાય પુદ્ગલદ્રવ્ય) અને તે પાંચેયના દેશ (= સાવયવ અંશ)- આ છ વસ્તુના પ્રદેશ (= નિરવયવ અંશ) નૈગમનય માને છે. (૨) સંગ્રહનય દેશ સિવાય પાંચના પ્રદેશ માને છે. (૩) વ્યવહારનય પાંચ પ્રકારના પ્રદેશ માને છે. (૪) ઋજુસૂત્રનય તો કથંચિત્

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પૃ.૪૯૦ થી પૃ.૫૨૫ સુધીનો પાઠ કો.(૧૩)માં નથી. ▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ સિ.+કો.(૯)માં નથી.

ગુરુ કહઈ છઇ "તિહાં પણિ એક નયાર્થનો મુખ્યપણઈં વિધિ, બીજા સર્વનો નિષેધ, ઈમ લેઇ પ્રત્યેકિં ✻અનેક સપ્તભંગી કીજઇ."

अत्र गुरुभिः समाधीयते – तत्र प्रस्थक-प्रदेशादिमीमांसायामपि एकनयाभिप्रेताऽर्थस्य मुख्यभावेन विधिः, इतरेषाञ्च सर्वेषामेव मीमांसाप्रवृत्तानां षण्णां पञ्चानां वा नयानां ये येऽर्थाः अभिप्रेताः तेषां सर्वेषामेवाऽर्थानां गौणभावेन निषेधः उपेक्षा वा क्रियते तदा निष्पद्यते प्रथमो भङ्गः। प्रथमे भङ्गे निषिद्धानाम् उपेक्षितानां वा तत्तन्नयार्थानां मुख्यभावेन विधिः = प्रतिपादनम्, एकनयाभिप्रेताऽर्थस्य च गौणभावेन निषेधः क्रियते तदा द्वितीयो भङ्गः।

ધર્માસ્તિકાયનો પ્રદેશ, કથંચિત્ અધર્માસ્તિકાયનો પ્રદેશ, કથંચિત્ આકાશનો પ્રદેશ, કથંચિત્ જીવનો પ્રદેશ, કથંચિત્ સ્કંધનો પ્રદેશ- આવું પ્રતિપાદન કરે છે. (૫) શબ્દનય 'ધર્માસ્તિકાયનો પ્રદેશ એ ધર્માસ્તિકાય છે. અથવા ધર્માસ્તિકાયપ્રદેશ છે' - ઈત્યાદિરૂપે બોલે છે. (૬) સમભિરૂઢનય કહે છે કે 'ધર્માસ્તિકાય સ્વરૂપ પ્રદેશ, અધર્માસ્તિકાય સ્વરૂપ પ્રદેશ ઈત્યાદિ પાંચ પ્રદેશ છે.' (૭) જ્યારે એવંભૂતનયની અપેક્ષાએ દેશ-પ્રદેશની કલ્પનાથી રહિત અખંડ વસ્તુ જ વાસ્તવિક છે. તેથી તેના મતે 'ધર્માસ્તિકાય છે, અધર્માસ્તિકાય છે...' ઈત્યાદિ રૂપે પ્રયોગ કરાય છે. આ પ્રમાણે પ્રદેશ દૃષ્ટાંતમાં સાત નયના અલગ અલગ અભિપ્રાયો વર્તે છે. (આઠમી શાખાના પંદરમા શ્લોકમાં આ બાબત વિસ્તારથી સમજાવવામાં આવશે. આ વાત વાચકવર્ગે ધ્યાનમાં રાખવી.) આ રીતે પ્રસ્થક અને પ્રદેશ દૃષ્ટાંતમાં અલગ અલગ નયોના અલગ અલગ અભિપ્રાયો પ્રવર્તે છે. જો બે નયના પરસ્પરવિરુદ્ધ બે અભિપ્રાયની અપેક્ષાએ વિચાર કરવાથી વસ્તુમાં સાત ભાંગા સંભવે તો ચાર, પાંચ, છ કે સાત નયોના પરસ્પર વિરુદ્ધ અનેક અભિપ્રાયોની અપેક્ષાએ વિચારણા કરવાથી તો વસ્તુમાં સાત કરતાં અધિક ભાંગા (= પ્રકાર) માનવા જ પડે. તેથી સર્વત્ર સપ્તભંગીનો નિયમ સંગત નહિ થાય. આ પ્રમાણે પૂર્વપક્ષીનું તાત્પર્ય છે.

## ❀ સપ્તભંગીમાં ભંગવૃદ્ધિ અમાન્ય ❀

[illegible] :- (अत्र.) ઉપરોક્ત સમસ્યાનું સમાધાન ગુરુભગવંતો આ પ્રમાણે આપે છે. પ્રસ્થક કે પ્રદેશ વગેરે દૃષ્ટાંતની વિચારણા વિવિધ નયોની અપેક્ષાએ કરવામાં આવે તો પણ સપ્તભંગીનો નિયમ ભાંગશે નહિ. આનું કારણ એ છે કે (૧) પ્રસ્થક, પ્રદેશ વગેરે દૃષ્ટાંતમાં કોઈ પણ એક નયને અભિપ્રેત એવા વિષયનું મુખ્યરૂપે વિધાન કરવામાં આવે ત્યારે પ્રસ્થક કે પ્રદેશ દૃષ્ટાંતની વિચારણા કરવામાં પ્રવૃત્ત થયેલાં બાકીના (૬ કે ૫ વગેરે) બધા જ નયોને જે જે અર્થ અભિપ્રેત છે તે બધા અર્થોને ગૌણ કરીને તે તમામનો નિષેધ કે ઉપેક્ષા કરવાથી પ્રદેશ વગેરે દૃષ્ટાંતમાં પ્રથમ ભાંગો (= પ્રકાર) પ્રાપ્ત થશે.

(૨) પ્રથમ ભાંગામાં જે જે નયોને સંમત એવા જે જે અર્થોનો નિષેધ કર્યો હતો, તે તમામ અર્થોને મુખ્ય બનાવી વિધાન = પ્રતિપાદન કરવામાં આવે તથા પ્રથમ ભાંગામાં જે નયના અભિપ્રેત અર્થનું મુખ્યરૂપે વિધાન કર્યું હતું તેને ગૌણ કરીને તેનો નિષેધ કે ઉપેક્ષા કરવામાં આવે ત્યારે બીજો ભાંગો પ્રાપ્ત થાય.

✻ આ.(૧)માં 'એકેક' પાઠ.

एवं यौगपद्येन, क्रमेण, क्रम-यौगपद्याभ्याञ्च तृतीयादिभङ्गेषु योज्यमिति प्रथमा सप्तभङ्गी।
तथाहि – (१) केवलम् आकुट्टितनामा प्रस्थकः नैगमनयेन प्रस्थकरूपेण अस्ति।
(२) केवलम् आकुट्टितनामा प्रस्थकः सङ्ग्रहादिनयाभिप्रायेण प्रस्थकरूपेण नास्ति।
(३) स एव युगपद् नैगम-सङ्ग्रहाद्यभिप्रायेण प्रस्थकत्वेन अवाच्यः।
(४) स एव नैगमनयेन प्रस्थकरूपेण अस्ति सङ्ग्रहादिनयाभिप्रायेण च प्रस्थकत्वेन नास्ति।
(५) स एव नैगमाभिप्रायेण प्रस्थकत्वेन अस्ति युगपद् नैगम-सङ्ग्रहाद्यभिप्रायेण चाऽवाच्यः।
(६) स एव सङ्ग्रहाद्यभिप्रायेण प्रस्थकत्वेन नास्ति युगपद् नैगम-सङ्ग्रहाद्यभिप्रायेण चाऽवाच्यः।

---

(૩) આ રીતે યુગપદ્ સર્વ નયોની કે અનેક નયોની અર્પણા કરવાથી ત્રીજો ભાંગો મળશે.

(૪) વિધિકોટિમાં એક નય અને નિષેધકોટિમાં બાકીના નયોની ક્રમશઃ અર્પણા કરવાથી ચોથો ભાંગો પ્રાપ્ત થશે.

(૫) એક નયની વિધિકોટિમાં વિવક્ષા કર્યા બાદ સાતે નયોની યુગપદ્ વિવક્ષા કરવાથી પાંચમો ભાંગો મળશે.

(૬) છ (કે પાંચ વગેરે) નયોની નિષેધકોટિમાં અર્પણા કર્યા બાદ સાતે નયોની યુગપદ્ અર્પણા કરવાથી છઠ્ઠો ભાંગો મળશે.

(૭) એક નયની વિધિકોટિમાં અર્પણા કર્યા બાદ છ (કે પાંચ) નયોની નિષેધકોટિમાં અર્પણા કરી ત્યાર બાદ સર્વ નયોની યુગપદ્ અર્પણા કરવાથી સાતમો ભાંગો મળશે. આ પ્રમાણે પ્રસ્થક, પ્રદેશ વગેરે દૃષ્ટાંતમાં પ્રથમ સપ્તભંગી પ્રાપ્ત થશે. આ રીતે બીજી, ત્રીજી વગેરે અનેક સપ્તભંગી થઈ શકે છે. પરંતુ અધિક ભાંગાને પ્રસ્તુતમાં અવકાશ રહેતો નથી.

## 卐 પ્રસ્થક દૃષ્ટાંતમાં સપ્તભંગી 卐

(**तथाहि.**) પ્રસ્થક દૃષ્ટાંતમાં નૈગમનયની મુખ્યતાએ જે પ્રથમ સપ્તભંગી સંભવી શકે છે તે આ પ્રમાણે સમજવી.

(૧) જેના ઉપર ફક્ત પ્રસ્થક તરીકેનો સિક્કો લાગેલો છે, પરંતુ ધાન્ય માપવાની ક્રિયામાં જે ગોઠવાયેલ નથી, તે પ્રસ્થક નૈગમનયના અભિપ્રાયથી પ્રસ્થકરૂપે સત્ છે.

(૨) જેના ઉપર ફક્ત પ્રસ્થક તરીકેનો સિક્કો લાગેલો છે, તે પ્રસ્થકરૂપે સંગ્રહ આદિ નયોના મતે સત્ નથી.

(૩) તે જ વસ્તુ નૈગમ, સંગ્રહ વગેરે સર્વ નયોની યુગપદ્ વિવક્ષા કરવાથી અવક્તવ્ય (=અવાચ્ય) છે.

(૪) તથા તે જ વસ્તુ (જેના ઉપર ફક્ત પ્રસ્થક તરીકેનો સિક્કો લાગેલો છે તે) નૈગમનયના અભિપ્રાયથી પ્રસ્થકરૂપે સત્ છે અને સંગ્રહ આદિ નયોના અભિપ્રાયથી પ્રસ્થકરૂપે અસત્ છે.

(૫) તે જ વસ્તુ નૈગમનયના અભિપ્રાયથી પ્રસ્થકરૂપે સત્ છે અને એકીસાથે નૈગમ, સંગ્રહ આદિ સર્વ નયોની વિવક્ષા કરવાથી અવાચ્ય છે.

(૬) તે જ વસ્તુ સંગ્રહ આદિ નયોની અપેક્ષાએ પ્રસ્થકરૂપે અસત્ છે અને સર્વ નયોની એકીસાથે

(७) स एव नैगमाभिप्रायेण प्रस्थकत्वेन अस्ति, सङ्ग्रहाद्यभिप्रायेण प्रस्थकत्वेन नास्ति, युगपद् नैगम-सङ्ग्रहाद्यभिप्रायेण चाऽवाच्यः।

तदुत्तरं सङ्ग्रहादिभ्यः नयेभ्य एकं नयमुपादाय तदर्थस्य मुख्यभावेन विधिः, इतरेषाञ्च सर्वेषामेवाऽवशिष्टानां नयानां येऽर्थाः तेषां गौणभावेन निषेधः इति द्वितीयसप्तभङ्ग्यां प्रथमो भङ्गः। प्रकृते प्रथमे भङ्गे निषिद्धानाम् उपेक्षितानां वा तत्तन्नयार्थानां मुख्यभावेन विधिः, विवक्षितैकनयार्थस्य गौणभावेन निषेध उपेक्षा वा इति द्वितीयो भङ्गः। सङ्ग्रहनयं विधिकोटौ, शेषांश्च नयान् निषेधकोटौ निवेश्य द्वितीया प्रस्थकसप्तभङ्गी एवं ज्ञेया – 'धान्यमानप्रवृत्त एव काष्ठमयः प्रस्थकः प्रस्थकरूपेण सन्' इति प्रथमः भङ्गः विधिकल्पनारूपः सङ्ग्रहाश्रयणादवसेयः।

'धान्यमानप्रवृत्त एव काष्ठनिर्मितः प्रस्थकः प्रस्थकरूपेण सन् इति न' इति द्वितीयः भङ्गः प्रतिषेधकल्पनारूपः सङ्ग्रहाभिप्रेतार्थोपसर्जनेन नैगमादिनयाश्रयणाद् विज्ञेयः, नैगमादिनयमते तदन्यस्य

---

વિવક્ષા કરવાથી અવાચ્ય છે.

(૭) તે જ વસ્તુ નૈગમનયની અપેક્ષાએ પ્રસ્થકરૂપે સત્ છે, સંગ્રહ આદિ નયોની અપેક્ષાએ પ્રસ્થકરૂપે અસત્ છે અને સર્વ નયોની એકીસાથે વિવક્ષા કરવાથી અવાચ્ય છે.

### ❈ પ્રસ્થક દૃષ્ટાંતમાં બીજી સપ્તભંગી ❈

(**तदुत्तरं.**) પ્રસ્થકના ઉદાહરણમાં ઉપર જણાવ્યા મુજબ એક સપ્તભંગી આપણને જાણવા મળી. હવે પ્રસ્થકના ઉદાહરણમાં બીજી સપ્તભંગી સંબંધી વિચાર કરીએ. પ્રથમ સપ્તભંગીમાં નૈગમનયના પ્રતિપક્ષ તરીકે જે સંગ્રહ આદિ છ કે પાંચ નયો દર્શાવ્યા હતા, તેમાંથી કોઈ પણ એક નયને (દા.ત. સંગ્રહ નયને) ગ્રહણ કરી તેના અભિપ્રેત અર્થને મુખ્ય બનાવીને તેનું વિધાન કરવામાં આવે તથા બાકીના નૈગમ આદિ છ (કે **સિદ્ધસેનદિવાકસૂરિ**મતાનુસાર[1] વ્યવહારાદિ પાંચ) નયોને જે જે અર્થ અભિપ્રેત છે તેને ગૌણ બનાવીને તેઓનો નિષેધ (= બાદબાકી કે ઉપેક્ષા) કરવામાં આવે તો બીજી સપ્તભંગીનો પ્રથમ ભાંગો પ્રાપ્ત થાય. દા.ત. ધાન્યને માપવામાં પ્રવૃત્ત થયેલા પ્રસ્થકને જ પ્રસ્થકરૂપે સ્વીકારનાર સંગ્રહનયના અભિપ્રેત અર્થને ઉદ્દેશીને બીજા પ્રકારની સપ્તભંગીનો વિચાર કરીએ તો સંગ્રહનયના મતે 'પ્રસ્થકરૂપે તે સત્ છે' - આ પ્રથમ ભાંગો છે. અહીં **શ્રીજિનભદ્રગણિક્ષમાશ્રમણ** મતાનુસાર નૈગમ આદિ છ (સંમતિકારમતાનુસાર વ્યવહારાદિ પાંચ) નયોના અભિપ્રાયને ગૌણ બનાવવામાં આવે છે અથવા તેની બાદબાકી કે ઉપેક્ષા કરવામાં આવે છે.

### ❖ એક નયની મુખ્યતા, અન્ય નયોની ગૌણતા ❖

(**'धान्य.**) પ્રસ્તુત દ્વિતીય સપ્તભંગીના પ્રથમ ભાંગામાં નૈગમ આદિ જે જે નયોના અભિપ્રેત અર્થોનો નિષેધ કે ઉપેક્ષા કરવામાં આવેલ છે, તે અર્થોને મુખ્ય બનાવીને તેનું વિધાન કરવામાં આવે તથા પ્રથમ ભાંગામાં વિધેયાત્મક વલણ અપનાવનાર નયને (સંગ્રહનયને) અભિપ્રેત એવા અર્થને ગૌણ બનાવીને તેનો નિષેધ કે ઉપેક્ષા કરવામાં આવે તો દ્વિતીય ભાંગો બીજી સપ્તભંગીમાં પ્રાપ્ત થાય. દા.ત. 'શું

---

૧. સિદ્ધસેનદિવાકરસૂરિ નૈગમને સ્વતંત્રનય નથી માનતા. આઠમી શાખાના પંદરમા શ્લોકમાં આ વાત સ્પષ્ટ થશે.

प्रस्थकपदार्थतया सम्मतत्वादेव। प्रकृते नैगम-व्यवहारादयः षड् नयाः सङ्ग्रहप्रतिपक्षरूपेण अवसातव्याः।

***न च*** सङ्ग्रहाभिमतप्रस्थकं प्रस्थकत्वेन स्वीकर्तुः ऋजुसूत्रस्य कथमत्र सङ्ग्रहप्रतिपक्षता ? इति ***शङ्कनीयम्,***

काष्ठनिर्मित-प्रस्थकप्रमितधान्यराशिमपि प्रस्थकत्वेन प्रतिपत्तुः ऋजुसूत्रनयस्य 'धान्यमानप्रवृत्त एव काष्ठमयः प्रस्थकः प्रस्थकविधया सन्' इत्यभ्युपगमपरसङ्ग्रहनयप्रतिपक्षत्वाऽनपायादित्यष्टमशाखायां (८/१५) प्रस्थकोदाहरणप्रदर्शनावसरे व्यक्तीभविष्यति।

एवम् अक्रमेण, क्रमेण, क्रमाऽक्रमाभ्याञ्च तृतीयादिभङ्गेषु योज्यमिति द्वितीया सप्तभङ्गी।

---

સંગ્રહનયને સંમત પ્રસ્થક જ પ્રસ્થક છે ?' આવી જિજ્ઞાસા કે પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે નૈગમ, વ્યવહાર, ઋજુસૂત્ર આદિ છ નયો કહે છે કે "ધાન્યને માપવામાં પ્રવૃત્ત થયેલ પ્રસ્થકને જ પ્રસ્થક કહેવાય - તેવું નથી." આનું કારણ એ છે કે તે સિવાયનો પદાર્થ નૈગમ આદિ છ નયોને પ્રસ્થક તરીકે માન્ય જ છે. આ બીજા ભાંગામાં સંગ્રહનયના અભિપ્રાયની તદ્દન ઉપેક્ષા કરવામાં આવેલ છે. તથા બાકીના છ નયોના અભિપ્રાયને મુખ્ય કરવામાં આવેલ છે.

**શંકા** :- (न च.) સંગ્રહનયને સંમત એવા પ્રસ્થકને ઋજુસૂત્રનય તો પ્રસ્થકરૂપે સ્વીકારવા તૈયાર છે. તેથી નિષેધકોટિમાં ઋજુસૂત્રનયને કઈ રીતે મૂકી શકાય ?

### ❀ પ્રસ્થક અંગે સંગ્રહ-ઋજુસૂત્રમાં મતભેદ ❀

**સમાધાન** :- (**काष्ठ.**) સંગ્રહનયને સંમત એવા પ્રસ્થકને ઋજુસૂત્ર પ્રસ્થકરૂપે સ્વીકારવા તૈયાર છે. તમારી આ વાત સાચી છે. પરંતુ ઋજુસૂત્ર તો કાષ્ઠનિર્મિત પ્રસ્થકથી મપાયેલા પ્રસ્થકપ્રમાણ ધાન્યને પણ પ્રસ્થકરૂપે માનવા તૈયાર છે. આથી 'ધાન્યને માપવામાં ગોઠવાયેલ કાષ્ઠનિર્મિત પ્રસ્થકને જ પ્રસ્થક કહેવાય' - તેવું માનવા ઋજુસૂત્ર તૈયાર નથી. આ રીતે ઋજુસૂત્ર સંગ્રહનયના અભિપ્રાયને રદિયો આપે છે. તેથી સંગ્રહની પ્રતિપક્ષકોટિમાં ઋજુસૂત્રનો સમાવેશ કરવામાં કોઈ વાંધો આવી શકે એમ નથી. આ રીતે સંગ્રહનયના પ્રતિપક્ષરૂપે નૈગમ આદિ છ નયોને એકીસાથે ગોઠવવામાં કોઈ અસંગતિ આવી શકે એમ નથી. આગળ (૮/૧૫) પ્રસ્થક ઉદાહરણ દેખાડવાના અવસરે આ બાબત સ્પષ્ટ થશે.

(**एवम्.**) આ રીતે આગળ વધતાં સંગ્રહનયના અને નૈગમ આદિ છ નયોના અભિપ્રાયનો યુગપદ્ સ્વીકાર કરવાથી અવક્તવ્ય નામનો ત્રીજો ભાંગો બીજી સપ્તભંગીમાં પ્રાપ્ત થાય છે. તથા ક્રમશઃ સર્વ નયના અભિપ્રાયની અર્પણા કરવામાં આવે તો સદ્-અસત્ નામનો ચોથો ભાંગો પ્રાપ્ત થાય છે. તથા સંગ્રહનયના અભિપ્રાયની વિવક્ષા કર્યા બાદ યુગપદ્ સર્વ નયોના અભિપ્રાયની વિવક્ષા કરવામાં આવે તો સદ્ અને અવક્તવ્ય નામનો પાંચમો ભાંગો પ્રાપ્ત થાય. નૈગમ આદિ છ નયોના અભિપ્રાયની વિવક્ષા કર્યા બાદ યુગપત્ સાતે નયોના અભિપ્રાયની વિવક્ષા કરવામાં આવે તો અસદ્ અને અવક્તવ્ય નામનો છઠ્ઠો ભાંગો પ્રાપ્ત થાય. તથા સંગ્રહનયના અભિપ્રાયની વિવક્ષા કર્યા બાદ, નૈગમ આદિ છ નયોના અભિપ્રાયની વિવક્ષા કરીને ત્યાર બાદ નૈગમ આદિ સાતે નયોના અભિપ્રાયની યુગપદ્ વિવક્ષા કરવાથી

एवं सर्वत्र प्रथमभङ्गे मुख्यभावेन विधिकोटौ नयपरावर्तनतः अवशिष्टानाञ्च सर्वेषां नयानां निषेधकोटौ प्रवेशात् प्रस्थकदृष्टान्ते सप्त सप्तभङ्ग्यः प्राप्यन्ते। प्रदेशोदाहरणेऽपि सप्त सप्तभङ्ग्यो लभ्यन्ते। एवमेव वसतिदृष्टान्तेऽपि उत्कर्षतः सप्त सप्तभङ्ग्यो विज्ञेयाः।

यद्वा प्रस्थकोदाहरणे वसतिदृष्टान्ते च चतस्र एव सप्तभङ्ग्यो विज्ञेयाः, **अनुयोगद्वार-विशेषावश्यकभाष्य-नयरहस्याद्यनुसारेण** नैगम-व्यवहारयोरभिप्रायैक्यात् शब्दादीनाञ्चाभिप्रायैक्यादित्यवधेयम्।

---

સત્, અસદ્ અને અવક્તવ્ય નામનો સાતમો ભાંગો પ્રાપ્ત થાય છે. આ રીતે પ્રસ્થક ઉદાહરણમાં બીજી સપ્તભંગી સંગ્રહ નયને અભિપ્રેત એવા પ્રસ્થકને કેન્દ્રસ્થાને રાખવાથી પ્રાપ્ત થાય છે.

### ❋ ત્રણ દૃષ્ટાંતમાં સાત નયની સાત સપ્તભંગી ❋

**(एवं.)** આ રીતે સર્વત્ર પ્રથમ ભાંગામાં વિધિ કોટિમાં અલગ અલગ નયને મુખ્યરૂપે ગોઠવી, બાકીના તમામ નયોનો નિષેધ કોટિમાં સમાવેશ કરવાથી પ્રસ્થક દૃષ્ટાંતમાં સાત નયની સાત સપ્તભંગી પ્રાપ્ત થશે. આ જ રીતે પ્રદેશ ઉદાહરણમાં પણ સાત નયની સાત સપ્તભંગી મળશે. તથા આ જ પ્રકારે વસતિ દૃષ્ટાંતમાં પણ ઉત્કર્ષથી સાત નયની સાત સપ્તભંગીઓ પ્રાપ્ત થશે - તેમ જાણવું. પ્રદેશદૃષ્ટાંત ૮ મી શાખાના પંદરમા શ્લોકમાં વિસ્તારથી જણાવાશે.

### ❋ પ્રસ્થક-વસતિ દૃષ્ટાંતમાં ચાર સપ્તભંગી ❋

**(यद्वा.)** અથવા તો એમ પણ કહી શકાય કે પ્રસ્થક ઉદાહરણમાં અને વસતિ ઉદાહરણમાં કુલ ચાર જ સપ્તભંગી પ્રાપ્ત થશે. આનું કારણ એ છે કે **અનુયોગદ્વારસૂત્ર, વિશેષાવશ્યકભાષ્ય, નયરહસ્ય** વગેરે ગ્રંથો મુજબ પ્રસ્થક અને વસતિ ઉદાહરણમાં નૈગમનયનો અને વ્યવહારનયનો અભિપ્રાય એક સરખો જ છે. આથી તે બન્ને ઉદાહરણમાં તે બન્ને નયની સપ્તભંગી અર્થતઃ અભિન્ન જ બનશે. તથા શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત નયનો પણ અભિપ્રાય પ્રસ્થક તથા વસતિ દૃષ્ટાંતમાં એકસરખો જ છે. તેથી શબ્દાદિ ત્રણ નયને ઉપરોક્ત બન્ને ઉદાહરણની સપ્તભંગીના પ્રથમ ભાંગામાં મુખ્યરૂપે વિધેયકોટિમાં રાખવાથી પ્રાપ્ત થતી સપ્તભંગી અર્થતઃ (= અર્થની અપેક્ષાએ) એકસરખી જ થશે. આમ પ્રસ્થક અને વસતિ દૃષ્ટાંતમાં કુલ ચાર સપ્તભંગી થશે. તેનો નિર્દેશ નીચે મુજબ સમજવો.

| | નયગર્ભિત પ્રસ્થક-વસતિ દૃષ્ટાંત | સપ્તભંગી |
|---|---|---|
| (૧-૩) | નૈગમ-વ્યવહાર નય | ૧ |
| (૨) | સંગ્રહનય | ૧ |
| (૪) | ઋજુસૂત્રનય | ૧ |
| (૫-૬-૭) | શબ્દ-સમભિરૂઢ-એવંભૂત નય | ૧ |
| | | કુલ = ૪ |

### ❋ વસતિ ઉદાહરણ વિચારણા ❋

**સ્પષ્ટતા** :- **અનુયોગદ્વાર, વિશેષાવશ્યકભાષ્ય, નયરહસ્ય** વગેરે ગ્રંથોમાં 'વસતિ' દૃષ્ટાંત આ મુજબ પ્રાપ્ત થાય છે. વસતિ = આધારતા. 'દેવદત્ત વસે છે' - આ પ્રમાણે વાક્ય સાંભળ્યા બાદ શ્રોતાને

**वादिदेवसूरिभिः** तु **स्याद्वादरत्नाकरे** सप्तमपरिच्छेदे "सङ्कल्पमात्रग्राहिणो नैगमस्य तावदाश्रयणाद्विधिकल्पना। प्रस्थादिसङ्कल्पमात्रं प्रस्थादि भवति, 'प्रस्थाद्यानेतुं गच्छामी'ति व्यवहारोपलब्धेः।

જિજ્ઞાસા થાય છે કે 'દેવદત્ત ક્યાં વસે છે ?' આવી જિજ્ઞાસાના શમન માટે સ્થૂલ-સૂક્ષ્મ બુદ્ધિગમ્ય અનેક પ્રકારના જવાબ પ્રાપ્ત થાય છે. (૧) દેવદત્ત ચૌદ રાજલોકમાં વસે છે. (૨) તિર્યક્ લોકમાં વસે છે. (૩) જમ્બૂદ્વીપમાં વસે છે. (૪) ભરતક્ષેત્રમાં વસે છે. (૫) ભરતક્ષેત્રના દક્ષિણાર્ધ ભાગમાં વસે છે. (૬) પાટલિપુત્રમાં વસે છે. (૭) પોતાના ઘરમાં વસે છે. (૮) પોતાના ઘરના ખૂણામાં વસે છે. (૯) પોતાના ઘરના ખૂણામાં રહેલો હોય ત્યારે દેવદત્ત ત્યાં ખાટલામાં વસે છે. આ પ્રમાણે સ્થૂલ-સૂક્ષ્મ બુદ્ધિગમ્ય વિવિધ જવાબો નૈગમ અને વ્યવહાર નય સ્વીકારે છે. આ જવાબો ઉત્તરોત્તર શુદ્ધ-શુદ્ધતર છે. તેમ છતાં સંગ્રહનય તો એમ કહે છે કે 'પોતાની પથારીમાં આરૂઢ થયેલો જ દેવદત્ત વસે છે.' ઋજુસૂત્રનય એમ કહે છે કે 'જે આકાશપ્રદેશમાં અવગાહીને દેવદત્ત રહેલ છે ત્યાં જ દેવદત્ત વસે છે.' જ્યારે શબ્દ વગેરે પાછલા ત્રણ નય એમ કહે છે કે 'દેવદત્ત પોતાના આત્મામાં જ વસે છે.' આ રીતે વસતિ દૃષ્ટાંતમાં સાત નયોના જુદા જુદા કુલ ૪ વિભિન્ન અભિપ્રાયો પ્રાપ્ત થવાથી વસતિ દૃષ્ટાંતમાં સાત નયની વિચારણા કરવામાં આવે તો કુલ ચાર સપ્તભંગી પ્રાપ્ત થાય છે.

### ✤ પ્રસ્થકની નયસપ્તભંગીમાં વાદિદેવસૂરિજીનો મત ✤

(**वादि.**) દિગ્ગજવિદ્વાન શ્વેતાંબરશિરોમણિ શ્રી**વાદિદેવસૂરિ** મહારાજે તો **સ્યાદ્વાદરત્નાકર** નામના આકર ગ્રંથના સાતમા પરિચ્છેદમાં પ્રસ્થક વગેરે દૃષ્ટાંતમાં નૈગમ આદિ નયોની અપેક્ષાએ વિવિધ પ્રકારની સપ્તભંગીઓ દર્શાવેલ છે. તેનો નિર્દેશ આ મુજબ છે. 'નૈગમનય માત્ર સંકલ્પને પણ ગ્રહણ કરે છે. અર્થાત્ વસ્તુ ઉત્પન્ન ન થયેલી હોવા છતાં પણ જો તે વસ્તુનો કોઈ વ્યક્તિ સંકલ્પ કરે તો સંકલ્પમાં (= બુદ્ધિમાં) ઉપસ્થિત થયેલ વસ્તુ પણ વાસ્તવિક (= સત્) છે. આ પ્રમાણે નૈગમનયનું મંતવ્ય છે. આમ કેવલ સંકલ્પિત વિષયને ગ્રહણ કરનાર નૈગમનયનો સૌ પ્રથમ આશ્રય કરવામાં આવે તો પ્રસ્થક વગેરે દૃષ્ટાંતમાં પ્રસ્તુત નૈગમનય વિધિકલ્પના કરે છે. દા.ત. પ્રસ્થને = પ્રસ્થકને બનાવવા માટે કોઈ સુથાર પ્રસ્થકયોગ્ય લાકડું લેવા માટે જંગલમાં જતો હોય ત્યારે કોઈ તેને પ્રશ્ન પૂછે કે 'તમે શું કરો છો ?' તો તેના જવાબમાં સુથાર એવું બોલે છે કે 'પ્રસ્થક લેવા જાઉં છું.' યદ્યપિ તે સુથાર પ્રસ્થકયોગ્ય કાષ્ઠને લેવા માટે જંગલમાં જાય છે. તો પણ તે જવાબ તો એવો જ આપે છે કે 'હું પ્રસ્થક લેવા માટે જાઉં છું.' તે વખતે કાષ્ઠનિર્મિત પ્રસ્થક નિષ્પન્ન થયેલ નથી. પરંતુ સુથારના મગજમાં પ્રસ્થક બનાવવાનો ફક્ત સંકલ્પ હાજર છે. તેથી પ્રસ્થકનો કેવલ સંકલ્પ પણ ઉપરોક્ત વ્યવહારના આધારે પ્રસ્થકરૂપે સિદ્ધ થાય છે. જંગલમાં સંયોગસંબંધથી કાષ્ઠમય પ્રસ્થક અવિદ્યમાન હોવા છતાં પણ બુદ્ધિમાં વિષયિતાસંબંધથી સંકલ્પિત પ્રસ્થક વિદ્યમાન હોવાથી બુદ્ધિસ્થ પ્રસ્થકનું પણ પ્રસ્થક તરીકે વિધાન નૈગમનય કરે છે. ટૂંકમાં, પ્રસ્થકયોગ્ય કાષ્ઠખંડ માટે સુથારનું જંગલમાં જવું, લાકડું કાપવું, છોલવું વગેરે દરેક અવસ્થામાં નૈગમનય પ્રસ્થકનું વિધાન કરે છે, પ્રતિષેધ નહિ. આમ નૈગમનયની વિધિકલ્પના જાણવી.

ननु भाविनि भूतवदुपचारात्प्रस्थादित्वेन व्यवहारस्तन्दुलेष्वोदनव्यवहारवदिति चेत् ?

न, प्रस्थादिसङ्कल्पस्य तदाऽनुभूयमानत्वेन भावित्वाऽभावात्, प्रस्थादिपरिणामाऽभिमुखस्य काष्ठस्य प्रस्थादित्वेन भावित्वात्तत्र तदुपचारस्य प्रसिद्धेः। प्रस्थादिभावाभावयोस्तु तत्सङ्कल्पस्य व्यापिनोऽनुपचरितत्वात्तत्र तद्व्यवहारो मुख्य एवेति सिद्धं नैगमस्याश्रयणाद्विधिकल्पना प्रस्थादिसङ्कल्पमात्रं प्रस्थादीति।

## ● સંકલ્પ ઔપચારિક પદાર્થ : સંભાવના ●

[illegible] :- (ननु.) નૈગમ નયની ઉપરોક્ત વાત કઈ રીતે માન્ય થઈ શકે ? કારણ કે જંગલમાં રહેલ કાષ્ઠમાં પ્રસ્થક હજી સુધી નિષ્પન્ન થયેલ નથી. પરંતુ બુદ્ધિમાં ઉપસ્થિત ભાવી પ્રસ્થકને ઉદ્દેશીને વનસ્થ કાષ્ઠમાં આરોપ કરીને સુથાર 'હું પ્રસ્થક લેવા જાઉં છું' - આવો જવાબ આપે છે. ભવિષ્યમાં થનાર વસ્તુમાં નિષ્પન્ન વસ્તુ તરીકે આરોપ થઈ શકે છે. કહેવાનો આશય એ છે કે વર્તમાનકાળમાં વસ્તુ ઉત્પન્ન થયેલ ન હોવા છતાં નજીકના ભવિષ્યકાળમાં જો તે ઉત્પન્ન થવાની હોય તો 'भाविनि भूतवत्' ન્યાયથી 'તે વસ્તુ નિષ્પન્ન થયેલ છે, હાજર છે' - એવો વ્યવહાર પ્રામાણિક મનાય છે. જેમ કે કોઈ માણસ ચોખાને રાંધતો હોય અને કોઈ તેને પ્રશ્ન પૂછે કે 'તમે શું કરો છો ?' તો તે તેને જવાબ આપે છે કે 'હું ભાત રાંધુ છું.' યદ્યપિ ત્યારે ચોખા ભાતરૂપે તૈયાર થયા નથી. પરંતુ ભવિષ્યમાં તે ચોખા ભાતરૂપે પરિણમવાના છે. મતલબ કે તંદુલ = ચોખા વર્તમાનકાલીન છે. ભાત ભવિષ્યકાલીન છે. આમ ભવિષ્યકાલીન ભાતને ઉદ્દેશીને ચોખામાં નિષ્પન્ન થયેલ એવા ભાતની જેમ વ્યવહાર તે માણસ કરે છે. બરાબર આ જ રીતે પ્રસ્તુતમાં કહી શકાય કે ભવિષ્યકાલીન પ્રસ્થકને ઉદ્દેશીને નિષ્પન્ન થયેલ પ્રસ્થકના જેવો આરોપ વનસ્થ કાષ્ઠમાં કરીને જાણે પ્રસ્થક નિષ્પન્ન થયો હોય એમ જોતો-જાણતો તે સુથાર બોલે છે કે 'હું પ્રસ્થકને લેવા જાઉં છું' - આમ પ્રસ્તુતમાં જે પ્રસ્થકયોગ્ય કાષ્ઠ વર્તમાનમાં પ્રસ્થક નથી, તેમાં પ્રસ્થકનો આરોપ કરીને ઉપરોક્ત વ્યવહાર થાય છે. તેથી સંકલ્પિત પ્રસ્થકને વાસ્તવિક પ્રસ્થકરૂપે કઈ રીતે સ્વીકારી શકાય ?

## ❀ સંકલ્પિત પ્રસ્થક પણ વાસ્તવિક : નૈગમનય ❀

[illegible] :- (न.) તમારો પ્રશ્ન વ્યાજબી નથી. કારણ કે જંગલમાં પ્રસ્થકયોગ્ય કાષ્ઠને લેવા જનાર સુથારના મગજમાં પ્રસ્થક વગેરેનો સંકલ્પ ત્યારે અનુભૂયમાન છે. ત્યારે પ્રસ્થકનો સંકલ્પ અનુભવનો વિષય બનતો હોવાથી ભવિષ્યકાલીન નથી, પરંતુ વર્તમાનકાલીન છે. વિષયિતાસંબંધથી પ્રસ્થક ત્યારે સંકલ્પમાં રહેતો હોવાથી સંકલ્પિત પ્રસ્થકને ઉપચરિત ન કહેવાય, પણ વાસ્તવિક જ કહેવાય. વળી, મહત્ત્વની વાત તો એ છે કે પ્રસ્થક તરીકેનો ઉપચાર સંકલ્પમાં ન થાય, પરંતુ કાષ્ઠ વગેરેમાં થાય. જે લાકડું પ્રસ્થકપરિણામની અભિમુખ હોય, નજીકના સમયમાં પ્રસ્થક તરીકે બનવાનું હોય તેવા કાષ્ઠમાં પ્રસ્થક તરીકેનો ઉપચાર ઉપરોક્ત 'भाविनि भूतवत्' ન્યાયથી થઈ શકે છે. આ પ્રમાણે લોકમાં પ્રસિદ્ધિ છે. પરંતુ કાષ્ઠનિર્મિત પ્રસ્થક હાજર હોય કે ન હોય. - આ બન્ને અવસ્થામાં પ્રસ્થકનો સંકલ્પ તો નિર્વિવાદપણે સુથાર વગેરે લોકોને થતો જ હોય છે. ઉપરોક્ત બન્ને અવસ્થામાં પ્રસ્થકનો સંકલ્પ સમાન રીતે વ્યાપેલો જોવા મળે છે. તેથી પ્રસ્થકના સંકલ્પમાં પ્રસ્થક તરીકેનો વ્યવહાર ગૌણ (= ઉપચરિત = આરોપિત) નથી, પણ મુખ્ય જ છે. આ પ્રમાણે સિદ્ધ થાય છે. આમ સંકલ્પમાત્રગ્રાહક નૈગમનયના અભિપ્રાયનો

सङ्ग्रहाश्रयणात्तु प्रतिषेधकल्पना 'न प्रस्थादिसङ्कल्पमात्रं प्रस्थादि, सन्मात्रस्य तथाप्रतीतेः, असतः प्रतीतिविरोधादि'ति।

व्यवहाराश्रयणात्तु द्रव्यस्य तथोपलब्धिरद्रव्यस्यासतः सतो वा प्रत्येतुमशक्तेः, पर्यायस्य तदात्मकत्वात्, अन्यथा द्रव्यान्तरत्वप्रसक्तेः।

---

આશ્રય કરવાથી પ્રસ્થક વગેરેનો કેવલ સંકલ્પ પ્રસ્થકરૂપે સત્ (= વાસ્તવિક) જ છે. આ પ્રમાણે સપ્તભંગીના પ્રથમ વિધિભંગ (= વિધેયાત્મક પ્રકાર) ની કલ્પના સમજવી. (કહેવાનો આશય એ છે કે 'પ્રસ્થકનો સંકલ્પ પ્રસ્થક તરીકે સત્ છે કે અસત્ ?' આવી જિજ્ઞાસા ઉપસ્થિત થાય ત્યારે નૈગમનય વિધેયાત્મક જવાબ આપતા જણાવે છે કે 'પ્રસ્થકનો સંકલ્પ પ્રસ્થકત્વરૂપે સત્ છે, અસત્ નહિ.')

## ❈ પ્રસ્થક અંગે સંગ્રહનયનો મત ❈

(**सङ्ग्रहा.**) જ્યારે સંગ્રહનયનો આશ્રય કરવામાં આવે તો તે નિષેધાત્મક જવાબ આપે છે. અર્થાત્ 'પ્રસ્થક વગેરેનો સંકલ્પ પ્રસ્થક વગેરે રૂપે સત્ છે કે અસત્ ?' આવી જિજ્ઞાસાનો જવાબ આપતા સંગ્રહનય કહે છે કે 'પ્રસ્થક વગેરેનો કેવલ સંકલ્પ એ પ્રસ્થક વગેરે સ્વરૂપ નથી. કારણ કે તમામ સત્ પદાર્થમાં તેવા પ્રકારની પ્રતીતિ થઈ શકે છે. કોઈ પણ સત્ પદાર્થમાં પ્રસ્થક તરીકેની કલ્પના કરવી તે માણસની ઈચ્છાને આધીન છે. તથા અસત્ વસ્તુની તો પ્રતીતિ થવામાં જ વિરોધ છે. તેથી ઉપર જણાવ્યા મુજબ તમામ સત્ પદાર્થમાં યથેચ્છપણે પ્રસ્થક વગેરેનો સંકલ્પમાત્ર કરવા માટે કોઈને કશોય વિરોધ ન હોઈ શકે. આ રીતે કેવલ નૈગમસંમત પ્રસ્થક જ પ્રસ્થકરૂપે છે - તેવું નથી. આમ સંગ્રહનયની અપેક્ષાએ સપ્તભંગીના બીજા ભંગ સ્વરૂપ નિષેધની કલ્પના કરવામાં આવે છે.

## ❈ પ્રસ્થક અંગે વ્યવહારનયનું મંતવ્ય ❈

(**व्यवहारा.**) વ્યવહારનયનો આશ્રય કરવામાં આવે તો તેનું મંતવ્ય એમ છે કે 'દ્રવ્ય જ પ્રસ્થક વગેરે સ્વરૂપે ઉપલબ્ધ થાય છે. જે (પ્રસ્થકવિષયક સંકલ્પ વગેરે) દ્રવ્ય સ્વરૂપ ન હોય તે પદાર્થ ચાહે સત્ હોય કે ચાહે અસત્ હોય તેને જાણવાની આપણામાં કોઈ શક્તિ નથી. તેથી પ્રસ્થક કેવલ સંકલ્પવિશેષાત્મક નથી. પરંતુ દ્રવ્યાત્મક જ છે. તથા પર્યાય પણ દ્રવ્યાત્મક જ છે. જો પર્યાયને દ્રવ્યાત્મક માનવામાં ન આવે તો દ્રવ્યાન્તરને સ્વીકારવાની આપત્તિ આવે.' આ પ્રમાણે વ્યવહારનયનો અભિપ્રાય નૈગમ અને સંગ્રહ નયના અભિપ્રાય કરતાં જુદો પડે છે.

## ✡ નૈગમ-સંગ્રહવિરુદ્ધ વ્યવહારનય ✡

**આધ્યાત્મિક ઉપનય** :- પ્રસ્થકયોગ્ય કાષ્ઠને જંગલમાં લેવા જતી વખતે સુથારના મગજમાં ઉપસ્થિત થતા પ્રસ્થકના સંકલ્પને પણ નૈગમનય વાસ્તવિક પ્રસ્થક તરીકે ગણાવે છે. 'તમામ સત્ પદાર્થમાં કોઈ પણ વ્યુત્પન્ન વ્યક્તિને તમામ અવસ્થામાં પ્રસ્થકનો સંકલ્પ થઈ શકતો હોવાથી નૈગમને સંમત પ્રસ્થક જ પ્રસ્થક છે - તેવું નથી' આ પ્રમાણે જણાવીને સંગ્રહનય નૈગમનયના અભિપ્રાયનું ખંડન કરે છે. જ્યારે નૈગમ અને સંગ્રહ - આ બન્ને નયના મંતવ્યનું વ્યવહારનય ખંડન કરે છે. વ્યવહારનય કહે છે કે 'વિશેષ પ્રકારના દ્રવ્યમાં જ પ્રસ્થકની બુદ્ધિ લોકવ્યવહારમાં પ્રસિદ્ધ છે. નૈગમસંમત પ્રસ્થકસંકલ્પ દ્રવ્યસ્વરૂપ નથી. માટે તેને પ્રસ્થક કહી નહીં શકાય. તથા તમામ સત્ પદાર્થમાં પ્રસ્થક તરીકેની બુદ્ધિ

ऋजुसूत्राश्रयणात्तु पर्यायमात्रस्य प्रस्थादित्वेनोपलब्धिः, अन्यथा प्रतीत्यनुपपत्तेरिति।

शब्दाश्रयणात्पुनः कालादिभेदाद् भिन्नस्यार्थस्य प्रस्थादित्वमन्यथातिप्रसङ्ग इति।

થવાની જે આપત્તિ નૈગમની સામે સંગ્રહનય દેખાડે છે, તે પણ વ્યાજબી નથી. કારણ કે દ્રવ્યભિન્ન પદાર્થ ચાહે સત્ હોય કે ચાહે અસત્ હોય, તેની પ્રતીતિ આપણને થઈ શકતી નથી. માટે તમામ શિષ્ટ પુરુષોને પ્રસ્થક તરીકેની બુદ્ધિ જેમાં થાય છે, તેવા દ્રવ્યમાત્રને પ્રસ્થકરૂપે માનવું વ્યાજબી છે.' આ પ્રમાણે વ્યવહારનય પોતાનું મંતવ્ય વ્યક્ત કરે છે.

વ્યવહારનય દ્રવ્યાર્થિક હોવાથી ફક્ત દ્રવ્યને જ મુખ્યપણે સ્વીકારે છે. સ્વતંત્ર પર્યાયનો સ્વીકાર વ્યવહારનય કરતો નથી. લોકવ્યવહારમાં જે જે પર્યાયની પ્રતીતિ થાય છે તે પર્યાય વાસ્તવમાં દ્રવ્યથી ભિન્ન નથી પણ દ્રવ્યાત્મક જ છે. જો પર્યાયને પ્રસિદ્ધ દ્રવ્ય કરતાં સ્વતંત્ર માનવામાં આવે તો ધર્માસ્તિકાય વગેરે આગમપ્રસિદ્ધ છ દ્રવ્ય કરતાં અતિરિક્ત સાતમા દ્રવ્યનો સ્વીકાર કરવાની સમસ્યા સર્જાય. તેથી પ્રસ્થકની પર્યાયરૂપે જેને પ્રતીતિ થતી હોય તે માણસે પણ સમજી રાખવું જોઈએ કે પર્યાયરૂપે પ્રતીયમાન પ્રસ્થક પણ વસ્તુતઃ પુદ્ગલાસ્તિકાય નામના સ્કન્ધદ્રવ્ય સ્વરૂપ જ છે. આ પ્રમાણે વ્યવહારનયનું પ્રસ્થક અંગેનું મંતવ્ય **વાદિદેવસૂરિજી** મહારાજ સ્પષ્ટ કરે છે.

## ❊ પ્રસ્થક અંગે ઋજુસૂત્રનયનો અભિપ્રાય ❊

**(ऋजुसूत्रा.)** **શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિજી**, **શ્રીવાદિદેવસૂરિજી** આદિ તાર્કિક પૂર્વાચાર્યોના અભિપ્રાય મુજબ ઋજુસૂત્રનય પર્યાયાર્થિકનય છે. તેથી ઋજુસૂત્રનયનો આશ્રય કરવામાં આવે તો દ્રવ્ય નહિ પણ ફક્ત પર્યાય જ પ્રસ્થક તરીકે માન્ય બની શકે. કારણ કે ફક્ત પર્યાય જ પ્રસ્થક વગેરે સ્વરૂપે જણાય છે. જો પર્યાયભિન્ન કેવલ સ્વતંત્ર દ્રવ્ય જ પ્રસ્થક તરીકે માન્ય કરવામાં આવે તો પ્રસ્થક તરીકેની સત્ય પ્રતીતિ અસંગત થઈ જાય. કારણ કે પર્યાયભિન્ન દ્રવ્ય નામનો સ્વતંત્ર પદાર્થ જ આ વિશ્વમાં નથી. આ રીતે વ્યવહારનયના મંતવ્યનું ખંડન કરી ઋજુસૂત્રનય પર્યાયસ્વરૂપ પ્રસ્થકની સિદ્ધિ કરે છે.

## ❂ પ્રસ્થક વિશે શબ્દનયનો અભિગમ ❂

**(शब्दाश्रयणा.)** શબ્દનય ઋજુસૂત્રનયની જેમ પર્યાયાર્થિક છે. તેમ છતાં તે કાલ, લિંગ, વિભક્તિ, વચન અને પુરુષ - આ પાંચના ભેદથી વસ્તુનો ભેદ માને છે. તેથી ઋજુસૂત્રનય જે પર્યાયને પ્રસ્થક તરીકે ઓળખાવે છે, તે પર્યાય કાલભેદ, લિંગભેદ, વિભક્તિભેદ, વચનભેદ કે પુરુષભેદ (પ્રથમ પુરુષ, દ્વિતીય પુરુષ આદિ) થાય તો પ્રસ્થક તરીકે રહેતો નથી. ચોક્કસ પ્રકારના કાળ (વર્તમાન કાળ), ચોક્કસ પ્રકારના લિંગ (પુંલિંગ) વગેરે હોય તો જ ઋજુસૂત્રસંમત પ્રસ્થકપર્યાયને શબ્દનય પ્રસ્થક તરીકે માનવા તૈયાર છે. અન્યથા અતિપ્રસંગ આવે.

[redacted] :- 'અન્યથા અતિપ્રસંગ આવે'- આવું કહેવા દ્વારા શબ્દનય એવું કહેવા માંગે છે કે (૧) કાલભેદ હોવા છતાં જો વસ્તુ એક હોય તો પૂર્વકાળના તીર્થંકર અને વર્તમાનકાળના સામાન્ય જન એક થવાની આપત્તિ આવશે. (૨) જો લિંગભેદ હોવા છતાં વસ્તુ એક હોય તો સ્ત્રી અને પુરુષ પણ એક થવાની આપત્તિ આવશે. (૩) જો વિભક્તિભેદ હોવા છતાં વસ્તુ એક હોય તો 'રામને' તથા 'લક્ષ્મણનું' - આવા સ્થળે વિભક્તિ વિભિન્ન હોવા છતાં રામ અને લક્ષ્મણ એક થવાની આપત્તિ

समभिरूढाश्रयणात्पर्यायभेदेन भिन्नस्यार्थस्य प्रस्थादित्वम्, इतरथाऽतिप्रसक्तिरिति।
एवम्भूताश्रयणात्प्रस्थानादिक्रियापरिणतस्याऽर्थस्य प्रस्थादित्वम्, अन्यथाऽतिप्रसङ्ग इति।

આવશે. (૪) જો વચનભેદ હોવા છતાં વસ્તુ ન બદલાય તો 'છોકરાઓ' (આવું બહુવચનગર્ભિત પદ) તથા 'ઘડો' (આવું એકવચનગર્ભિત પદ) જ્યાં બોલવામાં આવશે ત્યાં પણ અર્થનો અભેદ માનવો પડશે. (૫) જો પુરુષભેદ હોવા છતાં વસ્તુ એક હોય તો 'હું અને તું' આવા શબ્દના અર્થમાં પણ અભેદ માનવો પડશે. આ અતિપ્રસંગ હોવાના કારણે ચોક્કસ પ્રકારના કાલ, લિંગ વગેરેથી વિશિષ્ટ એવા જ પર્યાયવિશેષને પ્રસ્થક તરીકે શબ્દનય સ્વીકારે છે.

## પ્રસ્થક દૃષ્ટાંતમાં સમભિરૂઢનયનું વક્તવ્ય

**(समभिरूढा.)** (શબ્દનય કરતાં સમભિરૂઢનય વધારે સૂક્ષ્મ દૃષ્ટિને ધારણ કરીને કહે છે કે જેમ કાળ, લિંગ વગેરેના ભેદથી વસ્તુ બદલાય છે તેમ શબ્દ (= સંજ્ઞા કે સંકેત) બદલાઈ જાય એટલે ચોક્કસપણે અર્થ બદલાય જ છે. અર્થાત્ સમભિરૂઢનયના મતે પર્યાયવાચક શબ્દોનું અસ્તિત્વ જ આ વિશ્વમાં નથી. તેથી) સમભિરૂઢનયનો આશ્રય કરવામાં આવે તો પર્યાયશબ્દ બદલાય એટલે પ્રસ્થક અર્થ પણ બદલાઈ જાય છે. જો પર્યાયશબ્દ બદલાવા છતાં પણ અર્થ બદલાતો ન હોય તો અનેક પર્યાયશબ્દોનો વાચ્યાર્થ એક બની જવાથી ઘટ શબ્દના વાચ્યાર્થમાં કુંભાદિ શબ્દના વાચ્યાર્થનો સંક્રમ થવાની આપત્તિ આવશે. અને જો ઈષ્ટાપત્તિરૂપે સ્વીકારવામાં આવે તો ઘટાદિરૂપ અર્થમાં પટ શબ્દના વાચ્યાર્થનો પણ સંક્રમ થવાની સમસ્યા સર્જાશે. કારણ કે એક શબ્દથી વાચ્ય એવી વસ્તુમાં અન્ય શબ્દના વાચ્યાર્થનો અભેદ તમે (ઘટશબ્દના અને કુંભાદિ શબ્દના અર્થમાં અભેદ માનવા દ્વારા) સ્વીકારેલ છે.

## ❖ પ્રસ્થક : એવંભૂતનયની દૃષ્ટિમાં ❖

**(एवम्भूता.)** એવંભૂતનયનો આશ્રય કરવાથી એમ કહી શકાય કે પ્રસ્થાન (ધાન્યને માપવાની ક્રિયા) આદિ ક્રિયાથી પરિણત થયેલો અર્થ જ પ્રસ્થક આદિ સ્વરૂપે સત્ છે. જો આવું માનવામાં ન આવે તો અતિપ્રસંગ આવે.

## ક્રિયાથી અપરિણત વસ્તુ મિથ્યા : એવંભૂત

**[illegible]** :- 'જો કાળ, લિંગ આદિના ભેદથી અર્થનો ભેદ શબ્દનય માન્ય કરે તથા શબ્દભેદથી (= પર્યાયવાચક સંજ્ઞાના બદલાવાથી) જો અર્થનો ભેદ સમભિરૂઢનય માન્ય કરે તો ક્રિયાના ભેદથી પણ અર્થનો ભેદ વાસ્તવિક રીતે માનવો જરૂરી બની જાય છે' - આ પ્રમાણે એવંભૂતનય પોતાનું મંતવ્ય વ્યક્ત કરે છે. એવંભૂતનય તો આગળ વધીને ત્યાં સુધી જણાવે છે કે 'કાળ, લિંગ વગેરે ન બદલાય તથા પર્યાયવાચક શબ્દ ન બદલાય તેમ છતાં જો વસ્તુગત ક્રિયા બદલાઈ જાય તો અવશ્યપણે વસ્તુ બદલાઈ જાય.' તેથી એવંભૂતનયના મતે ધાન્યને માપવામાં વ્યવસ્થિતપણે પ્રવૃત્ત થયેલ પ્રસ્થક જ પ્રસ્થક છે. ધાન્ય માપવાની ક્રિયાથી પરિણત ન હોય તે પ્રસ્થક તરીકે એવંભૂતનયને માન્ય નથી. જ્યારે કાષ્ઠનિર્મિત પાત્રવિશેષ ધાન્ય માપવાની ક્રિયામાં પ્રવૃત્ત ન હોય તે સમયે પણ જો તેને પ્રસ્થક તરીકે સ્વીકારવામાં આવે તો અનાજ માપવાની ક્રિયાને નહિ કરતા બારી, બારણા, ખુરશી વગેરે પદાર્થોને પણ પ્રસ્થક તરીકે સ્વીકારવાની આપત્તિ આવશે. માટે તે તે ક્રિયાથી અપરિણત વસ્તુ તે

तथा स्यादुभयं क्रमार्पितोभयनयार्पणात्।
स्यादवक्तव्यम्, सहार्पितोभयनयाश्रयणात्।
अवक्तव्योत्तराः शेषास्त्रयो भङ्गा यथायोगमुदाहार्याः।

---

-તે પદાર્થ સ્વરૂપે મિથ્યા છે. આવું એવંભૂતનય કહે છે.

આ રીતે આપણે જોઈ શકીએ છીએ કે દરેક નય પ્રસ્થક અંગે અલગ અલગ મંતવ્ય ધરાવે છે. તેથી વિધિકોટિમાં નૈગમનયને અને નિષેધકોટિમાં સંગ્રહ આદિ છ નયમાંથી કોઈ પણ એક નયને મૂકવામાં આવે તો વિધિકોટિનો સત્રૂપે પ્રથમ ભાંગો અને નિષેધકોટિનો અસદ્રૂપે બીજો ભાંગો પ્રસ્થક ઉદાહરણની સપ્તનયગર્ભિત સપ્તભંગીમાં પ્રાપ્ત થાય છે.

### ❖ પ્રસ્થક સપ્તભંગીનો ત્રીજો - ચોથો ભાંગો ❖

**(तथा.)** તથા જો નૈગમનયની પ્રથમ વિવક્ષા કરી ત્યાર બાદ બાકીના છ નયોમાંથી કોઈ એક નયની વિવક્ષા કરવામાં આવે તો પ્રસ્થક કથંચિત્ સત્ અને કથંચિત્ અસત્ છે.

[illegible] :- 'પ્રસ્થકવિષયક કેવલ સંકલ્પ (= બુદ્ધિ) નૈગમનયની દૃષ્ટિએ પ્રસ્થક તરીકે સત્ છે કે અસત્ ?' તથા 'સંગ્રહ આદિ છ નયમાંથી કોઈ પણ એક નયની દૃષ્ટિએ તે સંકલ્પ પ્રસ્થકરૂપે સત્ છે કે અસત્ ? આવા પ્રકારના બે ક્રમિક પ્રશ્ન કે જિજ્ઞાસા ઉપસ્થિત થાય ત્યારે **વાદિદેવસૂરિજી** મહારાજ સમાધાનરૂપે એવું જણાવે છે કે "પ્રસ્થકગોચર કેવલ સંકલ્પ નૈગમનયના અભિપ્રાયથી પ્રસ્થકરૂપે સત્ છે અને સંગ્રહ આદિ છ નયમાંથી કોઈ પણ એક નયને લઈએ તો તેના અભિપ્રાયથી તે પ્રસ્થકરૂપે અસત્ છે." પ્રસ્થકસંબંધી નયસપ્તભંગીનો આ ત્રીજો ભાંગો છે.

**(स्याद.)** તે જ રીતે નૈગમની સાથે સંગ્રહાદિમાંથી કોઈ પણ એક - એમ બે નયના અભિપ્રાયનો એકીસાથે આશ્રય કરવામાં આવે તો તે જ વસ્તુ કથંચિત્ અવક્તવ્ય બની જાય છે.

[illegible] :- 'પ્રસ્થકગોચર કેવલ સંકલ્પ એકીસાથે નૈગમ અને સંગ્રહ આદિ છ નયમાંથી કોઈ એક નયની દૃષ્ટિએ વિચારીએ તો તે પ્રસ્થકરૂપે સત્ છે કે અસત્ ?' - આવી જિજ્ઞાસાનું શમન કરવા માટે એમ કહી શકાય કે 'ત્યારે તે સંકલ્પ કથંચિત્ અવક્તવ્ય છે.'

### ❊ પ્રસ્થક સપ્તભંગીમાં શેષ ત્રણ ભાંગા ❊

**(अवक्तव्यो.)** જેના છેડે અવક્તવ્ય શબ્દ આવે છે તેવા બાકીના ત્રણ ભાંગા યથાયોગ્ય રીતે અહીં કહેવા.

[illegible] :- પાંચમો ભાંગો 'સત્ અને અવક્તવ્ય' છે. છઠ્ઠો ભાંગો 'અસદ્ અને અવક્તવ્ય' છે. સાતમો ભાંગો 'સત્, અસત્ અને અવક્તવ્ય' છે. આમ આપણે જોઈ શકીએ છીએ કે છેલ્લા ત્રણ ભાંગાની શરૂઆતમાં જુદા જુદા શબ્દો હોવા છતાં પણ તે ત્રણેય ભાંગાના છેડે 'અવક્તવ્ય' શબ્દ અનુગત છે. નયનો નિર્દેશ કરવા પૂર્વક પ્રસ્થક ઉદાહરણમાં ગોઠવીને છેલ્લા ત્રણ ભાંગાને જણાવવા હોય તો એમ કહી શકાય કે (૫) પ્રસ્થકગોચર સંકલ્પ નૈગમનયની દૃષ્ટિએ પ્રસ્થકરૂપે સત્ છે. તથા નૈગમની સાથે સંગ્રહ આદિ છ નયોમાંથી કોઈ પણ એક નયની યુગપદ્ વિવક્ષા કરવાથી તે અવક્તવ્ય છે. (૬) સંગ્રહાદિ છ નયોમાંથી કોઈ પણ નયને ગ્રહણ કરો તો તેની દૃષ્ટિએ પ્રસ્થકગોચર સંકલ્પ પ્રસ્થકરૂપે અસત્ છે તથા નૈગમની સાથે સંગ્રહ આદિ છ નયોમાંથી કોઈ પણ એક નયની યુગપદ્ અર્પણા કરવામાં

इत्येताः षट् सप्तभङ्ग्यो नैगमस्य सङ्ग्रहादिभिः षड्भिः सह वचनाज्जाताः" (प्र.न.त.७/५३ स्या. रत्ना.पृ.१०७०) इति निरूपितमिति भावनीयम्।

**श्रीवादिदेवसूरि**मते नैगमस्य सङ्ग्रहादिभिः षड्भिः प्रत्येकं सह व्रजनात् षडिव सङ्ग्रहस्य व्यवहारादिभिः पञ्च, व्यवहारस्य ऋजुसूत्रादिभिः चतस्रः इत्येवं क्रमेण एकविंशतिः मूलनयसप्तभङ्ग्यः

આવે તો તે અવક્તવ્ય છે. (૭) પ્રસ્થકગોચર સંકલ્પ નૈગમનયની વિવક્ષાથી પ્રસ્થકરૂપે સત્ છે, સંગ્રહાદિ છ નયમાંથી કોઈ પણ એક નયને ગ્રહણ કરો તો તેની વિવક્ષાથી પ્રસ્થકરૂપે અસત્ છે તથા નૈગમની સાથે સંગ્રહ આદિ છ નયોમાંથી કોઈ પણ એક નયની યુગપદ્ વિવક્ષાથી તે અવક્તવ્ય છે.

### ✠ પ્રસ્થકદૃષ્ટાંતમાં છ નયસપ્તભંગી : વાદિદેવસૂરિજી ✠

(**इत्येताः**.) આ પ્રમાણે પ્રસ્થક ઉદાહરણમાં નૈગમનયનું સંગ્રહ આદિ છ નયોની સાથે જોડાણ કરીને બોલવાથી છ સપ્તભંગીઓ પ્રાપ્ત થાય છે." આ પ્રમાણે **વાદિદેવસૂરિ** મહારાજે **સ્યાદ્વાદરત્નાકર** નામના ગ્રંથમાં જે જણાવેલ છે તેના વિશે વાચકવર્ગે ઊંડાણથી ભાવના કરવી.

**સ્પષ્ટતા** :- **વાદિદેવસૂરિ** મહારાજના મત મુજબ પ્રસ્થક દૃષ્ટાંતમાં નયસપ્તભંગીનો વિચાર કરીએ તો નૈગમનયની સાથે સંગ્રહાદિ છ નયનું જોડાણ કરવાથી છ પ્રકારની સપ્તભંગી નીચે મુજબ પ્રાપ્ત થાય છે.

*પ્રસ્થક દૃષ્ટાંતમાં છ નયસપ્તભંગીઓ*

| વિધિકોટિ | નિષેધકોટિ | સપ્તભંગી |
|---|---|---|
| નૈગમનય | સંગ્રહનય | ૧ |
| નૈગમનય | વ્યવહારનય | ૧ |
| નૈગમનય | ઋજુસૂત્રનય | ૧ |
| નૈગમનય | શબ્દનય | ૧ |
| નૈગમનય | સમભિરૂઢનય | ૧ |
| નૈગમનય | એવંભૂતનય | ૧ |
| | | કુલ = ૬ |

### ✡ કુલ ૨૧ મૂલનયસપ્તભંગીનો અતિદેશ ✡

(**श्रीवादि.**) શ્રી**વાદિદેવસૂરિજી**ના મત મુજબ, વિધિકોટિમાં નૈગમને ગોઠવી પ્રતિષેધકોટિમાં સંગ્રહાદિ છ નયને ગોઠવવાથી જે રીતે છ સપ્તભંગી મળી તે જ રીતે વિધિકોટિમાં સંગ્રહને ગોઠવી તેની સામે વ્યવહારાદિ પાંચ નયને પ્રતિષેધકોટિમાં ગોઠવવાથી પાંચ સપ્તભંગી મળશે. તથા વિધિકોટિમાં વ્યવહાર નયને રાખી પ્રતિપક્ષરૂપે ઋજુસૂત્રાદિ ચાર નયને ગોઠવવાથી ચાર સપ્તભંગી મળશે. આ રીતે આગળ ત્રણ, બે અને એક સપ્તભંગી મળશે. તેથી શ્રીવાદિદેવસૂરિજી મહારાજના મત મુજબ પ્રસ્તુત પ્રસ્થક દૃષ્ટાંતમાં મૂલનયની કુલ ૨૧ સપ્તભંગી મળશે. તથા ઊલટા ક્રમથી વિચારીએ તો વિધિકોટિમાં એવંભૂત નયને અને નિષેધકોટિમાં નૈગમાદિ છ નયોને ગોઠવવાથી છ સપ્તભંગી પ્રસ્થક દૃષ્ટાંતમાં મળશે. એ જ રીતે વિધિકોટિમાં સમભિરૂઢને ગોઠવી બાકીના (એવંભૂત સિવાયના) પાંચ નયોને લેવાથી પાંચ

इत्यस्यामेव शाखायाम् उत्तरश्लोके (४/१४) वक्ष्यते।

अस्माभिस्त्विह नैगमस्य शिष्टैः सर्वैः प्रतिपक्षनयैः सङ्ग्रहादिभिस्सह एका, सङ्ग्रहस्य नैगमादिभिः सर्वैः सह द्वितीयेत्येवं सप्त मूलनयसप्तभङ्ग्यः उक्ताः, **नयरहस्याद्य**नुसारेण तु चतस्र एव ताः दर्शिताः इत्यपेक्षाभेदेन नास्त्यत्र कश्चिद् विरोधः। प्रतिपक्षकोटौ पृथक्पृथग्नयप्रवेशे एकविंशतिः मीलितनयप्रवेशे च सप्त चतस्रो वा मूलनयसप्तभङ्ग्यः सङ्गच्छन्त एव इति तात्पर्यम्।

इत्थञ्च प्रस्थकोदाहरणे **वादिदेवसूरि**मते नैगमाद्यभिप्रायाः सप्त, **नयरहस्यकृ**न्मते चत्वारः एव, नैगम-व्यवहारयोः शब्द-समभिरूढैवम्भूतनयानां च प्रत्येकं समानाऽभिप्रायत्वात्। ततश्च **नयरहस्या-**

---

સપ્તભંગી મળશે. આ રીતે ઊલટા ક્રમથી સાતેય નયોને વિચારવાથી પણ કુલ ૨૧ જ મૂલનયસપ્તભંગી પ્રસ્થક ઉદાહરણમાં મળી શકશે. આ રીતે ઉત્તર નયોમાં પણ વિચારવું. આ બાબતની વિશેષ છણાવટ આ જ શાખાના ૧૪ મા શ્લોકની વ્યાખ્યામાં **સ્યાદ્વાદરત્નાકર** ગ્રંથનો સંવાદ વિચારતી વખતે આપણે કરશું. (જુઓ પૃષ્ઠ-૫૫૨) આ બાબતની વાચકવર્ગે નોંધ રાખવી.

## ✱ વિભિન્ન મતોમાં વિરોધનો પરિહાર ✱

**(अस्मा.) વાદિદેવસૂરિ** મહારાજનો મત ઉપરોક્ત પદ્ધતિ મુજબ આપણે સમજી ગયા. જ્યારે દ્રવ્યાનુયોગપરામર્શ- કર્ણિકામાં અમે 'વિધિકોટિગત નૈગમનયની બાકીના સંગ્રહાદિ તમામ નિષેધકોટિગત નયોની સાથે ગોઠવણ કરવાથી એક સપ્તભંગી મળે. વિધિકોટિમાં સંગ્રહનયને તથા નિષેધકોટિમાં નૈગમાદિ સર્વ નયોને ગોઠવવા દ્વારા સંગ્રહનયની બીજી સપ્તભંગી મળે. આ ક્રમથી પ્રસ્તુત પ્રસ્થક દૃષ્ટાંતમાં સાતે નયની ભેગી થઈને કુલ સાત સપ્તભંગી અથવા નયરહસ્ય વગેરે ગ્રંથ મુજબ ચાર સપ્તભંગી પ્રાપ્ત થશે' - તેમ જણાવેલ છે. આ બન્ને બાબતમાં પરમાર્થથી કોઈ પણ પ્રકારનો વિરોધ રહેલો નથી. કેમ કે જુદી જુદી અપેક્ષાએ ઉપરોક્ત સપ્તભંગી સંગત થઈ શકે છે. તે આ રીતે : વાદિદેવસૂરિ મહારાજે વિધેયકોટિમાં નૈગમનય ગોઠવી નિષેધકોટિમાં ફક્ત એક-એક સંગ્રહ આદિ છ નયને પૃથક્રૂપે ગોઠવીને નૈગમનયની જુદી જુદી છ સપ્તભંગી દર્શાવી છે. તે જ રીતે વિધેયકોટિમાં સંગ્રહનયને ગોઠવી નિષેધકોટિમાં વ્યવહાર આદિ એક-એક નયને અલગ-અલગ ગોઠવી જુદી જુદી કુલ ૨૧ સપ્તભંગી દર્શાવી છે. આગલા શ્લોકના વિવેચનમાં આ બાબત દેખાડવામાં આવશે. જ્યારે દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકામાં અમે વિધેયકોટિમાં નૈગમનયને ગોઠવી, નિષેધકોટિમાં સંગ્રહાદિ બાકીના સર્વ નયોને એકીસાથે ગોઠવી નૈગમનયની એક સપ્તભંગી બતાવેલ છે. તથા વિધેયકોટિમાં સંગ્રહનયને ગોઠવી, નિષેધકોટિમાં નૈગમ આદિ બાકીના સર્વ (= ૬) નયોને એકીસાથે ગોઠવી સંગ્રહનયની એક સપ્તભંગી બતાવેલ છે. આ રીતે સાત નયની એક -એક એમ કુલ સાત સપ્તભંગી જણાવેલ છે. આ પ્રસ્તુત પ્રબંધનું તાત્પર્ય છે.

## ✤ સ્યાદ્વાદરત્નાકર અને નયરહસ્ય ગ્રંથમાં મતભેદ ✤

**(इत्थञ्च.)** વળી, બીજી એક મહત્ત્વની વાત એ છે કે **વાદિદેવસૂરિ** મહારાજે પ્રસ્થક દૃષ્ટાંતમાં નૈગમ આદિ સાતે નયોના જુદા જુદા સાત પ્રકારના મંતવ્યો રજૂ કર્યા છે. જ્યારે **નયરહસ્ય** ગ્રંથમાં **મહોપાધ્યાયજી શ્રીયશોવિજયજી** મહારાજે પ્રસ્થક દૃષ્ટાંત અંગે નૈગમનયનો અને વ્યવહારનયનો અભિપ્રાય

नुसारेण अर्थतः चतस्र एव मूलनयसप्तभङ्ग्यः सम्भवन्ति। प्रस्थकादिदृष्टान्ताश्चाऽऽगमानुसारेण अष्टमशाखायां (८/१५) विस्तरतो वक्ष्यन्ते इत्यवधातव्यमत्र।

***न च*** विधिकोटावेकनयं प्रस्थाप्य युगपदवशिष्टाखिलनयाः प्रतिषेधकोटौ निवेशयितुं न शक्या इति ***शङ्कनीयम्,*** प्रस्थकत्वेन रूपेण नैगमनये सतः पदार्थस्य सङ्ग्रहाद्यभिप्रायेणाऽसत्त्वादेव तेषां प्रतिषेधकोटौ युगपन्निवेशात्।

***यद्यपि*** प्रस्थकमुद्दिश्य सङ्ग्रहाद्यभिप्राया विभिन्ना एव ***तथापि*** नैगमसम्मतप्रस्थकः नैव प्रस्थकपदार्थ इत्यत्र सङ्ग्रहाद्यखिलनयानाम् अभिप्रायैक्याद् नैगमनयसप्तभङ्ग्यां विपक्षकोटौ युगपदितराऽखिलनयनिवेशे न काऽप्यसङ्गतिः। एवमग्रेऽपि बोध्यम्।

---

સમાન જણાવેલ છે તથા શબ્દાદિ પાછલા ત્રણ નયનો અભિપ્રાય પ્રસ્થક ઉદાહરણમાં એકસરખો હોવાનું તેઓશ્રીએ ત્યાં જણાવેલ છે. આથી **નયરહસ્ય** ગ્રંથ મુજબ પ્રસ્થક દૃષ્ટાંતમાં સાત નયોના કુલ ૪ પ્રકારના અભિપ્રાય પ્રાપ્ત થાય છે. તેથી તે મુજબ વિચાર કરવામાં આવે તો પ્રસ્થક ઉદાહરણમાં સાતે નયોની કુલ ચાર પ્રકારની સપ્તભંગી અર્થતઃ પ્રાપ્ત થઈ શકે. તેથી પરામર્શકર્ણિકામાં 'પ્રસ્થક દૃષ્ટાંતમાં વિકલ્પે ચાર મૂલનયસપ્તભંગી પ્રાપ્ત થાય' - તેમ જણાવેલ છે. પ્રસ્થક વગેરે દૃષ્ટાન્તો આઠમી શાખાના પંદરમા શ્લોકમાં આગમાદિ અનુસારે વિસ્તારથી જણાવવામાં આવશે. આ વાત વાચકવર્ગે ધ્યાનમાં રાખવી.

### પ્રસ્થક દૃષ્ટાંતમાં વિશેષ વિચારણા

**(न च वि.)** 'વિધેયકોટિમાં એક નયને ગોઠવી, નિષેધકોટિમાં એકીસાથે બાકીના છ નયોને કઈ રીતે મૂકી શકાય?' આવી શંકા પ્રસ્તુતમાં ન કરવી. આનું કારણ એ છે કે નૈગમનય જેને (પ્રસ્થક-યોગ્ય કાષ્ઠને લેવા માટે થતી વનગમન આદિ ક્રિયાને) પ્રસ્થક તરીકે સત્ કહે છે, તે જ પદાર્થ (વનગમનાદિ ક્રિયા) સંગ્રહ આદિ સર્વ (૬ કે ૫) નયોના અભિપ્રાયથી પ્રસ્થક તરીકે અસત્ જ છે. તેથી નિષેધકોટિમાં સંગ્રહાદિ તમામ નયોનો એકીસાથે પ્રવેશ થઈ શકે છે.

### ❋ નિષેધકોટિમાં એકીસાથે અનેકનયપ્રવેશ સંમત ❋

**(यद्यपि.)** યદ્યપિ પ્રસ્થક અંગે સંગ્રહ આદિ નયોના અભિપ્રાયો જુદા જુદા જ છે તથાપિ 'નૈગમસંમત પ્રસ્થકને તો પ્રસ્થક ન જ કહેવાય.' (અર્થાત્ 'નૈગમસંમત સંકલ્પાત્મક પ્રસ્થક પ્રસ્થકત્વરૂપે અસત્ છે.') આ બાબતમાં તો સંગ્રહ આદિ સર્વ (વાદિદેવસૂરિ મહારાજના અભિપ્રાય મુજબ છ અને મહોપાધ્યાયજી મહારાજના મત મુજબ કુલ પાંચ) નયોનો અભિપ્રાય એક જ છે. તેથી નૈગમનયની સપ્તભંગીમાં નૈગમના પ્રતિપક્ષ તરીકે સંગ્રહ આદિ સર્વ (૬ કે ૫) નયોને એકીસાથે ગોઠવવામાં કોઈ અસંગતિ રહેતી નથી. તથા સંગ્રહનયની પ્રસ્તુત સપ્તભંગી આ મુજબ સમજવી- સંગ્રહનય તો ફક્ત ધાન્ય માપવાની ક્રિયામાં ગોઠવાયેલ કાષ્ઠનિર્મિત પ્રસ્થકને જ પ્રસ્થકરૂપે સત્ માને છે. તે સિવાયના કોઈ પણ પદાર્થને પ્રસ્થકરૂપે સત્ માનવા સંગ્રહનય તૈયાર નથી. જ્યારે બાકીના છ નયો સંગ્રહનયના અભિપ્રાયને રદિયો આપે છે. કેમ કે સંગ્રહનયને સંમત પ્રસ્થક સિવાયના પદાર્થને નૈગમ આદિ (સંગ્રહ સિવાયના) છ નયો પ્રસ્થક તરીકે સ્વીકારવા તૈયાર છે. આ રીતે આગળ બધા નયોમાં વિચારવું. પૂર્વે (પૃ.૪૯૩/૪૯૪) આ વાત જણાવેલ છે. તેથી તેનો અહીં વિસ્તાર કરવામાં નથી આવતો.

અમ્હે તો ઈમ જાણું છું- "**सकलनयार्थप्रतिपादक♦तापर्याप्त्य❖धिकरणवाक्यं प्रमाणवाक्यम्**" એહ લક્ષણ લેઈનઈં, તેહવે ઠામે સ્યાત્કારલાંછિત સકલનયાર્થસમૂહાલંબન એક ભંગઇ પણિ નિષેધ નથી. જે માટઈં

एवमागमिकमते सप्तभङ्ग्या एव कृत्स्नार्थबोधकत्वमुपदर्शितम्। साम्प्रतम् एकेनाऽपि भङ्गेन तार्किकरीत्या कृत्स्नार्थबोधं पश्यतो **महोपाध्याययशोविजय**गणिवरस्याऽत्राऽभिप्रायो दर्श्यते – 'सकलनयार्थ-प्रतिपादकतापर्याप्त्यधिकरणवाक्यं प्रमाणवाक्यम्' इति लक्षणमुपादाय नानानयानुसारेण प्रस्थक-प्रदेशादि-मीमांसायां स्यात्कारलाञ्छितसकलनयार्थगोचरसमूहाऽऽलम्बनभानं एकस्मिन्नपि भङ्गे नैव निषिद्धम्, व्यञ्जनपर्यायस्थाने द्वयोः भङ्गयोः अपि **सम्मतितर्के** शब्दनयाभिप्रायेण कृत्स्नाऽर्थस्वरूपावबोधकत्ववत्।

[1]"भावं चिय सद्दणया सेसा इच्छन्ति सव्वणिक्खेवे" (वि.आ.भा.२८४७) इति **विशेषावश्यकभाष्य**वचनात्

## ॐ પ્રમાણવાક્યનું લક્ષણ ॐ

(**एव.**) આ રીતે 'આગમિકમતે સપ્તભંગી જ સંપૂર્ણ અર્થને જણાવે છે' - આ બાબત સમજાવી. હવે 'તાર્કિક પદ્ધતિથી તો એક પણ ભાંગો પૂર્ણ પદાર્થનો પ્રકાશક છે' - આવું જોનારા-માનનારા **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજનો અભિપ્રાય દેખાડાય છે. તેમણે 'દ્રવ્ય-ગુણ-પર્યાય રાસ' માં પ્રસ્થક વગેરે દૃષ્ટાંતની વિચારણા અંગે પોતાનો અભિપ્રાય આ પ્રમાણે જણાવેલ છે કે 'તમામ નયોના અર્થોની પ્રતિપાદકતાની પર્યાપ્તિનું અધિકરણ (= આશ્રય) બને તેવું વાક્ય પ્રમાણવાક્ય કહેવાય.' આ પ્રમાણે પ્રમાણવાક્યનું લક્ષણ લઈને અનેક નયના અનુસારે પ્રસ્થક, પ્રદેશ વગેરે ઉદાહરણની વિચારણા કરવામાં આવે તો સ્યાત્કારયુક્ત ('કથંચિત્' પદથી યુક્ત) સકલનયાર્થવિષયક સમૂહાલંબનાત્મક જ્ઞાનને સપ્તભંગીના સ્વતંત્ર એકાદ ભાંગામાં માનવામાં શાસ્ત્રકારોએ નિષેધ નથી જ કર્યો. વ્યંજનપર્યાયના સ્થાનમાં બે ભાંગામાં પણ શબ્દનયના અભિપ્રાયથી સંપૂર્ણ અર્થસ્વરૂપનો બોધ જેમ **સંમતિતર્ક**માં દેખાડેલ છે, તેમ આ વાત સમજી શકાય છે.

[illegible] :- મહોપાધ્યાયજી મહારાજે નવ્યન્યાયની પરિભાષામાં પ્રમાણવાક્યનું લક્ષણ ઉપરમાં જણાવેલ છે. તેનો અર્થ આ પ્રમાણે સમજવો કે કોઈ એકાદ નયને અભિપ્રેત નહિ, પણ સર્વ નયોને અભિપ્રેત એવા અર્થોનું જે વાક્ય પ્રતિપાદન કરે તે પ્રમાણવાક્ય કહેવાય. આથી પ્રમાણવાક્ય સર્વ નયના અર્થોનું પ્રતિપાદક બનશે. તેથી તે પ્રમાણવાક્યમાં સર્વ નયના અર્થોની પ્રતિપાદકતા રહેશે.

## ❁ ભાવનિક્ષેપ સર્વનયસંમત ❁

("**भावं.**) અહીં બીજી એક વાત એ પણ સમજી લેવા જેવી છે કે પૂર્વ-પૂર્વ (નૈગમ આદિ) નયને ઉત્તરોત્તર (સંગ્રહાદિ) નયનો અર્થ માન્ય છે. તેથી પનિહારીના મસ્તક ઉપર આરૂઢ થઈને પાણી લાવવાની ક્રિયા કરનાર પદાર્થને એવંભૂતનય જેમ ઘડા તરીકે ઓળખાવે છે, તેમ નૈગમાદિ બાકીના છ નયો પણ તે પદાર્થને ઘડા તરીકે જ ઓળખાવે છે. કારણ કે ભાવનિક્ષેપને તો સર્વ નયો સ્વીકારે જ છે. આ બાબતમાં [1]'भावं चिय सद्दणया सेसा इच्छंति सव्वणिक्खेवे' - આ પ્રમાણે **વિશેષાવશ્યક મહાભાષ્ય**ના

♦ આ.(૧)માં '..**पादकतापर्यायाधि**....' પાઠ. ❖ પુસ્તકોમાં '...**तात्पर्यादधि**...' પાઠ છે. લી.(૧)માં '....**कतापर्यायस्याधि**...' પાઠ. પા.માં '...**पादकतात्पर्यार्थादि**....' પાઠ. પ્રસ્તુત '**तापर्याप्त्यधि**' પાઠ કો.(૧૨)માંથી લીધેલ છે. **1**. भावं चैव शब्दनयाः, शेषा इच्छन्ति सर्वनिक्षेपान्।

વ્યંજનપર્યાયનઈં ઠામિં ૨ ભંગઈં પણિ અર્થસિદ્ધિ ***सम्मति***નઈં વિષઈં દેખાડી છઇ.

सर्वेषां नयानां भावनिक्षेपाऽभ्युपगन्तृत्वेन एवम्भूतनयवाक्यस्य सकलनयार्थप्रतिपादकत्वात् प्रमाण-वाक्यत्वापत्तिः मा भूदिति प्रमाणवाक्यलक्षणे पर्याप्तिनिवेशः।

न हि एवम्भूतनयवाक्ये सकलनयार्थप्रतिपादकतापर्याप्तिर्वर्तते, एवम्भूतानभिमतार्थस्याऽपि नैगमादिनयानुसारेण विवक्षितपदार्थत्वात्। इत्थञ्च नैकतरनयवाक्यस्य प्रमाणवाक्यत्वापत्तिरिति सिद्धम्।

---

વચનને સાક્ષીરૂપે સમજવું. પ્રસ્તુત વચનનો અર્થ આ પ્રમાણે છે - 'શબ્દનય (= છેલ્લા ત્રણ નય) ભાવનિક્ષેપને જ સ્વીકારે છે. જ્યારે બાકીના નૈગમાદિ ચાર નયો સર્વ નિક્ષેપને માને છે.' મતલબ કે ભાવનિક્ષેપ તો સર્વ નયોમાં છવાયેલ છે, વ્યાપીને રહેલ છે, વિષયવિધયા વ્યાપ્ત છે. આથી એવંભૂતનયસંમત ઘટપ્રતિપાદક એવા વાક્યના વાચ્યાર્થને નૈગમાદિ સર્વ નયો ઘડા તરીકે સ્વીકારશે જ. મતલબ કે એવંભૂતનયનું ઘટપ્રતિપાદક વાક્ય ઘડાની વિચારણા કરવામાં પ્રવૃત્ત થયેલ સર્વ નયોને અભિપ્રેત એવા અર્થનું પ્રતિપાદક બની જ જાય છે. તેથી જો 'સકલનયાર્થપ્રતિપાદક વાક્ય = પ્રમાણવાક્ય' - આ પ્રમાણે પ્રમાણવાક્યનું લક્ષણ બનાવવામાં આવે તો ઘટનું પ્રતિપાદન કરનાર એવંભૂતનયનું વાક્ય સકલનયસંમત ઘટ પદાર્થનું પ્રતિપાદક બનવાથી તેમાં પ્રમાણવાક્યના લક્ષણની અતિવ્યાપ્તિ આવવાની સમસ્યા ઉપસ્થિત થશે. આ સમસ્યાના નિવારણ માટે પ્રમાણવાક્યનું પરિષ્કૃત લક્ષણ બતાવતા જણાવેલ છે કે સકલનયાર્થની પ્રતિપાદકતાની પર્યાપ્તિનું અધિકરણ બનતું વાક્ય જ પ્રમાણવાક્ય કહેવાય.

### ❀ ન્યાયદર્શનસંમત પર્યાપ્તિ અંગે ખુલાસો ❀

**સ્પષ્ટતા** :- હવે પર્યાપ્તિને સમજવા પ્રયત્ન કરીએ. 'इमौ घट-पटौ' આવી પ્રતીતિમાં જે દ્વિત્વ સંખ્યાનું ભાન થાય છે તે દ્વિત્વ સંખ્યા સમવાય સંબંધથી એકલા ઘડામાં પણ રહે છે અને એકલા પટમાં પણ રહે છે. પરંતુ એકલા ઘડાને જોઈને કે એકલા પટને જોઈને 'इमौ द्वौ' - આ પ્રમાણે કોઈને પણ પ્રતીતિ થતી નથી. તેથી તેવી પ્રતીતિ ઉત્પન્ન કરવા માટે નૈયાયિકો કહે છે કે સમવાય સંબંધથી રહેનારી દ્વિત્વ સંખ્યા 'इमौ द्वौ' - આવી પ્રતીતિની જનક નથી, પરંતુ પર્યાપ્તિસંબંધથી રહેનારી દ્વિત્વ સંખ્યા ઉપરોક્ત પ્રતીતિની જનક છે. દ્વિત્વ સંખ્યાની પર્યાપ્તિ એકલા ઘટમાં કે પટમાં રહેતી નથી. તેથી પર્યાપ્તિ સંબંધથી દ્વિત્વ સંખ્યા એકલા ઘટમાં કે એકલા પટમાં રહેતી નથી પરંતુ ઘટ-પટ ઉભયમાં જ રહે છે. તેથી જ્યારે ઘટ-પટ વગેરે બે પદાર્થો હાજર હશે ત્યારે જ 'इमौ द्वौ' - એવી પ્રતીતિ થશે. આમ 'પર્યાપ્તિ એકમાં નહિ પરંતુ સંમિલિત અનેક વસ્તુમાં રહે છે' - એવું સિદ્ધ થાય છે.

### ❀ એકાદ નયવાક્ય પ્રમાણ નથી ❀

**(न हि.)** આ મુજબ વિચારીએ તો કહી શકાય કે સકલનયાર્થની પ્રતિપાદકતા એવંભૂતનયના વાક્યમાં રહેવા છતાં પણ સકલનયાર્થપ્રતિપાદકતાની પર્યાપ્તિ તેમાં રહી શકતી નથી. કારણ કે એવંભૂતનય જેને ઘડા વગેરે સ્વરૂપે માને છે, તે સિવાયના પદાર્થને પણ નૈગમાદિ નયો ઘડા સ્વરૂપે માને છે. તેથી નૈગમાદિ નયોને જે જે પદાર્થ ઘટરૂપે માન્ય છે, તે તમામ અર્થોનું એવંભૂતનયસંમત વાક્ય ઘટરૂપે પ્રતિપાદન કરતું નથી. તેથી સકલનયાર્થપ્રતિપાદકતાની પર્યાપ્તિ એવંભૂતનયના વાક્યમાં રહી શકતી નથી.

किञ्च, सप्तभङ्ग्यां प्रतिभङ्गं सकलादेशयोजने तु एकयाऽपि सप्तभङ्ग्या सप्त प्रमाणवाक्यानि लभ्यन्ते इति वक्ष्यतेऽनुपदमेव (४/१४)। ततश्च सप्तसु सकलादेशात्मकेषु सप्तभङ्गीवाक्येषु प्रत्येकं प्रमाणवाक्यलक्षणं सकलनयार्थप्रतिपादकतापर्याप्त्यधिकरणवाक्यत्वं सिध्यति। ततश्च युगपन्नयद्वयसमाहारतः स्यात्पदमहिम्ना प्रत्येकं सप्तभङ्गीवाक्यात् सकलनयार्थगोचरसमूहालम्बनात्मकः शाब्दबोधोऽनाविल एव।

एवं नानानयानुसारेण प्रस्थकादिविचारे विधिकोटौ एकं नयं निधाय प्रतिषेधकोटौ प्रत्येकनयवद् युगपदखिलाऽवशिष्टनयनिवेशेऽपि न काचित् शास्त्रबाधा आपद्यते। ततश्च प्रस्थकाद्युदाहरणे

આમ એવંભૂતનયનું ઉપરોક્ત વાક્ય સકલનયાર્થપ્રતિપાદકતાની પર્યાપ્તિનું અધિકરણ બનતું નથી. માટે પ્રમાણવાક્યના લક્ષણની એવંભૂતનયના (સકલનયાર્થપ્રતિપાદક) વાક્યમાં અતિવ્યાપ્તિ આવતી નથી. આથી કોઈ પણ એક નયનું વાક્ય પ્રમાણવાક્યના લક્ષણથી યુક્ત નહિ બને. તેથી એક પણ નયવાક્યમાં પ્રમાણવાક્યના લક્ષણની અતિવ્યાપ્તિ નહીં આવે. આ પ્રમાણે તાત્પર્ય ફલિત થાય છે.

### ꖶ દરેક ભાંગામાં પ્રમાણલક્ષણની યોજના ꖶ

(**किञ्च.**) વળી, અહીં બીજી એક વાત એ પણ ધ્યાનમાં રાખવા જેવી છે કે સપ્તભંગીવાક્ય પ્રમાણવાક્યરૂપે જૈનદર્શનમાં માન્ય છે. સપ્તભંગીના સાતેય ભાંગામાં સકલાદેશની યોજના કરવામાં આવે તો એક સપ્તભંગી દ્વારા સાત પ્રમાણવાક્યો પ્રાપ્ત થાય છે. આ વાત આગળના શ્લોકમાં **પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર, સ્યાદ્વાદકલ્પલતા, ગુરુતત્ત્વવિનિશ્ચયવૃત્તિ** વગેરે ગ્રંથના સંવાદ દ્વારા જણાવવામાં આવશે. [તથા સકલાદેશનું સ્વરૂપ પણ આગળના શ્લોકની (૪/૧૪ પૃષ્ઠ ૫૩૪-૫૪૩) વ્યાખ્યામાં જણાવવામાં આવશે. આ વાત વાચકવર્ગે ધ્યાનમાં રાખવી.] તેથી સપ્તભંગીના પ્રત્યેક સકલાદેશાત્મક વાક્યમાં સકલનયાર્થપ્રતિ-પાદકતાની પર્યાપ્તિનું અધિકરણ વાક્યસ્વરૂપ ઉપરોક્ત પ્રમાણવાક્યનું લક્ષણ રહે છે. એકીસાથે દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક કે અર્થનય-વ્યંજનનયસ્વરૂપ નયયુગલના સંવેધથી પ્રવૃત્ત થયેલી સપ્તભંગીના એક-એક ભાંગાને દર્શાવનારા વાક્ય દ્વારા પણ સકલનયાર્થનું પ્રતિપાદન થવાથી તેના દ્વારા સર્વ નયોને અભિપ્રેત એવા તમામ વિવક્ષિત અર્થોનું સમૂહાલંબનાત્મક ભાન થઈ શકે છે. જો કે સપ્તભંગીના પ્રત્યેક ભાંગામાં તે તમામ વિવક્ષિત અર્થોનું પ્રતિપાદન કરનાર જુદા જુદા અનેક શબ્દનો પ્રયોગ થતો નથી, પરંતુ 'સ્યાત્' શબ્દનો પ્રયોગ થાય છે. આ 'સ્યાત્' શબ્દ જ તે તમામ વિવક્ષિત અર્થોનું પ્રતિપાદન કરવામાં સમર્થ છે. તેથી સપ્તભંગીના પ્રત્યેક વાક્ય દ્વારા સકલનયાર્થવિષયક સમૂહાલંબનાત્મક જ્ઞાન = શાબ્દબોધ માનવામાં કોઈ જ શાસ્ત્રીય વાંધો આવતો નથી.

### ❁ નિષેધકોટિમાં એકીસાથે અનેકનયપ્રવૃત્તિ માન્ય ❁

(**एवं.**) આ રીતે પ્રસ્થક વગેરે દૃષ્ટાંતની અનેક નયોના આધારે વિચારણા કરવામાં આવે ત્યારે વિધિકોટિમાં એક નયને ગોઠવી, નિષેધકોટિમાં તેના પ્રતિપક્ષી ફક્ત એક નયને ગોઠવવાની જેમ બાકીના તમામ નયોને એકીસાથે નિષેધકોટિમાં ગોઠવવામાં શાસ્ત્રીય બાધ જણાતો નથી. તેથી **સ્યાદ્વાદરત્નાકર**માં **વાદિદેવસૂરિજી**એ પ્રસ્થક વગેરે દૃષ્ટાંતમાં નૈગમના પ્રતિપક્ષરૂપે જેમ સંગ્રહ આદિ એક એક નયને અલગ

**वादिदेवसूरि**मतानुसारेण नैगमनयस्य षट् सप्तभङ्ग्य इव एकाऽपि सप्तभङ्गी निराबाधा एव, व्यञ्जनपर्यायस्थले शब्दनयानुसारेण भङ्गद्वयेनाऽपि कृत्स्नार्थसिद्धेः **सम्मतितर्के** व्युत्पादनादिति **महोपाध्याय-यशोविजय**गणिवराभिप्रायः प्रतिभाति।

सम्मतितर्ककृदाकूतं त्वेवम् – प्रमात्रभिप्रायलक्षणः नयः तावद् अर्थद्वारेण शब्दद्वारेण वा प्रवर्तते, गत्यन्तराभावात्। तत्र ये केचन अर्थनिरूपणप्रवणाः–प्रमात्रभिप्रायाः ते सर्वेऽपि आद्ये नयचतुष्टये अन्तर्भवन्ति। अतो नैगमादयः चत्वारो हि अर्थनया उच्यन्ते। यद्वा नैगमस्य सङ्ग्रह-व्यवहारयोः समावेशात् सङ्ग्रहादयः त्रयः अर्थनयाः। ये च शब्दविचारचतुराः ते शब्दादिनयत्रये समाविशन्ति। अतः शब्द-समभिरूढैवम्भूताभिधाना नयाः व्यञ्जननयाः शब्दनया वा उच्यन्ते। तत्र अर्थनये सप्ताऽपि भङ्गाः सम्भवन्ति। व्यञ्जननये च सविकल्प-निर्विकल्पलक्षणौ द्वौ एव भङ्गौ सम्भवतः, ताभ्यामेव अभिमतकृत्स्नार्थसिद्धेः इति।

---

-અલગ ગોઠવી નૈગમનયની છ સપ્તભંગી દર્શાવેલ છે, તેમ નૈગમના પ્રતિપક્ષરૂપે નિષેધકોટિમાં એકીસાથે બાકી રહેલા સંગ્રહાદિ સર્વ (૬ કે ૫) નયોને ગોઠવીને નૈગમનયની એક સપ્તભંગી પણ પ્રસ્થક આદિ ઉદાહરણમાં દર્શાવી શકાય છે. આમાં કોઈ શાસ્ત્રીય બાધ નથી. કારણ કે વ્યંજનપર્યાયના સ્થળે બે ભાંગાથી પણ સંપૂર્ણ અર્થની સિદ્ધિ (= જ્ઞાન) **સંમતિતર્ક**માં દર્શાવેલ છે. આ પ્રમાણે **મહોપાધ્યાયજી**નો આશય જણાય છે. તેમણે પોતાની વાતના સમર્થન માટે રાસના ટબામાં સંમતિતર્કનો સંવાદ દર્શાવેલ છે.

## ❈ અર્થનય-વ્યંજનનય વિચાર ❈

**(सम्मति.)** પ્રસ્તુતમાં સંમતિકારનું કહેવાનું તાત્પર્ય એ છે કે વક્તાનો કે પ્રમાતાનો (= અભ્રાન્ત જ્ઞાતાનો) અભિપ્રાય એ જ નય છે. તથા આવો નય અર્થ દ્વારા અથવા શબ્દ દ્વારા પ્રવર્તે છે. કારણ કે વસ્તુ અંગેનો અભિપ્રાય દર્શાવવા માટે ત્રીજો કોઈ વિકલ્પ નથી. મતલબ કે વસ્તુગોચર અભિપ્રાય અર્થને મુખ્ય કરીને બતાવી શકાય અથવા શબ્દને મુખ્ય કરીને દર્શાવી શકાય. વક્તાના કે પ્રમાતાના જેટલા નયો અર્થનું નિરૂપણ કરે છે, અર્થને = પદાર્થને મુખ્ય કરીને પ્રતિપાદન કરે છે તે બધા અભિપ્રાયોનો પ્રથમ ચાર નયમાં સમાવેશ થાય છે. તેથી નૈગમાદિ ચાર નય અર્થનય કહેવાય છે. અથવા નૈગમનો સંગ્રહ-વ્યવહારમાં સમાવેશ કરવાથી સંગ્રહ વગેરે ત્રણ નયો અર્થનય કહેવાય છે. તથા જે અભિપ્રાયો શબ્દનો વિચાર કરવામાં નિષ્ણાત છે, શબ્દને મુખ્ય કરીને વસ્તુસ્વરૂપને જણાવે છે તે તમામ અભિપ્રાયોનો શબ્દાદિ ત્રણ નયમાં સમાવેશ થાય છે. તેથી શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત નામના છેલ્લા ત્રણ નય વ્યંજનનય કે શબ્દનય પણ કહેવાય છે. અર્થનય વસ્તુસ્વરૂપને સાત ભાંગા = પ્રકાર દ્વારા જણાવે છે. તેથી અર્થનયમાં સપ્તભંગી સંભવે છે. જ્યારે શબ્દનયમાં = વ્યંજનનયમાં તો સવિકલ્પ અને નિર્વિકલ્પ નામના બે જ ભાંગા - પ્રકાર સંભવે છે. કારણ કે બે ભાંગા દ્વારા જ વ્યંજનનયને જે વસ્તુસ્વરૂપ જણાવવું છે તે પૂરેપૂરું જણાવાઈ જાય છે. તેથી વ્યંજનનયમાં સપ્તભંગીના બદલે દ્વિભંગી પ્રાપ્ત થાય. હવે **સિદ્ધસેનદિવાકર**સૂરિજીના શબ્દોમાં જ તેમની વાતને આપણે સમજીએ.

तथा च तद्गाथा – [1]एवं सत्तविअप्पो, वयणपहो होइ अत्थपज्जाए ।
वंजणपज्जाए पुण, सविअप्पो णिव्विअप्पो य ।। (स.त.१/४१)

तदुक्तं **श्रीसिद्धसेनदिवाकरसूरिणा सम्मतितर्के** [1]"एवं सत्तविअप्पो वयणपहो होइ अत्थपज्जाए। वंजणपज्जाए पुण सविअप्पो णिव्विअप्पो अ।।" (स.त.१/४१) इति। **अभयदेवसूरि**कृता **तद्वृत्ति**स्त्वेवम् "एवम् = इत्यनन्तरोक्तप्रकारेण सप्तविकल्पः = सप्तभेदः वचनपथः = वचनमार्गो भवति अर्थपर्याये = अर्थनये सङ्ग्रह-व्यवहार-ऋजुसूत्रलक्षणे सप्ताप्यनन्तरोक्ता भङ्गका भवन्ति।

तत्र प्रथमः सङ्ग्रहे सामान्यग्राहिणि, 'नास्ति' इत्ययं तु व्यवहारे विशेषग्राहिणि, ऋजुसूत्रे तृतीयः,

## ❈ અર્થપર્યાયમાં સપ્તભંગી : સંમતિકાર ❈

(**तदुक्तं**.) **શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિ** મહારાજે **સંમતિતર્ક** ગ્રંથમાં જણાવેલ છે કે "આ પ્રમાણે અર્થપર્યાયને વિશે સાત પ્રકારનો વચનમાર્ગ થાય છે. જ્યારે વ્યંજનપર્યાયમાં તો સવિકલ્પ અને નિર્વિકલ્પ એમ બે જ પ્રકારનો વચનમાર્ગ પ્રાપ્ત થાય છે." આ વાતની વધારે સ્પષ્ટતા કરતા સંમતિવ્યાખ્યાકાર તર્કપંચાનન શ્રી**અભયદેવસૂરિ** મહારાજે જણાવેલ છે કે "પૂર્વે જણાવ્યા મુજબ સાત વિકલ્પવાળો = સાતપ્રકારવાળો વચનમાર્ગ અર્થનયસ્વરૂપ અર્થપર્યાયમાં પ્રાપ્ત થાય છે. (નૈગમ સ્વતંત્રનય તરીકે સંમતિકારને માન્ય નથી. તેથી) સંગ્રહનય, વ્યવહારનય અને ઋજુસૂત્રનય - આ ત્રણ અર્થનય કહેવાય છે, જેનો સંમતિતર્કની મૂળ ગાથામાં અર્થપર્યાય તરીકે ઉલ્લેખ કર્યો છે. તેથી પ્રસ્તુતમાં એવું ફલિત થશે કે સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર સ્વરૂપ ત્રણ અર્થનયમાં પૂર્વે જણાવેલી સપ્તભંગીના સાતેય ભાંગા સંભવી શકે છે.

(**तत्र**.) તેનો નિર્દેશ આ મુજબ સમજવો.

(૧) સંગ્રહનય સામાન્યગ્રાહક નય છે. આથી તે બધાનો સંગ્રહ = સમન્વય = ગ્રહણ કરીને વિધેયાત્મક વાત કરનાર છે. તેથી સપ્તભંગીનો 'अस्ति' કે 'सत्' આ પ્રમાણે પ્રથમ ભાંગો સંગ્રહનયમાં સંભવે છે. અર્થાત્ વિધિવચનરૂપ પ્રથમ પ્રકાર સંગ્રહનયને અનુકૂળ છે. કેમ કે તે સંગ્રહનયના મંતવ્યને અનુસરે છે.

(૨) વ્યવહારનય વિશેષગ્રાહક છે. આથી તે વ્યાવર્તક = નિષેધક = બાદબાકી કરનાર છે. વ્યવહારનય નિષેધાત્મક વાત કરનાર હોવાથી સપ્તભંગીનો 'नास्ति' કે 'असत्' આ પ્રમાણે દ્વિતીય ભાંગો વ્યવહારનયમાં સંભવે છે. અર્થાત્ નિષેધકોટિસ્વરૂપ દ્વિતીય પ્રકાર વ્યવહારનયને અનુકૂળ છે, કેમ કે વ્યવહારનયના મંતવ્યને તે અનુસરે છે.

(૩) ઋજુસૂત્રનયમાં અવક્તવ્ય નામનો ત્રીજો ભાંગો આવશે. (આનું કારણ એ છે કે ઋજુસૂત્રનય વસ્તુને ક્ષણિકરૂપે અને નિરંશરૂપે જુએ છે. અર્થાત્ વસ્તુના જુદા જુદા અંશોને સ્વીકારી સખંડ વસ્તુનું પ્રતિપાદન કરવા માટે ઋજુસૂત્રનય તૈયાર નથી. તેથી યુગપદ્ બે વિરુદ્ધ વિવક્ષા કરીને વસ્તુનું સ્વરૂપ કેવું છે ? આ પ્રમાણે ઋજુસૂત્રનયને પ્રશ્ન કરવામાં આવે તો ઋજુસૂત્રનય કહેશે કે 'વસ્તુનું સ્વરૂપ અવાચ્ય છે.' બે વિરુદ્ધ વિવક્ષાને લક્ષમાં રાખી વસ્તુના બે વિરોધી અંશ अस्ति-नास्ति વગેરે દર્શાવવામાં આવે તો વસ્તુ અખંડ નહિ પણ સખંડ બની જાય. ઋજુસૂત્ર

1. एवं सप्तविकल्पः वचनपथः भवति अर्थपर्याये। व्यञ्जनपर्याये पुनः सविकल्पः निर्विकल्पः च।।

चतुर्थः सङ्ग्रह-व्यवहारयोः, पञ्चमः सङ्ग्रह-ऋजुसूत्रयोः, षष्ठो व्यवहार-ऋजुसूत्रयोः, सप्तमः सङ्ग्रह-व्यवहार-ऋजुसूत्रेषु।

व्यञ्जनपर्याये शब्दनये सविकल्पः प्रथमे पर्यायशब्दवाच्यताविकल्पसद्भावेऽप्यर्थस्यैकत्वात्।

નય તો નિરંશ ક્ષણસ્વરૂપ પર્યાયને જ પોતાના વિષય સ્વરૂપે સ્વીકારે છે. તેથી ઉપરોક્ત પ્રશ્નના જવાબમાં ઋજુસૂત્રનય વસ્તુને અવાચ્ય તરીકે જણાવે છે.)

(૪) ક્રમશઃ બે વિરુદ્ધ વિવક્ષા કરવાથી પ્રાપ્ત થતો 'अस्ति नास्ति च' કે 'सत् असत् च' આ પ્રમાણે સપ્તભંગીનો ચોથો ભાંગો સંમિલિત સંગ્રહ-વ્યવહાર નયમાં સંભવે છે. કારણ કે સંગ્રહનય વિધાયક છે અને વ્યવહારનય નિષેધક છે.

(૫) 'अस्ति अवक्तव्यं च' કે 'सत् अवाच्यं च' આ પાંચમો ભાંગો સંગ્રહ-ઋજુસૂત્રનયને અનુકૂળ છે.

(૬) 'नास्ति अवक्तव्यं च' કે 'असत् अवाच्यं च' આ પ્રમાણે સપ્તભંગીનો છઠ્ઠો ભાંગો વ્યવહાર અને ઋજુસૂત્રનયમાં પ્રવેશે છે.

(૭) 'अस्ति, नास्ति अवक्तव्यं च' અથવા 'सत्, असत् अवाच्यं च' આ પ્રમાણે સપ્તભંગીના સાતમા ભાંગાનો સંગ્રહ, વ્યવહાર અને ઋજુસૂત્રનયમાં સમવતાર થાય છે. આ રીતે સંગ્રહ, વ્યવહાર અને ઋજુસૂત્ર સ્વરૂપ ત્રણ અર્થનયમાં (= અર્થપર્યાયમાં) સપ્તભંગીના સાતેય વચનોનો સમાવેશ થઈ જાય છે. આ રીતે અર્થપર્યાયસંબંધી સપ્તભંગીનું નિરૂપણ સમજવું.

***❋ અર્થપર્યાયસંબંધી સપ્તભંગી ❋***

| નય | ભાંગો |
|---|---|
| (૧) સંગ્રહ | (૧) સત્ |
| (૨) વ્યવહાર | (૨) અસત્ |
| (૩) ઋજુસૂત્ર | (૩) અવાચ્ય |
| (૪) સંગ્રહ-વ્યવહાર | (૪) સત્-અસત્ |
| (૫) સંગ્રહ-ઋજુસૂત્ર | (૫) સત્-અવાચ્ય |
| (૬) વ્યવહાર-ઋજુસૂત્ર | (૬) અસત્-અવાચ્ય |
| (૭) સંગ્રહ-વ્યવહાર-ઋજુસૂત્ર | (૭) સત્-અસત્-અવાચ્ય |

## ❋ વ્યંજનપર્યાયમાં સપ્તભંગી : સંમતિવૃત્તિકાર ❋

**(व्यञ्जन.)** વ્યંજન એટલે શબ્દ અને પર્યાય એટલે નય. તેથી વ્યંજનપર્યાય = શબ્દનય. શબ્દનયના ત્રણ ભેદ છે. (૧) સામ્પ્રતનય (૨) સમભિરૂઢનય અને (૩) એવંભૂતનય. (**અનુયોગદ્વાર** વગેરે ગ્રંથોમાં નયના સાત વિભાગ દર્શાવેલ છે. જ્યારે **તત્ત્વાર્થસૂત્ર**માં નૈગમ-સંગ્રહ-વ્યવહાર-ઋજુસૂત્ર-શબ્દ-આ પ્રમાણે નયના પાંચ ભેદ બતાવ્યા છે. તથા શબ્દનયના સામ્પ્રત, સમભિરૂઢ અને એવંભૂત - આ પ્રમાણે અવાન્તર ત્રણ ભેદ બતાવેલ છે. અનુયોગદ્વારમાં દર્શાવેલ સાત નયોમાંથી જે પાંચમો શબ્દનય છે, તે જ તત્ત્વાર્થસૂત્રની પરિભાષા મુજબ સામ્પ્રતનય કહેવાય છે. પ્રસ્તુતમાં તત્ત્વાર્થસૂત્રની પરિભાષા લક્ષમાં રાખી શબ્દનયના સામ્પ્રત વગેરે ત્રણ ભેદ બતાવવા અભીષ્ટ છે.) વ્યંજનપર્યાયસ્વરૂપ શબ્દનયના પ્રથમભેદાત્મક સામ્પ્રત-

द्वितीय-तृतीययोर्निर्विकल्पः, द्रव्यार्थात् सामान्यलक्षणान्निर्गतपर्यायाभिधायकत्वात्,
समभिरूढस्य पर्यायभेदभिन्नार्थत्वात्,

---

નયમાં વસ્તુ સવિકલ્પ છે. કારણ કે ઘટ, કુંભ, કલશ વગેરે પર્યાયવાચી શબ્દો ઘડારૂપ એક જ અર્થમાં પ્રવર્તે છે. અર્થાત્ એક જ અર્થમાં વિભિન્ન પર્યાયવાચી શબ્દોની વાચ્યતા રહેલી છે. આવા પ્રકારનો વિકલ્પ સામ્પ્રતનયમાં ઉપસ્થિત થાય છે. તેથી સામ્પ્રતનયના અભિપ્રાયથી વસ્તુ સવિકલ્પ છે. (વ્યવહાર આદિ નયના અભિપ્રાય મુજબ ઘટ અર્થમાં ઘટશબ્દની વાચ્યતા, પટ સ્વરૂપ અર્થમાં પટશબ્દની વાચ્યતા વગેરેના વિકલ્પ ઉપસ્થિત થતા નથી. કેમ કે તે અર્થપર્યાયગ્રાહક છે, વ્યંજનપર્યાયગ્રાહક નથી.) સામ્પ્રત-નયના મત મુજબ ઘડારૂપ અર્થમાં ઘટ, કુંભ, કલશ આદિ પર્યાયશબ્દોની વાચ્યતાસંબંધી વિકલ્પ હાજર હોવા છતાં ઘટાત્મક અર્થ તો એક જ છે. એક જ અર્થમાં પર્યાયશબ્દોની વાચ્યતાનો વિકલ્પ સ્વીકાર્ય હોવાથી સામ્પ્રતનયના અભિપ્રાયથી વસ્તુ સવિકલ્પ છે. આ પ્રથમ ભાંગો છે.

## ❀ સમભિરૂઢ-એવંભૂતમત મુજબ વસ્તુ નિર્વિકલ્પ ❀

(द्विती.) જ્યારે શબ્દનયના બીજા ભેદરૂપ સમભિરૂઢ અને શબ્દ નયના ત્રીજા ભેદરૂપ એવંભૂત નયના અભિપ્રાયથી બીજા ભાંગામાં વસ્તુ નિર્વિકલ્પ છે. કારણ કે અનુગત સામાન્યસ્વરૂપ દ્રવ્ય નામના પદાર્થમાંથી જુદા પાડેલા વિશેષસ્વરૂપ પર્યાયનું સમભિરૂઢ અને એવંભૂત પ્રતિપાદન કરે છે. (આશય એ છે કે અનુગત સામાન્યપદાર્થ એ દ્રવ્યનું લક્ષણ છે. તથા દ્રવ્યથી વ્યાવૃત્ત વિશેષ પદાર્થ એ પર્યાયનું લક્ષણ છે. સમભિરૂઢ અને એવંભૂત નયને માન્ય આ 'પર્યાય' નામનો પદાર્થ ક્ષણિક અને નિરંશ છે. તેથી સમભિરૂઢ અને એવંભૂત કોઈ પણ જાતના પર્યાયશબ્દવાચ્યત્વ વગેરે વિકલ્પને ઉભા કર્યા વિના જ સ્વતંત્રરૂપે 'પર્યાય' નામના પદાર્થનું પ્રતિપાદન કરે છે. તેથી શબ્દનયના બીજા અને ત્રીજા ભેદ સ્વરૂપ સમભિરૂઢ અને એવંભૂત નયના અભિપ્રાય મુજબ વસ્તુ નિર્વિકલ્પ છે.)

## ❖ અનેકાંતવ્યવસ્થા ગ્રંથ મુજબ વિચારણા ❖

**સ્પષ્ટતા** :- **અનેકાંતવ્યવસ્થા** પ્રકરણ મુજબ આ બન્ને ભાંગાનો નિર્દેશ આ રીતે વિચારી શકાય છે કે - 'શબ્દ(=સાંપ્રત)નયના મતે ઘટ નામનો પદાર્થ ઘટવાચક સર્વપર્યાયશબ્દોથી વાચ્યરૂપે છે જ. તથા સમભિરૂઢ અને એવંભૂત નયના મતે તે સ્વરૂપે ઘટપદાર્થ નથી જ.' આમ સાંપ્રતનયના મતે પ્રથમ સત્પ્રકારક ભાંગો અને સમભિરૂઢ-એવંભૂતનયના મતે દ્વિતીય અસત્પ્રકારક ભાંગો વસ્તુમાં સંભવી શકે છે. આ રીતે સમભિરૂઢ અને એવંભૂત નયને ભેગા કરી, બન્નેની દૃષ્ટિએ 'વસ્તુ કઈ રીતે નિર્વિકલ્પ છે ?' આ અંગે આપણે ઉપરોક્ત પ્રમાણે વિચાર કર્યો. હવે સમભિરૂઢ અને એવંભૂત નયને છુટા પાડી, પ્રત્યેકની દૃષ્ટિમાં અન્ય કયા અભિપ્રાયથી વસ્તુ નિર્વિકલ્પ છે ? આવી જિજ્ઞાસા ઉપસ્થિત થાય તો તેનું સમાધાન **સંમતિતર્કવ્યાખ્યા**માં નીચે મુજબ છે કે -

## ✡ ફક્ત સમભિરૂઢનયના મતે નિર્વિકલ્પતાનું સમર્થન ✡

(सम.) સમભિરૂઢનયના મતે કોઈ પણ એક વસ્તુ જુદા જુદા બે શબ્દો દ્વારા ઓળખાવી શકાતી નથી. અર્થાત્ સમભિરૂઢના મતે એક જ અર્થનું પ્રતિપાદન કરનાર પર્યાયવાચી અનેક શબ્દનું વિશ્વમાં અસ્તિત્વ નથી. 'ઘટ' શબ્દનો અર્થ જુદો છે. 'કુંભ' શબ્દનો અર્થ જુદો છે. 'કલશ' શબ્દનો અર્થ જુદો

एवम्भूतस्यापि विवक्षितक्रियाकालार्थत्वात्।

लिङ्ग-संज्ञा-क्रियाभेदेन भिन्नस्यैकशब्दाऽवाच्यत्वात् शब्दादिषु तृतीयः।

છે. Pot શબ્દનો અર્થ જુદો છે. 'ગાગર' શબ્દનો અર્થ જુદો છે. આમ વ્યવહાર આદિને સંમત એવો પર્યાયવાચી શબ્દ બદલાઈ જાય તો સમભિરૂઢ નયના મતે તે શબ્દનો અર્થ બદલાઈ જાય છે. તેથી એક જ અર્થમાં પર્યાયશબ્દવાચ્યત્વનો વિકલ્પ સમભિરૂઢનયને માન્ય જ નથી. તેથી સમભિરૂઢનયના મતે વસ્તુ નિર્વિકલ્પ (= પર્યાયશબ્દથી અવાચ્ય) છે.

### ❉ ફક્ત એવંભૂતનયના મતે નિર્વિકલ્પતાની વિચારણા ❉

(एवम्भूत.) શબ્દનયનો ત્રીજો ભેદ એવંભૂતનય છે. તેના મતે પણ વસ્તુ નિર્વિકલ્પ છે. આનું કારણ એ છે કે ચોક્કસ પ્રકારની ક્રિયા જે સમયે પ્રવર્તતી હોય તેટલો સમય જ તે અર્થ તે શબ્દથી વાચ્ય બને. દા.ત. પનિહારીના મસ્તક ઉપર આરૂઢ થઈને પાણી લાવવાની ક્રિયા કરનાર વસ્તુ 'ઘટ' શબ્દથી વાચ્ય છે. તે ક્રિયા શરૂ થઈ ન હોય કે સમાપ્ત થઈ ચૂકી હોય તેવા સમયે તે વસ્તુ 'ઘટ' શબ્દથી વાચ્ય નથી. આમ તે તે શબ્દથી વિવક્ષિત એવી ક્રિયા જે સમયે વિદ્યમાન ન હોય તે સમયે તે વસ્તુનો તે શબ્દના અર્થરૂપે સ્વીકાર કરવાનો વિચાર કે વિકલ્પ એવંભૂતનયને માન્ય ન હોવાથી તેના મત મુજબ વસ્તુ નિર્વિકલ્પ (વિવક્ષિતક્રિયાશૂન્ય કાળમાં પ્રયુક્ત શબ્દથી અવાચ્ય) છે. વળી, સમભિરૂઢનયના મતે પર્યાયશબ્દથી અવાચ્ય એવો પદાર્થ નિર્વિકલ્પ છે - આવું જે પૂર્વે જણાવેલું હતું, તે પણ એવંભૂતનયને માન્ય છે. અર્થાત્ પર્યાયશબ્દવાચ્યત્વસંબંધી વિકલ્પથી શૂન્ય એવી જ વસ્તુ એવંભૂતનયના મતે અર્થક્રિયાકાળે પરમાર્થ સત્ છે. આથી પણ એવંભૂતનો વિષય નિર્વિકલ્પ છે.

### ❉ વ્યંજનપર્યાયની સપ્તભંગીનો ત્રીજો ભાંગો ❉

(लिङ्ग.) હવે સપ્તભંગીના ત્રીજા ભાંગાની વાત આપણે વ્યંજનપર્યાયમાં વિચારીએ. શબ્દનયના સામ્પ્રત, સમભિરૂઢ અને એવંભૂત સ્વરૂપ ત્રણેય પ્રકારના નયનો યુગપદ્ વિચાર કરીએ તો વસ્તુ અવાચ્ય છે. આનું કારણ એ છે કે 'શબ્દના લિઙ્ગ, કાળ, વચન, વિભક્તિ અને પુરુષ બદલાઈ જાય તો તે ભિન્નલિંગાદિવાળા શબ્દથી તે વસ્તુ વાચ્ય કહેવાય નહિ' - આમ શબ્દનય (= સાંપ્રત નય) માને છે. તથા સમભિરૂઢનય એવું માને છે કે "કોઈ વ્યક્તિ 'ઘટ' શબ્દના બદલે 'કુંભ' સંજ્ઞાનો પ્રયોગ કરે તો તે ઘડો 'કુંભ' સંકેતથી વાચ્ય બને નહિ" તથા એવંભૂતનય એવું માને છે કે 'પાણી લાવવાની ક્રિયા કરવાના સમયથી ભિન્ન સમયે ઘરના ખૂણામાં પડી રહેલી કમ્બુગ્રીવાદિમાન્ વસ્તુ 'ઘટ' શબ્દથી વાચ્ય બને નહિ.' તેથી સામ્પ્રત, સમભિરૂઢ અને એવંભૂત - આ ત્રણેય નયને એકીસાથે પૂછવામાં આવે કે 'ભિન્ન એવા અર્થો એક શબ્દથી વાચ્ય હોય કે નહિ ?' તો તે ત્રણેય નયો એકીસાથે જવાબ આપશે કે 'એક શબ્દ દ્વારા ભિન્ન વસ્તુ અવાચ્ય (= અવક્તવ્ય) છે.' [જો કે અહીં 'યુગપદ્' ની પ્રધાનતા રહેતી નથી. કારણ કે આવા પ્રકારના પ્રશ્નમાં યુગપદ્દના બદલે ક્રમસર લઈએ તો પણ શબ્દનયના સાંપ્રત આદિ ત્રણેય પ્રકારોના અભિપ્રાયથી ભિન્ન એવા અર્થો એક શબ્દથી અવાચ્ય જ હોય છે. તેમ છતાં અહીં સંમતિવૃત્તિકારશ્રીએ 'યુગપદ્' અંશને ગૌણ રાખી અવાચ્યતાને જ પ્રસ્તુત સપ્તભંગીના ત્રીજા ભાંગામાં મુખ્ય કરેલ હોય તેમ જણાય છે.]

प्रथम-द्वितीयसंयोगे चतुर्थः। तेष्वेव चानभिधेयसंयोगे पञ्चम-षष्ठ-सप्तमा वचनमार्गा भवन्ति।

अथवा प्रदर्शितस्वरूपा सप्तभङ्गी सङ्ग्रह-व्यवहार-ऋजुसूत्रेष्वेवार्थनयेषु भवतीत्याह – 'एवं सत्तवियप्पो' इत्यादिगाथाम्। अस्यास्तात्पर्यार्थः – अर्थनये एव सप्त भङ्गाः। शब्दादिषु तु त्रिषु नयेषु प्रथम-द्वितीयावेव

## ❀ વ્યંજનપર્યાયની સપ્તભંગીના છેલ્લા ચાર ભાંગા ❀

**(प्रथम.)** તથા હવે વ્યંજનપર્યાયની સપ્તભંગીમાં ચોથો ભાંગો આપણે વિચારીએ. શબ્દનયના પ્રથમ ભેદરૂપ સાંપ્રતનયની અને દ્વિતીય ભેદસ્વરૂપ સમભિરૂઢનયની ક્રમિક વિવક્ષા કરવામાં આવે તો 'વસ્તુ સવિકલ્પ અને નિર્વિકલ્પ છે' - આ પ્રમાણે ચોથો ભાંગો પ્રાપ્ત થાય છે. તથા સપ્તભંગીના પ્રથમ ભાંગામાં અવાચ્ય સ્વરૂપ ત્રીજા ભાંગાનો સંયોગ કરવામાં આવે તો પ્રસ્તુત સપ્તભંગીનો 'વસ્તુ સવિકલ્પ અને અવાચ્ય (= અનભિધેય) છે' - આ પ્રમાણે પાંચમો ભાંગો પ્રાપ્ત થાય છે. તથા પ્રસ્તુત સપ્તભંગીના બીજા અને ત્રીજા ભાંગાનું જોડાણ કરવામાં આવે તો 'વસ્તુ નિર્વિકલ્પ અને અવાચ્ય છે' - આ પ્રમાણે છઠ્ઠો ભાંગો પ્રાપ્ત થાય છે. તથા પ્રસ્તુત સપ્તભંગીના ચોથા અને તૃતીય ભાંગાનું સંયોજન કરવામાં આવે તો 'વસ્તુ સવિકલ્પ, નિર્વિકલ્પ અને અવાચ્ય (= અનભિધેય = અવક્તવ્ય) છે' - આ પ્રમાણે સાતમો ભાંગો પ્રાપ્ત થશે. આ પ્રમાણે વ્યંજનપર્યાયમાં સપ્તભંગીના સાત વાક્યોની રચના (= વચનમાર્ગ) થાય છે."

[illegible] :- ઉપરોક્ત સપ્તભંગીને નીચેના કોષ્ટક દ્વારા વાચકવર્ગ સરળતાથી સમજી શકશે.

### ❋ *વ્યંજનપર્યાયમાં સપ્તભંગી* ❋

| | નય | વસ્તુ |
|---|---|---|
| (૧) | સાંપ્રત | સવિકલ્પ |
| (૨) | સમભિરૂઢ અને એવંભૂત | નિર્વિકલ્પ |
| (૩) | સાંપ્રત, સમભિરૂઢ અને એવંભૂત (યુગપત્) | અવાચ્ય (= અનભિલાપ્ય) |
| (૪) | સાંપ્રત તથા સમભિરૂઢ-એવંભૂત (ક્રમિક) | સવિકલ્પ-નિર્વિકલ્પ |
| (૫) | સાંપ્રત તથા યુગપત્ સાંપ્રત આદિ ત્રણ | સવિકલ્પ-અવાચ્ય |
| (૬) | સમભિરૂઢ-એવંભૂત તથા યુગપત્ સાંપ્રત આદિ ત્રણ | નિર્વિકલ્પ-અવાચ્ય |
| (૭) | સાંપ્રત અને સમભિરૂઢ-એવંભૂત તથા યુગપત્ સાંપ્રત આદિ ત્રણ નય | સવિકલ્પ-નિર્વિકલ્પ-અવાચ્ય |

## ❀ વ્યંજનપર્યાયમાં દ્વિભંગીની પાર્શ્વભૂમિકા : બીજી વ્યાખ્યા ❀

**(अथवा.)** શ્રીઅભયદેવસૂરિજી મહારાજ 'અથવા' કહેવા દ્વારા સંમતિકારના વચનની જુદી રીતે વ્યાખ્યા કરતાં જણાવે છે કે "પૂર્વે જણાવી ગયા તે સપ્તભંગી સંગ્રહ, વ્યવહાર અને ઋજુસૂત્ર નયસ્વરૂપ ત્રણેય અર્થનયોમાં સંભવી શકે છે. આ બાબતને જણાવવા માટે સંમતિકારશ્રીએ 'एवं सत्त...' ઈત્યાદિ ગાથા દર્શાવેલ છે. આ ગાથાનો તાત્પર્યાર્થ આ પ્રમાણે છે. અર્થનયમાં જ સપ્તભંગીના સાતેય ભાંગા (= પ્રકારો) સંભવે છે. શબ્દ વગેરે પાછલા ત્રણ વ્યંજનનયોમાં તો પ્રથમ અને બીજો ભાંગો જ સંભવે

भङ्गौ। यो ह्यर्थमाश्रित्य वक्तृस्थः सङ्ग्रह-व्यवहार-ऋजुसूत्राख्यः प्रत्ययः प्रादुर्भवति सोऽर्थनयः, अर्थवशेन तदुत्पत्तेः, अर्थे प्रधानतयाऽसौ व्यवस्थापयतीति कृत्वा। शब्दं तु स्वप्रभवमुपसर्जनतया व्यवस्थापयति, तत्प्रयोगस्य परार्थत्वात्।

यस्तु श्रोतरि तच्छब्दश्रवणादुद्गच्छति शब्द-समभिरूढ-एवम्भूताख्यः प्रत्ययस्तस्य शब्दः प्रधानम्, तद्वशेन तदुत्पत्तेः। अर्थस्तूपसर्जनम्, तदुत्पत्तावनिमित्तत्वात् स शब्दनय उच्यते।

तत्र च वचनमार्गः सविकल्प-निर्विकल्पतया द्विविधः। सविकल्पं = सामान्यम्, निर्विकल्पः = पर्यायः।

---

છે. આ બાબતને સમજવા માટે સૌપ્રથમ અર્થનયની વ્યાખ્યાને સમજવી જરૂરી છે. જે નય અર્થને આશ્રયીને પ્રવર્તે તે નય અર્થનય કહેવાય. અર્થનય પ્રતીતિસ્વરૂપ છે, જ્ઞાનાત્મક છે. વક્તાના મનમાં રહેલ સંગ્રહ, વ્યવહાર અને ઋજુસૂત્ર નયની પ્રતીતિ અર્થને આશ્રયીને પ્રવર્તે છે. તેથી તે સંગ્રહ આદિ ત્રણેય નય અર્થનય કહેવાય છે. અર્થવશ (પદાર્થના આધારે) સંગ્રહાદિ ત્રણ નયની ઉત્પત્તિ થતી હોવાથી સંગ્રહાદિ ત્રણેય અર્થનય અર્થની મુખ્યરૂપે વ્યવસ્થા (= વિવક્ષા કે ગોઠવણ) કરે છે તથા શબ્દની ગૌણરૂપે વ્યવસ્થા (= વિવક્ષા કે ગોઠવણ) કરે છે. કારણ કે શબ્દનો પ્રયોગ બીજા માટે કરવામાં આવતો હોય છે.

**સ્પષ્ટતા** :- શબ્દની ઉત્પત્તિ વક્તાના બોધને લીધે ઉત્પન્ન થાય છે. વક્તામાં રહેલ અર્થબોધ અનુસાર શબ્દપ્રયોગ થતો હોય છે. આમ અર્થબોધ નિયામક છે, શબ્દજનક છે. જ્યારે શબ્દ નિયમ્ય છે, અર્થબોધજન્ય છે. જે નિયામક હોય તે મુખ્ય બને, નિયમ્ય હોય તે ગૌણ બને. તેથી સૌપ્રથમ નિયામકની ગણના-ગોઠવણ-વ્યવસ્થા કે વિવક્ષા કરવી જરૂરી છે. તે નક્કી થાય એટલે તેને અનુસારે નિયમ્યની ગણના-ગોઠવણ-વ્યવસ્થા થઈ જ જાય છે. અર્થનય તો વક્તૃગત અર્થવિષયક બોધસ્વરૂપ છે. માટે વક્તૃજ્ઞાનાત્મક અર્થનય અર્થની મુખ્યપણે વ્યવસ્થા કરે છે, શબ્દની નહિ.

## ❖ વ્યંજનપર્યાયના સ્વરૂપની વિચારણા ❖

**(यस्तु.)** અર્થવિષયક બોધસ્વરૂપ અર્થનયને ધારણ કરનાર વક્તાના શબ્દને સાંભળવા દ્વારા શ્રોતામાં જે શબ્દ-સમભિરૂઢ-એવંભૂત નામને ધરાવનારી પ્રતીતિ ઉત્પન્ન થાય છે તે શબ્દનય (= વ્યંજનનય = વ્યંજનપર્યાય) કહેવાય છે. કારણ કે તે પ્રતીતિમાં શબ્દની મુખ્યતા છે, અર્થની ગૌણતા છે. શબ્દ-સમભિરૂઢ -એવંભૂતનય નામને ધરાવનારી ત્રણેય પ્રતીતિની અંદર શબ્દ મુખ્ય હોવાનું કારણ એ છે કે શબ્દવશ તેની ઉત્પત્તિ થાય છે. (વક્તા જેવા પ્રકારનો શબ્દપ્રયોગ કરે છે તેવા પ્રકારની પ્રતીતિ શ્રોતાને થાય છે. આમ શ્રોતૃબોધમાં વક્તાનો શબ્દ નિયામક છે, કારણ છે. શ્રોતાનો બોધ નિયમ્ય છે, કાર્ય છે. નિયામક હોય તે મુખ્ય કહેવાય. નિયમ્ય હોય તે ગૌણ કહેવાય. આથી શબ્દ-સમભિરૂઢ-એવંભૂત નામને ધરાવનારી પ્રતીતિમાં શબ્દ મુખ્ય છે.) શ્રોતૃગત શબ્દાદિ ત્રિવિધ પ્રતીતિમાં અર્થ તો ગૌણ છે. કારણ કે શ્રોતૃગત ત્રિવિધ બોધની ઉત્પત્તિમાં અર્થ નિમિત્ત નથી. આમ અર્થની ગૌણતા અને શબ્દની પ્રધાનતા હોવાથી શબ્દાદિ ત્રણ નય શબ્દનય (= વ્યંજનનય = વ્યંજનપર્યાય) કહેવાય છે.

## ❀ સવિકલ્પ-નિર્વિકલ્પસ્વરૂપની વિચારણા ❀

**(तत्र.)** ત્રિવિધ શબ્દનયમાં વસ્તુના સ્વરૂપને દર્શાવનારી પ્રતીતિ સવિકલ્પ અને નિર્વિકલ્પ - આમ બે પ્રકારે જ બોલાય છે. આમ શબ્દનયમાં વચનપદ્ધતિ દ્વિવિધ છે. સવિકલ્પ એટલે સામાન્ય (એટલે

तदभिधानाद् वचनमपि तथा व्यपदिश्यते। तत्र शब्द-समभिरूढौ संज्ञा-क्रियाभेदेऽप्यभिन्नमर्थं प्रतिपादयत इति तदभिप्रायेण सविकल्पो वचनमार्गः प्रथमभङ्गकरूपः। एवम्भूतस्तु क्रियाभेदाद् भिन्नमेवार्थं तत्क्षणे प्रतिपादयतीति निर्विकल्पो द्वितीयभङ्गकरूपस्तद्वचनमार्गः।

अवक्तव्यभङ्गकस्तु व्यञ्जननये न सम्भवत्येव, यतः श्रोत्रभिप्रायो व्यञ्जननयः स च शब्दश्रवणादर्थं प्रतिपद्यते न शब्दाऽश्रवणात्। अवक्तव्यं तु शब्दाभावविषयः इति नाऽवक्तव्यभङ्गकः व्यञ्जनपर्याये

---

કે દ્રવ્ય). તથા નિર્વિકલ્પ એટલે પર્યાય (અર્થાત્ વિશેષ પ્રકારનો ગુણધર્મ). સવિકલ્પ વસ્તુનું નિરૂપણ કરવાના લીધે વચન પણ સવિકલ્પ કહેવાય છે. તથા નિર્વિકલ્પ વસ્તુનું પ્રતિપાદન કરવાના કારણે વચન પણ નિર્વિકલ્પ કહેવાય છે. તેથી શબ્દાદિ પાછલા ત્રણ શબ્દનયમાં વસ્તુપ્રતિપાદક વચન સવિકલ્પ -નિર્વિકલ્પસ્વરૂપે દ્વિવિધ કહેવાય છે. સંજ્ઞા (= નામ કે સંકેત) બદલાવા છતાં પણ શબ્દનય (સાંપ્રતનય) અર્થભેદને માનતો નથી. તથા ક્રિયા બદલાવા છતાં પણ સમભિરૂઢનય અર્થભેદને માનતો નથી. (કહેવાનો આશય એ છે કે શબ્દનયમતે ઘટ, કુંભ, કળશ વગેરે પર્યાયવાચી શબ્દો બદલાવા છતાં પણ તેનાથી વાચ્ય = પ્રતિપાદ્ય અર્થ બદલાતો નથી. તથા સમભિરૂઢનયના મતે ક્રિયા બદલાય તો પણ અર્થ બદલાતો નથી. અર્થાત્ પનિહારીના મસ્તક ઉપર આરૂઢ થઈને પાણી લાવવાની ક્રિયા કરે કે ન કરે તેમ છતાં બન્ને વિકલ્પમાં ઘડાને ઘડો જ કહેવાય. આમ સમભિરૂઢનય માને છે.) આમ શબ્દનય અને સમભિરૂઢ-નય ક્રમશઃ નામભેદ કે ક્રિયાભેદ થવા છતાં પણ એક જ અર્થનું (= પદાર્થનું = વાચ્યાર્થનું) પ્રતિપાદન કરે છે. ક્રિયા કરનાર કે ન કરનાર બન્ને ઘટમાં સામાન્ય એવી ઘટપદવાચ્યતાનો સ્વીકાર કરતા હોવાથી તે બન્ને નયના અભિપ્રાયથી વસ્તુ સવિકલ્પ છે - આ પ્રમાણે વાક્યરચના થાય છે. આ પ્રથમ ભાંગો (= પ્રકાર) છે. જ્યારે એવંભૂતનય તો 'ક્રિયા બદલાય એટલે અર્થ બદલાઈ જ જાય' - તેવું માને છે. 'જે સમયે અર્થગત ક્રિયા બદલાય તે જ ક્ષણે અર્થ બદલાઈ જાય છે' - આ પ્રમાણે એવંભૂત-નય પ્રતિપાદન કરે છે. માટે એવંભૂતનય પોતાના વિષયમાં ક્રિયાભેદનો વિકલ્પ માન્ય કરતો નથી. માટે તેના મત મુજબ 'વસ્તુ નિર્વિકલ્પ છે' - આ પ્રમાણે વાક્યરચના થાય છે. તેથી બીજો ભાંગો એવંભૂતનયના મતમાં પ્રાપ્ત થાય છે.

[redacted] :- શબ્દનય પોતાના વિષયમાં સંજ્ઞાભેદનો વિકલ્પ માન્ય કરે છે. સમભિરૂઢનય પોતાના વિષયમાં ક્રિયાભેદના વિકલ્પને સ્વીકારે છે. તેથી શબ્દનય અને સમભિરૂઢનય સવિકલ્પ કહેવાય છે. જ્યારે એવંભૂતનય પોતાના વિષયમાં સંજ્ઞાભેદનો કે ક્રિયાભેદનો વિકલ્પ માન્ય કરતો નથી. માટે એવંભૂતસ્વરૂપ વ્યંજનનય નિર્વિકલ્પ છે. આમ શબ્દ-સમભિરૂઢ-એવંભૂત નયસ્વરૂપ વ્યંજનનયમાં વસ્તુના સ્વરૂપને વિશે સવિકલ્પ અને નિર્વિકલ્પ - આમ બે જ ભાંગા સંભવે છે.

### ❀ વ્યંજનપર્યાયમાં અવાચ્ય વગેરે ભાંગાનો અસંભવ ❀

**(अवक्त.)** શબ્દ-સમભિરૂઢ-એવંભૂતનયસ્વરૂપ વ્યંજનનયમાં અવક્તવ્ય નામનો ત્રીજો ભાંગો તો નથી જ સંભવતો. કારણ કે શ્રોતાનો અભિપ્રાય (= બોધ) વ્યંજનનય છે. તથા શ્રોતા તો શબ્દને સાંભળવાથી જ અર્થને સમજે છે, સ્વીકારે છે. શબ્દને સાંભળ્યા વિના શ્રોતાને શાબ્દ બોધ થઈ શકતો નથી. વક્તવ્ય = વાચ્ય એટલે શબ્દનો વિષય. અવક્તવ્ય = અવાચ્ય એટલે શબ્દનો અવિષય. અર્થાત્ શબ્દનો જે વિષય ન બને તે અવક્તવ્ય કહેવાય. શબ્દ સાંભળવાથી જે બોધ થાય તે શબ્દનો વિષય ન હોય

એહનો અર્થ - **એવં** = પૂર્વોક્ત પ્રકારઈં, **સપ્ત વિકલ્પ** = સપ્ત પ્રકાર **વચનપંથ** = સપ્તભંગીરૂપ

सम्भवतीत्यभिप्रायवता व्यञ्जनपर्याये तु सविकल्प-निर्विकल्पौ प्रथम-द्वितीयावेव भङ्गावभिहितौ आचार्येण, 'तु'शब्दस्य गाथायामेवकारार्थत्वाद्" (स.त.१/४१ वृ.) इति।

'सप्तभङ्ग्यैव कृत्स्नार्थबोध' इति नियमो नास्तीति ज्ञापनायाऽत्र [1]"एवं सत्तवियप्पो" (स.त.१/४९) इति **सम्मतितर्क**गाथा संवादरूपेण दर्शिता, व्यञ्जनपर्यायस्थले भङ्गद्वयेनैव कृत्स्नार्थबोधसम्भवे प्रस्थकादिस्थले एकेनाऽपि भङ्गेन नानानयार्थगोचरसमूहालम्बनबोधस्य निरपायत्वात्। किञ्च, "अथवा" (स.त.१/४१ वृ.) इतिशब्देन तर्कपञ्चाननश्री**अभयदेवसूरि**दर्शिते कल्पान्तरे व्यञ्जनपर्यायस्थलीयप्रथमभङ्गे युगपन्नयद्वयप्रवृत्तिप्रदर्शनाद् एकस्मिन् भङ्गे युगपन्नानानयप्रवृत्तिरनाविलैव। ततश्च प्रस्थकाद्युदाहरणे नैगमप्रतिपक्षविधया निषेधकोटौ युगपत् सङ्ग्रहादिनयनिर्देशः सिद्धान्ताऽविरुद्ध एवेति फलितम्।

महोपाध्यायकृता प्रकृत**सम्मतितर्कगाथावृत्ति**स्त्वेवम् 'एवं = पूर्वोक्तप्रकारेण सप्तविकल्पः = सप्तप्रकारः

તેવું તો ન જ બની શકે. માટે શ્રોતૃબોધસ્વરૂપ વ્યંજનપર્યાયમાં અવક્તવ્ય નામનો ત્રીજો ભાંગો સંભવી શકતો નથી. આ અભિપ્રાયને ધરાવતા શ્રી**સિદ્ધસેનદિવાકરસૂરિજી**એ શબ્દ-સમભિરૂઢ-એવંભૂતનયસ્વરૂપ વ્યંજનપર્યાયમાં તો ફક્ત સવિકલ્પ-નિર્વિકલ્પસ્વરૂપ પ્રથમ અને દ્વિતીય ભાંગો જ જણાવેલ છે. સંમતિતર્કની મૂળગાથામાં જણાવેલ 'तु' શબ્દનો અર્થ એવકાર = જકાર = 'જ' છે. આથી 'બે જ ભાંગા વ્યંજનપર્યાયમાં સંભવે છે' - આવું અર્થઘટન અહીં કરેલ છે." આ પ્રમાણે **સંમતિતર્ક**ની **વાદમહાર્ણવ** વ્યાખ્યામાં તર્કપંચાનન શ્રી **અભયદેવસૂરિજી** મહારાજે જણાવેલ છે.

## સપ્તભંગીમાં એકીસાથે સર્વનયપ્રવૃત્તિનો સંભવ

(**सप्त.**) 'સપ્તભંગીથી જ અર્થનો સંપૂર્ણ બોધ થાય' - તેવો નિયમ નથી. આ વાતના સમર્થન માટે **મહોપાધ્યાયજી** મહારાજે **સંમતિતર્ક**ની 'एवं सत्तवियप्पो' વાળી ગાથા રાસના ટબામાં સંવાદરૂપે જણાવી છે. વ્યંજનપર્યાયમાં = પાછલા શબ્દાદિ ત્રણેય નયમાં ફક્ત બે જ ભાંગા દ્વારા સંપૂર્ણ અર્થબોધ થઈ જાય છે. તેથી પ્રસ્થક વગેરે સ્થળમાં એક ભાંગા દ્વારા પણ અનેક નયના પદાર્થ વિશે સમૂહાલંબન બોધ થવામાં કોઈ બાધ નથી. વળી, બીજી એક મહત્ત્વની વાત એ છે કે આ ગાથાની 'अथवा' શબ્દથી **અભયદેવસૂરિજી** મહારાજે જે બીજી વ્યાખ્યા કરેલ છે, તેનાથી **મહોપાધ્યાયજી** મહારાજને જે કહેવું છે તે બાબત સિદ્ધ થાય છે. કેમ કે વ્યંજનપર્યાય સ્થળે પ્રથમ સવિકલ્પ ભાંગામાં એકીસાથે બે નય (શબ્દ અને સમભિરૂઢ) પ્રવર્તે છે - તેવું **અભયદેવસૂરિજી**એ દેખાડેલ છે. તેથી એકીસાથે એક ભાંગામાં અનેક નયની પ્રવૃત્તિને માનવામાં કોઈ વિરોધ નથી. માટે પ્રસ્થક વગેરે દૃષ્ટાંતમાં નૈગમના પ્રતિપક્ષરૂપે નિષેધકોટિમાં એકીસાથે સંગ્રહાદિ સર્વ નયોનો નિર્દેશ કરવામાં સૈદ્ધાન્તિક બાધ આવતો નથી - આમ ફલિત થાય છે.

## સંમતિતર્કગાથાની ત્રીજી વ્યાખ્યા

(**महो.**) 'एवं सत्तवियप्पो' ઈત્યાદિ **સંમતિતર્ક**ની ગાથા દ્વારા **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે 'દ્રવ્ય-ગુણ-પર્યાયરાસ' માં પોતાને અભિમત એવા અર્થની સિદ્ધિ માટે સુંદર વ્યાખ્યા પ્રસ્તુત કરી છે. તેનો

1. एवं सप्तविकल्पः।

વચનમાર્ગ તે **અર્થપર્યાય** = અસ્તિત્વ-નાસ્તિત્વાદિકનઈં વિષઈ હોઈ. **વ્યંજનપર્યાય** જે ઘટ-કુંભાદિકશબ્દ-વાચ્યતા✤, તેહનઈં વિષઈં **સવિકલ્પ** = વિધિરૂપ **નિર્વિકલ્પ** = નિષેધરૂપ એ બે(૨) જ ભાંગા હોઈ. પણિ અવક્તવ્યાદિ ભંગ ન હોઈ, જે માટઈં **અવક્તવ્ય**⊡ શબ્દવિષય કહિયઈં તો વિરોધ થાઈ.

वचनपथः = सप्तभङ्गीलक्षणवचनमार्गः अर्थपर्याये = अस्तित्व-नास्तित्वादिलक्षणे भवति। घट-कुम्भादिशब्दवाच्यतालक्षणे व्यञ्जनपर्याये पुनः विधिलक्षणः सविकल्पः, निषेधलक्षणश्च निर्विकल्पः इति द्वौ एव भङ्गौ भवतः। किन्तु अवक्तव्यादिभङ्गा न सम्भवन्ति, अवक्तव्यस्य शब्दविषयत्वकथने अन्वयबाधेन विरोधात्'।

***ननु*** एवं विरोधभिया अवक्तव्यपदार्थस्य शब्दमात्राऽविषयत्वाऽङ्गीकारे अवक्तव्यशब्दविषयत्वमपि न सङ्गच्छेत। तत्कथं सप्तभङ्ग्याम् इह स्थले पूर्वोक्तम् (४/११) अवक्तव्यपदार्थे अवक्तव्यशब्दविषयत्वं सङ्गच्छेतेति ***चेत्*** ?

***शृणु,*** व्यञ्जननयत एव विरोधप्रदर्शनस्याऽत्राभिप्रेतत्वात्, न तु प्रमाणादितः। अतः एव प्रमाणसप्तभङ्ग्याम् अवक्तव्यभङ्गः अवक्तव्यशब्दविषयत्वसाधकः लब्धाऽऽत्मलाभः, विरोधस्य च

ભાવાર્થ નીચે મુજબ સમજવો. "પૂર્વોક્ત રીતે સાત પ્રકારની વાક્યશૈલી = સપ્તભંગીસ્વરૂપ વચનપદ્ધતિ તો અસ્તિત્વ-નાસ્તિત્વ વગેરે સ્વરૂપ અર્થપર્યાયને વિષે જ સંભવે છે. ઘટ-કુંભ આદિ શબ્દનિરૂપિત અર્થનિષ્ઠ વાચ્યતાસ્વરૂપ વ્યંજનપર્યાયને વિશે તો વિધિસ્વરૂપ સવિકલ્પ અને નિષેધસ્વરૂપ નિર્વિકલ્પ - આમ બે જ ભાંગા સંભવે છે. પણ અવક્તવ્ય વગેરે બાકીના ભાંગા વ્યંજનપર્યાયમાં સંભવી શકતા નથી. કારણ કે અવક્તવ્યને = અવાચ્યને શબ્દવિષય = શબ્દવાચ્ય તરીકે જણાવવામાં આવે તો અન્વયબાધના કારણે વિરોધ આવે. વાચ્યત્વાભાવવિશિષ્ટમાં વાચ્યત્વનો અન્વય કઈ રીતે થઈ શકે ? તેવો અન્વય અયોગ્ય હોવાથી બાધિત છે. તેથી અવક્તવ્યને વાચ્ય કહેવામાં વિરોધ આવશે.

:- (ननु.) આ રીતે અવક્તવ્યપદાર્થને શબ્દવાચ્ય કહેવામાં વિરોધ આવવાના ભયથી જો તમે અવક્તવ્યપદાર્થમાં તમામ શબ્દોની અવાચ્યતા = અવિષયતાને જ સ્વીકારશો તો તે 'અવક્તવ્ય' શબ્દનો પણ વિષય નહિ બને. તથા આ વાતને ઈષ્ટાપત્તિ તરીકે સ્વીકારી ન શકાય. બાકી તો પૂર્વે (૪/૧૧) સપ્તભંગીમાં યુગપદ્ નયદ્વયની વિવક્ષા કરવામાં આવે તે સ્થળે જે અવક્તવ્યભાંગો બતાવેલ છે, તે કઈ રીતે સંગત થશે ? ત્યાં તો પદાર્થને 'અવક્તવ્ય' કહીને તેમાં 'અવક્તવ્ય' શબ્દની વિષયતા જ દર્શાવેલ છે. જો અવક્તવ્ય વસ્તુ સર્વ શબ્દથી અવાચ્ય હોય તો પૂર્વોક્ત 'અવક્તવ્ય' શબ્દની વિષયતા તેમાં કઈ રીતે સંગત થાય ?

## ✾ વિરોધનો પરિહાર ✾

:- (शृणु.) ભાગ્યશાળી ! સાંભળો. અહીં સંમતિતર્કગાથાવ્યાખ્યામાં અવક્તવ્યને શબ્દવાચ્ય માનવામાં જે વિરોધ જણાવેલ છે તે પ્રમાણાદિની દૃષ્ટિએ નથી જણાવ્યો, પરંતુ વ્યંજનનયની દૃષ્ટિથી જ તે વિરોધ જણાવેલ છે. પ્રમાણની દૃષ્ટિથી તો અવક્તવ્યપદાર્થને કથંચિત્ વક્તવ્ય કહેવામાં વાંધો

✤ કો.(૧૨)માં 'વાચકતા' પાઠ. ⊡ મો.(૨)માં 'અવક્તવ્યને વિશે હોય વ્યંજન પર્યાય...' પાઠ.

અથવા **સવિકલ્પ** શબ્દ-સમભિરૂઢ નયમતઈં અનઈં **નિર્વિકલ્પ** એવંભૂતનયને મતઈં ઈમ બે (૨) ભંગ જાણવા. અર્થનય પ્રથમ ચાર (૪) તો વ્યંજનપર્યાય માનઈં નહીં. તે માટઈં તે નયની ઈહાં પ્રવૃત્તિ નથી.

---

मध्यमपरिमाण**स्याद्वादरहस्ये यशोविजयवाचकैः** एव "न च अवक्तव्यत्वं शब्दाऽबोध्यत्वरूपं कथं योग्यमिति वाच्यम्, उपदेशसहकारेण पद्मरागादिवत् तद्ग्रहाद्" (स्या.र. का.५/भाग-२/पृ.२२५) इत्युक्त्या परिहृतत्वादिति दिक्।

प्रकृतमुच्यते – '***अथवा*** सविकल्पः शब्द-समभिरूढनयमते निर्विकल्पश्च एवम्भूतनयमते इति द्वौ भङ्गौ वेदितव्यौ। "चत्वारः प्रथमे अर्थनिरूपणप्रवणत्वाद् अर्थनयाः" (प्र.न.त.७/४४) इति

---

નથી જ. તેથી જ પ્રમાણસપ્તભંગીમાં યુગપદ્ નયદ્વયની વિવક્ષા હોય ત્યારે વસ્તુને 'અવક્તવ્ય' કહી શકાય છે. ત્યારે 'અવક્તવ્ય' શબ્દની વાચ્યતાને વસ્તુમાં દર્શાવનારા 'અવક્તવ્ય' ભાંગાને અવકાશ છે જ. તથા અવક્તવ્ય પદાર્થને 'અવક્તવ્ય' શબ્દ દ્વારા વાચ્ય માનવામાં અન્વયબોધની અયોગ્યતાના લીધે જે વિરોધ તમે ઉઠાવો છો, તેનું નિરાકરણ તો **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે મધ્યમપરિમાણ **સ્યાદ્વાદરહસ્ય** ગ્રંથમાં શંકા-સમાધાન દ્વારા નીચે મુજબ કરેલ છે.

**શંકા** :- 'અવક્તવ્યત્વ' શબ્દનો અર્થ છે શબ્દઅબોધ્યત્વ. અર્થાત્ શબ્દજન્ય પ્રતીતિથી નિરૂપિત વિષયતાની યોગ્યતાનો અભાવ = અવક્તવ્યત્વ. યુગપદ્ નયદ્વયની અર્પણા કરવાથી અવક્તવ્ય બનતો વિષય જો 'અવક્તવ્ય' શબ્દથી વાચ્ય હોય તો તેનો અર્થ એવો થાય કે શાબ્દબોધનિરૂપિત તમામ વિષયતા માટે અયોગ્ય એવી વસ્તુમાં 'અવક્તવ્ય' શબ્દજ્ઞાનજન્ય શાબ્દબોધની વિષયતા રહે છે. આવો અન્વયબોધ /શાબ્દબોધ કઈ રીતે થઈ શકે ? શાબ્દબોધનો અવિષય કઈ રીતે શાબ્દબોધનો વિષય બને ? અવક્તવ્યત્વ કેવી રીતે શાબ્દી પ્રતીતિને યોગ્ય બને ? તેથી અવક્તવ્યત્વપ્રકારક શાબ્દબોધને માનવામાં વિરોધ આવશે.

### ❀ અવક્તવ્ય પણ કથંચિત્અવક્તવ્ય ❀

**સમાધાન** :- જેમ પદ્મરાગ મણિ વગેરે આપણે જોઈએ તો પણ 'આ પદ્મરાગ મણિ છે' - આવું જ્ઞાન આપણને થતું નથી. પરંતુ ઝવેરીના ઉપદેશસ્વરૂપ સહકારી કારણ દ્વારા પદ્મરાગત્વપ્રકારક પ્રતીતિ આપણને થઈ શકે છે. તેમ અવક્તવ્ય/અવાચ્ય વસ્તુનો શાબ્દબોધ સામાન્ય વ્યક્તિને સામાન્ય સંયોગમાં ન થાય. પરંતુ સપ્તભંગીના જ્ઞાતા-ઉપદેશક એવા સદ્ગુરુના માધ્યમથી સપ્તભંગીમાં યુગપદ્નયદ્વયવિવક્ષા હોય ત્યારે વસ્તુમાં અવક્તવ્યત્વપ્રકારક શાબ્દબોધ આપણને થઈ શકે છે.

સપ્તભંગીમાં મહોપાધ્યાયજીએ ઉપરોક્ત રીતે અવક્તવ્ય ભાંગાનો વિષય બનનાર વસ્તુને કથંચિદ્ અવક્તવ્ય (એટલે કે 'અવક્તવ્ય' શબ્દથી વાચ્ય અને તેનાથી વિલક્ષણ શબ્દોથી અવાચ્ય) તરીકે જણાવેલ છે. માટે અવક્તવ્યને કથંચિત્ વાચ્ય = 'અવક્તવ્ય' શબ્દથી વાચ્ય માનવામાં પ્રમાણની દૃષ્ટિએ વિરોધ નથી. આ 'સ્યાદ્વાદરહસ્ય' ગ્રંથનું તાત્પર્ય છે. જ્યારે પ્રસ્તુતમાં સંમતિતર્કગાથાની વ્યાખ્યા કરતી વખતે મહોપાધ્યાયજીએ વ્યંજનનયની દૃષ્ટિએ અવક્તવ્યને શબ્દવાચ્ય માનવામાં વિરોધ દર્શાવેલ છે. આ દિશાસૂચન મુજબ બન્ને ગ્રંથની સંગતિ કરવી.

**(प्रकृ.)** હવે મૂળ વાત ઉપર આવીએ. અથવા સવિકલ્પ ભાંગો શબ્દ અને સમભિરૂઢ નયના મતે જાણવો અને નિર્વિકલ્પ ભાંગો એવંભૂતના મતે સમજવો. આમ શબ્દ-સમભિરૂઢ-એવંભૂતસ્વરૂપ વ્યંજનપર્યાયમાં કુલ બે જ ભાંગા સંભવે છે. **પ્રમાણનયતત્ત્વાલોક**માં જણાવેલ નૈગમ-સંગ્રહ-વ્યવહાર-ઋજુસૂત્ર નયસ્વરૂપ

**प्रमाणनयतत्त्वालोक**दर्शिताः अर्थनयास्तु व्यञ्जनपर्यायमेव नाऽभ्युपगच्छन्ति। अतः तेषामत्राऽप्रवृत्तिः'।

प्रकृते एकपदजन्यप्रातिस्विकधर्मद्वयावच्छिन्नविषयकशाब्दबोधाऽविषयत्वं कथञ्चिदवक्तव्यत्वम्। तद्बोधनं तु व्यञ्जननये न सम्भवति, [1]"असओ णत्थि णिसेहो" (वि.आ.भा.१५७४) इति **विशेषावश्यकभाष्य**वचनाद् "उक्तविशिष्टप्रतियोगिनोऽसिद्ध्या तदभावस्याऽप्यसिद्धत्वात् पदार्थमर्यादया वाक्यार्थमर्यादया वा बोधयितुमशक्यत्वात्।

---

ચાર અર્થનય (= અર્થપર્યાય) તો અર્થનું = અર્થપર્યાયનું જ નિરૂપણ કરવામાં તત્પર હોવાથી વ્યંજનપર્યાયને માનતા જ નથી. માટે નૈગમાદિ ચારેય અર્થનયોની વ્યંજનપર્યાયમાં પ્રવૃત્તિ થતી નથી."

## ❋ વ્યંજનપર્યાયની દ્વિભંગી : અનેકાંતવ્યવસ્થાકારની દૃષ્ટિમાં ❋

(**પ્રકૃતે**.) મહોપાધ્યાય શ્રી**યશોવિજયજી** ગણિવર દ્વારા રચિત **અનેકાંતવ્યવસ્થાપ્રકરણ**માં 'एवं सत्तवियप्पो' ઈત્યાદિ **સંમતિતર્ક**ની ગાથાનું વિસ્તૃત વિવેચન ઉપલબ્ધ થાય છે. તેમાંથી પ્રસ્તુતમાં ઉપયોગી બાબતનો ઉલ્લેખ '**પરામર્શકર્ણિકા**' વ્યાખ્યામાં ઉદ્ધૃત કરેલ છે. તેનું ભૂમિકાપૂર્વક વિવરણ આ પ્રમાણે સમજવું. "પ્રસ્તુતમાં વ્યંજનનય સવિકલ્પ-નિર્વિકલ્પ નામના બે જ ભાંગાને સ્વીકારે છે. અવક્તવ્યત્વ આદિ શેષ પાંચ ભાંગા વ્યંજનનયને (શબ્દ-સમભિરૂઢ-એવંભૂતનયને) માન્ય નથી. આનું કારણ એ છે કે 'કથંચિત્ અવક્તવ્યત્વ' શબ્દનો અર્થ છે એકપદથી જન્ય પ્રાતિસ્વિક = અસાધારણ એવા સત્-અસત્ વગેરે બે ગુણધર્મોથી અવચ્છિન્ન = વિશિષ્ટ એવી વસ્તુને પોતાનો વિષય બનાવનાર એવા શાબ્દબોધની વિષયતાનો અભાવ. (આશય એ છે કે સત્ત્વ-અસત્ત્વ વગેરે બે અસાધારણ ધર્મોથી યુક્ત એવી વસ્તુનો જે શાબ્દબોધ યુગપત્ કે ક્રમિક એક જ પદથી ઉત્પન્ન થતો હોય તેવા શાબ્દબોધની વિષયતા ન હોવી તે જ કથંચિત્ અવક્તવ્યત્વ છે.) અસાધારણધર્મદ્વયવિશિષ્ટસ્વરૂપે વસ્તુનું અવગાહન કરનારો શાબ્દબોધ એક પદથી યુગપત્ કે ક્રમિક ઉત્પન્ન જ થઈ શકતો નથી. આમ તાદૃશ શાબ્દબોધની વિષયતા જ અપ્રસિદ્ધ બનવાના લીધે તાદૃશવિષયતાના અભાવ સ્વરૂપ 'કથંચિત્ અવક્તવ્યત્વ' નામના ત્રીજા ભાંગાનો બોધ વ્યંજનનયમાં થઈ શકતો નથી. **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે 'અસત્ = અવિદ્યમાન વસ્તુનો નિષેધ કરી ન શકાય.' પ્રસ્તુતમાં એકપદજન્યત્વવિશિષ્ટ ઉપરોક્ત શાબ્દબોધ જ અપ્રસિદ્ધ છે. તેથી તે શાબ્દબોધની (અથવા નિરૂપિતત્વસંબંધથી શાબ્દબોધવિશિષ્ટ એવી) વિષયતા (= પ્રતિયોગી) પણ અપ્રસિદ્ધ છે. તેથી તાદૃશશાબ્દબોધવિષયતાનો નિષેધ કરી શકાતો નથી. એકપદજન્યતથાવિધશાબ્દબોધનિરૂપિતત્વવિશિષ્ટ વિષયતાનો અભાવ અપ્રસિદ્ધ હોવાના લીધે પદાર્થમર્યાદાથી કે વાક્યાર્થમર્યાદાથી તાદૃશવિષયતાના અભાવનું (= કથંચિત્ અવક્તવ્યત્વનું) જ્ઞાન શબ્દ-સમભિરૂઢ-એવંભૂતનયસ્વરૂપ વ્યંજનનયમાં સંભવિત નથી.

**શંકા** :- એકપદજન્યત્વવિશિષ્ટ અસાધારણધર્મદ્વયવિશિષ્ટવસ્તુવિષયક શાબ્દબોધ અપ્રસિદ્ધ હોવાથી તેનું ભાન અખંડ શક્તિથી ભલે થઈ ના શકે. પરંતુ ખંડશઃ શક્તિથી તો તેનું ભાન થઈ જ શકે છે. કારણ કે એકપદજન્યત્વ ઘટગોચર શાબ્દબોધમાં પ્રસિદ્ધ છે. તથા અસાધારણધર્મદ્વયવિશિષ્ટવસ્તુવિષયકત્વ ઘટ-પટવિષયક શાબ્દબોધમાં પ્રસિદ્ધ છે. આમ જુદા-જુદા બે શાબ્દબોધમાં ખંડશઃ પ્રસિદ્ધ બે ગુણધર્મોનો એક જ શાબ્દબોધમાં ખંડશઃ શક્તિ દ્વારા અન્વય કરીને તેનું ભાન માની શકાય છે.

---

1. असतो नास्ति निषेधः।

न च स्यात्पदसमभिव्याहृताऽवक्तव्यपदात् प्रकृते खण्डशः शक्त्या बोधः सम्भवति, एकपदार्थयोः परस्परमन्वयबोधस्याऽव्युत्पन्नत्वात्;

अन्यथा हरिपदादुपस्थितयोः सिंह-कृष्णयोः आधाराऽऽधेयभावसम्बन्धेनान्वयबोधप्रसङ्गादिति सूक्ष्मेक्षिकामनुसरता व्यञ्जननयेन प्रकृते नञ्व्यत्यासाद् एकपदोऽजनितप्रातिस्विकधर्मद्वयाऽवच्छिन्नविषयकशाब्द-

## ✻ ખંડશઃ શક્તિથી અવક્તવ્યત્વનો બોધ અસંભવ ✻

**સમાધાન** :- (न च.) 'કથંચિત્' (કે 'સ્યાત્') પદની અવ્યવહિત ઉત્તરમાં રહેલ 'અવક્તવ્ય' પદથી પ્રસ્તુતમાં ખંડશઃ (છૂટી-છવાયી કે વિભક્ત) શક્તિ દ્વારા પણ નિરુક્ત અવક્તવ્યત્વનો બોધ સંભવી શકતો નથી. આનું કારણ એ છે કે એક જ પદના બે અર્થનો પરસ્પર અન્વયબોધ શાબ્દબોધસ્થલીય મર્યાદા અનુસાર સંમત નથી. આથી એકપદજન્યત્વ અને અસાધારણધર્મદ્વયવિશિષ્ટવસ્તુવિષયકત્વ આ બે ગુણધર્મોથી વિશિષ્ટ એવા શાબ્દબોધની વિષયતાનો બોધ થયા બાદ તાદૃશ વિષયતાના અભાવ સ્વરૂપ કથંચિત્ અવક્તવ્યત્વનો બોધ શાબ્દસ્થલીય વ્યુત્પત્તિ મુજબ માન્ય બની શકતો નથી.

## ✻ અનેકાર્થકશબ્દસ્થળે શાબ્દબોધવિચાર ✻

(अन्यथा.) જો એક જ 'સ્યાત્' કે 'કથંચિત્' પદથી ઉપસ્થિત એકપદજન્યત્વ અને અસાધારણ-ધર્મદ્વયઅવચ્છિન્નવિષયકત્વ - આ બે અર્થનો એકબીજાની સાથે અન્વય થઈને શાબ્દબોધ માન્ય કરવામાં આવે તો એક જ 'હરિ' શબ્દથી ઉપસ્થિત સિંહ અને કૃષ્ણ - આ બે અર્થનો આધાર-આધેયભાવ સંબંધથી અન્વય થઈને સિંહઆરૂઢ કૃષ્ણનો શાબ્દબોધ 'હરિ' શબ્દના શ્રવણથી ઉત્પન્ન થવાની આપત્તિ આવશે.

**સ્પષ્ટતા** :- 'હરિ' શબ્દ અનેકાર્થક છે. સિંહ, કૃષ્ણ, વાંદરો, વરસાદ, દેડકો, સાપ વગેરે અનેક અર્થમાં 'હરિ' શબ્દનો પ્રયોગ થાય છે. પરંતુ એક વખત 'હરિ' શબ્દનો પ્રયોગ કરવાથી 'હરિ' શબ્દના અનેક અર્થનો બોધ થતો નથી. ઉપરમાંથી જેટલા અર્થનો બોધ કરાવવો હોય તેટલી વખત 'હરિ' શબ્દનો પ્રયોગ કરવો જરૂરી બને છે. જો એક વખત બોલાયેલ એક પદ દ્વારા તે પદના અનેક અર્થનો એકીસાથે પરસ્પર અન્વય થઈને શાબ્દબોધ થઈ શકતો હોય, તો એક વખત 'હરિ' શબ્દ બોલવાથી સિંહ ઉપર આરૂઢ થયેલ કૃષ્ણનો બોધ ('સ્વનિષ્ઠઆધારતાનિરૂપિત આધેયતાસંબંધથી સિંહવિશિષ્ટ કૃષ્ણ' ઈત્યાકારક શાબ્દબોધ) ઉત્પન્ન થવાની આપત્તિ આવશે. પરંતુ આવું માન્ય નથી. માટે એક વખત બોલાયેલ એક પદના બે અર્થનો પરસ્પર અન્વય થઈને શાબ્દબોધ થવાની વાત શબ્દશાસ્ત્રનિષ્ણાતોને માન્ય નથી બનતી. તેથી 'કથંચિત્' પદની સાથે રહેલા 'અવક્તવ્ય' પદના બે અર્થ (૧) એકશબ્દજન્યત્વ અને (૨) અસાધારણધર્મદ્વયાવચ્છિન્નવસ્તુવિષયકત્વ માની, ખંડશઃ શક્તિથી ઉપસ્થિત તે બન્નેનો પરસ્પર અન્વય કરીને ઉત્પન્ન થતા એવા શાબ્દબોધને માન્ય કરવા દ્વારા એકપદજન્ય-અસાધારણધર્મદ્વય-અવચ્છિન્નવસ્તુવિષયક શાબ્દબોધને પ્રસિદ્ધ કરવાથી તેની વિષયતા પણ પ્રસિદ્ધ બનવાના લીધે તેનો નિષેધ કરવા સ્વરૂપ કથંચિદ્ અવક્તવ્યત્વનું સમર્થન કરવું. આ પ્રમાણેનું કાર્ય વ્યંજનનય કરી ન શકે. માટે વ્યંજનનયમાં તૃતીય વગેરે ભાંગાઓ સંભવિત નથી. આવી સૂક્ષ્મ વિચારણા વ્યંજનનય કરે છે.

(सूक्ष्मेक्षि.) સૂક્ષ્મ બુદ્ધિને અનુસરનાર વ્યંજનનય આ પ્રમાણે અભિપ્રાય ધરાવે છે કે પૂર્વે (૫૧૯ પૃષ્ઠમાં) જણાવેલ એકપદજન્યપ્રાતિસ્વિકધર્મદ્વયાવચ્છિન્નવિષયકશાબ્દબોધવિષયત્વના અભાવ સ્વરૂપ કથંચિત્

અધિકું ***અનેકાન્તવ્યવસ્થા***થી જાણવું.

***तदेवमेकत्र विषये[8] प्रतिस्वमनेकनयविप्रतिपत्तिस्थले स्यात्कारलाञ्छिततावन्नयार्थप्रकारकसमूहालम्बनबोधजनक एक एव भङ्ग एष्टव्यः, व्यञ्जनपर्यायस्थले भङ्गद्वयवत्।**

बोधविषयत्वं स्यादवक्तव्यत्वं वाच्यम्। तच्च भङ्गद्वयाऽर्थमादाय पर्यवस्यतीति व्यञ्जननये द्वावेव भङ्गौ इति व्याख्यातृतात्पर्यं सुष्ठु घटामटाट्यते। देशकृताः चत्वारो भङ्गास्तु व्यञ्जननयेन शुद्धेन देश्यतिरिक्तदेशाऽभावादेव नोद्भावनाऽर्हाः" (अ.व्य.पृ.७३) इत्यादिकं व्युत्पादितम् **अनेकान्तव्यवस्थाप्रकरणे** महोपाध्याय-**यशोविजयगणिवरैः** इत्यवधेयम्।

तदेवमेकत्र विषये प्रतिस्वमनेकनयविप्रतिपत्तिस्थले प्रस्थकाद्युदाहरणलक्षणे स्यात्कारलाञ्छित-तावन्नयार्थप्रकारकसमूहालम्बनबोधजनक एक एव भङ्ग एष्टव्यः, शब्द-समभिरूढैवम्भूतनयलक्षण-

અવક્તવ્યત્વમાંથી પ્રસ્તુતમાં 'નઞ્' નો (=અભાવનો) વ્યત્યાસ = વિપર્યય કરીને 'કથંચિદ્ અવક્તવ્યત્વ'ની વ્યાખ્યા કરવી જોઈએ. સૂક્ષ્મવ્યંજનનય તે મુજબ વ્યાખ્યા કરતા જણાવે છે કે - એક પદથી ઉત્પન્ન ન થયેલ અસાધારણધર્મદ્વયઅવચ્છિન્નવસ્તુવિષયક શાબ્દબોધની વિષયતા એટલે કથંચિદ્અવક્તવ્યત્વ. આવું કથંચિત્ અવક્તવ્યત્વ તો સવિકલ્પત્વ અને નિર્વિકલ્પત્વ નામના પ્રથમ અને દ્વિતીય ભાંગાના અર્થને લેવા દ્વારા જ ચરિતાર્થ થઈ જાય છે. કેમ કે તે બન્ને સંમિલિત ભાંગા સંબંધી શાબ્દબોધ એક પદથી ઉત્પન્ન નથી થતો, પરંતુ બે પદથી ઉત્પન્ન થાય છે. તથા અસાધારણ એવા સવિકલ્પત્વ અને નિર્વિકલ્પત્વ નામના બે ગુણધર્મથી વિશિષ્ટ એવી વસ્તુને તે પોતાનો વિષય બનાવે છે. તેથી એકપદઅજનિત અસાધારણધર્મદ્વયઅવચ્છિન્નવસ્તુવિષયક શાબ્દબોધની વિષયતા સ્વરૂપ 'કથંચિત્ અવક્તવ્યત્વ' ભાંગાનું જ્ઞાન પ્રથમ અને દ્વિતીય ભાંગામાં જ થતું હોવાથી ત્રીજો ભાંગો સ્વતંત્રરૂપે મળી નહિ શકે. માટે શબ્દ-સમભિરૂઢ-એવંભૂત નામના ત્રણ વ્યંજનનયના મતે ફક્ત પ્રથમ સવિકલ્પ અને બીજો નિર્વિકલ્પ - આમ બે જ ભાંગા માન્ય બને છે. આ મુજબ વિચાર કરવામાં આવે તો **સંમતિવ્યાખ્યાકાર**નું તાત્પર્ય અત્યંત સારી રીતે સંગત થઈ શકે. સપ્તભંગીના પાછલા ચાર ભાંગા તો દેશકૃત = અંશકૃત = અંશસાપેક્ષ છે. તથા શબ્દ-સમભિરૂઢ અને એવંભૂત નય સ્વરૂપ ત્રણ શુદ્ધ વ્યંજનનયના મતે વસ્તુ અખંડ છે, નિરંશ છે. અખંડ વસ્તુથી = દેશીથી અતિરિક્ત = જુદા અંશો શુદ્ધ વ્યંજનનયના મતે વિદ્યમાન નથી. તેથી અંશસાપેક્ષ સવિકલ્પ-નિર્વિકલ્પ વગેરે પાછલા ચાર ભાંગા વ્યંજનનયમતાનુસાર ઉદ્ભાવન કરવા યોગ્ય નથી. માટે વ્યંજનનયના મતે વસ્તુ કાં સવિકલ્પ છે કાં તો નિર્વિકલ્પ છે. શબ્દ-સમભિરૂઢનયસ્વરૂપ વ્યંજનનયના મતે વસ્તુ ફક્ત સવિકલ્પ છે. એવંભૂતનયસ્વરૂપ વ્યંજનનયના મતે વસ્તુ ફક્ત નિર્વિકલ્પ છે. આમ વ્યંજનનયમાં કુલ બે જ ભાંગા સંભવે છે." ઈત્યાદિ બાબતની છણાવટ **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે **અનેકાંતવ્યવસ્થા** પ્રકરણમાં કરેલ છે. આ બાબત વાચકવર્ગે ધ્યાનમાં લેવી.

## ● સર્વત્ર સાત ભાંગા આવશ્યક નથી ●

(**तदेव.**) આ રીતે એક જ વિષયમાં પ્રત્યેક ધર્મસંબંધી અનેક નયની વિપ્રતિપત્તિ (= વિરુદ્ધ માન્યતા) હોય તેવા પ્રસ્થક વગેરે ઉદાહરણમાં સ્યાત્કારથી (= કથંચિત્પદથી) યુક્ત સાત-છ-પાંચ વગેરે નયોના

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ આ.(૧)માં નથી. [8] કો.(૧૨)માં '**विषये प्रतिपत्तिस्थले**' પાઠ.

व्यञ्जनपर्यायस्थले सविकल्प-निर्विकल्पलक्षणभङ्गद्वयवत्।

प्रस्थकाद्युदाहरणे विधिकोटौ एकतरनयप्रवेशेन प्रतिषेधकोटौ च सहार्पितनानानययोजनेन लब्धात् कथञ्चित्पदाऽन्विताऽस्तित्वप्रकारकप्रथमभङ्गादेव निरुक्तप्रमाणवाक्यलक्षणात् कृत्स्नवस्तुस्वरूपावबोधोपपत्तेः सर्वत्र सप्तभङ्ग्याग्रहेण अलम्।

इदमत्र महोपाध्याय**यशोविजयगणि**वराकूतम् – पर्याप्त्या सकलनयार्थप्रतिपादकत्वात् सप्तभङ्ग्याः प्रमाणवाक्यत्वम्। किन्तु सर्वैरेव बहुभिर्वा नयैः एकस्यैवार्थस्य विचारे क्रियमाणे नयाभिप्रायाः विविधाः मिथो विरुद्धाश्च सम्भवन्ति, प्रस्थकाद्युदाहरणे **अनुयोगद्वारसूत्रादौ** तथैव नानानयाभिप्रायप्रदर्शनात्। तादृशस्थले युगपन्नानानयप्रवृत्तौ हि विधिकोटौ एकतरनयं निधाय निषेधकोटौ च युगपदखिलावशिष्टनयार्पणे एकेनाऽपि भङ्गेन स्यात्पदाङ्कितेन अभिमताखिलार्थस्वरूपावबोधोपपत्तेः अवशिष्टभङ्गभानमनतिप्रयोजनमिति तर्कानुसारिमतम्।

---

અર્થોને પ્રકાર = વિશેષણ તરીકે ગ્રહણ કરનાર સમૂહાલંબનાત્મક જ્ઞાનને ઉત્પન્ન કરનાર એક જ ભાંગો માનવો જોઈએ. જે રીતે શબ્દ-સમભિરૂઢ-એવંભૂત નયસ્વરૂપ વ્યંજનનયમાં = શબ્દપર્યાયમાં સવિકલ્પ અને નિર્વિકલ્પ બે જ ભાંગા માન્ય બને છે તે રીતે પ્રસ્તુતમાં સમજવું.

**(प्रस्थ.)** પ્રસ્થક વગેરે ઉદાહરણમાં વિધિકોટિમાં નૈગમનયને અને નિષેધકોટિમાં સંગ્રહાદિ સર્વ નયોને એકીસાથે ગોઠવી સ્યાત્પદથી = કથંચિત્પદથી યુક્ત અસ્તિત્વપ્રકારક પ્રથમ એક જ ભાંગો પૂર્વોક્ત પ્રમાણવાક્યસ્વરૂપ બનીને વસ્તુના સંપૂર્ણ સ્વરૂપનો બોધ ઉત્પન્ન કરાવશે. તેથી બધા જ સ્થળે સપ્તભંગીના સાતેય ભાંગાનો આગ્રહ રાખવાની જરૂર નથી. અનેક નયોની વિધિ-નિષેધકોટિમાં એકીસાથે પ્રવૃત્તિ થતી હોય ત્યાં સ્યાત્પદગર્ભિત એકાદ ભાંગા દ્વારા જ વસ્તુના અપેક્ષિત સંપૂર્ણસ્વરૂપનો બોધ થઈ શકે છે.

**સ્પષ્ટતા** :- સપ્તભંગીના પ્રત્યેક ભાંગામાં વિધિકોટિમાં એક નયને ગોઠવી, નિષેધકોટિમાં ક્રમશઃ એક-એક નયને મૂકવાના બદલે એકીસાથે અનેક નયોને ગોઠવવાની પોતાની વિચારણાને ટેકો આપવા માટે મહોપાધ્યાયજી મહારાજે **સંમતિતર્ક**નો સંવાદ દર્શાવેલ છે. તથા એક જ ભાંગામાં સર્વ નયોનો સમાહાર-સમન્વય કરવાથી એક જ ભાંગા દ્વારા તે તમામ નયોના અર્થનો સમૂહાલંબનાત્મક શાબ્દબોધ થઈ જવાથી સાત ભાંગાઓને માનવાની આવશ્યકતા રહેતી નથી.

**(इद.) મહોપાધ્યાયશ્રી યશોવિજયજી** મહારાજનું તાત્પર્ય દ્રવ્ય-ગુણ-પર્યાયરાસના ટબાને વિચારવાથી આ પ્રમાણે ફલિત થાય છે કે સપ્તભંગી પ્રમાણવાક્ય સ્વરૂપ છે. કારણ કે સર્વ નયોને જેટલા અર્થ માન્ય છે તે તમામ અર્થોનું તે પર્યાપ્ત પ્રતિપાદન કરે છે. પરંતુ એકીસાથે સર્વ નયો કે અનેક નયો એક જ પદાર્થને વિચારવા તૈયાર થાય ત્યારે તે નયોના મન્તવ્યો વિવિધ પ્રકારના હોય છે, પરસ્પર વિરુદ્ધ પણ હોય છે. પ્રસ્થક વગેરે દૃષ્ટાંતમાં જુદા-જુદા નયોના વિવિધ અને પરસ્પર વિલક્ષણ એવા જ મંતવ્યો **અનુયોગદ્વારસૂત્ર** વગેરે આગમોમાં બતાવેલ છે. પ્રસ્થક વગેરે દૃષ્ટાંતોમાં સાત, છ કે પાંચ નયો એકીસાથે વિચારણા કરવા માંડે, ત્યારે એક નયને વિધિકોટિમાં મૂકી અન્ય સર્વ નયોને નિષેધકોટિમાં એકીસાથે ગોઠવવામાં આવે તો સપ્તભંગીના સ્યાત્પદગર્ભિત પ્રથમ ભાંગા દ્વારા જ સર્વ નયોને સંમત એવા અર્થનો સંપૂર્ણ શાબ્દબોધ થઈ

**यदि च सर्वत्र सप्तभङ्गीनियम एव आश्वासः, तदा चालनीयन्यायेन तावन्नयार्थनिषेधबोधकौ***

आगमिकपरम्परानुसारतः सप्तभङ्ग्याः सार्वत्रिकत्वनियमस्तु यत्रार्थे सामान्यतया एकैको नयः विधिकोटौ प्रतिषेधकोटौ च निविशते तादृशस्थलानुरोधेन कृत्स्नार्थस्वरूपावबोधार्थं युज्यतेतराम्। किन्तु यत्र मुख्य-गौणभावेन विधि-प्रतिषेधकोटौ सप्त षट् पञ्च वा नयाः युगपत् प्रवर्तन्ते तत्रैकतरनयार्थं मुख्यरूपेण विधाय द्वितीयनयार्थं च निषिध्य एका सप्तभङ्गी कार्या। ततः प्रथमनयार्थं मुख्यरूपेण विधाय तृतीयनयार्थं च निषिध्य द्वितीया सप्तभङ्गी कर्तव्या। एवं प्रतिषेध-कोटौ क्रमशः अवशिष्टैकैकनयार्थं प्रस्थाप्य नानाविधाः सप्तभङ्ग्यः लभ्याः।

एवं गुरुपरम्परामनुसृत्य आगमिकमतमुपदर्श्य पश्चाद् **महोपाध्यायश्रीयशोविजयगणिवरैः** तर्कानुसारिमतमनुसृत्य **द्रव्य-गुण-पर्यायरासस्तबके** स्वमतं दर्शितं यदुत – यत्र मुख्य-गौणभावेन विधि -प्रतिषेधकोटौ सप्त षट् पञ्च वा नया युगपत् प्रवर्तन्ते तत्रैकेनैव भङ्गेन कृत्स्नार्थस्वरूपावबोधाद् अन्यभङ्गकल्पना नाऽतिप्रयोजनेति।

यदि च सर्वत्र सप्तभङ्गीनियमे एवाऽऽश्वासः तदा चालनीयन्यायेन तावन्नयार्थनिषधबोधको

---

જવાથી બીજા છ ભાંગાને માનવાની જરૂર રહેતી નથી. મહોપાધ્યાયજીનો આ તર્કાનુસારી મત છે.

### ❖ આગમાનુસારી મતનું સમર્થન ❖

(आग.) આગમિક પરંપરામાં 'સંપૂર્ણ અર્થબોધ માટે સર્વત્ર અવશ્ય સપ્તભંગીવાક્યનો પ્રયોગ કરવો જોઈએ' - તેવું માન્ય છે. સપ્તભંગીની આ વાત સામાન્યતયા એકીસાથે ફક્ત એક-એક નય જ વિધિ-પ્રતિષેધકોટિમાં ગોઠવાય તેવા સ્થળની અપેક્ષાએ સંપૂર્ણ અર્થબોધ માટે અત્યંત યુક્તિસંગત છે. પરંતુ વિધિ-પ્રતિષેધકોટિમાં સાત, છ કે પાંચ નયોના વિભિન્ન વિચારો પ્રવર્તે ત્યાં એક નયાર્થનું મુખ્યરૂપે વિધાન અને બીજા નયના અર્થનો નિષેધ કરીને એક સપ્તભંગી કરવી. તથા ત્યાર બાદ પ્રથમ નયાર્થનું મુખ્યરૂપે વિધાન અને ત્રીજા નયના અર્થનો નિષેધ કરીને બીજી સપ્તભંગી બનાવવી. આ રીતે પ્રતિષેધકોટિમાં ક્રમશઃ અન્ય નયોને ગોઠવવા દ્વારા અનેક સપ્તભંગીઓ મળી શકે.

(एवं.) આમ ગુરુપરંપરાને અનુસરીને આગમપરંપરાને જણાવ્યા બાદ **મહોપાધ્યાયજી** મહારાજે તર્કાનુસારી મતને અનુસરીને પોતાનો મત જણાવતા **દ્રવ્ય-ગુણ-પર્યાય રાસના ટબા**માં કહેલ છે કે - 'વિધિ-પ્રતિષેધકોટિમાં સાત, છ કે પાંચ નયો એકીસાથે ગૌણ-મુખ્યભાવે પ્રવર્તવાથી અનેકનયગર્ભિત એક ભંગ દ્વારા જ જે સ્થળે સંપૂર્ણ અર્થબોધ થઈ જાય, તે પ્રસ્થક આદિ સ્થળે બાકીના છ ભાંગાની કલ્પના કરવાની આવશ્યકતા નથી.' આ પ્રમાણે **મહોપાધ્યાયજી** મહારાજનું તાત્પર્ય જણાય છે.

### ☫ સપ્તભંગીની સાર્વત્રિકતાનું સમર્થન : કલ્પાન્તર ☫

(यदि च.) તેમ છતાં પણ જો 'સર્વત્ર સ્થળે સપ્તભંગી અવશ્ય સંગત થાય છે' - આવા નિયમમાં જ કોઈ વ્યક્તિ દૃઢ આસ્થા રાખે તો ચાલનીયન્યાયથી તેટલા નયોના અર્થસ્વરૂપ નિષેધનો બોધક

---

* પા.માં '**निषेधको**' પાઠ છે.

**द्वितीयोऽपि भङ्गः, तन्मूलकाश्चान्येऽपि तावत्कोटिकाः पञ्च भङ्गाश्च कल्पनीयाः। इत्थमेव निराकाङ्क्ष-सकलभङ्गप्रतिपत्तिनिर्वाहाद् इति युक्तं पश्यामः।***

नास्तित्वादिलक्षणो द्वितीयोऽपि भङ्गः, तन्मूलकाश्चाऽन्येऽपि तावत्कोटिकाः पञ्च भङ्गाश्च अवक्तव्यत्वादयः कल्पनीयाः। इत्थमेव निराकाङ्क्ष-सकलभङ्गप्रतिपत्तिनिर्वाहादिति युक्तं पश्याम इति **द्रव्य-गुण-पर्यायरासस्तबके** व्यक्तम्।

***एतावता*** "सप्तभङ्गपरिकरितपरिपूर्णार्थबोधकतापर्याप्तिमद्वाक्यस्यैव प्रमाणवाक्यत्वाद्" (गु.त.वि.१/५२ वृ.) इति **गुरुतत्त्वविनिश्चयवृत्ति**वचनमपि ***व्याख्यातम्,*** मतिज्ञानलक्षणस्य प्रत्यक्षस्य अवग्रहादि-चतुष्टयाऽन्यतरवैकल्ये इव श्रुतलक्षणस्य आगमस्य अपि एकादिभङ्गवैकल्ये प्रमाणत्वाऽव्यवस्थानात्। "आगमप्रमाणं सर्वत्र विधि-प्रतिषेधाभ्यां स्वार्थमभिदधानं सप्तभङ्गीमनुगच्छति, तथैव परिपूर्णार्थप्रापकत्व-लक्षणतात्त्विकप्रामाण्यनिर्वाहात्। क्वचिदेकभङ्गदर्शनेऽपि व्युत्पन्नमतीनाम् इतरभङ्गाऽऽक्षेपध्रौव्याद्" (जै.त.भा.प्रमाणपरिच्छेद - पृ.१६१) इति व्यक्तमुक्तं **यशोविजयवाचकैरेव जैनतर्कभाषायाम्।**

નાસ્તિત્વઆદિસ્વરૂપ બીજો ભાંગો પણ માનવો. તથા તન્નિમિત્તક બીજા પણ તેટલી કોટિવાળા અવશિષ્ટ = બાકીના અવક્તવ્યત્વ વગેરે પાંચ ભાંગા માનવા. કારણ કે આ રીતે જ નિરાકાંક્ષ સર્વ ભાંગાઓની પ્રતિપત્તિનો = બુદ્ધિનો નિર્વાહ થઈ શકે. આ પ્રમાણે માનવું અમને યુક્તિસંગત લાગે છે. આવું કથન **મહોપાધ્યાયજી** મહારાજ **દ્રવ્ય-ગુણ-પર્યાય રાસના ટબા**માં કરે છે.

## ❦ પરિપૂર્ણઅર્થબોધકતાની વિચારણા ❦

(एता.) હમણાં જે નિરૂપણ કર્યું તેનાથી **ગુરુતત્ત્વવિનિશ્ચયવ્યાખ્યા**માં મહોપાધ્યાયજી મહારાજે જે વાત કહી છે તેનું પણ સ્પષ્ટીકરણ થઈ જાય છે. ત્યાં તેઓશ્રીએ પ્રથમ ઉલ્લાસમાં જણાવેલ છે કે "સાત ભાંગાઓથી યુક્ત પરિપૂર્ણ અર્થની બોધકતાની પર્યાપ્તિવાળું વાક્ય (પરિપૂણ અર્થનો બોધ કરાવનાર સંપૂર્ણ વાક્ય) જ પ્રમાણવાક્ય છે." હમણાં ઉપર જણાવી ગયા તેમ સપ્તભંગીમાં જ પ્રામાણ્યનું આગમપરંપરા મુજબ તેઓશ્રીએ ત્યાં સમર્થન કરેલ છે. જેમ અવગ્રહ-ઈહા-અપાય-ધારણા આ ચારમાંથી કોઈ પણ એક અર્થ ગેરહાજર હોય તો મતિજ્ઞાનસ્વરૂપ પ્રત્યક્ષમાં પ્રામાણ્ય રહેતું નથી, તેમ સાત ભાંગાઓમાંથી એકાદ ભાંગો પણ ગેરહાજર હોય તો શ્રુતસ્વરૂપ આગમમાં પણ પ્રામાણ્ય રહી શકતું નથી. મતલબ કે શ્રુતજ્ઞાન પણ સપ્તભંગીયુક્ત હોય તો જ પ્રમાણ બની શકે છે. આ અંગે **જૈનતર્કભાષા** ગ્રંથમાં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે જ આ પ્રમાણે વિશેષ પ્રકાશ પાથરેલ છે કે "આગમ પ્રમાણ સર્વત્ર વિધિ-પ્રતિષેધ દ્વારા પોતાના અર્થને જણાવતી વખતે સપ્તભંગીને અનુસરે છે. કારણ કે પ્રતિપદ સપ્તભંગીને અનુસરવામાં આવે તો જ પરિપૂર્ણ અર્થનું તે જ્ઞાપક બની શકે. પરિપૂર્ણઅર્થજ્ઞાપકત્વ એ જ તાત્ત્વિક પ્રામાણ્ય છે. આવા તાત્ત્વિક પ્રામાણ્યના નિર્વાહ માટે પ્રત્યેક આગમસૂત્ર સપ્તભંગીને અનુસરે છે. આથી જ ક્યારેક ક્યાંક આગમમાં એકાદ ભાંગો જ જોવામાં આવે તો પણ સપ્તભંગીપરિકર્મિત બુદ્ધિવાળા વિદ્વાનો તે એક ભાંગા દ્વારા બીજા છ ભાંગાઓને અવશ્ય સમજી જાય છે."

□ શાં.માં '**भङ्ग-निर्वा०**' પાઠ છે. પા૦ ૨+કો.(૯)+સિ.નો પાઠ લીધો છે. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ આ.(૧)માં નથી.

એ વિચાર સ્યાદ્વાદપંડિતંઈ સૂક્ષ્મ બુદ્ધિં ચિત્તમાંહઈ ધારવો.* ॥૪/૧૩॥

इत्थं सप्तभङ्गीप्रक्रियानुसारेण स्व-परद्रव्याद्यपेक्षया परस्परविरुद्धसत्त्वाऽसत्त्वधर्मयुग्मं य एकस्मिन् वस्तुनि जानाति स तत्र भेदाऽभेद-सामान्यविशेष-नित्यानित्यत्व-वाच्याऽवाच्यत्वादिधर्मयुगलानि विज्ञातुं प्रभवति। एवं विद्वान् प्रतिवस्तु नानाविधाः सप्तभङ्गीः बोद्धुमर्हति। [1]"जे एगं जाणइ से सव्वं जाणइ" (आ.सू.१/३/४/१२२) इति **आचाराङ्गसूत्रो**क्तिरपि एतदर्थानुपातिनी द्रष्टव्या।

प्रकृतं परिपूर्णार्थप्रापकत्वं पारिभाषिकम् अवसेयम्। पारमार्थिकम् अपरोक्षं त्रैकालिक-कृत्स्नस्व-परपर्यायसमन्वितसमस्तार्थप्रापकत्वं तु केवलज्ञाने एव समस्तीति समवसेयम्। अयं विचारः स्याद्वादिपण्डितेन सूक्ष्मबुद्ध्या चित्तेऽवधातव्यः।

## ❋ એકના જ્ઞાનમાં સર્વેનું જ્ઞાન ❋

(**इत्थं.**) આ રીતે સપ્તભંગીની પ્રક્રિયા મુજબ, સ્વ-પરસંબંધી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ પરસ્પરવિરુદ્ધ એવા સત્ત્વ-અસત્ત્વસ્વરૂપ ધર્મયુગલને જે વિદ્વાન એક વસ્તુમાં જાણે છે, તે વિદ્વાન તે વસ્તુમાં રહેલ ભેદાભેદ, સામાન્ય-વિશેષ, નિત્યત્વ-અનિત્યત્વ, વાચ્યત્વ-અવાચ્યત્વ વગેરે ધર્મયુગલોને જાણવા માટે સમર્થ બને છે. આ રીતે જાણનાર વિદ્વાન દરેક વસ્તુમાં અનેકવિધ સપ્તભંગીઓને જાણવા માટે પાત્ર બને છે. આ બાબતનું સમર્થન કરનારી **આચારાંગસૂત્ર**ની એક સૂક્તિ છે. તેમાં જણાવેલ છે કે 'જે એક વસ્તુને જાણે છે, તે સર્વ વસ્તુને જાણે છે.' આમ સપ્તભંગીના વિદ્વાન સર્વત્ર સપ્તભંગી દ્વારા પરિપૂર્ણ અર્થનું જ્ઞાન પ્રાપ્ત કરે છે.

(**प्रकृ.**) પ્રસ્તુતમાં જે પરિપૂર્ણ અર્થની બોધકતા બતાવેલ છે તે પારિભાષિક છે, સપ્તભંગીની પરિભાષાની અપેક્ષાએ છે. પારમાર્થિક અપરોક્ષ ત્રૈકાલિક સંપૂર્ણ સ્વ-પરપર્યાયયુક્ત તમામ અર્થની બોધકતા તો કેવલજ્ઞાનમાં જ રહે છે - તેમ સમજવું. આ પ્રમાણેનો વિચાર સ્યાદ્વાદી પંડિતોએ સૂક્ષ્મ બુદ્ધિથી મનમાં ધારણ કરવો.

[redacted]:- 'સાત ભાંગાથી જ સર્વત્ર સંપૂર્ણ અર્થબોધ થાય' આવા નિયમને વળગી રહેવામાં આવે તો મહોપાધ્યાયજી મહારાજ આગમિક પરંપરાનું સમર્થન કરવા માટે આગમપરિકર્મિત બુદ્ધિના બળથી તેનું પણ બીજી રીતે સમર્થન કરે છે. તેઓશ્રી કહે છે કે સપ્તભંગીના પ્રથમ ભાંગામાં પ્રતિષેધકોટિમાં બાકી રહેલા જે છ કે પાંચ નયોને ગૌણ બનાવેલ હતા તેને બીજા ભાંગામાં મુખ્ય કરીને, પ્રથમ ભાંગાના વિધિકોટિગત મુખ્ય નયને ગૌણ કરવાથી નાસ્તિત્વપ્રકારક (= અસત્ત્વગોચર) બીજો ભાંગો મળી શકે છે. આ રીતે ક્રમિક-અક્રમિક અર્પણા કરવાથી બાકીના પાંચ ભાંગા પ્રાપ્ત થઈ શકે છે. આમ આગમાનુસારી મતનું પણ તેઓશ્રી સમર્થન કરે છે.

## 卐 ચાલનીય ન્યાય વિચાર 卐

આગમાનુસારી મતના સમર્થનમાં મહોપાધ્યાયજી મહારાજે જે ચાલનીય ન્યાયનો નિર્દેશ કરેલ છે તેને આ મુજબ સમજવો. અનાજને ચાળવાની ચાળણીમાં (કે ચારણીમાં કે ચાયણીમાં) અનેક કાણાંઓ

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પૃ.૪૯૦ થી પૃ.૫૨૫ સુધીનો પાઠ કો.(૧૩)માં નથી. 1. य एकं जानाति स सर्वं जानाति।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – प्रस्थकाद्युदाहरणे स्वस्य एक एव भङ्गः सम्मतः तथापि आगमपरम्परानुसारतः तत्र सप्तभङ्गी अपि ग्रन्थकृता समर्थिता। अनेन इदं सूच्यते यत् 'तर्कशक्त्या स्वबुद्धौ पदार्थः यथा प्रतिभासते तथैव आगमसम्मतं यदुत अन्यथा ? प्रकृते आगमाभिप्रायः कीदृशः ? आगमिकपदार्थसमर्थनं गत्यन्तरेण सम्भवति न वा ?' इति मीमांसामार्गः उद्घाटनीयः। तथाविधमीमांसा च निष्कपटं यथावसरं प्रकटनीया। इत्थमेव सम्यग् मीमांसकत्वं माध्यस्थ्यञ्च आत्मसाद् भवेताम्। ततश्च "कृत्स्नकर्मकलातीतः सकलो निष्कलोऽपि च। परमात्मा परं ज्योतिः परं ब्रह्म परात् परः।।" (यो.प्र.२९) इति **योगप्रदीप**दर्शितं सिद्धात्मस्वरूपं न दूरवर्त्ति स्यात्।।४/१३।।

---

હોય છે. જે ધાન્યકણ એક કાણાંમાંથી ન નીકળી શક્યું હોય તે બીજા કાણાંમાંથી નીકળી જાય છે. અલગ-અલગ કાણાંમાંથી ક્રમશઃ ધાન્ય ચળાય છે. બરાબર આ જ રીતે પ્રથમ ભાંગામાં જે નયો વિધિકોટિમાં મુખ્યપણે ગોઠવાયા ન હોય તે નયોને બીજા ભાંગામાં મુખ્યપણે ગોઠવવા. આ રીતે એક નયની એક સપ્તભંગી મળે. ત્યાર બાદ બીજા નયને પ્રથમ ભાંગામાં વિધિકોટિમાં મુખ્યપણે ગોઠવી, બાકીના નયોને નિષેધકોટિમાં ગોઠવવા. આમ એકી સાથે સાત, છ કે પાંચ નયની સપ્તભંગી પ્રવર્તે, ત્યારે ચાલનીયન્યાયથી સર્વ નયોને વિધિકોટિમાં ગોઠવવાથી અલગ-અલગ નયોની અલગ-અલગ અનેક સપ્તભંગીઓ મળી શકે છે. તેથી સપ્તભંગીની સાર્વત્રિકતાનો આગમાનુસારી નિયમ પણ સંગત થઈ શકે છે. આવો આશય **મહોપાધ્યાયજી** મહારાજનો હોય તેમ જણાય છે.

## ❀ વિચારણાની દિશાઓને ખુલ્લી રાખીએ ❀

**આધ્યાત્મિક ઉપનય** :- પ્રસ્થક આદિ ઉદાહરણમાં તર્ક દ્વારા એક જ ભંગની વાત પોતાને જચતી હોવા છતાં આગમિક પરંપરાનુસાર સપ્તભંગીનું પણ સમર્થન સ્વોપજ્ઞ સ્તબકમાં મહોપાધ્યાયજી મહારાજે કરેલ છે. આ ઘટના આધ્યાત્મિક જગતમાં એ રીતે ઉપયોગી છે કે આપણી બુદ્ધિમાં તર્કશક્તિથી કોઈ પદાર્થ જે રીતે ભાસે છે તે રીતે જ તે પદાર્થ આગમમાન્ય છે કે બીજી રીતે ? પોતાને બીજી પદ્ધતિથી એક વાત બંધ બેસતી જણાય તો પણ તેવા સ્થળે 'આગમ આ બાબતમાં શું જણાવે છે ? આગમિક બાબતનું સમર્થન અન્ય કોઈ રીતે થઈ શકે તેમ છે કે નહિ ?' આ પ્રમાણે વિચારવાની દિશાને આપણે ખુલ્લી રાખવી જોઈએ. તેમજ તે વિચારોને જાહેર કરવાની ખેલદિલી-નિખાલસતા ચૂકવી ન જોઈએ. આવું બને તો જ સમ્યગ્ વિચારકતા અને મધ્યસ્થતા = પ્રામાણિકતા આત્મસાત્ થઈ શકે. ત્યાર બાદ **યોગપ્રદીપ** ગ્રંથમાં દર્શાવેલ સિદ્ધસ્વરૂપ દૂર રહેતું નથી. ત્યાં જણાવેલ છે કે 'સિદ્ધ પરમાત્મા સર્વકર્મકલાશૂન્ય છે. નિષ્કલ હોવા છતાં પણ જ્ઞાનાદિકલાયુક્ત છે. તે શ્રેષ્ઠ જ્ઞાનજ્યોતિસ્વરૂપ છે. તે પરબ્રહ્મ છે. ઉત્તમ તત્ત્વોથી પણ તે ઉત્તમ - સર્વશ્રેષ્ઠ છે.' (૪/૧૩)

લખી રાખો ડાયરીમાં.....

- **વાસના બહુમુખી, બહુરૂપી, બહુવેશી, બહુબોલી છે. આત્મસમર્પણસ્વરૂપ ઉપાસના મૌન-એકરૂપી છે.**

ફલિતાર્થ કહઈ છઈ -

**સપ્તભંગ એ દઢ અભ્યાસી♦ જે પરમારથ દેખઈ રે;**
**જસ કીરતિ ✡જગિ તેહની ✦વાધઈ, જૈન❖ભાવ તસ લેખઈ રે ॥૪/૧૪॥ (૫૪)**
**શ્રુતધર્મઈ મન દઢ કરી રાખો, જિમ શિવસુખફલ ચાખો રે.**

**એ** = કહિયા જે **સપ્તભંગ**, તે **દઢ અભ્યાસ** = સકલાદેશ, વિકલાદેશ, નયસપ્તભંગ, પ્રમાણસપ્તભંગ ઈત્યાદિ ભેદઈ ઘણો અભ્યાસ કરી, **જે પરમાર્થ દેખઈ** = જીવાજીવાદિ પરમાર્થ = રહસ્ય સમજઈ, **તેહની યશ કીર્તિ** શોભા* (જગિ = જગતમાં) **વાધઈ**. જેહ માટઈં સ્યાદ્વાદપરિજ્ઞાનઈં જ જૈનનઈં તર્કવાદનો યશ

फलितार्थमाह – '**सप्ते**'ति।

**सप्तभङ्ग्या दृढाभ्यासाद् यः तत्त्वं विपश्यति।**
**यशोवृद्धिरिहैतस्य लेख्या तस्यैव जैनता।।४/१४।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – यः सप्तभङ्ग्या दृढाभ्यासात् तत्त्वं विपश्यति, एतस्य इह यशोवृद्धिः (भवति)। तस्यैव जैनता लेख्या।।४/१४।।

निरुक्तायाः **सप्तभङ्ग्या दृढाभ्यासात्** = सकलादेश-विकलादेश-नयसप्तभङ्गी-प्रमाणसप्तभङ्ग्यादिप्रकारेण कुशलाभ्यासाद् **यः तत्त्वं** = जीवाऽजीवादि परमार्थं **विपश्यति** = विशेषरूपेण परिस्फुटं जानाति **एतस्य** विपश्यकस्य **इह** जगति **यशोवृद्धिः** = सर्वदिग्गामिश्लाघा-शोभाप्रवृद्धिः भवति, स्याद्वादपरिज्ञानेनैव जैनस्य तर्कवादयशोलाभात्, "स्याद्वादस्य निखिलदोषगोचराऽतिक्रान्तत्त्वाद्"

[redacted] :- ઉપરોક્ત તાર્કિક અને આગમિક - બે પ્રકારની વિચારધારાના ફલિતાર્થને જણાવતા ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

### ❀ સપ્તભંગીના અભ્યાસથી આત્મતત્ત્વદર્શન ❀

[redacted] :- જે વ્યક્તિ સપ્તભંગીનો દઢ અભ્યાસ કરીને આત્માદિ તત્ત્વને વિશેષ પ્રકારે જુએ છે, તેના યશની અહીં વૃદ્ધિ થાય છે તથા તેનું જ જૈનત્વ લેખવા (= ગણવા) લાયક છે. (૪/૧૪)

[redacted] :- પૂર્વે જણાવેલી-સમજાવેલી સપ્તભંગીનો દઢ અભ્યાસ કરવો જોઈએ. સકલાદેશ, વિકલાદેશ, નયસપ્તભંગી, પ્રમાણસપ્તભંગી વગેરે પદ્ધતિએ સપ્તભંગીનો કુશળતાપૂર્વક અભ્યાસ કરવામાં આવે તો સપ્તભંગીનો દઢ અભ્યાસ કર્યો કહેવાય. આ પ્રમાણે સપ્તભંગીનો દઢ અભ્યાસ કરવાથી જીવ -અજીવ વગેરે પારમાર્થિક તત્ત્વનું વિશેષરૂપે સ્પષ્ટ દર્શન થાય છે. તથા આ રીતે સપ્તભંગીના દઢ અભ્યાસના નિમિત્તે જીવ-અજીવાદિ તત્ત્વોને જે આત્માર્થી જીવ સ્પષ્ટ રીતે જાણે છે, જુએ છે તેની વિશ્વમાં સર્વદિગ્ગામિની પ્રશંસા-શોભામાં અભિવૃદ્ધિ થાય છે. કારણ કે સ્યાદ્વાદના વ્યાપક બોધથી જ જૈનોને તર્કવાદનો યશ મળે છે. કારણ કે 'સ્યાદ્વાદ સર્વ (= કોઈ પણ) દોષોનો વિષય બનતો નથી' - આમ

♦ કો.(૧૨)માં 'દઢ કરી રાખો' પાઠ. ✡ કો.(૪)માં 'જગ' પાઠ. ✦ પુસ્તકોમાં 'વાધઈ તેહની' પાઠ. લા.(૧)+ આ.(૧)નો ક્રમ લીધો છે. ❖ મ.+કો.(૧૨)માં 'जइन' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. * લી.(૧) + લા.(૨)માં 'શોભા' છે. પુસ્તકોમાં નથી.

છઈ. અનઈં **જૈનભાવ** પણિ (**तस**=) તેહનો જ **લેખઈ**; જે માટઈં નિશ્ચયથી સમ્યક્ત્વ સ્યાદ્વાદપરિજ્ઞાને જ* છઈ. **उक्तं च** ***सम्मतौ*** –

[1]**चरण-करणप्पहाणा, ससमय-परसमयमुक्कवावारा।**

**चरण-करणस्स सारं, णिच्छयसुद्धं ण याणंति।।** (स.त.३.६७)

▸એ ગાથા પૂર્વે પ્રથમ ઢાલેં છેં.◂

---

(भ.सू.१८/१०/६४७ वृ.पृ.७६०) इति **भगवतीसूत्रवृत्ति**वचनात्। ततश्च **तस्यैव** = स्याद्वादरहस्यवेदिन एव **जैनता लेख्या** = परिगण्या, गणनायामवतरति इति यावत्तात्पर्यम्, स्याद्वादपरिज्ञाने सत्येव निश्चयनयतः सम्यक्त्वाऽभ्युपगमात्, न तु केवलं बहिःक्रियाकलापात्। तदुक्तं **सम्मतितर्के** [1]"चरण -करणप्पहाणा ससमय-परसमयमुक्कवावारा। चरण-करणस्स सारं णिच्छयसुद्धं ण याणंति।।" (स.त.३/६७) इति। यद्यपि **अभयदेवसूरि**कृता एतद्व्याख्या प्राक् (१/२+७) प्रदर्शितैव किन्तु **उपदेशरहस्ये**ऽपि इयं गाथा वर्तते। तत्र च **महोपाध्याययशोविजय**गणिवरकृतम् एतद्गाथाव्याख्यानमेवं विद्यते। तथाहि – "चरणं [2]"वय-समणधम्मं...." (**ओघनिर्युक्तिभाष्य-२**) इत्यादिगाथोक्तसप्ततिभेदम्, करणमपि [3]"पिंडविसोही - समिई" (**ओघनिर्युक्तिभाष्य-३**) इत्यादिगाथोक्तसप्ततिभेदम्, ताभ्यां प्रधानास्तत्र नैरन्तर्यादरवन्त इत्यर्थः, स्वसमय

---

**ભગવતીસૂત્રવૃત્તિ**માં જણાવેલ છે. તેથી સ્યાદ્વાદના રહસ્યોના જાણકાર એવા આત્માર્થી જીવનું જ જૈનત્વ લેખે લાગે છે. તાત્પર્ય એ છે કે અનેકાન્તસિદ્ધાન્તમર્મવેદી જીવ જ જૈન તરીકેની વાસ્તવિક ગણના પામે છે. કારણ કે સ્યાદ્વાદની વ્યાપક જાણકારી મળે તો જ નિશ્ચયનયથી સમ્યક્ત્વ શાસ્ત્રકારોને માન્ય છે, માત્ર બાહ્ય ક્રિયાના ઠાઠમાઠથી સમ્યક્ત્વ જૈનાગમવેત્તાઓને માન્ય નથી. તેથી જ શ્રી**સિદ્ધસેનદિવાકરસૂરિજી** મહારાજે **સંમતિતર્ક** પ્રકરણમાં જણાવેલ છે કે 'ચરણ-કરણને (ચારિત્રના મૂલ-ઉત્તરગુણને) મુખ્ય બનાવનારા મહાત્માઓ જો સ્વદર્શન-પરદર્શનનો માર્મિક અભ્યાસ ન કરે તો ચારિત્રના મૂલ-ઉત્તર ગુણોના નિશ્ચયનયશુદ્ધ સારને જાણતા નથી.' **સંમતિતર્ક**ની ઉપરોક્ત ગાથાનું જો કે શ્રી**અભયદેવસૂરિજી** મહારાજે કરેલું વિસ્તૃત વિવેચન પૂર્વે પ્રથમ શાખામાં (૧/૨+૭) દર્શાવેલ છે. પરંતુ 'चरण-करण...' વાળી સંમતિતર્કની ગાથા **ઉપદેશરહસ્ય** મૂળ ગ્રંથમાં પણ આવે છે. ત્યાં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** ગણિવરે તેની વ્યાખ્યા કરેલી છે. તે અહીં દર્શાવાય છે. તે આ પ્રમાણે છે - "જૈન આચાર બે વિભાગમાં વહેંચાયેલો છે. (૧) ચરણસિત્તરી, (૨) કરણસિત્તરી. તેમાં ચરણસિત્તરી - ૫ મહાવ્રત + ૧૦ યતિધર્મ + ૧૭ સંયમ + ૧૦ વૈયાવચ્ચ + ૯ બ્રહ્મચર્યની ગુપ્તિ + ૩ જ્ઞાનાદિ + ૧૨ તપ + ૪ કષાયનો નિગ્રહ - એમ મળીને ૭૦ પ્રકારવાળી છે. જ્યારે કરણસિત્તરી - ૪ પિંડવિશુદ્ધિ + ૫ સમિતિ + ૧૨ ભાવના + ૧૨ પ્રતિમા + ૫ ઈન્દ્રિયનિગ્રહ + ૨૫ પ્રતિલેખના + ૩ ગુપ્તિ + ૪ અભિગ્રહ - એમ મળીને ૭૦ પ્રકારવાળી છે. આ ચરણ-કરણમાં જેઓ નિરંતર રચ્યા-પચ્યા રહે છે પરંતુ સ્વસમયની =

---

★ કો.(૭+૧૨) + આ.(૧) + કો.(૯+૧૧) + સિ. + લા.(૨) પાઠમાં '...પરિજ્ઞાન જ' પાઠ. ▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. ફક્ત આ.(૧)માં છે. 1. चरण-करणप्रधानाः स्वसमय-परसमयमुक्तव्यापाराः। चरण-करणयोः सारं निश्चयशुद्धं न जानन्ति।। 2. व्रत-श्रमणधर्मम्....। 3. पिण्डविशुद्धि-समितिः।

એ ચોથઈ ઢાલઈં ભેદાભેદ દેખાડ્યો અનઇં ♦સપ્તભંગીનું સ્થાપન કરિઉં. ॥૪/૧૪॥

-परसमययोर्मुक्तोऽनाहूतो व्यापारः = स्याद्वादपरिकर्मितधिया विवेचनात्मा यैस्ते तथा 'चरण-करणानुष्ठानेनैव कृतार्था वयम्, किमस्माकं तर्ककर्कशेन वादरसिकरमणीयेन स्याद्वादेन प्रयोजनमि'त्येवं ज्ञानाभ्यासाद् व्यावृत्ता इत्यर्थः, चरण-करणस्य = चरण-करणानुष्ठानस्य सारं = स्वजन्यफलोत्कर्षाङ्गम्, निश्चयशुद्धं = परमार्थदृष्ट्याऽवदातं न तु बाह्य-क्रियावल्लोकदृष्ट्यैवापाततो रमणीयमित्यर्थः, न जानन्ति = न विचारयन्ति, तदावरणकर्मदोषात्। एवं च तेषामल्पफलमेव चरणकरणानुष्ठानमित्यर्थः" (उप.रह.१०३) इति।

इदमत्रावधेयम् – तनयेषु मातुरिव नयेषु आत्मार्थिनः समतां विना नैश्चयिकसम्यग्दर्शनं न प्रादुर्भवति। सकलनयसमत्वाऽऽनयनकृते सर्वनयरहस्यं ज्ञातुमर्हति। तदर्थञ्चाखिलनयपरिशीलनमावश्यकम्। प्रत्येकं नयेभ्यो नानादर्शनानि सञ्जातानि। ततश्चाखिलनयतात्पर्यपरिज्ञानकृतेऽखिलदर्शनपरिशीलनस्याऽऽवश्यकताऽवसेया। केवलबाह्यानुष्ठानव्यग्रतया स्व-परदर्शनशास्त्राभ्यासोपेक्षणे नैश्चयिकसम्यग्दर्शनदौर्लभ्यं स्यादिति यथाशक्ति स्वभूमिकोचिताचारपालनतः सर्वदर्शनपरिशीलनमात्मार्थि-

જૈનસિદ્ધાંતની અને પરસમયની = જૈનેતરસિદ્ધાંતની મીમાંસા (કે પરિશીલન) સ્યાદ્વાદથી પરિકર્મિત બુદ્ધિથી કરતા નથી. ઊલટું કહેતા હોય છે કે "આપણે ચરણ-કરણને આચરીએ એટલું ઘણું. માથું પકાવી દે તેવા તર્કોથી વણાયેલા સ્યાદ્વાદના અધ્યયનનું કોઈ પ્રયોજન નથી. એ તો વાદરસિયાઓનું કામ, એમને માટે રુચિકર." આવું કહીને જ્ઞાનાભ્યાસને અભરાઈ પર ચડાવે છે. તેઓ ચરણ-કરણનું રહસ્ય જાણતા નથી. માત્ર બાહ્યક્રિયામાં રાચનાર સાધુઓ લોકોની દૃષ્ટિએ ઉપર છલ્લી રીતે દેખાતા સુંદર સારને જાણતા હોવા છતાં પણ પારમાર્થિક દૃષ્ટિએ આદરણીય એવો જે સાર છે, તેને તેઓ જાણતા નથી. એટલે કે ચરણ-કરણના અનુષ્ઠાનથી ઉત્પન્ન થનાર એવા ફળમાં ઉત્કર્ષ લાવનાર સ્યાદ્વાદમય તત્ત્વને તેઓ જાણતા નથી. કારણ કે તેઓ તે સ્યાદ્વાદમય તત્ત્વને ઢાંકનાર કર્મથી પીડિત છે. એટલે ચરણ-કરણના પાલનનું જે મુખ્ય ફળ આવવું જોઈએ તેને તેઓ મેળવતા નથી. અત્યન્ત સામાન્ય ફળ તેઓ ભોગવે છે."

## ⊛ સાધકને સર્વનયમાં સમતા ⊛

(इद.) અહીં એક વાત ખાસ ખ્યાલમાં રાખવી કે જેમ માતાને સર્વ દીકરાઓમાં સમાન ભાવ = સમતા હોય છે તેમ આત્માર્થી સાધકને સર્વ નયોમાં સમતા આવવી જોઈએ. નૈશ્ચયિક સમ્યગ્દર્શન સર્વ નયોમાં સમતા આવ્યા વિના ન આવી શકે. સર્વ નયોમાં સમતા-મધ્યસ્થતા લાવવા માટે સર્વ નયોના હાર્દને-તાત્પર્યને-રહસ્યને સમજવું જરૂરી છે. તથા તે માટે સર્વ નયોનો ઊંડાણથી અભ્યાસ કરવો આવશ્યક બની જાય છે. પ્રત્યેક નયોમાંથી અલગ-અલગ દર્શનો-સંપ્રદાયો-મતો ઊભા થયા છે. તેથી સર્વ નયોની ઊંડી સમજણ મેળવવા માટે સર્વ દર્શનોનો તલસ્પર્શી અભ્યાસ કરવો જરૂરી બની જાય છે. માત્ર બાહ્ય અનુષ્ઠાનોમાં વ્યગ્ર રહીને સ્વ-પરદર્શનશાસ્ત્રોના અભ્યાસની ઉપેક્ષા કરવામાં આવે તો નિશ્ચયનયસંમત સમકિત આવવાની શક્યતા રહેતી નથી. માટે શક્તિ અનુસાર સ્વભૂમિકાયોગ્ય આચારપાલનની સાથે સાથે સર્વદર્શનોનો તલસ્પર્શી અભ્યાસ કરવો આત્માર્થી સાધકો માટે જરૂરી છે.

♦ મો.(૨)માં 'નયસમ...' પાઠ.

नामावश्यकमिति। इत्थमत्र द्रव्य-गुण-पर्यायाणां भेदाऽभेदौ दर्शितौ सप्तभङ्गी च स्थापिता तर्कपुरस्सरम्।

स्वस्मृतिबीजप्रबोधनार्थं सप्तभङ्ग्यादिगोचरदृढाभ्यासार्थं ज्ञानरुचिजीवजिज्ञासापरिपूर्त्तये चात्र सप्तभङ्गी-सकलादेश-विकलादेश-नयसप्तभङ्गी-प्रमाणसप्तभङ्ग्यादिस्वरूपं लेशतो परामृशामि। तथाहि – "एकत्र वस्तुनि एकैकधर्मपर्यनुयोगवशाद् अविरोधेन व्यस्तयोः समस्तयोश्च विधि-निषेधयोः कल्पनया स्यात्काराङ्कितः सप्तधा वाक्प्रयोगः सप्तभङ्गी" (प्र.न.त.४/१५) इति **प्रमाणनयतत्त्वालोकालङ्कारसूत्रम्**। अत्र सप्तम्यर्थः विशेष्यत्वं, पञ्चम्यर्थः प्रयोज्यत्वं, तृतीयार्थः वैशिष्ट्यरूपमवच्छिन्नत्वम् अग्रे च प्रयोज्यत्वं, षष्ठ्यर्थश्च विषयत्वम्। सङ्ख्यायाश्च पर्याप्तिसम्बन्धेनान्वयबोधे साकाङ्क्षता। ततश्च एकवस्तुविशेष्यकैकैकधर्मगोचरप्रश्नप्रयुक्ताऽविरुद्धव्यस्त-समस्तविधि-निषेधविषयककल्पनाप्रयुक्तस्यात्पदलाञ्छितसप्तविधत्वपर्याप्तिमद्वचनप्रयोगः सप्तभङ्गीति **श्रीवादिदेवसूरि**सूत्रशब्दार्थः।

---

આ રીતે ચોથી શાખામાં દ્રવ્ય, ગુણ અને પર્યાયના ભેદાભેદની વિસ્તૃત સમજણ આપવામાં આવી છે. તથા સપ્તભંગીનું પણ તર્કપૂર્વક સ્થાપન કરવામાં આવેલ છે.

## ❋ સપ્તભંગીદર્શક પ્રમાણનયતત્ત્વાલોકાલંકારસૂત્રનું અર્થઘટન ❋

(**स्वस्मृति.**) અમારી સ્મૃતિના કારણભૂત સંસ્કારને પ્રકૃષ્ટ રીતે જાગૃત કરવા માટે, સપ્તભંગી વગેરે સંબંધી અભ્યાસને દૃઢ કરવા માટે તથા જ્ઞાનરુચિવાળા જીવની જિજ્ઞાસાને પરિપૂર્ણ કરવા માટે પ્રસ્તુતમાં સપ્તભંગી, સકલાદેશ, વિકલાદેશ, નયસપ્તભંગી, પ્રમાણસપ્તભંગી વગેરેના સ્વરૂપનો આંશિક રીતે અમે પરામર્શ-વિચારવિમર્શ કરીએ છીએ. તે આ રીતે- **વાદિદેવસૂરિજી** મહારાજે **પ્રમાણનયતત્ત્વાલોકાલંકારસૂત્ર** નામના ગ્રંથમાં સપ્તભંગીનું વર્ણન કરતાં જણાવેલ છે કે 'એક વસ્તુમાં એક-એક ગુણધર્મસંબંધી પ્રશ્નને (કે જિજ્ઞાસાને) આશ્રયીને, વિરોધ ન આવે તે રીતે અલગ-અલગ કે સંયુક્ત વિધિ-પ્રતિષેધની કલ્પના કરીને 'કથંચિત્' કે 'સ્યાત્' શબ્દથી ગર્ભિત સાત પ્રકારના વાક્યનો પ્રયોગ કરવો તે સપ્તભંગી કહેવાય.' સૂત્રનો આ સામાન્ય અર્થ છે. વ્યાકરણ અને ન્યાયની પરિભાષાનો ઉપયોગ કરીને આ સૂત્રનો અર્થ વિચારવો હોય તો સૌપ્રથમ સૂત્રગત પ્રત્યેક પદના અંતે જે જે વિભક્તિઓ વપરાયેલ છે તેનો અર્થ સમજવો જરૂરી છે. તે આ રીતે સમજવો. 'एकत्र वस्तुनि' અહીં સપ્તમી વિભક્તિ છે, તેનો અર્થ છે 'વિશેષ્યતા'. 'पर्यनुयोगवशात्' પદમાં જે પાંચમી વિભક્તિ છે તેનો અર્થ છે 'પ્રયોજ્યત્વ'. 'अविरोधेन' પદમાં રહેલ તૃતીયા વિભક્તિનો અર્થ છે વૈશિષ્ટ્યસ્વરૂપ 'અવચ્છિન્નત્વ'. આગળ 'कल्पनया' પદના અંતે રહેલ તૃતીયા વિભક્તિનો અર્થ છે 'પ્રયોજ્યત્વ'. 'विधि-निषेधयोः' પદમાં રહેલ છઠ્ઠી વિભક્તિનો અર્થ વિષયત્વ છે. 'सप्तधा' પદ દ્વારા સૂચિત સપ્ત સંખ્યાનો પર્યાપ્તિ સંબંધથી અન્વય કરવો. કારણ કે 'સપ્ત' સંખ્યા પર્યાપ્તિસંબંધથી અન્વયબોધ કરાવવામાં સાકાંક્ષ છે. આ પ્રમાણે વિભક્તિનું અર્થઘટન કરવામાં આવે તો શ્રી**વાદિદેવસૂરિજી** મહારાજે દર્શાવેલ સપ્તભંગીદર્શક સૂત્રનો અર્થ એવો ફલિત થશે કે - એકવસ્તુવિશેષ્યક એક-એકગુણધર્મગોચર એવા પ્રશ્નથી પ્રયુક્ત અવિરુદ્ધ એવા વ્યસ્ત કે સમસ્ત વિધિ-નિષેધવિષયક એવી કલ્પનાથી પ્રયુક્ત 'સ્યાત્'પદગર્ભિત સપ્તવિધત્વની = સપ્તપ્રકારતાની પર્યાપ્તિવાળા વચનનો પ્રયોગ એ સપ્તભંગી કહેવાય.

**अष्टसहस्रीतात्पर्यविवरणे महोपाध्याययशोविजयगणि**वरास्तु "एकत्र वस्तुनि सत्त्वाऽसत्त्वादिसप्तधर्मप्रकारकशाब्दबोधजनकतापर्याप्त्यधिकरणं वाक्यं सप्तभङ्गीति लक्षणतात्पर्यम्। विरोधस्फुर्त्तौ वाक्यस्याऽबोधकत्वेनैव 'अविरोधेने'त्यस्य गतार्थत्वात्। प्रश्नस्य च क्वाचित्कत्वात् शिष्यजिज्ञासयेव क्वचिद् गुरोर्जिज्ञापयिषयैव सप्तभङ्गीप्रयोगसङ्गतेः 'प्रश्नवशादि'त्यस्याऽपि लक्षणेऽप्रवेशात्। नानावस्तुनि सत्त्वाऽसत्त्वादिबोधकवाक्येऽतिप्रसङ्गवारणाय 'एकत्र वस्तुनी'ति।

---

:- 'પ્રશ્નથી પ્રયુક્ત' નો સંબંધ 'વિધિ-નિષેધવિષયક કલ્પના' ની સાથે છે. તથા 'કલ્પનાથી પ્રયુક્ત' નો અન્વય = સંબંધ 'વચન' ની સાથે છે. તેથી વધુ સ્પષ્ટપણે કહેવું હોય તો એમ કહી શકાય કે એકવસ્તુવિશેષ્યક અને એક-એકગુણધર્મપ્રકારક એવા (સાત) પ્રશ્નથી પ્રયુક્ત થયેલી જે કલ્પના પરસ્પરઅવિરુદ્ધ એવા વ્યસ્ત (= છૂટા-છવાયા) કે સમસ્ત (= એકીસાથે પ્રયોજાયેલા) વિધિ-નિષેધને પોતાનો વિષય બનાવે તેવી કલ્પનાથી પ્રયુક્ત જે વચન 'સ્યાદ્' પદગર્ભિત સપ્તપ્રકારતાની પર્યાપ્તિ ધરાવે તેવા વચનનો પ્રયોગ સપ્તભંગી કહેવાય. આ પ્રમાણે **વાદિદેવસૂરિજી**ના સૂત્રનો ભાવાર્થ સમજવો.

## ॥ સપ્તભંગીદર્શક સૂત્રની મીમાંસા ॥

(अष्ट.) **મહોપાધ્યાય શ્રીયશોવિજયગણિવરે અષ્ટસહસ્રીતાત્પર્યવિવરણ** નામના ગ્રંથમાં વાદિદેવસૂરિજી મહારાજના ઉપરોક્ત સૂત્રની મીમાંસા કરતાં પોતાનો અભિપ્રાય એવો પ્રગટ કરેલ છે કે "એક જ વસ્તુમાં સત્ત્વ-અસત્ત્વ વગેરે સાત ગુણધર્મોને પ્રકારસ્વરૂપે = વિશેષણરૂપે પોતાનો વિષય બનાવનાર એવા શાબ્દબોધનું જનક વાક્ય સપ્તભંગી કહેવાય. જે વાક્ય જે શાબ્દબોધની જનકતા ધરાવે છે, તે જનકતા પર્યાપ્તિસંબંધથી તેમાં રહેવી જોઈએ. મતલબ કે જે વાક્ય તથાવિધશાબ્દબોધજનકતાની પર્યાપ્તિનું અધિકરણ બને તે વાક્ય સપ્તભંગી કહેવાય. આ પ્રમાણે શ્રીવાદિદેવસૂરિજી મહારાજે જણાવેલ સપ્તભંગીલક્ષણનું તાત્પર્ય સમજવું. યદ્યપિ **વાદિદેવસૂરિજીએ પ્રમાણનયતત્ત્વાલોકાલંકારસૂત્ર**માં જે સપ્તભંગીદર્શક સૂત્ર જણાવેલ છે તેમાં 'अविरोधेन' આવું પદ પણ મૂકેલ છે. પરંતુ તે પદની આવશ્યકતા નથી. કારણ કે સમસ્ત કે વ્યસ્ત જે વિધિ-નિષેધમાં વિરોધનું ભાન થાય તેવા વિધિ-નિષેધવાચક વાક્ય દ્વારા શાબ્દબોધ જ થતો નથી. તેથી 'अविरोधेन' પદ ગતાર્થ = ચરિતાર્થ = અનાવશ્યક બની જાય છે. તથા વાદિદેવસૂરિજી મહારાજે સપ્તભંગીના લક્ષણમાં 'पर्यनुयोगवशात्' પદનો પ્રયોગ કરેલ છે તે પણ અનાવશ્યક છે. કારણ કે પ્રશ્ન ક્વાચિત્ક - કાદાચિત્ક છે. 'સર્વત્ર સપ્તભંગીમાં શિષ્ય સાત પ્રશ્ન કરે જ' - તેવો નિયમ નથી. ક્યાંક શિષ્યનો પ્રશ્ન કે જિજ્ઞાસા હોય છે. તો ક્યાંક ગુરુ સ્વયં જ શિષ્યને વસ્તુગત ધર્મસપ્તકને જણાવવાની ઈચ્છા ધરાવતા હોય છે. તેથી સપ્તધર્મગોચર પ્રશ્નવશ કે જિજ્ઞાસાવશ જ સપ્તભંગીકલ્પના થાય તેવો નિયમ રહેતો નથી. તેથી 'पर्यनुयोगवशात्' કે 'प्रश्नवशात्' પદનો પણ સપ્તભંગીલક્ષણમાં પ્રવેશ કરવો વ્યાજબી નથી. **વાદિદેવસૂરિજી** મહારાજે સપ્તભંગીના લક્ષણને દર્શાવનાર સૂત્રમાં 'एकत्र वस्तुनि' આ પ્રમાણે જે પ્રયોગ કરેલ છે તેનું કારણ એ છે કે અલગ-અલગ વસ્તુઓમાં સત્ત્વ-અસત્ત્વબોધક વાક્ય સપ્તભંગી તરીકે માન્ય નથી. 'ઘટ કથંચિત્ સત્ છે, પટ કથંચિત્ અસત્ છે. મઠ કથંચિત્ અવાચ્ય છે...' ઈત્યાદિરૂપે અલગ-અલગ વસ્તુમાં સત્ત્વ, અસત્ત્વ, અવાચ્યત્વ વગેરે ગુણધર્મોને દર્શાવનાર વાક્ય સપ્તભંગીરૂપ ન બની જાય, તે માટે વાદિદેવસૂરિજીએ સપ્તભંગીલક્ષણમાં 'एकत्र वस्तुनि' આ પ્રમાણે જણાવેલ છે.

एकत्र रूप-रसादिधर्मसप्तकबोधकेऽतिप्रसङ्गवारणाय 'सत्त्वाऽसत्त्वादी'ति। खण्डवाक्ये तद्वारणाय पर्याप्तिः।

प्रमाणसप्तभङ्गीवद् नयसप्तभङ्ग्या अपि लक्ष्यत्वान्न तत्राऽतिव्याप्तिः।

प्रमाण-नयसप्तभङ्ग्योः पृथक् पृथग् लक्ष्यत्वे तु सकलादेशत्व-विकलादेशत्वे विशेषणे देये" (अ.स.ता.१/१४/पृ.१८६) इत्येवं स्वाभिप्रायमाविष्कृतवन्तः।

"यः खलु प्रागुपदर्शितान् वस्तुनः सप्त धर्माननवलम्ब्य संशेते, जिज्ञासते, पर्यनुयुङ्क्ते च तं प्रतीयं

---

(एक.) એક જ પદાર્થમાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ, સંસ્થાન, સંખ્યા, સંયોગ જેવા સાત ધર્મનું બોધક વાક્ય પણ સપ્તભંગી ન બની જાય, તે માટે સત્ત્વ-અસત્ત્વ વગેરે ધર્મોનો ઉલ્લેખ સપ્તભંગીલક્ષણદર્શક વાક્યમાં કરવામાં આવેલ છે. સપ્તભંગીના અલગ-અલગ છૂટા-છવાયા વાક્યમાં = ખંડવાક્યમાં સપ્તભંગીના લક્ષણની અતિવ્યાપ્તિ ન આવે તે માટે સપ્તભંગીના લક્ષણમાં 'પર્યાપ્તિ' નો પ્રવેશ કરવામાં આવેલ છે. તેથી સપ્તભંગીના ઘટકમાં સપ્તભંગીલક્ષણની અતિવ્યાપ્તિનું નિવારણ થઈ જાય છે.

(प्रमाणस.) જો કે આ સપ્તભંગીનું લક્ષણ નયસપ્તભંગીમાં પણ જાય છે. કારણ કે વિધિકોટિમાં એક નય અને નિષેધકોટિમાં બીજો નય ગોઠવવાથી જે વાક્ય (= નયસપ્તભંગી) સત્ત્વ-અસત્ત્વઆદિ સાત ધર્મ સંબંધી શાબ્દબોધનું જનક બને છે, તેમાં તાદૃશશાબ્દબોધજનકતાની પર્યાપ્તિ રહે છે. તેમ છતાં ઉપરોક્ત સપ્તભંગીના લક્ષણમાં અતિવ્યાપ્તિને કોઈ અવકાશ નથી. કારણ કે પ્રમાણસપ્તભંગીની જેમ નયસપ્ત-ભંગી પણ ઉપરોક્ત સપ્તભંગીલક્ષણનું લક્ષ્ય જ છે. લક્ષ્યમાં લક્ષણ જાય તો અતિવ્યાપ્તિ દોષ આવતો નથી.

(प्रमाण-न.) જો પ્રમાણસપ્તભંગીને અને નયસપ્તભંગીને જુદા જુદા લક્ષ્ય તરીકે માનવામાં આવે (અર્થાત્ 'પ્રમાણસપ્તભંગીનું લક્ષણ નયસપ્તભંગીમાં ન જવું જોઈએ તથા નયસપ્તભંગીનું લક્ષણ પ્રમાણસપ્તભંગીમાં ન જવું જોઈએ' - તેવું માનવામાં આવે) તો પ્રમાણસપ્તભંગીમાં સકલાદેશત્વ વિશેષણ અને નયસપ્તભંગીમાં વિકલાદેશત્વ વિશેષણ મૂકી દેવું."

## ❖ પ્રમાણસપ્તભંગી અને નયસપ્તભંગી અંગે જુદા-જુદા લક્ષણ ❖

**સ્પષ્ટતા** :- પ્રમાણસપ્તભંગીને અને નયસપ્તભંગીને જુદી-જુદી માનવામાં આવે તો 'सकलादेशत्वे सति सत्त्वासत्त्वादिसप्तधर्मप्रकारकशाब्दबोधजनकतापर्याप्त्यधिकरणं वाक्यं प्रमाणसप्तभङ्गी' - આ પ્રમાણે પ્રમાણસપ્તભંગીનું લક્ષણ તથા 'विकलादेशत्वे सति सत्त्वासत्त्वादिसप्तधर्मप्रकारकशाब्दबोधजनकतापर्याप्त्यधिकरणं वाक्यं नयसप्तभङ्गी' આ મુજબ નયસપ્તભંગીનું લક્ષણ બનાવવાથી ઉપરોક્ત અતિવ્યાપ્તિને અવકાશ નહિ રહે. કારણ કે નયસપ્તભંગીમાં સકલાદેશત્વ ન હોવાથી પ્રમાણસપ્તભંગીનું લક્ષણ નહિ જાય. તે જ રીતે પ્રમાણસપ્તભંગીમાં વિકલાદેશત્વ ન હોવાથી નયસપ્તભંગીનું લક્ષણ નહિ રહે. આમ પ્રમાણસપ્તભંગી અને નયસપ્તભંગી બન્નેના જુદા-જુદા લક્ષણ માનવાથી બન્ને સપ્તભંગી પરસ્પર અસંકીર્ણ સ્વરૂપવાળી બનશે. આ પ્રમાણે **અષ્ટસહસ્રીતાત્પર્યવિવરણ**માં **મહોપાધ્યાયજી** મહારાજે પોતાનો આશય દર્શાવવાનો પ્રયાસ કરેલ છે. સકલાદેશ અને વિકલાદેશ બન્નેનું સ્વરૂપ હવે તુરંતમાં જણાવવામાં આવશે.

## ❋ ન્યૂનભંગ હોય તો સપ્તભંગી અપ્રમાણ ❋

("यः खलु.) મધ્યમપરિમાણ **સ્યાદ્વાદરહસ્ય** નામના ગ્રંથરત્નમાં **મહોપાધ્યાયજી** મહારાજે સપ્તભંગી અંગે પોતાનો આશય જણાવતાં કહેલ છે કે "જે જિજ્ઞાસુ વ્યક્તિ પૂર્વે જણાવેલ સત્ત્વ, અસત્ત્વ વગેરે

फलवती, प्रश्नस्य तुल्योत्तरनिवर्त्यत्वात्। अत एवैकेनाऽपि भङ्गेन न्यूना सतीयं न प्रमाणम्, सप्तप्रतिपाद्यावगाहिसंशयजजिज्ञासाजन्यानां सप्तानां प्रश्नानामनिवर्तनाद्" (म.स्या.रह.का. ५/पृ.२३१) इति व्यक्तं मध्यमपरिमाण**स्याद्वादरहस्ये**।

इदन्त्ववधेयं यदुत एकेनाऽपि भङ्गेन न्यूना सतीयं षड्भङ्गी तदितराऽदूषकत्वे नयवाक्यं तु स्यात्। तदुक्तं **तत्त्वार्थसूत्रवृत्तौ महोपाध्यायश्रीयशोविजयगणिवरैः** "सप्तधर्मात्मकत्वबोधकतापर्याप्त्यधिकरणं वाक्यं = प्रमाणम्; तदेकदेशबोधकतापर्याप्त्यधिकरणं तदितराऽदूषकं वाक्यं = नयः, तदितरदूषकं तु दुर्नयः" (त.सू.१/६/ यशो.वृ.पृष्ठ.१५८) इति।

---

વસ્તુગત સાત ગુણધર્મોનું આલંબન લઈને સંશય કરે છે, જિજ્ઞાસા કરે છે અને પ્રશ્ન પૂછે છે તે વ્યક્તિ પ્રત્યે ઉપરોક્ત સપ્તભંગી સફળ છે. કારણ કે જેવા પ્રકારનો પ્રશ્ન હોય તેવા પ્રકારનો જવાબ આપવાથી જ તે પ્રશ્ન રવાના થાય છે. તેથી જ એક પણ ભાંગો ઓછો હોય તો ષડ્ભંગીવાક્યરચના પ્રમાણવાક્યસ્વરૂપ બની શકતી નથી. કારણ કે પ્રતિપાદન કરવા યોગ્ય વસ્તુગત સાત ગુણધર્મોનું અવગાહન કરનારી શંકાથી ઉત્પન્ન થયેલી જિજ્ઞાસાથી ઉત્પન્ન થયેલા સાત પ્રશ્નો તે ષડ્ભંગીથી સંપૂર્ણપણે રવાના થતા નથી."

**સ્પષ્ટતા** :- જે વાક્ય પ્રમાણાત્મક હોય તેનાથી શ્રોતાના તમામ પ્રશ્નો દૂર થવા જોઈએ. ષડ્ભંગી શ્રોતાના સાત પ્રશ્નોનું સંપૂર્ણપણે નિરાકરણ કરવા માટે અસમર્થ છે. પ્રશ્નનું નિરાકરણ ન થવાથી નિરાકાંક્ષ શાબ્દબોધ કરાવવાનું સામર્થ્ય ષડ્ભંગીમાં રહેતું નથી. શ્રોતાને નિરાકાંક્ષ શાબ્દબોધ ઉત્પન્ન કરાવવાનું સામર્થ્ય ધરાવનાર તો ષડ્ભંગી કે પંચભંગી નહિ, પણ સપ્તભંગી જ છે. માટે ષડ્ભંગી કે પંચભંગી પ્રમાણભૂત નથી. પરંતુ સપ્તભંગી જ પ્રમાણભૂત છે. આ પ્રમાણે મહોપાધ્યાયજી મહારાજનું તાત્પર્ય જણાય છે.

## પ્રમાણ, નય અને દુર્નય વચ્ચે ભેદરેખા

(**इदन्त्व.**) અહીં એક વાત ધ્યાનમાં રાખવી કે સપ્તભંગીમાંથી એકાદ ભાંગો ઓછો થાય તો ષડ્ભંગીવાક્ય પ્રમાણવાક્યસ્વરૂપ ભલે ન બને. પરંતુ જો તે વસ્તુગત અન્યગુણધર્મનું ખંડન = નિરાકરણ ન કરે તો તે નયવાક્યસ્વરૂપ તો બની શકે છે જ. તેથી જ તો **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી ગણિવરશ્રીએ** **તત્ત્વાર્થસૂત્રવૃત્તિ**માં જણાવેલ છે કે "(૧) વસ્તુગત સપ્તધર્માત્મકતાનું પર્યાપ્ત બોધક વાક્ય પ્રમાણવાક્ય કહેવાય છે. તે વાક્ય જે બોધકતા = શાબ્દબોધજનકતા ધરાવે છે, તે જનકતા પર્યાપ્તિસંબંધથી તેમાં રહેવી જોઈએ. મતલબ કે વસ્તુગત સપ્તધર્માત્મકતાગોચર એવા શાબ્દબોધની જનકતાની પર્યાપ્તિનું અધિકરણ જે વાક્ય બને તે વાક્ય પ્રમાણવાક્ય કહેવાય. તથા (૨) સપ્તધર્માત્મકતાના એક દેશનો = ભાગનો શાબ્દ બોધ કરાવનાર વાક્ય જો વસ્તુગત અન્ય ગુણધર્મનો અપલાપ ન કરે તો નયવાક્યસ્વરૂપ બને. નયવાક્ય પણ તથાવિધ શાબ્દબોધની જનકતાની પર્યાપ્તિનું અધિકરણ બનતું હોય છે. પરંતુ જો (૩) વસ્તુગત અન્ય ગુણધર્મનો અપલાપ = નિષેધ કરે તો તે નયવાક્ય દુર્નયસ્વરૂપ બની જાય છે." અહીં સ્પષ્ટપણે સપ્તધર્મના એક ભાગસ્વરૂપ છ કે પાંચ ધર્મને વસ્તુગતસ્વરૂપે જણાવનાર વાક્યને નયવાક્યસ્વરૂપે જણાવેલ છે, જો તે વસ્તુગત અન્ય ગુણધર્મનો અપલાપ ન કરે તો. તેથી અન્ય ગુણધર્મનું નિરાકરણ ન કરનાર ષડ્ભંગી કે પંચભંગી વગેરે વાક્યો વસ્તુગત સપ્તધર્માત્મકતાના એક અંશનું પર્યાપ્ત પ્રતિપાદન કરનાર હોવાથી નયવાક્યસ્વરૂપ સિદ્ધ થાય છે.

सा चेयं सप्तभङ्गी प्रतिभङ्गं सकलादेशस्वभावा विकलादेशस्वभावा च। तदुक्तं **श्रीवादिदेवसूरिभिः प्रमाणनयतत्त्वालोकालङ्कारसूत्रे** "प्रमाणप्रतिपन्नाऽनन्तधर्मात्मकवस्तुनः कालादिभिरभेदवृत्तिप्राधान्याद् अभेदोपचाराद् वा यौगपद्येन प्रतिपादकं वचः सकलादेशः" (प्र.न.त.४/४४)। "तद्विपरीतस्तु विकलादेशः" (प्र.न.त.४/४५)।

"अभेदवृत्तिप्राधान्यं = द्रव्यार्थिकनयगृहीतसत्ताद्यभिन्नानन्तधर्मात्मकवस्तुशक्तिकस्य सदादिपदस्य कालाद्यभेदविशेषप्रतिसन्धानेन पर्यायार्थिकनयपर्यालोचनप्रादुर्भवच्छक्यार्थबाधप्रतिरोधः।

## ❋ સકલાદેશની સમજણ મેળવીએ ❋

**(सा चेयं)** પ્રસ્તુત સપ્તભંગીના દરેક ભાંગા સકલાદેશસ્વભાવવાળા તથા વિકલાદેશસ્વભાવવાળા છે. મતલબ કે પ્રત્યેક ભાંગામાં સપ્તભંગીનો સ્વભાવ સકલાદેશવાળો તથા વિકલાદેશવાળો છે. આથી જ **શ્રીવાદિદેવસૂરિજી** મહારાજે **પ્રમાણનયતત્ત્વાલોકાલંકારસૂત્ર** નામના ગ્રંથમાં જણાવેલ છે કે "કાલાદિની સાથે અભેદવૃત્તિની મુખ્યતાથી કે અભેદ ઉપચારથી પ્રમાણસ્વીકૃત અનન્તધર્માત્મક વસ્તુનું (અર્થાત્ વસ્તુગત અનંતધર્માત્મકતાનું) યુગપત્ = એકીસાથે પ્રતિપાદન કરનારું વચન સકલાદેશ કહેવાય છે." "સકલાદેશથી વિપરીત હોય તે વિકલાદેશ કહેવાય."

**સ્પષ્ટતા** :- તાત્પર્ય એ છે કે પ્રમાણ દ્વારા એવું સિદ્ધ થઈ ચૂકેલ છે કે પ્રત્યેક વસ્તુ અનંતધર્માત્મક છે. વસ્તુની અનંતધર્માત્મકતા જ તેની સમગ્રતા છે. આ અનંતધર્માત્મકતા એકીસાથે વસ્તુમાં રહે છે. વસ્તુની અનંતધર્માત્મકતાસ્વરૂપ સમગ્રતાનું પ્રતિપાદન કરનાર વચન જ સકલાદેશ કહેવાય છે. આ પ્રતિપાદન ક્યારેક અભેદવૃત્તિની પ્રધાનતાથી થાય છે. તો ક્યારેક અભેદમાં લક્ષણા કરવા દ્વારા થાય છે. પરંતુ જે વચન વસ્તુનું સમગ્રરૂપે પ્રતિપાદન કરવાના બદલે આંશિકરૂપે પ્રતિપાદન કરે તે વચન વિકલાદેશ કહેવાય.

## ❁ અભેદવૃત્તિથી સકલાદેશની પ્રવૃત્તિ ❁

**("अभेदवृत्ति.)** 'સકલાદેશ વસ્તુની સમગ્રતાનું = અનંતધર્માત્મકતાનું પ્રતિપાદન અભેદવૃત્તિની પ્રધાનતા દ્વારા કરે છે.' - આ પ્રમાણે હમણાં જે જણાવ્યું તેમાં 'અભેદવૃત્તિપ્રાધાન્ય' શબ્દનો અર્થ **સ્યાદ્વાદકલ્પલતા** વ્યાખ્યાગ્રંથ મુજબ સમજવા આપણે પ્રયત્ન કરીએ. "અભેદવૃત્તિની પ્રધાનતાનો અર્થ એ છે કે દ્રવ્યાર્થિકનયાનુસાર કાલ આદિ આઠ તત્ત્વ દ્વારા 'સત્' આદિ પદથી પ્રતિપાદ્ય વસ્તુના સત્તા આદિ અનંત ગુણધર્મોમાં અભેદનું જ્ઞાન (=પ્રતિસંધાન) થવાથી, 'સત્' આદિ પદથી પ્રતિપાદ્ય વસ્તુમાં રહેલા સત્તા આદિ અનંત ગુણધર્મોના અભેદનું જ્ઞાન થવા દ્વારા પર્યાયાર્થિકનયના અભિપ્રાયથી થનારા સત્ આદિ પદોથી ઘટિત વાક્યાર્થગોચર બાધનું વિઘટન થવું."

**સ્પષ્ટતા** :- આશય એ છે કે દ્રવ્યાર્થિકનય દ્વારા 'સત્ આદિ પદની શક્તિ સત્તા આદિથી અભિન્ન અનન્તધર્માત્મક વસ્તુમાં રહેલી છે' - આ પ્રમાણે જ્ઞાન થાય છે. તેથી સત્ આદિ પદથી ઘટિત વાક્ય દ્વારા અનંતધર્માત્મક વસ્તુનો બોધ = શાબ્દબોધ થવો જોઈએ. પરંતુ પર્યાયાર્થિકનય દ્વારા વસ્તુના વિભિન્ન પર્યાયો ઉપસ્થિત થતાં એક વસ્તુમાં વિભિન્ન ગુણધર્મોની = પર્યાયોની અભિન્નતા બાધિત થવાથી 'સત્' આદિ પદોથી ઘટિત વાક્યનો અર્થબોધ દુર્ઘટ થઈ જાય છે. આવી પરિસ્થિતિમાં જ્યારે કાલ આદિ

अभेदोपचारश्च = पर्यायार्थिकनयगृहीतान्यापोहपर्यवसितसत्तादिमात्रशक्तिकस्य तात्पर्यानुपपत्त्या सदादिपदस्योक्तार्थे लक्षणा ।

---

આઠ તત્ત્વોની દૃષ્ટિથી પ્રતિપાદ્ય વસ્તુના ગુણધર્મોમાં = પર્યાયોમાં અભેદનું જ્ઞાન થવાથી વસ્તુમાં અભિન્નરૂપે ગૃહીત અનન્ત ગુણધર્મોના અભેદનું જ્ઞાન થાય છે, ત્યારે તે અભેદજ્ઞાનથી ઉપરોક્ત રીતે પર્યાયાર્થિકનયપ્રયુક્ત વાક્યાર્થબાધનો અવરોધ થવાથી 'સત્' આદિ પદોથી ઘટિત વાક્ય દ્વારા અનન્તધર્માત્મક વસ્તુનો બોધ સંપન્ન થઈ શકે છે. આ પ્રમાણે થનાર વસ્તુની સમગ્રતાનો શાબ્દબોધ જ અભેદગોચર વૃત્તિની = પદશક્તિની પ્રધાનતાથી અનંતધર્માત્મક વસ્તુનું પ્રતિપાદન કરવા સ્વરૂપ સકલાદેશ છે.

## ❋ અભેદ ઉપચારથી સકલાદેશની પ્રવૃત્તિ ❋

(**अभेदोप.**) "વસ્તુની અનંતધર્માત્મકતાનું અભેદઉપચારથી પ્રતિપાદન કરનાર જે વચન છે, તેને સકલાદેશસ્વરૂપ કહેવાનો બીજો વિકલ્પ પૂર્વે દર્શાવેલ હતો. તેમાં 'અભેદઉપચાર' પદનો અર્થ છે અભેદથી અનંતધર્માત્મક વસ્તુમાં 'સત્' આદિ પદની લક્ષણા. આવી લક્ષણાનો આશ્રય તેવી જ પરિસ્થિતિમાં કરવામાં આવે છે કે જે પરિસ્થિતિમાં પર્યાયાર્થનય દ્વારા અન્યાપોહસ્વરૂપ = અસદ્વ્યાવૃત્તિસ્વરૂપ સત્તા = અસ્તિત્વ આદિ ધર્મમાત્રમાં (= કેવળ એકાદ પર્યાયમાં) 'સત્' આદિ પદનો શક્તિગ્રહ થયેલો હોય. સ્પષ્ટ જ છે કે પ્રસ્તુત શક્તિગ્રહ દ્વારા સત્તા આદિ સર્વ પર્યાયોથી અભિન્ન અનંતધર્માત્મક વસ્તુનો શાબ્દબોધ થઈ શકતો નથી. પરંતુ 'સત્' આદિ પદનો પ્રયોગ અનંતધર્માત્મક વસ્તુનું પ્રતિપાદન કરવાના તાત્પર્યથી જ થાય છે. સત્તા = અસ્તિત્વ આદિ એકાદ ધર્મમાત્રમાં 'સત્' આદિ પદની શક્તિનું ગ્રહણ (જ્ઞાન) કરવાથી ઉપરોક્ત તાત્પર્યની સંગતિ થઈ શકતી નથી. તેથી પર્યાયાર્થિકનય દ્વારા ગૃહીત (= જ્ઞાત) વસ્તુધર્મો તથા તેના આશ્રયભૂત વસ્તુ - આ બન્નેના અભેદમાં (અર્થાત્ સત્તા આદિથી અભિન્ન અનંતધર્માત્મક વસ્તુમાં) 'સત્' આદિ પદની લક્ષણા કરવી જરૂરી બની જાય છે. સત્તા વગેરે એક -એક પર્યાયમાત્રમાં 'સત્' આદિ પદની શક્તિનું જ્ઞાન હોવા છતાં પણ આ લક્ષણાથી જ 'સત્' આદિ પદથી ગર્ભિત વાક્ય દ્વારા અનંતધર્માત્મક વસ્તુનો બોધ થાય છે. ઉપરોક્ત રીતે 'સત્' આદિ પદ દ્વારા અનંતધર્માત્મક વસ્તુનું પ્રતિપાદન કરવું તે જ અભેદોપચારમૂલક સકલાદેશ કહેવાય છે."

## ❋ વિકલાદેશને સમજીએ ❋

**સ્પષ્ટતા** :- દ્રવ્યાર્થિકનય દ્વારા જ્યારે (૧) સત્તા આદિથી અભિન્ન અનંતધર્માત્મક વસ્તુમાં 'સત્' આદિ પદની શક્તિનું જ્ઞાન ન થયું હોય. અથવા (૨) કાળ આદિ આઠ તત્ત્વોની દૃષ્ટિથી વસ્તુધર્મોમાં (= વસ્તુગત સર્વ પર્યાયોમાં) અભેદબુદ્ધિ થઈને વસ્તુમાં તે તે વસ્તુધર્મોની અભિન્નતાનું જ્ઞાન ન થયું હોય. અથવા (૩) સત્તા આદિ માત્ર એકાદ પર્યાયમાં 'સત્' આદિ પદની શક્તિનું જ્ઞાન થયું હોય, ત્યારે તાત્પર્યની અનુપપત્તિથી 'સત્' વગેરે પદની અનંતધર્માત્મક વસ્તુમાં લક્ષણા થાય નહિ. તેવી પરિસ્થિતિમાં 'સત્' આદિ પદથી ગર્ભિત વાક્યો દ્વારા વસ્તુનો સમગ્રરૂપે નહિ પણ આંશિકરૂપે બોધ થાય. આવો આંશિક વસ્તુસ્વરૂપનો બોધ કરાવે તે વાક્યને વિકલાદેશ તરીકે સમજી શકાય.

कालादयश्चाष्टाविमे – १. कालः, २. आत्मरूपम्, ३. अर्थः, ४. सम्बन्धः, ५. उपकारः, ६. गुणिदेशः, ७. संसर्गः, ८. शब्द इति च।

१, तत्र यत्कालमस्तित्वं तत्कालाः शेषानन्तधर्मा वस्तुन्येकत्रेति तेषां कालेनाऽभेदवृत्तिः।

२, यदेव चास्तित्वस्य तद्गुणत्वमात्मरूपं तदेवान्यगुणानामपीत्यात्मरूपेणाभेदवृत्तिः।

३, य एव चाधारोऽर्थो द्रव्याख्योऽस्तित्वस्य स एव अन्यपर्यायाणामित्यर्थेनाऽभेदवृत्तिः।

४, य एव चाविष्वग्भावः सम्बन्धोऽस्तित्वस्य स एवान्येषामिति सम्बन्धेनाऽभेदवृत्तिः।

५, य एव चोपकारोऽस्तित्वेन वस्तुनः स्वप्रकारकप्रतीतिविषयत्वलक्षणः स एवान्येषामित्युपकारेणाऽभेदवृत्तिः।

६, य एव च गुणिनः सम्बन्धी देशः क्षेत्रलक्षणोऽस्तित्वस्य, स एवान्येषाम् इति गुणिदेशेनाऽभेदवृत्तिः।

## ❋ કાળ વગેરે આઠ તત્ત્વનો પરિચય ❋

(कालाद.) "કાળ વગેરે આઠ તત્ત્વોની દૃષ્ટિથી વસ્તુધર્મોમાં અભેદનું તથા ભેદનું જ્ઞાન થાય છે. તેના નામ આ પ્રમાણે છે. (૧) કાળ, (૨) આત્મરૂપ, (૩) અર્થ, (૪) સંબંધ, (૫) ઉપકાર, (૬) ગુણીદેશ, (૭) સંસર્ગ અને (૮) શબ્દ. તેની દૃષ્ટિએ વસ્તુધર્મોમાં અભિન્નતા નીચે મુજબ આવી શકે છે.

(૧) જે કાળે કોઈ વસ્તુનું અસ્તિત્વ હોય છે, તે કાળે અસ્તિત્વ સિવાયના અનંત ગુણધર્મો પણ તે વસ્તુમાં રહેલા હોય છે. આ બધા ગુણધર્મો એક કાળમાં = સમાન કાળમાં હોવાથી કાળની દૃષ્ટિથી અભિન્ન હોય છે. વસ્તુના અનંત ગુણધર્મોની આ અભિન્નતા કાલમૂલક અભેદવૃત્તિ છે.

(૨) અસ્તિત્વ વસ્તુનો ગુણધર્મ કહેવાય છે. આથી તદ્ગુણત્વ અસ્તિત્વનું આત્મસ્વરૂપ બને છે. અસ્તિત્વની જેમ જ બીજા પણ ગુણધર્મો તે વસ્તુના ગુણ હોય છે. તેથી તદ્ગુણત્વ તે ગુણોનું પણ આત્મસ્વરૂપ બને છે. વસ્તુના સર્વ ગુણધર્મોમાં તદ્ગુણત્વરૂપે અભેદવૃત્તિ હોય છે.

(૩) જે દ્રવ્યાત્મક અર્થ = પદાર્થ અસ્તિત્વનો આધાર હોય છે, તે જ દ્રવ્યાત્મક અર્થ અન્ય પર્યાયધર્મોનો પણ આધાર હોય છે. આશ્રય એક હોવાથી તેમાં આશ્રિત સર્વ ગુણધર્મોમાં અભિન્નતા હોય છે. અનંત વસ્તુધર્મોની આ અભિન્નતા અર્થમૂલક અભેદવૃત્તિ છે.

(૪) વસ્તુની સાથે અસ્તિત્વનો જે અપૃથગ્ભાવ (=તાદાત્મ્ય) નામનો સંબંધ હોય છે, તે જ અપૃથગ્ભાવ તે વસ્તુમાં રહેલા અન્ય ગુણધર્મોને ત્યાં રહેવા માટે સંબંધ તરીકેનું કામ કરે છે. મતલબ કે વસ્તુગત અસ્તિત્વ આદિ સર્વ ગુણધર્મો = પર્યાયો એક જ અપૃથગ્ભાવ નામના સંબંધથી રહે છે. આમ સંબંધની એકતાની અપેક્ષાએ તે વસ્તુમાં રહેલા અનંતા ગુણધર્મો પરસ્પર અભિન્ન છે. આ રીતે વસ્તુગત અનંત પર્યાયોની આ અભિન્નતા સંબંધમૂલક અભેદવૃત્તિ છે.

(૫) અસ્તિત્વ નામના ગુણધર્મ દ્વારા વસ્તુમાં જે ઉપકાર થાય છે, તે જ ઉપકાર વસ્તુગત અન્ય ગુણધર્મો દ્વારા પણ થાય છે. તથા આ ઉપકાર છે વસ્તુને સ્વપ્રકારકપ્રતીતિનો વિષય બનાવવો. વસ્તુગત દરેક ગુણધર્મો વસ્તુનું વિશેષણ (= પ્રકાર) બને છે. તેથી વસ્તુગત તમામ ગુણધર્મો વસ્તુને સ્વપ્રકારકપ્રતીતિનો વિષય બનાવે છે. સ્પષ્ટ જ છે કે આ ઉપકાર અસ્તિત્વની જેમ અન્ય સર્વ વસ્તુધર્મોમાં સમાન છે. ઉપકારની એકતાની દૃષ્ટિથી સંપન્ન વસ્તુગત ગુણધર્મોની આ એકતા તેમની ઉપકારમૂલક અભેદવૃત્તિ છે.

(૬) દ્રવ્યસંબંધી જે દેશ હોય તે ગુણિદેશ કહેવાય. તેને 'ક્ષેત્ર' કે 'આશ્રય' કે 'આધાર' કે 'અધિકરણ'

७, य एव च वस्तुनः संसर्गोऽस्तित्वस्याधाराधेयभावलक्षणः, स एवान्येषाम् इति संसर्गेणाऽभेदवृत्तिः।

८, य एव च 'अस्ति' इति शब्दोऽस्तित्वधर्मात्मकस्य वस्तुनो वाचकः, स एवाशेषानन्तधर्मात्मकस्यापि इति शब्देनाऽभेदवृत्तिः" (स्या.क.ल.७/२३ पृ.१७४) इति व्यक्तं **स्याद्वादकल्पलतायाम्**।

इदमत्राकूतम् – प्रतिवस्तु अनन्तधर्माः प्रमाणसिद्धाः। ततश्च कस्यचिदपि वस्तुनः पूर्णतया प्रतिपादनार्थम् अनन्ताः शब्दाः प्रयोज्याः स्युः, सकृदुच्चरितस्य शब्दस्य युगपद् एकधर्मप्रतिपादकत्वात्। न चैवं लोके प्रतिवस्तु अनन्तशब्दप्रयोगः शक्यते कर्तुम्। घटप्रतिपादनाय घटशब्द एक एव प्रयुज्यते लोके। ततश्चेदं फलितं यदुत घटादिकं पदं मुख्यरूपेण घटत्वादिकमेव धर्मं प्रतिपादयति, घटादिगताः शेषाः धर्माः तु तदा घटत्वाद्यभिन्नतया अभ्युपगम्यन्ते। इत्थञ्चैकशब्देनैकधर्मप्रतिपादने

---

પણ કહેવાય છે. જે ક્ષેત્રમાં રહેલ દ્રવ્યમાં અસ્તિત્વ નામનો ગુણધર્મ રહેલ છે, તે જ ક્ષેત્રમાં રહેલ તે જ દ્રવ્યમાં અન્ય પણ અનંતા ગુણધર્મો રહે છે. આમ અસ્તિત્વ ગુણના અને અન્ય ગુણોના આશ્રયભૂત દ્રવ્યનું અધિકરણીભૂત ક્ષેત્ર એક જ છે. અથવા એમ પણ કહી શકાય કે ગુણીસંબંધી જેટલા ક્ષેત્રમાં અસ્તિત્વ રહેલું છે તેટલા જ ક્ષેત્રમાં અન્ય ગુણધર્મો પણ રહેલા છે. આથી તે તમામ ગુણધર્મોમાં ક્ષેત્રસાપેક્ષ એકતા સંપન્ન થાય છે. વસ્તુગત અનંત ગુણધર્મોની આ અભિન્નતા ગુણિદેશમૂલક અભેદવૃત્તિ છે.

(૭) વસ્તુ અને અસ્તિત્વ વચ્ચે જે આધાર-આધેયભાવ નામનો સંસર્ગ હોય છે, તે જ સંસર્ગ વસ્તુ અને તદ્ગત અન્ય તમામ ગુણધર્મો વચ્ચે રહેલો હોય છે. આમ સંસર્ગની દૃષ્ટિએ વસ્તુનિષ્ઠ તમામ ગુણધર્મોમાં અભિન્નતા સંપન્ન થાય છે. આ અભિન્નતા સંસર્ગમૂલક અભેદવૃત્તિ છે.

(૮) જે 'અસ્તિ' શબ્દ અસ્તિત્વ ધર્મથી અભિન્ન વસ્તુનો વાચક છે, તે જ શબ્દ અસ્તિત્વથી ભિન્ન સમગ્ર ગુણધર્મોથી અભિન્ન વસ્તુનો વાચક છે. આ પ્રકારે 'અસ્તિ' આ એક જ શબ્દથી અનન્તગુણધર્માત્મક વસ્તુ વાચ્ય હોવાથી વસ્તુગત સમગ્ર ગુણધર્મો પણ તે જ 'અસ્તિ' શબ્દથી વાચ્ય = પ્રતિપાદ્ય બની જાય છે. એકશબ્દવાચ્યત્વની અપેક્ષાએ વસ્તુગત સર્વ ગુણધર્મો એકસરખા છે. એકશબ્દવાચ્યત્વસાપેક્ષ સર્વગુણધર્મોની આ અભિન્નતા = એકતા શબ્દમૂલક અભેદવૃત્તિ છે." આ પ્રમાણે કાલ વગેરે આઠ તત્ત્વનું નિરૂપણ શ્રી**હરિભદ્રસૂરિ**રચિત **'શાસ્ત્રવાર્તાસમુચ્ચય'** નામના ગ્રંથરત્નની **સ્યાદ્વાદકલ્પલતા** નામની વ્યાખ્યામાં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે કરેલ છે.

(इद.) અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે - વસ્તુમાં અનંત ગુણધર્મો રહેલા છે. આ વાત પ્રમાણથી સિદ્ધ થઈ ચૂકેલ છે. તેથી કોઈ પણ એક વસ્તુનું પૂર્ણસ્વરૂપે પ્રતિપાદન કરવા માટે અનંત શબ્દોનો પ્રયોગ કરવો જોઈએ. કારણ કે એકવાર બોલાયેલો શબ્દ એકીસાથે એક જ ગુણધર્મનું પ્રતિપાદન કરી શકે છે. પરંતુ એ રીતે કરવું લોકવ્યવહારમાં શક્ય નથી. લોકવ્યવહારમાં તો ઘડાને જણાવવા માટે ફક્ત એક 'ઘટ' પદનો જ પ્રયોગ કરવામાં આવે છે. તેનો મતલબ એ થયો કે - ઘટ વગેરે એક શબ્દ મુખ્યરૂપે ઘટત્વ વગેરે એક ગુણધર્મનું પ્રતિપાદન કરે છે. તથા ઘડામાં રહેલા બાકીના ગુણધર્મોને તે ઘટત્વાદિ એક ગુણધર્મથી અભિન્ન સ્વરૂપે ત્યારે માની લેવામાં આવે છે. આ રીતે એક શબ્દથી એક

तदभिन्नतया शेषा अनन्ता धर्माः प्रतिपादिता भवन्तीत्यङ्गीक्रियते। इयमभिन्नता हि कालाद्यष्टकसापेक्षा। अतः कालादिदृष्ट्या द्रव्य-गुणाद्यभेदगोचरशक्ति-लक्षणाभ्यां द्रव्यार्थिक-पर्यायार्थिकनयद्वयसहकारेण एकमेव यत् पदमुच्चार्यमाणमेकदा अनन्तधर्मात्मकं वस्तु बोधयति तत् सकलादेश उच्यते। युगपदुभयनयसमाहारेणाऽयं प्रमाणरूपताम् आपद्यते। इत्थं कालाद्यष्टकवशात् सकलादेशस्वरूपं लब्धात्मलाभमवसेयम्।

इदमेवाऽभिप्रेत्य **रत्नाकरावतारिकायाम्** "अभेदवृत्त्यभेदोपचाराभ्यां कृत्वा प्रमाणप्रतिपन्नानन्तधर्मात्मकस्य वस्तुनः समसमयं यदभिधायकं वाक्यं स सकलादेशः प्रमाणवाक्याऽपरपर्यायः" (रत्ना.४/४४) इत्युक्तम्। द्रव्य-गुणाद्यभेदप्रतिपादने द्रव्यार्थिकः प्रधानवृत्त्यपराभिधानां शक्तिं पर्यायार्थिकश्च उपचारापराभिधानां लक्षणामाश्रयते। तद्भेदप्रतिपादने तु द्रव्यार्थिकः लक्षणां पर्यायार्थिकश्च शक्तिम् आश्रयते।

सकलादेशे वस्तु-तद्धर्माऽभेदविवक्षया युगपन्नयद्वयप्रवर्तनं वस्तुसाकल्यप्रतिपादनञ्च सम्मतम्। विकलादेशे तु वस्तु-तद्धर्मभेदविवक्षणेन क्रमशो नयद्वयप्रवर्तनं वस्त्वंशमात्रप्रतिपादनञ्च सम्मतमिति

---

ગુણધર્મનું પ્રતિપાદન થયું અને તેનાથી અભિન્ન હોવાના કારણે શેષ ગુણધર્મોનું પણ પ્રતિપાદન થઈ ગયું - તેમ માનવામાં આવે છે. આ અભિન્નતા કાલાદિસાપેક્ષ છે. આથી પૂર્વોક્ત રીતે કાલાદિની દૃષ્ટિથી દ્રવ્ય-ગુણાદિમાં અભેદસંબંધી શક્તિ દ્વારા પ્રવૃત્ત થનાર દ્રવ્યાર્થિકનયના સહકારથી અને દ્રવ્ય-ગુણાદિમાં અભેદસંબંધી લક્ષણા દ્વારા પ્રવૃત્તિ કરનાર પર્યાયાર્થિકનયના સહકારથી, બોલાતું એક જ પદ એકીસાથે અનંતધર્માત્મક વસ્તુનો અર્થાત્ વસ્તુગત અનન્તધર્માત્મકતાનો બોધ કરાવે છે. આવું પદ (= જે શબ્દને છેડે વિભક્ત લાગેલ હોય તે શબ્દ) એ જ સકલાદેશ કહેવાય છે. એકીસાથે બન્ને નયનો સમન્વય કરવાથી સકલાદેશ પ્રમાણરૂપ બને છે. આમ કાલ આદિ આઠ તત્ત્વને આધારે સકલાદેશનું સ્વરૂપ અસ્તિત્વ ધરાવે છે - તેમ સમજવું. અહીં શક્તિ દ્વારા દ્રવ્યાર્થિકનય અને લક્ષણા દ્વારા પર્યાયાર્થિકનય એકીસાથે દ્રવ્ય-ગુણાદિ વચ્ચે અભેદ સાધીને વસ્તુની અનન્તધર્માત્મકતાનું વિધાન કરે છે.

(इद.) આ જ અભિપ્રાયથી **રત્નાકરાવતારિકા** ગ્રંથમાં જણાવેલ છે કે "અભેદવૃત્તિ અને અભેદઉપચાર વડે કરીને પ્રમાણસ્વીકૃત અનન્તધર્માત્મક વસ્તુને એકીસાથે જે વાક્ય જણાવે તે સકલાદેશ કહેવાય છે. તેનું બીજું નામ પ્રમાણવાક્ય છે." દ્રવ્ય-ગુણાદિમાં અભેદનું પ્રતિપાદન કરવામાં દ્રવ્યાર્થિકનય શક્તિનો આશ્રય કરે છે તથા પર્યાયાર્થિકનય લક્ષણાનો આશ્રય કરે છે. શબ્દશક્તિનું બીજું નામ પ્રધાનવૃત્તિ પણ છે. લક્ષણાનું બીજું નામ ઉપચાર અથવા જઘન્યવૃત્તિ પણ છે. તથા દ્રવ્ય-ગુણાદિમાં ભેદનું પ્રતિપાદન કરવામાં આવે તો દ્રવ્યાર્થિકનય લક્ષણાનો અને પર્યાયાર્થિકનય શક્તિનો આશ્રય કરે છે.

### સકલાદેશ-વિકલાદેશ વચ્ચે તફાવત

**(सकला.)** સકલાદેશમાં વસ્તુ અને તેના અનન્ત ગુણધર્મો વચ્ચે અભેદની વિવક્ષા હોય છે. તથા તેવી વિવક્ષાથી એકીસાથે દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનયની પ્રવૃત્તિ સકલાદેશમાં થાય છે. તેમ જ સકલાદેશ વસ્તુનું સાકલ્ય = સંપૂર્ણપણું દર્શાવે છે. આ રીતે શાસ્ત્રકારોને સંમત છે. જ્યારે વિકલાદેશમાં તો પદાર્થ અને તેના ગુણધર્મો વચ્ચે ભેદની વિવક્ષા હોય છે. તથા તેવી ભેદવિવક્ષાથી ક્રમશઃ દ્રવ્યાર્થિક કે પર્યાયાર્થિક

विशेषः। इदमेवाभिप्रेत्य "नयविषयीकृतस्य वस्तुधर्मस्य भेदवृत्तिप्राधान्याद् भेदोपचाराद् वा क्रमेण यदभिधायकं वाक्यं स विकलादेशः" (रत्ना.अ.४/४५) इति **रत्नाकरावतारिकायां रत्नप्रभसूरयः** उक्तवन्तः।

इदमत्राऽऽकूतम् – मुख्यवृत्त्या द्रव्यार्थिकनयः द्रव्य-गुण-पर्यायाणाम् अभेदबोधकः, पर्यायार्थिकनयस्तु भेदबोधकः। तौ च यथाक्रमं शक्ति-लक्षणाभ्यां युगपत् प्रवर्तेते तदा सकलादेशः सम्पद्यते। यदा लक्षणया द्रव्यार्थिकः शक्त्या वा पर्यायार्थिकः प्रवर्तते तदा विकलादेशः सम्पद्यते।

कालाद्यष्टकदृष्ट्या वस्तुगताऽनन्तपर्यायाणाम् अभेदसाधकं द्रव्यार्थिकनयं प्रति पर्यायार्थिकनय एवं स्वाभिप्रायं दर्शयति –

**(१)** एककालम् एकस्मिन्नेव वस्तुनि अनन्तगुणसत्त्वाद् वस्तुनोऽनन्तधर्मात्मकत्वे गुणाश्रयभूतस्य द्रव्यस्य गुणतुल्या एवाऽनन्ता भेदाः स्युः।

---

નયની પ્રવૃત્તિ વિકલાદેશમાં થાય છે. તેમજ વિકલાદેશ માત્ર વસ્તુના એકાદ અંશનું પ્રતિપાદન કરે છે, વસ્તુની સમગ્રતાનું નહિ. આટલો તે બન્ને વચ્ચે તફાવત છે. મતલબ કે સકલાદેશમાં વસ્તુના અનન્ત ગુણધર્મોનો યુગપત્ અભેદ કરવામાં આવે છે. જ્યારે વિકલાદેશમાં વસ્તુગત અનન્ત ગુણધર્મોમાં ક્રમશઃ ભિન્નતા સાધવામાં આવે છે. શ્રી**વાદિદેવસૂરિ**રચિત **પ્રમાણનયતત્ત્વાલોકાલંકારસૂત્ર** ઉપર તેમના શિષ્ય શ્રી**રત્નપ્રભસૂરિજી**એ **રત્નાકરાવતારિકા** વ્યાખ્યા રચેલી છે. તેમાં ઉપરોક્ત અભિપ્રાયથી જ જણાવેલ છે કે "વસ્તુનો જે ગુણધર્મ પ્રમાણના બદલે નયનો વિષય બને અને તેનું પ્રતિપાદન જે વાક્ય ભેદવૃત્તિપ્રાધાન્યથી કે ભેદોપચારથી ક્રમશઃ કરે તે વાક્ય 'વિકલાદેશ' કહેવાય છે."

(इद.) સકલાદેશમાં અભેદવૃત્તિપ્રાધાન્ય અને અભેદઉપચાર બન્નેની વાત કરેલ હતી. જ્યારે પ્રસ્તુત વિકલાદેશમાં ભેદવૃત્તિપ્રાધાન્યને અથવા ભેદઉપચારને દર્શાવેલ છે. તેની પાછળ આશય એ રહેલો છે કે શબ્દશક્તિથી દ્રવ્યાર્થિકનય દ્રવ્ય-ગુણ-પર્યાયમાં અભેદબોધક છે. જ્યારે પર્યાયાર્થિકનય ભેદબોધક છે. દ્રવ્યાર્થિકનયને શક્તિ દ્વારા અભેદમાં તથા પર્યાયાર્થિકનયને લક્ષણા દ્વારા અભેદમાં યુગપત્ પ્રવર્તાવવાથી સકલાદેશ પ્રાપ્ત થાય છે. તથા દ્રવ્યાર્થિકનયને લક્ષણા દ્વારા ભેદમાં પ્રવર્ત્તાવવાથી અથવા પર્યાયાર્થિકનયને શક્તિ દ્વારા ભેદમાં પ્રવર્તાવવાથી વિકલાદેશ સંપન્ન થાય છે. અહીં વિકલાદેશ એમ જણાવે છે કે 'એક કાળમાં એક જ વસ્તુમાં વિભિન્ન ધર્મો = પર્યાયો હોય છે. તેથી પર્યાયાત્મક વસ્તુ પણ વિભિન્નસ્વરૂપવાળી થઈ જશે, એકસ્વરૂપવાળી નહિ રહે.' આમ વિભિન્નગુણધર્મસંબંધી વસ્તુસ્વરૂપ વિભિન્ન જ હોય, એક ન હોય. આથી વસ્તુની અનન્તધર્માત્મકતાનો = સમગ્રતાનો બોધ કરાવવાના બદલે વસ્તુની આંશિકતાનો જ ક્રમશઃ બોધ વિકલાદેશ કરાવે છે.

**(काला.)** કાલ વગેરે આઠ તત્ત્વની દૃષ્ટિએ વસ્તુગત અનંત ગુણધર્મોમાં અભેદને સિદ્ધ કરનાર દ્રવ્યાર્થિકનયની સામે પર્યાયાર્થિકનય પોતાનું મંતવ્ય સ્પષ્ટ કરતાં જણાવે છે કે :-

(૧) એક કાળે એક જ વસ્તુમાં અનંત ગુણો રહેવાથી વસ્તુ અનંતધર્માત્મક હોય તો ગુણો જેટલા જ ગુણોના આશ્રય સ્વરૂપ એવા દ્રવ્યના પણ અનંતા ભેદ માનવાની આપત્તિ આવશે.

(२) प्रत्येकं गुणानां स्वरूपं विभिन्नं भवति। न हि गुणा अन्योन्यस्वरूपेऽवतिष्ठन्ते अपि तु स्वस्वरूपे। तस्मात् स्वरूपदृष्ट्याऽपि वस्तुनः गुणेषु अभेदो नास्ति।

(३) गुणानामाधारेऽपि अभेदो नास्ति। गुणाऽऽधारभूतस्य वस्तुनः अभिन्नत्वे विभिन्नगुणाऽऽधारत्वमपि न सम्भवति।

(४) सम्बन्धिभेदे सम्बन्धोऽपि भिद्यते। ततश्च नानासम्बन्धिनाम् एकत्र एकः सम्बन्धः न सम्भवति। तस्माद् गुणसम्बन्धमूला ऐक्यरूपा अभेदवृत्तिरपि न युक्ता।

(५) प्रत्येकं गुणाः प्रतिनियतरूपेणैव गुणिनमुपकरोति। ततश्च नानागुणा नानारूपेण वस्तूपकरोति। तस्माद् नानोपकारिभ्यः एक एव उपकारः सम्पद्यते इत्यभ्युपगमः विरोधाऽऽक्रान्तः।

(६) प्रत्येकं गुणानां देशः विभिन्नः, अन्यथा नानाद्रव्यगतानामपि गुणानां क्षेत्रैक्याऽऽपत्तेः।

(७) संसर्गिभेदे संसर्गोऽपि भिद्यते एव, अन्यथा घट-पट-मठानामपि एकसंसर्गापत्तेः।

(८) नानार्थवाचका विभिन्ना एव शब्दाः, अन्यथा घट-पट-मठादिविभिन्नार्थाणाम् एकशब्दवाच्यताऽऽपत्तेः शब्दान्तरवैफल्याऽऽपत्तेश्च।

---

(૨) દરેક ગુણધર્મોનું સ્વરૂપ (= આત્મરૂપ) પરસ્પર વિભિન્ન હોય છે. કારણ કે ગુણો એકબીજાના સ્વરૂપમાં નથી રહેતા પણ પોતપોતાના સ્વરૂપમાં જ રહે છે. માટે સ્વરૂપની દૃષ્ટિએ પણ વસ્તુના ગુણોમાં અભેદ નથી.

(૩) ગુણોના આધારમાં પણ અભેદ નથી. જો ગુણોના આધારભૂત અર્થને ભિન્ન ન માનો તો તે ભિન્ન-ભિન્ન ગુણોનો આધાર બની ના શકે.

(૪) સંબંધી બદલાય એટલે સંબંધ પણ બદલાય છે. તેથી અનેક સંબંધીઓનો (= ગુણોનો) એક સ્થળે એક સંબંધ સંભવી શકતો નથી. માટે ગુણોનાં સંબંધમૂલક એકતાસ્વરૂપ અભેદવૃત્તિ પણ વ્યાજબી નથી.

(૫) દરેક ગુણો પ્રતિનિયતરૂપે જ ગુણીમાં = વસ્તુમાં ઉપકાર કરે છે. તેથી જુદા-જુદા ગુણોથી જુદા-જુદા સ્વરૂપે વસ્તુમાં ઉપકાર થાય છે. 'તેથી અનેક વિભિન્ન ઉપકારીઓથી થતો ઉપકાર એક જ હોય' - તેવું માનવામાં વિરોધ આવે છે.

(૬) દરેક ગુણોનો દેશ = ક્ષેત્ર અલગ-અલગ હોય છે. જો જુદા-જુદા ગુણોના ક્ષેત્રને જુદું-જુદું માનવામાં ન આવે તો અલગ-અલગ દ્રવ્યના પણ ગુણોનું ક્ષેત્ર એક બનવાની આપત્તિ આવશે.

(૭) સંસર્ગી એવા ગુણ બદલાય તો સંસર્ગ પણ બદલાઈ જ જાય. જો સંસર્ગી બદલાવા છતાં સંસર્ગ ન બદલાય તો ઘટ-પટ-મઠ વગેરેમાં પણ એક સંસર્ગ માનવાની આપત્તિ આવશે.

(૮) જુદા-જુદા અર્થના વાચક શબ્દો જુદા-જુદા જ હોય છે. જો તેવું માનવામાં ન આવે તો ઘટ-પટ-મઠ-પર્વત વગેરે વિભિન્ન અર્થોને એક જ શબ્દથી વાચ્ય માનવાની આપત્તિ આવશે. તથા બાકીના શબ્દો નિષ્ફળ થવાની આપત્તિ આવશે.

ततश्च कालाद्यष्टकदृष्ट्या वस्तुनः अनन्तगुणानाम् अभेदः न घटामञ्चति। इत्थं द्रव्यार्थिकनयसंमताम् अभेदवृत्तिं परित्यज्य पर्यायार्थिकनयः भेदवृत्तिप्राधान्येन वस्तुगतम् एकैकं गुणं क्रमशः प्रतिपादयति। स च विकलादेश उच्यते। यदा च पर्यायार्थिकनयः वस्तुगताऽनन्तगुणानां भेदं दर्शयति तदा द्रव्यायार्थिकनयः अभेदवृत्तिं विहाय वस्तुधर्माणां भेदस्योपचारं लक्षणास्वरूपं कृत्वा क्रमशः वस्तुधर्मं प्रतिपादयति। अयमपि विकलादेश उच्यते इति यावत् **श्रीरत्नप्रभसूरि**तात्पर्यम् अवसेयम्।

ततश्च सप्तभङ्ग्यां प्रतिभङ्गं सकलादेशयोजने सप्त प्रमाणवाक्यानि लभ्यन्ते, प्रतिभङ्गं विकलादेशप्रवृत्तौ च सप्त नयवाक्यानि लभ्यन्त इति फलितम्। तदुक्तं **गुरुतत्त्वविनिश्चयवृत्तौ महोपाध्याययशोविजयगणिवरैः** "सप्तभङ्गात्मकमपि च वाक्यं यद्यप्युक्तसकलसमारोपव्यवच्छेदकतया प्रमाणं तथापि विकलादेशस्वभावत्वे अनन्तधर्मात्मकपरिपूर्णवस्त्वप्रापकत्वाद् अप्रमाणम्। सकलादेशस्वभावत्वे तु विपर्ययात् प्रतिभङ्गं प्रमाणम्।

---

## ❋ અભેદવૃત્તિનો ત્યાગ ❋

**(तत.)** તેથી કાલ વગેરે આઠ તત્ત્વની દૃષ્ટિએ વસ્તુના અનંત ગુણધર્મોને અભિન્ન માનવાની વાત વ્યાજબી નથી. આમ પર્યાયાર્થિકનય દ્રવ્યાર્થિકનયસંમત અભેદવૃત્તિના બદલે ભેદવૃત્તિને મુખ્ય બનાવીને વસ્તુગત એક-એક ગુણધર્મનું ક્રમશઃ પ્રતિપાદન કરે તે વિકલાદેશ કહેવાય. પરંતુ જ્યારે પર્યાયાર્થિકનય વસ્તુગત અનંતગુણધર્મોમાં ભેદને મુખ્યવૃત્તિથી દર્શાવે તેવા સંયોગમાં દ્રવ્યાર્થિકનય અભેદવૃત્તિને છોડી, વસ્તુધર્મોમાં ભેદનો ઉપચાર = લક્ષણા કરીને ક્રમશઃ વસ્તુધર્મનું પ્રતિપાદન કરે છે. આ પણ વિકલાદેશ કહેવાય છે. આ પ્રમાણે **શ્રીરત્નપ્રભસૂરિજી** મહારાજનું તાત્પર્ય જાણવું.

## ❋ સકલાદેશ પ્રમાણ, વિકલાદેશ અપ્રમાણ ❋

**(ततश्च.)** આમ સપ્તભંગીમાં સકલાદેશને અને વિકલાદેશને ગોઠવી શકાય છે. તે કારણથી જ્યારે સપ્તભંગીના પ્રત્યેક ભાંગામાં સકલાદેશને જોડવામાં આવે ત્યારે સાત પ્રમાણવાક્યો મળે છે. તથા સપ્તભંગીના દરેક ભાંગામાં વિકલાદેશને ગોઠવવામાં આવે તો સાત નયવાક્યો મળે છે - તેવું ફલિત થાય છે. તેથી જ **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** ગણિવરે **ગુરુતત્ત્વવિનિશ્ચયવૃત્તિ**માં જણાવેલ છે કે "જો કે સપ્તભંગીસ્વરૂપ વાક્ય વસ્તુગત-વિવક્ષિત ગુણધર્મસંબંધી સાત પ્રકારની શંકાનું કે ગેરસમજનું કે જિજ્ઞાસાનું નિવારણ કરનાર હોવાથી સામાન્યતઃ પ્રમાણવાક્યસ્વરૂપ બને છે. આમ છતાં પણ વિશેષરૂપે વિચાર કરવામાં આવે તો કહી શકાય કે વિકલાદેશસ્વરૂપ સપ્તભંગી પ્રમાણ નથી. કારણ કે વિકલાદેશસ્વરૂપ સપ્તભંગી અનંતધર્માત્મક વસ્તુનું પરિપૂર્ણરૂપે પ્રતિપાદન કરી શકતી નથી. સકલાદેશાત્મક સપ્તભંગી તો વસ્તુની અનંતગુણ-ધર્માત્મકતાસ્વરૂપ સમગ્રતાનું પ્રતિપાદન કરે છે. માટે તે પ્રમાણભૂત છે. એટલું જ નહિ, સકલાદેશસ્વરૂપ સપ્તભંગીના દરેક ભાંગા વસ્તુની અનંતધર્માત્મકતાસ્વરૂપ સમગ્રતાનું નિરૂપણ કરે છે. તેથી સકલાદેશાત્મક સપ્તભંગીના દરેક ભાંગા પ્રમાણાત્મક છે.

सकलादेशस्वभावत्वञ्च अस्तित्वादिधर्माणां शेषानन्तधर्मैः समं द्रव्यार्थिकनयप्राधान्ये पर्यायार्थिकनयगौणभावे चाऽभेदवृत्त्या पर्यायार्थिकनयप्राधान्ये द्रव्यार्थिकनयगौणभावे चाऽभेदोपचारेण युगपदनन्तधर्मात्मकप्रतिपादकत्वम्।

विकलादेशस्वभावत्वञ्च भेदवृत्ति-तदुपचाराभ्याम् एकशब्दस्य अनेकार्थप्रत्यायनशक्त्यभावलक्षणक्रमेण तत्प्रतिपादकत्वम्" (गु.त.वि. १/५२ वृ.) इति।

द्रव्यार्थिकनयदृष्ट्या एकस्मिन् वस्तुनि ये गुणाः ते अभिन्ना एव। पर्यायार्थिकनयाभिप्रायेण च ते भिन्ना इति पर्यायास्तिकनयार्पणे पदशक्त्या वस्तुगतधर्माणामभेदो नैव ज्ञायते। ततः तदा

---

### ❀ સકલાદેશ બે પ્રકારે ❀

**(सकला.)** દ્રવ્યાર્થિકનયની મુખ્યતા રાખવામાં આવે અને પર્યાયાર્થિકનયને ગૌણ કરવામાં આવે તો વસ્તુમાં રહેલ અસ્તિત્વ આદિ કોઈ એક ધર્મમાં બાકીના અનંત ગુણધર્મોની અભેદવૃત્તિથી એકીસાથે વસ્તુની અનંતધર્માત્મકતાનું પ્રતિપાદન કરનાર વાક્ય સકલાદેશસ્વભાવને ધારણ કરે છે. તથા જ્યારે પર્યાયાર્થિકનયને મુખ્ય બનાવી દ્રવ્યાર્થિકનયને ગૌણ બનાવવામાં આવે તો વસ્તુમાં રહેલ અસ્તિત્વ આદિ કોઈ એક ગુણધર્મમાં બાકીના અનંત ગુણધર્મોના અભેદનો ઉપચાર = આરોપ કે લક્ષણા કરીને એકીસાથે વસ્તુની અનંતધર્માત્મકતાસ્વરૂપ સમગ્રતાનું પ્રતિપાદન કરનારું વાક્ય સકલાદેશસ્વભાવને ધરાવે છે. કારણ કે લક્ષણા કર્યા વિના પર્યાયાર્થિકનય વસ્તુના એક ગુણધર્મમાં બાકીના અનંત ગુણધર્મોના અભેદનું ભાન કરાવી ના શકે. આમ બે પ્રકારે સકલાદેશ સંભવી શકે છે.

### ❀ વિકલાદેશ બે પ્રકારે ❀

**(विकला.)** આ જ રીતે વિકલાદેશ પણ બે પ્રકારે સંભવે છે. પણ તેમાં અભેદવૃત્તિના બદલે ભેદવૃત્તિ તથા અભેદઉપચારના બદલે ભેદઉપચાર કરીને ક્રમશઃ એક એક ગુણધર્મનું પ્રતિપાદન કરવામાં આવે છે. તે આ રીતે સમજવું. (૧) પર્યાયાર્થિકનયને મુખ્ય કરવામાં આવે તો વસ્તુગત અસ્તિત્વ આદિ કોઈ એક ગુણધર્મમાં બાકીના અનંતા ગુણધર્મોની ભેદવૃત્તિથી (= ભેદપ્રતિપાદક શબ્દશક્તિથી) ક્રમશઃ એક-એક ધર્મનું પ્રતિપાદન કરનારું વાક્ય વિકલાદેશસ્વરૂપ બને છે. પરંતુ (૨) પર્યાયાર્થિકનયને મુખ્ય બનાવવામાં આવે તો વસ્તુધર્મોમાં અભેદનું શબ્દશક્તિથી ભાન ન થવાથી દ્રવ્યાર્થિકનયે ત્યારે વસ્તુધર્મોમાં ભેદનો ઉપચાર કરવો પડે છે. તેવા સંયોગમાં વસ્તુગત અસ્તિત્વ આદિ કોઈ એક ગુણધર્મમાં બાકીના અનંતા ગુણધર્મોના ભેદની લક્ષણા કરીને ક્રમશઃ એક-એક વસ્તુધર્મનું પ્રતિપાદન કરનાર દ્રવ્યાર્થિકનયસંમત તે વાક્ય વિકલાદેશસ્વભાવને ધારણ કરે છે. અહીં મહત્ત્વની એક વાત એ સમજવા જેવી છે કે એક શબ્દ એકીસાથે અનેક અર્થનું પ્રતિપાદન કરવાની શક્તિ ધરાવતો નથી. શબ્દની આ અશક્તિ જ વસ્તુધર્મપ્રતિપાદન કરવામાં ક્રમિકતાને ધારણ કરે છે. તેથી વિકલાદેશ ક્રમશઃ એક-એક ગુણધર્મનું પ્રતિપાદન કરે છે."

### ● લક્ષણાપ્રયોજન ●

**(द्रव्या.)** દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ એક વસ્તુમાં રહેલા બધા ગુણધર્મોમાં પરસ્પર ભેદ નથી. તે બધા ગુણધર્મો અભિન્ન જ છે. જ્યારે પર્યાયાર્થિકનયની દૃષ્ટિએ વસ્તુમાં રહેલા તમામ ગુણધર્મો ભિન્ન છે. તેથી

तदवबोधाय पर्यायास्तिकेन सकलादेशे या लक्षणा प्रयुज्यते सा अभेदोपचारतया व्यवह्रियते। अनन्तपर्यायाऽभिन्नद्रव्यग्राहकद्रव्यार्थिकनयप्राधान्यार्पणायां तु विकलादेशे शब्दशक्त्या वस्तुगतगुणानां भिन्नत्वं न ज्ञायते। ततः द्रव्यार्थिकप्रयुक्तविकलादेशे वस्त्वेकांशावबोधाय लक्षणाया आवश्यकता। सैव द्रव्यास्तिककृता लक्षणा भेदोपचार इत्युच्यते इत्यवधेयम्।

**जयधवला**भिधानायां **कषायप्राभृतवृत्तौ** दिगम्बर**वीरसेना**चार्येण साक्षेप-परिहारं सकलादेश-विकलादेशस्वरूपम् "कः सकलादेशः ? (१) स्यादस्ति, (२) स्यान्नास्ति, (३) स्यादवक्तव्यः, (४) स्यादस्ति च नास्ति च, (५) स्यादस्ति चाऽवक्तव्यश्च, (६) स्यान्नास्ति चाऽवक्तव्यश्च, (७) स्यादस्ति च, नास्ति चाऽवक्तव्यश्च घट' इति सप्ताऽपि सकलादेशाः।

कथमेतेषां सप्तानां सुनयानां सकलादेशत्वम् ?

न, एकधर्मप्रधानभावेन साकल्येन वस्तुनः प्रतिपादकत्त्वात्। सकलम् आदिशति = कथयति इति सकलादेशः।

...को विकलादेशः ? '(१) अस्त्येव, (२) नास्त्येव, (३) अवक्तव्य एव, (४) अस्ति नास्त्येव,

---

પર્યાયાર્થિકનયની મુખ્યતા હોય ત્યારે શબ્દશક્તિથી વસ્તુગત ગુણધર્મોમાં અભેદનું ભાન થઈ શકતું નથી. તેથી તેવા સંયોગમાં વસ્તુનિષ્ઠ ગુણધર્મોમાં અભેદનું ભાન કરવા માટે પર્યાયાર્થિક નયે લક્ષણા કરવી પડે છે. સકલાદેશમાં પર્યાયાર્થિકનયનો આ અભેદઉપચાર કહેવાય છે. તથા વિકલાદેશમાં જ્યારે અનન્તપર્યાય-અભિન્નદ્રવ્યગ્રાહક એવા દ્રવ્યાર્થિકનયની મુખ્યતા હોય ત્યારે શબ્દશક્તિથી વસ્તુગત ગુણધર્મોમાં ભેદનું ભાન થઈ શકતું નથી. તેથી દ્રવ્યાર્થિકનયપ્રયુક્ત વિકલાદેશમાં વસ્તુના એક અંશનું ભાન કરવા માટે લક્ષણા કરવી પડે છે. દ્રવ્યાર્થિકનયે કરેલી આ લક્ષણા ભેદોપચાર કહેવાય છે. આ વાત વાચકવર્ગે ધ્યાનમાં રાખવી.

### ❈ જયધવલાકારની દૃષ્ટિએ સકલાદેશ-વિકલાદેશ ❈

**(जय.)** **કષાયપ્રાભૃત** ગ્રંથ ઉપર દિગંબરાચાર્ય **વીરસેને જયધવલા** નામની વ્યાખ્યા રચેલી છે. તેમાં આક્ષેપ-પરિહાર સાથે સકલાદેશ-વિકલાદેશનું સ્વરૂપ નીચે મુજબ જણાવેલ છે.

**[illegible]** :- સકલાદેશ શું છે ?

**[illegible]** :- (૧) ઘડો કથંચિત્ છે, (૨) કથંચિત્ નથી, (૩) કથંચિત્ અવક્તવ્ય છે, (૪) કથંચિત્ છે અને નથી, (૫) કથંચિત્ છે અને અવાચ્ય છે, (૬) કથંચિત્ નથી અને અવાચ્ય છે, (૭) કથંચિત્ છે, નથી અને અવાચ્ય છે = આ રીતે સાતેય સુનયવાક્યો સકલાદેશ છે.

**શંકા** :- **(कथ.)** આ સાતેય વાક્યો સુનય છે. તો પછી સુનયો સકલાદેશ કઈ રીતે બની શકે?

**સમાધાન** :- **(न.)** ના, તમારી શંકા વ્યાજબી નથી, કારણ કે એક ગુણધર્મને મુખ્ય બનાવીને સમસ્ત સ્વરૂપે વસ્તુનું પ્રતિપાદન કરવાથી આ સાતેય સુનયો સકલાદેશ છે. સમસ્ત વસ્તુનો આદેશ = કથન કરે તે સકલાદેશ કહેવાય.....

**સવાલ** :- (...**को**.) વિકલાદેશ શું છે ?

**જવાબ** :- (૧) ઘડો છે જ, (૨) નથી જ, (૩) અવાચ્ય જ છે, (૪) છે જ અને નથી જ,

(५) अस्त्यवक्तव्य एव, (६) नास्त्यवक्तव्य एव, (७) अस्ति नास्त्यवक्तव्य एव घट' इति विकलादेशः।

कथम् एतेषां सप्तानां दुर्नयानां विकलादेशत्वम् ?

न, एकधर्मविशिष्टस्यैव वस्तुनः प्रतिपादनाद्" (क.प्रा.पेज्जदोसविहत्ती गा.१४/भाग-१/पृ.१८५-१८६) इत्यादिरूपेणोपदर्शितम्।

अधुना व्युत्पत्तिवैविध्येन नयसप्तभङ्गी दर्श्यते। तथाहि – (क) 'नयस्वरूपा सप्तभङ्गी = नयसप्तभङ्गी' इति विग्रहकरणे प्रागुक्ता प्रतिभङ्गं विकलादेशस्वभावा सप्तभङ्गी नयसप्तभङ्गी विज्ञेया।

(ख) 'नयानां सप्तभङ्गी = नयसप्तभङ्गी' इति व्युत्पत्त्यङ्गीकारे प्रस्थकाद्युदाहरणे नैगमादि-नयानां पार्थक्येन साकल्येन च प्रागुपदर्शिता (४/१३) सप्तभङ्गी अत्राऽनुसन्धेया।

तथापि घटे पार्थक्येन नयसप्तभङ्गी बुभुत्सिता, तर्हि सेत्थं विज्ञेया।

(१) भूतलस्थ-जलशून्यघटः घटशब्दवाच्यतया नैगमनयेन स्याद् अस्ति एव।

---

(૫) છે જ અને અવાચ્ય જ છે, (૬) નથી જ અને અવાચ્ય જ છે, (૭) છે જ, નથી જ અને અવાચ્ય જ છે - આ વિકલાદેશ છે.

**શંકા** :- (कथ.) આ સાતેય વાક્યો એકાન્તપ્રતિપાદક હોવાથી દુર્નયસ્વરૂપ છે. તેથી તેમાં વિકલાદેશપણું કઈ રીતે આવે ?

### ❀ આંશિક વસ્તુસ્વરૂપને વિકલાદેશ જણાવે ❀

**સમાધાન** :- (न.) તમારી દલીલ બરાબર નથી. કારણ કે એકગુણધર્મવિશિષ્ટસ્વરૂપે વસ્તુનું પ્રતિપાદન કરવાથી આ સાતેય વાક્યો વિકલાદેશસ્વરૂપ બને છે."

### ✧ નયસપ્તભંગીની વિચારણા ✧

(अधुना.) સપ્તભંગીમાં સકલાદેશનું અને વિકલાદેશનું નિરૂપણ કર્યા બાદ હવે અનેક પ્રકારની વ્યુત્પત્તિથી નયસપ્તભંગી બતાવવામાં આવે છે. તે આ રીતે સમજવી.

(क) 'નયસ્વરૂપ સપ્તભંગી = નયસપ્તભંગી' - આ પ્રમાણે જો સમાસને ખોલવામાં આવે તો પૂર્વે જણાવેલ પ્રત્યેક ભાંગામાં વિકલાદેશસ્વભાવવાળી સપ્તભંગીને નયસપ્તભંગી તરીકે સમજવી.

(ख) તથા 'નયોની સપ્તભંગી = નયસપ્તભંગી' આ પ્રમાણે વ્યુત્પત્તિ કે વિગ્રહ સ્વીકારવામાં આવે તો આવી નયસપ્તભંગી તો આ જ શાખાના તેરમાં શ્લોકની વ્યાખ્યામાં પ્રસ્થક વગેરે ઉદાહરણમાં વિધિકોટિગત નૈગમની સામે નિષેધકોટિમાં સંગ્રહાદિ સર્વે (છ કે પાંચ) નયોને એકીસાથે તથા છૂટા -છવાયા ગોઠવીને જે નયસપ્તભંગી દર્શાવેલી હતી તેનું અહીં અનુસંધાન કરવું.

### ❋ ઘટમાં નયસપ્તભંગી વિચારણા ❋

(तथा.) તેમ છતાં જો ઘટમાં પાર્થક્યથી નયસપ્તભંગીને જાણવાની-જોડવાની ઈચ્છા હોય તો ઘટમાં નયસપ્તભંગી નીચે મુજબ સમજવી-જોડવી.

(૧) જમીન ઉપર રહેલો જલશૂન્ય ઘટ કથંચિત્ ઘટશબ્દવાચ્યરૂપે નૈગમનયથી સત્ જ છે.

(२) स एवम्भूतनयेन स्याद् नास्ति एव।

(३) स नैगमेन तथा अस्ति एव एवम्भूतनयेन च स्याद् नास्ति एव।

(४) स युगपदुभयार्पणया स्याद् अवाच्य एव।

(५) स नैगमेन स्याद् अस्ति एव युगपदुभयार्पणया च स्यादवाच्य एव।

(६) स एवम्भूतनयेन स्याद् नास्ति एव, युगपदुभयार्पणया च स्याद् अवाच्य एव।

(७) स नैगमनयेन कथञ्चिद् अस्ति एव, एवम्भूतनयेन स्याद् नास्ति एव, युगपदुभयार्पणया च तथा अवाच्य एव।

एवं विधि-प्रतिषेधकल्पनया घटे नैगमैवम्भूतगर्भिता नयसप्तभङ्गी बोध्या। एवं नयान्तरसमभिव्याहारेणाऽपि योज्यं सुधिया।

(ग) 'नये सप्तभङ्गी = नयसप्तभङ्गी' इति व्युत्पत्तिस्वीकारे तु सेत्थं बोध्या –

(१) नयः नयत्वेन अस्ति।

(२) नयः प्रमाणत्वेन नास्ति।

(३) नयः नयत्वेनास्ति प्रमाणत्त्वेन च नास्ति।

(४) युगपद् नय-प्रमाणार्पणायां नयः अवक्तव्यः।

---

(૨) તે ઘડો એવંભૂતનયની અપેક્ષાએ ઘટશબ્દવાચ્યરૂપે અસત્ જ છે.

(૩) તે નૈગમનયથી ઘટશબ્દવાચ્યરૂપે સત્ જ છે અને એવંભૂતનયથી ઘટશબ્દવાચ્યરૂપે અસત્ જ છે.

(૪) તે ઘડો એકીસાથે નૈગમ અને એવંભૂત નયની વિવક્ષાથી ઘટશબ્દવાચ્યરૂપે અવાચ્ય જ છે.

(૫) તે ઘડો નૈગમનયથી ઘટશબ્દવાચ્યરૂપે સત્ જ છે તથા યુગપદ્ નૈગમ-એવંભૂત નયની અપેક્ષાએ ઘટશબ્દવાચ્યરૂપે અવાચ્ય જ છે.

(૬) તે ઘડો એવંભૂતનયથી ઘટશબ્દવાચ્યરૂપે અસત્ જ છે તથા એકીસાથે નૈગમ-એવંભૂત નયની દૃષ્ટિએ ઘટશબ્દવાચ્યરૂપે અવાચ્ય જ છે.

(૭) તે ઘડો નૈગમનયથી કથંચિત્ સત્ જ છે, એવંભૂતનયથી કથંચિત્ અસત્ જ છે અને ઉભયનયની અર્પણાથી ઘટશબ્દવાચ્યરૂપે અવાચ્ય જ છે.

આ રીતે વિધિ-પ્રતિષેધની કલ્પના દ્વારા ઘટમાં નૈગમ-એવંભૂતનયગર્ભિત નયસપ્તભંગી જાણવી. તથા અન્યનયના સંયોગથી પણ આ રીતે વિવિધ પ્રકારની નયસપ્તભંગીની ઘટમાં યોજના કરવી.

(ગ) તથા 'નયને વિશે સપ્તભંગી = નયસપ્તભંગી' આ પ્રમાણે વ્યુત્પત્તિ કે વિગ્રહ સ્વીકારવામાં આવે તો તેવી નયસપ્તભંગી નીચે મુજબ સમજવી.

(૧) નય કથંચિત્ = નયસ્વરૂપે છે.

(૨) નય કથંચિત્ = પ્રમાણસ્વરૂપે નથી.

(૩) નય નયસ્વરૂપે છે અને પ્રમાણસ્વરૂપે નથી.

(૪) નય એકીસાથે નય-પ્રમાણઉભયની અપેક્ષાએ અવક્તવ્ય છે.

(५) नयः नयत्वेनाऽस्ति युगपद् नय-प्रमाणार्पणाभ्याञ्चाऽवाच्यः।

(६) नयः प्रमाणत्वेन नास्ति युगपद् नय-प्रमाणार्पणाभ्याञ्चाऽवाच्यः।

(७) नयः नयत्वेनास्ति, प्रमाणत्वेन नास्ति, युगपन्नय-प्रमाणार्पणाभ्याञ्चाऽवक्तव्यः इति। नयस्य वस्त्वेकांशग्राहकत्वम्, न तु सर्वांशाऽग्राहकत्वमितीयं नयसप्तभङ्गी स्व-पररूपक्रमाऽक्रमार्पणातो लब्धात्मलाभा विज्ञेया।

इदमत्राऽऽकूतम् – नयः वस्तुगतम् एकमंशं गृह्णाति ज्ञापयति च। प्रमाणं तु वस्तुगतान् सर्वांशान् गृह्णाति ज्ञापयति च। ततश्च नयस्य नयस्वरूपेण एकांशग्राहकत्वलक्षणेनाऽस्तित्वं भवति, किन्तु प्रमाणत्वरूपेण सर्वांशग्राहकत्वलक्षणेन नास्तित्वं भवति। एवं प्रकृतनयसप्तभङ्ग्यां प्रथम -द्वितीयभङ्गौ सम्भवतः। क्रमिकतद्योजनेन तृतीयभङ्गो भवति। युगपद् एकांशग्राहकत्व-सर्वांशग्राहकत्वाभ्यां नयस्वरूपम् अवक्तव्यं भवति। एवं चतुर्थभङ्गः उपलभ्यते। अवशिष्टाश्च त्रयो भङ्गाः पूर्ववत् प्रथम-द्वितीय-चतुर्थभङ्गार्पणासहकारेण ज्ञेया।

(घ) नयस्य घटस्येव वस्तुस्थानीयत्वविवक्षायां सुनय-दुर्नयसप्तभङ्गी अपि सम्भवेत्।

(१) प्रमाणपरिकरभूतो नयः सुनयत्वेनास्ति।

---

(૫) નય નયસ્વરૂપે છે અને એકીસાથે નય-પ્રમાણઉભયની અપેક્ષાએ અવક્તવ્ય છે.

(૬) નય પ્રમાણસ્વરૂપે નથી અને એકીસાથે નય-પ્રમાણ બન્નેની અપેક્ષાએ અવક્તવ્ય છે.

(૭) નય નયરૂપે છે, પ્રમાણરૂપે નથી તથા એકીસાથે નય-પ્રમાણઉભયની અપેક્ષાએ અવક્તવ્ય છે.

આ રીતે નયસપ્તભંગી પ્રાપ્ત થાય છે. નય વસ્તુના એકાંશનો ગ્રાહક છે. પણ તે સર્વાંશનો ગ્રાહક નથી. તેથી સ્વરૂપની અને પરરૂપની ક્રમશઃ અને યુગપત્ વિવક્ષા દ્વારા ઉપરોક્ત રીતે નયસપ્તભંગી સંભવી શકે છે - તેમ સમજવું.

(इद.) પ્રસ્તુતમાં તાત્પર્ય એ છે કે નય વસ્તુના એક અંશને ગ્રહણ કરે છે અને જણાવે છે. જ્યારે પ્રમાણ વસ્તુના સર્વ અંશોને ગ્રહણ કરે છે અને જણાવે છે. તેથી નયનું નયસ્વરૂપે = એકાંશગ્રાહકત્વરૂપે અસ્તિત્વ હોય છે પરંતુ પ્રમાણસ્વરૂપે = સર્વાંશગ્રાહકત્વરૂપે નયનું અસ્તિત્વ નથી હોતું. આ રીતે નયસપ્તભંગીના પ્રથમ-દ્વિતીય ભાંગા સંભવે છે. બન્નેનું ક્રમિક જોડાણ કરવાથી ત્રીજો ભાંગો પ્રાપ્ત થાય છે. એકીસાથે એકાંશગ્રાહકત્વરૂપે તથા સર્વાંશગ્રાહકત્વરૂપે નયનું સ્વરૂપ વિચારીએ તો નયનું સ્વરૂપ અવક્તવ્ય બની જાય છે. આ રીતે ચોથો ભાંગો મળી શકે છે. બાકીના ત્રણ ભાંગા પૂર્વવત્ પ્રથમ, દ્વિતીય, ચોથા ભાંગાની અર્પણાના સહકારથી સમજી લેવા. ટૂંકમાં નય સ્વરૂપથી સત્, પરરૂપથી અસત્, ક્રમિક સ્વ-પરરૂપથી સત્ -અસત્, યુગપત્ સ્વ-પરરૂપની અપેક્ષાએ અવાચ્ય... ઈત્યાદિરૂપે નયમાં સપ્તભંગી ગોઠવવી.

### ॥ સુનય-દુર્નયસપ્તભંગી ॥

(घ) જેમ પૂર્વે ઘટ વસ્તુને = પદાર્થને ઉદ્દેશીને સત્ત્વ-અસત્ત્વગોચર સપ્તભંગી જણાવેલી હતી તેમ નયને ઘટના સ્થાને ગોઠવી સુનય-દુર્નયની વિવક્ષાથી પણ સપ્તભંગી સંભવી શકે છે. તે આ રીતે. (૧) પ્રમાણઘટકીભૂત નય (સ્યાત્ = કથંચિત્ =) સુનયરૂપે હાજર છે.

(२) दुर्नयत्वेन नास्ति।

(३) क्रमेण सुनय-दुर्नयार्पणायाम् अस्ति नास्ति च।

(४) युगपत् सुनय-दुर्नयविवक्षायाञ्चाऽवक्तव्यः।

(५) सुनयपदार्थविधिकल्पनयाऽस्ति युगपत् सुनयपदार्थविधि-दुर्नयपदार्थप्रतिषेधकल्पनया चावक्तव्यः।

(६) दुर्नयपदार्थप्रतिषेधकल्पनया नास्ति सहविधि-प्रतिषेधकल्पनया चावक्तव्यः।

(७) क्रमाक्रमाभ्यां सुनयपदार्थविधि-दुर्नयपदार्थप्रतिषेधकल्पनया त्वस्ति, नास्ति अवक्तव्यश्चेति।

सर्वेषां नयानां सम्यग् अनुसन्धानं प्रमाणरूपेण सम्पद्यते। तदुक्तं **विशेषावश्यकभाष्यमलधारवृत्तौ** "सर्वैः एव हि एकैकांशग्राहिभिः नयैः मिलितैः सम्पूर्णम् अनन्तधर्मात्मकं वस्तु निश्चीयते" (वि.आ.भा.१०३९ मल.वृ.) इति। मिथः समुचितरूपेण सापेक्षतया सर्वनयसङ्कलनं प्रमाणताम् आपद्यते। ततश्चेदं फलितं यदुत प्रमाणपरिकरभूताः सर्वे नयाः सुनयाः, प्रमाणबहिर्भूताश्च नयाः कदाग्रहग्रस्तत्वेन मिथो निरपेक्षत्वेन च दुर्नयत्वेन सम्पद्यन्ते। ततश्च प्रमाणपरिकररूपे नये सुनयपदार्थत्वं सङ्गतिमङ्गति। ततश्च सः सुनयपदार्थविधिकल्पनारूपेणाऽस्ति, दुर्नयपदार्थप्रतिषेधकल्पनया नास्ति। एवं क्रमेण

---

(૨) પ્રમાણઘટકીભૂત નય દુર્નયરૂપે હાજર નથી.
(૩) પ્રમાણઘટક નય સુનયની અપેક્ષાએ હાજર છે તથા દુર્નયની અપેક્ષાએ હાજર નથી.
(૪) પ્રમાણઘટક નય યુગપત્ સુનય-દુર્નયની અપેક્ષાએ અવક્તવ્ય છે.
(૫) પ્રમાણઘટક નય 'સુનય' પદના અર્થની વિધિકલ્પનાની અપેક્ષાએ છે, યુગપત્ 'સુનય' પદના અર્થનું વિધાન અને 'દુર્નય' પદના અર્થનો નિષેધ - આવી કલ્પનાની અપેક્ષાએ અવાચ્ય છે.
(૬) પ્રમાણઘટક નય 'દુર્નય' પદના અર્થની નિષેધકલ્પનાની અપેક્ષાએ હાજર નથી, એકીસાથે 'સુનય-દુર્નય'પદવાચ્યતાની વિધિ-પ્રતિષેધકલ્પનાની અપેક્ષાએ અવાચ્ય છે.
(૭) પ્રમાણઘટક નય સુનયવિધિસાપેક્ષરૂપે છે, દુર્નયપ્રતિષેધસાપેક્ષરૂપે નથી, યુગપત્ 'સુનય-દુર્નય' પદ-વાચ્યતાની વિધિ-પ્રતિષેધકલ્પનાની અપેક્ષાએ અવાચ્ય છે.

આ રીતે પ્રમાણના પરિવારરૂપે રહેલા નયમાં સુનય-દુર્નયની વિધિ-પ્રતિષેધકલ્પનાથી પણ નયસપ્તભંગી બની શકે છે.

**(सर्वे.)** સર્વનયોનું સમ્યક્ જોડાણ-અનુસંધાન એટલે પ્રમાણ. આ અંગે **વિશેષાવશ્યકભાષ્ય મલધારવ્યાખ્યા**માં જણાવેલ છે કે 'વસ્તુના એક-એક અંશને ગ્રહણ કરનારા બધા જ નયો ભેગા થાય તો તેના દ્વારા અનન્તધર્માત્મક સંપૂર્ણ વસ્તુનો નિશ્ચય થાય છે.' એકબીજાને યોગ્ય રીતે સાપેક્ષ રહીને સર્વ નયોનું સંકલન થાય એ પ્રમાણ બને. મતલબ કે પ્રમાણના પરિવારમાં રહેલા દરેક નયો સુનય છે. પ્રમાણના પરિવારની બહાર નીકળેલા નયો કદાગ્રહગ્રસ્ત હોવાથી તથા એકબીજાથી નિરપેક્ષ હોવાથી દુર્નય છે. તેથી પ્રમાણપરિવારસભ્યસ્વરૂપ નયમાં 'સુનય' પદનો અર્થ સંગત થઈ શકે છે. તેથી તે સુનયપદાર્થ વિધિકલ્પનારૂપે સત્ છે, હાજર છે. તથા 'દુર્નય' પદના અર્થનો તેમાં પ્રતિષેધ થતો હોવાથી દુર્નયપદાર્થ-પ્રતિષેધકલ્પના કરીએ તો તે 'અસત્' છે. આ રીતે 'સુનય' અને 'દુર્નય' શબ્દના અર્થની

सुनय-दुर्नयपदार्थविधि-प्रतिषेधपरिकल्पनया प्रकृता सुनय-दुर्नयसप्तभङ्गी सम्पद्यते।

अधुना प्रमाणसप्तभङ्गी प्रदर्श्यते। तथाहि – (क) 'प्रमाणस्वरूपा सप्तभङ्गी = प्रमाणसप्तभङ्गी' इति विग्रहकरणे प्रागुक्ता प्रतिभङ्गं सकलादेशस्वभावा सप्तभङ्गी प्रमाणसप्तभङ्गी विज्ञेया।

(ख) 'प्रमाणानां सप्तभङ्गी = प्रमाणसप्तभङ्गी' इति व्युत्पत्त्यङ्गीकारे

(१) प्रत्यक्षप्रमाणं प्रत्यक्षत्वेन सदेव।

(२) अनुमानादिप्रमाणत्वेनाऽसदेव।

(३) क्रमार्पितोभयार्पणया सदेव असदेव च।

(४) युगपदुभयार्पणया अवक्तव्यमेव।

(५-६-७) शेषाः त्रयो भङ्गाः एतदनुसारेण योज्याः।

अनुमानादिप्रमाणान्तरसप्तभङ्ग्यः अपि यथायोगमुदाहार्याः।

(ग) यदि च प्रमेये प्रमाणसप्तभङ्गी बुभुत्सिता, तर्हि सेत्थं विज्ञेया :-

---

વિધિ-નિષેધવિષયક કલ્પના કરવાથી સુનય-દુર્નયસપ્તભંગી પ્રાપ્ત થઈ શકે છે.

### ❋ વિવિધ પ્રમાણસપ્તભંગીની સમજણ ❋

(अधुना.) હવે પ્રમાણસપ્તભંગી દર્શાવવામાં આવે છે. તે આ મુજબ છે -

(क) 'પ્રમાણાત્મક સપ્તભંગી = પ્રમાણસપ્તભંગી'- આ પ્રમાણે સમાસને ખોલવામાં આવે તો પૂર્વે જણાવેલ પ્રત્યેક ભાંગામાં સકલાદેશસ્વભાવવાળી સપ્તભંગીને પ્રમાણસપ્તભંગી તરીકે સમજવી.

(ख) 'પ્રમાણોની સપ્તભંગી = પ્રમાણસપ્તભંગી' - આવી વ્યુત્પત્તિ સ્વીકારવામાં આવે તો પ્રમાણસપ્તભંગી આ મુજબ પ્રાપ્ત થશે.

(૧) પ્રત્યક્ષ પ્રમાણ પ્રત્યક્ષસ્વરૂપે સત્ જ છે.

(૨) અનુમાનાદિ પ્રમાણસ્વરૂપે તે અસત્ જ છે.

(૩) પ્રત્યક્ષરૂપે સત્ છે અને અનુમાનાદિરૂપે અસત્ જ છે.

(૪) પ્રત્યક્ષ-પરોક્ષઉભય પ્રમાણની અપેક્ષાએ તે અવાચ્ય જ છે.

(૫) તે પ્રત્યક્ષરૂપે સત્ જ છે તથા પ્રત્યક્ષ-પરોક્ષઉભયપ્રમાણરૂપે અવક્તવ્ય જ છે.

(૬) અનુમાનાદિ પરોક્ષ પ્રમાણસ્વરૂપે તે અસત્ જ છે તથા ઉભયપ્રમાણરૂપે અવાચ્ય જ છે.

(૭) તે પ્રત્યક્ષરૂપે સત્, પરોક્ષરૂપે અસત્ અને ઉભયરૂપે અવક્તવ્ય જ છે.

આ પ્રમાણે પ્રત્યક્ષ પ્રમાણને વિશે સપ્તભંગી સમજવી.

(अनु.) તે જ રીતે અનુમાનપ્રમાણ, આગમપ્રમાણ વગેરેને વિશે પણ આ સપ્તભંગીની યથાયોગ્ય રીતે યોજના કરી શકાય. આમ અનેક પ્રમાણોને વિશે જુદી-જુદી સપ્તભંગી પ્રાપ્ત થાય છે. આ રીતે પ્રમાણોની સપ્તભંગી = પ્રમાણસપ્તભંગી જાણવી.

(ग) જો પ્રમેયને વિશે પ્રમાણસપ્તભંગીને જાણવાની ઈચ્છા હોય તો તે આ રીતે જાણવી.

(१) अनन्तधर्मात्मकं वस्तु प्रमाणतः सदेव।

(२) नयतोऽसदेव।

(३) क्रमिकोभयार्पणया स्यादुभयम्।

(४) युगपदुभयार्पणयाऽवक्तव्यमेव।

(५-६-७) शेषाः त्रयो भङ्गा यथायोगमनुयोज्याः।

(घ) 'प्रमाणे सप्तभङ्गी = प्रमाणसप्तभङ्गी' इति विग्रहकरणे त्वित्थं सा बोध्याः –
(१) प्रमाणपदार्थमुख्यत्वे नयपदार्थगौणभावे प्रमाणार्थस्य विधिकल्पनया प्रथमो भङ्गः।

(२) नयपदार्थानुपसर्जनभावे प्रमाणपदार्थोपसर्जने प्रमाणपदार्थस्य प्रतिषेधकल्पनया द्वितीयो भङ्गः।

(३) क्रमतः प्रमाणपदार्थविधि-नयपदार्थप्रतिषेधकल्पनया तृतीयो भङ्गः।

(४) सहप्रमाणपदार्थविधि-नयपदार्थप्रतिषेधविवक्षया चतुर्थो भङ्गः।

---

(૧) અનન્તધર્માત્મક વસ્તુ પ્રમાણની અપેક્ષાએ સત્ જ છે.
(૨) નયની અપેક્ષાએ તે અસત્ જ છે.
(૩) ક્રમશઃ પ્રમાણ-નયની અપેક્ષાએ સત્-અસત્ ઉભયસ્વરૂપ છે.
(૪) એકીસાથે પ્રમાણ-નયઉભયની વિવક્ષાએ તે અવક્તવ્ય જ છે.
(૫) તે પ્રમાણની અપેક્ષાએ સત્ અને પ્રમાણ-નયઉભયની અપેક્ષાએ અવક્તવ્ય જ છે.
(૬) તે નયની અપેક્ષાએ અસત્ જ છે, પ્રમાણ-નયઉભયની દૃષ્ટિએ અવાચ્ય જ છે.

(૭) તે પ્રમાણની વિવક્ષાએ સત્ છે, નયના અભિપ્રાયથી અસત્ જ છે તથા ઉભયની યુગપત્ વિવક્ષા કરવાથી અવક્તવ્ય જ છે. આ રીતે પ્રમેય = પ્રમાવિષયભૂત અનન્તધર્માત્મક વસ્તુને ઉદ્દેશીને પ્રમાણ દ્વારા પ્રવૃત્ત થતી પ્રમાણસપ્તભંગી જાણવી.

(ઘ) તથા 'પ્રમાણને ઉદ્દેશીને પ્રવર્તતી સપ્તભંગી = પ્રમાણસપ્તભંગી' - આ પ્રમાણે જો 'પ્રમાણસપ્તભંગી' શબ્દને બોલવામાં આવે તો પ્રમાણસપ્તભંગી આ રીતે સમજવી.

(૧) 'પ્રમાણ' પદના અર્થને મુખ્ય કરવામાં આવે અને પ્રમાણઘટકીભૂત નયાર્થને ગૌણ કરવામાં આવે તો વિધિકલ્પના કરવાથી 'પ્રમાણપદાર્થ પ્રમાણરૂપે સત્ છે' - આ પ્રમાણે પ્રમાણસપ્તભંગીનો પ્રથમ ભાંગો પ્રાપ્ત થશે.

(૨) નયાર્થને મુખ્ય કરવામાં આવે અને પ્રમાણપદાર્થને ગૌણ કરવામાં આવે તો 'નયસ્વરૂપે પ્રમાણપદાર્થ અસત્ છે' - આ પ્રમાણે નિષેધકલ્પનાસહકૃત બીજો ભાંગો પ્રાપ્ત થશે.

(૩) પ્રમાણપદાર્થની અને નયપદાર્થની ક્રમશઃ વિધિકલ્પના અને નિષેધકલ્પના કરવામાં આવે તો 'પ્રમાણપદાર્થ સત્ અને અસત્ છે' - આ પ્રમાણે ત્રીજો ભાંગો પ્રસ્તુતમાં પ્રાપ્ત થાય છે.

(૪) પ્રમાણપદાર્થની વિધિકલ્પના અને નયપદાર્થની નિષેધકલ્પના એકીસાથે કરવામાં આવે તો 'પ્રમાણપદાર્થ અવાચ્ય છે' - આ પ્રમાણે ચોથો ભાંગો મળી શકે.

(५) प्रमाणपदार्थविधिकल्पनया सहविधि-प्रतिषेधकल्पनया च पञ्चमो भङ्गः।

(६) नयपदार्थप्रतिषेधकल्पनया सहविधि-प्रतिषेधकल्पनया च षष्ठो भङ्गः।

(७) क्रमाऽक्रमाभ्यां प्रमाणपदार्थविधि-नयपदार्थनिषेधार्पणया च सप्तमो भङ्गः। इयं प्रमाणसप्तभङ्गी विज्ञेया।

सङ्क्षेपतः सेत्थं बोध्या :- (१) प्रमाणं प्रमाणत्वेन अस्ति।

(२) प्रमाणं नयत्वेन नास्ति।

(३) प्रमाणं प्रमाणत्वेनास्ति नयत्वेन च नास्ति।

(४) प्रमाणं युगपदुभयार्पणायाम् अवक्तव्यम्।

(५) प्रमाणं प्रमाणत्वेनास्ति युगपदुभयार्पणायाञ्चाऽवक्तव्यम्।

(६) प्रमाणं नयत्वेन नास्ति युगपदुभयार्पणायाञ्चाऽवक्तव्यम्।

(७) प्रमाणं प्रमाणत्वेनाऽस्ति, नयत्वेन नास्ति युगपदुभयार्पणयाञ्चाऽवक्तव्यम् इति। प्रमाणस्य घटस्येव वस्तुस्थानीयत्वविवक्षायामियं लब्धात्मलाभा विज्ञेया।

---

(५) પ્રમાણપદાર્થની વિધિકલ્પના કર્યા બાદ પ્રમાણપદાર્થની અને નયાર્થની યુગપત્ વિધિ-પ્રતિષેધકલ્પના કરવાથી 'પ્રમાણપદાર્થ સત્ અને અવાચ્ય છે' - આ મુજબ પ્રસ્તુતમાં પાંચમો ભાંગો પ્રાપ્ત થાય છે.

(૬) નયાર્થની પ્રતિષેધકલ્પના કર્યા પછી યુગપત્ પ્રમાણ-નયાર્થની વિધિ-પ્રતિષેધકલ્પના કરવાથી 'પ્રમાણપદાર્થ અસત્ અને અવાચ્ય છે' - આમ છઠ્ઠો ભાંગો મળે છે.

(૭) પ્રમાણપદાર્થની વિધિકલ્પના કર્યા બાદ નયપદાર્થની પ્રતિષેધકલ્પના કરીને યુગપત્ પ્રમાણપદાર્થની વિધિકલ્પના અને નયપદાર્થની પ્રતિષેધકલ્પના કરવાથી 'પ્રમાણપદાર્થ સત્, અસત્ અને અવાચ્ય છે' - આ પ્રમાણે સાતમો ભાંગો મળે છે. આ પ્રમાણે પ્રમાણને વિશે સપ્તભંગી જાણવી.

**(सङ्क्षे.)** 'પ્રમાણને વિશે સપ્તભંગી = પ્રમાણસપ્તભંગી' આ પ્રમાણે વ્યુત્પત્તિ કે વિગ્રહ સ્વીકારવામાં આવે તો ઉપરોક્ત પ્રમાણસપ્તભંગી સંક્ષેપથી નીચે મુજબ પ્રાપ્ત થશે.

(૧) પ્રમાણ કથંચિત્ = પ્રમાણસ્વરૂપે સત્ છે.

(૨) પ્રમાણ કથંચિત્ = નયસ્વરૂપે અસત્ છે.

(૩) પ્રમાણ પ્રમાણસ્વરૂપે સત્ છે અને નયસ્વરૂપે અસત્ છે.

(૪) પ્રમાણ એકીસાથે પ્રમાણ-નયઉભયની અપેક્ષાએ અવક્તવ્ય છે.

(૫) પ્રમાણ પ્રમાણરૂપે સત્ છે, યુગપદ્ ઉભયની અપેક્ષાએ અવાચ્ય છે.

(૬) પ્રમાણ નયસ્વરૂપે અસત્ છે, યુગપદ્ ઉભયની અપેક્ષાએ અવક્તવ્ય છે.

(૭) પ્રમાણ પ્રમાણરૂપે સત્ છે, નયરૂપે અસત્ છે, યુગપદ્ ઉભયની અપેક્ષાએ અવાચ્ય છે.

આ રીતે ઘટવસ્તુના સ્થાને પ્રમાણને ગોઠવવાથી પ્રમાણસપ્તભંગી પ્રાપ્ત થાય છે.

(ङ) यदि च घटे प्रमाणसप्तभङ्गी बुभुत्सिता, तर्हि सेत्थमवसेया :-

(१) प्रमाणप्रतिपन्नः घटः प्रमाणापेक्षया अस्ति एव। (२) अप्रमाणापेक्षया च नास्त्येव। (३) क्रमेणोभयार्पणया अस्त्येव नास्त्येव च। (४) युगपदुभयार्पणया अवाच्य एव। (५) प्रमाणापेक्षयाऽस्त्येव युगपदुभयार्पणया चाऽवाच्य एव। (६) अप्रमाणापेक्षया नास्त्येव, युगपदुभयापेक्षया चाऽवाच्य एव। (७) क्रमेणोभयार्पणया अस्त्येव, नास्त्येव, युगपदुभयार्पणया चाऽवाच्य एवेति।

एवं "(१) द्रव्यं स्यात् कषायः, (२) स्याद् अकषायः" (क.प्रा.भाग-१/गा.१४/ज.ध.पृ.२८१) इत्यादिरूपेण **कषायप्राभृतस्य जयधवलावृत्तौ** दर्शिता कषायसप्तभङ्गी अपीहाऽनुसन्धेया।

**स्याद्वादरत्नाकरे वादिदेवसूरीणां** तु अयमभिप्रायः "सकलादेशस्वभावं प्रमाणवाक्यमिव विकलादेशस्वभावं नयवाक्यं शब्दार्थविषये प्रवर्तमानं स्वाभिधेये विधि-प्रतिषेधाभ्यां परस्परविभिन्नार्थनययुग्मसमुत्थविधान-निषेधाभ्यां कृत्वा सप्तभङ्गीमनुव्रजति। सा नयसप्तभङ्गी। मूलनयसप्तभङ्ग्यः एकविंशतिः। तथाहि – नैगमस्य सङ्ग्रहादिभिः षड्भिः सह व्रजनात् षट् सप्तभङ्ग्यः, सङ्ग्रहस्य व्यवहारादिभिः पञ्च, व्यवहारस्य ऋजुसूत्रादिभिः चतस्रः,

### घटमां प्रमाणसप्तभंगी

(ङ) જો ઘટને વિશે પ્રમાણસપ્તભંગીને જાણવાની ઈચ્છા હોય તો તેને આ પ્રમાણે જાણવી. (૧) પ્રમાણ દ્વારા ઘટ તરીકે સ્વીકારાયેલ પદાર્થ પ્રમાણની અપેક્ષાએ સત્ જ છે. (૨) અપ્રમાણની અપેક્ષાએ અસત્ જ છે. (૩) ક્રમશઃ ઉભયની અપેક્ષાએ સત્ અને અસત્ જ છે. (૪) યુગપદ્ ઉભયની અપેક્ષાએ અવક્તવ્ય જ છે. (૫) પ્રમાણની અપેક્ષાએ સત્ જ છે તથા યુગપદ્ ઉભય વિવક્ષાથી અવાચ્ય જ છે. (૬) અપ્રમાણની દૃષ્ટિએ અસત્ જ છે અને એકીસાથે ઉભય અપેક્ષાએ અવક્તવ્ય જ છે. (૭) પ્રમાણની વિવક્ષાએ સત્ જ છે, અપ્રમાણની અપેક્ષાએ અસત્ જ છે તથા યુગપત્ પ્રમાણ-અપ્રમાણ ઉભયની અપેક્ષાએ અવાચ્ય જ છે. આ રીતે ઘટને વિશે પ્રમાણસપ્તભંગીને સમજી શકાય છે.

### કષાયસપ્તભંગી

(एवं.) આ રીતે '(૧) દ્રવ્ય કથંચિત્ કષાય છે, (૨) કથંચિત્ અકષાય છે ...' ઈત્યાદિ સ્વરૂપે **કષાયપ્રાભૃતની જયધવલા** વ્યાખ્યામાં **વીરસેનાચાર્યએ** જે કષાયસપ્તભંગી દર્શાવેલ છે, તેનું પણ વિજ્ઞ વાચકવર્ગે અહીં અનુસંધાન કરવું.

### વિવિધ સપ્તભંગી અંગે વાદિદેવસૂરિજીનો મત

(स्याद्वाद.) **શ્રીવાદિદેવસૂરિજી** મહારાજનો તો અભિપ્રાય **સ્યાદ્વાદરત્નાકર** ગ્રંથરત્નમાં એવો જોવા મળે છે કે "સકલાદેશસ્વભાવવાળું વાક્ય પ્રમાણવાક્ય કહેવાય છે. તથા વિકલાદેશસ્વભાવવાળું વાક્ય નયવાક્ય કહેવાય છે. શબ્દના અર્થને વિશે પ્રવર્તમાન નયવાક્ય પ્રમાણવાક્યની જેમ પોતાના વાચ્યાર્થને વિશે પરસ્પર વિભિન્ન અર્થવાળા નયયુગ્મથી ઉત્પન્ન થયેલ વિધિ-પ્રતિષેધ દ્વારા પ્રવર્તતું હોવાથી સપ્તભંગીને અનુસરે છે. તેથી આ નયવાક્યથી ઉત્પન્ન થયેલી સપ્તભંગી નયસપ્તભંગી કહેવાય છે. નૈગમાદિ સાત નયો મૂલનય કહેવાય છે. આ સાત મૂલનયની સપ્તભંગી ૨૧ છે. તે આ રીતે - નૈગમનયને સંગ્રહાદિ છ નયોની સાથે ગોઠવવાથી છ સપ્તભંગી મળે. સંગ્રહને વ્યવહારાદિ પાંચની સાથે ગોઠવવાથી પાંચ

ऋजुसूत्रस्य शब्दादिभिः तिस्रः, शब्दस्य समभिरूढैवम्भूताभ्यां द्वे, समभिरूढस्यैवम्भूतेन एकेति एकविंशतिः मूलनयसप्तभङ्ग्यः पक्ष-प्रतिपक्षत्वेन विधि-प्रतिषेधकल्पनयाऽवगन्तव्याः।

સપ્તભંગી મળે. વ્યવહારને ૠજુસૂત્ર વગેરે ચાર નયોની સાથે ગોઠવવાથી ચાર સપ્તભંગી મળે. ૠજુસૂત્ર નયને શબ્દાદિ ત્રણ નયોની સાથે ગોઠવવાથી ત્રણ સપ્તભંગી મળે. શબ્દનયને સમભિરૂઢ અને એવંભૂત નયની સાથે ગોઠવવાથી બે સપ્તભંગી મળે. સમભિરૂઢને એવંભૂતનયની સાથે ગોઠવવાથી એક સપ્તભંગી મળે. આ રીતે પક્ષ-પ્રતિપક્ષરૂપે વિધિ-નિષેધની કલ્પનાથી મૂળનયની કુલ ૨૧ સપ્તભંગી જાણવી.

### ❁ મૂળ નયની એકવીસ સપ્તભંગી ❁

**સ્પષ્ટતા** :- નૈગમનયને વિધિકોટિમાં ગોઠવી તેના પ્રતિપક્ષરૂપે નિષેધકોટિમાં સંગ્રહાદિને ગોઠવવાથી છ સપ્તભંગી મળે... ઈત્યાદિ બાબતને કોષ્ટક દ્વારા સમજવી હોય તો નીચે મુજબ સમજી લેવી.

*❁ મૂળ નયની ૨૧ સપ્તભંગી ❁*

| સપ્તભંગી | પક્ષ (વિધિકોટિ) | પ્રતિપક્ષ (નિષેધકોટિ) |
|---|---|---|
| ૧ | નૈગમનય | સંગ્રહનય |
| ૨ | નૈગમનય | વ્યવહારનય |
| ૩ | નૈગમનય | ૠજુસૂત્રનય |
| ૪ | નૈગમનય | શબ્દનય |
| ૫ | નૈગમનય | સમભિરૂઢનય |
| ૬ | નૈગમનય | એવંભૂતનય |
| ૭ | સંગ્રહનય | વ્યવહારનય |
| ૮ | સંગ્રહનય | ૠજુસૂત્રનય |
| ૯ | સંગ્રહનય | શબ્દનય |
| ૧૦ | સંગ્રહનય | સમભિરૂઢનય |
| ૧૧ | સંગ્રહનય | એવંભૂતનય |
| ૧૨ | વ્યવહારનય | ૠજુસૂત્રનય |
| ૧૩ | વ્યવહારનય | શબ્દનય |
| ૧૪ | વ્યવહારનય | સમભિરૂઢનય |
| ૧૫ | વ્યવહારનય | એવંભૂતનય |
| ૧૬ | ૠજુસૂત્રનય | શબ્દનય |
| ૧૭ | ૠજુસૂત્રનય | સમભિરૂઢનય |
| ૧૮ | ૠજુસૂત્રનય | એવંભૂતનય |
| ૧૯ | શબ્દનય | સમભિરૂઢનય |
| ૨૦ | શબ્દનય | એવંભૂતનય |
| ૨૧ | સમભિરૂઢનય | એવંભૂતનય |
| *કુલ ૨૧ સપ્તભંગી* | | |

उत्तरनयसप्तभङ्गीनां तु पञ्चसप्तत्युत्तरशतं ज्ञेयम्। तथोत्तरोत्तरनयसप्तभङ्ग्योऽपि सङ्ख्याताः प्रतिपत्तव्याः। वैपरीत्येनाऽपि तावत्यो मूलनयसप्तभङ्ग्यः प्रत्येतव्याः, अन्त्यनयेन विधिकल्पना, तत्पूर्वनयैः प्रतिषेधकल्पनेत्यादियोजनायां तावतीनामेव तासां सम्भवात्। एवमुत्तरनयसप्तभङ्गीषु उत्तरोत्तरनयसप्तभङ्गीषु च योजनीयमतिसूक्ष्मधिया।

नयसप्तभङ्गीष्वपि प्रतिभङ्गं स्यात्कारस्यैवकारप्रयोगस्य च सद्भावेऽपि तासां विकलादेशत्वादेव सकलादेशात्मकायाः प्रमाणसप्तभङ्ग्याः सकाशात् पृथगुपन्यासः कृतः। विकलादेशस्वभावा हि नयसप्तभङ्गी, वस्त्वंशमात्रप्ररूपकत्वात्, सकलादेशस्वभावा तु प्रमाणसप्तभङ्गी सम्पूर्णवस्तुस्वरूपप्रतिपादकत्वादि"ति (प्र.न.त.७/५३ स्या.रत्ना.पृष्ठ-१०६९-१०७३)। उत्तरनयसप्तभङ्गीनां ये पञ्चसप्तत्युत्तरशतभेदा इहोद्दिष्टाः

### ❋ અવાન્તર નયની અનેક સપ્તભંગીઓ ❋

(उत्तर.) નૈગમ વગેરે સાત મૂલ નયના અનેક અવાન્તર ભેદો છે. જેમ કે નૈગમના નવ ભેદ, સંગ્રહના બે ભેદ વગેરે. મૂલ સાત નયના અવાન્તર ભેદોને પક્ષ-પ્રતિપક્ષરૂપે વિધિ-નિષેધકોટિમાં ગોઠવવાથી અવાન્તર નયોની કુલ ૧૭૫ સપ્તભંગીઓ પ્રાપ્ત થાય છે. (આ વિગત સ્પષ્ટતામાં સમજાવશું.) તથા ઉત્તરોત્તર અવાન્તર નયોના પ્રભેદોની અપેક્ષાએ સપ્તભંગીઓનો વિચાર કરવામાં આવે તો સંખ્યાતી સપ્તભંગીઓ પ્રાપ્ત થશે. તથા વિધિકોટિમાં નૈગમનયને ગોઠવી નિષેધકોટિમાં સંગ્રહાદિ છ નયોને ગોઠવવાની પ્રક્રિયાથી જેમ ૨૧ સપ્તભંગી મૂલનયોની પ્રાપ્ત થઈ હતી, તેમ વિધિકોટિમાં એવંભૂતનયને તથા નિષેધકોટિમાં નૈગમાદિ નયોને ગોઠવવાની વિપરીત પ્રક્રિયાથી પણ સાત મૂલ નયોની ૨૧ સપ્તભંગીઓ જ સંભવે છે - તેમ જાણવું. આ જ રીતે ઉત્તરનયની ૧૭૫ સપ્તભંગીઓમાં પણ વિધિકોટિના અવાન્તર નયને નિષેધકોટિમાં તથા નિષેધકોટિના અવાન્તરનયને વિધિકોટિમાં ગોઠવવાથી વિપરીત પ્રક્રિયાથી પણ ૧૭૫ સપ્તભંગીઓ જ પ્રાપ્ત થશે. તથા ઉત્તરોત્તર અવાન્તરનયોના પ્રભેદોની સંખ્યાતી સપ્તભંગીઓમાં જે અવાન્તરનયના પ્રભેદને વિધિકોટિમાં રાખેલ હતો, તેને નિષેધકોટિમાં ગોઠવવાની તથા નિષેધકોટિમાં રહેલા અવાન્તરનયના પ્રભેદને વિધિકોટિમાં ગોઠવવાની વિપરીત પ્રક્રિયાથી પણ ઉત્તરોત્તર નયની સંખ્યાતી સપ્તભંગીઓ જ પ્રાપ્ત થશે. આ વાત સૂક્ષ્મ બુદ્ધિથી વિચારીને તે તે સપ્તભંગીઓની ગોઠવણ કરવી.

### ✾ નયસપ્તભંગી વિકલાદેશસ્વરૂપ ✾

(नयसप्त.) જો કે નયસપ્તભંગીઓમાં પણ સ્યાત્કાર = કથંચિત્પદ તથા એવકાર = જકાર - આ બન્નેનો પ્રયોગ કરવામાં આવે છે, તો પણ તે વિકલાદેશસ્વરૂપ જ છે. તેથી જ સકલાદેશસ્વરૂપ પ્રમાણસપ્તભંગી કરતાં નયસપ્તભંગીનો અલગ નિર્દેશ કરવામાં આવેલ છે. નયસપ્તભંગી વિકલાદેશ-સ્વભાવવાળી જ છે. કારણ કે તે વસ્તુના આંશિક સ્વરૂપનું પ્રદર્શન કરે છે. વસ્તુના સમગ્ર સ્વરૂપનું તે પ્રદર્શન કરતી નથી. જ્યારે પ્રમાણસપ્તભંગી સકલાદેશસ્વભાવવાળી છે. કારણ કે તે વસ્તુના સંપૂર્ણ સ્વરૂપનું પ્રતિપાદન કરે છે. મતલબ કે વસ્તુગત અનન્તધર્માત્મકતાસ્વરૂપ સમગ્રતાનું પ્રતિપાદન કરવાના લીધે જ પ્રમાણસપ્તભંગી સકલાદેશસ્વભાવાત્મક છે." આ પ્રમાણે **સ્યાદ્વાદરત્નાકર** ગ્રંથરત્નમાં શ્વેતાંબર-શિરોમણિ શ્રી**વાદિદેવસૂરિ**જી મહારાજાએ નયસપ્તભંગી અને પ્રમાણસપ્તભંગી અંગે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરેલ છે. ઉત્તરનયસપ્તભંગીના = અવાન્તરનયસપ્તભંગીના જે ૧૭૫ ભેદોનો ઉલ્લેખ

ते तु **स्याद्वादरत्नाकराद्** अवसेयाः।

इदमेवाऽभिप्रेत्य **तत्त्वार्थश्लोकवार्त्तिके विद्यानन्दस्वामिना**ऽपि

"नैगमप्रातिकूल्येन सङ्ग्रहः सम्प्रवर्तते। ताभ्यां वाच्यमिहाभीष्टा सप्तभङ्गी विभागतः।।

नैगम-व्यवहाराभ्यां विरुद्धाभ्यां तथैव सा। सा नैगमर्जुसूत्राभ्यां तादृग्भ्यामविगानतः।।

---

**શ્રીવાદિદેવસૂરિજી**એ ઉપર મુજબ **સ્યાદ્વાદરત્નાકર** ગ્રંથમાં કર્યો છે, તેની વધારે સ્પષ્ટ સમજણ તે જ ગ્રંથમાં તેઓશ્રીએ આગળ આપેલ છે. તેથી વાચકવર્ગે તે ભેદોને ત્યાંથી જાણી લેવા.

**સ્પષ્ટતા** :- **સ્યાદ્વાદરત્નાકર**માં (૭ /૫૩) પૃ. ૧૦૬૯/૧૦૭૦ ઉપર ઉત્તરનયસપ્તભંગીના જે ૧૭૫ ભેદો દર્શાવેલ છે. તે સંક્ષેપમાં નીચે મુજબ સમજવા.

(૧) નૈગમનયના અવાન્તર ભેદ ૯

(૨) સંગ્રહનયના અવાન્તર ભેદ ૨

(૩) વ્યવહારનયના અવાન્તર ભેદ ૨

(૪) ઋજુસૂત્રનય ૧

(૫) શબ્દનયના ભેદ ૬

(૬) સમભિરૂઢનય ૧

(૭) એવંભૂતનય ૧

પરસ્પર અવાન્તર નયનો સંવેધ કરવાથી ૧૭૫ સપ્તભંગીઓ નીચે મુજબ પ્રાપ્ત થાય છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| નૈ. x સં. = ૧૮ | | | | | |
| નૈ. x વ્ય. = ૧૮ | સં. x વ્ય. = ૪ | | | | |
| નૈ. x ઋ. = ૯ | સં. x ઋ. = ૨ | વ્ય. x ઋ. = ૨ | | | |
| નૈ. x શ. = ૫૪ | સં. x શ. = ૧૨ | વ્ય. x શ. = ૧૨ | ઋ. x શ. = ૬ | | |
| નૈ. x સમ. = ૯ | સં. x સમ. = ૨ | વ્ય. x સમ. = ૨ | ઋ. x સમ. = (૧) | શ. x સમ. = ૬ | |
| નૈ. x એવં. = ૯ | સં. x એવં. = ૨ | વ્ય. x એવં. = ૨ | ઋ. x એવં. = (૧) | શ. x એવં. = ૬ | સ. x એવં. = (૧) |
| કુલ = ૧૧૭ + | ૨૨ + | ૧૮ + | ૮ + | ૧૨ + | ૧ = ૧૭૮ |

આ ૧૭૮ માંથી વર્તુળમાં કરેલા ત્રણ ભેદો પેટાભેદો નથી. પણ પૂર્વે (પૃ.૫૫૨) જણાવેલ મૂળનયની સપ્તભંગીના ૨૧ ભેદોમાં આવી ગયા છે. એટલે એ ત્રણ ભેદ બાદ કરવા જરૂરી છે. તેથી ૧૭૮ - ૩ = ૧૭૫ ભેદો ઉત્તરનયસપ્તભંગીમાં જાણવા. (પૂજ્યપાદ વિદ્યાગુરુદેવ **શ્રીજયસુંદરસૂરીશ્વરજી** મહારાજાની કૃપાથી આ સ્પષ્ટતા પ્રાપ્ત થઈ.)

## ❋ દિગંબરસંપ્રદાયમાં પણ મૂલ-ઉત્તરનયસપ્તભંગી ❋

(इद.) મૂળનયની ૨૧ સપ્તભંગી અને ઉત્તરનયની કુલ ૧૭૫ સપ્તભંગી થાય છે - આવા અભિપ્રાયથી જ દિગંબર **વિદ્યાનંદસ્વામીએ તત્ત્વાર્થશ્લોકવાર્ત્તિક**માં નિમ્નોક્ત વાત કરેલ છે કે "નૈગમનયથી પ્રતિકૂળ બનીને સંગ્રહનય પ્રવૃત્તિ કરે છે. તેથી વિધિ-પ્રતિષેધકોટિના વિભાગથી તે બન્નેને ગોઠવીને તે બન્ને નય

सा शब्दान्निगमादन्याद्युक्तात् समभिरूढतः। सैवंभूताच्च सा ज्ञेया विधानप्रतिषेधगा।।
सङ्ग्रहादेश्च शेषेण प्रतिपक्षेण गम्यताम्। तथैव व्यापिनी सप्तभङ्गी नयविदां मता।।
विशेषैरुत्तरैः सर्वैर्नयानामुदिताऽऽत्मनाम्। परस्परविरुद्धार्थैर्द्वन्द्ववृत्तैर्यथायथम्।।
प्रत्येया प्रतिपर्यायमविरुद्धा तथैव सा। प्रमाणसप्तभङ्गीव तां विना नाऽभिवाग्गतिः।।"

(त.श्लो.वा.१/३३/श्लो.१०४-१०९) इत्युक्तमित्यवधेयम्।

'अनन्तधर्मात्मकवस्तुप्रतिपादकत्वाऽविशेषेऽप्याद्याः त्रय एव भङ्गा निरवयवप्रतिपत्तिद्वारा सकलादेशाः, अग्रिमास्तु चत्वारः सावयवप्रतिपत्तिद्वारा विकलादेशाः' इति **सम्मतितर्कवृत्तौ** (स.त.वृ.४४६) **अभयदेवसूरि**वरस्य, **तत्त्वार्थभाष्यवृत्तौ** (५/३१/पृ. ४०७) **सिद्धसेनगणि**वरस्य, **विशेषावश्यकभाष्यवृत्तौ** (वि.आ.भा.२२३२ वृ.) च **हेमचन्द्रसूरि**वरस्य समानोऽभिप्रायः।

**महोपाध्याययशोविजयगणिवरैः अष्टसहस्रीतात्पर्यविवरणे** "एते त्रयो निरवयवद्रव्यविषयत्वात् सकलादेशरूपाः, सदसत्त्व-सदवक्तव्यत्वादयः चत्वारः तु चरमाः सावयवद्रव्यविषयत्वाद् विकलादेशरूपाः" (अ.स.१/१५/पृ.२०८)

---

દ્વારા અભિમત સપ્તભંગી કહેવી. તે જ રીતે પરસ્પર વિરુદ્ધ એવા નૈગમ અને વ્યવહાર દ્વારા એ જ રીતે બીજી સપ્તભંગી કહેવી. તથા તે જ રીતે પરસ્પર વિરુદ્ધ એવા નૈગમ અને ૠજુસૂત્ર દ્વારા નિર્વિવાદપણે ત્રીજી સપ્તભંગી કહેવી. તથા વિધિ-નિષેધને અનુસરનારી ચોથી સપ્તભંગી નૈગમ અને શબ્દનયથી જાણવી. તે જ રીતે નૈગમ અને સમભિરૂઢ દ્વારા પાંચમી સપ્તભંગી તેમ જ નૈગમ અને એવંભૂત દ્વારા છઠ્ઠી સપ્તભંગી જાણવી. (આ રીતે કુલ છ સપ્તભંગી મળશે.) નૈગમનયની જેમ સંગ્રહાદિ બાકીના નયોને પણ તેના પ્રતિપક્ષી તમામ નયોની સાથે ગોઠવીને સપ્તભંગી જાણવી. આ રીતે નયવેત્તાઓ દ્વારા માન્ય સપ્તભંગી સર્વ નયોમાં વ્યાપ્ત છે. પરસ્પર વિરુદ્ધ અર્થનું કથન કરનારા ઉપરોક્ત નયોના તમામ અવાન્તરભેદોની સાથે યથાયોગ્ય રીતે મેળવીને સપ્તભંગીનું કથન કરી લેવું. આ રીતે પ્રમાણસપ્તભંગીની જેમ પ્રત્યેક પર્યાયમાં વિરોધશૂન્ય સપ્તભંગીને જાણવી. કારણ કે તેના વિના વચનની અર્થસન્મુખ ગતિ સંભવિત નથી." **વિદ્યાનંદસ્વામી**નો આ આશય પણ વાચકવર્ગે ખ્યાલમાં રાખવો.

### ❋ ત્રણ ભાંગા સકલાદેશ, ચાર ભાંગા વિકલાદેશ ❋

(**'अन.**) "સપ્તભંગીના સાતેય ભાંગા વસ્તુની અનન્તધર્માત્મકતાસ્વરૂપ સમગ્રતાનું પ્રતિપાદન કરે જ છે. આમાં બેમત નથી. તેમ છતાં સપ્તભંગીના આગલા ત્રણ જ ભાંગા સકલાદેશસ્વરૂપ છે. કારણ કે તે વસ્તુની અખંડસ્વરૂપે (ક્રમશઃ સત્, અસત્ અને અવાચ્યસ્વરૂપે) પ્રતિપત્તિ = પ્રતીતિ કરાવે છે. જ્યારે સપ્તભંગીના પાછલા ચાર ભાંગા વિકલાદેશસ્વરૂપ છે. કારણ કે તે વસ્તુની સખંડ સ્વરૂપે પ્રતિપત્તિ કરાવે છે." આ પ્રમાણે **સંમતિતર્કવૃત્તિ**માં **શ્રીઅભયદેવસૂરિજી**નો, **તત્ત્વાર્થભાષ્યવૃત્તિ**માં **શ્રીસિદ્ધસેન-ગણિવર**નો તથા **વિશેષાવશ્યકભાષ્યવૃત્તિ**માં **શ્રીહેમચન્દ્રસૂરિજી**નો પ્રસ્તુતમાં સમાન અભિપ્રાય છે.

(**महो.**) **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** ગણિવરે **અષ્ટસહસ્રીતાત્પર્યવિવરણ** ગ્રંથમાં જણાવેલ છે કે 'સત્, અસત્ અને અવક્તવ્ય સ્વરૂપ પ્રથમ ત્રણ ભાંગા નિરવયવ દ્રવ્ય વિષયક હોવાથી સકલાદેશ સ્વરૂપ છે. જ્યારે સદસત્, સદ્-અવક્તવ્ય વગેરે છેલ્લા ચાર ભાંગા તો સાવયવદ્રવ્યવિષયક હોવાથી

इति गदितम्। **स्याद्वादकल्पलतायां** (स्या.क.ल.७/२३) केचित्तुमतेन, **नयरहस्ये** (पृ.१७०) च स्वरसतः प्रकृतं मतं समर्थितम्।

अयं भावः – सप्तभङ्ग्याः प्रथमभङ्गः द्रव्यार्थिकसम्मतः केवलं सत्त्वरूपेण वस्तु प्रतिपादयति, नाऽन्यस्वरूपेण। ततश्च स वस्तुगोचरम् एकाकारप्रत्ययं जनयति। एवं द्वितीयो भङ्गः पर्यायार्थिकनयस्वीकृतः केवलम् असत्स्वरूपेण वस्तु प्रत्याययति। युगपदुभयनयप्रतिपन्नः तृतीयो भङ्गः केवलम् अवाच्यस्वरूपेण वस्तु ज्ञापयति। इत्थं प्रथमाः त्रयो भङ्गाः अखण्डस्वरूपेण वस्तुप्रतिपादकत्वात् सकलादेशात्मकाः। चतुर्थः भङ्गस्तु क्रमेण सदसद्रूपाभ्यां वस्तु प्रतिपादयति। अनेकाऽऽकाररूपेण वस्तुविषयकप्रतिपत्तिः वस्तुनः सखण्डताम् अनेकात्मकतालक्षणां दर्शयति। अतः स विकलादेशात्मकः। एवम् अवशिष्टाः त्रयोऽपि भङ्गाः वस्तुनः अनेकाऽऽकारतां ज्ञापयन्तः सखण्डस्वरूपेण वस्तुबोधकाः। ततः तेऽपि विकलादेशात्मकाः। इत्थञ्चाऽखण्डस्वरूपेण = निरंशस्वरूपेण = निरवयवस्वरूपेण = एकाकारस्वरूपेण सकलस्य वस्तुनः प्रतिपादकत्वात् सप्तभङ्ग्या आद्याः त्रयो भङ्गाः सकलादेशस्वरूपाः, पाश्चात्याश्च चत्वारः भङ्गा विकलादेशस्वरूपाः, सकलस्य वस्तुनः सखण्डरूपेण = सांशस्वरूपेण = सावयवरूपेण = अनेकाऽऽकाररूपेण प्रतिपादकत्वादिति श्री**अभयदेवसूर्याद्य**भिप्रायः ज्ञायते।

---

વિકલાદેશ સ્વરૂપ છે.' પ્રસ્તુત વિષયનું સમર્થન **સ્યાદ્વાદકલ્પલતા**માં 'केचित्तु' મતથી થયેલ છે તથા **નયરહસ્ય**માં સ્વરસપૂર્વક થયેલ છે.

## ❖ એકાકારપ્રતીતિજનક સકલાદેશ, વિપરીત વિકલાદેશ ❖

(अयं.) અહીં આશય એ છે કે સપ્તભંગીનો દ્રવ્યાર્થિકનયસંમત પ્રથમ ભાંગો વસ્તુનું કેવલ સત્સ્વરૂપે પ્રતિપાદન કરે છે. અન્ય ગુણધર્મોથી અન્યસ્વરૂપે વસ્તુનું તે પ્રતિપાદન કરતું નથી. આથી વસ્તુની એકાકારપ્રતીતિનું તે જનક બને છે. આ જ રીતે પર્યાયાર્થિકમાન્ય બીજો ભાંગો વસ્તુની ફક્ત અસત્સ્વરૂપે પ્રતિપત્તિ = પ્રતીતિ કરાવે છે. તથા યુગપત્ બન્ને નય દ્વારા સ્વીકૃત ત્રીજો ભાંગો ફક્ત અવાચ્ય સ્વરૂપે વસ્તુને જણાવે છે. આમ પ્રથમ ત્રણે ભાંગા વસ્તુનું અખંડસ્વરૂપે = એકાકારસ્વરૂપે પ્રતિપાદન કરતા હોવાથી સકલાદેશાત્મક છે. જ્યારે ચોથો ભાંગો વસ્તુનું સત્રૂપે અને અસત્રૂપે ક્રમિક પ્રતિપાદન કરે છે. અનેકાકારરૂપે વસ્તુની પ્રતિપત્તિ વસ્તુમાં અનેકાત્મકતાને = સખંડતાને દર્શાવે છે. આથી તે વિકલાદેશાત્મક છે. આમ બાકીના ત્રણ ભાંગા પણ વસ્તુની અનેકાકારતાને જણાવતા હોવાથી વસ્તુનો સખંડસ્વરૂપે બોધ કરાવે છે. તેથી તે પણ વિકલાદેશાત્મક છે. આમ સંપૂર્ણ વસ્તુનું અખંડ-નિરંશ-નિરવયવ-એકાકારસ્વરૂપે પ્રતિપાદન કરતા હોવાથી સપ્તભંગીના પ્રથમ ત્રણ ભાંગા સકલાદેશસ્વરૂપ છે. પાછલા ચાર ભાંગા વિકલાદેશસ્વરૂપ છે. કારણ કે તે વસ્તુનું સખંડ-સાંશ-સાવયવ-અનેકાકારસ્વરૂપે પ્રતિપાદન કરે છે. આમ શ્રી**અભયદેવસૂરિજી** વગેરેનું તાત્પર્ય જણાય છે.

यद्वाऽऽद्यभङ्गत्रितये कृत्स्नवस्तुप्रतिपादनात् सकलादेशरूपता, अन्त्यभङ्गचतुष्टये वस्त्वंशानां प्रतिपादनाद् विकलादेशरूपता सम्भवति। इदमेवाभिप्रेत्य **सूत्रकृताङ्गवृत्तौ श्रीशीलाङ्काचार्येण** "सर्वं वस्तु सप्तभङ्गीस्वभावम्। ते चाऽमी – (१) स्वद्रव्य-क्षेत्र-काल-भावापेक्षया 'स्याद् अस्ति'।

(२) परद्रव्याद्यपेक्षया 'स्याद् नास्ति'।

(३) अनयोरेव धर्मयोः यौगपद्येन अभिधातुम् अशक्यत्वात् 'स्याद् अवक्तव्यम्'।

(४) तथा कस्यचिदंशस्य स्वद्रव्याद्यपेक्षया विवक्षितत्वात् कस्यचिच्चांशस्य परद्रव्याद्यपेक्षया विवक्षितत्वात् 'स्याद् अस्ति च स्याद् नास्ति चे'ति।

(५) तथैकस्यांशस्य स्वद्रव्याद्यपेक्षया परस्य तु सामस्त्येन स्व-परद्रव्याद्यपेक्षया विवक्षितत्वात् 'स्याद् अस्ति चाऽवक्तव्यञ्चे'ति।

(६) तथैकस्यांशस्य परद्रव्याद्यपेक्षया परस्य तु सामस्त्येन स्व-परद्रव्याद्यपेक्षया विवक्षितत्वात् 'स्याद् नास्ति चाऽवक्तव्यञ्चे'ति।

(७) तथैकस्यांशस्य स्वद्रव्याद्यपेक्षया, परस्य तु परद्रव्याद्यपेक्षया, अन्यस्य तु यौगपद्येन स्व-परद्रव्याद्यपेक्षया विवक्षितत्वात् 'स्याद् अस्ति च नास्ति चाऽवक्तव्यं चे'ति" (सू.कृ.श्रु.स्क.२/अ.५/सू.११ पृ.३७६) इत्युक्त्या

---

### ❊ સકલાદેશ-વિકલાદેશની અન્ય સંભાવના ❊

(यद्वा.) અથવા એમ પણ કહી શકાય કે સપ્તભંગીના પ્રથમ ત્રણ ભાંગા સંપૂર્ણ વસ્તુનું પ્રતિપાદન કરવાના લીધે સકલાદેશસ્વરૂપ છે તથા છેલ્લા ચાર ભાંગા વસ્તુના અંશોનું પ્રતિપાદન કરવાના લીધે વિકલાદેશસ્વરૂપ છે - આમ પણ સંભવે છે. તથા આ જ અભિપ્રાયથી **સૂયગડાંગસૂત્રવ્યાખ્યામાં શ્રીશીલાંકાચાર્યજી**એ સપ્તભંગીની બાબતમાં એવું જણાવેલ છે કે "દરેક વસ્તુનો સ્વભાવ સપ્તભંગી છે. તે સાત ભાંગા = પ્રકારો આ મુજબ છે :-

(१) સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળભાવની અપેક્ષાએ 'વસ્તુ કથંચિત્ સત્ છે.'

(२) પરદ્રવ્યાદિની અપેક્ષાએ 'વસ્તુ કથંચિત્ અસત્ છે.'

(૩) સત્ત્વ અને અસત્ત્વ - આ બન્ને ધર્મ એકીસાથે કહેવા અશક્ય હોવાથી 'વસ્તુ કથંચિત્ અવક્તવ્ય છે.'

(૪) તથા વસ્તુના કોઈક અંશની સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ વિચારણા કરવામાં આવે તથા કોઈક અંશની પરદ્રવ્યાદિની અપેક્ષાએ વિચારણા કરવામાં આવે તો 'વસ્તુ કથંચિત સત્ છે અને કથંચિત્ અસત્ છે.'

(૫) તેમ જ વસ્તુના અમુક અંશની સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ વિવક્ષા કરવામાં આવે તથા અન્ય અંશની યુગપત્ સ્વ-પરદ્રવ્યાદિની દૃષ્ટિએ વિચારણા થાય તો 'વસ્તુ કથંચિત્ સત્ છે અને અવક્તવ્ય છે.'

(૬) તથા વસ્તુના અમુક અંશની પરદ્રવ્યાદિની અપેક્ષાએ વિવક્ષા કરવામાં આવે અને અન્ય અંશની યુગપત્ સ્વ-પરદ્રવ્યાદિની દૃષ્ટિએ વિચારણા થાય તો 'વસ્તુ કથંચિત્ અસત્ છે અને અવક્તવ્ય છે.'

(૭) તથા વસ્તુના એક અંશની સ્વદ્રવ્યાદિની દૃષ્ટિએ વિવક્ષા થાય, બીજા અંશની પરદ્રવ્યાદિની અપેક્ષાએ વિચારણા થાય અને અન્ય અંશની એકીસાથે સ્વ-પરદ્રવ્યાદિની દૃષ્ટિએ વિવક્ષા કરવામાં આવે

चरमभङ्गचतुष्टये वस्तुगतनानांऽशविवक्षाऽकारि।

**सम्मतिवृत्तिकारा**दिमते तु अन्त्यभङ्गचतुष्टये समग्रं वस्तु नानास्वरूपैः प्रतीयते। तानि च नानास्वरूपाणि सम्पूर्णतया वस्तु समभिव्याप्य वर्त्तन्ते इति विशेष इत्यवधेयम्।

"एते च सप्ताऽपि भङ्गाः स्यात्पदाऽलाञ्छिता अवधारणैकस्वभावा विषयाऽसत्त्वाद् दुर्नयाः, स्यात्पदलाञ्छितस्त्वेतदन्यतमोऽपीतरांशाऽप्रतिक्षेपादेकदेशव्यवहारनिबन्धनत्वात् सुनय एव। 'अस्ति' इत्यादिकस्तु स्यात्कारैवकारविनिर्मुक्तो धर्मान्तरोपादान-प्रतिषेधाऽकरणात् स्वार्थमात्रप्रतिपादनप्रवणः सुनयोऽपि न व्यवहाराङ्गमि"त्यादिकं (स्या.क.ल.स्तबक-७/का.२३/पृष्ठ-१७६) **स्याद्वादकल्पलतातः** अवसेयम्।

---

તો 'વસ્તુ કથંચિત્ સત્ છે,અસત્ છે અને અવક્તવ્ય છે' - આમ સમજવું." છેલ્લા ચાર ભાંગામાં **શ્રીશીલાંકાચાર્યજી**એ સ્વ-પરદ્રવ્યાદિની અપેક્ષાએ સંપૂર્ણ વસ્તુની વિવક્ષા કરવાના બદલે વસ્તુના અલગ -અલગ અમુક અંશની વિવક્ષા કરી છે.

(**सम्म.**) જ્યારે **સંમતિવૃત્તિકાર** વગેરેના મતે, છેલ્લા ચાર ભાંગામાં સંપૂર્ણ વસ્તુની જ જુદા-જુદા સ્વરૂપે પ્રતીતિ થાય છે. તથા તે જુદા-જુદા સ્વરૂપ વસ્તુમાં સમગ્રપણે વ્યાપીને રહેતા હોય છે. આટલો અહીં તફાવત છે. આ બાબતને ખાસ ખ્યાલમાં રાખવી.

## દુર્નય, સુનય અંગે વિચારણા

("**एते च.**) સપ્તભંગીના સાતેય ભાંગા જ્યારે 'स्यात्' પદથી રહિત હોય અને સાતેય ભાંગા પોતાના વિવક્ષિત-અભિપ્રેત અંશનું અવધારણ કરનારા બને તો તે દુર્નય બની જાય છે. વસ્તુમાં ફક્ત એક જ વિવક્ષિત ગુણધર્મ નથી હોતો પણ અન્ય અનંતા ગુણધર્મો પણ પ્રત્યેક વસ્તુમાં રહે છે. એકાદ વિવક્ષિત અંશમાત્રનો આધાર વસ્તુ ન હોવાથી અવધારિત વિષયભૂત વસ્તુનું અસ્તિત્વ નથી હોતું. આમ 'સ્યાત્' કે 'કથંચિત્' પદથી રહિત અને એવકારસહિત = 'જ'કારયુક્ત ભાંગો અસત્ વસ્તુનું પ્રતિપાદક બની જવાથી દુર્નયસ્વરૂપ બની જાય છે. પરંતુ સપ્તભંગીનો કોઈ પણ ભાંગો 'સ્યાત્' પદથી યુક્ત બની જાય તો એક ભાંગો પણ મુખ્યરૂપે પોતાને અભિપ્રેત અંશ = ગુણધર્મ સિવાયના અન્ય અંશોનું નિરાકરણ ન કરવાના લીધે પોતાના અભિપ્રેત અંશ દ્વારા વસ્તુનું પ્રતિપાદન કરવા દ્વારા આંશિક વસ્તુના વ્યવહારનું નિમિત્ત બને છે. સત્ વસ્તુનું આંશિક સ્વરૂપ દર્શાવવાના લીધે તે સુનય જ કહેવાય છે. તથા જ્યારે 'अस्ति', 'नास्ति' વગેરે પદ 'સ્યાત્' કે 'કથંચિત્' શબ્દથી તથા 'एव' શબ્દથી રહિત બનીને સપ્તભંગીના પ્રત્યેક ભાંગાના ઘટક બને છે, ત્યારે તે સુનયસ્વરૂપ હોવા છતાં પણ વસ્તુસંબંધી યથાર્થ વ્યવહારનું કારણ બનતા નથી. આનું કારણ એ છે કે ત્યારે તેના દ્વારા જે અસ્તિત્વ-નાસ્તિત્વ વગેરે અંશનું પ્રતિપાદન થાય છે, તે સિવાયના વસ્તુગત અંશનું પ્રતિપાદન કે નિષેધ ન થવાથી તેના દ્વારા પોતાને અભિપ્રેત અંશમાત્રનું જ પ્રતિપાદન થાય છે. મતલબ કે 'स्यात्' અને 'एव' પદથી શૂન્ય ભાંગો હકીકતમાં વસ્તુનું સ્વરૂપ કેવું છે અને કેવું નથી ? - આ બાબતનું પ્રતિપાદન કરવાના બદલે પોતાને જે કહેવું છે તેનું જ ફક્ત પ્રતિપાદન કરવામાં તત્પર બની જાય છે. માટે તેવી સ્થિતિમાં 'अस्ति' કે 'नास्ति' પદથી ઘટિત ભાંગો સુનય બનવા છતાં વસ્તુસંબંધી યથાર્થ લોકવ્યવહારનું તે નિમિત્ત નથી બની શકતું. તેથી જ 'स्यात्' પદથી કે 'एव' પદથી રહિત 'अस्ति' કે 'नास्ति' વગેરે પદથી ઘટિત ભાંગાનું અસ્તિત્વ સપ્તભંગીમાં

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – सप्तभङ्ग्यभ्यासः न विद्वत्त्वोपलब्धये किन्तु शुद्धात्म-संवर -निर्जरादितत्त्वानुभूतये कार्यः। सकलशास्त्राभ्यासप्रयोजनमपीदमेव यदुत शुद्ध आत्मा साक्षात्कार्यः। सप्तभङ्ग्याद्यभ्यासाद् मनस एकाग्रता, बुद्धेः सूक्ष्मता, सम्यग्ज्ञानस्य उदयः, तीर्थङ्करादिनिष्ठ-सर्वज्ञत्वे श्रद्धा, अन्तर्मुखता, देहाध्यासमुक्तता च लभ्यन्ते। तद्दार्ढ्यतः आत्माद्युपादेयतत्त्वावबोध -रुच्यादिकं सम्पद्यते। अशुभाश्रव-बन्धरुचिः विलीयते। परमात्मश्रद्धा-स्वात्मतत्त्वप्रचिकटयिषातीव्रतातः शुद्धात्मतत्त्वसाक्षात्कारोऽपि सञ्जायते। एतत्प्रक्रियाप्रारम्भप्रणिधानतः प्रकृतद्रव्यानुयोगपरामर्शपरि-

---

માન્ય નથી. ઈત્યાદિ બાબતનું નિરૂપણ **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** ગણિવરે **સ્યાદ્વાદકલ્પલતા** વ્યાખ્યામાં કરેલ છે. તેથી આ બાબતની અધિક જાણકારી મેળવવા જિજ્ઞાસુઓ ત્યાં દૃષ્ટિપાત કરી શકે છે.

## ॐ સપ્તભંગીનો ઉપસંહાર ॐ

[illegible] :- સપ્તભંગી, નયસપ્તભંગી, પ્રમાણસપ્તભંગી, સકલાદેશ, વિકલાદેશ વગેરે બાબતમાં અલગ-અલગ પૂર્વાચાર્યોના જુદા-જુદા દૃષ્ટિકોણથી વિભિન્ન પ્રકારના મતોને આપણે ઉપરમાં જોઈ ગયા. **વાદિદેવસૂરિજી** મહારાજ નયસપ્તભંગીમાં એકીસાથે પક્ષ-પ્રતિપક્ષરૂપે અનેક નયોની પ્રવૃત્તિ નથી માનતા. પણ એકીસાથે પક્ષ-પ્રતિપક્ષરૂપે ફક્ત બે જ નયની પ્રવૃત્તિને માન્ય કરે છે. જ્યારે મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજ એકીસાથે અનેક નયોની પ્રવૃત્તિને નયસપ્તભંગીમાં માન્ય કરે છે. 'સકલાદેશ-સ્વભાવવાળી સપ્તભંગી પ્રમાણવાક્યસ્વરૂપ બને છે તથા વિકલાદેશસ્વભાવવાળી સપ્તભંગી પ્રમાણવાક્યાત્મક બનતી નથી' - આ બાબતમાં **વાદિદેવસૂરિજી** અને **મહોપાધ્યાયજી** મહારાજનો મત સમાન છે. પણ સંમતિવૃત્તિકાર શ્રી**અભયદેવસૂરિજી**, તત્ત્વાર્થવૃત્તિકાર **સિદ્ધસેનગણિવર** અને મલધારી **હેમચંદ્રસૂરિજી** વગેરેના મતે તો સપ્તભંગીના પ્રથમ ત્રણ ભાંગા સકલાદેશાત્મક છે તથા પાછલા ચાર ભાંગા વિકલાદેશસ્વરૂપ છે. મહોપાધ્યાયજી મહારાજે સ્યાત્પદશૂન્ય 'જ'કારવાળા સાતેય ભાંગાને દુર્નયરૂપે, સ્યાત્ પદથી અને એવકારથી યુક્ત પ્રત્યેક ભાંગાને સુનયરૂપે તથા સ્યાત્પદથી અને એવકારથી રહિત ભાંગા સુનયસ્વરૂપ હોવા છતાં અવ્યવહાર્યરૂપે જણાવેલ છે - તે તેમની આગવી વિશેષતા છે.

## ॐ સપ્તભંગીના અભ્યાસનું પ્રયોજન ॐ

[illegible] :- સપ્તભંગીનો અભ્યાસ વિદ્વાન થવા માટે નહિ પણ પારમાર્થિક તત્ત્વને જોવા માટે, જાણવા માટે, અનુભવવા માટે કરવાનો છે. આ વાત ફક્ત સપ્તભંગીના અભ્યાસમાં જ નહિ પણ તમામ શાસ્ત્રોના અભ્યાસમાં લાગુ પાડવાની છે. સર્વ શાસ્ત્રો ભણીને પણ શુદ્ધ આત્માનો જ સાક્ષાત્કાર કરવાનો છે. પારમાર્થિક તત્ત્વ તો શુદ્ધ આત્મા, સંવર, નિર્જરા વગેરે જ છે. સપ્તભંગી વગેરેના અભ્યાસથી મનની એકાગ્રતા, બુદ્ધિની સૂક્ષ્મતા, સમ્યગ્ જ્ઞાનનો ઉઘાડ, તીર્થંકર ભગવંતોની સર્વજ્ઞતા ઉપર શ્રદ્ધા, અંતર્મુખતા, દેહાધ્યાસમુક્તતા વગેરે સદ્ગુણો પ્રાપ્ત થવાથી, દૃઢ થવાથી આત્મા વગેરે ઉપાદેય તત્ત્વની પારમાર્થિક જાણકારી મળે છે, તેની રુચિ જન્મે છે. તેથી આશ્રવ-બંધની રુચિ તૂટે છે. પરમાત્મા પ્રત્યેની શ્રદ્ધા અને આત્મતત્ત્વને પ્રગટ કરવાની ઝંખના તીવ્ર બનવાથી શુદ્ધ આત્મતત્ત્વનું દર્શન = સ્વાનુભૂતિ પણ પ્રાપ્ત થાય છે. આવા લક્ષ્ય સાથે, તેવી કોઈક આંતરિક પ્રક્રિયા શરૂ થાય

शीलने आध्यात्मिकरोहणाचलशिखराऽरोहणं न दुर्लभमात्मार्थिनामिति निःसंशयं श्रद्धेयम्। ततश्च [1]"सास्सतसोक्खं धुवं मोक्खं" (ध.स.१३७६) इति **धर्मसङ्ग्रहण्यां** श्रीहरिभद्रसूरिभिः दर्शितं मोक्षं त्वरितं लभते महामुनिः।।४/१४।।

इति श्रीवर्धमानतपोनिधि-न्यायविशारद-स्वर्गस्थगच्छाधिपतिश्रीमद्विजय**भुवनभानुसूरीश्वर**शिष्यरत्न-
पद्ममणितीर्थोद्धारक-पार्श्वप्रज्ञालयतीर्थप्रेरक-पंन्यासप्रवरश्री**विश्वकल्याणविजयगणिवर**शिष्य-
मुनि**यशोविजयगणि**रचितस्य **द्रव्य-गुण-पर्यायरासा**नुसारिणो **द्रव्यानुयोगपरामर्शस्य**
**परामर्शकर्णिका**ऽभिधानायां स्वरचितवृत्तौ चतुर्थशाखायां
**द्रव्य-गुण-पर्यायभेदाऽभेदसिद्धि-सप्तभङ्गीस्थापन**नामकः
चतुर्थः अधिकारः।।४।।

---

તેવા પ્રણિધાન સાથે દ્રવ્યાનુયોગનો પ્રસ્તુત અભ્યાસ કરવામાં આવે તો અધ્યાત્મજગતના આધ્યાત્મિક રોહણાચલના નવા-નવા શિખરો ઉપર આત્માર્થી જીવ આરૂઢ થવા માંડે છે. આ બાબતમાં કોઈ સંશય કરવા યોગ્ય નથી પણ શ્રદ્ધા કરવા યોગ્ય છે. તેના લીધે મહામુનિ **ધર્મસંગ્રહણિ**માં દર્શાવેલ મોક્ષને ઝડપથી મેળવે છે. ત્યાં શ્રી**હરિભદ્રસૂરિ**જીએ શાશ્વતસુખવાળા મોક્ષને ધ્રુવ (= સાદિ-નિત્ય) બતાવેલ છે. (૪/૧૪)

પૂજ્યપાદ વર્ધમાનતપોનિધિ ન્યાયવિશારદ
સ્વ. ગચ્છાધિપતિ શ્રીમદ્ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજાના
શિષ્યરત્ન પૂજ્યવર્ય પદ્મમણિતીર્થોદ્ધારક પાર્શ્વપ્રજ્ઞાલયતીર્થપ્રેરક
પંન્યાસપ્રવર શ્રી**વિશ્વકલ્યાણવિજયજી** ગણિવરના
શિષ્યાણુ મુનિ **યશોવિજય** ગણી
દ્વારા સ્વરચિત ***'દ્રવ્યાનુયોગપરામર્શ'*** (***દ્રવ્ય-ગુણ-પર્યાયરાસ*** અનુસારી) ગ્રંથની
***'પરામર્શકર્ણિકા'*** નામની સ્વરચિત વૃત્તિની ચોથી શાખાના
***'કર્ણિકાસુવાસ'*** નામના ગુજરાતી વિવરણમાં
***'દ્રવ્ય-ગુણ-પર્યાયભેદાભેદસિદ્ધિ + સપ્તભંગી સ્થાપન'*** નામનો
ચોથો અધિકાર પૂર્ણ થયો.

**❀ ચોથી શાખા સમાપ્ત ❀**

લખી રાખો ડાયરીમાં.....

- **બુદ્ધિનું માંગણી તરફ મોઢું છે.**
  **શ્રદ્ધાનું લાગણી તરફ મોઢું છે.**

---

1. शाश्वतसौख्यं ध्रुवं मोक्षम् (उपलभते)।

## ❁ શાખા - ૪ અનુપ્રેક્ષા ❁

### પ્ર.૧ નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ આપો.

૧. ભેદ-અભેદને એકત્ર માનવામાં એકાંતવાદીના મતે અનેકાંતવાદીને આવતા દોષ જણાવો.
૨. પ્રસ્થક અને પ્રદેશ દૃષ્ટાંત દ્વારા સાત નયનું સ્વરૂપ સમજાવો. તેમાં સપ્તભંગીની સંગતિ કરો.
૩. 'અવક્તવ્ય' ભાંગો અસંગત નથી - એ યુક્તિઓ દ્વારા સિદ્ધ કરો.
૪. અભેદ વૃત્તિથી અને અભેદ ઉપચારથી સકલાદેશનું સ્વરૂપ સમજાવો.
૫. ભેદાભેદને એકત્ર માનવા છતાં તેમાં સ્યાદ્વાદીને અનવસ્થા, સંકર અને સંશય દોષ કેમ નથી આવતા ?
૬. કાળ વગેરે આઠ તત્ત્વ દ્વારા અભેદવૃત્તિ અને ભેદઉપચાર શી રીતે કરી શકાય ?
૭. જૈન-જૈનેતર દર્શનના આધારે ભેદાભેદને દૃષ્ટાંતથી સિદ્ધ કરો.
૮. અર્થપર્યાયમાં સપ્તભંગી સમજાવો.
૯. એક દ્રવ્યમાં એકકાલઅવચ્છેદેન અને અનેકકાલઅવચ્છેદેન ભેદાભેદને દૃષ્ટાંતથી સમજાવો.

### પ્ર.૨ નીચેના પ્રશ્નોના સંક્ષેપથી જવાબ આપો.

૧. શ્રીમલ્લવાદીસૂરિ મ. નયના ક્યા બાર પ્રકાર જણાવે છે ? તેનો સંગ્રહાદિ સાત નયમાં સમાવેશ કરો.
૨. પ્રસ્થક દૃષ્ટાંતમાં મૂલ નયની '૨૧' સપ્તભંગી જણાવો.
૩. 'સપ્તભંગી' ની વ્યાખ્યા વાદીદેવસૂરિજીના શબ્દોમાં જણાવો.
૪. 'ભેદાનુવિદ્ધ અભેદ' એટલે શું ?
૫. અવક્તવ્યત્વ એટલે શું ?
૬. રત્નાકરઅવતારિકાના આધારે વિકલાદેશની વ્યાખ્યા જણાવો.
૭. ગુણભેદે ગુણીનો સર્વથા ભેદ તથા પર્યાયભેદે પર્યાયીનો સર્વથા ભેદ અસગંત કેમ છે ?
૮. ક્ષેત્રપટના આધારે સપ્તભંગીની સમજણ આપો.
૯. શબ્દાદિ ત્રણ નયને શબ્દનય કહેવાય છે - તેનું કારણ જણાવો.
૧૦. ઘટ અને પટમાં ભેદ અને અભેદ ઉભયની સિદ્ધિ કરો.

### પ્ર.૩ વાક્ય સાચું કે ખોટું ? ખોટું હોય તો સુધારીને લખો.

૧. નૈગમનય માત્ર સંકલ્પને પણ વસ્તુરૂપે ગ્રહણ કરે છે.
૨. પ્રાચીન નૈયાયિકો ભેદને અવ્યાપ્યવૃત્તિ માને છે.
૩. દ્રવ્યાર્થિક નયની મુખ્યતા હોય ત્યારે ગુણધર્મોમાં અભેદનું ભાન કરવા લક્ષણા કરવી પડે.
૪. જૈનોના મતે દ્રવ્ય અને ગુણાદિની વચ્ચે ભેદઅનુવિદ્ધ અભેદ રહેલો છે.
૫. સામ્પ્રત નય એ એવંભૂત નયનો અવાંતર પ્રકાર છે.

૬. પરતઃ સત્ત્વપક્ષમાં વસ્તુની નિયતરૂપતાનો ઉચ્છેદ થાય. તથા સ્વતઃ અસત્ત્વપક્ષમાં વસ્તુમાત્રનો ઉચ્છેદ થાય.
૭. સ્યાદ્વાદીઓ પ્રમાણને અપ્રમાણરૂપે પણ સ્વીકારે છે.
૮. સ્વદર્શનનો તલસ્પર્શી અભ્યાસ નિશ્ચયથી સમ્યક્ત્વ અપાવે છે.
૯. સર્વ નયોનો સમ્યક્ સમન્વય એટલે પ્રમાણ.
૧૦. તત્ત્વાર્થરાજવાર્તિકમાં પદની સિદ્ધિ અનેકાંતવાદ દ્વારા દર્શાવેલ છે.

**પ્ર.૪ યોગ્ય જોડાણ કરો.**

| | |
|---|---|
| ૧. ભામતી | (૧) વનમાલિમિશ્ર |
| ૨. શાસ્ત્રદીપિકા | (૨) વિવક્ષા |
| ૩. વેદાંતસિદ્ધાંતસંગ્રહ | (૩) જયલતા |
| ૪. અર્પણા | (૪) શાંતિસૂરિ મ. |
| ૫. ગૌણતા | (૫) વાદિદેવસૂરિ |
| ૬. ન્યાયાવતારવાર્તિક | (૬) વાચસ્પતિમિશ્ર |
| ૭. नीलघटयोः अभेदः | (૭) માધ્વાચાર્ય |
| ૮. પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર | (૮) પાર્થસારથિ મિશ્ર |
| ૯. સ્યાદ્વાદરહસ્ય | (૯) ભેદાભેદસિદ્ધિ |
| ૧૦. તત્ત્વવિવેક | (૧૦) અનર્પણા |

**પ્ર.૫ ખાલી જગ્યા પૂરો.**

૧. સપ્તભંગીના ભાંગાઓના પ્રકાર ગણીએ તો ---- થાય છે. (૧૩૦૦, ૧૧૩૦, ૧૩૦)
૨. સપ્તભંગીના પ્રત્યેક ભાંગામાં સકલાદેશને જોડવામાં આવે ત્યારે સાત ---- વાક્ય મળે છે. (વિધિ, નય, પ્રમાણ)
૩. વિકલાદેશ ----- વાક્ય છે. (વિધિ, નય, પ્રમાણ)
૪. અદ્વૈતવાદી ---- ને અને બૌદ્ધ ---- ને સત્ય માને છે. (ભેદાંશ, અભેદાંશ, સર્વાંશ)
૫. મૂલનયની ---- સપ્તભંગી છે. (૧૧, ૨૧, ૩૧)
૬. વિરોધી ધર્મયુગલોની ---- ભંગી જ સંભવી શકે. (પંચ, સપ્ત, નવ)
૭. કાલ, લિંગ, વિભક્તિના ભેદથી વસ્તુનો ભેદ ---- નય માને છે. (ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ)
૮. પટભેદપ્રતિયોગિતાઅવચ્છેદક ધર્મ ---- માં રહે છે. (ઘટ, પટ, ઉભય)
૯. સપ્તભંગીના ---- ભાંગા વસ્તુની અખંડ સ્વરૂપે પ્રતીતિ કરાવે છે. (૩, ૪, ૫)

**નોંધ** :- પ્રસ્તુત અનુપ્રેક્ષાના ઉત્તરો માટે જુઓ - ભાગ ૭, પરિશિષ્ટ-૧૭.



નય-પ્રમાણસાપેક્ષ ભેદાભેદસિદ્ધિ + દ્રવ્યાર્થિક નય નિરૂપણ.
નય-પ્રમાણસાપેક્ષ ભેદાભેદસિદ્ધિ + દ્રવ્યાર્થિક નય નિરૂપણ.
નય-પ્રમાણસાપેક્ષ ભેદાભેદસિદ્ધિ + દ્રવ્યાર્થિક નય નિરૂપણ.
નય-પ્રમાણસાપેક્ષ ભેદાભેદસિદ્ધિ + દ્રવ્યાર્થિક નય નિરૂપણ.
મહામહોપાધ્યાય
શ્રી યશોવિજયજી મ.સા.

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

## ઢાળ-૫

## द्रव्यानुयोगपरामर्शः शाखा-५

नय-प्रमाणाऽपेक्षभेदाभेदसिद्धि
-द्रव्यार्थिकनयनिरूपणम्

# शाखा - ५

# नय-प्रमाणाऽपेक्षभेदाभेदसिद्धि-द्रव्यार्थिकनयनिरूपणम्


श्वेताम्बराऽभिमतनयविचारः (५/१)

प्रमाण-नयौ आश्रित्य उत्पादादिविचारः (५/१)

सम्यगेकान्तस्य अनेकान्तताऽविरोधः (५/१)

युगपच्छक्ति-लक्षणाप्रयोगसङ्गतिः (५/१)

लक्षणानियामकतत्त्वत्रयी (५/१)

अवक्तव्यस्वरूपविचारः (५/१)

व्यञ्जनावृत्तिविचारः (५/१)

द्रव्यादिषु द्रव्यार्थिकनयेन भेदाऽभेदनिरूपणम् (५/२)

द्रव्यादिषु पर्यायार्थिकनयेन भेदाऽभेदनिरूपणम् (५/३)

शक्ति-लक्षणानिर्णायकौ गौण-मुख्यसङ्केतौ (५/४)

नय-दुर्नयविचारः (५/५-६)

लौकिकसङ्केत-नयसङ्केतविचारः (५/६)

दिगम्बराऽभिमतनयविचारः (५/७)

प्रतितन्त्रसिद्धांतनिरूपणम् (५/७)

तर्काऽध्यात्मपरिभाषाभ्यां नयभेददर्शनम् (५/८)

दशप्रकारेण द्रव्यार्थनयनिरूपणम् (५/९-१९)

(i) कर्मोपाधिनिरपेक्षशुद्धद्रव्यार्थिकः नयः (५/१०)

(ii) सत्ताग्राहकशुद्धद्रव्यार्थिकः (५/११)

(iii) भेदकल्पनानिरपेक्षद्रव्यार्थिकः (५/१२)

(iv) कर्मोपाधिसापेक्षाऽशुद्धद्रव्यार्थिकः (५/१३)

(v) उत्पाद-व्ययसापेक्षसत्ताग्राहकाऽशुद्धद्रव्यार्थिकः (५/१४)

(vi) भेदकल्पनासापेक्षाऽशुद्धद्रव्यार्थिकः (५/१५)

(vii) अन्वयद्रव्यार्थिकः (५/१६)

(viii) स्वद्रव्यादिग्राहकद्रव्यार्थिकः (५/१७)

(ix) परद्रव्यादिग्राहकद्रव्यार्थिकः (५/१८)

(x) परमभावग्राहकद्रव्यार्थिकः (५/१९)

# ❋ ટૂંકસાર ❋

**: શાખા - ૫ :**

અહીં નય અને પ્રમાણ વચ્ચે તફાવત બતાવી પદાર્થના સ્વરૂપનો વિચાર કરવાનો છે.

પ્રમાણદૃષ્ટિએ મુખ્યવૃત્તિથી સર્વ પદાર્થ ત્રયાત્મક છે. નયવાદીઓ મુખ્યવૃત્તિથી અને ઉપચારવૃત્તિથી પ્રત્યેક પદાર્થમાં એકીસાથે દ્રવ્યાદિત્રયાત્મકતા જણાવે છે. શાબ્દબોધ અને આર્થબોધ - એમ બે બોધ દ્વારા મોક્ષમાર્ગમાં પ્રેરક અર્થ તારવી આગળ વધવું. (૫/૧)

દ્રવ્યાર્થિકનયથી અપકારી જીવનો પોતાનાથી અભેદ વિચારી તેના પ્રત્યે દ્વેષ ટાળવો. પોતાના સદ્ગુણોની અને સુકૃતોની પ્રશંસા સાંભળી પર્યાયાર્થિકનયમાન્ય ભેદજ્ઞાનથી નમ્રતાદિ ગુણો કેળવવા. (૫/૨-૩)

'આત્મા = શાશ્વત ચૈતન્યતત્ત્વ' - આ અર્થ મુખ્ય કરી રોગાદિ ગૌણ પર્યાયની ઉપેક્ષા કરવી. (૫/૪)

બીજા નયોની ઉપેક્ષા કરનાર નય દુર્નય છે. તેમ પરસ્પરની સહાયથી જીવનારા આપણે અન્ય પ્રત્યે કૃતજ્ઞતા, સહાયકતા ન કેળવીએ તો આ નિરપેક્ષતા દુર્નયસ્વરૂપ અને દુર્ગુણસ્વરૂપ સમજવી. (૫/૫)

માટે નય, સુનય અને દુર્નયને વિચારી વૈચારિક ઉદારતા, સહિષ્ણુતા, મધ્યસ્થતા કેળવવી. (૫/૬)

દિગંબરમાં તર્કના આધારે નવ નય અને અધ્યાત્મના આધારે ત્રણ ઉપનય બતાવેલ છે. તર્ક પદાર્થના સ્વરૂપને સ્પષ્ટ કરે છે અને અધ્યાત્મ આત્મસ્વરૂપને સ્પષ્ટ કરે છે. તેથી તે પણ સ્વીકાર્ય છે. (૫/૭-૮)

કર્મોપાધિશૂન્ય શુદ્ધદ્રવ્યાર્થિકનય નિરુપાધિક આત્મસ્વરૂપને પ્રગટાવવામાં મદદરૂપ છે.(૫/૯)

આ નય સંસારી જીવને શુદ્ધરૂપે જણાવે છે. તેથી આપણું શુદ્ધ સ્વરૂપ પ્રગટાવવા માટે પ્રેરે છે. (૫/૧૦)

બીજો શુદ્ધદ્રવ્યાર્થિકનય સત્તાને મુખ્ય બનાવી ઉત્પાદ-વ્યયને ગૌણ કરે છે. માટે તે પુદ્ગલમમત્વ, જીવદ્વેષ વગેરે દોષથી છોડાવી સ્વસ્થતા, જીવમૈત્રી, નીડરતા વગેરે ગુણોને અપાવે છે. (૫/૧૧)

ત્રીજો શુદ્ધદ્રવ્યાર્થિકનય દ્રવ્યને ગુણ-પર્યાયથી અભિન્ન માને છે. તે જીવને સવિકલ્પ દશાથી છોડાવી નિર્વિકલ્પ દશા તરફ આગળ વધારે છે અને કેવળજ્ઞાન સુધી પહોંચાડે છે. (૫/૧૨)

ચોથો અશુદ્ધ દ્રવ્યાર્થિકનય કર્મભાવથી પરિણમેલ જીવસ્વરૂપને જણાવે છે. તે જીવને પોતાના ક્રોધાદિ દોષના સ્વીકાર માટે અને ક્ષમાપના વગેરે ગુણો માટે સજ્જ કરે છે. (૫/૧૩)

પાંચમો અશુદ્ધ દ્રવ્યાર્થિકનય ઉત્પાદ-વ્યયને સાપેક્ષ રહીને મુખ્યપણે સત્તાને સ્વીકારે છે. તેથી રોગ, પુણ્ય, પાપને ગૌણ કરી આત્મલક્ષી સાધનામાં પ્રેરક બને છે. (૫/૧૪)

ભેદકલ્પનાસાપેક્ષ છઠ્ઠો અશુદ્ધ દ્રવ્યાર્થિકનય પોતાના ગુણ-પર્યાયોને નિર્મળ કરવા પ્રેરે છે.(૫/૧૫)

સાતમો અન્વયકારક દ્રવ્યાર્થિકનય ગુણમાં અને પર્યાયમાં દ્રવ્યનો અન્વય કરે છે. 'દ્રવ્ય ગુણ-પર્યાયનો સ્વભાવ છે' - આવું તે માને છે. તે પ્રત્યેક ગુણ-પર્યાયમાં આત્મસ્વભાવ વણવા પ્રેરે છે. (૫/૧૬)

આઠમો દ્રવ્યાર્થિકનય 'ઘટ સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ સત્ છે' - એવું માને છે. તે સંપત્તિ, દુકાન વગેરેના નાશમાં વિભાવદશાથી છૂટવાની વાત કરે છે. (૫/૧૭)

નવમો દ્રવ્યાર્થિકનય 'પરદ્રવ્યાદિની અપેક્ષાએ પદાર્થ સત્ નથી કહેવાતો' - તેમ માને છે. તે પારકી સત્તા, સંપત્તિ, સ્વાસ્થ્યને સાચવવાની મથામણ કરતા જીવને પાપબંધથી બચાવે છે. (૫/૧૮)

દસમો દ્રવ્યાર્થિકનય જ્ઞાનસ્વરૂપ આત્માને શુદ્ધ ચૈતન્ય તરફ વધવા પ્રેરે છે. (૫/૧૯)

ઢાળ - ૫

(□આદિ જિણંદ મયા કરો - એ દેશી.)

♦હિવઈં પાંચમઇં ઢાલઈં **નય-પ્રમાણ** વિવેક કરઇ છઈ -

**એક અરથ ત્રયરૂપ છઈ, દેખુ✡ ભલઈં પ્રમાણઈં રે;**
**મુખ્યવૃત્તિ-ઉપચારથી, નયવાદી પણિ જાણઈં રે ॥૫/૧॥ (૫૫)**
**ગ્યાનદૃષ્ટિં જગ દેખિઈ. આંકણી.**

**એક અર્થ** ઘટ-પટાદિક જીવ-અજીવાદિક **ત્રયરૂપ** કહતાં દ્રવ્ય♦-ગુણ-પર્યાયરૂપ છઈ. જે માટઈં

• द्रव्यानुयोगपरामर्शः •

शाखा - ५

साम्प्रतं नय-प्रमाणविवेको विमृश्यते – '**त्रये**'ति ।

**त्रयात्मकोऽर्थ एको हि मुख्यवृत्त्या प्रमाणतः।**
**मुख्योपचारवृत्तिभ्यां ज्ञायते नयवादिना।।५/१।।**
**जगज्जिनोक्तरीत्या रे, ज्ञानदृष्ट्या विलोक्यताम्।। ध्रुवपदम्।।**

• द्रव्यानुयोगपरामर्शकर्णिका •

प्रकृते दण्डान्वयस्त्वेवम् – 'एको हि अर्थः त्रयात्मकः' (एवं) प्रमाणतः मुख्यवृत्त्या ज्ञायते। नयवादिना मुख्योपचारवृत्तिभ्यां (त्रयात्मकः ज्ञायते)।।५/१।।

(एवं) रे ! जिनोक्तरीत्या ज्ञानदृष्ट्या जगद् विलोक्यताम्।। ध्रुवपदम् ।।

**एको हि** घट-पटादिकः जीवाऽजीवादिकश्च **अर्थः त्रयात्मकः** = द्रव्य-गुण-पर्यायात्मको भवति,

❈ **દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકા સુવાસ** ❈

**અવતરણિકા** :- હવે પાંચમી શાખામાં નય અને પ્રમાણ વચ્ચે વિવેક કરી, તે બન્ને દૃષ્ટિએ પદાર્થનું સ્વરૂપ કેવા પ્રકારનું છે ? તેનું પ્રતિપાદન કરવામાં આવે છે :-

**✾ પદાર્થ દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક છે ✾**

**શ્લોકાર્થ** :- 'એક અર્થ ત્રણ સ્વરૂપે છે' - આ પ્રમાણે પ્રમાણને આશ્રયીને મુખ્યવૃત્તિથી જણાય છે. જ્યારે નયવાદી દ્વારા મુખ્યવૃત્તિથી અને ઉપચારવૃત્તિથી એક પદાર્થમાં ત્રયાત્મકતા જણાય છે.(૫/૧)

આમ ભગવાને બતાવેલી રીતે જ્ઞાનદૃષ્ટિથી જગતને જુઓ.(**ધ્રુવપદ**)

**વ્યાખ્યાર્થ** :- ઘટ-પટ વગેરે પ્રત્યેક લૌકિક પદાર્થ તથા જીવ-અજીવ વગેરે પ્રત્યેક લોકોત્તર પદાર્થ ત્રણ સ્વરૂપે છે. અર્થાત્ પ્રત્યેક પદાર્થ દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વરૂપે હોય છે. જેમ કે ઘટ વગેરે પદાર્થ માટી

□ કો.(૧૩)માં 'પ્રથમ શ્રેષ્ઠ યુગલાધર્મનિવારક આદિદેવ પ્રથમ તીર્થંકર' પાઠ. ♦ હિવઇં = હવે. આધારગ્રંથ- જ્ઞાનવિમલસૂરિકૃત **આનંદઘનબાવીસીસ્તબક**, જિનરાજસૂરિકૃત **કુસુમાંજલિ**, લાવણ્યસમયકૃત **નેમિરંગરત્નાકરછંદ**. ✡ શાં.+મ.માં 'દેખ્યો, દેખ્યુ' પાઠ. કો.(૪)માં 'દેખો' પાઠ. કો.(૭)નો પાઠ લીધો છે. ♦ લા.(૨)માં 'દ્રવ્યરૂપ પર્યાય છઈ' પાઠ.

ઘટાદિક મૃત્તિકાદિરૂપઇં દ્રવ્ય, ઘટાદિરૂપઇં સજાતીયદ્રવ્યપર્યાય, રૂપ-રસાદ્યાત્મકપણઇં ગુણ. ઇમ ⁸જીવાજીવાદિકમાં જાણવું. એહવું (ભલઈ) **પ્રમાણઈં** = સ્યાદ્વાદવચનઈં **દેખુ**. જે માટઇં તે❖ **પ્રમાણઈં** = સપ્તભંગાત્મકઇં ત્રયરૂપપણું મુખ્યરીતિં જાણિઈ.

घटादेः मृत्तिकादिरूपेण द्रव्यात्मकत्वाद्, रूप-रसादिमयत्वेन गुणात्मकत्वात्, घटादिरूपेण च मृदादिलक्षणसजातीयद्रव्यपर्यायात्मकत्वात्। एवं जीवादेरपि आत्मत्वादिरूपेण द्रव्यात्मकता, ज्ञानादिगुणमयत्वेन गुणात्मकता, नृ-नारकादिपर्यायतया च पर्यायात्मकता विज्ञेया।

इदञ्च द्रव्य-गुण-पर्यायात्मकत्वं **प्रमाणतः** = सकलादेशस्वभावशालिसप्तभङ्गीलक्षणानेकान्तवचनाद् **मुख्यवृत्त्या** = शब्दशक्त्या = अनुपचारेण **ज्ञायते**। अयं भावः – सकलादेशस्वभावशालिसप्तभङ्ग्यां प्रतिवाक्यं प्रमाणवचनात्मकम्। अत एव तस्याः स्याद्वादरूपता ज्ञायते। प्रकृतस्याद्वादः पदार्थस्य द्रव्यात्मकतां गुणमयतां पर्यायरूपतां च मुख्यतया ज्ञापयति। अतः पदार्थनिष्ठस्य द्रव्यात्मकतादेः

વગેરે સ્વરૂપે દ્રવ્યાત્મક છે, રૂપમય-રસમય આદિ સ્વરૂપે હોવાથી ઘટાદિ પદાર્થ ગુણાત્મક છે તથા ઘટાદિરૂપે ઘટાદિ પદાર્થ માટીસ્વરૂપ સજાતીય દ્રવ્યના પર્યાયાત્મક છે. આ જ રીતે જીવ વગેરે પદાર્થ પણ આત્મત્વ આદિ સ્વરૂપે દ્રવ્યાત્મક છે. જ્ઞાનાદિ ગુણમયરૂપે હોવાથી જીવાદિ પદાર્થ ગુણાત્મક છે. તથા મનુષ્ય-નારક આદિ પર્યાયરૂપ હોવાથી જીવાદિ પદાર્થ પર્યાયાત્મક પણ છે - તેમ જાણવું. આમ પ્રત્યેક પદાર્થ દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વરૂપ છે - તેમ સિદ્ધ થાય છે.

**સ્પષ્ટતા** :- માટી દ્રવ્ય છે. રૂપ-રસ વગેરે ગુણ છે. તથા ઘટાદિ આકાર પર્યાય છે. ઘટ પદાર્થ માટી સ્વરૂપે જણાય છે. માટે તે દ્રવ્યાત્મક છે. ઘટ પદાર્થ રૂપમય, રસમય વગેરે સ્વરૂપે જણાય છે. માટે તે ગુણાત્મક છે. તથા કમ્બુગ્રીવાદિમત્ત્વ, પૃથુબુધ્નોદરાદિ આકાર, ઘટાકારસંસ્થાન વગેરે સ્વરૂપે ઘટ પદાર્થ જણાય છે. તેથી તે પર્યાયાત્મક પણ છે. આ રીતે જીવાદિ પદાર્થમાં પણ અનુસંધાન કરવું.

### ❈ મુખ્ય વૃત્તિથી પદાર્થ ત્રિતયાત્મક : પ્રમાણ ❈

**(इदञ्च.)** પ્રત્યેક પદાર્થમાં રહેલ પ્રસ્તુત દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મકતા પ્રમાણની અપેક્ષાએ મુખ્યવૃત્તિથી જણાય છે. પ્રસ્તુતમાં 'પ્રમાણ' શબ્દનો અર્થ સકલાદેશસ્વભાવવાળી સપ્તભંગી સ્વરૂપ સ્યાદ્વાદવચન (= અનેકાંતવચન) સમજવું. ચોથી શાખાના છેલ્લા (= ચૌદમા) શ્લોકમાં સકલાદેશસ્વભાવવાળી સપ્તભંગીના વાક્યનું સ્વરૂપ આપણે વિચારી ગયા છીએ. તે સપ્તભંગી સ્યાદ્વાદવચનસ્વરૂપ (= અનેકાંતવાક્યાત્મક) છે. તેની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો કોઈ પણ પ્રકારના ઉપચાર-આરોપ-સમારોપ વિના શબ્દગત શક્તિના માધ્યમથી જ પ્રત્યેક પદાર્થમાં દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મકતા જણાય છે. આશય એ છે કે સકલાદેશસ્વભાવવાળી સપ્તભંગીના પ્રત્યેક વાક્યો પ્રમાણવાક્યસ્વરૂપ છે. આથી જ તેને અનેકાંતવાદ તરીકે કે સ્યાદ્વાદવચન સ્વરૂપે ઓળખાવી શકાય છે. પ્રસ્તુત અનેકાંતવાદ પદાર્થમાં દ્રવ્યાત્મકતા, ગુણાત્મકતા અને પર્યાયાત્મકતા - આ ત્રણેયને સમાન સ્વરૂપે, મુખ્યરૂપે જણાવે છે. પ્રમાણનો વિષય હોવાથી પદાર્થનિષ્ઠ દ્રવ્યાત્મકતા, ગુણાત્મકતા અને પર્યાયાત્મકતા ઔપચારિક નથી પણ વાસ્તવિક છે. તેને જણાવવાની

⁸ પુસ્તકોમાં ફક્ત 'જીવાદિકમાં' પાઠ. કો.(૧૩)માં 'ઘણા જીવાદિકમાં' પાઠ. ❖ પુસ્તકોમાં 'તે' નથી. કો.(૭)માં છે.

**નયવાદી** જે ♦એકાંશવાદી, તે **પણિ મુખ્યવૃત્તિં** અનઈં **ઉપચારઈં** એક અર્થ નઇં વિષઇં ત્રયરૂપપણું **જાણઈ.**

अनौपचारिकतैव। तत्प्रतिपादिका शक्तिर्हि शब्दनिष्ठैव। तयैव शब्दः तत्त्रितयात्मकतां प्रतिपादयति। ततश्च लक्षणामनाश्रित्यैव प्रमाणवचनं शक्त्या पदार्थगतत्रितयात्मकत्वगोचरं शाब्दबोधं जनयतीति।

**नयवादिना** = विकलादेशस्वभावशालिसप्तभङ्गीलक्षणसुनयात्मक-सम्यगेकान्तवादिना **मुख्योपचारवृत्तिभ्यां** = मुख्यवृत्त्या शब्दशक्तिरूपया उपचारवृत्त्या च लक्षणादिरूपया एकस्मिन् पदार्थे द्रव्य-गुण-पर्यायात्मकत्वं **ज्ञायते**।

अयमभिप्रायः – चतुर्थशाखोपदर्शितविकलादेशात्मकनयसप्तभङ्ग्याः सप्त वाक्यानि सुनयरूपाणि, वस्तुसमग्रत्वाऽप्रतिपादनेऽपि वस्तुगतधर्मान्तराऽनपलापेन वस्त्वंशग्राहकतया विवक्षितधर्मविधया आंशिकवस्तुस्वरूपप्रतिपादनात्। विष्वग्भावे सुनयानां प्रत्येकम् आंशिकवस्तुस्वरूपबोधकत्वं समन्वयभावे च सकलादेशरूपतापत्तौ समस्तवस्तुगमकत्वं सम्मतम्। तदिदमभिप्रेत्योक्तं **विशेषावश्यकभाष्ये** [1]"देसगमगत्तणाओ गमग च्चिय वत्थुणो सुयाइ व्व। सव्वे समत्तगमगा केवलमिव सम्मभावम्मि।।" (वि.

શક્તિ (= મુખ્યવૃત્તિ) શબ્દમાં રહેલી જ છે. શબ્દ પોતાનામાં રહેલી અર્થસ્વરૂપપ્રતિપાદક શક્તિ દ્વારા જ પદાર્થની ઉપરોક્ત ત્રિતયાત્મકતાને સ્પષ્ટપણે જણાવે છે. તેથી લક્ષણાનો આશ્રય કર્યા વિના જ પ્રમાણવચન અર્થપ્રતિપાદક શક્તિ દ્વારા પદાર્થમાં ત્રિતયાત્મકતાનો શાબ્દબોધ કરાવે છે.

### 卐 શક્તિ-લક્ષણા દ્વારા પદાર્થમાં ત્રિતયાત્મકતાનું ભાન : નય 卐

(**नय.**) વિકલાદેશસ્વભાવવાળી સપ્તભંગી સુનય છે. વસ્તુનું આંશિક સ્વરૂપ બતાવવાના લીધે સુનય સમ્યગ્એકાંતસ્વરૂપ છે. આવા એકાંતને બતાવનારા નયવાદી શબ્દશક્તિસ્વરૂપ મુખ્યવૃત્તિથી અને લક્ષણા વગેરે સ્વરૂપ ઉપચારવૃત્તિથી પ્રત્યેક પદાર્થમાં દ્રવ્યાત્મકતા, ગુણાત્મકતા અને પર્યાયાત્મકતા જણાવે છે.

### અનેકાન્ત = સમ્યગ્એકાન્તસમન્વય

(**अय.**) અહીં અભિપ્રાય આ છે કે – ચોથી શાખામાં વિકલાદેશસ્વભાવવાળી સપ્તભંગીને નયસપ્તભંગી તરીકે વિચારી ગયા. નયસપ્તભંગીના સાતેય વાક્યો સુનયસ્વરૂપ છે. વસ્તુની અનંતધર્માત્મકતા સ્વરૂપ સમગ્રતા ન જણાવવાના લીધે નયસપ્તભંગીના સાતેય વાક્યો પ્રમાણસ્વરૂપ નથી બનતા, પરંતુ વસ્તુગત અન્ય ગુણધર્મોનો અપલાપ કર્યા વિના વસ્તુના એક અંશના ગ્રાહક-બોધક બને છે. તેથી તે પોતાના વિવક્ષિત ગુણધર્મરૂપે વસ્તુના આંશિક સ્વરૂપનું પ્રતિપાદન કરે છે. તેથી જ તે સાતેય વાક્યો સુનયસ્વરૂપ બને છે. સુનયો છૂટા-છૂટા હોય તો તે દરેક વસ્તુના આંશિક સ્વરૂપનો બોધ કરાવે છે. તથા તે તમામનો સમન્વય કરવામાં આવે તો સકલાદેશસ્વરૂપ બનીને તે વસ્તુના સંપૂર્ણસ્વરૂપનો બોધ કરાવે છે. આ મુજબ જૈનાચાર્યોને સંમત છે. આ જ અભિપ્રાયથી **શ્રીજિનભદ્રગણી** ક્ષમાશ્રમણે **વિશેષાવશ્યકભાષ્યમાં** જણાવેલ છે. કે "શ્રુતજ્ઞાન વગેરેની જેમ સુનયો વસ્તુના અમુક અંશના બોધક હોવાથી આંશિક વસ્તુસ્વરૂપના બોધક જ છે. તથા જો તે તમામ સુનયોનો સમન્વય કરવામાં આવે તો કેવલજ્ઞાનની

♦ કો.(૧૨)માં 'એકાંતવાદી' પાઠ. 1. देशगमकत्वाद् गमकाः चैव वस्तुनः श्रुतादि इव। सर्वे समस्तगमकाः केवलमिव सम्यग्भावे।।

आ.भा.२२६८) इत्युक्तम्। ततश्चाऽत्र विकलादेशात्मकानां सुनयवाक्यानां मुख्यवृत्त्या वस्त्वंश-गमकत्वमनाविलम् । अतः विकलादेशात्मकसप्तभङ्गीवाक्यानि प्रतिस्वं सम्यगेकान्तवचनरूपाणि, सम्यगेकान्तप्रतिपादनात्। ततश्च मुख्यरूपेण स्वाभिमतवस्त्वंशप्रतिपादने गौणरूपेण वस्तुगतान्यधर्म-प्रतिपादकत्वं सुनयवाक्येषु बोद्धव्यम्।

तथाहि – द्रव्यार्थिकनयवादिना मुख्यवृत्त्या वस्तुनो द्रव्यात्मकता गौणवृत्त्या च गुण-पर्यायात्मकता प्रतिपाद्यते ज्ञायते च। अशुद्धपर्यायार्थिकनयवादिना तु मुख्यवृत्त्या वस्तुनो गुणात्मकता गौणवृत्त्या तु द्रव्यात्मकता पर्यायात्मकता च प्रतिपाद्यते ज्ञायते च। परं शुद्धपर्यायार्थिकनयवादिना मुख्यवृत्त्या पर्यायात्मकता गौणवृत्त्या तु द्रव्यात्मकता गुणात्मकता च प्रतिपाद्यते ज्ञायते च। पर्यायविशेषस्वरूप-स्यापि गुणस्य यावद्द्रव्यभावित्वेन मुख्यवृत्त्या अशुद्धपर्यायार्थिकनयग्राह्यता, यावद्द्रव्यभावित्वेऽपि द्रव्यानात्मकतया न गुणस्य मुख्यवृत्त्या द्रव्यार्थिकग्राह्यता। पर्यायस्य तु अयावद्द्रव्यभावित्वेन मुख्यवृत्त्या शुद्धपर्यायार्थिकनयग्राह्यतेत्यवधेयम्।

---

જેમ તે વસ્તુના સમસ્તસ્વરૂપના જ્ઞાપક બને છે." તેથી પ્રસ્તુતમાં નિર્વિવાદપણે સિદ્ધ થાય છે કે વિકલાદેશાત્મક સુનયવાક્યો મુખ્યવૃત્તિથી = પદશક્તિથી વસ્તુના વિવક્ષિત અંશનો બોધ કરાવે છે. તેથી જ આ પ્રસ્તુત સુનય વાક્ય સમ્યગ્ એકાંતનું પ્રતિપાદન કરે છે. તેથી વિકલાદેશસ્વભાવવાળી સપ્તભંગીના સાતે ય વાક્યો સમ્યગ્ એકાંતવચન સ્વરૂપ છે. તેથી પોતાના અભિમત અંશનું વસ્તુમાં મુખ્યરૂપે પ્રતિપાદન કરતી વખતે તે સુનયવાક્યો વસ્તુગત અન્ય ગુણધર્મોનું ગૌણરૂપે પ્રતિપાદન કરે છે. મતલબ કે સુનયાત્મક વચનો શબ્દનિષ્ઠ શક્તિ દ્વારા પોતાના અભિમત અંશનું વસ્તુમાં પ્રતિપાદન કરતી વખતે લક્ષણા દ્વારા વસ્તુગત અન્ય અવિવક્ષિત ગુણધર્મોનું પ્રતિપાદન કરે છે.

### ❖ દ્રવ્યાર્થિકાદિમતે વસ્તુસ્વરૂપનો વિમર્શ ❖

(**तथाहि.**) તે આ રીતે - દ્રવ્યાસ્તિકનય વસ્તુમાં દ્રવ્યાત્મકતાનું મુખ્યવૃત્તિથી અને ગુણાત્મકતાનું તથા પર્યાયાત્મકતાનું ગૌણવૃત્તિથી પ્રતિપાદન કરે છે. તથા તે રીતે વસ્તુનું સ્વરૂપ તેના દ્વારા જણાય છે. જ્યારે અશુદ્ધ પર્યાયાર્થિકનય વસ્તુમાં ગુણાત્મકતાનું મુખ્યવૃત્તિથી અને પર્યાયાત્મકતાનું તથા દ્રવ્યાત્મકતાનું ગૌણવૃત્તિથી પ્રતિપાદન કરે છે. તેમજ તે રીતે વસ્તુનું સ્વરૂપ જણાય છે. પરંતુ શુદ્ધપર્યાયાર્થિકનય તો મુખ્યવૃત્તિથી = શબ્દશક્તિથી વસ્તુમાં પર્યાયાત્મકતાનું તથા ગૌણવૃત્તિથી = લક્ષણાથી દ્રવ્યાત્મકતાનું અને ગુણાત્મકતાનું પ્રતિપાદન કરે છે. તેમજ તે રીતે વસ્તુનું સ્વરૂપ જણાય છે. જો કે ગુણ પરમાર્થથી પર્યાયવિશેષસ્વરૂપ જ છે તો પણ તે કાદાચિત્ક નથી પરંતુ યાવદ્દ્રવ્યભાવી છે, સ્થાયી છે. તેથી મુખ્યવૃત્તિથી અશુદ્ધપર્યાયાર્થિકનયનો વિષય છે. તથા યાવદ્દ્રવ્યભાવી = સ્થાયી હોવા છતાં પણ ગુણ દ્રવ્યાત્મક નથી, દ્રવ્યભિન્ન છે. તેથી મુખ્યવૃત્તિથી = શબ્દશક્તિથી ગુણ દ્રવ્યાર્થિકનયનો વિષય બનતો નથી. જ્યારે પર્યાય તો યાવદ્દ્રવ્યભાવી = સ્થાયી નથી. પરંતુ કાદાચિત્ક છે. તેથી મુખ્ય વૃત્તિથી પર્યાય એ શુદ્ધપર્યાયાર્થિક નયનો વિષય છે. આ રીતે વિષયવિભાગપૂર્વક વાચકવર્ગે ગૌણમુખ્યભાવે નયમંતવ્યને ખ્યાલમાં રાખવું.

યદ્યપિ નયવાદીનઈં એકાંશવચનઈં શક્તિં એક જ અર્થ કહિઇં તો પણિ લક્ષણારૂપ ઉપચારઈં બીજા બે અર્થ પણિ જાણિઇં.

"એકદા વૃત્તિદ્વય ન હોઇં" એ પણિ તંત[*] નથી;

***यद्यपि*** नयवादिना वस्तुगतैकांशप्रतिपादकवचनतः शक्त्या = मुख्यवृत्त्या तु एक एव पदार्थः कथ्यते। तदुक्तं **जयन्तभट्टेन** अपि **न्यायमञ्जर्यां** "शब्दो हि अनेकधर्मके धर्मिणि एकतरधर्मावधारणाऽभ्युपायो भवति" (न्या.म.भाग-२/पृ.१००) इति। ***तथापि*** लक्षणया = उपचारवृत्त्या अन्येऽपि वस्त्वंशा ज्ञायन्ते प्रतिपाद्यन्ते चैव, मुख्यार्थैकान्तबाधेन रूढितो लक्षणाया लब्धावसरत्वात्। तदुक्तं **साहित्यदर्पणे** "मुख्यार्थबाधे तद्युक्तो ययाऽन्योऽर्थः प्रतीयते। रूढेः प्रयोजनाद् वाऽसौ लक्षणा शक्तिरर्पिता।।" (सा.द.२/१३) इति।

"स्वाभिधेयाऽविनाभूतप्रतीते वस्तुनि क्वचित्। शब्दव्यापारविश्रान्तिहेतुता लक्षणोच्यते।।" (भा.प्र. ६/२६४) इति तु **भावप्रकाशने शारदातनयः**।

***न चै***कदा शक्ति-लक्षणोभयविधवृत्तिप्रवृत्तिर्न सम्भवेत्, 'गङ्गायां मत्स्य' इत्यत्र गङ्गापदशक्त्या

**(यद्यपि.)** જો કે નયવાદી માણસ વસ્તુગત એક અંશનું પ્રતિપાદન કરનાર વચનની અપેક્ષાએ શક્તિથી (= મુખ્યવૃત્તિથી) તો એક જ પદાર્થને જણાવે છે. તેથી જ **જયંતભટ્ટે** પણ **ન્યાયમંજરી**માં જણાવેલ છે કે "વસ્તુમાં અનેક ગુણધર્મો રહેલા હોય છે. તેમાંથી કોઈ એકાદ ગુણધર્મને મુખ્યરૂપે જણાવવાનું કામ શબ્દ કરે છે." તેમ છતાં લક્ષણાસ્વરૂપ ઉપચારવૃત્તિથી = ગૌણવૃત્તિથી વસ્તુગત અન્ય અંશો પણ તે નયવચનથી જણાય જ છે અને તેનું પ્રતિપાદન પણ થાય જ છે. આનું કારણ એ છે કે વસ્તુને નયપ્રતિપાદિત મુખ્યાર્થસ્વરૂપે જ એકાંતે = સર્વથા માનવામાં આવે તો તે બાધિત થાય છે. કેમ કે નયાન્તરસંમત અન્ય અંશ પણ વિવક્ષિત વસ્તુમાં હોય જ છે. આથી રૂઢિવશ લક્ષણાની પ્રવૃત્તિ થવી એ પણ અહીં અવસરોચિત જ છે. આ અંગે **સાહિત્યદર્પણ**માં જણાવેલ છે કે 'શબ્દની અભિધા શક્તિ દ્વારા જે અર્થનો બોધ કરાવવામાં આવે તે મુખ્યાર્થ કહેવાય. આ મુખ્યાર્થનો બાધ થાય ત્યારે રૂઢિથી (પ્રસિદ્ધિથી) અથવા વિશેષ પ્રકારના પ્રયોજનથી, મુખ્યાર્થથી સંબદ્ધ અન્ય અર્થનું જ્ઞાન જે કલ્પિત શક્તિ દ્વારા થાય તેને લક્ષણા કહેવાય છે.' લક્ષણા નામની શબ્દગત બીજી શક્તિ અલંકારશાસ્ત્રનિષ્ણાતોના મતે અર્પિત = અસ્વાભાવિક છે, ઔપચારિક છે. આ રીતે 'શક્તિ અને લક્ષણા દ્વારા સુનયવચન મુખ્ય-ગૌણભાવે એકીસાથે વસ્તુગત ત્રિતયાત્મકતાનું પ્રતિપાદન કરે છે' - તેવું સિદ્ધ થાય છે.

**("स्वा.) ભાવપ્રકાશન**માં **શારદાતનય** તો એમ જણાવે છે કે 'શબ્દ જો પોતાના અભિધેયાર્થની સાથે જ રહેનારી પ્રસિદ્ધ કોઈક વસ્તુને જણાવવાને વિશે અટકી જાય તો અર્થપ્રકાશક શબ્દવ્યાપારના વિશ્રામની તેવી હેતુતા જ લક્ષણા કહેવાય છે.'

**શંકા** :- (न चै.) શબ્દની શક્તિ નામની વૃત્તિ અને લક્ષણા નામની વૃત્તિ - આમ બન્ને પ્રકારની શબ્દવૃત્તિની એકીસાથે પ્રવૃત્તિ કેવી રીતે થઈ શકે ? મતલબ કે શક્તિ નામની મુખ્યવૃત્તિ દ્વારા શબ્દ અમુક પ્રકારના અર્થનું પ્રતિપાદન કરે તે સમયે લક્ષણા નામની શબ્દગત જઘન્યવૃત્તિ = ગૌણવૃત્તિ કોઈ

[*] તંત = ખાસ સિદ્ધાન્ત. જુઓ - **ભગવદ્‌ગોમંડલ** - ભાગ-૪/પૃ.૪૦૪૯.

"**गङ्गायां मत्स्य-घोषौ**" ઇત્યાદિ ▸સ્થાનિં* જે માટઇં ૨ વૃત્તિં પણિ માની છઇં.

---

जलप्रवाहविशेषप्रतिपादने लक्षणया तटबोधानुदयात्, 'गङ्गायां घोष' इत्यत्र च गङ्गापदेन लक्षणया तीरबोधे शक्त्या जलप्रवाहविशेषगोचरबोधाऽनुदयादिति प्रसिद्धेरिति ***वाच्यम्,***

'गङ्गायां मत्स्य-घोषौ' इत्यादिस्थले युगपत् पदशक्ति-लक्षणास्वरूपवृत्तिद्वयस्याऽपि प्रवृत्तेरभ्युपगमात्; गङ्गापदेन शक्यार्थस्यैव बोधने तत्र घोषान्वयबाधेन शाब्दबोधानापत्तेः, लक्ष्यार्थस्यैव ज्ञापने मत्स्यान्वयबाधेन अखण्डशाब्दबोधानापत्तेः। क्रमेण तदुभयबोधे तु युगपदुभयार्थबोधनतात्पर्यनिर्वाहाऽसम्भवात्। ततश्च युगपद् वृत्तिद्वयप्रवृत्त्या शक्यार्थ-लक्ष्यार्थगोचरः शाब्दबोधः आवश्यकः।

---

પણ અર્થનું પ્રતિપાદન કરવા માટે સામર્થ્ય ધરાવતી નથી. જેમ કે 'गंगायां मत्स्यः' આ વાક્યમાં 'ગંગા'પદ સ્વનિષ્ઠ મુખ્યવૃત્તિ = શક્તિ દ્વારા વિશિષ્ટ જળપ્રવાહનું પ્રતિપાદન કરતું હોવાથી તે સમયે તે 'ગંગા'પદ લક્ષણાસ્વરૂપ જઘન્ય વૃત્તિ દ્વારા ગંગાતીરનો કે તીરનો (= કિનારાનો) બોધ કરાવવા માટે અસમર્થ છે. તથા 'गंगायां घोषः' - આ વાક્યમાં રહેલ 'ગંગા'પદ લક્ષણા નામની જઘન્ય વૃત્તિ દ્વારા ગંગાતટનો બોધ કરાવે છે ત્યારે શક્તિ નામની મુખ્યવૃત્તિ દ્વારા તે 'ગંગા'પદ વિશિષ્ટ જળપ્રવાહ સ્વરૂપ ગંગા પદાર્થનો (= શક્યાર્થનો) બોધ કરાવવા માટે અસમર્થ છે. આ વાત સર્વજનવિદિત છે. તેથી નયવાક્ય શક્તિ નામની મુખ્યવૃત્તિ દ્વારા પોતાના અભિપ્રેત અંશનું જ્યારે પ્રતિપાદન કરે ત્યારે લક્ષણા દ્વારા વસ્તુગત અન્ય અવિવક્ષિત અંશોનું ગૌણરૂપે પ્રતિપાદન થવું શક્ય નથી.

### ✡ એકીસાથે શક્તિ-લક્ષણાની પ્રવૃત્તિ માન્ય ✡

**સમાધાન** :- (**'गङ्गा.**) ઉપરોક્ત શંકા વ્યાજબી નથી. કારણ કે 'गंगायां मत्स्यः' - વાક્યમાં શક્તિ દ્વારા વિશિષ્ટ જળપ્રવાહનો બોધ અને 'गंगायां घोषः' - વાક્યમાં લક્ષણા દ્વારા ગંગાતટનો બોધ થવા છતાં પણ 'गंगायां मत्स्य-घोषौ' ... ઇત્યાદિ વાક્યમાં તો એકીસાથે 'ગંગા' પદની શક્તિ અને લક્ષણા બન્ને વૃત્તિની પ્રવૃત્તિ પણ માન્ય છે. આશય એ છે કે ઉપરોક્ત વાક્યમાં 'ગંગા' પદ સ્વકીય શક્તિ નામની મુખ્યવૃત્તિ દ્વારા વિશિષ્ટ જળપ્રવાહસ્વરૂપ શક્યાર્થનો જ જો શાબ્દબોધ કરાવે તો 'ગંગા' પદના શક્યાર્થમાં 'મત્સ્ય' પદાર્થનો અન્વય સંભવિત હોવા છતાં ઘોષ પદાર્થનો અન્વય બાધિત બનવાથી શાબ્દબોધ થઈ નહિ શકે. તથા જો ઉપરોક્ત વાક્યમાં 'ગંગા' પદ સ્વકીય લક્ષણા નામની જઘન્ય વૃત્તિથી ગંગાતટ સ્વરૂપ લક્ષ્યાર્થનો બોધ કરાવે તો 'ગંગા' પદના લક્ષ્યાર્થમાં'ઘોષ' પદાર્થનો અન્વય અબાધિત હોવા છતાં પણ તેમાં 'મત્સ્ય' પદાર્થનો અન્વય બાધિત હોવાથી અખંડ શાબ્દબોધ શ્રોતાને થઈ નહિ શકે. ક્રમશઃ શક્યાર્થનો અને લક્ષ્યાર્થનો બોધ માનવામાં આવે તો યુગપત્ ઉભય અર્થનો બોધ કરાવવાનું વક્તાનું જે તાત્પર્ય છે તેનો નિર્વાહ નહિ થઈ શકે. માટે આવા સ્થળે ફક્ત શક્તિ દ્વારા કે કેવલ લક્ષણા દ્વારા કે ક્રમિક શક્તિ-લક્ષણા ઉભય દ્વારા અર્થબોધ માનવાના બદલે એકીસાથે શક્તિ અને લક્ષણા બન્ને વૃત્તિથી 'ગંગા' પદના શક્યાર્થનો અને લક્ષ્યાર્થનો શાબ્દબોધ માનવો જરૂરી છે. 'જ્યારે શબ્દના મુખ્યાર્થના અન્વયનો બાધ હોય અને લક્ષણા કરવાનું નિમિત્ત અને પ્રયોજન વિદ્યમાન

---

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ લા.(૨)માં નથી. * કો.(૧૨+૧૩)માં 'સ્થલિં' પાઠ.

प्रकृते मुख्यार्थान्वयबाधाद् नैकट्यादिलक्षणे निमित्ते शैत्य-पावनत्वादिप्रबोधनलक्षणे प्रयोजने च सति भेदाभेदाभ्यामारोपिते गङ्गापदलक्ष्यार्थे गङ्गातीरे घोषस्यान्वयाद् गङ्गापदशक्यार्थे च जलप्रवाहविशेषे मत्स्यस्यान्वयात् प्रकृतः युगपदुभयार्थाऽवगाही शाब्दबोधः सङ्गच्छते।

***एतेन*** "मुख्यत्वं प्राथमिकबुद्धिविषयत्वम्, गौणत्वं पाश्चात्यबुद्धिविषयत्वम्" (प.श.शे.सू.१४/पृ.५९) इति **नागेशभट्टकृतस्य परिभाषेन्दुशेखरस्य वाक्यार्थचन्द्रिका**ऽभिधानायां वृत्तौ **हरिशास्त्रिणा** यदुक्तं तद् ***निरस्तम्,*** युगपद्वृत्तिद्वयप्रवृत्तौ 'गङ्गायां मस्त्य-घोषौ' इत्यादौ बोधगतपूर्वोत्तरभागाऽसम्भवेन जल-प्रवाहविशेष-तीरयोः मुख्य-गौणभावेऽव्याप्त्यापत्तेः। ततश्चाऽत्र भेदाऽभेदाभ्यामारोपितस्य गङ्गा-तीरस्य लक्ष्यतया गौणता, जलप्रवाहविशेषस्य च शक्यतया मुख्यताऽवसेया।

---

હોય ત્યારે ભેદાભેદસંબંધથી શબ્દનો લક્ષ્યાર્થ સ્વીકારવામાં આવે છે' - આ પ્રમાણેનો નિયમ શબ્દશાસ્ત્ર-નિષ્ણાતોએ સ્વીકારેલ છે.

**(प्रकृ.)** પ્રસ્તુતમાં 'ગંગા' પદના મુખ્યાર્થમાં 'ઘોષ' પદાર્થનો અન્વય બાધિત છે. તથા ઘોષને જણાવવાનું નિમિત્ત = નૈકટ્ય આદિ પણ હાજર છે. તથા શૈત્ય, પાવનત્વ આદિને પ્રકૃષ્ટ રીતે જણાવવાનું પ્રયોજન પણ વિદ્યમાન છે. માટે 'ગંગા' પદના શક્યાર્થ = વિશિષ્ટ જળપ્રવાહ અને લક્ષ્યાર્થ = ગંગાતટ વચ્ચે રહેલા ભેદાભેદસંબંધને લઈને જેમાં 'ગંગા' પદાર્થ આરોપિત કરવામાં આવે છે તેવા ગંગાતીરસ્વરૂપ 'ગંગા' પદના લક્ષ્યાર્થમાં ઘોષ પદાર્થનો અન્વય કરવામાં આવે છે. તથા 'ગંગા' પદના શક્યાર્થસ્વરૂપ વિશિષ્ટ જળપ્રવાહમાં 'મત્સ્ય' પદાર્થનો અન્વય કરવામાં આવે છે. આ રીતે પ્રસ્તુત વાક્યમાં 'ગંગા' પદની શક્તિ અને લક્ષણા નામની બન્ને વૃત્તિઓની પ્રવૃત્તિ એકીસાથે થવા દ્વારા યુગપત્ બન્ને અર્થનું અવગાહન કરનાર પ્રસ્તુત પ્રસિદ્ધ શાબ્દબોધ સંગત થાય છે.

### ❋ પરિભાષેન્દુશેખર વ્યાખ્યાની સમાલોચના ❋

**(एतेन.)** **નાગેશભટ્ટ** વૈયાકરણે રચેલ **પરિભાષેન્દુશેખર** ગ્રન્થ ઉપર **હરિશાસ્ત્રીએ વાક્યાર્થચન્દ્રિકા** નામની વ્યાખ્યા રચેલ છે. તેમાં જણાવેલ છે કે 'શાબ્દબોધમાં જે અર્થ પ્રાથમિક બુદ્ધિનો વિષય બને તે મુખ્ય અર્થ કહેવાય તથા ઉત્તરકાલીન બુદ્ધિનો જે વિષય બને તે ગૌણ અર્થ કહેવાય.' પરંતુ આ માન્યતાનું નિરાકરણ ઉપરોક્ત ચર્ચા દ્વારા થઈ જાય છે. કેમ કે ઉપર જણાવી ગયા તે મુજબ 'गङ्गायां मत्स्य-घोषौ' ઈત્યાદિ સ્થળે શબ્દની શક્તિ અને લક્ષણા - આ બન્ને વૃત્તિની એકીસાથે પ્રવૃત્તિ થતાં 'ગંગા'પદથી જલપ્રવાહવિશેષ અને ગંગાતીર - આ બન્ને અર્થની એકીસાથે શાબ્દબોધમાં ઉપસ્થિતિ થવાથી પૂર્વોત્તરભાવ જ સંભવતો નથી. તેથી ઉપરોક્ત સ્થળે જલપ્રવાહવિશેષમાં મુખ્યતાની અને ગંગાતીરમાં ગૌણતાની અવ્યાપ્તિની આપત્તિ આવશે. તેથી તેવા પ્રકારની મુખ્યતા કે ગૌણતા માન્ય કરી ન શકાય. પ્રસ્તુતમાં જૈનમતે ગંગાપદના શક્યાર્થમાં ભેદાભેદસંબંધથી આરોપિત ગંગાતીરની ઉપસ્થિતિ 'ગંગા'પદની લક્ષણા નામની ગૌણવૃત્તિથી થાય છે. આમ ગંગાતીર લક્ષ્યાર્થ હોવાથી 'ગંગા'પદનો ગૌણ અર્થ બને છે. તથા વિશિષ્ટ જળપ્રવાહની ઉપસ્થિતિ 'ગંગા'પદની શક્તિ નામની મુખ્યવૃત્તિથી થાય છે. આમ વિશિષ્ટ જળપ્રવાહ શક્યાર્થ હોવાથી 'ગંગા'પદનો મુખ્ય અર્થ બને છે - આમ સમજવું.

तदुक्तं **हेमचन्द्रसूरिभिरपि काव्यानुशासने** "मुख्यार्थबाधे निमित्ते प्रयोजने च भेदाभेदाभ्यामारोपितो गौणः" (का.अनु.१/१७) इति ।

***अथ*** 'गङ्गायां मत्स्य-घोषौ' इत्यत्र घोषपदस्यैवाऽस्तु मकराद्यर्थे लक्षणा, 'विशिष्टजलप्रवाहनिष्ठौ मत्स्य-मकरौ' इति शाब्दबोधोदयेन युगपद् गङ्गापदवृत्तिद्वयप्रवृत्तेरनावश्यकत्वात्, गङ्गापदशक्यार्थे

## લક્ષણાનિયામક ત્રણ તત્ત્વ

(तदु.) અમારી ઉપરોક્ત વાતમાં પૂર્વાચાર્યની પણ સંમતિ મળે છે. કલિકાલસર્વજ્ઞ શ્રી**હેમચંદ્રસૂરિજી**એ પણ **કાવ્યાનુશાસન**માં લક્ષ્યાર્થની ઓળખાણ આપતા જણાવેલ છે કે "શબ્દના મુખ્યાર્થનો = શક્યાર્થનો સ્વીકાર કરવામાં બાધ = અન્વયબાધ થતો હોય તથા લક્ષણા કરવાનું નિમિત્ત અને પ્રયોજન વિદ્યમાન હોય ત્યારે ભેદાભેદસંબંધથી શક્યાર્થમાં આરોપિત એવો લક્ષ્યાર્થ ગૌણ પદાર્થ સ્વરૂપે ઓળખાય છે."

**સ્પષ્ટતા** :- (૧) શક્યાર્થનો સ્વીકાર કરવા જતાં તેમાં વાક્યગત અન્ય પદના અર્થનો અન્વય બાધિત હોય તો તેવા સ્થળે શક્યાર્થને પકડી રાખવાથી શાબ્દબોધ જ થઈ શકતો નથી. તેથી તેવા સ્થળે શક્તિના બદલે શબ્દની લક્ષણા નામની ગૌણવૃત્તિ શ્રોતાને અર્થબોધ કરાવવા માટે પ્રવર્તે છે. (૨) જે અર્થમાં શબ્દની લક્ષણા કરવી અભિપ્રેત હોય તેમાં લક્ષણા કરવાનું કોઈ બીજ = નિમિત્ત તથા પ્રયોજન હોવું પણ જરૂરી છે. જેમ કે 'गंगायां घोषः' સ્થળમાં 'ગંગા' પદની લક્ષણા ગંગાતટમાં કરવાનું નિમિત્ત છે - 'ગંગા' પદના મુખ્યાર્થનું સાન્નિધ્ય. વિશિષ્ટ જળપ્રવાહ સ્વરૂપ શક્યાર્થ અને ગંગાતટ સ્વરૂપ લક્ષ્યાર્થ એકબીજાની અત્યંત નજીક છે. માટે તે બન્નેમાં કથંચિત્ ભેદાભેદ પણ છે. આ નિમિત્તને લઈને 'ગંગા' પદની ગંગાતટમાં લક્ષણા કરવામાં આવે છે. (૩) તેમ જ 'ગંગા' પદની લક્ષણા ગંગાતટમાં કરવાનું પ્રયોજન છે - શૈત્ય, પાવનત્વ આદિ ગુણધર્મોની ઘોષમાં પ્રતીતિ કરાવવી. (આ વાત છઠ્ઠી શાખાના આઠમા શ્લોકમાં પણ જણાવવામાં આવશે.) માટે વક્તા 'तटे घोषः' કે 'गंगातटे घोषः' એવું બોલવાને બદલે 'गंगायां घोषः' આવા વાક્યનો પ્રયોગ કરે છે. આ રીતે શક્યાર્થનો બાધ, લક્ષણાનું નિમિત્ત અને લક્ષણાનું પ્રયોજન હોવાથી ભેદાભેદસંબંધથી શક્યાર્થમાં આરોપિત એવા લક્ષ્યાર્થનું ગૌણરૂપે ભાન 'गंगायां घोषः વગેરેમાં થાય છે. તથા 'गंगायां मत्स्य-घोषौ' વાક્યમાં 'ગંગા' પદની શક્તિ દ્વારા વિશિષ્ટજળપ્રવાહસ્વરૂપ શક્યાર્થનો અને લક્ષણા દ્વારા ગંગાતટસ્વરૂપ લક્ષ્યાર્થનો એકીસાથે બોધ થાય છે.

## 'ગંગા'પદના બદલે 'ઘોષ'પદની લક્ષણા : આશંકા

**તર્ક** :- (अथ.) 'गंगायां मत्स्य-घोषौ' સ્થળમાં 'ગંગા' પદની શક્તિ અને લક્ષણા નામની બન્ને વૃત્તિની એકીસાથે પ્રવૃત્તિ માનવાના બદલે 'ગંગા' પદની શક્તિની જ પ્રવૃત્તિ સ્વીકારી 'घोषः' પદની મગર અર્થમાં લક્ષણા શા માટે ન કરવી ? મતલબ કે 'ગંગા' પદ અને 'મત્સ્ય' પદની શક્તિ નામની વૃત્તિ અને 'घोष' પદની લક્ષણા નામની વૃત્તિ સ્વીકારીને 'विशिष्टजलप्रवाहनिष्ठौ मत्स्य-मकरौ' આ પ્રમાણેનો શાબ્દબોધ શા માટે માન્ય ન કરવો ? કારણ કે આવું માનવામાં ત્રણે ય પદની એક એક વૃત્તિ જ એકીસાથે પ્રવર્તે છે. જ્યારે તમે જે રીતે અર્થઘટન કરો છો તેમાં એક જ 'ગંગા' પદની શક્તિ અને લક્ષણા નામની બન્ને વૃત્તિની એકીસાથે પ્રવૃત્તિ માન્ય કરવી પડે છે. તેથી 'ગંગા' પદના લક્ષ્યાર્થ તરીકે ગંગાતટનો સ્વીકાર કરવાના બદલે 'ઘોષ' પદના લક્ષ્યાર્થ તરીકે 'મગર' અર્થનો સ્વીકાર કરવો વ્યાજબી છે. કેમ કે

संयोगसम्बन्धेन मत्स्य-मकरान्वयाऽबाधादिति **चेत्** ?

**न**, शिष्टैः तथानभ्युपगमात्। न ह्यत्र गङ्गापदशक्यार्थे एव संयोगेन घोषपदलक्ष्यार्थमकर-मत्स्यपदशक्यार्थमीनयोरन्वयः कैश्चिदप्यङ्गीक्रियते, प्रयोजनविरहात्, तात्पर्यबाधाच्च। ततश्चैकपदस्य युगपद्वृत्तिद्वयप्रवृत्तिरनाविलैवेति।

तदुक्तं **तत्त्वचिन्तामणौ गङ्गेशेन** अपि "गङ्गायां जलं घोषश्च तिष्ठतीत्यत्र गङ्गापदस्य युगपत्प्रवाह-तीरयोः तात्पर्यग्रहे तयोः द्वयोः अपि एकदा उपस्थितौ जल-घोषयोः एकदा एव अन्वयबोधः। न च युगपद्वृत्तिद्वयापत्तिः, इष्टत्वाद्" (त.चि.शब्दखण्ड-तात्पर्यवाद-पृ.३३७) इति। "मुख्यार्थानुभवसामग्री

---

વિશિષ્ટજળપ્રવાહ સ્વરૂપ 'ગંગા'પદના શક્યાર્થમાં મગરનો અને માછલાનો સંયોગસંબંધથી અન્વય કરવામાં કોઈ બાધ આવતો નથી. આથી 'ઘોષ:' પદની લક્ષણા કરવી અમને વ્યાજબી લાગે છે.

### ❖ 'ઘોષ' પદની લક્ષણા અમાન્ય : સમાધાન ❖

**તથ્ય** :- (न.) તમારી વાતમાં તર્ક છે પણ તથ્ય નથી. કારણ કે 'ગંગા' પદના શક્યાર્થસ્વરૂપ વિશિષ્ટજળપ્રવાહમાં જ 'ઘોષ:' પદના લક્ષ્યાર્થ મગરનો તથા 'મત્સ્ય' પદના શક્યાર્થ માછલાનો સંયોગસંબંધથી અન્વય કરવાની પ્રવૃત્તિ કોઈ પણ શિષ્ટ વિદ્વાનને માન્ય નથી. વળી, 'ઘોષ:' પદની 'મગર' અર્થમાં લક્ષણા કરવાનું કોઈ પ્રયોજન પણ રહેતું નથી. તથા 'ગંગાયાં મત્સ્ય-ઘોષૌ' વાક્યમાં 'ઘોષ:' પદની 'મગર' અર્થમાં લક્ષણા કરવામાં આવે તો વક્તાનું તાત્પર્ય પણ બાધિત થાય છે. તેથી ઉપરોક્ત સ્થળે 'મગર' અર્થમાં 'ઘોષ:' પદની લક્ષણા કરવાના બદલે 'ગંગાતટ' અર્થમાં 'ગંગા' પદની લક્ષણા કરીને તેમાં 'ઘોષ:' પદના શક્યાર્થનો સંયોગસંબંધથી અન્વય અને વિશિષ્ટજળપ્રવાહ સ્વરૂપ અર્થમાં 'ગંગા' પદની શક્તિથી પ્રવૃત્તિ માનીને તેમાં 'મત્સ્ય' પદના શક્યાર્થનો સંયોગસંબંધથી અન્વય કરવો વ્યાજબી છે. તેથી એકીસાથે એક પદની શક્તિ અને લક્ષણા બન્ને વૃત્તિની પ્રવૃત્તિ માનવામાં દોષ નથી.

### ❈ નિષ્પ્રયોજન કે તાત્પર્યબાધક લક્ષણા અમાન્ય ❈

[illegible] :- 'ગંગાયાં મત્સ્ય-ઘોષૌ' સ્થળમાં 'ઘોષ:' પદની 'મગર' અર્થમાં લક્ષણા કરવાની પાછળ તથાવિધ કોઈ પ્રયોજન વિદ્યમાન નથી. નિષ્પ્રયોજન લક્ષણાને વિદ્વાનો સ્વીકારતા નથી. કારણ કે લક્ષણા શબ્દની જઘન્યવૃત્તિ છે. વળી, 'ઘોષ:' પદની મગર અર્થમાં લક્ષણા કરવામાં વક્તાના અભિપ્રાયને = તાત્પર્યને પણ ક્ષતિ પહોંચે છે. તાત્પર્યની અનુપપત્તિ તો લક્ષણાને પ્રવર્તાવે છે. તેથી તાત્પર્યની અસંગતિ થાય તે રીતે તો લક્ષણાનો ઉદ્ભવ જ કઈ રીતે થઈ શકે ? આથી 'ગંગા' પદની શક્તિ અને લક્ષણા નામની દ્વિવિધ વૃત્તિની એકીસાથે પ્રવૃત્તિ સ્વીકારવી જરૂરી છે.

**(तदु.) તત્ત્વચિંતામણિ**ના શબ્દખંડમાં તાત્પર્યવાદમાં **ગંગેશજી**એ પણ જણાવેલ છે કે "ગંગામાં પાણી અને ઘોષ છે - આ સ્થળે 'ગંગા' પદનું તાત્પર્ય એકીસાથે પ્રવાહ અને કિનારા અર્થમાં જણાય ત્યારે તે બન્નેય અર્થની ઉપસ્થિતિ (= બુદ્ધિ) થતાં એકીસાથે પ્રવાહ અને કિનારા સ્વરૂપ અર્થનો ગંગાપદથી અન્વયબોધ = શાબ્દ થાય છે. એકીસાથે શબ્દની શક્તિ અને લક્ષણા નામની બન્ને વૃત્તિનું જ્ઞાન શાબ્દબોધજનક બનવાની આપત્તિ અનિષ્ટ નથી પણ ઈષ્ટ છે." "યુગપત્ વૃત્તિદ્વયપ્રવૃત્તિ ઈષ્ટ હોવાનું

ઈહાં પણિ[▸] મુખ્ય *અમુખ્યપણઇં અનંતધર્માત્મક વસ્તુ જણાવવાનઇં પ્રયોજનઇં એક નય શબ્દની ૨ વૃત્તિ માનતાં વિરોધ નથી.

-लक्ष्यार्थानुभवसामग्र्योः सत्प्रतिपक्षवत् परस्परविरोधित्वे मानाभावाद्" (त.चि.श.ख.पृ.३३७ वृ.) इति **तत्त्वचिन्तामणिरहस्यवृत्तौ मथुरानाथः**।

तथैवेहाऽपि विवक्षिताऽविवक्षिताऽनन्तधर्मात्मकवस्तुप्रतिपादनप्रयोजनवशत एकनयशब्दस्य शक्ति-लक्षणात्मकयोः मुख्याऽमुख्यवृत्त्योः युगपत्प्रवृत्त्यभ्युपगमेऽविरोधः। शक्त्यैव नयवचनस्य वस्तुप्रतिपादकत्वे शब्दात्मकस्य नयस्य शक्त्या वस्तुगतैकांशप्रतिपादकत्वेन शब्दशक्त्या केनाऽपि सुनयेन अनन्तधर्मात्मकत्वेन रूपेण वस्तुप्रतिपादनाऽसम्भवात्। परं प्रत्येकं सुनयेषु गौण-मुख्यभावेन वस्तुगत-विवक्षिताऽविवक्षितानन्तधर्मप्रतिपादकता जिनप्रवचनवेदिनां विदितैव। तदर्थं युगपत् शक्ति-लक्षणोभयवृत्त्योः प्रवृत्त्यङ्गीकारे को विरोधः?

***ननु*** मुख्य-लक्ष्योभयपरे 'गङ्गायां मत्स्य-घोषौ' इत्यादौ गङ्गादिपदे सकृदुच्चरिते एकदा-

કારણ એ છે કે સત્પ્રતિપક્ષસ્થલે બે હેતુમાં જેમ પરસ્પર વિરોધ છે, તેમ મુખ્યાર્થના = શક્યાર્થના અનુભવની સામગ્રી અને લક્ષ્યાર્થના અનુભવની (= શાબ્દબોધની) સામગ્રી વચ્ચે પરસ્પર વિરોધ માનવામાં કોઈ પ્રમાણ નથી." આ મુજબ **તત્ત્વચિંતામણિરહસ્યવૃત્તિ**માં **મથુરાનાથે** જણાવેલ છે.

## ✤ યુગપત્ વૃત્તિદ્વયજન્ય અનંતધર્માત્મકતાબોધ ✤

(**तथैवे.**) જે રીતે 'गंगायां मत्स्य-घोषौ' સ્થળમાં એક જ 'ગંગા' પદની શક્તિ અને લક્ષણા નામની બન્ને પ્રકારની વૃત્તિની એકીસાથે પ્રવૃત્તિ સ્વીકારવામાં આવે છે, તે જ રીતે 'એક નયમાં શબ્દની શક્તિ = મુખ્યવૃત્તિ અને લક્ષણા = ગૌણવૃત્તિ - આ બન્નેની એકીસાથે પ્રવૃત્તિ થાય છે' - તેવું સ્વીકારવામાં વિરોધ નથી. કારણ કે પ્રત્યેક વસ્તુ અનંતધર્માત્મક છે. તથા અનંતધર્માત્મક વસ્તુનું મુખ્ય-ગૌણભાવે પ્રતિપાદન કરવાનું પ્રયોજન સુનયમાં રહેલું છે. જો નય શબ્દની શક્તિ દ્વારા જ વસ્તુનું પ્રતિપાદન કરે તો 'કોઈ પણ નય શબ્દનિષ્ઠ શક્તિ દ્વારા અનંતધર્માત્મકત્વરૂપે કોઈ પણ વસ્તુનું પ્રતિપાદન કરે' - તેવું સંભવિત જ નહિ બને. કારણ કે શબ્દાત્મક નય તો શક્તિ દ્વારા વસ્તુના સર્વાંશનું પ્રતિપાદક નથી પરંતુ એકાંશનું જ પ્રતિપાદક છે. તેથી જો વચનાત્મક નય શક્તિ અને લક્ષણા દ્વારા એકીસાથે વસ્તુનું સ્વરૂપ ન બતાવે તો વસ્તુની સમગ્રતાનું નહિ પણ આંશિકતાનું જ શ્રોતાને સુનય દ્વારા ભાન થઈ શકશે. પરંતુ પ્રત્યેક સુનય પણ મુખ્ય-ગૌણભાવે વસ્તુમાં રહેલ વિવક્ષિત-અવિવક્ષિત અનંત ગુણધર્મોનું યુગપત્ પ્રતિપાદન કરે છે. આ વાત જૈન વિદ્વાનોને માન્ય છે. આથી સુનય દ્વારા મુખ્ય-ગૌણભાવે વસ્તુગત અનંતધર્માત્મકતાનો શ્રોતાને બોધ કરાવવા માટે એકીસાથે શબ્દની શક્તિ અને લક્ષણા નામની ઉભય વૃત્તિની પ્રવૃત્તિ સ્વીકારવામાં કયો વિરોધ હોઈ શકે ? કોઈ નહિ.

**નૈયાયિક** :- (ननु.) 'गङ्गायां मत्स्य-घोषौ' - આ વાક્યમાં 'ગંગા' પદ શક્તિ અને લક્ષણા દ્વિવિધ વૃત્તિ દ્વારા અર્થબોધ કરાવવામાં તત્પર હોવા છતાં એક જ વખત તેનું ઉચ્ચારણ કરવામાં આવેલ છે.

▸...◂. ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ લા.(૨)માં નથી. *. કો.(૭)માં 'અમુખ્ય' પદ નથી.

અથવા નયાત્મક શાસ્ત્રઈં ક્રમિકવાક્યદ્વયઈં પણિ એ અર્થ જણાવિયઈં.✿

ऽनेकार्थतात्पर्यग्रहेऽपि नैकदोभयोर्बोधः किन्तु आवृत्त्यैव। अत एव तत्र वाक्यभेदव्यवहारः सङ्गच्छते (अष्टसहस्रीतात्पर्यविवरण-१/१६) इति ***चेत्*** ?

***तर्हि*** 'सकृदुच्चरितं पदं सकृदेवार्थं गमयती'ति न्यायेन सुनयात्मकात् शास्त्राद् द्विः आवृत्त्या शक्ति-लक्षणाभ्यां क्रमिकवाक्यद्वयेनाऽपि शक्यार्थ-लक्ष्यार्थभानसम्भवात्। न हीत्थं क्रमिकवाक्यद्वयेनाऽपि सुनयवचनात् शक्यार्थ-लक्ष्यार्थभाने कोऽपि विरोधः। प्रथमं सुनयवाक्यं शक्त्या विवक्षितवस्त्वंशं प्रतिपादयति ततः आवृत्त्या लक्षणया वस्तुगताऽविवक्षितांशान् प्ररूपयतीत्यभ्युपगमे न कमपि विरोधं पश्यामः।

तथाहि – (१) द्रव्यार्थिकनयवाक्यं शक्त्या प्रथमं वस्तुनो द्रव्यात्मकतां प्रतिपादयति। तदुत्तरम्

તેથી એકીસાથે શક્યાર્થ અને લક્ષ્યાર્થ એમ ઉભયનો બોધ કરાવવાનું વક્તાનું તાત્પર્ય શ્રોતાને ખ્યાલમાં હોવા છતાં પણ એકીસાથે બન્ને અર્થનો બોધ નહિ થાય પરંતુ ત્યાં 'ગંગા' પદનું પુનરાવર્તન કરવું પડશે. આમ ગંગાપદની પુનરાવૃત્તિ દ્વારા જ ત્યાં ક્રમશઃ શક્યાર્થનો અને લક્ષ્યાર્થનો બોધ થશે. - એક વાર બોલાયેલ 'ગંગા' પદની પુનરાવૃત્તિ થતી હોવાથી જ ત્યાં વાક્યભેદનો = વાક્યદ્વયનો વ્યવહાર, જે શિષ્ટલોકમાં માન્ય છે તે, સંગત થશે. તેથી ઉપરોક્ત ઉદાહરણના બળથી 'નયવાક્ય યુગપદ્ અનંત અર્થનો બોધ કરાવે છે' - આવી તમારી માન્યતાનું સમર્થન કરી નહિ શકાય.

### ❀ એક શબ્દ એક અર્થનો બોધક : કલ્પાન્તર નિવેદન ❀

ઉત્તર :- (तर्हि.) 'એક વખત બોલાયેલ શબ્દ એક જ અર્થને જણાવે છે' - આ ન્યાય (= નિયમ) શબ્દશાસ્ત્રનિષ્ણાતોને માન્ય છે. તેથી એક વાર બોલાયેલું એક પદ શક્યાર્થ અને લક્ષ્યાર્થ એમ બે અર્થનું એકીસાથે ભાન કરાવી ન શકે - આ પ્રમાણે જો તમે કહેતા હો તો નયવાક્ય દ્વારા વસ્તુની અનંતધર્માત્મકતાનો બોધ કરાવવા માટે અમે કલ્પાંતરનો (= અન્ય વિકલ્પનો) નિર્દેશ કરીએ છીએ કે 'गङ्गायां मत्स्य-घोषौ' વાક્યમાં રહેલ 'ગંગા' પદની જેમ નયાત્મક શાસ્ત્રવચનની પણ બે વાર આવૃત્તિ (= પુનરાવર્તન) કરી બે પ્રકારના વાક્ય સ્વીકારી, એક વાક્ય શક્તિ દ્વારા શબ્દના શક્યાર્થનું ભાન કરાવે અને પુનરાવર્તન પામેલું બીજું વાક્ય લક્ષણા દ્વારા લક્ષ્યાર્થનું ભાન કરાવે. આ પ્રમાણે ક્રમિક બે વાક્ય દ્વારા પણ સુનયવચનથી શક્યાર્થનું અને લક્ષ્યાર્થનું ક્રમશઃ ભાન માનવામાં કોઈ વિરોધ નથી. એક સુનયવાક્ય પ્રથમ વાર શક્તિ દ્વારા પોતાના વિવક્ષિત અંશનું વસ્તુમાં નિરૂપણ કરે ત્યાર બાદ તે જ સુનયવાક્યનું પુનરાવર્તન કરવાથી તે સુનયવચન લક્ષણા દ્વારા વસ્તુગત પોતાના અવિવક્ષિત અંશોનું ગૌણરૂપે પ્રતિપાદન કરે. આવું માનવામાં અમને કોઈ પણ વિરોધ દેખાતો નથી.

### ❋ નયવાક્યથી પદાર્થમાં ક્રમશઃ ત્રિતયાત્મકતાનો બોધ ❋

(तथाहि.) જેમ કે (૧) દ્રવ્યાર્થિકનયનું વચન શક્તિ દ્વારા પદાર્થમાં મુખ્યરૂપે દ્રવ્યાત્મકતાનું પ્રતિપાદન કરે છે. ત્યાર બાદ પુનરાવર્તિત થયેલું તે જ વચન લક્ષણા દ્વારા પદાર્થમાં ગુણાત્મકતાનું તથા પર્યાયાત્મકતાનું

✿ કો.(૧૨)માં 'જાણવો' પાઠ.

आवृत्त्या तदेव लक्षणया वस्तुनो गुण-पर्यायात्मकतां प्रतिपादयति। (२) शुद्धं पर्यायार्थिकनयवाक्यं शक्त्या प्रथमं वस्तुनः पर्यायात्मकतां प्रतिपादयति तदुत्तरम् आवृत्त्या तदेव वाक्यं लक्षणया वस्तुनो द्रव्यात्मकतां गुणात्मकताञ्च प्रतिपादयति। (३) एवम् अशुद्धपर्यायार्थिकवाक्यं शक्त्या प्रथमं वस्तुनो गुणात्मकतां पश्चाच्चाऽऽवृत्त्या तदेव लक्षणया द्रव्य-पर्यायात्मकतां प्रतिपादयति। इत्थमेकमेव नयवाक्यम् आवृत्त्या द्वयात्मकतां प्राप्तं सत् शक्ति-लक्षणाभ्याम् एकस्यैव वस्तुनः त्रितयात्मकतां क्रमेण प्रतिपादयतीति सिद्धम्।

***एतेन*** 'गङ्गायां मत्स्य-घोषौ' इत्यादौ शक्य-लक्ष्ययोः युगपदन्वयाभ्युपगमे तु 'सद्' इति पदादेव शक्त्या सत्त्वस्य लक्षणया चाऽसत्त्वस्य युगपदुपस्थितिरस्तु। ततश्च न सप्तभङ्ग्यां अवक्तव्यभङ्गावकाश इत्युक्तावपि ***न क्षतिः***,

तथापि प्रातिस्विकरूपेण युगपदर्पणायां सत्यामवक्तव्यत्वस्यैव सम्भवादिति (स्त.७/का.२३/पृ.१५६)

---

ગૌણરૂપે પ્રતિપાદન કરે છે. (૨) તે જ રીતે શુદ્ધ પર્યાયાર્થિકનયનું વાક્ય સૌપ્રથમ વાર શક્તિ દ્વારા વસ્તુમાં મુખ્યરૂપે પર્યાયાત્મકતાનું પ્રતિપાદન કરે છે. ત્યાર બાદ પુનરાવર્તિત થયેલું તે જ વાક્ય લક્ષણા દ્વારા વસ્તુમાં ગૌણરૂપે દ્રવ્યાત્મકતાનું અને ગુણાત્મકતાનું પ્રતિપાદન કરે છે. (૩) તથા અશુદ્ધ પર્યાયાર્થિકવાક્ય વસ્તુમાં મુખ્યરૂપે ગુણાત્મકતાનું પ્રતિપાદન કરે છે અને પછી આવૃત્તિથી તે જ વાક્ય વસ્તુમાં ગૌણરૂપે દ્રવ્ય-પર્યાયરૂપતાને જણાવે છે. આ પ્રમાણે માનવામાં કોઈ દોષ આવતો નથી. તથા 'એક નયના ક્રમિક બે વાક્ય શક્તિ અને લક્ષણા દ્વારા મુખ્યરૂપે અને ગૌણરૂપે વસ્તુમાં ત્રિતયાત્મકતાનો બોધ કરાવી શકે છે' - આવું માનવામાં કોઈ વિરોધ આવતો નથી. તેથી 'નયવાક્ય મુખ્યવૃત્તિ અને ગૌણવૃત્તિ દ્વારા પ્રત્યેક વસ્તુને દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક સ્વરૂપે જણાવે છે' - તેવું મૂળ શ્લોકના ઉત્તરાર્ધમાં જે જણાવેલ છે, તે વ્યાજબી જ છે - તેવું સિદ્ધ થાય છે.

### ॐ અવક્તવ્યભાંગા સંબંધી મીમાંસા ॐ

**પૂર્વપક્ષ** :- (एतेन.) 'गंगायां मत्स्य-घोषौ' ... ઈત્યાદિ વાક્યમાં એકીસાથે 'ગંગા'પદની શક્તિને અને લક્ષણાને સ્વીકારી 'ગંગા' પદના શક્યાર્થ વિશિષ્ટ જળપ્રવાહમાં 'मत्स्य'શબ્દના શક્યાર્થનો ને 'ગંગા' પદના લક્ષ્યાર્થ ગંગાતટમાં 'घोष' પદના શક્યાર્થનો યુગપદ્ અન્વય માનવામાં આવે તો તે જ રીતે 'સત્' પદથી શક્તિ દ્વારા સત્ત્વની અને લક્ષણા દ્વારા અસત્ત્વની ઉપસ્થિતિ માનીને તે બન્નેનો ઘટાદિ શબ્દના શક્યાર્થમાં યુગપદ્ અન્વય માનવામાં દોષ નહિ આવે. તેથી સત્ત્વ, અસત્ત્વ સ્વરૂપ વિરુદ્ધધર્મપ્રકારક સપ્તભંગીમાં અવક્તવ્ય ભાંગાને અવકાશ નહિ મળે. તેથી સપ્તભંગીનું ઉત્થાન નહિ થાય.

### ॐ પ્રાતિસ્વિકરૂપે યુગપત્ અવક્તવ્યત્વ ॐ

**ઉત્તરપક્ષ** :- (तथापि.) ઉપરોક્ત વાત અમારા સપ્તભંગીના સિદ્ધાંતમાં બાધક બની શકતી નથી. કારણ કે 'गंगायां मत्स्य-घोषौ'... ઈત્યાદિ સ્થળમાં યુગપત્ શક્તિ-લક્ષણા દ્વારા ઉપસ્થિત શક્યાર્થનો અને લક્ષ્યાર્થનો યુગપદ્ અન્વય સ્વીકારવાની પ્રથમ વાત તો અભ્યુપગમવાદથી જ હતી. આનું કારણ એ છે કે યુગપત્ શક્તિની અને લક્ષણાની પ્રવૃત્તિ કરવામાં 'એક વાર બોલાયેલ શબ્દ એક જ અર્થનો

**स्याद्वादकल्पलतोक्त**दिशा अवसेयम् ।

अयमत्राभिप्रायः – यथा सप्तभङ्ग्याः प्रथमभङ्गेन सापेक्षं सत्त्वं द्वितीयभङ्गेन च सापेक्षम् असत्त्वं बुध्यते तथैकेनैव पदेन सापेक्षे सत्त्वाऽसत्त्वे युगपद् न बुध्येते, 'सकृदुच्चरितः...' इत्यादिन्यायेन श्रोतुः एकपदात् एकपदार्थप्रतीतेः । किञ्चात्र श्रोत्रा वस्तुगते स्व-परद्रव्यादिसापेक्षे सत्त्वाऽसत्त्वे प्रातिस्विकरूपेण युगपद् जिज्ञासिते । वक्त्रा श्रोतृजिज्ञासाद्यनुसारतो वस्तुस्वरूपप्रतिपादने एव श्रोतृजिज्ञासादिशमनसम्भवाद् अवक्तव्यत्वलक्षणतृतीयभङ्गाऽऽवश्यकता, तेनैव तत्प्रतिपादनात् । ततश्च युगपद् वृत्तिद्वयप्रवृत्त्यभ्युपगमेऽपि प्रातिस्विकरूपेण वस्तुगतसापेक्षसत्त्वाऽसत्त्वयोरवक्तव्यता त्वनाविलैवेत्यवधेयम् ।

तदुक्तं **यशोविजयवाचकैः अष्टसहस्रीतात्पर्यविवरणे** अपि "*एतेनैव* 'गङ्गायां मत्स्य-घोषौ' इत्यत्रेव

---

બોધ કરાવે છે' - આ પ્રમાણેનો નિયમ બાધક બને છે. તેથી જ વ્યાખ્યામાં 'तर्हि' શબ્દ દ્વારા બીજો વિકલ્પ અમે દર્શાવેલ જ છે. વળી, શક્તિની તથા લક્ષણાની પ્રવૃત્તિને યુગપત્ સ્વીકારીને સત્ત્વ-અસત્ત્વ ઉભયમાં સાધારણ = અનુગત કોઈક સ્વરૂપે સત્ત્વ-અસત્ત્વનું કોઈ એક પદ દ્વારા યુગપત્ પ્રતિપાદન માન્ય કરવામાં આવે તો પણ પ્રાતિસ્વિકસ્વરૂપે અર્થાત્ સત્ત્વમાત્રવૃત્તિગુણધર્મરૂપે અને અસત્ત્વમાત્રવૃત્તિગુણધર્મરૂપે તો સત્ત્વ-અસત્ત્વના યુગપત્ પ્રતિપાદનની વિવક્ષા કરવાથી અવક્તવ્યત્વ તો અબાધિત જ રહેશે. આમ ક્રમશઃ પ્રવૃત્ત પ્રથમ અને દ્વિતીય ભાંગાથી થતી પ્રતીતિની અપેક્ષાએ, સત્ત્વ-અસત્ત્વની યુગપત્ અર્પણા દ્વારા, અવક્તવ્યત્વપ્રકારક પ્રતીતિને અલગ માનવી વ્યાજબી છે. તેથી સપ્તભંગીના અવક્તવ્યત્વ નામના ભાંગાને પણ અવકાશ રહે છે. આમ પ્રસ્તુત વિચાર-વિમર્શમાં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** ગણિવરે **સ્યાદ્વાદકલ્પલતા**ના સાતમા સ્તબકમાં કરેલ દિગ્દર્શન મુજબ આગળ વધવું.

## ❋ અવક્તવ્ય ભંગ નિરાબાધ ❋

(**अयम.**) પ્રસ્તુતમાં આશય એ છે કે જેમ સપ્તભંગીના પ્રથમ ભંગ અને દ્વિતીય ભંગ દ્વારા ક્રમશઃ સાપેક્ષ સત્ત્વનો અને અસત્ત્વનો બોધ થાય છે તેમ એક જ પદથી સાપેક્ષ સત્ત્વ-અસત્ત્વનો યુગપત્ બોધ થઈ શકતો નથી. કારણ કે 'એક વાર બોલાયેલ શબ્દ એક જ અર્થનો બોધ કરાવે છે' - આ નિયમ મુજબ શબ્દ શ્રોતાને શાબ્દબોધ કરાવે છે. વળી, પ્રસ્તુતમાં શ્રોતાને તો વસ્તુગત સ્વ-પરદ્રવ્યાદિસાપેક્ષ સત્ત્વ-અસત્ત્વ ઉભયની પ્રાતિસ્વિકસ્વરૂપે યુગપત્ જિજ્ઞાસા છે. વક્તા શ્રોતાની જિજ્ઞાસા કે પ્રશ્ન અનુસાર વસ્તુના સ્વરૂપનો બોધ કરાવે તો જ શ્રોતાની જિજ્ઞાસાનું કે પ્રશ્નનું શમન થઈ શકે. માટે જ સપ્તભંગીમાં અવક્તવ્ય ભાંગાની આવશ્યકતા રહે છે. વસ્તુગત સાપેક્ષ સત્ત્વ-અસત્ત્વની પ્રાતિસ્વિકરૂપે યુગપદ્ અવક્તવ્યતા જ ત્રીજા ભાંગા દ્વારા બતાવવામાં આવે છે. માટે યુગપત્ શક્તિ-લક્ષણાની પ્રવૃત્તિ માનવામાં આવે તો પણ પ્રાતિસ્વિકરૂપે વસ્તુગત સાપેક્ષ સત્ત્વ-અસત્ત્વની અવક્તવ્યતા તો અબાધિત જ રહે છે.

(**तदुक्तं.**) **આપ્તમીમાંસા** ઉપર **અષ્ટસહસ્રી** નામની વ્યાખ્યા દિગંબર **વિદ્યાનંદસૂરિ**એ બનાવેલ છે. તેના ઉપર શ્વેતાંબરશિરોમણિ **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** ગણિવરે **'અષ્ટસહસ્રીતાત્પર્ય'** નામનું વિસ્તૃત વિવરણ રચેલ છે. તેમાં પણ તેઓશ્રીએ પ્રસ્તુત બાબત અંગે શંકા-સમાધાનને બતાવતાં જણાવેલ છે

क्वचिदेकदा वृत्तिद्वयस्याऽप्यविरोधात् सदादिपदेनैव शक्त्या सत्त्वादेः लक्षणया चाऽसत्त्वादेरुपस्थितिसम्भवात् सहार्पितसत्त्वाऽसत्त्वोभयप्रकारकशाब्दबोधसम्भवे गतमवक्तव्यत्वेनेति ***निरस्तम्,*** तृतीयभङ्गजन्यपदमहिम्नैव शक्त्येत्यस्याप्याक्षेपाद्" (आ.मी.परि.१/का.१६/अ.स.ता.वि.पृ.२०५) इति।

अत्रेदमाकूतं प्रतिभाति – 'स्याद् अवक्तव्यम् एव' इति तृतीयभङ्गजन्यः पदप्रभाव एवेदृशो यदुत शक्त्यैव तृतीयभङ्गजन्यशाब्दबोधः सम्मतः, न तु शक्ति-लक्षणाभ्याम्। वस्तुगते सापेक्षे सत्त्वाऽसत्त्वे एकपदशक्त्या कथं युगपत् प्रतिपाद्ये ? इति श्रोतृजिज्ञासायां सत्यां सप्तभङ्गीनिष्णातः 'स्यादवक्तव्यमेवे'ति ज्ञापयति। प्रकृतजिज्ञासायां शक्ति-लक्षणाभ्यां सत्त्वाऽसत्त्वे नैव जिज्ञासिते। ततश्च सद्गुरुः शक्ति-लक्षणाभ्याम् एकपदप्रतिपाद्यवस्तुस्वरूपप्रतिपादने न जातु व्यापिपर्तीति सामर्थ्यात् ज्ञायते। सकृदुच्चरितमेकं पदं शक्त्या सापेक्षसत्त्वाऽसत्त्वयोः प्रातिस्विकरूपेण प्रतिपादनेऽसमर्थमिति द्रव्यानुयोगज्ञः 'एकपदात् शक्त्या प्रातिस्विकरूपेण सापेक्षसत्त्वाऽसत्त्वे अवक्तव्ये' इति प्ररूपयति।

---

કે "જેમ 'गंगायां मत्स्य-घोषौ' વગેરે સ્થળમાં યુગપત્ શબ્દની શક્તિ અને લક્ષણા નામની બન્ને વૃત્તિની પ્રવૃત્તિને ક્વચિત્ માનવામાં કોઈ વિરોધ નથી તેમ એક જ 'સત્' કે 'અસ્તિત્વ' વગેરે પદ પોતાની શક્તિ દ્વારા સત્ત્વ વગેરે ગુણધર્મની અને લક્ષણા દ્વારા અસત્ત્વ વગેરે ગુણધર્મની ઉપસ્થિતિ = બોધ કરાવી શકશે. તથા આ રીતે શક્તિ અને લક્ષણા દ્વારા યુગપદ્ વિવક્ષિત સત્ત્વ-અસત્ત્વ ઉભયપ્રકારક શાબ્દબોધ સંભવી શકતો હોય તો સપ્તભંગીમાં 'અવક્તવ્યત્વ' નામના ત્રીજા ભાંગાને માનવાથી સર્યું. મતલબ કે ત્રીજા ભાંગાની કોઈ આવશ્યકતા જ નહિ રહે - આ પ્રમાણે જૈનોની સામે કોઈ વિદ્વાન આક્ષેપ કરે છે. પરંતુ તે વ્યાજબી નથી. કારણ કે સપ્તભંગીના ત્રીજા (અન્યમતાનુસાર ચોથા) ભાંગાથી જન્ય એવા અવક્તવ્યત્વપદમહિમાથી જ 'શક્તિથી' આ મુજબનું પણ કોઠાસૂઝથી જ કથન થઈ જાય છે" - આ પ્રમાણે મહોપાધ્યાયજીની વાતને શાંતિથી વાગોળવી.

### ❯ શક્તિથી પ્રાતિસ્વિકરૂપે યુગપત્ અવક્તવ્યત્વ ❯

(**अत्रेद.**) સપ્તભંગીના તૃતીય ભાંગામાં 'स्याद् अवक्तव्यम् एव' આ પ્રમાણે શબ્દો રહેલા છે. તે શબ્દોનો પ્રભાવ એવો છે કે તૃતીયભંગજન્ય શાબ્દબોધ શક્તિ દ્વારા જ થવો અભિપ્રેત છે, શક્તિ -લક્ષણા ઉભય દ્વારા નહિ. મતલબ કે વસ્તુગત સાપેક્ષ સત્ત્વ-અસત્ત્વ ઉભયનું એક જ પદથી શક્તિ દ્વારા યુગપત્ પ્રતિપાદન કરવું હોય તો શું કહી શકાય ? આવા પ્રકારની શ્રોતાની જિજ્ઞાસા ઉપસ્થિત છે. તેથી ત્યારે સપ્તભંગીનિષ્ણાત સદ્ગુરુ 'स्याद् अवक्तव्यम् एव' આ પ્રમાણે જણાવે છે. સ્પષ્ટ જ છે કે શ્રોતાની જિજ્ઞાસામાં શક્તિ-લક્ષણા ઉભય દ્વારા સાપેક્ષ સત્ત્વ-અસત્ત્વનું સ્વરૂપ જાણવાની તમન્ના છલકાતી નથી. તેથી સદ્ગુરુ શક્તિ-લક્ષણા ઉભય દ્વારા એક પદથી પ્રતિપાદ્ય વસ્તુસ્વરૂપને દર્શાવવાની કશી જ ચેષ્ટા ન કરે તે કોઠાસૂઝથી જ જાણી શકાય છે. તથા એક વાર બોલાયેલું એક પદ ફક્ત શક્તિ દ્વારા સાપેક્ષ સત્ત્વ-અસત્ત્વ ઉભયનું પ્રાતિસ્વિકરૂપે પ્રતિપાદન કરવા માટે અસમર્થ હોવાથી જ દ્રવ્યાનુયોગજ્ઞાતા સદ્ગુરુ જણાવે છે કે 'એક જ પદની શક્તિ દ્વારા વસ્તુગત સાપેક્ષ સત્ત્વ-અસત્ત્વ ઉભય પ્રાતિસ્વિકરૂપે ખરેખર અવક્તવ્ય જ છે.' આમ સપ્તભંગીના ત્રીજા ભાંગાને પણ પ્રસ્તુતમાં અવકાશ

અથવા "♦एकबोधः शाब्दः♦, एकबोध आर्थः" - ઈમ અનેક ભંગ જાણવા.

इत्थं तृतीयभङ्गोऽप्यत्र सावकाश एवेति।

ततश्चाऽत्रेदं फलितमुत द्रव्यार्थिकनयः यत्पदात् शक्त्या प्रथमं पदार्थे द्रव्यात्मकतां बोधयति तदुत्तरं तत एव लक्षणया तत्र गुण-पर्यायात्मकतां बोधयति। सोऽयमिषोरिव दीर्घ-दीर्घतरो व्यापार इति न्यायोऽत्र ज्ञेयः। इत्थमेकमेव पदं वाक्यं वा आवृत्त्या शक्ति-लक्षणाभ्यां वस्तुनः त्रितयात्मकतां क्रमेण प्रतिपादयतीति नैयायिकपरिभाषया ग्रन्थकारः नैयायिकं बोधयतीति भावनीयम्।

अथवा आलङ्कारिकपरिभाषानुसारेणेदमपि वक्तुं युज्यते यदुत प्रमाणवाक्यतो मुख्यवृत्त्याऽर्थस्य त्रयात्मकत्वबोधेऽपि नयवाक्यतो विवक्षितैकांशगोचरो बोधः शाब्दः, तात्पर्यविषयीभूतान्यांशगोचरस्तु बोध आर्थो विज्ञेयः। शब्दनिष्ठाऽभिधाऽऽख्याऽनादिसिद्धशक्त्योपस्थितार्थगोचरो हि बोधः शाब्द

રહે જ છે. આ પ્રમાણે **અષ્ટસહસ્રીતાત્પર્યવિવરણ**માં સમાધાનસ્વરૂપ ગ્રંથનું તાત્પર્ય જણાય છે.

### ❋ આવૃત્તિથી અર્થબોધકતાનો વિચાર ❋

(**तत.**) તેથી પ્રસ્તુતમાં મૂળ શ્લોકના ઉત્તરાર્ધનું તાત્પર્ય એવું ફલિત થાય છે કે દ્રવ્યાર્થિકનય જે પદથી કે વાક્યથી શક્તિ દ્વારા સૌપ્રથમ પદાર્થમાં દ્રવ્યાત્મકતાનો બોધ કરાવે, ત્યાર બાદ તે જ પદથી કે વાક્યથી લક્ષણા દ્વારા પદાર્થમાં ગુણ-પર્યાયાત્મકતાનો બોધ કરાવે છે. જેમ પ્રબળ વેગથી ફેંકાયેલા એક જ બાણની દીર્ઘ-દીર્ઘતર પ્રવૃત્તિ ચાલે છે, તેમ અહીં એક જ પદની કે વાક્યની શક્તિ-લક્ષણા દ્વારા દીર્ઘકાલીન અર્થબોધક પ્રવૃત્તિ સમજવી. આમ એક જ પદનું કે વાક્યનું પુનરાવર્તન કરી શક્તિ -લક્ષણા દ્વારા વસ્તુમાં ત્રિતયાત્મકતાનો મુખ્ય-ગૌણભાવે યુગપત્ નહિ પણ ક્રમિક બોધ થઈ શકે છે. આ પ્રમાણે ગ્રંથકારશ્રી નૈયાયિકને નૈયાયિકની પરિભાષા મુજબ સમજાવે છે. અર્થાત્ જૈનમતની નૈયાયિકસિદ્ધાન્ત મુજબ પુષ્ટિ કરવાનું કાર્ય ગ્રંથકારશ્રીએ આ રીતે કર્યું - તેમ સમજવું.

### ❁ શાબ્દ બોધ અને આર્થ બોધ : કલ્પાન્તરપ્રકાશન ❁

(**अथवा.**) નૈયાયિકને નૈયાયિકપરિભાષા અને નૈયાયિકસિદ્ધાન્ત દ્વારા સમજાવીને હવે આલંકારિક = અલંકારશાસ્ત્રનિષ્ણાત વિદ્વાનોને તેમની પરિભાષા અને સિદ્ધાન્ત મુજબ પ્રસ્તુત હકીકતને સમજાવવા માટે ગ્રંથકારશ્રી 'अथवा' શબ્દથી નવા વિકલ્પને (કલ્પાન્તરને) દર્શાવે છે. આલંકારિક પરિભાષા અનુસાર એવું પણ કહી શકાય છે કે પ્રમાણવાક્યની અપેક્ષાએ વસ્તુમાં મુખ્ય વૃત્તિથી = શક્તિથી ત્રિતયાત્મકતાનો = દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મકતાનો શાબ્દબોધ-થવા છતાં પણ નયવાક્યની અપેક્ષાએ વસ્તુગત વિવક્ષિત એક અંશનો બોધ શાબ્દ = શાબ્દિક = શબ્દશક્તિજન્ય હોય છે. તથા વસ્તુગત તાત્પર્યવિષયીભૂત અન્ય અંશનો બોધ આર્થ = આર્થિક હોય છે. શબ્દની શક્તિથી ઉપસ્થિત = જ્ઞાત થનાર અર્થનો બોધ શાબ્દ = શાબ્દિક કહેવાય છે. આ શબ્દનિષ્ઠ શક્તિ અનાદિકાળથી સિદ્ધ છે, પ્રસિદ્ધ છે, પ્રમાણસિદ્ધ છે. તેનું બીજું નામ 'અભિધા' છે. તથા ઘણી વાર જે અર્થ શબ્દની 'અભિધા' નામની શક્તિથી ઉપસ્થિત

♦ **पा०** માં '**एकबोधशब्दे एकबोध अर्थ**' પાઠ. પુસ્તકોમાં '**एकबोधशाब्दे**' પાઠ. ♦ કો.(૧૨)માં 'એક બોધઈ શબ્દ એક બોધઈ અર્થ' પાઠ.

उच्यते। शब्दशक्त्या अनुपस्थितोऽपि योऽर्थः वाक्यप्रयोगोत्तरकालं श्रोतुः अभिधेयसामीप्यादिवशतो लक्षणया यद्वा अन्यथानुपपत्ति-प्रकरणाऽऽसत्ति-श्लेषाऽलङ्काराऽन्योक्ति-सङ्केतविशेष-पाटव -प्रयोजनादिवशतोऽर्थमूलकव्यञ्जनया भासते तद्गोचरो बोध आर्थः प्रोच्यते इति यावद् बोध्यम्।

"(१) अभिधेयेन सामीप्यात्, (२) सारूप्यात्, (३) समवायतः। (४) वैपरीत्यात्, (५) क्रियायोगाद्, लक्षणा पञ्चधा मता।।" (ध्व.लो.१/१/पृ.२८) इति **ध्वन्यालोकलोचनवृत्तौ** उद्धृतकारिकावचनाद् आलङ्कारिकमते पञ्चधा लक्षणा मता।

वैयाकरणमते प्रकारान्तरेण पञ्चधा लक्षणा मता। तदुक्तं **नागेशभट्टेन परमलघुमञ्जूषायाम्** "सा च लक्षणा तात्स्थ्यादिनिमित्तका। तदाह – "तात्स्थ्यात् तथैव ताद्धर्म्यात् तत्सामीप्यात् तथैव च। तत्साहचर्यात् तादर्थ्यात् ज्ञेया वै लक्षणा बुधैः।।" ( ) इति। (१) तात्स्थ्याद् 'मञ्चाः हसन्ति', 'ग्रामः पलायितः'। (२) ताद्धर्म्यात् 'सिंहो माणवकः', 'गौर्वाहीकः'। (३) तत्सामीप्याद् 'गङ्गायां घोषः'।

---

= જ્ઞાત કે સ્મૃત ન હોવા છતાં પણ વાક્યના પ્રયોગ પછીના સમયે શ્રોતાને (૧) અભિધેયાર્થના સામીપ્ય વગેરેના આધારે લક્ષણાથી કે (૨) અન્યથાઅનુપપત્તિ, પ્રકરણ, આસત્તિ, શ્લેષ અલંકાર, અન્યોક્તિ, વિશિષ્ટ સંકેત, પટુતા, પ્રયોજન વગેરેના આધારે અર્થમૂલક વ્યંજનાથી તે અર્થનો ભાસ થતો હોય છે. તો આ પ્રમાણે જે અર્થનું ભાન થાય તે બોધ આર્થ (= આર્થિક = अर्थतः = 'अर्थम् अपेक्ष्य' = અર્થની અપેક્ષાએ ઉત્પન્ન થતો) બોધ કહેવાય છે - તેવો અહીં અભિપ્રાય છે.

### ❊ આલંકારિકમતે લક્ષણાના પાંચ નિમિત્ત ❊

(अभि.) અભિધેયાર્થનું સામીપ્ય વગેરે પાંચ નિમિત્તના લીધે આલંકારિકમતે પાંચ પ્રકારની લક્ષણા માન્ય છે. આ અંગે **ધ્વન્યાલોકની લોચન** વ્યાખ્યામાં એક કારિકા ઉદ્ધૃત કરવામાં આવેલી છે. તેનો અર્થ આ મુજબ છે કે "અભિધેય એવા અર્થના (૧) સામીપ્યથી, (૨) સારૂપ્યથી (= સાદૃશ્યથી), (૩) સમવાયથી, (૪) વૈપરીત્યથી અને (૫) ક્રિયાયોગથી લક્ષણા પાંચ પ્રકારે માન્ય છે."

### ❊ વૈયાકરણમતે લક્ષણાના પાંચ નિમિત્ત ❊

(वैया.) વૈયાકરણમત મુજબ બીજા પ્રકારે લક્ષણાના પાંચ નિમિત્ત હોવાથી બીજી રીતે પાંચ પ્રકારે લક્ષણા માન્ય છે. આ અંગે **નાગેશભટ્ટે પરમલઘુમંજૂષા** ગ્રંથમાં જણાવેલ છે કે "તે લક્ષણા તાત્સ્થ્ય વગેરે નિમિત્તે પ્રવર્તે છે. આ અંગે અન્યત્ર જણાવેલ છે. '(૧) તાત્સ્થ્ય, (૨) તાદ્ધર્મ્ય, (૩) તત્સામીપ્ય, (૪) તત્સાહચર્ય તથા (૫) તાદર્થ્ય - આ પાંચ નિમિત્તે પ્રવર્તનારી લક્ષણા પંડિતોએ જાણવી.' ઉદાહરણ સાથે આ અંગે વિચારણા આ રીતે કરવી. (૧) તાત્સ્થ્ય એટલે તેમાં રહેવાપણું. જેમ કે માંચડા ઉપર રહેલા પુરુષો હસતા હોય ત્યારે 'માંચડા હસે છે' - આમ બોલવું તે તાત્સ્થ્યનિમિત્તક લક્ષણા કહેવાય છે. તે જ રીતે ગામમાં રહેતા માણસો ભાગી જાય ત્યારે 'ગામ ભાગી ગયું' - આમ બોલવું તે પણ આ પ્રકારની જ લક્ષણા સમજવી. (૨) તાદ્ધર્મ્ય એટલે તેના ગુણધર્મો. સિંહના જેવા પરાક્રમ, નીડરતા વગેરે ગુણો હોવાથી 'માણવક સિંહ છે' - આ પ્રમાણે જે બોલવું તે તાદ્ધર્મ્યનિમિત્તક લક્ષણા સમજવી. તે જ રીતે વાહીકદેશમાં ઉત્પન્ન થયેલ માણસ ઢોર જેવો મૂઢ-અજ્ઞાની હોવાથી 'વાહીક ઢોર છે' - આ પ્રમાણે બોલવું તે પણ બીજા પ્રકારની જ લક્ષણા જાણવી. (૩) તત્સામીપ્ય એટલે તેનું નિકટપણું.

(४) तत्साहचर्याद् 'यष्टीः प्रवेशय'। (५) तादर्थ्याद् - इन्द्रार्था स्थूणा इन्द्रः" (प.ल.म.पृ.१७) इति।

आलङ्कारिकाणामिदमाकूतम् – अर्थस्य त्रिविधत्वाद् अर्थबोधिका शब्दशक्तिः त्रिधा अभिधा-लक्षणा-व्यञ्जनाभिधाना। तदुक्तं **विश्वनाथेन साहित्यदर्पणे** – "अर्थो वाच्यश्च लक्ष्यश्च व्यङ्ग्यश्चेति त्रिधा मतः। वाच्योऽर्थोऽभिधया बोध्यो लक्ष्यो लक्षणया मतः। व्यङ्ग्यो व्यञ्जनया ताः स्युस्तिस्रः शब्दस्य शक्तयः।।" (सा.द.२/२-३) इति। स्वार्थबोधमाधाय अभिधा-लक्षणयोः विरामेऽर्थान्तरबोधिका व्यञ्जनाऽभिधाना तृतीया शब्दशक्तिः उपयुज्यते। सा व्यञ्जना द्विधा शाब्दी आर्थी च। अभिधा-लक्षणामूलकतया शाब्दी व्यञ्जनाऽपि द्विधा भिद्यते। तदुक्तं **साहित्यदर्पणे** एव "विरतास्वभिधाद्यासु

---

ગંગાની નિકટ ઘોષ હોવાથી 'ગંગામાં ઘોષ છે' - આમ બોલવું તે તત્સામીપ્યનિમિત્તક લક્ષણા સમજવી.

(૪) તત્સાહચર્ય એટલે તેની સાથે ચરવું-ફરવું. લાકડીની સાથે જ હંમેશા ચાલતા માણસને ઉદ્દેશીને 'આ લાકડીને આવવા દો' - આમ બોલવું તે તત્સાહચર્યનિમિત્તક લક્ષણા કહેવાય.

**(૫)** તાદર્થ્ય એટલે તેના માટે હોવાપણું. યજ્ઞમાં ઈન્દ્ર માટે થાંભલો ગોઠવવામાં આવે ત્યારે 'આ થાંભલો ઈન્દ્ર છે' - આમ બોલવું તે તાદર્થ્યનિમિત્તક લક્ષણા સમજવી." છઠ્ઠી શાખાના આઠમા શ્લોકની વ્યાખ્યામાં આ બાબત વિસ્તારથી જણાવશું.

### ❋ વ્યંજનાવૃત્તિ વિચાર ❋

[redacted] :- શબ્દની વ્યંજનાવૃત્તિને અલંકારશાસ્ત્રનિષ્ણાતો સ્વીકારે છે. શબ્દ શક્તિ દ્વારા જે અર્થને બતાવે તે કરતાં વિલક્ષણ અર્થને વ્યંજનાવૃત્તિ દર્શાવે છે. 'વાહ ! તમારી બહાદુરી ! કૂતરો જોઈને ભાગ્યા !' અહીં શબ્દ શક્તિ દ્વારા તથા વ્યંજના દ્વારા જુદા-જુદા અર્થને દર્શાવે છે. 'તમને કચ્છી થોડા કહેવાય ? કચ્છી તો ભોળા હોય ભોળા !' અહીં પણ શક્યાર્થ કરતાં વ્યંગ્યાર્થ જુદો જ ભાસે છે. શબ્દ કાંઈક કહે અને વક્તાનું તાત્પર્ય કોઈક જુદી જ દિશામાં હોય ત્યારે આ વ્યંજના વૃત્તિ કામ કરે છે. શ્લેષ અલંકાર, વ્યાજસ્તુતિ અલંકાર, અન્યોક્તિ અલંકાર સમજવાથી આ વાત સ્પષ્ટ થઈ જાય છે.

### ❋ વ્યંજનાવૃત્તિના બે પ્રકાર ❋

**(आलङ्का.)** અલંકારશાસ્ત્રનિષ્ણાતોનું તાત્પર્ય એવું છે કે શબ્દના અર્થ ત્રણ પ્રકારે હોવાથી અર્થબોધક શબ્દશક્તિ પણ ત્રણ પ્રકારની છે. શબ્દશક્તિના ત્રણ નામ આ મુજબ છે - (૧) અભિધા, (૨) લક્ષણા, (૩) વ્યંજના. **વિશ્વનાથ** કવિએ **સાહિત્યદર્પણ** ગ્રંથમાં આ અંગે જણાવેલ છે કે 'વાચ્ય, લક્ષ્ય અને વ્યંગ્ય - આમ ત્રણ પ્રકારે અર્થ માન્ય છે. અભિધા દ્વારા શબ્દનો વાચ્યાર્થ જણાય છે. લક્ષણા દ્વારા લક્ષ્યાર્થ ભાસે છે. તથા વ્યંજના વડે વ્યંગ્યાર્થ જણાય છે. આમ શબ્દની શક્તિના ત્રણ ભેદ છે.' પોતાના અર્થનો બોધ કરાવીને શબ્દની અભિધાશક્તિ અને લક્ષણા જ્યારે અટકી જાય ત્યારે અન્ય અર્થનો બોધ કરાવવા માટે શબ્દગત વ્યંજના નામની ત્રીજી શક્તિ ઉપયોગી બને છે. તેના બે ભેદ છે. શાબ્દી વ્યંજના અને આર્થી વ્યંજના. શાબ્દી વ્યંજનાના પણ બે પ્રકાર છે. (૧) અભિધામૂલક શાબ્દી વ્યંજના તથા (૨) લક્ષણામૂલક શાબ્દી વ્યંજના. **સાહિત્યદર્પણ**માં જ કહેલ છે કે 'પોતપોતાના અર્થને બતાવીને અભિધા વગેરે વૃત્તિઓ = શબ્દશક્તિઓ શાન્ત થઈ ગઈ હોય ત્યારે જેના દ્વારા અર્થનો બોધ થાય તે વ્યંજના

ययाऽर्थो बोध्यते परः।। सा वृत्तिर्व्यञ्जना नाम शब्दस्याऽर्थादिकस्य च। अभिधा-लक्षणमूला शब्दस्य व्यञ्जना द्विधा।।" (सा.द.२/१२-१३) इति। वक्तृ-श्रोतृ-वाक्यान्यसन्निधि-वाच्य-प्रस्तावादिवैशिष्ट्या-दर्थान्तरबोधनाय तु आर्थी व्यञ्जना उपयुज्यते। तत्र अभिधया, लक्षणया शाब्द्या च व्यञ्जनया यो बोधः जायते स शाब्दो बोध उच्यते। यस्य बोधस्य जननी आर्थी व्यञ्जना स आर्थो बोध उच्यते। इदमालङ्कारिकाणां मतं कोष्ठकरूपेणैवं बोध्यम् –--

**शब्दशक्तिः**
- **(१) अभिधा**
- **(२) लक्षणा**
- **(३) व्यञ्जना**
  - **शाब्दी**
    - **अभिधामूला**
    - **लक्षणामूला**
  - **आर्थी**

प्रकृते त्वित्थमिदं योज्यं यदुत 'वस्तु कथञ्चिद् द्रव्यात्मकमि'ति सुनयवाक्यस्थशब्दनिष्ठा-ऽभिधाऽऽख्यशक्तितो वस्तुनि द्रव्यात्मकताऽवगमेऽपि कथञ्चित्पदघटितस्य तस्य सुनयत्वेन प्रमाण-परिकरभूतत्ववैशिष्ट्याद् द्रव्यार्थिकनयवादिलक्षणवक्तृवैशिष्ट्याद् 'द्रव्यात्मकमि'तिपदसमभिव्याहृत-कथञ्चित्पदसन्निधिवैशिष्ट्याच्च आर्थी व्यञ्जना गुण-पर्यायात्मकत्वलक्षणमर्थान्तरं बोधयति। ततश्चा-

કહેવાય છે. તે વ્યંજના શબ્દની અને અર્થ વગેરેની હોય છે. શાબ્દી વ્યંજનાના પણ બે પ્રકાર છે. (૧) અભિધામૂલક અને લક્ષણામૂલક.' તથા વક્તા, શ્રોતા, વાક્ય, અન્યનું સંનિધાન, વાચ્યાર્થ, પ્રસ્તાવ વગેરેના વૈશિષ્ટ્યના (વિશેષતાના) કારણે જે શબ્દશક્તિ અન્ય (શક્યાર્થથી અને લક્ષ્યાર્થથી ભિન્ન) અર્થનો બોધ કરાવવા માટે ઉપયોગી થાય તે આર્થી વ્યંજના કહેવાય છે. તેમાં અભિધાથી, લક્ષણાથી અને શાબ્દી વ્યંજનાથી જે બોધ થાય તે શાબ્દ બોધ કહેવાય છે. તથા આર્થી વ્યંજનાથી જે બોધ ઉત્પન્ન થાય તે આર્થ બોધ કહેવાય છે. આ પ્રમાણે અલંકારશાસ્ત્રનિષ્ણાતોનો મત છે. કોષ્ઠક સ્વરૂપે તેનું દિગ્દર્શન પરામર્શકર્ણિકા વ્યાખ્યામાં સ્પષ્ટ છે. તેથી ફરીથી ગુજરાતીમાં તેનું નિરૂપણ જરૂરી નથી.

### ❋ નયવાક્યજન્ય બોધની વિચારણા ❋

**(प्रकृते.)** પ્રસ્તુતમાં આ બાબતને એ રીતે જોડવી કે કોઈ દ્રવ્યાર્થિકનયવાદી 'વસ્તુ કથંચિત્ દ્રવ્યાત્મક છે' - આ પ્રમાણે વાક્યપ્રયોગ કરે તો તે વાક્ય 'કથંચિત્' પદથી ઘટિત હોવાથી સુનયસ્વરૂપ છે. આ વાક્યના શબ્દમાં રહેલી અભિધા નામની શક્તિથી વસ્તુમાં દ્રવ્યાત્મકતાનું જે ભાન થાય છે તે શાબ્દ બોધ સમજવો. પરંતુ તે સુનય હોવાથી પ્રમાણનું ઘટક છે. માટે જ પ્રમાણવિષયીભૂત વસ્તુનિષ્ઠ ગુણ-પર્યાયાત્મકતા દ્રવ્યાર્થિકનયવાદીના ખ્યાલની બહાર નથી. તથાવિધ ગુણ-પર્યાયાત્મકતા તાત્પર્યવિષયભૂત જ છે. આમ ઉપરોક્ત દ્રવ્યાર્થિકનયવાક્ય પ્રમાણપરિકરત્વથી વિશિષ્ટ છે, દ્રવ્યાર્થિકનયવાદીસ્વરૂપ વક્તાથી વિશિષ્ટ છે, 'द्रव्यात्मकम्' એવા પદથી સમભિવ્યાહૃત કથંચિત્ પદના સન્નિધાનથી વિશિષ્ટ છે. આ ત્રણેય વિશિષ્ટતાને = વિશેષતાને લીધે આર્થી વ્યંજના વસ્તુમાં ગુણ-પર્યાયાત્મકતાસ્વરૂપ અન્ય અર્થનો બોધ

त्रैकस्मादेव द्रव्यास्तिकनयवचनाद् वस्तुनि द्रव्यात्मकत्वगोचरः शाब्दः बोधः अभिधाशक्तिजन्यः गुण-पर्यायात्मकत्वगोचरश्च आर्थः बोधः आर्थीव्यञ्जनाजन्यः आलङ्कारिकमतानुसारेण सम्भवत्येव।

***न च*** तथापि क्रमिकत्वमेव तयोः युज्यत इति ***शङ्कनीयम्,***

युगपत्तदुभयप्रतीतेः। सम्मतञ्चेदमालङ्कारिकाणामपि। तदुक्तं **ध्वन्यालोके आनन्दवर्धनेन** "न हि व्यङ्ग्ये प्रतीयमाने वाच्यबुद्धिः दूरीभवेत्, वाच्याऽवभासाऽविनाभावेन तस्य प्रकाशनाद्" (ध्व.उद्योत-३ पृ.३०९) इति।

वैयाकरणमतानुसारेण प्रसिद्धाऽप्रसिद्धशक्तिमूलकोभयांशभानं सम्भवति। तदुक्तं **नागेशेन परमलघुमञ्जूषायाम्** "शक्तिः द्विविधा – प्रसिद्धा अप्रसिद्धा च। (१) आमन्दबुद्धिवेद्यत्वं प्रसिद्धत्वम्। (२) सहृदयहृदयमात्रवेद्यत्वम् अप्रसिद्धत्वम्। तत्र गङ्गादिपदानां प्रवाहादौ प्रसिद्धशक्तिः, तीरादौ चाऽप्रसिद्धेति

---

કરાવે છે. તેથી પ્રસ્તુતમાં 'વસ્તુ કથંચિત્ દ્રવ્યાત્મક છે' - આવા એક જ દ્રવ્યાસ્તિકનયવાક્યથી વસ્તુમાં દ્રવ્યાત્મકતાવિષયક જે શાબ્દ બોધ થાય છે તે શબ્દગત અભિધા નામની શક્તિથી ઉત્પન્ન થાય છે તથા ગુણ-પર્યાયાત્મકતાવિષયક જે અન્ય આર્થ બોધનો પ્રાદુર્ભાવ થાય છે તે આર્થી વ્યંજનાથી જન્ય છે. આ રીતે એક જ નયવાક્યથી શાબ્દ બોધ અને આર્થ બોધ - આમ બે પ્રકારના બોધ અલંકારશાસ્ત્રવિશારદોના મત મુજબ થઈ શકે છે.

**શંકા** :- (न च.) ભલે એક નયવાક્ય દ્વારા શાબ્દ બોધ અને આર્થ બોધ - એમ બન્ને પ્રકારના બોધ થાય. છતાં પણ તે બન્નેમાં ક્રમિકપણું જ માનવું યોગ્ય છે. તેથી વાચ્યાર્થનો અને વ્યંગ્યાર્થનો એકીસાથે પ્રકાશ નહિ થાય. તેથી યુગપદ્ વૃત્તિદ્વયની પ્રવૃત્તિ માન્ય નહિ થાય.

## ✻ વાચ્ય-વ્યંગ્યની યુગપત્ પ્રતીતિ ✻

**સમાધાન** :- (युगप.) તમારી શંકા વ્યાજબી નથી. કારણ કે શાબ્દ બોધમાં વાચ્યાર્થની પ્રતીતિ જ્યારે થાય છે ત્યારે જ આર્થ બોધમાં વ્યંગ્યાર્થની પ્રતીતિ થાય છે. અનુભવ આ પ્રમાણે છે. માટે યુગપદ્ વૃત્તિદ્વયની પ્રવૃત્તિ માનવામાં વિરોધ નથી. આ વાત અલંકારશાસ્ત્રનિષ્ણાતોને પણ માન્ય છે. **ધ્વન્યાલોક** ગ્રંથમાં **આનંદવર્ધનજી**એ જણાવેલ છે કે 'વ્યંગ્યની પ્રતીતિ થતી હોય ત્યારે વાચ્યવિષયક બુદ્ધિ દૂર ન થઈ શકે. કારણ કે વ્યંગ્યાર્થનું પ્રકાશન વાચ્યાર્થના (=અભિધાશક્તિ-વિષયના) અવભાસની સાથે અવિનાભાવસંબંધથી થાય છે.' આમ વાચ્યના અને વ્યંગ્યના અવિભક્ત પ્રકાશ દ્વારા યુગપદ્ વૃત્તિદ્વયની પ્રવૃત્તિ સિદ્ધ થાય છે. આમ અલંકારશાસ્ત્રસિદ્ધાન્ત મુજબ, એક જ નયવાક્યથી વસ્તુના એક અંશનું શાબ્દ બોધમાં અને અન્ય અંશનું આર્થ બોધમાં યુગપત્ ભાન સંભવે જ છે.

## ❁ પ્રસિદ્ધ-અપ્રસિદ્ધ શક્તિથી શાબ્દબોધ : વૈયાકરણ ❁

**(वैया.)** વૈયાકરણ વિદ્વાનોના મત મુજબ પ્રસિદ્ધ અને અપ્રસિદ્ધ શક્તિના માધ્યમથી વસ્તુના ઉભય અંશનું ભાન થઈ શકે છે. આ અંગે **નાગેશભટ્ટ** નામના વૈયાકરણે **પરમલઘુમંજૂષા** ગ્રંથમાં જણાવેલ છે કે "શબ્દની શક્તિ બે પ્રકારે છે. (૧) પ્રસિદ્ધ અને (૨) અપ્રસિદ્ધ. મંદબુદ્ધિવાળા પણ જેને ઓળખી શકે તે પ્રસિદ્ધ શક્તિ. તથા વિશિષ્ટબુદ્ધિવાળા જ જેને પારખી શકે તે અપ્રસિદ્ધ શક્તિ. જેમ કે 'ગંગા'

किमनुपपन्नम् ?" (प.ल.म.पृ.२१) इति। प्रसिद्धशक्तिज्ञानप्रसूतं वाच्यार्थभानं शाब्दबोधे अप्रसिद्धशक्तिज्ञानोपहितम् अर्थान्तरभानं तु आर्थबोधेऽन्तर्भावनीयम्।

**भावप्रकाशने शारदातनयेन** पदार्थेषु पदानां अभिधा, लक्षणा, गौणी चेति त्रिधा वृत्तिः दर्शिता (भा.प्र.६/१५८-१६२)। 'सिंहो देवदत्त' इत्यादौ गौणी वृत्तिः इष्टा। अप्रसिद्धशक्तिः अभ्युपगम्यताम्, गौणवृत्तिर्वा उच्यताम्, आर्थी व्यञ्जना वा कथ्यताम्। नात्र नः स्याद्वादिनाम् आग्रहः कश्चित्।

इत्थं नयवाक्याद् वाच्यार्थभानं शाब्दबोधे भवति, अर्थान्तराऽवगाहनन्तु आर्थबोधे भवति। अतः तत्तन्नयवाक्यात् शाब्दबोधाऽऽर्थबोधाभ्यामेकस्यार्थस्य द्रव्य-गुण-पर्यायात्मकत्ता युगपत् प्रतीयते इति मुख्याऽमुख्यवृत्तिभ्यां सिद्धम्। तथाहि – द्रव्यार्थिकनयवचनात् शाब्दबोधे अर्थनिष्ठा द्रव्यात्मकता ज्ञायते आर्थबोधे च गुण-पर्यायात्मकता। पर्यायार्थिकनयवाक्यात् शाब्दबोधे अर्थनिष्ठा गुण-पर्यायात्मकता आर्थबोधे च द्रव्यात्मकता ज्ञायते। इत्थमपि नयवाक्याद् युगपद् मुख्याऽमुख्यवृत्तिभ्यामेकोऽर्थः त्रयात्मको ज्ञायते इति सिध्यति।

---

પદની જલપ્રવાહવિશેષમાં જે શક્તિ છે તે પ્રસિદ્ધ. તથા 'કિનારા' વગેરે અર્થમાં જે 'ગંગા' પદની શક્તિ છે તે અપ્રસિદ્ધ. આવું માનવામાં શું અસંગતિ આવે ? કશી નહિ." પ્રસ્તુતમાં આના દ્વારા એમ કહી શકાય કે પ્રસિદ્ધ શક્તિના જ્ઞાનથી જે વાચ્યાર્થભાન થાય તેનો અંતર્ભાવ શાબ્દબોધમાં કરવો તથા અપ્રસિદ્ધ શક્તિના જ્ઞાનથી અન્ય અર્થનું જે ભાન થાય તેનો અન્તર્ભાવ આર્થબોધમાં કરવો.

(**भाव.**) **ભાવપ્રકાશન**માં **શારદાતનયે** પદાર્થોમાં પદોની ત્રણ પ્રકારની વૃત્તિ (= અર્થપ્રતિપાદક શક્તિ) જણાવી છે. (૧) અભિધા, (૨) લક્ષણા, (૩) ગૌણી, 'દેવદત્ત સિંહ છે' - વગેરે સ્થળે સિંહગત શૂરવીરતા-ક્રૂરતા વગેરે ગુણધર્મોની દેવદત્તમાં જે પ્રતીતિ થાય છે, ત્યાં ગૌણી વૃત્તિ તેમને માન્ય છે. અપ્રસિદ્ધશક્તિ કહો કે ગૌણવૃત્તિ કહો કે આર્થી વ્યંજના કહો. અહીં નામ અંગે અમને અનેકાંતવાદીને કોઈ આગ્રહ નથી.

## ✡ દ્વિવિધ બોધ દ્વારા ત્રિતયાત્મકતાનું ભાન ✡

(**इत्थं.**) આ રીતે નયવાક્યથી વાચ્યાર્થનું = સ્વાર્થનું = મુખ્યાર્થનું = અભિપ્રેતાર્થનું = નયવિવક્ષિતાર્થનું ભાન શાબ્દ બોધમાં થાય છે. તથા અન્ય અર્થનું ભાન આર્થ બોધમાં થાય છે. આથી તે તે નયવાક્યના લીધે શાબ્દ બોધ અને આર્થ બોધ દ્વારા એક જ અર્થમાં મુખ્ય-અમુખ્યવૃત્તિથી ત્રિતયાત્મકતાની = દ્રવ્ય -ગુણ-પર્યાયાત્મકતાની એકીસાથે પ્રતીતિ થાય છે - આ પ્રમાણે સિદ્ધ થાય છે. તે આ રીતે સમજવું – દ્રવ્યાર્થિકનયના વાક્યથી શાબ્દ બોધમાં અર્થનિષ્ઠ દ્રવ્યાત્મકતાનું ભાન થાય છે તથા આર્થ બોધમાં ગુણ-પર્યાયાત્મકતાનું ભાન થાય છે. પર્યાયાર્થિકનયના વાક્યથી શાબ્દ બોધમાં અર્થનિષ્ઠ ગુણ-પર્યાયાત્મકતાનું ભાન થાય છે તથા આર્થ બોધમાં દ્રવ્યાત્મકતાનું ભાન થાય છે. આ રીતે પણ નયવાક્ય એકીસાથે મુખ્યવૃત્તિથી અને અમુખ્યવૃત્તિથી = ઉપચારવૃત્તિથી = આરોપવૃત્તિથી = આર્થી વ્યંજનાથી એક જ વસ્તુમાં દ્રવ્યાત્મકતાનું, ગુણાત્મકતાનું અને પર્યાયાત્મકતાનું ભાન કરાવે છે – તેવું સિદ્ધ થાય છે.

***तेन*** क्रमिकभङ्गद्वयजन्यप्रतीत्यपेक्षया युगपदवक्तव्यत्वस्याऽबाधवद् नयवादतः क्रमिकवाक्यद्वयेन शक्यार्थ-लक्ष्यार्थभानापेक्षया युगपदवक्तव्यत्वस्यैव भानं प्रसज्येतेत्युक्तावपि ***न क्षतिः,***

सप्तभङ्ग्यां तृतीयभङ्गे श्रोतुः तथाविधजिज्ञासया अवक्तव्यत्वोक्तावपीह नयवादे आलङ्कारिकमतमनुसृत्य वक्तुरिच्छानुसारेण शाब्दाऽऽर्थबोधयोरेकस्य वस्तुनो मुख्य-गौणवृत्तिभ्यां द्रव्य-गुण-पर्यायात्मकत्वावगाहित्वस्य न्याय्यत्वादिति। तथाहि – 'वस्तु कथञ्चिद् द्रव्यात्मकम्' इति द्रव्यार्थिकनयवाक्याद् वक्त्रभिप्रायानुसारेण श्रोतुः शाब्दबोधे वस्तुनिष्ठसापेक्षद्रव्यात्मकत्त्वं भासते आर्थबोधे च वस्तुनिष्ठसापेक्षगुण-पर्यायात्मकता अवभासते। 'वस्तु कथञ्चिद् गुण-पर्यायात्मकम्' इति पर्यायार्थिकनयवाक्यात् तु तात्पर्यमनुसृत्य श्रोतुः शाब्दबोधे वस्तुनिष्ठसापेक्षगुण-पर्यायात्मकता विभासते आर्थबोधे च

---

**પૂર્વપક્ષ** :- (तेन.) જેમ 'ક્રમિક સત્ત્વવિષયક અને અસત્ત્વવિષયક પ્રથમ અને દ્વિતીય ભાંગાથી ઉત્પન્ન થનાર પ્રતીતિની અપેક્ષાએ યુગપત્ વિવક્ષા હોય ત્યારે સાપેક્ષસત્ત્વ-અસત્ત્વવિષયક અવક્તવ્યત્વપ્રકારક પ્રતીતિને જુદી માનીને અવક્તવ્યત્વ નામનો ત્રીજો ભાંગો અબાધિત રહે છે' - તેવું સિદ્ધ કરવામાં આવે છે તેમ તુલ્ય યુક્તિથી કહી શકાય છે કે 'નયવાદનું અવલંબન લઈને ક્રમિક બે નય વાક્ય દ્વારા શક્યાર્થની અને લક્ષ્યાર્થની જે પ્રતીતિ થાય છે તેની અપેક્ષાએ જુદી એવી શક્યાર્થ-લક્ષ્યાર્થવિષયક અવક્તવ્યત્વપ્રકારક પ્રતીતિ યુગપત્ વિવક્ષાથી થાય છે' - આવું માનવાથી નયવાક્ય એક પદાર્થમાં મુખ્ય-ગૌણભાવે ત્રિતયાત્મકતાનું પ્રતિપાદન કરી નહિ શકે પણ અવક્તવ્યત્વનું જ પ્રતિપાદન કરશે.

### ❀ જિજ્ઞાસા મુજબ પ્રતિપાદન, તાત્પર્ય મુજબ બોધ ❀

**ઉત્તરપક્ષ** :- (सप्त.) તમારી આ દલીલ વ્યાજબી નથી. આનું કારણ એ છે કે હંમેશા શ્રોતાની જિજ્ઞાસા મુજબ વક્તા વસ્તુનું પ્રતિપાદન કરે છે. તથા શ્રોતાને વક્તાના અભિપ્રાય = તાત્પર્ય અનુસાર જ બોધ થાય છે. જો આવું ન થાય તો વક્તાને કે શ્રોતાને ઉન્મત્ત માનવા પડે. આ નિયમને લક્ષમાં રાખીને પ્રસ્તુતમાં સપ્તભંગીસ્થળમાં ત્રીજા ભાંગામાં સાપેક્ષસત્ત્વ-અસત્ત્વવિષયક યુગપત્ જિજ્ઞાસા શ્રોતાને હોવાથી ત્યાં વક્તા 'स्याद् अवक्तव्य एव' આ પ્રમાણે બોલે તે વ્યાજબી છે. પણ પ્રસ્તુતમાં **ધ્વન્યાલોકાદિ** અલંકારશાસ્ત્રના નિષ્ણાતોના મતને અનુસરીને એમ કહી શકાય છે કે 'પદાર્થનું સ્વરૂપ કેવું છે ?' આવી શ્રોતાને જિજ્ઞાસા ઉપસ્થિત થતાં નયવાદનું અવલંબન કરીને ગુરુ અહીં દ્રવ્યાર્થિકનયવાક્ય દ્વારા જવાબ આપે છે કે 'पदार्थः कथञ्चिद् द्रव्यात्मकः' આવું બોલવાની પાછળ વક્તાનો આશય એવો રહેલો છે કે 'મુખ્યરૂપે પદાર્થ દ્રવ્યાત્મક છે તથા ગૌણરૂપે પદાર્થ ગુણ-પર્યાયાત્મક છે.' વક્તાના આવા અભિપ્રાય મુજબ શ્રોતાને શાબ્દ બોધમાં પદાર્થગત સાપેક્ષ દ્રવ્યાત્મકતાનું ભાન થશે તથા આર્થ બોધમાં વસ્તુગત સાપેક્ષ ગુણ-પર્યાયાત્મકતાનું ભાન થશે. આ પ્રમાણે બોધ માનવામાં આવે તો જ શ્રોતાએ વક્તાને ન્યાય આપ્યો કહેવાય. તથા વક્તા પર્યાયાર્થિકનયવાક્ય દ્વારા એવો જવાબ આપે છે કે 'पदार्थः कथञ्चिद् गुण-पर्यायात्मकः' આવું બોલવાની પાછળ વક્તાનું તાત્પર્ય એવું છે કે 'મુખ્યરૂપે વસ્તુ ગુણ-પર્યાયસ્વરૂપ છે તથા ગૌણરૂપે વસ્તુ દ્રવ્યાત્મક છે.' વક્તાના આવા અભિપ્રાય = તાત્પર્ય અનુસાર શ્રોતાને શાબ્દ બોધમાં વસ્તુગત સાપેક્ષ ગુણ -પર્યાયાત્મકતાનું ભાન થશે તથા આર્થ બોધમાં વસ્તુગત સાપેક્ષ દ્રવ્યાત્મકતાનું ભાન થશે. આ રીતે પ્રસ્તુતમાં

ઈમ જ્ઞાનદૃષ્ટિં જગના ભાવ દેખિયઈ. *ઈતિ ૫૫ ગાથાનો અર્થ કહિઓ.* ॥૫/૧॥

वस्तुनिष्ठसापेक्षद्रव्यात्मकता प्रकाशते।

इदमेवाभिप्रेत्य **सिद्धिविनिश्चये अकलङ्कस्वामिना** "द्रव्यार्थिकस्य पर्यायाः सन्त्येवाऽत्राऽविवक्षिताः। पर्यायार्थिकस्याऽपि सद् द्रव्यं परमार्थतः।।" (सि.वि.१०/५, भाग-२/पृ.६६८) इत्युक्तम्। ततश्चाऽत्र सुष्ठूक्तं 'मुख्योपचारवृत्तिभ्याम् एकोऽर्थो नयवादिना त्रयात्मको ज्ञायते'-इति अलं पिष्टपेषणेन।

इत्थं **जिनोक्तरीत्या** = अर्हदुपदिष्टस्याद्वादपद्धत्या **ज्ञानदृष्ट्या** = प्रमाण-नयात्मकज्ञानदृष्ट्या **जगत्** द्रव्य-गुण-पर्यायात्मकं **विलोक्यतां** = समीक्ष्यताम्। प्रमाणादिना पदार्थाऽपरीक्षणे युक्तमयुक्तं प्रतिभासेत, अयुक्तञ्च युक्तम्। तदुक्तं **विशेषावश्यकभाष्ये** "[1]अत्थं जो न समिक्खइ निक्खेव-नय-प्पमाणओ विहिणा। तस्साऽजुत्तं जुत्तं,जुत्तमजुत्तं व पडिहाइ।।" (वि.आ.भा.२२७३) इति। तदुक्तं **त्रिलोकप्रज्ञप्तौ** अपि "[2]जो ण पमाण-णएहिं णिक्खेवेणं णिरिक्खदे अत्थं। तस्साऽजुत्तं जुत्तं, जुत्तमजुत्तं व पडिहाइ।।" (त्रि.प्र.१/८२) इति। यथोक्तं **धवलायामपि वीरसेनाचार्येण** "प्रमाण-नय-निक्षेपैर्योऽर्थो नाभिसमीक्ष्यते।

નયવાદનું અવલંબન લઈને વક્તાના અભિપ્રાય મુજબ શાબ્દ બોધમાં અને આર્થ બોધમાં પ્રત્યેક વસ્તુગત દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મકતાનું મુખ્ય-ગૌણભાવે ભાન, આલંકારિક મત મુજબ પણ, થઈ જાય છે - આ પ્રમાણે માનવું ન્યાયસંગત છે.

### ❖ નયાન્તરસાપેક્ષ નય અર્થબોધક ❖

**(इदमे.)** આ જ અભિપ્રાયથી **સિદ્ધિવિનિશ્ચય** ગ્રંથમાં **અકલંકસ્વામી**એ જણાવેલ છે કે "દ્રવ્યાર્થિકનયના મતે વસ્તુમાં પર્યાયો તો હાજર જ છે. ફક્ત દ્રવ્યાર્થિકનય તેની વિવક્ષા = ગણતરી કરતો નથી. તે પર્યાયોને ગૌણ બનાવે છે. તે જ રીતે પર્યાયાર્થિકનયના મતે પણ વસ્તુમાં પરમાર્થથી દ્રવ્ય હાજર જ છે. ફક્ત તેની તે વિવક્ષા કરતો નથી." તેથી 'મુખ્ય-ગૌણવૃત્તિથી એક વસ્તુ નયવાદથી ત્રયાત્મક જણાય છે' - આવું મૂળ શ્લોકમાં જે જણાવેલ હતું તે વ્યાજબી જ હતું. આમ સિદ્ધ થાય છે. આથી આ બાબતમાં પિષ્ટપેષણ કરવાથી સર્યું.

### ✡ નય-પ્રમાણ દ્વારા પદાર્થપરીક્ષા આવશ્યક ✡

**(इत्थं.)** આ રીતે અરિહંત ભગવંતે દર્શાવેલ સ્યાદ્વાદપદ્ધતિ મુજબ પ્રમાણાત્મક જ્ઞાનની દૃષ્ટિથી તથા નયાત્મક જ્ઞાનની દૃષ્ટિથી દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક જગતનું દર્શન કરવું જોઈએ. જો પ્રમાણ વગેરે દ્વારા પદાર્થની પરીક્ષા કરવામાં ન આવે તો સાચો પદાર્થ ખોટો લાગે અને ખોટો પદાર્થ સાચો લાગે. આ અંગે **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે '(૧) નિક્ષેપ, (૨) નય અને (૩) પ્રમાણ દ્વારા વિધિપૂર્વક જે વ્યક્તિ પદાર્થની સમીક્ષા ન કરે તેને ખોટો પદાર્થ સાચો લાગે અથવા સાચો પદાર્થ ખોટો લાગે છે.' **ત્રિલોકપ્રજ્ઞપ્તિ**માં તથા **ષટ્ખંડાગમની વીરસેનાચાર્યકૃત ધવલા** વ્યાખ્યામાં પણ આ જ વાત કરેલ

*..* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી.ફક્ત લા.(૨)માં છે. 1. अर्थं यो न समीक्षते निक्षेप-नय-प्रमाणतो विधिना। तस्याऽयुक्तं युक्तम्, युक्तमयुक्तं वा प्रतिभाति।। 2. यो न प्रमाण-नयैः निक्षेपेण निरीक्षतेऽर्थम्। तस्याऽयुक्तं युक्तं युक्तञ्चायुक्तं वा प्रतिभाति।।

युक्तञ्चाऽयुक्तवद् भाति, तस्याऽयुक्तञ्च युक्तवद्।।" (**षट्खण्डागम**-पुस्तक-१ **धवला** पृ.१६) इति। ततश्च प्रमाणादिकमभ्यसनीयम् इति।। ***ध्रुवपदव्याख्यानम्***।।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'नयः मुख्यवृत्त्या स्वाभिप्रायं गौणवृत्त्या च पराभिप्रायं दर्शयती'ति राद्धान्तं मनसिकृत्य यथाप्रयोजनं निजभूमिकौचित्येन नयाः आलम्बनीयाः। तथाहि - निश्चयनयाऽजीर्णाऽहङ्कारौद्धत्योत्सेकोच्छृङ्खलतादिपरिहारकृते 'सिंहोऽप्यहं कर्मपञ्जरबद्धः' इति निश्चयोपसर्जनेन व्यवहारनयप्राधान्यतो विभावनीयम्। दीनता-हीनता-हताशतोद्विग्नतादिपारवश्ये 'कर्मपञ्जरबद्धोऽप्यहं सिंहः' इति व्यवहारोपसर्जनेन निश्चयनयमुख्यता आलम्बनीया।

एवं 'प्रतिवस्तु द्रव्य-गुण-पर्यायात्मकमि'ति सिद्धान्तं चेतसिकृत्य वस्तुनो गुण-पर्याययोः राग-द्वेषोत्पादकत्वे ताभ्यां स्वदृष्टिं परावृत्त्य वस्तुनो द्रव्यात्मकतायां सा स्थाप्या। इयं द्रव्यदृष्टिः

---

છે. તેથી પ્રમાણ વગેરેનો અભ્યાસ કરવો જોઈએ. **(ધ્રુવપદવ્યાખ્યા)**

### ❖ સત્ય હકીકતનું સમર્થન કર્તવ્ય ❖

**[illegible]** :- નયવાક્ય પ્રત્યેક પદાર્થને ગૌણ-મુખ્યભાવે દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મકરૂપે જણાવે છે. આ હકીકત છે. 'सिद्धस्य गतिः चिन्तनीया' - આ ન્યાય મુજબ ગ્રંથકારશ્રીએ ઉપરોક્ત હકીકતની ત્રણ પ્રકારે સિદ્ધિ કરેલ છે. (૧) યુગપત્ શક્તિની અને લક્ષણાની પ્રવૃત્તિ માન્ય કરીને મુખ્ય-ગૌણભાવે પ્રત્યેક પદાર્થમાં દ્રવ્યાદિત્રિતયાત્મકતાનું યુગપત્ ભાન થઈ શકે છે. (૨) એક જ નયવાક્યની આવૃત્તિ કરી ક્રમિક બે (સમાન) વાક્યથી પ્રત્યેક પદાર્થમાં મુખ્ય-ગૌણભાવે ક્રમશઃ ત્રિતયાત્મકતાનું ભાન થઈ શકે છે. (૩) શાબ્દ બોધ અને આર્થ બોધ દ્વારા પ્રત્યેક પદાર્થમાં દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મકતાનું યુગપદ્ ભાન થઈ શકે છે.

### ✡ નિશ્ચય-વ્યવહારનો ગૌણ-મુખ્યભાવ સમજીએ ✡

**[illegible] ઉપનય** :- 'નય મુખ્યવૃત્તિથી પોતાના અભિપ્રાયને જણાવે અને ઉપચારવૃત્તિથી = ગૌણવૃત્તિથી અન્ય નયના અભિપ્રાયને જણાવે' - આ સિદ્ધાન્તને મનમાં રાખીને આધ્યાત્મિક પ્રયોજન મુજબ, પોતાની ભૂમિકાને ઉચિત બને તે રીતે નયોનું અવલંબન કરવું. જેમ કે (૧) કોઈ વ્યક્તિને નિશ્ચયનયનું અજીર્ણ થયું હોય, અહંકાર-ઉદ્ધતાઈ-સ્વપ્રશંસા-ઉચ્છૃંખલતા વગેરે અંદરમાં છવાયેલ હોય તો તેણે નિશ્ચયનયને ગૌણ કરીને વ્યવહારનયની મુખ્યતાથી વિભાવના કરવી કે 'હું સિંહ (જેવો શૂરવીર) છું પણ કર્મના પાંજરામાં હાલ પૂરાયેલો છું.' આનાથી અહંકાર વગેરે દોષો ઝડપથી દૂર થાય છે. તથા (૨) દીનતા, હીનતા, હતાશા, ઉદ્વિગ્નતા વગેરેથી આત્મા ઘેરાઈ ગયો હોય તેવી અવસ્થામાં વ્યવહારનયને ગૌણ કરી, નિશ્ચયનયની મુખ્યતાનું આલંબન લઈને વિચારવું કે 'કર્મના પાંજરામાં પૂરાયેલ હોવા છતાં પણ હું સિંહ (જેવો મહાપરાક્રમી) છું.' આ રીતે નયોનું ગૌણ-મુખ્યભાવે આલંબન લઈને મોક્ષમાર્ગે આગળ વધવું.

### ❀ નય-પ્રમાણદૃષ્ટિનો આધ્યાત્મિક ઉપયોગ ❀

(**एवं**.) 'પ્રત્યેક પદાર્થ દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક છે' - આ જૈન સિદ્ધાન્તનો આધ્યાત્મિક દૃષ્ટિએ એવી રીતે પણ ઉપયોગ થઈ શકે છે કે કોઈ વસ્તુના ગુણ-પર્યાય રાગ-દ્વેષોત્પાદક બનતા હોય ત્યારે આપણી નજરને ગુણ-પર્યાય ઉપરથી ખસેડીને વસ્તુની દ્રવ્યાત્મકતા ઉપર સ્થિર કરવી. આ દ્રવ્યદૃષ્ટિ સમતાને

समत्व-परममाध्यस्थ्यादिसम्पादिका। गुणिजनगोचरद्वेषाशातनादिपरिणामाविर्भावकाले तु तस्य निर्मल-गुणात्मकतां पवित्रश्रामण्यादिपर्यायात्मकतां च विलोक्य गुणानुरागादिजननाय निष्कपटं यतितव्यम्। इत्थमस्मदीयाऽऽध्यात्मिकोन्नतिकृते प्रतिवस्तु गौण-मुख्यभावेन द्रव्यात्मकतायां, गुणात्मकतायां पर्यायात्मकतायां वा निजा नयदृष्टिः स्थापनीया। क्षपकश्रेण्यारोहणकृते च प्रतिवस्तु ध्रुवद्रव्यात्मकता निरुपाधिकगुणरूपता परिशुद्धसिद्धादिपर्यायात्मकता चाऽसङ्गभावेन मुख्यतया अहर्निशं विलोकनीया। एतादृशप्रमाणदृष्ट्या सर्वदा सदुपयोगलीनता एव परमश्रेयस्करी।

इत्थं नय-प्रमाणदृष्टिसमवलम्बनतः द्रुतं भवितव्यतापरिपाकः सम्पनीपद्येत। ततश्च "यदाराध्यं च यत्साध्यं यद् ध्येयं यच्च दुर्लभम्। चिदानन्दमयं तत् तैः सम्प्राप्तं परमं पदम्।।" (गु.क्र.१३४) इति **गुणस्थानकक्रमारोहे श्रीरत्नशेखरसूरि**दर्शितं परमपदं नातिदूरवर्ति स्याद् इत्यस्माकमाभाति।।५/१।।

લાવનાર બને છે. મોક્ષબીજભૂત પરમ માધ્યસ્થ્યને લાવનાર પણ આ દ્રવ્યકેન્દ્રિત દૃષ્ટિ જ બને છે. તથા જ્યારે કોઈ ગુણીયલ આરાધક વ્યક્તિ પ્રત્યે દ્વેષ થતો હોય, તારક સ્થાનની આશાતના કરવાના પરિણામમાં જીવ અટવાઈ જતો હોય ત્યારે સામેની ગુણીયલ વ્યક્તિમાં રહેલ શુદ્ધગુણાત્મકતા તથા પવિત્ર શ્રામણ્યાદિપર્યાયાત્મકતા ઉપર આપણી દૃષ્ટિને કેન્દ્રિત કરી તેના પ્રત્યે ગુણાનુરાગ-સદ્ભાવ જગાડવા માટે પ્રામાણિકપણે આંતરિક પુરુષાર્થ કરવો જોઈએ. આ રીતે આપણી આધ્યાત્મિક ઉન્નતિમાં નિમિત્ત બને તે રીતે દરેક વસ્તુમાં રહેલ દ્રવ્યાત્મકતા, ગુણાત્મકતા અને પર્યાયાત્મકતા ઉપર ગૌણ-મુખ્યભાવે આપણી નયદૃષ્ટિને સ્થાપિત કરવી. તથા ક્ષપકશ્રેણિ ઉપર ઝડપથી આરૂઢ થવા માટે પ્રત્યેક વસ્તુમાં રહેલ ધ્રુવદ્રવ્યાત્મકતાને, નિરુપાધિક ગુણાત્મકતાને અને શુદ્ધ સિદ્ધાદિપર્યાયાત્મકતાને અસંગ સાક્ષીભાવે અહર્નિશ મુખ્યપણે (= એકસરખું મહત્ત્વ આપીને) જોવી. આ રીતે જોનારી પ્રમાણદૃષ્ટિથી સત્માં = શુદ્ધાત્મામાં પોતાના ઉપયોગને સર્વદા લીન કરવો એ જ પરમશ્રેયસ્કર છે.

### ❖ ભવિતવ્યતાને પરિપક્વ કરીએ ❖

(**इत्थं.**) આ રીતે નયદૃષ્ટિનું અને પ્રમાણદૃષ્ટિનું અવલંબન કરવાથી ભવિતવ્યતાનો અત્યંત ઝડપથી પરિપાક થાય છે. તેનાથી 'જે આરાધ્ય છે, જે સાધ્ય છે, જે ધ્યાતવ્ય છે અને જે દુર્લભ છે, તે ચિદાનંદમય પરમ પદ સિદ્ધ ભગવંતોએ સંપ્રાપ્ત કરેલ છે' - આ પ્રમાણે **ગુણસ્થાનક ક્રમારોહ** ગ્રંથમાં **શ્રીરત્નશેખરસૂરિજી**એ દર્શાવેલ પરમપદ દૂરવર્તી રહેતું નથી - તેવું અમને પ્રતીત થાય છે. (૫/૧)

લખી રાખો ડાયરીમાં.....

- **સાધનાનું ચાલકબળ શક્તિ છે.**
  **દા.ત. બાહુબલી મુનિ**
  **ઉપાસનાનું ચાલકબળ ભક્તિ છે.**
  **દા.ત. સુલસા**

કહિઓ અર્થ તેહ જ સ્પષ્ટપણઈં જણાવઈં છઇં -

**મુખ્યવૃત્તિ દ્રવ્યારથો, તાસ ♦અભેદ વખાણઈ રે;**

**ભેદ પરસ્પર એહનો, તે ❒ઉપચારઈ ☸જાણઈ રે ॥૫/૨॥ (૫૬) ગ્યાન.**

**મુખ્ય વૃત્તિ** કહતાં શક્તિ શબ્દાર્થ કહતો જે **દ્રવ્યાર્થ**નય તે **તાસ** કહતાં દ્રવ્ય-ગુણ-પર્યાયનઈં **અભેદ વખાણઈ**; જે માટઇં ગુણપર્યાયાભિન્ન મૃદ્દ્રવ્યાદિકનઇં વિષઇં❖ ✡ઘટાદિપદની શક્તિ છઇં **એહનો પરસ્પર**

---

मुख्योपचारवृत्तिभ्यां द्रव्यार्थाऽऽदेशाद् द्रव्य-गुण-पर्यायाणामभेद-भेदौ समर्थयति – '**द्रव्ये**'ति।

**द्रव्यार्थनयतो मुख्यवृत्त्योक्तोऽभेद एव भोः।**

**द्रव्यादीनां मिथो भेद उपचारेण कथ्यते।।५/२।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – भोः ! द्रव्यार्थनयतः मुख्यवृत्त्या अभेद एव उक्तः। द्रव्यादीनां मिथो भेदः उपचारेण कथ्यते।।५/२।।

**भोः** ! **द्रव्यार्थनयतः** = द्रव्यार्थिकनयवाक्यतो **मुख्यवृत्त्या** = अर्थप्रतिपादकशब्दशक्त्या द्रव्य-गुण-पर्यायाणाम् **अभेद एव उक्तः**, गुण-पर्यययोः स्वद्रव्याऽभिन्नतया गुण-पर्यायाऽभिन्नमृदादिद्रव्ये घटादिपदशक्तेः सत्त्वात्, तथैव ग्रहाच्च। न हि मृदादिद्रव्यव्यतिरिक्तौ रक्तादिगुण-कम्बुग्रीवादिमत्त्वादि-लक्षणपर्यायौ परमार्थत उपलभ्येते। अत एव **द्रव्यादीनां** = द्रव्य-गुण-पर्यायाणां **मिथो भेदः** तु

---

**અવતરણિકા** :- મુખ્યવૃત્તિથી = શક્તિથી અને ઉપચારવૃત્તિથી = લક્ષણાથી દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં ક્રમશઃ અભેદ અને ભેદ રહેલો છે. આ બાબતને ગ્રંથકારશ્રી સ્પષ્ટપણે જણાવે છે :-

**卐 દ્રવ્યાદિમાં મુખ્યવૃત્તિથી અભેદ : દ્રવ્યાર્થિકનય 卐**

**શ્લોકાર્થ** :- હે ભાગ્યશાળી ! દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ મુખ્ય વૃત્તિથી અભેદ જ કહેવાયેલ છે. દ્રવ્ય વગેરેમાં પરસ્પર ભેદ તો ઉપચારથી કહેવાય છે. (૫/૨)

**[illegible]** :- અર્થપ્રતિપાદક શબ્દનિષ્ઠ શક્તિ મુખ્યવૃત્તિ કહેવાય છે. દ્રવ્યાર્થિકનયના વાક્યની અપેક્ષાએ મુખ્યવૃત્તિસ્વરૂપ શક્તિથી દ્રવ્ય, ગુણ અને પર્યાય વચ્ચે અભેદ જ કહેવાયેલ છે. દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ ગુણ અને પર્યાયો દ્રવ્યથી ભિન્ન નથી. સ્વદ્રવ્યથી = નિજ ઉપાદાનકારણથી ગુણ તથા પર્યાય અભિન્ન હોવાના લીધે માટીસ્વરૂપ ઘટોપાદાનકારણથી સ્વગુણ-પર્યાય અતિરિક્ત નથી. તેથી સ્વગુણ-પર્યાયઅભિન્ન માટી વગેરે દ્રવ્યમાં જ 'ઘટ' વગેરે શબ્દની શક્તિ રહેલી છે. આમ ઘટપદવાચ્ય ગુણ-પર્યાયઅભિન્ન મૃદ્દ્રવ્ય છે. તથા પ્રતીતિ પણ તે સ્વરૂપે જ થાય છે. કારણ કે ઘડાનો લાલ ગુણ, કમ્બુગ્રીવાદિમત્ત્વ આદિ પર્યાય વાસ્તવમાં માટીથી ભિન્નરૂપે ઉપલબ્ધ થતા નથી. 'ઘટ' શબ્દનું ઉચ્ચારણ કરવાથી રક્તાદિ ગુણથી તથા પૃથુબુધ્નોદરાદિસંસ્થાનાત્મક પર્યાયથી અભિન્ન મૃત્તિકાદ્રવ્યનું જ શાબ્દબોધમાં ભાન થાય છે. આથી દ્રવ્યાર્થિકનયના મતે દ્રવ્ય-ગુણ-પર્યાયમાં મુખ્યવૃત્તિથી અભેદ જ રહેલો છે. તેમ

---

♦ કો.(૨)માં 'ભેદ' પાઠ. ❒ કો.(૧૨)માં 'ઉપચાર' પાઠ. ☸ કો.(૧૩)માં 'તે ઉપચારૈ અનુભવ લહ્યો રે' પાઠ.
❖ પુસ્તકોમાં 'વિષયઈં' પાઠ. **ભા.** માં 'વિષયઘટા' પાઠ. ✡ શાં.માં 'ઘટાદિપની' ત્રુટક પાઠ.

કહતાં માંહોમાહિં **ભેદ** છઇ, **તે ઉપચારઈં** કહિતાં લક્ષણાઇં **જાણઇ**; જે માટઇં દ્રવ્યભિન્નકંબુગ્રીવાદિપર્યાયનઇં વિષઇં તે ઘટાદિપદની લક્ષણા માનઇં.

---

प्रयोजनविशेषवशत **उपचारेण** = लक्षणया **कथ्यते** ज्ञायते च, मृदादिकद्रव्यभिन्नरक्तादिगुण-कम्बुग्रीवादिमत्त्वलक्षणपर्यायेषु घटादिपदलक्षणाया अभ्युपगमात्।

वस्तुतो द्रव्यार्थिकनयो गुण-पर्यायौ नैवाभ्युपगच्छति, तन्मते द्रव्यस्यैव पारमार्थिकत्वात्। अतः तन्मते द्रव्ये एव शब्दशक्तिर्वर्त्तते। लोकानां गुण-पर्याययोः या प्रतीतिः व्यवहृतिश्च जायते सा हि द्रव्ये एवाऽवसेया, न तु द्रव्यव्यतिरिक्तगुणादौ। लोकव्यवहारादितः गुण-पर्यायाभ्युपगमस्याऽऽवश्यकत्वे द्रव्याऽभिन्नतयैव तौ स्वीकर्तव्यौ इति द्रव्यार्थिकनयाभिप्रायः। इत्थञ्च शब्दत्वावच्छिन्नस्य शक्तिः गुण-पर्यायाऽभिन्नद्रव्ये एवाऽङ्गीकार्या। ततश्च कम्बुग्रीवादिपर्यायाऽभिन्नमृद्द्रव्यस्यैव घटपदवाच्यार्थत्वं सङ्गच्छते।

लोकव्यवहारेण तु गुण-पर्यायौ द्रव्यभिन्नौ। किन्तु द्रव्यार्थिकनयतो गुण-पर्याययोः द्रव्याऽभिन्नत्वेन द्रव्य-गुणादिभेदभानं शक्त्या द्रव्यार्थिकनये नैव सम्भवति। लोकव्यवहारप्रयोजनतः तदीयतात्पर्यविषयी-

---

છતાં કોઈ વિશેષ પ્રયોજનના લીધે ગુણ-પર્યાય તથા દ્રવ્ય વચ્ચે ભેદનું જ્ઞાન કરાવવું હોય તો શક્તિના બદલે લક્ષણા દ્વારા તેનું પ્રતિપાદન કરી શકાય છે તથા શ્રોતાને તે રીતે તેનું ભાન થઈ શકે છે. કારણ કે દ્રવ્યાર્થિકનય મૃત્તિકા વગેરે દ્રવ્યથી ભિન્ન એવા રક્તાદિ ગુણમાં તથા કમ્બુગ્રીવાદિમત્ત્વાદિ પર્યાયમાં 'ઘટ' વગેરે શબ્દની લક્ષણા સ્વીકારે છે.

### ✻ ગુણ-પર્યાય દ્રવ્યાત્મક : દ્રવ્યાર્થિકનય ✻

**(वस्तु.)** વાસ્તવમાં તો દ્રવ્યાર્થિકનય ગુણ-પર્યાયને માનવા તૈયાર નથી. તેના મત મુજબ દ્રવ્ય જ વાસ્તવિક પદાર્થ છે. તેથી દ્રવ્યાર્થિકનય મતાનુસાર કોઈ પણ પદની શક્તિ ફક્ત દ્રવ્યમાં જ રહેલી છે. લોકોને ગુણની તથા પર્યાયની જે પ્રતીતિ થાય છે તથા ગુણ-પર્યાયનો જે વ્યવહાર થાય છે તે વાસ્તવમાં દ્રવ્યને વિશે જ થાય છે. દ્રવ્યભિન્ન કોઈ ગુણને વિશે કે પર્યાયને વિશે નહિ. તેથી ગુણ-પર્યાયને લોકવ્યવહારાદિના લીધે માનવા જ પડે તેમ હોય તો દ્રવ્યથી અભિન્નસ્વરૂપે જ માનવા જોઈએ. આ પ્રમાણે દ્રવ્યાર્થિકનયનો અભિપ્રાય છે. તેથી કોઈ પણ પદની = તમામ શબ્દની શક્તિ, તેના મત મુજબ, ગુણ-પર્યાયઅભિન્ન દ્રવ્યમાં જ રહેલી છે. જેમ કે જે કંબુગ્રીવાદિપર્યાયમાં 'ઘટ' તરીકેનો વ્યવહાર થાય છે તે પર્યાય માટીદ્રવ્યથી અભિન્ન હોવાથી કંબુગ્રીવાદિપર્યાયઅભિન્ન મૃત્તિકાદ્રવ્ય જ 'ઘટ' પદનો વાચ્યાર્થ છે - તેમ સમજવું યુક્તિસંગત છે.

### ✻ લોકવ્યવહારનિર્વાહ માટે લક્ષણા : દ્રવ્યાર્થિકનય ✻

**(लोक.)** પરંતુ લોકવ્યવહાર તો પર્યાયપ્રધાન છે, દ્રવ્યપ્રધાન નથી. દ્રવ્યત્વરૂપે સર્વ દ્રવ્ય સમાન હોવાથી વિભિન્ન પ્રકારના પ્રસિદ્ધ લોકવ્યવહાર શુદ્ધદ્રવ્યાર્થિકનયના મત મુજબ સંભવી શકતા નથી. વ્યવહારમાં તો પર્યાયની જ મુખ્યતા રહેલી છે. પર્યાયનો વ્યવહાર દ્રવ્યથી ભિન્નરૂપે જ થાય છે. કારણ કે પર્યાય દ્રવ્યથી અભિન્ન હોય તો સર્વ દ્રવ્ય દ્રવ્યત્વરૂપે અભિન્ન હોવાથી ફરીથી વિભિન્ન પ્રકારના

મુખ્યાર્થબાધઇં મુખ્યાર્થસંબંધઇં તથાવિધવ્યવહારપ્રયોજન અનુસરી તિહાં લક્ષણાપ્રવૃત્તિ દુર્ઘટ નથી. *ઈતિ ૫૬ ગાથાનઉ અર્થ.* ॥૫/૨॥

भूतस्य द्रव्य-गुणादिभेदस्य शाब्दबोधे शक्त्या अभाने लक्षणा स्वीकार्या। न हि मुख्यार्थबाधे मुख्यार्थसम्बन्धसम्भवे तथाविधव्यवहारप्रयोजनानुसारेण तत्र कथञ्चिदादिपदलभ्यायाः लक्षणायाः प्रवृत्तिः दुर्घटा।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'द्रव्य-गुण-पर्यायाणां मुख्यवृत्त्या अभेदः गौणवृत्त्या च भेद' इत्यभिप्रायवन्तं द्रव्यार्थिकनयमवलम्ब्य केनचिद् अस्मदीयप्रशंसाकरणे परकीयनिन्दादिकरणे गुण-पर्यायभिन्नशुद्धात्मद्रव्ये स्वदृष्टिं स्थापयित्वा मध्यस्थतया भाव्यम्। इत्थमेव "समग्रकर्माऽपगमादनन्त-

લોકવ્યવહારની અનુપપત્તિ ઉભી જ રહેશે. માટે આમજનતા ગુણ-પર્યાયને દ્રવ્યથી ભિન્ન માને છે. તેથી સામાન્ય લોકોની સાથે વ્યવહાર કરવાના પ્રયોજનથી દ્રવ્યાર્થિકનય દ્રવ્યભિન્ન ગુણ-પર્યાયમાં તે તે શબ્દની લક્ષણાને સ્વીકારે છે. દ્રવ્યાર્થિકનયથી તો ગુણ-પર્યાય દ્રવ્યથી અભિન્ન જ છે. તેથી દ્રવ્ય-ગુણ-પર્યાયમાં શક્તિથી ભેદનું જ્ઞાન દ્રવ્યાર્થિકનયના મતે ન જ થઈ શકે. લોકવ્યવહારતાત્પર્યવિષયીભૂત દ્રવ્ય-ગુણાદિભેદનું શાબ્દબોધમાં શક્તિ દ્વારા ભાન થતું ન હોવાથી લક્ષણા દ્વારા તે કાર્ય કરવું પડે છે. આમ મુખ્યાર્થનો = શક્યાર્થનો બાધ થતો હોય તથા મુખ્યાર્થનો સંબંધ સંભવી શકતો હોય તો તથાવિધ વ્યવહાર કરવાના પ્રયોજનને અનુસારે લોકવ્યવહારતાત્પર્યવિષયીભૂત અર્થમાં લક્ષણાની પ્રવૃત્તિ દુર્ઘટ નથી. कथञ्चित्, स्यात् વગેરે શબ્દથી તેવી લક્ષણા સુલભ છે.

### ❈ દ્રવ્યાર્થિકનયસંમત લક્ષણાનું તાત્પર્ય ❈

**સ્પષ્ટતા** :- મૃત્તિકાદ્રવ્યથી ભિન્ન રક્તાદિગુણમાં તથા કંબુગ્રીવાદિપર્યાયમાં 'ઘટ' પદની લક્ષણા કરીને તે સ્વરૂપે તેનું પ્રતિપાદન દ્રવ્યાર્થિકનય કરે છે. તથા તે વચનથી લોકોને પણ માટીભિન્ન રક્તાદિગુણનું અને કંબુગ્રીવાદિપર્યાયનું ભાન થઈ શકે છે. 'ઘટ'પદની લક્ષણા કંબુગ્રીવાદિપર્યાયમાં થઈ શકે છે, મકાન -ખુરશી વગેરે પર્યાયમાં નહિ. કારણ કે 'ઘટ'પદના શક્યાર્થ મૃત્તિકાદ્રવ્યને કંબુગ્રીવાદિપર્યાયની સાથે અપૃથગ્ભાવ સંબંધ છે, મકાન-ખુરશી વગેરે પર્યાયની સાથે નહિ. આમ શક્યાર્થબાધ, શક્યાર્થસંબંધ અને તથાવિધપ્રયોજન આ ત્રણ કારણના લીધે મૃત્તિકાદિદ્રવ્યથી ભિન્ન રક્તાદિગુણમાં અને કંબુગ્રીવાદિપર્યાયમાં 'ઘટ' વગેરે પદની લક્ષણા થઈ શકે છે - આ મુજબ સિદ્ધ થાય છે.

### ❈ અખંડ આત્મદ્રવ્ય ઉપર દૃષ્ટિ સ્થાપીએ ❈

[illegible] :- દ્રવ્ય-ગુણ-પર્યાયમાં મુખ્યવૃત્તિથી અભેદને અને ગૌણવૃત્તિથી ભેદને દર્શાવનાર દ્રવ્યાર્થિકનયનો અભિપ્રાય આધ્યાત્મિક જગતમાં એ રીતે ઉપયોગી બને છે કે - કોઈ આપણી પ્રશંસા કરે કે પરનિંદા કરે ત્યારે ગુણ-પર્યાયથી ભિન્ન શુદ્ધ આત્મદ્રવ્ય ઉપર આપણી દૃષ્ટિને કેન્દ્રિત કરી મધ્યસ્થ બનવા પ્રયત્ન કરવો. આ રીતે મધ્યસ્થ બનવાથી જ **અધ્યાત્મતત્ત્વાલોક**માં દર્શાવેલ મોક્ષસુખ નજીક આવે. ત્યાં **ન્યાયવિજયજી**એ મોક્ષસુખને દર્શાવતા કહેલ છે કે 'સમગ્ર કર્મો રવાના થવાથી અનન્તજ્ઞાનયુક્ત

*..*. ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી.ફક્ત લા.(૨)માં છે.

प्रकाशयुक्तं सुखमद्वितीयम्। यत्र त्रिलोकीसुखमस्ति बिन्दुः" (अ.त.२/४१) इति **अध्यात्मतत्त्वालोके न्यायविजयदर्शितं** मोक्षसुखं प्रत्यासन्नं स्यात्।

एवं कस्मिंश्चिदात्मनि गुणाऽदर्शने तदीयशुद्धाऽखण्ड-परिपूर्णाऽऽत्मद्रव्याऽभिन्नपूर्णगुण-शुद्धपर्यायभावनया तद्गोचरद्वेषादिः परिहर्तव्यः। **स्कन्धकमुनि-गजसुकुमालादिभिः** घोरोपसर्गकाले पर्यायार्थिकनयदृष्ट्यवलम्बनेन देहात्मभेदं विज्ञाय शुभ-शुद्धभावाः सुरक्षिताः राजसेवक-श्वशुरादिगोचर-द्वेषश्चानुत्थितपराहतः निरुक्तरीत्या द्रव्यार्थिकनयावलम्बनतः। इत्थम् आध्यात्मिकलाभानुगुण्येन द्रव्य-गुणादीनां गौणभेद-मुख्याऽभेदौ द्रव्यार्थिकनयाभिप्रेतौ योज्यौ।।५/२।।

---

સિદ્ધસુખ અદ્વિતીય છે. તે મુક્તિસુખ પાસે ત્રણ લોકનું સુખ બિંદુ જેટલું જ થાય છે.'

### ❀ ભેદ-અભેદનો ઉપયોગ કરતાં શીખીએ ❀

(एवं.) તથા કોઈ વ્યક્તિમાં આપણને ગુણદર્શન થતા ન હોય ત્યારે શુદ્ધ અખંડ પરિપૂર્ણ આત્મદ્રવ્યથી અભિન્નપણે પૂર્ણ-નિર્મળ ગુણ-પર્યાયોની ભાવના કરવા દ્વારા સામેની વ્યક્તિ પ્રત્યે ઉભા થતા દ્વેષ-દુર્ભાવ-દુર્બુદ્ધિને અટકાવવા સતત પ્રયત્નશીલ રહેવું. **ખંધકમુનિ, ગજસુકુમાલ મુનિ** વિગેરેને ઘોર ઉપસર્ગો થયા ત્યારે તેમણે પર્યાયાર્થિકનયના આલંબનથી શરીર અને આત્મામાં ભેદ જોઈને શુભ-શુદ્ધ ભાવોને ટકાવી રાખ્યા તેમજ રાજસેવક કે સસરાને વિશે પર્યાયાર્થિકનયથી દ્વેષ આવે તે પૂર્વે જ ઉપરોક્ત રીતે દ્રવ્યાર્થિકનયના આલંબનથી દ્વેષને ખતમ કરી નાખ્યો. આ રીતે આધ્યાત્મિક લાભ થાય તે મુજબ, દ્રવ્ય-ગુણ વગેરેમાં દ્રવ્યાર્થિકનયમાન્ય ગૌણ ભેદનો અને મુખ્ય અભેદનો ઉપયોગ કરવો. (૫/૨)

**લખી રાખો ડાયરીમાં.....**

- **બુદ્ધિ માઈલસ્ટોનને મંજિલ માની અટકે છે.**
  **શ્રદ્ધા માઈલસ્ટોન ઓળંગી**
  **મોક્ષની મંજિલ મેળવે છે.**
- **વાસના માંગણીનો દાવો રાખીને પણ બધું જ ગુમાવે છે.**
  **માંગણીશૂન્ય લાગણીપૂર્ણ ઉપાસના તો અનંત,**
  **અસીમ, અનહદ મેળવે છે.**
- **સાધના કાળક્રમે પરિવર્તન ઝંખે છે.**
  **ઉપાસના અપરિવર્તનશીલ તત્ત્વને પકડે છે.**
- **બુદ્ધિ શંકાશીલ છે.**
  **શ્રદ્ધા આત્મવિશ્વાસનો બુલંદ રણકાર પ્રગટાવે છે.**

**મુખ્ય વૃત્તિ સર્વ♦ લેખવઈ, પર્યાયારથ ભેદઈ રે;**
**ઉપચારઈ ✡અનુભવનેં બલઈ, માનઈ ✠તે અભેદઈ રે ॥૫/૩॥ (૫૭) ગ્યાન.**

ઈમ ❐**પર્યાયાર્થ** નય **મુખ્ય વૃત્તિ** થકો✝ **સર્વ** = દ્રવ્ય-ગુણ-પર્યાય **ભેદઈ લેખવઈ**, જે માટઈં એ નયનઈં મતઈં મૃદાદિપદનો દ્રવ્ય અર્થ, રૂપાદિપદનો ગુણ જ, ઘટાદિપદનો કંબુગ્રીવાદિ પર્યાય જ.

---

मुख्योपचारवृत्तिभ्यां पर्यायार्थादेशाद् द्रव्य-गुण-पर्यायाणां भेदाऽभेदौ समर्थयति – '**पर्याये**'ति।

**पर्यायार्थनयेनोक्तो भेदो वृत्त्या हि मुख्यया।**
**लक्षणयाऽनुभूतेश्चाऽभेदस्तेषां बलादिति।।५/३।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – पर्यायार्थनयेन तेषां मुख्यया वृत्त्या भेदो हि उक्तः। अनुभूतेश्च बलात् पर्यायार्थनयेन लक्षणया तेषाम् अभेदः इति।।५/३।।

**पर्यायार्थनयेन** = पर्यायार्थिकनयवाक्येन **तेषां** सर्वेषां द्रव्य-गुण-पर्यायाणां **मुख्यया वृत्त्या** शब्दशक्त्यभिधानया **भेदो हि** = एव **उक्तः**, "हि हेतावबधारणे" (वै.को.८/७/९-पृ.२१५) इति पूर्वोक्ताद् (२/२) **वैजयन्तीकोश**वचनाद् अत्रावधारणे हिः ज्ञेयः। तन्मते द्रव्यस्यैव मृदादिपदार्थता, न तु गुणादेः; गुणस्यैव रूप-रसादिगुणपदार्थता, न तु द्रव्यादेः, कम्बुग्रीवादिपर्यायस्यैव च घटादिपदार्थता सम्मता, न तु द्रव्यादेः। न हि तन्मते द्रव्य-गुण-पर्यायेषु एकपदस्य अनुगता शक्तिः वर्त्तते, तेषां

---

[redacted]:- દ્રવ્યાર્થિકનયનું મંતવ્ય વિચારી ગયા. હવે ગ્રંથકારશ્રી પર્યાયાર્થિકનયના અભિપ્રાયથી દ્રવ્ય-ગુણ-પર્યાયમાં મુખ્યવૃત્તિથી ભેદનું અને ગૌણવૃત્તિથી અભેદનું સમર્થન કરે છે :-

### દ્રવ્યાદિમાં મુખ્યવૃત્તિથી ભેદ : પર્યાયાર્થિકનય

[redacted]:- પર્યાયાર્થિકનય મુખ્યવૃત્તિથી દ્રવ્યાદિનો ભેદ કહે છે. તથા અનુભવના બળથી લક્ષણા દ્વારા તે દ્રવ્યાદિનો અભેદ કહે છે. (૫/૩)

[redacted]:- પર્યાયાર્થિકનયનું વાક્ય તો તમામ દ્રવ્ય, ગુણ અને પર્યાયોમાં શબ્દશક્તિ નામની મુખ્ય વૃત્તિથી ભેદ જ કહે છે. (**વૈજયન્તીકોશ**માં હેતુ અને અવધારણ = જકાર અર્થમાં 'हि' દર્શાવેલ છે. પૂર્વે ૨/૨માં આ સંદર્ભ દર્શાવેલ હતો. તે મુજબ અહીં મૂળ શ્લોકમાં દર્શાવેલ 'हि' શબ્દ અવધારણ અર્થમાં જાણવો.) આનું કારણ એ છે કે પર્યાયાર્થિકનયના મતે 'મૃત્તિકા' વગેરે શબ્દનો અર્થ દ્રવ્ય જ છે, રૂપ-રસ વગેરે શબ્દનો અર્થ ગુણ-જ છે. તથા 'ઘટ' આદિ પદનો વાચ્યાર્થ કંબુગ્રીવાદિ પર્યાય જ છે. માટી એટલે રૂપ-રસ વગેરે ગુણ નહિ કે મૃત્પિંડ-ઘટ વગેરે પર્યાય નહિ, પણ દ્રવ્યવિશેષ. રૂપ-રસ એટલે માટી નહિ કે કંબુગ્રીવાદિ પર્યાય નહિ, પણ ગુણવિશેષ. ઘટ એટલે માટીદ્રવ્ય નહિ કે રૂપ-રસાદિ ગુણ નહિ, પણ પર્યાયવિશેષ. આ છે પર્યાયાર્થિકનયનો મત. તેના મત મુજબ દ્રવ્ય,

---

♦ પુસ્તકોમાં 'સવિ' પાઠ.કો.(૧૩)નો પાઠ લીધો છે. ✡ મ.+શાં.માં 'અનુભવબલ..' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ✠ મ.માં 'તેહ' પાઠ આ.(૧)નો પાઠ લીધો છે. ❐ લી.(૩)માં 'દ્રવ્યપર્યાયાર્થ' અશુદ્ધ પાઠ. ✝ કો.(૭+૧૨)માં 'થકા' પાઠ છે.

તથા **ઉપચારઈં** લક્ષણાઇં કરી **અનુભવનઈં બલઈં તેહ અભેદઈં માનઈં.**

"ઘટાદિક મૃદ્દ્રવ્યાદ્યભિન્ન જ છઇ" - એહ પ્રતીતિ ઘટાદિપદની મૃદાદિદ્રવ્યનઈં વિષઇં લક્ષણા **માનિઈં**; એ પરમાર્થ *જાણવઉ ઇતિ ૫૭મી ગાથાનો અર્થ.* ॥૫/૩॥

---

भिन्नत्वात्। अतः शब्दशक्त्या द्रव्यादिषु मिथो भेद एव तन्मते ज्ञायते।

'नील-घटयोरभेदः' इत्यादिलक्षणस्य सार्वजनीनव्यवहारस्य 'मृण्मयो नीलो घट' इत्यादिलक्षणायाः प्रमाणत्वाऽऽक्रान्तायाः **अनुभूतेश्च बलात् पर्यायार्थनयेन** = पर्यायार्थनयवाक्येन **लक्षणया** = गौणवृत्त्या **तेषां** = द्रव्य-गुण-पर्यायाणाम् **अभेदः** एव **उक्त इति**। घटादिपदस्य मृदादिद्रव्ये रूपादिगुणे च लक्षणामङ्गीकृत्य 'घटादिः मृदादिद्रव्य-रूपादिगुणाऽभिन्न एव' इति प्रतीतिं प्रमितिपदवीमारोपयति पर्यायार्थनय इति परमार्थः।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् - 'द्रव्य-गुणादीनां मुख्यवृत्त्या भेदः गौणवृत्त्या चाऽभेद' इति

---

ગુણ, પર્યાયમાં કોઈ એક પદની અનુગત શક્તિ રહેતી નથી. કારણ કે દ્રવ્યાદિ ત્રણેય પદાર્થ જુદા -જુદા છે. તેથી પર્યાયાર્થિકનયના મતે શબ્દની શક્તિ તો દ્રવ્ય, ગુણ, પર્યાય વચ્ચે ભેદને જ જણાવશે.

### દ્રવ્યાદિઅભેદ લક્ષ્યાર્થ : પર્યાયાર્થિકનય

(**'नील.**) જો કે સર્વ લોકોમાં 'नील-घटयोः अभेदः' - આ પ્રમાણે વ્યવહાર પણ થતો જોવા મળે છે. તેમજ 'मृण्मयो नीलो घटः' ઈત્યાદિ રૂપે અનુભૂતિ પણ થાય છે. આ અનુભવ પ્રમાણાત્મક પણ છે. તથા આ વ્યવહાર અને અનુભૂતિ તો દ્રવ્ય અને ગુણ-પર્યાય વચ્ચે અભેદને દર્શાવે છે. તેથી ઉપરોક્ત વ્યવહાર અને અનુભવ - બન્નેના બળથી પર્યાયાર્થિકનય પ્રસ્તુતમાં લક્ષણાથી તે ત્રણેયનો અભેદ સ્વીકારે છે. આમ પર્યાયાર્થિકનયવાક્ય લક્ષણા નામની ગૌણવૃત્તિ દ્વારા દ્રવ્ય અને ગુણ-પર્યાય વચ્ચે અભેદને જ જણાવે છે. તાત્પર્ય એ છે કે 'ઘટાદિ' શબ્દની માટી વગેરે દ્રવ્યમાં અને રૂપાદિ ગુણમાં લક્ષણાનો સ્વીકાર કરીને પર્યાયાર્થિકનય 'ઘટાદિ મૃત્તિકાદિદ્રવ્યથી અને રૂપાદિગુણથી અભિન્ન જ છે' - આવા પ્રકારની પ્રતીતિને સત્ય પ્રતીતિરૂપે = પ્રમારૂપે સિદ્ધ કરે છે. આ રીતે લક્ષણા દ્વારા દ્રવ્ય-ગુણ-પર્યાયમાં અભેદનું અવગાહન કરનારી પ્રતીતિને 'પ્રમા' પદવી ઉપર આરૂઢ કરવાનું કામ પર્યાયાર્થિકનય કરે છે.

**સ્પષ્ટતા** :- 'नील-घटयोः अभेदः' - આ વ્યવહાર નીલ ગુણ અને ઘટ પર્યાય વચ્ચે અભેદને દર્શાવે છે. 'मृण्मयो नीलो घटः' - આ પ્રતીતિ માટી દ્રવ્ય, નીલ ગુણ અને ઘટ પર્યાય વચ્ચે અભેદને જણાવે છે. સર્વ લોકોમાં આ વ્યવહાર અને પ્રતીતિ પ્રસિદ્ધ છે. તેથી તેનો વિષય અબાધિત માનવો જ પડે. તેની સંગતિ પણ કરવી પડે. આમ મુખ્યવૃત્તિથી ભેદગ્રાહક હોવા છતાં પર્યાયાર્થિકનય લક્ષણા દ્વારા દ્રવ્ય-ગુણ-પર્યાયમાં અભેદનો સ્વીકાર કરીને લક્ષ્યાર્થસ્વરૂપે દ્રવ્યાદિ ત્રણમાં અભેદ જણાવે છે.

### આત્મદ્રવ્યને અલગ તારવી લો

**આધ્યાત્મિક ઉપનય** :- દ્રવ્યાદિમાં મુખ્યવૃત્તિથી ભેદનું અને ગૌણવૃત્તિથી અભેદનું પ્રતિપાદન કરનાર પર્યાયાર્થિકનયનો ઉપયોગ સ્વપ્રશંસા સાંભળતી વખતે કરવાનો છે. 'મારા જે નિર્મળ ગુણ-પર્યાયની

---

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી.ફક્ત લા.(૨)માં છે.

प्रतिपादकस्य पर्यायार्थिकनयस्य उपयोगः स्वप्रशंसाश्रवणकाले इत्थं कार्यः यदुत 'प्रशस्यमाननिर्मलगुण-पर्यायेभ्यः अहं पृथक् शुद्ध आत्मा, सर्वे चात्मानः शुद्धा एवेति को मे मदावकाशः ? अन्येभ्यो मयि को विशेषः येनाहं मदं कुर्याम् ?'। इत्थं तदा गुण-पर्यायेभ्यः भिन्नस्य स्वात्मद्रव्यस्य भानं कर्तव्यम्।

एवं चेतसि स्वसुकृतानुमोदनावसरे निर्मलगुण-पर्यायेभ्यः स्वात्मा पृथक् कार्यः, येनाऽहङ्कारो नाऽऽविर्भवेत्। उत्पाताऽवपातकन्दुक(Volley-Ball)-पादकन्दुक(Foot-ball)-यष्टिकन्दुक(Hockey)-शिक्यकन्दुक(Basket-ball)-फलककन्दुक(Cricket)-मञ्चफलकलघुकन्दुक(Table-tennis)-चतुरङ्ग-(Chess)प्रभृतिक्रीडामग्नतया प्रमादवशशुद्धगुण-पर्यायपरित्यागावसरे 'मदीयम् अस्तित्वं निर्मलगुण-पर्यायेषु एव वर्तते। तन्निवृत्तौ चाहं निवर्तेय' इति गौणवृत्त्या द्रव्य-गुणाद्यभेदं पर्यायार्थिकनयसम्मतं विज्ञाय आत्मार्थिना अप्रमत्ततया भाव्यम्। द्रव्यार्थिकनयतो द्रव्य-गुण-पर्यायाणामभिन्नत्वेऽपि गुण-पर्यायनाशे द्रव्यनाशः परमार्थतो द्रव्यार्थिकनये नाभिप्रेतः परन्तु पर्यायार्थिकनये। अत इहोपदर्शितः द्रव्य-गुणाद्यभेदः पर्यायार्थिकनयसम्मतो गौणवृत्तिक उपयुज्यते इत्यवधेयम्। तदवलम्बनतश्च **शान्तसुधारसवृत्तौ** वर्णितं "निवृत्तिशर्म = सहजं वृत्तिपञ्चकरहितं मुक्तिस्थं सुखम्" (शा.सु.७/७/वृ.पृ.३७) आसन्नतरं भवति।।५/३।।

---

પ્રશંસા થાય છે તેનાથી હું જુદો છું. હું શુદ્ધ આત્મદ્રવ્ય છું. સર્વ જીવો શુદ્ધ આત્મસ્વરૂપ છે. તો મારે અભિમાન કરવાની જરૂર શી છે ? બીજા કરતાં મારામાં વિશેષતા શું છે ?' આ રીતે ત્યારે દ્રવ્ય-ગુણ-પર્યાયમાં ભેદનું ભાન કરવાનું છે.

## ❧ નિર્મળ ગુણ-પર્યાયમાં આપણું અસ્તિત્વ ❧

(एवं.) તથા પોતાના સુકૃતની મનોમન અનુમોદના કરતી વખતે પોતાના નિર્મળ ગુણ-પર્યાયોથી પોતાની જાતને (= સ્વાત્મદ્રવ્યને) અલગ તારવી લેવાનો પ્રયત્ન કરવો. જેથી સ્વાભિમાન ન થાય. વૉલિબોલ, ફૂટબોલ, હોકી, બાસ્કેટબોલ, ક્રિકેટ, ટેબલ ટેનીસ, ચેસ વગેરે રમતગમતમાં મશગૂલ બની, પ્રમાદવશ બનેલો સાધક પ્રગટ થયેલા નિર્મળ ગુણ-પર્યાયોને ગુમાવતો હોય ત્યારે 'મારું અસ્તિત્વ તો નિર્મળ ગુણ-પર્યાયમાં જ છે. તે રવાના થશે તો મારું અસ્તિત્વ જોખમાઈ જશે' - આ પ્રમાણે દ્રવ્ય-ગુણાદિગત ગૌણ અભેદને દર્શાવનાર પર્યાયાર્થિકની સમજણ આત્માર્થીએ મેળવવી જોઈએ. તથા તેના દ્વારા અપ્રમત્ત બનવા સાધકે તત્પર રહેવું જોઈએ. દ્રવ્યાર્થિકના મતે દ્રવ્ય અને ગુણ-પર્યાય વચ્ચે અભેદ માન્ય હોવા છતાં ગુણ-પર્યાયનો તિરોભાવ કે નાશ થતાં પરમાર્થથી દ્રવ્યનાશ તેને માન્ય નથી. જ્યારે પર્યાયાર્થિકનયના મતે ગુણ-પર્યાયનો નાશ થતાં તે સ્વરૂપે દ્રવ્યનો નાશ માન્ય છે. તેથી અહીં જે દ્રવ્ય-ગુણાદિ વચ્ચે અભેદ બતાવેલ છે તે દ્રવ્યાર્થિકનયનો નહિ પણ પર્યાયાર્થિકનયનો વિષય છે. તથા તે અભેદ ગૌણ છે, મુખ્ય નથી. તેમજ તે અભેદ જ પ્રસ્તુતમાં ઉપયોગી છે. આ વાત ખ્યાલમાં રાખવી. તે અભેદનું આલંબન કરવાથી **શાંતસુધારસવૃત્તિ**માં દર્શાવેલ મુક્તિસુખ ખૂબ નજીક થાય છે. ત્યાં **ગંભીરવિજયજી**એ જણાવેલ છે કે 'મુક્તિમાં રહેલું સુખ સહજ છે, પાંચ ઈન્દ્રિયોની વૃત્તિથી રહિત છે.' (૫/૩)

**દોઇ ♦ધર્મ નય જે ગ્રહઈ, મુખ્ય-અમુખ્ય પ્રકારો રે;**
**તે અનુસારઈ કલ્પિઈ, તાસ વૃત્તિ ઉપચારો રે ॥૫/૪॥ (૫૮) ગ્યાન.**

(**દોઈ**=) બેહુ **ધર્મ** = ભેદ-અભેદ પ્રમુખ, **જે નય** દ્રવ્યાર્થિક અથવા પર્યાયાર્થિક **ગ્રહઈ** = ઊહાખ્યપ્રમાણઈં

तत्तन्नयस्य भेदाऽभेदयोः शक्ति-लक्षणाकल्पनाबीजमाविष्करोति – '**भेदाभेदावि**'ति।

**भेदाभेदौ नयो यो हि मुख्याऽमुख्यतयाऽऽददत्।**
**कल्प्ये तदनुसारेण तन्नयशक्ति-लक्षणे।।५/४।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – यो हि नयो भेदाभेदौ मुख्याऽमुख्यतया आददत्, तदनुसारेण तन्नयशक्तिलक्षणे कल्प्ये।।५/४।।

**भेदाभेदौ** उपलक्षणात् सत्त्वाऽसत्त्वे नित्यत्वाऽनित्यत्वे च द्रव्यार्थिकादिनय ऊहाऽपराऽभिधान-तर्कलक्षणपरोक्षप्रमाणतः स्वविषयविधया मुख्यादिरूपेण गृह्णाति। अन्वय-व्यतिरेकाभ्यां त्रैकालिक-वस्तुधर्म-सम्बन्ध-स्वरूप-कार्यादिगोचरनिश्चयकारिणः तर्कप्रमाणादेव तत्तन्नयविषयप्राधान्यादिपरिच्छेद-सम्भवः। तर्कलक्षणं तु **प्रमाणनयतत्त्वालोके** "उपलम्भाऽनुपलम्भसम्भवं त्रिकालीकलितसाध्यसाधन-सम्बन्धाद्यालम्बनम् 'इदमस्मिन् सत्येव भवती'त्याद्याकारं संवेदनमूहाऽपरनामा तर्कः" (प्र.न.त.३/७) इति।

[illegible] :- દ્રવ્યાર્થિકનય અભેદમાં શબ્દની શક્તિ માને છે અને ભેદમાં શબ્દની લક્ષણા માને છે. તથા પર્યાયાર્થિકનય ભેદમાં શબ્દની શક્તિ તથા અભેદમાં શબ્દની લક્ષણા માને છે. આ વાત પૂર્વના બે શ્લોકમાં આપણે વિચારી ગયા. પરંતુ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયની આવી માન્યતાનું = કલ્પનાનું કારણ શું છે ? આવી જિજ્ઞાસાના શમન માટે ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

**❋ શક્તિ-લક્ષણાનિયામક મુખ્ય-ગૌણ સંકેત ❋**

[illegible] :- જે નય ભેદને અને અભેદને મુખ્યરૂપે કે ગૌણરૂપે ગ્રહણ કરતો હોય તે અનુસારે તે નયને સંમત શક્તિની અને લક્ષણાની કલ્પના કરાય છે. (૫/૪)

[illegible] :- મૂળ શ્લોકમાં ભેદનો અને અભેદનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. પરંતુ તે ઉપલક્ષણ છે. તેથી ભેદ-અભેદની જેમ સત્ત્વ-અસત્ત્વ, નિત્યત્વ-અનિત્યત્વ વગેરેનું પણ ગ્રહણ કરી લેવું. ઊહ = તર્ક નામના પરોક્ષ પ્રમાણ દ્વારા દ્રવ્યાર્થિક વગેરે નય મુખ્ય-ગૌણભાવે પોતાના વિષયરૂપે ભેદ-અભેદ, સત્ત્વ-અસત્ત્વ વગેરેનું ગ્રહણ કરે છે. તર્ક નામનું પ્રમાણ અન્વય અને વ્યતિરેક દ્વારા ત્રૈકાલિક વસ્તુના ગુણધર્મો, સંબંધ, સ્વરૂપ, કાર્ય વગેરેનો નિશ્ચય કરે છે. તેથી તર્કપ્રમાણ દ્વારા જ તે તે નયના વિષયની મુખ્યતાનો કે ગૌણતાનો નિશ્ચય શક્ય છે. **પ્રમાણનયતત્ત્વાલોક** નામના ગ્રંથમાં શ્રી**વાદિદેવસૂરિજી** મહારાજે તર્કનું લક્ષણ આ મુજબ બતાવેલ છે કે "ઉપલંભ = અન્વય અને અનુપલંભ = વ્યતિરેક દ્વારા ઉત્પન્ન થનાર તર્ક પ્રમાણ સાધ્ય-સાધનના ત્રૈકાલિક સંબંધ = વ્યાપ્તિ વગેરેને પોતાનો વિષય બનાવે છે. 'આ (ધૂમાદિ હેતુ) એ (અગ્નિ વગેરે સાધ્ય) હોય તો જ હોય' - ઈત્યાદિ આકારયુક્ત જે સંવેદન હોય

♦ કો.(૪)માં 'ધર્મ' નથી.

ધારઈં, **મુખ્ય-અમુખ્ય પ્રકારઈં** = સાક્ષાત્ સંકેતઈં તથા વ્યવહિત સંકેતઈં ▸**તે અનુસારઈં**◂ (**તાસ**=) તે નયની **વૃત્તિ**, અનઈં તે નયનો **ઉપચાર કલ્પિયઈં**.

જિમ ગંગાપદનો સાક્ષાત્ સંકેત પ્રવાહરૂપ અર્થનઈં વિષયઈં છઈં. તે માટઈં પ્રવાહઈં શક્તિ.

---

ततश्च **यो हि** द्रव्यार्थिकाभिधानः पर्यायार्थिकाभिधानो वा **नयो मुख्याऽमुख्यतया** = साक्षात्सङ्केत-व्यवहितसङ्केतभावेन भेदाऽभेदादिकम् **आददद्** = ऊहाख्यपरोक्षप्रमाणतो गृह्णन् दृश्यते **तदनुसारेण** = मुख्याऽमुख्यत्वप्रकारकग्रहणानुरोधेन **तन्नयशक्ति-लक्षणे** = तस्य द्रव्यार्थिकनयस्य पर्यायार्थिकनयस्य वा तत्तदर्थप्रत्यायनशक्ति-लक्षणे **कल्प्ये** = अनुमेये।

यस्य शब्दस्य यत्र अर्थे साक्षात्सङ्केतः तस्य शब्दस्य तत्र अर्थे शक्तिः, यस्य च यत्र व्यवहितसङ्केतः तस्य तत्र लक्षणेत्यभिप्रायः। साक्षात् सङ्केतितमर्थं प्रतिपादयन् शब्दः वाचक उच्यते। तदुक्तं **मम्मटेन काव्यप्रकाशे** "साक्षात् सङ्केतितं योऽर्थमभिधत्ते स वाचकः" (का.प्र.२/७) इति। साक्षात् सङ्केतितः अर्थः वाच्य उच्यते, व्यवहितसङ्केतितश्च प्रतीयमानः। इदमेवाऽभिप्रेत्य **आनन्दवर्धनेन ध्वन्यालोके** "वाच्य-प्रतीयमानाख्यौ तस्य भेदावुभौ स्मृतौ" (ध्व.२) इत्युक्तम्। 'तस्य = अर्थस्य'।

अथ प्रकृतमुच्यते यथा गङ्गापदस्य जलप्रवाहविशेषे साक्षात्सङ्केतो वर्तते इति गङ्गापदस्य

---

તેને તર્ક કહેવાય છે. તથા તર્ક નામના પ્રમાણનું બીજું નામ ઊહ છે." તેથી અર્થ એવો પ્રાપ્ત થાય છે કે દ્રવ્યાર્થિક કે પર્યાયાર્થિક નય દ્રવ્યાદિમાં ભેદ-અભેદ, સત્ત્વ-અસત્ત્વ, નિત્યત્વ-અનિત્યત્વ વગેરે ગુણધર્મને મુખ્યરૂપે = સાક્ષાત્ સંકેતરૂપે કે અમુખ્યરૂપે = ગૌણરૂપે = વ્યવહિતસંકેતરૂપે 'ઊહ' નામના પરોક્ષ પ્રમાણથી ગ્રહણ કરતો દેખાય છે. જે નય ભેદાભેદ વગેરેનું મુખ્યત્વ-અમુખ્યત્વપ્રકારક ગ્રહણ = જ્ઞાન કરે તે મુજબ તે દ્રવ્યાર્થિકનયની કે પર્યાયાર્થિકનયની તે તે ભેદ-અભેદ વગેરે અર્થને જણાવનારી શક્તિની કે લક્ષણાની કલ્પના કરવામાં આવે છે.

## ❖ કાવ્યપ્રકાશકારની દૃષ્ટિમાં શબ્દગત વાચકતા ❖

**(यस्य.)** મતલબ એ છે કે જે શબ્દનો જે અર્થમાં સાક્ષાત્ સંકેત હોય તે શબ્દની તે અર્થમાં શક્તિ માનવામાં આવે છે. તથા જે શબ્દનો જે અર્થમાં વ્યવહિત સંકેત હોય તે શબ્દની તે અર્થમાં લક્ષણા માનવામાં આવે છે. સાક્ષાત્ સંકેત જેમાં કરવામાં આવેલ હોય તે અર્થનું પ્રતિપાદન કરનાર શબ્દ વાચક કહેવાય છે. **કાવ્યપ્રકાશ** ગ્રંથમાં **મંમટ** કવિએ આ અંગે જણાવેલ છે કે 'સાક્ષાત્ સંકેતિત અર્થને જે કહે તે શબ્દ વાચક કહેવાય છે.' સાક્ષાત્ સંકેતિત અર્થ વાચ્ય કહેવાય છે. તથા વ્યવહિત સંકેતિત અર્થ પ્રતીયમાન કહેવાય છે. આ જ અભિપ્રાયથી કવિ **આનંદવર્ધને ધ્વન્યાલોક**માં જણાવેલ છે કે '(૧) વાચ્ય અને (૨) પ્રતીયમાન - આમ અર્થના બે ભેદ કહેવાય છે.' આ પ્રાસંગિક વાત કરી.

**(अथ.)** હવે મૂળ વાત ઉપર આવીએ. જે રીતે વિશિષ્ટજલપ્રવાહ સ્વરૂપ અર્થમાં 'ગંગા' શબ્દનો સાક્ષાત્ સંકેત વર્તે છે. તેથી તેમાં 'ગંગા' શબ્દની શક્તિ નામની મુખ્ય વૃત્તિ રહેલી છે - તેમ જાણવું.

---

▸...◂ ચિહ્નદ્વયવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)+કો.(૯)+સિ.+લી.(૨+૩)+ P(૨)+કો.(૧૨+૧૩)+પા.+મો.(૨) માં છે.

તથા ગંગાતીરઇં ગંગાસંકેત તે વ્યવહિત સંકેત છઇં. તે માટઇં ઉપચાર. તિમ દ્રવ્યાર્થિકનયનો સાક્ષાત્ સંકેત અભેદઇં છઇં. તે માટઇં તિહાં✿ શક્તિ. ભેદઇં વ્યવહિત સંકેત છઈ. તે માટઇં ઉપચાર. ઈમ પર્યાયાર્થિકનયની પણિ શક્તિ-ઉપચાર ભેદ-અભેદનઇં વિષયઇં જોડવા.॥૫/૪॥

---

तत्र शक्तिनाम्नी मुख्यवृत्तिः विज्ञेया, परं गङ्गातीरे गङ्गापदस्य व्यवहितसङ्केतो वर्त्तते। अतः तस्य गङ्गातीरे लक्षणानाम्नी गौणीवृत्तिः ज्ञेया। तथा अध्यवसायविशेषस्वरूपद्रव्यार्थिकनयमतप्रसूतपदस्य शब्दात्मकस्य वा द्रव्यार्थिकनयस्य द्रव्य-गुण-पर्यायाणाम् अभेदे साक्षात्सङ्केतो वर्त्तत इति तेषाम् अभेदे तस्य शक्तिनाम्नी मुख्यवृत्तिः ज्ञेया। परं तेषां भेदे तस्य व्यवहितसङ्केतो वर्त्तत इति तेषां भेदे तस्य लक्षकस्य शब्दस्य लक्षणाऽभिधाना औपचारिकी वृत्तिरवसातव्या।

इत्थमध्यवसायविशेषात्मकपर्यायार्थनयप्रसूतपदस्य शब्दात्मकस्य वा पर्यायार्थनयस्य द्रव्यादीनां भेदे साक्षात्सङ्केतो वर्त्तत इति तेषां भेदे तस्य शक्तिवृत्तिः गम्या तेषाम् अभेदे च तस्य व्यवहितसङ्केतो वर्त्तत इति तेषाम् अभेदे तस्य लक्षणावृत्तिरनुमेया। एवं नयस्य साक्षात्परम्परासङ्केतयोरेव यथाक्रमं शब्दशक्ति-लक्षणाभिधानवृत्तिनियामकत्वमवसेयम्।

---

પરંતુ 'ગંગાતીર' અર્થમાં 'ગંગા' પદનો સંકેત સાક્ષાત્ (Direct) નથી પણ વ્યવહિત (Indirect) છે. તેથી 'ગંગાતીર' અર્થમાં 'ગંગા' પદની લક્ષણા નામની જઘન્યવૃત્તિ જાણવી. બરાબર આ જ રીતે પ્રસ્તુતમાં કહી શકાય છે કે અધ્યવસાયવિશેષસ્વરૂપ દ્રવ્યાર્થિકનયના મતમાંથી ઉત્પન્ન થયેલ શબ્દનો અથવા શબ્દાત્મક દ્રવ્યાર્થિકનયનો સાક્ષાત્ સંકેત દ્રવ્ય-ગુણ-પર્યાયના અભેદમાં રહેલો છે. તેથી તેની શક્તિ નામની મુખ્ય વૃત્તિ દ્રવ્યાદિના અભેદમાં જાણવી. પરંતુ દ્રવ્યાદિના ભેદમાં તેનો સંકેત વ્યવહિત છે. તેથી દ્રવ્યાદિભેદમાં તે લક્ષક શબ્દની લક્ષણા નામની ગૌણ = ઔપચારિક વૃત્તિ જાણવી.

### જ્ઞાનાત્મક અને શબ્દાત્મક નય

**સ્પષ્ટતા** :- નયના બે સ્વરૂપ પ્રસિદ્ધ છે - જ્ઞાનસ્વરૂપ અને શબ્દસ્વરૂપ. જ્ઞાનસ્વરૂપ નય વિશેષ-પ્રકારના અધ્યવસાય તરીકે પ્રસિદ્ધ છે. અધ્યવસાયવિશેષાત્મક નય સ્વ માટે ઉપયોગી છે. શબ્દાત્મક નય બીજા માટે ઉપયોગી છે. અધ્યવસાયવિશેષાત્મક નય પણ પોતાનો અભિપ્રાય બીજાને જણાવવા માટે શબ્દપ્રયોગ કરે છે. અધ્યવસાયવિશેષાત્મક દ્રવ્યાર્થિકનયથી ઉત્પન્ન થયેલ શબ્દ કે શબ્દાત્મક દ્રવ્યાર્થિકનય દ્રવ્ય-ગુણ-પર્યાયમાં અભેદને જ મુખ્ય માને છે. બાકીની વાત વ્યાખ્યાર્થમાં સ્પષ્ટ જ છે.

### દ્રવ્યાદિભેદમાં સાક્ષાત્ સંકેત : પર્યાયાર્થિક

(इत्थ.) બરાબર આ જ રીતે અધ્યવસાયવિશેષાત્મક પર્યાયાર્થિકનયથી ઉત્પન્ન થયેલ શબ્દનો કે શબ્દાત્મક પર્યાયાર્થિકનયનો દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદમાં જ સાક્ષાત્ સંકેત વર્તે છે. માટે દ્રવ્યાદિના ભેદમાં તેની શક્તિ નામની મુખ્યવૃત્તિ જાણવી. તથા દ્રવ્યાદિના અભેદમાં તેનો વ્યવહિત સંકેત વર્તે છે. તેથી દ્રવ્યાદિના અભેદમાં તેની લક્ષણા નામની ગૌણ વૃત્તિ = ઔપચારિક વૃત્તિ રહેલી છે - તેમ સમજવું. આ રીતે આપણે જોઈ શકીએ છીએ કે નયનો સાક્ષાત્ સંકેત શક્તિ નામની મુખ્ય વૃત્તિનો નિયામક

---

✿ આ.(૧)માં 'ઈહાં' પાઠ તથા કો.(૧૩)માં 'તિહાં' નથી.

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'यस्य शब्दस्य यस्मिन् अर्थे मुख्यः = साक्षात् सङ्केतः तस्मिन् शब्दशक्तिः वर्तते व्यवहितसङ्केतशालिनि चार्थे तल्लक्षणा' इति सिद्धान्तं चेतसिकृत्य स्वात्मद्रव्ये आत्मशब्दस्य साक्षात् सङ्केतितत्त्वेन ध्रुव-शुद्धाऽखण्डात्मद्रव्यस्य च ज्ञानमयत्वेन, शान्तत्वेन स्थिरत्वेन चात्मपर्यायोत्पाद-व्ययादिनिमित्तकसङ्क्लेशावर्त्ते आत्मार्थी न निमज्जति, तद्दृष्टौ स्वतो नश्वराणां व्याधि-जरा-मरणादीनां स्वपर्यायाणाम् आत्मशब्दनिरूपितमुख्यवाच्यार्थत्वविरहेण अत्यन्तं गौणत्वात्, आध्यात्मिकसङ्केतेन स्वस्मिन् तन्निमित्तकाऽऽय-व्ययाऽभावस्याऽवगमाच्च। इत्थमेव "अनन्तः केवलो नित्यो व्योमरूपः सनातनः। देवाधिदेवो विश्वात्मा विश्वव्यापी पुरातनः" (यो.प्र.२८) इति **योगप्रदीपे** दर्शितं सिद्धस्वरूपं सुलभं स्यात्।।५/४।।

---

છે તથા વ્યવહિત સંકેત લક્ષણા નામની જઘન્ય વૃત્તિનો નિયામક છે.

## ✡ સાધકની દૃષ્ટિમાં પર્યાયો ગૌણ બને ✡

**આધ્યાત્મિક ઉપનય** :- 'જે શબ્દનો જે અર્થમાં મુખ્ય = સાક્ષાત્ સંકેત હોય તે અર્થમાં તે શબ્દની શક્તિ અને વ્યવહિત સંકેતિત અર્થમાં લક્ષણા' - આ મુજબ ટબામાં દર્શાવેલ નિયમ અધ્યાત્મજગતમાં એ રીતે ઉપયોગી બને છે કે 'આત્મા' શબ્દનો મુખ્યતયા આત્મદ્રવ્યમાં સંકેત કરવામાં આવતો હોવાથી ધ્રુવ શુદ્ધ અખંડ આત્મદ્રવ્ય તો જ્ઞાનમય, શાંત અને સ્થિર હોવાથી પોતાને આત્મા તરીકે જાણતો સાધક પર્યાયોની ઉત્પત્તિ-ઉચ્છિત્તિ કે ઉથલ-પાથલના નિમિત્તે આઘાત-પ્રત્યાઘાતનો અનુભવ કરતો નથી. કારણ કે તે પર્યાયો તો સાધકની દૃષ્ટિમાં અત્યંત ગૌણ છે. સાધકની દૃષ્ટિમાં રોગ, ઘડપણ વગેરે સ્વતઃ વિનશ્વર આત્મપર્યાયો 'આત્મા' શબ્દનો મુખ્યાર્થ નથી. તેથી "તેની ઉથલ-પાથલના નિમિત્તે પોતાને લેશ પણ લાભ-નુકસાન નથી" - આવી ઠરેલ સમજણ આધ્યાત્મિક સંકેતથી સાધકમાં પ્રગટેલી હોવાથી સાધક રોગ-ઘડપણ-મરણ વગેરે અવસ્થામાં અત્યંત સ્વસ્થ રહે છે. આ રીતે જ **યોગપ્રદીપ**માં દર્શાવેલ સિદ્ધસ્વરૂપ સુલભ થાય. ત્યાં જણાવેલ છે કે 'સિદ્ધાત્મા એ (૧) અનંત, (૨) કેવલ, (૩) નિત્ય, (૪) આકાશની જેમ વ્યાપક-નિર્લેપ, (૫) સનાતન, (૬) દેવાધિદેવ, (૭) વિશ્વાત્મા, (૮) વિશ્વવ્યાપી અને (૯) પુરાતન છે.' (૫/૪)

**લખી રાખો ડાયરીમાં.....**

- **બુદ્ધિ સુધરેલી લાગવા છતાં ગાંડી છે.**
  **શ્રદ્ધા ગાંડી લાગવા છતાં ડાહી છે, સમજુ છે.**
- **સાધના બાહ્ય વિરાધનામાં ત્રાસ અનુભવે છે.**
  **દા.ત. કુલવાલક મુનિ.**
  **ઉપાસના દોષ-દુર્ગુણમાં ત્રાસ અનુભવે છે.**
  **દા.ત. ઈલાયચી કુમાર.**

§કોઈક કહઈ છઈ, જે "એક નય એક જ વિષય ગ્રહઈ, બીજા નયનો વિષય ન ગ્રહઈ" તે ♦દૂષઈ છઈ –

**ભિન્ન વિષય નયગ્યાનમાં, જો સર્વથા ન✿ ભાસઈ રે;**
**તો ♦સ્વતંત્ર ●ભાવઈ રહઈ, મિથ્યાદૃષ્ટિ પાસઈ રે ॥૫/૫॥ (૫૯) ગ્યાન.**

**જો નયજ્ઞાનમાંહિં, ભિન્ન વિષય** કહતાં નયાંતરનો મુખ્યાર્થ, **સર્વથા** કહતાં અમુખ્યપણઈં પણિ **ન ભાસઈ; તો સ્વતંત્ર ભાવઈ** = સર્વથા નયાંતરવિમુખપણઈં, **મિથ્યાદૃષ્ટિ પાસઈ રહઈ**. એટલઈં દુર્નય થાઈ, પણિ સુનય ન થાઈં; ઈમ જાણવું. ॥**૫/૫**॥

कश्चित्तु 'एको नय एकमेव विषयं गृह्णाति, न तु नयान्तरविषयं लेशतोऽपी'त्याह। तन्मतं दूषयति – '**विषय**' इति।

**विषयोऽन्यो नयज्ञाने सर्वथा चेन्न भासते।**
**तर्हि स्वतन्त्रभावेन मिथ्यादृष्टेः स दुर्नयः।। ५/५।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – नयज्ञाने अन्यो विषयः सर्वथा न भासते चेत् ? तर्हि स्वतन्त्रभावेन स मिथ्यादृष्टेः दुर्नयः (भवेत्)।।५/५।।

**नयज्ञाने** = एकस्मिन् नयविशेषज्ञाने **अन्यो विषयः** = नयान्तरमुख्यविषयः **सर्वथा** = अमुख्यतयाऽपि **न** = नैव **भासते चेत्** ? **तर्हि स्वतन्त्रभावेन** = सर्वथा प्रमाणपरिकरभूतनयान्तर-वैमुख्यभावेन **स मिथ्यादृष्टेः दुर्नयो** भवेत्, न तु सुनय इति ज्ञेयम्।

**અવતરણિકા** :- આ રીતે દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય મુખ્ય-ગૌણરૂપે એકબીજાના વિષયનો સ્વીકાર કરે છે તેની વાત થઈ. પરંતુ કોઈક વિદ્વાન તો એમ કહે છે કે 'એક નય એક વિષયને જ ગ્રહણ કરે. અન્ય નયના વિષયને લેશથી પણ તે નય ગ્રહણ ન કરે.' ગ્રંથકારશ્રી તેના અભિપ્રાયનું નિરાકરણ કરતાં જણાવે છે કે :-

### ✤ મિથ્યાદૃષ્ટિ પાસે દુર્નય ✤

**શ્લોકાર્થ** :- 'એક નયના જ્ઞાનમાં બીજો વિષય જરા પણ ભાસે નહિ' - એવું જો હોય તો મિથ્યાદૃષ્ટિનો તે નય સ્વતંત્રપણે = નિરપેક્ષપણે રહેવાથી દુર્નય બની જશે. (૫/૫)

**વ્યાખ્યાર્થ** :- 'એક નયના જ્ઞાનમાં અન્ય નયનો મુખ્ય વિષય ગૌણરૂપે પણ ભાસે નહિ'-એવું જો માનવામાં આવે તો વિવક્ષિત નય પ્રમાણના ઘટકીભૂત અન્ય નયથી સર્વથા વિમુખ બની જશે. આ પ્રમાણે તો તે નય પ્રમાણપરતંત્ર = પ્રમાણાધીન બનવાના બદલે સ્વતંત્ર બની જશે. તથા આ રીતે સ્વતંત્રપણે રહેનારો તે નય મિથ્યાદૃષ્ટિ પાસે પહોંચી જશે. મિથ્યાદૃષ્ટિનો તે નય દુર્નય બની જશે, સુનય નહિ બની શકે. આ દોષ તે વિદ્વાનોના મતમાં જાણવો.

§ મો.(૨)માં પાંચથી આઠ ગાથા તથા તેનો ટબો નથી. તે પાનું ખૂટે છે. ♦ આ.(૧)માં 'દોષ છે' પાઠ. ✿ કો.(૪)માં 'નવિ' પાઠ. ♦ કો.(૪)માં 'સ્વયં તંત્ર' પાઠ. ● શાં.માં 'ભવઈ' પાઠ. મ.+કો.(૭)+આ.(૧)નો પાઠ લીધો છે.

अयमभिप्रायः – प्रमाणस्य सर्वनयसमाहारतया प्रमाणघटकत्वे एव नयस्य सुनयत्वं स्यात्। प्रमाणाऽघटकत्वे, प्रमाणनिरपेक्षत्वे, प्रमाणघटकनयान्तरनिरपेक्षत्वे, प्रमाणसापेक्षनयान्तराभिमतार्थापलापे वा मिथ्यादृष्टेः पार्श्वे वसन् दुर्नय एव भवेत्। गौणभावेन प्रमाणघटकनयान्तरसम्मतविषयाऽङ्गीकारे तु स एव सुनयतामपद्येतेति।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – कश्चिदपि सिद्धान्तः अभिप्रायो वा नयः। तस्य सर्वथैव सिद्धान्तान्तरनिरपेक्षत्वे अपसिद्धान्तत्वं दुर्नयत्वं वाऽऽपद्यते। अस्मदभिप्रायाऽवधारणादिषु मैवं स्यादिति व्यक्त्यन्तराभिप्रायोऽपि समुचितरीत्या यथावसरं सोत्साहतया ग्राह्यः। केनचिद् अस्मदुपरि अन्यायादिकं क्रियते तदा न तदीयविपर्यस्तप्रवृत्तिः स्वचेतसि प्राधान्येन समाश्रयणीया किन्तु स्वीयकर्मविषमतैव विलोकनीया। अस्माभिः तपश्चर्या-प्रवचनप्रभावनादिसुकृते सम्पादिते तु नास्मदीयपुरुषकारः समालम्बनीयः किन्तु भगवदनुग्रह-नियति-कालपरिपाकादिकं कारणविधया प्राधान्येनोररीकर्तव्यम्। 'मदीयसुकृते मदीयकौशल्य-पुण्य-पुरुषकारादिकमेव कारणीभूतम्, नान्यदि'त्यभिगमस्तु दुर्नयतामापद्येत। 'मैवमस्माकं भूयादि'ति प्रणिधातव्यम्। ततश्च "व्यपगतजनन-जरा-निधनाद्यातङ्कम्" (द.र.र.२/३/वृ.पृ. १६४) इति **दर्शनरत्नरत्नाकरवृत्तौ** दर्शितं मोक्षसुखं मङ्क्षु लभ्यते।।५/५।।

---

(अय.) અહીં કહેવાનો આશય એ છે કે સર્વ નયોનો સમાહાર પ્રમાણ છે. તેથી પ્રમાણઘટક બનવા તૈયાર હોય તે જ નય સુનય કહેવાય. જે નય પ્રમાણઘટક ન બને, પ્રમાણનિરપેક્ષ બને, પ્રમાણઘટક નયાન્તરથી નિરપેક્ષ બને, પ્રમાણસાપેક્ષ નયાન્તરના અભિપ્રેત અર્થનો ગૌણભાવે પણ સ્વીકાર ન કરે કે તેનો અપલાપ કરે તો તે નયને મિથ્યાદષ્ટિ પાસે રહેનારો દુર્નય સમજવો. તથા જો પ્રમાણઘટકીભૂત અન્ય નયના વિષયને ગૌણ ભાવે સ્વીકારવા તૈયાર થાય તો તે જ નય સુનયાત્મક બની જશે.

### ☙ અન્ય વ્યક્તિના અભિપ્રાયને સમજવો જરૂરી ☙

[redacted] :- કોઈ પણ સિદ્ધાન્ત કે અભિપ્રાય એક પ્રકારનો નય છે. એક સિદ્ધાન્ત કે માન્યતા જો અન્ય સિદ્ધાન્તથી કે માન્યતાથી તદ્દન નિરપેક્ષ - વિમુખ - સ્વતંત્ર બની જાય તો તે સિદ્ધાન્ત ખરેખર અપસિદ્ધાન્ત કે દુર્નય બની જાય. આવું આપણી માન્યતામાં કે અવધારણામાં આવી ન જાય તે માટે સામેની વ્યક્તિના અભિપ્રાયનો પણ યોગ્ય રીતે, યોગ્ય સમયે, સ્વીકાર કરવાની તૈયારી આપણે રાખવી. કોઈ આપણી સાથે અન્યાય કે અનુચિત વ્યવહાર કરે ત્યારે સામેની વ્યક્તિના ગલત પુરુષાર્થ ઉપર ભાર આપવાના બદલે આપણા કર્મના વૈષમ્ય = વિચિત્રતા ઉપર ભાર આપવો. તથા તપશ્ચર્યા, શાસનપ્રભાવના વગેરે સત્કાર્ય આપણા દ્વારા થાય ત્યારે પુરુષાર્થના સિદ્ધાન્તને વળગવાના બદલે પ્રભુકૃપા, નિયતિ, કાળપરિપાક વગેરે પરિબળોને પ્રાધાન્ય આપવું. 'મેં કરેલા સારા કામમાં માત્ર મારી આવડત -હોંશિયારી જ કારણભૂત છે'- આવો અભિગમ તો દુર્નય સ્વરૂપ બની જાય. આવું આપણામાં ન બને તેનો સંકલ્પ કરવો. તેનાથી **દર્શનરત્નરત્નાકરવૃત્તિ**માં બતાવેલ જન્મ-જરા-મરણરહિત મોક્ષસુખ ઝડપથી મળે છે. (૫/૫)

**એહ વિશેષાવશ્યકઈં સમ્મતિમાં પણિ ધારો રે;**
**ઈમ નયથી સવિ સંભવઈ, ભેદ-અભેદઉપચારો રે ॥૫/૬॥ (૯૦) ગ્યાન.**

એહ અર્થ **વિશેષાવશ્યક**ઈં તથા **સમ્મતિમાં** (પણિ) હઈં છઈં - ઈમ **ધારો. गाथा** -

[1]**दोहि वि णयेहि णीअं, सत्थमुलूएण तह वि मिच्छत्तं।**
**जं सविसयप्पहाणत्तणेण अण्णुण्णनिरवेक्खा।।** (स.त.३/४९,- वि.आ.भा.२१९५)

अत्रैव प्राचां सम्मतिमाह – '**विशेषे**'ति।

**विशेषावश्यके ह्येवं प्रोक्तमपि च सम्मतौ।**
**इति नयेन सर्वं स्याद् भेदाभेदादिलक्षणम्।।५/६।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – एवं हि विशेषावश्यके सम्मतौ च प्रोक्तम् इति नयेन भेदाभेदादिलक्षणं सर्वं स्यात्।।५/६।।

**एवम्** = अनेन प्रकारेण **हि** = एव **विशेषावश्यके** = **विशेषावश्यकमहाभाष्ये सम्मतौ चापि प्रोक्तम्**। 'अपि'शब्दः समुच्चयार्थोऽत्र दृश्यः "अपि सम्भावना-प्रश्न-शङ्का-गर्हा-समुच्चये। तथा युक्तपदार्थेषु कामचारक्रियासु च।।" (ब.वि.को.) इति **बङ्गीयविश्वकोश**वचनात्। "चः पादपूरणे" (वि.लो.अव्यय-१२) इति **विश्वलोचनकोशा**नुसारेण चकारो बोध्यः। तदुक्तं तत्र [1]"दोहि वि णएहि णीअं सत्थमुलूएण तह वि मिच्छत्तं। जं सविसयप्पहाणत्तणेण अण्णोण्णनिरवेक्खा।।" (स.त.३/४९, वि.आ.भा.२१९५) इति। श्री**अभयदेवसूरि**कृततद्वृत्तिलेशस्त्वेवम् "द्वाभ्यामपि = द्रव्यार्थिक-पर्यायार्थिकनयाभ्यां प्रणीतं शास्त्रम् उलूकेन

**અવતરણિકા** :- 'સર્વથા નયાન્તરનિરપેક્ષ નય દુર્નય બની જાય છે' - આ બાબતમાં ગ્રંથકારશ્રી પૂર્વાચાર્યોની સંમતિને દેખાડે છે :-

**✻ ભેદ-અભેદસમાવેશ નયસાધ્ય ✻**

**શ્લોકાર્થ** :- આ પ્રમાણે જ વિશેષાવશ્યકભાષ્ય તથા સમ્મતિતર્ક ગ્રંથમાં પણ જણાવેલ છે. આમ નયથી ભેદ-અભેદ વગેરે સ્વરૂપ બધું સંભવી શકે છે. (૫/૬)

**❀ વૈશેષિક શાસ્ત્ર મિથ્યા : સંમતિકાર ❀**

**વ્યાખ્યાર્થ** :- **બંગીયવિશ્વકોશ**માં "સંભાવના, પ્રશ્ન, શંકા, ગર્હા, સમુચ્ચય, યુક્તપદાર્થો તથા કામચાર ક્રિયાઓ વિશે 'अपि' શબ્દ વપરાય" - તેમ જણાવેલ છે. તે મુજબ અહીં મૂળ શ્લોકનો 'अपि' શબ્દ સમુચ્ચય અર્થમાં જાણવો. **વિશ્વલોચનકોશ** મુજબ 'च' શબ્દ પાદપૂર્તિ માટે સમજવો. હવે મૂળ વાત કરીએ. આ પ્રકારે જ **વિશેષાવશ્યક મહાભાષ્ય**માં અને **સંમતિતર્ક**માં પણ જણાવેલ છે. આ બન્ને ગ્રંથોમાં 'दोहि वि...' ઈત્યાદિ ગાથા એકસરખી ઉપલબ્ધ થાય છે. તેનો અર્થ આ મુજબ છે કે 'ઉલૂકે બન્નેય નયથી શાસ્ત્ર રચેલ છે, છતાં પણ તે શાસ્ત્ર મિથ્યા છે. કારણ કે (અન્ય નયના વિષયના અપલાપપૂર્વક) પોતાના વિષયની મુખ્યતા હોવાથી તે બન્ને નય એકબીજાથી નિરપેક્ષ છે.' **સંમતિતર્ક**પ્રકરણની **વ્યાખ્યામાં**

1. द्वाभ्यामपि नयाभ्यां नीतं शास्त्रमुलूकेन तथापि मिथ्यात्वम्। यत् स्वविषयप्रधानत्वेन अन्योऽन्यनिरपेक्षौ।।

वैशेषिकशास्त्रप्रणेत्रा, द्रव्य-गुणादेः पदार्थषट्कस्य नित्याऽनित्यैकान्तरूपस्य तत्र प्रतिपादनात्, ....(तथापि) उलूकप्रतिपादितशास्त्रस्य मिथ्यात्वम्, तदभिहितपदार्थानामप्रमाणत्वात्, प्रमाणबाधितत्वाच्च। आचार्यस्तु एतत्सर्वं हृदि कृत्वा तन्मिथ्यात्वाऽविनाभूतं प्रतिपादितसकलन्यायव्यापकं 'जं सविसय' इत्यादिना गाथापश्चार्द्धेन हेतुमाह – यस्मात् स्वविषयप्रधानताव्यवस्थिताऽन्योऽन्यनिरपेक्षोभयनयाऽऽश्रितं तत्, अन्योन्यनिरपेक्षनयाश्रितत्त्वस्य मिथ्यात्वादिनाऽविनाभूतत्वाद्" (स.त. ३/४९ वृ.) इति।

अयमत्राभिप्रायः – 'हस्ती स्तम्भसदृशः, सूर्पसदृशः, कुम्भसदृशः' इत्यादिवचनानि यदि मिथः सापेक्षतया 'पादापेक्षया हस्ती स्तम्भसदृशः, कर्णदृष्ट्या सूर्पसदृशः, गण्डस्थलभागे कुम्भसदृशः' इति स्वाभिप्रायप्रतिपादनपराणि तर्हि तानि सर्वाणि सुनयस्वरूपाणि। किन्तु 'हस्ती सर्वांशैः केवलं स्तम्भसदृशः एव' इत्येवं नयान्तरनिरपेक्षतया स्वविषयप्राधान्यदर्शकत्वे तु ते अन्धगजन्यायेन दुर्नयतामापद्यन्ते। सर्वनयसमन्वये तु समस्तवस्तुपरिच्छेदः, चक्षुष्मतः समस्तगजावयवसमूहात्मकगजा-

---

**અભયદેવસૂરિજી**એ કહેલ છે કે "વૈશેષિક શાસ્ત્રને બનાવનાર **ઉલૂક** નામના ઋષિએ દ્રવ્યાર્થિકનયથી અને પર્યાયાર્થિકનયથી પોતાનું શાસ્ત્ર રચેલ છે. કારણ કે દ્રવ્ય-ગુણ-કર્મ-સામાન્ય-વિશેષ-સમવાયસ્વરૂપ છ ભાવપદાર્થનું એકાન્તનિત્યરૂપે અને એકાન્તઅનિત્યરૂપે તે ગ્રંથમાં (**વૈશેષિકસૂત્ર**માં) તેમણે પ્રતિપાદન કરેલ છે..... તેમ છતાં પણ ઉલૂકરચિત ગ્રંથ મિથ્યા = ખોટો છે. કારણ કે તેમણે જણાવેલ પદાર્થોમાં કોઈ પ્રમાણ નથી તથા તે પદાર્થો પ્રમાણથી બાધિત પણ છે. **સિદ્ધસેનદિવાકરસૂરિજી** આ બધી બાબતને હૃદયમાં રાખીને 'जं सविसय...' ઈત્યાદિ શબ્દથી ગાથાના ઉત્તરાર્ધમાં વૈશેષિકશાસ્ત્રના ખોટાપણાને સિદ્ધ કરનારા હેતુને દર્શાવે છે. તે હેતુ ઉલૂકદર્શિત સર્વ યુક્તિઓમાં લાગુ પડે તેવો છે. અર્થાત્ ઉલૂકે વૈશેષિક શાસ્ત્રમાં દર્શાવેલી તમામ યુક્તિઓને ખોટી સિદ્ધ કરે તેવા પ્રકારના હેતુને સંમતિકારશ્રી ગાથાના ઉત્તરાર્ધ દ્વારા જણાવતા કહે છે કે પોતાના જ અભિપ્રેત અર્થની મુખ્યતાને સિદ્ધ કરવામાં તત્પર હોવાના લીધે એકબીજાથી અત્યંત નિરપેક્ષ એવા દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયના આધારે તે વૈશેષિક શાસ્ત્ર તૈયાર થયેલ છે. એકબીજાથી અત્યંત નિરપેક્ષ નયનો આધાર લેનાર વચન કે શાસ્ત્ર મિથ્યાત્વ-કુતર્કગ્રસ્તત્વ આદિનું સાધક છે."

## ❋ નિરપેક્ષ અનેક નયોનો સમૂહ પણ મિથ્યા ❋

(**अय.**) અહીં **અભયદેવસૂરિજી**નો અભિપ્રાય એ છે કે 'હાથી થાંભલા જેવો છે', 'હાથી સૂપડા જેવો છે', 'હાથી ઘડા જેવો છે' - ઈત્યાદિ વચનો જો એકબીજાને સાપેક્ષ રહીને, એકબીજાની વાતનો અપલાપ કર્યા વિના પોતાના અભિપ્રાયનું પ્રતિપાદન કરે કે 'પગની અપેક્ષાએ હાથી થાંભલા જેવો છે', 'કાનની દૃષ્ટિએ હાથી સૂપડા જેવો છે', 'ગંડસ્થલ ભાગમાં હાથી કુંભ જેવો છે' - તો તે સર્વ વચનો સુનયસ્વરૂપ બને છે. પરંતુ 'હાથી ફક્ત થાંભલા જેવો જ છે. સર્વાંશે હાથી થાંભલા જેવો જ છે' - આ પ્રમાણે એક નય બીજા નયથી નિરપેક્ષ બનીને સ્વવિષયની મુખ્યતાને દર્શાવે તો અંધગજન્યાયથી તે દુર્નયસ્વરૂપ બની જાય છે. સર્વ નયોનો પરસ્પર સમન્વય કરવામાં આવે તો સંપૂર્ણ વસ્તુનો નિર્ણય થાય. જેમ આંખવાળા માણસને હાથીના તમામ અવયવોના સમૂહાત્મક હાથીનો બોધ થાય તેમ ઉપરની વાત સમજવી. આ જ અભિપ્રાયથી શ્રી**જિનભદ્રગણિ**ક્ષમાશ્રમણે **વિશેષાવશ્યકભાષ્ય**માં

ऽवगमवत्। तदिदमभिप्रेत्योक्तं **विशेषावश्यकभाष्ये** "[1]जमणेगधम्मणो वत्थुणो तदंसे च सव्वपडिवत्ती। अन्ध व्व गयावयवे तो मिच्छदिट्ठिणो वीसु।।" (वि.आ.भा.२२६९), "[2]जं पुण समत्तपज्जायवत्थुगमग त्ति समुदिया तेणं। सम्मत्तं चक्खुमओ सव्वगयावयवगहणे व्व।।" (वि.आ.भा.२२७०) इति। ततश्च उच्छृङ्खलत्वाद् उपसर्जनभावेनाऽपि नयान्तरविषयाऽनभ्युपगमे दुर्नयत्वाऽऽपत्त्यैव वैशेषिकशास्त्रजनकौ द्रव्यार्थिक-पर्यायार्थिकनयौ अपि दुर्नयतामाप्नुतः। 'परमाणुः सर्वथा नित्य-एव' इति प्रतिपादकः उलूकाऽभ्युपगतद्रव्यार्थिकनयः पर्यायार्थिकनिरपेक्षः, पर्यायार्थिकसम्मतस्य परमाणुनिष्ठस्याऽनित्यत्वस्याऽपलापात्। एवं 'ज्ञानं क्षणिकमेव' इति प्रतिपादकः उलूकाऽभ्युपगतपर्यायार्थिकनयोऽपि द्रव्यार्थिकनिरपेक्षः, द्रव्यार्थिकनयदृष्ट्या ज्ञानात्मनोः अभिन्नतया आत्मस्वरूपेण ज्ञाननिष्ठनित्यतायाः अपलापात्। इत्थम् उलूकाऽभ्युपगतयोः मिथो निरपेक्षयोः द्रव्यार्थिक-पर्यायार्थिकनययोः मिथ्यात्वेन तत्प्रणीतं वैशेषिकशास्त्रमपि मिथ्येति सिद्ध्यति।

**विशेषावश्यकभाष्यवृत्तौ** श्रीमलधारिहेमचन्द्रसूरिकृता **तद्व्याख्या** एवम् "द्वाभ्यामपि = द्रव्य

---

જણાવેલ છે કે "જે કારણે અનેક ગુણધર્મવાળી વસ્તુના એક અંશમાં સંપૂર્ણ વસ્તુ તરીકેની સમજણ આંધળા માણસને હાથીના એકાદ અવયવમાં સંપૂર્ણ હાથી તરીકેની સમજણ થાય તેના જેવી છે, તે કારણે છૂટા-છવાયા નયો મિથ્યાદષ્ટિ છે. વળી, જે કારણે ભેગા થયેલા નયો સમસ્તપર્યાયયુક્ત એવી વસ્તુનો નિર્ણય કરાવે છે, તે કારણે તે સમ્મીલિત સર્વ નયો સમ્યક્ છે. જેમ હાથીના તમામ અવયવોનું જ્ઞાન થતાં સર્વગજઅવયવસમૂહાત્મક હાથીનો સ્વીકાર કરનારા આંખવાળા માણસોનો બોધ સમ્યક્ છે તેમ ઉપરની વાત સમજવી." આ કારણસર ઉચ્છૃંખલ હોવાના લીધે અન્ય નયના વિષયનો ગૌણરૂપે પણ સ્વીકાર કરવાની તૈયારી ન રાખનાર નય દુર્નયાત્મક બની જવાથી જ વૈશેષિકશાસ્ત્રજનક દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નય પણ દુર્નયસ્વરૂપ બને છે. કેમ કે **ઉલૂક** ઋષિએ ગ્રહણ કરેલ દ્રવ્યાર્થિકનય પર્યાયાર્થિકનયથી નિરપેક્ષ છે તથા પર્યાયાર્થિકનય દ્રવ્યાર્થિકથી નિરપેક્ષ છે. તે કહે છે કે 'પરમાણુ એકાંતનિત્ય જ છે' - આ વાતને ઉલૂક જે દ્રવ્યાર્થિકનયના આધારે જણાવે છે, તે દ્રવ્યાર્થિકનય પર્યાયાર્થિકથી નિરપેક્ષ છે. પર્યાયાર્થિકનયની દૃષ્ટિથી પરમાણુમાં રહેનાર અનિત્યત્વનો તે અપલાપ કરે છે. માટે તે વચન મિથ્યા છે. તથા 'જ્ઞાન ક્ષણિક જ છે' - આ વાતને ઉલૂક જે પર્યાયાર્થિકનયની દૃષ્ટિથી જણાવે છે તે પર્યાયાર્થિકનય પણ દ્રવ્યાર્થિકથી નિરપેક્ષ છે. દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ જ્ઞાન આત્માથી અભિન્ન હોવાથી આત્મસ્વરૂપે તે નિત્ય છે. પણ ઉલૂકસ્વીકૃત પર્યાયાર્થિકનય તે નિત્યતાનો અપલાપ કરે છે. માટે તે વચન પણ મિથ્યા છે. માટે ઉલૂકપ્રણીત વૈશેષિકશાસ્ત્ર પણ મિથ્યા છે - તેમ સિદ્ધ થાય છે.

### જૈનોને સાપેક્ષ નયો સ્વીકાર્ય

(**વિશેષા.**) **સંમતિતર્ક** પ્રકરણની 'दोहि वि...' ગાથા **શ્રીજિનભદ્રગણિક્ષમાશ્રમણે વિશેષાવશ્યકભાષ્યમાં**

---

1. यदनेकधर्मणो वस्तुनः तदंशे च सर्वप्रतिपत्तिः। अन्धा इव गजावयवे ततो मिथ्यादृष्टयो विष्वक्।।

2. यत् पुनः समस्तपर्यायवस्तुगमका इति समुदिताः तेन। सम्यक्त्वं चक्षुष्मन्तः सर्वगजावयवग्रहण इव।।

-पर्यायास्तिकनयाभ्यां सर्वमपि निजं शास्त्रं नीतं = समर्थितम् उलूकेन तथापि तद् मिथ्यात्वमेव, यद् = यस्मात् स्व-स्वविषयप्राधान्याभ्युपगमेनोलूकाभिमतौ द्रव्य-पर्यायास्तिकनयौ अन्योऽन्यनिरपेक्षौ, जैनाभ्युपगतौ पुनः तौ परस्परसापेक्षौ, स्याच्छब्दलाञ्छितत्वाद्" (वि.आ.भा.२१९५ मल.वृ.) इति।

इह नय-सुनय-दुर्नयलक्षणानि वाच्यानि। तत्र नयलक्षणं तावद् (१) **विशेषावश्यकभाष्ये** [1]"एगेण वत्थुणोऽणेगधम्मुणो जमवधारणेणेव। नयणं धम्मेण तओ होइ नओ।।" (वि.आ.भा.२६७६) इत्युक्तम्।

(२) इदमेवाऽभिप्रेत्य **श्रीसिद्धसेनगणिवरैः** अपि **तत्त्वार्थसूत्रवृत्तौ** "अनेकधर्मकदम्बकोपेतस्य वस्तुन एकेन धर्मेण उन्नयनम् अवधारणात्मकं 'नित्य एव, अनित्य एव' इति एवंविधं नयव्यपदेशम् आस्कन्दति, स च अध्यवसायविशेष" (त.सू.२/३४ वृ.पृ.११५) इत्युक्तम्।

(३) [2]"जो उवएसो सो नओ नामं" (आ.नि.गा.१०५४) इति **आवश्यकनिर्युक्तौ श्रीभद्रबाहुस्वामि**पादाः।

(४) "जीवादीन् पदार्थान् नयन्ति प्राप्नुवन्ति कारयन्ति साधयन्ति निर्वर्तयन्ति निर्भासयन्ति उपलम्भयन्ति व्यञ्जयन्तीति नयाः" (त.सू.१/३५ भा.) इति **तत्त्वार्थस्वोपज्ञभाष्ये उमास्वातिवाचकाः**।

(५) "नयन्तीति नयाः वस्तु अवबोधगोचरं प्रापयन्ति। अनेकधर्मात्मकज्ञेयाध्यवसायान्तरहेतव इत्यर्थः"

---

ઉદ્ધૃત કરેલ છે. **મલધારી શ્રીહેમચંદ્રસૂરીશ્વરજીએ વિશેષાવશ્યકભાષ્યવૃત્તિ**માં તે અંગે જણાવેલ છે કે "દ્રવ્યાસ્તિક અને પર્યાયાસ્તિક નય દ્વારા ઉલૂકે પોતાનું સંપૂર્ણ શાસ્ત્ર બનાવેલ છે. તેમ છતાં તે મિથ્યા જ છે. કારણ કે ઉલૂકે સ્વીકારેલા દ્રવ્યાસ્તિક અને પર્યાયાસ્તિક નય પોતપોતાના વિષયને જ મુખ્ય બનાવે છે. માટે તે બન્ને નય એકબીજાથી નિરપેક્ષ છે. જ્યારે જૈનોએ સ્વીકારેલા દ્રવ્યાસ્તિક અને પર્યાયાસ્તિક પરસ્પર સાપેક્ષ છે. કારણ કે તે બે નય 'સ્યાત્' કે 'કથંચિત્' શબ્દથી ગર્ભિત છે."

## ❋ શ્વેતાંબરમતાનુસાર નયલક્ષણને ઓળખીએ ❋

(इह.) પ્રસ્તુતમાં નય, સુનય અને દુર્નયના લક્ષણ બતાવવા યોગ્ય છે. તેમાં સૌપ્રથમ શ્વેતાંબર આમ્નાય મુજબ નયના લક્ષણ આ પ્રમાણે છે. (૧) **વિશેષાવશ્યકભાષ્ય**માં કહેલ છે કે 'વસ્તુ અનેકધર્માત્મક છે. તેમાંથી કોઈ પણ એક ગુણધર્મ વડે વસ્તુને અવધારણપૂર્વક બુદ્ધિ સુધી પહોંચાડે તે નય કહેવાય.'

(૨) આ જ અભિપ્રાયથી **તત્ત્વાર્થસૂત્રવ્યાખ્યા**માં **શ્રીસિદ્ધસેન ગણિવરે** જણાવેલ છે કે "અનેક ગુણધર્મના સમૂહથી યુક્ત એવી વસ્તુનું એક ગુણધર્મથી નિશ્ચયાત્મક ઉન્નયન કરવું કે 'આ નિત્ય જ છે. આ અનિત્ય જ છે.' આ અવધારણ એ જ નયવ્યવહારને પામે છે. તે નય અધ્યવસાયવિશેષસ્વરૂપ છે."

(૩) **શ્રીભદ્રબાહુસ્વામીજીએ આવશ્યકનિર્યુક્તિ**માં જણાવેલ છે કે 'જ્ઞાન, ક્રિયા વગેરે વિશે જે ઉપદેશ આપવો તે નય છે.'

(૪) **ઉમાસ્વાતિજી** વાચકે **તત્ત્વાર્થસ્વોપજ્ઞભાષ્ય**માં જણાવેલ છે કે "જીવાદિ પદાર્થોનું નયન કરે, બુદ્ધિ સુધી પહોંચાડે, નિષ્પન્ન કરાવે, સાધી આપે, આવિર્ભાવ કરે, નિર્ભાસ કરે, સમજાવે, વ્યક્ત કરે તે નય કહેવાય."

(૫) **આવશ્યકનિર્યુક્તિવ્યાખ્યા**માં **શ્રીહરિભદ્રસૂરિજીએ** દર્શાવેલ છે કે "વસ્તુને જ્ઞાનનો વિષય બનાવે

---

1. एकेन वस्तुनोऽनेकधर्मणो यदवधारणेनैव। नयनं धर्मेण सकः भवति नयः॥ 2. य उपदेशः स नयो नाम।

(आ.नि.गा.७५४ वृ.) इति **आवश्यकनिर्युक्तिवृत्तौ श्रीहरिभद्रसूरयः**।

(६) **न्यायावतारवृत्तौ श्रीसिद्धर्षिगणिवराः** "अनन्तधर्माध्यासितं वस्तु स्वाभिप्रेतैकधर्मविशिष्टं नयति प्रापयति संवेदनम् आरोहयति इति नयः। प्रमाणप्रवृत्तेः उत्तरकालभावी परामर्श इत्यर्थः" (न्या.२९ वृ.) इति व्याचक्षते।

(७) इदमेवाऽभिप्रेत्य **श्रीमल्लिषेणसूरिभिः स्याद्वादमञ्जर्यां शुभविजयेन** च **स्याद्वादभाषायां** "प्रमाणप्रतिपन्नार्थैकदेशपरामर्शो नयः" (अन्य.व्य.२८ वृ.) इत्याद्युक्तम्।

(८) **नयोपदेशे** "सत्त्वाऽसत्त्वाद्युपेतार्थेषु अपेक्षावचनं = नयः" (नयो.२) इत्यावेदितम्।

(९) **नयचक्रसारे देवचन्द्रवाचकैः** "नयास्तु पदार्थज्ञाने ज्ञानांशाः" (न.च.सा.पृ.१८४) इत्युपदर्शितम्।

(१०) **धवलायां** [1]"णयदि त्ति णयो भणिओ बहूहि गुण-पज्जएहि जं दव्वं। परिणाम-खेत्त-कालंतरेसु अविणट्ठसब्भावं।।" (ध.पुस्तक १/पृ.११) इत्युक्तम्।

---

ते नय કહેવાય. તે અનેકગુણધર્માત્મક જ્ઞેય પદાર્થને વિશે વિવિધ પ્રકારના અધ્યવસાયનું કારણ બને છે."

(૬) **ન્યાયાવતારવ્યાખ્યામાં** શ્રી**સિદ્ધર્ષિગણિવરે** એવું જણાવેલ છે કે "વસ્તુ અનંતગુણધર્મોથી યુક્ત છે. તે અનંતગુણધર્મોમાંથી પોતાને અભિમત એવા એક ગુણધર્મથી વિશિષ્ટસ્વરૂપે વસ્તુને આપણી બુદ્ધિ સુધી પહોંચાડે તે નય કહેવાય. પ્રમાણની પ્રવૃત્તિ બાદ થનારો વસ્તુગતએકગુણધર્મવિષયક પ્રસ્તુત પરામર્શ તે જ નય સમજવો - ત્યાં સુધીનું તાત્પર્ય છે.'

(૭) આ જ અભિપ્રાયથી શ્રી**મલ્લિષેણસૂરિજી**એ **સ્યાદ્વાદમંજરી**માં તથા **શુભવિજયજી**એ **સ્યાદ્વાદભાષા**માં કહેલ છે કે "પ્રમાણસ્વીકૃત વસ્તુના એક અંશનો પરામર્શ નય કહેવાય."

(૮) **નયોપદેશ** ગ્રંથમાં મહોપાધ્યાય **શ્રીયશોવિજયજી** મહારાજાએ જણાવેલ છે કે 'સત્ત્વ, અસત્ત્વ વગેરે ગુણધર્મોથી યુક્ત એવા પદાર્થોને વિશે પ્રતિનિયતધર્મપ્રકારક અપેક્ષાત્મક શાબ્દબોધને ઉત્પન્ન કરનાર વચનને નય કહેવાય."

(૯) ખરતરગચ્છીય ઉપાધ્યાયશ્રી **દેવચન્દ્રજી** મહારાજે **નયચક્રસાર** ગ્રંથમાં 'પદાર્થના જ્ઞાનને વિશે જે જ્ઞાનના અંશો છે તે નય છે' - ઈત્યાદિ બાબત જણાવેલ છે.

હવે દિગંબર મત અનુસાર નયના લક્ષણોને વિચારીએ.

### ⊛ દિગંબરમતાનુસાર નયલક્ષણની વિચારણા ⊛

(૧૦) **ષટ્ખંડાગમ**ની **ધવલા** વ્યાખ્યામાં **વીરસેનાચાર્ય** નય વિશે એમ જણાવે છે કે 'અનેક ગુણોથી અને અનેક પર્યાયોથી યુક્ત એવા દ્રવ્યને જે બુદ્ધિ સુધી લઈ જાય અર્થાત્ તેવા દ્રવ્યને જે જણાવે તે નય કહેવાય. અથવા અનેક ગુણો દ્વારા અને અનેક પર્યાયો દ્વારા દ્રવ્યને જે જણાવે તે નય કહેવાય. એક પરિણામમાંથી બીજા પરિણામમાં, એક ક્ષેત્રમાંથી બીજા ક્ષેત્રમાં તથા એક કાળમાંથી બીજા કાળમાં જવા છતાં પણ તે દ્રવ્ય અવિનશ્વરસ્વભાવવાળું હોય છે. આવા દ્રવ્યને નય જણાવે છે.'

---

1. नयतीति नयो भणितः बहुभिः गुण-पर्यायैः यद् द्रव्यम्। परिणाम-क्षेत्र-कालान्तरेषु अविनष्टसद्भावम्।।

**(११) जयधवलायाम्** [1]"उच्चारियम्मि दु पदे णिक्खेवं वा कयं तु दट्ठूण। अत्थं णयंति ते तच्चदो वि तम्हा णया भणिया।।" (ज.ध.अ.पृ.३०) इत्युक्तम्।

**(१२) त्रिलोकप्रज्ञप्तौ** [2]"णओ वि णादुस्स हिदयभावत्थो" (त्रि.प्र.१/८३) इत्युक्तम्।

**(१३) लघीयस्त्रये अकलङ्कस्वामि**नाऽपि "नयो ज्ञातुरभिप्रायः" (ल.त्र.६/२) इत्युक्तम्।

**(१४) सिद्धिविनिश्चये**ऽपि **अकलङ्कस्वामि**ना "ज्ञातॄणामभिसन्धयः खलु नयाः" (सि.वि.१०/१) इत्युक्तम्।

**(१५)** "स्याद्वादप्रविभक्तार्थविशेषव्यञ्जकः = नयः" (आ.मी.१०६) इति **आप्तमीमांसायां समन्तभद्राचार्यः।**

**(१६) तत्त्वार्थसर्वार्थसिद्धौ** "वस्तुनि अनेकान्तात्मनि अविरोधेन हेत्वर्पणात् साध्यविशेषस्य याथात्म्यप्रापणप्रवणप्रयोगो नयः" (त.स.सि.१/३३) इत्युक्तम्।

**(१७) तत्त्वार्थराजवार्तिके** "प्रमाणप्रकाशितार्थविशेषप्ररूपकः = नयः" (त.रा.वा.१/३३) इत्युक्तम्।

**(१८) तत्त्वार्थश्लोकवार्तिके विद्यानन्दस्वामि**ना "नीयते गम्यते येन श्रुतार्थांशो नयो हि सः" (त.श्लो.१/३५/२०) इति व्याख्यातम्।

**(१९) न्यायदीपिकायां धर्मभूषणे**न "प्रमाणगृहीतार्थैकदेशग्राही प्रमातुः अभिप्रायविशेषो नयः" (न्या.दी.

---

**(૧૧) જયધવલા**માં નયની વ્યુત્પત્તિ જણાવેલી છે કે 'શબ્દ બોલાયે છતે અથવા પદના નિક્ષેપ કરેલા જોઈને - વિચારીને તત્ત્વથી અર્થને નિર્ણય સુધી પહોંચાડે છે તે કારણે તે વચન નય કહેવાય છે.'

**(૧૨) ત્રિલોકપ્રજ્ઞપ્તિ**માં સંક્ષેપથી જણાવેલ છે કે 'જ્ઞાતાના હૃદયનો ભાવાર્થ એ નય છે.'

**(૧૩) લઘીયસ્ત્રય**માં **અકલંકસ્વામી**એ પણ જણાવેલ છે કે 'જ્ઞાતાનો અભિપ્રાય = નય.'

**(૧૪) સિદ્ધિવિનિશ્ચય**માં પણ **અકલંકસ્વામી** કહે છે કે 'જ્ઞાતાઓના અભિપ્રાયો તે જ નયો છે.'

**(૧૫) આપ્તમીમાંસા**માં **સમન્તભદ્રસૂરિજી**એ જણાવેલ છે કે "સ્યાદ્વાદથી પ્રકૃષ્ટ રીતે વિભિન્ન કરાયેલા વિશેષ પ્રકારના અર્થને જે સમજાવે તે નય કહેવાય."

**(૧૬) તત્ત્વાર્થસૂત્રસર્વાર્થસિદ્ધિ** વ્યાખ્યામાં **પૂજ્યપાદસ્વામી**એ જણાવેલ છે કે 'વસ્તુ અનેકાન્તાત્મક = અનેકધર્માત્મક છે. તેવી વસ્તુને વિશે અનેકાન્તરૂપતાનો વિરોધ ન આવે તે રીતે હેતુને જણાવવા દ્વારા વિશેષ પ્રકારના સાધ્યના = અભિમત અંશના યથાવસ્થિતપણાને પ્રાપ્ત કરાવવામાં (= જણાવવામાં) કુશળ એવો વાક્યપ્રયોગ એ જ નય છે.'

**(૧૭) તત્ત્વાર્થરાજવાર્તિક**માં **અકલંકસ્વામી**એ નય અંગે આ મુજબ જણાવેલ છે કે "પ્રમાણ દ્વારા પ્રકાશિત કરાયેલા પદાર્થના વિશેષસ્વરૂપની (= અભિમત એક અંશની) પ્રરૂપણા કરે તે નય કહેવાય છે."

**(૧૮) તત્ત્વાર્થશ્લોકવાર્તિક**માં **વિદ્યાનન્દસ્વામી**એ જણાવેલ છે કે "શ્રુતજ્ઞાનના વિષયભૂત પદાર્થનો અંશ (= દ્રવ્ય કે પર્યાય) જેના દ્વારા જણાય તે જ નય કહેવાય છે."

**(૧૯) ન્યાયદીપિકા**માં દિગંબર **ધર્મભૂષણજી**એ જણાવેલ છે કે 'પ્રમાણ દ્વારા જ્ઞાત એવા પદાર્થના એક અંશને ગ્રહણ કરનારો પ્રમાતાનો વિશેષ અભિપ્રાય એ નય છે.'

---

1. उच्चारिते तु पदे निक्षेपं वा कृतं तु दृष्ट्वा। अर्थं नयन्ति ते तत्त्वतोऽपि तस्माद् नया भणिताः।।

2. नयोऽपि ज्ञातुः हृदयभावार्थः।

**स्वार्थग्राही इतरांशाप्रतिक्षेपी सुनयः इति सुनयलक्षणम् ।**
**स्वार्थग्राही इतरांशप्रतिक्षेपी दुर्नयः इति दुर्नयलक्षणम् ।**

पृ.४) इत्युक्तम् ।

**आलापपद्धतौ देवसेनस्तु** "(२०) प्रमाणेन वस्तुसङ्गृहीतार्थैकांशो नयः, (२१) श्रुतविकल्पो वा, (२२) ज्ञातुरभिप्रायो वा नयः, (२३) नानास्वभावेभ्यः व्यावृत्त्य एकस्मिन् स्वभावे वस्तु नयति प्रापयतीति वा नयः" (आ.प. २२५) इति प्राह। **कार्त्तिकेयानुप्रेक्षावृत्तौ** (गा.२६१) **शुभचन्द्रो**ऽपि तन्मतानुपाती।

***यत्तु* प्रमाणनयतत्त्वालोके श्रीवादिदेवसूरिभिः** "नीयते येन श्रुताख्यप्रमाणविषयीकृतस्य अर्थस्य अंशः तदितरांशौदासीन्यतः स प्रतिपत्तुरभिप्रायविशेषो नयः" (प्र.न.त.७/२) इत्युक्तम्, ***यच्च* प्रमाणमीमांसायां हेमचन्द्रसूरिभिः** "अतिरस्कृतान्यपक्षोऽभिप्रेतपदार्थांशग्राही ज्ञातुरभिप्रायो नयः" (प्र.मी.२/२/१) इत्युक्तम्, ***यच्च* नयरहस्ये महोपाध्याययशोविजयैः** "प्रकृतवस्त्वंशग्राही तदितरांशाऽप्रतिक्षेपी अध्यवसायविशेषः = नयः" (न.र.पृ.४) इत्युक्तम्, ***तत्तु*** सुनयलक्षणमेवावसेयम् ।

दुर्नयलक्षणं **प्रमाणनयतत्त्वालोके** "स्वाभिप्रेतांशाद् इतरांशापलापी पुनः नयाभासः" (प्र.न.त.७/२)

(आला.) **આલાપપદ્ધતિ**માં **દેવસેનજી**એ નયના અનેક લક્ષણો નીચે મુજબ જણાવેલા છે.
(૨૦) 'પ્રમાણથી સમ્યક્ જણાયેલ વસ્તુના એક અંશને ગ્રહણ કરનાર જ્ઞાન નય છે.' અથવા
(૨૧) શ્રુતજ્ઞાનનો વિકલ્પ નય કહેવાય છે. અથવા
(૨૨) જ્ઞાતાનો અભિપ્રાય નય જાણવો. અથવા
(૨૩) અનેક સ્વભાવોમાંથી હટાવીને કોઈ એક સ્વભાવમાં વસ્તુને પહોંચાડે તે નય કહેવાય."
આ અંગે **કાર્ત્તિકેયાનુપ્રેક્ષાવૃત્તિ**માં **શુભચંદ્ર** પણ દેવસેનના મતે અનુસરે છે.

### ❀ સુનય-દુર્નયલક્ષણ વિચારણા ❀

(यत्तु.) **પ્રમાણનયતત્ત્વાલોક**માં **વાદિદેવસૂરિજી**એ જણાવેલ છે કે 'શ્રુત = આગમ નામના પ્રમાણનો વિષય બનનાર પદાર્થનો એક અંશ, બીજા અંશો પ્રત્યે ઉદાસીનતા રાખવાપૂર્વક, જેના વડે જણાય તે જ્ઞાતાનો વિશિષ્ટ અભિપ્રાય નય કહેવાય.' અહીં વસ્તુના અવિવક્ષિત અંશો અંગે ઉદાસીનતા રાખવાની બાબતનો ઉલ્લેખ છે. તેથી તેને સુનય તરીકે સમજવો. **હેમચન્દ્રસૂરિજી**એ પણ **પ્રમાણમીમાંસા**માં 'અન્ય પક્ષનો તિરસ્કાર ન કરનાર અને અભિપ્રેત પદાર્થઅંશને ગ્રહણ કરનાર એવો જ્ઞાતાનો અભિપ્રાય નય છે' - આ મુજબ સુનયલક્ષણ જ જણાવેલ છે. તેમજ **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે **નયરહસ્ય**માં જે નયલક્ષણ બતાવેલ છે તે પણ સુનયનું જ લક્ષણ સમજવું. ત્યાં જણાવેલ છે કે "વિવક્ષિત વસ્તુના અમુક અંશને જે જણાવે તથા તેનાથી અન્ય અંશનો અપલાપ ન કરે તેવો વિશેષ પ્રકારનો અધ્યવસાય તે નય છે." અન્ય અંશનો અપલાપ ન કરવાથી તે અધ્યવસાયને સુનય સમજવો.

(दुर्न.) તથા દુર્નયનું લક્ષણ **પ્રમાણનયતત્ત્વાલોક**માં આ મુજબ જણાવેલ છે કે 'વસ્તુગત સ્વસંમત અંશથી અન્ય અંશોનો અપલાપ કરે, તે બોધ નયાભાસ = દુર્નય કહેવાય.' **આપ્તમીમાંસા** ઉપર **અકલંકસ્વામી**એ **અષ્ટશતીભાષ્ય** રચેલ છે. ત્યાં તેમણે એક કારિકા ઉદ્ધૃત કરેલ છે. તેનું અહીં અનુસંધાન

इति। **अष्टशतीभाष्ये अकलङ्कस्वामिना** उद्धरणरूपेण "अर्थस्याऽनेकरूपस्य धीः = प्रमाणं, तदंशधीः। नयो धर्मान्तराऽपेक्षी, दुर्नयस्तन्निराकृतिः।।" (अ.श.भा.१०/१०६/पृ.६८८) इत्युक्तं तदत्रानुसन्धेयम्।

ततश्च स्वार्थग्राही इतरांशाऽप्रतिक्षेपी इतरांशाऽपेक्षी वा सुनयः इति सुनयलक्षणम्। स्वार्थग्राही इतरांशप्रतिक्षेपी च दुर्नय इति दुर्नयलक्षणम्। ततश्च नयज्ञाने स्वार्थभानदशायां नयान्तरमुख्यार्थस्य गौणतयाऽप्यनभ्युपगम्यमाने सति तस्य दुर्नयत्वमेव प्रसज्येत, वस्तुनि नयान्तरविषयस्य गौण-रूपेणाऽप्यस्वीकारस्य तदपलापरूपत्वादिति। नयान्तरसंमतानां सतां वस्तुधर्माणाम् अपलापः मिथ्येति तत्पूर्वं स्वार्थाऽवधारणमपि मिथ्यैव।

यद्वा इतरांशौदासीन्येन स्वार्थग्राही नयः, 'द्रव्यं सदि'ति। इतरांशसापेक्षतया स्वार्थग्राही सुनयः, 'द्रव्यं स्यात् सदेवे'ति। इतरांशापलापेन स्वार्थग्राही दुर्नयः, 'द्रव्यं सदेवे'ति। मुख्यतया सर्वार्थग्राहकं तु प्रमाणम्, 'द्रव्यं स्यात् सत्, स्याद् असदि'त्यादिकम्। प्रकृतसुनयस्वरूपप्रदर्शनाऽभिप्रायेणैव

---

કરવું. ત્યાં જણાવેલ છે કે 'અનેક સ્વરૂપવાળા પદાર્થની પ્રજ્ઞા એ પ્રમાણ છે. પદાર્થના અન્ય ગુણધર્મોને સાપેક્ષ રહીને પદાર્થના એક અંશને ગ્રહણ કરે તેવી બુદ્ધિ નય છે. તથા પદાર્થના એક અંશનો સ્વીકાર કરનારી જે બુદ્ધિ તેમાં રહેલા અન્ય ગુણધર્મોનો અપલાપ કરે તે દુર્નય છે.'

**(ततश्च.)** તેથી 'પોતાના અભિમત વિષયને ગ્રહણ કરનારો જે નય વસ્તુગત અન્યનયસંમત અંશાન્તરનો અપલાપ ન કરે અથવા અંશાન્તરને સાપેક્ષ રહે તે સુનય કહેવાય' - આ પ્રમાણે સુનયનું લક્ષણ ફલિત થાય છે. તથા 'પોતાના અભિમત વિષયને ગ્રહણ કરનારો જે નય વસ્તુગત અન્યનયસંમત અંશાન્તરનો અપલાપ કરે તે દુર્નય કહેવાય' - આ પ્રમાણે દુર્નયનું લક્ષણ ફલિત થાય છે. તેથી જે નયજ્ઞાનમાં પોતાના ઈષ્ટ વિષયનું ભાન થતું હોય તે દશામાં અન્ય નયના મુખ્ય વિષયનો ગૌણરૂપે પણ સ્વીકાર કરવામાં ન આવે તો તે નય દુર્નય જ બની જાય. કારણ કે વસ્તુમાં રહેલ નયાન્તરસંમત અંશનો ગૌણરૂપે પણ સ્વીકાર ન કરવો તે તેનો અપલાપ કરવા સ્વરૂપ જ છે. અન્ય નયને સંમત એવા વસ્તુમાં રહેલા અન્ય ગુણધર્મોનો અપલાપ કરવો તે મિથ્યા છે, ખોટું છે. કારણ કે નયાન્તરમાન્ય વસ્તુગુણધર્મો પણ વાસ્તવિક જ છે. તેથી અન્ય નયને સંમત એવા અન્યવિધ વસ્તુગુણધર્મોનો અપલાપ કરવા પૂર્વક જે નય પોતાના વિષયનું અવધારણ કરે તે પણ મિથ્યા જ છે, પારમાર્થિક નથી.

### સુનયસ્વરૂપનો વિચાર

**(यद्वा.)** અથવા એમ પણ કહી શકાય કે (૧) વસ્તુગત અન્ય અંશથી ઉદાસીન રહીને પોતાના વિષયને ગ્રહણ કરે તે નય. જેમ કે 'દ્રવ્ય સત્ છે' - આ વાક્ય. (૨) વસ્તુના બીજા અંશોને સાપેક્ષ બનીને સ્વવિષયગ્રાહક હોય તે સુનય. જેમ કે 'દ્રવ્ય કથંચિત્ સત્ છે' - આવું વાક્ય. (૩) પદાર્થના અન્ય અંશોનો અપલાપ કરીને પોતાના વિષયનું જ્ઞાન કરે તે દુર્નય. જેમ કે 'દ્રવ્ય સત્ જ છે' - આ વાક્ય. તથા (૪) વસ્તુના સર્વ અંશોને મુખ્ય સ્વરૂપે ગ્રહણ કરે તે પ્રમાણ. જેમ કે 'દ્રવ્ય કથંચિત્ સત્ છે, કથંચિત્ અસત્ છે' - ઇત્યાદિ વાક્ય. આ પ્રમાણે લક્ષણો જાણવા. પ્રસ્તુત સુનયનું સ્વરૂપ

**सम्मतितर्कवृत्तौ श्रीअभयदेवसूरिभिः** "नयन्ति = इतररूपसापेक्षं स्वविषयं परिच्छिन्दन्ति इति नयाः" (स.त.१/२१ पृ.४२०) इत्युक्तम्। [1]"णयसण्णा इयराऽविराहणेणं, दुण्णयसण्णा य इहरा उ" (गु.त.वि.१/५२) इति **गुरुतत्त्वविनिश्चये**।

**बृहत्स्वयम्भूस्तोत्रे समन्तभद्राचार्येण** "य एव नित्य-क्षणिकादयो नयाः मिथोऽनपेक्षाः स्व-परप्रणाशिनः। त एव तत्त्वं विमलस्य ते मुनेः परस्परेक्षाः स्व-परोपकारिणः।।" (बृ.स्व.स्तो.६१) इति यदुक्तं तदत्रानुसन्धेयम्।

**श्रीहरिभद्रसूरिभिः आवश्यकनिर्युक्तिवृत्तौ** "सर्वनयमतानि अपि चाऽमूनि पृथग् विपरीतविषयत्वाद् न प्रमाणम्, समुदितानि त्वन्तर्बाह्यनिमित्तसामग्रीमयत्वात् प्रमाणम्" (आ.नि.१४४ पृ.७२) इति व्याख्यातम्। **सूत्रकृताङ्गवृत्तौ श्रीशीलाङ्काचार्यस्तु** "सर्वेऽपि नयाः प्रत्येकं मिथ्यादृष्टयः अन्योऽन्यसव्यपेक्षास्तु सम्यक्त्वं भजन्ति" (सू.कृ. २/७/८१ पृ.४२७) इत्याचष्टे।

इदमेवाभिप्रेत्य **सम्मतितर्के** [2]"तम्हा सव्वे वि णया मिच्छादिट्ठी सपक्खपडिबद्धा। अण्णोण्णणिस्सिआ उण हवंति सम्मत्तसब्भावा।।" (स.त.१/२१) इत्युक्तम्। इदमेवानुसृत्य **कोट्याचार्यैः** अपि **विशेषावश्यकभाष्यवृत्तौ**

---

જણાવવાના અભિપ્રાયથી જ **સમ્મતિતર્કવ્યાખ્યા**માં **શ્રીઅભયદેવસૂરિજી**એ કહેલ છે કે "વસ્તુના અન્ય સ્વરૂપને સાપેક્ષપણે રહીને પોતાના વિષયનો નિર્ણય કરે તે નય કહેવાય છે." અહીં 'નય' શબ્દનો અર્થ સુનય સમજવો. "અન્ય નયની વિરાધના ન કરવાથી 'નય' સંજ્ઞા. અન્યથા તો 'દુર્નય'સંજ્ઞા જાણવી." - આમ **ગુરુતત્ત્વવિનિશ્ચય**માં બે જ સંજ્ઞા જણાવી છે.

### ❖ નિરપેક્ષ નય = દુર્નય, સાપેક્ષ નય = સુનય ❖

(बृह.) **બૃહત્સ્વયંભૂસ્તોત્ર**માં **સમન્તભદ્રસૂરિ**એ જણાવેલ છે કે "જે નિત્યનય અને ક્ષણિકનય પરસ્પર નિરપેક્ષ બની સ્વ-પરનો નાશ કરે છે તે જ નયો પરસ્પર સાપેક્ષ બનીને સ્વ-પરનો ઉપકાર કરે છે. હે વિમલ મુનીશ્વર ! આ તમારું રહસ્ય છે." તેનું અહીં અનુસંધાન કરવું.

(श्रीह.) **શ્રીહરિભદ્રસૂરિજી** મહારાજે **આવશ્યકનિર્યુક્તિવ્યાખ્યા**માં જણાવેલ છે કે "આ બધાય નયમતો સ્વતંત્ર = પરસ્પરનિરપેક્ષ હોય તો પ્રમાણ નથી. કારણ કે તેના વિષયો પરસ્પર વિપરીત છે. તથા આ જ નયમતો સમ્યક્ રીતે ભેગા થાય તો આંતરિકનિમિત્ત અને બાહ્યનિમિત્ત - એમ બન્નેને ગ્રહણ કરનાર સામગ્રીસ્વરૂપ હોવાથી પ્રમાણભૂત છે." **શ્રીહરિભદ્રસૂરિજી**એ 'સ્વતંત્ર નયો પ્રમાણ નથી' - આટલું જ જણાવેલ છે. પરંતુ 'સ્વતંત્ર નયો મિથ્યા છે' - એમ જણાવેલું નથી. જ્યારે **શ્રીશીલાંકાચાર્યજી**એ તો સ્પષ્ટ શબ્દોમાં જણાવેલ છે કે "બધાય નયો સ્વતંત્ર હોય તો મિથ્યાદષ્ટિ છે તથા પરસ્પર સાપેક્ષ બને તો તે બધાય નયો સત્યતાને = પ્રામાણ્યને ધારણ કરે છે."

(इद.) આ જ અભિપ્રાયથી **સમ્મતિતર્ક**માં **શ્રીસિદ્ધસેનદિવાકરજી**એ જણાવેલ છે કે "તેથી બધાય નયો પોતાની માન્યતામાં આગ્રહ રાખનારા મિથ્યાદષ્ટિ છે. પરસ્પરસાપેક્ષ તે જ નયો સત્યપ્રતીતિનું કારણ બને છે." આ અંગે ઊંડાણથી વિભાવના કરવી. તથા તેને અનુસરીને **વિશેષાવશ્યકમહાભાષ્ય**ની

---

1. नयसंज्ञा इतराऽविराधनेन, दुर्नयसंज्ञा च इतरथा तु।

2. तस्मात् सर्वेऽपि नया मिथ्यादृष्टयः स्वपक्षप्रतिबद्धाः। अन्योऽन्यनिश्रिताः पुनः भवन्ति सम्यक्त्वसद्भावाः।।

**ઈમ નયથી** = નયવિચારથી **(સવિ) ભેદ-અભેદ**ગ્રાહ્ય વ્યવહાર **સંભવઈ.** ▸તથા નયસંકેતવિશેષથી ગ્રાહકવૃત્તિવિશેષરૂપ **ઉપચાર** પણિ સંભવઈ.◂

"वस्तुनः शेषधर्मनिरसनेनैकधर्मावधारणमेकनयप्रस्थापनम् अपरमार्थः, परस्परापेक्षनयसमुदयस्तु परमार्थः" (वि.आ.भा. २६७८, पृ. ६४९, को.टीका) इत्युक्तमिति वैशेषिकतन्त्रं मिथ्येति भावनीयम्।

"इतिशब्दः स्मृतो हेतौ प्रकारादिसमाप्तिषु" (अ.र.मा.५/१०१) इति पूर्वोक्ताद् (४/२) **अभिधानरत्नमाला**-वचनाद् **इति** = एवंप्रकारेण **नयेन** = नयविचारेण **सर्वं भेदाभेदादिलक्षणं** = मुख्याऽमुख्यरूपेण भेदाभेदप्रभृतिव्यवहारप्रतीत्यादिकं **स्यात्** = सम्भवेत्, साक्षात्सङ्केततः स्वविषयग्रहे अर्थग्राहकशक्ति-नामकवृत्तिरूपस्याऽनुपचारस्य व्यवहितसङ्केततश्च नयान्तरमुख्यार्थग्रहे अर्थप्रत्यायकलक्षणाभिधानवृत्ति-रूपस्योपचारस्य सम्भवात्। यथा दर्शितरीत्या नयविचारेण लौकिकवाक्ये लक्ष्यत्व-व्यङ्ग्यत्वादिरूपम्

---

વ્યાખ્યામાં **શ્રીકોટ્યાચાર્યજી**એ પણ જણાવેલ છે કે 'વસ્તુના બાકીના ગુણધર્મોનું નિરાકરણ કરીને પોતાને સંમત એવા એક ગુણધર્મનું અવધારણ કરવું તે પરમાર્થ = સત્ય નથી પરંતુ મિથ્યા છે. પરસ્પર સાપેક્ષ એવા નયોનો સમૂહ એ જ પરમાર્થ છે, સત્ય છે.' તેથી 'વૈશેષિક તંત્ર મિથ્યા = અસત્ય છે' - તેમ ફલિત થાય છે. આ પ્રમાણે પ્રસ્તુત બાબતમાં ઊંડાણથી વિચારવું.

### ❁ ઉલૂકસ્વીકૃત બન્ને નય નિરપેક્ષ ❁

[redacted] :- નયાન્તરવિષયનો નિષેધ કરવો તે તો તેનો અપલાપ છે જ. પરંતુ તેનો ગૌણરૂપે પણ સ્વીકાર ન કરવો તે પણ બીજી રીતે તેનો અપલાપ જ છે. માટે જ સુનય 'स्यात्' કે 'कथञ्चित्' શબ્દનો પ્રયોગ કરે છે. 'स्यात्' વગેરે શબ્દો ગૌણરૂપે અન્ય નયના વિષયનો સ્વીકાર દર્શાવે છે. માટે જ તેનાથી ઘટિત નય સુનયસ્વરૂપ બને છે. જૈનો આવા સુનયને સ્વીકારે છે. પરંતુ 'પરમાણુ કથંચિત્ નિત્ય છે', 'જ્ઞાન કથંચિત્ અનિત્ય છે' - આ પ્રમાણે **ઉલૂક** ઋષિ જણાવતા નથી. તે તો 'પરમાણુ સર્વથા નિત્ય છે', 'જ્ઞાન સર્વથા અનિત્ય છે' - ઈત્યાદિરૂપે જણાવે છે. તેથી તે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નય દુર્નય બની જાય છે. દુર્નયનું અવલંબન કરવાથી ઉલૂકરચિત **વૈશેષિકતંત્ર** પણ મિથ્યા જ છે - તેમ સિદ્ધ થાય છે.

### ❖ લૌકિક સંકેત અને નયસંકેત સમજીએ ❖

(**"इति.**) "હેતુ, પ્રકાર, આદિ અને સમાપ્તિ અર્થમાં 'इति'શબ્દ સંમત છે" - આ પૂર્વોક્ત (૪/૨) **અભિધાનરત્નમાલાકોશ**ના વચન મુજબ અહીં મૂળ શ્લોકમાં રહેલ 'इति'શબ્દ પ્રકાર અર્થમાં જાણવો. તેથી અર્થઘટન એવું થશે કે - આ પ્રકારે નયનો વિચાર-વિમર્શ કરવાથી મુખ્યરૂપે અને ગૌણરૂપે ભેદ-અભેદ વગેરેનો વ્યવહાર તથા પ્રતીતિ વગેરે સંભવી શકે છે. કારણ કે સાક્ષાત્ સંકેત કરીને પોતાના વિષયનું ગ્રહણ કરવામાં આવે તો અર્થગ્રાહક શબ્દનિષ્ઠ શક્તિ નામની વૃત્તિસ્વરૂપ અનુપચાર = ઉપચારાભાવ સંભવી શકે છે. તથા વ્યવહિત (= Indirect) સંકેત કરીને અન્ય નયના મુખ્ય વિષયને પ્રસ્તુત નય ગ્રહણ કરે તો અર્થબોધક લક્ષણા નામની ગૌણ વૃત્તિસ્વરૂપ ઉપચાર પણ સંભવી શકે છે. જેમ ઉપરોક્ત પદ્ધતિ મુજબ નયવિચારણા કરવાથી 'घटः अस्ति' ઈત્યાદિ લૌકિક વાક્યમાં લક્ષ્યત્વ,

---

▸....◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૧૩)માં નથી.

उपचरितत्वं सम्भवति तथा नयसङ्केतविशेषेण लोकोत्तरवाक्ये लौकिकसङ्केताऽविषयीभूतार्थग्राहकस्यात्-कथञ्चिदादिपदवृत्तिविशेषविषयत्वरूपमुपचरितत्वमपि सम्भवति। तथाहि – 'घटः स्यादस्त्येवे'त्युक्तेऽस्तित्वं मुख्यो विषयः, नास्तित्वञ्चोपचरितो विषयः, तादृशस्थले नास्तित्वस्य लौकिकसङ्केतशालिपदाऽविषयत्वे सति स्यात्पदवृत्तिविशेषविषयत्वात्। न हि तत्र नास्तित्ववाचकं लौकिकसङ्केतशालि पदं वर्तते।

***न च*** स्यात्पदसमभिव्याहार एव अस्तिपदस्य नास्तित्वाऽर्थे लक्षणायां प्रयोजकोऽस्तु, नयसङ्केतशालिस्यात्पदस्याऽत्र नास्तित्वबोधकत्वे मानाभावाद् इति ***वाच्यम्,***

'सकृदुच्चरितः शब्दः सकृदेवार्थं गमयति' इति न्यायेन एकस्यैव अस्तिपदस्य क्रमशः मुख्य-गौणभावेन अस्तित्व-नास्तित्वलक्षणार्थद्वयबोधकत्वाऽसम्भवात्, आवृत्त्या वारद्वयम् अस्तिपदोच्चारण-कल्पने गौरवात्, तथाविधसार्वलौकिकस्वारस्यविरहाच्च।

---

વ્યંગત્વ વગેરે સ્વરૂપ ઉપચરિતત્વ સંભવી શકે છે, તેમ નયના વિશેષ પ્રકારના સંકેતથી 'घटः स्याद् अस्ति' ઈત્યાદિ લોકોત્તરવાક્યમાં 'स्यात्', 'कथञ्चित्' વગેરે શબ્દની વિશેષ પ્રકારની નયસાપેક્ષ વૃત્તિની વિષયતાસ્વરૂપ ઉપચાર પણ સંભવી શકે છે. આ વૃત્તિ લૌકિક સંકેતનો વિષય ન બને તેવા અર્થની (= વિષયની કે વિષયનિષ્ઠ અંશની) ગ્રાહક હોય છે. માટે તેને વિશેષ પ્રકારની વૃત્તિ તરીકે ઓળખાવેલ છે. તે આ રીતે 'घटः स्याद् अस्ति एव' અહીં ઘટનિષ્ઠ અસ્તિત્વ મુખ્ય વિષય બને છે. કારણ કે ત્યાં વપરાયેલ 'अस्ति' શબ્દ તેને જણાવવા લૌકિક સંકેત ધરાવે છે. તથા 'नास्तित्व' ઉપચરિત = ગૌણ વિષય બને છે. કારણ કે 'नास्तित्व'દર્શક લૌકિક સંકેતને ધરાવનાર શબ્દનો પ્રયોગ ત્યાં થયેલ નથી. આ સ્થળે 'नास्तित्व' અર્થ લૌકિકસંકેતવાળા શબ્દનો વિષય ન હોવા છતાં 'स्यात्' શબ્દની વૃત્તિવિશેષનો વિષય બને જ છે. તેથી 'नास्तित्व' અર્થ ત્યાં ઉપચરિત = ગૌણ બની જાય છે.

**શંકા** :- (न च.) 'घटः स्यादस्ति एव' આ સ્થળમાં નયસંકેતવાળા 'स्यात्' પદનો જ અર્થ નાસ્તિત્વ માનવામાં કોઈ પ્રમાણ નથી. તેના બદલે 'स्यात्' પદનું સાન્નિધ્ય જ 'अस्ति' પદની નાસ્તિત્વ અર્થમાં લક્ષણા કરવામાં પ્રયોજક બને છે - આ પ્રમાણે માનવું વધુ સંગત જણાય છે.

**❈ 'अस्ति' પદની લક્ષણા અમાન્ય ❈**

**સમાધાન** :- ('सकृ.) તમારી વાત વ્યાજબી નથી. કારણ કે 'એક વાર બોલાયેલો શબ્દ એક વાર જ પોતાના અર્થને = વિષયને જણાવે છે' - આ પ્રમાણે શાબ્દબોધસ્થલીય નિયમ દાર્શનિક જગતમાં પ્રસિદ્ધ છે. આ નિયમ મુજબ એક જ વાર બોલાયેલ 'अस्ति' પદ ક્રમિક રીતે મુખ્યભાવે અસ્તિત્વને અને ગૌણભાવે નાસ્તિત્વસ્વરૂપ અર્થને જણાવે તે અસંભવિત છે. અસ્તિત્વ અર્થને જણાવ્યા પછી નાસ્તિત્વપદાર્થને જણાવવા માટેનું સામર્થ્ય ફક્ત એક વાર બોલાયેલા 'अस्ति' પદમાં રહેતું નથી. તથા આવૃત્તિ = પુનરાવૃત્તિ કરીને બીજી વાર 'अस्ति' પદને બોલવાની કલ્પના કરીને 'अस्ति' પદ દ્વારા અસ્તિત્વ-નાસ્તિત્વસ્વરૂપ બે અર્થનો બોધ કરવાની વાત પણ વ્યાજબી નથી. કારણ કે એ રીતે માનવામાં 'अस्ति' પદનું બે વાર ઉચ્ચારણ કરવાનું ગૌરવ આવે છે. તથા તે રીતે થતી કલ્પના અને તેના નિમિત્તે આવતું ગૌરવ કાંઈ સર્વ લોકોને સ્વૈચ્છિક રીતે માન્ય છે - તેવું પણ નથી.

તે માટઇં ભેદ-અભેદ તે મુખ્યપણઇં પ્રત્યેકનયવિશેષવિષય✡ ♦મુખ્યામુખ્યપણઈં ઉભયનયવિષય.

स्यात्समभिव्याहारेण अस्तिपदाद् लक्षणया युगपद् अस्तित्व-नास्तित्वलक्षणाऽर्थद्वयभानाऽभ्युपगमे उभयोः मुख्यतया बोधापत्तिः, लक्षितार्थस्य गौणत्वे वोभयोः गौणरूपेण बोधापत्तिः, अस्तित्वार्थस्याऽपि लक्षितत्वापत्तिश्च दुर्वारा। अस्तिपदस्य नास्तित्वार्थे जहल्लक्षणायाः विरुद्धलक्षणायाः वा कक्षीकारे त्वस्तित्वार्थबोधानापत्तिः। न हि जहल्लक्षणायां विरुद्धलक्षणायां वा शक्यार्थभानं शाब्दबोधे सम्मतं शब्दशास्त्रवेदिनामिति।

ततश्च प्रकृते द्रव्य-गुण-पर्यायाणां भेदाऽभेदौ मुख्यतया एकैकनयविषयौ मुख्याऽमुख्यतया चोभयनयविषयौ स्वीकर्त्तव्यौ। तथाहि – द्रव्यादीनां भेदः मुख्यतया पर्यायार्थिकनयविषयः अभेदश्च मुख्यतया द्रव्यार्थिकनयविषयः इति मुख्यतया एकैकनयविषयत्वं तयोः भवति। मुख्याऽमुख्यतया तु भेदाभेदौ द्रव्यार्थिकनयगोचरौ पर्यायार्थिकनयगोचरौ च युगपद् भवतः, द्रव्यार्थिकनयेनाऽभेदस्य मुख्यतया भेदस्य च गौणतया ग्रहात्, पर्यायार्थिकनयेन तु भेदस्य मुख्यतयाऽभेदस्य चोपचारेण

### ❀ 'अस्ति'પદની જહદ્લક્ષણા - વિરુદ્ધલક્ષણા અમાન્ય ❀

(**स्यात्.**) તથા જો "સર્વત્ર 'स्यात्' પદના સાન્નિધ્યમાં 'अस्ति' પદ લક્ષણા દ્વારા અસ્તિત્વ અને નાસ્તિત્વ બન્ને અર્થોનો યુગપદ્ બોધ કરાવે છે" - તેમ માન્ય કરીએ તો અસ્તિત્વ તથા નાસ્તિત્વ - બન્નેનો બોધ થાય ખરો. પરંતુ તે બન્ને અર્થોનો શાબ્દબોધમાં મુખ્યસ્વરૂપે બોધ થવાની આપત્તિ આવે. કારણ કે એક જ પદ દ્વારા તે બન્નેનું શાબ્દબોધમાં ભાન થાય છે. તથા લક્ષણા દ્વારા જણાતા અર્થને ગૌણ માનવામાં તો 'अस्ति' પદની અસ્તિત્વ-નાસ્તિત્વ બન્ને અર્થમાં લક્ષણાને માન્ય કરતાં બન્ને અર્થ ગૌણરૂપે જણાવાની આપત્તિ આવશે. તેમજ અસ્તિત્વ અર્થ પણ લક્ષ્યાર્થ = લક્ષિત અર્થ બની જવાની દુર્વાર સમસ્યા સર્જાશે. તથા 'अस्ति' પદની નાસ્તિત્વ અર્થમાં જહદ્લક્ષણા કે વિરુદ્ધલક્ષણા કરવામાં આવે તો 'घटः स्यादस्ति एव' વાક્ય દ્વારા અસ્તિત્વ અર્થનો જ બોધ ન થવાની આપત્તિ આવશે. જહદ્લક્ષણામાં કે વિરુદ્ધલક્ષણામાં શક્યાર્થનું ભાન શાબ્દબોધમાં ન થાય - તેવો શબ્દશાસ્ત્રવેત્તાઓનો નિયમ છે.

(**ततश्च.**) તેથી પ્રસ્તુતમાં દ્રવ્ય-ગુણ-પર્યાય વચ્ચે રહેલ ભેદ અને અભેદ મુખ્યરૂપે પ્રત્યેક (એક -એક) નયનો વિષય બને તથા મુખ્ય-ગૌણરૂપે બન્ને નયનો વિષય બને - તેમ માનવું જરૂરી છે. તે આ રીતે સમજવું. દ્રવ્યાદિનો ભેદ મુખ્યરૂપે પર્યાયાર્થિકનયનો વિષય છે. તથા દ્રવ્યાદિનો અભેદ મુખ્યરૂપે દ્રવ્યાર્થિકનયનો વિષય તેમ માનવું જરૂરી છે. આમ દ્રવ્યાદિનો ભેદ અને અભેદ મુખ્યરૂપે એક-એક નયનો વિષય બને છે. તથા મુખ્ય અને ગૌણરૂપે દ્રવ્યાદિનો અભેદ અને ભેદ દ્રવ્યાર્થિકનયનો યુગપદ્ વિષય બને છે. તેમ જ પર્યાયાર્થિકનયનો પણ યુગપદ્ વિષય બને છે. તે આ રીતે - દ્રવ્યાર્થિકનય દ્રવ્યાદિના અભેદને મુખ્યરૂપે પોતાનો વિષય બનાવે છે તથા તે જ સમયે ભેદને ગૌણરૂપે પોતાનો વિષય બનાવે છે. જ્યારે પર્યાયાર્થિકનય દ્રવ્યાદિના ભેદને મુખ્યરૂપે અને અભેદને ગૌણરૂપે યુગપદ્

✡ પુસ્તકોમાં 'વિશેષ' પદ નથી. કો.(૯) + સિ.માં છે. ♦ પુસ્તકોમાં 'મુખ્યમુખ્યપણઈં' પાઠ. લી.(૧+૨+૩) + કો.(૧૨+૧૩) + P(૩+૪) + આ.(૧)નો પાઠ લીધો છે.

ઉપચાર તે મુખ્યવૃત્તિની પરિં [ै]નયપરિકર, પણિ વિષય નહીં.

ग्रहादिति।

तथाहि – 'द्रव्य-गुण-पर्यायाः कथञ्चिद् अभिन्ना एवे'ति द्रव्यास्तिकनयवचने अभेदः मुख्यार्थः, तद्वाचकलौकिकसङ्केतशालिपदस्य सत्त्वात्; भेदस्तु गौणः, तद्वाचकलौकिकसङ्केतशालिपदविरहात्, नयसङ्केतेन कथञ्चित्पदतः तज्ज्ञानात्। 'द्रव्य-गुण-पर्यायाणां कथञ्चिद् भेद एवे'ति पर्यायास्तिकनयवचने तु भेदो मुख्यार्थः, तद्वाचकलौकिकसङ्केतशालिपदसत्त्वात्; अभेदश्च गौणः तद्वाचकलौकिकसङ्केतशालिपदविरहात्, नयसङ्केतसाचिव्येन कथञ्चित्पदात् तज्ज्ञानात्। इत्थं मुख्य-गौणभावेन द्रव्यादिभेदाऽभेदौ उभयनयविषयौ सम्पद्येते।

इदञ्चाऽत्रावधेयम् – यथा शक्तिस्वरूपा मुख्यवृत्तिः नयपरिकरः तथा उपचारः लक्षणा -व्यञ्जनास्वरूपः नयपरिकर एव। नयविषयता तु प्रकृते भेदाऽभेदयोरेव, न तु मुख्यवृत्त्युपचारयोः। मुख्यवृत्त्युपचारौ तु नयपरिकरतया नयार्थबोधसहकारिणौ।

ગ્રહણ કરે છે.

### ✡ દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકના મુખ્ય-ગૌણ અર્થને સમજીએ ✡

(**तथाहि.**) તે આ રીતે – 'द्रव्य-गुण-पर्यायाः कथञ्चिद् अभिन्ना एव' - આ પ્રમાણે દ્રવ્યાર્થિકનયનું વચન છે. અહીં અભેદ મુખ્ય અર્થ છે. કારણ કે તેનો વાચક લૌકિકસંકેતશાલી શબ્દ ત્યાં વિદ્યમાન છે. તથા ભેદ ગૌણ અર્થ છે. કેમ કે તેનો વાચક લૌકિકસંકેતવાળો શબ્દ ત્યાં વિદ્યમાન નથી. પરંતુ નયસંકેતની સહાયથી 'कथञ्चित्' પદ તેને જણાવે છે. જ્યારે 'द्रव्य-गुण-पर्यायाणां कथञ्चिद् भेद एव' - આ પર્યાયાર્થિકનયનું વચન છે. અહીં ભેદ મુખ્ય અર્થ છે. કારણ કે તેનો વાચક લૌકિકસંકેતશાલી શબ્દ ત્યાં વિદ્યમાન છે. તથા અભેદ ગૌણ અર્થ છે. કેમ કે તેનો વાચક લૌકિકસંકેતશાલી શબ્દ ત્યાં ગેરહાજર છે. પરંતુ નયસંકેતની સહાયથી 'कथञ्चित्' શબ્દ તેને જણાવે છે. આ રીતે ગૌણ-મુખ્યભાવે દ્રવ્યાદિના ભેદાભેદ બન્ને પ્રત્યેક નયનો વિષય બને છે.

### ❀ શક્તિ અને ઉપચાર નયપરિકર ❀

(**इदञ्चा.**) પ્રસ્તુતમાં એક વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે કે જેમ મુખ્યવૃત્તિ = શક્તિ નયપરિકર છે, તેમ ઉપચાર = લક્ષણા અને વ્યંજના પણ નયપરિકર જ છે. નયનો વિષય તો પ્રસ્તુતમાં ભેદ અને અભેદ જ છે. મુખ્યવૃત્તિ અને ઉપચાર એ બન્ને કાંઈ નયવિષય નથી પણ નયવિષયબોધમાં નયપરિકરસ્વરૂપે સહકારી છે. 'નયના પરિવારરૂપે જણાવેલ મુખ્યવૃત્તિ અને ઉપચાર નયના વિષય છે' - એવું કોઈ ન સમજી લે, તે માટે અહીં ખુલાસો કરેલ છે કે - શબ્દની મુખ્યવૃત્તિ અને ઉપચાર એ બન્ને નયના વિષય નથી.

[ै] મો.(૧)માં 'નય પરિ પરિકર' પાઠ.

इदमप्यत्रावधेयं यदुत सप्तभङ्ग्यादौ द्रव्यार्थिकनयेन 'द्रव्य-गुण-पर्यायाणां स्यादभेद एवे'त्युक्ते अभेदशब्दनिष्ठशक्त्या यथाऽभेदस्य भानं विषयविधया भवति तथा अभेदशब्दस्थलक्षणया न भेदस्य भानं भवति किन्तु प्रमाणैकदेशभूतद्रव्यार्थिकनयपरिकरतया स्यात्पदावश्यकत्वे स्यात्पदशक्त्यैव भेदस्य विषयविधया भानमवसेयम्, अन्यथा निष्प्रयोजनभूतस्यात्पदविनिर्मोकेण तस्य दुर्नयत्वापत्तेः। स्यात्पदगर्भस्यैव नयवाक्यस्य सुनयत्वमुच्यते, इतरस्य तु अवधारणगर्भत्वे दुर्नयत्वम्।

जिनसमयवेदिनां स्यात्पदस्य अप्रयुक्तत्वेऽपि अर्थतः प्रतीयमानत्वमाम्नातम्। तदुक्तं **लघीयस्त्रये अकलङ्कस्वामिना** "अप्रयुक्तोऽपि सर्वत्र स्यात्कारोऽर्थात् प्रतीयते" (ल.त्र.६३) इति। न च स्यात्पदवैयर्थ्यं तदापादकार्थघटनं वा सम्मतं स्याद्वादिनाम्।

प्रकृते प्रमाणपरिकरतया ये नया अभिप्रेताः तेषां सुनयत्वमेव, न तु दुर्नयत्वम्। ततश्च

---

### ✡ 'स्यात्' પદની શક્તિથી ગૌણ અર્થનું ભાન ✡

(**इद.**) અહીં બીજી વાત એ પણ ધ્યાનમાં રાખવી કે સપ્તભંગી વગેરે સ્થળમાં 'द्रव्य-गुण-पर्यायाणां स्याद् अभेदः एव' - આમ દ્રવ્યાર્થિકનય જ્યારે બોલે ત્યારે 'અભેદ' શબ્દમાં રહેલી શક્તિથી જેમ દ્રવ્યાદિના અભેદનું ભાન વિષયરૂપે થાય છે તેમ 'અભેદ' શબ્દમાં રહેલી લક્ષણા નામની વૃત્તિથી દ્રવ્યાદિના ભેદનું ભાન થતું નથી. પરંતુ પ્રસ્તુતમાં ઉપસ્થિત દ્રવ્યાર્થિકનય પ્રમાણના એક ભાગરૂપ છે. તેથી જ અહીં દ્રવ્યાર્થિકનયના ઘટકરૂપે 'स्यात्' પદના સમભિવ્યાહારની = સાન્નિધ્યની આવશ્યકતા છે. તેથી પ્રસ્તુત 'स्यात्' પદની શક્તિથી જ દ્રવ્યાદિના ભેદનું વિષયરૂપે ભાન સમજવું. જો 'अभेद' શબ્દની લક્ષણા નામની વૃત્તિ દ્વારા જ દ્રવ્યાદિના ભેદનું ભાન થતું હોય તો 'स्यात्' શબ્દ વ્યર્થ = નિષ્પ્રયોજન સાબિત થશે. કારણ કે તેનું કાર્ય 'અભેદ' શબ્દની લક્ષણા નામની વૃત્તિ દ્વારા જ થઈ ગયું છે. વ્યર્થ કે નિષ્પ્રયોજન તો 'स्यात्' પદનો પ્રયોગ થઈ જ ન શકે. આમ 'स्यात्' શબ્દ ઉપરોક્ત વાક્યપ્રયોગમાંથી નીકળી જવાથી 'द्रव्य-गुण-पर्यायाणाम् अभेद एव' આવો અવધારણગર્ભિત વાક્યપ્રયોગ કરનાર દ્રવ્યાર્થિકનય દુર્નય બની જવાની આપત્તિ આવશે. કારણ કે 'स्यात्' પદથી ગર્ભિત નયવાક્ય જ સુનય કહેવાય છે. તથા 'स्यात्' પદથી રહિત જકારયુક્ત નયવાક્ય દુર્નય કહેવાય છે.

### ❈ 'स्यात्' પદનું અર્થતઃ ભાન ❈

(**जिन.**) જૈન શાસ્ત્રકારોની વ્યવહારશૈલી જ એવી છે કે 'स्यात्' શબ્દનો પ્રયોગ જે વાક્યમાં ન થયેલો હોય ત્યાં પણ અર્થતઃ 'स्यात्'-શબ્દની પ્રતીતિ થતી હોય છે. **લઘીયસ્રય** ગ્રંથમાં **અકલંક** નામના દિગંબરાચાર્યે આ જ બાબતને જણાવેલ છે. મતલબ કે 'स्यात्' શબ્દની હાજરી સર્વ વાક્યપ્રયોગમાં જરૂરી છે, સાર્થક છે. (૧) 'स्यात्' પદની વ્યર્થતા કે (૨) 'स्यात्' પદ વ્યર્થ જાય તેવું અર્થઘટન - આ બેમાંથી એક પણ જૈનોને માન્ય ન જ બને.

### ✡ પ્રમાણપરિકરગતનય સુનય ✡

(**प्रकृ.**) પ્રસ્તુતમાં પ્રમાણના ઘટક તરીકે જે જે નયો અભિપ્રેત છે તે તે નયો સુનય જ છે, દુર્નય નથી. તેથી દ્રવ્યાર્થિકનયમાં પ્રમાણઘટકત્વ ટકાવી રાખવા માટે તેમાં સુનયત્વ હોવું આવશ્યક છે. તેને

द्रव्यार्थिकनयस्य प्रमाणपरिकरत्वरक्षायै सुनयत्वमावश्यकम्, तदर्थञ्च स्याद्वादमर्यादया स्यात्पदस्य द्रव्यार्थिकनयपरिकरत्वमावश्यकम्। एवंप्रकारेण द्रव्यार्थिकनयपरिकरतया स्यात्पदोपसन्दानेन नय-सङ्केतलक्षणशक्तिमत्स्यात्पदेनैव भेदस्य भानादुपचरितत्वमुच्यते, न तु अभेदपदशक्त्या अभेदस्येव अभेदपदनिष्ठलक्षणया भेदस्य स्वातन्त्र्येण तत्र भानात्। ततश्च लौकिकसङ्केतानुसारेण शाब्दबोध-विषयत्वं मुख्यत्वं, नयसङ्केतानुसारेण आर्थबोधविषयत्वञ्चोपचरितत्वमत्राऽवसेयम्।

इत्थञ्च 'द्रव्य-गुण-पर्यायाणां स्याद् अभेद एव' इति द्रव्यार्थिकनयवाक्यजन्ये बोधे उपचरितार्थस्य शक्यार्थस्येव न लौकिकसङ्केतानुसृतबोधविषयता किन्तु नयसङ्केतानुसृतबोधविषयताऽवसेया। एवं पर्यायार्थिकनयस्य मुख्यत्वमुपचरितत्वञ्च भेदाऽभेदयोर्योजनीयं सुधीभिः। एवमेव सत्त्वाऽसत्त्व-नित्यत्वाऽनित्यत्वादिषु नयभेदेन मुख्यत्वाऽमुख्यत्वे यथाशास्त्रं गम्भीरधिया समर्थनीये।

---

સુનય બનાવવા માટે ઉપરોક્ત વાક્યપ્રયોગમાં 'स्यात्' પદને સ્યાદ્વાદમર્યાદા મુજબ નયપરિકરરૂપે સાર્થક -સપ્રયોજન માનવું જરૂરી છે. આમ નયસંકેતસ્વરૂપશક્તિયુક્ત 'स्यात्' પદથી જ ભેદ દ્રવ્યાર્થિકનયના વિષયરૂપે જણાશે. આ રીતે ફલિત થાય છે કે દ્રવ્યાદિના ભેદનું દ્રવ્યાર્થિકનયના વિષયરૂપે નયપરિકરસ્વરૂપ 'स्यात्' પદની શક્તિથી ભાન થાય છે. આથી જ દ્રવ્યાદિનો ભેદ દ્રવ્યાર્થિકનયમાં ઉપચરિત = ગૌણ કહેવાય છે. પરંતુ અભેદપદની શક્તિથી જેમ અભેદનું ભાન થાય છે તેમ અભેદપદની લક્ષણાથી દ્રવ્યાદિમાં ભેદનું સ્વતંત્રરૂપે ભાન થવાના લીધે કાંઈ દ્રવ્યાદિના ભેદને દ્રવ્યાર્થિકનયના મતમાં ગૌણ કહેવાતો નથી. તેથી લૌકિક સંકેત અનુસારે શાબ્દબોધનો વિષય બને તે અર્થ મુખ્ય કહેવાય તથા નયસાપેક્ષ સંકેત મુજબ આર્થબોધનો વિષય બને તે અર્થ ગૌણ = ઉપચરિત કહેવાય - તેમ પ્રસ્તુતમાં સમજવું.

### મુખ્ય-ગૌણ અર્થની વિચારણા

(इत्थ.) આમ ફલિત થાય છે કે મુખ્યવૃત્તિવિષયીભૂત શક્યાર્થ જેમ લૌકિકસંકેત અનુસારી વિવક્ષિતનયાત્મક બોધનો વિષય બને છે, તેમ ઉપચરિત અર્થ વિવક્ષિતનયઘટકરૂપે લૌકિકસંકેત અનુસારી બોધનો વિષય બનતો નથી પણ નયસંકેતાનુસારી બોધનો વિષય બને છે. દા.ત. દ્રવ્યાર્થિકનય વાક્ય છે 'द्रव्य-गुण-पर्यायाणां स्याद् अभेदः एव'. આવા સ્થળમાં અમુખ્યવૃત્તિવિષયીભૂત = ઉપચરિત અર્થ છે ભેદ. તથા મુખ્યવૃત્તિ-વિષયીભૂત = શક્ય અર્થ છે અભેદ. અહીં અભેદ અર્થ = શક્યાર્થ લૌકિક-સંકેતાનુસારી શાબ્દબોધનો વિષય બને છે. આમ મુખ્યવૃત્તિવિષયીભૂત અર્થનો = અભેદનો જે રીતે સ્વતન્ત્રપણે સાક્ષાત્ દ્રવ્યાર્થિકનયના વિષયરૂપે સમાવેશ થાય છે, તે રીતે અમુખ્યવૃત્તિવિષયીભૂત = ઉપચરિત અર્થનો = ભેદનો સમાવેશ થતો નથી પરંતુ નયસંકેતઅનુસારી બોધના વિષયરૂપે તેનો સમાવેશ થાય છે. આ જ રીતે પર્યાયાર્થિકનયમાં દ્રવ્યાદિનો ભેદ મુખ્ય છે તથા અભેદ ગૌણ છે - તેમ વિચારકોએ યોજના કરવી. ઉપરોક્ત પદ્ધતિ મુજબ જ સત્ત્વ-અસત્ત્વ, નિત્યત્વ-અનિત્યત્વ વગેરે વિરુદ્ધ ગુણધર્મયુગલમાં અલગ-અલગ નયની દૃષ્ટિથી મુખ્યત્વનું અને અમુખ્યત્વનું ગંભીર બુદ્ધિથી શાસ્ત્રાનુસાર સમર્થન કરવું.

### ❋ લૌકિક સંકેતથી શાબ્દબોધ, નયસંકેતથી આર્થબોધ ❋

**સ્પષ્ટતા** :- 'द्रव्य-गुण-पर्यायाणां कथञ्चिद् भेद एव' આ વાક્ય પર્યાયાર્થિકનયનું છે. અહીં લૌકિક-

***ननु*** सुनयत्व-दुर्नयत्वविनिर्मुक्तस्य नयत्वाऽऽक्रान्तस्य द्रव्यार्थिकस्य 'द्रव्यादयः मिथः अभिन्नाः सन्त्येव' इति वाक्ये का गति ? तत्र नयसङ्केतशालिस्यात्पदविरहेण भेदभानायोगादिति ***चेत्*** ?

***अत्रोच्यते*** – अभिन्नपदाद् मुख्यवृत्त्या अभेदबोधे श्रोतुः अभ्यासपाटवादिवशतो गत्यन्तरविरहेण अभिन्नपदगौणीवृत्त्या वेदान्तिसम्मतविरुद्धलक्षणादिस्वरूपया युगपत् क्रमशो वा भेदभाने बाधकविरहात्, यद्वा तत्राऽपि स्यात्पदस्य गम्यमानत्वेन भेदभानस्य अव्याहतत्वादिति ***दिक्*** ।

---

સંકેતશાલી 'भेद' શબ્દથી દ્રવ્યાદિનો ભેદ શાબ્દબોધમાં ભાસે છે. તેથી દ્રવ્યાદિનો ભેદ પર્યાયાર્થિકનયના મત મુજબ મુખ્ય = અનુપચરિત છે. તથા 'कथञ्चित्' શબ્દ અહીં નયસાપેક્ષ સંકેત મુજબ દ્રવ્યાદિના અભેદનું આર્થ બોધમાં ભાન કરાવે છે. તેથી દ્રવ્યાદિનો અભેદ પર્યાયાર્થિકનયના મત મુજબ ઉપચરિત = ગૌણ છે. તથા 'द्रव्यादिः कथञ्चिद् नित्य एव' આ વાક્ય દ્રવ્યાર્થિક નયનું છે. લૌકિકસંકેતવાળા 'नित्य' શબ્દથી દ્રવ્યાદિની નિત્યતા શાબ્દ બોધમાં ભાસે છે. તેથી દ્રવ્યાદિમાં નિત્યતા દ્રવ્યાર્થિકનયના મત મુજબ મુખ્ય છે. તથા 'कथञ्चित्' શબ્દ અહીં નયસાપેક્ષ સંકેત મુજબ દ્રવ્યાદિની અનિત્યતાનું આર્થ બોધમાં ભાન કરાવે છે. તેથી દ્રવ્યાદિગત અનિત્યતા દ્રવ્યાર્થિકનયના મત મુજબ ઉપચરિત છે. તે જ રીતે 'द्रव्यादिः कथञ्चिद् अनित्य एव' આ વાક્ય પર્યાયાર્થિકનયનું છે. લૌકિકસંકેતવાળા 'अनित्य' શબ્દથી દ્રવ્યાદિની અનિત્યતાનું શાબ્દ બોધમાં ભાન થાય છે. તેથી દ્રવ્યાદિનિષ્ઠ અનિત્યતા પર્યાયાર્થિકનયના મત મુજબ મુખ્ય છે. તથા 'कथञ्चित्' શબ્દ અહીં નયસાપેક્ષ સંકેત મુજબ દ્રવ્યાદિની નિત્યતાનું આર્થ બોધમાં ભાન કરાવે છે. તેથી દ્રવ્યાદિગત નિત્યતા પર્યાયાર્થિકનયના મત મુજબ ઉપચરિત છે.

[redacted] :- (ननु.) નયવાક્યમાં 'स्यात्' પદ દ્વારા નયસંકેતસ્વરૂપ શક્તિથી ગૌણ અર્થના ભાનની તમે વાત કરો છો. પણ તેવું માનવામાં એક સમસ્યા ઉપસ્થિત થાય છે કે સુનયત્વ-દુર્નયત્વશૂન્ય એવા દ્રવ્યાર્થિકનયના વાક્યમાં 'स्यात्' પદનો પ્રયોગ જ નહિ હોય ત્યાં તમે શું કરશો ? દા.ત. 'द्रव्यादयः मिथः अभिन्नाः सन्त्येव' આવા પ્રકારના વાક્યમાં ગૌણરૂપે ભેદનું ભાન કેવી રીતે કરશો ?

### ✡ 'स्यात्' પદ વિના અન્ય અંશનું ભાન ✡

[redacted] :- (अत्रो.) તમારી શંકાનું સમાધાન જણાવાય છે. ઉપરોક્ત સ્થળે 'અભિન્ન' પદની મુખ્યવૃત્તિથી (= આલંકારિકમતે અભિધાથી, નૈયાયિકમતે શક્તિથી) અભેદ અર્થનો બોધ થશે તથા શ્રોતાની અભ્યાસપટુતા વગેરેના આધારે 'અભિન્ન' પદની વેદાન્તિસંમત વિરુદ્ધલક્ષણાસ્વરૂપ ગૌણી વૃત્તિથી (કે આલંકારિકમતે આર્થી વ્યંજનાથી અથવા નૈયાયિકમતે લક્ષણાથી) ભેદનું ભાન માનવામાં કોઈ દોષ નહિ આવે. અહીં આલંકારિકમતે તથા તત્ત્વચિંતામણિકારમતે ભેદ-અભેદનું યુગપત્ ભાન થઈ શકે છે. તથા 'એક વાર બોલાયેલ શબ્દ એક જ અર્થનું બોધક બને' - આ ન્યાયને મુખ્ય બનાવવામાં આવે તો પ્રથમ અભિન્નપદશક્તિથી અભેદનું ભાન અને ત્યાર બાદ અભિન્નપદની લક્ષણાથી ભેદનું ભાન માની શકાય છે. અહીં 'स्यात्' પદ ન હોવાથી ભેદનું ભાન માનવા માટે 'अभिन्न' પદની ગૌણી વૃત્તિને માન્યા સિવાય બીજો કોઈ રસ્તો રહેતો નથી. આ રીતે સુનય-દુર્નયભિન્ન દ્રવ્યાર્થિકનયના વાક્ય દ્વારા ગૌણ-મુખ્યવૃત્તિથી ભેદાભેદનું ભાન માનવામાં કોઈ વાંધો આવે તેમ નથી. અથવા તો એમ પણ કહી શકાય કે ઉપરોક્ત સ્થળે 'स्यात्' શબ્દનો પ્રયોગ ન થયો હોવા છતાં ત્યાં પણ અધ્યાહારથી 'स्यात्' પદ જણાય છે. તેથી

એ સમો માર્ગ શ્વેતામ્બરપ્રમાણશાસ્ત્રસિદ્ધ જાણવો. *ગ્યાનદૃષ્ટિ કરીનઇં જોવઉં.* ॥૫/૬॥

एतावता सिद्धमिदं यदुत मुख्यवृत्त्या प्रमाणेनेव मुख्याऽमुख्यवृत्त्या नयेन अपि सर्वं भेदाभेद -सत्त्वासत्त्व-नित्यत्वानित्यत्वादिलक्षणं व्यवहार-प्रतीत्यादियोग्यं स्यात्। यथार्थपदार्थप्रतीति-व्यवहार-समर्थनकुशलत्वादेव कर्मप्रक्षयप्रयुक्तात्मनिर्मलतालक्षणाऽऽध्यात्मिकशुद्धि-प्रवर्धमानपुण्योपचयलक्षण-व्यावहारिकपुष्ट्यादिप्रसवकारी कल्याणकारी अयं प्रमाण-नय-सप्तभङ्गी-सकलादेश-विकलादेशाद्यनुविद्धतत्त्वमार्गः श्वेताम्बराऽऽगम-प्रकरणादिप्रसिद्धो ज्ञेयः इति ज्ञानदृष्ट्या विभाव्यताम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'नयान्तरविषयस्य गौणरूपेणाऽप्यनभ्युपगमः तदपलाप एवे'ति सिद्धान्तं स्वचेतसि समारोप्य जागरूकतयाऽस्माभिः भाव्यम्। (१) सर्वथैव व्यक्त्यन्तरवक्तव्यश्रवणवैमुख्ये, (२) तदीयाऽऽशयाऽवबोधानुकूलमानसिकसहिष्णुता-धीरतापरित्यागे, (३) समुचिताभिप्रायतः तदीयाशयाभ्युपगमपराङ्मुखत्वे, (४) बलात्कारेण परेषाम् अस्मदीयाऽभिप्रायग्राहणे, (५) अस्मदीयपूर्वधारणा-

ત્યાં ભેદનું ભાન નિરાબાધ છે. અહીં જે કાંઈ કહેવાયેલ છે તે દિગ્દર્શનમાત્ર છે. તે મુજબ આગળ ઘણું વિચારી શકાય તેમ છે. તેવું જણાવવા પરામર્શકર્ણિકામાં 'दिक्' શબ્દનો પ્રયોગ કરેલ છે.

### ❀ નય દ્વારા પણ ભેદાભેદ વ્યવહાર સંભવ ❀

(एतावता.) આટલા વિચાર-વિમર્શથી એટલું સિદ્ધ થયું કે મુખ્યવૃત્તિથી પ્રમાણની જેમ મુખ્ય-ગૌણવૃત્તિથી નય દ્વારા પણ ભેદ-અભેદ, સત્ત્વ-અસત્ત્વ, નિત્યત્વ-અનિત્યત્વ વગેરે ગુણધર્મો ખરેખર વ્યવહાર તથા પ્રતીતિ વગેરે માટે યોગ્ય બની શકે છે. આ રીતે શ્વેતાંબર જૈનાગમ અને પ્રકરણ વગેરેમાં પ્રસિદ્ધ એવો આ તત્ત્વમાર્ગ યથાર્થપણે પદાર્થની પ્રતીતિ અને વ્યવહારનું સમર્થન કરવામાં કુશળ છે. તેથી જ આ તત્ત્વમાર્ગ આધ્યાત્મિક શુદ્ધિ અને વ્યાવહારિક પુષ્ટિ વગેરેને ઉત્પન્ન કરનારો છે. આધ્યાત્મિક શુદ્ધિ એટલે કર્મનિર્જરાથી થતી આત્માની નિર્મલતા. વ્યાવહારિક પુષ્ટિ એટલે પુણ્યસંચય. નિશ્ચયનયસંમત કર્મનિર્જરા અને વ્યવહારનયસંમત પુણ્યસંચય - આ બન્નેની પરાકાષ્ઠાથી મોક્ષ થાય. આ બન્ને કાર્ય કરવાનું સામર્થ્ય ખરેખર શ્વેતાંબરશાસ્ત્રપ્રસિદ્ધ તત્ત્વમાર્ગમાં રહેલ છે. આ માર્ગ પ્રમાણ-નય-સપ્તભંગી -સકલાદેશ-વિકલાદેશ વગેરેથી વણાયેલો છે. આથી આ શ્વેતાંબરશાસ્ત્રપ્રસિદ્ધ તત્ત્વમાર્ગ જ કલ્યાણકારી છે. તેથી તે ઉપાદેય છે. આ રીતે જ્ઞાનદૃષ્ટિથી વિચારવું.

### * પાંચ પ્રકારે દુર્નયની સંભાવના *

**આધ્યાત્મિક ઉપનય** :- અન્ય નયના વિષયનો ગૌણરૂપે પણ સ્વીકાર ન કરવો તે તેનો અપલાપ જ છે. આ પ્રમાણે ટબામાં દર્શાવેલ વાત આધ્યાત્મિક જગતમાં આપણને સાવધાન બનાવે છે. (૧) કોઈ પણ વ્યક્તિની વાતને આપણે શાંતિથી સાંભળવા પણ તૈયાર ન હોઈએ, (૨) તેના આશયને સમજવાની વૈચારિક સહિષ્ણુતા કે ધીરતા પણ ન કેળવીએ, (૩) યોગ્ય દૃષ્ટિકોણથી તેનો સ્વીકાર કરવા પણ આપણે તૈયાર ન થઈએ, (૪) માત્ર આપણી જ માન્યતા અને પૂર્વધારણાઓ સામેની વ્યક્તિ ઉપર ઠોકી બેસાડવાની મથામણ કરે રાખીએ, (૫) આપણા સમીકરણ અને સિદ્ધાન્ત મુજબ જ તેની

*....* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી.ફક્ત લા.(૨)માં છે.

ऽभिप्राय-सिद्धान्ताद्यनुसारेण परप्रवर्तनाऽभिनिवेशे च वयमपि दुर्नयवादिन एव स्यामः, व्यक्त्यन्तराभिप्रायादेरपि नयरूपत्वात्। 'मैवं मे भूयादि'ति मानसिकसहिष्णुतोदारता-मध्यस्थताऽप्रतिबद्धतादिकम् आत्मसात्कर्तव्यम्। इत्थमेव तप्तोपलनिपतितजलन्यायेन कुकर्म-कुसंस्कारशोषणतः "सर्वाऽऽबाधारहितं परमानन्दसुखसङ्गतमसङ्गम्। निःशेषकलातीतं सदाशिवादिपदवाच्यम्।।" (षो.प्र.१५/१६) इति **षोडशकप्रकरण**प्रदर्शितं परतत्त्वं प्रकाशेत।।५/६।।

પાસે પ્રવૃત્તિ કરાવવાનો આગ્રહ રાખીએ તો આપણે પણ દુર્નયવાદી બની જઈએ. કારણ કે દરેક વ્યક્તિનો વિચાર-ઉચ્ચાર એ એક પ્રકારનો નય જ છે. આવું આપણામાં ન બની જાય તે માટે આપણે વૈચારિક સહિષ્ણુતા-ઉદારતા-મધ્યસ્થતા-અપ્રતિબદ્ધતા કેળવવી જ રહી. જે રીતે અત્યંત તપી ગયેલા પત્થર ઉપર પડેલ પાણી ઝડપથી શોષાય જાય, એ જ રીતે ઉપરોક્ત ગુણવૈભવથી કુકર્મો-કુસંસ્કારો શોષાઈ જવાથી પરમતત્ત્વ પ્રકાશે. પરમતત્ત્વને દર્શાવતાં **ષોડશકપ્રકરણ**માં શ્રીહરિભદ્રસૂરિજીએ કહેલ છે કે 'સર્વપીડારહિત, પરમાનંદસુખથી યુક્ત, અસંગ, સર્વકર્માંશશૂન્ય, સદાશિવાદિશબ્દથી વાચ્ય એવું પરમતત્ત્વ છે.' (૫/૬)

લખી રાખો ડાયરીમાં.....

- **બુદ્ધિ કદાચ વધે છે. છતાં વિકાસ પામતી નથી; વિનાશમાર્ગે દોડે છે.**
  **શ્રદ્ધા બહારથી ન વધવા છતાં અવશ્ય વિરાટ વિકાસ સાધે છે.**
- **વાસના બીજાની બાહ્ય ખામીને ખમી શકતી નથી, આંતરિક ખૂબી મેળવી શકતી નથી.**
  **ઉપાસના પોતાની આંતરિક ખામીને ખમી શકતી નથી, આંતરિક ખૂબી મેળવ્યા વિના રહી શકતી નથી.**
- **એકાંતમાં ય વાસના દ્વૈત પેદા કરે છે.**
  **એકાન્તપ્રિય ઉપાસના અદ્વૈતની અનુભૂતિ આપે છે.**
- **સંપૂર્ણપણે નીચોવાઈ ગયા પછી પણ વાસના વિનશ્વર અને તનાવયુક્ત ઉત્પાદન કરે છે.**
  **સ્વસ્થ, સશક્ત ઉપાસના અવિનાશી આત્મસુખનું સર્જન કરે છે.**

**છાંડી મારગ એ સમો, ઉપનય ♦મુખ જે કલ્પઈ રે;**

**✿તેહ પ્રપંચ પણિ જાણવા, ✱કહિઈં તે જિમ✦ જલ્પઈ રે ॥૫/૭॥ (૬૧) ગ્યાન.**

**એ સમો** માર્ગ છાંડી કરીનઈં, **જે** = *દિગંબર* બાલ ઉપચારાદિક ગ્રહવાનઈં કાજિ **ઉપનય પ્રમુખ કલ્પઈ** છઈં, **તેહ પ્રપંચ** = શિષ્યબુદ્ધિ□અંધનમાત્ર ❖છે. **પણિ** સમાનતંત્ર સિદ્ધાંત છઈં, તે માટઇં **જાણવાનઈં** કાજિં કહિઈં; **જિમ તે જલ્પઈ** છઈં = સ્વપ્રક્રિયાઈં બોલઈં છઈં. તિમ **કહીઈં છેં.**● ॥૫/૭॥

साम्प्रतमाशाम्बरमतापाकरणायोपक्रमते – '**त्यक्त्वे**'ति।

**त्यक्त्वेमं दिक्पटोपज्ञा नयोपनयकल्पना।**

**सा वञ्चनाऽपि बोधायोच्यते यथाऽऽह दिक्पटः।।५/७।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – इमं त्यक्त्वा (या) दिक्पटोपज्ञा नयोपनयकल्पना सा वञ्चनाऽपि यथा दिक्पट आह (तथा) बोधाय उच्यते।।५/७।।

चिन्तामणिं परित्यज्य काचग्रहणन्यायमनुसृत्य **इमं** यथार्थपदार्थप्रतीत्याद्युपपादनसमर्थं प्राञ्जलं श्वेताम्बरशास्त्रोक्तं प्रमाण-नयादिमार्गं **त्यक्त्वा दिक्पटोपज्ञा** = दिगम्बरबालेनोपचारादिग्रहणार्थं रचिता **नयोपनयकल्पना** = नवविधनय-त्रिविधोपनयादिप्रकल्पना **सा** परमार्थतो **वञ्चना** = शिष्यध्यन्धनमात्ररूपा **अपि** = तथापि समानतन्त्रसिद्धान्तत्वाद् **बोधाय** = श्रोतृणामवगमाय **यथा** = येन प्रकारेण **दिक्पटः** = **देवसेना**भिधानाशाम्बर **आह** = जल्पति **नयचक्रे आलापपद्धतौ** च तथैव इह अस्माभिः **उच्यते**।

**અવતરણિકા** :- પ્રસ્તુત શાખામાં છ શ્લોક સુધી શ્વેતાંબર સંપ્રદાય અનુસારે પ્રમાણની અને નયની વિચારણા કરી. હવે ગ્રંથકારશ્રી દિગંબરમતના નિરાકરણ માટે ભૂમિકા બાંધે છે :-

**શ્લોકાર્થ** :- શ્વેતાંબરકથિત આ માર્ગને છોડીને દિગંબરે રચેલી નય-ઉપનય બન્નેની કલ્પના વંચના જ છે. છતાં જે પ્રમાણે દિગંબર કહે છે, તે પ્રમાણે શ્રોતાના બોધ માટે કહેવાય છે. (૫/૭)

## ✠ સમાનતંત્રસિદ્ધાન્તની ઓળખાણ ✠

**વ્યાખ્યાર્થ** :- શ્વેતાંબરશાસ્ત્રમાં દર્શિત નયસંબંધી માર્ગ સરલ છે. તથા યથાર્થપણે પદાર્થની પ્રતીતિ વગેરેની સંગતિ કરવા માટે સમર્થ છે. તેમ છતાં શ્વેતાંબરસંમત પ્રમાણ અને નય વગેરેના માર્ગને (= વિભાગને) છોડીને અલ્પમતિવાળા દિગંબરે ઉપચાર વગેરેને ગ્રહણ કરવા માટે નવ પ્રકારના નય અને ત્રણ પ્રકારના ઉપનય વગેરેની કલ્પના કરેલી છે. જેમ ગામડીયો ચિંતામણિરત્નને છોડી કાચના ટુકડાને ગ્રહણ કરે તેમ આ વાત સમજવી. તેથી દિગંબરરચિત નય-ઉપનયની કલ્પના પરમાર્થથી વંચના છે. અર્થાત્ શિષ્યની બુદ્ધિને કેવલ આંધળી કરવા માત્ર સ્વરૂપ છે. તેમ છતાં પણ દિગંબરો જૈન હોવાના નાતે તેમના સિદ્ધાંતો સમાનતંત્રસિદ્ધાંત સ્વરૂપ બને છે. તેથી શ્રોતાઓને જણાવવા માટે જે પ્રકારે **દેવસેન**

♦ કો.(૨+૫+૬+૮)માં 'મુખ્ય' પાઠ. ✿ લા.(૧)માં 'તેહ વક' પાઠ. ✱ મ.માં 'કહઇ' પાઠ. કો.(૭)નો પાઠ લીધો છે. ✦ કો.(૧)માં 'જિમ મુખ જલ્પે' પાઠ. □ પુસ્તકોમાં '..બુદ્ધિબંધન...' પાઠ. ❖ પુસ્તકોમાં 'છે' પદ નથી. કો(૯) + સિ. + આ(૧)માં છે. ● પુસ્તકોમાં 'તિમ કહીઈં છેં' પાઠ નથી. આ.(૧)માં છે.

इह "प्रकारवचने थाल्" (पा.व्या.५/३/२३) इति **पाणिनीयव्याकरण**सूत्रात् प्रकारार्थे थाल् व्याख्यातः। यथा मूलसिद्धान्तसाम्याद् नैयायिक-वैशेषिकौ साङ्ख्य-योगौ च समानतन्त्रतया व्यवह्रियेते तथा श्वेताम्बर-दिगम्बरौ अपि समानतन्त्रतया विज्ञेयौ। नैगमादिनयानां प्रक्रिया नैयायिकादिपरतन्त्रेऽप्रसिद्धा किन्तु श्वेताम्बराऽऽशाम्बरजैनमतप्रसिद्धा इति समानतन्त्रसिद्धान्तता प्रकृतेऽवगन्तव्या।

प्रकृतमनुस्रियतेऽस्माभिः। तथाहि – पूर्वं **देवसेनेन नयचक्रा**भिधानं प्राकृतभाषानिबद्धं प्रकरणं रचितं तत्पश्चाच्च संस्कृतभाषानिबद्धम् **आलापपद्धति**नामकं प्रकरणं सन्दृब्धम्। उभयत्रैव प्रायशः तुल्यैव नयोपनयादिकल्पना। **माइल्लधवलेन** अपि तदनुसारेण नवीनं प्राकृतभाषानिबद्धं **बृहद्नयचक्र-**

નામના દિગંબર **નયચક્ર** અને **આલાપપદ્ધતિ** ગ્રંથમાં કહે છે, તે જ પ્રકારે અમારા દ્વારા કહેવાય છે. 'यथा' શબ્દમાં લાગેલ 'थाल्' પ્રત્યય પ્રકાર અર્થમાં **પાણિનીયવ્યાકરણ**માં જણાવેલ છે. તે મુજબ અહીં તેની વ્યાખ્યા કરેલ છે. મૌલિક સિદ્ધાન્તોમાં સમાનતા હોવાના લીધે જેમ નૈયાયિક અને વૈશેષિક સમાનતંત્રરૂપે ઓળખાવાય છે. તથા આ જ કારણસર સાંખ્ય અને પાતંજલયોગદર્શનવાળા પણ સમાન તંત્રરૂપે છે – તેવો વ્યવહાર થાય છે. તે જ રીતે શ્વેતાંબર જૈન અને દિગંબર જૈન પણ સમાનતંત્રરૂપે જાણવા. નૈગમ આદિ નયોની પ્રક્રિયા નૈયાયિક વગેરે પરદર્શનમાં પ્રસિદ્ધ નથી પરંતુ શ્વેતાંબર અને દિગંબર જૈનમતમાં જ પ્રસિદ્ધ છે. તેથી પ્રસ્તુતમાં સમાનતંત્રસિદ્ધાંતતા જાણવી.

### ✠ સમાનતંત્રની સ્પષ્ટતા ✠

**સ્પષ્ટતા** :- 'समानं तंत्रं येषां ते समानतंत्राः' - આ પ્રકારના વિગ્રહ મુજબ સમાનધર્મવાળા જીવોને અને તેમના સિદ્ધાંતોને સમાનતંત્ર કહેવાય છે. વૈશેષિકના અને નૈયાયિકના મૂળભૂત સિદ્ધાંતો (દા.ત. અવયવ-અવયવીનો એકાંતભેદ, પરમાણુગત એકાંતનિત્યતા, આત્મગત વિભુત્વ, ઈશ્વરગત જગત્કર્તૃત્વ વગેરે) સરખા હોવાથી તે બન્ને અરસપરસ સમાનતંત્રવાળા કહેવાય છે. તે જ રીતે સાંખ્યદર્શન અને પાતંજલયોગદર્શનના મૂળભૂત સિદ્ધાંતો (દા.ત. પુરુષ સર્વથા નિર્લેપ, જગતના ઉપાદાનકારણસ્વરૂપ પ્રકૃતિ, કાર્ય-કારણમાં તાદાત્મ્ય, સત્કાર્યવાદ વગેરે) પણ સરખા છે. તેથી સાંખ્યો અને પાતંજલો પણ સમાનતંત્રવાળા કહેવાય છે. તે જ રીતે શ્વેતાંબર જૈન દર્શન તથા દિગંબર જૈન દર્શનના મૂળભૂત સિદ્ધાંતો (દા.ત. અનેકાંતવાદ, કર્મવાદ, પરમાનંદમય મુક્તિ, સદ્-અસત્ કાર્યવાદ, પંચમહાવ્રત વગેરે) પ્રાયઃ સરખા હોવાથી શ્વેતાંબર અને દિગંબર પણ સમાનતંત્રવાળા કહેવાય છે. તેથી તેમના સિદ્ધાંતો સમાનતંત્ર-સિદ્ધાંત તરીકે સમજવા. નૈગમ, સંગ્રહ વગેરે નયોની વિચારણા ફક્ત શ્વેતાંબર અને દિગંબર જૈનદર્શનમાં જ જોવા મળે છે. તેથી નૈગમ આદિ નયની વિચારણા સમાનતંત્રસિદ્ધાંતરૂપે પ્રસ્તુતમાં સમજવી.

### ✽ દિગંબરકલ્પિત નયવિચારણાનું પ્રયોજન ✽

(प्रकृत.) આપણે મૂળ વાતને અનુસરીએ. તે આ પ્રમાણે - **દેવસેન** નામના દિગંબરે પૂર્વે પ્રાકૃતભાષામાં **નયચક્ર** નામનું પ્રકરણ રચ્યું અને ત્યાર બાદ સંસ્કૃતભાષામાં **આલાપપદ્ધતિ** નામનું પ્રકરણ રચ્યું. બન્ને પ્રકરણમાં નય, ઉપનય વગેરેની કલ્પના લગભગ સમાન જ છે. તેમ જ ઉપરોક્ત બન્ને પ્રકરણને અનુસારે **માઈલ્લધવલ** નામના દિગંબરે પણ પ્રાકૃત ભાષામાં **બૃહદ્ નયચક્ર** નામનો નવીન ગ્રંથ રચ્યો.

प्रकरणं **द्रव्यस्वभावप्रकाशा**पराभिधानं रचितम्। यथावसरमुभयकर्तृकप्रकरणवचनानि तत्र तत्र दर्शयिष्यामः।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'दिगम्बरदेवसेनोक्तिः उन्मार्गनायकत्वेन वञ्चना' इति जानानोऽपि ग्रन्थकृत् श्रोतृबोधाय तां यथावदिहोपदर्शितवान्। एतावतेदं ज्ञाप्यते यदुत अस्मदनभिप्रेतमपि परकीयवचनं परेभ्यः अस्माभिः उच्यमानं यथावस्थितमेव भवेत् तथा कर्तव्यम्, न तु तत्र यद्वा तद्वा निक्षेप्तव्यम्, न वा ततः किञ्चिद् मोषितव्यम्। इत्थमेवाऽन्यदीयवचनोपदर्शने शिष्टत्वं स्थेमानं भजेत्। तत्प्रकर्षे च [1]"अक्खयं सोक्खं अणंतं च अणोवमं" (म.नि.६/१२२/पृ.१६४) इति **महानिशीथोक्तं** मोक्षं महामुनिः लभते।।५/७।।

તેનું બીજું નામ **દ્રવ્યસ્વભાવપ્રકાશ** છે. દેવસેનજી અને માઈલ્લધવલજી આ બન્ને દિગંબરોએ રચેલ ઉપરોક્ત ગ્રંથોના વચનો સમાનતંત્રસિદ્ધાન્તસ્વરૂપ હોવાના લીધે, અવસર મુજબ તે તે સ્થળે અમે તેને જણાવશું.

### ❁ ... તો સજ્જનતા ટકે ❁

[redacted]:- 'સામેની વ્યક્તિની = દિગંબર દેવસેનની વાત ગેરમાર્ગે દોરનાર હોવાથી વંચના સ્વરૂપ છે' – તેવું જાણવા છતાં શ્રોતાની જાણકારી માટે તેને યથાવત્ બતાવવાની ઉદારતા અહીં ગ્રંથકારશ્રીએ કરેલ છે. તેનાથી આપણને નવી વાત એ શીખવા મળે છે કે કોઈ વ્યક્તિની વાત આપણને યોગ્ય ન જણાતી હોવા છતાં પણ અન્ય વ્યક્તિની પાસે તે વાતની રજૂઆત આપણે કરીએ ત્યારે તેમાં મીઠું-મરચું ભભરાવવાની કે ફેરફાર કરીને વક્ર રીતે રજૂઆત કરવાની ભૂલ આપણે કદાપિ ન કરવી. આવી રીતે વર્તવામાં આવે તો જ સજ્જનની સજ્જનતા ટકી રહે. તેવી સજ્જનતાનો પ્રકર્ષ થાય તો મહામુનિ **મહાનિશીથ**માં જણાવેલ અક્ષય, અનન્ત અને અનુપમ એવા સુખસ્વરૂપ મોક્ષને મેળવે છે. (૫/૭)

લખી રાખો ડાયરીમાં.....

- **સાધનાના નિયત દિવસોમાં સાધના સરળ છે.**
  **ઉપાસનાના કોઈ નિયત દિવસ નથી.**
- **વાસના પ્રેમની વિકૃતિ છે.**
  **ઉપાસના એ પ્રેમની પ્રકૃતિ-સંસ્કૃતિ છે.**
- **સાધનાની આધારશિલા છે, વીર્યાંતરાયકર્મનો ક્ષયોપશમ.**
  **ઉપાસનાની આધારશિલા છે, મોહનીયકર્મનો ક્ષયોપશમ.**

१. अक्षयं सौख्यम् अनन्तञ्च अनुपमम्।

**નવ નય, ઉપનય તીન છઈં, તર્કશાસ્ત્ર અનુસારો રે;**
**§અધ્યાત્મવાચઈં વલી, નિશ્ચય ♦નઈં વ્યવહારો રે ॥૫/૮॥ (૬૨) ગ્યાન.**

તેહનઈં મતઇં **તર્કશાસ્ત્રનઈં અનુસારઈં નવ નય** અનઇં ✡ત્રણિ **ઉપનય છઈં.**

---

प्रतिज्ञानुसारेण देवसेनादिमतमेवानुवदति – '**नवे**'ति।

**नव नयाः त्रयश्चोपनयाः तर्कानुसारतः।**
**निश्चय-व्यवहारौ तु कथ्येतेऽध्यात्मरीतितः।।५/८।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – तर्कानुसारतः नव नयाः त्रयश्चोपनयाः। अध्यात्मरीतितः तु निश्चय-व्यवहारौ कथ्येते।।५/८।।

देवसेनमते **तर्कानुसारतः** = तर्कशास्त्रानुसारतः द्रव्यार्थ-पर्यायार्थ-नैगमादयो **नव नयाः त्रयश्च** सद्भूताऽसद्भूतोपचरिताऽसद्भूतव्यवहाराऽऽख्या **उपनयाः** सन्ति।

तदुक्तं **देवसेनेन आलापपद्धतौ** "(१) द्रव्यार्थिकः, (२) पर्यायार्थिकः, (३) नैगमः, (४) सङ्ग्रहः, (५) व्यवहारः, (६) ऋजुसूत्रः, (७) शब्दः, (८) समभिरूढः, (९) एवम्भूत इति नव नयाः स्मृताः। उपनयाश्च कथ्यन्ते। नयानां समीपाः = उपनयाः। (१) सद्भूतव्यवहारः, (२) असद्भूतव्यवहारः, (३) उपचरिता-ऽसद्भूतव्यवहारश्चेति उपनयाः त्रेधा" (आ.प.पृ.६) इति।

***यद्यपि*** प्रकृते द्रव्यार्थ-पर्यायार्थलक्षणौ द्वावेव मूलनयौ अवान्तराऽसङ्ख्यभेदौ **देवसेनसम्मतौ।**

---

[illegible] :- ગ્રંથકારશ્રી પ્રતિજ્ઞા મુજબ દેવસેન વગેરેના મતનો જ અનુવાદ કરે છે કે :-

**✻ નય નવ, ઉપનય ત્રણ : દિગંબરમત ✻**

[illegible] :- તર્કશાસ્ત્ર અનુસારે નવ નય અને ત્રણ ઉપનય છે. અધ્યાત્મશૈલીથી તો નિશ્ચય અને વ્યવહાર બે જ નય કહેવાય છે. (૫/૮)

[illegible] :- દેવસેનજીના મતે તર્કશાસ્ત્ર મુજબ દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક, નૈગમ વગેરે નવ નયો છે. તથા સદ્ભૂત, અસદ્ભૂત અને ઉપચરિત અસદ્ભૂત નામના ત્રણ વ્યવહાર ઉપનયરૂપે પ્રસિદ્ધ છે. **આલાપપદ્ધતિ** ગ્રંથમાં ઉપરોક્ત બાબતને જણાવતા **દેવસેનજી**એ જણાવેલ છે કે "(૧) દ્રવ્યાર્થિક, (૨) પર્યાયાર્થિક, (૩) નૈગમ, (૪) સંગ્રહ, (૫) વ્યવહાર, (૬) ઋજુસૂત્ર, (૭) શબ્દ, (૮) સમભિરૂઢ અને (૯) એવંભૂત - આ પ્રમાણે નવ નયો સંમત છે. હવે ઉપનય કહેવામાં આવે છે. નયની પાસે રહે તે ઉપનય કહેવાય. તેના ત્રણ પ્રકાર છે. તે આ પ્રમાણે - (૧) સદ્ભૂત વ્યવહાર, (૨) અસદ્ભૂત વ્યવહાર અને (૩) ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર."

**✻ મૂળ નય બે, અવાંતર નય અસંખ્ય : નયચક્ર ✻**

(**यद्यपि.**) જો કે પ્રસ્તુતમાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નય આમ બે જ મૂળ નયો છે અને તેના અવાન્તર અસંખ્ય ભેદો છે. આ પ્રમાણેની વાત દેવસેનજીને સંમત છે. તેમ છતાં પણ તેના અવાન્તર

---

§ કો.(૧૨)માં 'અધ્યાત્મ' પાઠ. ♦ કો.(૨)માં 'નય' પાઠ. મ.નો પાઠ લીધો છે. ✡ કો.(૧૩)+આ.(૧)માં 'ત્રિણ' પાઠ.

***तथापि*** तदवान्तरभेदान् नैगमादीन् मूलनयविभागे प्रक्षिप्य नव नया इति तत्प्रक्रिया प्रसिद्धा। तदुक्तं **देवसेनेन** एव **नयचक्रे माइल्लधवलेन** च **द्रव्यस्वभावप्रकाशा**पराभिधाने **बृहन्नयचक्रे** "[1]दो चेव मूलणया भणिया दव्वत्थ-पज्जयत्थगया। अण्णे असंखसंखा ते तब्भेया मुणेयव्वा।। (न.च.११, द्र.स्व.१८३), [2]नेगम संगह ववहार तह य रिउसुत्त सद्द अभिरूढा। एवंभूया णवविह णया वि तह उवणया तिण्णि।।" (न.च.१२, द्र.स्व.प्र.१८४) इति।

इदमत्र दिगम्बरमताकूतम् – 'सर्वांशैः वस्तुग्राहकस्य प्रमाणत्वम्, एकांशेन वस्तुग्राहकस्य च नयत्वम्। वस्तुनो द्रव्य-पर्यायात्मकत्वेन मूलनयद्वैविध्यमेव सम्भवति, वस्तुनो द्रव्यांशग्राहकस्य द्रव्यार्थिकनयत्वं पर्यायांशग्राहकस्य च पर्यायार्थिकत्वम्। तयोरेव सर्वनयान्तर्भावः। यावन्तो वचनप्रकाराः तावन्त एव नया, वचनानाञ्चाऽसङ्ख्येयत्वेन नयानामप्यसङ्ख्येयत्वमेव। ते च सर्वे द्रव्यार्थिक-पर्यायार्थिकनयभेदा एव, द्रव्य-पर्यायान्यतरस्यैव तद्विषयत्वात्। द्रव्यार्थिकादिनवविधनयावान्तरभेदास्त्वष्टाविंशतिः ज्ञातव्याः। तद्यथा (१) द्रव्यार्थिकस्य दश भेदाः, (२) पर्यायार्थिकस्य षट्, (३) नैगमस्य त्रयः, (४-५-६) सङ्ग्रह-व्यवहार-र्जुसूत्राणां प्रत्येकं द्वौ भेदौ, (७-८-९) शब्द-समभिरूढैवम्भूतानां प्रत्येकम् एककः भेद इति अष्टाविंशतिः नवनयभेदाः, उपनयास्तु त्रयः'। एते सर्वे इह अग्रेतनशाखयोश्च निरूपयिष्यन्त इत्यवधेयम्।

ભેદ સ્વરૂપ નૈગમ વગેરે નયના વિભાગમાં તે બે મૂળ નયોને ગોઠવીને 'નયો નવ છે' - તે પ્રમાણે દેવસેનજીની પ્રક્રિયા પ્રસિદ્ધ છે. તેથી **દેવસેનજીએ** જ **નયચક્ર** ગ્રંથમાં તથા **માઈલ્લધવલે દ્રવ્યસ્વભાવપ્રકાશ** જેનું બીજું નામ છે એવા **બૃહદ્નયચક્ર** ગ્રંથમાં જણાવેલ છે કે "દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક આ બે જ મૂળ નય કહેવાય છે. અસંખ્યાત નામની સંખ્યા સુધી પહોંચેલા અન્ય નયો તો દ્રવ્યાર્થિકના અને પર્યાયાર્થિકના ભેદ રૂપે જ જાણવા. (૧) નૈગમ, (૨) સંગ્રહ, (૩) વ્યવહાર, (૪) ઋજુસૂત્ર, (૫) શબ્દ, (૬) અભિરૂઢ (= સમભિરૂઢ) અને (૭) એવંભૂત. આ સાત નયોમાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયોને ઉમેરવાથી નવ નય થાય છે. તથા ત્રણ ઉપનય છે."

(**इदम.**) પ્રસ્તુતમાં દિગંબરમતનો અભિપ્રાય આ મુજબ સમજવો. વસ્તુના સર્વાંશને ગ્રહણ કરનાર જ્ઞાન પ્રમાણ કહેવાય છે. તથા વસ્તુના એક અંશને ગ્રહણ કરનાર જ્ઞાનને નય કહેવાય છે. વસ્તુ દ્રવ્ય-પર્યાયાત્મક છે. તેથી મૂળ નય તો ફક્ત બે જ સંભવી શકે છે. વસ્તુના દ્રવ્યાંશને મુખ્યપણે ગ્રહણ કરનાર દ્રવ્યાર્થિકનય તથા વસ્તુના પર્યાયાંશને મુખ્યપણે ગ્રહણ કરનાર પર્યાયાર્થિકનય. આ બે મૂળ નયોમાં જ બાકીના સર્વ નયોનો અંતર્ભાવ થઈ જાય છે. જેટલા પણ વચનોના પ્રકાર છે તેટલા જ નય છે. તથા વચનો અસંખ્ય પ્રકારના હોય છે. તેથી નયોની કુલ સંખ્યા અસંખ્યાત જ છે. આ અસંખ્યાત નય દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયના જ ભેદ છે. કારણ કે તે અસંખ્ય નયોનો વિષય કાં તો દ્રવ્ય હોય, કાં તો પર્યાય હોય. નવ નયોના અવાન્તર ભેદ સંક્ષેપમાં નીચે મુજબ સમજવા.

1. द्वौ चैव मूलनयौ भणितौ द्रव्यार्थ-पर्यायार्थगतौ। अन्येऽसङ्ख्यसङ्ख्यास्ते तद्भेदा ज्ञातव्याः। 2. नैगमः सङ्ग्रहः व्यवहारः तथा च ऋजुसूत्रः शब्दः अभिरूढः (समभिरूढः)। एवम्भूतः नवविधा नया अपि तथोपनयास्त्रयः।।

(વલી=) તથા [ŏ]**અધ્યાત્મવાચઈં** = અધ્યાત્મશૈલીઈં **નિશ્ચયનય વ્યવહારનય** ઇમ ૨ જ નય કહિઇં. ▸દ્રવ્યાર્થિકનય ૧, પર્યાયાર્થિક નય ૨, નૈગમાદિ ૭ નય એવં ૯ નય જાણવા.◂ *ઇમ ૬૨ ગાથાનો અર્થ.* ॥૫/૮॥

---

**अध्यात्मरीतितः** = आध्यात्मिकशैलीतः **निश्चय-व्यवहारौ** द्वौ एव नयौ **कथ्येते**। प्रकृते **तुः** पक्षान्तरसूचकः, तदुक्तं **धरसेनेन विश्वलोचने** "तु पादपूरणे भेदाऽवधारण-समुच्चये। पक्षान्तरे नियोगे च प्रशंसायां विनिग्रहे।।" (वि.लो.अव्ययवर्ग-२४/२५ पृ. ४१०) इति। तदुक्तम् **आलापपद्धतौ देवसेनेन** "पुनरप्यध्यात्मभाषया नया उच्यन्ते। तावद् मूलनयौ द्वौ - निश्चयो व्यवहारश्च। तत्र निश्चयनयोऽभेदविषयः,

---

### ❋ મૂળ નયના અવાન્તર અઠ્ઠાવીસ ભેદ ❋

નય
- →૧ **દ્રવ્યાર્થિક** : દશ ભેદ
- →૨ **પર્યાયાર્થિક** : છ ભેદ
- →૩ **નૈગમ** : ત્રણ ભેદ
- →૪ **સંગ્રહ** : બે ભેદ
- →૫ **વ્યવહાર** : બે ભેદ
- →૬ **ઋજુસૂત્ર** : બે ભેદ
- →૭ **શબ્દ** : એક ભેદ
- →૮ **સમભિરૂઢ** : એક ભેદ
- →૯ **એવંભૂત** : એક ભેદ = કુલ **અઠ્ઠાવીસ** (અવાન્તર) ભેદ.

ઉપનય
- →૧ **સદ્ભૂત વ્યવહાર**
- →૨ **અસદ્ભૂત વ્યવહાર**
- →૩ **ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર**

નયના પ્રસ્તુત અઠ્ઠાવીસ ભેદ તથા ઉપનયના ત્રણ ભેદનું નિરૂપણ પ્રસ્તુત પાંચમી શાખામાં તથા છઠ્ઠી અને સાતમી શાખામાં કરવામાં આવશે. આ વાત વાચકવર્ગે ધ્યાનમાં રાખવી.

### ❋ આધ્યાત્મિક શૈલીથી નય દ્વિવિધ ❋

**(અધ્યાત્મ.)** આધ્યાત્મિક શૈલીથી વિચાર કરીએ તો નિશ્ચય અને વ્યવહાર ફક્ત બે જ નય કહેવાય છે. મૂળ શ્લોકમાં રહેલ 'तु' શબ્દ અન્ય પક્ષને સૂચવવા માટે છે. મતલબ કે પૂર્વે નવ નય વગેરેનો જે પક્ષ = મત જણાવ્યો તેનાથી જુદા પક્ષને દર્શાવવા માટે 'तु' શબ્દ વપરાયેલ છે. 'तु' શબ્દનો આ અર્થ **ધરસેનકવિએ વિશ્વલોચન** ગ્રંથમાં જણાવેલ છે. ત્યાં દર્શાવેલ છે કે "(૧) પાદપૂર્તિ, (૨) ભેદ = વિશેષતા, (૩) અવધારણ = જકાર, (૪) સમુચ્ચય, (૫) પક્ષાન્તર = અન્ય પક્ષ, (૬) નિયોગ = આદેશ, (૭) પ્રશંસા અને (૮) વિશિષ્ટ નિગ્રહ - આટલા અર્થમાં 'तु' શબ્દ વપરાય છે." તેથી **આલાપપદ્ધતિ** ગ્રંથમાં **દેવસેનજી**એ જણાવેલ છે કે "વળી, બીજી રીતે અધ્યાત્મભાષાથી નયો કહેવાય છે. સૌ પ્રથમ આધ્યાત્મિક મૂળ નય બે જ છે - નિશ્ચય અને વ્યવહાર. તેમાં આધ્યાત્મિક

---

[ŏ] કો.(૧૨)માં 'અધ્યાત્મ' પાઠ. ▸...◂ ચિહ્નદ્વયવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૧)માં છે. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી.ફક્ત લા.(૨)માં છે.

व्यवहारः भेदविषयः" (आ.प.पृ.२०) इत्यादिकम्। उभयनयानुविद्धत्वात् प्रवचनस्य द्वौ अपि तौ ग्राह्यौ, अन्यथा मिथ्यात्वादिप्रसङ्गात्। तदुक्तं **विशेषावश्यकभाष्ये** [1]"निच्छय-व्यवहारोवणीयमिह सासणं जिणिंदाणं। एगयरपरिच्चाओ मिच्छं संकादओ जे य।।" (वि.आ.भा.२३८१) इति।

दिगम्बरीयाऽऽध्यात्मिकपरिभाषया द्विविधनयनिरूपणं तु अष्टमशाखायां भविष्यति। तदुत्तरं च तत्रैव देवसेनमतसमीक्षासमारम्भः अष्टमश्लोकादित्यवधेयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – देवसेनेन तर्काऽध्यात्मार्पणया विविधो नयविभागः प्रदर्शितः। तत इदं सूच्यते यदुत तार्किकशैल्या पदार्थं निर्णीय आध्यात्मिकशैल्या अपि पदार्थः विमृश्यः। वस्तुप्रेक्षी विचारः तर्कवादमार्गे जीवं प्रेरयति आत्मप्रेक्षी विचारश्च अध्यात्ममार्गे प्रेरयति। बाह्यपदार्थस्वरूपं तर्कवादतः स्पष्टतया प्रतिभासते परमात्मस्वरूपञ्चाध्यात्मवादतः स्पष्टतया प्रतिभासते। अत आत्महितानुकूल्येन तर्कवादमवलम्ब्य मोक्षौपयिकं पदार्थं सुविनिश्चित्य तार्किकाऽऽध्यात्मिक-

---

નિશ્ચયનય અભેદવિષયક જાણવો. તથા આધ્યાત્મિક વ્યવહારનય ભેદવિષયક જાણવો." જિનશાસન નિશ્ચય-વ્યવહારનયથી અનુવિદ્ધ છે. તેથી નિશ્ચય અને વ્યવહાર - બન્ને નય આદરણીય છે. બેમાંથી એક નયનો પણ ત્યાગ કરવામાં આવે તો મિથ્યાત્વ વગેરે દોષો લાગુ પડે. તેથી જ **શ્રીજિનભદ્રગણિક્ષમાશ્રમણે વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે "નિશ્ચય અને વ્યવહાર નય દ્વારા અહીં જિનેશ્વર ભગવંતોનું શાસન આવેલ છે. તેથી બેમાંથી એક પણ નયને છોડવામાં આવે તો મિથ્યાત્વ તથા શંકા વગેરે દોષો લાગુ પડે."

## ❀ પૂર્વાપર અનુસંધાન ❀

**(दिग.)** દિગંબરસંમત આધ્યાત્મિક પરિભાષા મુજબ પ્રસ્તુત બે નયનું નિરૂપણ આ ગ્રંથમાં આઠમી શાખાના પ્રારંભમાં કરવામાં આવશે. ત્યાર બાદ આઠમી શાખામાં જ આઠમા શ્લોકથી દેવસેનમતસમીક્ષાનો શુભારંભ થશે. આ વાતને વિજ્ઞ વાચકવર્ગે ખ્યાલમાં રાખવી.

## ❀ તાર્કિક પદ્ધતિ અને આધ્યાત્મિક પદ્ધતિનો સમન્વય સાધો ❀

**આધ્યાત્મિક ઉપનય** :- દેવસેનજીએ તર્કને અને અધ્યાત્મને કેન્દ્ર સ્થાનમાં ગોઠવી નયના વિભિન્ન વિભાગ બનાવ્યા છે. આનાથી આપણે એટલો બોધપાઠ લેવા જેવો છે કે કોઈ પણ વસ્તુને તાર્કિક શૈલીથી વિચાર્યા બાદ આધ્યાત્મિક પદ્ધતિએ પણ આપણે વિચારવી જોઈએ. વસ્તુલક્ષી વિચારધારા જીવને તર્કવાદની દિશામાં આગળ ધપાવે છે. જ્યારે આત્મલક્ષી વિચારણા જીવને અધ્યાત્મવાદના માર્ગે આગેકૂચ કરાવે છે. પદાર્થના સ્વરૂપની સ્પષ્ટતા તર્કવાદના માધ્યમથી થાય છે. જ્યારે પરમાત્મસ્વરૂપની સ્પષ્ટતા અધ્યાત્મવાદના આલંબને જ થાય છે. આથી આત્મહિત જોખમાય નહીં તે રીતે યથોચિતપણે તર્કવાદનો ટેકો લઈ મોક્ષસાધક પદાર્થનો સમ્યક્ નિર્ણય કરી, આગળ જતાં તાર્કિક દૃષ્ટિનો અને આધ્યાત્મિક દૃષ્ટિનો સમન્વય કરવા દ્વારા અધ્યાત્મવાદસમુદ્રમાં ઊંડા ઉતરી શાશ્વત આત્માનંદ, કેવલજ્ઞાન વગેરે ગુણરત્નોને પ્રાપ્ત કરી લેવા એ જ આપણું-આત્માર્થીઓનું પરમ કર્તવ્ય છે. કારણ કે શાશ્વત આત્માનંદ વગેરે

---

1. निश्चय-व्यवहारोपनीतमिह शासनं जिनेन्द्राणाम्। एकतरपरित्यागो मिथ्यात्वं शङ्कादयो ये च।।

दृष्टिसमन्वयेन अध्यात्मवादरत्नाकरनिमज्जनतः शाश्वतात्मानन्द-केवलज्ञानादिरत्नानि लभ्यानि। आत्मार्थिनां तल्लाभ एव श्रेयस्करः, तल्लाभोत्तरं व्याबाधाऽनुदयात्। तदुक्तं **प्रज्ञापनायां श्यामाचार्येण** [1]"निच्छिण्ण-सव्वदुक्खा जाइ-जरा-मरणबन्धणविमुक्का। सासयमव्वाबाहं चिट्ठंति सुही सुहं पत्ता।।" (प्र.सू.३६/३४९/पृ.६०७) इति चेतसि कर्तव्यम्।।५/८।।

---

પ્રાપ્ત થયા પછી ક્યારેય પણ દુઃખ-પીડા ઉત્પન્ન થવાની શક્યતા રહેતી નથી. આ અંગે **પ્રજ્ઞાપનાસૂત્ર**નો સંદર્ભ મનમાં સ્થિર કરવા યોગ્ય છે. ત્યાં **શ્યામાચાર્યજી**એ જણાવેલ છે કે 'સર્વ દુઃખોનો પાર પામેલા, જન્મ-જરા-મરણસ્વરૂપ બંધનમાંથી કાયમ મુક્ત થયેલા સુખી એવા સિદ્ધ ભગવંતો પીડાશૂન્ય શાશ્વત સુખને પામેલા છે.' (૫/૮)

**લખી રાખો ડાયરીમાં.....**

- **બુદ્ધિ સ્વતંત્ર મિજાજની સ્વચ્છંદી છે, આપખુદી છે.**
  **શ્રદ્ધા તો કહ્યાગરી છે.**

- **સાધનામાર્ગીની ચાહના લોક માનસમાં અલ્પકાલીન હોય છે. દા.ત. સિંહ ગુફાવાસી મુનિ.**

  **ઉપાસનામાર્ગીની ચાહના લોકહૃદયમાં દીર્ઘકાલીન હોય છે. દા.ત. આનંદઘન મહારાજ.**

- **વાસના અર્થહીન કલ્પનામાં ભટકે છે.**
  **ઉપાસના અર્થપૂર્ણ ભાવનામાં મહાલે છે.**

- **બુદ્ધિનો પ્રયત્ન કર્મને સુધારવાનો છે.**
  **શ્રદ્ધાનો પ્રયાસ કષાયને સુધારવાનો છે.**

- **બુદ્ધિ પરોપકારમાં પણ સ્વાર્થ શોધે છે.**
  **શ્રદ્ધા સ્વાર્થમાં ય પરોપકાર સાધવાનું વલણ દાખવે છે.**

- **વાસનામાં બુદ્ધિની આતશબાજી ફૂટતી હોય છે.**
  **ઉપાસનામાં શ્રદ્ધાના સોનેરી ફુવારા ઉછળે છે.**

---

1. निस्तीर्णसर्वदुःखाः जाति-जरा-मरणबन्धनविमुक्ताः। शाश्वतमव्याबाधं तिष्ठन्ति सुखिनः सुखं प्राप्ताः।।

**પહિલો દ્રવ્યારથ નયો, દસ પ્રકાર તસ જાણો રે;**
**શુદ્ધ અકર્મોપાધિથી, દ્રવ્યાર્થિક ધુરિ આણો રે ॥૫/૯॥ (૬૩) ગ્યાન.**

દ્રવ્યાર્થનય ૧, પર્યાયાર્થનય ૨, નૈગમનય ૩, સંગ્રહનય ૪, વ્યવહારનય ૫, ઋજુસૂત્રનય ૬, શબ્દનય ૭, સમભિરૂઢનય ૮, એવંભૂતનય ૯ - એ નવ નયના નામ.

प्रथमनयभेदानाचष्टे – 'द्रव्ये'ति।

**द्रव्यार्थनय आद्यो हि दशधा स विभिद्यते।**
**अकर्मोपाधिना शुद्ध आद्यो द्रव्यार्थ उच्यते।।५/१।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – आद्यो हि द्रव्यार्थनयः। स दशधा विभिद्यते। अकर्मोपाधिना आद्यः शुद्धः द्रव्यार्थः उच्यते।।५/१।।

द्रव्यार्थ-पर्यायार्थ-नैगम-सङ्ग्रहादिभेदेन ये नव नया दिगम्बरपद्धत्या नामतो दर्शिताः तन्मध्ये **आद्यो हि द्रव्यार्थनयः** = द्रव्यार्थिकनयः। अवधारणार्थेऽत्र हिः दृश्यः, "हि हेताववधारणे" (अ.स. परिशिष्ट - २३) इति **अनेकार्थसङ्ग्रहवचनात्**। तन्मते द्रव्यमेव वस्तु, न तु पर्यायाः, तेषां तन्मतेन अवस्तुत्वात्। अत एव द्रव्यमर्थोऽस्येति द्रव्यार्थिकोऽयमुच्यते। इदमेवाभिप्रेत्योक्तं **विशेषावश्यकभाष्ये** [1]"दव्वट्ठियस्स दव्वं वत्थुं" (वि.आ.भा.३५८८) इति। तदुक्तं **जयधवलायां सर्वार्थसिद्धौ** च "द्रव्यम् अर्थः = प्रयोजनम् अस्येति द्रव्यार्थिकः" (ज.ध.पुस्तक-१/गा.१२/पृ.१९७ + स.सि.१/६) इति। "द्रव्यं = सत्ता इति यावत्, तत्र अस्ति इति मतिः अस्य द्रव्यास्तिकः" (स.त.१/३/भा.२/पृ.२७१) इति **सम्मतितर्कवृत्तिकारः**।

**અવતરણિકા** :- અવસરસંગતિથી પ્રાપ્ત થયેલ પ્રથમ દ્રવ્યાર્થિકનયના ભેદોને ગ્રંથકારશ્રી જણાવે છે.

**શ્લોકાર્થ** :- પ્રથમ નય દ્રવ્યાર્થનય છે. તેના દશ પ્રકારે ભેદ પડે છે. અકર્મઉપાધિથી પ્રથમ શુદ્ધ દ્રવ્યાર્થિકનય કહેવાય છે. (૫/૯)

**❋ દ્રવ્યાર્થિકનયની વ્યાખ્યા ❋**

**વ્યાખ્યાર્થ** :- દ્રવ્યાર્થનય, પર્યાયાર્થનય, નૈગમ, સંગ્રહ વગેરે ભેદથી જે નવ નયો દિગંબરપદ્ધતિ મુજબ નામ ગ્રહણ કરવા પૂર્વક પૂર્વે દર્શાવેલા હતા, તેમાંથી સૌપ્રથમ નય દ્રવ્યાર્થિકનય છે. "હેતુ અને અવધારણ અર્થમાં 'हि' વપરાય" - આ મુજબ **અનેકાર્થસંગ્રહકોશ**ના પૂર્વોક્ત (૨/૧, ૩/૮) વચન મુજબ મૂળ શ્લોકમાં જણાવેલ 'हि' અવધારણ અર્થમાં જાણવો. મતલબ કે પ્રથમનય દ્રવ્યાર્થિક જ છે. તેના મતે દ્રવ્ય જ વસ્તુ છે, સત્ છે. પર્યાયો વસ્તુ નથી. કેમ કે તેના મતે પર્યાયો અસત્ છે. માટે જ દ્રવ્ય જેનું પ્રયોજન છે તે દ્રવ્યાર્થિક આમ કહેવાય છે. આ જ અભિપ્રાયથી **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે 'દ્રવ્યાર્થિકના મતે દ્રવ્ય વસ્તુ = વાસ્તવિક સત્ પદાર્થ છે.' તે દ્રવ્યાર્થિકનયની વ્યુત્પત્તિ **કષાયપ્રાભૃતની જયધવલા** વ્યાખ્યામાં તેમજ **તત્ત્વાર્થસૂત્રની સર્વાર્થસિદ્ધિ** વ્યાખ્યામાં આ પ્રમાણે બતાવેલ છે કે 'દ્રવ્ય જેનું પ્રયોજન હોય તે દ્રવ્યાર્થિક કહેવાય.' તે દ્રવ્યાર્થિકનું બીજું નામ દ્રવ્યાસ્તિક છે. તેની વ્યુત્પત્તિ **સંમતિતર્કવ્યાખ્યાકાર શ્રીઅભયદેવસૂરિજી**

1. द्रव्यार्थिकस्य द्रव्यं वस्तु।

તિહાં **પહિલો દ્રવ્યાર્થિકનય.** (તસ=) તેહના **દસ પ્રકાર જાણવા.**

તે દ્રવ્યાર્થિકનયના દસભેદમાંહિ **ધુરિ** કહતાં પહિલાં **અકર્મોપાધિથી શુદ્ધ દ્રવ્યાર્થિક** મનમાંહિ **આણો.** "**कर्मोपाधिरहितः शुद्धद्रव्यार्थिकः**" એ પ્રથમ ભેદ ♦જાણવો. ॥૫/૯॥

---

**स दशधा** = दशप्रकारेण **विभिद्यते** = नानात्वमापद्यते। तदुक्तं **देवसेनेन नयचक्रे माइल्लधवलेन** च **द्रव्यस्वभावप्रकाशे** [1]"दव्वत्थं दहभेयं" (न.च.१३, द्र.स्व.प्र.१८५) इति।

दशसु द्रव्यास्तिकनयभेदेषु **आद्यः** = प्रथमः भेदः **अकर्मोपाधिना** = कर्मोपाधिशून्यतया **शुद्धो द्रव्यार्थः** = द्रव्यार्थिकनय **उच्यते**। 'कर्मोपाधिरहितः शुद्धद्रव्यार्थिकः' इति द्रव्यार्थिकप्रथमो भेदः।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – भवभ्रमणकारकत्वात् कर्म उपाधिः। आत्मनः चैतन्यस्वरूपे तत्प्रवेशः शास्त्रकृताम् असंमतः। आगन्तुकत्वाद् जीवसंलग्नानि कर्माणि उपाधिविधया व्यवह्रियन्ते। तानि समुपेक्ष्य आगन्तुकोपाधिस्वरूपकर्मशून्यात्मस्वरूपज्ञापकशुद्धद्रव्यार्थिकनयाऽवलम्बनतो हि "सर्वद्वन्द्वविनिर्मुक्ताः सर्वबाधाविवर्जिताः। सर्वसंसिद्धसत्कार्याः सुखं चैषां किमुच्यते ?।।" (शा.वा.स. ११/५३ + उप.भ.क.८/२३७) इति **शास्त्रवार्त्तासमुच्चये उपमितिभवप्रपञ्चायां** च **कथायां** प्रदर्शितं निरतिशयानन्दानुविद्धं लोकाग्रेऽभिव्यज्यमानं निरुपाधिकात्मस्वरूपमुपलभ्यमित्युपदेशः।।५/९।।

---

આ પ્રમાણે બતાવે છે કે "દ્રવ્ય = સત્તા. તેમાં જ જેની મતિ વિદ્યમાન હોય તે દ્રવ્યાસ્તિક."

(**स.**) તેના દશ પ્રકારે ભેદ પડે છે. આ બાબતને જણાવતા **દેવસેનજીએ નયચક્ર** ગ્રંથમાં અને **માઈલ્લધવલે દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે 'દ્રવ્યાર્થિકનય દશ પ્રકારનો છે.'

### ❁ કર્મોપાધિશૂન્ય શુદ્ધ દ્રવ્યાર્થિકનય : પ્રથમ ભેદ ❁

(**दश.**) દ્રવ્યાસ્તિકનયના દશ ભેદોમાં સૌ પ્રથમ ભેદ અકર્મઉપાધિ (=કર્મસ્વરૂપ ઉપાધિથી શૂન્ય) હોવાથી શુદ્ધ દ્રવ્યાર્થિકનય કહેવાય છે. મતલબ કે કર્મ સ્વરૂપ ઉપાધિથી રહિત શુદ્ધ દ્રવ્યાર્થિકનય એ દ્રવ્યાર્થિકનયનો પ્રથમ ભેદ છે.

### ❖ નિરુપાધિક આત્મસ્વરૂપને પ્રગટાવીએ ❖

[redacted] :- કર્મ જીવને સંસારમાં રખડાવનાર હોવાથી ઉપાધિસ્વરૂપ છે. જીવના મૂળભૂત ચૈતન્ય સ્વરૂપમાં કર્મનો પ્રવેશ શાસ્ત્રકાર પરમર્ષિઓને માન્ય નથી. જીવને વળગેલા કર્મો આગંતુક હોવાથી તે ઉપાધિરૂપે ઓળખાય છે. આગંતુક ઉપાધિ સ્વરૂપ કર્મોની સમ્યક્ પ્રકારે ઉપેક્ષા કરીને કર્મથી રહિત જીવના સ્વરૂપને ઓળખાવનાર શુદ્ધ દ્રવ્યાર્થિકનયના માધ્યમથી નિરુપાધિક આત્મસ્વરૂપની ઉપલબ્ધિ થાય છે. "સિદ્ધ ભગવંતો સર્વદ્વન્દ્વરહિત, સર્વપીડાશૂન્ય, સર્વથા કૃતાર્થ છે. તેઓના સુખનું તો શું વર્ણન કરવું ?" - આ પ્રમાણે **શાસ્ત્રવાર્તાસમુચ્ચય**માં તથા **ઉપમિતિભવપ્રપંચા કથા**માં સર્વોત્કૃષ્ટ આનંદથી વણાયેલ સિદ્ધસ્વરૂપ = નિરુપાધિક આત્મસ્વરૂપ દર્શાવેલ છે. તે લોકાગ્ર ભાગે અભિવ્યક્ત થાય છે. તેને પ્રાપ્ત કરવાની સૂચના, હિતશિક્ષા અહીં મળે છે. (૫/૯)

---

♦ પુસ્તકોમાં 'જાણવો' પાઠ નથી. ફક્ત કો.(૧૩) + લા.(૨)માં છે. 1. द्रव्यार्थो दशभेदः।

એહનો વિષય દેખાડઇં છઇં -

**જિમ - સંસારી પ્રાણિયા◆, સિદ્ધસમોવડિ ગણિઈં રે;**

**સહજભાવ આગલિં કરી, ભવપર્યાય ન□ ગણિઈં રે ॥૫/૧૦॥ (૬૪) ગ્યાન.**

**જિમ સંસારી** ▸જીવ જે◂ **પ્રાણિયા** સર્વ (**સિદ્ધસમોવડી**=) સિદ્ધસમાન ગણિઈં. **સહજ**✡**ભાવ** જે શુદ્ધાત્મસ્વરૂપ, તેહ **આગલિં**♦ **કરીન**ઇં. તિહાં **ભવપર્યાય** = જે સંસારના ભાવ, તે **ન ગણિઈં** = તેહની વિવક્ષા ન કરીઈં. એ અભિપ્રાયઈં ***દ્રવ્યસંગ્રહ***ઇં કહિઉં છઇં -

[1] **मग्गण-गुणठाणेहिं य चउदसहिं हवंति तह असुद्धणया ।**

**विण्णेया संसारी, सव्वे** ✻**सुद्धा हु सुद्धणया ।।** (बृ.द्र.स.१३) ॥૫/૧૦॥

---

द्रव्यार्थिकनयप्रथमभेदविषयमुपदर्शयति – '**यथे**'ति ।

**यथा संसारिणः सर्वे गण्यन्ते सिद्धतुल्यकाः ।**

**सहजभावमादृत्य भवभावानपेक्षणात् ।।५/१०।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – यथा सर्वे संसारिणो भवभावानपेक्षणात् सहजभावम् आदृत्य सिद्धतुल्यकाः गण्यन्ते ।।५/१०।।

**यथा** इति उदाहरणार्थे, "यथा निदर्शने" (अ.स.परिशिष्ट-३६) इति **अनेकार्थसङ्ग्रह**वचनात् । **सर्वे संसारिणो** = भवस्थाः जीवाः **भवभावानपेक्षणात्** = कर्मजन्यसांसारिकपर्यायोपेक्षणात् **सहजभावं** = शुद्धात्मस्वरूपं **आदृत्य** = पुरस्कृत्य स्फटिकोपाधिन्यायेन **सिद्धतुल्यकाः** = सिद्धसदृशाः **गण्यन्ते**। इदमेवाभिप्रेत्य **बृहद्द्रव्यसङ्ग्रहे नेमिचन्द्राचार्येण** [1]"मग्गण-गुणठाणेहिं य चउदसहिं हवंति तह असुद्धणया।

---

**અવતરણિકા** :- દ્રવ્યાર્થિકનયના પ્રથમ ભેદનો વિષય દર્શાવતા ગ્રંથકારશ્રી કહે છે કે :-

**✻ પ્રથમ દ્રવ્યાર્થિકનયનો વિષય ✻**

**શ્લોકાર્થ** :- જેમ કે સર્વ સંસારી જીવો સાંસારિક ભાવની અપેક્ષા કર્યા વિના સહજ ભાવને આગળ કરીને સિદ્ધસમાન ગણાય છે. (૫/૧૦)

**❀ અશુદ્ધ-શુદ્ધ નિશ્ચયનયની વિચારણા ❀**

**વ્યાખ્યાર્થ** :- **અનેકાર્થસંગ્રહકોશ** મુજબ મૂળ શ્લોકમાં રહેલ 'યથા' શબ્દ ઉદાહરણ અર્થમાં જાણવો. જેમ કે કર્મજન્ય સાંસારિક પર્યાયોની ઉપેક્ષા કરીને, સહજ શુદ્ધ આત્મસ્વરૂપને આગળ કરવામાં આવે તો સર્વે સંસારમાં રહેલા જીવો સિદ્ધ સમાન ગણાય છે. જેમ લાલ ફૂલના સાન્નિધ્યથી લાલ દેખાતું સ્ફટિક પરમાર્થથી તો શ્વેત જ છે, તેમ કર્મોદયથી વિકૃત દેખાવા છતાં સંસારી જીવો પરમાર્થથી નિર્મળ જ છે. આ જ અભિપ્રાયથી **બૃહત્ દ્રવ્યસંગ્રહ**માં દિગંબર **નેમિચન્દ્રજી**એ જણાવેલ છે કે "ચૌદ માર્ગણાસ્થાન

---

◆ ધ.માં 'પ્રણિઆ' પાઠ. કો.(૧૩)નો પાઠ લીધો છે. □ લી.(૩)માં 'વિગણીઈં' પાઠ. ▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે. ✡ કો.(૧૨)માં 'સહજસ્વભાવ' પાઠ. ♦ કો.(૧૩)માં 'આગલ' પાઠ. ✻ કો.(૧૩)માં 'સિદ્ધા' પાઠ. 1. मार्गणा-गुणस्थानैः चतुर्दशभिः भवन्ति तथा अशुद्धनयात्। विज्ञेयाः संसारिणः सर्वे शुद्धाः खलु शुद्धनयात्।।

विण्णेया संसारी सव्वे सुद्धा उ सुद्धणया।।" (बृ.द्र.स.१३) इति। एतद्वृत्तिलेशस्त्वेवम् "पर्याप्ताऽपर्याप्त-पृथिवी-जलादिभिः चतुर्दशभिः मार्गणास्थानैः मिथ्यादृष्टि-सास्वादनादिभिश्चतुर्दशभिश्च गुणस्थानैः संसारिणो जीवाः अशुद्धनयात् = कर्मजन्योपाधिग्राहकात् चतुर्दशविधा भवन्ति। शुद्धनयात् = शुद्धपारिणामिकपरमभावरूप-शुद्धनिश्चयनयात् सर्वे संसारिणः शुद्धाः = सहज-शुद्धज्ञायकैकस्वभावाः" (बृ.द्र.स. गा.१३ वृ.) इति।

***यद्यपि*** संसारिजीवेषु कर्मजन्यपरिणामाः सन्त्येव ***तथापि*** तानुपसर्जनीकृत्य द्रव्यार्थिकनयस्य द्रव्यग्राहकस्वभावत्वात् तत्राऽपि शुद्धद्रव्यार्थिकनयस्य शुद्धात्मद्रव्यग्राहकस्वभावत्वान्नेदं विरुध्यते। तदुक्तं **देवसेनेन नयचक्रे माइल्लधवलेन** च **द्रव्यस्वभावप्रकाशे** [1]"पज्जयं गउणं किच्चा दव्वं पि य जो हु गिण्हए लोए। सो दव्वत्थो भणिओ विवरीओ पज्जयत्थो दु।।" (न.च.१७, द्र.स्व.प्र.१९०) [2]"कम्माणं

અને ચૌદ ગુણસ્થાન દ્વારા અશુદ્ધનયથી સંસારી જીવો ચૌદ પ્રકારના છે. શુદ્ધનયથી તો સર્વ સંસારી જીવો શુદ્ધ જાણવા." પ્રસ્તુત **બૃહત્ દ્રવ્યસંગ્રહ** ગાથાની આંશિક **વ્યાખ્યા** આ પ્રમાણે સમજવી - 'પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય - આ સાતે ય જીવમાર્ગણામાં પર્યાપ્ત અને અપર્યાપ્ત અવસ્થાવાળા સંસારી જીવો વર્તતા હોય છે. આથી સાત ગુણ્યા બે = ચૌદ માર્ગણાસ્થાન પ્રાપ્ત થાય છે. આ ચૌદ માર્ગણાસ્થાનની અપેક્ષાએ સંસારી જીવોના ચૌદ પ્રકાર જાણવા. તથા (૧) મિથ્યાદષ્ટિ, (૨) સાસ્વાદન, (૩) મિશ્ર, (૪) અવિરત સમ્યગ્દૃષ્ટિ, (૫) દેશવિરતિ, (૬) પ્રમત્તસંયત, (૭) અપ્રમત્તસંયત, (૮) અપૂર્વકરણ, (૯) અનિવૃત્તિકરણ, (૧૦) સૂક્ષ્મ સંપરાય, (૧૧) ઉપશાંત મોહ, (૧૨) ક્ષીણ મોહ, (૧૩) સયોગી કેવલી અને (૧૪) અયોગી કેવલી - આ પ્રમાણે ચૌદ પ્રકારના ગુણસ્થાનક છે. આ ચૌદ ગુણસ્થાનકની અપેક્ષાએ પણ સંસારી જીવો ચૌદ પ્રકારના છે. આ ભેદ અશુદ્ધનયના અભિપ્રાયથી સમજવા. કારણ કે અશુદ્ધ નિશ્ચયનય કર્મજન્ય ઔપાધિક અવસ્થાઓનો જીવમાં સ્વીકાર કરે છે. (કર્મજન્ય ઔપાધિક અવસ્થાને લક્ષમાં રાખીને અશુદ્ધ નિશ્ચયનય જીવના ચૌદ ભેદ પાડે છે.) શુદ્ધ નિશ્ચયનય તો જીવના શુદ્ધ પારિણામિક પરમભાવને ગ્રહણ કરે છે. તેથી શુદ્ધ નિશ્ચયનયના અભિપ્રાયથી સર્વ સંસારી જીવો સહજ, શુદ્ધ, કેવલ જ્ઞાયકસ્વભાવવાળા છે."

### ✾ સંસારી જીવ પણ સિદ્ધસ્વરૂપ ✾

(**यद्यपि.**) જો કે તમામ સંસારી જીવોમાં કર્મજન્ય વિવિધ પર્યાય (= પરિણામ) હોય જ છે. તો પણ તેવા ઔપાધિક પરિણામોને ગૌણ કરીને દ્રવ્યાર્થિકનય દ્રવ્યને ગ્રહણ કરવાના સ્વભાવવાળો હોવાથી તથા દ્રવ્યાર્થિકનયમાં પણ શુદ્ધ દ્રવ્યાર્થિકનય તો શુદ્ધ આત્મદ્રવ્યને ગ્રહણ કરવાના સ્વભાવવાળો હોવાથી તે તમામ સંસારી જીવોને શુદ્ધરૂપે જણાવે તે વાતમાં કોઈ વિરોધ આવતો નથી. **દેવસેનજી**એ **નયચક્ર**માં તથા **માઈલ્લધવલે દ્રવ્યસ્વભાવપ્રકાશ**માં જણાવેલ છે કે "પર્યાયને ગૌણ કરીને, જે નય દ્રવ્યને ગ્રહણ કરે છે તેને દ્રવ્યાર્થિકનય કહેવાય છે. તથા દ્રવ્યને ગૌણ કરીને જે નય પર્યાયને ગ્રહણ કરે છે તે પર્યાયાર્થિકનય કહેવાય છે. કર્મોની વચ્ચે રહેલા (= કર્મોથી લેપાયેલા) જીવને સિદ્ધસમાનસ્વરૂપે જે નય ગ્રહણ કરે છે

1. पर्यायं गौणं कृत्वा द्रव्यमपि च यो हि गृह्णाति लोके। स द्रव्यार्थो भणितः विपरीतः पर्यायार्थस्तु।।
2. कर्मणां मध्यगतं जीवं यो गृह्णाति सिद्धसङ्काशम्। भण्यते स शुद्धनयः खलु कर्मोपाधिनिरपेक्षः।।

मज्झगदं जीवं जो गहइ सिद्धसंकासं। भण्णइ सो सुद्धणओ खलु कम्मोवाहिणिरवेक्खो।।" (न.च.१८, द्र.स्व.प्र.१९१) इति। यथोक्तम् **आलापपद्धतौ** अपि **देवसेनेन** "कर्मोपाधिनिरपेक्षः शुद्धद्रव्यार्थिको यथा – संसारी जीवः सिद्धसदृक् शुद्धात्मा" (आ.प.पृ.६) इति। यथोक्तम् **अध्यात्मसारे**ऽपि "संसारिणां च सिद्धानां न शुद्धनयतो भिदा" (अ.सा.१८/१५५) इति।

शुद्धद्रव्यार्थिकत्वञ्चास्य शुद्धात्मद्रव्यप्रयोजनकत्वादवसेयम्। तदुक्तम् **आलापपद्धतौ** एव "शुद्धद्रव्यमेवार्थः प्रयोजनमस्येति शुद्धद्रव्यार्थिकः" (आ.प.पृ.१८)।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – शुद्धात्मस्वरूपोपदर्शकशुद्धद्रव्यार्थिकनयदृष्ट्या संसारिजीवपिण्डेषु शाखाचन्द्रन्यायेन सहजस्वभावमाश्रित्य सिद्धस्वरूपदर्शनतो राग-द्वेषादिमलिनपरिणामा नाऽऽविर्भवन्ति, समत्व-मध्यस्थत्वादिभावाश्च प्रादुर्भवन्ति। परिपूर्णशुद्धात्मद्रव्यग्राहकतया अस्मदीयनयदृष्टौ परिपूर्णता परिशुद्धता चाविर्भवतः। ततश्च परिपूर्ण-परिशुद्धात्मद्रव्यानावरणैकाभिलाषसमभिव्याप्तं सम्पद्यते अस्मदीयम् अन्तःकरणम्। इत्थं विशुद्धात्मद्रव्यं प्रतीत्य आत्मार्थी [1]"सव्वदुक्खविमोक्खं मोक्खं" (म.नि.३/पृ.६५) इति **महानिशीथोक्तं** मोक्षं द्रुतं लभते।।५/१०।।

---

તે નયને કર્મોપાધિનિરપેક્ષ શુદ્ધદ્રવ્યાર્થિકનય કહેવાય છે." **આલાપપદ્ધતિ** ગ્રંથમાં પણ **દેવસેનજી**એ જણાવેલ છે કે "કર્મસ્વરૂપ ઉપાધિથી નિરપેક્ષ શુદ્ધ દ્રવ્યાર્થિકનય એમ કહે છે કે સંસારી જીવ સિદ્ધસમાન શુદ્ધ આત્મા છે." **અધ્યાત્મસાર**માં પણ જણાવેલ છે કે 'સંસારી અને સિદ્ધ વચ્ચે શુદ્ધનયથી ભેદ નથી.'

### ✡ શુદ્ધદ્રવ્યાર્થિકની વ્યાખ્યા ✡

**(શુદ્ધ.)** પ્રસ્તુત દ્રવ્યાર્થિકનયને શુદ્ધ કહેવાનું કારણ એ છે કે શુદ્ધ આત્મદ્રવ્ય જ તેનું પ્રયોજન છે. **આલાપપદ્ધતિ**માં જણાવેલ છે કે 'શુદ્ધ દ્રવ્ય જ જેનું પ્રયોજન હોય તે શુદ્ધ દ્રવ્યાર્થિકનય.'

**સ્પષ્ટતા** :- સંસારી જીવ કર્માધીન-કર્મમય હોવાથી વર્તમાનકાળમાં સિદ્ધસમાન શુદ્ધ નથી. પરંતુ મૂળભૂત દ્રવ્યસ્વરૂપે તો સંસારી જીવ પણ તેવા જ છે, જેવા સિદ્ધ ભગવાન.

### ❖ શુદ્ધ દ્રવ્યાર્થિકનયનું પ્રયોજન અપનાવીએ ❖

**આધ્યાત્મિક ઉપનય** :- જેમ બીજનો ચંદ્ર દેખાડવા માટે ઝાડની શાખાનો સહારો લેવામાં આવે છે. પરંતુ મહત્ત્વ શાખાદર્શનનું નથી, ચંદ્રદર્શનનું છે. તેમ સંસારી જીવોના શરીર દેખાય ત્યારે તેના માધ્યમે તેમના સહજસ્વભાવનો આશ્રય કરીને સિદ્ધસ્વરૂપના દર્શન કરવાના છે. શુદ્ધ આત્મદ્રવ્યનું દર્શન કરાવનારી શુદ્ધ દ્રવ્યાર્થિકદૃષ્ટિથી સર્વ જીવોને સિદ્ધસ્વરૂપી જોવાથી સંસારી જીવો પ્રત્યે રાગ-દ્વેષ આદિ મલિન પરિણામો જાગવાની સંભાવના રવાના થાય છે. સર્વ જીવોમાં સમત્વ ભાવ, મધ્યસ્થ ભાવ પ્રગટે છે. આપણી દૃષ્ટિ સહજતઃ પરિપૂર્ણ શુદ્ધ આત્મદ્રવ્યની ગ્રાહક બનવાથી આપણી દૃષ્ટિમાં પરિપૂર્ણતા અને શુદ્ધિ પ્રગટે છે. તેથી જ પરિપૂર્ણ અને પરિશુદ્ધ આત્મદ્રવ્યને પ્રગટ કરવાની એક માત્ર ભાવના અંતઃકરણમાં છવાઈ જાય છે. આ રીતે શુદ્ધ આત્મદ્રવ્યની પ્રતીતિ કરીને સાધક **મહાનિશીથ**માં વર્ણવેલ સર્વદુઃખશૂન્ય મોક્ષને ઝડપથી મેળવે છે.(૫/૧૦)

---

1. सर्वदुःखविमोक्षं मोक्षं (लभते)।

**ઉત્પાદ-વ્યયગૌણતા, સત્તામુખ્ય જ બીજઈ રે;**
**ભેદ શુદ્ધ-દ્રવ્યાર્થિ♦, દ્રવ્ય નિત્ય જિમ લીજઈ રે ॥૫/૧૧॥ (૬૫) ગ્યાન.**

ઉત્પાદ (૧) નઇં વ્યય (૨)ની ગૌણતાઈં, અનઇં **સત્તામુખ્યતાઈં બીજો ભેદ શુદ્ધદ્રવ્યાર્થનો** જાણવો. "**उत्पाद-व्ययगौणत्वेन सत्ताग्राहकः शुद्धद्रव्यार्थिकः**" એહ બીજો ભેદ.

---

द्रव्यार्थिकद्वितीयभेदमुपदर्शयति – 'उत्पादे'ति ।

**उत्पाद-व्ययगौणत्वम्, द्वितीये सत्त्वमुख्यता ।**
**द्रव्यार्थिकनये शुद्धे, नित्यं द्रव्यं यथा ननु ।।५/११ ।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – ननु अन्यत्र शुद्धे द्रव्यार्थिकनये उत्पाद-व्ययगौणत्वं सत्त्वमुख्यता च, यथा द्रव्यं नित्यम् ।।५/११ ।।

**ननु** इति श्रोतुः आक्षेपे "नन्वाक्षेपे परिप्रश्ने, प्रत्युक्ताववधारणे। वाक्यारम्भेऽप्यनुनयाऽऽमन्त्रणाऽनुज्ञयोरपि।।" (अ.स.परिशिष्ट-३८) इति **अनेकार्थसङ्ग्रहे श्रीहेमचन्द्राचार्य**वचनात्। **द्वितीये शुद्धे द्रव्यार्थिकनये उत्पाद-व्ययगौणत्वम्** = उत्पत्ति-क्षयोपसर्जनत्वं **सत्त्वमुख्यता** = सत्तानुपसर्जनभावः भवति। उदाहरति - **यथा** इति। "प्रकारे था" (सि.हे.७/२/१०२) इति **सिद्धहेमशब्दानुशासन**सूत्राद् **यथा** = येन प्रकारेण

---

[illegible] :- હવે દ્રવ્યાર્થિકનયના બીજા ભેદને ગ્રંથકારશ્રી જણાવે છે :-

**∗ દ્રવ્યાર્થિકનયનો બીજો ભેદ સમજીએ ∗**

**શ્લોકાર્થ** :- બીજા શુદ્ધ દ્રવ્યાર્થિકનયમાં ઉત્પાદ-વ્યય ગૌણ હોય છે અને સત્તાની મુખ્યતા હોય છે. જેમ કે (તમામ) દ્રવ્ય નિત્ય છે. (૫/૧૧)

**વ્યાખ્યાર્થ** :- મૂળ શ્લોકમાં રહેલ 'ननु' શબ્દ શ્રોતાનો આક્ષેપ કરવાના અર્થમાં છે. (આક્ષેપ એટલે ખેંચવું. શ્રોતાનું કે વાચકનું મન બીજે ક્યાંય ગયેલું હોય તો તેને પ્રસ્તુત વિષયમાં લાવવા માટે 'ननु' શબ્દ વપરાયેલ છે. જેમ કે 'ઓ ભાઈ !' આ પ્રમાણે બોલવામાં આવે તો અન્યમનસ્ક શ્રોતા વક્તા તરફ પોતાના ઉપયોગને વાળે છે. વક્તામાં શ્રોતા દત્તચિત્ત બને છે. આ રીતે પ્રસ્તુતમાં શ્રોતાને કે વાચકને દત્તાવધાન કરવા માટે 'ननु' શબ્દ પ્રયોજાયેલ છે.) "(૧) આક્ષેપ, (૨) પરિપ્રશ્ન, (૩) પ્રત્યુક્તિ = પ્રત્યુત્તર, (૪) અવધારણ, (૫) વાક્યપ્રારંભ, (૬) અનુનય (= મનાવવું), (૭) આમંત્રણ, (૮) અનુજ્ઞા - આટલા અર્થમાં 'ननु' વપરાય" - આ મુજબ **શ્રીહેમચંદ્રસૂરિજીએ અનેકાર્થસંગ્રહ**માં 'ननु' શબ્દના આઠ અર્થ જણાવેલ છે. તેને અનુસરીને અહીં મૂળ શ્લોકમાં 'ननु' શબ્દને આક્ષેપ અર્થમાં પ્રયોજેલ છે. બીજા શુદ્ધ દ્રવ્યાર્થિકનયમાં ઉત્પત્તિ અને વ્યય (= નાશ) ગૌણ હોય છે તથા સત્તા (= અસ્તિત્વ કે ધ્રૌવ્ય) મુખ્ય હોય છે. અર્થાત્ બીજો દ્રવ્યાર્થિકનય ઉત્પાદ-વ્યયની ગૌણતાથી સત્તાગ્રાહક શુદ્ધદ્રવ્યાર્થિકનય છે. તેનું ઉદાહરણ આ મુજબ સમજવું. જેમ કે 'દ્રવ્ય નિત્ય છે' - આ વચન. (મૂળ શ્લોકમાં રહેલ 'यथा' શબ્દમાં **સિદ્ધહેમશબ્દાનુશાસન** મુજબ 'था' પ્રત્યય પ્રકાર અર્થમાં લાગેલ છે.)

---

♦ લા.(૧) + મ.માં '...દ્રવ્યારથિ' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

**(જિમ)** એહનઈં મતિં **દ્રવ્ય નિત્ય લીજઈ**, નિત્ય તે ત્રિકાલઈં અવિચલિતરૂપ સત્તા મુખ્ય લેતાં એ ભાવ સંભવઇં. પર્યાય પ્રતિક્ષણ પરિણામી છઇં, તો પણિ જીવ-પુદ્ગલાદિદ્રવ્યસત્તા કદાપિ ચલતી નથી. *ઈતિ ભાવાર્થ. જ્ઞાનદૃષ્ટિં કરી તુમ્હે દેખઓ જોવઉં.* ॥५/११॥

---

**द्रव्यं नित्यम्**। तदुक्तं **देवसेनेन नयचक्रे माइल्लधवलेन** च **द्रव्यस्वभावप्रकाशे** [1]"उप्पाद-वयं गोणं किच्चा जो गहइ केवला सत्ता। भण्णइ सो सुद्धणओ इह सत्तागाहओ समए।।" (न.च.१८, द्र.स्व.प्र.१९२) इति। यथोक्तम् **आलापपद्धतौ** अपि **देवसेनेन** "उत्पाद-व्ययगौणत्वेन सत्ताग्राहकः शुद्धद्रव्यार्थिकः, यथा द्रव्यं नित्यम्" (आ.प.पृ.६) इति।

एतन्नये द्रव्यगतं नित्यत्वं त्रिकालाऽविचलितस्वरूपात्मकमवसेयम्। वक्ष्यमाणरीत्या (९/२-३-४, १०/१) द्रव्यस्य उत्पाद-व्यय-ध्रौव्यलक्षणत्वेऽपि उत्पाद-व्यययोः पर्यायत्वेन पर्यायार्थिकनयविषयत्वात् तदुपसर्जनभावेन द्रव्यगतायाः सत्ताया मुख्यतया शुद्धद्रव्यार्थिकनयेन ग्रहणे द्रव्ये निरुक्तनित्यत्वपरिणामः सम्भवत्येव। ***यद्यपि*** पर्यायस्य प्रतिक्षणं परिणम्यमानत्वमेव ***तथापि*** जीव-पुद्गलादिद्रव्यसत्ता न जातुचित् स्वरूपाद् विचलिता भवति। अतः सत्ताप्राधान्यार्पणायां शुद्धद्रव्यार्थिकनयतो द्रव्यत्वावच्छिन्नस्य नित्यत्वमेवेत्याशयः। एतन्नयोपयोग वक्ष्यते त्रयोदशशाखायाम् (१३/२) इत्यवधेयम्।

---

**દેવસેનજીએ નયચક્ર**માં તથા **માઈલ્લધવલે દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે 'ઉત્પાદ અને વ્યય - બન્નેને ગૌણ કરીને જે કેવલ સત્તાને ગ્રહણ કરે છે તેને આગમમાં સત્તાગ્રાહક શુદ્ધ દ્રવ્યાર્થિકનય કહેલ છે.' **આલાપપદ્ધતિ** ગ્રંથમાં પણ **દેવસેનજી**એ કહેલ છે કે "ઉત્પાદ-વ્યયની ગૌણતાથી સત્તાને ગ્રહણ કરનાર શુદ્ધદ્રવ્યાર્થિક બીજો ભેદ છે. જેમ કે - 'દ્રવ્ય નિત્ય છે' - આ પ્રકારનું વચન."

## ● નિત્યતાની ઓળખાણ ●

**(एतन्न.)** સત્તાગ્રાહક શુદ્ધદ્રવ્યાર્થિકનયના મત મુજબ દ્રવ્યનિષ્ઠ નિત્યત્વ ત્રૈકાલિક અવિચલિતતા સ્વરૂપ જાણવું. નવમી તથા દશમી શાખામાં જણાવવામાં આવશે તે મુજબ દ્રવ્યનું લક્ષણ છે ઉત્પાદ-વ્યય -ધ્રૌવ્ય. તેમાંથી ઉત્પાદ-વ્યય તો પર્યાયસ્વરૂપ હોવાથી પર્યાયાર્થિકનયના વિષય છે. તેથી તેને ગૌણ કરીને બીજો શુદ્ધ દ્રવ્યાર્થિકનય પોતાના વિષયભૂત ધ્રૌવ્યને = સત્તાને મુખ્યરૂપે ગ્રહણ કરે છે. સર્વ દ્રવ્યની સત્તા મૂળભૂતરૂપે અવિચલિત હોય છે. માટે સત્તાગ્રાહક શુદ્ધ દ્રવ્યાર્થિકનય દ્રવ્યને નિત્ય કહે છે. દ્રવ્યમાં રહેલી સત્તાને મુખ્યરૂપે ગ્રહણ કરવામાં આવે તો દ્રવ્યમાં ત્રૈકાલિક અવિચલતાસ્વરૂપ નિત્યત્વ પરિણામ સંભવી શકે જ છે. જો કે પર્યાય તો પ્રતિક્ષણ પરિણમતા = બદલાતા જ હોય છે તો પણ જીવ-પુદ્ગલ વગેરે દ્રવ્યની સત્તા = અસ્તિતા ક્યારેય પોતાના સ્વરૂપથી ચ્યુત થતી નથી. તેથી સત્તાને મુખ્ય બનાવનારી વિવક્ષા કરવામાં આવે તો શુદ્ધ દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ દ્રવ્યત્વઅવચ્છિન્ન (= યાવદ્ દ્રવ્ય) નિત્ય જ છે. આ પ્રમાણે પ્રસ્તુતમાં તાત્પર્ય સમજવું. દ્રવ્યાર્થિકનયના પ્રસ્તુત બીજા ભેદનો ઉપયોગ આગળ તેરમી શાખાના બીજા શ્લોકમાં જણાવવામાં આવશે. આ વાતને અધ્યેતાવર્ગે ધ્યાનમાં રાખવી.

---

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી.ફક્ત લા.(૨)માં છે. 1. उत्पाद-व्ययं गौणं कृत्वा यो गृह्णाति केवलां सत्ताम्। भण्यते स शुद्धनय इह सत्ताग्राहकः समये।।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – काचमयभाजनभङ्गे पुद्गलत्वरूपेण भाजननित्यतां चेतसिकृत्य कर्मकरे न कोपितव्यम्। इषुवेगक्षयन्यायेन आयुःक्षयकाले मृत्युभयोपस्थितौ [1]"एगो मे सासओ अप्पा" (आ.प्र.२७, म.प्र.१६, च.वे.१६०, आ.प्र.६७) इति **आतुरप्रत्याख्यानप्रकीर्णक-महाप्रत्याख्यानप्रकीर्णक-चन्द्रकवेध्यक-प्रकीर्णकाऽऽराधनाप्रकरण**वचनं स्मृत्वा अस्तित्वग्राहकशुद्धद्रव्यार्थिकनयदृष्ट्या आत्मत्वरूपेण स्वस्य नित्यतां विभाव्य निर्भयतया भाव्यम्। इत्थं ज्ञानदृष्ट्या सर्वत्र द्रष्टव्यम्।

भूकम्पादिना गृहपाते असिपुत्रिकादिना वस्त्रदारणे वा गृहत्व-वस्त्रत्वादिपर्यायान् उपेक्ष्य पुद्गलत्वादिना तन्नित्यतामवगम्याऽनुद्विग्नतया भाव्यम्। इत्थं व्यवहारे सत्ताग्राहकशुद्धद्रव्यार्थिकनयः निर्भयताऽनुद्विग्नतादिगुणप्रापकः भवति। इत्थमेव क्रमेण "शब्द-वर्ण-रस-स्पर्श-गन्धादीनामगोचरः। निर्मायोऽनञ्जनज्योतिर्निर्मिथ्यः परमाक्षरः।।" (न.त.सं.९) इति **नवतत्त्वसंवेदने अम्बप्रसाद**प्रदर्शितं सिद्ध-स्वरूपं झटिति प्रादुर्भवेत्।।५/११।।

---

### ❯ સત્તાગ્રાહક દ્રવ્યાર્થિકનયનું પ્રયોજન ❯

[redacted] :- નોકર દ્વારા કાચનો ગ્લાસ કે કાચનું વાસણ તૂટી જાય ત્યારે પુદ્ગલત્વરૂપે ગ્લાસની નિત્યતા-વિચારી-સ્વીકારી નોકર ઉપર થતા ગુસ્સાને અટકાવવો. જેમ આગળ વધતા બાણનો ક્રમશઃ ક્ષીણ થતો વેગ જ્યારે સંપૂર્ણપણે ખલાસ થાય ત્યારે બાણ પડી જાય છે, તેમ આયુષ્ય ખલાસ થાય ત્યારે દેહ પડી જાય છે. તે અવસરે મોતનો ડર લાગે તો '[1]एगो मे सासओ अप्पा' આ પ્રમાણે **આતુર-પ્રત્યાખ્યાન પ્રકીર્ણક (= પયન્ના), મહાપ્રત્યાખ્યાન પ્રકીર્ણક, ચન્દ્રકવેધ્યક પ્રકીર્ણક, આરાધનાપ્રકરણ,** (શ્રી**અભયદેવસૂરિ**રચિત) ગ્રંથના વચનને યાદ કરીને, અસ્તિત્વગ્રાહી શુદ્ધ દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ આત્મત્વરૂપે આત્માની નિત્યતાને મનોગત કરીને, નિર્ભય અને સ્વસ્થ બનવું. આ રીતે સર્વત્ર જ્ઞાનદૃષ્ટિથી જોવું.

### ❀ સર્વત્ર ઉદ્વેગને ટાળીએ ❀

**(ભૂક.)** ધરતીકંપ વગેરેથી મકાન પડી જાય કે છરી વગેરેથી કપડું ફાટી જાય ત્યારે મકાનત્વ -વસ્ત્રત્વ વગેરે પર્યાય તરફ ઉદાસીન રહી પુદ્ગલત્વરૂપે તેની નિત્યતાને વિચારીને ઉદ્વેગને આવતો અટકાવવો. આ રીતે સત્તાગ્રાહક શુદ્ધ દ્રવ્યાર્થિકનય સ્વસ્થતા, નીડરતા વગેરે ગુણોને કેળવવા માટે ખૂબ ઉપયોગી બને છે. આ જ રીતે મોક્ષમાર્ગે ક્રમશઃ આગળ વધતાં **નવતત્ત્વસંવેદન**માં જણાવેલ સિદ્ધસ્વરૂપ ઝડપથી પ્રગટે છે. ત્યાં શ્રાદ્ધવર્ય **અંબપ્રસાદ**જીએ કહેલ છે કે 'સિદ્ધસ્વરૂપ શબ્દ-વર્ણ-રસ-સ્પર્શ-ગન્ધાદિનો અવિષય છે, માયાશૂન્ય છે, નિરંજનજ્યોતિ છે, પારમાર્થિક છે, પરમ અક્ષર = શાશ્વત છે.' **(૫/૧૧)**

લખી રાખો ડાયરીમાં.....

- **સમજણ વગરની સાધના ભાર-બોજ બની જાય.**
  **ઉપાસના ભારવિહીન, ગુણસમૃદ્ધ હળવાશ છે.**

---

1. एको मे शाश्वत आत्मा।

**ત્રીજો શુદ્ધ દ્રવ્યારથો, ભેદકલ્પનાહીનો રે;**
**જિમ નિજગુણ-પર્યાયથી, ♦કહિઈં દ્રવ્ય અભિન્નો✡ રે ॥૫/૧૨॥ (૬૬) ગ્યાન.**

ત્રીજો ભેદ ભેદકલ્પનાઈ હીન શુદ્ધદ્રવ્યાર્થ. "♦भेदकल्पनारहितः शुद्धद्रव्यार्थिकः" इति तृतीयो भेदः *એહ ઈમ જાણવું*. જિમ એક જીવ-પુદ્ગલાદિક દ્રવ્ય નિજગુણ-પર્યાયથી અભિન્ન કહિઈં. ભેદ છઇં,

द्रव्यार्थिकतृतीयभेदमाह – 'भेदे'ति ।

**भेदप्रकल्पनाशून्यः शुद्धो द्रव्यार्थिको नयः ।**
**तृतीयः स्याद् यथा द्रव्यं स्वगुण-पर्ययाऽपृथक् ।।५/१२।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – भेदकल्पनाशून्यः शुद्धः द्रव्यार्थिको नयः तृतीयः स्यात्, यथा द्रव्यं स्वगुण-पर्ययाऽपृथक् ।।५/१२।।

**तृतीयो शुद्धो द्रव्यार्थिको नयः भेदप्रकल्पनाशून्यः** = गुण-गुणिनोः, पर्याय-पर्यायिणोः, स्वभाव-स्वभाविनोः, धर्म-धर्मिणोश्च पार्थक्यार्पणारहितः **स्यात्, यथा द्रव्यं** = द्रव्यत्वावच्छिन्नं प्रत्येकं जीव-पुद्गलादिकं **स्वगुण-पर्ययापृथग्** = निजगुण-पर्यायेभ्यः निजस्वभाव-धर्मेभ्यश्च अभिन्नं कथ्यते ।

***यद्यपि*** द्रव्यस्य स्वगुण-पर्यायादिभ्यः कथञ्चिद् भेदोऽपि विद्यते एव ***तथापि*** तदनर्पणाद् अभेदस्य चार्पणाद् द्रव्यं स्वगुणादिभ्योऽभिन्नमुच्यते । तदुक्तं **देवसेनेन नयचक्रे माइल्लधवलेन** च

**અવતરણિકા** :- દ્રવ્યાર્થિકનયના બીજા ભેદનું નિરૂપણ પૂરું થયું. હવે દ્રવ્યાર્થિકના ત્રીજા ભેદને ગ્રંથકારશ્રી બારમા શ્લોક દ્વારા જણાવે છે :-

### ❋ ભેદકલ્પનાનિરપેક્ષ શુદ્ધ દ્રવ્યાર્થિક : તૃતીય ભેદ ❋

**શ્લોકાર્થ** :- ભેદકલ્પનાશૂન્ય શુદ્ધ દ્રવ્યાર્થિકનયનો ત્રીજો ભેદ છે. જેમ કે દ્રવ્ય સ્વગુણ-પર્યાયથી અભિન્ન છે. (૫/૧૨)

**વ્યાખ્યાર્થ** :- દ્રવ્યાર્થિકનયનો ત્રીજો ભેદ છે, ભેદકલ્પનાશૂન્ય શુદ્ધ દ્રવ્યાર્થિકનય. આ ત્રીજો દ્રવ્યાર્થિકનય (૧) ગુણ અને ગુણી વચ્ચે, (૨) પર્યાય અને પર્યાયી વચ્ચે, (૩) સ્વભાવ અને સ્વભાવવાન વચ્ચે, (૪) ધર્મ અને ધર્મી વચ્ચે, પાર્થક્યની = ભેદની = જુદાપણાની કલ્પના કર્યા વિના અભેદરૂપે તેનું ગ્રહણ કરે છે. જેમ કે દ્રવ્યત્વઅવચ્છિન્ન = દ્રવ્યત્વવિશિષ્ટ જીવ, પુદ્ગલ વગેરે પ્રત્યેક દ્રવ્ય પોતાના ગુણથી અને પોતાના પર્યાયથી તેમજ પોતાના સ્વભાવથી અને પોતાના ધર્મથી અભિન્ન કહેવાય છે. આ ભેદકલ્પનાથી નિરપેક્ષ શુદ્ધ દ્રવ્યાર્થિકનય જાણવો.

### ❋ ત્રીજા દ્રવ્યાર્થિકનો વિષય સમજીએ ❋

(**यद्यपि.**) જો કે દ્રવ્યમાં પોતાના ગુણ-પર્યાય વગેરેથી કથંચિત્ ભેદ પણ વિદ્યમાન છે જ. તો પણ તે ભેદની વિવક્ષા કર્યા વિના અને અભેદની મુખ્યતા કરીને દ્રવ્ય પોતાના ગુણ-પર્યાય આદિથી અભિન્ન

♦ કો.(૨)માં 'કહિયેં' પાઠ છે. ✡ કો.(૧૩)માં 'ભિન્નઅભિન્નો' પાઠ. ♦ કો.(૧૩)માં '**भेदकक...**' પાઠ.
*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી.ફક્ત લા.(૨)માં છે.

પણિ તેહની અર્પણા ન કરી, અભેદની અર્પણા કરી; તે માટઇં અભિન્ન. એ ત્રીજો ભેદ શુદ્ધ*.॥૫/૧૨॥

**द्रव्यस्वभावप्रकाशे** [1]"गुण-गुणिआइचउक्के अत्थे जो णो करेइ खलु भेयं। सुद्धो सो दव्वत्थो भेयवियप्पेण णिरवेक्खो।।" (न.च.१६, द्र.स्व.प्र.१९३) इति।

गुण-गुण्यादिचतुष्कमेवं बोध्यम् – (१) गुण-गुणिनौ, (२) पर्याय-पर्यायिणौ, (३) स्वभाव-स्वभाविनौ, (४) धर्म-धर्मिणौ च। क्रमेणैतेषामुदाहरणानि इत्थमवबोद्धव्यानि – (१) नीलो घटः, (२) पुराणो घटः, (३) मार्त्तः घटः, (४) जलमयो घटः इति।

यथोक्तम् **आलापपद्धतौ** अपि **देवसेनेन** "भेदकल्पनानिरपेक्षः शुद्धद्रव्यार्थिकः, यथा निजगुण-पर्याय-स्वभावाद् द्रव्यमभिन्नम्" (आ.प.पृ.७) इति। एतन्नयोपयोगो वक्ष्यते त्रयोदशशाखायाम् (१३/३-४) इत्यवधेयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – द्रव्य-गुण-पर्यायभेदकल्पनया निर्विकल्पदशां साधकः नाऽऽरोहति। निर्विकल्पदशासमारोहणाय धान्य-पलालन्यायेन गुणगुणि-पर्यायपर्यायिप्रभृतिषु भेदविकल्पान् परित्यज्य शुद्धाऽखण्ड-परिपूर्णात्मद्रव्ये समादरतो निजा दृष्टिः प्रतिदिनं चिरकालं यावत् स्थापनीया।

---

કહેવાય છે. આવા આશયથી **દેવસેનજી**એ **નયચક્ર**માં અને **માઈલ્લધવલે દ્રવ્યસ્વભાવપ્રકાશ**માં જણાવેલ છે કે "ગુણ-ગુણી વગેરે ચાર અર્થમાં જે નય ભેદને કરતો નથી તે ભેદવિકલ્પનિરપેક્ષ શુદ્ધ દ્રવ્યાર્થિકનય છે."

### ❋ ગુણ-ગુણી આદિમાં અભેદના ઉદાહરણ ❋

**(गुण.) નયચક્ર**માં 'ગુણ-ગુણી વગેરે ચાર'- આ પ્રમાણે જે કહેલ છે તે નીચે મુજબ ચાર અર્થ ગ્રહણ કરવા. (૧) ગુણી-ગુણી, (૨) પર્યાય-પર્યાયી, (૩) સ્વભાવ-સ્વભાવી અને (૪) ધર્મ-ધર્મી. તેના ક્રમશઃ ઉદાહરણ આ રીતે સમજવા. (१) नीलो घटः, (२) पुराणो घटः, (३) मार्त्तः घटः, (४) जलमयः घटः.

### ❋ દ્રવ્યાર્થિકતૃતીયભેદના ઉપયોગનો અતિદેશ ❋

**(यथो.) આલાપપદ્ધતિ** ગ્રંથમાં પણ **દેવસેનજી**એ જણાવેલ છે કે "દ્રવ્યાર્થિકનયનો ત્રીજો ભેદ છે - ભેદકલ્પનાનિરપેક્ષ શુદ્ધ દ્રવ્યાર્થિકનય. જેમ કે - 'પોતાના ગુણ-પર્યાય-સ્વભાવથી દ્રવ્ય અભિન્ન છે' - આ પ્રમાણેનું વચન." દ્રવ્યાર્થિકનયના પ્રસ્તુત ત્રીજા ભેદનો ઉપયોગ કેવી રીતે કરવો? ક્યાં કરવો? તે બાબત તેરમી શાખાના ત્રીજા-ચોથા શ્લોકમાં કહેવાશે. આ વાત વાચકવર્ગે ધ્યાનમાં રાખવી.

### ❋ નિર્વિકલ્પદશા મેળવવા ત્રીજો દ્રવ્યાર્થિક ઉપયોગી ❋

[illegible] :- દ્રવ્ય અને ગુણ-પર્યાય વચ્ચે ભેદની કલ્પના જીવને સવિકલ્પદશામાં રાખીને નિર્વિકલ્પદશામાં આરૂઢ થવા દેતી નથી. ખેતરમાં ધાન્યની સાથે પાંદડા, ઘાસ વગેરે હોય પણ ધાન્યાર્થી (ધનાર્થી) જેમ પાંદડા વગેરેને છોડી અનાજને ગ્રહણ કરે છે, તેમ જે સાધકે નિર્વિકલ્પદશામાં અત્યંત ઝડપથી આરૂઢ થવું હોય તે સાધકે ગુણ-ગુણી, પર્યાય-પર્યાયી વગેરેમાં ઉભા થતા ભેદના વિકલ્પોને

---

* કો.(૧૩)માં 'શુદ્ધ' નથી. 1. गुण-गुण्यादिचतुष्केऽर्थे यो न करोति खलु भेदम्। शुद्धः स द्रव्यार्थो भेदविकल्पेन निरपेक्षः।।

इत्थं भेदकल्पनानिरपेक्षशुद्धद्रव्यार्थिकनयाभिप्रायं स्थिरीकृत्य निर्विकल्पदशाऽप्रमत्तताऽपूर्वकरणादिलाभेन द्रुतं केवलज्ञान-सिद्धसुखादिकमाविर्भावनीयम्। सिद्धसुखञ्च **भगवती आराधना** [1]"अणुवमममेयमक्खयममलमजरमरुजमभयमभवं च। एयंतियमच्चंतियमव्वाबाधं सुहमजेयं।।" (भ.आ.२१५३/भाग-२/पृ.१८४५) इत्येवं वर्णयति। ततश्च आत्मार्थिनैतत्प्रापकोऽयमन्तरङ्गापवर्गमार्गो नैव त्यक्तव्यो जातुचिदित्युपदेशः ।।५/१२।।

છોડી, ભેદના વિકલ્પોથી નિરપેક્ષ બનીને શુદ્ધ, અખંડ, પરિપૂર્ણ આત્મદ્રવ્ય ઉપર પોતાની દૃષ્ટિને રુચિપૂર્વક પ્રતિદિન દીર્ઘ સમય સુધી સ્થાપિત કરવી જોઈએ, અખંડ આત્માને ગ્રહણ કરવો જોઈએ. આ રીતે ભેદકલ્પનાનિરપેક્ષ શુદ્ધદ્રવ્યાર્થિકનયના દૃષ્ટિકોણને આત્મસાત્ કરી નિર્વિકલ્પદશા, અપ્રમત્તતા, અપૂર્વકરણ વગેરેને મેળવી ઝડપથી કેવલજ્ઞાન, સિદ્ધસુખ વગેરેને પ્રગટ કરવાનું છે. સિદ્ધ ભગવંતના સુખને **ભગવતી આરાધના** ગ્રંથમાં દિગંબર **શિવાર્યજી** આ રીતે વર્ણવે છે કે '(૧) અનુપમ, (૨) અમાપ, (૩) અક્ષય, (૪) અમલ, (૫) અજર, (૬) રોગરહિત, (૭) ભયશૂન્ય, (૮) સંસારાતીત, (૯) ઐકાન્તિક, (૧૦) આત્યન્તિક (૧૧) પીડારહિત, (૧૨) કોઈના દ્વારા જીતી ન શકાય તેવું સિદ્ધોનું સુખ હોય છે.' તેથી તેને પ્રગટ કરાવનાર, પ્રાપ્ત કરાવનાર પ્રસ્તુત આંતરિક મોક્ષમાર્ગને આત્માર્થી સાધકે ચૂકવો જોઈએ નહિ - તેવા પ્રકારનો ઉપદેશ અહીં ધ્વનિત થાય છે. (૫/૧૨)

**લખી રાખો ડાયરીમાં.....**

- **વાસનાને અંધકાર ગમે છે.**
  **ઉપાસનાને જ્ઞાન-શ્રદ્ધાની તેજોમય રોશની ગમે છે.**

- **સાધના ભવાંતરમાં સલામતી બક્ષે છે.**
  **ઉપાસના સર્વત્ર સદ્બુદ્ધિ પણ અર્પે છે.**

- **વાસનાપૂર્તિ નિર્લજ્જ, બેશરમ થયા વિના શક્ય નથી.**
  **ઉપાસનાની પરિપૂર્તિ લાજ-શરમ છોડનાર માટે શક્ય નથી.**

- **ઉપાસના વગરની સાધના એટલે મડદાના શણગાર.**
  **દા.ત. મંગૂ આચાર્ય.**
  **ઉપાસના તો છે ધબકતો પ્રાણ અને રક્ષણહાર.**
  **દા.ત. પ્રભુભક્ત દેવપાળ.**

1. अनुपमममेयमक्षयममलमजरमरुजमभयमभवञ्च। ऐकान्तिकमात्यन्तिकमव्याबाधं सुखमजेयम्।।

**અશુદ્ધ કર્મોપાધિથી, ચોથો એહનો ભેદો રે;**
**કર્મભાવમય આતમા, જિમ ક્રોધાદિક વેદો રે ॥૫/૧૩॥ (૬૭) ગ્યાન.**

**ચોથો એહનો** = દ્રવ્યાર્થિકનો ભેદ **કર્મોપાધિથી અશુદ્ધ** કહવો. "**कर्मोपाधिसापेक्षोऽशुद्धद्रव्यार्थिकः**" **इति चतुर्थो भेदः** જાણવો.♦

**જિમ ક્રોધાદિક કર્મ-ભાવમય આતમા વેદો** છો = જાણો છો. *તે ચોથો જાણવો.* જિવારઈં જે દ્રવ્ય, જે ભાવઈં પરિણમઈં, તિવારઈં તે દ્રવ્ય તન્મય કરિ જાણવું. જિમ લોહ અગ્નિપણઈં પરિણમિઉં✡, તે કાલિ

---

अवसरोचितं द्रव्यार्थिकनयचतुर्थभेदमाचष्टे – '**द्रव्ये**'ति।

**द्रव्यार्थिकनयोऽशुद्धः चतुर्थः कर्मतो भवेत्।**
**क्रोधादिकर्मभावेन जीवः परिणतो यथा।।५/१३।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – कर्मतः अशुद्धो द्रव्यार्थिकनयः चतुर्थो भवेत्, यथा 'क्रोधादिकर्मभावेन जीवः परिणतः' (इति वचनम्)।।५/१३।।

**कर्मतः** = कर्मोपाधितः **अशुद्धः चतुर्थो द्रव्यार्थिकनयो भवेत्। यथा 'क्रोधादिकर्मभावेन परिणतः** = क्रोध-मानादिकर्मजन्यभावमयो **जीवो** ज्ञेयः' इति वचनं कर्मोपाधिसापेक्षाऽशुद्धद्रव्यार्थिक-नयविधया विज्ञेयम् अयोगोलकन्यायेन। यदा यद् द्रव्यं येन भावेन परिणमति तदा तद् द्रव्यं तन्मयम्, तदाकारम्, तद्रूपं च ज्ञेयम्, यथा यदाऽयोगोलकस्याऽग्निरूपेण परिणमनं भवति तदा तस्याऽग्निरूपता ज्ञेया तथा क्रोधाख्यकषायमोहनीयादिकर्मोदयदशायां क्रोधादिभावपरिणत आत्मा क्रोधादिस्वरूपोऽवसेयः। तदुक्तं **प्रवचनसारे कुन्दकुन्दस्वामिना** [1]"परिणमदि जेण दव्वं तक्कालं तम्मयं ति

---

[illegible] :- ગ્રંથકાર અવસરોચિત = અવસરસંગતિપ્રાપ્ત દ્રવ્યાર્થિકનો ચોથો ભેદ જણાવે છે :-

### ❀ દ્રવ્યાર્થિકનયના ચોથા ભેદને સમજીએ ❀

[illegible] :- કર્મની અપેક્ષાએ અશુદ્ધ દ્રવ્યાર્થિકનય ચોથો ભેદ બને છે. જેમ કે 'ક્રોધાદિ કર્મભાવથી જીવ પરિણમેલ છે' - આવું વચન. (૫/૧૩)

[illegible] :- કર્મજન્ય ઉપાધિની અપેક્ષાએ અશુદ્ધ દ્રવ્યાર્થિક ચોથો ભેદ થાય. જેમ કે 'કર્મજન્ય ક્રોધ, માન આદિ ભાવોથી પરિણમેલો જીવ ક્રોધમય, માનકષાયમય વગેરે સ્વરૂપે જાણવો' - આ પ્રમાણેનું વચન અયોગોલક ન્યાયથી કર્મોપાધિસાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિકનયના વચન સ્વરૂપ જાણવું. તાત્પર્ય એ છે કે જે દ્રવ્ય જ્યારે જે ભાવથી પરિણમે છે તે દ્રવ્ય ત્યારે તન્મય-તદાકાર-તદ્રૂપ જાણવું. જેમ લોખંડનો ગોળો જ્યારે અગ્નિરૂપે પરિણમે છે ત્યારે તે અગ્નિસ્વરૂપે જણાય છે, તેમ ક્રોધ નામના કષાયમોહનીય આદિ કર્મના ઉદયની અવસ્થામાં ક્રોધ વગેરે ભાવથી પરિણમેલો જીવ ક્રોધાદિસ્વરૂપ જાણવો. **પ્રવચનસાર**માં **કુંદકુંદસ્વામી**એ આ જ અભિપ્રાયથી જણાવેલ છે કે 'જે કાળે જે દ્રવ્ય જે રૂપે પરિણમે તે કાળે તે દ્રવ્ય તન્મય બને છે

---

♦ પુસ્તકોમાં 'જાણવો' નથી. ફક્ત લા.(૨)માં છે. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી.ફક્ત લા.(૨)માં છે. ✡ સિ.+કો.(૯)માં 'પરિણમતું' પાઠ. 1. परिणमति येन द्रव्यं तत्कालं तन्मयम् इति प्रज्ञप्तम्।

લોહ અગ્નિરૂપ કરી જાણવું. ઈમ ક્રોધમોહનીયાદિકર્મોદયનઈં અવસરઈં ક્રોધાદિભાવપરિણત આત્મા ક્રોધાદિરૂપ કરી જાણવો. **अत एव** *આત્માના આઠ ભેદ☐ સિદ્ધાંતમાંહિ પ્રસિદ્ધ છઈ. ॥૫/૧૩॥

पण्णत्तं" (प्र.सा.१/८) इति पूर्वोक्तं (३/२) दृढमनुसन्धेयम्।

प्रकृते [1]"उवओगमओ जीवो उवउज्जइ जेण जम्मि जं कालं। सो तम्मओवओगो होइ जहिंदोवओगम्मि।।" (वि.आ.भा.२४३१) इति **विशेषावश्यकभाष्य**वचनमप्यनुसन्धेयम्। अतः कषायोपयोगे वर्त्तमानो जीवः कषायमयो भवतीति सङ्गच्छत एव।

अत एव आत्मनोऽष्टौ भेदाः सिद्धान्ते प्रसिद्धाः। तदुक्तं **भगवत्यां** [2]"कइविहा णं भंते ! आया पण्णत्ता ? गोयमा ! अट्ठविहा आया पण्णत्ता। तं जहा - (१) दवियाया, (२) कसायाया, (३) योगाया, (४) उवओगाया, (५) णाणाया, (६) दंसणाया, (७) चरित्ताया, (८) वीरियाया" (भग.श.१२/उ.१०/सू.४६७) इति। तदनुसारेण **उमास्वातिवाचकोत्तमैरपि प्रशमरतौ** "द्रव्यं कषाय-योगावुपयोगो ज्ञान-दर्शने चेति। चरित्रं वीर्यं चेत्यष्टविधा मार्गणा तस्य।।" (प्र.र.१९९) इत्युक्तम्।

- આ પ્રમાણે શ્રીજિનેશ્વરે જણાવેલ છે.' પૂર્વે (૩/૨) આ જણાવેલ છે. તેનું દૃઢ અનુસંધાન કરવું.

## ❁ ઉપયોગમય જીવ : વિશેષાવશ્યકભાષ્ય ❁

**(प्रकृ.)** પ્રસ્તુતમાં **વિશેષાવશ્યકભાષ્ય**ની એક વાત અનુસંધાન કરવા યોગ્ય છે. ત્યાં **શ્રીજિનભદ્ર-ગણિક્ષમાશ્રમણજી**એ જણાવેલ છે કે "જીવ ઉપયોગમય છે. તેથી જીવ જે ઈન્દ્રિયાદિ વડે જે સમયે જે વિષયમાં ઉપયોગવંત થાય છે તે તે સમયે જીવ તન્મયઉપયોગયુક્ત બને છે. જેમ કે ઈન્દ્રના ઉપયોગમાં વર્તતો જીવ ઈન્દ્રમય ઉપયોગસ્વરૂપે પરિણમી જાય છે." તેથી કષાયના ઉપયોગમાં વર્તતો જીવ કષાયમયઉપયોગસ્વરૂપે પરિણમી જાય છે, કષાયમય બની જાય છે. - આ વાત યોગ્ય જ છે.

## ❁ આત્માના આઠ ભેદ : ભગવતીસૂત્ર ❁

**(अत एव.)** તે તે સમયે તે તે પરિણામથી પરિણત થયેલ દ્રવ્ય તન્મય-તદ્રૂપ હોય છે. આ કારણથી જ સિદ્ધાંતમાં આત્માના આઠ ભેદો પ્રસિદ્ધ છે. આ બાબતમાં **ભગવતીસૂત્ર**નું વચન પ્રમાણરૂપે જાણવું. તે આ પ્રમાણે - 'હે ભગવંત ! આત્મા કેટલા પ્રકારના બતાવેલા છે ?' આ પ્રમાણે શ્રી ગૌતમસ્વામીએ પૂછેલા પ્રશ્નનો જવાબ આપતા શ્રમણ ભગવાન મહાવીરે જણાવેલ છે કે 'હે ગૌતમ ! આત્મા આઠ પ્રકારે દર્શાવેલા છે. તે આ રીતે (૧) દ્રવ્યાત્મા, (૨) કષાયાત્મા, (૩) યોગાત્મા, (૪) ઉપયોગાત્મા, (૫) જ્ઞાનાત્મા, (૬) દર્શનાત્મા, (૭) ચારિત્રાત્મા અને (૮) વીર્યાત્મા.' પ્રસ્તુત ભગવતીસૂત્રના વચનને અનુસરીને વાચકશિરોમણિ **ઉમાસ્વાતિજી** મહારાજે પણ **પ્રશમરતિ** ગ્રંથમાં જણાવેલ છે કે 'આત્માની માર્ગણા (વિચારણા કે પ્રકાર) આઠ પ્રકારે છે. (૧) દ્રવ્ય, (૨) કષાય, (૩) યોગ, (૪) ઉપયોગ, (૫) જ્ઞાન, (૬) દર્શન, (૭) ચારિત્ર અને (૮) વીર્ય - આ પ્રમાણે આત્માના આઠ પ્રકાર છે.'

* પુસ્તકોમાં 'આતમાના' પાઠ છે. કો.(૧૨)નો પાઠ લીધો છે. ☐ મ.માં 'આઠ' નથી. કો.(૧૩)માં 'ભેદ'ના બદલે 'ભાવ' પાઠ. 1. उपयोगमयो जीव उपयुज्यते येन यस्मिन् यं कालम्। स तन्मयोपयोगो भवति यथेन्द्रोपयोगे।।
2. कतिविधा णं भदन्त ! आत्मानः प्रज्ञप्ताः ? गौतम ! अष्टविधाः आत्मानः प्रज्ञप्ताः। तद् यथा - (१) द्रव्यात्मा, (२) कषायात्मा, (३) योगात्मा, (४) उपयोगात्मा, (५) ज्ञानात्मा, (६) दर्शनात्मा, (७) चारित्रात्मा, (८) वीर्यात्मा।

क्रोधादिकषायभावपरिणमनदशायाम् एकान्तेनाऽलिप्तस्वभावाभ्युपगमत आत्मा क्रोधादिस्वरूपो नाभ्युपगम्येत तर्हि भगवत्यामुक्तः 'कषायात्मादिः' अपि न सङ्गच्छेतेत्यवधेयम्।

***एतेन*** 'पुरुषः सर्वथा कर्मादिना अलिप्त एव' इति साङ्ख्यमतं ***निरस्तम्,*** मोक्षपुरुषार्थाद्युच्छेदापत्तेश्चेत्यधिकं बुभुत्सुभिः अस्मत्कृत**लताद्वितयं**[1] (द्वा.द्वा.११/२२+२६ न.ल. + स्या.र.भाग-१/का.४ ज.ल.) द्रष्टव्यम्।

यथोक्तं द्रव्यार्थिकचतुर्थभेदनिरूपणावसरे **देवसेनेन नयचक्रे माइल्लधवलेन** च **द्रव्यस्वभावप्रकाशे** [2]"भावे सरायमादी सव्वे जीवम्मि जो दु जंपेदि। सो हु असुद्धो उत्तो कम्माणोवाहिसावेक्खो।।" (न.च.२१, द्र.स्व.प्र.१९४) इति। तदुक्तम् **आलापपद्धतौ** अपि **देवसेनेन** "कर्मोपाधिसापेक्षोऽशुद्धद्रव्यार्थिकः, यथा क्रोधादिकर्मजभाव आत्मा" (आ.प.पृ.७) इति।

---

**(क्रोधा.)** જો ક્રોધ વગેરે કષાયના ભાવોનું પરિણમન થવાની અવસ્થામાં, આત્મામાં સર્વથા નિર્લેપ સ્વભાવ માનીને, 'આત્મા જરા'ય ક્રોધાદિ સ્વરૂપ નથી' - તેવું માનવામાં આવે તો **ભગવતીસૂત્ર**માં બતાવેલ કષાયાત્મા પણ સંગત નહિ થાય. આ વાતને ખાસ ધ્યાનમાં રાખવી.

## ❦ ઔપાધિક ભાવોથી આત્મા પરિણમે છે ❦

[redacted] :- કષાયના ઉદયમાં કષાયથી પરિણમેલો આત્મા કષાયમય-કષાયાકાર-કષાયસ્વરૂપ હોય તો જ તેને કષાયાત્મા તરીકે ઓળખાવી શકાય. તેથી **ભગવતીસૂત્ર** વગેરે ગ્રંથોના ઉપરોક્ત વચનોથી ફલિત થાય છે કે કર્મજન્ય ઔપાધિક ભાવોથી આત્મા પરિણમે છે.

## ❀ સાંખ્યમતનું નિરાકરણ ❀

**(एतेन.)** સાંખ્યદર્શન એવું માને છે કે 'પુરુષ સર્વથા કર્મ વગેરેથી અલિપ્ત જ છે.' આ વાતનું ઉપરોક્ત શાસ્ત્રપાઠો દ્વારા નિરાકરણ થઈ જાય છે. જો આત્મા કર્મ વગેરેથી જરા પણ લેપાતો ન જ હોય તો મોક્ષપુરુષાર્થ વગેરેનો ઉચ્છેદ થઈ જવાની આપત્તિ આવશે. કારણ કે આત્મા કર્મથી બંધાતો ન હોય તો કોની મુક્તિ માટે સાધના કરવાની ? આ બાબતની અધિક જિજ્ઞાસા ધરાવનાર જીવોએ **મધ્યમપરિણામ સ્યાદ્વાદરહસ્ય** ઉપર **જયલતા** વ્યાખ્યા તથા **દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા** પ્રકરણની **નયલતા** વૃત્તિ - આ પ્રમાણે અમે (યશોવિજય ગણીએ) રચેલ બે 'લતા' વ્યાખ્યાનું અવલોકન કરવું.

**(यथोक्तं.)** દ્રવ્યાર્થિકનયના ચોથા ભેદનું નિરૂપણ કરવાના અવસરે **દેવસેનજી**એ **નયચક્ર**માં અને **માઈલ્લધવલે દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે "જીવમાં તમામ રાગાદિ ભાવોને જે નય જણાવે છે તે કર્મોપાધિસાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિકનય કહેવાય છે." **આલાપપદ્ધતિ** ગ્રંથમાં પણ જણાવેલ છે કે "કર્મોપાધિસાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિક ચોથો ભેદ છે. જેમ કે 'ક્રોધાદિ કષાયમોહનીયકર્મજન્ય ભાવસ્વરૂપ આત્મા છે' - આ પ્રમાણેનું વચન."

---

1. मध्यमपरिमाण-स्याद्वादरहस्यस्य 'जयलता'नाम्नी व्याख्या, द्वात्रिंशिकाप्रकरणस्य च 'नयलता'नाम्नी व्याख्या मुनियशोविजयकृता प्रकृतार्थे द्रष्टव्या इत्यर्थः। 2. भावान् सरागादीन् सर्वान् जीवे यस्तु जल्पति। स हि अशुद्धः उक्तः कर्मणामुपाधिसापेक्षः।।

अशुद्धात्मद्रव्यग्रहणेनाऽस्याशुद्धत्वमवसेयम्। तदुक्तम् **आलापपद्धतौ** "अशुद्धद्रव्यमेव अर्थः = प्रयोजनमस्येति अशुद्धद्रव्यार्थिकः" (आ.प.पृ.१८) इति।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – अनेकशो जनो वक्ति यदुत 'अहं किं कुर्याम् ? मदीयः स्वभावः विषमः। मम स्वभावः क्रोधग्रस्तः। अत्र को मे अपराधः ? स्वभावो मेऽपराध्यतेऽत्र, नाऽहम्' इति। इत्थं स्वभावात् पृथग्भूय स्वस्य निरपराधितां दर्शयति।

नैतद् युक्तम्। वस्तुतस्तु प्रकृते कर्मोपाधिसापेक्षाऽशुद्धद्रव्यार्थिकनयाभिप्रायमनुसृत्य निजस्वभावात् स्वभेदमनुन्नीय 'क्षाम्यतु माम्। अहं क्रोधी। मया यत् कुपितं तत्तु मेऽपराधः' इत्येवं स्वापराधमभ्युपगम्य क्षमायाञ्चा कार्या विनम्रतयेत्युपदेशः चतुर्थद्रव्यार्थिकनयाल्लभ्यते।

इत्थमेव [1]"न वि अत्थि माणुसाणं तं सुक्खं नवि य सव्वदेवाणं। जं सिद्धाणं सुक्खं अव्वाबाहं उवगयाणं।।" (दे.प्र.२९९ + आ.नि.९८० + ती.प्र. १२४७ + औ.४४/१३ + प्र.सू.२/२११/गा.१७१ + आ.प्र.१७२ + स.क.भव-९, गा.१०३९, १०४९, पृ-८८८/८९३ + वि.सा.८५६ + कु.प्र.प्र.पृ.१६८) इति **देवेन्द्रस्तवप्रकीर्णकोक्तम्**, **आवश्यकनिर्युक्तौ** प्रदर्शितम्, **तीर्थोद्गालिप्रकीर्णक**दर्शितम्, **औपपातिकसूत्रोक्तम्**, **प्रज्ञापनासूत्रोक्तम्**, **आत्मप्रबोधे जिनलाभसूरि**सूचितम्, **समरादित्यकथायां** गदितम्, **विचारसारप्रकरणे प्रद्युम्नसूरि**दर्शितं **कुमारपालप्रबोधप्रबन्धे** चोद्धरणरूपेण प्रोक्तं सिद्धसुखं सुलभं स्यात्।।५/१३।।

## ❀ અશુદ્ધ દ્રવ્યાર્થિકની વ્યાખ્યા ❀

**(अशुद्धा.)** ચોથો દ્રવ્યાર્થિક અશુદ્ધ આત્મદ્રવ્યને ગ્રહણ કરે છે. માટે તેને અશુદ્ધ જાણવો. **આલાપપદ્ધતિ**માં કહેલ છે કે 'અશુદ્ધ દ્રવ્ય જ જેનું પ્રયોજન હોય તે દ્રવ્યાર્થિક અશુદ્ધ દ્રવ્યાર્થિકનય કહેવાય છે.'

## ❀ ચોથા દ્રવ્યાર્થિકનું પ્રયોજન ❀

**આધ્યાત્મિક ઉપનય** :- ઘણી વાર માણસ કહેતો હોય છે કે 'હું શું કરું ? મારો સ્વભાવ જ ખરાબ છે. મારો સ્વભાવ ક્રોધનો છે. મારો સ્વભાવ ચીડિયો છે. એમાં હું શું કરું ? આમાં મારો શું વાંક છે ? મારો સ્વભાવ અહીં ગુનેગાર છે, હું નહિ. મારા સ્વભાવનો વાંક છે, મારો નહિ.' આ રીતે પોતાના સ્વભાવથી પોતાની જાતને જુદી દર્શાવીને પોતે નિરપરાધી હોવાનો દેખાવ કરે છે.

**(नैत.)** પરંતુ આવું વલણ વ્યાજબી નથી. વાસ્તવમાં તો આવા સ્થળે આ પ્રકારનો બચાવ કરવાના બદલે કર્મોપાધિસાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિકનયના અભિપ્રાયને અનુસરીને પોતાના સ્વભાવથી પોતાને અલગ માન્યા વિના 'માફ કરો, હું ક્રોધી છું, મેં ગુસ્સો કર્યો એ મારો ગુનો છે' - આ પ્રમાણે પોતાનો અપરાધ સ્વીકારીને વિનમ્રભાવે ક્ષમાયાચના કરવી જોઈએ. આ પ્રમાણેનો ઉપદેશ ચોથા દ્રવ્યાર્થિકનય દ્વારા પ્રાપ્ત થાય છે.

**(इत्थ.)** આ જ રીતે કર્મબીજ બળવાના લીધે **દેવેન્દ્રસ્તવ પ્રકીર્ણક**માં, **આવશ્યકનિર્યુક્તિ**માં, **તીર્થોદ્ગાલિક પ્રકીર્ણક**માં, **ઔપપાતિકસૂત્ર**માં, **પ્રજ્ઞાપનાસૂત્ર**માં જણાવેલ, **આત્મપ્રબોધ**માં **શ્રીજિનલાભસૂરિ**એ સૂચવેલ, **સમરાઈચ્ચકહા**માં કહેલ, **વિચારસાર પ્રકરણ**માં **શ્રીપ્રદ્યુમ્નસૂરિ**એ દર્શાવેલ અને **કુમારપાલપ્રબોધપ્રબંધ**માં ઉદ્ધૃત ગાથામાં જણાવેલ સિદ્ધસુખ સુલભ બને. ત્યાં જણાવેલ છે કે 'મનુષ્યોની પાસે તે સુખ નથી તથા સર્વ દેવો પાસે પણ તે સુખ નથી, જે સુખ અવ્યાબાધાને પામેલા સિદ્ધો પાસે હોય છે.'(૫/૧૩)

1. नाऽपि अस्ति मानुषाणां तत् सुखं नापि च सर्वदेवानाम्। यत् सिद्धानां सुखम् अव्याबाधाम् उपगतानाम्।।

**તે અશુદ્ધ વલી પાંચમો, વ્યય-ઉત્પત્તિસાપેખો રે;**
**ઉત્પાદ-વ્યય-ધ્રુવ એકઈં, સમયઈં♦ દ્રવ્ય જિમ પેખો રે ॥૫/૧૪॥ (૬૮) ગ્યાન.**

(**વલી**) **તે** (**અશુદ્ધ**) દ્રવ્યાર્થિક ભેદ **પાંચમો વ્યય-ઉત્પત્તિસાપેક્ષ** જાણવો. "**उत्पाद-व्ययसापेक्षसत्ता-ग्राहकोऽशुद्धद्रव्यार्थिकः पञ्चमः**"। **જિમ એક સમયઈં દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય** રૂપ (**પેખો**) કહિઇં. જે કટકાદ્યુત્પાદ✡સમય, તેહ ✝જ કેયૂરાદિવિનાશસમય; અનઈં કનકસત્તા તો અવર્જનીય જ છઇં.

द्रव्यार्थिकपञ्चमभेदं व्याख्यानयति – '**द्रव्यार्थिके**'ति ।

**द्रव्यार्थिकनयोऽशुद्धः पञ्चमो व्यय-जन्मतः ।**
**यथैकसमये द्रव्य उत्पाद-व्यय-नित्यता ।।५/१४।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – व्यय-जन्मतः पञ्चमोऽशुद्धो द्रव्यार्थिकनयः, यथा 'एकसमये द्रव्ये उत्पाद-व्यय-नित्यता' ।।५/१४।।

**व्यय-जन्मतः** = ध्वंसोत्पादाभ्यां सापेक्षः सत्ताग्राहकः **अशुद्धः द्रव्यार्थिकनयः पञ्चमः** ज्ञेयः । उदाहरति – **यथा एकसमये** = एकस्मिन् समये **द्रव्ये** = द्रव्यमात्रे **उत्पाद-व्यय-नित्यता** = उत्पत्ति-क्षय-ध्रौव्यरूपता 'द्रव्यं कथञ्चिद् नित्यम्' इत्यादिवाक्येन उच्यते, यतो य एव कटकाद्युत्पादसमयः स एव केयूरादिपर्यायविनाशसमयः तदा कनकसत्ता त्ववर्जनीयैव। अत एकसमये सुवर्णद्रव्यस्य कटकोत्पाद-केयूरव्यय-कनकध्रौव्यरूपतां निराबाधतयैव साधयति उत्पाद-व्ययसापेक्षसत्ताग्रहणात् पञ्चमोऽशुद्धद्रव्यार्थिकनयः ।

[illegible] :- દ્રવ્યાર્થિકનયના પાંચમા ભેદને ગ્રંથકારશ્રી જણાવે છે :-

### ❋ દ્રવ્યાર્થિકનયના પાંચમા ભેદને સમજીએ ❋

[illegible]:- ઉત્પાદ-વ્યયની અપેક્ષાએ પાંચમો અશુદ્ધ દ્રવ્યાર્થિકનય જાણવો. જેમ કે 'એક સમયે દ્રવ્યમાં ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય રહે છે' - આ પ્રમાણેનું વચન (૫/૧૪)

### ✤ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સમકાલીન ✤

[illegible]:- વસ્તુના ઉત્પાદને અને વ્યયને સાપેક્ષ રહીને સત્તાને ગ્રહણ કરનારો અશુદ્ધ દ્રવ્યાર્થિક-નય પ્રસ્તુતમાં પાંચમો ભેદ જાણવો. આનું ઉદાહરણ આ પ્રમાણે છે. જેમ કે 'દ્રવ્ય કથંચિત્ નિત્ય છે' ઈત્યાદિ વાક્ય દ્વારા એક સમયે તમામ દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપતા જણાવાય છે. આવું કહેવાનું કારણ એ છે કે જે સમય કટક વગેરે પર્યાયની ઉત્પત્તિનો છે, તે જ સમય કેયૂર વગેરે પર્યાયના વિનાશનો છે. તથા તે સમયે સોનાની સત્તા (= હાજરી) તો અવર્જનીય જ છે. આથી એક જ સમયે સુવર્ણદ્રવ્ય એ કટકપર્યાયની ઉત્પત્તિ સ્વરૂપ, કેયૂરપર્યાયના ધ્વંસ સ્વરૂપ તથા સુવર્ણધ્રૌવ્ય સ્વરૂપ છે. આ પ્રમાણેની હકીકતને પાંચમો અશુદ્ધ દ્રવ્યાર્થિકનય કોઈ પણ જાતની મુશ્કેલી વિના સિદ્ધ કરી આપે

♦ કો.(૯) + સિ.માં 'સમિં' પાઠ. કો.(૪)માં 'સમયેં' પાઠ. સં.(૧)માં 'સમઈ' પાઠ. અહીં કો.(૨)નો પાઠ લીધો છે. ✡ કો.(૧૨)માં '...દવ્યયસમય' અશુદ્ધ પાઠ. ✝ કો.(૧૩)માં 'તેહ જ' પાઠ નથી.

तदुक्तं **देवसेनेन** अपि **नयचक्रे माइल्लधवलेन** च **द्रव्यस्वभावप्रकाशे** [1]"उत्पाद-वयविमिस्सा सत्ता गहिऊण भणइ तिदयत्तं। दव्वस्स एगसमये जो हु असुद्धो हवे विदिओ।।" (न.च.२२, द्र.स्व.प्र.१९५) इति। 'विदिओ = द्वितीयः', अशुद्धा ये द्रव्यार्थिकनयाः तेष्वयं द्वितीयो भेदः द्रव्यार्थिकनये चायं पञ्चमो भेद इत्यवधेयम्। यद्वा 'विदिओ = विदितः = प्रसिद्धः' इत्यर्थः कार्यः। यथोक्तम् **आलापपद्धतौ** अपि "उत्पाद-व्ययसापेक्षोऽशुद्धद्रव्यार्थिकः, यथैकस्मिन् समये द्रव्यमुत्पाद-व्यय-ध्रौव्यात्मकम्" (आ.प.पृ.७) इति। अयमाशयः – 'वस्तु नित्यम् अनित्यं वा ?' इति पर्यनुयोगे 'वस्तु कथञ्चिद् नित्यम् एव' इति द्रव्यार्थिकनयोत्तरः। नित्यत्वस्यैव द्रव्यार्थिकनये मुख्यतया विषयत्वम्। अनित्यत्वस्य च पर्यायतया पर्यायार्थिकनयगोचरत्वम्। तथापि स्वस्मिन् दुर्नयत्वापत्तिनिराकरणकृते गौणभावेन अयम् उत्पाद-व्ययौ अपि कक्षीकुरुते। उपसर्जनभावेनाऽङ्गीकृतोत्पाद-व्ययपर्यायद्योतनार्थमयं कथञ्चिदादिपदं प्रयुङ्क्ते। ततो द्रव्यार्थिकनयोऽपि युगपदुत्पाद-व्यय-ध्रौव्याणि अभ्युपगच्छतीति सिद्धम्। युगपदुत्पाद-व्ययाभ्युपगमेन पूर्वोत्तरभावाऽपेक्षव्ययोत्पादकक्षीकर्तृनैयायिकमतं ध्रौव्याङ्गीकारेण च बौद्धमतं निरस्तम्। नवम्यां (९/३-४) शाखायां व्यक्तीभविष्यतीदम्।

---

છે. કારણ કે પ્રસ્તુત નય ઉત્પાદ-વ્યયને સાપેક્ષ રહીને સત્તાનું ગ્રહણ કરે છે.

**(तदुक्तं.) દેવસેનજીએ નયચક્ર**માં અને **માઈલ્લધવલે દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે 'ઉત્પાદ-વ્યયથી મિશ્ર એવી સત્તાને ગ્રહણ કરીને જે નય એક સમયે દ્રવ્યને ત્રણ સ્વરૂપે = ઉત્પાદ -વ્યય-ધ્રૌવ્યસ્વરૂપે જણાવે છે તે બીજો અશુદ્ધ દ્રવ્યાર્થિકનય થાય છે.' પ્રસ્તુતમાં 'બીજો અશુદ્ધ નય' કહેવાનું કારણ એ છે કે દ્રવ્યાર્થિકનયના પ્રથમ ત્રણ ભેદ શુદ્ધ છે. તથા જે અશુદ્ધ દ્રવ્યાર્થિકનય છે તેમાં પ્રસ્તુત ભેદ બીજો છે. દ્રવ્યાર્થિકનયના દશ ભેદમાં આ ભેદ પાંચમા ભેદરૂપે સમજવો. આ વાત ધ્યાનમાં રાખવી. અથવા નયચક્રની ગાથાના છેડે જે **'विदिओ'** પદ છે તેનો અર્થ વિદિત = પ્રસિદ્ધ કરવો. તેથી 'એકીસાથે દ્રવ્યને ત્રિતયાત્મક કહેનાર પ્રસ્તુત દ્રવ્યાર્થિકનય અશુદ્ધ નય તરીકે પ્રસિદ્ધ છે'- આવો અર્થ અહીં પ્રાપ્ત થશે. **આલાપપદ્ધતિ**માં પણ જણાવેલ છે કે "ઉત્પાદ-વ્યયસાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિક પાંચમો ભેદ જાણવો. જેમ કે 'એક સમયે દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ છે' - આવું વચન." આશય છે કે – વસ્તુ નિત્ય છે કે અનિત્ય ? આવો પ્રશ્ન ઉભો થાય ત્યારે દ્રવ્યાસ્તિકનય કહે છે કે 'વસ્તુ કથંચિત્ નિત્ય જ છે.' દ્રવ્યાસ્તિકનયનો મુખ્ય વિષય નિત્યત્વ છે. અનિત્યત્વ = ઉત્પાદ-વ્યય તેનો વિષય નથી. પરંતુ પર્યાયાર્થિકનયનો વિષય છે. તેમ છતાં દ્રવ્યાર્થિકનય દુર્નય ન બની જાય તે માટે ગૌણભાવે ઉત્પાદ-વ્યયનો પણ સ્વીકાર કરે છે. ગૌણરૂપે સ્વીકારેલા ઉત્પાદ-વ્યયને જણાવવા માટે 'કથંચિત્', 'સ્યાત્' વગેરે શબ્દનો તે પ્રયોગ કરે છે. તેથી દ્રવ્યાર્થિકનય પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનો દ્રવ્યમાં એકીસાથે સ્વીકાર કરે છે – તેવું સિદ્ધ થાય છે. એકીસાથે ઉત્પાદ-વ્યય માનવાથી પૂર્વોત્તરભાવથી વ્યય-ઉત્પાદને માનનાર નૈયાયિકના મતનું નિરાકરણ થાય છે. તથા ધ્રૌવ્યસ્વીકારથી નિરન્વયનાશવાદી બૌદ્ધના મતનું નિરાકરણ થાય છે. નવમી શાખામાં આ બાબત સ્પષ્ટ થશે.

---

1. उत्पाद-व्ययविमिश्रां सत्तां गृहीत्वा भणति त्रितयत्वम्। द्रव्यस्यैकसमये यो ह्यशुद्धो भवेद् द्वितीयः।।

**'एवं सति ❖त्रैलक्षण्यग्राहकत्वेनेदं प्रमाणवचनमेव स्यात्, न तु नयवचनम्' इति चेत्?**

**न, मुख्य-गौणभावेनैवानेन नयेन त्रैलक्षण्यग्रहणात्, मुख्यतया स्व-स्वार्थग्रहणे नयानां सप्तभङ्गीमुखेनैव व्यापाराद् *इति भावार्थः*'' ॥५/१४॥**

***ननु*** एवं सति त्रैलक्षण्यग्राहकत्वेनेदं प्रमाणवचनमेव स्यात्, न तु नयवचनम् इति ***चेत्*** ?

***न***, गौण-मुख्यभावेनैवाऽनेन नयेन त्रैलक्षण्यग्रहणात्, मुख्यतया स्व-स्वार्थग्रहणे नयानां सप्तभङ्गीमुखेनैव व्यापारात्। एकस्मिन् समये द्रव्ये उत्पाद-व्यय-ध्रौव्यात्मकत्वबोधकं 'वस्तु कथञ्चिद् नित्यम्' इति वचनं नित्यानित्यत्वसप्तभङ्ग्यां प्रथमो भङ्गः द्रव्यार्थिकनयस्य विधिकोटिगतस्य। प्रथमभङ्गे विधिकोटिगतस्य अस्य द्रव्यार्थिकनयतया सत्ताया एव मुख्यत्वेन ग्रहणम्, उत्पाद

### ❋ નયમાં પ્રમાણરૂપત્વની શંકા ❋

[redacted] :- (ननु.) જો પાંચમો દ્રવ્યાર્થિકનય દ્રવ્યને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ માને તો તે પ્રમાણવચન જ થઈ જશે, નયવચન નહીં થાય. કારણ કે નયવાક્ય તો વસ્તુના એક અંશનું જ ગ્રહણ કરે છે, સર્વ અંશનું નહીં. 'એક જ સમયમાં વસ્તુ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ છે' - આ વાક્ય તો વસ્તુના સર્વાંશનું ગ્રહણ કરે છે, એક અંશનું નહિ. તેથી તેને પ્રમાણવચન માનવું જોઈએ, નયવચન નહિ.

### ❋ નયમાં પ્રમાણરૂપતાનું નિરાકરણ ❋

[redacted] :- (न.) તમારી વાત વ્યાજબી નથી. કારણ કે ઉત્પાદ-વ્યયસાપેક્ષ સત્તાગ્રાહક પ્રસ્તુત અશુદ્ધ દ્રવ્યાર્થિકનય ગૌણ-મુખ્યભાવે જ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ ત્રૈલક્ષણ્યને ગ્રહણ કરે છે. મુખ્ય રીતે પોત-પોતાના વિષયનો બોધ કરવા માટે સર્વ નયો સપ્તભંગી દ્વારા જ પ્રવૃત્તિ કરે છે. 'એક સમયે દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક છે' - આ વચન 'વસ્તુ કથંચિત્ નિત્ય છે' - આવું જણાવે છે. તેથી તે નિત્યત્વ-અનિત્યત્વવિષયક સપ્તભંગીમાં વિધિકોટિગત દ્રવ્યાર્થિકનયનો પ્રથમ ભાંગો = પ્રકાર બને છે. આ પ્રથમ ભાંગામાં વિધિકોટિગત પ્રસ્તુત પાંચમો નય દ્રવ્યાર્થિક હોવાથી સત્તાને જ મુખ્યરૂપે ગ્રહણ કરે છે તથા ઉત્પાદ-વ્યયને ગૌણરૂપે ગ્રહણ કરે છે. તેથી તે પ્રમાણરૂપ હોવાની આપત્તિને અવકાશ રહેતો નથી. પ્રમાણ તો મુખ્ય વૃત્તિથી જ વસ્તુમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ ત્રૈલક્ષણ્યનું ગ્રહણ કરે છે.

### ❋ પ્રમાણ સર્વ ધર્મોને મુખ્યરૂપે જ ગ્રહણ કરે ❋

[redacted] :- એકીસાથે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનું ગ્રહણ કરવા છતાં દ્રવ્યાર્થિકનય મુખ્યરૂપે તો સત્તાને જ = ધ્રૌવ્યને જ = નિત્યત્વને જ ગ્રહણ કરે છે. અનિત્યત્વ = ઉત્પાદ-વ્યય તો ગૌણરૂપે જ તેનો વિષય બને છે. તેથી દ્રવ્યાર્થિકનયનું ઉપરોક્ત વાક્ય પ્રમાણવાક્ય બને તેવી શંકાને અવકાશ રહેતો નથી. નિત્યત્વ-અનિત્યત્વસ્વરૂપ વિરુદ્ધ ધર્મયુગલ સંબંધી સપ્તભંગીમાં દ્રવ્યાસ્તિકનયનો આ પ્રથમ ભાંગો આપણે વિચાર્યો. સપ્તભંગીના દરેક ભાંગાઓમાં દરેક નય આ રીતે પોતપોતાના વિષયને મુખ્યરૂપે ગ્રહણ કરે છે અને કથંચિત્ શબ્દ દ્વારા નયાન્તરવિષયને ગૌણરૂપે સ્વીકારે છે. તેમ છતાં તે નયસ્વરૂપ જ રહે છે, પ્રમાણસ્વરૂપ બનતો નથી. પ્રમાણ તો વસ્તુગત સર્વ ધર્મોને મુખ્યરૂપે જ ગ્રહણ કરે છે.

❖ કો.(૧૩)માં '**लक्षण्याग्रा...**' ઈત્યાદિ અશુદ્ધ પાઠ.*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી.ફક્ત લા.(૨)માં છે.

-व्यययोश्च गौणत्वेनेति न प्रमाणरूपतापत्तिः। प्रमाणं तु मुख्यवृत्त्यैव त्रैलक्षण्यग्राहकमिति भावार्थः।

***अथैवं*** द्वितीय-पञ्चमद्रव्यार्थिकनययोरैक्यापत्तिः, उभयत्रैव उत्पाद-व्ययगौणत्वेन मुख्यतया सत्ताया ग्रहणादिति ***चेत्*** ?

***मैवम्***, द्वितीयद्रव्यार्थिके उत्पाद-व्यययोः गौणभावेन ग्रहणे सत्यपि शब्दतः तदनुल्लेखः, पञ्चमद्रव्यार्थिके च तयोः कथञ्चिदादिशब्दतः उल्लेखो वर्तत इत्यनयोः भेदादित्यवधेयम्।

द्रव्यार्थिकनयदृष्ट्या अखण्डमेव सर्वं वस्तु। अतः तद्दृष्ट्या द्रव्य-पर्यायादीनामभेद एव पारमार्थिकः, भेदस्तु काल्पनिकः। पर्यायादीनां द्रव्यत्वे सत्यत्वं, द्रव्यव्यतिरिक्तत्वे मिथ्यात्वमिति यावत् तात्पर्यम्। सागरे दृश्यमानानां तरङ्गादीनां सद्रूपतैव, सत्सागराऽभिन्नत्वात्। सर्वथा सागर-व्यतिरिक्तत्वे तु तेषां काल्पनिकत्वमेव। अतः समुद्र-तरङ्गादिभेदस्य काल्पनिकत्वमिति द्रव्यार्थिक-नयाभ्युपगमः। विनश्वरस्य तरङ्गस्य सामुद्रत्वेऽपि न अनश्वरस्य समुद्रस्य तारङ्गत्वमितिवत्

ગૌણ-મુખ્યભાવે વસ્તુના વિભિન્ન અંશોનું વિભજન કરવું પ્રમાણને અભિપ્રેત નથી. વસ્તુના જુદા જુદા અંશોનું ગૌણ-મુખ્યભાવે વિભાગ કરવાનું કામ નયનું છે, પ્રમાણનું નથી.

**શંકા** :- (**अथै.**) જો દ્રવ્યાર્થિકનો પાંચમો ભેદ ઉત્પાદ-વ્યયને ગૌણરૂપે અને સત્તાને મુખ્યરૂપે ગ્રહણ કરે તો દ્રવ્યાર્થિકનો બીજો ભેદ અને પાંચમો ભેદ એક થવાની આપત્તિ આવશે. કારણ કે દ્રવ્યાર્થિકનયનો બીજો ભેદ પણ ઉત્પાદ-વ્યયને ગૌણ કરીને સત્તાનું મુખ્યરૂપે ગ્રહણ કરે છે.

### ❈ બીજા અને પાંચમા દ્રવ્યાર્થિક વચ્ચે ભેદ ❈

**સમાધાન** :- (**मैवम्.**) ના. તમારી શંકા વ્યાજબી નથી. આનું કારણ એ છે કે દ્રવ્યાર્થિકનયનો બીજો ભેદ ઉત્પાદ-વ્યયને ગૌણરૂપે ગ્રહણ કરવા છતાં કોઈ પણ શબ્દથી ઉત્પાદ-વ્યયનો ઉલ્લેખ કરતો નથી. જ્યારે દ્રવ્યાર્થિકનયનો પાંચમો ભેદ ઉત્પાદ-વ્યયનો કથંચિત્ વગેરે શબ્દથી ઉલ્લેખ કરીને તે બન્નેને ગૌણરૂપે ગ્રહણ કરે છે. આટલો તે બન્ને વચ્ચે તફાવત છે. તેથી દ્રવ્યાર્થિકનો બીજો અને પાંચમો ભેદ એક થવાની આપત્તિ નહિ આવે.

### ❋ નયાન્તરવિષયગ્રાહકત્વ નયગત અશુદ્ધત્વ ❋

(**द्रव्यार्थिक.**) દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિમાં સર્વ વસ્તુ અખંડ જ છે. તેથી દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી દ્રવ્ય-પર્યાય વગેરેનો અભેદ જ પારમાર્થિક છે. તેમાં ભેદ તો કાલ્પનિક છે. મતલબ કે ગુણ અને પર્યાય દ્રવ્યસ્વરૂપે માનવામાં આવે તો વાસ્તવિક છે. દ્રવ્યથી ભિન્નરૂપે માનવામાં આવે તો કાલ્પનિક છે. દરિયામાં દેખાતાં મોજાં, લહેર કે તરંગ કાલ્પનિક નથી પણ વાસ્તવિક છે. કેમ કે તે દરિયાસ્વરૂપ જ છે. તથા સાગર કાલ્પનિક નથી, વાસ્તવિક છે. તેથી સાગરસ્વરૂપ તરંગ વગેરે પણ વાસ્તકવિક જ છે. દરિયાથી તેને તદ્દન ભિન્ન માનવામાં આવે તો તે કાલ્પનિક જ છે. આથી દરિયા અને મોજાનો ભેદ કાલ્પનિક છે. આ પ્રમાણે દ્રવ્યાર્થિકનયનો અભિગમ છે. અહીં ધ્યાનમાં રાખવા જેવી વાત એ છે કે તરંગ વગેરે સાગરસ્વરૂપ છે. પરંતુ સમુદ્ર એ તરંગાદિસ્વરૂપ નથી. કારણ કે તરંગ અલ્પક્ષેત્રવ્યાપી છે. જ્યારે સમુદ્ર અસીમ છે, વિશાળ છે. તરંગ ક્ષણભંગુર છે, કાદાચિત્ક છે. જ્યારે સાગર સ્થાયી છે. બરાબર આ

क्षणभङ्गुराणां पर्यायाणां द्रव्यात्मकत्वेऽपि शाश्वतस्य द्रव्यस्य तु न पर्यायात्मकत्वमिति न द्रव्याऽनित्यत्वापत्तिरिति द्रव्यार्थिकनयतात्पर्यम्।

परमार्थत उत्पाद-व्यययोः पर्यायार्थिकविषयतया द्रव्य-पर्यायादिभेदकत्वमिति गौणरूपेण तद्ग्रहणे द्रव्यार्थिकस्येहाऽशुद्धिरपरिहार्या। "विकारापगमे सत्यं सुवर्णं कुण्डले यथा" (वा.प.३/२/१५) इति **वाक्यपदीये भर्तृहरि**वचनं पञ्चमद्रव्यार्थिकनयविधया विज्ञेयम्। कथञ्चिदादिशब्दतो नयान्तरविषयग्राहकत्वमेव नयस्याऽशुद्धत्वमुच्यते। अतोऽयमशुद्धो द्रव्यार्थिकनय उच्यते।

कालादिभिरष्टभिः द्रव्य-पर्यायादीनामभेदवृत्तिप्राधान्यार्पणायान्तु तस्य प्रमाणत्वमिष्टमेव, सप्तभङ्ग्यां प्रतिभङ्गं सकलादेशस्याऽभ्युपगमात्, सकलादेशस्य च प्रमाणवाक्यरूपत्वादिति चतुर्थशाखायां (४/१४) व्याख्यातप्रायमिति विभावनीयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – उत्पाद-व्ययौ उपसर्जनीकृत्य ध्रौव्यप्राधान्यार्पणातः 'व्याधि

---

જ રીતે ક્ષણભંગુર પર્યાયો દ્રવ્યસ્વરૂપ છે. પરંતુ શાશ્વત દ્રવ્ય પર્યાયાત્મક તો નથી જ. તેથી દ્રવ્ય-પર્યાયનો અભેદ માનવા છતાં દ્રવ્ય અનિત્ય બની જવાની આપત્તિને પ્રસ્તુતમાં કોઈ અવકાશ નથી. આ મુજબ અહીં દ્રવ્યાર્થિકનયનું તાત્પર્ય સમજવું.

### ❀ વાક્યપદીયનો સંદર્ભ ❀

**(परमा.)** પરમાર્થથી તો ઉત્પાદ અને વ્યય પર્યાયાર્થિકનયનો વિષય છે. તથા પર્યાયાર્થિકનય ભેદકારક છે, દ્રવ્ય-પર્યાયમાં ભેદને કરનાર છે. તેથી ઉત્પાદનો અને વ્યયનો સ્વીકાર દ્રવ્ય અને પર્યાય આદિમાં ભેદ સિદ્ધ કરશે જ. છતાં પ્રસ્તુત પાંચમો દ્રવ્યાર્થિકનય પર્યાયાર્થિકનયના વિષયભૂત ઉત્પાદ-વ્યયને ગૌણરૂપે ગ્રહણ કરે છે. તેથી તે અશુદ્ધ દ્રવ્યાર્થિકનય બની જાય છે. **ભર્તૃહરિએ વાક્યપદીય** ગ્રંથમાં જે જણાવેલ છે કે 'જેમ કે વિકાર રવાના થતાં કુંડલમાં જણાતું સુવર્ણદ્રવ્ય એ સત્ય છે' - તે પ્રસ્તુત પાંચમા દ્રવ્યાર્થિકનયના વાક્ય તરીકે જાણવું. કથંચિત્ વગેરે શબ્દના ઉલ્લેખથી નયાન્તરવિષયગ્રાહકત્વ એ જ નયમાં રહેનારું અશુદ્ધત્વ કહેવાય છે. તેથી ઉત્પાદ-વ્યયને ગૌણરૂપે ગ્રહણ કરનારો પાંચમો દ્રવ્યાર્થિક નય અશુદ્ધ કહેવાય છે.

### ❀ સકલાદેશની અર્પણાથી નય પણ પ્રમાણસ્વરૂપ ❀

**(कालादि.)** કાળ વગેરે પૂર્વોક્ત (૪/૧૪) આઠ તત્ત્વની અપેક્ષાએ દ્રવ્ય-પર્યાય વગેરેમાં અભેદવૃત્તિ પ્રાધાન્યની વિવક્ષા કરવામાં આવે તો દ્રવ્યાર્થિકનયસંમત નિત્યત્વ-અનિત્યત્વવિષયક સપ્તભંગીના પ્રથમ ભંગ સ્વરૂપ 'द्रव्यं कथंचिद् नित्यम् एव' આ વાક્યમાં પ્રમાણરૂપતા તો માન્ય જ છે. કારણ કે સપ્તભંગીના દરેક ભાંગામાં સકલાદેશનો સ્વીકાર કરવામાં આવે છે. તથા સકલાદેશ તો પ્રમાણવાક્ય સ્વરૂપ છે. આ વાત ચોથી શાખાના ચૌદમા શ્લોકમાં વિસ્તારથી સમજાવેલ છે. તેથી તેને અમે અહીં ફરીથી બતાવતા નથી. પરંતુ વાચકવર્ગે તદનુસાર ઊંડાણથી વિચારણા કરવી.

### ❀ ધ્રૌવ્યને મુખ્ય કરવાનું આધ્યાત્મિક પ્રયોજન ❀

**આધ્યાત્મિક ઉપનય :-** ઉત્પાદ-વ્યયને ગૌણરૂપે સ્વીકારી ધ્રૌવ્યને મુખ્ય કરવાનો પાંચમા દ્રવ્યાર્થિકનો

-मानापमान-पुण्य-पापाऽनुकूल-प्रतिकूल-व्यतिकराद्युदय-व्ययाभ्यां न मे स्वरूपे काचिदपि हानिः। अहं तु मदीयमूलभूतचैतन्यस्वरूपे सर्वदा सर्वत्र स्थिर एव' इति विभाव्य शारीरिक-भौतिक -कौटुम्बिका-ऽऽर्थिक-भौगोलिक-राजकीयपरिस्थितिपरिवर्तनेऽपि तदीयानुकूल-प्रतिकूलप्रभावाद् बहिर्भूय असङ्गाऽलिप्ताऽखण्डाऽमलाऽऽत्मद्रव्ये निजां दृष्टिं स्थिरीकृत्य सम्यग्दर्शनादिरत्नत्रयपर्यायान् विमलीकृत्य अभ्यन्तरापवर्गमार्गेऽभिसर्तव्यमात्मार्थिना। तदेव स्वहितकारि।

इत्थमेव [1]"णिच्छिण्णसव्वदुक्खा जाइ-जरा-मरणबंधणविमुक्का। अव्वाबाहं[2] सुक्खं अणुहोंति सासयं सिद्धा।।" (औ.सू.४४/गाथा-२१ + ती.प्र.१२५५ + दे.प्र.३०६ + आ.नि.९८८ + प्र.सू.२/२११/गा.१७९ + आ.प्र.१७९ + पु.मा.४९३ + कु.प्र.प्र.पृ.१६८/गाथा-४२८) इति **औपपातिकसूत्रदर्शितम्**, **तीर्थोद्गालिकप्रकीर्णक -देवेन्द्रस्तवप्रकीर्णकोक्तम्**, **आवश्यकनिर्युक्तौ भद्रबाहुस्वामिप्रदर्शितम्**, **प्रज्ञापनासूत्रे श्यामाचार्योक्तम्**, **आत्मप्रबोधे जिनलाभसूरिदर्शितम्**, **पुष्पमालायां हेमचन्द्रसूरिनिवेदितं कुमारपालप्रबोधप्रबन्धे** चोद्धरणरूपेण प्रोक्तं सिद्धसुखं मङ्क्षु सम्पद्येत।।५/१४।।

---

દૃષ્ટિકોણ આધ્યાત્મિક દૃષ્ટિએ એ રીતે ઉપયોગી છે કે 'રોગ આવે અને જાય, માન-અપમાન ભલે આવા-ગમન કરે, પુણ્ય અને પાપનો ઉદય ભલે પરિવર્તન પામે, અનુકૂલ-પ્રતિકૂલ સંયોગો છો ને પલટાય. તેનાથી આત્માના મૂળભૂત ધ્રુવસ્વરૂપમાં કશી હાનિ થતી નથી. આત્મા તો પોતાના મૂળભૂત ચૈતન્યસ્વભાવમાં સર્વદા સર્વત્ર સ્થિર જ રહે છે' - આ પ્રમાણેની વિચારધારાથી ભાવિત થઈને શારીરિક -ભૌતિક-કૌટુંબિક-આર્થિક-ભૌગોલિક-રાજકીય પરિસ્થિતિ પલટાવા છતાં પણ તેની સારી-માઠી અસરથી મુક્ત રહી અસંગ, અલિપ્ત, અખંડ, અમલ આત્મદ્રવ્ય ઉપર પોતાની દૃષ્ટિને સ્થિર કરી, રત્નત્રયીના પર્યાયોને વિમલ બનાવી, આંતરિક મોક્ષમાર્ગે આગેકૂચ કરવી એ જ સાધક માટે પરમ હિતકારી છે.

## ❋ મોક્ષની આગવી ઓળખ ❋

**(इत्थ.)** આ રીતે જ **ઔપપાતિકસૂત્ર**માં, **તીર્થોદ્ગાલિ પ્રકીર્ણક**માં, **દેવેન્દ્રસ્તવપયન્ના**માં ભદ્રબાહુસ્વામિ-રચિત **આવશ્યકનિર્યુક્તિ**માં, **શ્યામાચાર્ય**કૃત **પ્રજ્ઞાપનાસૂત્ર**માં, **જિનલાભસૂરિ**એ સંગૃહીત **આત્મપ્રબોધ**માં, શ્રી**હેમચન્દ્રસૂરિ**કૃત **પુષ્પમાલા**માં દર્શાવેલ તથા **કુમારપાલપ્રબોધપ્રબંધ**માં ઉદ્ધૃત કરેલ ગાથામાં જણાવેલ સિદ્ધસુખ ઝડપથી પ્રાપ્ત થાય. ત્યાં જણાવેલ છે કે 'સર્વ દુઃખોના પારને પામેલ, જન્મ-જરા-મરણરૂપી બંધનમાંથી પૂર્ણતયા મુક્ત થયેલા સિદ્ધ ભગવંતો શાશ્વત કાળ સુધી પીડારહિત સુખને અનુભવે છે.' (૫/૧૪)

---

1. निस्तीर्णसर्वदुःखा जाति-जरा-मरणबन्धनविमुक्ताः। अव्याबाधं सौख्यम् अनुभवन्ति शाश्वतं सिद्धाः।।
2. 'सासयमव्वाबाहं अणुहुंति सुहं सया कालं' इति पाठान्तरः देवेन्द्रस्तवप्रकीर्णकस्य हस्तप्रत्यन्तरे।

**♦ગ્રહતો ભેદની કલ્પના, છટ્ઠો તેહ અશુદ્ધો રે;**
**જિમ આતમના બોલિઈં, જ્ઞાનાદિક ગુણ શુદ્ધો રે ॥૫/૧૫॥ (૬૯) ગ્યાન.**

**ભેદની કલ્પના ગ્રહતો (તેહ) છટ્ઠો અશુદ્ધ** દ્રવ્યાર્થિક જાણવો. **જિમ જ્ઞાનાદિક શુદ્ધ ગુણ આત્માના બોલિઈ.** ઈહાં ષષ્ઠી વિભક્તિ ભેદ કહિઈં છઈ, **"भिक्षोः पात्रम्" इतिवत्**। અનઈં ભેદ તો ગુણ-ગુણિનઈં

द्रव्यार्थिकषष्ठप्रकारमाह – '**भेदे**'ति।

**भेदप्रकल्पनाऽऽदाने षष्ठोऽशुद्धः स इष्यते।**
**यथा ज्ञानादिकः शुद्धो गुण आत्मन उच्यते।।५/१५।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – भेदप्रकल्पनाऽऽदाने सोऽशुद्धः षष्ठ (इति) इष्यते, यथा (अनेन) ज्ञानादिकः आत्मनः शुद्धो गुण उच्यते।।५/१५।।

**भेदप्रकल्पनाऽऽदाने** = गुण-गुणिनोः, पर्याय-पर्यायिणोः, स्वभाव-स्वभाविनोः धर्म-धर्मिणोश्च भेदस्य गौणविवक्षाया ग्रहणे सति **षष्ठः अशुद्धः स** द्रव्यार्थिकनय **इष्यते**, **यथा** अनेन **आत्मनः ज्ञानादिकः शुद्धो गुण उच्यते**। अत्र षष्ठ्या विभक्त्या भेद उच्यते, 'भिक्षोः पात्रमि'ति वचनवत्। न च गुण-गुणिनोः भेदः द्रव्यार्थिकनयदृष्ट्या परमार्थतो विद्यते। अत एवाऽयमशुद्धो द्रव्यार्थिक

[illegible] :- દ્રવ્યાર્થિકનયના છટ્ઠા પ્રકારને ગ્રંથકારશ્રી જણાવે છે :-

**❀ દ્રવ્યાર્થિક નયનો છટ્ઠો ભેદ જાણીએ ❀**

**શ્લોકાર્થ** :- ભેદકલ્પના ગ્રહણ કરવામાં આવે તો તે અશુદ્ધ દ્રવ્યાર્થિકનય છટ્ઠા ભેદરૂપે માન્ય બને છે. જેમ કે આ નય દ્વારા જ્ઞાનાદિક આત્માના શુદ્ધ ગુણ કહેવાય છે. **(૫/૧૫)**

**❈ છટ્ઠી વિભક્તિ ભેદદર્શક ❈**

[illegible] :- (૧) ગુણ અને ગુણી, (૨) પર્યાય અને પર્યાયી, (૩) સ્વભાવ અને સ્વભાવવાન તથા (૪) ધર્મ અને ધર્મી વચ્ચે ભેદની ગૌણસ્વરૂપે વિવક્ષા કરીને ગુણ અને ગુણી વગેરેનું ગ્રહણ કરવામાં આવે તો તે અશુદ્ધ દ્રવ્યાર્થિકનય છટ્ઠા ભેદરૂપે માન્ય બને છે. જેમ કે આ નય દ્વારા જ્ઞાનાદિ આત્માના શુદ્ધ ગુણો કહેવાય છે. 'આત્માના' આ પ્રમાણે છટ્ઠી વિભક્તિ દ્વારા ભેદનું કથન થાય છે. જેમ કે 'ભિક્ષુનું પાત્ર' - આ વાક્યમાં 'ભિક્ષુ' પદ પછી રહેલી છટ્ઠી વિભક્તિ ('નું' પ્રત્યય) ભિક્ષુ અને પાત્ર વચ્ચે ભેદને દર્શાવે છે. તેમ 'આત્માના જ્ઞાનાદિ ગુણ' - આ વાક્યમાં 'આત્મા' શબ્દ પછી રહેલ છટ્ઠી વિભક્તિ ('ના' પ્રત્યય) પણ આત્મા અને જ્ઞાનાદિ ગુણ વચ્ચે ભેદને દર્શાવે છે. જ્ઞાનાદિ ગુણ છે અને આત્મા ગુણી છે. દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી ગુણ-ગુણી વચ્ચે પરમાર્થથી ભેદ રહેતો નથી, તેમ છતાં છટ્ઠો દ્રવ્યાર્થિકનય ગુણ-ગુણીભેદબોધક એવી છટ્ઠી વિભક્તિથી ગર્ભિત વાક્યનો પ્રયોગ કરે છે. પોતાની દૃષ્ટિએ જે વસ્તુ પારમાર્થિક ન હોય તેનો બોધ કરાવે તેવા પ્રકારે વચનપ્રયોગ કરવો તે પોતાની નબળાઈ = અશુદ્ધિ કહેવાય. આ જ કારણસર ગુણ-ગુણીમાં ભેદને દર્શાવનાર છટ્ઠો દ્રવ્યાર્થિક

♦ પુસ્તકોમાં 'ગહત' પાઠ. કો.(૪)નો પાઠ લીધો છે.

છઈ નહીં. "**भेदकल्पनासापेक्षोऽशुद्धद्रव्यार्थिकः षष्ठः *ज्ञातव्यः***" ॥५/१५॥

इति इष्यते, भेदकल्पनाया द्रव्यार्थिकनयेऽशुद्ध्यापादकत्वात्।

तदुक्तं **देवसेनेन नयचक्रे माइल्लधवलेन** च **द्रव्यस्वभावप्रकाशे** [1]"भेदे सदि संबंधं गुण-गुणियाईण कुणइ जो दव्वे। सो वि असुद्धो दिट्ठो सहिओ सो भेदकप्पेण।।" (न.च.२३/द्र.स्व.प्र.१९६) इति। तदुक्तम् **आलापपद्धतौ** अपि "भेदकल्पनासापेक्षोऽशुद्धद्रव्यार्थिकः, यथा – आत्मनो ज्ञान-दर्शनादयो गुणाः" (आ.प.पृ.७)।

इदञ्चात्रावधेयम् – एतन्नयस्य द्रव्यार्थिकत्वाद् अभेदस्यैव मुख्यरूपेण ग्राहकत्वम्, अशुद्धत्वाच्च भेदस्य गौणरूपेण ग्राहकत्वम्। ततश्च 'आत्मनः ज्ञानादिगुणाद् आत्मा अभिन्नः' इत्येवं प्रतिपादयन्नयं भेदकल्पनासापेक्षाऽभेदग्राहकाऽशुद्धद्रव्यार्थिकनयतया बोध्यः। षष्ठीबोधितस्य भेदस्य अत्र उद्देश्यतावच्छेदकतया गौणत्वम् अभेदस्य च विधेयतया मुख्यत्वं ज्ञेयम्। अतो न प्रमाणत्वापत्तिः। 'ज्ञानादित आत्मा भिन्नाभिन्नः' इत्युक्तौ तु भेदाऽभेदयोः विधेयतया मुख्यत्वात्प्रमाणत्वमवसेयम्।

द्रव्यास्तिकनयदृष्ट्या द्रव्य-गुणयोः पारमार्थिकम् ऐक्यमेव। न हि भूतले घटवद् द्रव्ये गुणाः

---

અશુદ્ધ છે - તેવું શાસ્ત્રકારોને ઈષ્ટ છે. ભેદકલ્પના દ્રવ્યાર્થિકનયમાં અશુદ્ધિની આપાદક છે. તેથી તે અશુદ્ધ કહેવાય છે.

### ❋ ભેદકલ્પનાપ્રયુક્ત અશુદ્ધિ ❋

(**तदुक्तं.**) **દેવસેનજી**એ **નયચક્ર**માં અને **માઈલ્લધવલે દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે "દ્રવ્યમાં ગુણ-ગુણી આદિનો ભેદ કરીને ગુણ વગેરેનો ગુણી વગેરેની સાથે જે નય સંબંધ કરે છે (= જણાવે છે) તે નય ભેદકલ્પનાસાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિકનય છે. કારણ કે તે ભેદવિષયક કલ્પનાથી યુક્ત છે." **આલાપપદ્ધતિ**માં પણ જણાવેલ છે કે "ભેદકલ્પનાસાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિકનય છઠ્ઠો ભેદ છે. જેમ કે 'આત્માના જ્ઞાન-દર્શન આદિ ગુણો છે' - આવું વચન."

### ❀ સર્વ ગુણોનો અખંડ પિંડ એટલે દ્રવ્ય ❀

(**इद.**) અહીં એક બાબત ખ્યાલમાં રાખવી કે પ્રસ્તુત નય દ્રવ્યાર્થિક હોવાથી ગુણ-ગુણી વચ્ચે અભેદને જ મુખ્યરૂપે ગ્રહણ કરે છે. તથા અશુદ્ધ હોવાના કારણે તે ભેદને ગૌણરૂપે ગ્રહણ કરે છે. તેથી આ નય એવું પ્રતિપાદન કરશે કે 'આત્માના જ્ઞાનાદિ ગુણોથી આત્મા અભિન્ન છે.' તેથી આ નયનું નામ 'ભેદકલ્પનાસાપેક્ષઅભેદગ્રાહક અશુદ્ધદ્રવ્યાર્થિક' આવું જાણવું. છઠ્ઠી વિભક્તિ દ્વારા જણાવાયેલ ભેદ અહીં ઉદ્દેશ્યતાઅવચ્છેદક હોવાથી ગૌણ જાણવો. તથા અભેદ વિધેય હોવાથી મુખ્ય જાણવો. તેથી આ નયવાક્ય પ્રમાણ બનવાની આપત્તિ નહિ આવે. તથા જો 'જ્ઞાનાદિથી આત્મા ભિન્નાભિન્ન છે' - આવું બોલવામાં આવે તો ભેદ-અભેદ બન્ને વિધેય હોવાથી તે વાક્યને પ્રમાણરૂપે જ જાણવું.

(**द्रव्या.**) હવે મૂળ વાત કરીએ. દ્રવ્યાસ્તિકનયની દૃષ્ટિમાં દ્રવ્ય અને ગુણ પરમાર્થથી અભિન્ન જ છે. દ્રવ્યથી સ્વતંત્રપણે ગુણની સત્તા માન્ય નથી. મતલબ કે જે રીતે જમીન ઉપર ઘડો ભેદસંબંધથી

---

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. લા.(૨)માં છે. 1. भेदे सति सम्बन्धं गुण-गुण्यादीनां करोति यो द्रव्ये। सोऽप्यशुद्धो दृष्टः सहितः स भेदकल्पेन।।

भेदसम्बन्धेन वर्तन्ते। घट-भूतलयोरिव गुण-गुणिनोः भिन्नप्रदेशत्वं नास्ति। ततश्च द्रव्यस्य गुणमयत्वं गुणानाञ्च द्रव्यमयत्वम्। आत्मा ज्ञानादिगुणमयः ज्ञानादयश्चात्ममयाः। न हि द्रव्यव्यतिरिक्ततया गुणास्तित्वं गुणव्यतिरेकेण वा द्रव्यास्तित्वं सम्भवति, गुणानां यावद्द्रव्यभावित्वात्। ततश्च द्रव्यमखण्डो गुणपिण्डः। गुणात्यये द्रव्यतया न किञ्चिदवशिष्यते। इत्थञ्च गुणद्वारैव द्रव्यनिरूपणं व्यवहारपथमवतरति। अतः 'गुणसमुदायो द्रव्यम्, द्रव्यनिष्ठाः गुणाः, द्रव्यं गुणवद्, द्रव्यस्य गुणाः' इत्येवं प्रज्ञाप्यते। तच्छ्रुत्वा श्रोतुः द्रव्य-गुणभेदः प्रतिभासते। परमार्थतो द्रव्यार्थिकनयदृष्ट्या द्रव्य-गुणभेदो नास्ति। अतः द्रव्य-गुणभेदकथनमशुद्धम्। इत्थञ्च सामान्यलोकप्रज्ञापनप्रयोजनतो गुण-गुणिभेदकल्पनासापेक्षतामाक्रान्तो गुण-गुण्यादिभेदप्रतिपादकत्वाद् द्रव्यार्थिकनयोऽशुद्धतयोच्यते ।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – भेदकल्पनासापेक्षाऽशुद्धद्रव्यार्थिकनयदृष्ट्या निर्मलगुण-पर्यायाणां ध्रुवात्मद्रव्यभिन्नत्वाद् निर्मलगुणादिप्रादुर्भावप्रयासस्याऽत्यन्तमावश्यकता। इत्थं षष्ठो द्रव्यार्थिकः निर्मलगुणादिप्रादुर्भावप्रेरकः। गुणादीनां सर्वथैव आत्मनोऽभिन्नत्वे गुणादिप्राप्तिप्रयत्नस्य न काऽपि आवश्यकता स्यात्, आत्मनो ध्रुवत्वेन सदा प्राप्तत्वात्। ततश्च तदभिन्ना गुणादयोऽपि सदा प्राप्ता

(= સંયોગસંબંધથી) રહે છે તે રીતે દ્રવ્યમાં ગુણ રહેતા નથી. જમીનના અને ઘડાના પ્રદેશ અલગ અલગ છે. પરંતુ ગુણના અને ગુણીના (= દ્રવ્યના) પ્રદેશ અલગ અલગ નથી. તેથી દ્રવ્ય ગુણમય છે. તથા ગુણ દ્રવ્યમય છે. આત્મા જ્ઞાનાદિમય છે. જ્ઞાનાદિ આત્મમય છે. દ્રવ્યથી ભિન્નરૂપે ગુણનું અસ્તિત્વ સંભવિત નથી. તથા ગુણથી ભિન્નરૂપે દ્રવ્યનું અસ્તિત્વ સંભવિત નથી. કારણ કે ગુણો યાવદ્ દ્રવ્યભાવી છે. તેથી દ્રવ્ય એટલે ગુણોનો એક અખંડ પિંડ છે. જો કદાચ દ્રવ્યમાંથી તમામ ગુણોને જુદા કરવામાં આવી શકતા હોય તો જેને દ્રવ્ય તરીકે ઓળખાવી શકાય તેવું કશું બચી શકે નહિ. આવી સ્થિતિમાં જ્યારે આપણે દ્રવ્યના સ્વરૂપનું નિરૂપણ કરવું હોય તો ગુણો દ્વારા જ તેનું નિરૂપણ વ્યવહારમાર્ગમાં સંભવિત હોવાથી આપણે કહીએ છીએ કે 'ગુણોનો સમુદાય દ્રવ્ય છે. દ્રવ્યમાં ગુણો રહેલા છે. દ્રવ્ય ગુણવાન છે. ગુણ દ્રવ્યના છે.' પરંતુ આ સાંભળીને શ્રોતાને એવો ભાસ થાય છે કે દ્રવ્યથી ગુણ જુદા છે. પરમાર્થથી દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિમાં ગુણ-ગુણીમાં ભેદ રહેતો નથી. તેથી ગુણ -ગુણીના ભેદનું કથન શુદ્ધ નથી પણ અશુદ્ધ છે. આમ સામાન્ય વ્યક્તિને દ્રવ્યની ઓળખાણ આપવા માટે દ્રવ્યાર્થિકનય ઉપર જણાવ્યા મુજબ ગુણ-ગુણી વચ્ચે ભેદકલ્પનાથી ગર્ભિત વાક્યપ્રયોગ કરે છે. ગુણ-ગુણી વગેરેમાં ભેદને ગ્રહણ કરવાથી પ્રસ્તુત દ્રવ્યાર્થિકનય અશુદ્ધ કહેવાય છે.

### ❊ છઠ્ઠો દ્રવ્યાર્થિક મોક્ષપુરુષાર્થમાં પ્રેરક ❊

[redacted] :- ભેદકલ્પનાસાપેક્ષ અશુદ્ધદ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ આત્મા અને તેના નિર્મળ ગુણ-પર્યાયો વચ્ચે ભેદ હોવાથી નિર્મળ ગુણ-પર્યાયને પ્રગટ કરવાનો પુરુષાર્થ કરવાની અત્યંત આવશ્યકતા રહેલી છે. આમ છઠ્ઠો દ્રવ્યાર્થિકનય નિર્મળ ગુણ-પર્યાયની પ્રાપ્તિ માટે પ્રેરક બને છે. જો આત્માથી તેના ગુણ-પર્યાયો સર્વથા અભિન્ન હોય તો ગુણ-પર્યાયની પ્રાપ્તિ માટે પુરુષાર્થ કરવાની કશી જ આવશ્યકતા

एव स्युः। एवञ्च मोक्षपुरुषार्थोच्छेदापत्तिः स्यात्। तत्परिहाराय भेदकल्पनासापेक्षाऽशुद्धद्रव्यार्थिकनय उपयुज्यतेतराम्। तदुपयोगेन च [1]"जम्मादिदोसरहिया होइ सदेगंतसिद्धि त्ति" (यो.श.९२) इति **योगशतके श्रीहरिभद्रसूरि**दर्शिता सिद्धिरतित्वरयाऽऽविर्भवति।।५/१५।।

રહેશે નહિ. કારણ કે આત્મા તો ધ્રુવ હોવાથી સદા પ્રાપ્ત જ છે. તેથી આત્માથી અભિન્ન ગુણો પણ પ્રાપ્ત જ થશે. તેની પ્રાપ્તિ માટે કોઈ ઉદ્યમ કરવાની આવશ્યકતા રહેશે નહિ. પરંતુ આવું માન્ય નથી. તેથી મોક્ષપુરુષાર્થનો ઉચ્છેદ ન થઈ જાય તે માટે ભેદકલ્પનાસાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિકનય અત્યન્ત ઉપયોગી બને છે. તેમજ તેના ઉપયોગથી **યોગશતક**માં દર્શાવેલ સિદ્ધિ અત્યંત ઝડપથી પ્રગટ થાય છે. ત્યાં શ્રી**હરિભદ્રસૂરિ**જીએ જણાવેલ છે કે 'જન્મ-જરા-મરણાદિ દોષથી રહિત, પારમાર્થિક અને એકાન્તે વિશુદ્ધિ સ્વરૂપ એવી સિદ્ધિ = મુક્તિ છે.' (૫/૧૫)

**લખી રાખો ડાયરીમાં.....**

- વાસના ખીણ તરફનું પતન છે.
  ઉપાસના શિખર ભણી ઉડ્ડયન છે.
- સાધના ખેતીમાં ઘાસના સ્થાને છે.
  ઉપાસના ખેતીમાં અનાજના સ્થાને છે.
- વાસના હરામનું, અણહક્કનું લેવા તલપાપડ થાય છે.
  ઉપાસના હક્કનું પણ છોડવા તત્પર છે.
- વાસના મર્યાદા તોડે છે.
  ઉપાસના મર્યાદા-શિષ્ટાચાર જાળવે છે.
- સજાવટવાળો અને જમાવટવાળો બહુ બહુ તો સાધનાના માર્ગે વળે.
  ઉપાસનામાર્ગનો યાત્રી સજાવટ-જમાવટ પ્રત્યે ઉદાસીન હોય.
- વાસના સદાચારને તોડે છે.
  ઉપાસના દુરાચારને તોડે છે.

१. जन्मादिदोषरहिता भवति सदेकान्तसिद्धिः इति।

**અન્વયદ્રવ્યાર્થિક કહિઓ, સપ્તમ એક ♦સ્વભાવો રે;**
**દ્રવ્ય એક જિમ ભાખિઈં, ગુણ-પર્યાયસ્વભાવો રે ॥૫/૧૬॥ (૭૦) ગ્યાન.**

**સાતમો અન્વયદ્રવ્યાર્થિક કહિઓ**, જે એક સ્વભાવ બોલઇ. **જિમ એક જ દ્રવ્ય ગુણ-પર્યાયસ્વભાવ (ભાખીઈં=)** કહિઇં. ગુણ-પર્યાયનઈં વિષયઈં ✦દ્રવ્યનો અન્વય છઇ.

---

द्रव्यार्थिकनयस्य सप्तमभेदमाह – '**द्रव्ये**'ति।

**अन्वयकारकः प्रोक्त एकस्वभावदर्शकः।**
**एकं द्रव्यं हि पर्याय-गुणस्वभाव उच्यते।।५/१६।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – एकस्वभावदर्शकः अन्वयकारकः (द्रव्यार्थिकः) प्रोक्तः। यथा 'एकं हि द्रव्यं पर्याय-गुणस्वभाव उच्यते' (इति वचनम्)।।५/१६।।

**एकस्वभावदर्शकः** = अभिन्नस्वभावप्रतिपादकः सप्तमः **अन्वयकारकः** द्रव्यार्थिकः = अन्वय-द्रव्यार्थिकनयः **प्रोक्तः**। उदाहरणं प्रदर्शयति – **एकं** स्वकीयं **हि** = एव द्रव्यं **पर्याय-गुणस्वभाव उच्यते**, स्वकीयसकलगुण-पर्याययोः स्वद्रव्यान्वयात्। एवकारेण अन्यद्रव्यव्यवच्छेदः बोध्यः। मनुष्य-देवादिपर्यायेषु ज्ञान-दर्शनादिगुणेषु च 'अयं जीवः, अयं जीवः' इत्येवं स्वद्रव्यम् अन्वयरूपेण गृह्णन् नयः अन्वयसापेक्षो द्रव्यार्थिकनयो भण्यते। गुण-पर्याययोः द्रव्याऽनुस्यूतत्वात् तत्स्वभावत्वं

---

[illegible] :- દ્રવ્યાર્થિકનયના સાતમા ભેદને જણાવતા ગ્રંથકારશ્રી કહે છે કે :-

**❋ સાતમા દ્રવ્યાર્થિકનું પ્રતિપાદન ❋**

**શ્લોકાર્થ** :- એકસ્વભાવનો પ્રતિપાદક અન્વયકારક દ્રવ્યાર્થિકનય (સાતમો) દ્રવ્યાર્થિક કહેવાય છે. જેમ કે એક જ દ્રવ્ય ગુણ-પર્યાયનો સ્વભાવ કહેવાય છે. (૫/૧૬)

**❀ સામાન્યલક્ષણાપ્રત્યાસત્તિજન્ય અન્વયબુદ્ધિ ❀**

[illegible] :- એકસ્વભાવને દર્શાવનાર અન્વયદ્રવ્યાર્થિકનય સાતમો દ્રવ્યાર્થિકનય કહેવાય છે. આનું ઉદાહરણ શ્લોકના ઉત્તરાર્ધમાં ગ્રંથકારશ્રી દેખાડે છે. જેમ કે 'ફક્ત એક પોતાનું જ દ્રવ્ય એ પોતાના ગુણ-પર્યાયનો સ્વભાવ કહેવાય છે' - આ વચન અન્વયદ્રવ્યાર્થિકનય તરીકે જાણવું. एव = 'જ' કાર દ્વારા અન્યદ્રવ્યની બાદબાકી જાણવી. આવું કહેવાનું કારણ એ છે કે પોતાના તમામ ગુણમાં અને તમામ પર્યાયમાં માત્ર સ્વકીય દ્રવ્યનો અન્વય હોય છે, વિજાતીય દ્રવ્યનો નહિ. મનુષ્ય, દેવ વગેરે પર્યાયોમાં તથા જ્ઞાન-દર્શનાદિ ગુણોમાં 'આ જીવ છે, આ જીવ છે' - આ પ્રમાણે અન્વયરૂપે પોતાના દ્રવ્યને ગ્રહણ કરનાર નય અન્વયસાપેક્ષ દ્રવ્યાર્થિકનય કહેવાય છે. મનુષ્યાદિમાં કે જ્ઞાનાદિમાં 'આ આકાશ છે, પુદ્ગલ છે' ઈત્યાદિ બોધ કે વ્યવહાર કદાપિ થતો નથી. આમ તે તે દ્રવ્યના તમામ ગુણ-પર્યાયમાં પ્રસ્તુત નય તે તે સ્વકીય દ્રવ્યનો અન્વય કરે છે. તેથી આ નય દ્રવ્યને ગુણ-પર્યાયનો સ્વભાવ કહે છે. ગુણ-પર્યાયો દ્રવ્યથી વણાયેલ હોવાથી ગુણ-પર્યાયનો સ્વભાવ દ્રવ્ય છે. ઘટાદિ પર્યાયો માટીદ્રવ્યથી વણાયેલ હોવાથી જ ઘડાનો સ્વભાવ

---

♦ કો.(૪)માં 'એકત્વભાવો' પાઠ. ✦ કો.(૧૩)માં 'ષડ્દ્રવ્યનો' પાઠ.

अत एव द्रव्य જાણિયેં✡, દ્રવ્યાર્થાદેશઇં "તદનુગત❖ સર્વ ગુણ-પર્યાય જાણ્યા" કહિઇં.

द्रव्यस्य। घटादिपर्यायाणां मृदादिद्रव्यानुविद्धत्वादेव तत्स्वभावत्वं मृदादेः प्रसिद्धत्वम्।

***न च*** 'द्रव्यस्वभावौ गुण-पर्यायौ' इति वैपरीत्यमेव किमिति नोच्यते ? इति ***वाच्यम्,***

द्रव्ये गुण-पर्यायान्वयस्य द्रव्यगौणत्वाऽऽपादकत्वेन द्रव्यार्थिकनये अनभिमतत्वाद्, असम्भवाच्च। विवक्षितकादाचित्कपर्यायान्वयः अव्यक्तगुणान्वयो वा शाश्वतद्रव्ये सर्वदा कथं सम्भवेत् ? न हि छद्मस्थमनुष्यजीवद्रव्ये 'अयं देवः केवलज्ञानं वा' इत्येवं स्वकीयाऽखिलपर्याय-गुणान्वयः सम्भवति। अयं हि द्रव्यार्थिकनयः। अनेन अन्वयिद्रव्यं दर्शनीयम्, न त्वन्वयिपर्यायः। पर्यायस्तु नैव अन्वयी किन्तु व्यतिरेकी। अत एव द्रव्ये ज्ञाते सति द्रव्यार्थिकनयादेशाद् 'ज्ञातद्रव्यगताः सर्वे गुणाः पर्यायाश्च ज्ञाता एवे'त्युच्यते। अयमाशयः - यो मनुष्यद्रव्यं जानाति स तद्गताऽखिलगुण -पर्यायान् मनुष्यद्रव्यतया जानाति। बालमुद्दिश्य 'अयं मनुष्य' इति प्रथमं येन ज्ञातं तेन मनुष्यतया तरुण-युव-वृद्धत्वादयः सर्वे मनुष्यपर्याया ज्ञाता एव। अत एव बाल-तरुण-युव-वृद्धत्वाद्यखिलावस्थासु

માટી કહેવાય છે. 'मार्त्तो घटः' આ વ્યવહાર પણ ઘડાના સ્વભાવરૂપે મૃત્તિકાદ્રવ્યને જણાવે છે.

**શંકા** :- (न च.) 'દ્રવ્ય ગુણ-પર્યાયનો સ્વભાવ છે' - આમ તમે જણાવો છો તેના કરતાં વિપરીતસ્વરૂપે 'ગુણ-પર્યાય દ્રવ્યના સ્વભાવ છે' - આવું કેમ ન કહી શકાય ? ગુણ-પર્યાયને દ્રવ્યના સ્વભાવ તરીકે માનવામાં કે બોલવામાં શું વાંધો છે ? બન્ને વાત આમ તો સમાન જ છે ને ?

## ✻ દ્રવ્યમાં પર્યાયનો અન્વય અનિષ્ટ ✻

**સમાધાન** :- (द्रव्ये.) તમારી દલીલ વ્યાજબી નથી. કારણ કે દ્રવ્યમાં ગુણ-પર્યાયનો અન્વય કરવો અહીં દ્રવ્યાર્થિકનયમાં ઈષ્ટ નથી. કારણ કે તેમ કરવામાં ગુણ-પર્યાય મુખ્ય બની જાય અને દ્રવ્ય ગૌણ થઈ જાય. તેમજ દ્રવ્યમાં તમામ ગુણ-પર્યાયનો અન્વય શક્ય પણ નથી. કારણ કે વિવક્ષિત પર્યાય કાદાચિત્ક છે, નશ્વર છે, અનિત્ય છે અને દ્રવ્ય શાશ્વત છે, સ્થાયી છે. તેથી નશ્વર પર્યાયનો અન્વય શાશ્વત દ્રવ્યમાં સર્વદા કઈ રીતે થઈ શકે ? તથા દ્રવ્યના બધા જ ગુણો કાયમ પ્રકટ હોતા નથી. જ્યારે દ્રવ્ય તો સદા પ્રગટ જ હોય છે. તેથી અવ્યક્ત ગુણનો પણ અન્વય દ્રવ્યમાં કાયમ થઈ શકતો નથી. છદ્મસ્થ મનુષ્યસ્વરૂપ જીવદ્રવ્યમાં 'આ દેવ છે. આ કેવલજ્ઞાન છે' - આ મુજબ પોતાના તમામ પર્યાયનો અને ગુણનો અન્વય થઈ શકતો નથી. તેમજ આ દ્રવ્યાર્થિકનય છે. અન્વયી દ્રવ્યને આ નયે જણાવવાનું છે, અન્વયી પર્યાયને નહિ. વળી પર્યાય તો અન્વયી છે પણ નહિ. પર્યાય તો વ્યતિરેકી જ છે. તેથી દ્રવ્યમાં ગુણ-પર્યાયનો અન્વય કરી ન શકાય. આથી જ દ્રવ્યનું જ્ઞાન થાય તો દ્રવ્યાર્થિકનયના અભિપ્રાયથી 'જાણેલા દ્રવ્યમાં રહેલા તમામ ગુણો અને પર્યાયો જાણેલા જ છે' - આમ કહેવાય છે. આશય એ છે કે મનુષ્યદ્રવ્યને જે જાણે છે તે મનુષ્યદ્રવ્યમાં રહેલા સર્વ ગુણ-પર્યાયને મનુષ્યસ્વરૂપે જાણે છે. બાળકને વિશે 'આ મનુષ્ય છે' - એવી બુદ્ધિ સૌપ્રથમવાર જેને થઈ હોય તેણે મનુષ્યરૂપે તરુણ, યુવાન, વૃદ્ધ વગેરે મનુષ્યદ્રવ્યના તમામ પર્યાયોને જાણેલ જ છે. તેથી જ બાળક, તરુણ, યુવાન, પીઢ, વૃદ્ધ, રોગી,

✡ પુસ્તકોમાં 'જાણિં' પાઠ. કો.(૯)નો પાઠ લીધો છે. ❖ કો.(૧૨)માં 'તદનુગતિ' પાઠ.

જિમ સામાન્ય પ્રત્યાસત્તિ* **પરવાદી** "સર્વ વ્યક્તિ જાણી" કહઈ, તિમ ઈહાં જાણવું. "**अन्वयद्रव्यार्थिकः सप्तमः**" ॥૫/૧૬॥

---

'अयं मनुष्य' इति बुद्धिः तस्य जायते। इत्थं बालपर्यायविशिष्टमनुष्यद्रव्यं यो विजानाति स द्रव्यार्थादेशतः तद्गतसकलगुण-पर्यायान् मनुष्यद्रव्याऽऽभिमुख्येन जानातीत्युच्यते। एवमन्यत्रावसेयम्।

***अथ*** बालदर्शने युवादिपर्यायसन्निकर्षविरहात्कथं तज्ज्ञानं सम्भवतीति चेत् ?

***उच्यते,*** यथा 'एकस्मिन् धूमे ज्ञाते सति धूमत्वलक्षणया सामान्यप्रत्यासत्त्या त्रिभुवनगताः सर्वे अतीतानागतवर्तमानकालीना धूमा ज्ञाता' इति नैयायिकः कथयति तथैवेहाऽवसेयम्।

अयमाशयः - (१) यथा यदेव धूमत्वं इन्द्रियसन्निकृष्टे वर्तमाने च धूमे वर्तते तदेवाऽसन्निकृष्टेषु व्यवहिताऽतिदूरस्थादिधूमेष्वतीतानागतधूमेषु चेति। तथा प्रकृतेऽपि यदेव मनुष्यद्रव्यं इन्द्रियसन्निकृष्टे बालपर्याये दृश्यते तदेव तरुण-युव-वृद्धादिपर्यायेषु समनुगतम्।

(२) यथा नैयायिकमते धूमत्वं सामान्यमुच्यते तथेह जैनमतेऽनुगतं मनुष्यद्रव्यम् ऊर्ध्वतासामान्यमुच्यते। इत्थं मनुष्यद्रव्यरूपेण एकस्मिन् बालपर्याये सन्निकृष्टे सति मनुष्यद्रव्यलक्षणोर्ध्वतासामान्यप्रत्यासत्त्या तरुण-युव-वृद्धादिपर्याया अपि सन्निकृष्टा भवन्ति।

---

નીરોગી દરેક અવસ્થામાં 'આ માણસ છે' - એવી બુદ્ધિ તે વ્યક્તિને થાય છે. આમ દ્રવ્યાર્થિકનયના આદેશથી બાલપર્યાયવિશિષ્ટ મનુષ્યદ્રવ્યને જે જાણે છે તે મનુષ્યદ્રવ્યવર્તી સર્વ ગુણ-પર્યાયને મનુષ્યદ્રવ્યપુરસ્કારથી જાણે છે - આમ કહેવાય છે. આ રીતે અન્ય દ્રવ્યમાં પણ સમજવું.

**પ્રશ્ન** :- (**अथ.**) મનુષ્ય બાળક હોય ત્યારે તરુણ, યુવાન વગેરે અવસ્થા તો છે જ નહિ. આથી બાળકને જોનાર વ્યક્તિને તરુણ, કિશોર, યુવાન આદિ પર્યાયની સાથે ઈન્દ્રિયસન્નિકર્ષ નથી. તો પછી બાળકને જોનાર વ્યક્તિ તે બધા પર્યાયને કઈ રીતે જાણી શકે ?

**ઉત્તર** :- (**उच्य.**) જેમ એક ધૂમનું જ્ઞાન થતાં ધૂમત્વસ્વરૂપ સામાન્ય પ્રત્યાસત્તિથી ત્રણે ભુવનમાં રહેલા અતીત-અનાગત-વર્તમાનકાલીન તમામ ધૂમોનું જ્ઞાન થઈ જાય છે. આ પ્રમાણે નૈયાયિક કહે છે. તેમ અહીં સમજવું.

## ✡ નૈયાયિકમત અને જૈનમત વચ્ચે સમન્વય ✡

(**अयमा.**) (૧) ચક્ષુઈન્દ્રિયસન્નિકૃષ્ટ વર્તમાનકાલીન ધૂમમાં જે ધૂમત્વ જાતિ હોય છે તે જ ધૂમત્વ જાતિ ચક્ષુઈન્દ્રિયથી અસન્નિકૃષ્ટ-(= અસંબદ્ધ) એવા દીવાલની પાછળ રહેલા ધૂમમાં, અત્યંત દૂર રહેલા ધૂમમાં, અતીત-અનાગત તમામ ધૂમમાં રહેતી હોય છે. તેમ પ્રસ્તુતમાં પણ ઈન્દ્રિય દ્વારા બાલપર્યાયમાં જે મનુષ્યદ્રવ્ય દેખાય છે તે જ મનુષ્યદ્રવ્ય ભાવી તરુણ, યુવાન, વૃદ્ધ વગેરે અવસ્થામાં રહેલું છે.

(૨) જેમ નૈયાયિકમત મુજબ ધૂમત્વ સામાન્ય કહેવાય છે તેમ પ્રસ્તુતમાં જૈનમત મુજબ અનુગત મનુષ્યદ્રવ્ય ઊર્ધ્વતાસામાન્ય કહેવાય છે. આમ મનુષ્યદ્રવ્યરૂપે બાળક સન્નિકૃષ્ટ થતાં મનુષ્યદ્રવ્યસ્વરૂપ ઊર્ધ્વતાસામાન્ય દ્વારા તરુણ, યુવાન, વૃદ્ધ વગેરે પર્યાય પણ સન્નિકૃષ્ટ થઈ જાય છે.

---

* કો.(૧૩)માં '....सत्तें' પાઠ.

(३) यथा नैयायिकेन एकस्मिन् धूमे ज्ञाते धूमत्वप्रत्यासत्त्या सम्बद्धानां सर्वेषां धूमानां ज्ञानम् अभ्युपगम्यते तथा प्रकृतान्वयद्रव्यार्थिकनयेन ऊर्ध्वतासामान्यस्वरूपप्रत्यासत्त्या सम्बद्धानां सर्वेषां गुण-पर्यायाणां ज्ञानमङ्गीक्रियते।

(४) यथा नैयायिकमते धूमत्वस्वरूपसामान्यलक्षणप्रत्यासत्त्या अतीतानागतवर्तमानकालीनाऽखिलधूमानां सामान्यरूपेणैव बोधो भवति तथा प्रकृतान्वयद्रव्यार्थिकनयवादिमते ऊर्ध्वतासामान्यलक्षणप्रत्यासत्त्या स्वद्रव्यद्यगताऽखिलगुण-पर्यायाणां स्वद्रव्यसामान्यरूपेणैव बोधः जायते।

इत्थम् एकस्मिन् द्रव्ये ज्ञाते सति तद्द्रव्यस्वभावद्वारा तदीयाः सर्वे गुणाः पर्यायाश्च ज्ञाता भवन्ति जैननये, तुल्यन्यायात्, सार्वत्रिकेषु सार्वदिकेषु चानन्तेषु धूमेषु अभिन्नधूमत्वान्वयवत् स्वद्रव्यगताऽखिलगुण-पर्यायेषु स्वद्रव्यान्वयस्याऽबाधात्। न हि सर्वेषु गुण-पर्यायेषु स्वभावविधया स्वद्रव्यं नान्वीयते। बालादौ मनुष्यद्रव्यान्वयः प्रसिद्ध एव। ततश्च नैयायिकमते सामान्यलक्षणया प्रत्यासत्त्याऽखिलधूमविषयकाऽलौकिकप्रत्यक्षमिव जैनमते अनुगतद्रव्यलक्षणोर्ध्वतासामान्यप्रत्यासत्त्या

---

(૩) મતલબ કે જેમ નૈયાયિકે એક ધૂમનું જ્ઞાન થતાં ધૂમત્વસ્વરૂપ પ્રત્યાસત્તિ દ્વારા સમ્બદ્ધ તમામ ધૂમનું જ્ઞાન માનેલ છે તેમ સાતમો અન્વયદ્રવ્યાર્થિકનય ઊર્ધ્વતાસામાન્યસ્વરૂપ પ્રત્યાસત્તિ દ્વારા સમ્બદ્ધ તમામ ગુણ-પર્યાયનું જ્ઞાન માને છે.

(૪) જેમ નૈયાયિકમતાનુસાર ધૂમત્વસ્વરૂપ સામાન્યલક્ષણા નામની પ્રત્યાસત્તિથી અતીત-અનાગત -વર્તમાન સકલજગતવર્તી ધૂમનો વિશેષરૂપે નહિ પણ સામાન્યરૂપે બોધ થાય છે, ધૂમત્વેન બોધ થાય છે, તેમ પ્રસ્તુત અન્વયદ્રવ્યાર્થિકનય મુજબ ઊર્ધ્વતાસામાન્યસ્વરૂપ પ્રત્યાસત્તિથી સ્વદ્રવ્યગત સર્વ ગુણ-પર્યાયનો વિશેષસ્વરૂપે નહિ પણ સ્વદ્રવ્યસામાન્યરૂપે બોધ થાય છે. મનુષ્યદ્રવ્યરૂપે બાળક-યુવાન-વૃદ્ધ વગેરે પર્યાયનું જ્ઞાન થાય છે. અર્થાત્ એક મનુષ્યને જાણનાર વ્યક્તિ ક્યાંય પણ બાલ-યુવક-વૃદ્ધ વગેરેને જુએ ત્યારે તેને તેમાં 'આ માણસ છે' - આવી બુદ્ધિ થાય છે.

### ❋ એકના જ્ઞાનમાં સર્વનું જ્ઞાન ❋

**(इत्थ.)** આમ એક દ્રવ્યનું જ્ઞાન થતાં તદ્દ્રવ્યસ્વભાવ દ્વારા તે દ્રવ્યના તમામ ગુણોનું અને પર્યાયોનું જ્ઞાન થાય છે. નૈયાયિકમતની અને જૈનમતની વાત પ્રસ્તુતમાં સમાન યુક્તિ ધરાવે છે. સર્વ ક્ષેત્રમાં અને સર્વ કાળમાં રહેલા અનંતા ધૂમદ્રવ્યમાં જેમ એક જ ધૂમત્વ જાતિનો અન્વય થાય છે તેમ સ્વદ્રવ્યવર્તી તમામ ગુણ-પર્યાયોમાં એક જ સ્વદ્રવ્યનો અન્વય થાય છે - આવું માનવામાં કોઈ બાધ નથી. ખરેખર, તમામ ગુણ-પર્યાયમાં સ્વભાવરૂપે સ્વદ્રવ્યનો અન્વય નથી થતો તેવું નથી. અર્થાત્ દ્રવ્યનો સ્વભાવરૂપે તેના સકલ ગુણ-પર્યાયમાં અવશ્ય અન્વય થાય છે. બાલાદિ પર્યાયોમાં મનુષ્યદ્રવ્યનો અન્વય પ્રસિદ્ધ જ છે. તેથી નૈયાયિકમતપ્રસિદ્ધ સામાન્યલક્ષણા નામની પ્રત્યાસત્તિથી જન્ય સર્વધૂમવિષયક અલૌકિક પ્રત્યક્ષની જેમ જ્ઞાતદ્રવ્યવૃત્તિ સર્વ ગુણ-પર્યાયોનું સ્વદ્રવ્યરૂપે જ્ઞાન જૈનમતે અનુગત-દ્રવ્યાત્મક

ज्ञातद्रव्यनिष्ठाऽखिलगुण-पर्यायज्ञानं स्वद्रव्यात्मना निरपायमेव। आगमसम्मतञ्चेदम्, [1]"जे एगं जाणइ से सव्वं जाणइ" (आचा.श्रु.१/३/४/१२३) इति पूर्वोक्ताद् (४/१३) **आचाराङ्गसूत्र**वचनात्। प्रमेयत्वेन य एकं प्रमेयं जानाति स सर्वं प्रमेयं प्रमेयत्वेन जानाति। जीवत्वेन य एकं नरादिकं यथार्थतया जानाति स सर्वान् नर-तिर्यगादीन् जीवत्वेन अवगच्छति। यो मनुष्यविधया एकं बालादिकं जानाति स सर्वान् बाल-तरुण-वृद्धादीन् मनुष्यरूपेण निश्चिनोत्येवेति विभावनीयम्।

इदमेवाभिप्रेत्य **माइल्लधवलेन द्रव्यस्वभावप्रकाशे** [2]"णिस्सेससहावाणं अण्णयरूवेण सव्वदव्वेहिं। विहावणाहि जो सो अण्णयदव्वत्थिओ भणिओ।।" (द्र.स्व.प्र.१९७) इत्युक्तम्। अस्या गाथाया सोपयोगित्वादस्माभिरेतद्व्याख्या क्रियते। तथाहि – 'णिस्सेससहावाणं = निःशेषस्वद्रव्यस्वभावकेषु स्वकीयाऽखिलगुणपर्यायेषु सव्वदव्वेहिं = सर्वैरेव स्व-स्वद्रव्यैः अण्णयरूवेण = अन्वयरूपेण विहावणाहि = विभावनाभिः जो = यो नयः प्रसिद्धः सो अण्णयदव्वत्थिओ = सोऽन्वयद्रव्यार्थिको भणिओ = भणितः' इति। स्वकीयाऽखिलगुण-पर्यायेषु स्व-स्वद्रव्यान्वयविभावनाद् द्रव्ये गुण-पर्यायस्वभावता अन्वयद्रव्यार्थिकनयेन प्रोच्यते इत्याशयः।

---

-ઊર્ધ્વતાસામાન્યપ્રત્યાસત્તિ દ્વારા નિર્બાધપણે સંભવી શકે છે. આ બાબત આગમસંમત પણ છે. કારણ કે પૂર્વોક્ત (૪/૧૩) **આચારાંગસૂત્ર**માં જણાવેલ છે કે 'જે એકને જાણે છે, તે સર્વને જાણે છે.' જેમ કે પ્રમેયત્વસ્વરૂપે જે એક પ્રમેયને જાણે, તે સર્વ પ્રમેયને પ્રમેયત્વરૂપે જાણે છે. જીવત્વરૂપે જે એક મનુષ્યાદિને યથાર્થસ્વરૂપે જાણે, તે તમામ મનુષ્ય-તિર્યંચ વગેરેને જીવ તરીકે ઓળખી લે છે. માણસ તરીકે એકાદ બાળક વગેરેને જાણે તે સર્વ બાળક, તરુણ, વૃદ્ધ વગેરેનો માણસ સ્વરૂપે નિશ્ચય કરી જ લે છે. આમ એક પદાર્થને જાણનાર જો સર્વ પદાર્થનો જ્ઞાતા હોય તો 'એક દ્રવ્યનો જ્ઞાતા તે દ્રવ્યમાં રહેલ સર્વ ગુણ-પર્યાયને વિવક્ષિતદ્રવ્યપુરસ્કારથી જાણે છે' - આમ કહેવામાં શું વાંધો હોઈ શકે ? આ પ્રમાણે અહીં ઘણી બાબતો વિચારવાની સૂચના દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકામાં રહેલ 'विभावनीयम्' શબ્દ દ્વારા મળે છે.

### ❖ દ્રવ્યસ્વભાવપ્રકાશ ગ્રંથની ગાથાનું સ્પષ્ટીકરણ ❖

(**इदमे.**) આ જ અભિપ્રાયથી **માઈલ્લધવલે દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે "સંપૂર્ણ એક દ્રવ્ય જેઓનો સ્વભાવ છે તેવા ગુણ-પર્યાયોમાં સર્વ સ્વદ્રવ્ય વડે અન્વયરૂપે વિભાવના કરવાથી જે નય પ્રસિદ્ધ બને છે, તે અન્વયદ્રવ્યાર્થિક કહેવાય છે." આ ગાથા અત્યંત ઉપયોગી હોવાથી અમારા દ્વારા (મુનિ યશોવિજય ગણી દ્વારા) તેની વ્યાખ્યા કરાય છે. તે આ પ્રમાણે - "તમામ ગુણ-પર્યાયોનો સ્વભાવ માત્ર એક સ્વદ્રવ્ય છે. સ્વદ્રવ્ય = પોતાનું ઉપાદાનકારણ. પોતાનું ઉપાદાનકારણીભૂત દ્રવ્ય જ જેનો સ્વભાવ છે તેવા સર્વ ગુણોમાં અને પર્યાયોમાં પોત-પોતાના ઉપાદાનકારણીભૂત સર્વ દ્રવ્ય દ્વારા અન્વયરૂપે વિભાવના કરવા દ્વારા જે નય પ્રસિદ્ધ છે તે નય અન્વયદ્રવ્યાર્થિક કહેવાયેલ છે." મતલબ કે પોતાના તમામ ગુણોમાં અને પર્યાયોમાં પોત-પોતાના ઉપાદાનકારણીભૂત દ્રવ્યના માધ્યમથી અન્વય વિચારવાના લીધે અન્વયદ્રવ્યાર્થિકનય દ્રવ્યને ગુણ-પર્યાયના સ્વભાવ તરીકે જણાવે છે.

---

1. य एकं जानाति स सर्वं जानाति। 2. निःशेषस्वभावानां अन्वयरूपेण सर्वद्रव्यैः। विभावनाभिः यः सोऽन्वयद्रव्यार्थिको भणितः।।

***एतेन*** "अन्वयद्रव्यार्थिको यथा गुण-पर्यायस्वभावं द्रव्यम्" (आ.प.पृ.७) इति **आलापपद्धतौ देवसेन**-वचनमपि ***व्याख्यातम्,*** 'गुण-पर्याययोः स्वभावः यत् तद् (द्रव्यं) गुण-पर्यायस्वभावम्' इति व्यधिकरणबहुव्रीहिसमासाऽङ्गीकारेण द्रव्ये स्वकीयसकलगुण-पर्यायस्वभावत्वस्य प्रतिपादनेन अन्वयद्रव्यार्थिकनये सर्वगुण-पर्यायेषु स्वद्रव्यान्वयग्राहकत्वोपदर्शनस्याभिप्रेतत्वात्।

इत्थमेव स्वकीयेषु सर्वेषु गुण-पर्यायेषु 'इदं द्रव्यम्, इदं द्रव्यमि'त्यनुगतबुद्धिः द्रव्यार्थादेशेन सङ्गच्छेत। इदमेवाऽभिप्रेत्य **देवसेनेन आलापपद्धतौ** "सामान्यगुणादयोऽन्वयरूपेण 'द्रव्यं, द्रव्यमि'ति द्रवति = व्यवस्थापयतीति अन्वयद्रव्यार्थिकः" (आ.प.पृ.१८) इत्युक्तम्। एतावता अन्वयरूपतया प्रतिभासमानत्वाद् अविच्छिन्नगुण-पर्यायप्रवाहं द्रव्यतया व्यवस्थापयन् नयः अन्वयद्रव्यार्थिक इति फलितम्।

**नयचक्रे** अपि **देवसेनेनैव** [1]"णिस्सेससहावाणं अण्णयरूवेण दव्व-दव्वेदि। दव्वठवणो हि जो सो

## ✤ આલાપપદ્ધતિનું સ્પષ્ટીકરણ ✤

**(एतेन.) આલાપપદ્ધતિ** ગ્રંથમાં **દેવસેનજી**એ જણાવેલ છે કે "અન્વયદ્રવ્યાર્થિક સાતમો ભેદ છે. જેમ કે 'गुण-पर्यायस्वभावं द्रव्यम्' - આવું વચન." આ વાતની પણ વ્યાખ્યા અમારા ઉપરોક્ત કથન દ્વારા થઈ જાય છે. કેમ કે વ્યધિકરણબહુવ્રીહિ સમાસનો ઉપરોક્ત સ્થળે સ્વીકાર કરીને ઉપરોક્ત સ્થળે ગુણ-પર્યાયનો સ્વભાવ જે બને છે તે દ્રવ્યને 'गुण-पर्यायस्वभावम्' આમ કહી શકાય છે. આમ 'દ્રવ્ય પોતાના તમામ ગુણ-પર્યાયનો સ્વભાવ છે'- આવું પ્રતિપાદન કરવા દ્વારા 'અન્વયદ્રવ્યાર્થિકનય સર્વ ગુણોમાં અને પર્યાયોમાં (તથા સ્વભાવોમાં) સ્વદ્રવ્યને અન્વયરૂપે ગ્રહણ કરે છે' - આ મુજબ દેખાડવું ત્યાં અભિપ્રેત છે.

## ✻ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં પરસ્પર અન્વયબુદ્ધિ ✻

**(इत्थमेव.)** દ્રવ્યને સ્વગુણ-પર્યાયનો સ્વભાવ માનવામાં આવે તો જ દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી પોતાના તમામ ગુણોને વિશે અને સ્વકીય સર્વ પર્યાયોને વિશે 'આ દ્રવ્ય છે. આ દ્રવ્ય છે' - આ પ્રમાણે અનુગતબુદ્ધિ સંગત થઈ શકે. વળી, ઉપરોક્ત રીતે ગુણ-પર્યાયોમાં દ્રવ્ય તરીકેની અનુગતબુદ્ધિ દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી થાય તો છે જ. આ અભિપ્રાયથી તો **આલાપપદ્ધતિ**માં **દેવસેનજી**એ જણાવેલ છે કે "અસ્તિત્વાદિ સામાન્ય ગુણ વગેરેને 'द्रव्यं, द्रव्यं' - આ પ્રમાણે અન્વયરૂપે વ્યવસ્થિત કરે છે તે અન્વયદ્રવ્યાર્થિક છે." અર્થાત્ અવિચ્છિન્નસ્વરૂપે ચાલી આવતા ગુણોના અને પર્યાયોના પ્રવાહની અન્વયરૂપે = અનુગતસ્વરૂપે પ્રતીતિ થવાથી તથાવિધ પ્રવાહને જે નય દ્રવ્યરૂપે સ્થાપિત કરે છે, અવિચ્છિન્ન પ્રવાહમાન ગુણ-પર્યાયને જે નય દ્રવ્ય જ માને છે તે અન્વયદ્રવ્યાર્થિકનય છે. આ વાતને ઉપરોક્ત વચન સિદ્ધ કરે છે. મતલબ કે ગુણ-પર્યાયમાં પણ દ્રવ્ય તરીકે અનુગત બુદ્ધિ અન્વયદ્રવ્યાર્થિક નયને માન્ય છે.

## ✹ નયચક્રની ગાથાનું સ્પષ્ટીકરણ ✹

**(नयचक्रे.) નયચક્ર** ગ્રંથમાં પણ **દેવસેનજી**એ જ જણાવેલ છે કે "સંપૂર્ણ સ્વદ્રવ્ય જેનો સ્વભાવ છે તેવા ગુણ-પર્યાયોમાં 'द्रव्यं, द्रव्यं' - આ પ્રમાણે અન્વયરૂપે દ્રવ્ય તરીકેની સ્થાપના જે નય કરે છે તે

1. निःशेषस्वभावानाम् अन्वयरूपेण द्रव्यं द्रव्यमिति। द्रव्यस्थापनो हि यः सोऽन्वयद्रव्यार्थिको भणितः।।

अण्णयदव्वत्थिओ भणिओ।।" (न.च.२४) इत्युक्तम्। अस्या अपि गाथायाः सोपयोगित्वादस्माभिः व्याख्या क्रियते। तथाहि – 'णिस्सेससहावाणं = निःशेषस्वद्रव्यस्वभावकेषु स्वकीयसकलगुण-पर्यायेषु, दव्व-दव्वेदि = 'द्रव्यं द्रव्यमि'ति अण्णयरूवेण = अन्वयरूपेण दव्वठवणो = द्रव्यस्थापनः = द्रव्यस्थापनाकारक इति यावत् तात्पर्यं हिः = यस्मात् जो = यः सो अण्णयदव्वत्थिओ = सोऽन्वयद्रव्यार्थिको भणिओ = भणित' इति सङ्क्षेपार्थः।

इदमत्राकूतम् – अर्थं प्रति षष्ठी-सप्तम्योः विभक्त्योरभेदाद् द्रव्यार्थादेशतो निःशेषस्वद्रव्य-स्वभावकत्वेन हेतुना सर्वेषु गुण-पर्यायेषु 'द्रव्यं, द्रव्यमि'ति अनुगतबुद्धिः जायते। इत्थं द्रव्यावस्थादि-लक्षणेषु गुण-पर्यायेषु यस्मात् कारणाद् द्रव्यस्थापनाकारी = अनुगतरूपेण द्रव्यग्राही भवति तस्मात् कारणाद् अयम् अन्वयद्रव्यार्थिकनयो भणित इति तावद् वयमवगच्छामः।

अन्यथा वा प्राज्ञैः विभिन्नपाठसङ्गतिः कार्या। एतन्नयोपयोगः त्रयोदशशाखायां (१३/३) वक्ष्यत इत्यवधेयम्।

---

અન્વયદ્રવ્યાર્થિક નય કહેવાય છે.'' આ ગાથા પણ અત્યંત ઉપયોગી છે. તેથી અમારા દ્વારા (મુનિ યશોવિજય ગણી દ્વારા) તેની વ્યાખ્યા કરાય છે. તે આ પ્રમાણે સમજવી - સંપૂર્ણ સ્વદ્રવ્ય જેનો સ્વભાવ છે તેવા સ્વકીય સમસ્ત ગુણને વિશે અને પર્યાયને વિશે 'આ દ્રવ્ય છે, આ દ્રવ્ય છે' - આ પ્રમાણે અન્વયરૂપે દ્રવ્યની સ્થાપના કરનારો જે નય હોય છે તે નય અન્વયદ્રવ્યાર્થિક કહેવાય છે. કારણ કે આ દ્રવ્યાર્થિકનય અન્વયરૂપે પોતાના અભિપ્રેત અર્થની સિદ્ધિ કરે છે. નયચક્રની ઉપરોક્ત ગાથાનો આ સંક્ષિપ્ત અર્થ છે.

### ꕥ ગુણ-પર્યાયમાં દ્રવ્યત્વનો આરોપ ꕥ

**(इदम.)** પ્રસ્તુતમાં **નયચક્ર**ની ગાથાનું તાત્પર્ય એ છે કે છઠ્ઠી વિભક્તિ અને સાતમી વિભક્તિ વચ્ચે અર્થની દૃષ્ટિએ કોઈ ભેદ નથી. તેથી ગુણ-પર્યાયને દર્શાવનાર જે શબ્દ (णिस्सेससहावाणं) **નયચક્ર**માં છઠ્ઠી વિભક્તિમાં પ્રયોજાયેલ છે તેનો સાતમી વિભક્તિરૂપે સ્વીકાર કરીને નયચક્રની ઉપરોક્ત ગાથાનું અર્થઘટન આ રીતે કરી શકાય છે કે ગુણ-પર્યાયોનો સ્વભાવ સ્વાશ્રયભૂત સંપૂર્ણ દ્રવ્ય હોવાથી તમામ ગુણ-પર્યાયોમાં 'આ દ્રવ્ય છે, આ દ્રવ્ય છે' - આવી અનુગત બુદ્ધિ ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે થતી અન્વયબુદ્ધિથી (= અનુગત બુદ્ધિથી) તે-તે ગુણ-પર્યાયમાં અનુગતસ્વરૂપે દ્રવ્યને ગ્રહણ કરનાર સાતમો દ્રવ્યાર્થિકનય બને છે. જે કારણે તે-તે ગુણ-પર્યાયોમાં અન્વય બુદ્ધિથી સાતમો દ્રવ્યાર્થિકનય દ્રવ્યનો વ્યવહાર કરે છે, તે કારણસર આ સાતમો દ્રવ્યાર્થિકનય અન્વયદ્રવ્યાર્થિક કહેવાયેલ છે. આ પ્રમાણે અમને (મુનિ યશોવિજય ગણીને) **નયચક્ર**ની ગાથાનું તાત્પર્ય જણાય છે. અમે અમારા ક્ષયોપશમ મુજબ નયચક્રની આ ગાથાની સંગતિ કરેલ છે.

### ❁ વિભિન્ન પાઠસંગતિ સ્વીકાર્ય ❁

**(अन्य.)** વિદ્વાન પુરુષો બીજી રીતે પણ વિભિન્ન પાઠની સંગતિ કરી શકે છે. દ્રવ્યાર્થિકનયના પ્રસ્તુત સાતમા ભેદનો ઉપયોગ ૧૩ મી શાખાના ત્રીજા શ્લોકમાં જણાવવામાં આવશે. આ વાત અધ્યેતાવર્ગે ખ્યાલમાં રાખવી.

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'द्रव्यमेव गुण-पर्यायस्वभाव' इति अन्वयद्रव्यार्थिकनयाभिप्रायं विज्ञाय अस्मदीयाऽखिलगुण-पर्यायेषु आत्मद्रव्यसमभिव्याप्त्यनुभूतिकृते बद्धकक्षतया भाव्यम्। अस्मदीयगुणप्रकृतिः राजसिकी तामसिकी वा न स्यात्, परं सात्त्विकी आध्यात्मिकपरिणतिसमनुविद्धा स्यात् तथा यतितव्यम्। तथैवाऽस्मदीयगुणानुभवः कार्यः। एवं मनुष्यादि-मिथ्यादृष्टिकामि-क्रुद्धादिकार्मिकपर्यायान् उपेक्ष्य 'चैतन्यस्वभावसमनुविद्धाः सम्यग्दृष्टि-देशविरति-सर्वविरति-क्षपकादि-निर्मलपर्याया मया संवेद्याः' इति दृढतया प्रणिधातव्यम्। इत्थमेव तत्त्वतः 'आत्मद्रव्यमेव गुण-पर्यायस्वभाव' इत्यबाधितानुभवसौभाग्योदयः द्रुतं सम्भवेत्। तदुत्तरञ्च [1]"जत्थ न जरा, न मच्चू, न वाहिणो, नेव परिभवो, न भयं। न य तण्हा, नेव छुहा, न पारवस्सं, न दोहग्गं।। [2]न य दीणया, न सोगो, न पियविओगो, नऽणिट्ठसंजोगो। न य सीयं, न य उण्हं, न य संतावो, न दारिद्दं।।" (आ.प.२५१-२५२) इति **आराधनापताकावर्णित**मनाबाधं सिद्धस्वरूपं प्रादुर्भवेत्।।५/१६।।

## ❁ આપણા ગુણ-પર્યાયમાં આત્મદ્રવ્યની અનુભૂતિ કરીએ ❁

**આધ્યાત્મિક ઉપનય** : - 'દ્રવ્ય જ ગુણ-પર્યાયનો સ્વભાવ છે' - આવી અન્વયદ્રવ્યાર્થિકનયની વાત જાણીને આપણા પ્રત્યેક ગુણ-પર્યાયમાં આત્મદ્રવ્ય વણાયેલ હોય તેવી પ્રતીતિ કરવા આપણે કટિબદ્ધ બનવું. આપણા ગુણોની પ્રકૃતિ રાજસપ્રકૃતિસ્વરૂપ (દા.ત. પત્ની એક સાડી માંગે ત્યારે પાંચ કિંમતી સાડી આપવા સ્વરૂપ રાજસ પ્રકૃતિવાળી ઉદારતા) કે તામસપ્રકૃતિસ્વરૂપ (દા.ત. સ્વેચ્છાપૂર્વક અનિષ્ટ તત્ત્વને પ્રોત્સાહન આપવા માટે ગુંડાઓને પુષ્કળ પૈસા આપવા સ્વરૂપ તામસપ્રકૃતિવાળી ઉદારતા) ન બને; પરંતુ તેમાં સાત્ત્વિક પ્રકૃતિ, આધ્યાત્મિક વલણ, આત્મદ્રવ્ય વણાયેલ જોવા મળે તે રીતે આપણે પ્રયત્ન કરવો જોઈએ. તે જ સ્વરૂપે આપણા ગુણનો અનુભવ આપણે કરવો જોઈએ. તેમ જ મનુષ્ય, તિર્યંચ, મિથ્યાદૃષ્ટિ, કામી, ક્રોધી વગેરે કાર્મિક પર્યાયોની (= કર્મોદયજન્ય, પ્રાયઃ કર્મબંધજનક, નિકૃષ્ટ પરિણામોની) ઉપેક્ષા કરીને તેના બદલે જેમાં ચેતનદ્રવ્ય છવાયેલ હોય તેવા સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ, સર્વવિરતિ, ક્ષપક, કેવલી વગેરે નિર્મળ પર્યાયોનો અનુભવ કરવાનું પ્રણિધાન દઢ કરવું જોઈએ. તો જ પારમાર્થિક રીતે 'આત્મદ્રવ્ય સ્વકીયગુણ-પર્યાયનો સ્વભાવ છે' - આવો અબાધિત અનુભવ કરવાનું સૌભાગ્ય ઝડપથી સંપ્રાપ્ત થઈ શકે. ત્યાર બાદ **આરાધનાપતાકા**માં વર્ણવેલ પીડારહિત સિદ્ધસ્વરૂપ પ્રગટ થાય. ત્યાં દર્શાવેલ છે કે 'સિદ્ધાત્મામાં (૧) ઘડપણ નથી, (૨) મૃત્યુ નથી, (૩) વ્યાધિ નથી, (૪) પરાભવ પામવાપણું કે કરવાપણું નથી, (૫) ભય નથી, (૬) તૃષ્ણા -તરસ નથી, (૭) ભૂખ નથી, (૮) પરવશતા નથી, (૯) દુર્ભાગ્ય નથી, (૧૦) દીનતા નથી, (૧૧) શોક નથી, (૧૨) પ્રિયવિયોગ નથી, (૧૩) અનિષ્ટ સંયોગ નથી, (૧૪) ઠંડી નથી, (૧૫) ગરમી નથી, (૧૬) સંતાપ નથી, (૧૭) દરિદ્રતા નથી.' (૫/૧૬)

1. यत्र न जरा, न मृत्युः, न व्याधयः, नैव परिभवः, न भयम्। न च तृष्णा, नैव क्षुधा, न पारवश्यम्, न दौर्भाग्यम्।।
2. न च दीनता, न शोकः, न प्रियवियोगः, नाऽनिष्टसंयोगः। न च शीतम्, न चोष्णम्, न च सन्तापः, न दारिद्र्यम्।।

**સ્વદ્રવ્યાદિકગ્રાહકો, ભેદ આઠમો ♦ભાખિઓ રે;**
**સ્વદ્રવ્યાદિક ચ્યારથી, છતો અરથ જિમ દાખિઓ રે ॥૫/૧૭॥ (૭૧) ગ્યાન.**

**સ્વદ્રવ્યાદિગ્રાહક** દ્રવ્યાર્થિક એહ **આઠમો ભેદ ભાખિઓ. જિમ અરથ** = ઘટાદિક✪ **(સ્વદ્રવ્યાદિક=)** સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાલ, સ્વભાવ - એ **ચારથી છતો (દાખીઓ=)** કહિઓ. સ્વદ્રવ્યથી = મૃત્તિકાદિકઈ✦, સ્વક્ષેત્રથી = પાટલિપુત્રાદિકઇં, સ્વકાલથી = વિવક્ષિત કાલઈં, સ્વભાવથી✲ = રક્તતાદિક ભાવઇં જ

अष्टमं द्रव्यार्थिकभेदं लक्षयति – 'स्वे'ति।

**स्वद्रव्यादिग्रहादेव द्रव्यार्थिकनयोऽष्टमः ।**
**स्वद्रव्यादिचतुष्काद्धि सन् पदार्थो यथेक्ष्यते ।।५/१७।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – स्वद्रव्यादिग्रहादेव अष्टमो द्रव्यार्थिकनयः भाषितः, यथा 'पदार्थः स्वद्रव्यादिचतुष्काद्धि सन् ईक्ष्यते' (इति वचनम्)।।५/१७॥

**स्वद्रव्यादिग्रहादेव** = स्वद्रव्य-क्षेत्र-काल-भावैः घटादेः वस्तुनोऽस्तित्वग्राहकत्वादेव **अष्टमः** स्वद्रव्यादिग्राहको **द्रव्यार्थिकनयः** भाषितः। "एवौपम्ये परिभव ईषदर्थेऽवधारणे" (अ.स.क्रो.परिशिष्ट-५५/पृ.१५०) इति **अनेकार्थसङ्ग्रहे श्रीहेमचन्द्रसूरि**वचनाद् अत्रावधारणार्थे एव ज्ञेयः। **यथा पदार्थः** = घटादिपदवाच्यः घटादिः अर्थः **स्वद्रव्यादिचतुष्काद्धि** = स्वद्रव्य-स्वक्षेत्र-स्वकाल-स्वभावलक्षणचतुष्कादेव **सन्** = अस्तित्वशाली **ईक्ष्यते** उच्यते च। मृत्तिकादिलक्षणस्वद्रव्यात्, पाटलिपुत्रादिकलक्षणस्वक्षेत्रात्,

[illegible] :- દ્રવ્યાર્થિકનયના આઠમા ભેદનું લક્ષણ ગ્રંથકારશ્રી જણાવે છે :-

**❖ સ્વદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિક : આઠમો ભેદ ❖**

[illegible] :- સ્વદ્રવ્યાદિનું ગ્રહણ કરવાથી આઠમો દ્રવ્યાર્થિકનય કહેવાયો છે. જેમ કે 'સ્વદ્રવ્ય વગેરે ચતુષ્ટયની અપેક્ષાએ પદાર્થ સત્ રૂપે દેખાય છે' - આવું વચન. (૫/૧૭)

**⁂ સાપેક્ષ અસ્તિત્વનું નિરૂપણ ⁂**

[illegible] :- સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ દ્વારા ઘટ વગેરે વસ્તુનું અસ્તિત્વ ગ્રહણ કરવાના લીધે જ આઠમો દ્રવ્યાર્થિકનય સ્વદ્રવ્યાદિગ્રાહક નય કહેવાયેલ છે. "ઉપમા, પરિભવ, અલ્પતા, અવધારણ - આટલા અર્થમાં 'एव' વપરાય" - આ પ્રમાણે **અનેકાર્થસંગ્રહ**માં **શ્રીહેમચન્દ્રસૂરિ**જીના વચન મુજબ અહીં મૂળ શ્લોકમાં રહેલ 'एव' અવધારણ (= જ) અર્થમાં-યોજેલ છે. હવે મૂળ વાત ઉપર આવીએ. જેમ કે 'ઘટ વગેરે શબ્દથી વાચ્ય ઘટ વગેરે પદાર્થ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવ - આ ચારની અપેક્ષાએ જ અસ્તિત્વ ધરાવે છે' - આ પ્રમાણે વ્યવહારમાં દેખાય છે તથા કહેવાય પણ છે. (પાટલિપુત્રમાં, વસંતઋતુમાં બનેલા લાલ માટીના ઘડાનું અસ્તિત્વ કઈ અપેક્ષાએ છે ? આ પ્રકારનો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે પ્રસ્તુત દ્રવ્યાર્થિકનય જવાબ આપે છે કે) માટીસ્વરૂપ સ્વદ્રવ્ય, પાટલિપુત્રસ્વરૂપ સ્વક્ષેત્ર, વસંતુઋતુસ્વરૂપ વિવક્ષિત સ્વકાળ

♦ મ.માં 'ભાખ્યો' પાઠ. કો.(૨)નો પાઠ લીધો છે. ✪ કો.(૯)માં 'ઘટાદિક ભાવે ઘટાદિકની' પાઠ. ✦ પુસ્તકોમાં 'મૃત્તિકાંઈ' પાઠ. કો.(૧૨)નો પાઠ લીધો છે. ✲ કો.(૧૨)માં '...ભાવ થકી' પાઠ.

ઘટાદિકની સત્તા પ્રમાણસિદ્ધ છઈ. "**स्वद्रव्यादिकग्राहको द्रव्यार्थिकः अष्टमः**" ***इति** ૭૧મી ગાથાર્થ.*
॥૫/૧૭॥

---

वासन्तिकादिलक्षणविवक्षितस्वकालाद् रक्तत्वादिलक्षणस्वभावाच्चैव घटादेरर्थस्य अस्तित्वं प्रमाणसिद्धं भवतीति वदन् अष्टमः।

तदुक्तं **देवसेनेन नयचक्रे माइल्लधवलेन** च **द्रव्यस्वभावप्रकाशे** [1]"सद्दव्वादिचउक्के संतं दव्वं खु गिण्हए जो हु। णियदव्वादिसु गाही सो, इयरो होइ विवरीओ।।" (न.च.२५, द्र.स्व.प्र.१९८) इति। इतरपदप्रतिपाद्यः नवमो द्रव्यार्थिकस्त्वनुपदमेव वक्ष्यते इत्यवधेयम्।

यथोक्तम् **आलापपद्धतौ** अपि "स्वद्रव्यादिग्राहकद्रव्यार्थिकः, यथा स्वद्रव्यादिचतुष्टयापेक्षया द्रव्यमस्ति" (आ.प.पृ.७) इति। अयमभिप्रायः – प्रतिवस्तु स्वद्रव्यादिचतुष्कापेक्षं सत्त्वम्। स्वद्रव्यादिचतुष्टयेनैव वस्तु अवतिष्ठते, तत्रैव तत्सत्त्वात्। अतः स्वद्रव्यादिचतुष्के वर्तमानस्य वस्तुनो ग्राहकः स्वद्रव्यादि-ग्राहकः द्रव्यार्थिकनय उच्यते। स्वद्रव्यादिभिः वस्तुनः सत्तापर्यायम् अष्टमो द्रव्यार्थिको गृह्णातीति भावः। एतन्नयोपयोगः त्रयोदशशाखायां (१३/१) वक्ष्यत इत्यवधेयम्।

---

અને રક્તવર્ણ સ્વરૂપ સ્વભાવ - આ ચારની અપેક્ષાએ જ વિવક્ષિત ઘટ પદાર્થનું અસ્તિત્વ પ્રામાણિક બને છે. આવું બોલનારો નય સ્વદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનય કહેવાય છે. દ્રવ્યાર્થિકનયનો આ આઠમો ભેદ છે.

**(तदुक्तं.) દેવસેનજીએ નયચક્ર**માં અને **માઈલ્લધવલે દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે "સ્વદ્રવ્યમાં, સ્વક્ષેત્રમાં, સ્વકાળમાં અને સ્વભાવમાં વર્તમાન દ્રવ્યને જે નય ગ્રહણ કરે છે તે નય સ્વદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનય છે. તેનાથી વિપરીત હોય તે પરદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનય છે." સંવાદરૂપે ઉદ્ધૃત નયચક્ર ગ્રંથની ગાથાના છેલ્લા પાદમાં રહેલ 'इयरो' શબ્દથી વાચ્ય નવમો દ્રવ્યાર્થિકનય આગલા ૧૮ મા શ્લોકમાં જણાવવામાં આવશે. આ બાબતને વાચકવર્ગે ખ્યાલમાં રાખવી.

## સ્વદ્રવ્યાદિના આધારે વસ્તુ ટકે

**(यथो.) આલાપપદ્ધતિ** ગ્રંથમાં પણ જણાવેલ છે કે "સ્વદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિક આઠમો ભેદ છે. જેમ કે 'સ્વદ્રવ્યાદિ ચારની અપેક્ષાએ દ્રવ્ય છે' - આવું વચન." કહેવાનો આશય એ છે કે પ્રત્યેક વસ્તુ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવ - આ ચારની અપેક્ષાએ જ સત્ છે. સ્વદ્રવ્યાદિચતુષ્ટયના આધારે જ વસ્તુ ટકે છે. કારણ કે સ્વદ્રવ્યાદિ ચારમાં જ વસ્તુ વિદ્યમાન હોય છે. આથી સ્વદ્રવ્યાદિ ચતુષ્ટયમાં વર્તમાન એવા દ્રવ્યને ગ્રહણ કરનાર નય સ્વદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનય કહેવાય છે. સ્વદ્રવ્ય વગેરે ચાર તત્ત્વના માધ્યમથી વસ્તુની સત્તા = અસ્તિત્વપરિણતિ નામના પર્યાયને આઠમો દ્રવ્યાર્થિકનય ગ્રહણ કરે છે. દ્રવ્યાર્થિકનયના પ્રસ્તુત આઠમા ભેદનો ઉપયોગ કઈ રીતે થાય ? તે વાત તેરમી શાખાના પ્રથમ શ્લોકમાં જણાવવામાં આવશે. આ વાતને વિજ્ઞ વાચકવર્ગે ખ્યાલમાં રાખવી.

---

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી.ફક્ત લા.(૨)માં છે.

1. सद्द्रव्यादिचतुष्के सद्द्रव्यं खलु गृह्णाति यो हि। निजद्रव्यादिषु ग्राही स इतरो भवति विपरीतः।।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'सर्वपदार्थाऽस्तित्वं स्वद्रव्यादिचतुष्टयापेक्षम्' इति सिद्धान्तो व्यवहारे इत्थं प्रयोज्यः यदुत केनचिद् अस्मदीयनाणक-गृहाऽऽपणादौ आच्छिन्ने अस्मदीयम् अस्तित्वं न भयग्रस्तं सम्पद्यते, नाणकादेः परद्रव्यत्वात्, गृहापणादेश्च परक्षेत्रत्वात्। निश्चयतः स्वात्मप्रदेशा एव स्वक्षेत्रम्। नाणक-गृहापणादेः पूर्वं पश्चाच्च आत्मनः सत्त्वाद् नात्मास्तित्वं तदधीनं येन तद्वियोगादितः शोकादिकं कर्तव्यं स्यात्। 'गौण-मुख्ययोः मुख्ये सम्प्रत्ययः कार्यः' इति न्यायेन स्वात्मास्तित्वं निभालनीयम्। तथा आत्मास्तित्वस्य स्वभावाधीनत्वाद् विभावदशाद्यावर्तनिमज्जनतः स्वास्तित्वं स्वानुभूत्यपेक्षया भयग्रस्तं न स्यात् तथा सततं जागरूकतया भाव्यम्। ततश्च [1]"नाणमणंतं ताणं दंसण-चारित्त-वीरियसणाहं। सुहुमा निरंजणा ते अक्खयसोक्खा परमसिद्धा।।" (कु.मा.पं.अं.३३१) इति **कुवलयमालायाम् उद्योतनसूरि**वर्णितं सिद्धस्वरूपम् आशु प्रादुर्भवेत्।।५/१७।।

### ❀ આઠમો દ્રવ્યાર્થિક સમાધિ ટકાવવા ઉપયોગી ❀

[redacted] :- સ્વદ્રવ્યાદિ ચારની અપેક્ષાએ જ પ્રત્યેક પદાર્થનું અસ્તિત્વ હોય છે. આનો અર્થ એ થયો કે કોઈ આપણા પૈસા-મકાન-દુકાન પડાવી લે તો તેનાથી આપણું અસ્તિત્વ જોખમાતું નથી. કારણ કે રૂપિયા પરદ્રવ્ય છે, આત્મદ્રવ્ય નથી. તથા જગ્યા, મકાન કે દુકાન એ પરક્ષેત્ર છે, આત્મક્ષેત્ર નથી. નિશ્ચયથી તો આત્મપ્રદેશો જ સ્વક્ષેત્ર છે. રૂપિયા કે મકાન ઉત્પન્ન થયા ન હતા ત્યારે પણ આત્માનું અસ્તિત્વ હતું. રૂપિયાનો અને મકાનનો નાશ થયા પછી પણ આત્માનું અસ્તિત્વ ટકે છે. આત્માનું અસ્તિત્વ રૂપિયા, જમીન, મકાન, દુકાન વગેરેને આધીન નથી કે જેના લીધે રૂપિયા વગેરેના વિયોગમાં આપણે શોક કરવો પડે. ગૌણ અને મુખ્ય વસ્તુમાં મુખ્યને સંભાળવી - આ ન્યાયથી રુચિપૂર્વક નિજ આત્મદ્રવ્યના અસ્તિત્વને સંભાળવું. તેથી પરદ્રવ્ય-ક્ષેત્રાદિના વિનાશ નિમિત્તે શોક કે ઉદ્વેગ કરવો નહિ. તથા સ્વભાવના આધારે પોતાનું અસ્તિત્વ ટકે છે આ વાતને લક્ષમાં રાખી વિભાવદશામાં કે દોષોમાં અટવાઈને પોતાનું અસ્તિત્વ સ્વાનુભૂતિની દૃષ્ટિએ જોખમાઈ ન જાય તે માટે સાધકે સતત સાવધ રહેવું. તેના લીધે **કુવલયમાળા**માં દર્શાવેલ સિદ્ધસ્વરૂપ ઝડપથી પ્રગટે. ત્યાં પાંચ અંતગડકેવલીની આરાધનાનું વર્ણન કરવાના અવસરે શ્રી**ઉદ્યોતનસૂરિ**જીએ જણાવેલ છે કે "તે સિદ્ધ ભગવંતોનું અનંત જ્ઞાન ખરેખર દર્શન-ચારિત્ર-શક્તિથી યુક્ત હોય છે. તે પરમસિદ્ધાત્માઓ સૂક્ષ્મ, નિરંજન અને શાશ્વતસુખયુક્ત હોય છે." (૫/૧૭)

(લખી રાખો ડાયરીમાં.....)

**• વાસના પરમાત્માથી દૂર જવા એકાંતને પેદા કરે છે.**
**ઉપાસના પ્રભુની સમીપ આવવા એકાંતને શોધે છે, પ્રગટાવે છે.**

1. ज्ञानमनन्तं तेषां दर्शन-चारित्र-वीर्यसनाथम्। सूक्ष्मा निरञ्जनाः तेऽक्षयसौख्याः परमसिद्धाः।।

**પરદ્રવ્યાદિકગ્રાહકો, ♦નવમો ભેદ✡ તેમાંહી રે;**

**પરદ્રવ્યાદિક ચ્યારથી, અર્થ છતો જિમ⁸ નાંહી રે ॥૫/૧૮॥ (૭૨) ગ્યાન.**

**તેમાંહિં** = દ્રવ્યાર્થિકમાંહિ, **પરદ્રવ્યાદિગ્રાહક નવમો ભેદ** કહિઓ છઈ. **જિમ અર્થ** ઘટાદિક, **પર દ્રવ્યાદિક ૪ થી છતો નહીં.** પર દ્રવ્ય = તંતુપ્રમુખ, તેહથી ઘટ અસત્ કહીઈ, પર ક્ષેત્ર ●જે કાશીપ્રમુખ તેહથી*, પર કાલ = ✻જે અતીત-અનાગત કાલ; તેહથી♦, પરભાવથી = □કાલાદિક ભાવઈં વિવક્ષિત

नवमं द्रव्यार्थिकभेदमाह – '**परे**'ति।

**परद्रव्यादिकग्राही द्रव्यार्थो नवमो नयः।**

**परद्रव्यादितः सन्न पदार्थो हि यथोच्यते।।५/१८।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – परद्रव्यादिकग्राही नवमो द्रव्यार्थः नयः। यथा 'परद्रव्यादितः पदार्थः न हि सन् उच्यते'।।५/१८।।

द्रव्यार्थिकनयेषु दशसु मध्ये खलु **परद्रव्यादिकग्राही** = परद्रव्यादिसापेक्षनास्तित्वपर्यायग्राहको **नवमो द्रव्यार्थः** = द्रव्यार्थिकाभिधानो **नयः** कथितः। **यथा परद्रव्यादितः** = परद्रव्य-परक्षेत्र -परकाल-परभावलक्षणचतुष्टयतः **पदार्थः** घटादिः **न हि** = नैव **सन्** इति **उच्यते**। "हि हेताववधारणे" (वै.को.८/७/९ पृ.२१५) इति पूर्वोक्त(२/२+५/३)**वैजयन्तीकोशानुसारेण** अत्रावधारणे हिः ज्ञेयः। तन्तुलक्षणपरद्रव्यात्, काशीप्रमुखलक्षणपरक्षेत्रात्, अतीतानागतलक्षणपरकालात्, श्यामादिलक्षणपरभावाच्च

**અવતરણિકા** :- હવે ગ્રંથકારશ્રી દ્રવ્યાર્થિકનયના નવમા ભેદને જણાવે છે :-

### ✻ પરદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિક : નવમો ભેદ ✻

**શ્લોકાર્થ** :- પરદ્રવ્ય વગેરેને ગ્રહણ કરનાર નવમો દ્રવ્યાર્થિકનય છે. જેમ કે 'પરદ્રવ્યાદિની અપેક્ષાએ પદાર્થ સત્ નથી કહેવાતો' - આવું વચન. (૫/૧૮)

### ✡ સાપેક્ષ નાસ્તિત્વને ઓળખીએ ✡

**વ્યાખ્યાર્થ** :- દ્રવ્યાર્થિકનયના દશ ભેદની અંદર જે દ્રવ્યાર્થિકનય પરદ્રવ્યાદિસાપેક્ષ નાસ્તિત્વ પર્યાયનું ગ્રહણ કરે તે દ્રવ્યાર્થિકનયનો નવમો ભેદ કહેવાયેલ છે. જેમ કે 'પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ અને પરભાવ - આ ચાર તત્ત્વની અપેક્ષાએ ઘટ વગેરે પદાર્થ સત્ નથી જ કહેવાતા' - આ વચન નવમો દ્રવ્યાર્થિકનય કહેવાય. "હેતુ અને અવધારણ અર્થમાં 'हि' વપરાય" - આ મુજબ પૂર્વોક્ત (૨/૨+૫/૩) **વૈજયંતીકોશ**સંદર્ભ અનુસારે અહીં અવધારણ અર્થમાં 'हि' જાણવો. (પાટલિપુત્રમાં, વસંતઋતુમાં બનેલા માટીના લાલ ઘડાનું અસ્તિત્વ શું સર્વ દ્રવ્યાદિની અપેક્ષાએ છે ? આ પ્રકારે પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે) 'તંતુસ્વરૂપ પરદ્રવ્ય, કાશી વગેરે પરક્ષેત્ર, અતીત-અનાગતસ્વરૂપ પરકાળ અને શ્યામ વર્ણ વગેરે પરભાવ - આ ચારની અપેક્ષાએ વિવક્ષિત ઘટાદિ પદાર્થનું

♦ મ.માં 'નવમ' પાઠ. કો.(૩+૪)નો પાઠ લીધો છે. ✡ કો.(૧)માં 'નવ ગુણ પર્યાય છતઈ તે માંહિ રે' પાઠ છે. ⁸ B(૨)માં 'કિમ' પાઠ. ● પુસ્તકોમાં 'જે' નથી. કો.(૯) + લા.(૨)માં છે. * મો.(૧)માં 'તેરથી પર, પરકાલ' પાઠ. ✻ પુસ્તકમાં 'જે' નથી. કો.(૧૨+૧૩)માં છે. ♦ આ.(૧)માં 'ભેદથી' પાઠ. □ કો.(૧૩)માં 'કાલિક' પાઠ.

વિષયઈ અછતા પર્યાય તેહથી. "**परद्रव्यादिग्राहको द्रव्यार्थिको नवमः भेदः**[§]"।

***इति** ૭૨મી ગાથાર્થ.* ॥૫/૧૮॥

विवक्षितो घटादिः पदार्थः नास्त्येवेति वादी परद्रव्यादिग्राहको नवमो द्रव्यार्थिकः ज्ञेयः। परद्रव्यादिभिः वस्तुनो नास्तित्व-पर्यायं नवमो द्रव्यार्थिको गृह्णातीति तात्पर्यम्।

तदुक्तम् **आलापपद्धतौ** "परद्रव्यादिग्राहकद्रव्यार्थिकः, यथा – परद्रव्यादिचतुष्टयापेक्षया द्रव्यं नास्ति" (आ.प.पृ.७) इति। एतन्नयोपयोगः त्रयोदशशाखायां (१३/१) वक्ष्यत इत्यवधेयम्। परद्रव्यादिचतुष्टयापेक्षया वस्तुनोऽसत्त्वं कथम् ? इति तु चतुर्थशाखायामुक्तमिति (४/९) न पुनरुच्यते।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'कस्याऽपि वस्तुनः परद्रव्य-क्षेत्राद्यधीनमस्तित्वं नास्ति' इति नवमद्रव्यार्थिकनयाभिप्रायं जानानः आत्मार्थी भोजन-वस्त्र-गृह-नाणक-देहसौन्दर्यादिपरद्रव्य-क्षेत्रादिवियोगे विह्वलो न भवति, सदा परद्रव्यादिसंरक्षणाद्यायासतः स्वभाव-स्वगुणादिप्रातिकूल्येन न वर्तते, परद्रव्यादि-ममतादिना पापकर्माणि न निबध्नाति। ततश्च "यत्र न जरा मरणम्, न भवः, न च परिभवः, न च क्लेशः"(आत्मा.७४) इति **आत्मानुशासने पार्श्वनागगणिनोक्तम्** अनाबाधं सिद्धस्वरूपमाविर्भवेत्।।५/१८।।

અસ્તિત્વ નથી જ' - આ પ્રમાણે બોલનાર પરદ્રવ્યાદિગ્રાહક નવમો દ્રવ્યાર્થિકનય જાણવો. તાત્પર્ય એ છે કે પરદ્રવ્ય, પરક્ષેત્ર વગેરેની અપેક્ષાએ વસ્તુના નાસ્તિત્વ પર્યાયને નવમો દ્રવ્યાર્થિક નય ગ્રહણ કરે છે.

### ❖ પરદ્રવ્યાદિસાપેક્ષ નાસ્તિત્વ ❖

(**तदु.**) તેથી **આલાપપદ્ધતિ**માં જણાવેલ છે કે "પરદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનો નવમો ભેદ જાણવો. જેમ કે 'પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ અને પરભાવ - આ ચાર તત્ત્વની અપેક્ષાએ દ્રવ્ય વિદ્યમાન નથી' - આવું વચન." દ્રવ્યાર્થિકનયના પ્રસ્તુત નવમા ભેદનો ઉપયોગ તેરમી શાખાના પ્રથમ શ્લોકમાં જણાવવામાં આવશે. આ વાતને વાચકવર્ગે ખ્યાલમાં રાખવી. 'પરદ્રવ્ય-ક્ષેત્રાદિ ચારની અપેક્ષાએ વસ્તુ કઈ રીતે અસત્ = અવિદ્યમાન છે ?' - આ બાબતની વિસ્તારથી છણાવટ ચોથી શાખાના નવમા શ્લોકમાં સપ્તભંગીના બીજા ભાંગાની વિચારણાના અવસરે કરેલ હોવાથી અહીં ફરીથી તેનું પુનરાવર્તન કરતા નથી. સ્મૃતિબીજને દૃઢ કરવા માટે વાચકવર્ગ ત્યાં પુનઃ દૃષ્ટિપાત કરી શકે છે.

### ❖ વિભાવદશાથી અટકો ❖

[redacted] :- નવમા દ્રવ્યાર્થિકનયના અભિપ્રાયથી 'પરદ્રવ્ય-ક્ષેત્રાદિની અપેક્ષાએ કોઈ પણ વસ્તુનું અસ્તિત્વ નથી હોતું' - આ પ્રમાણે જાણતો આત્માર્થી સાધક રોટી-કપડા-મકાન-સત્તા-સંપત્તિ-સ્વાસ્થ્ય-સૌંદર્ય વગેરે પરદ્રવ્ય-ક્ષેત્રાદિના વિયોગમાં વિહ્વળ ન બને. તેને સાચવવાની કાયમ મથામણ કરવામાં સ્વભાવને-સ્વગુણને ગુમાવવાની ભૂલ ન કરે. તેના પ્રત્યે મમત્વભાવને કરવા દ્વારા પાપકર્મબંધ કરી ન બેસે. આ સાવધાની રાખવાની સૂચના આ શ્લોક દ્વારા પ્રાપ્ત થાય છે. તેનાથી **આત્માનુશાસન**માં જણાવેલ પીડારહિત સિદ્ધસ્વરૂપ પ્રગટ થાય. ત્યાં **પાર્શ્વનાગગણી**એ જણાવેલ છે કે 'એ સિદ્ધગતિમાં ઘડપણ, મોત, સંસાર, પરાભવ અને ક્લેશ નથી.' (૫/૧૮)

§ પુસ્તકોમાં '**भेदः**' પાઠ નથી. ફક્ત કો.(૧૩)માં છે. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી.ફક્ત કો.(૧૩) + લા.(૨)માં છે.

▸હિવઈં આત્મ જ્ઞાનસ્વરૂપ કહઈ છઈં◂-

**પરમભાવગ્રાહક કહિઓ, દસમો જસ અનુસારો રે;**

**♦જ્ઞાનસ્વરૂપી આતમા, ગ્યાન સર્વમાં સારો રે ॥૫/૧૯॥ (૭૩)** ગ્યાન.

**દસમો** દ્રવ્યાર્થિક **પરમભાવગ્રાહક કહિઓ**, (**જસ**) જેહ નયનઈં **અનુસારઈં આત્મા જ્ઞાનસ્વરૂપ** કહિઈં છઈ. દર્શન, ચારિત્ર, વીર્ય, લેશ્યાદિક આત્માના અનંતગુણ છઈ, પણિ **સર્વમાં જ્ઞાન સાર** = ઉત્કૃષ્ટ છઈ.

दशमं द्रव्यार्थिकनयं तदनुरोधाच्च आत्मनो ज्ञानरूपतां निरूपयति - '**अन्त्य**' इति।

**अन्त्यो द्रव्यार्थ उक्तो हि, परमभावगोचरः।**

**ज्ञानस्वरूप आत्मोक्तो ज्ञानस्य गुणसारता।।५/१९।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् - अन्त्यः द्रव्यार्थः हि परमभावगोचरः उक्तः। (तदनुसारेण) आत्मा ज्ञानस्वरूप उक्तः (यतः) ज्ञानस्य गुणसारता।।५/१९।।

**अन्त्यः** = दशमः **द्रव्यार्थः** = द्रव्यार्थिकनयः **परमभावगोचरः** = परमभावग्राहक **उक्तः**। शुद्धाऽशुद्धतयाऽस्य द्वौ भेदौ त्रयोदशशाखायां (१३/५) दर्शयिष्येते। परमभावग्राहकनयानुसारेण तु **आत्मा ज्ञानस्वरूपः** = चिद्रूपः **हि** = एव **उक्तः**। "हि पादपूरणे हेतौ विशेषेऽप्यवधारणे" (मे.को. अव्यय-८६/पृ.१८६) इति **मेदिनीकोशा**नुसारेण अत्राऽवधारणे हिः व्याख्यातः। आत्मनः खलु दर्शन-चारित्र-वीर्य-लेश्यादयोऽनन्ता गुणाः सन्ति तथापि **ज्ञानस्य गुणसारता** = गुणश्रेष्ठता। सर्वेषु आत्मगुणेषु ज्ञानमुत्कृष्टगुण इत्याशयः। इदमेवाभिप्रेत्य **तत्त्वार्थराजवार्त्तिके अकलङ्काचार्येण** "चैतन्यमेव

**અવતરણિકા** :- હવે ગ્રંથકારશ્રી દ્રવ્યાર્થિકનયના અંતિમ = દશમા ભેદને દર્શાવે છે તથા દશમા દ્રવ્યાર્થિકનયના અનુસારે 'આત્મા જ્ઞાનસ્વરૂપ છે' - આવું પણ ૧૯ મા શ્લોક દ્વારા જણાવે છે :-

*** પરમભાવગ્રાહક દ્રવ્યાર્થિક : દશમો ભેદ ***

**શ્લોકાર્થ** :- છેલ્લો દ્રવ્યાર્થિકનય પરમભાવવિષયક કહેવાય છે. તે મુજબ આત્મા જ્ઞાનસ્વરૂપ કહેવાય છે. કારણ કે જ્ઞાન = શુદ્ધ ચૈતન્ય એ આત્માના સર્વ ગુણમાં શ્રેષ્ઠ છે. (૫/૧૯)

**● જીવ ચૈતન્યસ્વરૂપ ●**

**વ્યાખ્યાર્થ** :- છેલ્લો = દશમો દ્રવ્યાર્થિકનય પરમભાવગ્રાહક કહેવાય છે. પરમભાવગ્રાહક નયના બે ભેદ છે. શુદ્ધ અને અશુદ્ધ. આ વાત આગળ ૧૩ મી શાખાના પાંચમા શ્લોકમાં જણાવાશે. પરમભાવગ્રાહક નયના મત મુજબ તો આત્મા જ્ઞાનસ્વરૂપ = ચિદ્રૂપ જ કહેવાય છે. "પાદપૂર્તિ, હેતુ, વિશેષ, અવધારણ અર્થમાં 'हि' વપરાય" - આમ જણાવનાર **મેદિનીકોશ** મુજબ અહીં મૂળ શ્લોકમાં રહેલ 'हि' અવધારણ = જ અર્થમાં દર્શાવેલ છે. જો કે દર્શન, જ્ઞાન, ચારિત્ર, વીર્ય, લેશ્યા વગેરે અનંતા ગુણો આત્મામાં રહેલા છે. તેમ છતાં પણ આત્માના સર્વ ગુણોમાં જ્ઞાન ગુણ શ્રેષ્ઠ છે. અર્થાત્ જ્ઞાન જીવનો ઉત્કૃષ્ટ ગુણ છે. આ જ અભિપ્રાયથી **તત્ત્વાર્થરાજવાર્ત્તિક**માં દિગંબર આચાર્ય **અકલંકસ્વામીએ**

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૨)માં છે. ♦ પુસ્તકોમાં 'ગ્યાન' પાઠ. કો.(૫)નો પાઠ લીધો છે.

અન્ય દ્રવ્યથી આત્માનઈં ભેદ જ્ઞાનગુણઈં દેખાડિઈં છઈં, તે માટઈં શીઘ્રોપસ્થિતિકપણઈં આત્માનો જ્ઞાન તે પરમભાવ છઈ.

---

वा जीवपदार्थः" (त.रा.वा.२/७/६) इत्युक्तम्।

अयमाशयः – आत्मनि दर्शन-चारित्रादिषु अन्यगुणेषु सत्स्वपि 'दर्शनमेव जीवपदार्थः, चारित्रमेव आत्मा' इत्यनुक्त्वा 'चैतन्यमेव जीवपदार्थः' इत्युक्तमिति गुणान्तरेभ्यः ज्ञानस्याभ्यर्हितत्वं सिध्यति। यथोक्तं **वीरसेना**चार्येणाऽपि **जयधवला**भिधानायां **कषायप्राभृतवृत्तौ** "चेतनालक्षणो जीवः" (क.प्रा.पुस्तक-१, पेज्जदोस. गा.१४/ज.ध.पृ.१९४) इति। तदुक्तं **सिद्धिविनिश्चये अकलङ्कस्वामिना**ऽपि "तदयं चेतनो ज्ञाता संवेदनात्मा प्रतिक्षणम्" (सि.वि.८/३७ भाग-२/पृ.५८०) इति।

***न च*** कस्माद् ज्ञानम् उत्कृष्टगुणः इति ***शङ्कनीयम्,*** आगमे अन्यद्रव्येभ्य आत्मनो भेदस्य ज्ञानगुणेन दर्शितत्त्वात्।

'आत्मनि दर्शन-चारित्रादयो गुणाः सन्ति' इत्यपि ज्ञानादेव अवसीयते। अत उपजीव्यत्त्वाद् ज्ञानस्यैव प्रधानात्मगुणत्वं सिध्यति। ज्ञानगुणस्यैव क्लृप्तपुद्गलादिद्रव्येभ्य आत्मनि व्यतिरिक्तत्व-

---

આત્મસ્વરૂપ અંગે બીજો વિકલ્પ બતાવતા જણાવેલ છે કે "જીવ શબ્દનો અર્થ ચૈતન્ય જ છે."

(**अय.**) કહેવાનો આશય એ છે કે આત્માના દર્શન, જ્ઞાન, ચારિત્ર, વીર્ય વગેરે અનંત ગુણો હોવા છતાં 'જીવ પદનો અર્થ દર્શન જ છે કે ચારિત્ર જ છે' - આવું કહેવાના બદલે 'જીવ પદનો અર્થ ચૈતન્ય = જ્ઞાન જ છે' - આ પ્રમાણે **અકલંકઆચાર્ય**એ જણાવેલ છે. તે સિદ્ધ કરે છે કે જીવના બીજા ગુણો કરતાં જ્ઞાન ગુણ ચઢિયાતો છે. **વીરસેનાચાર્ય**એ પણ **કષાયપ્રાભૃત**ની **જયધવલા** વ્યાખ્યામાં જણાવેલ છે કે 'ચેતના જીવનું લક્ષણ છે.' **અકલંકસ્વામી**એ પણ **સિદ્ધિવિનિશ્ચય**માં જણાવેલ છે કે 'પ્રતિક્ષણ સંવેદના જેનો સ્વભાવ છે તેવો આ આત્મા ચેતન જ્ઞાતા છે.'

### જ્ઞાન ગુણ સર્વ ગુણોમાં શ્રેષ્ઠ

(**न च.**) 'જ્ઞાન ગુણ શા માટે ઉત્કૃષ્ટ ગુણ છે ?' આવી શંકા ન કરવી. કારણ કે 'અન્ય દ્રવ્યો કરતાં આત્મદ્રવ્ય ભિન્ન છે' - આ બાબતની સિદ્ધિ આગમમાં જ્ઞાન ગુણ દ્વારા કરવામાં આવેલી છે.

### જ્ઞાન ઉપજીવ્ય, દર્શનાદિ ઉપજીવક

(**'आत्म.**) જો કે આત્મામાં દર્શન આદિ ગુણો પણ રહેલા છે જ. પરંતુ 'આત્મામાં દર્શન, ચારિત્ર વગેરે ગુણો રહેલા છે' - આ વાત પણ જ્ઞાનથી જ જણાય છે. આમ જ્ઞાન દ્વારા જ આત્મામાં દર્શન, ચારિત્ર વગેરે અન્ય ગુણોની સિદ્ધિ થાય છે. આથી જ્ઞાન ઉપજીવ્ય (= ટેકો આપનાર કે જણાવનાર કે સાધક) છે. જ્યારે દર્શન, ચારિત્ર આદિ ગુણો ઉપજીવક (= ટેકો લેનાર કે જણાનાર) છે. આમ દર્શન, ચારિત્ર આદિ ગુણો માટે જ્ઞાન ગુણ ઉપજીવ્ય છે. તેથી 'જ્ઞાન જ આત્મામાં મુખ્ય ગુણ છે' - એવું સિદ્ધ થાય છે. વળી, જ્ઞાન ગુણ દ્વારા જ પ્રમાણસિદ્ધ પુદ્ગલ આદિ જડ દ્રવ્ય કરતાં જીવદ્રવ્ય ભિન્ન સિદ્ધ થાય છે. આમ જ્ઞાન ગુણ જ પુદ્ગલ આદિ દ્રવ્યો કરતાં આત્માને ભિન્ન તરીકે સિદ્ધ કરે

साधकत्वेन शीघ्रोपस्थितिकत्वात् परमभावरूपत्वम् असाधारणगुणत्वलक्षणं सिध्यति।

परेषामपि सम्मतमिदम्। अत एव **अणुभाष्यप्रकाशवृत्तौ** "ज्ञानधर्मकत्वेऽपि ज्ञानस्वरूपः" (अणु.प्र.२/३/१८) इत्युक्तम्। इत्थञ्च 'आत्मा सुखस्वरूपः शक्तिस्वरूपो वा' इत्यनुक्त्वा ज्ञानस्वरूपतया आत्मा परैरप्युदर्श्यते तदपि गुणान्तरेभ्यो ज्ञानस्य प्राधान्यं साधयितुं पर्याप्तम्।

अत एव **शिवसूत्रे** "चैतन्यम् = आत्मा" (शि.सू.१/१) इत्युक्तम्। तदाशयमुद्घाटयता **अभिनवगुप्तेन ईश्वरप्रत्यभिज्ञाविमर्शिन्याम्** "विमर्शः (= चैतन्यम्) एव प्रधानमात्मनो रूपम्। अमुमेव हेतुं प्रयोजनरूपम् उद्दिश्य आत्मा धर्मिस्वभावो द्रव्यभूतोऽपि चैतन्यमिति धर्मवाचिना शब्देन सामानाधिकरण्यम्" (ई.प्र.वि.१/५/१२) इत्युक्तम्।

"चैतन्यं = ज्ञानम्" (अ.व्य.द्वा.का.८ स्या.म.पृ.४०) इति **अन्ययोगव्यवच्छेदद्वात्रिंशिकावृत्तौ स्याद्वादमञ्जर्यां मल्लिषेणसूरयः**।

---

છે. યદ્યપિ દર્શનાદિ ગુણો પણ જીવમાં જ રહે છે, પુદ્ગલાદિમાં નહિ. તેમ છતાં 'આત્મા' શબ્દ બોલતાં જ તેના જ્ઞાન ગુણની ઉપસ્થિતિ શીઘ્ર થાય છે. આથી જ જ્ઞાન આત્માનો અસાધારણ ગુણ કહેવાય છે. આથી અસાધારણ ગુણત્વસ્વરૂપ પરમભાવરૂપતા જ્ઞાન ગુણમાં સિદ્ધ થાય છે.

### પરદર્શનની સંમતિ

**(परेषा.)** અન્યદર્શનકારોને પણ આ વાત સંમત છે. તેથી જ **અણુભાષ્યપ્રકાશવૃત્તિ**માં જણાવેલ છે કે 'જ્ઞાન આત્માનો ગુણધર્મ હોવા છતાં આત્મા જ્ઞાનસ્વરૂપ છે.' આત્માને સુખસ્વરૂપ કે શક્તિસ્વરૂપ કહેવાના બદલે જ્ઞાનસ્વરૂપ જણાવેલો છે. આ વાત પણ આત્માના જ્ઞાન ગુણને મુખ્ય સિદ્ધ કરવા પર્યાપ્ત છે.

### ✡ ચૈતન્ય એટલે આત્મા : શિવસૂત્ર ✡

**(अत एव.)** જ્ઞાન આત્માનો અસાધારણ ગુણ હોવાથી **શિવસૂત્ર**માં પણ જણાવેલ છે કે 'ચૈતન્ય એટલે આત્મા.' શિવસૂત્રકારના આશયનું રહસ્યઉદ્ઘાટન કરતા **અભિનવગુપ્ત** નામના વિદ્વાને **ઈશ્વરપ્રત્યભિજ્ઞાવિમર્શિની** ગ્રંથમાં જણાવેલ છે કે "વિમર્શ અર્થાત્ ચૈતન્ય જ આત્માનું મુખ્ય સ્વરૂપ છે. પ્રયોજનસ્વરૂપ આ જ હેતુને ઉદ્દેશીને **શિવસૂત્ર**માં "ચૈતન્ય એવા ગુણધર્મવાચક શબ્દની સાથે સમાન વિભક્તિ ધરાવનાર 'आत्मा' શબ્દ વડે આત્માનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. વાસ્તવમાં તો આત્મા દ્રવ્ય છે, ગુણ નથી. આથી આત્મા ધર્મીસ્વભાવવાળો કહેવાય, ધર્મસ્વભાવવાળો નહિ. તેમ છતાં 'चैतन्यं आत्मा'- આ પ્રમાણે સમાનવિભક્તિકત્વસ્વરૂપ સામાનાધિકરણ્યથી ગર્ભિત એવો વાક્યપ્રયોગ શિવસૂત્રમાં કરવામાં આવેલ છે. તે 'જ્ઞાનમાં આત્મસમકક્ષતા રહેલી છે' - તેવું દર્શાવે છે. આથી 'જ્ઞાન આત્માનું મુખ્ય સ્વરૂપ છે' - તેવું ફલિત થાય છે."

### ❖ ચૈતન્ય એટલે જ્ઞાન ❖

**("चैतन्य.)** કલિકાલસર્વજ્ઞ શ્રી**હેમચંદ્રસૂરિ** મહારાજે **અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા** પ્રકરણની રચના કરેલી છે. તેના ઉપર શ્રી**મલ્લિષેણસૂરિ** મહારાજે **સ્યાદ્વાદમંજરી** નામની વ્યાખ્યા રચેલી છે. વ્યાખ્યામાં

ઈમ બીજાઈં દ્રવ્યના પરમભાવ અસાધારણ ગુણ લેવા. "**परमभावग्राहको द्रव्यार्थिकः दशमः *ज्ञातव्यः**" । **इति** ૭૩મી ગાથાનો અર્થ જાણવો.* ॥૫/૧૯॥

इत्थमन्यद्रव्येष्वपि परमभावविधया असाधारणगुणा ग्राह्याः।

तदुक्तम् **आलापपद्धतौ** "परमभावग्राहकद्रव्यार्थिकः, यथा ज्ञानस्वरूप आत्मा। अत्राऽनेकस्वभावानां मध्ये ज्ञानाख्यः परमस्वभावो गृहीतः" (आ.प.पृ.७) इति। **नयचक्रे द्रव्यस्वभावप्रकाशे** च "[1]गिण्हइ दव्वसहावं असुद्धसुद्धोवयारपरिचत्तं। सो परमभावगाही णायव्वो सिद्धिकामेण।।" (न.च.२६, द्र.स्व.प्र.१९९) इत्युक्तम्। एतन्नयोपयोगश्च वक्ष्यते त्रयोदशशाखायां (१३/५) इत्यवधेयम्।

इत्थमत्र (१) कर्मोपाधिनिरपेक्षः शुद्धद्रव्यार्थिकः, (२) उत्पाद-व्ययनिरपेक्षसत्ताग्राहकः शुद्धद्रव्यार्थिकः, (३) भेदकल्पनानिरपेक्षः शुद्धद्रव्यार्थिकः, (४) कर्मोपाधिसापेक्षोऽशुद्धद्रव्यार्थिकः, (५) उत्पाद-व्ययसापेक्षः सत्ताग्राहकोऽशुद्धद्रव्यार्थिकः, (६) भेदकल्पनासापेक्षोऽशुद्धद्रव्यार्थिकः, (७) अन्वयद्रव्यार्थिकः, (८) स्वद्रव्यादिग्राहको द्रव्यार्थिकः, (९) परद्रव्यादिग्राहको द्रव्यार्थिकः,

તેઓશ્રીએ જણાવેલ છે કે 'ચૈતન્ય એટલે જ્ઞાન.' તેથી શિવસૂત્રકાર 'ચૈતન્ય' શબ્દ દ્વારા જ્ઞાનને જ આત્માના મુખ્ય સ્વરૂપ તરીકે દર્શાવે છે. આ વાત એકદમ સ્પષ્ટ થઈ જાય છે.

**(इत्थ.)** જે રીતે આત્માના પરમભાવરૂપે જ્ઞાન ગુણની વાત કરી તે રીતે અન્ય દ્રવ્યોમાં પણ પરમભાવરૂપે યથાયોગ્ય અસાધારણ ગુણો સમજી લેવા.

### * આત્મા જ્ઞાનસ્વરૂપ *

**(तदुक्त.)** દ્રવ્યાર્થિકના દશમા ભેદને જણાવતા **આલાપપદ્ધતિ**માં જણાવેલ છે કે "પરમભાવગ્રાહક દ્રવ્યાર્થિકનય દશમો ભેદ છે. જેમ કે 'આત્મા જ્ઞાનસ્વરૂપ છે' - આવું વચન. જો કે આત્મામાં તો દર્શન, ચારિત્ર વગેરે અનેક સ્વભાવો રહેલા છે. તેમ છતાં અંતિમ દ્રવ્યાર્થિકનયમાં જ્ઞાન નામનો પરમ સ્વભાવ જ ગ્રહણ કરવામાં આવેલ છે." **નયચક્ર** અને **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે "અશુદ્ધ, શુદ્ધ અને ઉપચરિત સ્વભાવથી રહિત પરમ દ્રવ્યસ્વભાવને જે નય ગ્રહણ કરે છે તે પરમભાવગ્રાહક દ્રવ્યાર્થિકનય છે. મોક્ષની કામનાવાળા સાધકે તેને જાણવો જોઈએ." પ્રસ્તુત પરમભાવગ્રાહક દ્રવ્યાર્થિકનયનો ઉપયોગ આગળ તેરમી શાખાના પાંચમા શ્લોકમાં કહેવાશે. વાચકવર્ગે આ વાત ખ્યાલમાં રાખવી.

### ✡ દ્રવ્યાર્થિકના દશ પ્રકાર ✡

**(इत्थमत्र.)** આ રીતે પ્રસ્તુત પાંચમી શાખામાં ઉદાહરણ સહિત દશ પ્રકારના દ્રવ્યાર્થિકનયની વ્યાખ્યા કરવામાં આવેલ છે. તે દશ ભેદના નામ આ મુજબ સમજવા. (૧) કર્મોપાધિનિરપેક્ષ શુદ્ધ દ્રવ્યાર્થિક, (૨) ઉત્પાદ-વ્યયનિરપેક્ષ સત્તાગ્રાહક શુદ્ધ દ્રવ્યાર્થિક, (૩) ભેદકલ્પનાનિરપેક્ષ દ્રવ્યાર્થિક, (૪) કર્મોપાધિસાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિક, (૫) ઉત્પાદ-વ્યયસાપેક્ષ સત્તાગ્રાહક અશુદ્ધ દ્રવ્યાર્થિક, (૬) ભેદકલ્પનાસાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિક, (૭) અન્વય-દ્રવ્યાર્થિક, (૮) સ્વદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિક, (૯) પરદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિક

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી.ફક્ત લા.(૨)માં છે.

1. गृह्णाति द्रव्यस्वभावम् अशुद्ध-शुद्धोपचारपरित्यक्तम्। स परमभावग्राही ज्ञातव्यः सिद्धिकामेन।।

(१०) परमभावग्राहकश्च द्रव्यार्थिकः इति दशधा द्रव्यार्थिकनयो व्याख्यातः सोदाहरणम्।

तत्स्थापना चेयम् –




**देवसेना**नुयायिना **शुभचन्द्रेण कार्त्तिकेयानुप्रेक्षावृत्तौ** (गा.२६९) इत्थमेव सोदाहरणं दशविधो द्रव्यार्थिको निरूपितः।

**देवचन्द्रवाचकैः आगमसारे** (पृ.१६) **बुद्धिसागरसूरि**भिश्च **षड्द्रव्यविचारे** (पृ.२०) अन्यरीत्या दशविधो द्रव्यार्थिको दर्शितः। तदुक्तं गुर्जरभाषानिबद्धे **आगमसारे** "(१) नित्यद्रव्यार्थिकः सर्वाणि द्रव्याणि नित्यानि आह। (२) एकद्रव्यार्थिकः अगुरुलघुगुण-क्षेत्रनिरपेक्षतया मूलगुणं पिण्डतया गृह्णाति। (३) सद्द्रव्यार्थिकः

---

અને (૧૦) પરમભાવગ્રાહક દ્રવ્યાર્થિક.

**(तत्स्था.)** દ્રવ્યાર્થિકનયના દશ ભેદનો નકશો ઉદાહરણ સહિત પરામર્શકર્ણિકામાં દર્શાવેલ છે. તે અત્યંત સ્પષ્ટ છે. તેથી તેને અહીં 'કર્ણિકાસુવાસ' ગુજરાતી વ્યાખ્યામાં ફરીથી દેખાડતા નથી. વાચકવર્ગ ત્યાં દષ્ટિપાત કરી શકે છે.

### ✤ શુભચંદ્રજી દેવસેનજીના અનુયાયી ✤

**(देवसे.)** **દેવસેન**ના મતને અનુસરનારા **શુભચંદ્ર** નામના દિગંબર વિદ્વાને **કાર્ત્તિકેયાનુપ્રેક્ષાવૃત્તિ**માં આ જ પ્રમાણે ઉદાહરણસહિત દશ પ્રકારના દ્રવ્યાર્થિકનયનું નિરૂપણ કરેલ છે.

### ✤ અન્યવિધ દશ દ્રવ્યાર્થિકનો નિર્દેશ ✤

**(देवच.)** પરંતુ ઉપાધ્યાય શ્રી**દેવચન્દ્રજી**એ **આગમસાર**માં તથા **બુદ્ધિસાગરસૂરિજી**એ **ષડ્દ્રવ્યવિચાર** ગ્રંથમાં બીજી રીતે દશવિધ દ્રવ્યાર્થિકનયને જણાવેલ છે. ગુજરાતી ભાષામાં શ્રી**દેવચન્દ્ર** ઉપાધ્યાયજીએ રચેલ **આગમસાર**માં જણાવેલ છે કે :- "(૧) નિત્યદ્રવ્યાર્થિક સર્વ દ્રવ્યોને નિત્ય કહે છે. (૨) એકદ્રવ્યાર્થિક તો અગુરુલઘુગુણની અને ક્ષેત્રની અપેક્ષા કર્યા વિના દ્રવ્યના મૂલ ગુણને પિંડપણે ગ્રહણ કરે છે. (૩) જ્ઞાનાદિ ગુણોથી સર્વ જીવો એકસરખા છે. માટે સત્ દ્રવ્યાર્થિકનય તે સર્વને એક જીવ કહે. તે નય

ज्ञानादिगुणैः सर्वजीवानां तुल्यतया ऐक्यमाह। स स्वद्रव्यादिकं गृह्णाति सल्लक्षणञ्च द्रव्यमाह। (४) वक्तव्यद्रव्यार्थिकः द्रव्ये वाच्यगुणानङ्गीकरोति। (५) अशुद्धद्रव्यार्थिकः आत्मानमज्ञमाह। (६) अन्वयद्रव्यार्थिकः सर्वद्रव्याणां गुण-पर्याययुक्ततामाह (७) परमद्रव्यार्थिकः सर्वजीवानां मौलं सत्त्वम् एकं दर्शयति। (८) शुद्धद्रव्यार्थिकः सर्वेषाम् आत्मनाम् अष्टरुचकप्रदेशान् शुद्धान् आह। (९) सत्ताद्रव्यार्थिकः सर्वजीवानाम् असङ्ख्यातप्रदेशान् तुल्यान् मन्यते। (१०) परमभावग्राहकद्रव्यार्थिकः गुण-गुणिनोरैक्यमाह। यथा – आत्मा ज्ञानरूप" (आ.सा.पृ.१५ + १६) इत्यवधेयम्।

अत्र "(१) द्रव्य-पर्यायौ धर्म-धर्मिणौ वा प्रधानाऽप्रधानरूपेण स्वगोचरीकृत्य वस्तुसमूहार्थप्रतिपादको नैगमद्रव्यार्थिकनयः, (२) अभेदरूपेण एकीकृत्य वस्तुजातग्राहकः सङ्ग्रहद्रव्यार्थिकनयः, (३) सङ्ग्रहगोचरार्थं भेदरूपेण व्यवहरन् व्यवहारद्रव्यार्थिकनयः" (त. नि. प्रा. स्तम्भः ३६/पृ.७२८) इति **तत्त्वनिर्णयप्रासादप्रबन्धः** स्मर्तव्यः।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – शुद्धचैतन्यलक्षणपरमजीवभावोपलब्धेरेव परमलक्ष्यत्वात् शुद्ध-सहजाऽनावृतचैतन्यस्वरूपगोचरां रुचिं परिशील्य तदुपलब्ध्यनुकूलस्वभूमिकोचितशुद्धाऽऽचरणपरायणतया मोक्षार्थिभिः भाव्यम्। एतत्प्रणिधानं सुदृढतया कार्यं सर्वैरेव आत्मार्थिभिः। तत्प्रकर्षे च

---

સ્વદ્રવ્યાદિને ગ્રહણ કરે છે. તે દ્રવ્યનું લક્ષણ સત્ કહે છે. તે સદ્લક્ષણવાળું દ્રવ્ય માને છે. (૪) દ્રવ્યમાં કહેવા યોગ્ય ગુણોનો અંગીકાર કરે તે વક્તવ્યદ્રવ્યાર્થિક. (૫) આત્માને અજ્ઞાની કહે તે અશુદ્ધદ્રવ્યાર્થિક. (૬) સર્વ દ્રવ્ય ગુણ-પર્યાયસહિત છે - તેમ કહે તે અન્વયદ્રવ્યાર્થિક. (૭) સર્વ જીવોની મૂલ સત્તા એક કહે તે પરમદ્રવ્યાર્થિક. (૮) સર્વ જીવોના આઠ રુચકપ્રદેશોને નિર્મલ કહે તે શુદ્ધદ્રવ્યાર્થિક. (૯) સર્વ આત્માઓના અસંખ્યાત પ્રદેશોને એક સરખા માને તે સત્તાદ્રવ્યાર્થિક. (૧૦) પરમભાવગ્રાહક દ્રવ્યાર્થિક ગુણ-ગુણીને એક કહે છે. જેમ કે 'આત્મા જ્ઞાનસ્વરૂપ છે'- આવું કથન."

### દ્રવ્યાર્થિકના અન્ય ત્રણ ભેદ

(**अत्र.**) પ્રસ્તુતમાં **તત્ત્વનિર્ણયપ્રાસાદ** ગ્રંથમાં **વિજયાનંદસૂરિજી**એ (= **આત્મારામજી** મહારાજે) એક પ્રબંધ જણાવેલ છે. તે ઉપયોગી હોવાથી યાદ કરવા યોગ્ય છે. ત્યાં તેઓશ્રીએ કહેલ છે કે "(૧) દ્રવ્ય-પર્યાયને કે ધર્મ-ધર્મીને મુખ્ય-ગૌણભાવે પોતાનો વિષય બનાવીને વસ્તુના સમૂહાર્થને જે જણાવે તે નૈગમદ્રવ્યાર્થિકનય છે. (૨) અભેદરૂપે એક કરીને વસ્તુના સમૂહને ગ્રહણ કરે તે સંગ્રહદ્રવ્યાર્થિકનય છે. (૩) સંગ્રહનયના વિષયભૂત અર્થનો ભેદસ્વરૂપે વ્યવહાર કરે તે વ્યવહારદ્રવ્યાર્થિકનય છે." દ્રવ્યાર્થિકનયના પૂર્વોક્ત દશપ્રકારની સાથે ઉપરોક્ત ત્રણ પ્રકારનું અનુસંધાન વાચકવર્ગે કરવું.

### ચૈતન્યસ્વરૂપની રુચિ કેળવીએ

**આધ્યાત્મિક ઉપનય** :- શુદ્ધ ચૈતન્ય જીવનો પરમ ભાવ છે. તેથી તેની ઉપલબ્ધિ એ જ જીવનું પરમ ધ્યેય છે. શુદ્ધ, સહજ, અનાવૃત ચૈતન્ય સ્વરૂપની દૃઢ રુચિ કેળવી તે પ્રાપ્ત થાય તે રીતે સ્વભૂમિકા-યોગ્ય શુદ્ધ આચરણમાં લાગી જવું તે જ મોક્ષાર્થી જીવનું કર્તવ્ય છે. આ બાબતનું પ્રણિધાન દરેક આત્માર્થી જીવે દૃઢતાપૂર્વક કરવું જોઈએ. તે પ્રણિધાનનો પ્રકર્ષ થતાં, મહામુનિ **મહાનિશીથસૂત્ર**માં વર્ણવેલ મોક્ષને

[1]"जत्थ णं न जरा, न मच्चू, न वाहिओ, णो अयसऽब्भक्खाण-संतावुव्वेग-कलि-कलह-दरिद्द-दंद-परिकेसं, ण इट्ठविओगो ! किं बहुणा ? एगंतेण अक्खय-धुव-सासय-निरुवम-अणंतसोक्खं मोक्खं" (म.नि.अ.८/४५/पृ.२६०) इति **महानिशीथे** वर्णितं मोक्षं मङ्क्षु महामुनिः लभते ।।५/१९।।

इति श्रीवर्धमानतपोनिधि-न्यायविशारद-स्वर्गस्थगच्छाधिपतिश्रीमद्विजय**भुवनभानुसूरीश्वर**शिष्यरत्न-पद्ममणितीर्थोद्धारक-पार्श्वप्रज्ञालयतीर्थप्रेरक-पंन्यासप्रवरश्री**विश्वकल्याणविजयगणिवर**शिष्य-मुनि**यशोविजयगणि**रचितस्य **द्रव्य-गुण-पर्यायरासा**नुसारिणो **द्रव्यानुयोगपरामर्शस्य परामर्शकर्णिका**ऽभिधानायां स्वरचितवृत्तौ पञ्चमशाखायां **नय-प्रमाणाऽपेक्षभेदाभेदसिद्धि-द्रव्यार्थिकनयनिरूपणा**भिधानः पञ्चमः अधिकारः।।५।।

---

મેળવે છે. ત્યાં મોક્ષનું સ્વરૂપ આ પ્રમાણે જણાવેલ છે કે 'જ્યાં (૧) ઘડપણ નથી, (૨) મૃત્યુ નથી, (૩) વ્યાધિઓ નથી, (૪) અપયશ નથી, (૫) દોષારોપણ નથી, (૬) સંતાપ નથી, (૭) ઉદ્વેગ નથી, (૮) કલિ-યુદ્ધ-સંઘર્ષ નથી, (૯) કલહ નથી, (૧૦) દરિદ્રતા નથી, (૧૧) રતિ-અરતિ વગેરે દ્વન્દ્વો નથી, (૧૨) પરિક્લેશ-સંક્લેશ નથી, (૧૩) ઈષ્ટવિયોગ નથી.વધારે શું કહીએ ? એકાન્તે (૧૪) અક્ષય, (૧૫) ધ્રુવ, (૧૬) શાશ્વત, (૧૭) નિરુપમ અને (૧૮) અનન્ત સુખ મોક્ષમાં છે.' આવો મોક્ષ ઝડપથી મેળવવા જેવો છે. (૫/૧૯)

પૂજ્યપાદ વર્ધમાનતપોનિધિ ન્યાયવિશારદ
સ્વ. ગચ્છાધિપતિ શ્રીમદ્ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજાના
શિષ્યરત્ન પૂજ્યવર્ય પદ્મમણિતીર્થોદ્ધારક પાર્શ્વપ્રજ્ઞાલયતીર્થપ્રેરક
પંન્યાસપ્રવરશ્રી **વિશ્વકલ્યાણવિજયજી** ગણિવરના
શિષ્યાણુ મુનિ **યશોવિજય** ગણી દ્વારા
સ્વરચિત ***'દ્રવ્યાનુયોગપરામર્શ'*** (*દ્રવ્ય-ગુણ-પર્યાયરાસ* અનુસારી) ગ્રંથની
***'પરામર્શકર્ણિકા'*** નામની સ્વરચિત વૃત્તિની પાંચમી શાખાના
***'કર્ણિકાસુવાસ'*** નામના ગુજરાતી વિવરણમાં
***'નય-પ્રમાણસાપેક્ષભેદાભેદસિદ્ધિ-દ્રવ્યાર્થિકનયનિરૂપણ'*** નામનો
પાંચમો અધિકાર પૂર્ણ થયો.

**❃ પાંચમી શાખા સમાપ્ત ❃**

---

1. यत्र णं न जरा, न मृत्युः, न व्याधयः, नो अयशोऽभ्याख्यान-सन्तापोद्वेग-कलि-कलह-दरिद्र(ता)-द्वन्द्व-परिक्लेशाः, न इष्टवियोगः। किं बहुना ? एकान्तेन अक्षय-ध्रुव-शाश्वत-निरुपमाऽनन्तसौख्यं मोक्षं (लभेत)।

## ❁ શાખા - ૫ અનુપ્રેક્ષા ❁

**પ્ર.૧ નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ આપો.**

૧. વિવિધ ગ્રંથોના આધારે જ્ઞાનની મુખ્યતા જણાવો.
૨. દ્રવ્યાસ્તિક અને પર્યાયાસ્તિક ઉભયનો સ્વીકાર કરવા છતાં વૈશેષિક દર્શન મિથ્યા શા માટે છે ?
૩. પર્યાયાર્થિકનયના ગૌણ-મુખ્ય અર્થ જણાવો.
૪. શુદ્ધ દ્રવ્યાર્થિક નયના ત્રણ પ્રકાર સમજાવો.
૫. શબ્દશક્તિમૂલક વ્યંજના અને અર્થશક્તિમૂલક વ્યંજનાની ઓળખાણ કરાવો.
૬. સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિને આધારે નૈયાયિકમતનો અને જૈનમતનો સમન્વય કરો.
૭. દ્રવ્યાસ્તિકનયના અંતિમ ચાર પ્રકાર જણાવો.
૮. દ્રવ્યાર્થિકનયનો ચોથો, પાંચમો અને છઠ્ઠો પ્રકાર અશુદ્ધ દ્રવ્યાર્થિક નય શા માટે કહેવાય છે ?
૯. લક્ષણાનું નિયામક શું છે ? લક્ષણામાં બાધક શું છે ? ઉદાહરણ દ્વારા સમજાવો.

**પ્ર.૨ નીચેના પ્રશ્નોના સંક્ષેપથી જવાબ આપો ?**

૧. ભગવતીસૂત્રમાં જણાવેલ આત્માના આઠ પ્રકાર જણાવો.
૨. 'વ્યંજનાવૃત્તિ' શબ્દનો પરિચય આપો.
૩. આલાપપદ્ધતિમાં બતાવેલ નય-ઉપનય તથા તેના અવાંતર ભેદ જણાવો.
૪. અન્વયદ્રવ્યાર્થિકનયની વ્યાખ્યા જણાવો.
૫. શબ્દમાં રહેલ શક્તિ અને લક્ષણા વિશે ઉદાહરણ દ્વારા પરિચય આપો.
૬. દ્રવ્ય-ગુણ-પર્યાયનું પ્રતિપાદન સકલાદેશ અને વિકલાદેશ કેવી રીતે કરે છે ?
૭. પ્રતિતંત્ર સિદ્ધાંત એટલે શું ?
૮. સુનય-દુર્નયની ઓળખાણ કરાવો.
૯. દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય વસ્તુની પ્રતિપાદકતામાં શું તફાવત કરે છે ?
૧૦. માર્ગણાસ્થાન અને ગુણસ્થાનની અપેક્ષાએ સંસારી જીવના પ્રકાર જણાવો.

**પ્ર.૩ વાક્ય સાચું છે કે ખોટું ? ખોટું હોય તો સુધારીને લખો.**

૧. જ્ઞાન આત્મસ્વરૂપ છે.
૨. ઘડામાં રહેલ રક્તત્વ જાતિ એ ગુણ છે.
૩. નયનો વ્યવહિત સંકેત લક્ષણા નામની વૃત્તિનો નિયામક છે.
૪. જમીન ઉપર ઘડો રહે છે તેમ દ્રવ્યમાં ગુણ રહેતા નથી.
૫. સ્વભાવમાં વર્તમાન દ્રવ્યને પરદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનય ગ્રહણ કરે છે.
૬. સર્વ નયોનો સમાહાર પ્રમાણ છે.
૭. **'मृण्मयः घटः'** વાક્ય માટી અને ઘટ વચ્ચે ભેદને જણાવે છે.

૮. દેવસેનમત અનુસારે ત્રણ નય અને નવ ઉપનય છે.

૯. **'द्रव्य-गुण-पर्यायाणां कथञ्चिद् भेद एव'** - આ વાક્ય પર્યાયાર્થિકનયનું છે.

૧૦. જીવના સર્વ ગુણોમાં ચારિત્રગુણ શ્રેષ્ઠ છે.

**પ્ર.૪ યોગ્ય જોડાણ કરો.**

| | |
|---|---|
| ૧. સ્યાદ્વાદમંજરી | ૧. નયવાક્ય |
| ૨. વાદમહાર્ણવ | ૨. વિચારણા |
| ૩. વિકલાદેશ | ૩. અશુદ્ધ દ્રવ્યાર્થિકનય |
| ૪. માર્ગણા | ૪. સમાનતંત્ર સિદ્ધાંત |
| ૫. નૈયાયિક-વૈશેષિક | ૫. દ્રવ્યસ્વભાવપ્રકાશ |
| ૬. સકલાદેશ | ૬. અભયદેવસૂરિ |
| ૭. ગુણ-ગુણીમાં અભેદ | ૭. શ્વેતાંબર-દિગંબર |
| ૮. ગુણ-ગુણીમાં ભેદ | ૮. પ્રમાણવાક્ય |
| ૯. સમાનતંત્રસિદ્ધાંત | ૯. મલ્લિષેણસૂરિ |
| ૧૦. નયચક્ર | ૧૦. શુદ્ધ દ્રવ્યાર્થિકનય |

**પ્ર.૫ ખાલી જગ્યા પૂરો**

૧. અષ્ટસહસ્રી ગ્રંથના રચયિતા ------ છે. (હેમચંદ્રસૂરિ, વિદ્યાનંદસૂરિ, દેવનન્દી આચાર્ય)

૨. ઈશ્વરપ્રત્યભિજ્ઞાવિમર્શિની ગ્રંથના રચયિતા ------ છે. (અભિનવગુપ્ત, માધ્વાચાર્ય, વનમાલિમિશ્ર)

૩. પ્રવચનસાર ગ્રંથના રચયિતા ----- છે. (પૂજ્યપાદ, કુંદકુંદસ્વામી, વિદ્યાનંદસૂરિ)

૪. સદ્ભૂતવ્યવહારનય એ ----- છે. (નૈગમનય, સંગ્રહનય, ઉપનય)

૫. દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિએ દ્રવ્ય અને પર્યાયનો અભેદ ---- છે. (ઉપચરિત, કાલ્પનિક, પારમાર્થિક)

૬. ------ વ્યવચ્છેદ દ્વાત્રિંશિકા ઉપર સ્યાદ્વાદમંજરી નામની વ્યાખ્યા મળે છે. (અયોગ, અન્યયોગ, ઉભયયોગ)

૭. ----- તંત્ર ઉલૂકરચિત છે. (નૈયાયિક, વૈશેષિક, સાંખ્ય)

૮. ----- ના બે સ્વરૂપ પ્રસિદ્ધ છે - જ્ઞાનસ્વરૂપ અને શબ્દસ્વરૂપ. (નય, નિક્ષેપ, પ્રમાણ)

૯. આત્માનો જ્ઞાન ગુણ ------ છે. (ઉપજીવ્ય, ઉપજીવક, સામાન્ય)

---

નોંધ :- પ્રસ્તુત અનુપ્રેક્ષાના ઉત્તરો માટે જુઓ - ભાગ ૭, પરિશિષ્ટ-૧૭.

**પૂજ્યપાદ સ્વ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.શ્રીની કલમમાંથી નીતરેલ અમૃત**

૧. પરમતેજ ભાગ-૧,૨ (લલિતવિસ્તરા વિવેચન)
૨. ગુણસેન અગ્નિશર્મા (સમરાદિત્ય ભવ - ૧)
૩. સિંહ અને આનંદ (સમરાદિત્ય ભવ - ૨)
૪. જાલિની અને શીખીકુમાર (સમરાદિત્ય ભવ-૩)
૫. રુકમી રાજાનું પતન અને ઉત્થાન ભાગ-૧,૨
૬. યશોધરમુનિ ચરિત્ર ભાગ-૧,૨
૭. ધ્યાન અને જીવન ભાગ-૧,૨
૮. ધ્યાન શતક (વિવેચન)
૯. સીતાજીના પગલે પગલે ભાગ-૧,૨
૧૦. નવપદ પ્રકાશ (અરિહંત પદ)
૧૧. નવપદ પ્રકાશ (સિદ્ધ પદ)
૧૨. નવપદ પ્રકાશ (આચાર્ય-ઉપાધ્યય પદ)
૧૩. મહાસતી મદનરેખા
૧૪. અમીચંદની અમીદૃષ્ટિ
૧૫. મહાસતી ઋષિદત્તા ભાગ-૧,૨
૧૬. મહાસતી દેવસિકા
૧૭. જો જે ડૂબી જાય ના
૧૮. પ્રારબ્ધ ઉપર પુરુષાર્થનો વિજય
૧૯. જૈન ધર્મનો પરિચય
૨૦. પરમાત્મભક્તિ રહસ્ય
૨૧. બાર ભાવના ભાવાર્થ (સજ્ઝાય)
૨૨. જીવનનાં આદર્શ
૨૩. માનવનાં તેજ
૨૪. જીવન સંગ્રામ
૨૫. રજકણ
૨૬. યોગદૃષ્ટિ સમુચ્ચય (વ્યાખ્યાનો) ભાગ-૧,૨
૨૭. મનના મિનારેથી મુક્તિના કિનારે ભાગ-૧,૨
૨૮. ગાગરમાં સાગર
૨૯. તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશી
૩૦. ઉપદેશ માળા - અર્થ
૩૧. ન્યાય ભૂમિકા
૩૨. તાપ હરે તનમનનાં
૩૩. પ્રતિક્રમણ સૂત્ર ચિત્ર આલબમ
૩૪. પીવત ભરભર પ્રભુ ગુણ પ્યાલા
૩૫. અમૃતકણ
૩૬. ક્ષમાપના
૩૭. ગણધરવાદ
૩૮. આત્માનું સૌંદર્ય અને સતી દમયંતી
૩૯. વાર્તાવિહાર
૪૦. ઉચ્ચપ્રકાશના પંથે (પંચસૂત્ર)
૪૧. ચૈત્યવંદન સૂત્ર પ્રકાશ (આરાધના)
૪૨. દિવ્ય તત્ત્વચિંતન ભાગ - ૧
૪૩. દિવ્ય તત્ત્વચિંતન ભાગ - ૨
૪૪. આહાર શુદ્ધિ પ્રકાશ
૪૫. જૈન ધર્મનો સરળ પરિચય ભાગ - ૨
૪૬. નિશ્ચય-વ્યવહાર
૪૭. અરિહંત પરમાત્માની ઓળખાણ
૪૮. માર્ગાનુસારી જીવન યાને જીવન ઉત્થાન
૪૯. યોગદૃષ્ટિ સમુચ્ચય પીઠિકા
૫૦. ધર્મ આરાધનાના મૂળ તત્ત્વો (ષોડશક)
૫૧. જૈન ધર્મના કર્મસિદ્ધાંતનું વિજ્ઞાન
૫૨. તત્ત્વાર્થ ઉષા
૫૩. પ્રકરણ દોહન
૫૪. તપધર્મના અજવાળા
૫૫. ભાવભર્યા સ્તવન સજ્ઝાય
૫૬. સચિત્ર મહાવીર ચરિત્ર (ગુજરાતી/હિન્દી)
૫૭. અમૃતક્રિયાના દિવ્યમાર્ગે
૫૮. સચિત્ર તત્ત્વજ્ઞાન બાળપોથી (ગુજરાતી/હિન્દી)
૫૯. પ્રેરણા
૬૦. પળમાં પાપને પેલે પાર
૬૧. નમસ્કાર મહામંત્રનો ઉપોદ્ઘાત
૬૨. ઉપધાનતપ માહિતી
૬૩. પ્રીતની રીત
૬૪. પ્રભુનો પંથ
૬૫. બારવ્રત
૬૬. ઝણઝણે તાર દિલના
૬૭. કડવાફળ છે ક્રોધનાં
૬૮. પીવત ભરભર પ્રભુગુણ પ્યાલા

## • 'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ' - ભાગ ૧ થી ૭ની પૃષ્ઠસૂચિ •


| ભાગ | ઢાળ/શાખા | પૃષ્ઠ |
|---|---|---|
| (૧) | ૧ + ૨ | ૧-૨૪૨ |
| | ૧. દ્રવ્યાનુયોગ માહાત્મ્ય | ૧-૮૬ |
| | ૨. દ્રવ્ય-ગુણ-પર્યાય ભેદસિદ્ધિ | ૮૭-૨૪૨ |
| (૨) | ૩ + ૪ + ૫ | ૨૪૩-૬૭૪ |
| | ૩. દ્રવ્ય-ગુણ-પર્યાય અભેદસિદ્ધિ | ૨૪૩-૩૫૮ |
| | ૪. દ્રવ્ય-ગુણ-પર્યાય ભેદાભેદસિદ્ધિ + સપ્તભંગી સ્થાપન | ૩૫૯-૫૬૨ |
| | ૫. નય-પ્રમાણસાપેક્ષ ભેદાભેદસિદ્ધિ + દ્રવ્યાર્થિકનયનિરૂપણ | ૫૬૩-૬૭૪ |
| (૩) | ૬ + ૭ + ૮ | ૬૭૫-૧૧૦૪ |
| | ૬. દિગંબરસંમત નયનું નિરૂપણ | ૬૭૫-૮૧૪ |
| | ૭. ઉપનય પરામર્શ | ૮૧૫-૯૦૪ |
| | ૮. આધ્યાત્મિકનય નિરૂપણ + દેવસેનમત સમીક્ષા | ૯૦૫-૧૧૦૪ |
| (૪) | ૯ + ૧૦ | ૧૧૦૫-૧૬૪૬ |
| | ૯. ઉત્પાદાદિ વિચાર | ૧૧૦૫-૧૩૮૪ |
| | ૧૦. દ્રવ્યભેદ નિરૂપણ | ૧૩૮૫-૧૬૪૬ |
| (૫) | ૧૧ + ૧૨ | ૧૬૪૭-૧૯૬૦ |
| | ૧૧. ગુણ + સામાન્યસ્વભાવ નિરૂપણ | ૧૬૪૭-૧૮૪૪ |
| | ૧૨. વિશેષસ્વભાવ નિરૂપણ | ૧૮૪૫-૧૯૬૦ |
| (૬) | ૧૩ + ૧૪ + ૧૫ | ૧૯૬૧-૨૩૫૨ |
| | ૧૩. સ્વભાવમાં નયયોજના | ૧૯૬૧-૨૧૧૦ |
| | ૧૪. વ્યંજનપર્યાય-અર્થપર્યાય નિરૂપણ | ૨૧૧૧-૨૨૪૪ |
| | ૧૫. જ્ઞાન માહાત્મ્ય | ૨૨૪૫-૨૩૫૨ |
| (૭) | ૧૬ + ૧૭ | ૨૩૫૩-૨૮૩૪ |
| | ૧૬. દ્રવ્યાનુયોગપરિજ્ઞાન પ્રાધાન્ય | ૨૩૫૩-૨૫૮૪ |
| | ૧૭. ગુરુપરંપરા પ્રશસ્તિ | ૨૫૮૫-૨૬૨૯ |
| | ● ૧ થી ૧૮ પરિશિષ્ટ | ૨૬૩૦-૨૮૩૪ |


★ સંપૂર્ણ ★

**નોંધ :-** 'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ' - આ પુસ્તકના કુલ સાત ભાગના પ્રકાશન સાથે જ **'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ + અધ્યાત્મ અનુયોગ'** ભાગ ૧-૨ પણ પ્રકાશિત થયેલ છે. તે બન્ને ભાગમાં રાસ+ટબો+પરામર્શ+શ્લોકાર્થ+આધ્યાત્મિક ઉપનય+પાઠાંતરાદિની ટિપ્પણી + દરેક શાખાનો ટૂંકસાર સમાવિષ્ટ છે.

जिनपतिप्रथिताऽखिलवाङ्मयी,
गणधराऽऽननमण्डपनर्तकी।
गुरुमुखाम्बुजखेलनहंसिका,
विजयते जगति श्रुतदेवता।।



ऐँ नमः

શ્રુતઅધિષ્ઠાયિકા મા સરસ્વતી

अस्मदीयगुणप्रकृतिः राजसिकी तामसिकी वा न स्यात्,
परं सात्त्विकी आध्यात्मिकपरिणतिसमनुविद्धा स्यात् तथा यतितव्यम्।

(कर्णिका-पृ.६६०)

આપણા ગુણોની પ્રકૃતિ રાજસપ્રકૃતિસ્વરૂપ કે તામસપ્રકૃતિસ્વરૂપ ન બને,
પરંતુ તેમાં સાત્ત્વિક પરિણતિ, આધ્યાત્મિકવલણ,
આત્મદ્રવ્ય વણાયેલ જોવા મળે તે રીતે આપણે પ્રયત્ન કરવો જોઈએ.

(કર્ણિકા સુવાસ)


દ્રવ્ય
ગુણ
પર્યાય



❖ પ્રકાશક ❖

**શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘ, ઈર્લા**

પરમને પામવાનું પરિપૂર્ણ પરિબળ

દ્રવ્ય ગુણ પર્યાયનો રાસ

ISBN - 978-81-925532-1-4

MULTY GRAPHICS